
શ્રી ગણેશાય નમઃ


સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



સંપાદક – ભગતરામ
9979642260


શ્રી ગણેશાય નમઃ

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



॥ શ્રી ગણેશાય નમઃ ॥

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



પ્રસ્તાવના



તારી કરૂણા વિના શ્રી કૃષ્ણકોડામણા કળ અને અકળનું બળ ન ફાવે
'નરસૈંયા' રંકને ઝંખના જાગે તો, તોડ બેડી ભકત પ્રભુ શરણ આવે.

-ભકત કવિ નરસિંહ

પ્રિય વાચક પરિવારશ્રીઓ...

આપને જાણાવતા આનંદ થાય છે કે આજથી એકસો છવીસ વરસ પહેલા ધનવાળા ગામના મંગે પરિવારમાંથી જખૌ નિવાસી ભાનુશાલી હેમરાજ ભદ્રાના ધર્મપત્ની સ્વરૂપે આવેલા માતા ચાગબાઈ ના ઘેર સવંત ૧૯૪૫ રામનવમીના શુભદિને ઓધવ નામના એક તેજસ્વી બાળકનો જન્મ થયો. જેને સમ્યાંન્તરે **સંત ઓધવરામ** તરીકે સમાજ ઓળખવા લાગ્યો. એવા વિરલ સંતના જીવનને ઉજાગર કરતી સંઘર્ષમય કથા **સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ** ગ્રંથનું પ્રકાશન કરવાનો અમને અવસર મળ્યો છે. એ અમારા સૌ માટે ખુબ આનંદની વાત છે. જેવી રીતે કૃષ્ણ સ્વયંમ ગોવર્ધન પર્વત ઉપાડીને એનો યશ પોતે ન લેતા ગોવાળીયાઓને અર્પણ કર્યો હતો. એવી જ રીતે પૂજય સંતશ્રી ઓધવરામજી મહારાજે સ્વયંમ અમોને પુસ્તક લખવાની પ્રેરણા આપીને ઉપરોકત યજ્ઞીયકાર્યમાં અમને સૌ લેખકો તથા પુસ્તક પ્રકાશન સમિતીને નિમિત્ત બનાવ્યા છે. હું એમ માનું છું કે એના કરતાં વધારે શુભ આશિષ બીજા કયા હોઈ શકે ? હું ખુબ સારી રીતે જાણી શકું છું કે હું જે માર્ગ ઉપરથી જઈ રહ્યો છું એ માર્ગ ખુબ અઘરો છે તેમ છતાં મને એ જ માર્ગ પસંદ છે કારણ કે એ માર્ગ ઉપરથી હવે હું એકલો નથી. આપ સહુ મારી સાથે છો તે સિવાય મહારજશ્રીની પ્રેરણાથી આપ સૌએ જાહેર ખબર, શુભેચ્છા તથા વડીલોની યાદગીરી સ્વરૂપે પ્રતિમાંઓ આપીને તથા પોતાના આત્માના અવાજને અનુસરીને પુસ્તકોનો સ્વીકાર કરીને આર્થિક સહયોગ દ્વારા આપ અમારા ભ્રમ પ્રયાસને સફળતાના ઉચ્ચ શીખરે પહોંચાડયા બદલ હું આપ સહુનો હ્દયપૂર્વક આભાર માનું છું. તે સિવાય બીજી આનંદની વાત એ છે કે ઈશ્વર આશ્રમમાં રહેતા સેવકો-શિષ્યો-વિદ્યાર્થીઓ તથા અનુયાઈયો કે જે આજે સમાજમાં વડીલો તરીકે મોભાનું સ્થાન ધરાવે છે. એ સૌ પરમ પુજય મહારાજશ્રી સાથે રહ્યા છે એમની પાસે ભણ્યા છે. એમની પાસેથી વિચારો એકત્ર કરીને એમાંથી સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ નામનો **ઓધવગ્રંથ** તૈયાર થયો છે. આજે વડીલોનું કહેવું છે કે વર્ષો પુરાણી સાચવી રાખેલી મિલકતનો રહી રહીને પણ કોઈ એક ખરીદનાર તો આવ્યો. જેના લીધે અમારી મુડી લેખે લાગી. એનો અમને ખુબ આનંદ થાય છે.

:: અનુભવ સિધ્ધ માહિતી પુરક દાતાશ્રીઓ ::

પ. પુ. સ્વામીશ્રી ભાગવતા નંદજી મહારાજ – મુ. બળવા (મધ્યપ્રદેશ)

શ્રી ધનજીભાઈ ભાનુશાલી - ભુજ
શ્રી ડો. મોરારજી વી. શેઠીયા - ભવાનીપુર
શ્રી શંભુરામ કરસનદાસ જોષી - ધનાવાળા
શ્રી મહોબતસિંહ સીધંલ દરબાર - વાંઢાય
શ્રી દયારામભાઈ મીઠીયા - શીરવા
શ્રી ભચુભાઈ ગોવિંદ આહિર - કુકમા
શ્રી અરવિંદદાસજી મહારાજ - ભુજ
શ્રી લક્ષ્મીદાસ રવજી ભાનુશાલી - ધનાવાળા
શ્રી ગોપાલજી નાનજી ગજરા - પ્રજાઉ
શ્રી મયાશંકર મેઘજી વ્યાસ - મંઝલ
શ્રી ધનજી દામજી મંગે - નુંધાતડ
શ્રી સુરજી પેરાજ નાખવા - નીરોણા
શ્રી કાનાભાઈ ગોવિંદ આહિર - કુકમાં
શ્રી મંગલદાસ આસારીયા નંદા - ભવાનીપુર

સંતશ્રી ઓધવરામ ચરિત માનસને વાંઢાય દ્વારા ના સંસ્થાપક
પરમ પુજયશ્ર વિહારી સાહેબના ચરણોમાં અર્પણ

લી.ભગતરામ

મો. ૦૯૯૭૯૬૪૨૨૬૦, ૯૧૫૮૮૫૪૦૧૪

हरिहर

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



બર્થ ડે મેસેજ

સદ્‌ગુરૂ નીરંતર નિર્ભય રહે,
શુધ્ધ સનાતન ધર્મ કહે
સદ્‌ગુરૂ માં છે શ્રધ્ધા જેને,
સાચા શિષ્યો જાણવા તેને





જય ઓધવરામ સાથે જણાવવાનું કે સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ પુસ્તક વાંચ્યા પછી મહારાજશ્રી ની વિચારધારા તથા સમાજને આપેલા સંદેશાઓનું અભ્યાસ કરવું ખુબ જરૂરી છે. મહારાજશ્રીએ પોતાના જીવન કાળ દરમ્યાન અનેક ક્રાંતીકારી કાર્યો કર્યા હતા. જેમાં અશપૃસ્યતા નિવારણ, આશ્રમમાં ગુરૂકુળનું નિર્માણ, અંધશાળા, ભોજનશાળા, ગૌશાળા, વણાટશાળા, પ્રાથમિકશાળા તથા કૃષિ સંસ્થાનું નિર્માણ કર્યુ હતું. ઓગણીસો છન્નું ના દુષ્કાળમાં ગાયોની સેવા કરી, સદનવાડી દ્વારા કૃષિ સંશોધનનું કામ કર્યુ. પાટીદાર સમાજના કુળદેવી શ્રી ઉમિયામાઁ ની ઈશ્વર આશ્રમ વાંઢાયમાં સ્થાપના કરી. શ્રી ગોપાલજી ઉમરશી ભાનુશાલી ના સુચનનો સ્વીકાર કરીને પાવરપટીમાં રહેતા ભાનુશાલી પરિવારના પહેરવેશમાં ફેરફારો કર્યા. ખાનાપંથીઓને લક્ષ્મીનારાયણ નામ આપીને સનાતન ધર્મમાં સ્થાપિત કર્યા, પાટીદાર સમાજના ગામડામાં ઓછામાં ઓછા બસો લક્ષ્મીનારાણયના મંદિરોનું નવનિર્માણ કર્યું, વેલજી નરશી કેળવણી ખાતું કન્યા છાત્રાલયો તથા બોર્ડિંગોના નવનિર્માણમાં ખુબ મહત્વની ભુમિકા ભજવી. ઈ.સ.૧૯૨૫ માં ઈશ્વરઆશ્રમ વાંઢાયમાં મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ તથા કાન્તીભાઈ અંતાણી સાથે આઝાદી વિષે ખુબ મહત્વની ચર્ચાઓ કરી. સ્વયંમ સાધના દવારા વ્યાકરણશાસ્ત્ર, પાણીની, શ્રીમદ્ ભગવદગીતા, શ્રીમદ્ ભાગવત્ તથા રઘુનાથ શર્મા પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો, ખુબ સુંદર ભજનો બનાવ્યા અને ગાયા, જીવનની સમી સાજે મુંબઈમાં ભાનુશાલી વાડી તથા હરિદવારે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમનું નવનિર્માણ કરીને હરિહરનો સાદ પાડયો. સાધુઓને સાદાઈથી રહેવાની પ્રેરણા આપી તથા શિષ્યોને સેવકો ના ઘેર જઈને પગલા આપવા ઉપર પ્રતિબંધ ફરમાવીને ''ધન''થી દુર રહેવાની સલાહ આપી અને અંતે સમગ્ર સમાજને એક સંદેશ આપ્યો જેનું આજ સુધી પાલન થયું નથી !!!

આજથી લગભગ એંસી વરસ પહેલા મહારાજશ્રી મુંબઈ ગયા હતા એ જેમના ઘેર ઉતર્યા હતા. ત્યાં એ દિવસે શેઠના પૌત્ર નો જન્મદિવસ હતો. સાંજનો સમય હતો. સગાવ્હાલા સૌ ભેગા થયા અને ઉજવણી સ્વરૂપે છોકરાએ પ્રથમ મીણબત્તીઓને કુંક મારી બુઝાવી નાખ્યા પછી કેક કાપીને એક બીજાના મોઢામાં નાખતી વખતે સૌ વગર કારણે હા હી હી હી કરીને હસતાં હસતાં કીકીયારીઓ કરવા લાગ્યા. અને ઉંચે અવાજે બરાડા પાડવા લાગ્યા. મહારાજશ્રી થી આ સહન થયું નહી અને એમનો અંતર આત્મા કકડી ઉઠયો અને હું આ પશુ મેળામાં શા માટે આવ્યો ? એનો મનોમન પસ્તાવો થવા લાગ્યો અને કહ્યું મુર્ખાઓ પુત્ર જન્મના પ્રસંગે તમેં આ તે શું માંડી બેઠા છો ? તમે જે કાંઈ કરી રહ્યા છો એ ક્રિયા અશાસ્ત્રોકત તથા અવિચારી ક્રિયા છે. મને લાગે છે કે તમેં કોઈક ની નકલ કરી રહ્યા છો. કારણ કે ભારતીય સંસ્કૃતિમાં આવી વિચારધારા ને કોઈ જ સ્થાન નથી. પુત્ર જન્મના પ્રસંગો અનાદીકાળથી તહેવાર સ્વરૂપે ઉજવાતા આવ્યા છે. પણ તમેં એવા પ્રસંગને તમાશો કરી બેઠા છો. મહારાજશ્રીએ કહ્યું પુત્ર જન્મના પ્રસંગે દીપપ્રગટાવો પણ બુઝાવસો નહિ, કેક કાપવાનું બંધ કરી ને પેંડા વહેંચો, શકય હોય તો અન્ય બીજા ખોટા ખર્ચા ન કરતા ગાયોને ઘાસ ખવડાવો, ભુખ્યાને ભોજન આપો, તરસ્યાને જલ પાઓ પણ ખોટા ખર્ચા કરવાનું બંધ કરો. તો ચાલો આપણે સૌ સાથે મળીને સંકલ્પ લઈએ કે આજ પછી પુત્ર જન્મ પ્રસંગે દીપ બુઝાવશું નહિ પણ દીપ પ્રગટાવશું, કેક કાપશું નહિ પણ પેંડા વહેંચશું તમાસો કરશું નહિ પણ તહેવાર મનાવશું. બસ એક સદ્‌ગુરૂ માટે એમના સંદેશ નું પાલન એ જ સાચી ગુરૂદક્ષિણા છે.

લી. શ્રીમતી કેશરબેન ભાનુશાલી એવમ ભાનુશાલી ખીમજી કરમશી દુરબડા (હાજાપર)

પૂર્વપ્રમુખશ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ-મુંબઈ. મો. [illegible]

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



પ્રહલાદ્ સંદેશ



સ્વ.ભા.લધારામ દેવચંદ ધુકેર
ગામ : (તેરા)આદીપુર-કચ્છ.



સ્વ.ભા.વાલજીભાઈ લધારામ ધુકેર
ગામ : (તેરા)આદીપુર-કચ્છ.



સ્વ.ભા.લક્ષ્મીબેન વાલજીભાઈ ધુકેર
ગામ : (તેરા)આદીપુર-કચ્છ.



સ્વ.ભા.મેઘજીભાઈ લધારામ ધુકેર
ગામ : (તેરા)આદીપુર-કચ્છ.



સ્વ.ભા.સાકરબેન મેઘજીભાઈ ધુકેર
ગામ : (તેરા)આદીપુર-કચ્છ.



આપની સેવામાં
શ્રીમતી ભા.લક્ષ્મીબેન પી. ધુકેર

આપણા શાસ્ત્રકારોએ માતૃદેવોભવઃ પિતૃદેવોભવઃ

સાથે સમાજમાં વિચારોનો પ્રવાહ વહેતો કર્યો છે એટલે જ સંતો કહે છે કે

ભુલો ભલે બીજું બધુ મા-બાપને ભુલશો નહિ
અગણિત છે ઉપકાર એના એ તમેં ભુલશો નહિ

વડીલોએ આપણા જીવન ઘડતર માટે પોતાની સંપુર્ણ ભૂમિકા ભજવી છે એમને જેટલા વંદન કરીયે એટલા ઓછા છે એટલું નહિ આપણા રૂષીઓએ ત્વમેવઃ માતા ચઃ પિતા ત્વમેવઃ કહીને ભગવાનને પણ મા-બાપનો દરજો આપ્યો છે માટે આપણા વડીલોના ચરણોમાં સેવા-સમર્પીત થઈ જવું એજ આપણી મુખ્ય ફરજ છે. મેં એક વખત મારા જીવનને યુવાનીના નશા સાથે જોડી દીધા પછી પરિવારની મેં ખુબ અવગણના કરી હતી નઠારા મિત્રોની કુસંગતથી હું દિવસે દિવસે સ્વછંદી થતો ગયો. પરિણામે તમે ન કલ્પી શકો એવા પ્રકારના વ્યસનોમાં ઘરકાવ થઈ જતા. મને મારા વડીલોની જવાબદારી વિશે જરાય ભાન રહ્યું નહી બસ અહીંથી મારી કમનશીબીની શરૂઆત થઈ સંત તુલસીદાસજી કહે છે.

સાધુ દુભાવ્યા બ્રાહ્મણ દુભાવ્યા ભકત દુભાવ્યા ભારી
માત-પિતા ગુરૂદેવ દુભાવ્યા ગરીબકો દીની ગાલી
અપરંમ પાર પ્રભુ અવગુણ મોરા માફ કરોને મુરારી

એકી વિશેષતા નોંધવા લાયક છે કે હું મારા વડીલોની સેવા કરવાની ફરજને ચુકી ગયો હોવા છતાંય મારા માવીત્રોએ મારા પ્રત્યે એક દિવસ પણ નફરતની લાગણી ઉભી કરી નહિ જગદગુરૂ શંકરાચાર્ય કહે છે કે કુપુત્રો જાયેત કવ્ચીદપિ કુમાતા ન ભવતીઃ અર્થાત - પુત્ર કુપુત્ર થાય પણ માતા કયારે કુમાતા થતી નથી આજે મને સમજાય છે કે સમાજ માઁ બાપને ઈશ્વરનો દરજો શા માટે આપે છે ? ઉંબરાવાળી રાજી હોય તો જ ડુંગરાવાળી રાજી થાય આજે મને વારે-તહેવારે મારા અંતઃકરણમાં એમનો ખાલીપો ખુબ સતાવે છે.

મંદિરના પથ્થર પુતળા મેં ખુબ ઢંઢોળી જોયા
મોડે મોડે ખબર પડી માઁ તુજ જયોતીર્ધામ છે

નારીના અનેક રૂપો છે એ પ્રમાણે મારા ધર્મપત્ની પણ કોઈની માઁ અથવા બહેન છે પણ મેં એમને મારા જીવનમાં ભગવાન તરીકે સ્થાપિત કર્યા છે. કારણ કે હું મારા સ્વછંદી પણાના કારણે વડીલોની સેવા કરવાના અવસરને જયારે ચુકી ગયો હતો ત્યારે મારા ધર્મપત્નીએ એ અમુલ્યતકને ઝડપી લીધી હતી એટલું જ નહિ કાર્યેષુમંત્રી થઈને ફરજના પાઠો પણ એણે જ મને ભણાવ્યા હતા. મારા ધર્મપત્નીએ કરેલો મારા ઉપર ઉપકાર હું કયારે પણ ભુલી શકીશ નહિ તે સીવાય મારા પુત્રો અને પુત્રવધુઓ. મારા જીવન ને સારી રીતે જાણતા હોવા છતાંય મારા પ્રત્યે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ બાંધ્યા વગર સેવા સમર્પીત થઈને ખરા સંતાનની ભૂમીકા ખુબ સારી રીતે ભજવી રહ્યા છે. અવતાર તથા બાગબાન જોયા પછી હું સમગ્ર સમાજના યુવાનોને અપીલ કરૂં છું કે વડીલોના આત્માને ઠેસ પોંચે એવું કોઈ વર્તન એમની સાથે કરશો નહિ. જેણે વડીલોના દિલ દુભાવ્યા છે એને માફ કરવા અંગે ઈશ્વર પણ ખુબ વિચારે છે. છતાં પણ મને એટલી ખબર છે કે અંતઃકરણ પૂર્વક પસ્તાવો કરવાથી અપરાધનું પરિણામ સહજ બની જાય છે. મેં મારા જીવનની કિતાબ સમગ્ર સમાજ ની સામે ખુલી રાખી દીધી છે. બંદગી ગુપ્ત અને જીદંગી ખુલી હોવી જોઈએ નાં સિદધાંતને અનુસરી ને હું મારી આત્મકથા કહી રહ્યો છું તમને સૌને મારી નમ્ર વિનંતી કે આપ સૌ સંતાનો વડીલોની સેવા કરજો એમની વાણીને શબ્દો આપજો, એમના વિચારોને એક વર્તનનું ક્ષેત્ર ખોલી આપજો, એમની આજ્ઞાનું પાલન કરજો અને અંતે જેવું મેં મારા માવતરો સાથે કર્યું છે એવું તમેં કોઈ કરશો નહિ.



લી. પ્રહલાદ્ મેઘજીભાઈ ધુકેર(તેરા)
આદિપુર કચ્છ.
મો. ૯૮૯૮૫૯૩૬૪૧





શ્રી મોમાય માઁ



શ્રી સતી નાનબાઈ માઁ

શ્રી ગણેશાય નમઃ

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

"હરિ કરે સો હોય"

હોઈ સો હી જો રામ રચી રાખા
કો કરી... તરક બડાવત શાખા ...સંત તુલસીદાસ



:: માતૃ પિતૃદેવો ભવઃ ::



સ્વ. મંગલદાસ લાલજી મેંઘર (નુંધાતડ)



ગં.સ્વ. રામાબાઈ મંગલદાસ મેંઘર (નુંધાતડ)



સ્વ. કુ. ભગવતીબેન મંગલદાસ લાલજી મેંઘર (નુંધાતડ)

એસો જન્મ ન વારંવાર, એસો જન્મ ન વારંવાર,
કયાં જાનુ કુછ પુન્ય પ્રગટે, માનુસા અવતાર...એસો
બઢત પલપલ ઘટત છીનછીન, ચલત ન લાગે વાર,
વૃક્ષ કે જયો પત્તા તુટે, લાગે નહીં પુની ડાર, ...એસો
ભવસાગર અતિ જોર કહીએ, વિષમ ઓખી ધાર,
સુરત કા નર બાંધ બેડા, બેગી ઉતરે પાર, ...એસો
સાધુ, સંતાને મહંતા ચલત કરત પુકાર,
દાસી મીરાં લાલગીરીધર, જીવન કા દીન ચાર ...એસો

:: સમાજ સંદેશ :: (કુંડળી વિષ્યાંતર્ગત)

લગનમાં માત્ર છોકરા છોકરીનું નહિ પણ એમાં બે પરિવારનું જોડાણ છે. પણ સ્વૈછીક લગ્નો થવાનાં કારણે પરિવારોના જોડાણ ઉપર ખુબ માઠી અસર પડી છે. તેવી રીતે પરિવારોની પણ ભૂમિકા દિવસે દિવસે બદલાતી જાય છે. જે સંતાનો વડીલોની મર્યાદામાં રહે છે. એમને એમનાં વડીલો કુંડળીના ચકરમાં ફેરવ્યા કરે છે. લગ્ન એક પવિત્ર બંધન છે એમા કુંડળી નામના અસામાજીક નિયમ ને બળજબરીથી દાખલ કરવું એ હવનમાં હાડકાં નાખવા જેવી ઘટના છે. લગ્ન એટલે એક આત્માનું બીજા આત્માં સાથે જોડાણનો ભાવ છે. એમાં કુંડળી મળે કે ન મળે પણ મન મળવું જોઈએ. ભૂતકાળમાં સીતાજીના લગ્ન કુંડળી જોઈને થયા હોવા છતાંય એમની ઘણખરી જીંદગી વનમાં પસાર થઈ હતી. જયારે આપણા વડીલોએ કુંડળી જોયા વગર લગ્નો કર્યા હોવા છતાંય સુખીજીવન જીવી ગયા હતા. વડીલોએ ઉપરોક્ત બે ઘટનાની નોંધ લેવી જોઈએ માટે આપ સૌ જાગૃત નાગરિકોને ખાસ નમ્ર વિનંતી છે કે તમારા ઘરમાં કુંડળી-નાગદોષ-સર્પદોષ તથા પિતૃદોષ જેવા શેતાની વિચારો ધરાવતાં ઝેરી વૃક્ષો ઉત્પન ન થાય એની ખાસ કાળજી રાખીને Slow Poison સ્વરૂપી કુંડળી દ્વારા સમાજ વ્યવસ્થાને ભંગ થતા અટકાવો.

ભારતમાં પાંચ કરોડ ભારતીયોને થેલેસેમિયાં માઈનરની સમસ્યા છે. પરંતુ દુઃખની વાત તો એ છેકે એમાં ભાનુશાલી સમાજ વધારે અસરગ્રસ્ત હોવા છતાં ઉપરોક્ત વિષયની ગંભીરતાથી નોંધ લીધા વિના થતાં થેલેસેમિયાંની ચકાસણી કર્યા વગર છોકરા છોકરીના લગ્ન કરાવી નાખે છે. જેનાં લીધે અવતરિત બાળકને થેલેસેમિયાં મેજર થવાનું જોખમ વધારે રહે છે.

આપણે સૌ આપણા સંતાનોનું ભલું ઈચ્છતા હોઈએ તો કુંડળીના કુંડાળામાં પડવા કરતાં થેલેસેમિયાંની તપાસણી કરાવો. એમાં છોકરો અને છોકરી બન્ને માયનોર હોય તો લગ્ન કરાવશો નહિ. અને એક માયનોર અને બીજો પાત્ર નોર્મલ હોય તો કુંડળી મળી ગઈ એમ સમજીને લગ્ન કરી નાખવા જોઈએ.

લી. ગં.સ્વ. માતૃશ્રી રામાબાઈ મંગલદાસ મેંઘર (નુંધાતડ)

અમારા પરિવારના પુણ્યશાળી આત્માઓને સમસ્ત મેંઘર પરિવારના કોટી કોટી પ્રણામ...

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ






ગૌ સંદેશ

ગાવો મેં અગ્રત સન્તુ ગાવો મેં સન્તુ પૃષ્ટત :
ગાવો મેં હૃદયે સન્તુ ગવો મધે વસામ્ય હમ

॥ શ્રી કૃષ્ણમ વંદે જગદગુરૂમ્ ॥

સમુહને જ્ઞાન આપે એનું નામ ગુરૂ અને સારા સમાજને જ્ઞાન આપે એનું નામ સદગુરૂ તથા સારા વિશ્વને જ્ઞાન આપે એનું નામ જગદગુરૂ. ગાયોની મહત્તા વાધારવા પાછળ કોઈની મુખ્ય ભુમિકા હોય તો તે જગદગુરૂ શ્રી કૃષ્ણની છે. શ્રી કૃષ્ણ પોતાની બાલ્યવસ્થામાં ગાયો ચારીને ગૌ સવર્ધનના કાર્યો દ્વારા સારા સમાજને ગૌ-સેવા કરવાની પ્રેરણા આપી છે. તથા ગીતા ના દસમાં અધ્યાયમાં ''ધેનું નામ સ્મિકામધુક'' કહીને સ્વયંમ પોતાના મુખે ગાયોનું મહિમા ગાયું છે. ગૌ-સેવાનો અર્થ થાય છે. ગૌ સવર્ધન ગૌવંસમાં વૃધ્ધી થવી જોઇયે. માણસની જાતી કોઇ પણ હોય પણ **માય પછી ગાય** નો સીધ્ધાતં સૌને એક સરખો લાગુ પડે છે. ગાય કોઇ એક ની નહિ સમગ્ર માનવ સમાજની માતા છે. ભારતની અંદર એવો એક જ પ્રાણી છે. કે જે સમાજમાં માઁ તરીકે પુજાય છે. કારણ કે અચાનક માઁ નુ અવસાન થઇ જતાં ગાયનું દુધ માઁ ના ધાવણ ની ખોટ પુરી પાડે છે. એથી જ સારો સમાજ ગાયને ગૌ માતા તરીકે પુજે છે. એક કહેવત છે કે **''જે ઘર તુલસી, ગાય એ ઘર વૈધ ન જાય''** જેના આંગણામાં તુલસીનો કયારો અને ગાય એ બે નું અસ્તિત્વ છે ત્યાં વૈધને આવવાની મનાઇ છે. ભગવાન શ્રી કૃષ્ણે સમગ્ર માનવ સમાજ ને મહિયારીઓની મટકી ફોડીને તથા ગોપીઓના ઘરમાંથી માખણ ચોરીને પોષ્ટીક ખાઓ અને તંદુસ્ત થાઓ નો સંદેશ આપ્યો છે. ચાણકયની નીતિ મુજબ **રૂણમકૃત્વા ધૃતમપિબેત્** ચાણકય કહે છે. કે કરજો કરીને પણ તમે તમારા બાળકોને દુધ-દહીં અને માખણ ખવડાવીને તંદુરસ્ત રાખો. કારણ કે માણસની મોટામાં મોટી મૂડી તંદુરસ્તી છે. આજે નગરના નવ નિર્માણમાં ગાયો માટે કોઇ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. દુર્ભાગ્યની વાત તો એ છે કે, ગામડા માં ગાયો પાળવા માટે સંપૂર્ણ વ્યવસ્થા હોવા છતાંય કોઇના પણ આંગણામાં ગાય ના દર્શન થતા નથી. તો એના કરતાં વધારે બીજી કઇ કમનશીબી હોઇ શકે છે. સમાજ વ્યવસ્થાના નિયમ પ્રમાણે ગામડામાં જેટલી વસ્તી માણસોની હોય એટલી જ વસ્તી ગાયોની હોવી જોઇએ. એવી રીતે જેટલી વસ્તી આપણા દેશમાં માણસોની છે. એટલી જ વસ્તી ગાયો ની હોવી જોઇએ. એક માર્ગ એવો છે કે જે પરિવારનું ગાયો ઉપર અતી પ્રેમ છે. પણ જગ્યાના અભાવે ગાયો વસાવી નથી શકતા. તેઓએ નજીકની ગૌશાળા માં જઇને **'મારી ગાય'** ના બેનર હેડળ પોતાની શકિત પ્રમાણે ગાયો દત્તક લેવી જોઇએ. તેવી રીતે પ્રત્યેક ગૌશાળા માં મારી ગાય નામનું એક વિશેષ વિભાગ હોવું જાઇએ. જેના પરિણામ સ્વરૂપે એક તો ગૌ-સવર્ધન ના કાર્ય ને વેગ મળશે. અને ગૌશાળા ઓ ઉપરથી આર્થીક બોઝ હળવો થશે. માટે મારી આપ સૌને વિનંતી કે ગૌ સવર્ધન ના કાર્યમાં આપસૌ તન, મન,ધન, થી આગળ આવો અને તમારી ગૌ-સેવા પ્રત્યેની ફરજ ને અદા કરો. ગૌ-સેવા એ તમારા જીવન વિકાસનું પહેલુ પગથિયું છે. **પરમ પુજય મહારાજશ્રી ઓધવ રામજી કહેતા હતા કે તમારી કમાણી નો દસ મો ભાગ ગૌ-સેવા માં વાપરશો તો સતત તમારા પરિવાર ઉપર ગાયોના આશીર્વાદ વરસતા રહેશે.** અને તમારૂ સંસાર સુખ શાંતીથી છલોછલ ભરેલું રહેશે. કવિ શ્રી પ્રદિપ ની એક રચના છે દુસરો કા દુઃખડા દુર કરને વાલે તેરા દુઃખ દુર કરેગા રામ... ગાય આપણી આત્મા છે. ગાય દુઃખી તો આપણે દુઃખી અને ગાય સુખી તો, આપણે સુખી...

લી. ભા. મનજી ખીચશીં (બાપુ)ના જય શ્રી ઓધવરામ...
મો. ૦૯૩૨૩૮૯૦૦૧૩







યોગેશ્વરો વિજયતેતરામ્

આરોગ્ય સંદેશ

તત્વચિંતકોની માન્યતા મુજબ માણસ પાસે સૌથી મોટામાં મોટી મુડી શરીર સંપત્તિની હોવી જોઇએ. શરીર સંપત્તિવાન વ્યકિત અચાનક આવી પડેલી મુસીબતને પણ પડકાર ફેંકવાની હિંમત ધરાવે છે. શારીરિક સંપત્તિ પ્રાપ્ત કરવી એ પ્રત્યેક વ્યકિતનો જન્મસિધ્ધ અધિકાર છે. આયુર્વેદમાં તંદુરસ્તી વિશે ખુબ વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં આહાર-વિહાર અને વિચાર ને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. તંદુરસ્તી જાળવવા માટે અખાદ્ય અપવિત્ર અને કૃત્રિમ ભોજનનો ત્યાગ કરીને પવિત્ર તથા પૌષ્ટીક આહાર લેવો જોઇએ. શરીરમાં કષ્ટ ઉપજાવે એવો કોઇપણ પ્રકારનો વિહાર કરવો જોઇએ નહિ તથા વિચારો, મનને સતત પ્રસંન્ન રાખી શકે એવા હોવા જોઇએ. તે સિવાય પરિવારમાં કારણ વગર કલેષ ઉપજાવે એવા વાદ-વિવાદ દ્વારા રાગ-દ્વેષ ઉભા કરવા જોઇએ નહિ. કારણ કે વાદ વિવાદ કરવાથી જીવનમાં માનસિક અશાંતિ ઉભી થાય છે. જેની તંદુરસ્તી ઉપર ખુબ માઠી અસર પડે છે. તે સિવાય પુત્ર અને પુત્રીમાં ભેદભાવની નીતિ રાખવી જોઇએ નહિ. કારણ કે એનાથી માનસીક સંકુચિત્તતા પેદા થાય છે. જે તદુંરસ્તી માટે ખુબ હાનિકારક છે. તે સિવાય ખોટી સોચ તથા નકારાત્મક વિચારો થકી સમાજમાં ઘર્ષણ પેદા કર્યા પછી ઘટેલી ઘટનાઓની ગ્રંથીઓ ન બાંધતા *ક્ષમા વિરસ્ય ભુક્ષાણમ*નો સિદ્ધાંત અપનાવવો જોઇએ. જે આરોગ્ય માટે ખુબ લાભદાયક છે. તે સિવાય મનને ઉર્દ્વગામી બનાવવા માટે ધૈર્યવાન, પ્રયત્નશીલ તથા એને ભજન-સત્સંગ તથા સ્વાધ્યાય તરફ લઇ જવું જોઇએ. કારણ કે આરોગ્યનો મન સાથે સીધો સબંધ છે. સંત તુલસીદાસજી કહે છે કે *"મન ચંગા તો કથરોટ મેં ગંગા"* તે સિવાય શારિરીક સંપત્તિ પ્રાપ્ત કરવા માટે રમતગમત જ્ઞાનગોષ્ટી તથા સંગીત સાધના ખુબ મહત્વનો ભાગ ભજવે છે. સંગીત સાધના કરતાં કરતાં જીવન સ્વયંમ એક દિવસ સંગીત બની જશે. જેના પરિણામ સ્વરૂપે શારિરીક સંપતિ અને દૈવી સંપતિ એ બને પ્રાપ્ત થશે. આપણા આયુર્વેદાચાર્યોએ શારિરીક તથા માનસિક સંપત્તિ પ્રાપ્ત કરવા માટે યોગને ખુબ મહત્વ આપ્યું છે. જેમાં યમ, નિયમ, આચાર, સયંમ, જપ, તપ, યજ્ઞ, ધ્યાન, ધારણા, સમાધી, અહિંસા, અપરિગ્રહ, દુરાગ્રહ, સત્ય, અસ્તેય, બહ્મચર્ય, સૌચ, સમતા, સેવા, સદભાવ, સમર્પણ જેવા ગુણો યોગ સાથે જોડાઇ જવા જોઇએ નહિ તો યોગ યોગ ન રહેતા વ્યાયામમાં રૂપાંતર થઇ જાય છે. યોગથી માનસિક સંતાપ દુર થાય છે. જગતના મહાન તત્વચિંતન સોક્રેટીસ કહે છે કે, Reverance For Self & Universe સૌથી પહેલા તમેં તમારી જાત ઉપર પ્રેમ કરતા શીખો. સમાજમાં એ જ માણસો વ્યસની છે કે જેનો પોતાના ઉપર પ્રેમ નથી એટલે જ તેઓ પોતાની જાતને બીડી, સિગારેટ, તમાકુ તથા ગુટખા જેવા જીવલેણ વ્યસનો નો ભોગ બનીને પોતાના અમુલ્ય જીવનને મુત્યુના મુખમાં પરાણે ધકેલી રહ્યા છે. અને સમ્યાંતરે વ્યસનીઓ ઘર-પરિવાર-સમાજ તથા (સ્વયંમ) પોતાનાથી છુટા પડી જાય છે. વ્યસનોની આડમાં રહીને પોતાની જાતને નાશ કરી નાખવા જેવો અન્ય વિશેષ અપરાધ બીજો કોઇ નથી. કારણ કે ઇશ્વર તરફથી મળેલો માનવ શરીર જેવો છે તેવો જ પાછો સોંપી દેવામાં નીતિમતા સમાયેલી છે. કબીર સાહેબ કહે છે કે, મેં મારી જાત ઉપર પ્રેમ કર્યો છે એટલે જ *"જ્યોં કા ત્યોં ધર દીની"* અને અંતે એક વાત ઉપર વિચાર કરીએ તો જે માણસ (સ્વયંમ) પોતાના ઉપર પ્રેમ નથી કરી શકતો એ માણસ ઘર-પરિવાર-સમાજ તથા ઇશ્વર ઉપર ક્યારે પણ પ્રેમ કરી શકશે નહિ !!!

ડૉ. પંકજ જે. ભાનુશાલી મો. ૯૮૬૯૪૩૮૦૬૫
જય યોગેશ્વર



સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

ભાગવત્ સંદેશ



ધર્મમાંથી જે જે સંદેશાઓ છુટે છે એ બધા સંદેશાઓ કર્મના સિધ્ધાંત આધારિત હોય છે ધર્મ સિધ્ધાંત માં કયારે પણ બાંધ છોડ કરતો નથી અન્યોનાં ભરોશે રહીને લક્ષ્મી, સરસ્વતી સિધ્ધી તથા મોક્ષ પ્રાપ્ત કરવાની ખોટી રીત ધર્મને માન્ય નથી એટલે જ શાસ્ત્રો કહે છે કે,

કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતીધનો
કરમધ્યે તું ગોવિંદઃ પ્રભાતે કર દર્શનમ

લક્ષ્મી (**ધન**) સરસ્વતી (**વિદ્યા**) અને ઇશ્વર (**મોક્ષ**) પ્રાપ્તી એ સ્વયંમના પ્રયત્નો દ્વારા થઇ શકે છે એમાં બહારના સાધનો કોઇ પણ કામ લાગશે નહિ. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે,

ઉધ્ધરે દાત્મનાત્માનં નાત્માનમ વસાદ્યેત
આત્મૈવ હ્યાત્મનો બંધુરાત્મૈવ સ્પિુરાત્મન

મોક્ષ મેળવવા માટે મન બુધ્ધિને સ્વયંમની સાથે રાખવા જોઇએ કારણ કે એ બે સાધનો દ્વારા મોક્ષ પ્રાપ્તી થાય છે શ્રીમદ્ ભાગવત્‌ના ઉદ્ભવ સ્થાનમાં શ્રી પરિક્ષીતરાજા શ્રી શુકદેવજીની સામે પોતાની સાથે ઘટેલી ઘટનાનું સઃવિસ્તાર પૂર્વક વર્ણન કરતાં પુછે છે કે હે ગુરૂદેવ આપની કૃપાથી મને સાત દિવસમાં મોક્ષ પ્રાપ્તી થશે કે ? ત્યારે શુકદેવજી કહે છે હે ! રાજન પૃથ્વી ઉપર અવતરેલો પ્રત્યેક મનુષ્ય મોક્ષનો અધિકારી છે પણ એના માટે એમને ભિતરમાં જીજ્ઞાસાવૃત્તિ નિર્માણ થયા પછી મોક્ષ સબંધી પ્રયત્નો એને સ્વયંમ કરવા જોઇએ. હું આપને ભાગવત વિચારધારા સ્વરૂપી યથાર્થ અને પરિપૂર્ણ જ્ઞાન આપીશ જે જ્ઞાનને શ્રધ્ધા અને વિશ્વાસના બળે આત્મસાક્ષાત્કાર કરી શકાય છે હે રાજન જયાં સુધી સ્વયંમને ઘડવા માટે સ્વયંમ દ્વારા શાસ્ત્રોકત પ્રયત્નો કરવામાં આવતા નથી ત્યાં સુધી કોઇપણ મનુષ્ય મોક્ષનો અધિકારી થઇ શકતો નથી. પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ સ્વરચિત પદમાં કહે છે કે,

માયાની મમતામાં સુતો જગાડતા નવ જાગે
નારાયણનું નામ ન લીધું મોક્ષ મળે નહિ માંગે

પરમ પુજય મહારાજશ્રી કહે છે કે તને ગણા સંતો અને ભકતો જગાડવા આવ્યા પણ તું (જગાડતા નવ જાગે) તું જાગ્યો જ નહિ. પછી અચાનક (જાગૃત થયા વગર) તું મોક્ષના ઠેકેદારો પાસે ગયો. ઠેકેદારોએ તારી પાસેથી રૂપિયા લઇ લીધા પણ (મોક્ષ મળે નહિ માંગે) મોક્ષ અપાવ્યો નહિ. અહીંયા મહારાજશ્રી આપણને જીવનમાં સાવધાની પૂર્વક વર્તવાની સલ્લાહ આપે છે કબીર સાહેબ કહે છે,

પંડીતાઇ પાલે પડી યહી પુરવકે પાપ ઓરન કો ઉપદેશ દે ખાલી રહ ગયે આપ
આપ ફીરે અગ્યાનમેં ઓરનકો દે શીખ ઐસે ઢોંગી જગતમેં ઘર ઘર માંગત ભીખ

કબીર સાહેબ કહે છે કે, ધર્મના ઠેકાદારો પાસે ભીખ માંગવાની બહુસારી કળા હોય છે. એ ઠેકેદારો તમારા ઘેર આવીને તમારા સ્વર્ગસ્થ વડીલો માટે મોક્ષના દરવાજા ખોલી આપવાના પાયા વિનાના તથા સ્વકલ્પીત નિવેદનો દ્વારા તમારી પાસેથી ભાવતાલ કરીને પોથીઓ નોંધી જશે તથા તમારા પિતૃઓ સમક્ષ સગવળીયું -ભેળસેળીયું-બાંધછોડીયું તથા પોપટીયું જ્ઞાન પીરસશે તથા કથા દરમ્યાન વચ્ચે વચ્ચે કૃષ્ણ જન્મ - રૂક્ષ્મણી વિવાહ - ગોવર્ધન પુજા - તુલસી વિવાહ જેવા નુકસાઓ અજમાવી પુરતા પ્રમાણમાં ધન સંચય કરી લેશે પણ મોક્ષ કોઇને અપાવશે નહિ કારણ કે, એ એના હાથની વાત નથી !!!

<u>જે તરે તે તારે બીજો બોડી મારે</u>

પુજય શ્રી નારાણ સ્વામી સંતવાણીમાં કહેતા હતા કે, ***મોટી મોટી થાય કથા તો ય માણસનાં બદલાય તો તો ભાઈ જોવા જેવી થાય !!!*** પોતાના જીવનમાં પરિવર્તન લાવ્યા વગર તમેં કોઇ મોક્ષના ઠેકેદારને રવાડે ચડશો તો જેવા હશો તેવા જ રહેશો. શ્રીમદ્ ભાગવત્ માં એક કથા આવે છે જેમાં બાળ ધ્રુવ ઇશ્વરની ખોજમાં ભટકે છે ત્યારે અચાનક એને શ્રી નારદમુની ના દર્શન થાય છે. નારદજી બાળ ધ્રુવને સામેં ચાલીને ભગવાનનાં ગુણવર્ણન તથા એના સ્થાન વિશે ચર્ચા કરે છે એ સાંભળીને ધ્રુવ પુછે કે મુનીવર તમેં જે ઇશ્વરના ગુણ વર્ણન કરી રહયા છો એને તમેં કયારે પ્રત્યક્ષ જોયા છે ? બાળ ધ્રુવનો સણસણતો સવાલ સાંભળીને એક વખત તો નારદજી સ્તબધ થઇ ગયા અને પછી કહ્યું હા બેટા ધ્રુવ મારો અને ઇશ્વરનો નીત્ય સબંધ છે. ***જે ઉપદેશક નો ઈશ્વર સાથે નીત્ય સંબંધ નહોય અને તે માત્ર વાણી વિલાસી હોય એવા ઉપદેશકોએ મોક્ષ સબંધી કોઈપણ પ્રકારની જવાબદારી ઉપાડવી જોઈએ નહિ.*** એક વાત સૌ યાદ રાખજો કે લોભીગુરૂને લાલચી ચેલાના સહિયારા પ્રયત્નોથી કોઇ ને આજ દિવસ સુધી મોક્ષ મળ્યો પણ નથી અને મળશે પણ નહિ !!!

<u>આત્મ નિરક્ષણ</u>

સૌથી પહેલા પોતાની જાતને ઓળખી લેવાનો અભ્યાસ કરો. અને પછી યોગ્યતાનો ખ્યાલ કરો કે મારી દીશા કઇ તરફ છે ? મારી ઇચ્છાઓ કયાં જઇ અટકી છે ? મારી વૃત્તીઓ કોની તરફ જુએ છે ? મારા મન બુધ્ધી નિશ્ચિત સ્થાન ઉપર છે કે નહિ ? મારા ભોગ જીવનમાં ઓટ આવી છે કે નહિ ? મારા કર્મો કયા માધ્યમને પકડી ને ચાલે છે ? હું આશા અને નિરાશામાંથી બહાર નીકળવા માંગુ છું કે નહિ ? મારા જીવનમાં પ્રયત્ન વાદને સ્થાન છે કે નહિ ? હું કામ, ક્રોધ, લોભ, મોહ, જેવા અનેક પ્રકારના શત્રુઓથી ઘેરાઇ તો નથી ગયો ને ? મારો આત્મવિશ્વાસ ખોવાઇ તો નથી ગયો ને ? હું લઘુતાગ્રંથી તથા ગુરૂગ્રંથીથી બંધાઇ તો નથી ગયો ને ? મોક્ષ માર્ગીએ એવા તો અનેક પ્રકારનાં પોતાની અંદર ઉતરીને નિરક્ષણો કરવા જોઇએ. એમ કરતાં કરતાં એક દિવસ ***કબીરા મન નિર્મળ ભયા જૈસો ગંગાનીર પાછે લાગી હરિ ફીરે કહત કબીર કબીર.*** જેનું મન નિર્મળ છે અંત કરણ ચોખું છે બુધ્ધિ સ્થિર છે એવા મોક્ષાર્થીઓને ભગવાન પાછળ દોડી દોડીને પકડે છે અને પોતાનાં સ્થાનમાં જગ્યા આપે છે માટે પ્રત્યેક વ્યકિતએ મોક્ષની આશા રાખ્યા થી પહેલા મોક્ષને લાયક બનવાના પ્રયત્નો કરવા જોઇએ.

લી. ભગતરામ-9979642260

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

-:ભાવવંદના:-



સ્વ.ભાઃગોપાલજી કાનજી મંગે -નુંધાતડ (કચ્છ)



સ્વ.ભાઃ ભચીબાઇ ગોપાલજી મંગે-નુંધાતડ (કચ્છ)



ભાઃ મેઘજી ગોપાલજી મંગે-નુંધાતડ (કચ્છ)



અ.સૌ.ભાઃ તુલસીબેન મેઘજી મંગે-નુંધાતડ (કચ્છ)



સ્વ.ભાઃ વૈશાલીબેન જયેશ મંગે-નુંધાતડ (કચ્છ)



સ્વ.ભાઃ તીરથ કાન્તીલાલ મંગે-નુંધાતડ (કચ્છ)

લી. નુંધાતડ મંગે પરિવારના
જયશ્રી ઓધવરામ...

ઓધવસંદેશ

-:સંધ્યાપાઠ :-

પરમ પુજ્ય સંત શ્રી વાલરામજી મહારાજ દ્વારા પ્રમાણિત

શ્રી હરિહર પરંમપરા તથા હરિઓમ પરિવાર જોગ.... આપ સૌ સારી રીતે અનુભવી શકયા છો કે, શ્રી ઈશ્વરઆશ્રમ વાંઢાયમાં આપણી પરંમપરાના ગુરૂજનો દ્વારા દીર્ઘકાળ થી નિયમિત સંધ્યાપાઠનું પઠન થતું આવ્યું છે અને થતું રહેશે. સંધ્યાપાઠ એ વૈદિક વિચાર દ્વારા ઉપર આધારિત અનુભવ સિધ્ધ કવન છે તથા વેદનું અવતરણ છે. સંધ્યાપાઠ સુધી આવી ગયેલો માણસ વેદની ખુબ નજીક આવી ગયો છે, એવું સમજવામાં જરાય અતિશયોકિત નથી. પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજ વીસ વરસની ઉંમરથી માંડી ને જયાં સુધી સદેહે રહ્યા ત્યાં સુધી સંધ્યાપાઠને સમર્પિત રહ્યા હતા ત્યાર બાદ પરમ પુજ્ય શ્રી વાલરામજી મહારાજ જયાં સુધી સદેહે રહ્યા ત્યાં સુધી સંધ્યાપાઠ સાથે જોડાયેલા રહ્યા હતા. સંધ્યાપાઠ એ મહારાજશ્રીનો જીવનમંત્ર હતો કારણ કે સંધ્યાપાઠની મુળભૂત રચના પરંમપરાના અનુભવી સંતો શ્રી દેવાસાહેબ, શ્રી સેવાદાસ, શ્રી વિહારીસાહેબ, તથા શ્યામદાસ દ્વારા કરવામાં આવી છે. જેમાં આડંબર-વાણીવિલાસ તથા અતિશયોકિતનો લેષ માત્ર પણ અણસાર જણાતો નથી. પરમ પુજ્ય મહારાજશ્રી સ્વયં નિયમીત સંધ્યાપાઠ કરતા અને અન્યો પાસેથી કરાવતા હતા. પરિવારમાં એક એવી ધારણા હતી કે જયાં મહારાજશ્રી ત્યાં સંધ્યાપાઠ અને જયાં સંધ્યાપાઠ ત્યાં મહારાજશ્રી સંધ્યાપાઠ તથા પરમ પુજ્ય વાલરામજી મહારાજનું અસ્તિવ પરિવારમાં એક સાથે રહ્યું હતું. મહારાજશ્રી ની પ્રત્યેક ઘર-પરિવારમાં નિયમિત સંધ્યાપાઠ થવો જોઈએ. એવી એમની દ્રૃઢ માંગ હતી. જે સ્વયંના પ્રયત્નો દ્વારા પરિપૂર્ણ થઇ હતી. એના પરિણામ સ્વરૂપે શ્રી બચુભગત (દેશલપર) જયાં સુધી સદેહે રહ્યા ત્યાં સુધી તેઓ અવિરત સંધ્યાપાઠ સાથે જોડાયેલા રહ્યા હતા. તેઓ ઘણી વખત કહેતા હતા કે સંગઠનની ભૂમિકાને મજબૂત કરવા માટે ઘર ઘરમાં સંધ્યાપાઠ હોવું જરૂરી છે.

માટે આપ સૌને અમારી નમ્ર વિનંતી કે આપના ઘર-પરિવાર તથા સમાજમાં સંધ્યાપાઠ નિયમિત અચૂક તથા અવશ્ય થાય એના માટે યથાર્થ પ્રયત્નો દ્વારા સમાજમાં જાગૃતિ લાવીને પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજની સંધ્યાપાઠ સ્વરૂપી વિચારધારાને વ્યાપક સ્વરૂપ આપવો. એ આપણી સૌની ફરજમાં આવે છે.

તો ચાલો આપણે સૌ આપણા ગુરૂજનોના વિચારોને આગળ લઈ જવા માટે સમર્થ બનીએ અને બુદ્ધિપૂર્વક યોગ્ય સંકલ્પ લઈને પ્રભુને સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ વ્યાપક સ્વરૂપે અમારા ઘર, પરિવાર, તથા સમાજમાં નિયમિત સંધ્યાપાઠ થાય એવી અમારી સાત્વિક ઈચ્છામાં તવ શકિત પ્રદાન કરીને અમારા પ્રયત્નો ને યશસ્વી બનાવજે.

લી.....શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન

પ્રમુખ :-	ભાઃ પ્રવિણ બાબુભાઇ(પટેલ) મંગે	મો. 98797 16400
ઉપપ્રમુખઃ-	ભાઃ શંભુરામ પ્રાગજી નંદા	મો. 98252 35735
ઉપપ્રમુખઃ-	ભાઃ શંકરલાલ ડોષાભાઇ દામા	મો. 98252 27493
મહામંત્રીઃ-	ભાઃ દામજી મંગલદાસ જોયસર	મો. 98252 57857
સહમંત્રીઃ-	ભાઃ માધવજી ગોવિંદજી ખીચડા	મો. 99258 94425
મંત્રીઃ-	ભાઃ પ્રવિણ શંકરલાલ દામા	મો. 98984 11343
ખજાનચીઃ-	ભાઃ દામજી લીલાધર દામા	મો. 94269 91191
સલાહકારઃ-	ભાઃ પ્રહલ્લાદ મેઘજીભાઇ ધુકેર	મો. 98985 93641

જયશ્રી ઓધવરામ

હરિ ૐ


સ્મરણાંજલી


સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

કર્મસંદેશ

છોરા કમ કર્યો કમ

સંત ઓધવરામ





સ્વ.ભાઃ ગાંગજી ઉમરશીં ગોરી
ગામ : મોથાળા



સ્વ.ભાઃ મંથન જેશામ ગોરી
ગામ : મોથાળા

પરમ પુજ્ય શ્રી ઓધવરામજી મહારાજની જ્યારે જ્યારે ઈશ્વર આશ્રમ વાંઢાયમાં શિષ્યો સેવકો અથવા તો કર્મચારીઓની સાથે કામની બાબતમાં થોડી ગેર-સમજ ઉભી થતી ત્યારે તે ગુસ્સે થઈને કહેતા કે **'તું તોજો કમ કર કમ'** બસ એના કરતાં આગળ કંઈ જ કહેતા હતા નહિ, મહાપુરૂષો ગુસ્સામાં પણ કર્મની પ્રેરણા આપતા હોય છે. મહાપુરૂષોના શ્રાપમાં પણ ઉંડે ઉંડે આશીર્વાદ છુપાયેલા હોય છે. સંત તુલસીદાસજી કહે છે કે,...

દુર્જન કી કૃપા બુરી ભલો સજનકો ત્રાસ
જબ સુરજ ગરમી કરે તબ બરસન કી આશ

એક વખત એક યુવાન મહારાજશ્રીના દર્શન કરવા માટે વાંઢાય આવ્યો. મહારાજશ્રીએ એમને ખુબ સારો આવકાર આપ્યો. બપોરે મહાપ્રસાદ લઈને યુવાને મહારાજશ્રી પાસેથી પોતાને ઘેર જવાની રજા લીધી ત્યારે મહારાજશ્રીએ પુછયું કે છોકરા તું શુ કામ કરે છે ? ત્યારે યુવાને કહ્યું, મહારાજશ્રી હું ખેતી કરૂં છું ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે આજે ખેતી કોણ કરશે ? યુવાને કહ્યું બા-બાપુજી, યુવાનનું નિવેદન સાંભળીને મહારાજશ્રીએ કહ્યું બેટા હમણાં તારો કામ કરવાનો સમય છે. દેવદર્શન કરવાનો નહિ. કોઈ પણ માણસને પોતાના પગભર થવું હોય તો એને ચાલીસ વરસ સુધી કામમાંથી માથું ઉંચું કરવું જોઈએ નહીં. ભકત કવિ સુરદાસજી કહે છે કે **''ચાલીસ અંદર રાજ સુખ પાયો''** !!! માટે તમેં સૌ યુવાનો ખુબ મહેનત કરીને ઘર-પરિવાર તથા સમાજને સમૃદ્ધ બનાવો. એક વાત તમેં સૌ યાદ રાખજો કે **''અબના બની તો કબના બનેગી''**-(સુરદાસ) મહારાજશ્રીએ કહ્યું કે મને બધી ખબર છે કે યુવાનો આવશે તો મારા ચરણોમાં પાંચીયો ધરશે અને વડીલો આવશે તો કોરી ધરશે તેમ છતાંય હું પાંચીયો નહીં પણ કોરી પસંદ કરીશ. હમણાં તમારો પાંચીયો કમાવવાનો સમય છે આપવાનો નહિ. હું તમને સૌને એક જ સલાહ આપીશ કે,'છોરા કમ કર્યો કમ' તમારી સામે એક પુરૂષાર્થ અને બીજો પથ્થર (નંગ-યંત્ર) સામે આવે ત્યારે યંત્રોને નહીં પણ પુરૂષાર્થને પસંદ કરજો. કારણ કે પુરૂષાર્થ પથ્થરમાં પણ પ્રાણ પુરવાની શકિત ધરાવે છે. **ગળામાં યંત્રો લટકાવવાથી અથવા તો એની પુજા કરવાથી આજ સુધી કોઈ ધનવાન થયો નથી અને થશે પણ નહિ !!!** જે માણસો પોતાના જીવનમાં આગળ આવ્યા છે એ બધા કર્મ કરીને આગળ આવ્યા છે. માટે જીવનમાં પુરૂષાર્થ સર્વોપરી હોવો જોઈએ યંત્રો નહિ. કારણ કે યંત્રો માણસને પ્રેરણા આપતા નથી પણ નિરાશા તરફ ધકેલે છે. એટલું જ નહી યંત્રોના ભરોષે રહેલા માણસો દિશા શુન્ય બની જાય છે. જેને શ્રમ કરવો નથી, પરિશ્રમ કરવો નથી અને પુરૂષાર્થ કરવો નથી તથા જેને પોતાના ઉપર વિશ્વાસ નથી **એવા અકર્મી માણસો યંત્રોની પાછળ દોડે છે.**

પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજી કહેતા હતા કે કર્મયોગીયો યંત્રોના ભરોષે ન રહેતા તે સ્વયંમ યંત્ર બની જાય છે. અને જયાં સુધી લક્ષ પ્રાપ્તી ન થાય ત્યાં સુધી અવિરત દોડતા રહે છે. પરિણામે એક દિવસ રિદ્ધી-સિદ્ધી એના દરવાજે આવીને ઉભી રહે છે

(રાગ માલકૌંષ)

મન મસ્ત હુઆ તબ કયોં બોલે ?
હીરા પાયો ગાઁઠ ગઠીયાયો ।
બાર બાર ઉસે કયોં ખોલે ? ।૧।
હલકી થી જબ ચઢી તરાજુ ।
પૂર્ણ ભઈ તબ કયોં તોલે ? ।૨।
હંસા પાયો માન સરોવર ।
તાલ તલૈયા કયોં ડોલે ? ।૩।
તેરા સાહેબ તેરે ઘટ મેં ।
બાહર નૈના કયોં ખોલે ? ।૪।
કહત કબીર સુનો ભાઈ સાધુ ।
સાહેબ મિલગયે બીનમોલે ।૫।

લી. સ્વ.ભાઃ ગાંગજી ઉમરશીં ગોરી પરિવારના
જય શ્રી ઓધવરામ...

વૈષ્ણવ જન તો તેને કહીએ



સ્વ. ભા:દેવજી શામજી ખીચડા



ગં.સ્વ. ભા:મંજુલાબેન દેવજી ખીચડા

બાલસંદેશ

અજન્મી બેટીનો માઁ ને લખેલો દર્દનાક પત્ર

મારી પ્યારી માઁ

હું સુખી છું આપ સૌ ઈશ્વર કૃપાથી સુખી હશો. હું તમને પત્ર એટલા માટે લખું છું કે, મને એક સનસનાટી ઉપજાવે એવા... સમાચાર મળ્યા છે કે, આપ સૌ દિકરાઓને જગતમાં આવવાની અનુમતી આપો છો. અને દિકરીઓને જન્મથી પહેલા મારી નાખો છો. માઁ તું તો એવું નહિ કરે ને ? માઁ હું તારી ઈચ્છા અનુસાર ગર્ભમાં ઉછરી રહી છું પણ મને તારા ગર્ભમાં મારી સલામતી નથી જણાતી ડોકટરનો હથોડો મારી ખોપરી ઉપર પડશે ત્યારે હું હાથ પણ આડા નહીં કરી શકું. મારા નાજુક અંગો વાઢ-કાપને કંઈ રીતે સહન કરી શકશે? માઁ હું એટલી લાચાર છું કે તારો પાલવ પકડીને તને ફરીયાદ પણ નહિ કરી શકું. માઁ તું મને એક વખત આ રાક્ષસી પંજામાંથી છોડાવજે. હું તને વચન આપું છું કે હું તારા ઉપર બોઝ નહીં બનું. માઁ મને તારા ખોળામાં રમવું છે. માઁ તું એક વાત યાદ રાખજે કે.....


બેટીન હોના યે તેરે લીયે બડી સુખકી બાત નહિ હૈ
વક્ત આને પર બેટી ભી કંધા દેતી હૈ

માઁ મને જગતનો ડર નથી લાગતો પણ તારો ડર લાગે છે. અને માઁ તું પણ કોઈકની બેટી હતી એ વાતને તું કેમ ભુલી જાય છે ! માઁ હું આવીશ ત્યારે તારા અંગણામાં શહનાઈયો વાગશે, લગ્નગીતો ગવાશે અને જો તું મને મારી નાખીશ તો મરસીયા ગવાશે. અને તારૂં જીવન હંમેશ માટે બેસુરો બની જશે અને તારો અપરાધ તને કોરી ખાશે. માઁ આખું જગત મારાથી ભલે વિરૂધ્ધ થઈ જાય પણ તું મારી સાથે રહેજે. હું તારી પાસેથી મારા જીવનની ભીખ માગું છું તુ મારી માઁ છે અને માઁ બનીને રહેજે. અને તું ગર્ભપાતના કલંકમાંથી બચીજા. કારણ કે ગર્ભપાત એ એક સમાજીક કલંક છે. હું સમગ્ર માનવ સમાજને ફરીયાદ કરૂં છું કે,...

યે દુનીયા જનમ સે પહલે મુજે ક્યોં દફનાતી હૈ ?
બેટી અભિશાપ નહીં હૈ, બેટી તો વરદાન હોતી હૈ ?

દિકરો વારસ છે, તો દિકરી પારસ છે. દિકરો તન છે તો દિકરી મન છે.
દિકરો વંશ છે, તો દિકરી અંશ છે. દિકરો સંસ્કાર છે તો દિકરી સંસ્કૃતિ છે.
દિકરો ફુલ છે, તો દિકરી સુવાસ છે. દિકરો દવા છે તો દિકરી દુઆ છે.
દિકરો ભાગ્ય છે, તો દિકરી સૌભાગ્ય છે. દિકરો શબ્દ છે તો દિકરી અર્થ છે.
દિકરો ગીત છે, તો દિકરી સંગીત છે. દિકરો આન છે તો દિકરી શાન છે.

લી. તારી પ્યારી બેટી-અજન્મી



મારી પ્રિય અજન્મી બેટીની માતાઓ નમ્ર નિવેદન સાથે જણાવવાનું કે,

તમે સૌએ અજન્મી બેટીનો દર્દનાક પત્ર જરૂર વાંચ્યો હશે. અને દિકરી તરફ જોવાનો દ્રષ્ટિકોણ પણ બદલાવી નાખ્યો હશે કારણ કે દિકરીનું અસ્તિવ પરિવાર માટે સુખદ છે. ઈશ્વરે દિકરીનું ઘડતર કરીને મા-બાપ ઉપર અનંત ઉપકારો કર્યા છે. તમારા જીવનમાં જયારે નિરાશા નો એહસાસ થાય ત્યારે તમેં તમારી તે ક્ષણને દિકરી સાથે જોડી દયો ત્યારે તમને હિમાલયથી પણ વધારે શીતલતાનો અનુભવ થશે. એવી દિકરીનું દિકરાના ભોગે બલી આપવું એ વિકૃત માનસનું પરિણામ છે. અને ગર્ભપાતએ મોટામાં મોટો અપરાધ છે. માટે આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ કે, હે પ્રભો ! કૃપા કરીને તું અમોને ગર્ભપાત જેવા મહા ભયંકર અપરાધમાંથી બચાવજે.

લી. ભાનુશાલી મંજુલાબેન દેવજી શામજી ખીચડા - નુંધાતડ વાળા

શામજી ખેતશીની કું. -મુંબઈ. ફોનઃ૬૧૨૭૪૨૭૩ to ૮૦ મો.૯૩૨૪૮૦૧૬૬૭

જયશ્રી ઓધવરામ


લોકાર્પણ સૌજન્ય
સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ
શ્રી હરિ
શ્રી ભા કરસનદાસ પુરુષોત્તમ ચાંદ્રા
એવમ્
શ્રી ભાનુશાલી મિત્રમંડળ-ગાંધીધામ
શ્રી ભાનુશાલી યુવકમંડળ-ગાંધીધામ
શ્રી મહિલા સત્સંગ મંડળ-ગાંધીધામ
તથા સમસ્ત ચાંદ્રા પરિવાર-ગાંધીધામ
પુસ્તક પ્રકાશન સમિતી
શ્રી પ્રેમજીભાઈ એન. દામા
B.Com. L.L.B.
M. 9819289777
શ્રી નવીનભાઈ થાર્યાભાઈ રાજકોટ
M. 9824056577
શ્રી ગીરધરભાઈ ખેતશીં મંગે-છાદુરા
M. 9820033011
શ્રી મહોબતસિંહ એમ. સીંઘલ-વાંઢાય
M. 9879928911
શ્રી લક્ષ્મીદાસ એલ. ભાનુશાલી-નલીયા
L.L.B.
M. 9833690290
શ્રી મંગલદાસ કલ્યાણજી મંગે-રવા
M. 9920609837
શ્રી વસંત અરજણ ભદ્રા-જખૌ
M. 9322211020
શ્રી પ્રહલાદ મેઘજીભાઈ ધુકેર(તેરા)
M. 9898593641
શ્રી ભરત મંગલદાસ મૈંઘર-નુંધાતડ
M. 9819633302
શ્રી અરવિંદભાઈ બી. ગજરા-જંગડીયા
M. 9909913904
શ્રી મુકેશ એમ. મંગે-ધનાવાળા
M. 9727324758
શ્રી ભરત વિરજી નાખવા-ભાચુંડા
M. 9825229904
પ્રકાશન : આસો સુદ-૧૦(દશેરા), વિજયાદશમી, તા. ૨૨/૧૦/૨૦૧૫, બુધવાર-સ્થળ : ગાંધીધામ



:: પ્રમુખશ્રી ::
ભા. પ્રહલાદ મેઘજીભાઇ ધુકેર-9898593641



:: ઉપપ્રમુખશ્રી ::
ભા. ભરત શંકરલાલ મંગે-9978700898



:: મહામંત્રીશ્રી ::
ભા. શામજી માવજી ભદ્રા-95865 33997



:: મંત્રીશ્રી ::
ભા. નવીન મમુંભાઇ ચાંદ્રા-98252 23543



:: કારોબારી સભ્ય ::
ભા. શંકરલાલ નારાણજી ભદ્રા-97123 56112



:: પ્રમુખશ્રી યુવા સર્કલ ::
ભા. ભરત લક્ષ્મીદાસ કુલીયા-9925372007



:: કારોબારી સભ્ય ::
ભા. વિનોદ મોનજી વડોર -98252 23556



:: કારોબારી સભ્ય ::
ભા. બાબુભાઇ વેરશીં ગોરી-99095 66065



:: કારોબારી સભ્ય ::
ભા. કાન્તીલાલ બાબુલાલ દામા-98790 85231



:: કારોબારી સભ્ય ::
ભા. પ્રભુલાલ કાનજી ગજરા-98251 93489

:: સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ ::



હા
ર્દિ
ક
શુ
ભે
ચ્છા
સ
હ

આપણા હિન્દુ સમાજમાં સનાતન ધર્મના વિચારો ટકાવી રાખવા માટે સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ જેવા ગ્રંથો ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે તથા પ્રત્યેક સમાજ માટે ઓધવગ્રંથ પથ દર્શક બનીને દિવાદાંડી નું કામ કરશે. જેમાં શકાંને કોઈ સ્થાન નથી. આ ગ્રંથ ને માત્ર ગ્રંથ સમજીને કબાટમાં ન રાખી દેતા. એને આપણી જીવનધારા સાથે જોડવાનું છે. ઓધવગ્રંથને ગૃહસ્થાશ્રમનું ઘરેણું સમજીને આપણા જીવનમાં ઉતારવાના પ્રયત્નો કરશું તો લેખક, માહિતીદાતાઓ,તથા સહયોગીઓના સહીયારા પુરૂષાર્થને જરૂર સફળતા મળશે. ઓધવગ્રંથ સમાજ માન્યતા પ્રાપ્ત ગ્રંથ છે. એને સમાજ સાથે જોડી દેવામાંજ આપણી નૈતિકતા સમાયેલી છે.


તેવી રીતે સમાજના ગ્રંથો હોય કે સમાજવાડી હોય કે શીક્ષણ સંસ્થા અથવા તો બોર્ડીંગ, હોસ્ટેલ, અતિથીગૃહ, કે છાત્રાલયો હોય એ સૌને આપણી માતૃસંસ્થાનો દરજ્જો આપવો જાઈએ. કારણ કે, માતૃસંસ્થા આપણી માઁ નું બીજું સ્વરૂપ છે. જેવી રીતે એક માઁ બાળકને વિચારો આપે છે, શિક્ષણ આપે છે ,અને સહયોગ કરે છે તેવી રીતે માતૃસંસ્થા આપણી સાથે એવી જ રીતે રહે છે. માટે આપ સૌને અમારી નમ્ર વિનંતી છે કે પુણ્યનાં પોટલા બાંધવા અર્થે ભ્રામક સપનાઓમાં રહીને ધનનો આડો અવડો વહીવટ કરવા કરતાં તે ધનને માતૃસંસ્થા તરફ વાડી નાખવો જાઈએ. વિચાર્યા વગર સમજયા વગર આંખે પાટા બાંધીને પરિણામ શુન્ય ધાર્મીક કાર્યો પાછળ ધન ખર્ચી નાખવું એ બુધ્ધીમાન માણસનું લક્ષણ નથી. આપણો સમાજ શારિરીક રીતે, માનસીક રીતે તથા વૈચારીક રીતે આગળઆવે એ જોવાની સમાજના પ્રત્યેક જાગૃત નાગરીકની ફરજ છે.

જે આંબાની કેરીઓ ખાધી મેં રસ ભેર
તે તો કોણે રોપી કયારે ને કઈ પેર

વર્ષો પહેલા આપણા સમાજના આગેવાન વડીલોએ વિકાસનો પાયો નાખ્યો હતો એનું શુભ પરિણામ આજે આપણે સૌ ભોગવી રયા છીએ. તો ચાલો આજે આપણે સૌ માતૃસંસ્થાનાં ઋણ ચુકવવાના યથાર્થ પ્રયત્નો કરીયે. અને એક દીપ માંથી અનેક દીપ પ્રજવલત થાય છે. એ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને ઋણ ચુકવવા સમર્થ બનીયે.

લી. શ્રી કચ્છી ભાનુશાલી મહાજન એવમ્,
શ્રી કચ્છી ભાનુશાલી યુવા સર્કલ. આદિપુર(કચ્છ)

જય શ્રી ઓધવરામ


સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ
ભુલો ભલે બીજું બધું મા-બાપને ભુલશો નહીં
સ્વ. વેલજી લધા વકીલ કટારીયા-બીટા
કોટી-કોટી વંદન
સ્વ. પાર્વતીબાઈ વેલજી કટારીયા-બીટા
કોટી-કોટી વંદન
પરિવાર જેનું મંદિર હતું પરિશ્રમ જેની પુજા હતી જીવનમાં સેવાની રીત જોડી સમાજ સાથે પ્રિત જોડી પ્રેમ જેની શકિત હતી અને પરમાર્થ જેની ભકિત હતી.
હરિ ૐ
ૐ
જીવન જીવ્યા પુરતું પણ શ્રેષ્ટ જીવી ગયા સંભારણા સૌના દિલમાં રહી ગયા સ્મરણ તમારૂં થાય ત્યાં નયને આવે નીર વિસારી વિસરાયના એવી તમારી ધીર
સ્વ. કાકુભાઈ વેલજી કટારીયા-બીટા
મોનમાં રહીને તમે ઘણું કહી ગયા, સમજણના સથવારે તમે ઘણું સહી ગયા
જીદંગી વિતાવી તમે વડીલોની છાયામાં, એમ કરતાં કરતાં ખરૂં જીવન જીવી ગયા.
Kirti V. Kataria
Mob. : 9979883370
9377302933
9375544466
KATARIA Cargo Movers
TRANSPORT CONTRACTOR & WAREHOUSING AGENT
Plot No. 2, Kataria Estate Vapi-Degam Road, Near St. Joseph English High School, Dungri Falia, Vap - 396 195.
SRTC
Shree Ram Trading Co.
SPECIALIST IN
Jag-gery / Sabudana / Poha / Dalia & All Agro Products
G.K.SHIPPING AGENCY
CLEARING FORWARDING & COMMISSION AGENTS
PLATINUM MALL 1ST FLOOR, ROOM NO. 126, JAWAHAR ROAD NEAR BMC OFFICE, GHATKOPAR (E), MUMBAI 400077
TEL. + 91-22 250119492 FAX + 91-22 42152955
E-MAIL kshipping@gmail.com / gkshipping@vsnl.net

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

નાનો ખુબ છતાં હું તારો તવશકિત અભિમાન

:: - શ્રધ્ધાસુમન ::-




ભા. સ્વ.કરમશી પ્રેમજી હુરબડા હાજાપર

અમેં જગતના આંગણામાં રમ્યા ખરા,
પણ આંગળી તમેં ઝાલી હતી
અમેં વિશાળ ગગનમાં ઉડયા ખરા,
પણ પાંખો તમેં આપી હતી
અમેં ફુલ બનીને ખીલ્યા ખરા,
પણ ક્યારી તમેં સીંચી હતી
અમેં મંઝીલે પહોંચ્યા ખરા,
પણ દિશા તમેં આપી હતી.









ગં.સ્વ.બચુબાઈ કરમશી પ્રેમજી-હુરબડા


અમારા જીવનમાં પરિપક્વતા પ્રેમ સમાજસેવા તથા રામાયણ ધ્વારા
એક્તા ના ગુણો સિંચ્યા બદલ આપને અમારા લાખ લાખ વંદન...

સ્વ.ડાઈબેન શીવજી ગજરા-આશાપર

પગમાં વાગે કાંટો કહે ખમ્મા મારા વીર
દુઃખમાં કરે ન ફરિયાદ એવી એની ધીર







સ્વ. કરસનદાસ કરમશી પ્રેમજી-હુરબડા

હૃદયના ઘાવ ક્યારે રૂઝાસે નહિ, આંખોમાં અશ્રું સુકાસે નહિ
પ્રગતિ ના માર્ગ પર મોડ બહુ આવ્યા, તમે બતાવ્યા માર્ગો ક્યારે ભુલાસે નહિ

સ્વ. ભા.જેઠાલાલ કરમશી પ્રેમજી-હુરબડા

નથી કોઈને નડયું, નથી પીળું પડયું
તો પછી આ પાંદડું પ્રભું કેમ ખરી પડયું ?

લિ. કેશરબેન એવમ ભાનુશાલી ખીમજી કરમશી હુરબડા તથા સમસ્ત પરિવાર ના જય ઓધવરામ...**મો. ૯૩૨૪૨ ૦૩૬૩૨**

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

-:: સ્મરણાંજલી ::-





मन तुं हरि भजन को मान (२)
नयन दिये दर्शन करने को, श्रवण दिये सुन ज्ञान ...मन
वदन दिया हरि गुण गाने को, हाथ दिये कर दान...मन
कहत कबीर सुनो भाई साधो, कंचन निपजत खान...मन

અમારા સ્વર્ગવાસ વડીલોને સમસ્ત ભક્કડ પરિવારના કોટી કોટી વંદન...

Haresh Trading Co.
Haresh bhai- 98252 28073
Rajesh bhai - 99252 28073

સ્વ. ભાઃ રવજી ભાણજી ભક્કડ
ગામ : આશાપર, હાલે : ગાંધીધામ

સ્વ. ભાઃ પુરબાઈ રવજીભાઈ ભક્કડ
ગામ : આશાપર, હાલે : ગાંધીધામ

-:: પુષ્પાંજલી ::-





सुमरन कर ले मेरे मना । तेरि बित जाति उमर, हरि नाम बिना ।।
कुप नीर बिना, धेनु छीर बिना, धरती मेह बिना ।
जैसे तरुवर फल बिना सुना, तैसे प्राणी हरि नाम बिना ।।
देह नैन बिना, रैन चंन्द्र बिना, मंदिर दीप बिना ।
जैसे पंडित वेद विहीना, तैसे प्राणी हरि नाम बिना ।।
काम क्रोध मद लोभ निहारो छाँड दे संतजना ।
कहे नानकशा, सुन भगवंता जगमें नहि कोई अपना ।।

સ્વ. ભાઃ થાર્યાભાઈ રાઘવજી ગજરા
ગામ : નલીયા, હાલે : રાજકોટ

અમારા આદરણીય સ્વર્ગસ્થ વડીલોને
અમારા સમસ્ત ગજરા પરિવારના કોટી કોટી પ્રણામ...
લી. નવીનભાઈ થાર્યાભાઈના જય ઓધવરામ...

સ્વ. ભાઃ જમનાબેન થાર્યાભાઈ ગજરા
ગામ : નલીયા

-:: સ્મરણાજંલી ::-



લીલીછમ લાગણીસભર બે આંખોની કૃપાદૃષ્ટિ મદદ કરવા ઉઠતા બે હાથની કર્મઠતા
હૃદયમાં મમતા અને... કરૂણાની ધબકતી ધડકન રગેરગમાં ગાયત્રી ઉપાસના
અને શ્રી ઓધવ વંદના. કાચી માટીની કાયામાં સૌમ્યતા અને સંનિષ્ટાનો અનેરો સંગમ...
એક સાથે કેટલું ગુમાવ્યું અમેં, ન રહ્યા જીંદગીના તાણા વાણા
રહ્યા તો માત્ર બસ સુગંધી સ્મૃતિઓના સંભારણા
એટલે જ મરણ કરતા સ્મરણ બળવાન છે. તમારી સ્મૃતિ એ જ વરદાન છે.

સ્વ.ભાઃ હીરબાલા શામજી ભદ્રા(રવાવાલા)
જન્મ : ૧૨/૧૨ /૧૯૫૦
દેહાંત : ૩/ ૬/૨૦૦૮

અશ્રુભીની આંખે લી.

પતિ શ્રી શામજી માવજી ભદ્રા તથા ભદ્રા પરિવાર આદીપુર-કચ્છ.
પુત્ર : કલ્પેશ ✣ પુત્રવધુ : મંજુ ✣ પૌત્ર : શિવમ ✣ પૌત્રી : ભાર્ગવી
પુત્રી : સીમા ✣ જમાઈ : નિલેશ ✣ પુત્રી : કવિતા ✣ જમાઈ : કમલેશ
દોહિત્ર તથા દોહિત્રી ✣ અદિતી ✣ અનન્યા ✣ યશ ✣ મિલન



LATE CHETAN ISWARA




-:: શ્રધ્ધાંજલી ::-



એક પંતગીયું વિધાતાની નઝરે ચડી ગયું
ઉડી જતા આકાશમાં રંગ વેરતું ગયું
જીંદગી તો હતી એની ઘડી બે ઘડીની
છતાં પણ પરિવાર સાથે હળીમળી ગયું
એના રંગ રૂપ સુગંધની તમેં વાત શું કરો છો ?
પતંગીયું ઉડી ગયું ને ઝાડ જોતું રહી ગયું... (ભગતરામ)

સ્વ. ભાઃ ચેતન જયંતીલાલ કટારીયા
ગામ : શીરવા, હાલે : મુંબઈ

લી. જયંતીલાલ માવજી કટારીયા પરિવારનાં જય ઓધવરામ...
JAY MATAJI ESTATE CONSULTANCY - Mo. 98700 30620


સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ
ભાનુશાલી દેવચંદ નેણશીં મંગે પરિવાર - ધનાવાળા
ગૃહસ્થાશ્રમને વડલો બેઉની સરખી રીત
હળીમળીને રહે છે સૌની સાથે જોડી પ્રિત
સુખદુઃખના સરવાળા સાથે ઉભો રહે અડીખમ
ન અંતરમાં કોઈ લાલસા સેવા સમર્પિત
ત્રણે લક્ષણો અપનાવે. નીત, રીત ને પ્રિત
ખાલી હાથન જાયે પાછો આંગણે આવ્યો અતિત્
એવા અમારા શ્રી દાદાજીને
મંગે પરિવારના જય શ્રી ઓધવરામ...
સ્વ. ભાઃ દેવચંદ નેણશી મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ રવજી દેવચંદ મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ ભચાંબાઈ રવજી મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ ગાંગજી દેવચંદ મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ શાંતાબેન ગાંગજી મંગે
ધનાવાળા
ભાઃ લક્ષ્મીદાસ રવજી મંગે
ધનાવાળા
અ.સૌ. મણીબેન લક્ષ્મીદાસ મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ મણીબેન વિરજી મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ મંગલદાસ ગાંગજી મંગે
ધનાવાળા
સ્વ. ભાઃ જીતેશ મંગલદાસ મંગે
ધનાવાળા
realpatidar.com

શ્રધ્ધાંજલી



સ્વ. ભા. લક્ષ્મીદાસ પુંજાભાઇ નાખવા
ભાચુંડા

ધર્મના આચરણ થકી મોટા બને મહાન
પુજાયે પરિવારમાં લોક કરે સન્માન
નિતી નિયમના તાંતણે સ્વયંમ બંધાણા
દુઃખથી કદી ન ડર્યા ન સુખમાં છલકાણા
એવા અમારા વડીલોને કોટી કોટી વંદન...
લિ.
ભા. વીરજી લક્ષ્મીદાસ નાખવા પરિવારના
જય ઓઘવરામ



સ્વ. ભા. નાથીબાઇ લક્ષ્મીદાસ નાખવા
ભાચુંડા



સ્વ. ભા. અરવિંદ કાનજી વડોર-નિરોણા
લી. મીના, ઓમ, રૂચા તથા સમસ્ત પરિવારના
કોટી કોટી વંદન...

રાખના રમકડાં

રાખના રમકડા મારે રામેં રમતા રાખ્યાં રે
મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યા રે... રાખનાં.
બોલે ડોલે રોજ રમકડા નીત નીત રમતું માંડે
આ તારૂં આ મારૂં કહીને એકબીજાને ભાંડે રે... રાખનાં.
કાચી માટીની કાયા માથે માયા કેરા રંગ લગાયા
ઢીંગલા ઢીંગલીએ ઘર માંડયા વિંજણ લાલ વિંજાયા રે... રાખનાં.
અંત અનંતનો તંતન તુટયો રમત અધુરી રહી
તનડા ને મનડાની વાતો આવી તેવી રહી રે... રાખનાં.



સ્વ. ભા. ભીમજીભાઇ નારાણજી ગજરા-જંગડીયા
લી.ગં.સ્વ. લીલાવંતીબેન ભીમજીભાઇ ગજરા
કર હું સદા શંકર પદ પૂજા, નારી ધરમ પતિ ઓર ન દૂજા

સ્મરણાંજલી

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાડજો રે.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે.
અનાદી આપ વૈદ છો સાચા, કોઇ ઉપાય વિશે નહિ કાચા
દિવસ રહયા છે ટાંચા, વેળા વાળજો રે.
વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મુંઝારો મારો નટવર, ટાળજો રે.
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વણ્યો શું ગઢ ઘેરાશે ?
લાજ તમારી જાશે, ભૂંધર ભાળશો રે.



સ્વ. ભા. નારાણજી રતનશીં મંગે
રવાવાલા

લી. લક્ષ્મીબેન એવમ દેવજી નારાણજી તથા સમસ્ત મંગે પરિવારના
જય શ્રી ઓઘવરામ



સ્વ. ભા. પાર્વતીબેન નારાણજી મંગે
રવાવાલા

પુષ્પાજંલી

ઈતના તો કરના સ્વામી જબ પ્રાણ તન સે નીકલે

ઘૂંઘટકા પટ ખોલ રે ! તો કો પીવ મિલેગેં ...ટેક.
ઘટઘટ મેં વહ સાંઇ રમતા કટુક વચન મત બોલ રે ॥
ધન-જોબન કો ગર્વ ન કીજૈ જુઠા પચરંગ ચોલ રે ॥
સુન મહલ મેં દિપ જલાદે આસનશો મત ડોલ રે ॥
જાગ જુગત સો રંગ મહલ મેં પિય પાયો અનમોલ રે ॥
કહત કબીર આનંદ ભયો હૈ બાજટ અનહદ ઢોલ રે ॥



સ્વ. ભા. ખજુરીયા ભીમજી માવ
રવાવાલા

અમારા પુણ્યશાળી વડીલોને અમારા સૌના કોટી કોટી પ્રણામ...
લી. કાન્તી, વનિતા, વિકાસ, કાજલ, આકાશ, વર્ષાના... જય શ્રી ઓઘવરામ



સ્વ. ભા. ખેતબાઇ ખજુરીયા માવ
રવાવાલા

:- પ્રાર્થનાજંલી :-



સ્વ.ભા: જખુભાઈ નાનજી ચાંદ્રા(ઘુણઈ)



સ્વ.ભા: પાર્વતીબાઈ જખુભાઈ ચાંદ્રા(ઘુણઈ)



સ્વ.ભા: મમુભાઈ જખુભાઈ ચાંદ્રા(ઘુણઈ)

પ્રભુજી તુમ ચંદન, હમ પાની
જાકી અંગ અંગ બાસ સમાની ...પ્રભુજી૰
પ્રભુજી તુમ ઘન બન, હમ મોરા
જૈસે ચિતવન ચંદ્ર ચકોરા ...પ્રભુજી૰
પ્રભુજી તુમ દિપક, હમ બાતી
જાકી જયોત બૈરે દિન રાતી ...પ્રભુજી૰
પ્રભુજી તુમ મોતી, હમ ધાગા
જૈસે સોન હિ મિલત સુહાગા ...પ્રભુજી૰
પ્રભુજી તુમ સ્વામી, હમ દાસા
ऐसी ભકિત કરે રૈ દાસા ...પ્રભુજી૰



શ્રી ખેતરપાળ દાદા-ઘુણઈ

અમારા પુન્યશાળી આત્માઓને કોટી કોટી પ્રણામ
લી.....

ગં.સ્વ. પુરબાઈ મમુભાઈ ચાંદ્રા
નવીન મમુભાઈ ચાંદ્રા તથા પ્રેમીલા નવીનભાઈ ચાંદ્રા
આશા મુકેશભાઈ ચાંદ્રા - જયશ્રી અશ્વીનભાઈ ચાંદ્રા
યશ તથા ભાનુશાલી સમાજના પ્રથમ બાળકલાકાર પિયુષના
જય શ્રી ઓધવરામ
ફર્મ : મે. ખેતરપાળ ટ્રેડર્સ, આદિપુર-કચ્છ.
નવીનભાઈ મો. ૯૮૨૫૨૨૩૫૪૩



શ્રી જયોતેશ્વર મહાદેવ જાગીર
ગામ : ડોણ-રાજડા, તા. માંડવી-કચ્છ.

:- શ્રધ્ધાસુમન :-



સ્વ. ભા. પદમાબાઈ ભાણજી માવ
બાલાપર

સજનતા તમારી સુવાસ હતી
પ્રસંન્ન તમારૂ જીવન હતું
સત્કાર્ય તમારી શોભા હતી
પરોપકાર તમારૂ કાવ્ય હતું.
એવા અમારા
માતાજી ને લાખ લાખ વંદન
લી.ભા. કેશવજી ભાણજી માવ
પરિવારના
જય શ્રી ઓધવરામ......





ગં.સ્વ. નાથીબાઈ દેવચંદ મેંઘર નુંધાતડ
અમારા માતાજી ને લાખ લાખ વંદન....
લી. લક્ષ્મીબેન એવમ જખુભાઈ દેવચંદ તથા
મંજુલાબેન ભીખુભાઈ દેવચંદ મેંઘર પરિવારના
જય શ્રી ઓધવરામ

वृक्ष

वृक्षनसे मत ले, मन तु वृक्षनसे
काटे वाको कोध न करही
सिचत न करहि नेह ...... मन
घूप सहत अपने सिर ऊपर
औरको छाह करत ...... मन
जो वाहीको पथर चलावे
ताहिको फल देत ...... मन
धन्य धन्य ये पर ऊपकारी
वृथा मनुजकी देह ...... मन
सूरदास प्रभु कहा लगि बरनौ
हरिजनकी मत ले ॥ ...... मन

:- શ્રધ્ધાસુમન :-



સ્વ. ભા. માધવજી લક્ષ્મીદાસ મંગે
ધનાવાળા

કાનુડાને જઈને કહેજો રે પોપટ પ્યારા શ્યામને સંદેશો દેજો રે ...પોપટ
સંભારે છે વારેવારે આવીને જમુનાને આરે માતાતારી આંશુ સારે રે ...પોપટ
મંદિર સુંનામાળા સુંના ગાયોના ગોવાળ સુંના ગોકુળના બાળ સુંના રે ...પોપટ
નથી ગાયો દોવા દેતી નથી ખીલે બાંધી રહેતી નથી તરણા મુખે લેતી રે ...પોપટ
વાછરડાઓ વીલા પડતા ચારો જરીયે નથી ચરતાં શ્યામ વિના ઝુરી મરતા રે ...પોપટ
મથુરાથી વહેલો વળજે વાલા વચને પુરો પડજે ગોવીંદવર આવી મળજે રે ...પોપટ

લી.માતાજી લીલાબાઈ, ભાઈ જેઠાલાલ-નરેશભાઈ(નરશી)
તથા સમસ્ત પરિવારના જય શ્રી ઓધવરામ....

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ



શ્રી પાર્વતીબાઇ રણછોડદાસ
જોયસર-જખૌ



શ્રી કરસનદાસ રણછોડદાસ
જોયસર-જખૌ


પરિવાર સંદેશ

સંસારમાં સરસો રહેને મન મારી પાસજો
સંસારમાં લોપાય નહિ એને જાણું મારો દાસજો અર્જુનગીતા

અર્જુનને ઉપદેશ આપતા ભગવાન કહે છે. કે સંસારી મનુષ્યો ગૃહસ્થાશ્રમના સંપુર્ણ નીતિ નિયમોને જાણ્યા પછી જે મારા વિચારો સાથે રહીને પોતાના ગૃહસ્થાશ્રમના ધર્મને નિભાવે છે એ જ મારો દાસ છે. જેવી રીતે નૌકા પોતાનું સંપૂર્ણ જીવનને જલમાં વિતાવ્યું હોવા છતાંય પોતાની અંદર જલ ને પ્રવેશ કરવા દેતી નથી એવી રીતે સંસારીઓએ સંસારમાં રહ્યા પછી પણ નિર્લેપ રહેવું જોઈએ. તે સિવાય પરિવારના હિત માટે વડીલો પાસે નિર્ભેદ અવસ્થા - સમય સુસક્તા દીર્ઘદ્રષ્ટિ તથા સકારાત્મક વિચારધારા હોવી જોઈએ. ઘરના સદસ્યોને કાચના વાસણ તરીકે મુલવવામાં આવ્યા છે. સંજોગો વસાત એ જયારે તુટે છે ત્યારે એને આપણા પૂર્વજો સકારાત્મક દ્રષ્ટિકોણ દ્વારા ઉપરોક્ત ઘટનાને શુકનમાં ખપાવે છે. પણ સંઘર્ષમાં ઉતરતા નથી પરિણામે ઘરમાં-સંપ-સુલેહ અને સમાધાન ટકી રહે છે. વડીલો પાસેથી ઉપરોક્ત સદ્‌ગુણોનુ અવતરણ થઈને નવી પેઢીમાં સ્થાપિત થાય છે. બસ એનું જ નામ સંસ્કાર એવા અમારા આદરણીય વડીલોને કોટી કોટી પ્રણામ...

લી. શ્રી કરસનદાસ રણછોડદાસ જોયસર (જખૌ)
પરિવારનાં જય શ્રી ઓધવરામ...

પુષ્પાજંલી



આદ્ય ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા

૧૮૫૭ (ભારત) To ૧૯૩૦ (જીનીવા)







હિંગલાજ વંદના

તુજ શકિત અનંત અપાર હીંગુલા મૈયા તુજ શાંતિ...
ભવસાગરમાં ભુલો પડયો છું તેમાં થજો સહાયકાર...હીંગુલા
અલ્પમતિથી અરજ કરૂં છું, આપ તણો આધાર...હીંગુલા
સેવા સમાજે મંડળ સ્થાપ્યો તેમાં થજો સહાયકાર... હીંગુલા
દાસ 'ભીમજી' અરજ કરે છે. સંગઠન ઉપારો પાર...હીંગુલા

......સંદેશ ::-

ચલો સૌ જીતવા જંગ, બ્યુંગલ વાગો
યાહોમ કરી ને પડો ફતેહ છે આગો - (વીર નર્મદ)

ભારતની આઝાદીના આદ્ય ક્રાંતિકારી સપુતને
અમારા સૌના લાખ લાખ વંદન ....

લી.......

સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ

સંસ્થાપક શ્રી મનજી ખીચંશી ભાનુશાલી (બાપુ) ૯૩૨૩૮ ૯૦૦૧૩
માઁ આશાપુરા ધામ રાતાતળાવ તા. અબડાસા (કચ્છ)



જય શ્રી ઓધવરામ...

સંત શ્રી ઓધવરામ ચરિત્ર માનસ

અનુક્રમણીકા

સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય પહેલો

પૂર્વાશ્રમ યોગ



ગુરૂબ્રહમાં ગુરૂ વિષ્ણો ગુરૂદેવો મહેશ્વર
ગુરૂઃ સાક્ષાત પરબ્રહમ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

પ્રથમ નમું પરમેશ્વર સ્વામી દુજા ઓધવરામ
માતપિતા કુલ દેવ દેવીયાં સબકો મેરા પ્રણામ
ભગતરામ સબકો મેરા પ્રણામ
કર્મસેં માનવ જન્મ મીલા બડે ભાગ્ય ગુરૂ મહારાજ
ગુરૂ સ્વયમં ગોવિંદ દીખલાયે ગોવિંદ નામ આધાર
ભગતરામ ગોવિંદ નામ આધાર
સદગુરૂ મોહે આપ દીજીયે શકિત ભકિત જ્ઞાન
આપ પધારો સ્વયંમ લીખાને અપના હી વૃતાંત
ભગતરામ અપના હી વૃતાંત
સંતશ્રી ઓધવરામ ચરિત માનસ કા પરિણામ
શ્રવણ, મનન ચિંત્તન કરને સેં હો જીવન કલ્યાણ
ભગતરામ હો જીવન કલ્યાણ
અલ્પ જ્ઞાન કે કારન લીખતે ગુણ વર્ણન રહ જાય
સત્ય પ્રેમ કરૂણા કે સાગર ક્ષમા કીજે મહારાજ
ભગતરામ ક્ષમા કીજે મહારાજ

સંત શ્રી ઓધવરામ ચરિત્ર માનસ

-:: ઓધવ ચાલીસા ::-

રાગ : ભૈરવી

સંતશ્રી ઓધવરામ નામની, અમર સંતની અમર કહાની
નિર્મલજીવન અવિરત વહે જેમ, પવિત્ર ગંગાજીના પાણી ...૧
પશ્ચિમ અંશ ધરા કચ્છ દેશે, જખૌ રૂડું ગામ વસે છે
ત્યાં એક સુંદર ઘર નિસદીન, રામ રામ સીતારામ જપે છે. ...૨
સર્વ ગુણ સંપન ચાગબાઇ માત, ભકત પિતા જેના શ્રી હેમરાજ
સુર્ય વંશ કુળ ભાનુશાલી, સુલભ નુખ ભદ્રા પરિવાર ...૩
સવંત ઓગણીસો સો પિસ્તાળીસ, રામનવમી ની શુભ ઘડી આવી
જે દીન પ્રગટયા રામ પ્રભુશ્રી, એ દીન ઓધવ રામ અવતારી ...૪
કશ્યપ ગોત્રને રાશી વૃષભા, યોગ શુકર્મા નક્ષત્ર પૂનર્વા
સોળકળાએ ચંદ્રમાં ખિલ્યો, પૂર્વ કર્મના પુણ્ય પ્રગટયા ...૫
બાલાપણમાં ભ્રમણા ભાંગી, રામ નામનીં લગની લાગી
ભજન કરે ભવ ફેરા ટળશે, નિશ્ચય ઇશ્વર થાશે રાજી ...૬
ચાગબાઇ માઁ કહે ઓધવરામ, તું પ્રાપ્ત કરી લે અક્ષર જ્ઞાન
વેદનિષ્ટ થવામાં આવ્યા, અક્ષર જ્ઞાન સૌને કામ ...૭
સુનો માતાજી ધરીને ધ્યાન, મારે જાવું એક દીન વાંઢાયધામ
ઓધવ ઓધવ કહીને બોલાવે, સદ્ગુરૂ મારા શ્રી લાલરામ ...૮
વાંઢાયમાં એક રહે છે રામ, સદ્ગુરૂ સંત શ્રી ઇશ્વરરામ
ઇશ્વરા સો પરમેશ્વરા કહીને, ગાયે સૌ એના ગુણગાન ...૯
નહી ભિક્ષા, નહી દિક્ષા લઇને, ધર્મ તણા બંધન સૌ સહીને
પ્રથમ ગુરૂ શંકરાનંદ પાસે, જ્ઞાન લીધું આશ્રમમાં રહીને ...૧૦
છપ્પનીયો દુષ્કાળ પડયો તો, ચારે તરફ હાહાકાર મચ્યો તો
ગૌ-સેવા કરતા ઓધવના, શરીરે મોટો ઘાવ પડયો તો ...૧૧
ઓધવ પાછા આવ્યા ગામ, શરીર ને આપ્યું આરામ
પિતાના અંત્તિમ સમયે કર્યું, માઁ સાથે પરદેશ પ્રયાણ ...૧૨
ખેલ જુઓ પછી સમ્યાંતરના, વીંટળાઇ વૃત્તિઓ માયામાં
ત્યાગ અને વૈરાગ્ય છુટી ગયા, મન લલચાંણુ ગૃહસ્થાશ્રમમાં ...૧૩
હરિશ્ચંદ્રની કથા સાંભળી, વેગ લીધા મનના સૌ વાળી
સત્સંગ છુટયાનું આ પરિણામ, ઓધવે સૌ લીધું એ જાણી ...૧૪
બીજા ગુરૂ કર્યા પુરણરામ, હમલા દેવા સાહેબ ધામ
આશ્રમની મન થી કરી સેવા, ગુરૂ પાસેથી લીધું જ્ઞાન ...૧૫
ગુરૂ પાસે એક વર્ષ રહયા પછી, ગુરૂ સાથે પરદેશ પધાર્યા
રાજયોગી ગુરૂ શિષ્યોના, વાણી વર્તનથી ત્રાસી ગયા ...૧૬
કહી ન શકયાને સહી ન શકયા, ગુરૂજી ની સાથે વધુ રહી ન શકયા
ગુરૂ આજ્ઞા લીધા વિના ઓધવ, તીર્થ ભુમિ વાંઢાય પધાર્યા ...૧૭

કસોટી ઓધવરામની કરવા, મધ દરિયે તુફાન ઉપડયા
કોઈ ડરશો માં કોઈ રડશો માં, તમેં સમરો શ્રી રઘુપતી રાયા ...૧૮
નિષ્ટાધારી સંતને જોઇ, સમુદ્ર લહેરો શાંત થઇ ગઇ
શ્રધ્ધાને વિશ્વાસની સામે, કાળ હાર્યો બાજી જીતેલી ...૧૯
શાંત ચિત્ત મનડું સ્થિર રાખી, આવી વસ્યા વાંઢાયના વાસી
લાલરામ ત્રીજા ગુરૂએશ્રી, ઓધવરામને કંઠી બાંધી ...૨૦
ગુરૂ મંત્ર શ્રી ગુરૂ એ દીધા, શીદ્દ્ય સાધના દ્વારા કીધા
શ્રી ગુરૂ શિષ્યના મિલન પછી, લાલરામ શરીરે શાંત થયા ...૨૧
ગુરૂ એ અંતિમ આજ્ઞા દીધી, ઓધવે ભીષ્મ પ્રતિજ્ઞા લીધી
માર્ગ ભુલ્યા પરિવારને દિક્ષા, સત્ય સનાતન ધર્મની દીધી ...૨૨
ચોથા ગુરૂ રઘુનાથ મુલજી, શર્માથી સંસ્કૃત ભણ્યાતા
વ્યા-કરણને પાણીની ભણ્યા, અચલજી ત્યારે સાથે રહ્યા તા ...૨૩
ધર્મના કાજે દેશ માં ફર્યા, અંતે વાંઢાયમાં વિસ્તર્યા
ગુરૂ ગાદીની શોભા વધારી, સંધ્યાપાઠ નાં સુર રેલાવ્યા ...૨૪
ભુખ્યાઓને ભોજન પીરસ્યા, તરસ્યા જીવોને જલ દીધા
કર્મ સેવા નિષ્કામ કરીને, માનવતાના કામો કીધા ...૨૫
ઇશ્વર સાગરના કીનારે, ભજન કર્યા બેસી એકાંતે
જાપ અજપા જપ્યા નિરંતર, રામ રામ સીતારામ પિયારે ...૨૬
પંચરંગી ક્રાંતિના પ્રણેતા, આદર્શ ગુરૂકુળના ઘડવૈયા
દિવ્યદ્રષ્ટી પ્રજ્ઞા ચક્ષુનાં, જીવનમાં સ્થાપિત કરી દીધા ...૨૭
હોમ હવન તપ યજ્ઞો કરીને, પર્ણકુટીમાં કરી સાધના રહીને
પ્રભુના સાક્ષાત્કાર થયા તા, તેર વરસ તપશ્યા કરીને ...૨૮
પંથ ભુલ્યા પરિવારો માટે, કામ કર્યા તમેં શીરના સાટે
લક્ષ્મીનારાયણ નામ આપીને, કંઠી બાંધી એને નીજ હાથે ...૨૯
નાત જાતના ભેદ મીટાવ્યા, હરિજનો ને નીજના માન્યા
મુળ સ્થાનકથી માઁ ઉમિયાને, તેડી વાંઢાયમાં પધરાવ્યા ...૩૦
જન્મ તમેં જે કુળમાં લીધા, એ કુળના કામો બહુ કીધા
શિક્ષણ સંસ્થા ભાનુશાલી, નગરના સ્વપ્નો પુરણ કીધા ...૩૧
હરિદ્વારે તટ ગંગાજી નાં, કચ્છી આશ્રમ સ્થાપન કીના
લાલ રામેશ્વર નામ આપીને, શ્રી ગુરૂચરણે અર્પણ દીના ...૩૨
આશ્રમને આદર્શ બનાવ્યા, શિષ્યપદે વાલરામને સ્થાપ્યા
ધર્મકર્મના નિયમો બાંધી, હરિહરના સંદેશ પહોંચાડયા ...૩૩
જહાં ઉપના વહાં ખપના ચહીયે, રામરામ સૌને હવે કહીયે
શરીર થાકયું ચાલો આપણે, ઇશ્વરરામ ના શરણે રહીયે ...૩૪
વાંઢાય આવ્યા ઓધવદાસ, (સૌ) પૂર્ણિમાં એ રમ્યા રાસ
સંત ભકત સાધુ સંન્યાસી, રમવા માટે આવ્યા ખાસ ...૩૫
રાસલીલામાં ઓધવરામ, સૌ સંતોને કર્યા પ્રણામ
ઉંચ-નીચના ભેદ ભુલી તમેં, સેવા કરજો સૌ નિષ્કામ ...૩૬
ઇશ્વરના આવ્યા પયગામ, હું જાઉં છું હવે મારે ગામ
સુખ દુઃખમાં સૌ સાથે રહીને, કરજો એક બીજાના કામ ...૩૭

પોષ-સુદ બારસ ને વીસ તેરા, રવિ સક્રાંતિએ અસ્ત પામ્યા
સૌને છેલ્લા રામ રામ કહી, તત્વમસી નીઝ ધામ સીધાવ્યા ...૩૮
સૌ સંતો વાંઢાય વસે છે, જયારે પુનમની રાત પડે છે
આજે પણ શ્રી સંત ઓધવરામ, આવીને મહારાસ રમે છે. ...૩૯
ઓધવ ચાલીસાનો 'ભગતરામ', નિત્ય નિરંતર પાઠ કરે જે
સુખ શાંતી સંપત્તિ અન્ન તન ધન, પ્રેમ શ્રદ્ધા વિશ્વાસ વધે છે.
પ્રેમ શ્રદ્ધા વિશ્વાસ વધે છે. પ્રેમ શ્રદ્ધા વિશ્વાસ વધે છે. ...૪૦

સાખી : રાગ - કબીરના દોહા

સુર્ય પ્રકાશી અસ્ત થયો એનું જગમાં રહી ગયું નામ
સંતશ્રી ઓધવરામ તમને વારંમવાર પ્રણામ
-તમને વારંમવાર પ્રણામ

સંભવામિ યુગે યુગે

યદા યદા હી ધર્મસ્ય, ગ્લાની ભર્વતી ભારત
અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનમ સૃજામ્યહમ્
પરિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દુષ્કતામ્
ધર્મ સંસ્થાપના થાય સંભવામિ યુગે યુગે II

શ્રીમદ્ ભગવત ગીતાના ચોથા અધ્યાયના ૭/૮ શ્લોકમાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે અર્જુન જયારે જયારે **ધર્મસ્યગ્લાની** એટલે કે ધર્મમાં ભુલો થઇ જવા પામે છે ત્યારે ત્યારે હું ધર્મસંસ્થાપનાર્થાય એટલે કે ફરીથી ધર્મની **સ્થાપના** કરવા માટે સંભવામિ યુગે યુગે એટલે કે હું અવતાર ધારણ કરું છું.

ધર્મનો ક્યારે પણ ક્ષય થતો નથી પરંતુ લે-ભાગુ તત્વોનાં ઇશારે ધર્મ ખોટી દિશા પકડી લે છે લે-ભાગુ તત્વો **સ્વાર્થી** મનોવૃત્તિ ધરાવતા હોવાથી ધર્મ ઉપર પકડ જમાવી શકતા નથી તેઓ સતત ધર્મની સ્થિતી મજબુત કરવા કરતાં પોતાની સ્થિતી મજબુત કરવા પાછળ રચ્યા પચ્યા રહે છે. જેના લીધે ધર્મનો સતત દુરપયોગ થતો હોય છે અને તેમાં જેવી રીતે વાડ વગરના લીલાંછમ ખેતરમાં નિસાચરો દાખલ થતાં હોય છે. એવી રીતે ધર્મમાં રૂઢીવાદીઓ-ધર્મના ઠેકેદારો, તકલાદીઓ તથા સ્વાર્થી અને ધંધાદારીઓનો પગ પેસારો વધી જાય છે. પરિણામે ધર્મ સંપૂર્ણ યંત્રવત્ બની જાય છે. સામાન્ય માણસની શ્રધ્ધાનો દુરપયોગ કરીને સગવળીયા બાંધ છોડીયા તથા ભેળસેળીયા તત્વો તથા સમાજના કહેવાતા ધર્મ-ધુરંધરો બાપુઓ-ગુરૂઓ, યાંત્રીકો માંત્રીકો તથા તાંત્રીકો અને ભુવાઓ સૌ કોઇ ધર્મના ઓઠા પાછળ સંતાઇને અંધશ્રધ્ધા ફેલાવવાનાં મિથ્યાં પ્રયત્નો કરીને સમાજને અવળે માર્ગે લઇ જતાં હોય છે. જેવી રીતે રસ્તા પર રખડતી ગાય અથવા બકરીને લોભામણા-લલચામણા અને છેતરામણા પ્રયત્નો દ્વારા કસાઇ પોતાના કબ્જામાં કરી લે છે. એવી રીતે સંસારની અનેક સમસ્યાઓથી ઘેરાઇ ગયા હોય એવાઓને ધન ની સત્તાની તથા પુત્ર-પૌત્રાદીની માયાવી લાલચ બતાવીને પોતાની પાછળ ગોળ-ગોળ ફેરવતાં હોય છે. અને ગાડરીયા પ્રવાહ સામે હું જ ગુરૂ અને હું જ ભગવાન એવા અર્થહીન નિવેદનો કરીને ઢંઢેરો પીટે છે. અને ગાડરીયા પ્રવાહ પાસેથી પીટાવે છે.એટલે જ તો ભારત દેશની અંદર અનેક બાવાઓ ભગવાન બનીને બેઠા છે. સાધના દ્વારા કોઇપણ વ્યકિત સજ્જન બની શકે છે. સંત સાધુ અથવા સંન્યાસી બની શકે છે આગળ જતા ભગવાનનો માણસ બની શકે છે પણ ભગવાન બની શકતો નથી!!!

મોક્ષ મળે નહિ માંગે

કવિ નાઝીર કહે છે,....

સાધનાઓ ખુબ કીધી નાઝીર મેં આ વિશ્વની,
પણ માનીવીને મેં કદી પ્રભુ થતાં જોયા નથી !
આદમ કો ખુદામત કહો, આદમ ખુદા નહિ
લેકીન ખુદા કે નુર સેં, આદમ જુદા નહિ.

પણ ધર્મ ઉપરથી પકડ ઢીલી થઇ જવાના કારણે સૌ મન ફાવે એવી રીતે ધર્મની યાંત્રિક ક્રિયાઓ કરવામાં પડી જાય છે. કપાળે મોટા મોટા ટીલાઓ તથા ગળામાં વિવિધ પ્રકારની માળાઓ ધારણ કરીને પાંચસો રૂપિયામાં પોથી નોંધીને પિતૃ મોક્ષના પાયા વગરના નિવેદનો કરીને સમાજને સાધના કર્યા વગર મોક્ષ મેળવવાનાં મીથ્યાં સ્વપ્નોની દુનિયામાં લઇ જાય છે. મોક્ષએ કોઇ બજારમાંથી ખરીદવાની વસ્તુ નથી. પ. પૂ. મહારાજશ્રી ઓધવરામજી પોતાના સ્વઃરચિત ભજનમાં કહે છે કે...

(રાગ : પદાળી - તાલ-કેરવા)
ઉઠો કાં સુતા છો ? તમેં ખાટલે શું ખુતા છો ? ...ટેક.
ઉઠો કાં સુતા છો માથે મોત નગારા વાગે ...ઉઠો કાં

આજ કાલ કરતાં કરતાં તુ વર્ષ સાઠનો લાગે (૨)
કથા શ્રવણમાં કાન ન આપે વહેલો ઉઠી ભાગે ...ઉઠો કાં
માયાની મમતામાં સુતો જગાડતાં નવ જાગે (૨)
નારાયણનું નામ ન લીધું મોક્ષ મળે નહિ માંગે ...ઉઠો કાં
સૌની સામે થઈને ચાલે ફેણ ચડાવી નાગે (૨)
રાજી થઈ પર કાજ બિગાડે ઈર્ષામાં અનુરાગે ...ઉઠો કાં
અભાગીયાને અવળું સુઝે ગાતો હીંદે રાગે (૨)
''ઓધવરામ'' કહે એવાને યમ ચડાવે ઠાગે ...ઉઠો કાં

એક વાત યાદ રાખવા જેવી છે. કે પિતૃ મોક્ષની પાયા વગરની વાતો કરવાવાળા કલાકારો કોઈ પિતૃઓને મોક્ષ આપી શકયા નથી ને કોઈને આપી શકશે નહિ !!! ગીતામાં ભગવાને કહ્યું છે કે...

ઉધ્ધરે દાત્મનાત્માનમ્ નાત્માનમ્ વસાધ્યેત્
આત્મૈવ હયાત્મનો બંધુરાત્મૈવ ઈવસાદયેત્

ભાવાર્થ :- **મનુષ્યે પોતાનો ઉધ્ધાર પોતાની મન બુધ્ધીના સહયોગથી સ્વયં કરવો જોઈએ એના માટે બહારની** કોઈ પણ શકિત કામ લાગશે નહિ. મહારાજશ્રી કહે છે કે... મોક્ષ મળે નહિ માંગે એના માટે પ્રયત્નો **તને યથાર્થ** પ્રયત્નો કરવા જોએ. **મહારાજશ્રી આગળ જતાં કહે છે કે...**

માયાની મમતામાં સુતો જગાડતા નવ જાગે
નારાયણનું નામ ન લીધું હવે મોક્ષ મળે નહિ માંગે

ઘણા સંતો-ભકતો તને જગાડવા આવ્યા પણ તું એંશી વરસ સુધી સુતો જ રહ્યો પણ **અચાનક એક દિવસ** તને નિદ્રામાં જ એક વિચાર આવ્યો અને ખિસ્સામાં રૂપિયા નાખીને તું મોક્ષ મેળવવા માટે એક **ધંધાદારી પાસે ગયો** ધંધાદારીએ પૈસા લઈ લીધા પણ મોક્ષ અપાવ્યો નહિ એટલે જ મહારાજશ્રી એ કયું છે કે... **મોક્ષ મળે નહિ માગે** કવિ કહે છે કે...

સાધના કો કરે ન તો જો તું દે પ્યો જગ
અગીયા હલે આડુઅ પુડીયા હલે વગ ...ભગતરામ

સંત એટલે ભગવાનનો સલાહકાર

સાધના કર્યા વગર સિધ્ધી મેળવવાનાં ભામક સપના જોવાથી ઈચ્છા શકિત તથા જીજ્ઞાસાવૃત્તિ ખલાસ થઈ જાય છે. અને એમનામાંથી આત્મ વિશ્વાસ ઓછો થતો જાય છે. એક સુવિચાર છે કે... ''આત્મ વિશ્વાસ વગરના માણસને ઈશ્વર મદદ કરતો નથી.'' આત્મ વિશ્વાસ વગરના માણસો જેની તેની પાછળ દોડીને **મુળ ધર્મ વગરનાં થઈ જાય છે. પરિણામે એનાં જીવનમાં ભય, લાચારી, નિર્બળતા, શંકા-કુશંકાઓ ઘર કરીને બેસી જાય છે. ત્યાર બાદ તે** જયાં કથા થતી હોય ત્યાં કથા સાંભળવા કલાકરો સામે બેસીને લોભામણા-લલચામણા તથા **ડરામણા પ્રવચનો** સાંભળીને એમને સંતોષ માનવો પડે છે એવા માણસોનો અભ્યાસ કરીને હરિભાઈ કોઠારી કહે છે કે... **ખોટી ભક્તિને એનો ખોટો સંતોષ છે. એ સ્થિતી ઉપર સમાજ આવી જાય ત્યારે એનો અભ્યાસ કરવા માટે ઈશ્વર કાંતો પોતે અને કાંતો એક સંતને (મોક્ષાર્થી) મોકલે છે. સંત એટલે ભગવાનનો સલાકાર અને સંત એટલે ભગવાન નો વિશ્વાસુ અને નીકટનો માણસ સંતનું સ્થાન ભગવાનના કાર્યાલયમાં હોય છે. સંત પાસે એટલી સત્તા હોય છે કે કયારેક તે ભગવાન ને પુછયા વગર અથવા તો અનુમતિ લીધા વગર પણ તે... સ્વતંત્ર નિર્ણયો લઈ શકે છે. સંતોએ લીધેલો સ્વતંત્ર નિર્ણયોને સમાજ ''પરચ્યા'' કહે છે. સંત પાસે એટલી સત્તા હોય છે કે ભગવાન પણ એની વાતને ટાળી શકતા નથી !!! ગીતાનાં પંદરમાં અધ્યાયમાં ભગવાન કહે છે કે...**

નતદ્‌ભા સયતે સુર્યો નઃ સંસાકો ન પાવક
યદ્‌ગત્વાન નિવર્તન્તે તદ્ધામં પરમં મમ ગીતા-૧૫/૧૬

જેંને શાસ્ત્રોક્ત ભાષામાં મોક્ષ કહેવાય છે અને પ્રભુ એને પરમ ધામ કહે છે. ગીતામાં વર્ણવેલા પરમધામના સંતો અધિકારી રહયા છે. કારણ કે લક્ષ પ્રાપ્તી માટે સંતોએ દુન્વયી સબંધોનો ત્યાગ કરવામાં ખચકાટ અનુભવી નથી સંતો વાણી-વર્તન અને વિચારોને સાથે રાખી ચાલે છે. જેના વાણી-વર્તન અને વિચારો એક સરખાં નથી એવા મનુષ્યો ઈશ માન્ય નથી હોતા ભકત નરસિંહ મહેતા કહે છે કે...

રાગ : ખમાજ તાલ-કેરવા

નારાયણનું નામજ લેતા વારે તેને તજીયે રે
મનસા, વાચા, કર્મ, કરીને લક્ષ્મીવરને ભજીયે રે ...નારાયણ૦
કુળને તજીયે કુટુંબને તજીયે તજીયે મા-ને બાપ રે
ભગીની સુત દારાને તજીયે જેંમ તજે કંચુકી સાપ રે ...નારાયણ૦
પ્રથમ પિતા પ્રહલાદે તજીયો નવ તજીયા હરિ નામ રે
ભરત શત્રુઘને તજી જનેતા નવ તજીયા શ્રી રામ રે ...નારાયણ૦
રૂષી પત્ની શ્રી હરિના કાજે તજીયા નીજ ભરથાર રે
એમાં એનું કાંઈ ગયું ના પામી પદારથ ચાર રે ...નારાયણ૦
વ્રજ વનિતા વીઠલના કાજે સર્વ તજી વન ચાલી રે
ભણે નરસૈંયો વનરાવનમાં મોહન વરને માલી રે ...નારાયણ૦

સિદ્ધાંત અને સબંધ બે સામેં આવે ત્યારે સંતો સિદ્ધાંતના પક્ષમાં જાય છે અને સામાન્ય માણસ સંબધોના પક્ષમાં જાય છે. કસોટી સમયે સામાન્ય માણસનાં વાણી, વિચાર અને વર્તન છુટા પડી જાય છે. ઉપરોક્ત ભજનમાં નરસિંહ મહેતાએ સિદ્ધાંત વાદીઓના સરનામાં આપ્યા છે. જયારે સામાનય માણસો ના સરનામાં હોતાજ નથી કચ્છીમાં એક કહેવત છે કે હતચેં હકડી, ઉતચેં બૈઈ, તડેં હાણે કેણી કૈઈ ? સિદ્ધાંત વગરનોમાણસઅને તળીયા વગરનો લોટો બને એક સમાન છે. સિદ્ધાંત વગરનો માણસ આખો દિવસ જુઠને સત્યમાં ફેરવતો હોય છે. સિદ્ધાંત વગરનો માણસ હઠીલો હોય છે અને હઠીલો માણસ કયારે પણ પોતાની હાર કબુલ કરતો નથી અને તે પોતાની સંપૂર્ણ આયુષ્ય બુદ્ધિવાદનાં બળે બીજાનો પરાસ્ત કરવામાં વિતાવે છે.

જીવનનો મોક્ષ એટલે અંત નહી પણ એક "પદ" નું નામ છે.

સિદ્ધાંત અને સબંધ બે સામે આવે ત્યારે સંતો સિદ્ધાંતના પક્ષમાં જાય છે અને સામાન્ય માણસ સંબધોના પક્ષમાં જાય છે. કસોટી સમયે સામાન્ય માણસનાં વાણી, વિચાર અને વર્તન છુટા પડી જાય છે. ઉપરોક્ત ભજનમાં નરસિંહ મહેતાએ સિદ્ધાંત વાદીઓના સરનામાં આપ્યા છે. જયારે સામાનય માણસો ના સરનામાં હોતાજ નથી કચ્છીમાં એક કહેવત છે કે હતચે હકડી, ઉતચેં બૈઈ, તડેં હણે કેણી કૈઈ ? સિદ્ધાંત વગરનોમાણસઅને તળીયા વગરનો લોટો બને એક સમાન છે. સિદ્ધાંત વગરનો માણસ આખો દિવસ જુઠને સત્યમાં ફેરવતો હોય છે. સિદ્ધાંત વગરનો માણસ હઠીલો હોય છે અને હઠીલો માણસ કયારે પણ પોતાની હાર કબુલ કરતો નથી અને તે પોતાની સંપૂર્ણ આયુષ્ય બુદ્ધિવાદનાં બળે બીજાનો પરાસ્ત કરવામાં વિતાવે છે.

"સંગ કરજે સાધુનો તું હઠીલાથી હારજે."

હઠીલો એટલે તળીયા વગરનો લોટો જેને પોતાના નિશ્ચિત માર્ગની પોતાને જ જાણ નથી હોતી લોટાને ફરતાં ફરતાં કયાં અટકશે એની એને ખબર ન હોવાથી તે સમાજમાં અડચણો પેદા કરે છે. હઠીલાની પ્રાર્થના ના શબ્દો બહુ ઉંચા હોય છે. પણ એના જીવનનુ સ્તર સૌ કરતાં નીચું હોય છે. હઠીલો વારંવારે ભગવાન પાસે પ્રાર્થના દ્વારા મોક્ષની માંગણીઓ કરતો હોય છે પણ મોક્ષ જયારે સામે આવે ત્યારે મોઢું ફેરવી લે છે કારણ કે એમનાં મતે **મોક્ષ એટલે જીવનનો** અંત. પણ ખરેખર એવું નથી મોક્ષ એક "પદ' નું નામ છે એક વિશેષ સ્થાનની ઓળખ છે. અને ઈશ્વર સાથેનું સાનિધ્ય છે. યદગત્વાન નિવર્તતે ત્યાં ગયા પછી એને પાછું આવવું પડતું નથી પણ જરૂર પડે ત્યારે ભગવાન એને જગતમાં મોકલે છે. અને જગતમાં આવ્યા પછી મોક્ષાર્થી પ્રત્યેક કામ સાક્ષી ભાવે કરે છે. માલીકી ધોરણે નહીં. મોક્ષાર્થી વિષયોનો ત્યાગ કરીને ભોગવે છે. તેન તક્તેન ભુંજીથા આ સ્થિતીની જાણ ન હોવાથી સામાન્ય માણસો મોક્ષને મૃત્યુમાં ખપાવે છે. એટલે જ મોક્ષ માટે કોઇ આગળ આવતું નથી.

એક ગામમાં કથા ચાલતી હતી જેનાં **શ્રી કૃષ્ણં શરણંમમ્** ના ગગન ભેદી નારા લક્ષ્મીજીના કાને અથડાયા. લક્ષ્મીજીને ભગવાનએ જગાડીને કહ્યું કે હે ભગવાન મૃત્યુલોકના માણસો તમારી શરણમાં આવવા માંગે છે. આપ એમના વેદના યુકત પ્રાર્થનાના શબ્દો જરા સાંભળો તો ખરા ? લક્ષ્મીજી એક વૃધ્ધ માતાજીનું રૂપ ધારણ કરીને કથા મંડપમાં ગોઠવાઇ ગયા. અને ભગવાન ગરૂડ ઉપર બેસીને પધાર્યા ભગવાનનું અચાનક આગમન થતાં સૌ સ્તબ્ધ થઇ ગયા અને ભગવાનને પગે લાગીને કથા મંડપમાં આવવાના પ્રયોજન વીશે પુછયું ભગવાને કહ્યું તમે કરેલી **શ્રી કૃષ્ણં શરણંમમ્** ની પ્રાર્થનાના શબ્દો મારી આરપાર ઉતરી ગયા છે. હું તમારા પર પ્રસન્ન થયો છું. આપ સૌ ચાલો મારી સાથે !!! તમારા માટે સ્વર્ગના દ્વાર ખુલ્લા છે. ભગવાનનું એવું વિચિત્ર પ્રકારનું વિધાન સાંભળીને સૌ એક બીજા સામે જોવા લાગ્યા. મંડપમાં સન્નાટો છવાઇ ગયો. મનમાં વિચાર્યુ કે, આ તો ભારે થઇ હવે કરવું શું ? નાના મોટા વ્યાસો બધા પોતપોતાની પોથીઓ સંકેલી ભાગી છુટવાની તજવીજમાં લાગી ગયા.

વ્યાસ પીઠની બરોબર સામેં હાથમાં કરતાલા ગળામાં નાની મોટી મળીને ક્રમાનુસાર માળાઓ અને કપાળે બે ચાર કલરના ટીલા લગાડીને એક ભગતાણી આસન જમાવી બેઠા હતા ભગવાને ભગતાણી સામે જોઈને કહ્યું ભગતાણી માઁ તમારે મારી સાથે આવવું છે? ભગતાણીએ જવાબ આપ્યો કે ભગવાન તમને કદાચ ખબર નહી હોય મારા ઘરની સંપૂર્ણ જવાબદારી માત્ર મારા ઉપર છે મારા ધણીમાં તો જરાય અકકલ નથી. સાવ નરસિંહ મહેતા જેવા છે એમની પાસે પૈસા કમાવ્યા સીવાય બીજી કોઇ આવડત જ નથી માટે ભગવાન મને માફ કરો હું ઘર છોડીને તમારી સાથે નહિ આવી શકું !!! ત્યાર પછી ભગવાને સંગીતકારોને પૂછયું સંગીતકારો એ જવાબ આપતા કહ્યું કે અમારે તો મોક્ષ સાથે કોઇ લેવા-દેવા નથી અમેં તો મજુરો છીએ. આજે અહીં તો કાલે બીજે !!! એમ કરીને ભગવાન વારા ફરતી બધાને પૂછતા ગયા પણ કોઇ સાથે આવવા તૈયાર થયો નહિ શ્રોતાઓ સૌ ડરના માર્યા મંડપ છોડીને ભાગવા માંડયા કથાકારે સામેથી કહ્યું ભગવાન હું તમારી સાથે આવું ખરો પણ મેં વીસ વરસ ચાલે એટલી કથાઓ બુક કરી રાખી છે. મારાથી વચન ભંગ થાય નહિ !!! આયોજકો પણ સામેથી આવીને કહી ગયા કે ભગવાન અમને તો કથામાંય રસ નથી અને મોક્ષમાંય રસ નથી અમેં તો કથાઓના આયોજનો પૈસા માટે કરીએ છીએ મોક્ષ માટે નહિ અમેં જો તમારી સાથે આવીએ તો અધુરા રહેલા સામાજીક કાર્યો પુરા કોણ કરશે ? અચાનક ભગવાનની નજર મુખ્ય યજમાન પર પડી અને પૂછયું યજમાનશ્રી તમારો શું વિચાર છે ? યજમાનશ્રી એ કહ્યું મારો વિચાર પાકો છે મને મોક્ષ કે સ્વર્ગની કોઇ જરૂર નથી. હું તો ધનના બળે મૃત્યુલોકમાં પણ સ્વર્ગ ઉભું કરી શકું છું. અમને ખબર છે કે ધન અમારી સાથે આવવાનો નથી એટલા માટે પ્રતિષ્ઠિત એવો મુખ્ય યજમાન પદ અમે ખરીદીને ધનનો સદ્ઉપયોગ કરીયે છીએ. અને એના થકી એકતો અમારી સંપત્તિનો રંગ બદલાઇ જાય છે. અને

 અમારા તરફ જોવાનો દ્રષ્ટિકોણ પણ બદલાઇ જાય છે. હે ભગવાન અમેં નથી રહેતા બ્રહ્મલોકમાં કે નથી રહેતા દેવલોકમાં અમેં તો રહીએ છીએ મૃત્યુલોકમાં અને અમને એ પણ ખબર છે કે મૃત્યુલોકના મનુષ્યોની જીદંગી બહુ ટુંકી હોય છે છતાં પણ અમારા માટે એ ઘણી છે. અમારી વધી પડેલી જીદંગીને પુરી કરવા માટે અમોને તો એવા અનેક પ્રકારનાં ખેલ ખેલવા પડે છે. એમાં મોક્ષને આવીને વચ્ચે પડવું જોઇએ નહિ બસ પછી તો ભગવાન મુખ્ય યજમાનનો ઉપદેશ સાંભળીને ગયા તે ગયા !!! પછી કોઇ દિવસ કથા મંડપમાં પાછા આવ્યા નહિ અને એનું પરિણામ એ આવ્યું કે કથા સાંભળીને કોઇ માણસ બદલાયો નથી !!! અમારા પરમ પુજય નારાયણ સ્વામી પોતાની સંતવાણીમાં કહેતા હતાં કે... **મોટી મોટી કથાઓ થાય તોય માણસના બદલાય તો. તો. ભાઇ જોવા જેવી થાય !!!**

મોક્ષ એટલે મટી જવું નહિ કે મરી જવું નહિ. મોક્ષ એટલે ઇશ્વરની સાથે રહેવું અને ઇશ્વરના કામમાં રહેવું મોક્ષાર્થીને ઇશ્વર પોતાંના અગંત સલાહકાર તરીકે રાખે છે. અને જયાંથી વધારે ફરિયાદો આવતી હોય ત્યાં એમને પરિસ્થિતીનો તાગ મેળવવા તથા તાગ મેળવ્યા પછી એમાં જરૂરી સુધારા વધારા કરવા માટે સ્વતંત્ર સત્તા અને શકિત આપીને મોકલે છે. આજથી પાંચસો વરસ પહેલા જુનાગઢ શહેર કર્મકાંડીઓની નાગચુડમાં સપડાઇ ગયું હતું. છુત-અછુતના જેવા ભેદના કારણે સમાજ અસ્તવ્યસ્ત થતો જતો હતો તે સમયે ભગવાને છુત અછુત જેવા ભેદ કાઢી નાખવા માટે તથા સમાજમાં સુવ્યવસ્થિત નિતીનો સંચાર કરવા માટે એક સંતને (મોક્ષાર્થી) મોકલ્યો જે મોક્ષાર્થી નરસિંહ મહેતા તરીકે જાણીતો થયો. એવા એક પ્રભુનાં પ્રિય સંત પરમ પુજય ઓધવરામજી મહારાજ જગતનો અભ્યાસ કરીને પ્રભુ પાસે ગયા છે. આ પ્રસંગને અડધી સદી વીતી ગઇ હોવા છંતાય મહારાજશ્રી આપણને સંગઠન-સમજણ-સમભાવ અને સાહજીક સરળતા કેળવવાનો એક મુક સંદેશ આપી રહ્યા છે. એવું લાગ્યા વગર રહેતું નથી.

સંતન હો સંસારમેં, તો જલી જાત બ્રહમાંડ
જ્ઞાન કેરી લહેર સેં, ઠારત ઠામો ઠામ

જગતમાં જયારે જયારે અરાજકતા ફેલાય છે. ત્યારે ત્યારે ભગવાન પોતાના ખાસ વ્યકિતને જગતનો અભ્યાસ કરવા માટે મોકલે છે. જેને અમેં સંત કહીએ છીએ. એ સંત જગતમાં ફરીને આંખે દેખ્યો અહેવાલ લઇને ભગવાન પાસે આવીને સુપ્રત કરે છે.

આજે દિનપ્રતિદીન સમાજ બુધ્ધીવાદી તથા ચાલાક થતો જાય છે. જેના લીધે સંત અને બાવા વચ્ચેનો ભેદ અમેં પારખી શકતા નથી. બાવો બાહરીક દેખાવે સંત કરતા વધુ દેખાવડો લાગતો હોય છે. સંતની એક વાત સાંભળવા કોઇ તૈયાર નથી. જયારે બાવાની વાતો સાંભળવા હજારોની સંખ્યામાં લોકો ભેગા થાય છે. બાવો કેટલા માણસો ભેગા કરી શકે છે એના ઉપરથી એની ગુણવત્તા અંકાય છે. ''સંત એટલે બાવો નહિ અને બાવો એટલે સંત નહિ'' સંત અવતરે છે. જયારે બાવો બને છે. સંતને ખબર નથી હોતી કે હું સંત છું જયારે બાવાને ખબર છે કે હું બાવો છું. કોઇ પણ રીતે સમાજમાં સ્થાપિત થવા માટે બાવો પોતાનાં નામની આગળ વિશેષણો લગાડે છે. ખરેખર તો એ વિશેષણો ને અનુરૂપ એમનું જીવન હોતું નથી !!! **મુર્ખસ્ય જીવીતો પંડીતામ** જગતમાં જયાં સુધી મુર્ખાઓ હયાત છે. ત્યાં સુધી બાવાઓનું સામ્રાજય પણ હયાત હશે પછી તો **''હરિ કરે સો ખરી.''** સંત આચરણને મહત્વ આપે છે. જયારે બાવો આડંબરને મહત્વ આપે છે. સંત પોતાના સરળ સ્વભાવના લીધે હંમેશા શાંત રહે છે. જયારે બાવો ક્રોધી સ્વભાવના લીધે અશાંત રહે છે. સંતને એકાંત પ્રિય હોય છે. જયારે બાવાને ધમાલ પ્રિય હોય છે. એટલે તો બાવા ઉપદેશ આપવાને બહાને મુંબઇ જેવા ધમાલીયા શહેરમાં રહે છે. સંત ઇશપ્રિય હોય છે.જયારે બાવો લોકપ્રિય હોય છે. સંત પોતાની સાથે રહે છે. જયારે બાવો બીજાની સાથે રહે છે. સંત સમાજને માંજી નાખે છે. જયારે બાવો સમાજને આંજી નાખે છે. સંતનુ સામ્રાજય ઇશ્વરના ભરોશે ચાલતું હોય છે. જયારે બાવાનું સામ્રાજય ચેલાઓના ભરોશે ચાલે છે. સંત સતત ઇશ્વરની ખોજમાં રહે છે. જયારે બાવો ધનની શોધમાં રહે છે. સંત લઘુમતિમાં હોય છે. જયારે બાવો બહુમતિમાં હોય છે. સંત હંમેશા પ્રેમમાં વિચરતો હોય છે. જયારે બાવો વહેમમાં વિચરતો હોય છે. સંત પાસે માત્ર એક રંગ હોય છે. જયારે બાવા પાસે અનેક રંગ હોય છે. બાવો જયારે કથા કરે ત્યારે એમાં એ અનેક રંગો પુરી શકે છે. એ ધારે તો શ્રોતાઓને નચાવે ધારે તો હસાવે અને ધારે તો રડાવે એ બંધુ કરી શકે છે પણ કોઇને મોક્ષનો હકદાર બનાવી શકતો નથી એક કહેવત છે કે...**સુધારે તે સંત બગાડે તે બાવો** પ્રભુ ભજનમાં અવરોધ ઉભો કરે એવો વિષય સંતને પસંદ હોતો નથી.

એકાંકી જીવન જીવવાવાળો સંત ગાડરીયા પ્રવાહથી બહુ દુર રહે છે. સંત હંમેશા સ્વાર્થ રહિત અને આત્મ નિર્ભર હોય છે. આત્માના અવાજને અનુસરીને ચાલતા રહેલા સંતનાં જીવનમાં નૈતિક બળ ઉભરી આવે છે. એક વાત યાદ રાખજો કે આત્મવિશ્વાસ ખોઇને બેસેલા માણસોને ઇશ્વર ક્યારે પણ મદદ કરતો નથી. જીવનની સંધ્યાકાળે હરિદ્વાર જેવી અજાણી ભૂમિ પર જઇને ધનની અછત હોવા છતાંય શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમનું નિર્માણ કરવું એ બંધુ આત્મવિશ્વાસ ઉપર નિર્ભર હોય છે. સંત તુલસીદાસજી કહે છે.

ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય
બલિહારી ગુરૂદેવકી જીને ગોવિંદ દીયા બતાય
એક ગુરૂ કી પુજા મેં સબ પુજા સમાય
જૈસે મુલ મેં જલ છોડા ઔર વૃક્ષ હરા હો જાય

આધ્યાત્મીક સમાજમાં ગુરૂપુજાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. કબીર સાહેબ કહે છે કે ગુરૂ મને એટલે પ્રિય છે કે...એની પાસે ગોવિંદના ઘરનો સરનામું છે. તથા ગોવિંદ સાથે એના ઘરના સબંધો છે. માટે મારો ગુરૂ છે. સંત સમાજમાં એક માન્યતા છે કે એક વખત ભગવાન સાથેના સંબંધોમાં કડવાશ આવે તો આવવા દયો પણ ગુરૂ સાથે સારા સંબંધ હોવા જરૂરી છે !!!

હરિ રૂઠે ગત એક હૈ, ગુરૂ શરણમેં જા
ગુરૂ રૂઠે ગત કો નહિ, હરિન હોત સહાય

જીવ-જગત તથા જગદીશ સાથે સબંધો બનાવી આપે એનું નામ ગુરૂ પ્રણામ-પ્રસંશા તથા પુષ્પહારથી પર છે એનું નામ ગુરૂ. લોકેષણા-વિત્તેષણા તથા શિષ્યેષણાનો મોહ નથી એનું નામ ગુરૂ. જેને ભૂત-ભવિષ્ય તથા વર્તમાનની ચિંતા નથી એનું નામ ગુરૂ. જેના વાણી-વિચાર અને વર્તન એક સમાન છે એનું નામ ગુરૂ. જે આધી, વ્યાધી, ઉપાધીથી પર છે એનું નામ ગુરૂ. જેનું જીવન સત્ય પ્રેમ તથા કરૂણાથી ભરેલું છે એનું નામ ગુરૂ. જેને સત્વ-રજ અને તમ જેવા કોઇપણ ગુણો લાગુ પડતા નથી એનું નામ ગુરૂ. જેના વિચારો જ્ઞાન-કર્મ અને ભકિતથી રંગાયેલા છે એનુ નામ ગુરૂ. જે સુખ-દુઃખ, હાનિ-લાભ, યશ-અપયશ, માન-અપમાન, ભય-શોક તથા કામ-ક્રોધ-લોભ-મોહ-મત્સર જેવા શત્રુઓથી પરાજીત થતો નથી એનું નામ ગુરૂ. કે જે માત્ર પોતાના સ્વરૂપનું નહિ પણ ઇશ્વરના સ્વરૂપના દર્શન કરાવે છે.

રાગ-દરબારી(બસ્તી બસ્તી પર્વત પર્વત ગાતા જાયે)

મતકર ચિંતા સુમીરન કર લે સદગુરૂ ઓધવરામ કા
તુંજે દર્શન હો શ્રી રામ કા ...મત કર૦

ઐસા ગુરૂ કા જીવન... જામેં ન તેરા કોઇ મેરા
ઘર છોડ કર કીયા... જંગલ રૈન બસેરા
જંગલ વાસા રહે ઉપવાસા દેહ પ્રેમ કીસ કામકા ...દર્શન૦
દ્રષ્ટ્રિ જો બદલે તો... બદલે સારે નઝારે
સાધક વહી હૈ સચ્ચા... જો અપને કો સવારે
મહા સાગર કા ચુનલે મોતી જો હૈ તેરે કામ કા ...દર્શન૦
વૈસા ગુરૂ મત કરના... જો ધન લોભી કહાવે.
બાંધ ગલે મેં કંઠી... ચેલા ચિત્ત લલચાવેં
ગુરૂ કીયા પર મીલા ન માધવ્વો ગુરૂ અબ કીસ કામકા ...દર્શન૦
ગુરૂ કે ચરન મેં જા કે... જીવન સમર્પિત કરના
ફીર તો 'ભગતરામ' નીત-પ્રિત રીત સેં રહેના
ગુરૂ કૃપા સેં તુજે મીલેગા રસ્તા વાંઢાય ધામ કા ...દર્શન૦

એવા એક સદગુરૂ સંતશ્રી ઓધવરામનું જન્મ જખૌ ગામમાં થયો હતો. ઐતિહાસિક નગર જખૌ બંદરે અગ્યિારમી સદીમાં બૌતેર યક્ષ અને એની એક બહેન.....આવીને સૌ પ્રથમ ઉતર્યા હતા તેથી એનું નામ યક્ષૌ અને યક્ષૌ ઉપરથી જખૌ પડ્યું. એક સમયે જખૌ બંદર ભારતની રત્ન જડીત જમણા હાથની અંગુઠી તરીકે ઓળખાતો હતો. જખૌમાં ગંગાસ્વરૂપ શ્રી પુજામાઁ એ આજથી લગભગ એકસો સાઠ વરસ પહેલા પોતાના પતિ સ્વ. ભીમશીઁ રતનસિંહ ના સ્મરણાર્થે ભવ્ય દેરાસર બંધાવી આપ્યું છે. સેંટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના સંસ્થાપક શ્રી લક્ષ્મીદાસ તેજસીઁ પણ જખૌના સંતાન હતા તથા કચ્છ રાજય સામે નૈતિકતાના પ્રશ્ને વિદ્રોહ પોકારનાર ખીમજી સુરજી કાયાણી તથા કુરપાર શામજી પણ જખૌના સંતાન હતા તથા જખૌમાં ખીમજી જીવા ટ્રસ્ટે એકસો દસ વરસ પહેલા તળાવના કિનારે ભવ્ય સ્મશાન બંધાવી આપ્યું હતું. ગામના લાખાસર તળાવનું નિર્માણ કરનારા પણ જખૌ ગામના ભાટીયા વેપારીઓ જ હતા. જે તળાવની પાળ ઉપર મહાદેવજી-સત્યનારાયણ રામ મંદિર તથા લક્ષ્મી નારાયણનાં મંદિરો આવેલા છે તથા સો વરસ જુની શેઠ ગોકુલદાસ તેજપાલ પ્રાથમિક શાળા આજે પણ કાર્યરત છે. ઐતિહાસિક ગામ જખૌમાં અનેક વિભૂતિઓ પાકી છે. જેમાં આજથી ૧૨૬ વરસ પહેલા ભાનુશાલી પરિવારમાં માતા ચાગબાઇ અને પિતા ભકત હેમરાજના ઘરે ઓધવનો જન્મ થયો. જે બાળકને સમયાંતરે અઢારે વર્ણ સંતશ્રી ઓધવરામ તરીકે ઓળખવા લાગ્યા. સંતો ભકતો સજજનો તથા દાતાઓ માટે હંમેશા જખૌ અનુકૂળ ભૂમિ રહી છે અને એટલે જ લાખાસરની પાળ ઉપર ઉભા રહીને કહેવાનું મન છે થાય છે કે...

(રાગ પરજ - તાલ હીંચ)

- સાખી -

સદ્‌ગુરૂ વોણી ઝુંપડી ઈ.ત. જલે ન જગજો ભાર
ટાણે તે ટેકો દીજા, મુંજા ઓધવરામ મહારાજ

ઓધા તોજી વાટ તે આઉં ઝુંપડી બંધાઇયાં
ઝુંપડી બંધાઇયાંને તેંકે ફૂલેં સજાઇયાં ...ઓધાં।
ઓધા તું અચેંત તોજી વાટ નેરીયાં
વાટ નેરીયાંને રાત જાગી વઞાંઇયાં ...ઓધાં।
ઓધાં તું અચેંત સજો ગોઠ કોઠાઇયાં
ગોઠ કોઠાઇયાંને ઢોલ રાંઘ રમાઇયાં ...ઓધાં।
ઓધાં તું અચેંત સજી નાત કોઠાઇયાં
નાત કોઠાઇયાંને રધે ખીરજ ખારાઇયાં ...ઓધાં।
ઓધા તું અચેંત મુંજા સંત કોઠાઇયાં
સંત કોઠાઇયાં ને સતસંગ કરાઇયાં ...ઓધાં।
"ભગતરામ" અજત મુંજો મનખો સુધારીયાં
મનખો સુધારીયાંને તોકે લખન વસારીયાંજે દિશા ...ઓધાં।

જે દીશા શુન્ય નથી એનું નામ સાધક

સાધક કર તૂં સાધના જલે વૈઈરો મુર
વા, વા, વાડેવા નું ઈશ્વર રે. સોગાઉ દુર ...ભગતરામ

સાધક કાયમ એક અલૌકીક સ્થિતીની ખોજમાં હોય છે. શરૂઆતમાં સાધક ઉદાસ દેખાય છે. શું કરવું અને શું ન કરવું વચ્ચેના ભેદ ને ન સમજી શકવાથી તે એક માનસિક તાણ અનુભવતો હોય છે. નિશદિન પ્રયત્નો કરતાં કરતાં સાધક સંસારના તાણાવાણામાંથી બહાર થતો જાય છે. અને આધ્યાત્મની પરાકાષ્ટાએ પહોંચયો નથી એવા સમયે જુદા-જુદા મત મંતાતર ધરાવતા ભ્રાંત ઈશ્વર વાદીઓ એને મુંઝવણમાં નાખી દે છે. શ્રી બ્રહમાનંદ ઉપરોકત સ્થિતીનાં ઉકેલ માટે ગુરૂચરણમાં જવાની સલાહ આપે છે,

રાગ : યમન

બતાદે મોક્ષકા માર્ગ આયા ગુરૂ મેં શરન તેરી ...ટેક૦
જગત કે બીચ મેં નાના કીસમ કે પંથ હૈ ભારી
સુનાતે હૈ કયા અપની ભટકતે હો ગઇ દેરી ...બતાદે
કોઇ મુરત કે પુજન કો બતાવે હોમ કરને કો
કોઇ તીરથ કે દર્શન કો ફીરાતે હૈ સદા ફેરી ...બતાદે
કિતાબેં ધર્મ ચર્ચાકી હજારો વાંચ કર દેખી
મીટા સંસય નહિ મન સેં અકકલ ઝંજાળ મેં ઘેરી ...બતાદે
સકલ સંસાર મેં પુરન સુનાહૈ રૂપ ઈશ્વર કા
વો બહ્માંનદ બીન દેખે મીટે નહિ ભરમના મેરી ...બતાદે

બ્રહ્માનંદજી કહે છે કે સાધક કયારે પણ દિશા શુન્ય નથી હોતો પણ દિશાની ખોજમાં હોય છે. જયાં સુધી દિશા બદલતી નથી ત્યાં સુધી દશા બદલતી નથી. જેની સાધક પાસે સંપૂર્ણ જાણકારી હોય છે. ભકત હેમરાજની ઉપરોકત સ્થિતી વિશે ચાગબાઇ માઁ વધારે સમજી શકતા હતા અને એમને નિશ્ચિત સ્વરૂપે ભકિત માર્ગ તરફ વાળવાના યથાર્થ પ્રયત્નો પણ કરતા હતા. પ્રત્યેક સફળ પુરૂષની પાછળ એક સ્ત્રીનું યોગદાન હોય છે. ભકત હેમરાજના જીવનમાં ભકિતનાં અંકુરો કુટયાં હતા પણ એ અકુંરો એક વિશાળ સ્વરૂપ ધારણ કરે એ આશાએ સિંધ પ્રાંતમાં રહેતા એક મહાત્માંની નિષ્કામ ભાવે સેવા કરવા માટે તથા એકાંતમાં પ્રભુ ભજન થઇ શકે એવા હેતુથી ચાગબાઇ માઁ એ સાધુ બેલામાં રહેતા એક સિધ્ધ મહાત્મા પાસે રહિને ભકત હેમરાજને સંતોની સેવા કરવાની સલાહ આપે છે. ઈશ્વર હમેશાં સાધકોની સાથે હોય છે. સાધક એક ડગલું ભરે તો ઈશ્વર એને દસ ડગલા ભરવાની વ્યવસ્થા કરી આપે છે.

ભગવાન સાધુ સંતોની કસોટી કરે છે પણ એના જીવન વિકાસના માર્ગમાં અવરોધો ઉભા કરતો નથી. કુંવરબાઇનું મામેરૂં પુર્યાથી પહેલા અને પછી નરસિંહ મહેતાને ભગવાને કુલ બાવન વખત મદદ કરી હતી. એકદરે નરસિંહ મહેતા કરતા ભગવાને આપણને વધારે વખત મદદ કરી છે. પણ આપણી કમનસીબી અહીંયા છે કે આપણે એની નોંધ નથી લેતાં. જયારે નરસિંહ મહેતાએ એની નોંધ લીધી છે. એક વખત દ્વારીકાની યાત્રાએ પગપાળા જતા સાધુઓના સંઘને લુંટરા લુંટી ન લે એવા ભયથી સાધુઓએ નરસિંહ મહેતા પાસે રૂપિયા સાતસો જમા કરાવીને દ્વાવારીકા માં રહેતા શેઠ શામળશાના નામની હુંડી લખાવીને સાધુઓ દ્વાવારીકા ગયા. ત્યાં શેઠ શામળશાના હાથમાં હુંડી આપતા કહ્યું કે આ હુંડી જુનાગઢમાં રહેતા ભકત શ્રી નરસિંહ મહેતાએ લખી આપી છે. જેમાં લખ્યું હતું કે, મારી હુંડી સ્વીકારો મહારાજ રે શામળા ગીરધારી..શામળાએ હુંડી સ્વીકારીને સાધુઓને રૂપિયા સાતસો ગણીને આપી દીધા. જે રૂપિયાની નરસિંહ મહેતા પાસેથી ભગવાને કયારે પણ ઉઘરાણી કરી નહિ. આ બંધુ નિષ્કામ સેવા ભકિતનું પરિણામ છે. સાધુ બેલામાં બે વરસ રહીને ભકત હેમરાજે નિષ્કામ ભાવે સાધુ સંતોની બહુ સેવા કરી એમની સાથે ધર્મ ચર્ચામાં ભાગ લીધો. ભીત્તરથી સ્વયમં ઉત્પન થયેલા સવાલોના જવાબો મેળવ્યા. એક દિવસ સમય જોઇને સંતો પાસે પોતાનાં વિચારોની રજુઆત કરતા કહ્યું કે મહાત્માજી સંસારમાં રહીને મેં સુખ મેળવવાના અથાગ પ્રયત્નો કર્યા પછી પણ સુખ

ક્યારેહાથ લાગ્યું નહિ. દિવસે દિવસે મારૂં મન વિષાદ તરફ જઇ રહયું છે. મનમાંથી આધિ-વ્યાધિ અને ઉપાધી છુટતી જ નથી. નિર્મળ અતં કરણથી હું હરિ ભજન કરી શકું એવો મને કોઇ નિશ્ચિત માર્ગ બતાવો. મહાત્માજીએ હેમરાજ ભગતની સંપૂર્ણ સ્થિતી જાણ્યા બાદ એમની જીજ્ઞાસા વૃત્તિની કસોટી કરવા માટે એક ગુફામાં તેડી જાય છે. ત્યાં હેમરાજ ભગતને એકલા મૂકી મહાત્માં એકાએક અદ્રશ્ય થઇ જાય છે. મહાત્માંજીના ગયા પછી ગુફામાંથી સિંહની ગર્જનાઓ, વાઘ-વરૂનાં ડંકાર તથા બીજા અન્ય જંગલી જાનવરોની કીકીયારીઓ અને સાપ-વીંછી તથા અજગરોના ઉપદ્રવો વધતા ગયા. હેમરાજ ભગત અચાનક આવી પડેલી આફતથી હેબતાઇ ગયા અને ગુફામાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરતા કરતા બુમો પાડવા લાગ્યા એટલી વારમાં મહાત્માં સ્વયં હાજર થઇ ગયા હેમરાજ ભગતના માથા ઉપર હાથ ફેરવતા કહ્યું કે, જોયું ને ભગત ! ગૃહાસ્થાશ્રમ છોડીને અપનાવેલા બીજા સરળ ભકિતમાર્ગો અત્યંત દુઃખ દાયી છે. એમાં વાઘ-વરૂ રૂપી વિષયો કામનારૂપી સર્પો વાસના રૂપી વીંછીઓ અને અજગરોનો સામનો કરવો પડે છે. સંસાર છોડીને અપનાવેલા બીજા માર્ગો સંઘર્ષના માર્ગો છે. હું તમને ગુફામાં તેડી જઇને એ જ બતાવવા માંગતો હતો. માટે ભકતરાજ તમે સંસાર છોડવાનાં વિચારોને માંડી વાળો કારણ કે દેશ-વેશ અને વ્યવસાય બદલવાથી વિધાતાનાં નિયમો બદલતા નથી. જ્યાં જશો ત્યાં કર્મ તમારો પીછો છોડશે નહિ કવિશ્રી ગંગ કહે છે કે..:

તારો કે તેજ મેં ચંદ છીપે નહિ, સુર્ય છુપે નહિ બાદલ છાયા
રણ ચડેયો રજપુત છીપે નહિ, દાતા છીપે નહિ ઘર માંગણ આયા
ચંચલનાર કી ચાલ છીપે નહિ, પ્રિત છીપે નહિ પીઠ બલાયા
કહે કવી ગંગ સુન શા અકબર કર્મ છીપે નહિ ભભૂત લગાયા

આ સંસારમાં ચાર આશ્રમો છે. બ્રહ્મચર્યઆશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ આશ્રમ એ બધામા ગૃહસ્થાશ્રમ મધ્ય બિંદુ છે. અન્ય ત્રણ આશ્રમો ગૃહસ્થાશ્રમ ઉપર નભે છે. માટે આપ નરસિંહ મહેતાએ કહ્યું છે એમ સંસારમાં સરસો રહેને મન મારી પાસ જો એ સિધ્ધાંત પ્રમાણે સંસારમાં રહો. ગાયોની સેવા કરો, સંતોનો આદર કરો અને દુખિયા ભૂખિયાના કામ કરો.. આપ અહીંયા બે વરસ સુધી રહી સાધુ-સંતો તથા ગાયોની તથા આશ્રમની સેવા કરી છે તેના પરિણામ સ્વરૂપે હું તમને વરદાન આપું છું. કે થોડા સમયમાં તમારા ઘેર એક-ગુણવાન-શીલવાન-પ્રજ્ઞાવાન તથા ધર્મપરાયણ તેજસ્વી પુત્રનો જન્મ થશે. જે દેશ-પરદેશમાં ખ્યાત નામ થશે. તમેં એને માત્ર પાળી પોષીને મોટો કરજો પણ એને પુત્ર ભાવે નહિ પણ સાક્ષી ભાવે. એ પુત્રનાં હાથે અનેક જનકલ્યાણના કાર્યો થશે. અઢ ારે વર્ણને સાથે રાખીને નાત-જાત તથા છુત અછુતનાં ભેદનો નાશ કરશે. આપ એના જીવન માર્ગમાં મોહ વશ થઇને આડા ઉતરશો નહિ. સત્યનો માર્ગ શોધી લેવા માટે એમની પાસે સ્વયંમ ક્ષમતા હશે. તમેં તમારી બુધ્ધિથી ઉપજાવી કાઢેલા અને એના જીવન વિકાસને હાની પોંહાચાડે એવા કોઇપણ જાતના મતલબી માર્ગો તરફ દોરી જશો નહીં. એમને એની ઇચ્છા વિરૂધ્ધ જઇને સંસારમાં જોડી રાખવાનાં વ્યર્થ પ્રયત્નો કરશો નહિ. સંત તુલસીદાસજી કહે છે એ પ્રમાણે એ કોઇ સામાન્ય જીવ નથી.

ઇશ્વર અંશ જીવ અવિનાશી
ચેતન અમલ સહજ સુખરાશી

સાધુ બેલાથી ગૃહસ્થાશ્રમ લક્ષી માર્ગદર્શન મેળવ્યા પછી ભકત હેમરાજ માતૃભૂમિ તરફ આવે છે. એમના આનંદમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આજે જીવનમાં ખાલીપો ભરાઇ જતાં તૃપ્તીનો અનુભવ થયો છે. મહાત્મા તરફથી પુત્ર સ્વરૂપી પ્રસાદ મળ્યાનો સંતોષ છે. સાધુ બેલામાં મહાત્માએ કરાવેલા અનુભવોનું ઘેર ગયા પછી ધર્મપત્ની ચાગબાઇ માઁ સામે સવિસ્તાર વર્ણન કરવાની મનમાં તાલાવેલી છે. એમ કરતાં કરતાં બળદ ગાડું જખો ગામની ભાગોળે પહોંચે છે. સવારનો પહર છે આંખની સામે મંદિર દેખાય છે. ઘંટ નગારા અને ઝાલરનો ઝણકાર સંભળાય છે એની ધુન-નાદ-ધ્વની અને રણકાર સાથે સુરમાં સુર મળી જતા ભકત હેમરાજનાં કંઠમાંથી શબ્દો સરી પડે છે.

રાગ : પ્રભાત રામગ્રી

હાથ જોડી હું શીશ નમાવું માતૃભૂમિના ચરણોમાં
શુરવીરતાની સુગંધ મહેકે, કચ્છ ધરાના કણકણમાં ...હાથ
રજની વિતી રવી પ્રકાશ્યો, પ્રાણ પુરાણા જનગણમાં
શીતલ વાયુ વહે સુંગધિત, પનિહારીના પનઘટમાં ...હાથ
ઘનનન ઘનનન ઘંટ વાગે, રામપ્રભુનાં મંદિરમાં
ધુપ-દીપને થાય, આરતી જયોતી પ્રકાશી ઘટઘટમાં ...હાથ
આંબાડાળે ટહુંકે કોયલ, મોર નાચે મધુબનમાં
ભમરા લઈ સંદેશ પહોંચાડે, સુંગધ સૌના પ્રાંગણમાં ...હાથ
વાછરડાઓ મેલી ચાલી, ચરવા ગાયો જંગલમાં
મહીયારીઓ મહી મુકી, નીસરી અરમાનો લઈ અંતરમાં ...હાથ
જેસલ-તોરલ અબડો અડભંગ, મેકણ જેડા મહાત્માં
આશાપુરા માઁ ઊમિયા ''ભગતરામ'' મસ્તક મુકુ ચરણોમાં ...હાથ

ભકત હેમરાજ સિંધથી પાછા આવી ગયાનાં સમાચાર ગામમાં વાયુવેગે પ્રસરી ગયા એમને આવકારવા ગામના અગ્રણીઓ સમાજનાં આગેવાનો તથા કુળ-પરિવારના સદ્સ્યો સાથે ધર્મપત્ની પણ જોડાયા છે. ઘરનું આંગણું આજે વ્રજ ભૂમિ જેવું લાગે છે. પરિવાર વચ્ચે બેસીને હેમરાજ ભગત સાધુ બેલામાં થયેલા અનુભવોનું સવિસ્તાર વર્ણન કરતાં કરતાં સૌ છુટા પડે છે. ત્યાર બાદ ભકત હેમરાજ ધર્મપત્નીને તેજસ્વી પુત્ર પ્રાપ્તીની ફળશ્રુતી સમજાવે છે. જે સાંભળીને ચાગબાઈ માઁને ખુબ આનંદ થાય છે. કારણ કે હવે એને એક અવતારી પુરૂષની માઁ બનવાનું સૌભાગ્ય સાંપડયું છે.

જનની જણતો ભકત જણ કાં દાતા કાં શુર
નહી તો રહેજે વાંઝણી તું મત ગુમાવીસ નુર

પરમપિતા પરમેશ્વરની કૃપાથી અને સાધુ સંતોના આશીર્વાદથી સવંત ૧૯૪૫ ચૈત્ર સુદ-૯ **રામનવમી**ના શુભદિને તેજપ્રતાપી ઉધ્ધવનો જન્મ થાય છે. આજે જખૌ ગામનો જીવન પ્રવાહ સકારાત્મ દીશા તરફ જઈ રહ્યો છે. ઘરઘરમાં નંદઘેર આનંદ ભયો જેવી સ્થિતીનું સર્જન થયું છે. જેનું વર્ણન કરતા શબ્દો ઓછા પડે છે. ગામની સૌ સહેલીઓ સાથે મળીને ચાગબાઈ માઁને વધાઈ ''ખીર'' આપવા આવે છે.

રાગ - તાલ દીપચંદી

સાખી - સખીયાં મીલ મંગલ ગાવે ઘર ઘર ભયો આનંદ
ચાગબાઈ માઁકે ઘર આગન મે ખેલત ઈશ્વર અંશ
આજ સખી હું આનંદ પામી પ્રગટયા ઓધવ અવતારી રે.
ચાલો નર અને નારી ...ટેક૦
ઓધવ સખી મારા કુળમાં પધાર્યા વાત ન જાય વિસારી રે ...ચાલો૦
અંબીલ ઉડાળો ગુલાલ ઉડાળો કુલડા ફોરમ ધારી રે ...ચાલો૦
સૌ સખીયો મળી મંગલ ગાવો આનંદ ઉત્સવ ભારી રે ...ચાલો૦
ઢોલ નગારાને નોબત વાગે ઝાંઝ પખા શરણાઈ રે ...ચાલો૦
બ્રહ્માંદીક સુર ધ્યાવત મન મે શોભા કહી નવ જાઈ રે ...ચાલો૦
એ.રી. ચાગબાઈ માઁ તારા ભાગ્ય ઉઘડયા બાળ તારો બહુ ભારી ...ચાલો૦
ગુણીજન મુનીજન મસ્તક ટેકે નમન કરે નર નારી રે ...ચાલો૦
જેણે સખી ઓધવને ન ઓળખ્યા ભૂલ કરી બહુ ભારી રે ...ચાલો૦
ઓધવ તારી લીલા ન્યારી ''ભગતરામ'' હું હારી રે ...ચાલો૦

ઓધવરામનાં જન્મ સાથે એની મુખાકૃત્તિમાં સંતપણાના વિલક્ષણો જોવા મળતા હતા વિદ્વાનોના મત અનુસાર

એની જન્મ કુંડળી જોઇને તથા ફઇબાઓના મત મેળવીને સર્વ સંમતીથી એનું ઓધવરામ નામ પાડવામાં આવ્યું .જેને પરિવારજનો સૌ ઉધ્ધવના હલામણા નામે બોલાવતા હતા.

શીવ માંથી જીવ આવી આવતર્યો
પાડયું ઓધવરામજી એનુ નામ રે
માતા ચાગબાઇ ઝુલાવે એનું પારણું
જન્મભૂમિ જખૌ ગામની માઁય રે

આજે ઓધવ છ દિવસનો થયો છે. આજે ચાગબાઇ માઁ સૌને મીઠું મોઢું કરાવશે. આજે ગામ પરિવાર તથા સગા સબંધીઓ અને ગામની તથા પરિવારની બહેનો આવીને સૌ સાથે મળી ને હાલરડું ગાય છે.

હાલરડું

રાગ - ભૈરવી તાલ - હીંચ (રાજ મને લાગ્યો કસુંબીનો રંગ)

હાં રે સખી ગાઓ ઓધવના હાલરડાં માતા ચાગબાઇ ઝુલાવે એના પારણાં
માતા ચાગબાઈ પિતા હેમરાજ ઘેર જન્મ લીધો જેણે જખૌ ગામમાં (૨)
રામનવમીના દિવશે અવતર્યા ઓધવ થયા જય જય જય કાર પરિવાર માં ...હારે૰
ઝનઝન ઝાલર વાગી સ્વયંભ દીપ પ્રગટયા શ્રી રામના મંદિરમાં (૨)
સખી ઓધવના મુખડામાં દર્શન થયા મને પૂર્ણ પુરૂષોત્તમ શ્રી રામના ...હારે૰
એ રી ચાગબાઇ તારા ભાગ્ય ઉઘડયા તને લાખ લાખ હો જો વધામણા (૨)
માઁ જનેતા ઓધવને દેજે સંસ્કાર એવા જગમાં અમર રહે એની નામના ...હારે૰
પંચરંગી ક્રાંતિનો થાજે પ્રણેતા તને આશીષ મળશે શ્રી લાલરામના (૨)
ભેખ પહેરીને ટેક લઇ ધર્મની પ્રગટાવજે ક્રાંતિની જ્યોત વાંઢાય માં....હારે૰
સ્વધર્મને ભૂલેલા પરિવારને બતાવજે માર્ગો સનાતન સ્વધર્મના (૨)
ભુખીયાને ભોજન તરસ્યાને જલ પાઇ એના ઠારજે અંતર ને આત્માં ...હારે૰
કર્મયોગી થઇને કામ કરજે નિષ્કામ ભાવે કુળના ને ધર્મ પરિવારનાં (૨)
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ થઇને જીવન અર્પણ કરી દેજે ગૌ માતાના કામમાં ...હારે૰
ધનલોભી ગુરૂઓએ કીધા નિર્માણ અવરોધો શિષ્યોના વિકાસમાં (૨)
શ્રીમંતોની શેહમાં તણાયા પછી નહિ થાયે ભજન નહિ સાધના ...હારે૰
ગંગામૈયાની ગોદમાં તું સાધના બેસીને કરજે એકાંતમાં (૨)
સાધના દ્વારા સિદ્ધ કરી મંત્રને ફેલાવજે હરિહર સંદેશ હરિદ્વારમાં ...હારે૰
ચાગબાઇમાઁ એમ કહેછે ''ભગતરામ'' ઓધવને ઉપદેશમાં (૨)
વાણી, વર્તન, વિચાર, શુધ્ધ મન, બુધ્ધિ, હોય એનો આત્મા એ જ પરમાત્માં ...હારે૰

ભજના નંદી ચાગબાઈ માઁ

ચાગબાઇ માઁ સ્વભાવે બહુ ભજન પ્રેમી દતા નિત્ય સવારના વહેલા ઉઠીને બાળ ઓધવને પ્રભાતીયાં ગાઇ સંભળાવતા આજે ઓધવ પણ છ મહિનાનો થવા આવ્યો છે ધીરે ધીરે એમાં ભજન-હાલરડાં તથા પ્રભાતીયાં સાંભળવામાં રૂચી પેદા થઇ છે. પણ એક દિવસ બાળ હઠના કારણે ઓધવ છાનો ન રહેવાથી માતા ચાગબાઇ માઁ એ કનૈયાને છાનો રાખવા માટે માઁ યશોદાએ જે હાલરડું ગાયું હતું. એ હાલરડું માતા ચાગબાઇ માઁ એ બાળ ઓધવને ગાઇ સંભળાવ્યું.

કનૈયાનું હાલરડું

રાગ : પરજ તાલ - હીચં

છાનો રહે છોકરા છાનમાં તું છાન મારો વીર હું ભરી લાવું નીર

પછી તારૂં પારણું ઝુલાવું બાળકને હાલરડું વાલુ
સોને ઘડાવું તારૂં પારણું એને હીરલે રતન જડાવું
હીરની દોરી લઈ હાથમાં મારા લાલનું પારણું ઝુલાવું
પગમાં ઝાંઝરીયા છમછમ વાગે ઠમકત ચાલ શીખળાવું
નજર ન લાગે મારા લાલને ગાલે ટપકું કાળું લગાવું
ગંગા જમનાને ગોમતી સૌ હું ગાયો દોહી આવું
છાનો રહેજે છોકરા તને દુધ કઢીયલ પીવડાવું
આપણા ગામમાં જુનો જોગી ઘર ઘર ભીક્ષા માંગે
છાનો રહેજે છોકરા જોગી દર્શન કરવા આવે
ગોરી ગોરી એક છોકરી જેની આંખો છે અણીયારી
છાનો રહેજે છોકરા તને પરણાવું વ્રજની નારી
ગામના છોકરા કાનજી માંગે શેરીયે શેરીયે જાશું
માખણ ચોરી મૈયા જશોદા ખવડાવીને ખાશું
મથુરાં નગરીમાં જનમયો તારી વ્રજમાં થાયે વાતું
વિધિએ કેવા લેખ લખ્યાં જે કોઈને નાં સમઝાતું
બાઈરે પાડોશણ બેનીમારી વાત વધુ સંભળાવું
ચૌદ બ્રહ્માંડ માવાના મુખમાં જોઈને "શાંતી" પામું

વારસા પ્રમાણે વર્તન

નહીં શિક્ષા નહિ દીક્ષા ભીક્ષા નહીં માયા મેં મન
બાલપન મેં હુઆ ઓધવકા મન ભજન મેં લીન .

એમ કરતાં કરતાં ઓધવ હવે મોટો થવા લાગ્યો. માઁ ચાગબાઈ એના જીવન વિકાસના તમામ માર્ગો ખુલ્લા રાખવાના હંમેશા પ્રયત્નો કરતાં હતા. આજે ઓધવનો પાઠશાળામાં જવાનો પહેલો દિવસ હતો સ્કુલમાં સૌને મોઢું મીઠું કરાવવા માટે ભકત હેમરાજ એક કિલો પેંડા લાવ્યા. એ સમયમાં છ આના એટલે કે ૩૬ પૈસે કિલો પેંડા મળતાં હતાં. ફળિયામાં તથા સ્કુલમાં ખુશીની લહેર ફરી વળી એવી રીતે ઓધવના શિક્ષણની શરૂઆત થઈ !!!

એક દિવસ સવારે હેમરાજ ભગત ખેતરમં ગયા હતાં ઓધવ પાઠશાળામાં ગયો હતો અને ચાગબાઈ માઁ પાઠ પૂજા કરીને મીરાંબાઈ રચીત પ્રભાતીયું ગાઈ રહ્યા હતા.

લેને તારી લાકડીને લેને તારી કામડી વાછરૂં ચરાવવા ન જાઉં હું માવલડી... લેને
માખણ તો બળીભદ્રે ખાધા અમને મળી ખાટી છાસલડી... લેને
વૃદાંવન ના મારગે જાતા પગમાં ખુંચે જીણી કાંકરડી... લેને
દાદુર મોરને બપૈયા બોલે ખીજાવે કહી કાળી કરસનડી... લેને
મીરાં કહે પ્રભુ ગીરિધર નાગર ચરન કમલ ચીત રાખલડી... લેને

એ વખતે પાડોશમાં રહેતા એક માજી આવ્યા. ચાગબાઈ માઁ માજીને પગે લાગીને આવવાનું કારણ પુછ્યું. માજીએ કહ્યું મંગીયાણી હું તને એ કહેવા આવી છું કે તારો ઓધવ અહીંથી સ્કુલમાં જવાનું કહીને પછી સ્કુલમાં જતો જ નથી. ચાગબાઈ માઁ એ તપાસ કરતા ખબર પડી કે આજે ઓધવ પાઠશાળામાં ગયો જ નથી.

બાળ ઓધવ જ્યારથી સમજણો થયો ત્યારથી માઁ-બાપની જેમ સવારના વહેલો ઉઠતો. દેવદર્શને જતો માતા પિતાને પગે લાગતો. વડીલોએ આપેલી શિખામણ બરોબર ધ્યાનથી સાંભળતો. કોઈ એક માણસ બોલતો હોય ત્યારે વચ્ચે પડીને બળ જબરીથી પોતાના મત રજુ કરવાનો આગ્રહ રાખતો નહીં. હમેશાં સાચું બોલતો બીન જરૂરી અને પાયા વગરનાં વાદ-વિવાદમાં પડતો નહીં. ઉપરોકત સંસ્કારોના કારણે ગામમાં અને પરિવારમાં અતી લોકપ્રિય હતો. એમના જીવનમાંથી નીતરતા ગુણો એના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાઈ આવતા હતા. ચાગબાઈ માઁ ના મનમાં થયું કે આવો

સંસ્કારી બાળક કહ્યા વગર ક્યાં ગયો હશે ? ઓધવનું મન પાઠશાળા કરતા મંદિરમાં ગવાતા ભજનો માં વધારે હતું. એની રૂચી એનું લક્ષ એનું નિત્ય ક્રમ ભજન હતું. માટે એ મંદિરમાં ગયો હશે એવું ચાગબાઇ માઁ એ વિચાર્યું અને એની શોધમાં ચાલી નીકળ્યાં.

ઓધવના સરનામાં

રાગ : દેશ - તાલ ત્રીતાલ

સખી બાળ મારો ઓધવ સંતાઇ ક્યાં ગયો
મારો રામ જાણે સાધુડાના કોઇ સંગમાં ભળી ગયો ...સખી.
જલાસયોના જલમાં વનરાઇના વટવૃક્ષમાં
પનિહારીના પનઘટમાં એ નટખટ બની ગયો ...સખી.
વેદના વેદાન્તમાં રૂષી મુનીના ધ્યાનમાં
કરતાલ લઇને હાથમાં સાધક બની ગયો ...સખી.
સંતો ભકતોના સંગમાં પ્રસાદની પંગતમાં
જલઝારી લઇને હાથમાં સેવા કરી રહ્યો ...સખી.
શ્રીરામના મંદિરમાં સાધુઓના સંગમાં
ભાવે કર્યું ભજન ત્યારે સૌને ગમી ગયો ...સખી.
દ્રષ્ટિ મળી "ભગતરામ" એ સમજી સહુ ગયો
મસ્તક નમાવી માતનાં ચરણે ઢળી પડયો ...સખી.

ઓધવની દ્રષ્ટિમાં દ્રષ્ટિ મળતાં માતાજી ઘણું સમજી ગયા. અને ઓધવને મૌનમાં જે સવાલો કર્યા એના જવાબો પણ ઓધવે મૌનમાં આપ્યા. માતાજીએ બાળ ઓધવના માથેથી પ્રેમાળ હાથ ફેરવતા કહ્યું કે બેટા ઓધવ હમણાં તારો ભજન ગવાનો નહિ પણ અક્ષર જ્ઞાન મેળવવાનો સમય છે. ભજન એ તારા જીવનનો મુખ્ય અંગ છે. કાંટા અને વજન તો સૌ કોઇને મળે પણ ભજન ભાગ્યશાળીને મળે સંત તુલસીદાસજી કહે છે.

ભાગ્ય બડા તો રામ ભજ સમય બડા કછુ દે
અકલ બડી ઉપકાર કર દેહ ધર્યા ફલ એહ

પણ ભજન સાથે વેદનું અધ્યન કરવા માટે તથા પ્રાચીન સંસ્કૃત્તિને જાણવા માટે અર્વાચીન શિક્ષણ તને બહુ કામ આવશે. ગીતામાં ભગવાને કહ્યું છે કે જ્ઞાન વિજ્ઞાન સંયુક્તમ તત્વાર્થ જ્ઞાન દર્શનમ માટે ઓધવ અર્વાચીન અને પ્રાચીન જ્ઞાનનું સમનવ્ય થશે તો જ તને તત્વજ્ઞાનનું દર્શન થશે. તને જીવન વિકાસ સાધવામાં અક્ષરજ્ઞાન અત્યંત ઉપયોગી સાબિત થશે. પછી તો ગામડામાં જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય એટલું કરી લેવું જોઇએ એવો માતાજીનાં આગ્રહને ધ્યાનમાં રાખીને ઓધવ નિયમિત પાઠશાળામાં જતો હતો. નરસિંહ મહેતાએ ભજનમાં કહ્યું છે કે...

જે જન જેના મનમાં વસે એનાથી જુદું ના રહેવાયે

બસ હો ગયા ભજન

ફરી એક વખત પાઠશાળામાં જવાને બદલે ઓધવ સત્સંગમાં ચાલ્યો ગયો !!! સત્સંગ પુરો થયા પછી સાધુઓએ ઓધવને ભજન ગાવાનો આગ્રહ કર્યો અને ઓધવે કરી શરૂઆત મન કે તરંગ માર લે..

રાગ : શીવરંજની તાલ - કેરવા

મન કે તરંગ માર લે... બસ હો ગયા ભજન
તેરી આદત બુરી સુધારલે બસ હો ગયા ભજન ....મન કે
આયા કહાં સે કૌન હૈ તું જાયેગા કહાં ?
ઇતના સોચ વિચાર કર બસ હો ગયા ભજન ....મન કે
દૃષ્ટિમેં તેરે દોષ હૈ દુનિયા નિહારતે
સમતાકા અંજન આંજ લે બસ હો ગયા ભજન....મન કે
નેકી સબીકે સાથ જીતની હો શકે તો કર
મત શીર બદીકા ભાર લે બસ હો ગયા ભજન....મન કે

તુજ કો કોઈ બુરા કહે તો ''સુર'' કર ક્ષમાં
વાણી કા સ્વર સુધારલે બસ હો ગયા ભજન....મન કે

મંદિરના થાંભલા આડે સંતાઇને ઉભા રહેલા ચાગબાઇ માઁ એ ઓધવના મુખે સુરદાસનું પદ સાંભળીને ભાવ વિભોર થઇ ગયા કારણ કે ઓધવ જયારે ભજન ગાતો ત્યારે એ એમાં તલ્લીન થઇ જતો. અને શ્રોતાઓ પણ એનું ભજન સાંભળતા સાંભળતા ધ્યાનસ્ત થઇ જતા. આધુઓના સંગમાં હાથમાં કરતાલ લઇને બાળ ઓધવના મુખે ભજન સાંભળવાનો માતાજીનો પ્રથમ પ્રસંગ હતો. આ સંસારમાં એવી કોઇ માઁ છે કે જે પોતાના પુત્રનાં સદ્‌ગુણ જોઇને પ્રસન્ન ન થાય? ભજન સાંભળતા સાંભળતા. માતાજીના આંખમાંથી અશ્રુઓ સરી પડયા જે માતાજીના જીવનમાં આનંદની પરાકાષ્ટા હતી કવિ પ્રિતમ કહે છે કે,

પ્રેમ છીપાયા ના છીપે, જા ઘટ પ્રગટ હોય
યદપિ મુખ બોલે નહિ નૈન હેત હૈ રોય

પ્રેમના આંસુઓને રોકવા માટે કરેલા બધા પ્રયત્નો સરવાળે નિષ્ફળ જાય છે. માતાજીનાં આંખમાંથી આંસુ સરતા જોઇ ઓધવે કહ્યું માઁ તુ રડે છે શા માટે ? માઁ હું પાઠશાળામાંથી ભાગી જાઉં છું એનું તને દુઃખ છે ? હું તારી વાતને ધ્યાનમાં લેતો નથી એનું તને દુઃખ છે ? માઁ હું તને છેતરું છું એનું તને દુઃખ છે ? એના કરતાં વધારે દુઃખ તો મને લાગે છે કે, માઁ હું તારી લાગણી તારો પ્રેમ અને તારા વિચારોને સમજી નથી શકતો. કારણ કે હજી હુ નાનો છું.

નાનો થવામાં અનેક લાભો સમાયા છે. મહાત્માં ગાંધીજીએ કહ્યુ છે કે, જગતમાં જેને નાનો બનતા આવડે છે. એ જ સૌથી મોટો છે.

ઓધવ ઉપદેશ

સાસુ વહુનો ઝગડો પરાકાષ્ટાએ પહોંચે એથી પહેલા વહુ કહે છે કે, માઁ મારા ઉપર તમે શા માટે ગુસ્સે થાઓ છો ? મારાથી ભુલતો થાય ને કારણકે હજી હું નાની છું. બસ આટલું કહેતાંની સાથે વરસો જુના ઝગડા ઉપર પૂર્ણ વિરામ આવી જાય છે !!!

બાળ ઓધવે કહ્યું માઁ મારી ભુલ બસ એટલીજછે કે હું પાઠશાળામાં જઇને સરળ સાદી કવિતા ગાવાને બદલે પરમતત્વ પરમાત્માના ભજન ગાઉં છું એનું જો તને દુઃખ હોય તો આજથી મારા ભજન બંધ અને નિશાળ શરૂ માતાજીએ કહ્યું બેટા એવું ન બોલ ભજન તો આપણા જીવનનો ખોરાક છે. શરીર છુટી જાય. એ પોષાય પણ ભજન છુટી જાય. એ પોષાય નહિ. ભવ સાગર તરવા માટે ભજન એક માત્ર સાધન છે. જીવનમાંથી ભજનને બાદ કરો તો પાછળ કાંઇ જ બચતું નથી તું ભજન કરે છે એનું મને દુઃખ નથી પણ ભજન કરવાનો હજી સમય નથી થયો. માતાજીના શબ્દો સાંભળી ઓધવે કહ્યું,

લોલ્યેન્દ્યે યૌવને હી તત્પર તપો નતુંઃ ?
દારૂણાસ્ત્રે રહેયો હી યુવા સુરસ્ય ઉચ્ચતે

ચપળ ઈન્દ્રિયોવાળા માટે યુવાસ્થામાં જેટલું તપ કરાય એટલું કરી લેવું જોઇએ. ભયંકર અને દારુણ યુધ્ધમાં યુવાન સૈનિકોનું જ વિજય થાય છે. માટે માતાજી ભજન કરો કે તપ કરો બંધુ યુવાનીમાં જ કરો. બ્રહમાંનદજી કહે છે. લડકપન ખેલ મેં ખોયા, જવાની નિંદભર સોયા અને પછી બુઢાપા દેખકર રોયા જીવનમાં એવું ન થવું જોઇએ અને પછી ઓધવ માતાજીને ઉપદેશ આપે છે.

રાગ : બિભાસ

આ રામ ભજના ટાણાં, આ રામ ભજન ના ટાણાં
ઘડપણમાં ગોવિંદને ભજશું, એ વિચાર નકામાં ...આ રામ.
એક દિવસ મને સપનું આવ્યું, ખુબ કમાણા નાણાં
જાગી જોયું તો કંઇ નવ પાસે, લાકડાને છાણા ...આ રામ.
ધન દોલત મને કામ ન આવી, ઠાંઠડીએ બંધાણા
ચાર જણા ઉંચકી ને ચાલ્યા, રામ રામ કેવાણા ...આ રામ.

ભોગવાદમાં ભટકે માનવ, રાચે પોત પોતામાં
ઘરની આગળ ગાય કપાય, તોય બેઠા છાના માના ...આ રામ૦
આતારૂં આમારું કહીને, ઘર ઘર કલેશ મંડાણા
મિલ્કત માટે સગાભાઈ બે, આવ્યા સામા સામા ...આ રામ૦
જાગ્યા તે જન જીત્યા જગમાં, સંત સાધુ કહેવાણા
રામનામથી તર્યા "ભગતરામ", ભવ સાગરમાં પાણાં ...આ રામ૦

સ્વામી શંકરાનંદજી દ્વારા ચતુશ્લોકી ભાગવત્‌નો ઓધવને ઉપદેશ

આદૌ દેવકી દેવ ગર્ભજનનં ગોપી ગૃહે વર્ધનમ્
માયા પૂતન જીવિતાપ હરણં ગોર્વધનો ધારણમ્
કંસરછેદન કૌરવાદિ હનનમ્ કુંતી સુતા પાલનં
એ તદ્ ભાગતવ્ં પુરાણ કથિતં શ્રી કૃષ્ણ લીલામૃતમ્

ભાગવત કથાએ આપણા પૂર્વજોનો ઈતિહાસ છે. તથા જીવન વિકાસ સાધવા માટે એક જીવંત રસાયણ છે. જીવન વિકાસ સાધવા માટે ભાગવત્‌માંથી વિકસિત પાત્રો શોધીને એને પોતાના જીવન સાથે સરખામણી કરવી જોઈએ. કથાએ માત્ર સાંભળવાનો વિષય નથી પણ આચરણનો વિષય છે. આપણે કથામાં શ્રોતા એક નિષ્ટ અને વ્યાસ બ્રહમનિષ્ટ હોય તો જ કથા સાર્થક બને. આજે આપણે એવા કથાકાર વિશે વિચારી રહ્યા છીએ કે જે પરમ પુજ્ય ઓધવરામજીનાં પ્રથમ ગુરૂ તરીકે સ્થાપિત થયા હતા. કચ્છ અબડાસા તાલુકાના ખીરસરા ગામેં સ્વામી શંકરાનંદ નામના એક યોગ વેતા અને તપો બિષ્ટ સાધુ પોતાનો એક સ્વતંત્ર આશ્રમ ચલાવતા હતા. ગૌ-સેવા એમનું મુખ્ય લક્ષ્ય હતું. સ્વામીજી એક વખત ભાગવત કથા કરવા માટે જખૌ પધાર્યા હતા. પોતપોતાના સમયની અનુકુળતા મુજબ ગામવાસીઓ સૌ કથા સાંભળવા આવતા હતા. ભકત હેમરાજ અને ચાગબાઈ માઁ સાથે બાળ ઓધવ પણ કથા સાંભળવા આવતો હતો. ઓધવની કથા સાંભળવાની રીત જોઈને સ્વામીજીને બહુ આનંદ થયો. સ્વામીજીને લાગ્યું કે બાળક કોઈ ઉચ્ચ કોટીનો લાગે છે. સાધના ધ્વારા પણ જલ્દી સિધ્ધ ન થાય. એવી નવધા ભકિતની પહેલી ભકિત શ્રવણભકિત તો એણે સહજમાં પ્રાપ્ત કરી લીધી છે એટલું જ નહિ કથા સાંભળતા સાંભળતા ઓધવનું ધ્યાન લાગી જતુ હતું એ સદ્‌ગુણને સ્વામીજી સારી રીતે સમજી શકતા હતા. સાંજે કથાના વિરામ બાદ બાળ ઓધવના માં-બાપને મળ્યા. અને ખુશી વ્યકત કરી. આવતી કાલે કથામાં ઓધવ તારે એક ભજન ગાવાનું છે. એવી આજ્ઞા પણ કરી.

બીજા દિવસે સ્વામીજી કથામાં શ્રી કૃષ્ણ અને સુદામાનું વર્ણન કરતાં હતા. ત્યારે સ્વામીજીના કહેવાથી બાળ ઓધવે ભજન ગાવાની શરૂઆત કરી.

રાગ : પીલ્લુ તાલ - કેરવા

દેખત શ્યામ હશે સુદામા કો દેખત શ્યામ હશે... સુદામાં કો૦
હમ તુમ મિત્ર બાલાપન કે અબ જા દુર બસે... સુદામાં કો૦
ફટી ધોતી ઓર ટુટી પઘડીયા ચલત પાવ ઘીસે... સુદામાં કો૦
ભાભીને કછુ ભેટ પઠાઈ પૌવા હોત પસે... સુદામાં કો૦
"સુરદાસ" અબ તુમ રે મીલન સેં કંચન મહેલ બસે... સુદામાં કો૦

બાળ ઓધવના કંઠે થી ભજન સાંભળીને સ્વામીજી ભાવ વિભોર થઈ ગયા. એના એક એક શબ્દમાં પ્રેમ-ભકિત નીતરતી જોઈને સ્વામીજીએ એના સંપૂર્ણ જીવનનો અભ્યાસ કરી લીધો. કથાની પૂર્ણાહુતિ પશ્ચાત બાળ ઓધવને પોતાનાં આશ્રમમાં તેડી જવા માટે માંગણી મુકી અને કહ્યું માતાજી આપના બાળકનું ભવિષ્ય અત્યંત ઉજવળ છે. એમનું જીવન સંતપણાના લક્ષણોથી સંપૂર્ણ ભરેલું છે. તમારો બાળક ભવિષ્યમાં સમાજ-પરિવાર તથા કુળનું નામ રોશન કરશે.

હું એના જીવનથી ખુબ પ્રભાવિત થયો છું. આપ એને મારી સાથે આવવા માટે રજા આપો તો હું એમને ધર્મના મૂળભૂત રહસ્યો તથા કર્મનાં સિધ્ધાંતો અને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવીશ. સ્વામીજીનાં શબ્દો ઉપર ભકત હેમરાજે મંથન કર્યુ તો સાધુ બેલા સ્થિત તપસ્વીના અને સ્વામીજીના મંતવ્યો એક બીજા સાથે મળતા આવતા હતા.

એને ધ્યાનમાં લઇને ભકત હેમરાજ તથા માઁ ચાગબાઇ બાળ ઓધવને સ્વામીજી સાથે મોકલવા સહમંત થયા. અને સૌ ગામજનો વડીલો-સ્ત્રી પુરુષો તથા સગા સબંધીઓએ મળીને સ્વામીજી સાથે વાજતે ગાજતે ઓધવને વિદાય આપી.

પ્રેમનો અવિભાજય અંગ એટલે લાગણી

કાર્ય ભલે પારિવારીક હોય કે સામાજીક અથવા ધાર્મિક હોય પણ એની સાથે લાગણી નામનું તત્વ જોડેલું હોવું જોઇએ. એ જ પ્રમાણે સબંધો ગુરૂ-શિષ્યના હોય કે પિતા-પુત્રના હોય માઁ-દિકરીના હોય કે ગ્રાહક-વેપારીના હોય પણ પ્રત્યેક સબંધો લાગણી સભર હોવા જોઇએ. તો જ એમાંથી સુગંધ નીતરે. સંબંધમાંથી લાગણીને બાદ કરી નાખો તો સબંધો જડ તથા યંત્રવત બની જાય છે. બાળ ઓધવનું જીવન લાગણી સભર હતું તેથી જ સ્વામીજીને ગમ્યું હતું. માણસને અગર માણસ સાથે રહેવું હોય તો તેને લાગણીના તારથી બાંધવો પડશે. જગતમાં ઘણા રંગો છે. એમાંથી લાગણી નામના સ્થાઇ રંગને જીવનમાં સ્થાપિત કરવો જોઇએ. લાગણી નામનાં તત્વ સાથે બીજા અનેક સદ્ગુણો જોડાયેલા છે ભકિત પણ તો જ થાય. જો માણસ લાગણીશીલ હોય તો. ઘડીમાં ચડે ને ઘડીમાં ઉતરે એવો તકલાદી રંગ હોવો જોઇએ નહિ એ રંગ ભકિતમાં બાધારૂપ નીવડે છે. કબીર સાહેબ કહે છે.

પ્રિત ઐસી કીજીયે જૈસો કપડા રંગ
તુટ તુટ ટુકળા ભયા રંગ ન છોડે સંગ

આનંદ મંગલ કરૂં આરતી નામની આરતીનાં રચયીતા એવા કવિશ્રી પ્રિતમ કહે છે કે,

પ્રિતમ ધાગા પ્રેમ કા મત ખીંચો તુટ જાય, તુટન કો જબ સાંધીયે બીચ ગાંઠ હો જાય

કવિ કહે છે કે, લાગણીનો તાર તુટવો ન જોઇએ એવો મજબુત અને સ્થાઇ હોવો જોઇયે. કારણ કે એને સાંધ્યા પછી એમાં ભેદ રહી જાય છે. સાંભળ્યા વગરના સમજયા વગરના તથા વિચાર્યા વગરના નિવેદનો કરવાથી લાગણીના તાર તુટયા વગર રહી શકતા નથી એટલા માટે કવિ કહે છે કે,

ઐસી વાણી બોલીયે કોઇ કહેના ચુપ ઐસી જગાપે બૈઠીયે કોઇ કહેના ઉઠ

વાણી વિચાર અને આચારનો સમનવય થાય તો જ લાગણી ટકે વાણી એક તરફ જતી હોય. વિચારો ગમે ત્યાં ફરતાં હોય આચારને કોઇ સ્થાન ન હોય એવા માણસો બીજાના ઉપર તથા પોતાના ઉપર તથા કોઇના ઉપર પણ પ્રેમ નથી કરી શકતા જે માણસ પોતાના ઉપર પ્રેમ નથી કરતો એ માણસ આખા વિશ્વનો દુશ્મન છે. પ્રેમની શરૂઆત સ્વયંમથી થાય છે. સમાજમાં એ જ માણસો વ્યસની છે કે જેનો પોતાનાં ઉપર પ્રેમ નથી. વ્યસની માણસો બીજાની નુકસાની કરવા કરતાં પોતાની નુકસાની વધુ કરે છે, કારણ કે... એનો પોતાના ઉપર લેશ માત્ર પણ પ્રેમ નથી. વ્યસનોના બીજા ઘણાં પ્રકાર છે. માત્ર બીડીને જ વ્યસન કહેવાય એવું નથી. પરનીંદા-ઇર્ષા- અદેખાઇ-બોલબોલ તથા વગર માંગે કોઇને સલાહ આપવી એ બધા વ્યસનો જ છે વ્યસનો ગમે તેવા હોય અંતે તો પોતાને જ નુકસાની કરે છે !!!

જીવનમાં નુકસાની પહોંચાડે એવા વ્યસનોને ઉછેરવા કરતાં "સેવા" નામના વ્યસનને ઉછેરવો જોઇએ. વ્યસન એવો હોવો જોઇએ જેનો સદ્ગુણમાં રૂપાંતર થઇ જાય. સેવા કરવાની વૃત્તિ વ્યસન નથી પણ એક સદ્ગુણ છે. બાળ ઓધવને ગૌ-સેવા કરવાનો પહેલો અવસર સ્વામીજીના આશ્રમમાં મળ્યો. કારણ કે તે વખતે ખેડુત સંસ્કૃત્તિના પાયાને હચમચાવી નાખે એવો કચ્છમાં છપ્પનીયો દુષ્કાળ પડયો હતો આજે પણ વડીલો પાસેથી છપ્પનીયા કાળની વાતો સાંભળીને કંપારી છુટે છે. તે વખતે સ્વામીજીના આશ્રમમાં બહુ ગાયો હતી. ઘાસચારા વગર પશુ ધન બચી શકે એવી કોઇ સ્થિતી રહી ન હતી વિપરીત સમયને ધ્યાનમાં રાખીને બાળ ઓધવ જંગલમાંથી તથા નદીયોની કોતરોમાંથી ઘાસ કાપીને ઘાસનો જથ્થો એકત્ર કરતો હતો. સાથે સાથે નવરાશની પળોમાં ગીતાજીનો અભ્યાસ પણ કરી લેતો. માત્ર ત્રણ ચોપડીનો અભ્યાસ ધરાવતા ગામડીયાનો છોકરાને ગીતાનો અભ્યાસ કરતો જોઇને સ્વામીજી તથા સૌ આશ્રમવાસીઓ ખુબ રાજી થતા હતા. જેથી કરીને સ્વામીજીના હ્દયમાં બાળ ઓધવનું સ્થાન મજબુત થતું ગયું. એક વખત શ્રાવણ માસમાં કથા ચાલતી હતી. આજે કથાનો અંતિમ દિવસ હતો તેથી સાધુ-સંતો સૌ બહુ સંખ્યામાં પધાર્યા હતા. આજે ઓધવ ઉપર કામનો બોજો હતો એના કરતાં અનેક ઘણો વધી ગયો હતો. સાંજનો સમય હતો આશ્રમની પાછળ ગૌશાળામાં ગાયો માટે ખાણ્ રાંધતા રાંધતા ઓધવને અગ્નિ સ્પર્શ કરી ગઇ જેના લીધે આશ્રમમાં બુમાબુમ થવા લાગી આગની લપેટમાં આવી ગયેલા બાળ ઓધવને જોઇને સૌ આશ્રમવાસીઓ ગભરાઇ ગયા. આશ્રમવાસીઓને

ક્યાં ખબર છે કે સંતને ભરખી જવા માટે અગ્નિ પાસે કોઇ શકિત નથી ! અગર અગ્નિને પણ શાંત થવું હોય તો તેમને પણ સંતના શરણમાં જવું પડે છે. સંત તુલસીદાસજી કહે છે કે...

સંતન હો સંસાર મેં તો જલી જાત બ્રહ્માંડ જ્ઞાન કેરી લહેરસેં વો ઠારત ઠામો ઠામ

એ સમયે ઓધવને અગ્નિમાંથી બહાર કાઢવા માટે ભગવાને આશ્રમમાં રહેતા એક સાધ્વી માતાજી અમરબાઇ માઁ ને નિમિત્ત બનાવ્યા હતા. સંત એક વટવૃક્ષ છે. એની છાયામાં અનેક જીવો આશ્રય મેળવે છે. એટલે જ તો...

હરિભાઇ કોઠારી કહે છે કે... સંત તારી શીળી છાયા લાગી જાય સૌ ને માયા

સંતોના ભાગ્યમાં જન કલ્યાણના અનેક કામો કરવાનું લખેલું હોય છે. સંતનુ અવતરણ સત્કાર્યો કરવા માટે હોય છે. સમાજ તથા ધર્મ માટે ઘસાઇ જવું એ જ એનો જીવન મંત્ર છે. સંતની દિનચર્યા ચિંતન-મનન તથા અધ્યન સાથે જોડાયેલી હોય છે. સંત બડે પરમાર્થી શીતલ વાં કે અંગ તે જ દીયે તપે નહિ ઉપજાવે આનંદ સંતોના સાનિધ્યમાં પરમ આનંદ મળ્યાની અનુભૂતિ થાય છે. કારણ કે સમાજ તથા ધર્મમાં દેખાતી ત્રુટીઓ એનાથી સહન નથી થતી જેના લીધે સતત પ્રયત્નશીલ રહીને સુવ્યવસ્થિત આયોજન માટે પોતાની જાતને ઘસી નાખે છે.

સંતો વિશે કહેવું હોય તો...

પરઉપકારે આપે દુધ ગાય માતા, પરઉપકારે ઝાડવા ફળ દે રૂપાળાં,
પરઉપકારે નદીયો ખળખળ વહે છે, પરઉપકારે સંતો ઘસી નાખે કાયા.

આપણા ગુજરાતના આદ્ય કવિશ્રી નરસિંહ મહેતા સંતોના જીવનમાં સ્થાપિત ગુણોનું વર્ણન કરતા કહે છે કે.

વૈષ્ણવ જનતો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે ...વૈષ્ણવ૦
સકલ લોકમાં સહુ ને વંદે નિંદા કરે નવ કેની રે
વાચ કામ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે ...વૈષ્ણવ૦
સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેની માત રે
જીવવા થકી અસત્ય ન બોલે પરધન નવ ઝાલે હાથ રે ...વૈષ્ણવ૦
મોહમાયા વ્યાપે નહિ જેને દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામનામ શું તાળી રે લાગી સકલ તીરથ જેના તનમાં રે ...વૈષ્ણવ૦
વણલોભી ને કપટ રહિત છે કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો એના દરસન કરતા કુળ એકોત્તેર તાર્યા રે ...વૈષ્ણવ૦

વિશ્વના તમામ ધર્મગ્રંથોનો સાર આ દસ લીટીના નાનકડા ભજનમાં સમાવેશ થઇ જાય છે. આજે યુવાનોને પૂછો કે તારે મોટા થઇને શું બનવું છે ? તો કહેશે શિક્ષક, એન્જિનીયર, ડૉક્ટર, વકીલ, વેપારી આવા જવાબો આપશે, પરંતુ સારો માણસ બનવું છે, એવો જવાબ આપવા વાળા કોઇ વિરલ જ નીકળશે. આ ભજનની અંદર એક સાચો વૈષ્ણવ કેવો હોય તેના લક્ષણ બતાવ્યા છે. જ્યાં વૈષ્ણવો હોય છે ત્યાં વિષ્ણુ હોય છે. વિષ્ણુનો ભાવ એ જ વૈષ્ણવ છે. આ સાચા વૈષ્ણવોના લક્ષણો કુલ અઢાર જેટલા બતાવવામાં આવ્યા છે. આદરણીય સંત શ્રી મોરારિબાપુએ આ ભજનને અઢાર અધ્યાયની 'ગીતા' સાથે સરખાવ્યું છે. તેના દરેક ચરણમાં એક એક અધ્યાય જેવું જ્ઞાન ભર્યું છે. (૧) જે પીડ પરાઇ જાણે (૨) પર દુઃખે ઉપકાર કરે (૩) મન અભિમાન ન આણે (૪) સકળ લોકમાં સહુને વંદે (૫) નિંદા ન કરે કેની (૬) વાચ-કાછ મન નિશ્ચલ રાખે (૭) સમદ્રષ્ટિ (૮) તૃષ્ણા ત્યાગી (૯) પરસ્ત્રી જેને માત રે (૧૦) જીહ્વા થકી અસત્ય ન બોલે (૧૧) પરધન ન ઝાલે હાથ (૧૨) મોહમાયા વ્યાપે નહી (૧૩) દ્રઢ વૈરાગ્ય જેના મનમાં (૧૪) રામનાથ શું તાળી લાગી (૧૫) સકળ તીરથ જેના તનમાં (૧૬) વણ લોભી (૧૭) કપટરહિત (૧૮) કામક્રોધ નિવાર્યા રે. ગીતાના ઉદ્‌ગાતા શ્રી કૃષ્ણના ભકત પરમ વૈષ્ણવ નરસિંહ મહેતાની 'નારસિંહ ગીતા' પણ નિત્ય પાઠ કરવા જેવી છે અને આચરણમાં ઉતારવા જેવી છે.

કોઇ પણ સંતને આધ્યાત્મ માર્ગે મળેલી સફળતા એના જીવનનું એક પ્રેરક બળ બને છે. અને એ જ સફળતા એના જીવનની પરાકાષ્ટા છે. સામાન્ય માણસ આખી જીદંગી પોતાનાં માટે ખોદકામ કરવામાં વિતાવે છે. જ્યારે સંતો

અન્યો માટે બાંધકામ કરવામાં વિતાવે છે. સંતો સફળતાની ઝંખના નથી કરતા. પણ સફળતાને લાયક બને છે. કોઇ પણ વ્યકિત અગર લાયક બને તો સફળતા એને દરવાજે આવીને ઉભી રહે છે. લાયકાત વગરની વ્યકિતએ મેળવેલી સફળતા કાતિલ ઝેર કરતા પણ વધારે કાતિલ સાબિત થાય છે. કારણ કે અયોગ્ય માણસને સફળતા પચતી નથી તેથી તે વિદ્યાબળ, ધનબળ તથા આપબળ નો દુરપયોગ કરે છે. સુભાષિતકાર કહે છે કે...

વિદ્યાવિવાદાય ધનમદાય શકિત પરેશામ પરઃ પીડનાય
ખલસ્ય સાધો વિપરીત્ત મેધ જ્ઞાનાય-દાનાય ચ રક્ષણાય

ખલ પુરૂષ વિદ્યા પ્રાપ્ત કર્યા પછી વિવાદ સર્જે છે. ધન મળ્યા પછી અભિમાની બને છે અને બાહુ બળ મળ્યા પછી બીજાને પરેશાન કરે છે. જયારે સંતો વિદ્યા દ્વારા અન્યોને વિદ્વાન બનાવે છે. ધન મળ્યા પછી અન્યોને દાન આપે છે. અને શારિરીક શકિત દ્વારા અન્યોનું રક્ષણ કરે છે. બીજાને ઉપયોગમાં આવવું એ જ સંતનું લક્ષણ છે. એટલે જ સંતો સેવા કરવા માટે વારંવારે યોગ્ય બનવાના પ્રયત્નો કરે છે. બાળ ઓધવ વિદ્યાભ્યાસ કરવા માટે યોગ્ય જણાતા ગુરૂ દ્વારા એમને વિદ્યાદાન આપવાની ઈચ્છા થઈ. દુષ્કાળ હોવાથી આશ્રમ ઉપર વારંવારે કોઇને કોઇ પ્રતિકૂળતા તો આવતી જ રહેતી. પણ બાળ ઓધવ કોઇ દિવસ હાર માનતો નહિ એનું સંપૂર્ણ જીવન સેવા કાર્યથી વણાયેલું હતું સેવાએ એક જીવનની ઘડતર છે. સેવા માત્ર કૃતિ નહી પણ એક વૃત્તિ છે. જીવનમાં ચડાણ-ઉતરાણ જેવા પરિબળો આવ્યા જ કરશે પણ તેથી સેવાવૃત્તિ નહી છુટવી જોઇએ. કવિ કહે છે,

ધર્મ કરતા ધાડ પડે તો હિંમત હાર ન જાવે
સાધો વો નર હમકો ભાવે...

સમયની લપડાક માણસને ધરાશાયી કરી નાખે છે. પણ પાછા ઉભા થવું એ એની ફરજમાં આવે છે. એક સુવિચાર છે કે, પડી જવામાં નિષ્ફળતા નથી પણ પડીને ત્યાં જ પડી રહેવામાં નિષ્ફળતા છે. શાસ્ત્રોકત પ્રયત્નો કરતા કરતા એક દિવસ શ્રધ્ધાને વિશ્વાસની જીત થાય છે.

તુફાન સેં ડરને વાલી નૈયા પાર નહિ હોતી
કોશિષ કરને વાલો કી કભી હાર નહિ હોતી
જબ તક સફલ ન હો તબ તક નિંદ ચૈન કો ત્યાગો
સંઘર્ષો કા મેદાન છોડ કર મત ન ભાગો
કુછ કીયે બીના જય જય કાર નહિ હોગી
કોશિષ કરને વાલો કી કભી હાર નહિ હોતી

એક વખત આશ્રમમાં કથા ચાલતી હતી કથાની પૂર્ણાહુતિનો દિવસ એ દિવસે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે આશ્રમમાં પાણીની જોઇએ કરતા વધારે જરૂર હતી પાણીનો સંગ્રહ કરવાના હેતુથી બાળ ઓધવ કુવા ઉપર પાણી ભરવા ગયો હતો. અચાનક રેંટ (અરલો) ઉંધુ ફરી વળતા રસી સાથે કુવામાં ભરેલી બાલદી સરકી જતાં એમાં પગ ફસાઇ ગયો અને પોતે ઉંડા કુવામાં પડી ગયો. અને એનું પથ્થર સાથે માથું અથડાતા ચિરાઇ ગયું. ઓધવ કુવામાં પડી ગયો છે. એની કોઇને ખબર પડી નહિ. તેથી સતત બે કલાક સુધી ઓધવ કુવામાં બેભાન અવસ્થામાં રહ્યો. સાંજ પડી કથાને વિરામ મળ્યું. પણ સ્વામીજીને ઓધવ કયાંય દેખાયો નહિ પણ આશ્રમમાં ઓધવની ગેરહાજરી હોવાને કારણે ચિત્ર-વિચિત્ર વર્તન થવા લાગ્યા. ગાયો વિના કારણે ભાંભરવા લાગી, પક્ષીઓ દીશા શુન્ય થઇ આમ તેમ ઉડવા લાગ્યા. બધા મુક પ્રાણીઓની નજર કુવા ઉપર સ્થિર થતી ગઇ. પશુઓને ઘટનાની જાણકારી તો આપવાની હતી પણ આપી શકતા ન હતા. કારણ કે ભગવાને પશુઓને સમજણ તો આપી છે પણ શબ્દો નથી આપ્યા. જોત જોતામાં ગામના માણસો સૌ કુવાના પડથાર પર એકત્ર થયા અને કુવા અંદર જોતા એક ટોપી તરતી દેખાઇ. જેની નોંધ લઇને નિષ્ણાંતો કુવાની અંદર ઉતર્યા. પ્રથમ તબકકે ઓધવના મોઢામાંથી પાણી કાઢયું અને પછી કુવાની અંદર એક ખાટલો ઉતારવામાં આવ્યો. લગભગ નિશ્ચેતન થઇ ગયેલા શરીરને બહાર કાઢી માથા ઉપર મજબુત પાટો બાંધીને આશ્રમના એક અલગ ખંડમાં બાળ ઓધવને ચત્તો સુવાડી એની છાતી ઉપર ગીતાનું પુસ્તક રાખી ગ્રામજનો તથા આશ્રમવાસીઓ એને સ્વામીજી સૌ મળીને સમૂહ પ્રાર્થના કરી.

અસતોમાં સતગમય તમસોમાં જ્યોતીર્ગમય મૃત્યોમાં અમૃતમ ગમયઃ હે પ્રભો તું તારી શકિતના બળે અસત્યને પણ સત્યના માર્ગે વાળી શકે છે. ભયંકર અને ઉંડા અંધારામાંથી પણ તું પરમ તત્વના પ્રકાશ તરફ લઇ જઇ શકે છે. અને તું દૈવી શકિતના પ્રભાવથી મૃત વ્યકિતને પણ અમરત્વ પ્રદાન કરી શકે છે. પ્રાર્થનામાં એક અદ્દભૂત શકિત સમાયેલી છે. ઘટનાના વજ્રઘાત સામે ટકી રહેવા માટે પ્રાર્થના માણસને નૈતિક બળ પુરૂં પાડે છે. ગાંધીજી જ્યારે મુંઝવણ અનુભવતા ત્યારે તે પ્રાર્થનાનો સહારો લેતા હતા. સ્વામીજીએ પોતાની યોગ શકિત વડે બાળ ઓધવના શરીરમાં એક દૈવી જયોતનો સંચાર કર્યો. પોતાનું પુણ્ય શ્રી કૃષ્ણાર્પણમ કરીને સૌ સાધુ સંતોની ઉપસ્થિતીમાં કહ્યું કે બેટા ઓધવ ભગવાને વિવિધ સ્વરૂપે અનેક ભકતોના કામો કર્યા છે. એ ભગવાન આપણું કામ કરવા શું નહિ આવે ? પ્રેમળદાસનું એક ભજન છે.

રાગ : પરજ તાલ - દીપચંદ

હરિ ને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે.
જેની શુરતા શામળીયાની માંય વદે વેદ વાણી રે...હરિને૦
વાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ હીરણાકંસ માર્યો રે,
વિભીષણ ને આપ્યું રાજ રાવણને સંહાર્યો રે...હરિને૦
વાલે મારે નરસિંહ મહેતાને હાર હાથો હાથ આપ્યો રે,
ધ્રુવને આપ્યું અવિચળ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે...હરિને૦
વાલે મારે મીરાંબાઇના ઝેર હળા હળ પીધાં રે,
પાંચાલીનાં પુર્યા ચીર પાંડવ કામ કીધાં રે...હરિને૦
આ છે હરિ ભજવાનો લ્હાવો ભજન કોઇ કરશે રે,
એમ કહે કવિ 'પ્રેમળદાસ' જેણે કરી ભવ તરસે રે...હરિને૦

ભજન પુર્ણ થયા પછી સ્વામીજીએ કહ્યું બેટા ઓધવ હવે તો આંખ ખોલ જોતો ખરો તારી આયુષ્ય માટે ભગવાન પાસે સાધુસંતો ભકતો તથા આશ્રમના સૌ સેવકો પ્રાર્થના કરી રહ્યા છે. સ્વામીજીના વેદના યુકત વાકયો પુરા થાય એથી પહેલા બાળ ઓધવે આંખો ખોલી !!! આશ્રમમાં આનંદની લહેર ફરી વળી સ્વામીજીએ બે હાથ જોડીને કહ્યું હે ભગવાન તેં આજે મારા ભેખની ટેક રાખી છે.

એ સમયે હેમરાજ ભગત મુંબઇ હતા. બાળ ઓધવના કાકા કચ્છમાં આવ્યા હતા. સ્વામીજીએ બાળ ઓધવના પરિવારને પોતાની પાસે બોલાવીને સઘળી ઘટના કહી સંભળાવી અને કહ્યું કે માતાજી આપનો બાળક હજી કાચી બુધ્ધિનો છે. ગાયો તથા આશ્રમ ઉપર અત્યંત પ્રેમ હોવાથી તે એક પલ માટે પણ સેવા કાર્ય વગર રહી શકતો નથી. એમના વધુ પડતા ઉત્સાહને કારણે તે વારંવારે ઘટનાનો શિકાર બનતો આવ્યો છે. અગર આપનો બાળક અહીં આશ્રમમાં રહેશે તો એકપલ માટે પણ વિશ્રાંતી લેશે નહિ. આજે એમને આરામની જરૂર છે. ભગવાને આપણા સૌની લાજ રાખી છે. માટે હવે આપ એને ઘેર તેડી જાઓ અને શારિરીક સંભાળ રાખો. બરોબર છ(૬) મહીના આશ્રમમાં રહીને બાળ ઓધવ પાછો ઘરે આવ્યો. 'દુઃખનું ઓષડ દાડા' ના સિંધ્ધાત મુજબ થોડાં દિવસમાં જ ઓધવની શારિરીક શકિત અગાઉ હતી તેવી થઇ ગઇ. ત્યાર બાદ સંતશ્રી ઓધવરામ હંમેશ માટે માથે ફાળીયું બાંધતા હતા. ઘટના નાની હોય કે મોટી હોય પણ ઘટના સામે પડકાર ફેંકવાની માણસ પાસે ક્ષમતા હોવી જોઇએ. આપણે ઘટનાના શિકાર ન બની જઇયે એ વાતની ખાસ કાળજી લેવી જોઇએ. કારણ કે સંસારનું નામ ઘટનાચક્ર છે એમાં ઘટના તો ઘટવાની જ હરિભાઇ કોઠારી કહે છે.

રવિ સમ તેજ રાશીનો ઉદયને અસ્ત થાયે છે.
શશી સમ તેજ રાશી પણ વધીને ક્ષીણ થાયે છે.
મહા સાગરની મસ્તીમાં ભરતીને ઓટ આવે છે.
રડે ઓ માનવ તું શાને દુઃખો સુખને લઇને આવે છે.

વિતેલા સમય ઉપર નજર નાખીએ તો ઓધવને સ્વામી શંકરાનંદજી પાસે મોકલીને હેમરાજ ભગત મુંબઇ વસતા

પોતાનાં ભાઇ પાસે ગયા હતા પાછળ મોટો દિકરો ભાણજી તથા નાની બે બહેનો ભાગબાઇ અને વીરબાઇ અને માતાજી ચાગબાઇ માઁ ખેતીવાડી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. જખૌ એટલે ખેતી પ્રધાન ગામ મહેનત કરે અને રોટલો અવશ્ય મળે !!! પરિવાર ખાધે પીધે માંડ સુખી થયો હતો. એટલામાં મુંબઇથી તાર આવી જેમાં લખ્યું હતું કે ભકત હેમરાજ ગંભીર માંદગીમાં સપડાયા છે. માટે આપ સૌ જલદી મુંબઇ આવી જાઓ. રાત્રે પરિવાર સૌ ભેગો થયો અને અંતે ચર્ચા વિચારણા કર્યા પછી નાની બે બહેનો અને ભાણજી ઘેર રહે અને ઓધવ તથા માઁ ચાગબાઇ મુંબઇ જાય એવું નકકી થયું. મુંબઇમાં એક બીજાને મળ્યા પછી કુશલ-મંગલ સમાચારોની આપ-લે થઇ અને ધીરે ધીરે ભગતની તબીયત લથડવા માંડી. ઓધવને પાસે બોલાવી એનો હાથ પકડીને પોતાની ધર્મપત્નીને ઉદેશીને કહ્યું કે સાંભળો સાધુબેલાના મહાત્માના કહેવા પ્રમાણે ઓધવના જીવન વિકાસના માર્ગો પર તમે કોઇ અડચણો ઉભી કરશો નહિ. આપણે સૌ ઓધવ થકી ઉજળાં થશું !!! એમના ઉપર પુત્રભાવ કે સ્વાર્થીભાવ રાખીને એને પરણાવશો નહિ. પૂર્વ કર્મના સંજોગે એમનું મન ધર્મભાવના તરફ વળેલું છે. તેથી તે સ્વયંમ પોતાનો માર્ગ શોધી લેશે બસ આટલા શબ્દો કહેતાંની સાથે ભકત હેમરાજે પોતાનાં જીવનનો અધ્યાય પુરો કર્યો. પરિવારમાં શોકની લાગણી છવાઇ ગઇ. પિતાજીનું અવસાન ઓધવના જીવન પર માઠી અસર છોડી ગયો. ચાગબાઇ માઁ બુધ્ધિમાન હોવાથી જે થવાનું છે એ થઇને જ રહેશે. એવા પ્રકારના આશ્વાસનો દ્વારા આઘાત જીરવવાનાં પ્રયત્નો કરતા હતા. શરીરમાંથી પ્રાણ નીકળી ગયા પછી પરિવારમાં જે સ્થિતી નિર્માણ થાય છે ત્યારે એ પરિસ્થિતીને કયા પ્રકારના દૃષ્ટિકોણથી જોવું એનું વર્ણન કબીર સાહેબ કરે છે.

રાગ : બિહાગ તાલ કેરવા

મારો સાથીડો રીસાણો એને કોણ મનાવા જાય (૨) ...ટેક૦
કાચી માટીના ઘાટ ઘડુલા પલમાં ફુટી જાય
પરદેશીની પ્રિતડી તારી પલમાં છુટી જાય ...એને૦
પીંજરમાંથી પોપટ હાલ્યો પીંજર ઝોલા ખાય
સરખી સહેલી હળીમળીને અવળામંગળ ગાય ...એને૦
પંચ તત્વકા પીયું હમારા તે મેલ્યા કેમ જાય
જ્ઞાન ગરીબી રંખ લે હૃદયમેં થાનાર હોય તેમ થાય ...એને૦
સદગુરૂજીનું સ્મરણ કરી લે તારા હૃદય કમલ ખુલી જાય
કહત કબીર સુનો મેરે સાધો વૈકુંઠ વાટે જાય ...એને૦

ભકત હેમરાજની મરણોતર ક્રિયાઓ પુર્ણ કરીને ઓધવ તથા માઁ ચાગબાઇ પાછા જખૌ આવ્યા. ઓધવનું ધીરે ધીરે ઘરની જવાબદારી ઉપર મન ઢળતું ગયું. પરિવારનું ભરણ-પોષણ તથા ઘરની અને સામાજીક વહેવારની જવાબદારીનું પાલન કરવું એ જ ખરો ધર્મ છે. એવા પ્રકારના વિચારો સ્થાઇ થતા ગયા અને ધીરેધીરે ધર્મની પકડ ઢીલી થઇ ગઇ. મન સંજોગો તથા પરિસ્થિતીના દબાણને વશ થઇ ગયું. તેંમ તેમ આર્થિક સ્થિતીમાં થોડો સુધારો થયો. ભકત હેમરાજના ગુજરી થયા પછી બરોબર ચાર વરસ બાદ મુંબઇથી ઓધવના કાકાનો પત્ર આવ્યો. જેમાં લખ્યું હતું કે ઓધવ તું કામ ધંધાર્થે મુંબઇ જલદી આવી જા ઓધવ સવંત ૧૯૫૯માં પોતાના કાકાની દુકાને કામે લાગ્યો. ત્યાંથી કુશલતા પ્રાપ્ત કર્યા પછી શેઠશ્રી તુલસીદાસ લધાને ત્યાં મુકાદમની નોકરી મળી બસ ત્યારથી વિકાસનો દોર શરૂ થયો. હવે તો કચ્છથી હુંડીઓ આવતી અને ઓધવ સ્વીકારતો. એમ કરતાં કરતાં ઓધવનું મન ધીરે ધીરે આધ્યાત્મીક જીવનમાંથી નીકળીને સમાજ જીવન તરફ ઢળતો ગયો. એટલું જ નહિ અજાણ અવસ્થામાં વિશાળ સરોવરને છોડી એક નાના તળાવનું શરણું સ્વીકારી લીધું. અને એને ભોગવાદી અને મોહ માયાવી મુંબઇ નગરીનું વાતાવરણ અનુકુળ લાગવા માંડયું. આજે પણ ઘણા યુવાનો મુંબઇનો મુકત વાતાવરણ મિત્રોની મહેરબાની તથા નીર અકુંશ જીવન હોવાને કારણે સ્વછંદી બનતા જાય છે. રાત્રે મોડે સુધી જાગવું સવારે મોડા ઉઠવું. સ્વજનોના કડવા વેણ સાંભળવા છતાંય એની મન ઉપર અસર ન થવી રાત્રે સિનેમા જોવા દિવસે એની ચર્ચા કરવી વગેરે વગેરે..

એવા વિચાર શુન્ય મિત્રો સાથે ઓધવની સંગત થઇ ગઇ હતી. કોયલાની દલાલીમાં હાથ કાળાં થાય એ સ્વભાવિક છે. અને કોઇને પણ સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી. કુસંગીઓનો સંગ કર્યો હોવા છતાંય ઓધવમાં પ્રમાણિકતા તથા કામની ચીવટ હતી તેવી જ રહી એમનાં મોઢામાંથી અપ-શબ્દો કે સંસ્કાર રહિત નિવેદનો કયારે પણ

નીકળ્યા ન હોતા બગડેલાઓ સાથે ફર્યા પણ પોતે બગડયા નહિ. એ જ એમની વિશિષ્ટતા રહી હતી. આજે એને સમાજ બાળ ઓધવ નહિ પણ ઓધવરામ તરીકે ઓળખતો થયો હતો. મિત્રોની સાથે વાતો કરતાં ત્યારે વાત વાતમાં રામાયણ તથા મહાભારતના પાત્રોનાં ઉદાહરણ આપીને સિધ્ધાંતની પુષ્ટી કરતા હતા તથા એમને કોઇ મિત્ર ચિંતાતુર દેખાય તો એને ધાર્મિક ચર્ચાઓ દ્વારા હસાવવાના પ્રયત્નો કરતા.

એક શિષ્યે પોતાના ગુરૂને પ્રશ્ન કર્યો કે... મહારાજશ્રી ડાહ્યાઓ અને મુર્ખાઓ એ બંને પોતાનું જીવન કઇ રીતે વિતાવે છે ? ગુરૂજીએ કહ્યું,

કાવ્ય શાસ્ત્ર વિનોદેન કાલો ગચ્છતિ ધિમતામ્
વ્યસને ન ચ મુર્ખાણા નિંદ્યયા કલહેન વાઃ

ડાહ્યાનો અર્થ થાય છે વિદ્વાન, વિદ્વાનો પોતાનો દિવસ વિનોદ યુકત કાવ્ય શાસ્ત્ર દ્વારા વિતાવે છે. એટલે કે સતત ધર્મ પરાયણ રહે છે. જયારે મુર્ખાઓ કાંતો વ્યસનમાં રચ્યા પચ્યા રહે છે. કાં તો સમય અને સંજોગોને સમજયા વગર આડા-અવળા તથા જયાં ત્યાં સુતા હોય છે. અથવા તો જયાં બેઠા હોય છે ત્યાં ખોટી અને અર્થહીન દલીલો કરીને કલેશ નિર્માણ કરે છે. કચ્છી ભાષામાં ડાહ્યા અને મુરખાને અનુરૂપ એક કહેવત છે કે...

"ડા" કુછાયા મડ કુછેં ને મુર્ખા કરીં ન માંઠ
ડાંએ કના ચડે અનીજા દસણ વાસણને ઠાંઠ !!!

કવિ કહે છે, દાડમ કા દસ ફૂલ ચંપે કી એક કલી
મુરખ કી સારી યમાર ચતુર કી એકઘડી

ભાવાર્થ : મુર્ખાઓ સાથે આખી જીદંગી કાઢવા બગાડવા કરતા ડાહ્યા સાથે એક ઘડી કાઢવી સારી.

એક દિવસ ઓધવરામને વિચાર આવ્યો કે, મુંબઇ જેવી મોહમહી નગરીમાં રહેવાથી સંગનો રંગ લાગ્યા વગર નહિ રહે. અને કદાચ મારો પગ લપસી જાય તો ? તો તો મારા સાત કુળ લાજે. માટે પાણીથી પહેલા પાળ બાંધી લેવી સારી એક નાની સરખી ચિનગારી આગનું ભયંકર સ્વરૂપ પકડી લે તે પહેલા માતાજીને એક પત્ર લખ્યો.

સ્વસત શ્રી કચ્છ ગામ જખૌ મધ્યે માતાજી તથા મોટા ભાઇ તથા નાની બહેનો મુંબઇથી લી. ઉધ્ધવના પાય લાગણ વાંચશો. હું અહીંયા ક્ષેમકુશલ છું. આપ સૌ ક્ષેમકુશલ હશો. મારો કામ કાજ બહુ સારો ચાલે છે. થોડા દિવસમાં આપણે પગભર થઇ જશું. વિશેષમાં જણાવવાનું કે હવે હું ઉંમરલાયક થયો છું. જલદી મારું સગપણ કરો તો સારૂં. કારણ કે હવે મારે લગ્ન કરવા છે. જોઇતી ચીજ વસ્તુ મંગાવી લેજો. થોડું લખ્યું ને ઝાઝું સમજજો. લખનાર ભુલે વાંચનાર સુધારે એ જ. લી. ઉધ્ધવ હેમરાજ ભાનુશાલી

દિકરાનો કાગળ વાંચીને માઁ ને આનંદ થવો જોઇએ એ ન થતાં શરીરમાં ધ્રુજારી છુટી. અને ઉદ્વેગ નિર્માણ થયો માતાજીને વિચાર થયો કે આવો કાગળ લખવાની ઓધવ પાસે હિંમત કયાંથી આવી ? આ શબ્દો આ વિચારો ઓધવને જરાય સારા નથી લાગતા. મને આ કાગળમાંથી કુસંગની ગંધ આવે છે. એટલું કહેતાંની સાથે માતાજીના આંખમાં ઝળઝળીયા આવી ગયા અને મનમાં કેટલાક પ્રકારનાં તરંગો ઉઠવા લાગ્યા અને કહ્યુ, હે પરમાત્મા તારા બાળ ઓધવને સમજણ અને સદ્બુધ્ધિ આપ અને તું એમને મોહ માયાના ઉંડાપાણીમાંથી તથા સંસારના ક્ષણીક સુખો કે જે જીવનમાં આજીવન આપદા ઉભી કરે છે. એમાંથી ઉગાર હે, ભગવાન મને આ સંસારમાં શ્રેષ્ઠ માતા તરીકે જીવવું છે. મને એના જીવન વિકાસના માર્ગો બંધ ન થઇ જાય એના માટે અથાગ પ્રયત્નો કરવા છે. મારી ઇચ્છા અને અરમાનો ઉપર પૂર્ણ વિરામ ન આવી જાય એના માટે તું સદાય મારી સાથે રહેજે. કારણ કે તું જ સમર્થ છે. તું જ શકિતમાન છે.

ધીરજના ફળ મીઠા હોય છે.

સંત તુલસીદાસ કહે છે. ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી આપત કાલ પરખીયે ચારી

સમય જયારે પ્રતિકુળ આવે ત્યારે ધીરજ મહત્વનો ભાગ ભજવે છે. વિપરીત સંજોગોમાં એક ધીરજ કામ આવે છે. ત્યારબાદ શ્રધ્ધા અને વિશ્વાસયુકત ધર્મ કામ આવે છે. ત્રીજું આપતકાલે મિત્રો કામ આવે છે. આપણા ઉપર આવેલી આફત એ આપણા મિત્રની કસોટી છે. અને કાં તો વિપરીત સંજોગોમાં ધર્મપત્ની કામ આવે. પ્રતિકુળ પરિસ્થિતિમાં આપણા ધીરજની કસોટી થાય છે. એમ કરતાં કરતાં ઘણો સમય નીકળી ગયો. આજે ચાગબાઇ માઁ ની પ્રાર્થના ભગવાને જરૂર સાંભળી છે. આજના સુર્યનારાયણ ઓધવરામ માટે દૈવી પ્રકાશ પાથરવાની તૈયારીમાં હતા.

આજે દિશાઓ નવા સંકલ્પો લઇને આવી હતી. રસ્તાઓના મોડ બદલી ગયા હતા.

દિશા બદલે તો જ દશા બદલે

મુંબઇમાં મિત્રો સાથે ફરતાં ફરતાં જે સામે આવે એને જોઇ લેવાની ઓધવરામની નીર અકુંશ મનોવૃત્તિ આજે સારા પરિણામ સાથે આવી હતી. આજે રવિવાર એટલે રજાનો દિવસ ઓધવરામ પોતાનાં મિત્રો સાથે ફરતાં ફરતાં એક ચોકમાં રાજા હરિશ્ચંદ્રની કથા ચાલુ હતી ત્યાં આવ્યાં અને પોતાનાં મિત્રોને કહીને પોતે કથા સાંભળવા બેસી ગયા. આજે સમીકરણો બદલાઇ જવાના પક્ષમાં હતા. આજે ઓધવરામ માત્ર ઓધવરામ ન રહેતા. સંત ઓધવરામ ભણી કદમ ભરી રહ્યા હતા. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની કથા સાંભળતા સાંભળતા ઓધવરામના જીવનમાં સહજ પરિવર્તન આવતું ગયું. પોતાની તરફ અપરાધ ભાવે જોઇને કહ્યું કે કયાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને કયાં હું કે... એક ક્ષણીક સુખભોગ ભોગવવા માટે રસ્તો બદલી રહ્યો છું. હું મુકત છું. છતાંય બંધનમાં બંધાવાના મિથ્યાં પ્રયત્નો શા માટે કરી રહ્યો છું ? હું ભોગનાં વિચારોને છોડીને સાત્વિક વિચારો તરફ કેમ જતો નથી ? ઓધવરામ એવી રીતે પોતાની જાતને તથા અંતર આત્માને ઢંઢોળવા લાગ્યા. કસ્ત્વમ કોહમ કુત આયાત કામે જનની કામે તાત. હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? પાછા કયાં જવું છે ? હું શું કરૂં છું અને મને શું કરવું જોઇએ ? હું શું વિચારુ છું અને શું વિચારવું જોઇએ ? એવા તો અનેક સવાલો ઓધવરામના મનમાં ઉત્પન થયા અને એક વાત નિશ્ચિત છે. કે જયાંથી સવાલો પેદા થાય જવાબો પણ ત્યાંથી જ મળે. જરૂર છે માત્ર ખોજ કરવાની જે... મનુષ્ય ઉત્તમ મનુષ્ય પામીને મન બુધ્ધિના સહયોગથી ઇશ્વરની ખોજ નથી કરતો તે મનુષ્ય પોતાનાં હિતનો વિચાર ન કરતા. આત્માનો વધ કરે છે. મહાપુરૂષોનો મુખ્ય કામ ઇશ્વરની ખોજ કરવાનું હોય છે. મહારાજશ્રી ઓધવરામજી સ્વરચિત પદમાં કહે છે કે...

રાગ : પરજ તાલ - દીપચંદ

ધરજે ધરજે હરિનું ધ્યાન, ધિરજ મન આણી રે૦
મૃગજળ જેવો આ સંસાર, એ લેજે નિશ્ચિય જાણી રે૦ ધરજે
સ્વાર્થ સારૂં કરે સૌ સ્નેહ, જગતની એ રીતિ રે૦
વિશ્વનાથ વિશે ચિત્ત ધાર, પુરણ કર પ્રિતી રે૦ ધરજે
આ છે. ચંચલ ચપલાજેમ, આયુષ્ય અસ્થિર તારી રે૦
અંતે જાવું એકાએક, હરિને લે સંભારી રે૦ ધરજે
એ તું સમજીને ચેત અચેત, પ્રભુ સમરણ કરીએ રે૦
એમ કહે છે ''ઓધવદાસ'' બીજુ પરહરિએ રે૦ ધરજે

સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની કથા સાંભળીને ભીતરમાં સુસુપ્ત અવસ્થામાં પડી રહેલા સંસ્કારો પાછા જાગૃત થયા સવારનો ભૂલ્યો સાંજે પાછો ઘેર આવી જાય તો એને ભૂલ્યો કહેવાય નહિ. જીદંગીના આઠ વરસ ઓધવરામજીએ મુંબઇમાં વિતાવ્યા પછી જાગ્યા ત્યારથી સવાર ના સિંધ્ધાતને ધ્યાનમાં રાખીને કોઇ મહાપુરૂષના શરણે રહેવાનો મનોમન દ્રઢ સંકલ્પ કરી લીધો. મહાપુરૂષોના સંકલ્પો પર્વતના મુળ જેવા હોય છે. મહાપુરૂષો આજનું કામ કાલ ઉપર છોડતા નથી મહાપુરૂષો કયારે પણ પલાયન વાદી નથી હોતા. દોષનો ટોપલો બીજા ઉપર ઢોળીને જવાબદારીમાંથી મુક્ત થઇ જાય એનું નામ પલાયન વાદી કબીર સાહેબ કહે છે કે...

કાલ કરે સો આજ કર આજ કરે સો અબ
અવસર બિતો જાત હૈ ફેર કરેંગે કબ ?

એક સંન્યાસીએ ખાસ પરિચીત બહેન ને કહ્યું કે, માતાજી આપના ઘર પાસે દરરોજ સાંજે સત્સંગ થાય છે. એમાં આપ કેમ નથી આવતા ? બહેને કહ્યું મહારાજશ્રી વાત તો તમારી સાવ સાચી છે. અને સત્સંગ વગર માણસનો ઉધ્ધાર પણ કયાં છે ? આપણી સાથે આવશે તો માત્ર એ જ આવશે. બીજું બધું તો અહીંનુ અહીં જ પડયું રહેશે. પણ હું નહિ આવી શકું. કારણ કે મોટા છોકરાના હમણાં જ લગ્ન કર્યા છે. ઘેર વહુ નાની છે. એને ઘરની જવાબદારી વિશે કોઇ જ ગતાગમ નથી એ સમજણી થશે પછી હું જરૂર આવીશ. મહારાજશ્રીએ કહ્યું તથાસ્તુ ! બે વરસ રહીને ફરી એક વખત બહેન મળ્યા ત્યારે સંન્યાસીએ પુછયું માતાજી સતસંગમાં આવવાનું કયારે શરૂ કરશો ? બહેને કહ્યું મહારાજશ્રી તમારી વાત તો સાચી છે પણ હમણાં વહુને સારાં દિવસો ચાલે છે માટે હમણાં તો મારાથી નહીં આવી શકાય !!! ફરી સંન્યાસી

જ્યારે મળ્યા ત્યારે કહ્યું કે વહુના ઘેર દિકરો આવ્યો છે. હમણાં તો નહિ જ આવી શકાય !!! અને પછી તો વાયદાનો સીલસીલો શરૂ થયો. એમ કરતાં કરતાં ખાડાં ખોદવામાં અને દાટવામાં પચાસ વરસ નીકળી ગયા. ત્યાર પછી ફરી એક વખત સંન્યાસીને બહેન મળી ગયા. સંન્યાસીએ કહ્યું, માતાજી હવે તો આવો. માતાજીએ કહ્યુ શું ધુળ આવું ? ઘરમાં છેલ્લા બે વરસથી દિકરા-વહુ, દિકરીઓ અને જમાઇઓનો મિલકત ઉપરથી દરરોજ ઝઘડાં થાય છે. બહેને કહ્યુ, મહારાજશ્રી ઝઘડો પતી જાય પછી હું જરૂર આવીશ !!! સંન્યાસીએ કહ્યું તથાસ્તુ ! ત્યાર બાદ સંન્યાસીને એ બહેન ક્યારે પણ મળ્યા નહિ તપાસ કરતાં ખબર પડી કે હવે એ બહેન વૃધ્ધાશ્રમ માં રહે છે.

મહાપુરૂષો પોતાની જાત વિશે સભાન હોય છે. તેઓ વાયદા અને ફાયદામાં જીવન વેડફી નાખતા નથી. મુંબઈના આઠ વરસના જીવનકાળ દરમ્યાન ઓધવરામ એક વખત પણ સ્થાનભ્રષ્ટ થયા નહિ. ઓધવરામને ભોગ જીવનમાં જરાય રૂચી ન હતી. પણ આઠ-આઠ વરસ સત્સંગ છુટી ગયાનું આ પરિણામ હતું. કોઇ અનિશ્ચિતવર્ગ માર્ગ બદલી નાખે તો એની કોઇ નોંધ લેતું નથી. જયારે સંત-સાધુ અથવા તો કોઇ જાગૃત વ્યકિત માર્ગ બદલે તો સમાજ એની નોંધ લે છે. એક વખત ઓધવરામજીએ સત્સંગમાં કહ્યું હતું કે, યુવાનીમાં લાગેલા ભોગનાં રંગો જલ્દી છુટતા નથી અને છુટી જાય તો એને ઇશ કૃપા સમજવી. વિષયોની માયાજાળમાંથી નીકળવા માટે મુનીઓને પણ તપશ્ચર્યા કરવી પડી છે. જગદગુરૂ શ્રી શંકરાચાર્યજી કહે છે કે,

અંગમ ગલીતમ પલીતમ મુંડમ દસન વિહીનમ જાતમ તુંડમ
વૃધ્ધો યાતી ગૃહિત્વા દંડમ તડપિન મુશ્ચત્યાસા પિંડમ

શરીર ક્ષીણ થઇ ગયું. વાળ ધોળા થઇ ગયા. દાંત પડી ગયા એવી અવસ્થા ઉપર પહોંચ્યા પછી પણ અગર ઇશની કૃપા ન હોય તો વિષયો પીછો છોડતા નથી. જેવી રીતે હાથીનું બચ્ચું પોતાની માઁ થી છુટું પડી ગયા પછી એને હિંસક પ્રાણીઓ ઘેરી લે છે. તેવી રીતે મનુષ્ય જો સત્સંગ ના પ્રભાવમાંથી બહાર નીકળી જાય તો એને વિષય-વાસના રૂપી હિસંક પ્રાણીઓ ઘેરી લે છે. એમાંથી નીકળવા માટે મકકમ મનોબળ હોવું જોઇએ. તથા વિચારોની વારસાગત મુડી હોવી જોઇએ જે ઓધવરામ પાસે હતી. મુંબઇમાં જયાં નોકરી કરતાં હતાં ત્યાં એમને સંપૂર્ણ વહીવટ સોંપી મુંબઇને રામ રામ કરી માઁ યાગબાઇને પત્ર દ્વારા જણાવીને સવંત ૧૯૬૭ના શ્રાવણ માસે વીસ વરસના યુવાન ઓધવરામે વાટ પકડી હમલા (મંઝલ) દ્વારાની

ગુરૂ મિલા તો સબ કુછ મિલા ઓર મિલા ન વ કોય
સુત, દારા અરૂ લક્ષ્મી વો તો સબકે ઘરમેં હોય

ઓધવરામ હમલા દ્વારે આવ્યા ત્યારે ત્યાંની ગુરૂ ગાદી પર પરમપરાનાં પાંચમાં ગુરૂ તરીકે વેદ પારંગત સાધુ પુરણરામજી હતા. એમણે પ્રથમ દ્રષ્ટિએ ઓધવરામની ભિત્તર રહેલી સાધુતાને પારખી લીધી. તેથી સવંત ૧૯૬૭નાં શ્રાવણ માસે વેદવિધીવત્ મંત્રોચ્ચાર સાથે કંઠી બાંધીને પોતાના શિષ્ય તરીકે સ્થાપિત કર્યા. જેંમજેંમ સમય નીકળતો ગયો તેંમતેંમ ઓધવરામજી આશ્રમની જવાબદારીઓ ઉપાડતા ગયા. જેના લીધે પુરણરામજી આશ્રમનાં સેવકો -સાધકો તથા વિદ્યાર્થીઓ કરતાં વધારે પ્રેમ ઓધવરામજી ઉપર કરતા હતા. એમની જીજ્ઞાસાવૃત્તિ તથા ધર્મભાવનાના ગુણોને પારખીને સાધુ પુરણરામજીએ ઓધવરામજીને અઢી વરસમાં શબ્દરૂપાવલી, ધાતુરૂપાવલી અને પંચબંધની શિક્ષા દ્વારા વેદ પારંગત કર્યા. પોતે ગુણગ્રાહી શકિત ધરાવતા હોવાથી ગુરૂજીના મુખમાંથી જે પણ શબ્દ નીકળે એ સાંભળ્યા તથા સમજયા વગરના થઇને વ્યર્થ જતા નહિ. ઓધવરામનું વિદ્યાપ્રેમ તથા સેવાવૃત્તિને ધ્યાનમાં રાખીને પુરણરામજી હમેશાં તેને પોતાની સાથે રાખતા હતા તથા એક વખત સિંધ પણ સાથે તેડી ગયા હતા. સાધુ પુરણરામજીના ધનવાન શિષ્યો ચારે તરફ ફેલાયેલા હતા. તેથી તેઓ આશ્રમમાં રોકાવા કરતા વધારે સમય તેઓ પગલાં અને પધરામણીમાં વિતાવતા હતા. એનો ઠાઠમાઠ રૂઆબ અને જહોજલાલી રાજયોગી જેવી હતી. એની છડીના બે છેડા ચાંદીથી મઢેલા રહેતા. એનું ખડતલ શરીરને તેજસ્વી મુખાકૃત્તિ જોઇને સૌ કોઇ અંજાઇ જતા હતા. એમની સામે અગર કોઇ શિષ્યને સત્યની રજુઆત કરવી હોય તો પણ તે કરી શકતો નહિ. એના મોઢામાંથી જે હુકમ છુટે એનો પાલન થવું જ જોઇએ એવો એનો આગ્રહ રહેતો. ધનવાન શિષ્યોના ઘેર પધરામણીઓ થવાથી એમની પાસે દક્ષિણાનું પ્રમાણ પણ ખુબ મોટું થતું હતું. જે સાધુ પોતાની જાતને ઓળખી શકતો નથી એ સાધુ પગલા, પધરામણી, પ્રણામ, પ્રસંશા, પુષ્પહાર અને પૈસા પાછળ બહુ દોડે છે. અને અંતે સ્વયંમ પોતાની જાતને ઉંડી ગર્તામાં ધકેલી દે છે.

"તુંડે તુંડે મતિ ભીન્ન"

ભગવાને સૌને વિચારવાની શકિત અલગ-અલગ રીતે આપી છે. સૌથી પહેલા વાતાવરણ તૈયાર થાય વાતાવરણના પ્રભાવથી સ્વભાવ બને અને અંતે સ્વભાવ વિચારોમાં રૂપાંતર થાય. સાધુ પુરણરામનાં વિચારો તથા એમનો ઘંમડી અને મિજાજી સ્વભાવ ઓધવરામજીને બિલકુલ માન્ય ન હતું. પણ મને કમને ચલાવી લેવું પડતું હતું. એક વખત સાધુ પુરણરામજી મુંબઈ સ્થિત ધનવાન શિષ્યોના આગ્રહને માન આપીને ઓધવરામજીને સાથે તેડી મુંબઈ ગયા. મુંબઈની ઝાકઝમાળ વ્યવસ્થા એમને ખુબ પ્રિય હતી. જયાં એમનો રાતવાસો હોય ત્યાં સજી-ધજીને આવેલા ચેલાઓની ખુબ ભીડ થતી. આખી રાત દર્શન તથા આશીર્વાદની છુટા હાથે લ્હાણી થતી !!! વૈરાગ્ય તરફ ઢળી ચુકેલા ઓધવરામજી સાધુ પુરણરામનું ઉપરોકત વર્તન જોઈને ખુબ તાણ અનુભવતા કારણ કે એકાંત પ્રિય એવા ઓધવરામજીને ધમાલીયું તથા ઘોઘાટીયું વાતાવરણ જરાય પસંદ ન હતું. સંત એકાંત નામની નગરીમાં રહે છે. પુરણરામ એક વખત મુંબઈ આવે પછી પાછા આશ્રમમાં જવાનું ઓછું વિચારતા એ સ્થિતીને ધ્યાનમાં રાખીને ઓધવરામજીએ પુરણરામ પાસેથી પાછા કચ્છ જવા માટે રજા માંગી પણ પુરણરામજીએ રજા આપી નહિ. કારણ કે ઓધવરામ જેવો ગુણકારી, આજ્ઞાકારી તથા સેવાવૃત્તધારી ચેલો એને માંડ માંડ મળ્યો હતો. ઘર છોડીને ભાગી આવેલા ચેલાઓ તો ઘણાં મળે. પણ ઓધવરામજી જેવો કહ્યાગરો ચેલો મળવું એ ગુરૂ માટે ભાગ્યની વાત છે. ઓધવરામજીએ વિચાર્યુ કે અગાઉ મેં એક વખત મોહમયી નગરી મુંબઈમાં ફસાઈ જવાની ભુલ કરી છે. હવે એ જ ભુલ બીજી વખત થાય છે. જે ન થવી જોઈએ. પહેલી ભુલ તો ઈશ્વરની કૃપાથી સુધરી ગઈ પણ હવે જાણી જોઈને કરેલી ભુલને સુધારવા કયો ઈશ્વર આવીને મને મદદ કરશે ? અજાણપણામાં કરેલા કર્મને ભુલ કહેવાય એ જ ભુલ બીજી વખત કરો તો ગુનો થયો કહેવાય. ત્રીજી વખત કરો તો દોષ કહેવાય એજની એ જ ભુલ, ચોથી વખત કરો તો અપરાધ કહેવાય અને પાંચમી વખત કરો તો પાપ કહેવાય. જે કયારે પણ માફ થાય નહિ મનુષ્યનાં જીવનમાં ભુલોની પરમપરા સર્જાય નહિ એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. પછી તો હિંમત એકઠી કરીને પોતાનાં વિચારો ભાનુશાલી જાદવજી રતનશીની પાસે રજુ કર્યા અને એમની પાસેથી રૂપિયા ૧૦.૦૦ લઈ પુરણરામને કયા વગર સવંત ૧૯૭૦માં સ્ટીમ્બરમાં બેસીને વતન કચ્છ તરફ રવાના થયા.

ગુરૂ કે શરણમેં જાકે જીવન સમર્પણ કરના
ફીર તો "ભગતરામ" નીત રિત પ્રિત સેં રહેના
ગુરૂકૃપા સે તુજે મીલેગા રસ્તા વાંઢાય ધામ દરસન હો શ્રીરામ કા

નીતિથી કમાવશું, રીતિથી વાપરશું અને પ્રિતીથી રહેશું તો સદગુરૂના શરણમાં નિશ્ચય સ્થાન મળશે. અને ખરેખર ઓધવજીરામજીને વાંઢાય જવાનાં દેવી સંકેત મળ્યા !!! આ બાજુ સવારનાં સૌની નઝર સામે ઓધવરામજીની ગેરહાજરી દેખાવા માંડી સૌ કોઈ વિચારમાં પડી ગયા કે ઓધવરામ કયાં ગયા હશે ? પુરણરામની આજ્ઞાથી જુદાજુદા સ્થળ રહેતા એમનાં શિષ્યોના ઘેર શોધવાની પ્રક્રિયા શરૂ થઈ પણ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા પુરણરામના શિષ્યોમાં ગમગીની છવાઈ ગઈ. સૌ કોઈ મુંઝવણમાં પડયા કે, ઓધવરામને શોધવા તો શોધવા કયાં ? અને પછી તો તર્ક-વિતર્કોની આપ-લે થઈ ઈશ્વરને જે માન્ય છે તે થઈને જ રહેશે.

સંત તુલસીદાસજી કહે છે, હોઈ સોઈ જો રામ રચી રાખા
કાહે તર્ક વિતર્ક બડાવત શાખા

ભકત કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે કે ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના ભલે કરીએ કોટી ઉપાય જીવનમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય તોજ તમેં સંસારનો ત્યાગ કરી શકો. ત્યાગ કરવા પાછળ વૈરાગ્યની મોટી ભૂમિકા છે. ઘણા માણસો ઘરછોડીને જંગલમાં બાવા બનીને રહે છે પણ અંતે પાછા ઘરે જ આવે છે. કારણ કે ઘર ત્યાગ પાછળ વૈરાગ્યનું પીઠબળ હોવું જરૂરી છે. એ નથી હોતું !!! પછી તો એ બાવાની ધોબીના કુતરા જેવી દશા થાય છે. ધોબીનો કુતરો નહિ ઘરનો નહિ ઘાટનો.

આગબોટમાં બેસી ગયા પછી ગુરૂજીને કહ્યા વગર ચાલ્યા જવા બાબતે ઓધવરામને બહુ અફસોસ થયો. વળી મનમાં વિચાર આવ્યો કે એમાં મે શું ખોટું કર્યુ છે ? મને ભલે સફળતા મળી નહિ પણ ગુરૂજી પાસેથી રજા લેવાના મેં પ્રયત્નો તો કર્યા જ હતા ને ? મેં સ્વયંમ મારી જાતને ભોગવાદમાંથી ઉગારવાની કોશીષ કરી છે. એમાં ખોટું

પણ શું છે ? ડુબતો માણસ તણખલાંને બાઝે એ જ એનો ધર્મ છે. એવા પ્રકારના પ્રયત્નો તો દરેક વ્યકિતએ કરવા જોઈએ. અને રહી વાત ગુરૂજીની હું એને ચોકકસ સમજાવી લઇશ કારણ કે એમનો મારા ઉપર અત્યંત પ્રેમ છે. **પ્રેમનો વેપાર કોઈ દિવસ નિષ્ફળ જતો નથી.** થોડી વાર રહીને ફરી એક વિચાર આવ્યો કે અનિશ્ચત બુધ્ધીના કારણે તર્ક-વિતર્કો કરવા કરતા સંપૂર્ણ ઘટનાને ઇશ્વરના ભરોશે છોડી દઇએ તો ઇશ્વર જરૂર મદદ કરશે. બહુ વિચારો કરીને કારણ વગરની આંટી ઘુંટીઓમાં મનને ફસાવવો જોઇએ નહિ. જે થવાનું હશે તે થશે. ઇશ્વર ઇચ્છા બલવાન અચાનક બચપણમાં માતાજીએ ગાયેલા ભજનનાં સ્મરણો તાજા થયા.

રાગ : ભીમલાસ તાલ - ત્રીતાલ

સબ સોંપ દીયા ઇસ જીવન કા સબ ભાર તુમારે હાથો મેં
હૈ જીત તુમારે હાથો મેં હૈ હાર તુમારે હાથો મે ...અબ૦
મેરા નિશ્ચય બસ એક હી હૈ એક બાર તુમેં પા જાવું મેં
અર્પણ કર દું ઇસ જીવન કા સબ પ્યાર તુમારે હાથો મેં ...અબ૦
જો જગ મે રહું તો ઐસે રહું જ્યોં જલ મેં કમલ કા ફૂલ રહે
મેરે ગુન અવગુન સમર્પિત હો કીરતાર તુમારે હાથો મેં ...અબ૦
જબ જબ સંસાર કા કેદી બનું નિષ્કામ ભાવ સે ભકિત કરૂં
ફીર અંત સમય મે પ્રાણ તજું સાકાર તુમારે હાથો મેં ...અબ૦
મુજમેં તુજમેં બસ ભેદ યહી મૈં નર હું તું નારાયણ હો
મૈ હું સંસાર કે હાથો મેં સંસાર તુમ્હારે હાથો મેં ...અબ૦
યહી માનવ કા મુજે જન્મ મીલે મૈં તવ ચરણોકાં પુજારી બનું
ઇશ પુજનકી એક રગ રગકા હો તાર તુમ્હારે હાથો મેં ...અબ૦

અનુભવ સિધ્ધ સંતોએ રચેલા ભજનના પ્રભાવથી ઓધવરામનું મન ધીરે ધીરે શાંત થતું ગયું અને બુધ્ધિમાં સ્થિરતા આવતી ગઇ. **સંતો પાસે સ્વયંમને સમજાવી શકવાની શકિત હોય છે.** જેવી રીતે

:- શરદ સી સુવે વાદળા ગયા જળ નદી તણા નીતરા થયા
ગગન સી સુવે ચંદ્રમાં ઝરી રસ ભરી રમે રાસ ગુર્જરી

શરદ પૂર્ણિમાંની રાત્રે વરસાદના વિદાય લીધા પછી આકાશ નિર્મળ અને સ્વચ્છ દેખાય છે. એ સમયે ચંદ્રના પ્રકાશમાં નાના નાના વાદળાના સમૂહો એવી રીતે આકાશમાં ફરતા હોય છે કે... જાણે ગુર્જર કન્યાઓ રાસ રમી રહીછે. એવી રીતે ઓધવરામનું મન સ્વચ્છ અને નિર્મળ થતું ગયું. અને માનસપટ વિશાલ અને ખુલ્લો થતો ગયો.સૂર્યનારાયણ ધીરે ધીરે પોતાનું સ્થાન લઇ રહ્યા હતા. સંધ્યાનો સમય થયો. એ સમયે ઓધવરામજી આગબોટની ક્ષતિજ ઉપર ઉભા રહીને સાગરની વિશાળતાનો અભ્યાસ કરી રહ્યા હતા. અને પોતાનાં વિશાળ હ્દયમાં એમને ભાવી આયોજનો તથા ક્રાંતિના નવા નવા માર્ગો આંખ સામે તરવરવા લાગ્યા. સાગરના ઘુઘવાટા નિર્ધારીત સંકલ્પો દ્રઢ હોવા જોઇએ એવું સુચવતા હતા. ધીરે ધીરે પવનની ગતીમાં થોડો વધારો થતો ગયો. આજે સાગરમાં હતો એના કરતા વધારે ઉત્સાહ દેખાતો હતો. નીરવ શાંતિ વચ્ચે પ્રવાસીઓ સૌ ખાઇ-પીને નિશ્ચિત થઇને સુવાની તૈયારી કરતા હતા. ખલાસીઓ સૌ પોતપોતાનાં કાર્યમાં વ્યસ્ત હતા. રાતના અગીયાર વાગ્યા ત્યારે સૌ નિંદ્રા વશ થયા પણ **મહાપુરૂષને ઉંઘ ક્યાંથી મહાપુરૂષો સતત સકારાત્મક સોચના સપનાઓમાં વિચરતા હોય છે. કવિ કહે છે.**

રોને કે બાદ મિત્ર બૌત આતે હૈ, લેકીન મિત્ર ઉસે કહતે જો રોને નહિ દેતે
સોને કે બાદ સપને બૌત આતે હૈ લેકીન સપના ઉસે કહતે જો સોને નહિ દેતે

સામાન્ય માણસોના સપના ઢંગઘડા વગરના હોય છે. જે કદી સાકાર નથી થતાં જયારે મહાપુરૂષોને આવેલા સપના સાકાર થયા વગર રહેતા નથી. સાચા સપના ઉંઘમાં નથી આવતા પણ જાગૃત અવસ્થામાં આવે છે. જીવનમાં જાગૃતિ હોય તો જ સપના સાકાર થાય. સુતેલા માણસના સપના પણ સુતેલા હોય છે. જેનું જીવન ઉત્સાહથી ભરપુર છે. એને દિવસમાં (જાગૃત અવસ્થામાં) સપના આવે. નીરવ શાંતિ વચ્ચે કુદરતને સંતની કસોટી કરવાનું મન થયું. જેવી રીતે શુધ્ધ સરોવરના જળમાં વજનદાર પથ્થર નાખવાથી સરોવરનું પાણી ડોહળાઇ જાય એવી રીતે આગબોટમાં અજુગતા એંધાણના અણસાર આવવાથી સૌની શાંતિમાં ભંગ પડયો. અને માણસો સૌ ઉંઘમાંથી ઉઠીને આમ તેમ ભાગવા માંડયા. ઓધવરામજીને પણ કંઇક સમીકરણો બદલાઇ રહ્યા છે. એના સંકેતો મળ્યા. પવનની ગતીમાં વધારો થયો અને આગબોટ હાલક-ડોલક થવા માંડી. ખલાસીઓએ સુચના આપી કે સૌ સાવધાન રહેજો દરિયામાં તોફાન આવી રહ્યુ છે. પ્રચંડ મોજાંઓની થપાટથી પ્રવાસીઓ સ્થિર રહી શકતા ન હોતા. અને પ્રવાસીઓનો સમાન એકબીજા સાથે અથડાવા લાગ્યો. ઘડીભર માટે તો એવું લાગ્યું કે, કોઇ રાક્ષસ આવીને આગબોટને નીચેથી ઉથલાવી રહ્યું છે. મોજાંઓની થપાટ ઝીલવા માટે ખલાસીઓ ચારે તરફ કંતાન બાંધી રહ્યા હતા. સૌ કોઇ પોતાના બાળકોને બચાવવા માટે સલામત જગ્યા શોધી રહ્યા હતા. ભયની સ્થિતી વચ્ચે સૌ કોઇ દિશા શુન્ય થઇ એક બીજામાં અથડાતાં હતા અને આક્રંદ કરતા હતા. આફત વેળાએ કોઈપણ માણસની સ્થિતી બદલાઇ જાય છે. પ્રવાસીઓએ વિચાર્યુ કે, હવે બચવાની કોઇ આશા રહી નથી. પણ એમને એ ખબર નથી કે આજે એક આશાવાદી અમર પુરૂષ તમારી સાથે છે. !!! ભયના ઓથાર નીચે ડરી રહેલા પ્રવાસીઓને ઓધવરામજીએ સમજાવતાં કહ્યું કે, હવે તમેં સૌ નાશ-ભાગ બંધ કરો અને એક જગ્યાએ સ્થિર બેસીને પ્રભુનું નામ સ્મરણ કરો. દોડધામ કરવાથી પ્રશ્ન હલ થવાનો નથી. એના માટે જોઇએ મકમ મનોબળ એક કવિ કહે છે,

સમદંર સેં જો ટકરાય ઉસે તુફાન કહતે હૈ
ઓર તુફાન સેં જો ટકરાય ઉસે યુવાન કહતે હૈ.

આજે એવા એક યુવાનની જીદંગી સાથે બધાં પ્રવાસીઓની જીદંગી જોડાયેલી હતી. ઓધવરામજીએ કહ્યું સૌ ચિંતા મુકત થઇને મારી સાથે પ્રાર્થનામાં જોડાઇ જાવ. પ્રાર્થનાની શરૂઆત ઓધવરામજી એકલાથી થઇ પણ ધીરે ધીરે એમાં પ્રવાસીઓ, ખલાસીઓ ચાલકો, સંચાલકો બધા જોડાતા ગયા.

રાગ : દેશ હળવી ચલતી

મનવા ચિંતા છોડ તમામ ભજી લે રામ રામ રામ
સૌનો રખવાળો છે રામ ભજી લે રામ રામ રામ ...ટેક૦
ડગમગ ડગમગ થાયે મારૂં મધ દરિયામાં વ્હાણ ...ભજીલે૦
શ્રધ્ધાને વિશ્વાસથી થાયે સૌના પુરણ કામ ...ભજીલે૦
જનની ના ઉદરમાં જેણે પોષ્યા જીવન પ્રાણ ...ભજીલે૦
કીડીને કણ હાથીને મણ આપે મારો રામ ...ભજીલે૦
રામ વિના આ જગમાં બીજો કોઇ ન આવે કામ ...ભજીલે૦
ચિત્તમાં ચિંતન મનમાં માધવ રૂદીયે રાધે શ્યામ ...ભજીલે૦
તારા હાથમાં સોપ્યું મારા જીવનનું સુકાન ...ભજીલે૦
સંતાપો સમી થાય ''ભગતરામ'' અંતરમાં આરામ ...ભજીલે૦

ધીરે ધીરે પ્રાર્થનાની પૂર્ણાહૂતી થઇ અને સમુદ્ર શાંત થયાના અણસાર આવ્યા મોજાઓ પોત પોતાની જગ્યાએ સ્થિર થવા લાગ્યા. ઘુઘવાટાના ડરામણા અને બિહામણા અવાજોનું ગીતમાં રૂપાંતર થતું ગયું. થોડીવારમાં તો જાણે કાંઇ જ નથી બન્યું એ સ્થિતી ઉપર આવીને આગબોટ ઉભી રહી અશકયતાને શકયતામાં પલટાવી નાખનાર યુવાન ઓધવરામજીના નાના-મોટા સૌ કોઇ ચરણસ્પર્શ કરવા લાગ્યા. સૌ પ્રવાસીઓએ કહ્યું ઓધવરામજી આપ ખરાં અર્થમાં સંત છો આપની અમેં જેટલી પણ પ્રસંશા કરીએ એટલી ઓછી છે. દરિયાને શાંત કરી સૌને આપે જીવનદાન આપ્યું. એ ઉપકાર અમે કદી નહિ ભુલી શકીયે. ઓધવરામજીએ કહ્યું હું કરૂં હું કરૂં એજ અગ્યાનતા સંકટનો ભાર જેમ શ્વાન તાણે !!! મે કાંઇ કર્યુ જ નથી દરિયાને શાંત થવા પાછળ આપ સૌની પ્રાર્થનાનું પરિણામ છે.

જેટલી શક્તિ પ્રાર્થનામાં છે એટલી શક્તિ સાગર પાસે નથી. પ્રાર્થનાનો નાદ બ્રહ્મત્વ સુધી પહોંચે છે. શાસ્ત્રો એને નાદબ્રહ્મ કહે છે. આ આગબોટમાં નિરોણાના શ્રીમતી દેવકીબેન વિસનજી નામના એક પ્રવાસી સાથે હતા. તેમણે એક યુવાન છોકરાના મુખમાંથી નાદબ્રહ્મ જેવા શબ્દો સાંભળીને મનોમન નક્કી કરી લીધું કે આ છોકરો નક્કી કોઈ સંત હોવો જોઈએ. દેવકીબેન ને ઓધવરામમાં સંતના દર્શન થયા અને મનોમન પોતાના ગુરૂ તરીકે જીવનમાં સ્થાપિત કર્યા ત્યાર પછી પોતાનાં જીવનકાળ દરમ્યાન ઓધવરામજીનાં દર્શન કરવા માટે વાંઢાય આવતા હતા. એક વખત મહારાજશ્રીના ગુણોનું વર્ણન કરતો એક ભજન (સ્વરચિત) મહારાજશ્રીના ચરણોમાં ધર્યો હતો. એમાં પ્રાસનો અભાવ છે પણ ભાવ ને ઠાંસીઠાંસીને ભરવામાં આવેલ છે. મહારાજશ્રી ઈશ્વર રામજી કહેતા હતા કે...

અક્ષરગુણ શુભ અશુભ વધઘટ કલી વિચાર
યે અવધ ગુણ ગાવત લગેન દોષ લગાર

કાવ્ય બનાવતી વખતે અક્ષરો સારાં-નરસા હોય. કલીઓમાં (પ્રાસ) ફેરફાર હોય એ બધું ચાલે. પણ એના ગુણ-વર્ણન તથા ભાવમાં વધઘટ હોવી જોઈએ નહિ.

રાગ : સતી સીતાજી રથમાં બેઠાં

કરી કસોટી દરિયા લાલે ઉછાળ્યા સાગર દેવ
સૌરાષ્ટ છોડી કચ્છ પધારી સાગર મથી આવ્યા
ઓધવે સમર્યા સારંગ રામ ...ટેક.
બોટે તો બગાડી બાજી તોફાન કરી રહ્યું કામ
ઉભા માણસને ધારણા આપી કિશોર વયમાં આપ...ઓધવે.
અંતર કેરી ભકિત ઉભરી લગાવી રામની ધુન
મેરામણે તો માઝાં રાખી ઝીલી સંતની વાણ...ઓધવે.
ધન્ય ધન્ય ભૂમિ તમારી આવ્યા વાંઢાય ધામ
ઈશ્વર રામનાં આશ્ચર્ય દેખી ગુરૂ કર્યા લાલરામ...ઓધવે.
આશ્રમવાસી આપ બનીને સ્થાપ્યા ગુરૂ કુલ દ્વાર
અપંગોની વ્હારે ચડયા કરે અબળા પ્રણામ...ઓધવે.

રચના - દેવકીબેન વિશનજી નિરોણા (કચ્છ)

સાગરનું શાંત થઈ ગયા પછી સવાર સુધી આગબોટમાં ઉત્સવનો રંગ જામ્યો હતો. સવારના નવ વાગે આગબોટ માંડવી બંદરે આવી પહોંચી ઓધવરામજીના ચરણસ્પર્શ કરી સૌ પ્રવાસીઓ ભીની આંખે છુટા પડયા. સૌની મંઝીલ નિશ્ચિત હતી. માત્ર ઓધવરામજીને મંઝીલની ખોજ કરવાની હતી. આત્મા સૌ પરમાત્મા જેને આજે S.M.S. કહેવાય છે. એવી રીતે માતાજી ચાગબાઈ માઁ ને મૌનમાં રહીને ઓધવરામજી સંદેશો મોકલે છે.

રાગ : દેશ તાલ હીંચ

માતાજી મને જાવું વાંઢાય ગામ (૨)
ઓધવ ઓધવ કહીને બોલાવે મને સદગુરૂશ્રી લાલરામ ...માતાજી.
વાંઢાયમાં એક વસે જોગીડો સંતશ્રી ઈશ્વર રામ
ઈશ્વરા સો પરમેશ્વરા કહીને ગાય સૌ એના ગાન ...માતાજી.
માતપિતા પરિવાર ને મિંત્રો સ્નેહી પરમ સુઝાણ
જન્મભૂમિ જખૌને મારા સત સત બાર પ્રણામ ...માતાજી.
માતાજી મને બાવો બની નથી કરવા ખોટાં કામ
રામ ભજનની લાગી મને લગની હું શોધું છે એકાંત ...માતાજી.
કીડીને કણ હાથીને મણ આપે મારો રામ
મન બુધ્ધિ સ્થિર રાખજે મૈયા તારી રક્ષા કરશે રામ ...માતાજી.

કર્મ 'ભગતરામ' ખીલ્યા એના જેમ ખીલે રવિભાણ
વેદનામાંથી વેદ પ્રગટયો જેનું નામ શ્રી ઓધવરામ ...માતાજી.

એવી રીતે માતાજીની આજ્ઞા લઇને ઓધવરામજી કચ્છના તીર્થો રમણીય સ્થળો સાગર, સરોવર તથા સરિતાઓના અભ્યાસ કરતા કરતા નખત્રાણા તાલુકા સ્થિત વાંઢાય દ્વારામાં આવ્યા. ચારેબાજુ ગીરી કંદરાઓથી વીંટળાયેલું શાંત ઇશ્વર સાગર (તળાવ)એની પાળ ઉપર ઘટાદાર વૃક્ષો વનસ્પતિ તથા વેલાઓ જોઇને અહીં પ્રકૃત્તિએ પોતાને ઉજાગર કરવા માટે કોઇ કસર રાખી નથી એવું લાગ્યા વગર રહે નહિ. ઇશ્વર આશ્રમમાં ધર્મનો પ્રભાવ તથા શાંત અને પવિત્ર વાતાવરણ જોઇને ઓધવરામજીએ વિચાર્યુ કે, ભજન કરવા માટે આ એક અતિ ઉત્તમ સ્થળ છે. હે ભગવાન મને અહીં સુધી પહોંચાડવા માટે જરૂર તેં કોઇ અદ્રશ્ય ભુમિકા ભજવી છે.

એક સિતાર વાદક સિતાર વગાડવાને બદલે તાર ઉપર હાથ રાખીને બેઠેલો જોઇ એક શ્રોતાએ પૂછ્યું કે, તારા સાથી કલાકારો તાર ઉપર હાથ ફેરવ્યા કરે છે. અને તારો હાથ સ્થિર કેમ છે ? ત્યારે સિતાર વાદકે કહ્યું કે, બીજા બધા ગોતે છે અને મને જડી ગયો. ઇશ્વર આશ્રમ વાંઢાય માં આવ્યા પછી ઓધવરામજીને સ્થિરતાનો અનુભવ થયો અને અચાનક મીરાંબાઇનું ભજન યાદ આવ્યું.

રાગ : પદાળી તાલ કેરવા

પાયોજી મૈં ને રામ રતન ધન પાયો. (૨) ... પાયોજી.
વસ્તુ અમુલખ દી મેરે સદ્દગુરૂ કીરપા કર અપનાયો. ... પાયોજી.
ખરચ ન ખુટે ચોર ન લુંટે દિન દિન બડત સવાયો ... પાયોજી.
સત કી નાવ કેવટીયા સદ્દગુરૂ ભવ સાગર તરી આયો. ... પાયોજી.
મીરાં કહે પ્રભુ ગિરીધર નાગર હરખ હરખ યશ ગાયો ... પાયોજી.

એ વખતે ઇશ્વર આશ્રમ વાંઢાયની ગુરૂ ગાદી મહારાજ શ્રી ઇશ્વરરામજીના મહાનિર્વાણ પછી શિષ્યોના મત મતાંતર ને કારણે ૧૯૫૩ થી ૧૯૭૦ સુધી ખાલી રહી હતી. આશ્રમનું સંલાચન ઇશ્વરરામના પટ શિષ્ય શ્રી લાલરામજી કરતા હતા. આશ્રમ કટોકટીના કાળ માંથી પસાર થઇ રહ્યું હતું. ત્યારે જ ઓધવરામજીનું આગમન થયું એ સમયે આશ્રમને અકે તટસ્થ વિચારધારા ધરાવતા વ્યકિતની ખાસ જરૂર હતી. આશ્રમમાં પધારીને ઓધવરામજીએ સૌ પ્રથમ ગુરૂ ગાદીને શિષ્ટાંગ દડંવત પ્રણામ કર્યા. ત્યારબાદ શ્રી લાલરામજીને પ્રણામ કર્યા અને પોતાને આશ્રમમાં રહેવાની ઇચ્છા દર્શાવી. લાલરામજીએ કહ્યું, બેટા તું કોણ છે ? કયાંથી આવે છે ? તારૂં નામ શું છે ? તું અહીં સુધી કંઇ રીતે આવ્યો ? તને અહીંયા કોણે મોકલ્યો ? એ બધું મને જણાવ તો ખરો ? ઓધવરામજીએ પોતાની અથ થી ઈતિ સુધીની સઘળી જીવન ધારાનું શ્રી લાલરામજી પાસે વર્ણન કરી બતાવ્યું.

જીદંગી ખુલી અને બંદગી ગુપ્તની વિચારસરણી ધરાવતા શ્રી ઓધવરામજી એ ગુરૂશ્રી પુરણરામજી સાથે ઘટેલી ઘટનાનું સવિસ્તાર વર્ણન કર્યુ. શ્રી લાલરામજી છોકરાની નમ્રવાણી સરળ સ્વભાવ જોઇને સમજી ગયા કે છોકરો છે. તો સંસ્કારી અને સાચા બોલો. પણ એને આપણી પાસે રખાય કેમ ? કારણ કે આ છોકરો જેનો શિષ્ય હતો એવા શ્રી પુરણરામના સ્વભાવથી સૌ કોઇ પરિચીત હતા. એની સાથે બાથ ભીડવીએ જેવા તેવાનું કામ ન હતું છતાંય ઓધવરામજીમાં સદ્દગુણો અને સંસ્કારો જોઇને શ્રી લાલરામજી લલચાઇ ગયા અને પોતાની પાસે રાખવા સહંમત થયા. થોડા દિવસ પછી ઓધવરામ વાંઢાયમાં છે એની ખબર સાધુ પુરાણરામજીને પડી ગઇ. હમલા દ્વારો અને વાંઢાય દ્વારો એક સિકકાની બે બાજુ ગણાય એટલે મુલાકાત તો થવાની જ હતી. થોડા દિવસ રહીને પુરણરામ મુંબઇથી હમલા દ્વારે આવ્યા અને ત્યાર પછી ક્રોધથી ધુંઆ કુંવા થતાં વાંઢાય આવ્યા. ક્રોધ કરવાથી બુધ્ધિનો નાશ થાય છે. એવા વારંમવારે નિવેદનો કર્યા પછી પણ ઉપદેશકો પોતે એ વિચાર ધારાને અનુસરતા નથી. બિલાડી યાત્રા કરવા ગઇ ત્યારે મનથી નકકી કર્યુ કે આજથી હવે હું કોઇની હિંસા કરીશ નહીં !!! પણ આવ્યા પછી એ બધું ભુલી ગઇ. મુળ સ્વભાવને બદલાવવા માટે ઇશ્વરની મદદ માંગવી જરૂરી છે. પુરણરામજી વાંઢાય આવ્યા ત્યારે વધુ ન વિચારતા વધુ ન બોલતા. આવેશમાં આવીને ઓધવરામની છાતી પર ચરણ પ્રહાર કર્યો. અને પછી જડ, મુરખ, અજ્ઞાની જેવા વિશેષણો વાપરીને અનેક કટુ વચનો કહ્યા. પણ ઓધવરામજી જરાય અસ્વસ્થ થયા નહિ કારણ કે, સંત. પ્રકૃત્તિના ત્રણે ગુણોથી પર હોય છે. સંત તુલસીદાસ કહે છે કે આ જગતમાં બીજાનું હિત તથા વિશ્વ કલ્યાણના વિચારો માત્ર સંત

રાગ : આશાવરી

જગતમે સંત પરમ હિતકારી ...(૨)
પ્રભુ પદસે કરાવત પ્રિતી ભરમ મીટાવત ભારી ...જગત મેં.
પરમ કૃપાલુ સકલ જીવ સેં હરિસમ હૈ સુખકારી ...જગત મેં.
ત્રીગુણાતીત રહે તનત્યાગી રીત જગત સેં ન્યારી ...જગત મેં.
''તુલસીદાસ'' સંતન કી સેવા મિલત સ્વયંમ ત્રીપુરારી ...જગત મેં.

શ્રી ઓધવરામનું એક સ્થાઇ સ્વભાવ એ હતો કે કોઇપણ વ્યકિત એમની સામે ઉપદેશાત્મક કે ત્રાસદાયક કટુ શબ્દ પ્રયોગ કરે તો પણ એને એક વખત સાંભળી લેતા. એવી રીતે પુરણદાસના કટુ શબ્દ પ્રહારો સાંભળ્યા પછી નત મસ્તકે કહ્યું કે, ગુરૂ દેવ આપ વિધીના વિધાનને તથા મારા ચાલ્યા જવા પાછળના ઉદ્દેશ તથા લક્ષને સારી રીતે જાણી શકો છો. હું આપને કહ્યા વગર ચાલ્યો ગયો. એ વિધાન આપનું યોગ્ય છે. પણ તે સિવાય મારી પાસે અન્ય કોઇ વિકલ્પ ન હતો. છતાં પણ હું જયાં રહીશ ત્યાં આપનો થઇને રહીશ આપશ્રીએ મને વિદ્યાભ્યાસ કરાવ્યો. તે બદલ હું કાયમ આપનો રૂણી રહીશ. આપના તરફથી મળેલા ઠપકાને ઠપકો નહીં પણ બોધ સમજું છું. મારી દૃષ્ટિએ હમલા દ્વારો તથા વાંઢાય દ્વારો બને સરખાં છે. જેને ભજન કરવું છે એને વળી ભેદ કેવા નરસિંહ મહેતાના સિંધ્ધાત મુજબ સોનું અને કંચન એ બેઉના નામ તથા ઘાટ ભલે અલગ અલગ છે. પણ અંતે તો હેમનું હેમ ભાસે. માટે આપની દૃષ્ટિમાંથી ભેદ કાઢી નાખો. અને મારો જીવન વિકાસ થાય એવા આશીર્વાદ આપો. હું અહીં ઇશ્વર આશ્રમમાં સુખપૂર્વક ભજન કરી શકું એવી મને વ્યવસ્થા કરી આપો. હું તમારાથી દુર છું પણ જુદો તો નથી જ !!! ગુરૂ અને શિષ્ય એક જ જલધારાના બે છેડા છે. એ કોઇ દિવસ એક બીજાથી જુદા રહી શકતા નથી ઓધવરામજી પાસેથી શિક્ષાત્મક તથા ઉપદેશાત્મક શબ્દો સાંભળીને પુરણરામજી જેવા કઠણ હૈયાના માણસના આંખમાંથી આંસુ આવી ગયા. જયાં ચરણ પ્રહાર કર્યો હતો ત્યાં પ્રેમાળ હાથ ફેરવતા ફેરવતા પસ્તાવો કરી રહ્યા હતા અને કહ્યું ઓધવ આપણે અઢી વરસ સાથે રહ્યા પણ હું તને એક દિવસ પણ ઓળખી શકયો નહિ આજે મને તારામાં એક સંતના દર્શન થયા છે. તારી ભીત્તર રહેલી મહાનતાને છુપાવવા માટે તેં ઘણા પ્રયત્નો કર્યા પણ આખરે એને છુપાવી શકયો નહિ

મેકણ દાદાએ કહ્યું છે કે,

ધાબી ધાબી ધાબજે નીંચ નીચાંથીં જીં
બાફ નકરે બાર ત, ઠાં પચેં કીં ?

તારી ઇશ્વર પ્રત્યેની એકાત્મતા દૃઢ વિશ્વાસ તથા સાહસિક વિચાર ધારાને કારણે જગતમાં તારૂં નામ ઘર ઘરમાં ગવાશે એને અનુલક્ષીને શ્રી અચલદાસજી કહે છે,

ઘટ ઘટ જયોત તમારી ઝળકે તેજ તમારૂં સઘળે છલકે

એવો કોઇ હૃદ્ય નહિ હોય જેમાં તારૂં સ્થાન નહિ હોય. તારી ક્રાંતિકારી સમાજ ઉપયોગી તથા ધર્મઉપયોગી વિચાર ધારાને ધ્યાનમાં રાખીને એક દિવસ ઇશ્વર પણ સરનામું પુછીને તારા ઘેર આવશે. એ પ્રમાણેનાં આશીર્વાદ આપીને પુરાણરામજીએ વિદાય લીધી અને એક દિવસ ગુરૂશ્રી પુરણરામજી સાથે ઓધવરામજીના ગાઢ સબંધ હોવાના ફળ સ્વરૂપે સવંત ૧૯૭૧માં શ્રી લાલરામજીના મહા નિર્વાણ પછી ઇશ્વર આશ્રમનાં પાંચમાં ગાદીપતી તરીકે ઓધવરામને સ્થાપિત કર્યા હતા. જેનો સવિસ્તાર વર્ણન ચોથા અધ્યાયમાં કરવામાં આવશે.

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય બીજો

પરંમપરા યોગ



શ્રી હરિહર સંપ્રદાયની સંત પરંમપરા
સંસ્થાપક શ્રી વિહારી સાહેબજી
શ્રી ક્ષેમસાગરજી　　શ્રી ઈશ્વર રામજી
શ્રી લાલરામજી　　શ્રી ઓધવરામજી (પાંચમા ગાદીપતિ)

આશ્રમ સ્થળ

શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાય તા. નખત્રાણા-કચ્છ.
ભુજ થી (પશ્ચીમ) નારાયણ સરોવર જતાં માત્ર રપ કીલોમીટર
ઉપર દેશલપર ગામ આવે છે જયાંથી માત્ર બે કીલો મીટરનાં
અંતરે-વાંઢાય ગામ આવેલ છે. જેની નોંધ લેવી　-ભગતરામ

મંગલા ચરણ

સરસ્વતી માતા શારદા મહેર કરો મનમાંહી
તુમ બીન યહ ગ્રંથી　કયોં છુટે ઘટ માંહી
કયોં છુટે ઘટ માંહી દીપ બીન નાંહી ઉજાલા
જડી ઝંઝીર કી વાડ હુકુમ બીન ખુલેન તાલા
કહે 'વિહારી' કરજોડ　ફેર નહિ અવસર આતા
મહેર કરો મન માંહી શારદા સરસ્વતી માતા

પુત્રકે લક્ષણ પારણે પહચાનીયે

શ્રી વિહારી સાહેબ નું પ્રાગટય આષાઢ વદ બીજ સંવત ૧૮૦૪ માં નિરધારેલ છે. શ્રી હમલા દ્વારાનાં સંસ્થાપક અને વિહારી સાહેબના ગુરૂ શ્રી દેવાસાહેબની આજ્ઞા થી શ્રી વિહારી સાહેબે વાંઢાયમાં આશ્રમની સ્થાપના કરી જે આશ્રમ ''ઠાકર દ્વારો'' તરીકે ઓળખાવા લાગ્યો. ત્યારબાદ નવા દ્વારા ઈશ્વરઆશ્રમ નો શુભારંભ થયો એટલે ઠાકર દ્વારો. જુનું દ્વારો તરીકે ઓળખાવા લાગ્યો. આજે જયાં ઉમિયા માં નું મંદિર આવેલ છે. તેને વાંઢાયના વયોવૃધ્ધ વડીલોમાં ઠાકર દ્વારો તરીકે ઓળખાય છે. શ્રી વિહારી સાહેબને વાંઢાયમાં જ દ્વારો બાંધવાની શ્રી દેવાસાહેબની આજ્ઞા થતાંની સાથે જ ગામના સ્દ્સ્યોએ દ્વારો બાંધવા માટે બે ખેતરો આપ્યા જયાંથી કાર્યક્ષેત્રની શરૂઆત થઈ જે આજે વટવૃક્ષ બનીને ઉભું છે.

શ્રી વિહારી સાહેબનું જીવન ચરિત્ર- લેખક મહોબતસિંહ દરબાર

શ્રી હરિહર સંપ્રદાયના વાંઢાય દ્વારાના સ્થાપક શ્રી વિહારી સાહેબના દાદાનું ગામ માંડવી તાલુકાનું નાના ભાડિયા હતું અને તે જાડેજા(ઘલ) જાતીના ક્ષત્રિય હતા. વાંઢાય ગામ શ્રી વિહારી સાહેબનું મોસાળ હતું. વિહારી સાહેબનો જન્મ વાંઢાયમાં તેમના નાના ના ઘરે થયો હતો. જન્મથી જ વાંઢાયમાં રહેતા વિહારી સાહેબના પિતાજી પણ નાના ભાડિયા છોડી વાંઢાય રહેવા આવ્યા હતા.

વિહારી સાહેબનું મુળ નામ વેરુભા હતું. જેના બાપ દાદાનું કામ સુકી ખેતી તથા પશુપાલનનો વ્યવસાય હતો. તે સમયમાં વાંઢાય કે આજુ બાજુના ગામળામાં ભણવાની સુવિધા ન હોવાથી વિહારી સાહેબ (વેરુભા) પ્રથમ વાછડા ચરાવતા અને ૧૦ વર્ષની ઉંમરે ગાયોનો ધણ લઈ વાંઢાયના શીમાળામાં ગાયો ચરાવતા સંજોગો વસાત એક વખત હમલા મંજલના સંતશ્રી દેવા સાહેબ ભુજ ની ઉતરમાં આવેલા રુદ્રમાતાના દર્શન કરવા ગયેલ જે વળતા વાંઢાયથી ગઢશીશાના માર્ગે પગે ચાલીને જતા હતા ત્યારે બપોરના વાંઢાયના શીમાળામાં વેરોજી (વિહારી સાહેબ) ગાયો ચરાવતા હતા તેમની સાથે પુ. દેવા સાહેબનો ભેટો થયો. દુધ પી સતસંગ કરી હમલા સતસંગ કરવા આવવાનું કીધું વેરુભાએ કહ્યું (વિહારી સાહેબ) દિવસના તો મને ગાયો ચારવી પડે છે. રાતના આપને અનુકુળ હોય તો સતસંગ કરવા આવું. પુ. દેવાસાહેબે હા કરી. તે રાતથી સાંજના વેરુભા પરિવાર સાથે વાળુ કરી ગામની દક્ષિણ બાજુ ગાયોના વાળે સુવા ગયા પથારી પર કળબનો પુળો રાખી તેના પર ગોદડી નાખી મુઠીવાળીને વિહારી સાહેબ (વેરોજી) હમલા બાજુ દોટ મુકી હમલા જઈ પુ. દેવાસાહેબ સાથે સતસંગ કરી સવારના પાછા વાંઢાય પોતાના વાળે આવી કળબનો પુળો જયાં હતો ત્યાં મુકી ઘરે આવ્યા. શીરામણ પી ભાતું લઈ ગાયો ચરાવવા જંગલમાં ગયા જયાં ગાયોને આજ્ઞા કરી કે કોઈના ખેતરમાં ભેલાણ ન કરજો. હું સુઇ જાઉં છું તેંમ કહી વેરોજી સુઇ ગયા સાંજે જાગી ગાયો લઈ ઘરે આવ્યા. આ ક્રમ નિત્યનો થયો જેને બે વર્ષ વિતી ગયા. વેરોજી (વિહારી સાહેબ) ૧૨ વર્ષના થયા ત્યારે તેમના પિતાજી મેળાવડામાં હોકો પીતાં વાત કરી કે મારો વેરો હમણાં ખાતા પીતાં નબળો થાતો જાય છે. ત્યારે ગામના ડગરા જાતીના મેગવાળે કહ્યું તમારા છોકરાના પગ બરાબર નથી તે રોજ રાતના કયાંક જાય છે.

તે જમાનામાં ચારિત્ર પર શંકા મા-બાપ માટે મૃત્યુ મુલ્ય હતું. તેમના પિતાજીને આખો દિવસ ચેન ન આવ્યો. રાતે વાળુ કરી વેરોજી(વિહારી સાહેબ) વાળે સુવા ગયા તેના થોડા વખત પછી પિતાજી મેગવાળની વાતની ખરાઈ કરવા વાળે ગયા. ગોદડો ઉંચો કરીને જુએ તો કળબનો પુળો હતો. તેમના બારે વહાણ ડુબી ગયા. સવારના વિચારોમાં ને વિચારોમાં (ચાર) ૪ કયારે વાગી ગયા તેની ખબર ન પડી ત્યાં તો વેરોજી આવવાનો પગરવ સંભળાયો તેમણે વેરાજીને ઠપકો આપી કહ્યું મારો દિકરો આવો નાદાન ? મારો જન્મારો વ્યર્થ ગયો વેરોજી પગે પડી આખી વાત કરી પણ માને ઇ બીજા. વેરુભાના પિતાજીએ વેરુભાના લગ્ન તાત્કાલીક કરવાનો નિર્ણય લીધો. સગાઈ તાત્કાલીક કરી લગ્ન છ મહિનામાં નકકી થયા. વિહારી સાહેબે પુ. દેવા સાહેબને કહ્યું હવે મારા લગ્ન થશે. આપણો સતસંગ બંધ થશે. હવે મારે શું કરવું ? લગ્નની ના પાડી દંઉ કે ઘર છોડીને ભાગી આવું ? પુ. દેવા સાહેબે વેરુભાના ગળામાં કંઠી બાંધી શાલ ઓઢાળીને કહ્યું કે મારો કોઈ શિષ્ય હજી સુધી નથી. તુ મારો શિષ્ય જા. તને મારા આશીર્વાદ છે. ભગવાન તારી મરજી મુજબ કરશે અને વાંઢાયમાં રહી ભકિત કરજો. મા-બાપની સેવા કરજો. જયાં સુધી મા-બાપ હૈયાત છે. ત્યાં સુધી તેમની સેવા ભકિત કરવી જરૂરી છે. તેનાં મૃત્યુ પછી ભગવાન તમને પોતે રસ્તો બતાવશે. હરિહર કહી વિહારી સાહેબ નામ આપ્યું અને ત્યાંથી વેરોજી વિહારી સાહેબ નામ લઈ વાંઢાય આવ્યા.

વિહારી સાહેબના ધામધુમથી લગ્ન થયા. જતે દહાળે તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. થોડાક વર્ષો બાદ માતાજી તથા પિતાજી દેવલોક પામ્યા. વિહારી સાહેબે ગુરૂ દેવા સાહેબને યાદ કર્યા. હવે મા બાપ નથી તો ભગવાન ને કહો રસ્તો બતાવે. જાણે ભગવાનને વાત સાંભળી તેંમ થોડા દિવસોમાં વિહારી સાહેબની પુત્રી મૃત્યુ પામી અને ત્રણેક મહિના બાદ તેમના પત્ની મૃત્યુ પામ્યા. વિહારી સાહેબ આમ સંસાર મુકત થયા. હવે ગાયો ચારવી અને ભકિત કરવી ભજન ગાવા નવા ભજન બનાવવા ક્રમશઃ ગાયો વેંચી તેમાંથી એક કાવળ બનાવી જેમાં ઘંટડીઓ બાંધી બે બાજુ ઝોલીઓ ટીંગાળી હાલે જયાં હવન કુંડ છે ત્યાં જુનું ઉમિયા માતાજીનું મંદિર હતું. તેની નીચે ભોયરું ગુફા બનાવી (જે ગુફા ભુંકપમાં ઉમિયા માતાજીનું મંદિર ધ્વસ્ત થયા પછી ખોદકામ કરતાં નીકળેલ જે મેં મારી સગી આંખે જોયેલી છે.) તેમાં ઠાકોરજીની પીતળની મુર્તિની સ્થાપના કરી જે હાલના શ્રી ઊમિયા માતાજીના નવા મંદિરમાં ઠાકોરજીની એ જ

મોજુદ છે. અને ગુફામાં ભજન ચાલુ કર્યા ત્યાં દ્વારાની સ્થાપના કરી જેને ઠાકરદ્વારો કહેવામાં આવતો અને ગામના વડીલો આજે પણ ઠાકરદ્વારો જ કહે છે. (જ્યાં ઊમિયા માતાજીનું સ્થાન છે) સવારના કાવળ ખભે રાખી વાંઢાય, સામત્રા, દેશલપુર, મંજલ, કાનપર, સુધી કાવળ વિહારી સાહેબ ફેરવતાં કોઇ ઘેર જઇને માગવું નહી, ટહેલ નાખવી નહી. માત્ર કાવળની ઘંટળીઓ વાગે અને જેને લોટ આપવો હોય તે ઘરની બહાર આવે અને કાવળમાં લોટ નાખી દે. તે લોટમાંથી કુતરાને રોટલા બનાવી ખવડાવતા, તે જમાના માં કાર્તીકી પૂર્ણિમાના મેળામાં સેંકડો દિગંબર સાધુઓ પગે ચાલી નારાયણ સરોવર જતાં તો વાંઢાયમાં વિહારી સાહેબ તેંમને સીધુ અને ધુણા માટે લાકડા આપતા તે જમાનામાં પાણીની અછત હોતા પોતાની ગાયો વેંચી બચેલ પૈસામાંથી હાલનું ઇશ્વરસાગર તળાવ છે. ત્યાં નાની તલાવડી બનાવી જેનું નામ વિહારી સાગર રાખવામા આવ્યું. (કાળ કર્મ તેમાં ખાણેત્રુ સાધ્વી મૈયાજીના પિતાજીએ પુ. શ્રી ઇશ્વર રામજીના કહેવાથી કરાવી તેનું નામ શ્રી ઇશ્વર સાગર પાડેલ) તે તળાવના કિનારે દિગંબરો ધુણા ધખાવી એક રાત રોકાતા. એક વખત પુ. વિહારી સાહેબને કાશી ગંગાજીના દર્શન કરવાનું મન થયું તેઓ ગામના ભાવિક ભકતોને ઠાકોરજીની સેવા તથા કુતરાને રોટલા ખવડાવવાનું કામ સોંપી કાશી યાત્રા કરવા પગપાળા નીકળ્યા. રસ્તામાં આવતા નાના મોટા બધા જ મંદિરના આશ્રમો, સાધુસંતોના દર્શન કરતાં કરતાં ઉત્તર ગુજરાના ઊંઝા ગામે બપોરના પહોંચ્યા. ત્યાં બીરાજમાન માં શ્રી ઊમિયા માતાજીના દર્શન કરવા મંદિરે પહોંચ્યા પણ બપોર હોતા મંદિરના દરવાજા બંધ થઇ ગયા. પુ. વિહારી સાહેબ પુજારીઓને દ્વાર ખોલવા વિનંતી કરી અને પ્રાર્થના કરી કે, મને આગળ જવું છે દર્શન કરું તેટલીવાર દ્વાર ખોલવા વિનંતી કરી પણ પુજારીઓ ટસ ના મસ ન થયા. ત્યારે પુ. વિહારી સાહેબે પુજારીઓને કહ્યું કે અહીંયા બેસીને માતાજીને પ્રાર્થના કરું મારી પ્રાર્થના સાંભળીને માં મને દર્શન આપે તેમાં તો આપને વાંધો નથી ને ? પુજારીઓ મનમાં મલકાયા કે માં આ ચીંથરે હાલને દર્શન આપશે ? પુજારીઓને તો તમાસું થયું કહે કહો માને કે તમને દર્શન આપે. વિહારી સાહેબ દરવાજા સામે બેસી અંતર આત્માથી પ્રાર્થના કરી દરવાજા આપો આપ ખુલી ગયા. પુ.વિહારી સાહેબે દંડવત પ્રણામ કર્યા. અને ગદ્ગદ્ થઇ ગયા. પુજારીઓ તો મોંમા આગળા નાખી દીધા. પુ. વિહારી સાહેબે પુજારીઓને મંદિરના ઓટલે સુવાની રજા માંગી. પુજારીઓએ રજા આપી પૂ. વિહારી સાહેબ ગુરૂ દેવા સાહેબ તથા જગ જનની માં ઊમિયાનું સ્મરણ કરતાં સુઇ ગયા. માં ઊમિયા સપનામાં આવી પોતાની ચુંદડી આપી તથા વિહારી સાહેબને કીધું તમને કાશી જવાની જરૂર નથી. કાશીવાળા કાશી વિશ્વનાથ વાંઢાયમાં પહેલેથી જ મોજુદ છે. અને ગંગાજી પણ તમેં બનાવેલ તળાવ વિહારી સાગરમાં પહોંચી ગયા છે. તેની નિશાની ગંગાજીનું વાહન મગર છે. જો તળાવમાં મગર હશે તો હું વાંઢાય આવી ગઇ છું તેની નિશાની ગુફાની બહાર ઉભેલ કડવા લીંબડાની ઉત્તર બાજુની ડાળખીના પાંદડા મીઠા હોય તો તું સમજ જે કે હું વાંઢાય આવી ગઇ છું. આજથી વાંઢાય કાશી છે. વિહારી સાહેબ જાગ્યા અને જોયું તો માથા પાસે માં ની ચુંદડી ગડ વાળેલી પડી છે. માને દંડવત પ્રણામ કરી પૂ. વિહારી સાહેબ પુનઃ વાંઢાય બાજુ પ્રયાણ કર્યું. ગામમાં આવી તેમણે બનાવેલ વિહારી સાગર તળાવમાં મગર ને કાંઠાં પર બેઠોલો જોઇને વિચાર્યુ કે ગંગા મૈયા આવી ગયા છે. ગુફા પાસે ઉભેલા લીંબડાના ઉત્તર બાજુની ડાળખીના પાંદળા ચાખ્યા તો મીઠા લાગ્યા. માં ઊમિયા આવી ગયા તેથી પૂર્વમાં જયાં ઊમિયા માતાજીએ કીધું હતું તે ધતુરાના છોડવા વચ્ચે શીવલીંગ જોઇ (હાલે જયાં શ્રી ઇશ્વરેશ્વરા મહાદેવનું મંદિર છે.) કીધું કે કાશી વિશ્વનાથ પણ આવી ગયા. મારું ગામ કાશી બની ગયું. રાત્રે વિહારી સાહેબે ગુફાની બહાર લીંબડા નીચે ભજન રાખ્યા. ગામ લોકોને લીંબડાની ઉત્તર બાજુના પાંદડા ખાવા કહ્યું જે ખાય તે બોલે પાંદળા મીઠાં છે. પછી તે જ લીંબડાના દક્ષિણ બાજુના પાંદડા ખાવા કહ્યું તો તે એકદમ કડવા હતા. વિહારી સાહેબે શ્રી ઊમિયા માતાજી ઊંઝાના સપનાની સઘળી વાત કરી. ગામ લોકો તળાવમાં મગર અને ધતુરાના છોડ વચ્ચે સ્વયંમભુ પ્રગટેલ શીવલીંગ જોઇ ભાવ વિભોર બની ગયા. ત્યારથી ગુફામાં ઠાકોરજીની સાથે માં ઊમિયાની પણ મુર્તિની પુજા ચાલુ થઇ. વિહારી સાહેબને એક શિષ્ય હતા. ક્ષેમસાગરજી જે ગઢવી શરીર હતું. તેઓ પણ કાવળ ફેરવતા હતા. એક વખત પૂ. વિહારી સાહેબ જુનાગઢ ભવનાથના મેળામા ગયેલ. ત્યાંથી પાછા ફરતાં એક વાંદરી તેમની સાથે આવેલ જેને પાછી વાળતા પૂ. વિહારી સાહેબે ઘણી કોશીષ કરેલ પણ તે પાછી ન વળી અને વાંઢાય આવી. તે વાંદરી જયારે વિહારી સાહેબ ધ્યાનમાં બેસતા તો તે પણ ધ્યાનમાં બેસતી. પૂ. વિહારી સાહેબ ઉપવાસ કરે તો તે પણ ઉપવાસ કરે. વિહારી સાહેબ પુજા કરે તો તે પણ બે પગે ઊભી રહી હાથ જોડી પુજા કરે. કોઇ પૂર્વજન્મનું યોગી શરીર હશે આમ કરતાં વર્ષો વિતવા લાગ્યા. ગામના કોઇ તીખળ ખોરે વાંદરીની અસભ્ય મજાક કરી બસ તે દિવસથી વાંદરીએ ખાવા પીવાનું છોડી ધ્યાનમગ્ન બેસી રહી. સોળ દિવસે વાંદરીનું મૃત્યુ થયું. જેને ગુફાની અંદર સમાધી

આપવામાં આવી છે. વાંદરીના મૃત્યુ પછી પૂ.વિહારી સાહેબ આ દુનિયાથી દુર રહેવા લાગ્યા થોડા મહિના બાદ એક દિવસ વાંઢાય ગામના સિંઘલ સોઢા દરબારોને ઠાકર દ્વારામા ભજન સતસંગ માટે બોલાવ્યા. રાત્રે ભજનોની રમઝટ ચાલુ હતી.૧૨ વાગે ઠાકરથાળી થઇ પ્રસાદ વહેંચાણો ત્યારે વિહારી સાહેબ હોકો પીતાં તે નાળના મોઢે રાખવાનું કપડું(સાફી) પોતાની કાયમ અલગ રાખતા પણ આજે તે પોતાની સાફીથી બધાં જ ગામ લોકોને હોકો પીવા કહ્યું. ગામના કેટલાક લોકો સંકોચાયા છતાં પરાણે પૂ. વિહારી સાહેબે પોતાની સાફીથી બધાને હોકો પીવડાવી પોઢણીયા ગાઇ વિદાય થતા સર્વેને છેલ્લા હરિહર કર્યા અને સવારના આશ્રમની સંભાળ લેવા કહ્યું. અમુક લોકોને આ વાત મજાક લાગી કે શરીરે થયા તો બરાબર છે. ને કહે છે છેલ્લા હરિહર, આવું કેમ બને ? બીજા દિવસે સવારના વડીલો તથા સમજુ લોકોએ ગુફામાં આવીને જોયું તો ઠાકોરજી તથા માં ઊમિયાની સામે દિવો પ્રજ્વલીત હતો. ધુપ ચાલુ હતું અને જે ગુફામાં વિહારી સાહેબ બેસતા તે આસન પર પોતાનો પહેરવાનો ટોપો પડયો હતો. અને બાજુમાં પત્રમાં પહેરવાની ચાખડીઓ પડી હતી. વિહારી સાહેબ સ્વદેહે અલોપ થઇ ગયા. જે સનાતન સત્ય છે.

ઠાકર દ્વારામાં પ્રાથમિક સ્તરે સામાન્ય કક્ષાનાં બાંધકામ થયા. જેમાં એક પછી એક ધાર્મિક ક્રિયાઓ મન પૂર્વત થતી ગઇ વિહારી સાહેબના મુળ સ્વભાવમાં કવિત્વ રમતો હતો. જે વિષયને ધ્યાનમાં લઇને કવિતાનો વિષય દ્રઢ અને મજબુત થાય એ હેતુથી કચ્છ ખાખરમાં રહેતા કવિશ્રી ઉનડજી પાસેથી પીંગળશાસ્ત્ર ભણ્યા. એમ કરતાં કરતાં કાવ્ય રચનામાં પારંગત થતા ગયા આગળ જતાં સદગુરૂ સ્તવન માલા તથા સંધ્યાપાઠની સ્વંયમ રચના કરી જે સંધ્યાપાઠ આજે પણ હરિહર સંપ્રદાયના પ્રત્યેક આશ્રમોમાં અચુક ગવાય છે. વિહારી સાહેબ કહેતા હતા કે કવિતા એક દૈવી શકિત છે. તથા વેદનો અંગ છે. કવિતાનો સર્જક અને જગતનો સર્જક એ-બે મને એક સરખા લાગે છે. એનું સવિસ્તાર વર્ણન કરતા વિહારીસાહેબ કહે છે કે,

શું: કવિ કો સોઇ જાનો કાવ્ય સૃષ્ટી કરતાર
પાલત પોષત લય કરત નિજ ઇચ્છા અનુસાર

ધીરે ધીરે તથા વિહારી સાહેબના કર્મયોગે કરી દર્શનાર્થીઓ સેવકો તથા શિષ્યોમાં ઉત્સાહનો સંચાર થયો. વિહારી સાહેબના ચાર શિષ્ય હતા.

પ્રથમ શિષ્ય શ્રી હરિદાસજી
દ્વતીય શિષ્ય શ્રી ક્ષેમસાગરજી
તૃતીય શિષ્ય શ્રી રાઘવદાસજી
ચતુર્થ શિષ્ય શ્રી નારાણદાસજી

પ્રખર જ્ઞાની હોવાથી સૌ સાથે રહીને આશ્રમનું સંચાલન સુવ્યવસ્થિત કરતા હતા. વિહારી સાહેબના ગુરૂશ્રી દેવાસાહેબ અવાર નવાર બિમાર પડતા હોવાથી વિહારી સાહેબને હમલા વધુ રહેવું પડતું હતું. જે આશ્રમમાં સત્યનો ભાવ છે. એ આશ્રમને ચલાવવો નથી પડતો. સ્વયંમ ચાલતો હોય છે. જે આશ્રમોના મઠાધિપતીઓ, મહંતો અથવા ગુરૂઓ સાધનામાર્ગી હોય એ આશ્રમ અન્યો માટે સકારાત્મક ભૂમિકા નિભાવે છે. જ્યાં સુખ સગવડનો સંપુર્ણ અભાવ હોય એજ આશ્રમ સાધના કેન્દ્ર બની શકે છે. અને જે આશ્રમમાં હ્રદયપૂર્વક ગાયોની સેવા થાય છે ત્યાં દુષણો ઉદભવતા નથી. વિહારી સાહેબ ગાયોની ખુબ સેવા કરતા હતા. એટલું જ નહી ગાયોને ચરાવવા જાતે જ જતા હતા. આજે સૌથી વધારે દુઃખની વાત એ છે કે વિહારી સાહેબનું સાધના કેન્દ્ર ગુફા તથા યોગ ભ્રષ્ટ વાંદરીનું સમાધી સ્થળ તથા વિહારી સાહેબનું મહાપ્રયાણ સ્થાનના ક્યાંયે દર્શન થતા નથી. એક પુસ્તકમાં ચંદુભા જાડેજા એ લખ્યું છે કે એમના સ્મરણોની યાદ હરિહર સંપ્રદાયના ભકતોને આપવી જોઇએ. અને સંસ્થાપકોનું સ્મારક હોવું એ સંપ્રદાયની આચાર સંહિતામાં આવે છે. જેણે આપણા માટે કર્યું એના માટે આપણે શું કર્યું ? એ આપણી સામે એક સણસણતો સવાલ છે જેનો જવાબ આપવો જ ઘટે.

નામ મિલાવે રૂપ કો જો. જન ખોજી હોય

એક વખત વિહારી સાહેબ પોતાના મિત્ર કમાલશા પીર સાથે વાંઢાયથી હમલા દ્વારે જતાં હતા. રસ્તામાં એક લીલા ઝાડવાની ઘટા વચ્ચે એક સુકા ઠુંઠાને જોઇ કમાલશાએ વિહારી સાહેબને કહ્યું કે, લીલા ઝાડવા વચ્ચે એક સુંકુ ઠુંઠું જરાય સારું નથી લાગતું. આપ કંઇ કરી શકતા હોતો કરો. વિહારી સાહેબે કહ્યું કમાલશા ''પીર''નો દરજજો આપની

પાસે છે. મારી પાસે નથી હું તો એક સામાન્ય માણસ છું. આપ અગર ધારો તો સુકા વનને લીલુંછમ બનાવી શકો છો. ત્યારે કમાલશા એ કહ્યું,

કીત સુકા કીત નીલા કો મરે કો જીએ
ઈ કરામત કુદરતજી કમલ વટા કુર થીએ ?

એવું સાંભળીને વિહારી સાહેબે કહ્યું કમાલશા તને નામના મહિમાની ખબર નથી. નામમાં મોટામા મોટો ગુણ છે. તને જે દેખાય છે. એવા તો અનેક હુંડાને લીલાછમ કરવાની હરિનામમાં શકિત છે. તું પીર છે તે છતાંય તને હરિનામમાં કેટલી શકિત છે એની તને ખબર નથી.

નામ મિલાવે રૂપકો જો જન ખોજી હોય
જબ નામ રૂપ રૂદ્યે બસે ફીર છુધા રહેન કોય

વિહારી સાહેબ આગળ જતાં કહે છે. કમાલશાં પીર હોય કે કોઈ ફકીર હોય સંત હોય કે ભકત હોય સાધુ હોય કે સંન્યાસી હોય પણ એને ઈશ્વરના નામ ઉપર-ઈશ્વરના કામ ઉપર-તથા ઈશ્વરના ધામ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. નામના મહિમાનું વર્ણન કરતા એક કવિ કહે છે,

રાગ : પહાળી તાલ - હીંચ

જપ લે હરિકાનામ મનવા તું જાપ લે હરિકાનામ
ઉસકે નામ સેં બન જાયગેં તેરે બીગડે કામ તમામ મનવા ...ટેક
નામ કો યે ધન હૈ તેજો નિર્બલ કો બલવાન બનાહે
નામ હી નર કી નારાયણ સેં એક પહચાન કરાહે
મતલબ એક હૈ રામ કહો યા કહેદો રહેમાન મનવા ...જપ
સુરજ ચાંદ સિતારે પલ ક્ષીન નદીયાં તાલ સમંદર
નામ કે બલસેં હી ચલતા હે યે ધરતી યે અંબર
નામહી લેકે દીન ઉગતા હૈ નામ સેં ઢલતી શામ મનવા ...જપ
સપને કો તું અપના સમઝે રેત મેં મહેલ બનાયે
પરછાયો કે પીછે ભાગે હાથ કછુ નવ આવે
નામ પેડ કે છાંવ તલેતું કરના કુછ વિશ્રામ મનવા ...જપ

આગળ જતાં શ્રી વિહારી સાહેબ કમાલશાને કહે છે,

મન કે મનન વિલાસતે જો ઉપજત હૈ જાન
તાહીકો સંત જાનવો યહી બડો અજ્ઞાન

જે વ્યકિત પોતાના મનથી પોતાને સંત સમજતો હોય તથા અનુભવનો આધાર લીધા વગર જે મોઢામાં આવે એવું જ્ઞાન પ્રદર્શીત કરતો હોય તથા પોતાનાં નામ આગળ અનેક પ્રકારના ઉપનામ લગાડતો હોય તથા અપૂર્ણ હોવા છતાંય પોતાને પુર્ણ સમજતો હોય એવા ને પીર, ફકીર, અથવા તો સંત સમજવો. એ જ મોટામાં મોટું અજ્ઞાન છે. એટલું કહીને વિહારી સાહેબજીએ પોતાની સાથે રાખેલ જલપાત્ર માંથી પાણીની અંજલી ભરીને સુકા ઠુંઠા ઉપર છાંટીને બને મિત્રો હમલા ધ્વારે ગયા. પાછા વળ્યા ત્યારે સુકું ઠુઠું લીલોછમ થઈને એક ઝાડ સ્વરૂપે ઝુમી રહ્યો હતો. ત્યારે વિહારી સાહેબે કહ્યું કે કમાલશા જો આ છે નામનો મહિમા !!! કવિશ્રી ઇંશરદાન કહે છે કે,

નારાયણ કે નામ કી પડી બુઢ પણે પિછાન
બાલાપન જોબન વખત યે દીન ગયે અજાન

ઈશરદાન કહે છે કે અમને "નામ" ની ખબર તો પડી પણ જરા મોડું થઇ ગયું હતું તેથી અમારો બાળપણ તથા યુવાની એળે ચાલી ગઈ. એક કવિ , જીવનમાં સાવધાની વર્તવાની સલ્લાહ આપતા કહે છે કે,

રાગ : ભીમપ્લાસ : તમેં ભાવે ભજીલ્યો ભગવાન જીવન થોડું રહ્યું

કંઈક આત્મા નું કરજો કલ્યાણ જીવન થોડું રહ્યું ...તમેં.
એને દીધેલા કોલ તમેં ભુલી ગયા
જુઠી માયાને મોહમાં ઘેલા થયા
ચેતો ચેતો શું ભુલ્યા છો ભાન જીવન થોડું રહ્યું ...તમેં.
બાલપણને યુવાનીમાં અર્ધુ ગયું
નહિ ભકિતના મારગમાં ડગલું ભર્યું
હવે બાકી છે એમાં દ્યો ધ્યાન જીવન થોડું રહ્યું ...તમેં.
પછી ઘડપણમા ગોવિંદ ભજાશે નહી
લોભ મોહ મમતાને તજાશે નહી
બનો આજથી પ્રભુમાં મસ્તાન જીવન થોડું રહ્યું ...તમેં.
જરા ચેતીને મારગમાં ડગલું ભરો
કંઈક ડરતો પ્રભુજીનો દીલમાં ધરો
છીએ થોડા દિવસના મહેમાન જીવન થોડું રહ્યું ...તમેં.
આમ આળસમાં દિવસો ચાલ્યા જશે
પછી ઓચીંતા યમ ના તેડા થશે
નહિં ચાલે તમારૂં તોફાન જીવન થોડું રહ્યું ...તમેં.
એમ કહવું આ દાસનું દિલમા ધરો
ચીત રાખી રણછોડને ભાવે ભજો
ઝાલો ઝાલો ભકિતનું સુકાન જીવન થોડું રહ્યું ...તમેં.

વિહારી સાહેબજીએ એક વખત કહ્યું હતું કે જેવી રીતે ઈશ્વરનું કામ સંસ્થાપકનું છે. એવી રીતે સંતોનું પણ કામ સંસ્થાપકનું છે. સંસ્થાપક અને ઈશ્વરને અલગ સમજવા નહીં. જગતમાં જયારે જયારે ઈશ્વરને ક્ષતીઓ દેખાય છે ત્યારે તે એક સંતને મોકલે છે. મહારાષ્ટ્રમાં થઇ ગયેલા સંત એકનાથ મહારાજ શ્રી વિહારી સાહેબ ના એક સમકક્ષ સંત હતા. એમની ધર્મ તથા ઈશ્વર પ્રત્યેની આસ્થા અવર્ણનીય ગણાય છે.

સંત એકનાથ

આજથી છ સો વર્ષ પૂર્વે, જયારે સમાજમાંથી તેજસ્વી અને દિવ્ય ભકિત ખલાસ થઇ હતી, તે વખતે આ ભારત દેશમાં એક મહાન પુરૂષનો જન્મ થયો હતો. અર્વાચીન યાજ્ઞવલ્કય ગણી શકાય તેવું તેમનું અતિશય તેજસ્વી, દિવ્ય અને ભકિતમય જીવન હતું.

જન્મ :-

ગોદાવરી તટે રહેતા ભાનુદાસના કુટુંબમાં તે મહાપુરૂષનો જન્મ થયો હતો. ભાનુદાસ સંત હતા, પરમ ભગવદીય હતા. તેમનાં અંતરની ઈચ્છા હતી કે તેમના કુટુંબમાં એવું સંતાન થાય કે જે ભગવાનને પોતાની પાસે બોલાવે. ભાનુદાસની આ ઇચ્છા તેના પુત્ર ચક્રપાણિને વારસામાં મળી. ચક્રપાણિએ પિતૃઇચ્છા પોતાના જીવનમાં વધુ પુષ્ટ કરી. ચક્રપાણિના પુત્ર સૂર્યપાણિએ પણ દાદાની આ વૃતિને જીવનમાં આવકારી. એવા આ સૂર્યપાણિને ત્યાં એકનાથે જન્મ લીધો. કર્મની ગતિ અકળ છે. એકનાથ હજી માંડ એક વરસના થયાં ત્યાં તેમની માં ગુજરી ગઇ. દાદા ચક્રપાણિને આઘાત લાગ્યો. સૂર્યપાણિને માથે મા અને બાપ બંનેનું કર્તવ્ય પૂરૂં કરવાનું આવ્યું. એક પછી એક દિવસ પસાર થતાં હતાં. સૂર્યપાણિનું પણ અચાનક અવસાન થયું. મા અને બાપનાં પ્રેમ અને સુખથી એકનાથ વંચિત રહ્યાં.

સંસ્કારિતાના મૂળ :-

એકનાથને સુસંસ્કૃત બનાવવા દાદા-દાદીએ કમ્મર કસી. પોતાની રહી સહી સર્વ શકિત વાપરી તેઓ એકનાથને ઉછેરવામાં તલ્લીન બન્યા. તેનામાં સારા સંસ્કાર પડે તે માટે સારી સારી દિવ્ય વાતો કહેવા લાગ્યાં. દાદી પણએકનાથના જીવનમાં ભકિત અને તેજસ્વિતા વધે તે માટે સતત જાગૃત રહી તેનામાં સંસ્કાર સિંચન કરવા લાગી.

ખોળામાં બેસાડી, વ્હાલથી માથે હાથ ફેરવી તે કહેતી, 'બેટા એક વાત હંમેશા ધ્યાન રાખજે કે આપણુ જીવન ભગવાનને ગમે તેવું હોવું જોઇએ.'

આ રીતે ગળથૂંથીમાં જ એકનાથને દાદી પાસેથી સંસ્કાર મળ્યા કે સંસ્કૃતિને ભૂલતો નહિ, સંસ્કૃતિને ઘેર ઘેર લઇ જજે. એકનાથને દાદા પાસેથી સંસ્કાર મળ્યા કે ગમે તેવું જીવન ન જીવતો, તેજસ્વી જીવન જીવજે. ઝૂંપડે ઝૂંપડે આ દિવ્ય અને તેજસ્વી સંદેશો લઇ જજે.

છઠ્ઠે વર્ષે એકનાથને જનોઇ આપી. તેને ભણાવવા માટે ઘેર એક પંડિત રાખ્યા. આ પંડિતજી એકનાથને શાસ્ત્રીય સિદ્ધાંતો ભણાવતા. તેની પ્રજ્ઞા એટલી બધી તેજસ્વી હતી કે જે વિષય ભણાવે તેતે વિષય તરત પાકા કરી લેતા. કોઇ કોઇ વાર ગુરૂને એકનાથ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપવો કઠણ પડતો.

એકનાથને ચૌદેક વર્ષ થયા હશે. એક સવારના એકનાથના ગુરૂજી ચક્રપાણિ પાસે આવ્યા. વાતચીત કરતાં તેમણે જણાવ્યું કે એકનાથને ભણાવવા જેવું એમની પાસે કાંઇ જ બાકી રહ્યું નથી. એકનાથે જયારે આ વાત સાંભળી ત્યારે દોડતા આવી ગુરૂને નમસ્કાર કર્યા, પગે પડયા. ગુરૂએ પીઠ પર હાથ ફેરવતા કહ્યું, 'બેટા હું ઘણા શાસ્ત્રો ભણ્યો છું પરતું મારી પાસે ભણાવવા જેવું હવે કાંઇ જ બાકી રહ્યું નથી. તું ખાત્રી રાખજે કે તને કોઇ દેવી ગુરૂ જરૂર મળશે અને તે તારું જીવન સોનાનું બનાવશે.' આમ કહી ગુરૂએ આશીર્વાદ આપી ભારે હૈયે વિદાય લીધી.

એકનાથની પ્રજ્ઞા જબરદસ્ત હતી. કોઇ પણ વિષયની પકડ અડધી ક્ષણમાં લઇ લેતા. તેઓ નમ્રતા અને વિવેકના તો આર્દશ હતા. અતિશય સમાધાની વૃતિના હતા. કોઇ પણ દિવસ કોઇ પણ બાબતની તેઓ હઠ ન પકડતા. એકનાથની પણ અજબ મૂંઝવણ હતી. ચૌદ વર્ષની નાની વયે તેમણે બધું જ ભણી લીધું હતું અને એ ઉંમર પણ એટલી નાની હતી કે બીજા કોઇને તે ભણાવી શકતા નહી. પોતે કોઇને ભણાવી શકતો નથી અને પોતાને ભણવા જેવું કાઇ બાકી રહ્યું નથી. તેથી તેમની મૂંઝવણનું નિવારણ થતું ન હતું.

ગુરુની ઝંખના :-

તેમના ગામની બહાર એક શિવાલય હતું. રોજ સવારે તે ત્યાં જતા. એક દિવસ તે ખૂબ જ અકળાઇ ગયા. તેમની મૂંઝવણ તે કહે પણ કોને ? ભગવાનના શિવલિંગ ઉપર માથું મૂકી તે રડયા 'ભગવાન તમે જ મારી મૂંઝવણ સમજી લો. હું નાનો છું તેથી ભણાવી શકતો નથી અને ગુરુજી કહે છે કે મારે હવે ભણવા જેવું કશું જ બાકી રહ્યું નથી. મારી આ કફોડી સ્થિતી છે, તમે મને રસ્તો દેખાડો, તમેં મને જ્ઞાન આપો, ભગવાન ! તમેં મને ભણાવો.' તેમનું અંતઃકરણ ભરાઇ આવ્યું. આંખમાંથી ટપટપ પડતા આંસુઓનો શિવલિંગ ઉપર અભિષેક થયા કરે. એટલામાં નિજદ્વારમાંથી અવાજ સંભાળાયો ''એકનાથ, તારે ગુરુ જોઇએ છે ને ? તું દેવગિરિ પર્વત ઉપર જા અને જનાર્દન સ્વામીને તારા ગુરુ બનાવ.'

ગજગ્રાહ :-

ભગવાનનો આ અવાજ સાંભળી એકનાથ ખુશ થયા. પરતું દાદ-દાદીને છોડવાનો વિચાર આવતાં તેમનું મન ઉદ્વિગ્ન બન્યું, તે દ્વિધામાં પડયા, ઘેર પાછા ફર્યા તો પણ એમનું મન ખિન્ન હતું, ઉદાસ હતું તે કોઇ નિર્ણય લઇ નથી શકતા. એક તરફ દાદા-દાદીની માયા, મમતા તેમને જવાની ના પાડે છે અને ઘર તરફ ખેંચે છે જયારે બીજી તરફ જ્ઞાનપિપાસા તેમને ઘરની બહાર ખેંચે છે. આ ગજગ્રાહમાં આખરે એકનાથની જ્ઞાનપિયાસાએ મમતા ઉપર વિજય મેળવ્યો.

ગૃહત્યાગ :-

તે રાતે જ એકનાથ દાદાની પાસે ગયા. ખૂબ જ અંતઃકરણપૂર્વક તેમણે સૂતેલા દાદાને નમસ્કાર કર્યા. ન કહેતા જતા રહેવાના હોવાથી માફી માંગી. દાદીની પથારી પાસે જઇ દાદીને નમસ્કાર કર્યા, તેમનું અંતકરણ ભરાઇ આવ્યું. ભગવાનને પ્રાર્થના કરી, 'ભગવાન ! તું મને શકિત આપ. જયારે પણ હું પાછો આવું ત્યારે મારા દાદા-દાદીના દર્શન થાય એવું કરજે ' ગૌશાળામાં આવી ગાયને પગે લાગ્યા. ત્યાં જ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયા. અંતર બધું ઠાલવી નાખ્યું. દાદા-દાદીનો પ્રેમ તંતુ તોડી તે ચાલી નીકળ્યા.

સવારનાં ઊઠતાંવેંત જ દાદા-દાદીએ જોયું તો એકનાથની પથારી ખાલી હતી. વાડામાં તપાસ કરી, ગુરુના ઘરે તપાસ કરી, પણ કયાંય એકનાથનો પતો નહિ. બંને ખૂબ જ દુઃખી થયા. ખૂબ જ રડયા. દેહત્યાગ કરવાને

માટે પણ તેઓ તત્પર થઇ ગયા. પરતું એકનાથ જરૂર એક દિવસ પાછો ફરશે અને તે વખતે તેમને નહિ જુએ તો એકનાથને કેટલું દુઃખ થશે. એની કેટલી દુઃખદ સ્થિતી થશે ? આ વિચારે બંને જણે ગામમાં જ રહેવાનું પસંદ કર્યું.

ભગવાનને આપેલા આદેશ મુજબ જે પોતાના ગુરુ થવાના છે તેનો વિચાર કરતાં કરતાં એકનાથ ઉત્સાહથી વિકટપંથ કાપતા. એક દિવસ દેવગિરિ પર્વત પર આવી પહોંચ્યા. જનાર્દન સ્વામી દેવગિરિ પર્વત પર રહેતા હતા. તે શ્રીમંત પણ સંત હતા. શૂર પણ જ્ઞાની હતા.

ગુરુમિલન :-

દુરથી જ જનાર્દન સ્વામીએ એકનાથને પોતાની તરફ આવતા જોયા. એકનાથે જનાર્દન સ્વામીને અનિમેષ નેત્રે જોઇ જ રહ્યા. તે સ્વભાન ભૂલી ગયા. જનાર્દન સ્વામીએ તેમની આંખમાં આર્તતા જોઇ. એકનાથે તેમને પ્રણામ કર્યા. જનાર્દન સ્વામીએ તેમને પોતાની પડખે લીધા અને પુછ્યું તું અહીં શા માટે આવ્યો છે? એકનાથનું પ્રશ્ન તરફ લક્ષ જ ન હતું તે તો અનિમેષ નેત્રે આ મહાન સંતના દર્શન કરતા હતા. કારુણ્ય અને મમતાનો આ સાક્ષાત્ અવતાર જોઇ તે બોલવાનું ભૂલી ગયા. જનાર્દન સ્વામીએ તેમને વિચાર તંદ્રામાંથી જાગૃત કર્યા અને ફરી પ્રશ્ન કર્યો.

એકનાથે કહ્યું, 'પ્રભુ હું આપને ત્યાં રહેવા આવ્યો છું. મારું શિષ્યત્વ આપ સ્વીકારો. અમારા ગામની બહાર ભગવાન શિવજીનું મંદિર છે અને આપને ગુરુ બનાવવાનો એ શિવલિંગે મને આદેશ આપ્યો છે. આમ કહી એકનાથ જનાર્દન સ્વામી પાસે રહેવા લાગ્યા.

એકનાથ પોતાના ગુરુની ખડે પગે સેવા કરતા. તેમનું જીવન વાંચતા અને તેમનું જીવન સમજી જીવનના પાઠ શીખતા. પરતું એક વાત તેમને સતત ખૂંચતી કે ગુરુ જાણી જોઇને તેમને શા માટે આઘો રાખે છે ? તેમનું શિષ્યત્વ કેમ કબૂલ નથી કરતા ? પરતું હળવે હળવે તે ગુરુનું કાર્ય સમજવા લાગ્યા. તેમના કાર્યની જે કંઇ તક મળે તે ઝડપી લેતા. થોડા જ દિવસમાં જનાર્દન સ્વામીનું બધું કાર્ય તેમણે હાથમાં લઇ લીધું.

એક દિવસ એકનાથ હિસાબ ગણવા બેઠા હતા. પરતું હિસાબ મળતો ન હતો. હિસાબમાં આઠ આનાની ભૂલ આવતી હતી. હિસાબ મેળવવામાં તે એટલો બધા એકાગ્ર હતા કે મોડી રાત થઇ ગઇ તેનું તેમને ભાન પણ ન રહ્યું. જનાર્દન સ્વામી કુતૂહલતાથી જોવા આવ્યા ત્યારે એકનાથને એકચિત્તે હિસાબ ગણતા જોયા. એટલામાં એકનાથ હર્ષની તાળી વગાડી અને બોલ્યા,'મળી' ગુરુ એકનાથની કાર્યનિષ્ટા જોઇ પ્રસન્ન થયાં અને તને જે મેળવવાનું છે એ તને મળશે આમ કહીને આશ્વાસન આપ્યું.

શિષ્યત્વની યોગ્યતા :-

જનાર્દન સ્વામી દર ગુરુવારે બધો કારોબાર છોડી પર્વત પર જઇ ઇશચિંતન કરતા. એમના સિવાય આ પર્વત પર કોઇ જઇ શકતું નહિ. એકવાર આ એકાંત જગ્યાએ ગુરુ ચિત્તએકાગ્ર કરવા ગયા હતા. શત્રુઓએ આ તકનો લાભ લઇ તેમના દુર્ગ પર હુમલો કર્યો. ગુરુકાર્ય કરવાની તક એકનાથે ઝડપી લીધી. વીરતાથી લડી તેમણે શત્રુઓનો પરાભવ કર્યો.

બીજે દિવસે જ્યારે બાદશાહ પોતે નજરાણું લઇ જનાર્દનસ્વામી પાસે આવ્યા ત્યારે જ એકનાથની વીરતાની જાણ ગુરુને થઇ. જનાર્દન સ્વામીએ એકનાથને કહ્યું, 'શાબાશ દીકરા ! તું હતો તેથી જ આ દુર્ગનું રક્ષણ થયું' ત્યારે એકનાથે નમ્રતાથી કહ્યું, 'પ્રભુ, એ તો આપની જ શકિત હતી, હું તો માત્ર નિમિત્ત હતો.'

આવો મહાન અને અધિકારી શિષ્ય મળવા જનાર્દન સ્વામી ભાવભીનાં થયા. તેમણે એકનાથને કહ્યું, તારા જેવો સાચો અધિકારી શિષ્ય મળ્યો તેથી મને ખૂબ જ આંનદ થયો છે.' જે ક્ષણની એકનાથ આતુરતાથી રાહ જોતા હતા તે ક્ષણ આવી પહોંચી. એમણે જીવનની કૃતકૃત્યતા અનુભવી. તે દિવસ જનાર્દન સ્વામી એકનાથને તેમની સાથે એકાંત જગ્યાએ લઇ જવા લાગ્યા. એકનાથને અલૌકિક આંનદ થયો, ભગવદ્વિચારો કરવા લાગ્યા. એમાંથી એકનાથને ભાવસમાધિ લાગી. એકનાથને ઇશદર્શન થયું.

એકનાથને ઇશદર્શન થતાં જ જનાર્દન સ્વામીની મૂંઝવણ વધી પડી. હવે એકનાથ પાસેથી સેવા કેમ લેવાય ? ગમે તેમ કરીને એને પોતાનાથી દુર જોઇએ, માટે એક દિવસ ગુરુએ એકનાથને કહ્યું, 'તું હમણાં સગુણોપાસના કર. તું શૂલભજન પર્વત પર જઇને ત્યાં માર્કંડેય સ્વામીના આશ્રમમાં સગુણોપાસના કરજે.'

ગુરુનું નવું સૂચન :-

રોજ સવારે એકનાથ સમાધિમાં બેસતા. એક ગોવાળિયો ત્યાં જ પશુધન ચારવા માટે જતો. તેમની પાસે તે રોજ દૂધ મૂકી જતો. એક દિવસ ગોવાળિયો સહેજ વહેલો આવ્યો હતો. એણે જોયું તો એક મોટો નાગ એકનાથના શરીરને વીંટળાઇ બેઠો હતો અને એકનાથ સમાધિમાં લીન હતા. ગોવાળિયાએ એકનાથને સમાધિમાંથી જગાડયા. નાગ દેખાડી બધી બીના કહી સંભળાવી. આ એમને મન અઘટિત ઘટના હતી. તેના નિરાકરણ માટે તેઓ શૂલભંજન પર્વત પરથી ગુરુ પાસે આવ્યા.

વ્યવહારકુશળ, ચતુર, શૂર, ભકત, સ્થિતપ્રજ્ઞ જનાર્દનસ્વામી એકનાથને પ્રેમથી ભેટયા અને કહ્યું ''ભગવાને મને ઠપકો આપ્યો છે,'એકનાથને તું બેસાડી કેમ મૂકે છે ? એની શકિતને કામે લગાડ' આજે સમાજમાંથી દૈવીભીકત ખલાસ થઇ છે, વૈદિકભકિત સમાજમાં ઊભી થવી જ જોઇએ, તે માટે તું તીર્થયાત્રાએ જા. યાત્રા કરતો રહેજે અને લોકોને દૈવીભકિતના વિચારો આપતો જજે.'

કાર્યારંભ :-

પરતું એકનાથે ગુરુનું સાનિદય છોડવાની ના કહી. છેવટે ગુરુની સાથે યાત્રા કરવા માટે તે તૈયાર થયા. યાત્રા કરતાં કરતાં તેઓ ત્ર્યંબક આવ્યા. ત્યાં જનાર્દનસ્વામી એ એકનાથને ભાગવત્ વાંચવા જણાવ્યું. ભાગવત કહેતાં કહેતાં એકનાથે તેજસ્વી અને દૈવીભકિતની મસ્તી ઊભી કરી. જનાર્દન સ્વામીએ એકનાથને ભાગવત ઉપરના વિચારો લખવાનો આદેશ આપ્યો. લખતાં લખતાં એકનાથ તેમાં ગાંડાઘેલા બન્યા. આખા જીવનનું શાસ્ત્ર તેમાં છે. આમ એકનાથે ભાગવત લખતાં લખતાં વેદ અને ઉપનિષદની વિચારધારા ઊભી કરી. જનાર્દન સ્વામીનું અંતર આ ભાગવતથી ખીલી ઊઠયું.

જનાર્દન સ્વામીએ એકનાથને ભકિતયાત્રા કરવાનું ચાલુ રખાવ્યું અને પોતે તેને ફરી મળશે એમ કહી છૂટાં પડયા.

ગૃહ આગમન :-

યાત્રા કરતાં કરતાં તેઓ પોતાને ગામ આવ્યા. ગામમાં આવ્યા એવી જ દાદા-દાદીની યાદ આવી અને એમણે તરત જ પૂછયું 'ચક્રપાણિ ગામમાં છે કે ?' તેઓ ખૂબ જ ઘરડાં થયા છે અને પૌત્રની રાહ જુએ છે એ સાંભળી એકનાથ તેમને મળવા માટે દોડયો. દાદા-દાદીને જોતાંવેંત તેમના પગમાં મસ્તક મૂકી ખૂબ રડયા. દાદા દાદીના હરખનો પાર નહોતો. દાદા-દાદી અને એકનાથે ખૂબ ખૂબ વાતો કરી. એકનાથે કહ્યું 'દાદા, હું બધે ફર્યો પણ તમારા જેવું વાત્સલ્યપૂર્ણ હૃદ્ય કયાંય ન જડયું. આ ત્રિભુવન જેણે બનાવ્યું, તમારા જેવા સોનાના હૃદ્ય જેણે બનાવ્યાં તેને જોવા ગયો હતો.

ચક્રપાણિના ઘરમાં વર્ષો પછી આજે આંનદનું સામ્રાજય છવાયું. પાંચ-સાત દિવસ આ રીતે લાડ, પ્યાર, વાત્સલ્ય, મમતાનો અનુભવ પછી એકનાથને થયું કે હવે મારે મારી યાત્રા ચાલું રાખવી જોઇએ. જો એમ ન થાય તો ગુરુને મળવામાં વિલંભ થાય, તેથી દાદા પાસે રજા માગી. દાદાએ જનાર્દન સ્વામીએ મોકલાવેલી પત્રિકા એકનાથના હાથમાં આપી તે વાંચીને એકનાથ ગુરુ આજ્ઞા મુજબ પોતાના ગામમાં જ રહ્યા.

જન્માષ્ટમીના ઉત્સવ વખતે જયાં તેઓ પ્રવચન આપતા હતા ત્યાં જનાર્દન સ્વામી બાદશાહ સાથે આવ્યા. એકનાથની પ્રાસાદિક, તેજસ્વી, ભાવપૂર્ણ વાણી સાંભળી જનાર્દન સ્વામી અને ભેગો થયેલો માનવસમુદાય આંનદથી ડોલી ઊઠયો, એકનાથે ગુરુની ચરણરજ માથે લીધી. બાદશાહે આવા મહાન ભકતનું પૂજન કર્યું. દાદાએ જનાર્દન સ્વામીને કહ્યું, ગુરુદેવ ! આપને મારી નમ્ર વિનંતી છે કે તમે નાથને સમજાવો કે ગૃહસ્થાશ્રમ માંડે. તે ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની ના પાડે છે.' ગુરુની આજ્ઞા થતાં એકનાથ કંઇ જ બોલ્યા નહીં.

આદર્શ યુગલ :-

લખપતિની ગુણવાન, અતિસુદર કન્યા ગિરિજાબેન સાથે એકનાથના લગ્ન થયા. એકનાથ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. એકનાથ ઉપનિષદના દૈવી વિચારો પ્રાકૃતભાષામાં લાવી સમાજમાં પીરસવા લાગ્યા. પ્રભુકાર્ય કરતાં કરતાં તે ગૃહસ્થાશ્રમી બન્યા. એમનાં ગૃહસ્થાશ્રમમાં વિવેક અને શાંતિ હતા. લોકોનો પણ તેમના ઉપર અદ્ભુત પ્રેમ હતો.

વાસુદેવ સંસ્થા :-

લોકોમાં દૈવીભકિત વિચારો ઊભા કરવા માટે તેમણે એક અભિનવ સંસ્થા ઊભી કરી. તે સંસ્થાનું નામ રાખ્યું

'વાસુદેવ સંસ્થા' આ સંસ્થાએ ભગવતકાર્યની ઝુંબેશ ઉપાડી આ સંસ્થા ઉપનિષદના દૈવી સિદ્ધાંતો અને ભકિતના વિચારો ઘેર ઘેર લઇ ગઇ. બધા લોકોને ભકિત તરફ વાળ્યા. ભગવત કાર્યમાં જે બેસી રહ્યા હતા તેમને ઊભા કર્યા અને ઊભા હતા તેમને ચાલતા કર્યા. જગતમાં કોઇ દીન, દૂબળું ન રહે તે માટે આ સંસ્થાએ જબરદસ્ત કાર્ય કર્યુ.

સમાજ સુધારણા :-

પરંતુ વર્ષોથી ખોટી ભકિત કરાવનાર કથાકારો એકનાથને દુશ્મન ગણવા લાગ્યા. એમના વિરુદ્ધ આક્ષેપો મૂકયા. વાસુદેવોને ગાળો ભાડતાં એકવાર એકનાથ નદીમાં નાહીને સૂર્યને અર્ઘ્ય આપતા હતા ત્યારે તેમણે કોઇ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. બાળકના માતાપિતાનો પત્તો લાગતો ન હતો. તપાસ કરતા ખબર પડી કે એ બાળક રાણ્યા હરિજનનું હતું. બાળકો તેડી એકનાથ હરિજનવાસમાં રાણ્યા હરિજનને ત્યાં આવ્યા. બાળક આપ્યું. એકનાથે જોયું કે અહીં બધાં અવ્યવસિથત રહેતા હતા. જીવન કેમ જીવવું તે તેમને ખબર નહોતી. સમાજે તેમને હડધૂત કર્યા હતા.

રાણ્યાએ પોતાના સમાજની આપવીતી કહી સંભળાવી અને એકનાથને વિનંતિ કરતા કહ્યું 'અમે વેદના અધિકારી નથી એ વાત ખરી, પરતું માનવ તરીકે શું જીવનના અધિકારી પણ નથી ? વાસુદેવો અહીં નહીં આવે તો અમને જીવનનાં પાઠ કોણ શીખવશે ? અમને જીવનનો આદર્શ આપો.

એકનાથે હરિજનવાસમાં જવાની શરૂઆત કરી. થોડા જ દિવસમાં હરિજનવાસની સિકલ બદલાઇ ગઇ. ઘેર ઘેર તુલસીક્યારા પાસે દીવા થવા લાગ્યા. પ્રત્યેક વ્યકિત જમતી વખતે બે શ્લોક બોલવા લાગ્યો.

એકનાથના વિરોધીઓએ એમનાં પુત્ર હરિપંડિતને ભડકાવ્યો એટલે એ કાશી તરફ ભાગી ગયો. આથી ગિરિજાબેનને ખૂબ જ દુઃખ થયું, પરતું પ્રભુ જે કઇ કરે છે. તેમાં તેનો સદ્હેતું હશે એમ સમજી તેમણે મન મનાવ્યું.

મડદાં જેવું જીવન જીવતા હતા. તેમને એકનાથે જીવતા કર્યા, નિસ્તેજને તેજસ્વી બનાવ્યા, લોકોના જીવનમાં તેજસ્વી ભકિત પહોંચાડી, એવી આ મહાન શકિતને મળવાનું પ્રભુને મન થયું.

ભગવાનની એકનાથને ત્યાં ચાકરી :-

એક દિવસ એકનાથ હીંચકા ઉપર બેઠા હતા. ગિરિજાબેન બાજુમાં બેસીને રસોડાની અગવડ કહેતા હતા. એમને ઘેર હમણાં રસોઇયો જ ટકતો ન હતો. એટલામાં એક વીસેક વર્ષનો તેજસ્વી યુવાન તેમને બારણે આવી ઊભો. એકનાથે પ્રેમથી પૂછ્યું, તારે શું કામ છે ભાઇ ? આગતુંકે કહ્યું મારે નોકરી જોઇએ છે. આ આગંતુક બીજા કોઇ નહિ પણ સાક્ષાત્ ભગવાન ચાકર વેષમાં હતા. ગિરિજાબેન તેને રસોડાનું કામ સોપ્યું અને તેનું નામ પૂછ્યું એણે કહ્યું 'મારુ નામ શ્રીખંડયો.' શ્રીખંડયાએ એક શરત મૂકી 'બધું કામ કરીશ, કહેશો એટલા માણસની રસોઇ બનાવીશ, પરતું મારી રસોઇને કોઇને પણ અડવા નહી દઉ અને બંધ બારણે રસોઇ બનાવીશ.'

એકનાથના કેટલાય જન્મોના પુણ્ય ભેગા થયા હશે એમને ત્યાં ભગવાન ચાકર થયા. ગિરિજાબેન ગમે ત્યારે હાક મારે ત્યારે રસોઇ તૈયાર જ હોય અને રસોઇમાં પણ અદ્ભૂત સ્વાદ હતો. એકનાથ અને ગિરિજાબેનના અદભૂત સંસારમાં આ જગતનો અદ્ભૂત માલિક ચાકર બન્યો. કામ કરવામાં ગૌરવ અને આંનદ લેવા લાગ્યો. એકનાથની સેવા કરવાથી માંડીને કપડાં ધોવા સુધીના કાર્ય ભગવાન પોતે કરતાં.

કસોટી પરંપરા :-

એકવાર હરિજનવાસથી એકનાથને જમવાનું નોતરું આવ્યું. ગિરિજાબેનને આ વિષે એકનાથે પૂછ્યું શ્રીખંડયો ત્યારે રસોઇઘરમાંથી બહાર આવ્યો અને એકનાથને હરિજનવાસમાં જવા માટે જણાવ્યું. એકનાથના વિરોધીઓ ચિડાઇ ગયા અને બધાએ નકકી કર્યુ કે એમને પકડવા અને પ્રાયશ્ચિત કરાવવું. ભગવાને ત્યારે યુકિત કરી, ગામ બહાર એક એકનાથ પ્રવચન આપે છે. અને બીજા એકનાથ હરિજનવાસમાં જમે છે. એમ બતાવ્યું આનાથી બધા વિરોધીઓના હાથ હેઠા પડયાં. વિરોધીઓએ એમને પકડવા બીજી યુકિતઓ રચવા માંડી.

એકનાથને હેરાન કરવા એક બ્રાહ્મણને બસો રૂપિયા આપી ઉભો કર્યો. એકનાથને મંદિરમાં એ બ્રાહ્મણ મળ્યો. તે એમને ઘેર લઇ ગયા. એકનાથ બ્રાહ્મણ સાથે જમવા બેડા. ગિરિજાબેન પ્રેમથી પીરસતાં હતાં. ત્યાં પેલો બ્રાહ્મણ એકાએક ભાણા પરથી ઊઠીને ગિરિજાબેનના વાસા પર ચડી બેઠો. આથી ગિરિજાબેન જરા પણ ડર્યા નહી. આ જોઇ બ્રાહ્મણ ડઘાઇ ગયો અને તેમને ચરણે પડી માફી માંગી. બસો રૂપિયા ખાતર આવી રીતનું વર્તન કરવા બદલ તેને દુઃખ થયું. વિરોધીઓએ એકનાથ પુત્ર હરિપંડિતને ઉશ્કેરીને તેની પાસે પત્ર લખાવી શંકરાચાર્યને મોકલ્યો એમાં લખ્યું હતું કે

સાચો ભક્ત નથી તે ભકિતનો બુરખો પહેરી ખોટી ભકિત સમજાવે છે. આથી શંકરાચાર્ય એકનાથને મળવા આવવાથી આજ્ઞા કરી. ખુદ કાશીવિશ્વેશ્વરે આપણને તેડું મોકલ્યું છે એમ સમજી ભગવાનનું નામ લેતાં તેઓ કાશી પહોંચ્યા.

સવારના પવિત્ર ગંગા નદીએથી નહાઇ ને પાછા ફરતાં હતાં ત્યાં એક માણસ એક સો આઠ વખત એકનાથ પર થૂંકયો અને એક સો આઠ વખત એકનાથ સ્નાન કરી આવ્યા. એકનાથની ધીરજ જોઇ તે થાકયો અને ચરણે પડયો, માફી માંગી. પરતું એકનાથ તો 'ગગાંના પવિત્ર નીરમાં સ્નાન કરતાં તેમના બધા જ પાતકો ધોવાઇ ગયા છે.' એમ સમજવા લાગ્યા.

એકનાથ શંકરાચાર્યને મળ્યા. પંડિતોના દરબારમાં ભાગવતમાંની દૈવી ભકિત કહેવાની શરૂઆત સો પ્રથમ એમને કરી. ભકિતપૂર્ણ વાણીના પ્રવાહમાં સ્નાન કરતાં કરતાં બધા શાસ્ત્રીઓ ડોલવા લાગ્યા. ત્રણ ત્રણ દિવસ સુધી જ્ઞાનગંગાનો પ્રવાહ વહેતો જ રહ્યો. બધા જ પંડિતો કૃતાર્થ થયા. કાશી વિશ્વેશ્વરનાં દર્શન કર્યા પછી રામેશ્વરની યાત્રાએ તેઓ ઊપડયા. તીર્થયાત્રા કર્યા પછી તેઓ ગામ પાછા ફર્યા. પિતાજીના શ્રાદ્ધની તિથિ હોવાને લીધે એમને બ્રાહ્મણોને જમવા બોલાવ્યા હતા. ભિખારીઓ પાસેથી પસાર થતા હતા. તો કંઇક ખાવા મળશે એવી આશાથી બધા એકનાથને ત્યાં રોકાઇ ગયા. એકનાથે બ્રાહ્મણો જમવા બેસે એ પહેલાં ભિખારીઓને જમાડયા. બ્રાહ્મણો આથી ઉશ્કેરાઇ ગયા. તેમને સમજાવતાં કહ્યું, 'આ ભિખારીઓએ સૂંઘેલી રસોઇને તો હું બ્રાહ્મણોને જમાડવા માટે ઉપયોગમાં નહીં લઉ. એમના માટે જુદી રસોઇ તૈયાર કરવામાં આવી રહી છે' આ રીતે બ્રાહ્મણોના મનનું સમાધાન કર્યુ.

કૃતકૃત્યતા :-

દ્વારકાના એક તેજસ્વી બ્રાહ્મણે એક દિવસ એકનાથને ત્યાં આવી પૂછયું 'દ્વારકાનો દ્વારકાધીશ ગુમ થયો છે, શું વૈકુંઠનો નાથ, કૈલાસપતિ જગન્નાથ તમારે ઘેર છે ?' એકનાથ કહે, 'એવું હોય તો મારા અહોભાગ્ય ! પરંતુ મારે ઘેર શ્રીખંડયો અને મારી પત્ની સિવાય કોઇ નથી.' બ્રાહ્મણે શ્રીખંડયો જોવાની માંગણી કરી. ઘરનો ખૂણેખુણો શોધ્યો પરંતુ તેનો કયાંય પત્તો ન લાગ્યો. ગામ આખામાં શોધ કરી પરંતુ તે ન મળ્યો. એકનાથની આંખમાં આંસુ આવ્યા, અંતઃકરણ ભરાઇ આવ્યું. પ્રભુને હું ઓળખી ન શકયો, તેની પાસે કેવાં કેવાં કામો કરાવ્યાં, આ સંભારી એકનાથ અને ગિરિજાબેન રડયા લાગ્યા. એકનાથને સાક્ષાત જાગન્નિયંતાના દર્શન થયા. તેમનું જીવન ધન્ય બન્યું, કૃતકૃત્ય થયું. જીવન હવે પૂર્ણ થયું એમ લાગવાથી એકનાથે દેહ છોડયો.

શ્રી વિહારી સાહેબના જીવન સાથે તથા હરિહર સંપ્રદાયનાં વિચારો સાથે તથા સંપ્રદાયમાં થઇ ગયેલા આપણા સંતો સાથે તથા એમની કાર્ય પધ્ધતી સાથે સામ્ય ધરાવતા સંતોની ભૂમિકા સમાજને પુરક બની છે. તથા જેવી રીતે આપણા સંતોએ ભજન દ્વારા સમાજમાં ધાર્મીક વિચારો પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે. એવી રીતે અને એવા જ પ્રયત્નો મહારાષ્ટ્રમાં થઇ ગયેલા સંતશ્રી તુકારામ મહારાજે સ્વરચિત''અભંગ''(ભજન) દ્વારા કર્યા છે જેના પરિણામ સ્વરૂપે આજે મહારાષ્ટ્રનાં ગામડે ગામડે અભંગ દ્રશ્યમાન થાય છે. (અભંગ એટલે જે કોઇમાંથી ભંગ ન થાય એ.)

સંત તુકારામ

પ્રાસ્તાવિક :-

સામાન્ય રીતે જોવા જઇએ તો બધા જ સંતો આધ્યાત્મિક અંતરંગમાં એક સરખા જ હોય છે. તેમ છતાં દરેકને પોતાની કંઇક વિશિષ્ટતા હોય છે. મહારાષ્ટ્રના સંત કવિઓમાં તુકારામનું સ્થાન આગવું છે. સંતકવિઓનું ધ્યેય સર્વસામાન્ય જનતાને તેમની જ ભાષામાં કહી તેમને ભકિતમાર્ગમાં આગળ દોરવાનું હોય છે. તુકારામની અભંગ વાણીએ તે વખતના લોકોમાં અજબનો જાદુ પાથર્યો હતો. તુકારામની લોકપ્રિયતા સર્વવિદિત છે એનું મુખ્ય કારણ એ છે કે સાંસારિક માણસો અને તેમની વચ્ચે કંઇ જ તફાવત ન હતો. રામેશ્વર ભટ્ટના શબ્દોમાં કહીએ તો

''ભકતિજ્ઞાને આણિ વૈરાગ્યે આગલા । એસા નાહિ ડોળા દેખિયેલા ।। તેમના ભકિત, જ્ઞાન વૈરાગ્ય આગવા હતા. આવું આંખે જોયું નથી.''

બાલ્યકાળ :-

એવા એ મહારાષ્ટ્રીય સંતનો જન્મ, પૂનાની નજીક ઇંદ્રાયણિ નદીને કિનારે આવેલા, દેહુ ગામમાં થયો હતો. એમનું કુટુંબ નામ આંબિલ હતું. તુકારામનું કુટુંબ ગામમાં અત્યંત પ્રતિષ્ઠિત હતું. તુકારામના પિતા બોલ્હોબા અને માતા કનકાઇ હતા. માતાપિતાની સાત્વિકતા તુકારામમાં પ્રગટ થઇ હતી. તુકારામના મોટાભાઇ સાવજી અને નાના ભાઇ

 કાન્હોબા હતા. તેમનું બાળપણ જોવા જઈએ તો શરૂઆતના લગભગ તેર વર્ષ માતાપિતાની છત્રછાયા હેઠળ પસાર થયા હતા. બાળક તુકારામ બહુ જ સારા ખેલાડી હતા. એમને મરાઠી રમતોનો સારો એવો પરિચય હતો. એ બધી રમતોના આધાર પર તેમણે ઈશ્વરનું વર્ણન કર્યુ છે.

સાંસારિક દુઃખ તથા પ્રભુપ્રીતિ :-

તુકારામના પહેલા લગ્ન રખુમાઈની જોડે થયા હતા. તેમની સત્તર વર્ષની ઉમરે માતાપિતાનું દેહાંત થયું અને મોટો ભાઈ તીર્થયાત્રાએ ચાલી જતાં તેમના પર ઘરની બધી જ જવાબદારી આવી પડી. વળી તે જ અરસામાં તેમનું શાહુકારીનું કામકાજ બગડી ગયું અને તેમને દેવાળુ કાઢવું પડયું. ઈશ્વરનું કરવું ને તે જ સમયે પડેલા દુકાળમાં પત્ની અને પુત્રે ચિરવિદાય લીધી. તુકારામની બીજી પત્ની જિજાઈ બહુ જ કર્કશા સ્ત્રી હતી. એનાથી એમનો સંસાર સુખી થયો નહી. ઊલટું તેમને સમાજમાં ઘણું સહન કરવું પડયું. એક તો આર્થિક હાલત કથળેલી અને ઉપરથી આ ઘર-કંકાસ તેમાં તેમનું મન વિરકિત અનુભવવા લાગ્યું આ માટે જરૂરી એકાન્ત મેળવવા ઘરની બહાર દૂર દૂર તેમણે જવા માંડયુ. એક જગ્યાએ તેઓ પોતાના વિષે કહેતાં કહે છે કે : લજ્જા વાટે જીવા ત્रासलों या दुःखे । वेवसाय देखे तुटी येतां ॥ देवाचे देउळ होतें तें मंगले । चितासी जे आले करावेंसें ॥

(આ દુઃખથી કું કંટાળી ગયેલો છું તેથી મને શરમ લાગે છે, કેમ કે હું જે ધંધો કરું છું એમાં ખોટ આવે છે. મનમાં જે આવે તે કરવાનો વિચાર હતો પરતું ભગવાનનું જે મંદિર હતું તે તૂટી ગયું.)

તેઓ દેહુની પાસે મડાર, ભામનાથ અથવા ગોરોડ પહાડ પર જઈ એકાન્તવાસ કરવા લાગ્યા. તેમણે ત્યાં પોતાની ચિત્તવૃતિ દેવાર્પિત કરવાનો પ્રયત્ન કર્યો. 'જ્ઞાનેશ્વરી અને એકનાથી ભાગવતનું ચિંતન અને મનન પણ તેમણે ત્યારે જ શરૂ કર્યું. દેહના વિઠ્ઠલ -મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેઓ ત્યાં જ ભગવાનનું કીર્તન કરવા લાગ્યા.

ગુરુમંત્ર :-

એ અરસામાં એમને ગુરુઉપદેશ પ્રાપ્ત થયો. 'રાઘવ ચૈતન્ય-કેશર ચૈતન્ય' ની વંશપરના 'બાબાજી' નામના એક સંતપુરુષે તેમને સંવત ૧૫૭૧ ના મહા મહિનામાં શુકલ પક્ષની દશમની રાત્રે સ્વપનામાં 'રામકૃષ્ણ હરિ' નામનો મંત્ર આપ્યો. તેથી તેમના જીવનમાં એકદમ પરિવર્તન આવી ગયું. પ્રભુના સાક્ષાત્કાર માટે તેમને ખૂબ તાલાવેલી લાગી. સામાન્યંતઃ તુકારામની રચનાઓમાં તેમના પોતાના જીવનમાં બની ગયેલા પ્રસંગો કોઈ કોઈ ઠેકાણે જોવા મળે છે પણ મુખ્યત્વે ઈશ્વરભકિત અને આત્મનિવેદન છે. આ દ્વારા તેમના જીવન અને સ્વભાવ પર પ્રકાશ પડે છે. વાણી દવારા વ્યકિતનો સ્વભાવ પરિચીત થાય છે.

ભક્તહૃદય :-

એક વખત તુકારામ જ્ઞાનદેવના દર્શન માટે આળંદી જતા હતા. રસ્તામાં એક ઝાડ નીચે પક્ષીઓ ચણ ચણતા હતા. જેવા તુકારામ ત્યાં દેખાયા કે પક્ષીઓ બધા ઊડી ગયા. તુકારામનું મન એકદમ વ્યથિત થઈ ગયું અને અભંગ સરી પડયું. ત્યાં ને ત્યાં તુકારામ શ્વાસોચ્છવાસ રોકી તે જગ્યાએ જ શાંત સ્થિર થઈ ગયા, અંતર્યામી ઈશ્વરનું સ્મરણ કરતા સ્તંભ જેવા નિશ્ચલ ઊભા રહ્યા. 'જયાં સુધી પક્ષીઓ મારાથી નિર્ભય નહીં બને ત્યાં સુધી હું અહીંયાથી નહીં ખસું' તેમનો પ્રેમમય અને કરુણામય ભાવ જોઈ તેમના ખભા પર બેસી નિર્ભયતાથી રમવા લાગ્યા. આ જોઈ તુકારામ ભાવવિભોર બની ભજનના રંગમાં આવી ગયા.

એક વખત દેહૂ ગામમાં તુકારામ કીર્તન કરતાં હતા, તે સમયે એક સ્ત્રીએ પોતાના મરેલા બાળકને તેમની સામે મૂકી દીધું. તે વખતે તુકારામના મોઢામાંથી નીકળી પડયું, હે નારાયણ ! નિર્જીવમાં ચૈતન્ય લાવવું એ શું તારા માટે શકય નથી ? તરત જ તે બાળક રડવા લાગ્યું.

તેમનાં કાવ્યસંગ્રહને રામેશ્વર ભટ્ટના વિરોધને કારણે ઈન્દ્રાયણિ નદીમાં ડુબાડી દીધો હતો. આથી તુકારામને ઘણો આઘાત લાગ્યો. તેમને લાગ્યું કે મારી ભકિત નિષ્ફળ ગઈ. આથી તેમણે તેર દિવસના નિર્જળ ઉપવાસ કર્યા. અંતે ઈશ્વરે પાણીમાં પુસ્તકોની રક્ષા કરી. આમ થવાથી તુકારામને લાગ્યું કે આવી રીતે ઈશ્વરને સંકટમાં નાખી મેં ઘોર અન્યાય કર્યો તેમને પોતાનું આવું વર્તન અપરાધ સમાન લાગ્યું અને તેમનાથી આપોઆપ અભંગ રચાઈ ગયું. છેવટે અભંગમાં પ્રભુની ક્ષમા માગતાં તે કહે છે, 'હે દેવ ! મારી ભૂલ થઈ. હવે હું કોઈ દિવસ તમને સંકટમાં નહીં નાખું' આમ તેમનું હૃદય કેટલું ભોળું અને સહજ સરળ હતું તેનો ખ્યાલ આવે છે.

અતૂટ ભક્તિ :-

તુકારામનો ભક્તિભાવ જોઈ શિવાજીને તેમના બારામાં ખૂબ આદર નિર્માણ થયો. આથી એક વખત શિવાજીએ તુકારામને ત્યાં પાલખી મોકલી તેમના સ્વાગતનું આયોજન કર્યું. આ જોઈ તુકારામના સંતહૃદયને ખૂબ દુઃખ થયું અને કહ્યું 'મારી ભક્તિનું શું આ ફળ છે ? હું શું આના માટે ભક્તિ કરુ છું ?' તેમને લાગ્યું કે, ભગવાન માન સન્માન આપીને પોતાનાથી મને દૂર કરી રહ્યાં છે. મારા મનની ભાવના જાણવા છતાં તે આવી ઝંઝટ મારા માટે નિમાર્ણ કરી રહ્યા છે તેમણે બધું દ્રવ્ય શિવાજીને પાછું મોકલાવીને કહેવડાવ્યું કે, 'મારા માટે કીડીથી માંડી રાજા બધા જ સરખા છે. માયા મોહ, આશા, કાલપાશ બધું જ નષ્ટ થઈ ગયું છે, સોનું ને માટી બધું જ મારે મન સરખું છે. મારે ઘેર પ્રત્યક્ષ ભગવાન નિવાસ કરે છે પછી મને શાનું દુઃખ હોય ? 'પાઈ' ના સેવકત્વના દસ અભંગ સંભવતઃ શિવાજી મહારાજને સંબોધીને લખાયા છે.

અભંગો :-

અભંગમાં તેમણે પ્રવૃત્ત અને નિવૃત્ત એમ બે પ્રકારના લોકોને ઉપદેશ આપ્યો છે. તેમણે વારંવાર કહ્યું છે કે સંસાર કે પરમાર્થ બન્ને માટે પરાક્રમની આવશ્યકતા છે. જીવનની પરવા ન કરનાર સેવક પોતાની સેવા દ્વારા જ શોભા પામે છે. આ ઉપરથી આપણને લાગે કે તુકારામ સમાજ પ્રત્યે પોતાની ફરજોથી બિલકુલ ઉદાસ ન હતા.

કાવ્ય લખવાની શરૂઆત તેમણે લગભગ પચ્ચીસમાં વર્ષથી ગુરુઉપદેશ મળ્યા બાદ કરી. કાવ્યની દ્રષ્ટિથી તુકારામની વાણી બહુ જ ઉચ્ચ કોટિની છે. વાસ્તવમાં તેમનું મન જ કાવ્યાનુકૂલ હતું. અંતઃકરણની સંવેદનશીલતા, સજીવ અનુભવ, સૂક્ષ્મ નિરક્ષણ, વિવેચન-શીલ, બુદ્ધિ, વાણીનું માધુર્ય અને પોતાના ધ્યેયમાં તાદાત્મ્ય, આ બધા સાચા કવિ બનવાના લક્ષણો તેમનામાં હતાં એમનાં ઘણા કાવ્યો આત્મલક્ષી અને અંતર્મુખ વૃત્તિના સાક્ષી છે. આથી તુકારામના કાવ્યરત્નો ભારતીય વાંડમયમાં આગવું સ્થાન ધરાવે છે.

તુકારામની બધી કાવ્યરચના અભંગછંદ માં જ છે. તુકારામની શૈલી સૂત્રરૂપ છે. તેઓ થોડા શબ્દોમાં ગહન અર્થ સૂચવે છે. તેમના ઘણાં વચનો મરાઠી સાહિત્યમાં સુભાષિત બની ગયા છે. તુકારામની વાણી જ્ઞાનદેવ અને એકનાથનો પ્રભાવ લાગે છે. તો પણ બુદ્ધિની સ્વતંત્રતા, વાણીની માર્મિકતા અને આત્મપ્રત્યય તુકારામની કવિતામાં ઠેરઠેર નજરે પડે છે. મરાઠી ઉપરાંત તેમણે હિન્દીમાં પણ કાવ્યો લખ્યા છે. સામાન્ય ગૃહસ્થથી આત્મસાક્ષાત્કારી સંતએ વિકાસનો ક્રમ આપણને એમના કાવ્યો દ્વારા જોવા મળે છે. તુકારામનું આધ્યામિક ચરિત્ર સૂક્ષ્મતાથી અવલોકીએ તો તેમાં ત્રણ અવસ્થા જણાય છે : (૧) સાધક (૨) નિરાશા અને (૩) સિદ્ધ.

ત્રિવિધ જીવનપ્રવાહ :-

સાધક અવસ્થામાં તુકારામ પોતાના મનમાં કંઈક ચોકકસ નિર્ણય કરી સંસારથી વિમુખ અને પરમાર્થની સન્મુખ ગયેલા લાગે છે. સાધક અવસ્થામાં તુકારામનું મન દૃઢ નિશ્ચયવાળું અને ઊંચી આશાવાળું લાગે છે. તેઓ ધ્યેયવાદી અને પ્રયત્નવાદી માલુમ પડે છે. આ અવસ્થામાં તેઓ ધીરે ધીરે સંસારની મોહમાયાનો ક્રમે ક્રમે ત્યાગ કરી ઈશ્વરાભિમુખ બનતા જાય છે. પણ ઈશ્વરપ્રાપ્તિનો આંનદ તુકારામને સહેલાઈથી થતો નથી. પ્રયત્નોની પરાકાષ્ઠા પછી પણ ઈશ્વરદર્શન ન થતાં તેમના મનમ વિકલ્પો ઉત્પન્ન થવા લાગ્યા. સાધક અવસ્થાની દૃઢ નિશ્ચયતાને બદલે તીવ્ર નિરાશા જોર પકડવા લાગી. જન્મથી જ અંતર્મુખ વૃત્તિને લીધે તેમની બેચેની વધી જાય છે. તેમને ઈશ્વરનાદ દર્શન જાગૃત અવસ્થામાં તો નહિ, પરંતુ સ્વપ્નાવસ્થામાં પણ થયા નહીં. થોડા વખત માટે પોતાની જાત પરથી તેઓ વિશ્વાસ ગુમાવી બેસે છે. તેઓ કહે છે :

"कळो आलें ऐसे आतां । नाही सत्ता तुम्हांसी ।
तरी वीर्य नाही नामा । हा विठ्ठल हीन शक्ति ।।

તું અને તારું નામ બન્ને વ્યર્થ સાબિત થાય છે. તું શકિતહીન છે તે મારા ધ્યાનમાં આવ્યું છે. કેટલી બધી વ્યાકુળતા અને કેટલો માનસિક ત્રાસ તેમણે કર્યો હશે !

આવી પરિસ્થિતિમાંથી પસાર થયા પછી તુકારામને આખરે ઈશ્વરદર્શન થાય છે અને ઈશ્વરદર્શન થી જ તેમની નિરાશા દૂર થાય છે. આ પછી આખી સૃષ્ટિ તેમને ઈશ્વરરૂપ જણાવા લાગે છે. હરિનામમાં તેમનું મન એટલું બધું વસી જાય છે કે વાણી પરથી પણ તેમનો કાબૂ જતો રહે છે. આત્મસાક્ષાત્કાર પછી તુકારામના મુખેથી જે ઉપદેશવાણી

નીકળી તેનું મહત્વ નૈસર્ગિક જુદું જ છે. આમ તુકારામ પ્રારબ્ધવાદી કે નિવૃત્તિવાદી લાગે છે તો પણ તેમણે ' **ગૃહસ્થધર્મ** છોડો' એવું કયાંય પણ નથી કહ્યું. તેઓ કહે છે કે 'સંસારને પરમાર્થના રસ્તામાં કદી પણ આવવા ન દેતા.' **તેમના** ઉપદેશમાં દયા, ક્ષમા, શાંતિ વગેરે નૈતિક ગુણો પર વિશેષ ભાર છે.

માર્ગદર્શક અલગારી સંત :-

સાધકની પીછેહઠ થાય ત્યારે આગળ વધવામાં પ્રોત્સાહન જરૂરી લાગે, તે ઘડીએ તુકારામ **જેવા** સ્વાનુભવસિદ્ધના જીવનમાંથી ઘણું જાણવાનું મળે છે. તુકારામના શબ્દોમાં કહીએ તો ભકિતરૂપી બીજ **સુક્ષેત્રમાં** રોપવામાં આવે, સુનીતિરૂપી જળ અપાય તો જ પરમાર્થરૂપી વૃક્ષ ઉગી નીકળે.

આવા આ અલગારી સંત સદેહે વૈકુંઠ પામ્યા હતા એમ કહેવાય છે. તુકારામ પોતાનાં અંતકાળના **ચિન્હો** જણાતાં ઇ.સ. ૧૬૪૯માં સદેહે જ મુકત થયા. ભારતીય (વૈદીક) સંસ્કૃત્તીને ટકાવવા માટે સંત પરંપરાનો **મોટો ફાળો** છે.

શ્રી ક્ષેમસાગરજી મહારાજ

શ્રી વિહારી સાહેબના મહા નિર્વાણ પછી વાંઢાય ધ્વારાની ગુરૂગાદીએ શ્રી ક્ષેમસાગરજી મહારાજ સ્થાપિત **થયા** શ્રી ક્ષેમસાગરજીનું જન્મ કચ્છ, ગામ મંઝલ, તા. નખત્રાણાના કાછેલાચારણ પરિવારમાં સવંત ૧૮૪૦ મહાવદ **૧૪નાં** થયો હતો.

ચારણ ચારો વેદ વેદ ભણ્યાવિણ

શ્રી ક્ષેમસાગરનું બાળપણ સાધના સાથે જોડાયેલું હતું. તેથી એ વચ્ચન સિદ્ધ અને ધર્મ પ્રજ્ઞાવાન **હતા.** એમનાં જીવનની શરૂઆત સેવા કાર્ય સાથે થઇ હતી. મંઝલમાં તેઓ 'ખીચડીઘર' અન્નક્ષેત્ર ચલાવતાં હતાં. **એમની** કાર્ય સિધ્ધીના પરિણામ સ્વરૂપે મંઝલ સ્થિત શ્રી રૂઘનાથજીનું મંદિર ખેમના મંદિર તરીકે ઓળખાય છે. **નાની ઉંમરે** તેઓ ક્ષેમબારોટ તરીકે ઓળખાતા હતા. કવિ કહે છે,

ચારણ ચતુર ગણાય ચારણ ધર્મ ન ચુકે
ચારણ સિધ્ધ સહાય મરે પણ ટેક ન મુકે
ચારણ સત્યાચરણ શાખ શ્રેષ્ટ ચારણની
ચારણ કિર્તી શુધ્ધ શાખ, ધરગ, ધારણની

વૈંકરામાં રહેતા ગજણજી દરબારને ક્ષેમસાગર તરફથી પુત્ર પ્રાપ્તિનો વરદાન માળ્યાથી એમને ખુબ **સંતોષ થયો હતો.** સંતાન મોટો થયા પછી મહારાજશ્રીને પગે લગાડવા વાંઢાય આવ્યા ત્યારે મહારાજશ્રી ક્ષેમસાગરજીએ **એનું નામ** "સંતદાસ" રાખ્યું. પુત્રની નામકરણ વિધી થયાની ખુશીમાં ગજણજીએ મહારાજશ્રીના ચરણોમાં સો (૧૦૦) **કોરીઓ** અપર્ણ કરી હતી જે કોરીઓને ક્ષેમસાગરજીએ આજે જયાં ઇશ્વર સાગર છે ત્યાં અગાઉ શ્રી વિહારી સાહેબ **નિર્મિત્ત એક** તલાવડી હતી. જેના પુન્રૂથાન ના કાર્યમાં ખર્ચી નાખી હતી.

જીવનને જાણો અને માણો

શ્રી ક્ષેમસાગરજી પાછલી ઉંમરે પ્રજ્ઞાચક્ષુ થયા હોવાથી કાનપુરમાં રહેતા દેવલ માઁ ના ઘેર રહેતા હતા. **દેવલમાં** ક્ષેમદાસજીના પૂર્વાશ્રમ સંબધે ભત્રીજી થતા હતા. દેવલમાં ના ઘેર "સંતકૃપા" નામનો એક ઓરડો હતો જેમાં નિયમિત સત્સંગ તથા સંત દર્શનનાં આયોજનો થતા હતા. કાનપુર ગયાથી પહેલા ક્ષેમદાસજી એક વખત આસંબીયામાં રહેતા સંત શ્રી "ગંગાબા" ના આશ્રમમાં ગયા હતા અને ત્યાં ઘણા દિવસ રોકાઇને સત્સંગ કર્યો હતો. **એક દિવસ** દેવલમાંને ક્ષેમસાગરજીએ કહ્યું કે દેવલમાં હવે હું આ શરીરનો ત્યાગ કરીને મુકત થવાની ઇચ્છા ધરાવું છું. **એક વખત** જીવનને જાણ્યા પછી અને એને માણ્યા પછી પ્રત્યેક વ્યકિતએ નિવૃત્તીનો માર્ગ અપનાવવો **જોઇએ. શ્રી** ક્ષેમસાગરજીની વાણીનો ભાવ જાણીને દેવલમાઁને બહુ દુઃખ થયું કારણ કે, **દેવલમાઁ નો ક્ષેમસાગરજી સાથે નિત્ય સબંધ હતો. શ્રી કૃષ્ણનું મથુરા ગયા પછી વિરહની વેદના ગોપીઓથી જરાય સહન થઇ નહી કારણ કે ગોપીઓનું કૃષ્ણ સાથે નિત્ય સબંધ હતો સબંધો ભુલી જવા અઘરા નથી પણ નિત્ય સબંધ ભુલી જવા અઘરા છે.**

દેવલમાઁની વ્યથાને જાણ્યા પછી શ્રી ક્ષેમસાગરજી એ કહ્યું કે તમારા જેવા જ્ઞાની પુરૂષે નાશવંત શરીર વિષે શોક કરવો જોઇએ નહિ.

કાલચક્ર :

અનાદી કાળથી જીવ-જતુંઓ પશુ-પક્ષીઓ કૃમી કીટકો તથા જગતના સૌ પ્રાણીઓ મૃત્યુ સાથે સીધો સબંધ ધરાવે છે. મૃત્યુ સાથે માણસનો ગાઢ સબંધ હોવા છતાંય એનો ભય નીકળતો નથી. શાસ્ત્રકારો કહે છે કે મૃત્યુ સાથે મિત્રતાનો સબંધ કેળવવો જોઇએ. મૃત્યુ જોઇને ડરી જવું નહિ પણ મૃત્યુ સાથે ભળી જવું જોઇએ. મૃત્યુ સાથે સારા સબંધો હશે તો એ ભયંકરને વિકરાળ સ્વરૂપ ધારણ કરીને નહિ આવે. એ જયારે આવશે ત્યારે આપણા ખંભા ઉપર હાથ રાખીને કહેશે કે ચાલ દોસ્ત હું તને ઇશ્વરના ઘેર પહોંચાડી આવું !!! અને જો એ મિત્ર નહિ હોય તો. હાથપગ બાંધીને ઢસળીને લઇ જશે ગીતામાં ભગવાન કહે છે.

જન્મમૃત્યુ જરા વ્યાધી પીડીતો કર્મ બંધના

જન્મ એટલે ગયા જન્મમાં કરેલા કર્મોની ગઠડી સાથે લઇને આવવું અને આખી જીદંગી એને વાપરતા રહેવું અને ત્યારબાદ બીજા નવા કર્મોની ગઠડી તૈયાર કરવી તે ગઠડીને મર્યા પછી જયાં જવું ત્યાં એને વાપરતા રહેવું અને ફરી ત્રીજી ગઠડી તૈયાર કરવી એવી રીતે પ્રાણીઓ જન્મ મૃત્યુના કાલચક્રમાં પીડાય છે.


હવે જન્મ અને મૃત્યુ વચ્ચે બીજા બે પરિબળો આવે છે જેનું નામ જરા વ્યાધી. જરા એટલે વૃધ્ધત્વ અને વ્યાધી એટલે પીડા. પીડા ના બે પ્રકારો છે. એક શારીરીક બીજી માનસીક માનસીક રોગીઓ બીમારીનું રોજ નવું બહાનું લઇને ફરતા હોય છે. તેવી રીતે ઘડપણના પણ બે પ્રકાર છે. એક માનસીક તથા બીજો શારીરીક ઘણા માણસો વૃધ્ધન હોવા છતાં પણ હું વૃધ્ધ છું એવા ગીત ગાતા ફરતા હોય છે.

શ્રી ક્ષેમસાગરજી મહારાજે દેવલમાંને ઉપદેશ આપતાં કહ્યું કે કાલચક્રના ચાર ખંડ છે જેના (૧) જન્મ (૨) મૃત્યુ (૩) જરા (૪) વ્યાધી. જે માંથી સૌ પ્રાણીઓને નીકળવાનું છે.

ત્યાર બાદ સેવા તત્પર શિષ્ય શ્રી ઇશ્વરરામને શ્રી ક્ષેમસાગરજી મહારજે કહ્યું કે, ઇશ્વરનું અહોનીસ સાધુસેવા તથા ભજનમાં રહેજે. મનને પ્રભુના ચરણમાં રાખજે. કોઇની સાથે વેર-ભાવનાં વિચારો રાખવા નહિ તથા સૌની સાથે નમ્રતા પૂર્વક વર્તન રાખજે. સંતોની ખુબ સેવા કરજે અને વાંઢાય ધ્વારા ને દીપાવજે. હવે તને હું અંતીમ આજ્ઞા આપુ છું કે, જયાં સુધી દેવલમા નો શરીર રહે એટલા દિવસ એમને કથા શ્રવણ કરાવજે.

શ્રી ક્ષેમસાગરજીનાં આ છેલ્લા શબ્દો હતા અને તે જ ઘડીયે સંવત ૧૯૨૮ મહા-સુદ ૧૩ ના દિવસે મહારાજશ્રી ક્ષેમસાગરજીનો દેહ શાંત થયો.

પૂ. મહારાજશ્રીના હસ્તાક્ષર



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય ત્રીજો

ઈશ્વર ચોગ



ઈશ્વરા સો પરમેશ્વરા

સંત બીજ પલટે નહિ જો જુગ જાયે અનંત
જીનકે ઘર જા અવતરે તા હું સંત કો સંત

સંતશ્રી ઈશ્વરરામજીનો જન્મ સવંત અઢારસો પંચાણું (૧૮૯૫) આસો સુદ-૨, સોમવારના દિવસે કચ્છ નાંઘ્રા (બીલેશ્વર)ના ભાનુશાલી પરિવારમાં થયો હતો.એની માતાનું નામ(કુંવરબાઈ અને પિતાનું નામ હસંરાજ કટારમલ હતું ભાનુશાલી જ્ઞાતી માં કુલ ૯૬ અટક છે.જેમા કટારમલ અટક બહોળી સંખ્યા ધરાવે છે. હંસરાજબાપા સરળ સ્વભાવના તથા સેવાભાવી વૃતી ધરાવતા હોવાને કારણે પિતાના સદગુણો પુત્ર ઈશ્વરમાં અવતરિત થયા હતા. ઈશ્વર બાળપણ થીજ સંસ્કારી હતો. તેમનુ શરીર અતીકોમળ તેજસ્વી તથા મનમોહક હતું. બાળપણથી જ ભજનમાં એમને બહુ પ્રિત હતી. મધુરસ્વર તથા લગનીના કારણે ગામમાં તે અતિ પ્રિય હતો. બીજા બાળકો ઘરઘર ની રમતો રમતા ત્યારે ઈશ્વર ઘરના બદલે મંદિર બનાવીને એમાં ભગવાન બેસાડીને રમત રમતો. ગામના તથા પરિવારનાં માણસો ઈશ્વરની મંદિર મંદિર રમત જોઈને આશ્ચર્ય અનુભવતા ઈશ્વરના મુખમાં ભજનની ધુન અવિરત ચાલુ રહેતી.

આવત હુ જાત ખાત ખેલત ખુલત ગાત
છીંકત છકાત ચુપચાપ વ્હેન રહીયે
રૈનદીન આઠો જામ રામ રામ રામ રામ
સીતારામ સીતારામ સીતારામ કહીયે

એક વખત કચ્છમાં દુકાળ પડયો ખેડુતો તથા બધા મજુરો કામકાજ વગરના થઈ ગયા ત્યારે ઈશ્વર માત્ર પાંચ વરસનો હતો. ઈશ્વરના મા–બાપે વિચાર્યુ કે આપણે બે માણસો (પતિ–પત્ની) ગમે તેંમ કરીને પણ સમય પસાર કરીલેશું પણ બાળક ના ભવિષ્યનું શું ? શિક્ષણ વગર નું જીવન સુગંધ વગરનાં ફુલ જેવું છે. બાળકનાં સંસ્કાર જાળવાઈ રહે એના વિષે પ્રત્યેક ગુહસ્થાશ્રમ વાસીઓને વિચાર કરવાનું હોય છે. આજનો બાળક આવતીકાલે યુવાન થશે ત્યારે એમની દીશા એની દીનચર્યા તથા એનું લક્ષ કયાં છે ? એ જાણી લેવાની પ્રત્યેક મા–બાપની ફરજ છે. સત્યનારાયણની કથામાં કલાવતી નામનુ એક પાત્ર છે. કલાવતી યુવાન છે રાતનો સમય છે નિશ્ચિત સમય કરતા ઘેર આવતાં તેને સહેજ મોડું થાય છે. કલાવતી ના માં–બાપ મોડું આવવા બાબતે ખુલાસો માંગે છે ત્યારે કલાવતી એંમને કહે છે કે હું સત્યનારાયણની કથા માં બેઠી હતી પ્રસાદ મોડું મળવાને કારણે હું ઘરે આવતા થોડી મોડી પડી છું કારણ કે પ્રસાદ લીધા વીના કથા માંથી જવાય નહી. એવા પ્રકારનો કલાવતીએ જયારે ખુલાસો કર્યો ત્યારે મા-બાપને શાંતી થઈ પ્રત્યેક વડીલે પોતાનાં સંતાનો પાસેથી નવરાત્રી દરમ્યાન તમેં કયાં રમશો ? કોની સાથે રમશો ? તથા ઘરે પાછા કયારે આવશો ? એનો ખુલાસો માંગવો જોઈયે. જે અમેં નથી માંગતા બસ એજ અમારી કમનશીબી છે.

બહુ વિચાર્યા પછી ઈશ્વરના મા–બાપએ નિર્ણય ઉપર આવ્યા કે ચાલો આપણે સૌ સીંધ જઈએ કારણ કે સીંધમાં ઈશ્વરના ફઈ ઝુરળા નામના એક ગામમાં રહેતા અને ખેતમજુરી કરતા હતા. એ વખતે સીંધુ નદીનો પ્રભાવ આખા સીંધ ઉપર હતો જેના લીધે ખેતીનો વ્યવસાય ખુબ ફાલ્યો ફુલ્યો રહેતો. એ સમયમાં કચ્છમાંથી બીજા પણ ઘણા માણસો ખેતમજુરી કરવા માટે સીંધ જતા હતા નાંધ્રાથી સીંધ જતી વખતે નખત્રાણા તાલુકામાં મંઝલ નામનુ એક ગામ આવે છે. જે ગામમાં ક્ષેમસાગરજી મહારાજ અન્નક્ષેત્ર ચલાવતા હતા. રસ્તા પરથી આવતા જતા લોકોને ખીચડી ખવડાવતા હતા. આજે જયાં સાધ્વી મૈયાજીનું આશ્રમ છે. ત્યાં જ ખીચડીઘર હતું રસ્તા ઉપરથી પસાર થઈ રહેલા ભાનુશાલી પરિવાર ને ખીચડીઘરના સેવકોએ પ્રસાદ લેવાનો ખુબ આગ્રહ કર્યો ત્યારે હસંરાજભાઈએ હાથ જોડી નમ્ર ભાવે કહ્યું કે માફ કરજો બાપલા અમેં અન્નક્ષેત્રનું ખાતાં નથી. આ અમારી પરંમપરાગત ટેક છે. અને એ ટેકને ટકાવી રાખવી એમાં જ અમારી શોભા છે. જેની ટેક ટકે એનો ભેખ ટકે સદાવૃત માત્ર જરૂરિયાત મંદ–સાધુસંત તથા આશ્રય રહિત એવા દીનદુખિયા અને ગરીબ તથા લાચારો માટે હોય છે પણ ગૃહસ્થીઓ માટે નહી. કારણ કે ગૃહસ્થીઓ સ્વયંમ એક ''ગૃહસ્યાશ્રમ'' નામનુ આશ્રમ ચલાવે છે. એટલે જ રૂષીમુનીઓ એને ધન્યોગૃહસ્થાશ્રમ કહે છે. તરસ્યાને પાણી અને ભુખ્યાને ભોજન આપવુ એ પ્રત્યેક ગૃહસ્થીનો ધર્મ થાય છે. એના આંગણેથી કોઈપણ સવાલી ખાલી હાથે પાછો ન જવો જોઈએ હસંરાજભાઈની વાત સાંભળી ખીચડીઘરના સેવકો આશ્ચર્ય ચકિત થઈ ગયા અને ભાનુશાલી પરિવારની અયાચક વૃતિને નમમસ્તકે વંદન કર્યા. સેવકો અને ભાનુશાલી પરિવારનો સંવાદ સાંભળીને ક્ષેમદાસજી પોતાના ખંડ માંથી બહાર આવ્યા તે વખતે એમની દૃષ્ટી પાંચ વરસના ઈશ્વર ઉપર પડી અને કહ્યું કે આ આપનો બાળક ભવિષ્યમાં મહાપુરષ થશે. એના લાલન–પાલનમાં કોઈ કચાસ રાખશો નહિ વિધીના વિધાન કેવા છે કે એ જ ઈશ્વર સમ્યાંતરે ઈશ્વરરામ નામ ધારણ કરીને એ જ ક્ષેમદાસજી વાંઢાય દ્વારાના બીજા ગુરૂગાદીપતિ તરીકે સ્થાપિત થયા ત્યારે ઈશ્વર એમનો શિષ્ય થયો. વાંઢાય દ્વારામાં ઈશ્વરરામજી ત્રીજા ગુરૂ ગાદીપતિ તરીકે સ્થાપિત થયા હતા.

મંઝલથી ક્ષેમદાસ પાસે થી વિદાય લઈને વિસામો ખાતા ખાતા ઝુરળા મુકામે ઈશ્વરના ફઈબાનાં ઘેર પહોંચ્યા. બાદ નિરાંતનો શ્વાસ લીધો ફઈબા પોતે ઈશ્વર પરાયણ જીવ હતા તેઓ સતસંગમાં ખુબ ભાગ લેતા.

એ સચમે હમલા દ્વારાના પ્રથમ ગાદીપતી તથા હરિહર સંપ્રદાયના સંસ્થાપક દેવા સાહેબના પટશિષ્ય શ્રી સેવાદાસજી ઝુરળા ગામે (સીંધ)સ્વતંત્ર આશ્રમ ચલાવતા હતા સેવાદાસનું શરીર શાંત થયા પછી એમના પટ શિષ્ય શ્રી અરજણદાસજી આશ્રમને સંભાળતા હતા. તે વખતે બાળ ઈશ્વર અક્ષરજ્ઞાન સાથે ધાર્મિક જ્ઞાન લેવા માટે અરજણજીદાસજી પાસે આવતા. એમ કરતાં કરતાં ગામડામાં જેટલુ પ્રાપ્ત થઈ શકે એટલુ અક્ષરજ્ઞાન મેળવી લીધું. કવિશ્રી નાઝીર કહે છે,

સમય અવળું નિહાળીને તું કા ગમ કરે નાઝીર
સમય બદલાય છે જ્યારે બધું બદલાઈ જાય છે.

ઈશ્વર સાથે પણ એવુ જ થયું થોડા દિવસ રહીને ઈશ્વરના માતા–પિતા ગુજરી ગયા સમાજની દ્રષ્ટિએ ઈશ્વર અનાથ લાગવા માંડયો. પણ ઈશ્વરના નાથની માત્ર ઈશ્વરને જ જાણ હતી જેના લીધે પ્રભુ પ્રત્યેની લાગણી અને પ્રેમની ઈશ્વરના જીવનમાં લેશમાત્ર ઓટ આવી નહી. ઈશ્વર અતિ પ્રિય હોવાથી ફઈબાએ એના ભરણ પોષણ તથા સારસંભાળ રાખવામાં જરાય કચાસ રાખી નહિ. એ જ્યારે સત્સંગ સાંભળવા આશ્રમમાં જતા ત્યારે ઈશ્વરને સાથે તેડી જતા. એક વખત અરજણદાસજી એ કયું ફઈબા તમારા ઈશ્વરમાં ગાદી પરંમપરા નિભાવે એવી મને યોગ્યતા દેખાય છે. ભગવાને એમની અંદર ઠાંસી ઠાંસીને ગુણો ભર્યા છે. એમાં ફુલ ખીલ્યાથી પહેલા જ સુંગધ વેહવા લાગી છે. કુદરત પોતાનાં સિધ્ધાંત અનુસાર એક પુરૂષને જ્યારે મહાપુરૂષ બનાવવા માંગતો હોય છે ત્યારે એમને અનેક ખેલો ખેલવા પડે છે. નરસિંહ મહેતાને ન્યાત બહાર કરવો. મીરાંને ઝેર આપવું, રૈદાસપર ચોરીનો આક્ષેપ નાખવો, ઈશુને સુળીએ ચડાવવા, તુકારામને સતત ગરીબીમાં રાખવો, પ્રહલાદને ધગધગતા થાંભલા સાથે બાથ ભીડાવવી બાળ ધ્રુવને વનમાં મોકલી આપવો, ગાંધીજીને ગોળીએ વિંધાવવા, એવા તો અનેક પ્રકારના ઈશ્વરે ખેલેલા ખેલ નર ને નરમાંથી નારાયણ બનાવવા માટે હોય છે.

પશુકી પનિયાં બને નર કા કછુ ન હોય નર અગર કરની કરે તો નર નારાયણ હોય

એક વખત સાધુ અરજણદાસ પાસે ઇશ્વર દોડતો દોડતો આવ્યો. અરજણદાસજીએ ઇશ્વરને અચાનક આવવાનું કારણ પૂછયું ત્યારે ઇશ્વરે કહ્યું મહારાજશ્રી હું બહુ મુશ્કેલીમાં છું મારા ફઇબા તથા મારા પરિવારજનો મને પરણાવવા માંગે છે.(ત્યારે બાળલગ્ન માન્યતા પ્રાપ્ત હતા) મને સંસારમાં પડવાની જરાય ઇચ્છા નથી પણ પરિવાર તથા ફઇબા સામેં હું મારા વિચાર વ્યકત નથી કરી શકતો. મારે કરવો છે ભજન પણ સંસારમાં પડયા પછી મારાથી ભજન થશે નહી !!! હું આપના શરણે આવ્યો છું મને કોઇ માર્ગ બતાવો. અરજણદાસજી એ કહ્યું તારા વિચારો ખુબ સારા છે અને એક વાત યાદ રાખજે ઇશ્વર હમેશાં સારા વિચારો જોડે હોય છે. માટે તું ચિંતા મુકત થઇ તારી સંપુર્ણ ઘટનાને ઇશ્વરના ચરણોમાં સમર્પિત કરીને કામ કરતાં કરતાં ભજનમાં લાગી જા. ભવ પાર થવા માટે હરિ ભજન એક હાથ વગો સાધન છે.

માનવ જાણે મેં કર્યુ કરતલ બીજો હોય
આદર્યા સૌ અધ વચ્ચ રહે ને હરિ કરે સો હોય

મનુષ્યે કોઇપણ સારા કાર્યો કરતી વખતે ઇશ્વરને સાક્ષી તરીકે રાખવો જોઇએ. નહિં તો જીતેલા દાવ બધા હારમાં પલટાઇ જશે. જયારે પૂર્વકર્મનો ઉદય થાય છે ત્યારે ભગવાન ભકિત માર્ગમાં અનુકુળ સંજોગો ઉભા કરી આપે છે. પણ મનુષ્યે સુવ્યવસ્થિત પ્રયત્નો કરવા જરૂરી છે. ગીતા સંદેશમાં ભગવાન કહે છે,

કર્યા વિના મળશે નહીં કરેલું ફોગટ જશે નહિ
કામ કરતો જા હાક મારતો જા મદદ તૈયાર છે.

પ્રમાણિકતા પૂર્વક કામ કરો કે ભજન કરો પરિણામ બનેનું એક સરખું છે. એ સિધ્ધાંત અનુસરીને ઇશ્વરે કર્મ સાથે ભજનને જોડી દીધું

રાગ : ભીમપ્લાસ - (મનવા લઇલે)

ગુરૂજી મેરે મહેર કરી મનમેં ...ટેક
સતચીત આંનદ કંદ અનુપમ દર્શાયા તનમે। ...ગુરૂજી
ત્રય વિધતાપ સંતાપ સકલ શ્રમ ખોઇ દીયા ક્ષણમેં ...ગુરૂજી
સબ ઘટ અનુગત એક અખંડીત જલ સ્થલ બન ઘનમેં ...ગુરૂજી
કહે''ઇશ્વર'' ગુરૂદેવ પ્રસાદેત્ કૃત્ય કૃત્ય ધન્ય ધન્ય મેં ...ગુરૂજી

ઇશ્વર પ્રતિદીન અરલા ઉપર મજુરી કરવા જાય અરલો એટલે કુવામાંથી હાથ વડે ચાલતો પાણી કાઢવાનું (રેંટ) મશીન. કામ કરતી વખતે ઇશ્વર ભજન ગાતાં ગાતાં ઘ્યાનસ્થ થઇ જતો. એનુ પરિણામ એ આવ્યું કે અરલા ઉપરથી પકડ ઢીલી થઇ ગઇ હોવાને કારણે અરલો ઉંધોં ફરી ગયો. અને એમનો એક પગ રેંટનાં દોરળામાં ફસાઇ ગયો જેનાં લીધે એક પગ તુટી ગયો. અને હંમેશને માટે ખોટ રહી ગઇ. ઇશ્વરનાં જીવનવિકાસનો પહેલો અધ્યાય અહિંથી શરૂ થયો. મીરાંબાઇ નું એકપદ છે.

રાગ : પીલ્લુ તાલ - હીંચ

રામરાખે એમ રહીએ। રાણાજી અમને રામ રાખે એમ રહીએ ...રાણાજી।
કોઇ દીન ભોજન માલ મલીદા કોઇદી ટાઢા ટુકળા ખાઇએ ...રાણાજી।
કોઇદીન સુવા મહેલ મઝાના કોઇદી ભોંયેં પડયા રહીએ ...રાણાજી।
કોઇદી ઓઢણ સાલ દુસાલા કોઇદી કફની પહેરી લહીયે ...રાણાજી।
મીરાં કહે પ્રભુ ગિરીધર નાગર સુખ દુઃખ સરખા ગણીયે ...રાણાજી।

ધીરે ધીરે બાળ ઇશ્વરે સંજોગો સાથે સમાધાન કરી લીધું. એમને નરસિંહ મહેતાના શબ્દો યાદ આવ્યા ભલું થયુ ભાંગી ઝંઝાળ સુખે ભજીશું શ્રી ગોપાલ એક દિવસ ફઇબાએ પૂછયું ઇશ્વર તારા પગમાં ખોટ આવી ગઇ એનો તને શોક છે ? ઇશ્વરે કહ્યું નહી કારણ કે ભગવાને આપણને બે પગ એટલા માટે તો આપ્યા છે કે એક પગ તુટી જાય તો બીજો કામ આવે જીવન તરફ જોવાનો દ્રષ્ટિ કોણ બદલાઇ જાય તો પ્રતિકુળ પરિસ્થિતી પણ અનુકુળ લાગવા માંડે. સામાન્ય માણસો પાસે અઢળક સંપત્તિ હોવા છતાંય પોતાની જાતને તેઓ ગરીબીમાં ખપાવતા હોય છે.

કારણ કે સામાન્ય માણસની ગરીબી એના ખિસ્સામાં નહિ પણ બુદ્દિમાં આર–પાર ઉતરી ગઇ છે. જગતમાં મોટામાં મોટો કોઇ શ્રીમંત હોય તો તે સંત છે. સામાન્ય માણસો પોતાનું જીવન રડી રડી ને વિતાવે છે જ્યારે સંત પોતાનાં જીવનને હસી હસીને વિતાવે છે. જે મફતનું ખાતો નથી અને બીજાને ખાવાની સલાહ આપતો નથી એનું નામ સંત

એક દિવસ સાધુ અરજનદાસજીએ પોતાના આશ્રમમાં ઇશ્વર તથા એમનાં ફઇબાને બાલાવીને કહ્યું કે મારી દૃષ્ટીએ ઇશ્વર કોઇ યોગભ્રષ્ટ આત્માં છે. નમ્રતા, સરળતા તથા નિખાલસતા જેવા ગુણો એને સાહજીક મળ્યા છે. એના માટે એણે કોઇ જ પ્રયત્નો કર્યા નથી એનો અર્થ એ થાય છે કે, એ જીવ યોગભ્રષ્ટ જીવ છે. આપણી પાસે રહીને એનું સેવા કાર્ય ખીલશે નહિ અરજણદાસજી એ ફઇબાને કહ્યું કે આપની ઇચ્છા હોય તો ઇશ્વરને આપણે હમલા દ્વારે મારા દાદા ગુરૂશ્રી દેવાસાહેબની જગ્યાએ મોકલી દઇએ. ત્યાં વર્તમાન ગાદિપતી તરીકે શ્રી ક્ષેમદાસજી મહારાજ બિરાજમાન છે. એમનાં સાનિધ્યમાં ઇશ્વરનું ખુબ ઘડતર થશે. ફઇબાની સહમતી લઇને ક્ષેમદાસજી ઉપર ભલામણ પત્ર લખીને અરજણ દાસજીએ કચ્છ જતાં એક સાધુનાં સંગમાં મોકલી આપ્યો. આધ્યાત્મના માર્ગમાં ઇશ્વરે આજે પહેલો ડગ ભર્યો છે.

રાગ : સારંગ - (કચ્છી)

કરીંયા હળવે હળવે પંધ (૨)
વિચારે વિચારે પગલા ભરીયાં સાધુએં જે સંગ ...કરીયાં.
સાધક જો સાધન આએ ભકિત સભ સાધન બેઆ ભંધ
સાધ્ય મુંજો પિતા પરમેશ્વર જગસેં જુઠ સંબંધ ...કરીયાં.
ધ્યાન તપ મેં મસ્ત જોગી શ્વાસ ખણા તેં સંગ
પંઢ પંઢ મેં આઉ મસ્ત ભની રાં નાથ ભજનમેં ભંગ ...કરીયાં.
ખુલા જીવ ખુદાકે પ્યારા ભંધ છડીંતા ગંધ
મન જા મનમેં ગુટજેં તેંકે કડેંમ દીજા સંધ ...કરીયાં.
નતો વડાયે ઇશ્વર તેંકે જેમેં વરને વંગ
નાયકો નીયમ ધર્મ અનીજો નાય ઘડો કો ઢંગ ...કરીયાં.
કેડંન છડીંયા સંત સમાગમ આઠોય પોર અડંગ
''ભગતરામ'' મોકે મલઇ અમુલખ મનુષ્ય દેહજી સંધ ...કરીયાં.

વીસ વરસનો યુવાન ઇશ્વર સાધુઓના સંગમાં લંગડાતો લંગડાતો મહા મહેનતે હમલાધ્વદ્વારે આવી પહોંચ્યો. મહારાજ શ્રી ક્ષેમસાગરજીના દર્શન કર્યા પછી પગે લાગીને સાધુ અરજણદાસજી એ ઇશ્વરની સાથે મોકલાવેલી ભલામણ ચિઠ્ઠી સેવકો તથા ભકતોની હાજરીમાં ક્ષેમસાગરના ચરણોમાં ધરી અને પછીએ ચિઠ્ઠીને ધ્યાનમાં લઇને આશ્રમના સૌ સેવકો તથા ભકતોની હાજરીમાં ઇશ્વરને શાસ્ત્રોકત વિધિ અનુસાર કંઠી બાંધીને પોતાના શિષ્યપદે સ્થાપિત કરીને ઇશ્વરરામ તરીકે નામાભિધાન કર્યુ,

રાગ : પીલ્લુ (તાલ હીંચ)

કરવર ગુરૂ કર ધ્યાન મન રે.. કરવર ગુરૂ કર ધ્યાન ...ટેક
અર્ચન વંદન સેવા સુમીરન અરપન આતમ ઠાન ...મન રે
ગુરૂ મમ જીવન પ્રાણ આધારા ગુરૂબીન ગતી નહી આન ...મન રે
નખશીષ માન હુ મુરત ગુરૂકી બ્રહ્મ કેવલ ભગવાન ...મન રે
માન શીખામણ સાર સુખદ યહ તો 'ઇશ્વર' કુલબાન ...મન રે

ધીરે ધીરે ઇશ્વરરામ આશ્રમના વાતાવરણને અનુકૂળ થવા લાગ્યા. શ્રમ એજ સેવા એ એમનું જીવન મંત્ર હતું. હમલા આશ્રમની દીનચર્યા પ્રમાણે શ્રી ક્ષેમસાગરજી વિદ્યાર્થીઓને નિતીશાસ્ત્ર ભણાવતા અને ઇશ્વરરામ પણ વિદ્યાર્થીઓ સાથે ભણતા અને સાથે સાથે રસોડું પણ સંભાળતા. એક વખત ઇશ્વરરામની પ્રમાણિકતા તથા સેવાવૃત્તિને ધ્યાનમાં રાખીને શ્રી ક્ષેમસાગરજીએ જાત નિરીક્ષણ કરાવા અર્થે ઇશ્વરરામજીને વાઢાંચ દવારામાં મોકલ્યા.

અને કહ્યું કે ઈશ્વર વાઢાંય ધ્વારામાં તું છ મહિના રહેજે. અને ત્યાં રહેતા આશ્રમના સેવકો તથા શિષ્યોની દીનચર્યાનો અભ્યાસ કરી જયાં યોગ્ય લાગે ત્યા જરૂરી ફેરફારો કરવાની હું તને સત્તા આપું છું. ઈશ્વરરામ ગુરૂની આજ્ઞાને અનુસરીને છ મહિના વાંઢાયમાં રહ્યા.

વાંઢાયમાં મન ફાવે એવી રીતે વર્તી રહેલા સૌ સેવકોને આશ્રમની આચારસંહિતા સમજાવીને સૌના દિલ જીતી લીધા. ઈશ્વરરામની મધુર વાણી તથા એમનાં પ્રેમાળ સ્વભાવનાં કારણે આશ્રમમાં ખુબ લોકપ્રિય થયા. એમનાં જીવનમાં દલીલોને કોઇ સ્થાન ન હતું. બુધ્ધિવાદ દ્વારા દલીલો કરીને અન્યોને પરાસ્ત કરવા તથા પોતાના મતનો આગ્રહ રાખવો એ એમના સ્વભાવમાં ન હતું. ઈશ્વરરામ કહેતા કે સૌને નમે એ સૌને ગમે. વાંઢાય દ્વારામાં સુધારણા કરીને ઈશ્વરરામ હમલા દ્વારે આવ્યા અને ગુરૂશ્રી ક્ષેમસાગર પાસે વાંઢાય દ્વારાનો આંખે દેખ્યો અહેવાલ તથા જાત અનુભવોની રજુઆત કરી. શ્રી ક્ષેમસાગરજી ઈશ્વરની કાર્ય પધ્ધતી જોઇને ખુબ પ્રસન્ન થયા અને મનોમન નક્કી કર્યુ કે થોડા સમય પછી વાંઢાય દ્વારાની સપૂંર્ણ જવાબદારી ઈશ્વરને સોંપવામાં જ ભલાઇ છે. એવું વિચારીને ઈશ્વરની પીઠ થાબડી.

એક વખત ગુરૂ મહારાજની આજ્ઞા લઇને ઝુરળા ગામથી ફઇબાને હમલા દ્વારામાં બોલાવવા માટે પત્ર લખ્યો. જેમાં લખ્યું કે ફઇબા આપને સારો સથવારો મળે ત્યારે આપ હંમેશને માટે હમલા દ્વારે આવી જાવ. આપને અહીંયા હરિભજન તથા સંતસેવા કરવાનો અવસર મળશે. લી.ઈશ્વરના હરિહર, ઈશ્વરરામના કહ્યા પ્રમાણે ફઇબાએ પોતાનું શેષ જીવન હમલા ધ્વારામાં રહીને સંતસેવામાં વિતાવ્યું થોડા વરસ પછી ફઇબાનું શરીર શાંત થયું ત્યારે એમની પાછળ તથા એમના આત્માની શાંતી અર્થે સાધુ સંતો ને આમંત્રણ આપીને ભંડારો કર્યો હતો.

હમલા દ્વારામાં ભોજનાલયની સપૂંર્ણ જવાબદારી ઈશ્વરરામનાં શિરે હતી પોતે અપંગ હોવાથી એક જ જગ્યાએ બેસીને થતાં સેવા કાર્યો એમણે સ્વીકાર્યા હતા. ભડાંરામાં બેસીને તેઓ બે ચુલાઓ ઉપર એકલા હાથે રોટલી શેકતા સામે ઘોડી ઉપર શ્રીમદ્ ભાગવતનું પુસ્તક રાખતા. રોજના નિયમ પ્રમાણે પ્રતિદીન કામ કરતાં કરતાં (૬૦) સાઇઠ શ્લોકો કંઠસ્થ કરતાં. ઈશ્વરરામનો શ્રીમદ્ ભાગવત સાથેનો આત્માંનો સંબંધ હતો. જેના પરિણામ સ્વરૂપે ઈશ્વરરામજીએ વાંઢાય ધ્વારામાં રહીને કોલસાની ભુકીમાં દેશી બાવળના ગુંદરના રસનું મિશ્રણ કરીને બનાવેલી શાહીથી પોતાના હાથે "ભાગવત" લખી છે. ઓછામા ઓછા પાંચસો પાના ધરાવતી હસ્ત લીખિત ભાગવત આજે પણ જુના ધ્વારામાં દર્શન માટે રાખવામા આવેલ છે.

એક દિવસ શ્રી ક્ષેમસાહેબને વિચાર આવ્યો કે હમલા તથા વાંઢાય દ્વારો મળીને બે જવાબદારીઓ સંભાળવા કરતાં વાંઢાય દ્વારાની સંપુણ જવાબધારી ઈશ્વરરામને સોંપી દેવાથી મારા ઉપરથી કામનો ભાર ઓછો થઇ શકે છે. અને સાથે સાથે ઈશ્વરરામની પણ ઘડતર થશે અને ઈશ્વર હવે સ્વતંત્ર નિર્ણયો લેવાને યોગ્ય છે. અને પછી ઈશ્વરરામ વાંઢાય દ્વારાની ગુરૂગાદીનાં ત્રીજા મહંત પદે સ્થાપિત થયા. અને ત્યાર બાદ વાંઢાય દ્વારો ઈશ્વર આશ્રમ તરીકે ઓળખાવા લાગ્યો. ધીરે ધીરે ઈશ્વરરામ પ્રત્યે લોકચાહના વધતી ગઇ. ઈશ્વરરામનું જીવન સૌના આકર્ષણનું કેન્દ્ર બનતુ ગયું. ધીરે ધીરે વાંઢાયમાં કાર્ય વધતું ગયું અને સાથે સાથે ભજન પણ વધતું ગયું. ઈશ્વરરામજી કહેતા હતા કે ભજન સૌ સિધ્ધીઓનું મુળ છે એટલું જ નહિ ભજન સ્વયંમ એક સિધ્ધી છે. અને ભજન આપણા સૌના જીવનનો સાર છે.

સંત તુલસીદાસ કહે છે,

ભાગ્ય બડા તો રામ ભજ વખત બડા કછુ દે
અકલ બડી ઉપકાર કર દેહ ધર્યો ફલ એહ

જેના ભાગ્ય ચડીયાતા હોય એના જ જીવનમાં ભજન હોય છે એટલું જ નહીં એના કાંટા વજન માંયે ભજન સમાયેલો હોય છે. જયારે સામાન્ય માણસો અધુરા વજન અને અધુરી વાતો કરીને પોતાના જીવનને વેડફી નાખે છે. સુરદાસનું એક પદ છે.

રાગ : પહાડી તાલ - કેરવા

જનમ તેરો બાતો મેં બીત ગયો. તું ને કબહુન કિષ્ણ કહ્યો ...જનમ૦

પાંચ બરસ કો બાલો ભોલો અબતો વીસ ભયો
મકર પચ્ચીસી માયા કાજે દેશ વિદેશ ગયો ...જનમ૦
ચાલીસ અંદર રાજ સુખ પાયો લોભ બડે નીત નયો
સુખ સંપત માયા કે પીછે દેશ-વિદેશ ગયો ...જનમ૦
સુકી ત્વચા, કમર, ભઈ ઢીલી રોગ બડે નિત નયો
બહુ બેટા તેરો ક્યોન માને પરવશ આન પડો ...જનમ૦
ના ભજન કીયો ના સત્સંગ ના કછુ દાન દીયો
''સુરદાસ'' અબ અંતમે તુજકો યમને ઘેર લીયો ...જનમ૦

ઉપરોક્ત ભજન સંબધિત એક પદ છે.

રાગ : પહાળી તાલ - કેરવા (કચ્છી)

છડને મોહ માયાતું ભજન કર તું ભજન કર તું
ભજન મેં જ્ઞાનજી ગંગા ભજન સેં મન થીએં ચંગા (૨) કરે ભવપાર થીને તું ...ભજન૦
ભજન મેં મૌન વ્રત રોણું કડેં કેંકેન કીં ચોણું (૨) ખુટી સંગત કના ભચ તું ...ભજન૦
ભજનજા ભાવ ઐંઈ ન્યારા પચેંતેલાગણે સારા (૨) કરિંધા ધાર દુનિયા તું ...ભજન૦
ભજનજી જેમેં આય મસ્તી જગતમે તેંજી આય હસ્તી (૨) મઠો લગને પ્રભુકે તું ...ભજન૦
કડેં કેંજી નતો મંગીએ ન કેજેડા તું કમ કરીયેં (૨) કરે જેડાન કરીયે તું ...ભજન૦
ખેડી ખડી ને ખુટી પોને ઉનારેમેં પોએ રૂલને (૨) નથે ચુટીએ વગર જો તું ...ભજન૦
ભજન માણ્યો મીરાંબાઈ ભજન કેં વનમેં શબરી બાઈ (૨) 'ભગતરામ' કોન કરીયે તું ...ભજન૦

જન્માષ્ટમી

ભારતીય સંસ્કૃતિમાં તીથિઓ સૌ તહેવારો સાથે જોડાયેલી રહે છે, જેમ કે (૧) બલીપ્રતિપદા (૨) ભાઈબીજ (૩) અક્ષયતૃતિયા (૪) ગણેશચતુર્થી (૫) નાગપાંચમ (૬) રાંધણછઠ (૭) શીતલાસાતમ (૮) ગોકુલઆઠમ (૯) રામનવમી (૧૦) વિજયાદશમી (૧૧) ભીમએકાદશી (૧૨) વાઘબારસ (૧૩) ધનતેરસ (૧૪) કાળીચૌદસ (૧૫)ગુરૂપુર્ણીમાં એ બધા તેહવારોમાં જન્માષ્ટમી ને વધુ મહત્વ આપવામા આવ્યું છે. મહારાજશ્રી ઈશ્વરરામજી જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવા અવશ્ય હમલા દ્વારે જતાં અને એ દિવસે ઈશ્વરરામ આવવાના હોવાથી એમને મળવા આસપાસના સાધુ સંતો ખાસ આવતા અને સૌ ઉત્સવમાં ભાગ લેતા. એક કહેવત બહુ રસપ્રદ રહી છે કે જ્યાં ઈશ્વરરામ હોય ત્યાં જન સમુદાય હોય. એમનું જીવન વિવાદ રહીત હોવાને કારણે તેઓ જન-ગણમાં અતિ લોકપ્રિય હતા. વૃધ્ધ હોવા છતાંય તેજબાઈમાં મહારાજ શ્રી માટે પોતાના હાથે રસોઈ રાંધતા અને જમાડતા જન્માષ્ટમીનાં દિવસે હમલામાં ભીડ રહેતી. બપોરના મહાપ્રસાદ લીધા પછી શોભાયાત્રાનું આયોજન થતું તે સિવાય ગામનાં ફળીયાઓમાં રાસલીલા થતી તે સમયે નંદ ઘેર આનંદભયો ના નારાથી ગગન ગુંજી ઉઠતું. રાસલીલામાં નરસિંહ મહેતા, મીરાંબાઈ તથા બિહારી સાહેબના પદો ગવાતા. હમલા દ્વારાની આસપાસનો વિસ્તાર ભજનાંદી હતો અને આજે પણ છે. એ બધા સ્વજનો રાસલીલામાં ભાગ લેવા આવતા. મહારાજ શ્રી ઈશ્વરરામને વિહારી સાહેબના પદ બહુપ્રિય હતા જન્માષ્મીના દિવસે તેને અચુક ગાતા :-

વિહારી રાસ

રાગ : પરજ તાલ= હીંચ (ચાલ સખી ઓધવરાસ અમેં રમીએ)

આજની ઘડી ધન્ય આજની ઘડી મેં નિરખ્યા જગન્નાથ ધન્ય આજની ઘડી ...મે૦
નિત્યપ્રત નાત અઢારે ચોકી છે ખડી દાસ હરિના દાણ આપે બીજા રહે અડી ...મે૦
વર્ણઅઢાર એકઠા જમે રૂડી રીતડી એક બીજાના મુખમાં આપે પુરણ પ્રિતડી ...મે૦
જગના જીવન જોઈને જોયા ભરી આંખડી મુખદેખી ને મહાસુખ પામ્યા ભરી છાતડી ...મે૦
રાતદિવસ રૂદ્યે રાખું મેલુ નહિ ઘડી કહે ''વિહારી'' દેવ છે મારા જીવનની જડી ...મે૦

રાગ : ઉપર પ્રમાણે

ભાવથી કરો ભજન ભાવથી કરો. આ સપનું છે. સંસાર ભજન ભાવથી કરો.
ભાવે કરી ભગવાનને પ્રપંચ પરિહરો. સદગુરૂ સંત સેવ્યાવિના નિશ્ચય નહિ ઠરો.
કાલનો જોખમ જોરછે તેને દેખીને ડરો. ચેતીને તમે ચાલો આગળ ખેલ છે ખરો.
એકજ આતમ રામને મુખે અંખડ ઉચ્ચરો સૌ પહેલા સંસારમાં પ્રાણી સુખેથી તરો.
સદગુરૂના શબ્દ રૂડા હૃદ્યમાં ધરો. દાસ 'વિહારી' ના દેવ ને ભજો ભુલાકાં ફરો.

રાગ : પરજ તાલ - હળવી ચલતી (ગોકુળમાં ગાયો ચારી તમેં) (મને રામ કે ઓધવરામ)

તમે અંતરથી નવ થાજો રે હરિ અળગા અમથી એક ઘડી ...ટેક.
હરિતમ ચરણે માંરૂ ચિત્ત બાંધ્યું એવું મરજીવ્યાનું મરમ લાધ્યું
એવી શુધ્ધ સમજ્યાની હવે ટેવ પડી હરિ અળગા અમથી એક ઘડી ...તમેં.
નિજ જ્ઞાનીજન જેને ગોતે એવા પુરણ બ્રહ્મ તે છે પોતે
તેની પશવીતિ પહચાન પડી હરિ અળગા અમથી એક ઘડી ...તમેં.
મારી પૂર્વજન્મ ની પ્રિત ખરી મેં જ્યાં ત્યાં દીઠા બ્રહ્મહરિ
મારી સુરત સખી આસમાન ચડી હરિ અળગા અમથી એક ઘડી ...તમેં.
મારૂં હું પદ સહજ સમાઇ ગયું જે જેમ હતું તે તેંમ થયું
એવી દાસ ''વિહારી'' ને દશા જડી હરિ અળગા અમથી એક ઘડી ...તમેં.

રાગ : દેશ તાલ - હીંચ (મોરલી કામણ ગારી કાનુડા તારી)

નિરખી ઠરેયા મુંજા નેણરે શામળીયો સગો નીરખી ઠરેયા મુંજા નેણ રે ...ટેક.
જમનાજે નીર તીરે ધેનું ચરાવે વાલો મધુરી વગાડે વાલો વેણ રે ...શામળીયો.
વાટ હલંધે ઐંઇ ઘડી એક વિલંભો વલા વાલા લગેંતા આજા વેણ રે ...શામળીયો.
આજી મોરલીયે મુંજો મન તા હરેયોંવલા સારા લગેંતા મોકે સેણ રે ...શામળીયો.
દાસ''વિહારી''જા સ્વામી સુખ સાગર વલા સુભધા આંજી સગી ભેણ રે ...શામળીયો.

રાગ= દેશ તાલ= કેરવા

બંસી બજાયે કાનો યમુના કે તીર રે, શ્રવન સુમન મન ધરત ન ધીર રે ...બંસી.
બંસી કે નીરેં થંભીયો જમના કો નીર રે, સબ ધેનું મોહે કોકીલા રૂ કીર રે ...બંસી.
મારૂત ચલત નાહિ ભરી રહ્યો ધીર રે, ગૌઅની કે બચ્છ કોય પીવત ન ખીર રે ...બંસી.
મુનીજન મોહે સુની રાગ સૌ ગંભીર રે, ધુન સુની ગોપી ધાઇ તજી અંગ ચીર રે ...બંસી.
જન''વિહારી'' જાદુકીના હલધર વીર રે, સબની કો જાન દયો પ્રભુ સુખ સીર રે ...બંસી.

રાગ= પરજ તાલ હીંચ

રહો મારી મીઠલડીના માવા નહિ રે દઉં તમને રે હરિ જાવા
પ્રિત લગાડી શાને પહેલી હવે કયાં જાઓ છો હરિ મેલી
અમને ભોજનીયાં નહિ ભાવે. નયને નીંધરા રે નહિ આવે
સુખડા શામળીયા ના સાલે. વ્યાકુલ મન કીધા રે મારે વાલે
એક પલના મેલુ હરિ તમને વાલા લાગો છે રે બહુ અમને
વિસરી વાત હરિને વ્રજની સનમુખ રમતા રે હો સજની
રાસ મંડળમાં ભેળા રમતા એણી પેરે હરિને બહુ ગમતા
સુંદરવર અવિનાશી પામીં દાસ''વિહારી'' ના હો સ્વામી

રાગ : પીલ્લુ (મોરલી વેરણ થઈરે કાનુડા તારી)

મોરલી કામણગારી ગીરધારી તારી મોરલી કામણગારી
તારી મોરલીયે મારા મન હરિ લીધા કામણ કીધા મને ભારી ...ગીરધારી.
વિરહની પીડા વ્યાપી અંતરમાં તેની વેદના ન્યારી ...ગીરધારી.
સગાસંબધી અમે સર્વે તજીયા વાલા દીધા મેં વિચારી ...ગીરધારી.
સંસારના સુખ સુળીજેવા લાગે દુનિયા લાગે અમને ખારી ...ગીરધારી.
''વિહારી'' ના સ્વામી તમેં વ્યાકુળ કીધા બંસી બજાવી બાવન બારી ....ગીરધારી.

પદ રાસ રાગ પરજ

સાંભળ સજની રે હો કહું છું સાચી શિખામણ તમને દઉ છું ...ટેક.
સગપણ સાચું રે હો કરજો, જે હોય કાચું તે પરિ હરજો ...૧
ડગમગ મેલો રેહો મનની, સંગત કરીએ સાધુ જનની ...૨
હરિજન હરિને રેહો વહાલા, કુમતિ લોકો ન જાણે કાલા ...૩
હરિ હરિજનમાં રેહો રહે છે, શુરતી શાખ પુરાણો કહે છે ...૪
હરિજન હરિ છે રે હો પોતે, ગુરુગમ વોણા અળગા ગોતે ...૫
હેત હૈયામાં રે હો આણી, સેવ્યા તમ પુરણબ્રહ્મ જાણી ...૬
પગલા ધોઇને રે હો પીજે, તન મન ધન નોછાવર કીજે ...૭
જેમ વાળે તેમ રે હો વળીએ ભ્રાંતિ ભાંગી ભેળા ભળીએ ...૮
જેમ રાખે તેમ રેહો રહીએ, મેણલા જગ સધળાનાં સહીએ ...૯
કારજ ત્યારે રે હો થાશે, નહિ તો અવશ્ર એળે જાશે ...૧૦
એ શિખામણ રે હો મારી, જન ''વિહારી'' જુઓને વિચારી ...૧૧

પદ (રાસ રાગ પરજ)

જુઓને વિચારી રે રહો જુગતે, જીવપદ ગળશે જીવન મુગતે ...ટેક
જીવન મુગતા રે હો જોગી, અખંડ અનુભવના તે ભોગી ...૧
જાગ્રત પદમાં રે હો જાગે, કામ કોધ મદ લોભ ન લાગે ...૨
મન શીતલ ચિત રેહો સમતા, હર્ષશોક ન મોહ ન મમતા ...૩
ભેદાભેદ ન રે હો જાણે, પરમ વિવેકી પક્ષ ન તાણે ...૪
તાપ ન લાગે રે હો તેને, નાના ભાવ નહિ ચિત જેને ...૫
સૌ માં સરખુ રે હો ભાળે, આતમ જાણી અતર ટાળે ...૬
દોષ ન દેખે રે હો દેહના, ઉંડા અગાધ અનુભવ જેહના ...૭
દેહના કૃત્ય છે રે હો, કાચા તે તો સંત ન જાણે સાચાં ...૮
સાચા સાચું રે હો દેખે,ઘટોઘટ પૂરણ બ્રહ્મને પેખે ...૯
બીજા કેને રે હો કલ્પે, જે જેનુ તે તેને અરપે ...૧૦
કર્મ ન લાગે રે હો એની, દેહના સાક્ષી થઇને વરતે ...૧૧
અકલ કલા છે રે હો એની, મહિમા કહિ નવ જાય મુખ તેની ...૧૨
શુકદેવ સરખા રે હો જાણે દાસ ''વિહારી'' કહે વ્યાસ વખાણે...૧૩

પદ (રાસ રાગ પરજ)

ગુરૂએ કરૂણા રે હો કીધી, અનુભવ બુદ્ધી દયા કરી દીધી ટેક.
સંશય સઘળું રેહો ટળિયું, આતમજ્ઞાને આ મન ગળિયું ...૧

સાધન ચારે રેહો પામી, કરૂણા કીધી અંતરયામી ...૨
શ્રવણુ મનનને રેહો કીધું, નિદિધ્યાસનમાં નિજ મન દીધું ...૩
સાક્ષાતકારે રે હો પોતે, પર વસ્તુ એક ઉદ્યોતે ...૪
ત્વંપદ તત્પર રે હો ત્યાગી, કેવળ અસીપદમાં અનુરાગી ...૫
જીવ ન ઈશ્વર રે હો ભાસે, અખિલ બ્રંહ્માડે આપ પ્રકાશે ...૬
સોહં હંસો રે હો હોઇ, ભિન્ન ન ભાસે કયારે કોઇ ...૭
આંનદ ઉપજ્યો રે હો અંગે, સાચા સંત ગુરૂજીને સંગે ...૮
વિપદા સઘળી રે હો વામી, ક્ષેમ ધામ પૂરણ પદ પામી ...૯
અમૃતસાગર રે હો નાઇ સદગુરૂને ચરણે લપટાઇ ...૧૦
નિત્યપ્રતિ કરીયે રે હો સેવા દાસ''વિહારી''કહે જયગુરૂદેવા ...૧૧

પદ રાસ રાગ પરજ (તાલ હીંચ)

વ્યાસ વખાણે રેહો તેને, આતમજ્ઞાન યથારથ જેને ...ટેક
હરિ વિણ અન્યન રે હો ભાસે, સર્વે અક્ષરે સાહી પ્રકાશે ...૧
કુંડલ કનક ન રેહો વેરો, એવો ઉપજ્યો અનુભન ઘેરો ...૨
મૃતીકા ભાજન રેહો એકે, તંતુ વસ્ત્ર એક વિવેકે ...૩
વારી વીચી રે હો જાણે, તરણિ કિરણી એક પ્રમાણે ...૪
સ્થંભ પુતલીકા રે હો દેખે, અગ્નિ ઉષ્ણતા એક જ લેખે ...૫
ખાંડ ખીલોના રે હો જોતા, વાયું વંટોળ એક ભ્રમ ખોતા ...૬
લોહ હથિયાર રે હો નિરખે, પૂરણ બ્રહ્મ પરસ્પર પરખે ...૭
અન્વય વ્યતિરેક રે હો હોઇ, તેનો સાક્ષી હું છું સોઇ ...૮
એક અખંડીત રે હો આપે, જન્મ ન મરણ ન પુણ્ય ન પાપે ...૯
અનુભવ આંખે રે હો જોયું, સતચિત આંનદમા ચિત પ્રોયું ...૧૦
જન ''વિહારી'' કહે રે હો જાણે, ઘટોઘટ પ્રગટ રૂપ પ્રમાણે ...૧૧

રાગ : પીલુ તાલ હીંચ (માં પાવાતે ગઢથી ઉત્ર્યા)

મારો નાનપણાનો નેહ, સામળીયા સાથે રે,
અમે રમતા નિશદિન રાસ, હરિને હાથે રે ...ટેક
અમને લાગેલ વિરહના બાણ, ઘાયલ કીધાં રે;
મીઠી મોરલીએ મારા મન, માવે હરી લીધા રે ...૧
વાલા તમ વિના ઘડી ન રહેવાય પ્રીતી બંધાણી રે;
મારા કાળજડાંની કોર, વાંસળીએ વિંધાણી રે ...૨
મારૂં સુકાઇ ગયું છે શરીર, અનડાં ન ભાવે રે;
મને વેરણ થઇ છે રાત, ઉંઘ નવ આવે રે ...૩
મારા મનડામાંય મોરાર, ચિતડામાં ચણકે રે;
મારે નયને નીર ન માય, આંસુડા છલકે રે ...૪
એવી અંતર કેરી વાત, કહોને કોને કહીયે રે;
એ તો પોતાના મનમાંય, સમજી રહીયે રે ...૫
તમને રાખું હદય મઝાર, ઘડી ન વિસારૂં રે;
મને મીઠું લાગે મુખ માંય, નામ તમારૂં રે ...૬

દીનાનાથ દ્વારીકાં ધીશ; જોવા ચાલો રે;
એતો જાદવ જીવન પ્રાણ, ''વિહારી'' ને વાલો રે ...૭

ઘર ઉપર આફત આવે ત્યારે ધર્મપત્નીની સલાહ લેવી જોઈએ

એક વખત મહારાજ શ્રી ઇશ્વરરામજી હમલાથી માંડવી તરફ જતી વખતે રસ્તામાં ગુંદીયારી ગામે ઉતર્યા. ત્યાં એમની બેઠક ''હરિભા'' ભાટીયાને ઘેર રાખવામાં આવી હતી હરિભાને કોઇ સંતાન ન હતું. હરિભાની ધર્મપત્ની સુંદરબાઇ ધર્મપરાયણ તથા સંત–સાધુઓની સેવામાં હંમેશા તત્પર રહેતી સ્ત્રી ત્રણ સ્વરૂપે રહે છે. કાર્યેશુંમંત્રીભોજનેશુમાતા અને શયનેશુરંભા ઘર ઉપર આફત આવે ત્યારે ધર્મપત્નીની સલાહ લેવી ખુબ જરૂરી છે. તે સીવાય શુભ–અશુભ કાર્યોમાં સ્ત્રીનું યોગદાન હોવું જરૂરી છે. સ્ત્રી નિંદાનો વિષય નથી સન્માનનો વિષય છે.

સુભાષિતકાર કહે છે. યત્રનાર્યસ્તુ પુજ્યતેતત્રરમંતે દેવતા જયાં સ્ત્રીઓનું સન્માન છેં ત્યાં રીધ્ધી સિધ્ધી સર્વ છે. કવિ કહે છે કે.....

નારી કી નિંદા મત કરો નારી રત્ન કી ખાણ
નારી યે નર નીપજયા ધ્રુવ પ્રહલાદ સમાન

હરિભાની ધર્મપત્ની સુંદરબાઇ ખુબ ચતુર હતા. એમની અંદર સમય વર્તે સાવધાન જેવા સ્થાઇ ગુણો હતા. તેણે મહારાજશ્રી ઇશ્વરરામનું આગમન થાય તેથી પહેલા પારણામાં એક કૃત્રિમ બાળકને પોઢાળીને અશ્રુભીની આંખે નરસિંહ મહેતા રચીત પ્રભાતીયું ગાઇ રહ્યા હતા.

હે જાગને જાદવા શ્રી કુષ્ણ ગોવાળીયા તુજવીના ધેંનમાં કોણ જાશે ...હે જાગ
ત્રણસોને સાઠ ગોવાળ ટોળે મળ્યા વડોતે ગોવાળીયો કોણ થાશે ...હે જાગ
દહીં તણા દહીં થરા ઘી તણાં ઘેવરા કઢીયલ દુધ તે કોણ પીશે ...હે જાગ
હરિ તારો હાથીયો કાલીનાગ નાથીયો ભૂમિનો ભાર તે કોણ લેશે ...હે જાગ
ભણે નરસૈંયો એના ગુણ ગાઇ રીજીએ બુડતા બાંવળી કોણ જાલે ...હે જાગ

મહારાજ શ્રી ઇશ્વરરામજી એ સુંદરબાઇના આંખમાં અશ્રુઓ પાછળના રહસ્યો તથા એક નારીની મનોવ્યથા જાણી લીધી. અને આશ્વાસન આપતા કહ્યું કે માં તારી કુખે એક નહિ પણ બે બાળકો અવતરશે એવા આશીર્વાદ ઇશ્વરરામજીએ આપ્યા. સંતો જયારે કોઇ ને વરદાન આપે છે ત્યારે એમને પોતાનાં તપનો તથા પુણ્યનો ખર્ચ કરવો પડે છે. સંતો પાસે પુણ્યનો મોટો ભંડાર ભરેલો હોય છે. પણ એ પોતાના માટે ક્યારે પણ વાપરતા નથી.

એક વખત સુથરી ગામના શ્રી પુરૂષોત્તમદાસ રાજગોરે પોતાના ઘેર એક યજ્ઞનું આયોજન કર્યુ હતું. જેમાં અનેક સાધુ સંતો આવ્યા હતા. પુરૂષોત્તમદાસના દિકરાના આમંત્રણને માન આપીને આશીર્વાદ આપવા માટે મહારાજ શ્રી ઇશ્વરરામજી પણ પધાર્યા હતા ભુદેવોના મંત્રોચ્ચાર વડે ત્રિદિવસીય યજ્ઞ કાર્ય સંપન્ન થયું. પણ મહાપ્રસાદ લેવા માટે હરિહરની હાકલ પડી નહિ થોડીવાર રહી પુરૂષોત્તદાસ તથા તેમના ધર્મપત્નીએ હાથજોડી સૌ સંતોને મહાપ્રસાદ લેવાની વિનંતી કરી સૌ સંતો પંગતમાં ગોઠવાઇ ગયા. પીરસવા વાળા સૌ પીરસવા ના કામમાં લાગી ગયા પણ મહારાજશ્રી ને જે તેડવા આવ્યો હતો એ પુરૂષોત્તમદાસનો દિકરો કયાંય દેખાયો નહિ જેને ધ્યાનમાં લઇને મહારાજશ્રીએ પુછ્યું કે પુરૂષોત્તમદાસ તમારો દિકરો કેમ દેખાતો નથી ? અને તમેં આમ ઉદાસ કેમ દેખાઓ છો ? તમારા દિકરાને જયાં હોય ત્યાંથી જલદી બોલાવો હવે તો છોકરો પીરસસે અને સંતો જમશે. તમારો છોકરો જમાડે અને સંતો જમે એવા મહારાજશ્રીના મુખેથી શબ્દો સાંભળીને પતિપત્નીની આંખો આંસુઓથી છલકાવા માંડી. મહારાજશ્રી એ માથે હાથ ફેરવતાં કહ્યું કે પુરૂષોત્તમદાસ જે હોય તે પણ મને સત્ય જણાવી દે મારાથી તારી આ દશા સહન થતી નથી. પુરૂષોત્તમદાસે કહ્યું મહારાજશ્રી મારો દીકરો ઘોડી ને પાણી પીવડાવવા ગયો હતો અચાનક ઘોડીના ભણકવાથી છોકરો પડી ગયો અને પછી તો જે ન થવાનું હતું તે થયું મારા આંગણામાંથી સાધુ સંતો ભુખ્યા ન જાય એટલા માટે મેં સત્યને છુપાવી રાખ્યુ હતું. ઉપરોકત ઘટનાની જાણ થતાં સભામંડપ તથા પંગતમાં સન્નાટો છવાઇ ગયો. સંત તુલસીદાસજી કહે છે કે.....

ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી આપત કાલ પરખીયે ચારી

પ્રતિકૂળ પરિસ્થીતિમાં ધીરજ રાખવી ખુબ જરૂરી છે. ગુજરાતી ભાષામાં એક કહેવત છે ધીરજના ફળ મીઠાં

એક ભજનમાં સંતો મનને ઠપકો આપતા કહે છે કે....

રાગ : દરબારી તાલ - કેરવા

મનતું ધીરજ કયોં ન ઘરે શુભ અશુભ સબ કર્મ પુરવકે વઘઘટ કોન કરે ...મનતું.
પશું પંખી ઓર કીટ પંતગા સબકી ખબર કરે ગર્ભવાસ મેં ખબર લીયો હૈ વો કૈસે બિસરે ...મનતું.
તું તો હંસા અમર લોકકે ભટકત કાય ફીરે ગુરૂકો છોડ ઓરનકો ઘ્યાવે કાર્ય કછુન સરે ...મનતું.
ગુરૂસેવા સાધુકી સંગત નિશદિન ઘ્યાન ધરે. કહત કબીર સુનો મેરે સાધુ ખોજત ખબર પડે ...મનતું.

પુરૂષોત્તમ તારી પાસે ધીરજ છે એટલી તો સાધુઓ પાસે પણ નથી ...ઇશ્વરરામ

ધૈર્યવાન પુરૂષોત્તમદાસ ને ઉદેશીને મહારાજશ્રી એ કહ્યું પુરૂષોત્તમ તું કચ્છની ધરાનો સગાળશા છે. તારી પાસે જેટલી ધીરજ છે એટલી તો અમારા સાધુઓ પાસે પણ નથી તારી સેવા ભકિત તથા ધીરજની તો હવે હદ થઇ ગઇ ચાલ હવે સમય સાર્થક કરીયે. તારા ભેખની ટેક ભગવાન રાખશે. સૌ સંત સમાજને સાથે રાખી શ્રી ઇશ્વરરામજી છોકરાના મૃત શરીર પાસે આવ્યા. શુદ્દજળથી હાથ ધોઇને સૌ સંતોને બાળકના શરીર ઉપર અમી છાટણાં કરવાની મહારાજશ્રી એ આજ્ઞા આપી એ વખતે નરેડીથી પધારેલા શ્રી કલ્યાણબાઇ માઁ ને મહારાજશ્રી એ કહ્યું કે માડી બાળકના માથે હાથ મુકીને કહો ''છોક્રા ઉભો થા'' માતાજી બાળકના માથા ઉપર હાથ રાખતા પહેલા થોડા મુંઝવણમાં પડયા. મહારાજશ્રીએ માતાજીની મુંઝવણને પારખતા કહ્યું કે માડી તમારો અને મારો જ નહિ પણ સૌ સંતોની ચરણરજના પ્રતાપે બાળક જરૂર ઉભો થશે. મહારાજશ્રીનાં શબ્દો સાંભળી કલ્યાણબાઇમાં આત્મવિશ્વાસ જાગ્યો અને કહ્યું ''ઉથી પુતર ઉભો થી સાધુઅ તોજી વાટ નેરીંતા''!!! અને પછી તો એ જ છોકરાના હાથે પંગત પીરસાણી અને સંતો જમ્યાં અને સૌ કોઇના મુખમાંથી શબ્દો સરી પડયા કે ''ઇશ્વરા સૌ પરમેશ્વરા'' આજથી પચાસ વરસ પહેલા શ્રી શંભુરામ જોષી લિખિત રચના ઉપરોકત ઘટનાની સાક્ષી પુરે છે.

રાગ : પ્રભાત (तुम सें मेरा मन लागीरयो)

સુથરી ગામે પરચો બતાવ્યો શ્રી ગુરૂ ઇશ્વરરામ રે ...સુરથી
પુરૂષોત્તમદાસે યજ્ઞ કરાવ્યા સૌ સાધુ સંતો તેડાવ્યા
રૂષીમુની ભૂદેવો આવ્યા અને આવ્યા ઇશ્વરરામ રે ...સુથરી
ઘોડી નીર પાવા ગયો બાળક ઘોડીએ ત્યાં તોફાન કર્યો
પગ નીચે કચડાયો પ્રભુએ વિપરિત કીઘા કામ રે ...સુથરી
નયને વહે અશ્રુ એક ધારી દુઃખ થયું બ્રાહ્મણને ભારી
ઇશ્વરની તો છે ગત ન્યારી મનની રહી ગઇ મનમાં રે ...સુથરી
થઇ છે પંગતની તૈયારી ઇશ્વરરામ બોલ્યા પડકારી
કેમ દીઘો બાળકને વિસારી આપો પીરસવાનુ એને કામ રે ...સુથરી
પુરૂષોત્તમ કહે રમવા ગયોછે કોઇ કહે મૃત્યુ પામ્યો છે
યજ્ઞ મંડપમાં શોક દેખાણો સૌ છોકરા પાસે ગયા તમામ રે ...સુથરી
કોઇ કહે બાવો ધુતારો કોઇ કહે લાડુ ખાનારો
ભકતો કહે છે તારણહારો પ્રભુ કરશે પુરણ કામ રે ...સુથરી
અંજલી ભરી ગંગાજલ છાંટયું ગુરૂએ ઘ્યાન પ્રભુનું ઘર્યુ
બાળક માથે હાથ ફેરવતાં પાય લાગ્યો સૌને તે ઠામ રે ...સુથરી
એવાં પરચા સૌને પુર્યા રામઘુનમાં રચ્યાં રહેતા
''શંભુરામ'' એના યશ ગાતાં હોવે સૌને વૈકુંઠધામ રે ...સુથરી

મહારાજશ્રી ઇશ્વરરામજી કહેતા કે ઘર્મ સૌના ઉપર પ્રભાવ પાડી શકે એવો હોવો જોઇએ. અને ઘર્મનો સંદેશ ઘર ઘર સુધી પહોંચવો જોઇએ. જેના લીધે સમાજનો અને સ્વ નો મળીને વિકાસ થાય ઘર્મનું કામ કરતાં કરતાં વિદ્યામાં, સમજણમાં, જ્ઞાનમાં અને અનુભવોમાં વધારો થાય છે. એક કવિ કહે છે,

ખર્ચતાં ખર્ચતાં સૌ ધન ખુટી જાય
વિદ્યા વાપરતાં વધે એ અચરજ કહેવાય

વિદ્યાધનંમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્

આ જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઇ મુડી હોય તો તે વિદ્યા છે, જેનો કોઇ દિવસ ક્ષય થતો નથી. મહારાજશ્રી વિચારોને મુઠીમાં બાંધી રાખવા કરતાં વિચારોની આપ–લે ને વધુ મહત્વ આપતા હતા. તેથી તેઓ ઘણી વખત ધર્મના કામ માટે આશ્રમ બહાર પણ જતા. એક વખત સૌ સેવકોએ મળીને આશ્રમમાં જરૂરી સુધારા વધારા કરવા હેતું મહારાજશ્રી ને રજુઆત કરી બસ ત્યારથી આશ્રમનાં વિકાસની શરૂઆત થઇ એ સમયે આશ્રમમાં ન હોતી મેડી કે મોલાત ન હતો ઇશ્વરસાગર કે ન હતો ઉપવન એક વેરાન અને નિર્જન ભૂમિ જેવા લાગતા ઇશ્વર આશ્રમનાં વિકાસ કાર્યમાં સૌની દ્રષ્ટિ સ્થિર થઇ મહારાજશ્રી ઇશ્વરરામ પાસે એક ઓરડો હતો ઓરડામાં એક ઢોલીયો. એક જલપાત્ર એક શતરંજી એક અલમારી તેમાં એક જોડી કપડાં એક લોટો એક થાળી એક વાટકો અને પાંચ દસ ધર્મગ્રંથો તથા લેખન સામગ્રી અને એક (આશન) ગુરુગાદી અને એ જ ઓરડામાં મહારાજશ્રી સાધના કરતા હતા. આજે જુના દ્વારાના એ જ ઓરડામાં એજ ઢોલીયાને તથા મહારાજશ્રી દ્વારા હસ્ત લોખિત ભાગવત કથાના પુસ્તકને દર્શનાર્થે રાખવામાં આવેલ છે. સાધનામાં વિક્ષેપ ન પડે એટલા માટે મહારાજશ્રી ઓરડાની બહાર એક સાધુને બેસાડી રાખતા હતા. ઓરડાની અંદર આવવાની મનાઇ હોવા છતાંય સૌ કોઇને દર્શન તો આપતા જ પણ એ સમયે એમનો ભાવ દર્શન કરાવવાનો નહિ પણ દર્શનાર્થીઓના દર્શન કરવાનો હોય છે. તેઓ દર્શનાર્થીઓને એમ જ કહેતા હતા કે નેરચોત મુંજા કેડા ભાગ્ય જે ઐંઇ મુંજેડી લંગડી ગાય કે દરસન દના !!! શ્રી ઇશ્વરરામજી ઘણી વખત સત્સંગમાં કહેતા કે મન મરકટ (વાંદરો) ને ક્યારે પણ છુટો મુકવો નહિ કારણ કે છુટો મુકવાથી એમાં રખડવાની આદત પડી જશે. એના દ્વારા કંઇને કંઇ કામકાજ કરાવે જ રાખવો. સતત એને વાંચવા લખવા જેવી પ્રવૃત્તિમાં જોડી દેવો જોઇએ. મનને મારવાના પ્રયત્નો નહિ પણ વાળવાનાં પ્રયત્નો કરવા જોઇએ. મહારાજશ્રી ઇશ્વરરામજી સ્વરચિત પદમાં કહે છે કે,

રાગ : ભીમપ્લાસ બરહંસ તાલ= કેરવા

મનતું ક્યોં નહિ માનત મેરો ? (૨)
શ્રુતી અનુંશાસન માનત નાહી ત્રાસન કાહું કેરો ...મનતું.
સબ સુખ સાધન રામ ભજન તજ ભજ તહી પંથ અનેરો
ખલ મલમુલ શુલપ્રદ સબદીન કરત હૈ કૃત અસ ચેરો ...મનતું.
પ્રગટત દુરત ફીરત છીનછીનમેં ક્યોં કર નીકસે પગેરો
જહાં રઘુંનાથ ગાથ સંતસંગત સજન વાસ ઘનેરો ...મનતું.
ગુરૂકર વચન સુનત નહિ અસકસ જસન સુનત નર બહેરો
સતપત ત્યાગ કુપથગત અતિશય રહત સદા ઉરજેરો ...મનતું.
સમજાયો સતબેર યત્નકર તાતે કહવ સવેલો
ઇશ્વરદાસ કહત સુનો સદગુરૂ દીજે નીજ પદ ડેરો ...મનતું.

ગીતાના બારમાં અધ્યાયના બીજા શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે.

મય્યા વેસ્ય મનો એમાં નિત્ય યુકતા ઉપાસતે ।
શ્રધ્યા પરયોપેતાસ્તે મેં યુકતતમાં મતાઃ ॥

ભાવાર્થ :- જે મનુષ્યો મારામાં તથા મારા કામમાં મન જોડે છે તથા મારા પરાયણ થઇ પરમશ્રધ્ધાથી મને ઉપાસે છે તેને હું શ્રેષ્ઠ યોગી ગણું છું કવિ કહે છે...

મન લોભી મન લાલચી મન ચંચલ મન ચોર
મન કો કયો નવ કીજીયે મન હરાયો ઢોર

પોતાના નિશ્ચિત સ્થાન છોડીને મન જયાં ત્યાં દીશા શુન્ય થઇ ભટકતો હોય એને સંતો સ્થાન વગરના ખોવાઇ ગયેલા પશુની સાથે સરખાવે છે. જે નિયંત્રણમાં નથી એનું નામ પશુ. સંત તુલસીદાસ કહે છે કે,

ઢોલગમાર શુદ્ર પશુ નારી યે સબ તાડન કે અધિકારી

શુદ્ર એટલે સેવક નોકર કહ્યામાં હોવો જોઇએ ગમાર એટલે મુર્ખ અને પશુ સાથે સરખાવેલો મન એ બધા નિયંત્રણમાં હોવા જોઇએ તો જ અન્યો ને આંનદ આપી શકે છે. મહારાજશ્રી ઇશ્વરરામ કહેતા કે માણસ પેટ છુટો હોવો જોઇયે મન છુટો નહિ. પેટછુટો એટલે નિખાલસ અને મનછુટો એટલે હરાયો ઢોર જેનું મન છુટો છે એનાં અસ્તિત્વ ઉપર વિશ્વાસ રાખવો નહિ. જેનું પેટ છુટું (નિખાલસ) નથી એનું વર્ણન કરતાં વિહારી સાહેબ કહે છે,

બોલીબોલે હસંકી ધરે બગસા ધ્યાન અંતર કપટી મન હઠી વાંચે વેદપુરાણ
વાંચે વેદપુરાણ અનુપમ અર્થ બતાવે આત્માકો જાન્યો નહિ કીસ બીધ સંત કહાવે ?
કહે વિહારી કરજોડ કપટકી ગાંઠન ખોલી ધરે બગસા ધ્યાન બોલે હંસકી બોલી.

મન ચંચલ હોવા છતાંય જયાં નીંદા થતી હોય ત્યાં શાંત થઇ બેઠો હોય છે. એટલે જ નિયંત્રણ વગરનાં મનને કાબુમાં રાખવો જોઇએ. સંત તુલસીદાસ કહે છે કે એને

ભજન થાય ત્યાં નિંદ્રા આવે પર નિંદ્રા લાગે પ્યારી રે...
મિથ્યાં સુખમાં આંનદ વર્તે બહુત કીની હોશીયારી રે...

ઘણી વખત મહારાજશ્રી પોતાના ઓરડામાંથી બહાર નીકળીને આશ્રમમાં ફરવા જતાં હોય ત્યારે આશ્રમના સેવકો કદાચ વાતોમાં પડયા હોય તો તેને જોઇને મહારાજશ્રી કહેતા કે કો કેડો વેપાર કર્યો તા ? એનો અર્થ એ થતો કે તમે કોઇની નીંદા તો નથી કરતા ને આશ્રમની આચાર સહિતામાં પાછળથી એક મુદ્દો ઉમેરવામા આવ્યો. જેમાં આશ્રમના કોઇપણ સાધુએ આસપાસના ગામડાંમાં સેવકોના ઘેર પગલાં તથા પધરામણીઓ કરવા જવું નહિ કારણ કે....

જપ, તપ, શીલ, સંતોષ એ ચાર ખેતર જે ખેડે
તેને રિધ્ધી સિધ્ધી ને સંપદા હાલી આવે હેડે.

તો પછી સાધુંઓને ઘરઘર પગલા દઈને ઢગલા ભેગા કરવાની જરૂરી શી?

એક વખત બાલાનંદ નામનો એક સાધુ ઇશ્વરરામની પ્રશંસા સાંભળીને દ્વેશ બુધ્ધિ ભાવે મહારાજશ્રીને મળવા આવ્યો. મહારાજશ્રી એ બહુ માન-પાન આપીને એને પોતાની ગુરૂગાદીએ બેસાડયો અને નમ્રતા પૂર્વક હાથ જોડીને પુછ્યું બાપલા આપ પધાર્યા છો એ અમારા આશ્રમ માટે બહુ આનંદની વાત છે. હવે અમને આપ સેવા કરવાનો અવસર આપો કારણ કે....

સુમરે શ્રી હરિ સંતજન મેં સતનકી દાસ સંતનકો સુમરે શ્રીહરિ યાકી મોકો પ્યાસ
યાકી મોકો પ્યાસ લગીહૈ અંતર ઐસે જલબીન જૈસે મીન કમલબીન મધુકર તૈરો
કહે ''વિહારી'' કર જોડ લાજ પ્રભું શીર તુમરે. મૈસંતનકો દાસ સંતજન શ્રી હરિ સુમરે.

મહારાજશ્રીની સેવા ભકિત જોઇને સાધુ છોભીલો પડી ગયો. અને મનમાં વિચાર્યું કે, હું કોની કસોટી કરવા આવ્યો છું પછી તો આખો દિવસ હળવા મળવામાં તથા જ્ઞાનગોષ્ટી કરવામાં પસાર થયો. મહારાજશ્રી પોતાના નિત્યક્રમ પ્રમાણે સપુંર્ણ દિવસ સાધનામાં જ વિતાવતા અને સાંજે ચાર વાગે પોતાના ઓરડામાથી બહાર આવતા શિષ્યો સાથે બેસીને સત્સંગ કરતા અને સૌને સરખો દર્શનનો લાભ આપતા. સાંજે સંધ્યા આરતી કરીને સૌ આશ્રમવાસીઓ મહાપ્રસાદ લેવા ભોજનશાળામાં જતા. મહાપ્રસાદ લીધા પછી સાધુ બાલાનંદને રાત્રે આરામ કરવા માટે એક ઓરડામાં વ્યવસ્થા કરી આપી. રાત્રે સેવામાં કોઇ કચાશ તો નથી રહીને એ જોવા માટે મહારાજશ્રી સાધુના ઓરડામાં આવ્યા ત્યારે બાલાનંદ જાગતા હતા અને આશ્રમના બે-ત્રણ સેવકો એમની પાસે બેઠા હતા. મહારાજશ્રીએ સેવકોને આજ્ઞા કરી કે બાલાનંદજી માટે થોડું દુધ તો લાવો ? સેવકોએ મહારાજશ્રીને સાંકેતિક ભાષામાં કહ્યું કે, ગાયો સાંજે દોહવાઇ પણ ગઇ અને એનો દુધ મહાપ્રસાદમાં વપરાઇ પણ ગયો. અને હવે ગાયો દુધ નહીં આપે. મહારાજશ્રીએ કહ્યું આપણા માટે નહિ પણ આ સંત માટે જરૂર આપશે. આપ થોડી કોશીષ તોં કરો. અને ખરેખર ગાયોએ દુધની બોંગણી ભરી આપી. ઉપરોકત ઘટના નિહાળીને બાલાનંદ ખુબ શરમીંદા થયા ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે બાલાનંદજી કોઇપણ વ્યકિતએ મોટાઇ સાથે મહાનતા પ્રાપ્ત કરવી જોઇએ. મહાનતા વગરની મોટાઇ અશોભનીય છે. એટલું સાંભળીને

બાલાનંદનો ઘમંડ ઉતરી ગયો. મહારાજશ્રીએ કહ્યું

ઘામકો ન આડકૂલ ફલકો ન લાડ ભયો
અરે તાડ વૃક્ષ તુંને બઢી કે કા કીયો ?

હે તાડ વૃક્ષ તું મોટો જરૂર છે. પણ તું જો પોતાની જાતને પણ છાંયડો આપી શકતો ન હોય તો તું બીજાને કંઇ રીતે ઉપયોગી થઇશ ? તું વિચાર તો કર કે, તારી મોટાઇ તને જ કામ નથી આવતી. મહારાજશ્રીના ઉપદેશમાંથી પ્રેરણા લઇને તથા પોતે કરેલા અપરાધ ભાવનો પસ્તાવો કરતાં કરતાં બાલાનંદ સાધુ રાતના વહેલી સવારે ગયા તે કદી આશ્રમમા પાછા આવ્યા નહિ. ઇશ્વરરામનાં કહેવા પ્રમાણે મોટાઇ પ્રાપ્ત કર્યાની સાથે મહાનતા પ્રાપ્ત કરવી જરૂરી છે. રાવણ જ્ઞાનવૃધ્ધ-તપોવૃધ્ધ-ધનવૃધ્ધ તથા વયોવૃધ્ધ હોવા છતાંય મહાન બની શક્યો નહિ. ઘણી વ્યકિતઓ તો એટલે હદ સુધી જ્ઞાની હોય છે કે એમની પાસે જવાની પણ કોઇ હિંમત કરતું નથી. અહંમથી પીડાતી મોટાઇ મહાનતાથી સૌ કોષ દુર રહે છે. ઘણી વખત તો મોટાઇની દોડમાં જ મહાનતા ખલાસ થઇ જાય છે. એક વખત પોતાની જાતને અહંમના ઢાંચામાં ધકેલી દીધા પછી એના હાથે સારા કાર્યો થાય તો પણ એના જીવનનો વિકાસ થતો નથી મોટાઇને માન મળ્યો હોવા છતાં તથા એમના ઉપર પ્રશંસાનો વરસાદ વરસ્યો હોવા છતાં પણ એના જીવન ઘોરણ ઉપર કોઇ જ પરિણામ આવતું નથી એ જયાં છે ત્યાંજ રહે છે. મોટાઇના સથવારે માણસ જેમ જેમ સફળતાના શીખરો સર કરતો જાય તેમ તેમ એમની અંદર ઉગી નીકળેલો અહંમનો છોડ વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરે છે. પરિણામે દીનપ્રતિદીન માન સન્માન પ્રણામ પ્રશંસાની ભુખ વધતી જાય છે. જે અંતે એને પતનના માર્ગે લઇ જાય છે. તેમનું અંતિમ જીવન એકલતાના દર્દથી પીડાતો હોય છે. અને અંતે તે સમાજીક તિરસ્કારોનો ભોગ બને છે.અહંકારી માટે સામાજીક તિરસ્કાર મોટામાં મોટી સજા છે. જુનાગઢમાં નરસિંહ મહેતા થી પહેલા અનેક રાજા-રજવાડા તથા નગરશેઠશ્રીઓ અને કર્મકાંડીઓ થઇ ગયા પણ કોઇ પોતાની મોટાઇને બચાવી શક્યું નહિ જયારે નરસિંહ મહેતાની મહાનતા આજે પણ હયાત છે. આજે જુનાગઢનું નામ આવતાં નરસિંહ મહેતા યાદ આવે છે. પણ રાજાઓની મોટાઇનું અસ્તિતવ ઓછું થઇ ગયું. આજે મહાનતાના શિખર ઉપર જેનો ધ્વજ ફરકે છે એવા કચ્છમાં થયેલા મહાન સંતદાદા મેકણ તથા મહાનતાના સંગમા રહી ચુકેલો''દાદા'' નો લાલીયો ગધેડો તથા મોતીયા કુતરાને આજે પણ સમાજ ભુલી શક્યો નથી. મોટાઇ અને મહાનતાની આચારસંહિતા માં પૂર્વ અને પશ્ચિમ જેટલો અંતર રહેલો છે. મોટા બનવા માટે અહંમને પકડવો પડે છે. જયારે મહાન બનવા માટે અહંમને છોડવો પડે છે. મોટા બનવા માટે અપેક્ષાઓ નો એક સમુહ ઉભો કરવો પડે છે. જયારે મહાન બનવા માટે અપેક્ષા રહીત થવું પડે છે. મોટા બનવા માટે ગ્રંથીઓ બાંધવી પડે છે જયારે મહાન બનવા માટે ગ્રંથીઓ છોડવી પડે છે. મોટા બનવા માટે અસત્યને શરણે રહેવું પડે છે જયારે મહાન બનવા માટે સત્યનો સ્વીકાર કરવો પડે છે. અહીંયા કવિએ મહાન માણસોનાં સરનામાં આપ્યા છે.

<u>રાગ= મલકૌષ</u>

આત્માંના વેજથી ઇન્સાનીયત અંકાય છે ...આત્મા।
જેની અનોખી રીતને જેના અનોખા પ્યાર છે.
એવી મીરાંને પુછજો પછી રાણાને કહો કેમ છે.
ઝેર અમૃત થઇ જતા જે નયનથી નિહાળતા
વસ વિભુ થઇ જતા પત એની પાળતા
એથી મીરાંના ગુણલા ઘરઘર માં ગવાય છે ...આત્મા।
દુર નહિ પણ નજીકમાં નરસિંહને નિહાળજો
જે સાધુળાની સંગમા કરતાલ લઇ ખખડાવતો
જમા ન હોતી પાઇ પણ હુંડીઓ લખતો હતો
શેઠ જેનો શામળો પ્રેમથી સ્વીકારતો
હરિજનોનો લાડલો પણ ગાંડામાં એ ગણાય છે ...આત્મા।
વણકરનો દિકરો જેનું નામ કબીરદાસ છે.
જેના એક એક શબ્દમાં સાહેબનો વિશ્વાસ છે.

રામાનંદનો ચેલકો ના બીજું ભણતો હતો
રામ અને રહિમને જે એક તારે વણતો હતો
કૃષ્ણ કે કરીમ માં કહેતો કે નાં જુદાઇ છે. ...આત્મા.
સુકલ લકડી કાયા જેની સુદામાનો ભાઇ છે.
પોરબંદરનો વાણીયો ગાંધી નામથી ઓળખાય છે.
સાધનામાં રેંટીયોને તકલીઓ કંતાય છે.
એના સત્ય અને અહિંસા મેદાન મારી જાય છે.
જન્મથી મુત્યુ પર્યંત એની સત્યતા અંકાય છે. ...આત્મા.

આત્માને અનુસરીને કરેલા કર્મો મહાનતા ભણી જાય છે. **મોટાઇનો નાતો જન સમુદાય સાથે હોય છે.જ્યારે મહાનતાનો નાતો આત્મા સાથે હોય છે. જેનુ આત્મા પવિત્ર છે એનુ નામ મહાનતા.** આપણા દેશમાં થયેલા રાજાઓ જેવા કે, રામ, કૃષ્ણ તથા રાજા હરિશ્ચંદ્ર, રાજા જનક ચક્રવર્તી સમ્રાટ અશોક એ બધા માત્ર મોટા નહિ પણ મહાન રાજાઓ હતાં. એટલે તેઓ લોકપ્રિય હતા જે રાજા પ્રજાનાં હિત વિશે વિચારે અને પ્રજાનું અસ્તીત્વ ટકાવી રાખે એનું નામ મહાન રાજા (મહારાજા)

જલારામ બાપા ની ખીચડી

મોટાઇ ધ્વારા અપવિત્ર વાતાવરણ વચ્ચે રાંધેલો અંહમથી ખદબદતો તથા આરોગ્યને નુકસાની કરનારો નીંદનીય તથા વિસ્મરણીય જમણવાર સામે જલારામ બાપાની ખીચડીનો અંતર તથા રહસ્યનો પ્રત્યેક અભ્યાસુઓએ અભ્યાસ કરવો જોઇએ. જલારામબાપાની ખીચડી માત્ર ખીચડી નહિ પણ મહાન માણસનું પ્રેમ નીતરતું મહાન પીરસણું હતું. મોટા માણસના જમણવારને આજે ખાધું નથી અને આવતી કાલે ભુલ્યા નથી. જયારે જલારામ બાપાની સાદી-સરળ અને સસ્તી છતાં પૌષ્ટીક ખીચડીને સમાજ કયારે પણ ભુલી શકશે નહિ. પવિત્રતાની સુગંધ તથા ભાવનો ઘી નાખીને બનાવેલી ખીચડી માનવજાતને સાંકેતિક ભાષામાં ઘણું બધું સમજાવી રહી છે. વૈદ હકીમો પણ બિમાર માણસને ખીચડી ખાવાની સલાહ આપે છે. માંદા માણસને સાજું કરવાની ગુરૂચાવી માત્ર ખીચડી પાસે જ છે. સતત તાજું ખાઓ-સાદું ખાઓની પ્રેરણા આપતી મહાન માણસ દ્વારા માન્યતા પ્રાપ્ત ખીચડી પણ મહાન બની જાય છે.

મહાન વ્યકિતનો સંગ કર્યા વગર મહાનતા પ્રાપ્ત થતી નથી

ભાગવતમાં એક કથા છે. ઉતાનપાદ નામનો રાજાને બે રાણીઓ હોય છે. એકનું નામ સુરૂચિ (માનિતી) અને બીજીનું નામ સુનીતી (અણમાનિતી) હોય છે. એક દિવસ સુનીતીનો પુત્ર ધ્રુવ પોતાના પિતા રાજા ઉતાનપાદના ખોળામાં બેસવા જાય છે. ત્યારે ક્રોધથી લાલચોળ થયેલી સુરૂચિ ધ્રુવનો હાથ પકડી રાજાના ખોળામાથી ખેંચીને નીચે ઉતારે છે. અને કઠોર શબ્દો દ્વારા ધ્રુવને ઠપકો આપતાં કહે છે કે ધ્રુવ તને એ ખબર નહિ હોય કે તું અણમાનિતીનાં પેટે અવતર્યો છે. માટે રાજાના ખોળામાં બેસવાનો તને કોઇ જ અધિકાર નથી. એમ કહી સુરૂચિ ધ્રુવનું વારંવારે અપમાન કરે છે. સાવકી માતાનાં કઠોર વચનો સાંભળીને ધ્રુવને બહુ દુઃખ લાગે છે. તરત જ તે પોતાની માં પાસે જઇને સમગ્ર ઘટનાનું વર્ણન કરે છે. ધ્રુવની સઘળી વાત સાંભળ્યા પછી સુનિતીએ ધ્રુવને જે કહ્યું એનું નામ ઉપદેશ !!! સુનિતીએ કયું બેટા ધ્રુવ રાજાના ખોળાનો તને આટલો મોહ શા માટે ? તને બેસવું જ હોય તો તું જા જઇને બેસ ઇશ્વરના ખોળામાં કે જે ખોળાની સંતો-ભકતો-રૂષીઓ સંન્યાસીઓ, સાધકો તથા શ્રાવકો સતત જેની ખોજમાં રહ્યા છે.

ન તદભાસયતે સુર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥ ગીતા ૧૫/૬

ભાવાર્થઃ- તે પદને સુર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરી શકતો નથી જે પદને પામીને મુમુક્ષુઓ પાછા ફરતા નથી તેજ મારું પરમ ધામ છે. સુનીતીએ કહ્યું બેટા ધ્રુવ મહાનતાની ઇચ્છા છોડીને મોટાઇનો મોહ રાખવો એ તારા માટે યોગ્ય નથી ધ્રુવ તું એક વાત યાદ રાખજે કે, મહાન વ્યકિતનો સંગ કર્યા વગર મહાનતા પ્રાપ્ત થતી નથી. પ્રત્યેક વ્યકિતએ નાના માંથી મોટા બનવાની ઇચ્છા રાખવી જોઇએ અને મોટાઇ મળ્યા પછી મહાપુરૂષનાં સંગ દ્વારા મહાનતા તરફ ઢળી જવું જોઇએ. એક વખત મોટાઇ પ્રાપ્ત કર્યા પછી ત્યાં નું ત્યાંજ અટકી રહેવું જોઇએ નહિ પછી તો મહાનતા ભણી

શાસ્ત્રોકત અને અથાગ પ્રયત્નો આદરવા જોઇએ.

ઈશ્વર સાગરની ઉત્પતી

એક વખત મંઝલ નિવાસી ભાટીયા શ્રી વાલજીભાઇ મુંબઇ જતા હતા. એમના આજીવન નિયમ પ્રમાણે તેઓ મહારાજશ્રી ના દર્શન કરવા વાંઢાય આવ્યા અને કહ્યું કે, મહારાજશ્રી આવતી કાલે હું મુંબઇ જાઉં છું મારા લાયક કોઇ કામ હોય તો બતાવો. મહારાજશ્રીએ કહ્યું કે, વાલજીભાઇ આપણી તલાવડીમાં (હમણા જયાં ઇશ્વર સાગર છે ત્યાં નાની એક તલાવડી હતી) ગારો અને કીચડ ભરાઇ જવાનાં લીધે એમાં જોઇએ એટલું પાણી રહેતું નથી. તરસી ગાયો પાણી પીધા વગર તલાવડીથી પાછી જાય છે. તરસી ગાયો પાણી પીધા વગર પાછી જાય એ સનાતનીઓ માટે સારૂં નહિ. ગૌ-સેવા આપણા સૌનુ મુખ્ય ધર્મ છે. આપ અગર એના માટે પુરતા પ્રયત્નો કરો તો યોગ્ય ગણાશે. વાલજીભાઇએ મહારાજ પાસેથી આશીર્વાદ લઇને મુંબઇ ગયા. ત્યાં એમણે ફંડ ફાળો એકત્ર કરીને મુંબઇથી રૂપિયા પંદર હજાર(૧૫૦૦૦) ભેગા કરી આવ્યા. જે રૂપિયા કચ્છ રાજયનાં ચલણ મુજબ પોણો લાખ કોરીઓ થઇ હતી. શ્રી વાલજીભાઇએ મહારાજશ્રી ના ચરણોમાં પોણો લાખ કોરીયો ધરીને તલાવડીના કામને આગળ વધારવા માર્ગદર્શન માગ્યું તથા સુચનો માગ્યા. શ્રી ઇશ્વરરામજી એ કહ્યું કે વાલજીભાઇ મારો પહેલો સુચન એ છે કે અહીંથી કોરીઓ ઉપાડીને તમારા જ ખીસ્સામાં રાખો કારણ કે તલાવડીનું કામ તમારે જ કરાવવાનું છે. અમોને તો માત્ર પાણી પીવું છે. તેરા તુજ કો અર્પણ કબીર સાહેબ કહે છે,

ત્યાગ ઐસો કીજી યે સબકુછ એકી બાર
સબ પ્રભુકા ના કુછ મેરા નિશ્ચય કર વિચાર

તેરા તુજ કો અર્પણ કયા લાગે મેરા મહારાજશ્રીની નિઃસ્પૃહી વાણી સાંભળીને વાલજીભાઇ ભાવવિભોર થઇ ગયા અને મનમાં કહ્યું કે આપના ત્યાગને સો સો સલામ કહીને કોરીઓ ઉપાડી લીધી. પાછળથી એ કોરીયો ઠક્કર વીસનજી કેશવજીને સૌંપીને ઇશ્વર સાગરનું સંપૂર્ણ કામ એના મારફતે કરાવ્યું. જે તળાવ આજે ''ઇશ્વર'' સાગર તરીકે ઓળખાય છે. મહાપુરૂષોના બીન સ્વાર્થી કામની સાથે સમાજ એનું નામ જોડી દે છે. વાંઢાય આશ્રમ સૌથી પહેલા વાંઢાય દ્વારો તરીકે ઓળખાતો હતો. પણ જેમ જેમ ઇશ્વરરામની ખ્યાતી વધતી ગઇ અને એના કામની સુગંધ ચારો તરફ ફેલાતી ગઇ તેંમ તેંમ જુનું નામ બદલાઇને સ્વયંમ ઇશ્વર આશ્રમ તરીકે ઓળખાવા લાગ્યો. દાખલા તરીકે જુનાગઢનાં નિર્માણમાં ભકત કવિ નરસિંહ મહેતાનો કોઇ જ ફાળો નથી છતાંયે જુનાગઢ સાથે નરસિંહ મહેતાનું નામ સ્વયંમ જોડાઇ ગયું. આજે આપણે કોઇને પણ પુછીયે કે જુનાગઢ કોનું તો સૌ કોઇ કહે છે કે, નરસિંહ મહેતાનું !!! એક સિધ્ધાંત યાદ રાખવા જેવો છે કે નામ પાછળ કામ નથી પણ કામની પાછળ નામ છે. તેથી સાધુ પુરૂષો નામની પાછળ પડતા નથી નામની પાછળ પડો તો કરવા જેવા કામો બધા સ્તંભી જાય છે. અહીંયા ઇશ્વરસાગર ના નિમાર્ણનું કામ પૂર્ણતાના આરે આવી ગયું હતું. તળાવની અંદર અને બહાર પાવડીઓ બંધાઇ ગઇ તળાવની પાળ ઉપર વૃક્ષારોપણ થઇ રહ્યું હતું. આશ્રમવાસીઓ દરરોજ કામગીરીની જાણકારી ઇશ્વરરામને આપતા હતા કારણ કે જયાં સુધી તળાવનું કામ ચાલું હતું ત્યાં સુધી મહારાજશ્રી એક દિવસ પણ જોવા માટે આવ્યા ન હતા તળાવ તૈયાર થઇ ગયા પછી શ્રી વાલજીભાઇ તથા અન્ય સેવકોના આગ્રહથી વેલ ને (બળદગાડું) સજાવવામાં આવી તેમાં મહારાજશ્રીને બેસાડી પ્રથમ વખત તળાવના દર્શન કરવા માટે તૈયાર કરવામાં આવ્યા. અને એ વેલ માં એક તરફ શ્રી વાલજીભાઇ તથા બીજી તરફ આશ્રમોના સેવકો મળીને જોતરાણા અને વેલ ને ખેંચીને સંપૂર્ણ તળાવની પ્રદક્ષિણા કરાવી તળાવના પ્રથમ વખત દર્શન કરીને મહારાજશ્રીને ખુબ આનંદ થયો. અને મોઢામાંથી શબ્દો સરી પડયા અને એ શબ્દો હતા સાંભળો વાલજીભાઇ ભજન કરવા માટે આ સ્થળ અતી યોગ્ય છે. એવી જ રીતે મહારાજશ્રી ઓધવરામજીને પણ ઇશ્વરસાગરને પ્રથમ વખત જોયા પછી જે વિચારો મહારાજશ્રી ઇશ્વરરામને આવ્યા એજ વિચારો ઓધવરામને આવ્યા હતા. કારણ કે બને મહાપુરૂષો ભજન ને વરેલા હતા. સામાન્ય માણસો વજન કરવાની જગ્યા શોધે છે. જયારે સંતો ભજન કરવાની જગ્યા શોધે છે. અને પછી સર્વાનુમતે એ તળાવનું નામ ''ઇશ્વરસાગર'' પાડવામાં આવ્યું.

માનસ શાસ્ત્રી શ્રી ઈશ્વરરામ

ઇશ્વરરામજી ''મનપર્યવ'' એટલે કે સામેવાળાના મનની વાત જાણી લેવા બાબતની એમનામાં અજબ પ્રકારની શકિત હતી. તેઓ ખરા અર્થમાં માનસ શાસ્ત્રી હતા. મહારાજશ્રીની પ્રશંસાથી પ્રભાવિત થઇને માંડવીના શ્રી લક્ષ્મીદાસ

ભાટીયા મહારાજશ્રીના મામાના દિકરા શ્રી વાલજીભાઇને તેડીને ઇશ્વર આશ્રમ વાંઢાયમાં મહારાજશ્રી ના દર્શન કરવા આવતા હતા. મહારાજશ્રી ના ચરણોમાં ધરવા માટે બે પડીકા પેંડાના બંધાવ્યા. જે પેંડાને થેલીમાં મુકીને સાચવવા માટે વાલજીભાઇને આપ્યા. શ્રી લક્ષ્મીદાસે પેંડા આપ્યાથી પહેલા બે પેંડા એમાંથી કાઢીને પોતાના ખિસ્સામાં રાખી લીધા કદાચ વળતાં કામ લાગે એવા ભાવે કાઢયા હશે પણ એ વાતથી વાલજીભાઇ ભાનુશાલી અજાણ હતા. વાંઢાય આવીને બન્ને જણ મહારાજશ્રીને પગે લાગ્યા અને પેંડાનો પ્રસાદ મહારાજશ્રીના ચરણોમાં ધર્યો. એ વખતે મહારાજશ્રી ભજન ગાતા હતા ભજન પુરા થયા પછી મહારાજશ્રી એ પ્રિયાદાસ ને કહ્યું કે પેંડાનાં પ્રસાદની વહેંચણી કરો. અને એક વાત યાદ રાખજો કે લક્ષ્મીદાસને બે પેંડા બધા કરતા વધારે આપજો કારણ કે એમને પેંડા બહુ ભાવે છે. મહારાજશ્રી એ લક્ષ્મીદાસને થોડામાં ઘણું કહી દીધું અને લક્ષ્મીદાસને પણ પોતાની ભૂલ સમજાઇ ગઇ પોતે કરેલા દુરવ્યવહાર ને ધ્યાનમાં રાખીને મહારાજશ્રીના ચરણોમાં પડીને માફી માંગી અને પછી શુધ્ધ અંતકરણથી કંઠી ધારણ કરીને મહારાજશ્રી પાસેથી શિષ્યત્વ પ્રાપ્ત કર્યું.

હસ્તલિખીત ભાગવત કથાના સર્જક શ્રી ઈશ્વરરામજી

શ્રી હરિહર સંપ્રદાયનાં વાંઢાય દ્વારાના ત્રીજા ગાદીપતી શ્રી ઇશ્વરરામજીને બાળવયે સિંધ પ્રાંતમાં ખેત મજુરી કરતી વખતે એમને એક હનુમાનની મૂર્તી મળી હતી. ઝુરળા ગામમાં આશ્રમ ચલાવતા શ્રી અરજણદાસજી ગુરૂ સેવાદાસજીએ બાળ ઇશ્વરને કચ્છ હમલા મોકલ્યા. ત્યારે તે મૂર્તીને ઇશ્વર રામજી સાથે લાવ્યા હતા જે મૂર્તી હમલા પછી ઇશ્વરરામ વાંઢાય લાવ્યા હતા. મહારાજ શ્રી ઇશ્વરરામજી આશ્રમમાં તપસ્યા કરવા માટે બેસતા ત્યારે પડોશમાં વાંઢાય ગામ ખુબ નજીક હોવાથી બહુ અવાજ આવતો જેના લીધે તેમનું ધ્યાન ભંગ થતું હતું જેને ધ્યાનમાં રાખીને જ્યાં શાંત સ્થળ હોય એવી જગ્યાની શોધ કરીને ઇશ્વરરામજી ગાડામાં સામન ભરાવી ગામ લોકો સાથે કોઇ પણ જાતની નફરતની ભાવના રાખ્યા વગર સ્થાળાંતર થઇ રહ્યા હતાં જેના સમાચાર વાંઢાયના દરબારોને મળ્યા અને ગામ છોડી ન જવા માટે મહારાજશ્રીને આગ્રહ કર્યો છતાં પણ ઇશ્વરરામજી ન માન્યા ત્યારે સૌ ગામનાં નાના મોટા સદ્સ્યો ગાડાની આડે સુઇ ગયા ત્યાર બાદ વાંઢાય ગામના સાતે પરિવારોએ સૌ સાથે મળીને એક નિયમ બનાવ્યો કે કોઇએ પણ ગામમાં ઉંચે અવાજે વાત પણ કરવી નહિ ત્યાર પછી તાવડી ઉપર રોટલો પડયો હોય અને છોકરો રડે તો એની માં રોટલાની પરવા કર્યા વગર બહાર લઇ જઇને છોકરાંને શાંત કરીને પછી ઘરે આવતી પણ ઇશ્વરરામજી પાસે બાળકોના રડવાનો કે ઉંચે અવાજે વાતો કરવાનો અવાજ ન પહોંચવો જોઇએ એવી સૌ ગ્રામજનોએ ટેક લઇ લીધી. સમયની અનુકૂળતા નો સદ્પયોગ કરીને મહારાજશ્રી ઇશ્વરરામજીએ બારવરસ તપ કર્યુ. શાસ્ત્રોકત દ્રષ્ટીએ બાર વરસની સાધના પુર્ણ કરે તેને એક તપ પુર્ણ કર્યુ કહેવાય. તે સમય દરમ્યાન શ્રી ઇશ્વરરામજી મહારાજે હસ્તલિખીત ભાગવત કથાનું સર્જન કર્યું છે.

જેમ જેમ મહારાજશ્રીની ખ્યાતી વધતી ગઇ તેંમ તેંમ સેવકો તથા અનુયાયીઓની સંખ્યામાં વધારો પણ થતો ગયો. અનુયાયીઓમાં ઘણી તો એવી હસ્તીઓ હતી કે એક સાથે મહારાજશ્રીના ચરણોમાં ૧૦૦ કોરી અર્પણ કરતા હતા. ત્યારે મહારાજશ્રી અનુયાયીઓને હસતાં હસતાં કહેતા કે આપ જયારે સાધુઓના ચરણોમાં સો કોરીઓ ચડાવો છો ત્યારે સાધુઓને સવાસો કોરીઓનું કેફ ચડે છે. માટે મહેરબાની કરીને સાધુઓને ધનથી દુર રાખો. કારણ કે સાધુઓનું સર્જન ધનથી દુર રહેવા માટે થયું છેં ધનની પાછળ સાધુઓ નહિ પણ બાવા દોડે છે. માટે ધનનાં ભંડારો છલકાવીને આશ્રમને ઉંધે રવાડે ચડાવશો નહિ. જેવી રીતે ઉંદરને જોયા પછી બિલાડી સ્થિરતા ગુમાવી બેસે છે એવી રીતે ધનને જોયા પછી સંન્યાસીઓ પોતાનો માર્ગ બદલી નાખે છે. માટે ધન કરતાં ધર્મ વધુ દેખાવો જોઇએ આશ્રમની શોભા ધનથી નહિ પણ ધર્મ કાર્યોથી છે. (ઇશ્વરરામજી કોરીઓને ઠીકરા કહેતા હતા) ફકીરોને ફકીરીમાં આંનદ હોવો જોઇયે ઠીકરાઓમાં નહિ કબીર સાહેબ કહે છે,

મનં લાગ્યો યાર ફકીરી મેં મન લાગ્યો યાર ફકીરી મેં ...મન૦
જો સુખ પાયો રામ ભજન મેં વો સુખનાંય અમીરી મેં ...મન૦
હાથમે દંડા બગલ મે ઝોલી ચારો દિશા જાગીરી મેં ...મન૦
આખિર યે તન ખાખ બનેગી કર્યો ફીરતા મગરૂરી મેં ...મન૦
ભલા બુરા સબકા સુન લીજે કર ગુજરાન ગરીબી મેં ...મન૦

કહત કબીર સુનો મેરે સાધુ સાહેબ મીલે શબુરી મેં ...મન.

ઈશ્વરરામજી પોતાના સેવકો ને એક વાત ખાસ કહેતા કે,

સાધુ ભુખે ભાવ કે ધન કે ભુખે નાંહી, જો સાધુ ધનકે ભુખે વોતો સાધું નાહી.

વધુ પડતી અપેક્ષાઓ એ જ મોટામાં મોટું દુઃખનું કારણ બની શકે છે.

મહારાજશ્રીએ એક વખત સત્સંગમાં કહ્યું હતું કે સાધુને શેર લોટ તથા શરીરને ઢાંકવા માટે એક વસ્ત્ર બસ એટલી જ અપેક્ષા હોવી જોઈએ. જે અપેક્ષા એક ભિખારી દ્વારા પણ પૂર્ણ થઈ શકે છે. અપેક્ષાઓ તો સમ્રાટોની પુરી નથી થતી કારણ કે એમની અપેક્ષાઓ ભોગ આધારીત હોય છે. જ્યારે ફકીર અપેક્ષા રહીત હોવાથી સતત આનંદમાં રહે છે. સત્તારશાની ફકીરો તરફ ધ્યાન દોરી જતી એક રચના છે.

રાગ : પીલ્લુ તાલ - કેરવા

જો આંનદ સંત ફકીર કરે વો આંનદ નાહી અમીરી મેં
સુખ દુઃખમેં સમતા સાધ્ય રહે કુછ ખોપ નહિ જાગીરી મેં ...જો આનંદ
હર રંગે મે સેવક રૂપ રહે અમૃત જલ કા જ્યું કુપ વહે
સત્કર્મ કરે ઔર ચુપ રહે ભલે છાંવ મીલે યા ધુપ રહે
નિસ્પૃહી બની જગમેં વિચરે ઔર રહેવે ધીર ગંભીરી મેં ...જો આનંદ
જગતારન કારન દેહ ધરે સંત સેવા કરે જગતાપ હરે
જીજ્ઞાસુ કે ઘટમેં જ્ઞાન ભરે સંતવાણી સદા મુખ સેં ઉચરે
ષડરિપૂકો બસ કર રંગમે રમે ઔર રહેવે સદા સુરવિરી મેં ...જો આનંદ
સતબોધ જગતમેં આય કહે સબ મારગ કો દીખલાય રહે
ગુરૂજ્ઞાનસે પઢજો ગાય કરે સત્તાર શબ્દ સમઝાય કહે
મરજીવા બને સૌ મોઝ કરે રહેવે અલ મસ્ત ફકીરી મેં ...જો આનંદ

જેને આ જગતમાં ફરીવાર આવવું નથી એવી વ્યક્તિ પોતાના કર્મનો ક્ષય કરવા અર્થે સંન્યાસ ધારણ કરે છે. એટલે જ સંન્યાસીઓ સાધુઓ તથા ફકીરો. બધા કર્મના પોટલા ન બંધાય એટલા માટે જાગૃત અવસ્થામાં રહે છે. શ્રી બ્રહ્માનંદજી ફકીરીની અવસ્થાનું વર્ણન કરતાં કહે છે.

રાગ= યમન

ફકીરી મેં મજા જીનકો અમીરી કયા બિચારી હૈ
તજે સબ કામ દુનિયા સેં ફીકર ઘરબાર કી છુટે
સદા એકાંત મેં વાસા યાદ પ્રભુકી પ્યારી હૈ ...ફકીરી.
નહી નોકર કીસી જનસેં નહિ દીલ લાલસા ધનકી
સબુરી ધારકર મન મેં ફીરે જંગલ વિહારી હૈ ...ફકીરી.
મિલા સત્સંગ સંતનકા ચલે નીત જ્ઞાન કી ચર્ચા
પિછાના રૂપ અપને કો દ્વૈત સંબ દુર ટારી હૈ ...ફકીરી.
સબી જગ જીવસેં પ્રિતી બરાબર માન અપમાના
વો ''બ્રહમાનંદ'' પુરન મેં મગન દિન રૈન સારી હૈ ...ફકીરી.

સંતની કોઈ જાતી નથી હોતી રૂઢીવાદ-વાડાવાદ-ધર્મવાદ તથા ભ્રાંત ઈશ્વરવાદમાંથી પર છે. એનું નામ સંત સમાજમાં રહેતો હોવા છતાંય બળજબરીથી પોતાને સમાજમાં સ્થાપિત કરવાના મીથ્યાં પ્રયત્નો કરતો નથી એનું નામ સંત આજના રૂઢીવાદીઓ સંતને સંત નથી કહેતા પણ બાવાને સંત કહે છે. મનુષ્યના લાભની ખાતર પોતાની જાતનું બલીદાન આપી દે એનું નામ સંત કવિ શ્રી કાગ કહે છે.

રાગ : ખમાજ (તાલ - દીપચંદી)

એ જી અમે નીસરાણી બનીને ઉભા રયાતાં રે ચડનારા કોઇ ના મળ્યા રે જી ...એ.જી.
એ.જી અમેં દાદરા બનીને ખીલા ખુબ ખાધા ચડનારા કોઇ ના મળ્યા રે જી ...એ.જી.
માથે ઓઢી ઓઢણીને પગે બાંધ્યા ઘુંઘરા રે.
એ જી અમેં ઘાઘરા પહેરીને ખુબ નાચયા રે જોનારા કોઇ ના મળ્યા રે જી ...એ. જી.
માથેથી કપાણા અમે ઘંટીએ પીસાણા રે.
એ. જી અમેં ચુલે ચડીને પિરસાણા રે ખાનારા કોઇના મળ્યા રે જી ...એ.જી.
"કાગ" બ્રહ્મલોક ને છોડયા માનવી ના કાજે રે.
એ. જી અમેં હેમારેથી પડતા મેલ્યા રે જીલનારા કોઇના મળ્યારે જી ...એ.જી.

કવિ કાગ કહે છે. અમેં તમારા માટે બ્રહ્મલોક જેવું સુખ છોડીને મૃત્યુલોકમાં આવીને કપાઇ ગયા. છુંદાઇ ગયા વિંધાઇ ગયા તથા લુંટાઇ ગયા હોવા છતાંય તમેં જેવા હતા તેવા જ રહ્યા. ઇશ્વર આશ્રમમાં એક સંત રહેતા હતા જેનું નામ શામળજી હતું પણ મંદબુધ્ધિ હોવાને કારણે આશ્રમવાસીઓ એમને સૌ શ્યામ ભગવાન તરીકે ઓળખતા હતા. મહારાજશ્રી ઇશ્વરામજીનાં ભજનો નિયમિત સાંભળે પણ એમને કાંઇ યાદ રહે નહિ એ વાતનો એમને ખૂબ વસવસો થતો હતો. એક દિવસ આક્રોશ વ્યકત કરીને શ્યામ ભગવાન ભીંતમાં માથું પછાળતાં હતાં જે ઘટનાને મહારાજશ્રી એ પોતાની નજરે જોયું અને ઠપકો આપતા કહ્યું કે, શામળજી પોતાની જાત સાથે આવી રીતે અન્યાય યુકત વહેવાર કરવાથી શરીરનો કોઇ એક અંગ વિપરીત થઇ જશે અને પછી છે એના કરતાં વધારે બીજા દુઃખો ઉભા થશે. માથે હાથ ફેરવતા મહારાજશ્રીએ કહ્યું આક્રોશનો ત્યાગ કરો અને પ્રભુ ભજન કરો. સર્વ દુઃખના નાશનું કારણ માત્ર ભજન છે.

કરત કરત અભ્યાસ જડ મતી હોત સુજાન
રસીકા આવન જાવન સેં હોત હૈ પથ્થર પર નિશાન

અને ત્યાર પછી શ્યામ ભગવાને સંધ્યા પાઠમાં ગવાતી ઇશ્વરરામજીની તેર શ્લોક ની સ્તુતિની રચના કરી. જે આજે સર્વત્ર ગવાય છે. શાસ્ત્રકારો કહે છે,

મુકં કરોતી વાચાલં પગું લંધ્યતે ગિરીમ્ ।
યત્કૃપા તમહમ વન્હે પરમાનદં માધવમ્ ॥

ભગવાનની કૃપા થાય છે. ત્યારે મુંગા બોલે છે. પાંગળા પર્વત ચડે છે અને નિરક્ષરો વિદ્વાન બને છે. અશકયતા જ્યારે શકયતામાં પલટી જાય ત્યારે સમજવું કે પ્રભુની મારા ઉપર અસીમ કૃપા થઇ છે. મનુષ્ય ઇચ્છા અને પ્રભુકૃપા બે સાથે થાય ત્યારે જ સફળતા પ્રાપ્ત થાય છે. ઉતાર-ચઢાવ જીવનના બે પાસા છે. પ્રયત્નો કરતાં કરતાં પડી પણ જવાય તોય આખરે શ્રધ્ધાને વિશ્વાસની જ જીત થાય છે. એક સુવિચાર કે નિષ્ફળતા પડી જવામાં નથી પણ પડીને ત્યાં જ પડી રહેવામાં છે.

સાધકનો વિષાદ

આ સંસારનું બીજું નામ ઘટનાચક્ર છે. દરેક વ્યકિતએ દરરોજ નાની-મોટી ઘટનાઓનો સામનો કરવો જ પડે છે. જીવનમાં કયારેક મોટી ઘટના આવે છે જે આપણા વિકાસના ધ્વાર ખુલ્લા કરી આપે છે. આપણે સૌ ઘટનાના પ્રભાવને સમજી શકતા ન હોવાથી શોક પ્રગટ કરીયે છીએ. પ્રભુ શ્રીરામ ને જયારે વનવાસ મળ્યો ત્યારે લક્ષ્મણને બહુ દુઃખ થાય છે. પ્રભુ શ્રીરામજી આશ્વાસન આપતા કહે છે કે,

રાગ : દેશ તાલ - ત્રીતાલ

શ્રી રામ કહે સમજાઇ સુન લક્ષ્મણ પ્યારે ભાઇ ...શ્રીરામ
વનવાસ પિતાને દીના મૈંને વચન શીર ધર લીના
સંગ જનક સુતા સુખદાયી સુન લક્ષ્મણ પ્યારે ભાઇ ...શ્રીરામં
નહિ દોષ કૈકઇ માતા ય લખ્યા લેખ વિધાતા
મેરે મનમે સોચ કછુ નાંહી સુન લક્ષ્મણ પ્યારે ભાઇ ...શ્રીરામ

સુખ દુઃખ સબ કર્મ આધીના નહિ કોઈ કીસી કા કીના
જન મુરખ મન ગભરાઈ સુન લક્ષ્મણ પ્યારે ભાઈ ...શ્રીરામ
યહ કર્મગતી બલવાના ભોગે બીન હોય ન હાના
બ્રહ્માનંદ ન મન ગભરાઈ સુન લક્ષ્મણ પ્યારે ભાઈ ...શ્રીરામ

ભગવાન નું મુખય કાર્ય આશ્વાસન આપવાનુ છે. અને ત્યાર બાદ માર્ગદર્શન આપવાનું છે. અર્જુનને યુધ્ધભુમિમાં ઘટના ના પ્રભાવને સમજી ન શકવાથી વિષાદ ઉત્પન થાય છે. ગીતા ના પ્રથમ અધ્યાય અર્જુન વિષાદ યોગનું બ્રહ્માનંદ સ્વામી માત્ર ચાર શ્લોકોમાં વર્ણન કરે છે.

રાગ : દેશ તાલ - ત્રિતાલ

શ્રી કુષ્ણ કહે નિરધારા સુન અર્જુન વચન હમારા ...શ્રીકુષ્ણ૦
યે જીવ સદા અવિનાશી સુખ રૂપ સ્વયંમ પરકાશી
જડ દેહકો ચેતન હારા સુન અર્જુન વચન હમારા ...શ્રી કૃષ્ણ૦
જીમ વસ્ત્ર પુરાન ઉતારી પહેરે નવીન નર નારી
તીમ જીવ ફીરે દુબારા સુન અર્જુન વચન હમારા ...શ્રી કૃષ્ણ૦
મણીકા જીમ દોર આધારે તીંમ સબ જગ મોહ સહારે
મંમ અંશ જીવ હૈ સારા સુન અર્જુન વચન હમારા ...શ્રી કૃષ્ણ૦
યે નશ્વર તન સ્થિર નાંહી કર્યો શોક કરે મન માંહી
બ્રહ્માનંદ હૈ રૂપ તુમારા સુન અર્જુન વચન હમારા ...શ્રી કૃષ્ણ૦

માત્ર અર્જુનના વિષાદને અનુલક્ષીને બ્રહ્માનંદજી કહે છે.

રાગ : બિહાગ

અર્જુન કો રણભુમિ વીશે હરિ બ્રહ્મજ્ઞાન નિર્મલ સમજાવે ...ટેક૦
તું કીસકા હૈ કોન હૈ તેરા એક હી આવત એકહી જાવે ...અર્જુન૦
અવિનાશી યે જીવ સનાતન દેહ કે સંગ મરણ નહિ પાવે ...અર્જુન૦
ઘટઘટ વ્યાપક ભીતર હું મૈં ભેદ ભાવના કર્યો મન લાયે ...અર્જુન૦
બ્રહ્માનંદ સ્વરૂપ હૈ તેરા શોક કી બાત ન કર્યો બીસરાવે ...અર્જુન૦

શ્રીમદ્ ભગવદ ગીતા

ગીતા મે પરમાં વિદ્યા બ્રહ્મરૂપા ન સંસયા
અર્ધમાત્રાક્ષરા નિત્યા સ્વનિર્વાસ્ય પદાત્મિકા
ચીંદાનંદેન કૃષ્ણેન પ્રોકતા સ્વમુખતોર્જુનમ
વેદત્રયી પરાનંદા તત્વાર્થ જ્ઞાન સયુંતા

શ્રીમદ્ ભગવદ ગીતા અવર્ણનીય પદો વાળી અવિનાશી તથા અક્ષરો દ્વારા આલેખાયેલી અને નિત્ય સ્વરૂપિણી પરમ શ્રેષ્ટવિદ્યા છે. વળી તે સ્વયંમ કૃષ્ણ ના મુખે ગવાયેલી છે. વેદરૂપ, તત્પરૂપ, પરમાનંદરૂપ એવા ત્રણ પ્રકારનાં પ્રદાર્થ જ્ઞાનથી યુકત છે. માટેજ સર્વ શાસ્ત્રમયી ગીતા કહેવાય છે.

પ્રોકતા સ્વમુખતો ર્જુનમ

શ્રીમદ્ ભગવદગીતા ભગવાનને સ્વયંમ ગાઇને અર્જુનને સંભળાવી છે શ્રી વેદવ્યાસજી એ ભગવદ ગીતાને અઢાર અધ્યાય તથા <u>૭૦૧ શ્લોક</u>માં ગુંથી છે. ગીતામાં જ્ઞાનની ઉત્તરોત્તર(સીડી) છે. ગીતા સાંભળતા સાંભળતા અર્જુનની જેંમ જેંમ યોગ્યતા વધતી ગઇ તેંમ તેંમ ભગવાન શ્રી કૃષ્ણ એમને નવા નવા રહસ્યો બતાવતા ગયા આપણી પાસે સવાલ હોય કે ન હોય પણ ગીતા પાસે એનો જવાબ છે. જ આજથી ૫૧૫૧ વરસ પહેલા કુરૂક્ષેત્રમાં યુધ્ધ

મેદાનમાં કૌરવોના પક્ષે સંગા સંબધીઓને જોયા પછી અર્જુનના મનમાં વિષાદ ઉભો થાય છે. સાચું શું ? અને ખોટું શું? એનો ભેદ ન જાણી શકવાથી મન તર્ક-વિતર્કનો આધાર લે છે. તેથી જ ભગવદ ગીતાનાં પ્રથમ અધ્યાય અર્જુન વિષાદ યોગમાં ૨૬ શ્લોક થી ૪૬ શ્લોક સુધીના શ્લોકમાંથી અર્જુન પોતાનો મત શ્રી કૃષ્ણ સામે રજુ કર્યો છે. અર્જુન ઉવાચ

દ્રૃષ્ટ્વેમં સ્વજન કુષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ।।૨૮।।
સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ।।૨૯।।
ગાણ્ડીવં સ્ત્રંસતે હસ્તાત્વક્ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ।।૩૦।।

હે પ્રભો યુધ્ધ મેદાનમાં મારાજ ગોત્રના સમુદાયને જોયા પછી મારા શરીરમાં કંપારી છુટે છે યુધ્ધ કરવું કે ન કરવું એના વિશે મારી મતી ભ્રમીત થઇ જવાથી મને આગળનું કાંઇ જ સુંઝતું નથી મનની આકુળ વ્યાકુળતાને કારણે મારું કંઠ સુકાઇ ગયું છે. મારા અંગો તથા ગાત્રો સિથીલ થઇ ગયા છે. મારા હાથમાંથી ગાંડીવ ધનુષ્ય ક્યારે સરકી ગયું એની મને પોતાને જાણ નથી સંત જ્ઞાનેશ્વર લખે છે, કે સમય આવતા મનુષ્યો પોતાના શરીરનો ત્યાગ કરે છે. પણ મોહ મમતાનો ત્યાગ કરી શકતા નથી. જેવી રીતે સુકા લાકડાને છેદી નાખનાર ભમરો કમળની સુકોમળ પાંખડીમાં મોહવસ થઈને સ્વયંમ બંદીવાન બની જાય છે. જેના લીધે એને પોતાનો પ્રાણ ત્યાગ કરવો પડે છે. પણ મોહનો ત્યાગ કરતો નથી !!!

નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેસવ ।
ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વન સ્વજનમાહવે ।।૩૧।।

હે, ભગવાન હવે હું મારું મનોબળ તુટી જવાને લીધે યુધ્ધ મેદાનમાં હું ઉભો રહી શકતો નથી મને આ બધા લક્ષણો અ પશુકનીયાળ લાગે છે. અને મારા સ્વજનોને યુધ્ધમાં મારી ને મારું કલ્યાણ થશે એવું મને લાગતુ નથી. કારણ કે,

ન કાઙ્ક્ષે વિજયં કુષ્ણ ન ચ રાજયં સુખાનિ ચ ।
કિ નો રાજ્યેન ગોવિન્દ કિ ભોગૈર્જીવિતેન વા ।।૩૨।।
યેષામર્થે કાઙ્ક્ષિતં નો રાજયં ભોગાઃ સુખાનિ ચ ।
ઇમેઽવસ્થિતા યુધ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ।।૩૩।।

હે, ભગવાન મને રાજયની સત્તાની કે વૈભવી સુખની કોઇપણ આકાંક્ષા નથી અને બીજુ જેના માટે અમેં રાજયની તથા ભોગોની ઇચ્છા રાખીયે છીએ એવા અમારા પરિવારજનો તો પોતાના પ્રાણ ત્યાગ કરવા માટે રણમેદાન માં ઉભા છે. તો પછી યુધ્ધ કરીને મેળવેલા રાજયને અમે કરશું શું ? અને એ રાજય ભોગવશે કોણ ? ભોગવવાળા તો બધા મરી જશે. હે, ભગવાન તમેં જુઓ તો ખરા એ બધા છે. કોણ?

આચાર્યા : પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહા ।
માતુલાઃશ્વશુરાઃપૌત્રાઃશ્યાલાઃ સમ્બન્ધિસ્તથા ।।૩૪।।
એતાન્ન હન્તુમિચ્છામિ ધ્નતોઽપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજયસ્ય હેતોઃ કી નુ મહીકૃતે ।।૩૫।।

એમાં અમારા આચાર્યો-ગુરૂઓ-પુત્રો-પૌત્રો-સસરા-મામા તથા સાળા અને અનેક બીજા સગા સબંધીઓ છે. આ બધાને માર્યા પછી મને જો ત્રિલોકનુ રાજય મળતું હોય તો પણ હું એ સ્વીકારવા માટે તૈયાર નથી. સંતશ્રી જ્ઞાનેશ્વર કહે છે કે સામાન્ય મનુષ્યો માટે પરિવાર એના ધર્મ છે. એવી ભ્રામક અવસ્થામાં તે રહે છે. અર્જુન કહે છે કે મનુષ્યો માટે પોતાના કુળનાં વંશ-વેલાને આગળ લઇ જવા માટે પુત્ર પ્રાપ્તની ઇચ્છા રાખે છે. અને હું કુળનો નાશ કરવા માટે તૈયાર થયો છું માટે હે, ભગવાન મારા હાથે એવું તો હવે નહિ થાય !!!

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્હત્વૈતાનાતતાયિનઃ ।।૩૬।।

તસ્માન્નાર્હા જંય હન્તું ધાર્તરાષ્ટાન સ્વબાન્ધવાન ।
સ્વજન હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥૩૭॥

હે, જનાર્દન ધૃતરાષ્ટના પુત્રો આતતાયી હોવા છતાંય એમને મારવું એ મોટામાં મોટુ પાપ છે. અને એમને માર્યા પછી અમારી શી ગત થશે એ અમેં સારી રીતે સમજી શકીયે છીએ. એટલુજ નહિ બાંધવોને તથા સ્વજનોને માર્યા પછી મેળવેલા રાજયને અમેં કદી પણ ભોગવી શકીશું નહિ.

યધપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।
કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥૩૮॥
કથં ન જ્ઞેયમસ્માભિઃ ચ પાતકમ્ ।
કુલક્ષયકૃત દોષં પ્રયશ્યદ્રિર્જનાર્દન ॥૩૯॥

સ્વજનોને મારવું એ મોટામાં મોટુ પાપ હોવા છતાંય રાજય લોભીઓને કુલક્ષય કાર્યાનું તથા મીંત્રદ્રોહ કર્યાનું પાપ દેખાતું નથી છતાં પણ પાપથી દુર રહેવું એ પ્રત્યેક મનુષ્યનો અધિકાર છે. માટે અમોને એના વિષે વિચારવું જોઇયે અમારું હીત યુધ્ધ કરવામાં છે કે ન કરવામાં છે ? અકસ્માતે જો સિંહ સામે મળી જાય તો હટી જવું જોઇયે. તથા જાણી બુઝીને પ્રજવલીત અગ્નીમાં હાથ શા માટે નાખવો જોઇયે ? અને એ બધું જાણવા છતાં અમારે કુલક્ષયની પ્રવૃત્તિ શા માટે કરવી જોઇયે ? કારણ કે,

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધમોડધિધવત્યુત ॥૪૦॥

કુળનો ક્ષય થવાથી સનાતન ધર્મનો નાશ થાય છે. અને પછી અધર્મ ના પ્રભાવથી પરાજીત થાય છે. જેવી રીતે કાષ્ટના સાથે કાષ્ટનો ઘસાવાથી અગ્ની પ્રજવલીત થાય છે. પરિણામે આખું વન બળીને ખાખ થાય છે. તેવી રીતે એક જ ગોત્રના માણસો અંદરો અંદર લડે ત્યારે કુળનો નાશ થાય છે. અને જે બચે છે એમાં અધર્મ નો પ્રવેશ થાય છે.

અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યનિત કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાષ્ણેય જાયતે વર્ણસઙ્ર ॥૪૧॥
સઙ્રો નરકાયૈવ કુલધાનાં કુલસ્ય ચ ।
પતન્તિ પિતરો હ્યોષાં લુપ્તપિણ્ડદકક્રિયાઃ ॥૪૨॥
દોષૈરેતૈઃ કુલધાનાં વર્ણસઙ્રકારકૈઃ।
ઉત્સાધન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્ર્વતાઃ ॥૪૩॥
ઉત્સન્નકુલધર્માણા મનુષયાણાં જનાર્દન ।
નરકેડનિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥

અધર્મનો પ્રવેશ થયા પછી જેનાં પતિ ઓ યુધ્ધમાં માર્યા ગયા છે. એવી યુવાન સ્ત્રીઓ સૌ વ્યભિચારીણી બની જાય છે. જેના લીધે વર્ણશંકર પ્રજા ઉત્પન થાય છે. જે પ્રજા કુળનાશક તરીકે કુળમાં સ્થાપિત થાય છે. જે પ્રજા પોતે તથા પોતાના કુળને નરકના માર્ગે લઇ જાય છે. એની દિવસે દિવસે વંશ વૃદ્ધિ દુષિત થતી જાય છે. જે પ્રમાણે સર્પ પગના અગુઠાને દંશ દે છે પણ એનો ઝેર સંપૂર્ણ શરીરમાં પ્રસરી જાય છે. એ પ્રમાણે વર્ણશંકર પ્રજાના પ્રભાવથી કુળનો નાશ થાય છે.

અહો બત મહત્પાપં કર્તું વ્યવલિતા વયમ્ ।
યદ્રાઝ્યસુખલોભેન હન્તું સ્વજનમુધતાઃ ॥૪૫॥
યદી મામપ્રતીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તમે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥

હે ભગવાન અહીંયા એક બીજુ મોટું પાપ એ થાય છે. કે વર્ણશંકર જેવા ઘાતકી પ્રજાના સંસર્ગમા બીજાઓ પણ આવે ત્યારે એને પણ સંગનો દોષ લાગે છે. અને એક બીજાના સંપર્કમાં આવ્યા પછી બીજા તો અનેક પ્રકારના નાના

મોટા દોષ લાગે છે. આવી રીતે લડીને જીતવા કરતા કૌરવોના બાણથી વીંધાઈને મરી જવું સારૂ. જેવી રીતે રાહુના પ્રભાવથી સુર્ય નિસ્તેજ થઈ જાય છે. એવી રીતે અર્જુન પોતાના અજ્ઞાનથી નિસ્તેજ થઇને રથમાંથી નીચે ઉતર્યો પછી એક પદચ્યુત રાજકુમાર જેવી અવસ્થા થઇ જવાને કારણે જેવી રીતે રાજકુમાર વ્યાકુળ થાય છે. એ પ્રમાણે અર્જુન વ્યાકુળ થયો. યુધ્ધના મેદાનમાં હથિયાર હેઠા મુકી દેવા એના જેવી વિકટ પરિસ્થિતી બીજી કંઇ હોઇ શકે પણ ભગવાન સ્વયંમ આશાવાદી છે. એટલે જ તે એક નાસ્તિક ને પણ સ્મૃતિદાન આપીને ઉઠાળે છે. ભગવાન નાસ્તિકને જગાડતી વખતે એમ વિચારે છે કે એ આજે નહિ તો આવતીકાલે જરૂર આસ્તિક બનશે.

મહારાજશ્રી ઇશ્વરરામજીના શિષ્ય શ્રી શ્યામ ભગવાન પણ એક વખત વિષાદમાં પડી ગયા હતા એમને જ્ઞાન પ્રાપ્ત કરવું હતું પણ થઇ શકતું ન હતું. પોતે મંદ બુધ્દિવાળા હોવાથી જ્ઞાન માર્ગના સાર અસારને સંપુર્ણ રીતે સમજી શકતા ન હોતા જેનો અફસોસ થવાથી તેઓ અવાર નવાર ભીંતમાં માથું પછાડતા હતા એક વખત એ ઘટનાને મહારાજશ્રી ઇશ્વરરામજીએ પોતાની નજરો નજર નીહાળીને કહ્યું. શ્યામ જ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે તે અપનાવેલો માર્ગ તદન ખોટો છે. હું તારા વિષાદને સમજી શકું છું પણ શરીર સાથે અયોગ્ય વર્તન કરવાથી શરીરે મોટી ખોટ પડે છે. અને પછી શ્યામ ભગવાનની જીજ્ઞાસાવૃત્તિને ધ્યાનમાં રાખીને જેવી રીતે શ્રી કૃષ્ણે અર્જુનને બોધ આપ્યો હતો. એવી રીતે મહારજશ્રી ઇશ્વરરામજીએ શ્યામ ભગવાનને બોધ્ધ આપ્યો હતો. આપણા જીવનના માર્ગોને સરળ કરી આપે એ જ કામ સંતોનું છે. સંતોએ જુદા જુદા પ્રકારે સમાજમાં જ્ઞાનની રજુઆતો કરી છે. જેનાં

◉ નરસિંહ મહેતાના પ્રભાતીયાં ◉ સુરદાસના પદો ◉ ભોજાભગતના ચાબખા ◉ તુંકારામના અભંગ ◉ શામળના છપૈયા ◉ પ્રેમાનંદનુ આખ્યાન ◉ બ્રહમાંનંદના ભજન ◉ તુલસીદાસની ચોપાઇ ◉ કબીરના દોહા ◉ ભટ વલ્લભના છંદ ◉ શીવાનંદની આરતી ◉ અખાનાં છપા, ◉ જ્ઞાનેશ્વરની ગીતા, ◉ નાઝીરની ગઝલ, મીરાનાં પ્રેમલડાણા ગીત ◉ પ્રિતમના કાવ્યો તથા કુષ્ણની ગીતાને ધ્યાનમાં રાખીને

ઉપરોકત સંતોની વાણીને અનુસરીને સંત કબીરદાસ કહે છે કે,

કબીર કુવા એક હૈ પનિહારી અનેક
બર્તન સબકે નોખે ન્યારે પાની સબમેં એક

જ્ઞાન બધા સંતો પાસે એક જ છે. લેવાવાળા કેટલું લઇ શકે છે એ એના ઉપર નિર્ભર છે.

સાધ્વી મૈયાજી

અહો દેવના દેવ હે ઇશ સ્વામી કરૂં સ્તુતી હું આપની શીષનામી
દયાળુ પ્રભુ આપદા થી ઉગારો દીનાનાથ તું એક આધાર મારો
અમેં બાળકો બોલીયે હાથ જોડી અમારી મતી હે પ્રભુ છેક થોડી
દયા લાવીને દાસના દુઃખ કાપો દીનનાથ તું એક આધાર મારો
હું રંક નો રંક અગ્યાન પ્રાણી અમારી ન કોઇ વાત તુજથી અજાણી
આવ્યો તમારે શરણે મારો હાથ ઝાલો દીનાનાથ તું એક આધાર મારો

એક દિવસ મહારાજશ્રીના મંઝલ નિવાસી સેવક શ્રી વાલજીભાઇ પોતાના આ જીવન નિયમ અનુસાર મુંબઇ જતાં પહેલા બે દિવસ અગાઉ ઇશ્વર આશ્રમ વાંઢાયમાં મહારાજશ્રી ના દર્શન કરવા આવ્યા હતા. આજે એમની સાથે બાળ-વિધવા પુત્રી રૂક્ષમણીને પણ સાથે તેડી આવ્યા હતા એ સમયે રૂક્ષમણીબેનની વય માત્ર ચૌદ વરસની હતી. એમનો જન્મ સંવત ૧૯૩૬ કારતક સુદ-૧ (પ્રતિપદા) ના દિવસે થયો હતો. એની માત્ર અગીયાર વરસની ઉમરમાં જ નખત્રાણા તાલુકાના તરા ગામે માંડવાલ (ભાટીયા) પરિવારમાં એમના લગ્ન થયા હતાં અને બાર વરસની વયે સમાજ એને વિધવા તરીકે ઓળખવા લાગ્યો પિતાશ્રી વાલજીભાઇ થી પુત્રીની આ પ્રમાણેની દશા સહન થતી ન હતી પણ આજે મહારાજશ્રી ઇશ્વરરામ સામે વાત કરવાનો સમય હતો. સંજોગ હતા એટલું જ નહિ પણ આજે દશાને એક દિશા મળવાની હતી. તેથીશ્રી વાલજીભાઇએ મહારાજશ્રીને સમગ્ર ઘટના કહી સંભળાવી કોઇને ખબર ન પડે એવીરીતે મહારાજશ્રીએ રૂક્ષમણીબેનનું લલાટ વાચી લીધું અને આશીર્વાદ આપતા કયું કે તમારી છોકરીના સંસ્કારો એમ સુચવે છે

કે, ભગવાને એમના ઉપર ખુબ દયા કરી છે કારણકે એમના ભાગ્યમાં સંસારનાં નહિ પણ સેવાના યોગ છે. ભગવાને એમને સંસારી કુવામાં પડતા પહેલાં જ બચાવી લીધા છે. હવે આપ એમને ભાગ્યના નિયમ અનુસાર જીવવા દેજો એના જીવન વિકાસના માર્ગમાં કોઇ અવરોધ પેદા કરશો નહિ એમના હાથે ઘણાં સારા કાર્યો થવાના છે. એમાં તમે સૌ સહયોગ આપજો ત્યાર પછી રૂક્ષમણીબેન કે જે સાધ્વી મૈયાજી તરીકે ઓળખાયા હતા મહારાજશ્રી ઇશ્વરરામજીએ એમને કંઠી બાંધીને શિષ્યત્વ પ્રદાન કર્યુ અને પછી પૂર્વના કર્મોનો ઉદય થયો ત્યાગ અને વૈરાગ્યથી સંપુર્ણજીવન છલકાઇ ગયું અને સુસુપ્ત અવસ્થામાં પડી રહેલા ભક્તિના બીજમાં અંકુરો ફુટયા જેની સુવાસના પરિણામ સ્વરૂપે મંઝલમાં એક આશ્રમની સ્થાપના થઇ જે આશ્રમ સમ્યાંન્તરે મૈયાજી આશ્રમ તરીકે ઓળખાવા લાગ્યો. એ આશ્રમમાં જે પેટા વિભાગો હતા તેમાં મુખ્યત્વે વિધવા આશ્રમ ગૃહઉદ્યોગ જેમાં કાંતણ તથા સિલાઇ કામનો સમાવેશ થતો હતો. તદ્‌ઉપરાંત સતસંગ હોલ તથા સંતનિવાસનું નિર્માણ કર્યુ હતું સાધ્વી મૈયાજી એ સંવત ૧૯૯૭ માં સાડા ત્રણ મહિના નો પ્રવાસ કરીને ચાર ધામની યાત્રાએ ગયા હતા. દૈવીકાર્યો કરતાં કરતાં સાધ્વી મૈયાજી ૭૨ વરસની આયુષ્ય ભોગવીને સંવત ૨૦૦૮ માં એમનું શરીર શાંત થયું હતું.

હાલો હાલો તો વાંઢાય હાલીયે રે.

રાગ : પરજ તાલ - હિંચ

હાલો હાલો તો વાઢાંય હાલીયે રે મળી સંતોને મહાસુખ માણીયે રે...
એક ગીરીવર ઉપર ગામ છે રે એનું નિશ્ચય વાંઢાય રૂડું નામ છે રે...
પ્રથમ વિહારી સ્વામીનો વાસ છે રે તેના બાંધવ બાવો હરિદાસ છે રે...
એ તો સેવક ભાવે શરણે રહ્યા રે એતો દેખતા બ્રહ્મમાં ભળી ગયા રે...
સ્વામી ક્ષેમદાસની અતિ ખ્યાત છે રે સંત શીરોમણી વિખ્યાત છે રે...
ગુરૂ ઇશ્વર તે આંનદ સ્વરૂપ છે રે ઇશ્વરાસો પરમેશ્વરા અનુપ છે રે...
અષ્ટસિધ્ધી સ્વામીજીની દાસ છે રે તેનો સંત ચરણમાં વાસ છે રે...
ધન્ય સેવક સ્વામીજીના સંગમાં રે પોર આઠો આનંદ તેના અંગમા રે...
વૈષ્ણવ વાલજીનો ગણો હેત છે રે જેણે બાંધ્યો ધરમનો ખેત છે રે...
ગુરૂઇશ્વર તે જ્ઞાન ગંભીર છે રે "હરિસાહેબ"ને સુખની શીર છે રે...

(નોંધઃ ઇશ્વરસાગર બાંધવામા વાલજીભાઇનું બહું મહત્વનું યોગદાન રહ્યું છે.)

મહારાજશ્રી ઇશ્વરરામજી ની સમભાવ વૃત્તિ ના કારણે એમની ખ્યાતી સમગ્ર કચ્છમાં ફેલાયેલી હતી. હીંગરીયાના સંતશ્રી હરિસાહેબ મહારાજશ્રીના વિચારોથી ખુબ પ્રભાવિત થયા હતા તેઓ અવાર નવાર વાઢાંય આવતા અને ભજન-સંત્સંગનો લાભ આપતા તેમનો કંઠ ખુબ મધુર હતો અને સાથે સાથે ભજનના પણ ખુબ સારા રચયીતા હતા. એમનું પ્રખ્યાત ભજન છે.

રાગ= ભૈરવી તાલ= કેરવા (કચ્છી)

મોહન આંજી મનજી મું ગાલ લધી... (૨)...ટેક
ગણાહીં ગાલીયું ગુપત મેં રખઇયું વૈરાગ્ય વેઓતે વધી ...મોહન૦
ભાવરે ભોજાઇયેં કેંઓ ભલાઇયું મોકલ કુંટુબ સધી ...મોહન૦
સંસાર સાગર મોહજલ ભર્યો દસજે નતી કો કંધી ...મોહન૦
કુડી કાયા કમન અર્ચીંધી જેડી ફાટલ ગંધી ...મોહન૦
'હરિસાહેબ' ચે હેત મીજા આઉં ઐંઇયા સંતે જો ભંધી ...મોહન૦

આ ભજન સાંભળ્યા પછી હરિસાહેબની ઇશ્વર પ્રત્યેની પ્રિત તથા કાયા અને માયા તરફ જોવાનો દૃષ્ટીકોણ છતો થાય છે. શ્રી હરિસાહેબ મહારાજશ્રી ઇશ્વરરામજી પ્રત્યે અત્યંત લાગણી ધરાવતાં હતા તેનાં પરિણામ સ્વરૂપે મહારાજ શ્રી ઇશ્વરરામ નું જીવન દર્શન કરાવતી એક રચના સ્વયંમ રચીને ગાઇ હતી...ધન્ય ધન્ય તે ઇશ્વરરામ ને રે

રાગ : પરજ તાલ - હીંચ (લય= ઓધા જાણે તેને અમેં જાણીયે રે)

ધન્ય ધન્ય તે ઇશ્વરરામ ને રે, કીધા પાવન શ્રી વાઢાંય ધામ ને રે ...ધન્ય.
ધન્ય ભુમિ જહા બીરાજહી રે, તે તો મોભી તીર્થોમાં સરતાજ છે રે ...ધન્ય.
જેનુ દર્શન મહા સુખ સીર છે રે, સ્વામી નો આશય ગંભીર છે રે ...ધન્ય.
જે ઇશ્વરસાગરમાં નીત્ય નાહ્ય છે રે, તેના પાપ તે પરલે થાય છે રે ...ધન્ય.
ધન્ય ધન્ય જે શીષ્યો શરણે રહ્યા રે, તેના પુરવના પુન્ય ઉદય થયા છે રે ...ધન્ય.
રિધ્ધી સિધ્ધી તે જેહને હજુર છે રે, સ્વામી બ્રહ્માનંદ ભરપુર છે રે ...ધન્ય.
જેની વાણી વર્તન ગુણાતીત છે રે, એની શાસ્ત્ર અનુસાર રીત છે રે ...ધન્ય.
સ્વામી જ્ઞાન-વિજ્ઞાન ભંડાર છે રે, સ્વામી અભ્યપ્રદાન દાતાર છે રે ...ધન્ય.
જેને રાય રંક સર્વે એક છે રે, એની સહેજ સમાધીમાં ટેક છે રે ...ધન્ય.
સ્વામી કલ્પતરૂ સુખધામ છે રે, જીજ્ઞાસુને ઠરવાનો ઠામ છે રે ...ધન્ય.
તેના નયનોમાંથી અમૃત ઝરે રે, સ્વામીની વાણી સંસય હરે રે ...ધન્ય.
સ્વામીના ચરણ ધોઇ પીજીયે રે, લાભ મનુષ્ય જનમનો લીજીયે રે ...ધન્ય.
સ્વામી દેહ છતાં વિદેહ છે રે, રહીત ધ્યાતા ધ્યાનને ધ્યેય છે રે ...ધન્ય.
ધન્ય ધન્ય જનની ધન્ય તાતને રે, મુકત કીધા દેવલબાઇ માતને રે ...ધન્ય.
એના ચરણ શરણ ચીત દીજીયે રે, તન, મન, ધન, કુરબાન કીજીયે રે ...ધન્ય.
સ્વામીની મુરત ચીત ધારીયે રે, ''હરિસાહેબ'' લક્ષણના વિસારીયે રે ...ધન્ય.

મહારાજશ્રી હરિસાહેબ કહે છે કે, જે શાસ્ત્રોકત વિધી અનુસાર જીવ્યા છે. જેના વાણી વર્તન અને વિચાર એક સરખા છે. જેણે સઘળા કામો હું પદમાં નહિ પણ સાક્ષી ભાવે કર્યા છે. જેના જીવનમાં ઉંચ-નીચનો ભેદ નથી જેનું જીવન ધ્યાતા ધ્યાન તથા ધ્યેયથી પર છે. એવા મહારાજશ્રી ઇશ્વરરામના ચરણોમાં કોટી કોટી વંદન...

સમઃ સત્રૌચઃ મીત્રેચ

નિર્ગુણ સાધુ નિસ્પૃહી તીનકા મોટા ભાગ
અંતર મેં ચોખા રહે નહિ દ્વેષ નહિ રાગ
નહિ દ્વેષ નહિ રાગ જીનોને મમતા મારી
નવહી તત્વકી વાસ જ્ઞાન અગ્ની પરજારી
કહે ''વિહારી'' કર જોડ તાસ સંગ ખેલે માધુ
તીનકા મોટા ભાગ નિસ્પસૃહી નિર્ગુણ સાધુ

એક વખત કોઇ એક ધનવાન વ્યકિત દ્વારા ઇશ્વર આશ્રમ વાઢાંયમાં યજ્ઞનું આયોજન કરવામા આવ્યું હતું જેમાં આયોજકોના અતી આગ્રહને વશ થઇને ન છુટકે મહારાજશ્રી ઇશ્વરરામજી મુખ્ય યજમાન પદે બીરાજયા હતા. યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રંસગે આચાર્યશ્રીએ મહારાજશ્રી ને કહ્યું કે આપ આપનો ડાબો પગ જમીન ઉપર ત્રણવાર પછાળીને બે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરો કે, હે ભગવાન મારા શત્રુઓ સૌ નાશ પામો આર્ચાયશ્રીના શબ્દો સાંભળીને મહારાજશ્રી ચોકી ગયા અને કહ્યું આચાર્યશ્રી મારો કોઇ શત્રુ છે કે નહિ એની મને જ ખબર નથી. મેં કોઇ દિવસ સપના માંય મારા મનથી કોઇને શત્રુ કલ્પ્યો નથી. કોઇને નાશ કરવાની તમારી સલાહ મને બિલકુલ માન્ય નથી તમારૂં વિધાન અશોભનીય અને અઘટીત છે. અવરનો નાશ કરી શકે એવી કોઇ પણ પ્રકારની શકિત મનુષ્યો પાસે નથી અને કોઇનો નાશ કરવાનો વિચાર એ કલંકીત તથા ગુનેગાર માનસનું લક્ષણ છે. શત્રુનો નાસ નહિ પણ શત્રુને માફ કરો. એવા પ્રકારની વિચાર સરણીને અપનાવવાળા મનુષ્યોથી શત્રુનાશ જેવી પાયા વિનાની અશાસ્ત્રોકત અને મનને ન સમજાય તેવી જુઠી ક્રિયાઓ થાય જ કેમ ? સંતશ્રી મીરાંબાઇ એ પણ એવા જ પ્રકારનું વિધાન કર્યું છે કે, જગમાં ન વેરી કોઇ આપણો ભગવત ગીતાનાં બારમાં અધ્યાયમાં ભગવાનને મનુષ્યના આઠ લક્ષણો બતાવ્યા છે.

જેમાં પ્રથમ લક્ષણ ગીતાના સિધ્ધાંતને અનુરૂપ વિચારો ધરાવતા કબીર સાહેબ કહે છે,

કબીર ખડા બજાર મેં સબકી માંગત ખેર
નહિ કીસી સેં દોસ્તી નહિ કીસી સેં વેર

જીવનમાં પક્ષપાત અને ભેદભાવનો સંચાર થાય છે. ત્યારે જ વેષનો ઉદ્ય થાય છે. દ્વેષ માંથી વિખવાદ તથા વેરઝેર નો જન્મ થાય છે. અને એ બધાના પરિણામ સ્વરૂપે શત્રુતા પેદા થાય છે. પણ સંતો હમેશાં શત્રુ અને મિત્રને એક સરખા ગણે છે. જેવી રીતે દીપક ઘરના માણસોને પ્રકાશ આપવો અને અન્ય ને ન આપવો એવું વિચારતો નથી. તેવી રીતે વૃક્ષ રોપનાર તથા કાપનાર બંને ને એક સરખો છાંયડો આપે છે. જેવી રીતે શેરડી પોતાને પોષનાર તથા ચંત્રમાં પીસનાર એ બંને ને એક સરખો મીઠો રસ આપે છે. એ પ્રમાણે સંતોમાં સમદ્રષ્ટી તથા સમભાવ હોય છે. સંતો પોતાના સ્વભાવની સાથે રહેતા હોય છે. સામાન્ય મનુષ્યો અન્યોના દોષ જોવામાં પોતાના સ્વઃ નો દુરપયોગ કરે છે. જયારે સંતો પોતાના જીવનમાં સદગુણો સ્થાપીને સ્વઃ નો સદપયોગ કરે છે. એક કહેવત છે. સામાન્ય મનુષ્યો ખોદકામ કરતાં હોય છે જયારે સંતો બાંધકામ કરતો હોય છે. મહારાજશ્રી ઇશ્વરરામજી સંત્સગમાં અવશ્ય કહેતા કે ભજન દ્વેષ રહીત હોવું જોઇયે. એના અનુસંધાનમાં બ્રહ્માંનદજી કહે છે કે,

અંત ભલા તો સબ ભલા

રાગ : ચમન તાલ-કેરવા

સંદેશા આયેગા યમકા ચલનકી કર તૈયારી હૈ ...સંદેશા૦
બાલ શીરકે હુએ ધોલે સફેદી આંખ પર છાયી
શ્રવણસે સુન પડે ઉંચા દાંત હીલના ભી જારી હૈ ...સંદેશા૦
છુટી સબ પ્રિત તિરીયાકી પુત્ર સબ હો ગયે ન્યારે
બને સબ મિત્ર મતલબકે જુઠ લોકન કી યારી હૈ ...સંદેશા૦
કમર અબ હો ગઇ કુબડી ચલે લકડી સહારે પે
ગઇ સબ દેહકી તાકત લગી તનમે બિમારી હૈ ...સંદેશા૦
કરો જગદીશકા સુમીરન ભરોશા રાખ કર મનમેં
બ્રહ્માનંદ વો તેરા એક હી સહારા કારી હૈ ...સંદેશા૦

એક વખત સંધ્યા સમયે મહારાજશ્રી ઇશ્વરરામજી પોતાના શિષ્યો સાથે ભજન કરતી વખતે સહજભાવે અને જીવનની ખરી વાસ્તવિકતા સમજાવતા કહ્યું કે મારા પ્રિયજનો હવે મારો શરીર છોડવાનો સમય આવી ચુકયો છે. ધીરે ધીરે મારું શરીર જીર્ણ થતું જાય છે. અને થવું પણ જોઇયે. કારણ કે મનુષ્યનું જીવન ચાર બંધનોથી બંધાયલુ છે.

જન્મ, મુત્યુ, જરા, વ્યાધી પિડીતો કર્મ બંધના ।। જીવનની ખરી વાસ્તવીકતા સમજાવતા શ્રી બ્રહ્માનંદજી કહે છે.

રાગ= ખમાજ તાલ= કેરવા

દો દિનકા યે જગ મેલા સબ ચલાચલી કા ખેલા ...ટેક.
કોઇ ચલા ગયા કોઇ જાવે કોઇ ગઠડી બાંધ સિધ્ધાવે
કોઇ ખડા તૈયાર અકેલા સબ ચલાચલી કા ખેલા ...દો દીનકા૦
સુત-નાર માત-પિતા-ભાઇ કોઇ અંત સહાયક નાંહી
કયું ભરે પાપકા થેલા સબ ચલાચલીકા ખેલા ...દો દીનકા૦
છલ કુળ કપટ કરી માયા ધન લાખ કરોડ કમાયા
સંગ ચલે ન એક અધેલા સબ ચલાચલીકા ખેલા ...દો દીનકા૦
યે નશ્વર સબ સંસારા કરો ભજન હરિકા પ્યારા
બ્રહ્માનંદ કહે સુન ચેલા સબ ચલાચલીકા ખેલા ...દો દીનકા૦

મહારાજશ્રી ઇશ્વરરામજી એ પોતાના શિષ્યોને એજ પ્રમાણે સમજાવતા કહ્યું કે જગતના મૂળભૂત સત્યોને અસત્યોમાં પલટાવી શકાતા નથી. જેનું જન્મ છે એનો અંત નિશ્ચિત છે. માટે દેહ નિવૃત્તિ પશ્ચાત કોઇએ એનો શોક

કરવો જોઇએ નહિ કારણ કે શરીર સાધ્ય નથી માત્ર સાધન છે. શરીર ફળ નથી પણ શરીર ને સાધન બનાવીને તમેં જે પ્રાપ્ત કર્યુ એનું નામ ફળ છે. હવે શરીરની કોઇ આવશ્યકતા રહેતી નથી માટે શરીર નો કોઇએ શોક કરવો જોઇએ નહિ. હું અને તું થી આ જગત ચાલે છે. એ જો ન હોત તો સંપુર્ણ જગત બ્રહ્મમય ભાષત સ્થુળ ભેદ થી આપણે સૌ એક બીજાથી અલગ છીએ પણ આપણા સૌમાં એક જ તત્વ કામ કરી રહ્યું છે. જો મનુષ્ય જન્મને સાર્થક કરવો હોય તો એને પરમ તત્વ સાથે ઓળખાણ કરી લેવી જોઇએ. મહારાજશ્રી સ્વરચિત પદમા કહે છે કે,

રાગ : પરજ તાલ-દીપચંદી

પામ્યો પામ્યો ઉંતમ અવતાર ભજન કર ભાવે રે
તારે કરવો એજ ઉંપાય જેણે ભવ ન આવે રે ...ટેક.
તારે મુખથી કહેવું રામ રહેવું નિષ્કામે રે
શું વળગી રહયો વ્હાલા કાળા હાડ ચાંમે રે ...પામ્યો.
તું લાલચ કરમાં લગાર કાયા માયા કાચી રે
શું માની બેઠો ગુરખા સોણાની વાત સાચી ...પામ્યો.
તું તું સોંઢમાં વરવોણી જાન માન કયું મારૂં રે
તેંજે માની લીધા ગન ગાંય તેમાં ના કંઇ તારૂં ...પામ્યો.
એવી ધરજે કાને સાર શિખામણ મારી રે
એમ કહે છે "ઇશ્વરદાસ" જોને તું વિચારી ...પામ્યો.

ધીરે ધીરે મહારાજશ્રી નું શરીર ક્ષીણ થતું ગયું તેંમ તેંમ મન ભજનમાં લીન થતું ગયું. મહારાજશ્રીએ કોઇ ને આચરણમાં નહિ એકડોને ગાય ગીતાના ગાન જેવા. ઉપદેશો આપ્યા હતા નહિ પણ મહારાજશ્રીનું જીવન એજ ખરો ઉપદેશ હતો. કરણી કરે કાગકી અને ચલે હંસકી ચાલ જેવું જીવન મહારાજશ્રીને જરાય પસંદ ન હતું તેઓ પૂર્ણ બ્રહ્મ જ્ઞાની હતા આત્મજ્ઞાની હતા સહજ આધ્યાત્મ યોગ ધ્વારા અસંપ્રજ્ઞાત સમાધી વડે પરમાનંદ પ્રાપ્તીનો અનુભવ કરતા હતા જે કારણસર મહારાજશ્રી નો અવતાર થયો એ કારણો સૌ પુરા થવા આવ્યા ત્યાર પછી

સુરત સમાઇ નુરત મેં અજપા મેં જાપ, લેખ સમાયા અલેખ મેં આપ મેં સમાયા આપ.

અંતિમ અવસ્થામા મહરાજશ્રી નિવૃત્ત પરાયણ થઇ એકાંતમાં પ્રભુ ભજન કરતા હતા હવે એમની પ્રકૃત્તિ પણ બરોબર રહેતી ન હતી. તેથી એક દિવસ પોતાના શિષ્યોને કહ્યું કે હવે હું તમારી પાસેથી વિદાય લઇશ. ઉદય સાથે અસ્ત અને જન્મ સાથે મૃત્યુ જોડાયેલો છે. એ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને મનુષ્યે પોતાનો આળસ તજીને ઉદ્ધાર કરી લેવો જોઇએ.

અંતિમ ઉપદેશ

રાગ : પરજ તાલ-દીપચંદે

તું તો આળસ કરગ અજાણ કરી લે કમાઇ રે,
પામ્યો દુર્લભ આ નરદેહ ભજન કર ભાઇ રે ...તુંતો.
તારી પલપલ જાયે છે પુરણ આયુષ્ય અભાગી રે,
માટે આંખ ઉંઘાડી આધાર જોને તું જાગી રે ...તુંતો.
તારે માથે ભમે છે ભુર તેને નવ જાણે રે,
એવો કાળ કરાર કરૂર ચેતી લેજે ટાણે રે ...તુંતો.
તું સાચો કરજે સ્નેહ સદગુરૂની સાથે રે,
તારે તુરત તર્યાનો ઉંપાય રચ્યો દિના નાથે રે ...તુંતો.
એનું જડપી લેજે જરૂર ઉપદેશ આપ્યો રે,
એમ માની "ઇશ્વરદાસ" ભવભવ બંધ કાપો રે ...તુંતો.

અંતિમ ઉપદેશ આપ્યા પછી મહારાજશ્રીએ સૌ સેવકોને આજ્ઞા આપી કે સંસારના નાશંવત અને બંધન કરનારા વિષયોમાં ન પડતા અજ્ઞાન રૂપ આવરણ ને દૂર કરીને તથા વૃતિઓને અંતરમુખ કર્યા પછી આંનદ સ્વરૂપ આત્માનો પરોક્ષ અનુભવ થાય છે. જેથી કરીને મનુષ્ય જીવન મુકત અવસ્થામાં સરી પડે છે. માટે વિષયોથી ઉપરામ રહીને આત્મા અનુસંધાન સ્વરૂપ ઇશ્વર ભજનમાં તનમય રહેવું કારણ કે મુકતી ધ્વારે સ્વરૂપી મનુષ્ય દેહ વારંમવારે મળતો નથી માટે ઇશ્વર પ્રાપ્તી માટે સાધન બનીને ખડે પગે ઉભા રહેલા આપણા દેહનો પણ ખુબ આભાર માનવો જોઇયે. આપ સૌ મારી એક વાત ધ્યાનથી સાંભળી લેજો મારા શરીરને મૃત્યુ પશ્ચાત અગ્નિ સંસ્કાર ન કરતા એને સમાધી આપજો. બસ આટલું કહ્યા પછી મૌન રહી ગયા. ધીરે ધીરે જે સમયની વાત જોવાતી હતી એ સમય આવી ને ઉભો રહી ગયો. આજે વાતાવરણમાં સ્થિરતા હતી ઇશ્વરસાગર શાંત અને ગંભીર હતો. વનસ્પતી વેલાઓ અને ઝાડપાન સૌ ગમગીન મુદ્રામાં જણાતા હતા સાંજનો મહાપ્રસાદ પણ સ્વાદ રહિત લાગવા માંડયો. આવતી કાલની સોનેરી સવાર એક નવું રૂપ ધારણ કરીને આવશે. એને ધ્યાનમાં રાખીને સૌ ભગવાનને પ્રાર્થના કરતા હતા કે, હે ભગવાન આજની રાતને તું એક યુગમાં રૂપાંતર કરી નાખજે. અમોને આવતી કાલની સવાર કોઇને જોવી નથી. પણ ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે. પણ અહીં તો જે થવાનું હતું તે જ થયું જોત જોતામાં પ્રો કુટી પક્ષીઓ હજી માળામાં જ સમાયા હતા. પણ ઇશ્વરરામને આજે માળો તજી દેવાનો અવસર આવ્યો. સંવત ૧૯૫૩ અષાઢ વદ બીજના બ્રહ્મર્મુતે બ્રહ્મનાદ કરતાં કરતાં યુગ પુરૂષ શ્રી ઇશ્વરરામજી મહા નિર્વાણ પામ્યા.

રાગ : દેરા(લાવણી) લય-ઓ. ઇશ્વર ભજીયે તને

હે ઇશ્વર ગુરૂદેવશ્રી ધરી મનુષ્ય અવતાર
પ્રગટયા કચ્છ પ્રદેશ માં વિરલા સમજે સાર
જ્ઞાન કર્મને ભકિતનો સમજાવ્યો સિધ્ધાંત
ભજન પ્રભાવ બતાવેયો આપ રહ્યા એકાંત
અનેક જન ઉધ્ધારીયા કીધા સૌના કામ
માર્ગ બતાવી મોક્ષનો પધાર્યા નીજ ધામ
વિશ્વ વિષે વિલસી રહ્યું જેનું તેજ અપાર
એ ઇશ્વર ગુરૂદેવ ને વંદન વાર હજાર
વિઘ્ન હરે મંગલ કરે જગમાં જેનું નામ
એ ઇશ્વર ગુરૂદેવને પ્રેમે કરૂં પ્રણામ.

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય ચોથો
પરિવર્તન યોગ



શિવ એવં ગુરૂ સાક્ષાત ગુરૂરેવ શિવ સ્વયંમ્ ।
અભયોરન્તરં કિંચિન્ન જ્ઞાતવ્યં મુમુક્ષુભિઃ ।।

શ્રી શિવ સાક્ષાત ગુરૂરૂપ જ છે અને શ્રી ગુરુ પોતે શિવરૂપ જ છે. મુમુક્ષુજનોએ એ બન્નેમાં જરા પણ જુદાઈ જાણવી નહિ.

રાગ : ખમાજ

મળ્યો મનુષ્ય જનમ અવતાર માંડ કરીને, એમાં ભજ્યાના ભગવાન હેત ધરીને
પછી ખાસો યમના માર પેટ ભરીને, માટે રામનામ સંભાળ રે હો જી.
ગઈ પલ પાછી ફેર ન આવે, મુરખ મુઢ ગમાર
ભવસાગર ની ભુલવણીમાં, વીતી ગયા યુગ ચાર ફેરાફરીને ...મળ્યો.
જઠરાગ્નીમાં જુગતે રાખ્યો, નવ માસ નિરધાર
સ્તુતી કીધી અલબેલાની, બહાર ધર્યો અવતાર માયામાં મોહિને ...મળ્યો.
કલિયુગ કુડો રંગે રૂડો, કહેતા ન આવે પાર
જપ તપ તીરથ કુછ ન કરના, એક નામ આધાર કૃષ્ણ કહિને ...મળ્યો.
ગુરૂગમ પાયો ભેદ બતાયો, યુકિત કરી જદુરાઈ
ગંગાદાસકો જ્ઞાન બતાવ્યો, રામદાસ મહારાજ દયા કરીને ...મળ્યો.

મહારાજ શ્રી ઈશ્વરરામનું શરીર શાંત થઈ ગયા પછી અનેક વિધ્ધશિષ્યોના મત મતાંતર ને કારણે ઈશ્વરરામની ગાદીપર કોઈ મહંતજીની વરણી થઈ શકી નહિ જેથી કરીને સત્તર વરસ સુધી ગુરૂગાદી ખાલી રહી પણ આશ્રમનો વહીવટ શ્રી લાલરામજી સ્વચ્છ અને સારી રીતે સંભાળતા હતા. શ્રી લાલરામજીનો ઈતિહાસ આ પ્રામણે છે.

મહારાજ શ્રી ઈશ્વરરામજી એક વખત દેશલપર (ગુતલી) ના કડવા પાટીદાર શ્રી ગોપાલજી ભગતને ઘેર પધાર્યા. શ્રી લાલરામજી મહારાજ સંવત ૧૯૯૩ વૈશાખ સુદ-ર ના દિવસે માતાજી માનબાઈના ઘેર અવતર્યા હતા. જેને સૌ પરિવાર લાલજી નામે ઓળખતો હતો. પુત્રના લક્ષણ પારણે અને વહુના લક્ષણ બારણે. માં-બાપના સંસ્કારોથી ઘડાયેલો લાલજી બાલપણથી જ ધર્મભાવના તરફ વળેલો હતો. યુવાવસ્થાના ઉંબરે આવી પહોંચેલો લાલજી નો ધાર્મિક જીવન જોઈને ઈશ્વરરામજી ખુબ પ્રભાવિત થયા અને પુછ્યું બેટા તું કેટલો ભણ્યો છે ? લાલજીએ કહ્યું કે ગામડામાં જેટલું પ્રાપ્ત થઈ શકે એટલું શિક્ષણ લીધું છે. હવે મને લખતા વાંચતા સારી રીતે આવડે છે. મહારાજશ્રી એ કહ્યું લાલજી આજે અમો બધાને રામકથા સાંભળવી છે. તું વાંચી સંભળાવીશ કે ?

લાલજી એ કહ્યું આપની આજ્ઞા હશે તો હું જરૂર વાંચીશ પછી તો લાલજી દરરોજ કથા વાંચે અને એનો અર્થ

પણ કહી બતાવે. એમની બોલવાની છટાથી તથા કથા ઉપર પૂર્ણ પ્રિતી હોવાથી કથા પ્રસંગો ને ખુબ ન્યાય મળતો. પિતા ગોપાલજી તથા માતાજી માનબાઈ ને આંનદનો પાર ન રહ્યો. પરિવારમાં તથા ગામમાં ખુશીની લહેર ફરી વળી એમ કરતાં કરતાં ઘણા દિવસો વીતી ગયા. ગામવાસીઓને મહારાજશ્રી ના સત્સંગનો લાભ મળ્યો અને લાલજીમાં સત્સંગના પ્રભાવથી સંસ્કારો ખીલી ઉઠયાં અને એનું મન વૈરાગ્ય તરફ વળી ગયું અને મોહના બંધનો તુટતા ગયા. બસ હવે તો ઈશ્વર પ્રાપ્તી એ જ જીવનનું લક્ષ બની ચુકયું હતું. મા-બાપ તથા સૌ પરિવારની સહ સમંતીથી મહારાજશ્રી ઈશ્વરરામજી સાથે લાલજી વાઢાંય આવ્યો. ત્યાં મહારાજશ્રીએ એની યોગ્યતાને ધ્યાનમાં લઈ લાલજીને કંઠી બાંધીને પોતાના શિષ્યપદે સ્થાપિત કરી લાલરામજી નામાભિધાન કર્યુ. ત્યારબાદ મહારાજશ્રીના સાનિધ્યમાં રહીને પોતે ધારણાશકિત, વેદાંતનાં વિચારો, વ્યવહારીક કુશલતા, ગાંભીર્ય, શાંતી, સરળતા તથા સમભાવ જેવા ગુણો ને જીવનમાં સ્થાપિત કર્યા અને વાઢાંય દ્વારામાં નિયમિત કથાનું વાંચન કરીને ઈશ્વરરામ મહારાજને સંભળાવતા હતા. ગુણા સર્વત્ર પૂજ્યતે પિતૃવંશ નિરર્થક શાસ્ત્રકારો કહે છે કે ગુણની પૂજા અવશ્ય થવી જોઈએ કારણ કે, ગુણો હંમેશા ગુણવાન પાસે હોય છે: અને ગુણવાન સૌ ધર્મના આધાર સ્તંભો છે. સમાજમાં નીતિ નિયમોનું સંચાલન ગુણવાનના આધારે થવું જોઈએ તથા એમના માર્ગદર્શન હેઠળ થવું જોઈયે. મહારાજશ્રી ઈશ્વરરામનું શરીર શાંત થયા પછી મહારાજશ્રીના સત્તા ભુખ્યા શિષ્યોમાંથી કોઈ એ પણ શ્રી લાલરામજીનું માર્ગદર્શન સ્વીકાર્યુ નહિ પરિણામે આશ્રમ આંતકલહના કારણે ગુરૂગાદી વિનાનો થઈને રહ્યો. હોવા છતાં આશ્રમનું સંચાલન અયાચક વ્રતધારી શ્રી લાલરામજી એ સફળતા પૂર્વક કર્યુ. એમને ક્ષણે ક્ષણે મહારાજશ્રીના વચનો યાદ આવતા કે સાધુતામાં રહીને તથા ભજનની મર્યાદાને સમજી ભજન કરશો તો કોઈની પાસે હાથ લંબાવવો નહિ પડે. રિધ્ધી અને સિધ્ધી સામેથી ચાલીને આવશે. વાઢાંયના સાધુઓએ સેવકોના ઘેર જઈને પગલા દેવા અને ઢગલા લેવાનાં આયોજનો ઉપર મહારાજશ્રી ઈશ્વરરામજીએ સખત પ્રતિબંધ મુકયો હતો જેના લીધે આશ્રમ સતત તાણ અનુભતો હતો. જેને ધ્યાનમાં રાખીને એક વખત મહારાજશ્રીના પટ શિષ્યશ્રી ગરીબદાસજીને સંવત ૧૯૫૫ અષાઢ સુદ-૧૫ ગુરૂપૂર્ણિમાંના દિવસે સવારના ૧૦, વાગે ચાદરવિધી કરીને મહંત તરીકે સ્થાપિત કરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા પણ એમાંય સફળતા મળી નહિ બરોબર છેલ્લી ઘડીએ ઉપરોક્ત કાર્યક્રમને પડતો મુકવો પડયો હતો. ત્યાર પછી તરત જ શ્રી ગરીબદાસજી એ મહારાજશ્રી ઈશ્વરરામની પ્રતિમા લઈને કુકમા પધાર્યા. ત્યાં એમણે નિવૃત્તિ આશ્રમની સ્થાપના કરી. ગરીબદાસજીનું મુળનામ નાનજી હતું અને એમનું ગામ કુકમા હતું. પોતે મિસ્ત્રી એટલે કે ગુર્જર સુથાર પરિવારના હતા. એમનો જન્મ શ્રાવણ સુદ-૧૧, ૧૯૩૧માં થયો હતો. તે ૧૯૫૩ થી ૧૯૭૧ સુધી નિવૃત્તિ આશ્રમમાં મહારાજશ્રી ઈશ્વરરામની પ્રતિમાને ગુરૂગાદીએ બેસાડીને આશ્રમ ચલાવ્યું હતું. એમના સ્વરચિત ભજન સંગ્રહની ઓગણીસ આવૃત્તિઓ છપાઈ હતી. એમના ઉપરથી ખ્યાલ આવશે કે એમના ભજનો કેટલા જ્ઞાન સભર અને લોકપ્રિય હશે અને અંતે સંવત ૨૦૧૨ જેઠ સુદ-૧૫(પુર્ણિમા)ના રોજ બેયાંશી વરસની આયુષ્ય ભોગવીને મહા નિર્વાણ પામ્યા. ઈશ્વર આશ્રમમાંથી ગરીબદાસના ગયા પછી બીજા પણ ઘણા ગાદી લાલચુઓ આશા છોડી પોતાના સ્વતંત્ર આશ્રમ બાંધવા પાછળ લાગી ગયા. ઘણા શીષ્યો તો ગાદીની વાટ જોતાં જોતાં મહાનિર્વાણ પામ્યા અને પછી શિષ્યોમાં પણ ભાગલા પડયા જેમાં જુના દ્વારામાં પ્રિયદાસજી તથા મુળદાસજી રહેતા અને નવા દ્વારામાં (હાલે જે છે તે) શ્રી લાલરામજી, બાપુરામજી, દયારામજી, પ્રેમદાસજી તથા પુરણરામજી રહેતા હતા. આખરે જે થવું હતું તે જ થયું. બંડખોર શિષ્યોનો જુવાળ ધીરે ધીરે લઘુમતીના કારણે શાંત થયો. મત મતાંતરનો એક મતમાં રૂપાંતર થયો. એ પરિસ્થિતીનો લાભ લઈને હમલા દવારાના પાંચમાં ગાદીપતી શ્રી પુરાણરામજીએ વાઢાંયમાં એક સંતસભા નું આયોજન કર્યુ. જેમાં ઈશ્વર આશ્રમ વાઢાંયની ગુરૂગાદી વિશે ખુબ ચર્ચાઓ ચાલી અને સર્વ સંમતીથી શ્રી લાલરામજીને ઈશ્વર આશ્રમનાં ચોથા ગુરૂગાદીપતી તરીકે ૧૯૭૦માં સ્થાપિત કરવામા આવ્યા. સંવત ૧૯૫૩ થી ૧૯૭૦ ના સતર વરસના પ્રતિકુળ સમયમાં તેઓ માથાભારે ચેલાઓ સાથે ગુરૂગાદી વિષયક ઉગ્રવાદ વિવાદો થયા હોવા છતાં પણ તેઓ કોઈ દિવસ ભકત સુદામાની જેમ વાણી વિચાર અને વર્તનથી પદભ્રષ્ટ થયા નહિ. સતત શ્રધ્ધા, વિશ્વાસ અને ધીરજના બળે પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતુ. કવિ કહે છે,

પ્રતિકુળતામાં ખસ્યા નથી અને અનુકુળતામાં ભસ્યાં નથી
એવા તો છે અનેક જે આલમમાં ઓળખાયા નથી.

જેનો સ્વભાવ કપટ પ્રપંચ રહીત છે એ વ્યકિત સાધુ હોય કે સંસારી હોય વિદ્વાન હોય કે અભણ હોય પણ એ સતત આર્થિક તાણમાં રહે છે. મહારાજશ્રી ઓધવરામ આવ્યા ને છ મહિના થયા બાદ ઓધવરામને પોતાના શિષ્યપદે

 સ્થાપિત કરવા લાલરામજીએ સૌ સેવક મંડળની સમંતી સાધીને કંઠી ધારણ કરાવીને ''ઉધ્ધવદાસ'' તરીકે નામાભિધાન કરાવ્યું. ત્યારબાદ શિષ્યના તીવ્ર વૈરાગ્યને ધ્યાનમાં રાખીને વૈરાગ્ય સતકનો અભ્યાસ કરાવ્યો. જ્ઞાન મેળવવાના માર્ગમાં સાધકની જીજ્ઞાસા તથા દ્રઢ સંકલ્પ બહુ મહત્વનો ભાગ ભજવે છે. પુણ્યશાળી જીવો એ પૂર્વ ભવમાં મેળવેલી વિદ્યા આ ભવમાં એ જ સ્વરૂપે પ્રગટ થાય છે. ગુરૂશ્રી લાલરામજીના આશીર્વાદથી ઓધવરામમાં સ્વયંમ જ્ઞાનની ઉપજ થવા માંડી જ્ઞાન સ્વરૂપી ભારેલો અગ્નિ સત્સંગના વાતાવરણથી પ્રભાવિત થઇને ધીરે ધીરે પ્રજવલ્લીત થતો ગયો. શિષ્ય ક્યારે જ્ઞાની થઇ ગયો એની ખબર પડવા ન દે એનું નામ ગુરૂ. ગુરૂ જ્ઞાનનો અનુભવ કરાવે છે જયારે પુસ્તકો જાણકારી આપે છે. એટલે જ કબીર સાહેબ કહે છે કે,

પોથી પઢ પઢ જગમુવા પંડીત ભયા ન કોય
ઢાઈ અક્ષર પ્રેમકા પડે સો પંડીત હોય.

શ્રી લાલરામજી પોતે પ્રખર વકતા ન હતા પણ એના સાંનિધ્યમાં આવતા શિષ્યોને વક્તા બનાવી શકતા હતા. એટલી એમનામાં ક્ષમતા હતી. સતત પ્રતિકૂળ પરિસ્થિતીમાં રહેવાથી તેઓ અત્યંત ઘડાઇ ચુકયા હતા. એક વખત ઓધવરામજી ને કહ્યું ઓધવ, સત્સંગ દરમ્યાન હું તને જ્ઞાન આપતો નથી પણ તારી અંદર સુષુપ્ત અવસ્થામાં પડી રહેલા જ્ઞાનને જાગૃત કરૂં છુ.

કાયા અને માયાનો ભરોષો કરવો જોઈએ નહિ

એક દિવસ સાંજનો સમય હતો. કથા સત્સંગ પૂર્ણ થયા પછી સહજ ભાવે શ્રી લાલરામજી એ કહ્યું બેટા ઓધવ મારો દેહ છુટવાને હજી એક વરસ બાકી છે. પણ છુટશે એ નિશ્ચિત છે. એક વાત તું યાદ રાખજે કાયા અને માયા ના ભરોશે રહી ગયેલા પ્રવાસીઓ અનંતયાત્રા પુરી કરી શકયા નથી કાયા ભાડાનું મકાન છે. આજે નહિ તો આવતીકાલે ખાલી તો કરવો જ પડશે કારણ કે મૃત્યુ સાથે આપણો જુનો નાતો છે. એ ઘણી વખત આપણા ઘેર આવ્યો છે આપણા દાદા-દાદી-બા-બાપુજી બધાંને તેડવા માટે અવારનવાર આવ્યા જ કરે છે. તેથી મૃત્યુ સાથે આપણો કૌટુંબિક નાતો છે. એમાંથી બચવા માટે એક જ ઉપાય છે.

-: સાખી :-

કબીરા મન નિર્મલ ભયા જૈસૌ ગંગા નીર
પાછે લાગી હરિ ફિરે કહત કબીર કબીર
સીતારામ સીતારામ સીતારામ કહીયે જાંહી બિધ રાખે રામ તાંહી બિધ રહીયે ...ટેક૦
મુખમેં હો રામ નામ રામ સેવા હાથમે તું અકેલા નહિ પ્યારે રામ તેરે સાથ મેં
વિધ્ધીકા વિધાન જાનો હાની લાભ સહીયે જાંહી બિધ રાખે રામ તાંહી બિધ રહીયે ...૧
કીયા અભિમાન તો માન નહિ પાયેગા હોગા વહિ જો પ્યારે રામજીકો ભાયેગા
છોડ ફલકી આશ શુભ કામ કરત રહિયે જાંહી બિધ રાખે રામ તાંહી બિધ રહીયે ...૨
જીદંગી કી દોર સોંપ હાથ દિના નાથ કે મહેલો મેં બસાવે ચાહે ઝુંપડી મેં વાસ દે
ધન્યવાદ નિર્વીવાદ રામરામ કહિયે જાંહી બિધ રાખે રામ તાંહી બિધ રહીયે ...૩
આશા એક રામજીકી દુજી આશ છોડ દે નાતા એક રામજી સેં દુજા નાતા તોડ દે
કામરસ છોડ પ્યારે રામ રામરસ પીજીયે જાહિ બિધ રાખે રામ તાંહી બિધ રહીયે ...૪

શ્રી લાલરામજી એ કહ્યું સાંભળ ઓધવ મૃત્યુરૂપી માર્ગ ઇશ્વરે પ્રત્યેક દેહધારી માટે નિર્માણ કરી રાખ્યો છે.પણ જ્ઞાનદ્રષ્ટી તથા ઇશ્વરલક્ષી વિચારધારાને લીધે મૃત્યુનો પ્રભાવ થોડો ઓછો પડે છે. પણ જનમ્યા એ તો જરૂર જવાના રાજા રંક ફકીરને શાણા. સંસાર એક પંખીનો માળો છે અહિંથી ત્યાંથી આવીને સૌ પંખીઓએ એકબીજા સાથે સબંધોના માળા બાંધ્યા છે. ત્યારબાદ ધીરે ધીરે એ મેળાઓ મોહમાં રૂપાંતર થઇ જાય છે. કવિ કાગ કહે છે,

વડલો કહે વનરાઈયો સળગી મેલી ધ્યો જુના માળા ઉંડી જાઓ પંખી પાંખોવાળા

કવિ ચેતવણી આપે છે કે તમારી આસપાસ સળગતો સંસાર છે તમેં ઉડશો નહિ તો આગની જવાળામાં ખાખ થઇ જશો. આગળ જતાં કવિ કહે છે કે તમે શા માટે નથી ઉડતા ? ભગવાનને તમને ઉડવા માટે વિચારો રૂપી પાંખો

એનો તમે સદ્‌ઉપયોગ કેમ નથી કરતા ? અને અંતે અવિચારી પંખીઓ સંસાર રૂપી દાવાનળમાં બળીને ખાખ થઇ જાય છે. પણ મોહ રૂપી માળાઓનો ત્યાગ કરતા નથી. ઓધવ પ્રભાતમાં ચાગબાઈ માઁ કહે છે કે...

પંખીડા ઉડી સૌ જાશે મોહનાં તજીને માળા
ભોગના સબંધો લાગે ખુબ રૂપાળાં
ભોગમાં હતા સૌ સાથી રોગમાં ગયા સૌ નાસી
એકલા આવ્યા છે એને એકલા જવાના

માટે ઓધવ જો મોહનો નાશ થાય તો જીવન વિકાસ કરવા માટે કોઇ પણ જાતની પ્રક્રિયા બાકી રહેતી નથી. અર્જુનને જયારે જ્ઞાન થાય છે ત્યારે એક જ શબ્દ કહે છે કે હે ભગવાન ‘‘નષ્ટોમોહા સ્મૃતિ ર્લબ્ધા’’ મારો મોહ નાશ પામ્યો છે. અને મને મારા સ્વરૂપનું જ્ઞાન થયું છે. હું આપના વિચારોને સંપૂર્ણ રીતે સમજી શકયો છું હવે આપ મને જેંમ કહેશો તેમ કરીશ ?

જેંમ જેંમ દિવસો નીકળતા ગયા તેંમ તેંમ ઓધવરામ વ્યાકુળ થતાં ગયા. ગુરૂદેવ પ્રારબ્ધ ભોગવીને શાંત શય્યામાં પોઢવાના છે એ સ્થિતી ઓધવરામજી માટે અસહય હતી મોઢા ઉપર બેચેની અને ઉદાસીનતા ના ભાવ તરી આવતા હતા. એક દિવસ ઓધવરામજીના ચહેરાનો ભાવ વાંચીને શ્રી લાલરામજી એ કહ્યું બેટા ઓધવ તું મોહમાં ઘેરાયલો છે તારી મારા ઉપર લાગણી તથા પ્રેમ હોવો જોઇએ પણ મોહ નહિ, માટે તું મોહનો ત્યાગ કર અને હવે તું માત્ર મારા ઉપર પ્રેમ કર મારા શરીર ઉપર નહિ શરીર માત્ર સાધન છે. સાધ્ય નથી સાધ્ય તો માત્ર પરમ પિતા પરમેશ્વર છે. હવે વિદાયના દિવસો ખુબ નજીક આવી ગયા છે. આજથી આશ્રમની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લે !!! તારી કામ કરવાની રીત અને ખંત થકી આશ્રમ સફળતાના શીખરો સર કરશે એ નિર્વીવાદ છે. હે ઓધવ જગત નશ્વર હોવા છતાંય અને વિષય-વાસના તથા વસ્તુ એ બધું નશ્વર હોવા છતાંય અને આ શરીર પણ નશ્વર હોવા છતાંય મનુષ્ય ધારે તો તે એની વચ્ચે રહીને પણ આત્મજ્ઞાન મેળવી શકે છે. પણ આજે આધ્યાત્મના વિષયમાં તે લઘુતાગ્રંથી અપનાવી ને ચડયા વગર પડી જવું, લડયા વગર ડરી જવું, ચાલ્યા વગર થાકી જવું તથા રમ્યા વગર હારી જવું ની નીતિ અપનાવી રહ્યો છે. પરિણામે ભોગ સિવાય અન્ય કોઇ પણ સિધ્ધી મેળવી શકતો નથી. શ્રી ઓધવરામની પરિપકવતા જોઇને શ્રી લાલરામજીએ એક ગુપ્ત રહસ્ય સમજાવતા કહ્યું કે, સાંભળ બ્રહ્મનિષ્ટ શ્રી ઇશ્વરરામ મહારાજશ્રીએ મને યોગ્ય સમજીને આત્મજ્ઞાનનો બોધ કરાવયો હતો પણ મને કોઇ અધિકારી ન મળતા મેં તે જ્ઞાનને અકબંધ રાખ્યો છે. આત્મ સાક્ષાત્કાર કરવા હેતુથી મંત્ર સ્વરૂપી બોધ હું તને આપું છું તું એને સાધના દ્વારા સિધ્ધ કરી લેજે. કોઇ પણ સાધકની સ્થિતીમાં બેસી જાય એવો મંત્રો હોવા છતાંય મને અનુકુળ સમય ન મળતા હું એને સિધ્ધ કરી શકયો નહિ. કારણ કે આશ્રમનાં હિત માટે હું સતત લે-ભાગુ તત્વો સામે સંઘર્ષમાં ઉતર્યો હોવાથી મને જે કરવાનું હતું એ હું કરી શકયો નહિ. એક વાત યાદ રાખજે કે સ્વયંમ આસ્થિક ભાવ તથા ગુરૂ શબ્દ પ્રમાણ ઉપર શ્રધ્ધા રાખીને કરેલો કામો ભલે નાના હોવા છતાંય એનું પરિણામ બહુ મોટું આવે છે. ઉધ્ધવ તારી મહાનતા જાઇને મને મારા ઉપર ખુબ ગર્વ થાય છે એટલું જ નહિ તારા થકી આશ્રમનું નામ ઉજળુ થશે. ઉધ્ધવ મને એક દિવસ શ્રી ઇશ્વરરામ મહારાજશ્રીએ કહ્યું હતું કે તમેં સૌ સાધુત્વની મર્યાદામાં રહેજો અને પ્રતિદિન ભજન કરજો તમારા દૈનિક કાર્ય સાથે ભજનને જોડી દેજો. તમારી કોઇપણ કૃતીમાં ભજનનું મિશ્રણ હોવું જોઇએ. વધુમા કહ્યું કે ઇશ્વર તમારા લક્ષને જરૂર પૂર્ણ કરશે. પણ હું તે કરી શકયો નહિ ઓધવ, વારંમવારે તને કારણ બતાવવાની મને જરૂર નથી રહેતી !!!

મારો પણ એક લક્ષ હતો પણ સંગઠનના અભાવે હું તેને પુર્ણ કરી શકયો નહિ જેની વેદના મને સતત સતાવે છે. હું જે કુળમાં જન્મયો છું અને જે કુળને માટે મારે કરવું હતું એ કરવાનું રહી જતા હું ખુબ વેદના અનુભવું છુ.

જ્ઞાતી જનકો પુજલે જીનસે તેરા કામ
જીતના જ્ઞાતીજન મીલે ઈતના સાલીગ્રામ

આજે મારો કડવા પાટીદારનો એક ઘટક સતપંથ પીરાણાં સંપ્રદાયમાં ભળી ગયો છે. જેની અસર હેઠળ ઘણો સમાજ આવરાઇ ગયો છે. જે ઘટક, આજે ખાનાપંથી તરીકે ઓળખાય છે. ઓધવ મારો કોઇ ભાઇ ભોળવાઇને સનાતન ધર્મનો ત્યાગ કરીને અન્યાશ્રય સ્વીકારી લે એ મારાથી સહન કેમ થાય ? ઉધ્ધવે કહ્યું ગુરૂદેવ આપની વેદના એક દિવસ

દુઃખ નિવારણનું કારણ બનશે કારણ કે વેદના સ્વયંમ એક વેદ છે. એક ભજનમાં લખેલું છે કે વેદનાનો વેદ વાંચી જુઓ તો ખરા.

રાગઃ શીવરંજની

વેદના નો વેદ વાંચી તમેં જુઓ તો ખરા દુખીયાના દર્દ દીલને સમજો જરા ...વેદના.
શાંતીનો ભંડાર સૌની ભીતર ભર્યો છે મૌનમાં રહિને એને માણો તો ખરા ...વેદના.
ધરાને ઉપાડે એવી ગગનને ઝુકાવે તેવી સાધનામાં રહેલી શકિત માપો તો ખરા ...વેદના.
એકલો નથી તું તારી સાથે વસે વનમાળી ખોજવાના યત્નો થોડા કરો તો ખરા ...વેદના.
થશે ઝેર અમૃત આ જગતના હળાહળ મીરાંનો વિશ્વાસ જીવનમાં લાવો તો ખરા ...વેદના.
એક નહિ અનેક અવગુણ માફ થઈ જાશે પ્રભુ પાસે જઈ પસ્તાવો કરો તો ખરા ...વેદના.
વેરઝેર સૌ આ જગના શાંત થઈ જાશે પ્રેમનો સંદેશ સૌને આપોતો ખરા ...વેદના.
કોણ કહે છે ઈશ્વર મળેના "ભગતરામ" એકાંતમાં બેસીને અર્ચન કરોતો ખરા ...વેદના.

શ્રી લાલરામજીએ કહ્યું બેટા ઉધ્ધવ હું મારા સમાજને મુળ સ્થિતીમાં જોવા માંગતો હતો પણ જોઇ શકયો નહિ. મારો સમાજના વિકાસમાં સૌથી વધારે ફાળો હોવો જોઇએ પણ હું આપી શકયો નહિ સમાજની અંદર થઇ રહેલી વંટાળ પ્રવૃત્તિને હું અંકુશમાં રાખવા માંગતો હતો પણ રાખી શકયો નહિ. હું મારા જ્ઞાતીજનોને સનાતન ધર્મના સિધ્ધાંતોને સમજાવવા માંગતો હતો પણ સમજાવી શકયો નહિ ખાનાપંથીઓને સનાતન ધર્મ તરફ વાળવાનાં યથાર્થ પ્રયત્નો કર્યા પણ સફળ થયો નહિ " અને જયાં દુખતું હોય ત્યાં લાગે બહુ " હું એક વખત ગાયો માટે ઘાસચારો લેવા અર્થે સામત્રા ગયો હતો એ ગામના પાટીદાર સમાજમાંથી એક પણ વ્યકિત પીરાણાં પંથમાં જોડાયેલો ન હતો. ગામવાળા બધા મને ઓળખતા હતા અમોએ ઘાસચારાનાં ગાડા ભર્યા અને પૈસાની લેતી-દેતી પણ થઇ ત્યાર બાદ મને તરસ લાગવાથી મે પાણીની માંગણી કરી એક પટેલ પાણીનો લોટો ભરી આવ્યા. પણ લોટો મારા હાથમાં આપ્યું નહિ પણ મને ખોબામાંથી પાણી પીવાની સલાહ આપી. મેં કહ્યું આમ કેમ મારા હાથમાં લોટો કેમ નથી આપતા ? પટેલે કહ્યું તમેં પીરાણાં પંથી છો તમારા હાથમાં લોટો આપવાથી અમારો લોટો અભડાઇ જાય !!! પણ મેં કહ્યું હું તો સાધુ છું અને તમેં બધા મને ઓળખો છો. પટેલે કહ્યું એ વાત તમારી બધી સાચી પણ તમેં પીરાણા પંથના પરીવારમાંથી આવ્યા છો ? ઓધવ તું વિચાર કર કે એવા વેણ સાંભળીને મારા અંતરમાં કેટલી વેદના થઇ હશે ? હવે તું પીરાણાં પંથીઓનો ઈતિહાસ જાણી લે.

સતપંથી હોવાના કારણે કણબીને ઉપરથી પાણી પીવડાવવામાં આવતું. - જે અછૂત તરીકે વ્યવહાર હતો.

ભીષ્મ પ્રતિજ્ઞા

This is wrong

વર્ષો પહેલા કચ્છમાં નારાયણ સરોવર તથા માતાનોમઢ છોડીને કોઇ પ્રચલિત તીર્થો ન હતા. એ સમયમાં ઉત્તરમાં આવેલી કાશી નગરીનું બહું મહત્વ હતું. એટલે કાશી વિદ્યાનગરી તરીકે ઓળખાતી હતી. જેમાં સંસ્કૃત પાઠશાળાઓ તથા વિદ્યાલયો હોવાથી સમાજ એને સનાતન ધર્મનો કેન્દ્રસ્થાન સમજીને જુદા-જુદા પ્રાંતોમાંથી કમાણીનો દસમો ભાગ કાઢીને સહયોગ આપવા આવતા હતા. એક વખત કચ્છમાંથી નખત્રાણા તાલુકાના તથા બીજા આસપાસના પાટીદાર સમાજનાં (૧૨૦)એકસો વીસ પરિવારો સૌ સાથે મળીને પરંમપરાગત પોતાની ખેતીની કમાણી માંથી ભાંગ કાઢીને કાશી આપવા જતા હતા. ત્યારે પણ પાટીદાર સમાજ પોતાની પ્રમાણિકતા સિધ્ધ કરીને ખેતીની ઉપજ માંથી ભાગ કાઢતા હતા. રસ્તામાં અમદાવાદ જીલ્લાના દસ કોઇ તાલુકામાં પીરાણાં કરીને એક ગામ આવ્યું જયાં ઈમામશા નામના એક ધર્મગુરૂ સતપંથ નામનો સંપ્રદાય ચલાવતા હતા. ત્યાં રાત રહેવા માટે પાટીદાર બધુંઓએ આશરો લીધો અને એ જ રાતે જે થવાનું હતું તે થઇ ગયું. ઈમામશાએ કહ્યું કે તમે સૌ દાન [illegible] એના કરતા હું તમોને અહિંયાં જ સ્થળ ઉપર કાશીના દર્શન કરાવું તો નહિ ચાલે ? અને [illegible] સ્થળ ઉપર કૃત્રિમ કાશીના દર્શન કરાવ્યા અને એકસો વીસ પરિવારો સાથે કૃત્રિમ આત્મી[illegible] પછી તો ઘરમાં કાશી ને ઘરમાં મથુરા જેવો ઘાટ થયો અને બરોબર બીજા જ દિવસે ધર્મ પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઇ અને પોતાને ખબર ન પડે એવી રીતે અજાણ અવસ્થામાં એકસો વીસ પરિવારો સનાતન ધર્મનો ત્યાગ કરીને પીરાણાં પંથી બની ગયા અને પછી કાશી જવાને બદલે ત્યાંથી જ પાછા વળ્યા અને પીરાણાં પંથીઓના પ્રચાર કાર્યમાં લાગી ગયા અને ગામડે ગામડે પીરાણાં પંથની આચાર સંહિતા સમજાવતા હતા. જેમાં મંદિરની જગ્યાએ ખાનું(ડેલો)

This is partially correct.

મૂર્તીની જગ્યાએ પંજો, અગ્ની સંસ્કારને બદલે દફન વિધી, પ્રાર્થના ના બદલે ઈબાદત, એકાદશીનાં બદલે શુક્રવાર, તે સિવાય દસ અવતારની કથા વાંચવી પણ દસમો નીષ્કલંકી અવતાર ઈમામશાહ ને માનવો અને સૌથી મહત્વનું કામ એ કરવું કે ખેતીની કમાણીમાંથી દસ ટકા ભાગ કાઢીને પીરાણાં મુકામે પહોંચાડવો. એમાં અગત્યની વાત તો એ છે કે શરૂઆતથી જ એકસો વીસ પરિવારો બધા ધર્મ પરિવર્તનના અયોગ્ય પ્રક્રિયામાં સહમત ન હતા પણ બે-ચાર જિદ્દી અગ્રણીઓના કારણે સમાજ સનાતન ધર્મમાંથી ફંટાઇ ગયો !!!

શ્રી લાલરામજી પાસેથી પીરાણાં પંથીઓનો મૂળ ઈતિહાસ જાણ્યા પછી શ્રી ગુરૂના સંકલ્પો સિધ્ધ કરવાની મનમાં તમન્ના જાગી અને પાટીદાર સમાજની ધાર્મીક સમસ્યા સુલજાવવા માટે ભીષ્મ પ્રતિજ્ઞા લેતા ઓધવરામજી એ કહ્યું ગુરૂદેવ આપ નિશ્ચિત રહો. આપનો સમાજ એ મારો સમાજ છે. સાધુઓમાં સમાજ ભેદ ન હોવો જોઈએ સમાજ ભેદ સંસારીઓ માટે હોય છે. સંન્યાસીઓ માટે નહિ સંન્યાસીઓ પાસે એક જ વિચારધારા હોવી જોઈએ. વસુદૈવ કુટુંબકમ આખો વિશ્વ આપણો સમાજ છે. જયાં જયાં ધર્મને હાની પહોંચાડે એવા તત્વો ઉભા થાય ત્યાં સૌ સાધુ સમાજે એકત્ર થઈને લડી લેવું જોઈએ. સાધુઓને એના સિવાય બીજો કામ પણ કયો હોઈ શકે ? સાધુનું મુખ્યકામ ધર્મનું રક્ષણ કરવાનું જ હોય છે. પરમ પુજય સંતશ્રી ઓધવરામ મહારાજશ્રીના વચન બધતાનાં વિચારોને સમર્થન આપતાં ગંગાસતી કહે છે કે,

રાગ : બિભાસ

વચન વિવેકી ને જે નર-નારી પાનબાઈ બ્રહ્માંદીક લાગે તેને પાય
યથારથ વચનોની શાન જેણે જાણી તેને કરવું હોયે તેમ થાય ...વચન૦
વચનમાં સમજે તેને મહાસુખ થાયે પાનબાઈ ઈ ગત ગંગામાં ન્હાય
એક મના થઈને અલખને આરાધે તેને નકળંક પરસન થાય ...વચન
વચનમાં થાપ અને વચને ઉથાપ પાનબાઈ વચને મંડાણા જોને પાટ
વચનમાં પુરા તે નર નહિ રે અધુરા વચનોનો લ્હાવો જોને ઠાઠ ...વચન
વસ્તુ વચનમાં છે પરિપૂર્ણ પાનબાઈ વચન છે ભકિત કેરો અંગ
"ગંગાસતી" એમ બોલીયા કરવો વચન વાળાનો સંગ ...વચન

શ્રી ઓધવરામજી એ કહ્યું હું આપના અધુરા કાર્યોને પુર્ણ કરવા વચનબંધ છું આપની વ્યથા આપના વિચારો તથા આપની વેદના અને આપના પ્રયત્નો જરૂર એક દિવસ સાકાર થશે આપના આશીર્વાદથી કરવા પાટીદાર સમાજને ખાનાપંથીઓના વિચારોથી દુર કરી સત્ય સનાતન ધર્મમાં સ્થાપિત કરવા હું જરૂર પડે તો મારો આત્મ બલીદાન આપવા પણ તૈયાર રહીશ. ગુરૂજી આપ નિશ્ચિત રહો અને પ્રભુ ભજન કરો.

કવિ કહે છે નૈયા પાર લગાડવા માટે માત્ર પ્રભુ ભજન સિવાય બીજો કોઈ ઉપાય કામ ન આવે.

રાગઃ યમન

નારાયણ દીન દયાલ રે ભજમન રાધે ગોવિંદા
નારાયણ તેરો આધાર રે ભજમન રાધે ગોવિંદા
માતપિતા તેરા કુટુંબ કબીલા બાગ બગીચા વાડી બંગલા
કોઈ ન આવે તેરે સાથરે ભજમન રાધે ગોવિંદા
માયામેં મન કયોં ભરમાયે સાથ ન તેરે કોડી ન આવે
જાયેગા હાથ પસાર રે ભજમન રાધે ગોવિંદા
જીવન કા કછુ નાહીં ઠીકાંના ચલેન કાલ સેં કોઈ બહાના
કુછ તો સોચ વિચાર રે ભજમન રાધે ગોવિંદા
અબ તો મનવા કર સંત સંગત હો જાવેગી તેરી શુભગત
બેડા લગેગા તેરા પાર રે ભજમન રાધે ગોવિંદા

મહારાજશ્રી ઈશ્વરામજીની ખાસ આજ્ઞા હતી કે હરિહર પરંમપરાના કોઈ પણ સાધુએ ગામડે તથા સેવકોના ઘરે પધરામણીઓ કરીને ધન સંગ્રહ કરવો નહિ જે આજ્ઞાનું શ્રી લાલરામજીએ ખુબ આદર કર્યો શ્રી લાલરામજી અંતિમ અવસ્થામાં થોડા બીમાર રહેતા હતા. પાછળથી એક પગ પણ કપાવવો પડયો હતો. છતાં પણ આશ્રમને કોઈ પણ પ્રકારની આંચ આવવા દીધી નહિ અને હવે તો અંતરમાં એક મહાવ્યથા ચાલતી હતી કે, મારા બાંધવો કે જેણે ભોળપણથી ભોળાવાઈને તથા સરળતાથી છેતરાઈને પરધર્મનો સ્વીકાર કર્યો છે તો આજે એની પણ ચિંતા મટી ગઈ કારણ કે શ્રી ઓધવરામજી એ ઉપરોકત આયોજન પોતાના માથે ઉપાડી લીધો છે હવે તો હરિભજન એ જ સાચો માર્ગ છે. હવે મને માત્ર એક જ આશા છે કે ભકિત કરતાં કરતાં મારા દેહનો ત્યાગ થાય અને મને અંત સમયે પ્રભુના દર્શન થાય !!!

રાગ : પીલ્લુ તાલ - દીપચંદી

ભકિત કરતાં છુટે મારા પ્રાણ પ્રભુજી એવું માંગુ સદા
રહે જન્મો જનમ તેરો સાથ પ્રભુજી એવું માંગુ સદા ...ભકિત
તારૂં મુખડું મનોહર જોયા કરૂં રાતદિન ભજન તારા ગાયા કરું
રહે અંત સમયે તારૂં ધ્યાન પ્રભુજી એવું માંગુ સદા ...ભકિત
મારી આશા નિરાશા કરશો નહિ મારા અવગુણ ચિત્તમાં ધરશો નહિ
શ્વાસે શ્વાસે જપું તારૂં નામ પ્રભુજી એવું માંગુ સદા ...ભકિત
મારા તાપ ત્રીવિધના ટાળી દેજો તારા દાસનો દાસ બનાવી દેજો
આવી દેજોને દર્શન દાન પ્રભુજી એવું માંગુ સદા ...ભકિત

વાંઢાય દ્વારાના સંસ્થાપક શ્રી વિહારી સાહેબ કહે છે કે,

શીરપર જમડા ફીરત હૈ જ્યોં તીતર પર બાજ
સબકે પીછે ફીરત હૈ હંસ હરન કે કાજ
હંસ હરન કે કાજ બધીક જ્યોં ચહુ દીસ ધાવે
બીલી મુસહિત કાલ નિશીદિન જ્યોં કી ખાવે
કહત "વિહારી" કર જોડ ચેત મન ચંચલ ભમરા
જ્યોં તીતર પર બાજ ફીરત યોં શીરપર જમડા

જે સમયની વાટ જોવાતી ન હતી એ સમય આવીને ઉભો રહ્યો. એક વાત સનાતાન સત્ય છે કે, મૃત્યુ કોઈનો પીછો છોડતો નથી અને સંતો મૃત્યુથી ડરતા નથી. કારણ કે સંતોની વિચારધારા મુજબ મૃત્યુ એ માત્ર વેશ પરિવર્તન ની ક્રિયા છે. સંતો મર્યા પછી નવા સમીકારણો નવી-વિચારધારા અને નવા નવા આયોજનો સાથે પાછા અવતાર લે છે. શ્રી લાલરામજી પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કરીને એક કવિ કહે છે, એ પ્રમાણે.

જબ તું આયો જગતમેં જગ હસે તુમ રોય
ઐસી કરણી કર ચલો તુમ હસો જગ રોય

એ સિધ્ધાંતને અનુસરીને સંવત ૧૯૭૧ મહાવદ-૨ ના દિવસે સદગુરૂશ્રી લાલરામજીનું શરીર પંચ મહાભુતોમા વિલીન થઈ ગયું.

ઓ કરૂણાનાં કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી

શ્રી લાલરામજીના મહાનિર્વાણ પછી ઈશ્વર આશ્રમની સંપૂર્ણ જવાબદારી પોતાના શરિ આવી જતાં મહારાજશ્રી ઓધવરામની પોતાની જાતને ધન્ય સમજવા લાગ્યા. મહાપુરૂષો પોતાના ઉપર કોઈના તરફથી જવાબદારી લાદયાથી પહેલા સ્વયંમ પોતાની ફરજ સમજીને જવાબદારી ઉપાડી લે છે. અમુક સમય વીતી ગયા બાદ શ્રી લાલરામજી નાં ભદ્રા-ઉત્સવ પ્રસંગે સર્વ સાધુ સમાજ વાંઢાયમાં એકત્ર થયો હતો. જેમાં ધાર્મિક વિધીના એક ભાગ રૂપે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૂર્ણ થયા બાદ હમલા દ્વારાના પાંચમાં ગાદીપતી શ્રી પુરણરામજી એ ઓધવરામનું નૂર તથા હીર પારખીને સૌ સંતોને સંબોધન કરતાં કહ્યું કે ઓધવરામ સ્વયંમ પોતાની જાતને ઘડતા ઘડતા સાધના

ના બળે અને પોતાના ઉપર અનુશાસન કરીને ઈશ્વર આશ્રમની સંપૂર્ણ જવાબદારી પોતાના શીરે ઉપાડી લીધી છે એનો આજે મને ખુબ આનંદ થાય છે જે હરિહર પરંપરા માટે ખુબ આનંદની વાત છે. નજીકના ભવિષ્યમાં ઓધવરામ ઈશ્વર આશ્રમનું તથા પોતાના ગુરૂ તથા દાદાગુરૂ શ્રી ઈશ્વરરામનું નામ ઉજવળ કરશે. પોતાના ગુરૂનાં અધુરા રહેલા કાર્યોને પુર્ણ કરશે. એવી આશાએ હું શ્રી ઓધવરામનો ગુરૂ હોવાને નાતે એમને આશ્રમનો ''પદભાર'' સંભાળવા હું આજ્ઞા કરૂં છું. શ્રી ઓધવરામજીએ ગુરૂ આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કર્યો. ભંડારાનું આયોજન પુર્ણ થયા બાદ સૌ સંતો-ભકતો તથા આશ્રમનાં સેવકોની હાજરી વચ્ચે શ્રી પુરણરામજી દ્વારા ઓધવરામજીની ચાદર વિધી કરીને ઈશ્વર આશ્રમનાં પાંચમાં ગુરૂ ગાદીપતી તરીકે નિયુકત કરીને ''સંત ઓધવરામ'' ની પદવી થી નવાજવામાં આવ્યા. એ સમયે ધર્મસભામાં ખુશીની લહેર ફરી વળી અને તદ્પશ્ચાત સંત ઓધવરામજી દ્વારા પધારેલા સૌ સાધુ સંતોને ભેટપુજા દ્વારા સન્માન કરીને સૌને વિદાય આપવામાં આવી સભાનું તથા કાર્યક્રમનું વિસર્જન થયા પછી શ્રી ઓધરામજીનાં મનમાં એક વિચાર આવ્યો કે હે પરમાત્માં તે મારાં ઉપર કરેલા ઉપકારનો બદલો હું કઇ રીતે ચુકવીશ ? હે ભગવાન તારી કરૂણા તો જો, મારા જેવા એક અયોગ્ય વ્યક્તિને ગુરૂગાદીપતી જેવો સ્થાન પ્રાપ્ત થશે એવું તો મેં સ્વપનામાંય વિચાર્યુ હતું નહિ. આજે મને ખાત્રી થઇ કે તું ખરેખર કરૂણાનો સાગર છે. મહારાજશ્રીના વિચારોને સમર્થન આપતા એક કવિ કહે છે કે,

રાગ : પીલ્લુઓ

ઓ કરૂણાનાં કરનારા તારી કરૂણાનો કોઇ પાર નથી
ઓ સંકટના હરનારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા
મેં પાપ કર્યા છે એવા હું ભુલ્યો તારી સેવા
મારી ભુલોનાં ભુલનારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા
હું અંતરમાં થઈ રાજી ખેલ્યો છું અવળી બાજી
અવળી સવળી કરનારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા
ઓ પરમ કૃપાળુ વ્હાલા મેં પીધા વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા
મને જડતો નથી કિનારો મારો આવે કયાંથી આરો
મારા સાચા ખેવન હારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા
છે જય નું જીવન ઉદાસી શરણે લેજો અવિનાશી
બાળકના દોષ હરનારા તારી કરૂણાનો કોઇ પાર નથી ...ઓ કરૂણા

ઈશ્વર આશ્રમની આચાર સંહિતા

આશ્રમની જવાબદારી સ્વીકાર્યા પછી સ્વછતાને વધારે મહત્વ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ મહારાજશ્રી એ પોતાની આગવી સુઝથી આશ્રમના વહિવટમાં તથા આચાર સંહિતામાં ધરખમ ફેરફારો કર્યા. આશ્રમવાસીઓ માટે શાસ્ત્રાભ્યાસ ફરજીયાત બનાવવામાં આવ્યું. એમ કરતાં કરતાં આશ્રમની વ્યવસ્થામાં ખુબ ઝડપી સુધારો થયો. આશ્રમવાસીઓ સૌ પોતપોતાની ફરજ સમજીને આશ્રમની સેવા કરવા લાગ્યા. જેના લીધે વાંઢાયની ખ્યાતી આસપાસના ગામડામાં તથા સંપૂર્ણ કચ્છમાં પ્રસરી ગઇ અને એટલે જ તો સૌ કોઇ ગાવા લાગ્યા કે,

હાલો હાલો તો વાંઢાય હાલીયે રે... મળી સંતોને મહાસુખ માણીયે રે...

મહારાજશ્રીએ આશ્રમની રહેણી કરણી તથા વ્યવસ્થા જળવાઇ રહે એ વિષયને ધ્યાનમાં લઇને આચાર સંહિતા બનાવી જેનો આશ્રમવાસીઓ દ્વારા સંપૂર્ણપણે અમલ થતો હતો.

આશ્રમની આચાર સંહિતા

- સવારના બ્રહ્મમુર્તે પાંચ વાગ્યે સ્નાન-પાઠપુજા-દેવદર્શન
- સવારના સાત વાગ્યે શાસ્ત્રાભ્યાસ-પ્રાંત સ્મરણ-પ્રાર્થના આરતી
- સવારના નવ વાગ્યે મુકત જીવન તથા આશ્રમસેવા

- ✤ બપોરના અગિયાર વાગ્યે ભોજન ત્યાર બાદ વિશ્રાંતી
- ✤ બપોરના ત્રણ વાગ્યે કથાશ્રવણ તથા શાસ્ત્રાભ્યાસ
- ✤ સાંજે પાંચ વાગ્યે આશ્રમ સુધારણા શ્રમભકિત દ્વારા આશ્રમસેવા
- ✤ સાંજે સાત વાગ્યે સંધ્યાપાઠ તથા સદ્દગુરૂ સ્તવન માળા
- ✤ સાંજે સાડા સાત વાગ્યે મહાપ્રસાદ
- ✤ રાત્રે નવ વાગ્યે (માત્ર એક કલાક) ભજન તથા શયનઆરતી દર પૂર્ણિમાંની રાત્રે રાસલીલા...

મહારાજશ્રી સતસંગ માં ઘણીવાર કહેતા કે... **દિવસની શરૂઆત પણ ભજન થી થવી જોઈએ અને સમાપ્તી પણ ભજનથી થવી જોઇએ.**

ઢોર ઘડતાં મનુષ્ય ઘડયો ભૂલ્યો શીંગને પૂંછ તુલસી હરિ કે ભજનબીન ધીક દાઢી ધીક મૂછ

રાગ : દરબારી

નર હૈ પશુ સમાન ભજન બીન નર હૈ પશુ સમાન ...ભજન
જૈસો ફીરત હૈ ઢોર હરાયો ખાત ફીરત હૈ ઘાસ પરાયો
અપને ધણીકો નામ લજાયો મુરખ મૂઢ ગમાન ...ભજન
કોલ વચન દે બાહર આયો આખીર લોભ મેં ચીત લગાયો
ધીકધીક હરિ કેં ગુણ ન ગાયો બે વચની નાદાન ...ભજન
અગ્યાની જન કયા ફલ પાવે તેરી મેરી કરી જન્મ ગુમાવે
હિરલા હાથ ફિર કહાસેં આયે ? નીકલ ગયા જબ પ્રાણ ...ભજન
પ્રેમ સેં પ્રભુકા ગુણજો ગાયે ધ્યાની હો કર ધ્યાન લગાયે
દાસ સત્તાર વો હી ફલપાવે પ્રિતે ભજો ભગવાન ...ભજન

એમ કરતાં કરતાં આશ્રમ વાસીઓ સૌ ભજનાનંદી બની ગયા સૌ કોઇનો સંકલ્પ હતો કે એક વખત ભોજન છુટી જાય તો ભલે છુટી જાય પણ ભજન છુટવો જોઇએ નહિ. સાચો વૈષ્ણવ એને કહેવાય જેના સંગનો સૌને રંગ લાગે. મહારાજશ્રીના સંગથી આશ્રમ વાસીઓ સૌ ધીરે ધીરે ભજનમય થતાં ગયા.

ઉપદેશ આપ્યાથી પહેલા આચરણ સુધારવો જોઈએ

જયાં જયાં અનુકુલ વાતાવરણ મળે ત્યાં ત્યાં ધર્મના બીજ રોપવા તથા રોપયા બાદ એનું જતન કરવું સંતોનું મુખ્ય કામ તો એજ હોય છે. કપિકાગ કહે છે. ફાટું બાંધીને ફેરીને ફરીશ માં ખુટલીયાને દ્વારજી ધર્મની ચર્ચા તથા ધર્મસભા યોગ્ય વ્યકિત સીવાય કોઇની સામે કરવી નહિ. વિદ્યાદાન એ મહાદાન છે એ દાન કુપાત્રનાં હાથમાં આવવું જોઇએ નહિ ગંગાસતી કહે છે. કે,

રાગ : બિભાસ

કુપાત્રની આગળ વસ્તુ ન વાવીયે પાનબાઇ સમજીને રહેવું ચુપ
ભલેને આવી ધનનો ઢગલો કરેને ભલે હોય મોટો ભૂપ ...કુપાત્ર
ભજની પુરૂષને નીર્ભય થઇ રહેવું પાનબાઇ રાખવી નહિ પરવાર રે જી
મોટાની આગળ વેણ ન ઉચરવા બાંધવો સુરતાનો એકતાર ...કુપાત્ર
ઉપદેશ દેતા પહેલા ભકિત દેખાવડી પાનબાઇ બાળવો તેનો મોહ રે
દયા કરવી તેની ઉપર રાખવો ઘણો કરીને સ્નેહ રે ...કુપાત્ર
સંસય ટળી જાયને મનડું ગળી જાય પાનબાઇ રાખે નવ કોઇ ઉપર દ્વેશ
ગંગા સતી એમ બોલીયાને એવાને દેખાડો હરિનો દેશજી ...કુપાત્ર

ગંગાસતી કહે છે કે એ મોટો રાજા હોય તો એમાં શું થઇ ગયું એ જો અધિકારી ન હોય તો એને ઉપદેશ અપાય નહિ અગર ઉપદેશ આપવો હોય તો પહેલા તારૂં આચરણ કેટલું છે. એનો સમાજ સામે ખુલાસો કર. **(ભકિત દેખાડવી)**

ગંગાસતી આગળ કહે છે કે, એવા ને દેખાડો હરિનો દેશ વાણીના ચાર પ્રકાર છે. જે વ્યાસપીઠ ઉપરથી બોલાય અને પ્રવચન કહેવાય, અને મંચ ઉપરથી બોલાય એને ભાષણ, કહેવાય. સગા સબંધીઓની વચ્ચમાં બોલાય એને વાતો કહેવાય, અને કોઇ સાંભળવા તૈયાર ન હોવા છતાં બોલ બોલ કર્યા કરે એને બક્વાસ કહેવાય, બકવાસનો અર્થ જાણી લેવો જોઇએ. બક્વાસ એટલે ગંદકી ભર્યા ઉચ્ચારણો. એવા પ્રકારનાં સતત ઉચ્ચારણો કરવાથી સમાજમાં વાદ-વિવાદ-વર્ગ અને વિગ્રહ ઉભા થાય છે. મહારાજશ્રીની વાણીનો અભ્યાસ કર્યા પછી એમના વિચારો પ્રમાણિત બનાવેલી એક રચના છે.

રાગ : ભૈરવી તાલ - કેરવા

મણીયાં મોકે મઠી લગીમાં ઓધવજી વાણી
ઓધવજી વાણી મુંજે ધીલમેં સામાંણી ...મણીયાં।
ગીતા ભાગવત રામાયણ જે રંગે રંગાણી
લગી જડે રામબાણ થઇ તડેં ઘર ઘર ગાવાણી ...મણીયા।
ધર્મ વેંચે ધન ભેરો કેલા કડે ન વાપરાણી
વાદ-વિવાદનું પરેયા રૈઇ તડેં નાત કે સીભાંણી ...મણીયા।
કડેંન કેંજી કેં પ્રશંસા કડે ન લલચાણી
સંતે ભકતે ને સાધુ એંજે વચ્ચમેં વાંચાણી ...મણીયા।
લાલરામ ગુરૂ ઇશ્વરરામજે વચ્ચને બંધાણી
ધર્મ કર્મ સમઝાય તડેં પરિવારમેં પુંજાણી ...મણીયા।
વાણી સુણીને કૈઇક ઉભીરેઆ જ્ઞાનીને ધ્યાની
હરિહર નાદ સુણીને થંભ્યા ગંગાજા પાણી ...મણીયા।
જેકેં જેડી ભૂખ "ભગતરામ" એડી સમજાણી
સદગુરૂ આંજી કૃપા થકી અનુભવસેં ઓળખાણી ...મણીયા।

Dates are wrong

પરમ પુજય શ્રી ઓધવરામજી મહારાજ ઇ.૧૯૭૦માં પ્રથમ વખત વાંઢાય આવ્યા અને બરોબર એક વરસ રહીને સદ્‌ગુરૂ શ્રી લાલરામજી મહારાજ મહાનિર્વાણ પામ્યા અને એમની પાછળ ઉત્તર ક્રિયા સ્વરૂપે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે જ દિવસે ઇશ્વર આશ્રમ વાંઢાય ના ગુરૂગાદીપતી તરીકે નિયુકત થયા હતા. ત્યાર પછી ઓછામાં ઓછા બે વરસ રહીને એટલે કે ઇ.સ ૧૯૭૩ માં વીઠ્ઠલદાસજી તથા રામદાસને સાથે તેડીને ધર્મયાત્રાનો પ્રારંભ કર્યો. વાઢાંયથી પ્રથમ રેહા તથા ત્યાંથી કુકમા અને કુકમાથી કોટડી મહાદેવપુરી પધાર્યા. મહારાજશ્રી જ્યાં જ્યાં રાત રોકાતા ત્યાં સત્સંગનો સૌને લાભ આપતા કોટડીમાં એમના ખાસ સેવક તથા અનુયાઇને વેદ વિધીવત દિક્ષા આપીને અચલદાસજી એવું એમનું નામાભિધાન કર્યું. અચલદાસજીની ખરી ઓળખ એ છે કે એમણે શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંમવાર પ્રણામ નામની આરતી લખી છે. ત્યારબાદ મહારાજશ્રી તથા અચલદાસજી બંને ધર્મયાત્રા કરતાં કરતાં મહારાજશ્રીની જન્મભૂમિ જખૌ ગામે પધારે છે. શ્રી બ્રહ્માનંદજી ઉપરોકત વિષયનું સમર્થન આપતા કહે છે કે,

રાગ : દેશ તાલ-ત્રીતાલ

મૈં રમતા યોગીરામ મેરા કયા દુનિયા સેં કામ ...ટેક।
હાડમાંસકી બની પુતલીયાં ઉપર જડયા ચામ
દેખ દેખ સબ લોક રીઝાવે મેરો મન ઉપરામ ...મેરા।
માલ-ખજાના બાગ બગીચા સુંદર મહેલ મકાન
એક પલક મેં સબકી છુટે સંગ ચલેના દામ ...મેરા।
માત-પિતા અરૂ મીત પિયારે ભાઇબધું સુત વામ
સ્વાર્થકા સબ ખેલ બના હૈ નહિં ઇનમેં આરામ ...મેરા।
દીનદીન પલપલ છીનછીન કાયા ક્ષીજત જાય તમામ
"બ્રહ્માંનદ" ભજન કર પ્યારે તબ પાવે વિશ્રામ ...મેરા।

ચાર નદીયો આવીને એક ખાબોચીયાને સરોવર બનાવતી ગઈ.

સંત તુલસીદાસ કહે છે.

પ્રવેશી નગર કીજે સબ કાજા રૂદયે રાખ શ્રી રઘુપતી રાજા

ગામમાં પ્રવેશીને મહારાજશ્રીએ પ્રભુ શ્રીરામના મંદિરમાં દર્શન કરવા ગયા ત્યાર બાદ ઘેર આવ્યા અને માતાજીને દંડવત પ્રણામ કર્યા. મહારાજશ્રી આવ્યાનાં સમાચાર મળતાં સૌ કોઇ દર્શન કરવા આવ્યા અને રાત્રે સંત્સગ સભાનું આયોજન થયું જખૌમાં રહીને મહારાજશ્રીએ પંડીત શ્રી રઘુનાથ મુલજી પાસેથી પાણીની, વ્યાકરણશાસ્ત્ર તથા કાવ્યકોષનો અભ્યાસ કર્યો. સાધુ અચલદાસજી પણ મહારાજશ્રી સાથે વિદ્યાભ્યાસ માં જોડાયા હતા. મહારાજશ્રીની ધારણા શકિત બહુ તેજ હતી. હમેશાં તેઓ બે-ચાર પુસ્તકોને સાથે રાખીને અભ્યાસ કરતા !!! અચલદાસજી વારંમવારે કહેતા કે, સંસ્કૃતનો વિષય મારી સમજમાં ન આવે ત્યારે મહારાજશ્રી મને સમજાવતાં અને રાત્રે પુસ્તક વાંચતા વાંચતા નીંદ્રાસીન થઇ જતાં ત્યારે હું એમની છાતી ઉપરથી પુસ્તક ઉપાડીને નીચે રાખતો મહારાજશ્રી સવારના મારા કરતાં વહેલા ઉઠીને અભ્યાસમાં લાગી જતાં એમ કરતાં કરતાં અઢી વરસમાં સંસ્કૃત વિસારદ ની પદવી સહેલાઇથી મળી શકે એટલો અભ્યાસ કરી લીધો.

એક વખત માતાજી ચાગબાઇમાઁ પીરસતા હતા અને અમેં સૌ સાથે બેસીને જમતા હતા ત્યારે ચાગબાઇમાઁ એ કહ્યું કે છોકરાઓ કુતરા અને કાગડા પંગતમાં બેસીને જમતા નથી પણ ગૃહસ્થીઓએ પંગતમાં બેસીને જમવું જોઇએ સંસારના નાનામાં નાના નિયમોનું પણ યથાર્થ પાલન થવું જોઇએ.

એક વખત માતાજીએ સહજ અને નિર્મળ ભાવે પૂછ્યું કે, ઓધવ આજ સુધી તેં હવે કેટલા ગુરૂઓ કર્યા છે ? માતાજીના માર્મીક સવાલનો ઉતર આપતાં ઓધવરામજીએ કહ્યું માતાજી હંસ માટે કોઇ એક સરોવર નક્કી કરી રાખવામાં આવતો નથી એમને તો જયાંથી મોતી મળે ત્યાંથી મેળવી લેવાના હોય છે. મારા ગુરૂઓ મારી પાસેથી લઇ તો કંઇ નથી ગયા ને ? એ મને કંઇને કંઇ આપતા જ ગયા છે. પહેલા ગુરૂ શંકરાનદ સ્વામી ખીરસરા આશ્રમ બીજા ગુરૂ પુરણરામ હમલા દ્વારો. ત્રીજા ગુરૂ શ્રી લાલરામજી ઇશ્વર આશ્રમ વાંઢાય અને ચોથા ગુરૂ શ્રી રઘુનાથ મુલજી શર્મા જખૌ નિવાસી.

હજી વાત પુરી થાય ન થાય ત્યાં તો અચલદાસજી વચ્ચે બોલ્યા માતાજી હવે તો મહારાજશ્રી પોતે સ્વયંમ ગુરૂ છે. આપને જણાવતાં આનંદ થાય છે કે, ઇશ્વર આશ્રમ વાંઢાયની ગુરૂગાદી પર પરંમપરાનાં પાંચમાં ગુરૂ તરીકે સ્થાપિત થયા છે. ત્યારે માતાજી એ કહ્યું કે એનો અર્થ એ થાય છે કે ચાર નદીઓ આવી અને એક ખાબોચીયાને સરોવર બનાવતી ગઇ !!! અચલદાસજી લખે છે કે, માતાજીનું નિવેદન સાંભળીને અમેં સૌ ખળખળાટ હસ્યા.

ધર્મયાત્રા કરતાં કરતાં મહારાજશ્રી વાંઢાય પધાર્યા એ વખતે કચ્છમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો. ગામેંગામેં મૃત્યુનો આંક વધતો જ જતો હતો. એ અરસામાં મહારાજશ્રીના મોટાભાઇ ભાણજીનું અવસાન થયું જેના સમાચાર પત્ર દ્વારા મહારાજશ્રીને મળતાં ની સાથે જ મહારાજશ્રી માતાજીને આશ્વાસન આપવા જખૌ પધાર્યા અને માતાજીને જે ભાષામાં સમજાવી શકાય એવી ભાષામાં સમજાવતા કહ્યું કે પ્રત્યેક મનુષ્યને સમય સાથે જ ચાલવાનું છે. સમયનો સ્વીકાર કરવો એ આપણા સૌની નૈતિક ફરજ છે. સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે એ બંનેનો કોઇ સ્થાઇ સ્વરૂપ નથી. આપણો દેહ કાલે ન હતો અને આજે છે. ફરી આજે છે અને કાલે નહિ હોય. આપણે સૌ મૃત્યુ લોકમાં રહીએ છીએ પછી મૃત્યુનો ભય રાખવો પોષાય કેમ ?

કવિશ્રી "પુરૂષોત્તમ" કાયા અને જીવનો સંવાદ સમજાવતા કહે છે કે,

રાગ : પરજ

શાને કરે વિલાપ કાયારાણી શાને કરે વિલાપ રે,
તારે ને મારે હવે કંઇ નથી કાયારાણી રે. એમ જીવરાજા કહે છે જી.
ઘણા દિવસનો ઘરવાસ આપણો ઘણા દિવસનો ઘર વાસરે જી.
મુકી ન જા મને એકલી જીવરાજા રે એમ જીવરાજા કહે છે જી.
મમતા મુકી દે માયલી તું મમતા મુકી દે માયલી રે જી.
હવે રજા નથી મારા રામની કાયારાણી રે ...એમ જીવરાજા કહે છે જી.

અઘોર વનની માંય જીવરાજા અઘોર વનની માંય રે જી૦
મેલી મતજા મને એકલી જીવરાજા રે એમ કાયારાણી કહે છે જી૦
છોડ અંતરની કાયારાણી છોડ અંતરની આશ રે જી૦
મને પ્રભુનાં તેડા આવ્યા કાયારાણી રે એમ જીવરાજા કહે છે જી૦
ક્યારે થશે મિલાપ આપણો ક્યારે થશે મિલાપ રે જી૦
તમેં વચન દઈને વેલા આવજો જીવરાજા રે એમ કાયારાણી કહે છે જી૦
હતી ભાડાની વેલ કાયારાણી હતી ભાડાની વેલ રે જી૦
આ લેણ દેણનાં સબંધ છે કાયારાણી રે એમ જીવરાજા કહે છે જી૦
દુર નથી મુકામ આપણો દુર નથી મુકામ રે જી૦
મનેં પહોંચાડી ને સિધ્ધાવજો જીવરાજા રે એમ કાયારાણી કહે છે જી૦
છેલા હવે રામરામ કાયારાણી છેલા હવે રામરામ રે જી૦
મને જાવું ધણીના દ્વારમાં કાયારાણી રે એમ જીવરાજા કહે છે જી૦
''પુરૂષોત્તમ''ના નાથ કાયારાણી પુરૂષોત્તમના નાથ રે જી૦
એ સાચા સગા છે સર્વના કાયારાણી રે એમ જીવરાજા કહે છે જી૦

મહારાજશ્રી એ કહ્યું માતાજી સંસારમાં સરસો રહેવા માટે સમયના પડકારો જીલવા પડશે અને પ્રભુએ મોકલેલા સમયનો સ્વીકાર કરવો જ પડશે.

સમય સમય બલવાન હૈ નહિ પુરૂષ બલવાન
કાબે અર્જુન લુંટયો વોહિ ધનુષ વોહિ બાણ

સમય એક પ્રવાહ છે અને સમય એ જ એક ઈશ્વરી વ્યવસ્થા છે ક્ષણે ક્ષણે બદલાતા જગતમાં તથા નદીના પ્રવાહની જેમ માણસનું જીવન પણ બદલાતું હોય છે. સમય સાચવવાના મુદ્દે મહાપુરૂષો તરફથી એક ધારી સમજ તથા ચેતવણી આપેલી હોય છે તેમ છતાંય સમયની કિંમત બહુ ઓછા માણસો કરે છે. અજાણપણામાં તથા ગધ્ધાપચ્ચીસી માં લગભગ સમય વહી જતો હોય છે અને પછી બચે છે એક માત્ર ચિંતા અને નિરાશાથી ઘેરાયેલું વડ. પણ પરિણામે ઈશ્વર તરફથી મળેલો વારસો તથા અમુલ્ય ખજાનો વાપર્યા વગરનો રહી જતાં એક કવિ કહે છે કે,

જીવન ને જીવી તું જાણ હે માનવી જીવનને જીવી તું જાણ
લુંટી લે એની રસ લ્હાણ હે માનવી જીવનને જીવી તું જાણ

બચપણમાં જીવનને પોષવું જોઈએ, જુવાનીમાં જાણવું જોઈએ, અને વડપણમાં માણવું જોઈએ, એટલે તો બ્રહ્માનંદજી કહે છે, લડકપન ખેલ મેં ખોયા, જવાની નીંદ ભર સોયા, બુઢાપા દેખકર રોયા !!!

અને રોવું પણ ક્યાં ? મંદિરના ઓટલે બેસીને ઘરમાં તો તે પણ નહિ શ્રી હરિસાહેબજી કહે છે. ક્રમ ક્રમેણી ક્તણું ન સખઈયેં કુલા ક્પા કે ફ્ટાઈ યેંતી કહેવાનો તાત્પર્થ એટલો જ કે તું શા માટે સમયને બરબાદ કરે છે.

પોએ પોએ કરેને પેઓ પતાઈયેં સમજેં નતો કો સાર
જમડા ઉભરતે ઉભી રોંધા તેર કને કેઈ ગાલ ? ભગતરામ

કહેવાનુ મતલબ અંતે અમારૂં જીવન (સમય) રગશીયા ગાડાની જેમ તથા સરકસના ઘોડાની પ્રણાલીકા મુજબ જનમ્યા-પરણ્યા-મોટા થયા-માંદા પડયા અને મરી ગયા બસ આટલું કરતાં કરતાં અમારો સમય પુરો થઈ જાય છે. વચ્ચે કોઈ મહા પુરૂષનો ભેટો થઈ જાય તો વાયદો આપીને છુટી જઈએ છીએ. અને કહીએ છીએ કે,

હાલ કામમાં નથી નવરાશ ગુરૂરાજ અમેં ઘડપણમાં ગોવિંદ ગાશું
મારા છોકરાના છોકરા થાશે પછી ખોળામાં બેસીને ખાશે
મને દાદા કહીને બોલાવશે ગુરૂરાજ અમેં ઘડપણમાં ગોવિંદ ગાશું

સંત કબીરદાસ વાયદાનાં બહુ વિરોધી છે તે કહે છે કે,

કાલ કરે સો આજ કર આજ કરે સો અબ
અવસર બીતે જાત હૈ ફીર કરોગેં કબ ?

એ વખત રૂઢીચુસ્ત સમાજ નાં ઢાચામાં પડી ગયા પછી ત્યાંથી બહાર નીકળવું શ્રવણે પોતાની પત્નીને છુટાછેડા આપ્યા જેવું અઘરૂં કામ છે જેને માત્ર મહાપુરૂષો જ સમજી શકે છે.

કડવું ઔષધ રોગને કાપે અજ્ઞાનને કાપે જ્ઞાન

પ.પૂ. મહારજશ્રી ભાઇના મરણનો શોક નિવૃત્ત કરી મૉંઘાગબાઇને સાથે તેડીને વાંઢાય આવ્યા ત્યાં છ મહિના વિતાવ્યા બાદ માતાજીને સાથે રાખીને ફરીથી ધર્મયાત્રામાં જોડાયા એવી રીતે સંવત ૧૯૭૧ થી ૧૯૭૬ સુધીનો સમય મહારાજશ્રીનો ધર્મયાત્રામાં જ પસાર થયો અને એ જ અરસામાં પ્રથમ વખત મહારજશ્રી ના આંખમાં દુખાવો ઉપડયો જે દુખાવો લગભગ આઠ-દસ દિવસ ચાલ્યો. મહારાજશ્રીએ ગુરૂ મહારાજશ્રી ઇશ્વરરામનું નામ સ્મરણ કર્યુ.

રાગ : ભીમાલાસ (મોઘો મનુષ્ય દેહ ફરી ફરીને)

અમારા ઇષ્ટ છે ઇશ્વરરામ ...ટેક૦
તત્વ વેતા શીતલ સુખરાશી શાંત સ્વરૂપ તમામ ...અમારા
સંત શીરોમણી સુખના સાગર શીલવંત નિષ્કામ ...અમારા
કંચન લોષ્ટ સમ કરી જાને વિષયોથી ઉપરામ ...અમારા
એવા ગુરૂનાં ચરણે "ઓધવ" મન પામે વિશ્રામ ...અમારા

આંખની પીડા મટી જતાં સેવકો તથા ગુરૂ બધું અને શિષ્યોના આગ્રહને માન આપીને શ્રી વિઠ્ઠલદાસજીને વાંઢાય માં પંગત આપવા માટે મહારાજશ્રીએ ઠેઠ રેહાથી મોકલ્યા તે વખતે સાધ્વી મૈયાજી ઇશ્વર સાગરનું ખાણેતરૂં કરાવતા હતા. ઇશ્વર આશ્રમ વાંઢાયમાં મહારાજશ્રી ગેરહાજર રહેતા હોવાથી વાત સાધ્વી મૈયાજી ને જરાય પંસદ ન હતી. બરોબર તે જ વખતે સાધુઓને પંગત આપીને વિઠ્ઠલદાસજી મહારાજશ્રી પાસે રેહા પાછા જતાં હતા ત્યારે સાધ્વી મૈયાજી એ મહારાજશ્રી ઉપર કડક અને મીઠો સંદેશ મોકલ્યો જેમાં લખ્યું હતું કે, મહારાજશ્રી આપ હાલે જયાં હો ત્યાંથી જલદી પાછા ઇશ્વર આશ્રમમાં આવી જાઓ. ખાણેતરાનું કામ પુર જોશમાં ચાલું છે પણ નાણાંની અછત છે તિજોરી લગભગ તળીયા ઝાટક થઇ ગઇ છે. આપ આશ્રમ છોડીને બહાર રહો એ મને જરાય પસંદ નથી. કારણ કે જેનો ગુરૂગાદી ઉપર બિરાજમાન ન હોય એ આશ્રમની કેવી દશા થાય એ આપ સૌ સમજી શકો છો. હું તમને ઉપદેશ પણ નથી આપતી અને આજ્ઞા પણ નથી કરતી હું માત્ર મારા મનની વાત આપને જણાવું છું પત્ર વાંચીને યોગ્ય નિર્ણય લેવો એ આપના હાથની વાત છે.

સાધ્વી મૈયાજીના કડક અને હિતકારી સંદેશાને માન આપીને મહારાજશ્રી ૧૯૭૬ અષાઢી બીજના કચ્છી નવા વર્ષે પાછા વાંઢાય પધાર્યા. પેઢીની દ્રષ્ટિએ જોવા જોઇએ તો. સાધ્વી મૈયાજી ઉપરની પેઢીએ હતા મહારાજશ્રી ઓધવરામજીના ગુરૂશ્રી લાલરામજી અને લાલરામજીનાં ગુરૂશ્રી ઇશ્વર રામજી સાધ્વી મૈયાજી ઇશ્વરરામનાં શિષ્ય હતા એટલે તેઆ કાકાગુરૂનાં સ્થાને હતા તેથી કડક સંદેશો આપવો એ એના અધિકારમાં આવતો હતો. એક કવિ કહે છે કે કડવું ઔષધ રોગને કાપે અગ્યાનને કાપે જ્ઞાન કડવા શબ્દો રૂશીકર નથી હોતા પણ શ્રેયકર હોય છે એટલ જ તો સાધ્વી મૈયાજીનો સંદેશો મહારાજશ્રીજી આર-પાર ઉતરી ગયો. કવિ કહે છે કે,

અજ્ઞાનીઓ ઉપદેશ આપે એ મને મંજુર નથી
સમજુ અને સજન તણો ઠપકો મને મંજુર છે !!!

સત્ય મેવ જયતે

પરમ પૂજયશ્રી ઓધવરામના એક ગુરૂ ભાઇ કેશવરામ તાવીનાં ઝાલા રજપુત હતા જે લાકડીના જોરે લાલરામજીનું શરીર શાંત થયા પછી ગાદીપતી બનીને ઓછામાં ઓછા ત્રણ વરસ સુધી રહ્યા. તેઓને પોતાનો મજબુત બાંધો તથા કદાવર શરીરનું બહુ ઘમંડ હતું. તેઓ કાયમ પોતાની સાથે જોટો એટલે કે બે-નાડી બંદુક રાખતા હતા. તેઓ અંદરથી એટલા ગભરાયેલા હતા કે પોતાની પાસે મળવા આવેલા માણસોમાંથી વારાફરતી એકને જ આવવા દેતા એમના ઉગ્ર સ્વભાવના કારણે તથા અસત્ય ભર્યા વલણથી મહારાજશ્રી બહુ ત્રાસી ગયા હતા. એક સમય એવો આવ્યો કે

કેશવરામના ત્રાસથી મહારાજશ્રીએ વાંઢાય છોડીને કુકમા શ્રી ગરિબદાસજીના આશ્રમમાં જવાની તૈયારી કરી લીધી હતી. એ વાતની વાંઢાયના દરબારોને જયારે ખબર પડી ત્યારે સૌ મહારાજશ્રી પાસે આવ્યા અને કહ્યું કે મહારાજશ્રી કેશવરામ નો પાપનો ઘડો જલદી ભરાઇ જશે. આપ બે દિવસ રાહ જુઓ

રામ કીસીકો મારે નહિ ઐસો ન પાપી રામ
અપને આપ મર જાત હૈ કર કર કે કુડે કામ

વાંઢાય ગામના એક દરબાર શ્રી મેરામણજીએ કેશવાનંદને પગે લાગવાની ઇચ્છા દર્શાવી એક કહેવત છે કે, પ્રણામ પ્રશંસા પુષ્પહાર ત્રણે પતનના દ્વાર છે. પ્રણામની લાલચમાં આવીને એણે શ્રી મેરામણજીને આવવાની હા પાડી કેશવાનંદ ખુરશી પર બેઠા હતા. દરબાર એને પગે લાગવા ગયા ત્યારે એને બહુ જોરથી એક ટકકર મારી ટકકર એટલી મજબુત હતી કે કેશવરામ ખુરશી સહિત ઉંધા પડયા. આયોજન મુજબ અડખે પડખે ઉભા રહેલા બીજા સાત જણ દોડી આવ્યા અને પછી માંડ માંડ કાલીનાગ ને નાથવામાં દરબારોને સફળતા મળી. એક માતેલા સાંઢને નાથવામાં જેટલી મહેનત કરવી પડે એના કરતાં અનેક ગણી મહેનત કરીને આખરે નાથ્યા. પછી એને દોરડામાં બાંધી જુના દ્વારામાં લઇ આવ્યા અને એમની પાસેથી લખાણ કરાવ્યું કે આજ પછી ઇશ્વર આશ્રમમાં તારો પડછાયો પણ ન પડે એનું ખાસ ધ્યાન રાખજે અને ફરીવાર અગર તું અહીંયા દેખાણો છે તો તારૂં શું થશે એ વિચારી રાખજે.

જાતપાત ન પુછીયે કોય હરિ ભજે સૌ હરિ કા હોય

વાંઢાયના દરબારો નો એક મોટો ઇતિહાસ છે કે તેઓ જાતિવાદને પ્રાધાન્ય ન આપતા સત્યને પ્રાધાન્ય આપે છે નહિ તો કેશવરામ પણ શરીરે દરબાર હતા. અને એને કાઢવામાં પણ ભૂમિકા દરબારોની જ છે.

પાંચ વરસનો યાત્રા પ્રવાસ કરીને મહારાજશ્રી એ સાધ્વી મૈયાજીના કહેવાથી ઇશ્વર આશ્રમમાં પુન પ્રવેશ કર્યો ત્યારે આશ્રમમાં માત્ર ૨૮ રૂપિયા શ્રી પુરાંત હતી. તેમા રૂપિયા ૨૬૦ કે જે મહારાજશ્રી ને ધર્મ યાત્રા કરતી વખતે દક્ષિણા સ્વરૂપે મળ્યા હતા. તે જોડીને ઇશ્વર સાગરના ખાણેતરાનું કામ આગળ વધાર્યુ અને થોડા દિવસ પછી આશ્રમમાં ભાગવત સપ્તાહનું આયોજન થવાનું હતું. એ વિષયને ધ્યાનમાં રાખીને સૌ સેવકો શિષ્યો તથા સ્વયંમ પોતે આશ્રમ દુરસ્તીના કામમાં લાગી ગયા. ધીરે ધીરે આશ્રમનો રંગ બદલાતો ગયો.

થાવર તું જલસા કર જલસા

એક વખત ઇશ્વર સાગરની પીપળાનાં ઝાડની પાસેથી દિવાલ (પાળ) પડી ગઇ જેના પથરા કદાવમાં પડી ગયા હતા. મહારાજશ્રીએ તેને બનાવવા માટે મજુરો રાખ્યા જેમાં વાંઢાયના દાદુભા પ્રાગજી પુંજારામ તથા લાધાજી અને દેશલપર નો એક મજુર થાવર મહેશ્વરીને કામે લગાડી મહારાજશ્રી પોતાના નિવાસસ્થાને ગયા પાછળ મજુરોની ચાલાકીથી વારાફરતી કીચડમાંથી પથ્થર કાઢવા તે બદલે એકલા થાવર પાસેથી કઢાવતા હતા. એટલામાં મહારાજશ્રી કામ ઉપર આંટો મારવા આવ્યા ત્યારે કામ ચાલુ હતો મહારાજશ્રી પરિસ્થિતી પામી ગયા. અને મનમાં વિચાર્યુ કે બધા મજુરોએ પોતે કાદવમાં ન ઉતરતા એકલા થાવર પાસેથી અવળ ચંડાઇ કરીને કીચડમાંથી પથ્થર કાઢાવ્યા છે. મહારાજશ્રીને થાવર ઉપર બહુ પ્રેમ થયો અને આશીર્વાદ આપતા કહ્યું કે થાવર તારી સાથે અન્ય મજુરોએ હરામખોરી કરી છે. ફાવશે નહિ આજ પછી હવે તને કીચડમાં ઉતરીને પથ્થર કાઢવા કે અન્ય ખોટા ઢસેળા કરવામાંથી તું મુકત થયો છે. પણ થોડા દિવસ પછી વાંઢાયમાં ખેતીવાડી ખાતા તરફથી સ્કુલ ચાલુ થઇ જેમાં મહારાજશ્રીએ એને કાયમી ધોરણે પટાવાળાની નોકરી અપાવી. ખરેખર થાવરને જલસાનો પાર રહ્યો નહી. ઇ.સ. ૨૦૦૪ સુધી થાવર જીવતો હતો ત્યાં સુધી પેન્શન મળતું રહ્યું. થાવર કહેતો કે મહારાજશ્રી એ મને જલસા કરાવી દીધા જલસા !!!

એક અદેખા જન સીવાય સૌ સ્નેહ થકી વસ થાય
કબીર કણછા કંહોઇ કા કભીન પામે સ્વાદ

એક કહેવત છે કે, મોટામાં મોટી ખાણ ઓળખાણ અને મોટામાં મોટી ખાઇ એટલે અદેખાઇ... અદેખાઇનો અર્થ ઇર્ષા થાય છે. શરૂઆતમાં ઇર્ષા માણસની અંદર અવગુણ બનીને પ્રવેશ કરે છે. પછી એ સ્વભાવ સાથે વણાઇ જાય છે. જેવી રીતે કોલસાને સો વખત પાણીથી ધોયા પછી પણ એની કાળાશ મટતી નથી એવી રીતે સ્વભાવમાં વણાઇ ગયેલી ઇર્ષા સો વખત સંત્સગમાં ગયા પછી પણ છુટતી નથી એટલું જ નહિ ઇર્ષાળુ માણસ કાયમ અશાંત રહે છે. અને શારિરીક દ્રષ્ટિએ કમજોર તથા બીમાર રહે છે. ઇર્ષા એને આગળ આવવા દેતી નથી. કીડાની જેમ કોતરી ખાય છે.

હે ભગવાન પડોશીને ભેંસ આપે તો મને એક વાઘ આપ !!!

એક ઈર્ષાળુને ખબર પડી ગઈ કે મારો પડોશી દરરોજ મંદિરમાં જાય છે. પુજારી પાસેથી જાણવા મળ્યું કે એમના ઘેર નાના બાળકો છે. પણ દુજાણું નથી એટલે દરરોજ ભગવાન પાસે આવીને પ્રાર્થના કરે છે કે હે ભગવાન તું મને એક ભેંસ આપ બીજું મને કાંઈ નથી જોઈ તું. બિચારા નાના મારા બાળકો દુધ-છાશ વિના ટળવળે છે. એ મારાથી સહન થતું નથી. એ જાણીને ઈર્ષાળુના મનમાં ઈર્ષાનો કીડો સળવળ્યો અને એ બીજા દિવસથી દરરોજ મંદિરે જવા લાગ્યો પુજારીએ પુછ્યું તમારા પાડોશીને તો ભેંસ જોઈએ છે. પણ તમારી શું માંગણી છે ? ઈર્ષાળુએ કહ્યું કે મારી માંગણી છે વાઘ !!! પુજારીએ કહ્યું તમેં વાઘ ને શું કરશો ? ઈર્ષાળુએ કહ્યું મારે વાઘને કાંઈ નથી કરવું પણ મારા પડોશીની ઘેર જેવી ભેંસ આવે તેને તરત જ મારો વાઘ ખાઈ જાય હું એટલા માટે વાઘ માંગી રહ્યો છું. પુજારીએ કહ્યું શ્રીમાન તમારો વાઘ પાડોશીની ભેંસને ખાશે એથી પહેલા તમારા બાળકોને ખાઈ જશે એવું તમે વિચાર્યું છે ! હંમેશા એક સિંધ્ધાતને યાદ રાખવું જોઈએ કે ખાડો ખોદે તે પડે.

સામાં મળ્યા બે ડાગીયા જંગે ચઢી ગયા
ભોગમાં ભુલ્યા ભાન વિવેક વિસરી ગયા
પછી કાંધે કીડા ખદબદે પીડાય છે હવે
સૌ ઈર્ષા માં વેડફાઈ ગયા સમઝાય છે હવે

ઈર્ષાળુ વ્યકિત દરરોજ નવા નવા અને કારણ વગરના વેરના સબંધો બાંધતો હોય છે

ગીતાના ૧૨ અધ્યાયમાં ભગવાન અર્જુનને કહે છે. કે સૌથી પહેલા મનુષ્યે દ્વેશ રહીત થઈ જવું જોઈએ અદ્વેષ્ટા સર્વ ભૂતાનામ કારણ કે દ્વેશ બીજા બધા જીવનમાં સ્થાપિત સદ્‌ગુણોને ખાઈ જાય છે. માટે દ્વેશ નામનો વૃક્ષ મોટો ન થઈ જાય એની ખાસ કાળજી રાખવી જરૂરી છે દ્વેશ દુર્ગુણોનો સ્વામી છે. જયારે અદ્વેષ્ટા સર્વ ગુણોમાં પ્રથમ ગુણ છે.

શ્રી કૃષ્ણ ભગવાને જે ગુણો ભગવદ ગીતામાં વર્ણવ્યા છે એટલા ગુણો જે વ્યકિતની અંદર સ્થાપિત થયેલા હોય એવી વ્યકિત માત્ર સંઘર્ષો સામે લડી શકે છે. અને એને જ સમાજ સદ્‌ગુરૂ તથા જગદગુરૂ તરીકે સ્વીકારે છે. સર્વારંભ પરિત્યાગી ની વિચારધારા ધરાવતા મહારાજશ્રી ઘણી વખત કહેતા કે, આપણે જે કામ કરી રહ્યા છીએ એ સનાતન ધર્મનું કામ છે. ઈશ્વરનું કામ છે. આપણે માત્ર નિમીત્ત બન્યા છીએ. આપણે સૌ સનાતનીઓ તન, મન, અને ધનથી આશ્રમની સેવા કરીએ એ જ આપણો ખરો ધર્મ છે.

મહારાજશ્રીને આશ્રમમાં રહીને અનેક વખત પડકારો જીલ્યા છે. અને અનેક પ્રકારના સવાલોનાં જવાબો કર્મ દ્વારા આપ્યા છે પ્રતિકૂળતા વચ્ચે રહીને પણ વિષ્યાંતર કયારે પણ થયા નહિ. જેંમ જેંમ સમય પસાર થતો ગયો તેંમ તેંમ એમનો ઈશ્વર પ્રાપ્તીનો લક્ષ મજબુત થતો ગયો. એક વખત આશ્રમમાં શ્રીમદ ભાગવત્ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું અને મહારાજશ્રી ને ભાગવતના ગુણધર્મો ખ્યાલમાં હતા. ભાગવત એટલે ભક્તિ ગ્રંથની વૈશ્વીક માન્યતાથી પરિચીત હતા અને આશ્રમમાં સત્સંગ દરમ્યાન શ્રોતાઓની સામે ભાગવત કથાના પ્રસંગોનું સુંદર રીતે વર્ણન કરતા હતા. સંતની મુળ ભૂમિકામાં સાધના છુપાયેલી છે. સાધના કર્યા વગર માણસ બાવો થઈ શકે છે. પણ સંત નથી થઈ શકતો. સાધના કરતાં કરતાં જેનું જીવન વિકસીત થઈ જાય એને સમાજ સંત તરીકે ઓળખે છે. જે લાયક ન હોય એવી વ્યકિતએ પોતાની જાતને ''ગુરૂ'' નાં ઢાંચામાં નાખવો જોઈએ નહિ.

સમાજ ત્રણ ધારાઓમાં વહેંચાયેલો છે.

(૧) શયતાની વિચાર ધારા... (અસામાજીક) દુર્યાધનની ભૂમિકા... પોતાનો માણસ
(૨) સામાજીક વિચાર ધારા... (વેપારી વિચાર) કર્ણની ભૂમિકા... સમાજનો માણસ
(૩) દૈવી વિચાર ધારા... (આધ્યાત્મિક) અર્જુનની ભૂમિકા... પ્રભુનો માણસ

શયતાની વિચાર ધારાના અપલક્ષણો ઉપર એક નજર

(૧) બધુ સમજતો હોવા છતાંય પોતાની જ મનમાની કરે.
(૨) વિદ્યાર્થીઓને મહેનત કર્યા વગર પહેલા નંબરે પાસ થવાનાં આશીર્વાદ આપે.

(૩) બિમાર માણસને દવા ખાધા વગર સાજા થવાનાં નુકસા બતાવે. (દોરાધાગા)
(૪) પરીક્ષાના પરિણામમાં ટકા વધારવા માટે સૌને મદદ કરે. (લાંચ લહીને)
(૫) બદામ ખાવાથી બુધ્ધી વધે એવી ખોટી સલ્લાહ આપે. (બુધ્ધી અંતસંગથી વધે)
(૬) સાધના કર્યા વગર સાધકને સિધ્ધી મેળવી આપવાનાં વ્યર્થ પ્રયત્નો કરે.
(૭) પુરૂષાર્થીને પુરૂષાર્થ પર નહી પણ પથ્થર(નંગ) ઉપર ભરોષો રાખવા સુચન કરે.
(૮) ચોરને ચોરી કરવાની અને માલીકને સર્તક રહેવાની સલ્લાહ આપે.
(૯) પોતે સિધ્ધાંત રહીત હોવા છતાંય સિધ્ધાંતની મોટી મોટી વાતો કરે.
(૧૦) વાયદા અને ફાયદાની ગોઠવણમાં સતત રચ્યો પચ્યો રહે છે.
(૧૧) અભી બોલો-અભી ફોક એમનું ગુરૂમંત્ર હોય.
(૧૨) જેનાં વાણી-વર્તનને વિચારો ત્રણે દિશામાં ફંટાયેલા હોય.
(૧૩) શચતાની વિચાર ધારાનો માણસ હઠીલો અને જીદી હોય. (અને છેલ્લે)
(૧૪) કોઇના કયામાં ન હોય... માત્ર ખાઓ પીઓને જલસા કરો ને માનતો હોય.

સામાજીક વિચાર ધારા ઉપર એક નજર (વેપારી વિચારધારા)

આજે ધર્મનું અવમૂલ્યન થઇ રહ્યું છે. એની પાછળ કોઇ જવાબદાર હોય તો તે માત્ર વેપારી વિચારધારા સૌથી પહેલા ભાગવત્ લોકોના હ્રદયમાં હતી. ત્યાર બાદ ઘરના કબાટમાં આવી, ઘરમાંથી આંગણામાં અને આંગણામાંથી બજારમાં આવી. તત્વચિંતકો, ધર્મના વિષયમાં અથવા તો ભાગવત્ ના વિષયમાં જાગૃત નહિ થાય તો વેપારી વિચાર ધારા ભાગવતના હેતુંને એક વિપરીત દિશા તરફ લઇ જશે. માત્ર પાંચસો રૂપિયામાં પોથી નોંધીને પિતૃઓને સ્વર્ગમાં લઇ જવાવાળો માણસ કોઇ સંત નથી બલ્કી વેપારી વિચાર ધારાનો માણસ છે. હજી એનાં કરતાં આગળ જોવા જઇએ તો.

ગાડરીયા પ્રવાહના કારણે ધર્મમાં વેપારી વિચાર ધારા ખીલી છે.

ઇશ્વર સાથે એક રૂપતા અને જગત સાથે ભિન્નતા એ પ્રત્યેક માણસને મળેલા મૂળભુત અધિકારો છે. સિધ્ધાંત માટે ત્યાગ અને બલીદાન એ માણસનું મુખ્ય ધર્મ હોવું જોઇએ. જીવનનું ઘડતર અને વિચારોનું ચણતર એ મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ. દેશ-વેશ અને વ્યવસાય બદલી નાખવાથી વિચારોમાં અથવા જીવનમાં પરિવર્તન આવતું નથી એના માટે જરૂરી છે સાધના માત્ર ભગવા અને લાંબા-ટુંકા તથા ચિત્ર-વિચિત્ર કપડાં પહેરવાથી, રંગબેરંગી માળાઓ ધારણ કરવાથી, કપાળે મોટા અને આડા અવળા તીલક તાણવાથી, ચાર રસ્તા પર મોટા મોટા સામીયાણા બાંધી ઉપરા ઉપરી ભાષાણો ઠોકવાથી, તથા જયાં ત્યાંથી સગવળીયું-બાંધછોડીયું તથા ભેળસેળીયું -તત્વજ્ઞાન સમાજને પીરસવાથી સમાજનો વિકાસ થતો નથી. માણસો મોટી સંખ્યામાં કથા પ્રવચનો એટલા માટે સાંભળવા જાય છે કે, ત્યાં એમને કાગડા-કુતરાની વાર્તાયુકત તથા પોતાને સમજાય તેવું ભાવતું અને ગમતું ભોજન મળી રહે છે. સમાજના સ્તરને ઉપર લાવવું હોય તો એને ગમતું કે ભાવતું નહિ પણ જોઇતું તત્વજ્ઞાન પીરસવું જોઇએ. આ વાત વકતાઓએ ધ્યાનમાં રાખવા જેવી છે. શાસ્ત્રોકત તત્વજ્ઞાન પીરસવાથી કથામાં કોન્ટેંટી કદાચ ઓછી હશે પણ કવોલીટીની ગુણવંતા જળવાઇ રહે છે. માટે યોગ્ય વકતા અને યોગ્ય શ્રોતા એ જ ભાગવત કથાની શોભા છે.

તુકારામ તથા નરસિંહ મહેતાના સત્સંગમાં કાયમ શ્રોતાઓનો અભાવ રહેતો હતો કારણ કે સંતો પાસે સાચી વાત - સાચી સલાહ અને શાસ્ત્રોકત તત્વજ્ઞાન હોય છે. જે જ્ઞાન ગાડરીયા પ્રવાહને પચતું નથી ગાડરીયા પ્રવાહને કથા નથી સાંભળવી પણ કથામા નાચવું છે. એટલે તો કથાકાર ગાડરીયા પ્રવાહને વારંમવારે કથામાં નાચવા માટે ક્ષેત્ર ખોલી આપે છે. હજારો માણસોનો ગાડરીયો પ્રવાહ કથા મંડપમાં નાચે ત્યારે ખુદ કથાકાર પણ ગેલમાં આવી જાય છે. પણ એને એ ખબર નથી કે આ પ્રવાહ આખી જીદંગી નાચતો જ આવ્યો છે. કયારેક તારી પાસે તો કયારેક બીજે કયાં !!! ગાડરીયા પ્રવાહ પાસે નાચવા માટે કોઇ ખાસ ભૂમિકા તૈયાર કરી રાખેલી નથી એને મોકો મળે તો કથામાંય નાચે લગ્નમાંચે નાચે, ભજનમાંય નાચે અને સામૈયામાંચે નાચે, ટુંકમાં જયાં વાગે ઢોલ ત્યાંએ નાચે !!! અગર કોઇ નચાવવા વાળો મળી જાય તો એ સમશાનયાત્રા માંચે નાચે !!! ગાડરીયા પ્રવાહને નાચવામાં મુળ ભૂમિકા નચાવવા વાળાની છે. હવે એ જ ગાડરીયા પ્રવાહ જયારે કોઇ સંતની સામે આવે છે ત્યારે એની નાચવાની વૃત્તિ એક પલમાં છુટી જાય છે.

કારણ કે, સંતો કોઇને નચાવતા નથી સંતો પોતાની સામે બેસાડે છે સંતો અને ધ્યાનસ્ત કરે છે સંતો એની મન-બુધ્ધિને શાંત કરે છે એટલું જ નહિ સંતો એને સમાધી લગાડી આપે છે. સંતો કથા દ્વારા શ્રવણ, મનન, ચિંતન કરવાની પ્રેરણા આપે છે. સંતો દિશા શુન્યને એક સાચી અને પરિણામ લક્ષી દિશા બતાવે છે. એક વાત ચોકકસ છે કે,

ગાડરીયા પ્રવાહને વશમાં રાખવો-બંધનમાં બાંધવો એ જેવા તેવા નું કામ નથી. ગાડરીયો પ્રવાહ એક કહે ને, બીજું કરે. મીરાંબાઇને ઝેર આપવામાં, નરસિંહ મહેતાને નાતબાર કરવામાં ગાંધીજીને ગોળી મારવામાં ઇશુને ખીલા ઠોકવામાં ગાડરીયા પ્રવાહનો મુખ્ય ફાળો છે.

આજના કહેવાતા લોભી-લાલચી અને ઢોંગી બાવા ગુરૂઓને સામાજીક પ્રતિષ્ઠા અપાવવા પાછળ ગાડરીયો પ્રવાહ મુખ્ય ભૂમિકા ભજવે છે એટલે જ તો ગુરૂઓને ગાડરીયો પ્રવાહ કયા ફંટાઇ ન જાય એની સતત ચિંતા સતાવતી હોય છે. ગાડરીયા પ્રવાહનો કોઇ ભરોશો નહિ એ પૂર્વમાં જાય અને પશ્ચિમમાંથી નીકળે એટલે જ તો ગુરૂઓ સતત ગાડરીયા પ્રવાહના સંપર્કમાં રહે છે. એમને પંપાળે છે. સંભાળે છે. અને વ્હાલ કરે છે. જેથી તે બીજે ક્યાં ન જતા પોતાની પાસે જ પડ્યો રહે !!!

અંધશ્રધ્ધા વધી જવા પાછળ કોઇની મુખ્ય ભૂમિકા હોય તો તે ગાડરીયા પ્રવાહની છે. ગાડરીયો પ્રવાહ કર્મકાંડી બની ગયો છે. એ આચરણને મહત્વ આપતો નથી એટલે જ તો ધાર્મીક ક્રિયાઓ ભૃષ્ટાચારથી ખદબદે છે. ધર્મના ઠેકેદારોને કોઇ બંધન નહિ કોઇ રોક નહિ, કોઇ ટોક નહિ, કોઇ ભય નહિ, કોઇ ધાક નહિ, કોઇ પકડ નહિ, એટલે જ તો રૂપિયા લઇને મોક્ષ આપવાના અપ્રામાણિક નિવેદનો દિન-પ્રતિદિન સાંભળવા મળે છે.

હે યુવાન તું છે કોણ ?

ગાડરીયા પ્રવાહમાં તણાઇ ગયેલા હે યુવાન તું તારી જાતને તો પુછ કે તું છે કોણ ? યમરાજના હાથમાંથી પોતાના પતિને છોડાવી આવનાર સતી સાવિત્રીના કુળનો તું સંતાન છે તું જ ધ્રુવ છે અને તું જ પ્રહ્‌લાદ છે. તું જ અભિમન્યુ છે અને તું જ નચિકેતા છે. તું જ લવ છે. અને તું જ કુશ છે. અને બહું વિચાર કરીશ તો તને ખબર પડશે કે વીર ધનજય પણ તું જ છે. હવે તું જ વિચાર કર કે તારી અંદર રહેલી આધ્યાત્મિક શકિતને જાણ્યા વગર સાર-અસાર નો વિચાર કર્યા વગર તથા સ્વઃ ને સમજયા વગર મંદિરમાં લાઇન લગાડીને તું ઉભો છે એ કેટલું યોગ્ય છે ? અને તારી સાથે તારી જ લાઇનમાં ઉભા રહેલા ગાડરીયા પ્રવાહને પુછ કે, તમને કયારે ભગવાનનાં દર્શન થયા છે ખરાં ? એ જો હા પાડશે તો સમજી લેજે કે એના જવાબો ખોટાં છે અને દંભ યુકત છે એક વાત યાદ રાખજે કે, ભગવાનને જોવા હોય તો મંદિરમાં લાઇન લગાડવી પડે, અને દર્શન કરવા હોય તો ઘરને મંદિર બનાવવું પડે. દુધનું એક એક ટીપું અને તુલસીનું એક એક પાંદડું તથા બીલીપત્રના છોડનું સવર્ધન કરતાં ભગવાનને કેટલો કષ્ટ ઉઠાવવો પડતો હશે. એ મુદ્દાની વાત જેને સમઝાઇ જાય એ વ્યકિત દુધ-દહીં-માખણ-તુલસી અને બીલીપત્રનો દુરપયોગ કરશે નહિ. તુલસીના એક એક પાંદડામાં એટલા ગુણો ભર્યા છે કે, તે સારા સમાજને તદુંરસ્તી પુરી પાડી શકે છે એક કવિ કહે છે કે,

જે ઘર તુલસી ગાય, એ ઘર વૈદ્ય ન જાય

ચમત્કારિક તુલસી

- તુલસીનો રસ બે ભાગ જેટલો લઇ એમાં તલનું તેલ એક ભાગ ઉમેરી ધીમા તાપે ગરમ કરો. બરાબર ગરમ થઇ જાય પછી તેને ગાળી લો. આનો ઉપયોગ ચામડીના રોગ પર કરવાથી ફાયદો થાય છે.
- તુલસીનાં પાનને ગંગાજળમાં વાટી સતત તેને લગાવતા રહેવાથી સફેદ ચાઠા ધીરે ધીરે દૂર થાય છે.
- તુલસીનાં પાનને લીંબુના રસમાં વાટી દાદર પર લગાડવાથી રાહત મળે છે.
- નાકની અંદર ફોલ્લી થઇ હોય તો તુલસીપત્ર વાટીને સૂંઘવાથી અથવા લગાડવાથી ફાયદો થાય છે.
- સવારે તથા સાંજે તુલસીનો રસ અને લીંબુનો રસ સાથે મેળવી ચહેરા પર ઘસવાથી કાળા ડાઘ દૂર થાય છે.
- વાત, ખાંસી, શ્વાસને લગતા રોગોમાં તુલસીનો રસ ૩ ગ્રામ, આદુંનો રસ ૩ ગ્રામ અને એક ચમચી મધ લેવાથી ફાયદો થાય છે.

- ✤ તુલસીના રસમાં મીઠું મેળવી નાકમાં ટીપાં નાખવાથી મૂર્છા આવતી હોય અથવા હેડકી આવતી હોય તો બેસી જાય છે.
- ✤ નિયમિત તુલસીનાં પાન ખાવાથી કિડનીની કાર્ય ક્ષમતામાં વધારો થાય છે.
- ✤ તુલસીપત્ર અને ફટકડીને ખૂબ વાટીને ઘા પર ભભરાવાથી જલદી સારું થઇ જાય છે.
- ✤ વાળ ખરવા કે અકાળે સફેદ થઇ જવા તે પણ એક ચર્મવિકાર છે. એના માટે તુલસીપત્ર અને સૂકા આંબળાંનું ચૂર્ણ માથામાં સારી રીતે ઘસીને સાધારણ ગરમ પાણીથી ધોવું જોઇએ.
- ✤ તુલસીના પાનનું નિયમિત સેવન કરવાથી સ્નાયુનો દુખાવો, શરદી, સળેખમ, મેદ વૃધ્ધિમાં ફાયદો થાય છે.
- ✤ અગ્નિથી દાઝી જતા તુલસીનો રસ અને નાળિયેરનું તેલ (કોપરેલ) બરાબર હલાવીને લગાવવાથી બળતરા મટે છે. જો ફોલ્લા પડી ગયા હોય કે ઘા પડી ગયો હોય તો ઝડપથી સારું થઇ જાય છે.
- ✤ તુલસીના પાન અને તેનાં મૂળિયામાં જંતુનાશક ગુણો વિશેષ રૂપે હોય છે, તેથી બધાં જ જાતના ચામડીના રોગોમાં તેનો ઉપયોગ ફાયદાકારક છે. તુલસીનાં ૨૦-૨૫ તોલા પાનને વાટીને તેમાં પાણી મિકસ કરી તેનો રસ કાઢી રાખવો પછી અડધો શેર રસ અને અડધો શેર તલનું તેલ લઇને ઉકાળવું પાણી બળી જાય ત્યારે તેલને ગાળીને બાટલીમાં ભરી દેવું. આ તેલની માલિશથી ચામડીના અનેક પ્રકારના રોગ જેમ કે ખંજવાળ, શુષ્કતા વગેરે મટે છે.

થોભ નહિ તો થાકી જઈશ

આપણે જો ભકિત પરાયણ જીવન જીવવા માંગતા હોઇએ તો ભારતમાં થઇ ગયેલા સંતો અને ભકતો આપણા આદર્શ હોવા જોઇએ અને એના જીવનને અનુસરીને એણે બતાવેલા માર્ગ ઉપરથી જવું જોઇએ. સંતો અને ભકતો ભગવાનના દર્શન કરવા માટે મંદિરોમાં લાઇન લગાડીને ઉભા રહેતા નથી. મીરાંબાઇ - નરસિંહ - તુલસીદાસ - વાલ્મિકી - પુંડલીક - જ્ઞાનદેવ - તુકારામ જેવાં અસંખ્ય સંતોને ભગવાનના દર્શન થયા છે. પણ એમને દર્શન કરવા માટે જયાં ત્યાં રખડવાની કે પછી પ્રચ્ચલિત મંદિરોમાં લાઇન લગાડવાની ફરજ પડી નથી. અને રખડે તો રખડે કોણ ? કાં તો ગાંડા રખડે, કાં તો સ્વાર્થી રખડે, કાં તો લોભી રખડે, અને કાં તો અવિચારી રખડે. સંતો ભકતો અને સાધકો કોઇ દિવસ રખડતાં નથી. કારણ કે એમની પાસે પોતાનાં જીવનમાં એક સુવ્યવસ્થિત અને નિશ્ચિત સ્થાન બનાવી લીધું છે. એટલે જ તો શબરીને કયાં પણ રખડયાં સિવાય પ્રભુ શ્રીરામના દર્શન થયા છે. એવી રીતે પુંડલીક પાસે મા-બાપની સેવા કરવાનો દઢ સંકલ્પ હતો એટલે જ ભગવાન સામે ચાલીને એમના ઘરે આવ્યા. એક વાત છે માણસ રખડી રખડીને કેટલો રખડશે ? અંતે તો એને થાકી જ જવાનું છે અને થાકયા પછી એને ખોટી ભકિતથી અને ખોટા સંતોષથી કામ ચલાવવું પડશે. માટે હરિભાઇ કોઠારીએ કહ્યું છે કે, થોભ નહિ તો થાકી જઇશ !!!

મુર્ખા થાકે પણ બહુ મોડા

કચ્છીમાં એક કહેવત છે કે,

સજી સજી રાત પંધ કેઆસીં ઉગે થૈઈત... ઉતંઈ હોઆસીં !!!

અમે આખી રાત ચાલતા ગયા ચાલતા ગયા બસ ચાલતા જ ગયા પણ સવાર પડી ત્યારે ખબર પડી કે, અમે જયાં હતાં ત્યાં જ છીએ. જીવન વિકાસમાં એક ડગલું પણ આગળ વધ્યાં નથી. અમારી દોડ દિશા શુન્ય હતી. મંજીલ રહીત હતી એટલે જ તો અમે ચાલતા ચાલતા અંતે થાકી ગયા અને થાકવાની બાબતમાં જોઇએ તો ડાહ્યાઓ વહેલા થાકે અને ગાંડાઓ બહુ મોડા થાકે ગાંડાઓ જયાં સુધી પોતાનું શરીર ન થાકે ત્યાં સુધી રખડયાં જ કરે. અને રખડયાં જ કરે અને અંતે,

ઘડપણમાં જયાં મંદ બુધ્ધિને સ્થિલ ઈન્દ્રીયો થાતી
તાપ, સંતાપને આધી વ્યાધી રોગે કાયા ઘસાતી

હરિભાઇ કોઠારી કહે છે, જીવનના અંતે ઇન્દ્રીયો પાસે હવે ઉઠાંગ-પટાંગ કરવા જેવી સ્થિતી રહી નથી હવે એ... જેવી રીતે ભાદરવા મહિનામાં ભેંસ એક વખત બેસી જાય તો એ મૃત્યુ પર્યત ઉઠતી નથી. તેવી રીતે સમજયા વગર દોડવાવાળા માણસો અંતે થાકીને બેસી જાય છે. હવે એનાં હાથમાં ચિંતા, નિરાશા, ભય અને લાચારી સીવાય બીજું કંઇ જ બચ્યું નથી એણે હજારો યાત્રાઓ કરી હોય, એકટાણાં અને ઉપવાસો કર્યા હોય, પગપાળી દોડો કાઢી હોય,

ઉગાડે પગે ચાલ્યા હોય તેમ છતાં એ અંદરથી ખાલી હોય છે. પછી તે પુણ્ય મેળવી લીધાનો ખોટો સંતોષ માનીને, ખોટી ભકિત અને ખોટી માન્યતાઓ ના આધારે દિશા શુન્ય ગાડરીયા પ્રવાહમાં જોડાઇ જવાથી, અંતે એનું જીવન દિશા શુન્ય બની જાય છે. ગાડરીયો પ્રવાહ વાર્યો વરતો નથી પણ હાર્યો વરે છે. એક કવિ કહે છે,

લીંક લીંક હી ગાડી ચલે લીંકહી ચલે કપૂત
લીંક છોડી તીનો ચલે શાયર, સિંહ, સપૂત

થોડો વિચાર તો કરી જો

તું શાયર છે, વીર છે, સપૂત છે, તો પછી તું શયતાની વિચાર ધારામાં ભળ્યો કેમ ? તું થોડો વિચાર તો કર કે તારા હાથમાં દુધનો લોટો આપીને શીવલીંગ ઉપર ઢોળવાની સલ્લાહ તને આપી છે કોણે ? તું વિચાર તો કર દુધ ઢોળી નાખવું મહાપુણ્ય છે. એવું તને કહ્યું છે કોણે ? તું વિચાર તો કર કે તને આંખે અંધશ્રધ્ધાના પાટા બાંધીને નિયમિત મંદિરે જવાનું કહ્યું છે કોણે ? તું વિચાર તો કર વાયા શીવજી થઇને ગટરમાં દુધ ઢોળવાના ખોટા ધંધા શીખવાડે છે કોણ ? મંદિરમાં લાઇન લગાડી ઉભા છે એમાં ભગવાન કોને મળ્યા છે તું એનો વિચાર કર, પહેલા પુછીને સત્યને જાણીને વિચાર કર રાત્રે સુતાં પહેલા વિચાર કર, સવારના વહેલો ઉઠીને વિચાર કર, શ્રાવણ માસમાં જ શંકર કેમ યાદ આવ્યા એનો વિચાર કર, દાઢી વધારવાના કારણ વિશે વિચાર કર, નિષ્પક્ષ રહીને વિચાર કર, વિષયોથી પર રહીને વિચાર કર, સૌથી પહેલા તું તારા માટે વિચાર કર, પછી ગાડરીયા પ્રવાહ વિશે વિચાર કર, તને ગેરમાર્ગે લઇ જવાવાળા વિશે વિચાર કર, તને કોઇએ સાચું કહ્યું હોય તો એના વિશે વિચાર કર, કોઇએ સાચી સલાહ આપી હોય તો એના વિશે વિચાર કર, બસ તું વિચાર કર-વિચાર કરને વિચાર કર, એક વાત યાદ રાખજે એનો જવાબ કોઇ મંદિરમાં કે પુસ્તકમાંથી તને નહિ મળે એનો જવાબ તને તારી અંદરથી જ મળશે કવિ કહે છે કે,

રાગ : દેશ તાલઃ- કેરવા

હ્દયમાં જો તપાસીને છુપાયેલો ખજાનો છે
લઇલે જ્ઞાન સદગુરૂનો એનો ભેદ છાનો છે ...હ્દયમાં
પ્રભુછે કોણ ને તું કોણ છે જ્ઞાને વિચારી જો
હતો તું કયાંને આવ્યો કયાં ?પાછો કયાં જવાનો છે ...હ્દયમાં
હજી છે હાથમાં બાજી જીવતું જોને જરા જાગી
ધરી લે ધ્યાન ઈશ્વરનો મળ્યો અવસર મઝાનો છે ...હ્દયમાં
કલીયુગનો દોર ચાલે છે જગતમાં જામીં નાસ્તીકતા
અને આ કાળનો આરંભ દુનિયામાં છવાયો છે ...હ્દયમાં
ગુરૂનો જ્ઞાન લઇને ''સત્તારશા'' તમને કહે
મનુષ્યનો દેહ મળ્યો મોંઘો અનુભવ પામવાનો છે ...હ્દયમાં

તું ભણ્યો પણ ગણ્યો નહિ !!!

હે યુવાન તું આ સમાજનો જવાબદાર નાગરીક છે. તારા ખભા ઉપર સંસ્કૃતિની સંપૂર્ણ જવાબદારી છે. તું ડોકટર છે, તું વકીલ છે, તું ઇન્જીનિયર છે, તું શિક્ષક છે, તું ગ્રેજ્યુએટ છે તને ખબર છે તારા ઉપર સમાજે મોટી આશાઓ બાંધી રાખી છે. અને આજે એ સમાજ અને એ વડીલો તને બાવાઓ સાથે હરતો ફરતો જોઇ, બાવાઓના તાલે નાચતો જોઇ, સમજયા વગર શ્રાવણ માસમાં દાઢી વધારતો જોઇ, શીવલીંગ ઉપર લોટાનાં લોટા દુધને ઢોળતો જોઇ તથા તુલસીના પાંદડાને તોડીને ગટરમા નાખતો જોઇ, તારા સમાજનું તારા વડીલોનું અને શુભ ચિંતકોનું તારી ચિંતન રહીત, મનન રહીત, અને પરિણામ શુન્ય તથા વિચાર શુન્ય ધાર્મિક કૃત્તિઓ કરતો જોઇને શરમથી માથું ઝુકી જાય છે.

હે યુવાન તું વિચારતો કર કે તારા પરિવારે પોતાના પેટ ઉપર પાટા બાંધીને તને ભણાવ્યો શા માટે ? તું એક વાત યાદ રાખજે કે તારા ઉપર માત્ર ધન કમાવવાની નહિ પણ સંસ્કૃતિનું રક્ષણ કરવાની પણ જવાબદારી છે. અને તું પાણીવાળો દુધ લઇને બોગાની જેમ મંદિરમાં લાઇન લગાડીને ઉભો છે. તું વિચાર તો કર કે આજ દિવસ સુધી તે કેટલા

લીટર દુધ ઢોળી નાખ્યું છે? કેટલા કિલો તુલસીના પાંદડા તોડી ને ગટરમાં ફેંકી દીધા છે ? ફટ રે, ભુંડા તું ભણ્યો પણ ગણ્યો નહિ !!!

દૈવી (આધ્યાત્મીક) વિચાર ધારા ઉપર એક નઝર

શયતાની વિચાર ધારા ત્યાર પછી સામાજીક(વેપાર) વિચાર ધારા અને ત્રીજી આવે છે. દૈવી વિચાર ધારા. જે ભાગવત્ કથા સાથે જોડાયેલી છે. પણ આપણી કમનશીબી એ છે કે મોક્ષ વરદાયીની ભાગવત કથાને વેપારી વિચાર ધારાએ એક લોભી વાણીયાની હાટળીમાં રૂપાંતર કરી નાખી છે. એક નિયમ એવો છે કે વેપારમાં ભાગવત હોવી જોઈએ. પણ થયું છે એના કરતાં વિપરીત ભાગવતમાં વેપાર ઘુસી આવ્યો છે એટલે જ એને હાટડી કહેવાય છે. ભાગવત્ અને હાટડી બંનેના ગુણધર્મ અલગ છે. ભાગવત્ માં ઉદારતા છે. જયારે હાટડીમાં લાલસા છે. ભાગવત આધ્યાત્મવાદી છે જયારે હાટડી પલાયનવાદી છે. ભાગવત મોક્ષ પ્રાપ્તીનું સાધન છે જયારે હાટડી ભંડોળ પ્રાપ્તીનું સાધન છે.

ભાગવતનો સવાલ

ભાગવત્ આપણા સૌને પુછે કે, તમે બધાં છો કોણ ? જરા કહો તો ખરાં,

દર્શનાર્થીઓ છો ? ભાવનાર્થીઓ છો ? સત્યાર્થીઓ છો ? તત્વાર્થીઓ છો ? જીજ્ઞાશાર્થીઓ છો ? પ્રિત્યાર્થીઓ છો ? વિચારાર્થીઓ છો ? જ્ઞાનાર્થીઓ છો ? લક્ષાર્થીઓ છો ? કે પછી કોઇ ધંધાર્થીઓ છો ? ભાગવત્ શ્રોતા-વકતા તથા આયોજકો નો ઇરાદો સ્પષ્ટ કરવા માંગે છે. અને પુછે કે તમેં બધા છો કોણ ? સિધ્ધાંતિક દ્રષ્ટિએ જોવા જઇએ તો ભાગવત્ની વિશેષતા બે-જોડ છે.

ભાગવત્ તક સાધુઓની તક નથી પણ જીજ્ઞાસુઓની પગદંડી છે.
ભાગવત્ મનોરંજનનો વિષય નથી પણ સાધકનો સાધના માર્ગ છે.
ભાગવત્ વાણીયાની હાટડી નથી પણ કર્મયોગીયોનું કાર્યક્ષેમ છે.
ભાગવત્ શ્રીમંતોનો શોખ નથી પણ ધર્મ વ્યવસ્થાનો એક ભાગ છે.
ભાગવત્ આળસુઓનો જમાવડો નથી પણ ગોપીઓનો અદ્વૈત ભાવ છે.
ભાગવત્ વ્યાસ મુનીનો કાવ્ય છે, સંતોનો આર્તનાદ છે.
ભાગવત્ ભકતની ભૂમિકા છે, જ્ઞાનની પરાકાષ્ટા છે.
મોક્ષનું સાધન છે, શ્રી કૃષ્ણનું જીવન દર્શન છે, અને અનુભવીઓની મોઝ છે.

કર્મનો સિદ્ધાંત

આપણે કરેલા સારા અને માઠાં કર્મોની સજા તો આપણને ભોગવવી જ પડશે. "જેવું કરો તેવું ભરો" એ જ કર્મનો સિધ્ધાંત છે. જેવી રીતે વીસ વરસની જેલ ભોગવ્યા પછી ગુનેગારને જગતમાં હરવા ફરવાના અધિકારો આપો આપ મળી જાય છે. તેવી રીતે આપણે કરેલા ખોટા કર્મોની સજા ભોગવ્યા બાદ સ્વર્ગના દ્વારો આપો આપ ખુલી જાય છે. પ્રત્યેક મનુષ્યે કરેલા કર્મોની સજા ભોગવવાની તૈયારી રાખવી જોઇએ. એના માટે મંદિરમાં દુધ ઢોળવાની કે પછી કોઇ બાવાના પગ પકડવાની જરૂર રહેતી નથી. એના માટે માત્ર દિશા બદલવાની જરૂર છે. બ્રહ્માનંદજી કહે છે કે,

પાપ-કર્મ છુટે નહિ તનસેં કૈસે હોય સુધાર પિયારે

આપણે પાપ કર્મો કરતાં જરાય અચકાતા નથી અને જયારે સજા ભોગવવાનો સમય આવે ત્યારે કોઇ લે-ભાગું ના પગ પકડીયે છીએ અથવા તો કોઇ બાવા પાછળ સંતાઇ જઇએ અને કાં તો તાંત્રિક-માંત્રિકના શરણે જઇએ છીએ. પણ કર્મમાં ફેરફાર કરતા નથી. એવું કરવાથી બીજા અનેક દુઃખો ઉભા કરીએ છીએ અને કાં તો દોષના ટોપલા અન્યો ઉપર ઢોળીયે છીએ. આ વાત સિધ્ધાંતમાં બેસતી નથી. કાયર માણસો સમય વિપરીત દિશા તરફ જતો હોય ત્યારે એની જવાબદારી પોતાના ઉપર ન લેતા બીજાને જવાબદાર ઠેરવે છે. જેમાં એક તો પિતૃદોષ કાં તો કુળદેવી કાં તો નાગદોષનો સમાવેશ થાય છે. દરેક માણસ પોતાની જાતને સારી રીતે ઓળખતો હોવા છતાંય, પોતાની યોગ્યતાનો સંપૂર્ણ ખ્યાલ હોવા છતાંય, મને ભાગવત્ કથા કયારે પણ મોક્ષ આપી શકે નહિ એવી સો ટકાની ખાતરી હોવા છતાંય, ધનના બળે મોક્ષ મેળવવાના વ્યર્થ પ્રયત્નો કરતો હોય છે. એ માણસ કોઇ દિવસ પણ મોક્ષનો અધિકારી બની શકતો નથી.

મોક્ષનો અધીકારી કોણ?

સાખી- પ્રિતમ વસે પહાળમેં મૈ યમુનાકે તીર
અબ તો મીલના કઠીન હૈ મેરે પાવમેં પડી ઝંઝીર

કવિશ્રી પ્રિતમ કહે છે કે, જયાં સુધી માયાના બંધનો (ઝંઝીર) તુટતાં નથી ત્યાં સુધી ઇશ્વર સાથે સંબંધ જોડાતો નથી જેને દુન્યવી સંબંધો ક્ષણ ભંગુર લાગે છે. અને માત્ર ઇશ્વર સાથે જ જેનો સંબંધ છે એજ ખરો મોક્ષનો અધિકારી છે. એવું પ્રમાણ આપતા શ્રી બ્રહ્માનંદજી કહે છે કે,

રાગ : યમન

મુજે હૈ કામ ઇશ્વર સેં જગત રૂઠે તો રૂઠન દે ...ટેક.
કુટુંબ પરિવાર સુતદારા માલ ધન લાજ લોકનકી
હરિકા ભજન કરને સેં અગર છુટે તો છુટન દે ...મુજે.
પ્રભુકા ધ્યાન ધરને કી લગી મનમેં લગન મેરે
પ્રિત સંસાર વિષયો સેં અગર છુટે તો છુટન દે ...મુજે.
બૈઠ સંતો કે સંગત મે કરૂં કલ્યાણ મૈં અપના
લોગ દુનિયા કી મોજો મેં મોજ લુટેતો લુટન દે ...મુજે.
ધરી શીર પાપકી મટકી મેરે ગુરૂદેવને ઝટકી
વો "બ્રહ્માનંદ" ને પટકી અગર ફુટે તો ફુટન દે ...મુજે.

આ સ્થિતી ઉપર આવ્યા પછી માણસ મોક્ષનો અધિકારી બને છે. ભાગવત કથામાં મોક્ષના અધિકારી એવા બે પાત્રો છે. રાજા પરિક્ષીત અને બીજા ધુંધુકારી. એક વખત રાજા પરિક્ષીત શિકાર કરવા માટે જંગલમાં જાય છે. ત્યાં એ ખુબ ભટકે છે તરસથી વ્યાકુળ રાજા શમીક રૂષીના આશ્રમમાં આવે છે. રૂષી ધ્યાનસ્ત હોવાથી રાજાને આવકાર આપતાં નથી. તેથી રાજા ગુસ્સે થાય છે. અપેક્ષાઓ પુરી ન થાય ત્યાં થી જ ક્રોધ જન્મે છે. એટલે જ ગીતામાં ભગવાને કહ્યું કે અનપેક્ષ-શુચી-દક્ષ અપેક્ષાઓ ઓછી થાય તો જ મન-બુધ્ધી પવિત્ર રહે છે. માટે સૌથી પહેલા તુ અપેક્ષા રહીત થા.

સંત મુળદાસજી કહે છે,

પરિક્ષીત રાજાને અગ્યાન ઉપજ્યા રૂષીના ગળામાં નાખ્યો સાપ
સાત-સાત દિવસે એને સર્પદંશ થાજો રૂષીના લાગ્યા એવા શ્રાપ

શમીક રૂષીના આશ્રમની બહાર એક મરેલો સાપ પડયો હતો તેને ઉપાડીને રાજાએ રૂષીના ગળામાં નાખી દીધો અને ક્રોધથી ધુંઆ ફુંવા થતો થતો પોતાની રાજધાની હસ્તિનાપુરમાં આવ્યો. પાછળ શમીક રૂષીનો શિષ્ય આશ્રમમાં આવે છે. ત્યારે ધ્યાનમાં બેઠેલા ગુરૂજીનાં ગળામાં કોઇએ મરેલો સાપ નાખી દીધાનું જોઇને એણે શ્રાપ આપ્યો કે જેણે મારા ગુરૂજીના ગળામાં સાપ નાખ્યો છે. એનું સાત દિવસ પછી સર્પદંશ થવાથી મૃત્યુ થશે. ત્યાં તો રૂષીનું ધ્યાનભંગ થયું અને ઠપકો આપતા કહ્યું કે મુર્ખા તેં જેને શ્રાપ આપ્યો છે. એ કોણ છે ? એની તને ખબર છે ? એ પાંડવોનો પ્રપૌત્ર અને વિર ધનજય અર્જુનનો પૌત્ર અને અભિમન્યુનો પુત્ર હસ્તીનાપુરનો રાજા પરિક્ષીત છે. હવે તું જલદી જા અને રાજાને શ્રાપની સ્થિતી સમજાવી આવ. આ તરફ રાજાએ રાજમહેલમાં આવીને જયારે માથા પરથી મુગટ ઉતાર્યો ત્યારે એને એની ભુલ સમજાણી અહો મેં તો બહુ મોટો અપરાધ કર્યો છે. એ અપરાધની મને સજા થવી જોઇએ. સજા માંગવા માટે રાજા રૂષીના આશ્રમમાં જવા રવાનો થાય છે. અને સજા સંભળાવવા રૂષીનો શિષ્ય હસ્તિનાપુર રવાનો થાય છે. રસ્તામાં બંને સામસામાં મળ્યા અને શ્રાપ વિશે ચર્ચા કરીને છુટા પડે છે.

શ્રી કૃષ્ણ અને અર્જુન બંને સાથે મળીને જરાસંધ સામે યુધ્ધ કરે છે. યુધ્ધમાં જરાસંધનું મૃત્યુ થતાં એની મિલકત જપ્ત કરીને અર્જુન હસ્તિનાપુરમાં લાવે છે. જે મિલકતમાં જરાસંધનું હીરાજડીત મુગટ પણ હોય છે. રાજા પરિક્ષીત શમીક રૂષીના ગળામાં સાપ નાખે છે ત્યારે એના માથામાં ચોરેલો લુંટેલો મુગુટ પહેરેલો હતો. ઘેર આવ્યા પછી જેવો મુગુટ ઉતાર્યો તે જ સમયે એને જ્ઞાન પ્રાપ્ત થાય છે. એક વાત સનાતન સત્ય છે. કે જયાં સુધી કાળી

સંપત્તિને માથા પર લઇને ફરતા રહીશું તથા કાળી સંપત્તિ ઘરમાં આંટા મારતી રહેશે ત્યાં સુધી ભગવદ્ જ્ઞાન પ્રાપ્ત થશે નહિ. સંપત્તિનો રંગ બદલે તો જ જીવનનો રંગ બદલે એક ક્રાંતિકારી કવિની રચના છે.

રાગ : નટકેદાર

અમેં કરીયે એવા કામ લાજ આવે લેતાં તારૂં નામ
અમૃત દીધું પણ ના પીધું ઝહેરના ભર્યા જામ ...અમેં૦
ભાવ વિનાની કરીએ ભકિત વેડફીયે તન,મન, ની શકિત
કાર્ય કલેષમાં રાગ દ્વેષમં વીતે આયું તમામ ...અમેં૦
સંત સમાગમ થી દુર રહીએ અમૃત વાણી નવ સાંભળીયે
મનના ઘોડા તનમાં દોડે જેને નથી લગામ ...અમેં૦
ધનની ખાતર ધર્મ વેંચીએ કુટીલ કરમથી કિર્તી લહીયે
તનના ઉજળા મનના મેલા ખોટો દોડ તમામ ...અમેં૦

એક ભાઇ ખુબ કાળી સંપત્તિ ધરાવતા હતા. અતી ધનવાન હોવા છતાં એક દિવસ પણ ઘરમાં સુખ-ચેનથી રહી શકતા ન હતા. અશાંતિ એના જીવનમાં ઘર કરીને બેસી ગઇ હતી. તે એક દિવસ એક સાચા સંન્યાસી પાસે ગયા અને કહ્યું કે મહારાજ આપ સર્વજ્ઞ છો ? આપ સૌ જાણી શકો છો ? માટે આપ મારો ભવિષ્ય જોઇને કહો કે મને કોઇની "નડતર" તો નથી ને ? સંન્યાસીએ કહ્યું નાં તમને કોઇની નડતર નથી. પણ તમેં બધાને નડો છો. કહેવાંનો તાત્પર્ય એટલો કે કાળુનાણું સુખેથી જીવવા દેતું નથી. એમના કર્મો એના મનમે વ્યાકુળ બનાવે છે તેથી પલેપલ જીવનમાં અશાંતિના તરંગો ઉભા થાય છે. એનું ચિત્ત ભ્રમિત થઇ જવાથી કાલ્પનીક સુખો તથા ઘરછોડીને બહાર ભગવાનના દર્શન કરવા તીર્થે તીર્થે ભટકે છે. કારણ કે કાળી સંપત્તિ કોઇને ઘરમાં બેસવા દેતી નથી !!! સ્વામી બ્રહ્માનંદજી કહે છે કે, જે મનુષ્ય ભીતરથી સ્વયંમ જાગૃત થવાના પ્રયત્નો કરતો નથી અને કર્મો કર્યાથી પહેલા વિચારતો નથી પોતાના સ્વરૂપને જાણતો નથી, ભજન કરતો નથી, કોઇના ઉપર દયા રાખતો નથી એનાં માટે યાત્રાઓ-વ્રતો-નિયમો-દાન-પુણ્ય તથા ગુરૂજ્ઞાનએ બધા નકામાં છે.

રાગ : દેશ

જીસકો નહિ હૈ બોધ, તો ગુરૂજ્ઞાન કયા કરે ?,
નીજ રૂપકો જાનાનહિ પુરાણ કયા કરે ? ...જીસકો
ઘટઘટ મેં બ્રહ્મજ્યોત કા પ્રકાશ હો રહા,
મીટા ન દ્વૈતભાવ તો ધ્યાન કયા કરે ? ...જીસકો
રચના પ્રભુકી દેખકર જ્ઞાની બડે બડે,
પાવે ન કોઇ પાર તો નાદાન કયા કરે ? ...જીસકો
કરકે દયા દયાલ ને માનુષ્ય જન્મ દિયા,
બંદા કરેન ભજન તો ભગવાન કયા કરે ? ...જીસકો
સબ જીવ જતુંઓ સે જીને હૈ નહિ દયા,
"બ્રહ્માંનદ" વ્રત, નૈમ, પુન્ય, દાન કયા કરે ? ...જીસકો

અશાંત વ્યકિત પોતાની સ્થિતી સાથે રહેતો નથી. સતત કાલ્પનીક સુખની શોધમાં રહે છે. અને ઇશ્વર તરફથી મળેલા સુખના અભાવમાં રહે છે.

પરિક્ષીત રાજાને શ્રાપનો મહિમા સમજાઇ જતાં એના નિવારણ માટે યથાર્થ પ્રયત્નો કરે છે. ફરતાં ફરતાં શ્રી શુકદેવજી પાસે આવે છે. શુકદેવજી એને સાત દિવસની અંદર રાજા પરિક્ષીતને પરમ પદ પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપે છે. એનું નામ શ્રીમદ્ ભાગવત્

ત્યાર પછી ભાગવત કથાનો બીજો પાત્ર છે. ઘુંઘુકારી. ઘુંઘકારી એક રાજાનો કુંવર છે. સ્વછંદી તથા સ્વતંત્ર વિચાર ધરાવતો હોવાથી યુવા અવસ્થામાં જ કુમાર્ગે ચડી જાય છે. તેથી તે કાયમી સુખથી વંચિત રહી જાય છે. કવિ

સતારશાની રચના કહે છે કે, હું બાળપણમાં જેવો હતો તેવો આજે નથી રહ્યો કારણ કે હું યુવાનીના નશામાં ઉંધે રવાડે ચડી ગયો છું. આજે હું વૃધ્ધ થયો છુ. હવે મને ઘણું સમજાય છે પણ હવે મારા હાથમાં કાંઇ રહ્યું નથી.

રાગ : દેશ

ભુલાતી નથી આ સુખી જીદંગીને સુખી જીદંગીને
હમેશાં હતી જયાં ખુશી જીદંગીને ખુશી જીદંગીને ...ટેક૦
સુખી જીદંગી બાળપણમાં ગુજારી જવાની એ કીધી દુઃખી જીદંગીને દુઃખી જીદંગીને ૧૦
ચડી ષડરિપુઓના ફંદે જવાની બગાડે ઉમંગો ભરી જીદંગીને ભરી જીદંગીને ૨૦
મળે વૃધ્ધપણુ જયારે પસ્તાવો થાયે દુઃખોમાં ગુજારી રડી જીદંગીને રડી જીદંગીને ૩૦
આ અવનીમાં મનુષ્ય દેહ પાયો કુમાર્ગે ચડી વેડફી જીદંગીને વેડફી જીદંગીને ૪૦
વિચારી ને જો જીદંગી બંદગી છે મુરખ તું સમજતો નથી જીદંગીને નથી જીદંગીને ૫૦
કર સંત સમાગમ તો જીવન સુધરશે દુવાઓ મળે છે ભલી જીદંગીને ભલી જીદંગીને ૬૦
કીધો બોધ સતારશા ને શ્રી સદગુરૂએ કૃપા મુજ પ્રભુની ફળી જીદંગીને ફળી જીદંગીને ૭૦

શ્રીમદ ભગવદ્ ગીતાના સોળમાં અધ્યયામાં ભગવાન કહે છે કે,

દંભો દર્પો અભિમાનશ્ચ ક્રોધ પારૂષ્ય મેવ ચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદ માસુરિમ્ ॥૧૬/૪॥

ભાવાર્થ :- હે અર્જુન આસુરી વિચારધારા પર વળેલા મનુષ્યમાં દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, નિર્દયતા, તથા અગ્યાન જેવા-ગુણો ઉત્પન થાય છે. અને,

ત્રિવિધં નરક સ્યેહં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માહેતત્ત્રયં ત્યજેત ॥૧૬/૨૧॥

(૧) કામ(અતિપ્રવૃતિ) (૨) ક્રોધ (૩) લોભ. નરકમાં જવા માટેના આ ત્રણે સહેલામાં સહેલા દ્વારો છે. અર્થાત્ ઉપરોકત ત્રણે ગુણો આત્માને અધોગતી તરફ લઇ જાય છે. જેને તજી દેવા જોઇએ પણ મૂઢ માણસો એમને છોડતા નથી. એટલું જ નહિ એની સાથે વધારેમાં વધારે સંબંધ કેળવતા રહે છે.

ધુંધુકારીમાં એવા તો અનેક પ્રકારના દુર્ગણો હતા જેના લીધે તેનાં પરિવારની સમાજમાં ખુબ નીંદા થતી હતી. જે નીંદા સહન ન થતા ધુંધકારીનો સગો ભાઇ ગોકર્ણ ગામ છોડીને તીર્થાટન કરવા નીકળી ગયો. થોડાક વરસો પશ્ચાત ભોગવિલાસી ધુંધકારીનું રીબાતા રીબાતા મૃત્યુ થાય છે. એનું ભૌતિક શરીર કુતરા કાગડાને હવાલે થાય છે. અને એનો જીવ-ગીતા અધ્યાય સોળના વિધાન મુજબ અધોગતી પામે છે.

યઃ શાસ્ત્રવિધી મૃત્સૃજય વર્તતે કામકારતઃ ।
નસ સિધ્ધી મવાપ્નોતી નસુખ ન પરાંગતિમ્ ॥૧૬/૨૩॥

ભાવાર્થ :- જે મનુષ્ય શાસ્ત્ર વિધ્ધી છોડીને મનમાની કરે છે. પોતાના વિચારોથી વર્તે છે એ મનુષ્ય સિધ્ધી સુખ કે પરંમગતી પામતો નથી.

એક દિવસ ધુંધકારી ગોકર્ણના સપનામાં આવ્યો અને ખુબ રડતાં રડતાં કહ્યું કે ભાઇ તું મને અધોગતીમાંથી બહાર કાઢ હું એવી સ્થિતીમાં છું કે મને કોઇ નીમ્ન કક્ષાનો અવતાર પણ મળવો શકય નથી. તેથી હું પ્રેત યોનીમાં રહીને ભટકયા કરૂં છું ભાઇની દર્દભરી વિનંતી સાંભળીને ગોકર્ણ ભાગવત સપ્તાહ સંભળાવવાનો સંકલ્પ કર્યો અને સંકલ્પ કર્યાની સાથે જ પ્રેત યોનીમાંથી ઇશ્વરે એમના જીવ ને એક કીડામાં પ્રવેશ કરાવી એને દેહનું દાન દીધું. એમના પોતાના જ પડી ગયેલા ખંડેરોના પ્રાંગણમાં ભાગવત્ કથાનું એક બ્રહ્મનિષ્ટ વ્યાસ દ્વારા આયોજન કરવામાં આવ્યું અને એ જ પ્રાગણમાં સાત ગ્રંથીઓ ધરાવતા એક વાંસ ના ઝાળમાં કીડો બનીને કથા સાંભળતી વખતે ધુંધુકારીની દરરોજ એક ગ્રંથી છુટતી હતી. એમ કરતાં કરતાં સાત દિવસમાં સાત ગ્રંથીઓ છુટી ગઇ અને ધુંધકારીને મોક્ષ પ્રદાન થયું.

ગ્રંથીઓ છુટે તો જ મોક્ષ મળે

ગુરૂ ગ્રંથી (હું સૌથી મોટો છું) લઘુગ્રંથી (હું સૌથી નાનો છું) તે સિવાય "લોભ કરવાથી ધન વધે" એ પણ એક

ગ્રંથી જ છે. ''કથા સાંભળવાથી પુણ્ય મળે.'' એ પણ એક ગ્રંથી જ છે.

અખો ભગત કહે છે કે,

એક મુરખને એવી ટેવ પથ્થર એટલા પુજે દેવ
પાણી દેખી કરે સ્નાન તુલસી દેખી તોડે પાન
તિલક કરતાં ત્રેપન ગયા જપ માળાનાં નાકા ગયા
કથા સુણીને ફુટયાં કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન
તીરથ કરીને થાકયાં ચરણ તોય ન પોચ્યાં હરિને શરણ

''તીર્થે તીર્થે ફર્યાથી હરિ મળે.'' આ પણ એક ગ્રંથી જ છે. એવી તો અનેક પ્રકારની ગ્રંથીઓ છે. જે છુટી જવી જોઇએ ત્યાર પછી મોક્ષની માંગણી ઇશ્વર પાસેથી કરવી હોય તો કરી શકાય.

દ્વતીય(બે) ભાગવત્ કથા અને મહારાજશ્રી

ઇશ્વર આશ્રમ વાંઢાયમાં કથા સત્સંગ ચાલુ હતો ત્યારે આસપાસના હજારો માણસો(શ્રોતાઓ) કથા સાંભળવા તથા મહારાજશ્રીના દર્શન કરવા માટે આવતાં મહાપ્રસાદની સંપૂર્ણ વ્યવસ્થા હોવાથી રાત્રે રોકાઇ જતાં અને દરરોજ રાત્રે પરમ પુજય સંતશ્રી ઓધવરામજીના પોતાના સુમધુર કંઠે કથાનું વિસ્તૃત સ્વરૂપે વિશ્લેષણ કરતાં અને શ્રોતાઓને ભાગવતના મુળભૂત રહસ્યો સમજાવતાં જે સાંભળવા માટે શ્રોતાઓ સાથે વ્યાસજીઓ પણ દિવસ દરમ્યાન પોતે સંભળાવેલી કથાનો વિશ્લેષણ મહારાજશ્રી મુખે સાંભળતા.

સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે ઇશ્વર આશ્રમના સેવકો તથા વાંઢાયના દરબાર પરિવારશ્રીઓ સામે મહારાજશ્રીએ એક સુંદર વિચાર મુકયો.(જેનો આજ દિવસ સુધી અમલ થતો આવ્યો છે.)

ગુગળમાં લક્ષ્મીનો વાસ છે

શાસ્ત્રકારોએ જયાં દેવ દેવીઓના વાસ છે. તથા જયાં ધાર્મીક પ્રસંગો પર જન સમુદાય એકત્ર થાય છે ત્યાં ગુગળનો ધુપ કરવું અતી મહત્વનું છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ગુગળનો ધુમાડો રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરે છે. અને વિષાણુઓનો નાશ કરે છે. એ ગુગળના ગુણને ધ્યાનમાં રાખીને અમારા શાસ્ત્રકારોએ ગુગળને પવિત્ર સ્થાને બેસાડયો છે. જેથી એનું અસ્તિતવ જળવાઇ રહે.

મહારાજશ્રી ઓધવરામજી કહેતા હતા કે ગુગળમાં લક્ષ્મીજીનો વાસ છે. એ શબ્દોને અનુસરીને વાંઢાયમાં રહેતા મહારાજશ્રીના અનુયાયી શ્રી મમુજી ખાનજી-સીંઘલ દરબારશ્રીએ ગુંગળ સવર્ધનની પ્રક્રિયા જાળવી રાખી હતી. ત્યાર બાદ એમના ચિ. શ્રી મહોબતસિંહજીની દેખરેખ હેઠળ આજે વાંઢાય વિસ્તારના ઓછામાં ઓછા ૭૨૦૦ હેકટરમાં પુખ્તવયના ઓછામાં ઓછા ૨,૫૦,૦૦૦(અઢીલાખ) ગુંગળના ઝાડ અસ્તિત્વ ધરાવે છે. અને ઓછામાં ઓછા ૨૫૦૦૦ નાનાં રોપાઓ તૈયાર થઇ રહ્યા છે.

મહાપુરૂષોના સંકલ્પો સિધ્ધી પ્રમાણિત હોય છે.

સંતોના સાંનિધ્યમાં આવ્યા પછી હાની માટે કોઈ અવકાશ રહેતો નથી. ગંગાના સાંનિધ્યમાં આવ્યા પછી પવિત્રતા પ્રાપ્ત થાય પણ એમાં ડુબવાનો ભય તો ખરો જ હિમાલયમાં ગયા પછી પાપ પ્રક્ષાલન થાય છે પણ હવામાન અનુકૂળ ન હોવાથી મૃત્યુ નો અવકાશ તો ખરો જ. એક સંતો જ એવા છે કે જેની પાસે ગયા પછી નુકસાની નો કોઈ અવકાશ રહેતો નથી,

એક ક્રાંતિકારી નિર્ણય

મહારાજશ્રી ઇશ્વરરામની વિચાર સરણીને ધ્યાનમાં રાખીને શ્રી ઓધવરામજીએ આશ્રમ છોડીને બહાર વિચરવાનું સંપૂર્ણ બંધ કરી નાખ્યું હતું. જયારે જયારે આશ્રમને કોઇ અડચણ ઉભી થાય ત્યારે ઇશ્વરરામની ચરણ પાદુકા પાસે બેસીને ધ્યાન ધરતા અને પોતાની મુંઝવણ દર્શાવતા હતા. શ્રી ઇશ્વરરામજીએ આશ્રમમાં રહેતા હરિહર પરંમપરાના સાધુઓ માટે ઘણા નિયમો બનાવ્યા હતા એ નિયમનું આજે કેટલા અંશે પાલન થાય છે. એ તો ઇશ્વરને ખબર. આજે આ દેશની અંદર માત્ર પંદર ટકા લોકો જ ધાર્મિક સ્તર ઉપર જાગ્રત છે. કે જે માત્ર પોતાની જ બુધ્ધિથી ચાલે છે. બાકીના પચ્યાશી ટકા માણસો ગાડરીયા પ્રવાહમાં તણાતા રહ્યા છે અને એ બધા પારકી બુધ્ધિના આધારે ચાલે છે. એ બધા પાસે બુધ્ધિ છે પણ એનો ઉપયોગ નથી કરતા.

જે માણસો ભગવાને આપેલી બુધ્ધિનો સ્વતંત્ર પણે રહીને સદ્ઉપયોગ નથી કરતા એને ભગવાન આવતા જન્મે ગધેડો બનાવે છે. કારણ કે ગધેડાને સ્વતંત્ર બુધ્ધિ ચલાવવાની આવ્યશક્તા રહેતી નથી અને ગધેડા પાસેથી પાછી લીધેલી બુધ્ધિ ભગવાને કુંભારને આપી દીધી છે. હવે કુંભાર પાસે ડબલ બુધ્ધિ થઇ જવાથી તે માટીમાંથી નવસર્જન કરી વિવિધ પ્રકારના ઘાટીલા વાસણો બનાવી શકે છે. કુંભારનો અર્થ થાય છે સર્જક. જગત બનાવતી વખતે જે ભૂમિકા બ્રહ્માંએ અદા કરી છે. એ જ ભૂમિકા બ્રહ્માંના બનાવેલા જગતના માણસો માટે માટીનાં વાસણો બનાવીને કુંભારે અદા કરી છે. (આજે બાવાઓનો વ્યાપ વધી જવાનો મુખ્ય યશ બુધ્ધિ વગરનાં ગધેડાઓને ફાળે જાય છે.) એક લોક વાયકા છે કે, બંધન રહીત બાવો જ્યા ઠીક લાગે ત્યાં ફરે અને બંધન રહીત પશુ જયાં ઠીક લાગે ત્યાં ચરે. પશુ હોય કે અન્ય પ્રાણી હોય સૌ કોઇએ બંધનમાં રહેવું જોઇએ. અને બંધનનો ધર્મ સમજીને સ્વીકાર કરવો જોઇએ.

પરમ પુજ્ય મહારાજશ્રીએ જ્યારે સ્વયંમ આશ્રમ છોડીને બહાર વિચારવાનું બંધ કરવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો ત્યારે સાધ્વી મૈયાજી બહુ ખુશ થયા કારણ કે, સાધ્વી મૈયાજી હરિહર પરંમપરાના સાધુઓ અયાચક વૃતિ ધરાવતા તથા પોતાના નિશ્ચિત સ્થળ ઉપર શોભતા હોવાં જોઇએ એવા વિચારો ધરાવતા હતા પણ કોઇ ને કંઇ કહી શકતા ન હતા એ ઘણીવાર કહેતા કે, હવે કોઇને કહેવા જેવું રહ્યું નથી !!!

આપણે આગળ જોઇ ગયા છીએ કે મહાપુરૂષોની પ્રતિજ્ઞા તથા એમના ક્રાંતિકારી નિર્ણયો પહાડ જેવા સ્થિર હોય છે. હિમાલય જેવા અડગ મનના માણસો કેવા સ્થિર હોય છે. એનું વર્ણન કરતા ગંગાસતીજી કહે છે,

રાગ : બિભાસ

મેરૂ તો ડગે પણ જેનાં મનડા ડગે નહિ પાનબાઇ ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે
વિપત પડે પણ વણસે નહિ ને એ છે, મારા હરિજનના પરમાણ રે ...મેરૂ૦
હરખને શોકની જેને આવે ન હેડકી પાનબાઇ, શીશ તો કર્યા કુરબાન રે
સદગુરૂ વચનોમાં સુરા થઇને ચાલે, મેલીને અંતર અભિમાન રે ...મેરૂ૦
નીત્ય જેને સતસંગ માં રહેવું પાનબાઇ, આઠોય પહોર આનંદ રે
સંકલ્પ વિકલ્પ એકે નહિ ઉરમાં, તોડી નાખ્યો માયા કેરો ફંદ રે ...મેરૂ૦
ભકિત કરો તો એવી રીતે કરજો પાનબાઇ, રાખજો વચનમાં વિશ્વાસ રે
"ગંગાસતી" એમ જ બોલ્યા, થાજો સદગુરૂજી ના દાસ રે ...મેરૂ૦

હજી એનાં કરતાં આગળ જઇને જીવનનો મર્મ સમજાવતા ગંગાસતી કહે છે કે જેને આત્મજ્ઞાન લાધ્યું છે એને પછી અકારણ અને જ્યાં ત્યાં ભમવું જોઇએ નહિ. જેનું જીવન સ્વયંમ તીર્થ છે એને પછી બહારનાં તીર્થો કરવા જોઇએ નહિ

રાગ : બિભાસ

અભ્યાસ જાગ્યા પછી બહુ નહિ ભમવું પાનબાઇ, ન રહેવું ભેદવાદીની સાથ રે
કાયમ રહેવું એકાંતમાં એને, માથે સદગુરૂજીનો હાથ રે ...અભ્યાસ
તીર્થવ્રત પછી કરવા નહિ ને પાનબાઇ, નહિ કરતા સદગુરૂના કર્મ રે
એવી ખટપટ એને છોડી દેવી ને, જ્યારે જણાયે માયલો મર્મ રે ...અભ્યાસ
હરિમય જ્યારે જગત જણાયે પાનબાઇ, પ્રપંચથી રહેવું ત્યારે દુર રે
મોહ સઘળો ત્યારે છોડી દેવો, હરિભાળવા ભરપુર રે ...અભ્યાસ
મેળાને મંડપ પછી કરવા નહિ રે પાનબાઇ, ઇ તો છે અધુરીયાના કામજી
ગંગાસતી એમ જ બોલ્યા, ભાળવા પરિપૂર્ણ રામ રે ...અભ્યાસ

ઉપરોકત ભજનમાં ગંગાસતી કહે છે કે આત્મજ્ઞાન જાગ્યા પછી નીજ સ્થાન છોડીને ભમવું એ યોગ્ય નથી પછી એવા વિરકત સંત માટે મેળા અને મંડપ (યાત્રાઓ અને સભાઓ)માં મોહ રાખવો જોઇએ નહિ. સંપૂર્ણ જગત જ્યારે હરિમય લાગે ત્યારે પ્રપંચ થાય જ કેમ ? ત્યારબાદ તીર્થ-વ્રત-એકટાણાં-ઉપવાસ જેવી પુણ્ય કમાવવાથી

ખટપટથી દૂર રહેવું જોઇએ અને સતત એકાંતનો સહારો લેવો જોઇએ. આગળ જતાં ગંગાસતીજી કહે છે કે ''ન રહેવું ભેદ વાદીઓની સાથ'' જે માણસો ધર્મની હાટળીઓ ખોલીને બેઠા છે. અને જે ધર્મના નામે ચરી ખાય છે. એવાં લે-ભાગુ તત્વો સ્વંયમ પોતાને ભગવાન તરીકે સમાજમાં ખપાવે છે. તથા જે હરિનો મારગ ન બતાવતાં મેળાના માણસોને પોતાની પાછળ પાછળ ફેરવ્યા કરે છે. એવા ભેદવાદીઓ સાથે કોઇએ ફરવું નહિ એમ ગંગાસતી કહે છે. આગળ જતાં કહે છે કે, એક્વીસ હજાર છ સો યુગ ના જગતમાં આપણા પચાસ સાઇઠ વરસની કોઇ ગણના જ નથી વીજળીનો ચમકારો અને મનુષયનું આયુષ્ય બંનેની ઉંમર એક સરખી છે.

રાગ : બિભાસ

વીજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઇ, અચાનક અંધારા થાશે
જોતજોતામાં કેટલા દિવસો વીતી ગયા, એકવીસ હજાર છસો કાળ ખાશે ...વીજળી
જાણવા જેવી છે તોયે અજાણ રહી છે પાનબાઇ, અધુરિયાને ન કહેવાય રે
ગુપ્તરસનો ખેલ અટપટો, આંટી મેલો તો પૂર્ણ સમઝાય રે ...વીજળી
નિર્મળ થઇને આવો ને મહેલમાં પાનબાઇ જાણીલ્યો જીવનની જાત રે
સજાતી-વિજાતી ની જુગતી બતાવું તમને બીંબે પાડી દઉં બીજી ભાત રે ...વીજળી
પિંડ બ્રહ્માંડથી પરમારા ગુરૂ પાનબાઇ દેખાડું તમને એનો દેશ રે
ગંગાસતી એમ જ બોલ્યા, ત્યાં નહિ માયા જરીયે લેશ રે ...વીજળી

પાનબાઇને ઉપદેશ આપતી વખતે ગંગાસતી કહે છે કે એવા સાધુઓ પણ આ જગતમાં છે જેને વારંમવાર પ્રણામ કર્યા પછી પણ મન ભરાતું નથી. શીલવંત સાધુને વારે વારે નમીયે પાનબાઇ કારણ કે જેના બદલે નહિ વર્તમાન. જેના વાણી વિચાર અને વર્તનમાં લેશ માત્ર ફેર પડતો નથી એમના ચિત્તની વ્રતી નિર્મળ એટલે છે કે ઇશ્વરે એના ઉપર ખુબ કરૂણા કરી છે ''મહારાજ થયા મેરબાન'' પરમાર્થ કરતે સમય સામે શત્રુ છે કે મિત્ર છે એ ન જોતા સેવા કરતાં કરતાં આંનદ અનુભવે છે. તુરીયા નામની નાડી એની પ્રભાવિત થયેલી છે. જેના લીધે પોતાના નામ અને રૂપ પર મોહ રહ્યો નથી ગંગાસતી કહે છે કે એવા સાધુઓનો માત્ર શબ્દ સાથે વેપાર રાખે છે કારણ કે એ સાધુ શીલવંત છે એક વચની છે. પરમાર્થી છે અને ભજન જેનો મુખ્ય ખોરાક છે. (ભજનાનંદી છે)

રાગ : બિભાસ

શીલવંત સાધુને વારે વારે નમીયે પાનબાઇ જેના બદલે નહિ વર્તમાન રે જી
ચિતની વૃતી જેની રહે સદા નીરમળ, મહારાજ જેને મહેરબાનજી
શત્રુને મિત્ર જેના એક નહિ ઉરમાં પાનબાઇ પરમારથમાં જેની પ્રિત રે
મન, કર્મ વાણીને વચનોમાં ચાલે, રૂડી પાળે એવી રીત રે
આઠોય પોર મન મસ્ત થઇ રહેવે, પાનબાઇ જાગ્યો જેનો તુરીયાનો તાર રે
નામ અને રૂપ જેણે મીથ્યા કરી જાણ્યા સદાય ભજન કેરો આહાર રે
સંગતું કરો તો તમેં એવાની કરજો પાનબાઇ ત્યારે ઉતરસો ભવપાર રે
''ગંગાસતી'' એમ જ બોલ્યા જેનો, વચનની સાથે વેવાર રે

ભાવનગર જિલ્લાના પાલીતાણાથી ૩૫ કિલોમીટર દૂર રાજપરા નામનું નાનકડું ગામ છે. ઓગણીસમી સદીના મધ્યભાગમાં એ ગામના ધર્મપરાયણ દંપતી ભાઇજીભા સરવૈયા અને રૂપાળીબાને ત્યાં ગંગાબાનો જન્મ થયો હતો. તેમનું બીજું નામ હીરાબા પણ હતું. એ જ ગામમાં હમીરભાઇ ખવાસને ત્યાં દીકરીનો જન્મ થયો હતો. એનું નામ પાનકી પાડવામાં આવ્યું. ગંગાબા અને પાનકી સરખી ઉંમરના હતા. પાનકીનું નામ પાછળથી પાનબાઇ થઇ ગયું.

ગંગાબા ઉંમરલાયક થયા એટલે તેના લગ્ન ભાવનગરના ઘોળા પાસેના સમઢિયાળા ગામના કલભાબાપુ તરીકે જાણીતા કલાજી ગોહેલ અને વખતુબા ના પુત્ર કહળસંગ સાથે નક્કી કરાયાં. ૧૮૬૪માં બંનેના લગ્ન થયા એ અગાઉ પાનબાઇ દુઃખી થઇ ગયાં હતા. ગંગાબા કાયમ માટે રાજપરા છોડીને સાસરે જશે અને પોતે એકલી પડી જશે એ વાત તેના મનમાં સતત ઘોળાઇ રહી હતી. ગંગાબાના ધ્યાનમાં એ વાત આવી એટલે તેમણે પાનબાઇના માતા-પિતાની

પરવાનગી લીધી અને પાનબાઇને પોતાની સાથે સાસરે લઇ જવાનું નક્કી કર્યું. એ વખતે ક્ષત્રિય કુટુંબોમાં દિકરીને સાસરે વળાવતી વખતે ઘરકામમાં મદદ કરવા માટે દિકરીની સાથે વડારણ (એટલે કે ચાકરબાઇ) મોકલવાનો રીવાજ હતો. ગંગાબાની સાથે પાનબાઇ પણ સમઢિયાળા ગયાં. ગંગાબાના પતિ કહળસંગ પણ ભગવાનના માણસ હતા. રોજ તેમનાં ઘરમાં પ્રભુભજન થતાં અને તેમના ઘરે સતત સાધુ-સંતોની આવન જાવન રહેતી હતી. આ દંપતીની ભકિતની સુવાસ ચોતરફ ફેલાઇ ગઇ અને કહળસંગ બાપુના નામેથી જાણીતા થઇ ગયા અને પાનબાઇ કહળસંગ અને ગંગાબાના ભકત બની ગયા.

પણ ૧૮૯૪ ના જાન્યુઆરી મહિનામા કોઇના કટુવેણથી કહળસંગે તેમની સિદ્ધિનો ઉપયોગ કર્યો. ગંગાબાએ (જે હવે ગંગાસતી તરીકે ઓળખાતા થઇ ગયા હતા) કહળસંગને કહ્યું કે તમેં કોઇના કટાક્ષયુકત વેણને કારણે અહૃંમથી કૃત્ય કર્યુ છે. કહળસંગને ગંગાસતીની વાત સમજાઇ ગઇ. તેઓ ત્રણ દિવસ એકાંતમાં જતા રહ્યા અને પછી તેમણે નિર્ણય કર્યો કે મારા મનમાં અહૃંમ ભાવના જાગી તેના પ્રાયશ્ચિત રૂપે હું સમાધી લઇશ.

કહળસંગના આ નિર્ણયને ઉચિત ગણાવતા ગંગાસતીએ પણ સમાધી લેવાનું નક્કી કર્યું. પણ ભગત બાપુ તરીકે જાણીતા થઇ ગયેલા કહળસંગે કહ્યું કે, તમારો સમય હજી થયો નથી, પણ આ પાનબાઇએ જીવનભર આપણી સેવા કરી છે. તેને પણ આત્માજ્ઞાન મેળવવાની ઇચ્છા છે. તેને અડધે રસ્તે અપૂર્ણ મૂકાય નહી. હું જાઉ છું પણ તમે રોકાઇ જાવ. પાનબાઇને પૂર્ણતાનો અનુભવ કરાવીને પછી આવો. આપણે બેઉ સાથે સમાધી લઇશું તો આપણા ઘરનો ઘરમ જાશે. ગંગાસતી ભગત બાપુની વાત માની ગયાં અને ૨૧ જાન્યુઆરી, ૧૮૯૪ના દિવસે ભગત બાપુએ સમાધી લઇ લીધી.

અધ્યાત્મના ઊંચા શિખરે પહોંચેલા ગંગાસતીએ ભગત બાપુની સમાધીના બીજા જ દિવસથી પાનબાઇને ભકિતના પાઠ ભણાવવા શરૂ કર્યા. તેઓ રોજ એક ભજન રચતાં અને માતાના વાત્સલ્યથી તેના ભાવાર્થ અને ગૂઢાર્થ પાનબાઇને સમજાવતા. આ નિયમ બાવન દિવસ સુધી ચાલ્યો અને ગંગાસતીએ બાવન ભજન દ્રારા પાનબાઇને ભકિત, યોગ અને જ્ઞાનની ઊંડી સમજણ આપી. તેમણે પાનબાઇને જીવનજાગૃતિ માટે જરૂરી પુરુષાર્થ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, અભય તથા સંત અને ગુરુની સેવાના પાઠ ભણાવ્યા.

ગંગાસતીએ પતિને આપેલું વચન પુરું કર્યા પછી પંદર માર્ચ, ૧૮૯૪ના દિવસે ગંગાસતીએ દેહત્યાગ કર્યો. ગંગાસતીએ સમાધિ લઇ લીધી. એ પછી પાનબાઇ એકલા પડી ગયા. ગંગાસતીએ સમાધિ લીધી એ પછી પાનબાઇએ ત્રણ દિવસ સુધી આત્મચિંતન કર્યુ અને પાનબાઇએ પણ ત્રણ દિવસમાં ત્રણ ભજનની રચના કરીને ૧૯ માર્ચ,૧૮૯૪ના દિવસે દેહત્યાગ કરી દીધો.

ગંગાસતી, કહળસંગ અને પાનબાઇ કલ્પનાતીત જીવન જીવી ગયા અને પૂર્ણજ્ઞાન પ્રાપ્તિના સંતોષ સાથે સ્વેચ્છાએ દેહત્યાગ કરી ગયા. ગંગાસતીએ પાનબાઇને ઉપદેશ આપવા માટે જે ભજનો લખ્યાં એ ભજનો ગાગરમાં સાગર સમાન છે. ગંગાસતી અત્યંત સરળ ભાષામાં છતાં અત્યંત ઊંડાણવાળા ભજનોની રચના કરીને ગુજરાતી પ્રજા પર મોટો ઉપકાર કરી ગયાં છે.

શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને જે વાત કહી હતી એ વાત ગંગા સતી અત્યંત તળપદી ભાષામાં ઉપરોકત ભજનમાં કહી ગયા છે. શ્રીકૃષ્ણએ સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા અર્જુનને કહી હતી. ગંગાસતીએ એ વાત ગામઠી બોલીમાં નાની નાની વ્યાખ્યા દ્રારા રીપિટ કરી છે. ગંગાસતી કહી ગયા છે કે મેરુ (પર્વત) ડગી જાય, બ્રહ્માંડ ભાંગી પડે કે ગમે એવી આફત આવી પડે પણ જેનું મન ડગે નહિ, તે માણસ હરિનો જન હોવાનું પ્રમાણ છે.

જાતપાત ન પુછીયે કોય હરિ ભજેસો હરિકા હોય

શ્રી ગંગાસતીજી સંતને ''હરિનો માણસ'' સાથે સરખાવે છે. આજે માણસ એ માત્ર માણસ નથી રહ્યો એ તો આજે બીજા અનેક પ્રકારનાં વિશેષણો સાથે ફરે છે. એક આપણો માણસ બીજો ઘરનો માણસ ત્રીજો મારો માણસ ચોથો તારો માણસ પાંચમો સમાજનો માણસ છઠ્ઠો પરાયો માણસ સાતમો અજાણ્યો માણસ આઠમો ખોટો માણસ નવમો સાચો માણસ એવી રીતે અનેક પ્રકારનાં માણસો આ જગતમાં રહે છે. પણ ગંગાસતીના મત મુજબ સૌથી શ્રેષ્ટમાં શ્રેષ્ટ માણસ કોઇ હોય તો ''હરિનો માણસ'' જેની પાસે નવધા ભકિતનું નિર્મળ જ્ઞાન છે. અને જે પ્રતિદિન એ જ જ્ઞાનના આધારે જીવન જીવે છે.

રાગ : બિભાસ

નવધા ભકિતમાં નિર્મળ રહેવું પાનબાઈ શીખવો વચનનો વિશ્વાસ
સદગુરૂજી ને પુછી પગલા ભરવાને, થઈને રહેવું તેના દાસ ...નવધા
રંગ અને રૂપમાં રમવું નહિને પાનબાઈ કરવો ભજનનો અભ્યાસ
સદગુરૂ સંગે રહેવું એકાંતમાને, તજી દેવી ફળ કેરી આશા ...નવધા
દાતા અને ભોકતા હરિ છે એમ કહેવું પાનબાઈ રાખવો નિર્મલ જ્ઞાન ...નવધા
સદગુરૂ ચરણોમાં શીશ નમાવું ને, ધરવા ગુરૂજીના ધ્યાન ...નવધા
અભ્યાસીને એવી રીતે રહેવું પાનબાઈ જાણી લેવો વચનનો મર્મ ...નવધા
ગંગાસતી. એમ જ બોલ્યાં ને, છોડી દેવા અશુધ્ધ કર્મ ...નવધા

નવધા ભકિત વિશે સંત તુલસીદાસજીએ માનસનાં અરણ્ય કાંડ માં વર્ણન કરી બતાવ્યું છે.

પ્રથમ ભકિત સંતન કર સંગા દુસરી કથા મમ રતિ પ્રસંગા
ગુરૂપદ પંકજ સેવા તીસરી ભકિત અમાન
ચોથી ભકિત મમ ગુણ વર્ણન કર હી કપટ તજી ગાન
મંત્રજાપ મમ દૃઢ વિશ્વાસા પંચમ ભજન સો વેદ પ્રકાશા
છઠ દમ શીલ બિરતી બહુ કર્મા નીરત નિરંતર સજન ધરમાં
સાતવ સમ મોહિ મય જગ દેખા મોતે સંત અધિકકર લેખા
આઠવમ યથા લાભ સંતોષા સપને નહિ દેખહી પર દોષા
નવમ સરલ સબ સન છલ હીના મમ ભરોષ હીય દરષ ન દીના.

નવધા ભકિતના નવ યજમાનો

ભાવાર્થઃ-

૧ શ્રવણ * રાજા પરિક્ષીત
૨ કીર્તન * મુનીનારદ
૩ સ્મરણ * પ્રહલ્લાદ-ધ્રુવ
૪ સેવા * લક્ષ્મીજી-લક્ષ્મણ
૫ પુજા * પૃથુરાજા
૬ વંદન * અક્રુરજી
૭ હાસ્ય * હનુમાનજી
૮ સખ્ય * અર્જુન
૯ સમર્પણ * બલીરાજા

ઉપર બતાવ્યા પ્રમાણે નવધા ભકિતમાં એક એક ભકિતના યજમાનશ્રીઓ બતાવ્યા છે. તેવી રીતે દસમી પ્રેમલક્ષણા ભકિતના મુખ્ય યજમાન ભકત કવિશ્રી મીરાંબાઈ છે. એના જીવનને જાણ્યા પછી ''પ્રેમલક્ષણા'' ભકિતનો સાચો મર્મ તથા અર્થ સમજાશે.

- મીરાં -

મેરે તો ગીરિધર ગોપાલ દુસરોન કોઈ
જોકે શીર મોર મુગટ મેરો પતી સોહી

ગોવિંદો પ્રાણ અમારો રે મન જગ લાગ્યો ખારો
મને મારો રામજી ભાવે રે બીજો મારી નઝરે નાવે

પ્રેમ લક્ષણાભકિતમાં મીરાંબાઈનું નામ અગ્રગણ્ય છે. મીરાંબાઈનો જન્મ સંવત ૧૫૫૫ માં થયો હતો. તેના પિતાનું નામ રતનસિંહ રાઠોડ હતું. રતનસિંહને સંતાનમાં ફકત મીરાં જ હતી તેથી તે ખૂબ લાડકોડમાં ઉછરી હતી. રાવ દુદાજી મીરાંના દાદા થાય. તે મોટા વૈષ્ણવ ભકત હતા. ભકિતના સંસ્કાર નાનપણથી જ મીરાંબાઇ પર પડેલા.

સુંદર બીજારોપણ :-

રાજમેહલ પાસેથી એક દિવસ વરઘોડો પસાર થતો હતો. તે જોઇ ભોળી નાની મીરાંએ દાસીને પુછયું, આ શું છે? ઘોડા પર બેઠા છે તે કોણ છે ? દાસીએ સમજાવ્યું તે ''વર'' છે અને તે પરણવા જાય છે. એક દિવસ તમારે માટે પણ આવી રીતે ઘોડે ચઢી વર આવશે. નાનકડી મીરાંને વર ની કલ્પના સારી લાગી અને મા પાસે જઇ પોતાને માટે વર લાવી આપવાની હઠ પકડી ભોળી નાની મીરાંની નિર્દોષ હઠ જોઇ માઁએ તેને ગિરિધરલાલની મૂર્તિ આપી કહ્યું, જા તારા લગ્ન આની જોડે કર્યા. નાનકડી મીરાં ખૂબ ખુશ થઇ અને ગિરિધર ગોપાલનું સ્મરણ કરવા લાગી. એક તો દાદાની ભકિત અને ગિરિધર ગોપાલ સાથે માઁએ કરાવેલા લગ્નથી મીરાં પર પ્રભુ ભકિતના સંસ્કાર વધારે સુદઢ થયા.

બાળહઠ :-

એક વખત દાદાની પાસે સાધુ આવ્યા. સાધુ પાસે ગિરિધર ગોપાલની મૂર્તિ હતી. મીરાંને એ મૂર્તિ ખૂબ ગમી ગઇ તેણે સાધુ પાસે મૂર્તિની માંગણી કરી. સાધુ કહે 'આ મૂર્તિ મારા પ્રાણથી પણ વ્હાલી છે હું વ્રજમાંથી તે લાવ્યો છું તે મારાથી નહિ અપાય' દાદા દુદાજીને મીરાં કહે, 'મને એ મૂર્તિ અપાવો' દુદાજીએ મૂર્તિના બદલામા ઘણું દ્રવ્ય આપવાનું કહ્યું પણ સાધુ એકનો બે ન થયો રાજસત્તાના ભયની લાગણી તેના મનમાં જાગી અને તેથી તે જોધપુર છોડી જતો રહ્યો. કુંવરી મીરાંની માગણીએ જોર પકડયું. તે ખાતી નથી, પીતી નથી અને તેણે ઉપવાસ શરૂ કર્યા. દુદાજીએ જયમલને થોડા સૈનિકો સાથે સાધુ પાછળ દોડાવ્યો. જયમલ સાથે તેમણે સંદેશો કહેવડાવ્યો કે ગિરિધર ગોપાલની મૂર્તિ વગર એક નાની બાળકી પ્રાણ અર્પણ કરવા તૈયાર થઇ છે. સાધુએ મીરાંની ભકિત જોઇ તેને તે મૂર્તિ આપી. આવી હતી મીરાંની પ્રભુભકિત. ધીરે ધીરે આ ભકિતનું રૂપ એટલું બધું વધી ગયું કે તે ભકિત કરતાં કરતાં નાચવા લાગે અને કયારેક મૂર્છિત પણ બની જાય. તેનું આવું વર્તન રાજકુટુંબમાં ખટકવા લાગ્યું. પરંતુ દુદાજીની ધાકને લીધે કોઇ બોલી શકતું ન હતું.

રંગમા ભંગ :-

હવે વડીલ વર્ગે મીરાંબાઇને પરણાવવાનો નિર્ણય કર્યો. કોઇ સારા વરની શોધ થવા લાગી. મીરાં તો પરણવાની જ ના પાડે. તે કહે મારા લગ્ન તો ગિરિધર ગોપાલની સાથે થઇ ગયા છે, મારી માઁ એ તે કરાવી આપ્યા હતા. આવી વાત સાંભળી રૂઢિચુસ્ત રાજકુટુંબ સળવળી ઉઠયું. સિસોદિયા કુળના પાટવી કુંવર ભોજરાજ સાથે મીરાંનું સગપણ નક્કી થયું. મીરાં મુંઝાવા લાગી. તેની દાસીએ તેને સમજાવી અને કહ્યું, મંડપમાં જયારે ફેરા ફરવાના હોય ત્યારે અમે ગિરિધર લાલની મૂર્તિ ત્યાં પધરાવીશુ. ભોજરાજ જોડે ફેરા ફરે ત્યારે તું એમ જ માનજે કે ગિરિધરલાલ સાથે તું ફેરા ફરી રહી છે. હજારો લોકોની વચ્ચે તું ગિરિધર વર જોડે પરણીશ. ભલે રાણો ખુશ થતો. આ વાત કોઇને કહીશ નહિ. આમ મીરાંને ભોજરાજ સાથે પરણાવી. રૂપરૂપનું અંબાર સમી મીરાં સાસરાવાસમાં બધાને પંસદ આવી. પરણ્યા પછી વરવહુના છેડાછેડી છોડાવવા એકલિંગજીના દર્શને જવાનું હતું. સાસુએ મીરાંને કહ્યું કે કુલદેવતાને પગે લાગો. મીરાં એમની એમ જ ઉભી રહી. પછી જવાબ વાળતાં તે બોલી, માતાજી મને માફ કરો મારાથી ગિરિધરલાલ સિવાય કોઇને માથું નહી નમાવાય. આ મકકમતા સાસુને વસમી લાગી ગઇ. ભોજરાજે આ જાણ્યું પણ તે કંઇ બોલ્યા નહીં.

બીજોમાંથી અંકુરો ફૂટયાં :-

મીરાંએ પોતાનાં ખંડમાં ગિરિધરલાલને પધરાવ્યા, તેમની પૂજા કરતી અને ભજન ગાતી. મીરાં ભોજરાજને લૌકિક પતિ માનતી, તેમની સેવા કરતી. પોતાના અલૌકિક પતિ ગિરિધરલાલમાં તેને ખૂબ આસકિત હતી, તેવી આસકિત તેને ભોજરાજમાં ન હતી. પતિપત્ની વચ્ચે લૌકિક વહેવાર ચાલતો. ભોજરાજ શૂરવીર હતા, છતાં મીરાંના સંસ્કાર અને પ્રેમનું મૂલ્ય સમજતાં. મીરાંની કૃષ્ણભકિત તેમને ગમતી નહીં, પણ તેને તે દૂષણ માનતા ન હતા. મીરાંને રાજી રાખવા તે રોકટોક કરતા નહિ. છેવટે મીરાંની શુદ્ધ ભકિતની સતત ધારાથી તે ભીંજાયા. તેમણે મીરાંબાઇ માટે ગિરિધરલાલનું અલગ મંદિર બંધાવ્યું. હવે તો સાધુ સંતો પણ મંદિરમાં આવવા લાગ્યા. સાધુ સંતો, જોડે મીરાં ભજનો કરતી, નાચતી અને ક્વચિત મૂર્છિત પણ થઇ જતી. સંસારવ્યવહારનું તેને ભાન ન રહેતું.

ક્સોટી કાળ-અંતે સોનાની શુદ્ધિની પ્રતીતિ :-

આ વાતો નણંદ અને સાસુ પાસે ગઈ. બેઉ મીરાંની નિંદા કરવા લાગ્યા. મા તો ભોજરાજનો વાંક કાઢતી. તે કહેતી કે, 'ભોજરાજે મંદિર બંધાવી આપી એને ફટવી મૂકી છે.' નણંદ ઉદેમતી મીરાંને સમજાવવા ગઈ. ઉલટું મીરાંએ બંનેને ભોજરાજ અને ઉદેમતીને કહ્યું કે, "તમે પણ સાધુની સંગત કરો. તમારો બેડો પાર થઈ જશે." મીરાંની વાત સાંભળી ઉદેમતીને રીસ ચઢી, તેની આંખો લાલ થઈ ગઈ અને તેનામાં વેરના બીજ રોપાયા.

મધરાતે ચિત્તોડના રાજમહેલમાં એક સ્ત્રી જાગતી હતી. તેનો વૈરાગ્નિ ભભૂકી ઊઠયો હતો. ભાભીને પાંસરી કરવાના ઈરાદે તે ઉઠીને મીરાંના ઓરડા પાસે ગઈ. બારણું અંદરથી બંધ હતું. અંદર દીવો બળી રહ્યો હતો. બારણાંની તિરાડમાંથી તેણે અંદર નજર કરી તો મીરાં કોઈની સાથે વાતચીત કરતી હતી. મીરાં પ્રભુ ગિરિધર ગોપાળને કાલાવાલા કરી વિનવી રહી હતી. ખુબ જ પ્રેમભાવથી ભરપૂર તેની વાણી હતી. આ સાંભળી ઉદેમતીના ગુસ્સાનો પાર રહ્યો નહીં. મીરાં પાસે કોઈ પરપુરૂષ આવ્યો છે એમ કહી, જલદી જલદી તે ભોજરાજને બોલાવી લાવી. ભોજરાજ ઉઘાડી તલવારે ઓરડા તરફ ધસી આવ્યા અને મીરાંને બારણું ખોલવા કહ્યું. મીરાંએ બારણું ખોલ્યું, ઉઘાડી તલવારે રાણો અંદર દોડયો. મીરાં બાજુએ ખસી ગઈ. દાંત કચકચાવી રાણાએ મીરાંને કહ્યું, 'કયાં ગયો તારો પ્રેમી ? મીરાં કહે, મારો પ્રેમી તો ગિરિધરલાલ છે. એને મેં કયાંય સંતાડયો નથી, એને કોણ સંતાડી શકે ? રાણા ભોજરાજે પૂછયું 'તું કોની સાથે વાત કરતી હતી ? તારો પ્રિયતમ કોણ છે ? મને જલ્દી બતાવ નહિતર તારું માથું કાપી નાખીશ' મીરાં એ કહ્યું હું મારા પતિ ગિરિધર ગોપાલ સાથે વાતચીત કરતી હતી, રાણાએ રોષથી મીરાં પર તલવારનો ઘા કર્યો પણ તલવાર હવામાં જ તુટી ગઈ. મીરાં સામે શાંત ઉભી હતી. આ જોઈને એણે પોતાનું ખડગ કાઢયુ તો તેને મીરાંના બે રૂપ દેખાવા લાગ્યા. રાણો દ્વિધામાં પડી ગયો કે કંઈ મીરાંને મારવી ? રાણો હતાશ થઈ ઝંખવાણો પડી પાછો હઠયો. મીરાંની ભકિત સાચી હોવાની તેને ખાત્રી થઈ. કેટલીક દાસીઓ ત્યાં આવી હતી એ બધાએ આ દશ્ય નિહાળ્યું અને પછી તો ધીમે ધીમે ઉદેમતી પણ મીરાંની સખી બનીને તેની ભકિતના વખાણ કરવા લાગી.

અચળ તીવ્ર ભક્તિ :-

ભોજરાજ વિચારશીલ પુરૂષ હતા. મીરાંની ભકિત અચળ છે. એમ માની તેમણે મીરાંને સતાવવાનું બંધ કર્યું. ચિત્તોડના રાજમહેલમાં મીરાંને રોકટોક ન રહી. આખા મેવાડમાં મીરાંની ભકિતની વાતો થવા લાગી.

આમ છતાં મીરાં ચતુર હતી. તે દુન્યવી વ્યવહાર કંઈક સમજતી હતી અને તેથી રાણાને બીજું લગ્ન કરવાની સલાહ આપી એટલું જ નહીં પણ તે માટે આગ્રહ પકડયો. છેવટે રાણાએ બીજું લગ્ન કર્યું. નવી રાણીથી ભોજરાજને સંતોષ થયો એ જાણીને મીરાંને આનંદ થયો. પ્રેમદીવાની મીરાંના દસ વર્ષો આ રીતે ગિરિધર ગોપાલની ભકિતમાં ગયા. થોડા સમય પછી ભોજરાજ બીમાર પડયા અને થોડા દહાડામાં મરણ પામ્યા. મીરાં વિધવા બની.

મીરાંનો દિયર વિક્રમાજિત ગાદીએ બેઠો. મીરાંને તો વૈધવ્યનું દુઃખ જ લાગ્યું ન હતું. એનો પતિ તો અજર, અમર હતો. મીરાંની ભકિત વધી, મીરાંનો મહેલ મંદિર બની ગયો.

તીવ્ર કસોટીકાળ :-

પરતું સાથે જ હવે મીરાંની કસોટી વધી, તેનો દિયર અવિચારી અને કાચા કાનનો હતો. ભકિતને તે ધતિંગ માનતો. મીરાંનું સાધુસંતોની સાથે ભજન કરવું, નાચવું વગેરે રાજકુટુંબના માણસોને ગમતું નહિ. રાણાના સેવક નવા હતા. રાણાના કાન ભંભેર્યા. આ બધું બંધ થવું જોઈએ. એમ માની ઉદેમતીને સમજાવવા મોકલી, પણ તે મીરાંને સમજાવી શકી નહીં. ચંપા અને ચમેલી નામની બે દાસીઓને મીરાંની ચોકી કરવા માટે રાખી. પરતું લોઢા જેવા હૃદયની ચંપા અને ચમેલીને પણ ભકિતરૂપી પારસમણિનો સ્પર્શ લાગ્યો.

રાણાના પ્રયાસ નાકામ જતા હતા. વિક્રમાજીત અકળાવા લાગ્યો. સ્ત્રી અને તે પણ મોટાભાઈની વહુ, તેનો વધ કેવી રીતે થાય ? મીરાં મરે તો જ કુટુંબનું કલંક ટળે. રાણાએ યુકિત કરી, તેણે વિષ ઘોળાવ્યું. વિષનો પ્યાલો ભરી તેણે મીરાંને મોકલાવ્યો અને કહેવડાવ્યું કે પ્યાલામાં ભગવાનનું ચરણામૃત છે. ચરણામૃત સમજી મીરાંએ પ્યાલો લીધો અને સહેજ પણ વિચાર ન કરતા પી ગઈ. દાસી ને થયું કે મીરાં હમણા જ મરી જશે, પણ હળાહળ ઝેરની કંઈ જ અસર મીરાં પર ન થઈ. ઝેર લાવનાર દાસી મીરાંબાઈની ભકિત સમજી અને હે પણ ભકતમંડળમાં જોડાઈ ગઈ. વાત રાણા પાસે પહોંચી રાણો બીજી યુકિત કરવા પ્રેરાયો. રાણાએ એક કાળી નાગણ મંગાવી એક દાબડામાં મૂકી તે રત્નજડિત દાબડા તેણે મીરાંને મોકલાવ્યો. દાસીએ દાબડો મીરાં આગળ મૂકી કહ્યું ' આમાં બાલમુકુંદની મૂર્તિ છે. ગોકુળથી એક સાધુ

આવ્યા હતા તેમણે રાણાજીને આપી હતી, તે આપને માટે ભેટ મોકલાવી છે.' મીરાં આનંદિત બની દાબડો ખોલે છે તો ખરેખર બાલમુકુંદની મૂર્તિ હસતી દેખાણી. દાસી તો ડરી ગઇ. કાળી નાગણને બદલે મૂર્તિ કયાંથી આવી ? તેને પણ મીરાંની ભકિતનાં દર્શન થયા.

ગુરૂમિલન :-

એક દિવસ ગામની ભોગોળે આવેલા હરિજનવાસમાં કોઇ પ્રભુનું ભજન કરતું હતું. તે હતા ચમાર રૈદાસ. તેના હાથપગ ચામડાં ચૂંથતા હતા, પણ મન હરિસ્મરણમાં હતું. મીરાં તેનું ભજન સાંભળી રહી. સંત રૈદાસ માટે તેના મનમાં ભાવ પેદા થયો. તે સંતને આગ્રહથી તેણે પોતાના ગુરૂ બનાવ્યા. મીરાંની ભકિતને રૈદાસે નવો ઝોક આપ્યો. પ્રેમલક્ષણાભકિતનું રહસ્ય તેની પાસેથી મીરાંને મળ્યું. મીરાંએ રૈદાસને ગુરૂ બનાવ્યા હતા. આ વાતના અવળા પડઘા પડયા મીરાં હરિજનવાસમાં જાય છે, રૈદાસની પૂજા કરે છે, તેણે કુળલાજ નેવે મૂકી છે, આવી વાત જાણી રાણા તેને મારવા દોડયો પણ ઉદેમતીએ એને રોકયો. રાણાએ હવે મીરાંની અવરજવર પર અંકુશ મૂકયો. ચંપા અને ચમેલીને સજાગ કરી. સાધુસંતોને મહેલમાં આવવાની મનાઇ કરી. આવી કડગતથી મીરાંને ત્રાસ થયો. મીરાં અકળાવા લાગી. સંત તુલસીદાસને પોતાની માહિતી આપી પત્ર લખ્યો અને સલાહ માંગી. તેમણે જવાબમાં કહ્યું કે સગાસબંધી હરિભજન કરવાની ના પાડે તો તેને તજી દેવા જોઇએ. હરિવિમુખને તજવામાં અધર્મ નથી. તુલસીદાસજીની સલાહ અનુસાર તેણે છોડવાનો નિર્ણય કર્યો વિરોધીઓ જાણીને ખુબ રાજી થયા પણ તેની સખીઓને બહુ દુઃખ થયું. ઘર ન છોડવા માટે તેમણે ખૂબ વિનંતીઓ કરી.

વૈરાગણ :-

મીરાં અચળ રહી. સંસારની માયા તેને સ્પર્શતી ન હતી. તેને હવે વૈરાગ્ય બનવું હતું. તેણે પ્રવાસની તૈયારી કરી. કયાં જવું તે નક્કી ન હતું. ગિરિધરલાલ લઇ જાય ત્યાં જવું ! જવાને વખતે બધા ભકતોને બોલાવ્યા અને મીરાંબાઇએ ભજનની શરૂઆત કરી. પ્રેમદિવાની મીરાં મૂર્છા પામી ઢળી પડી. મૂર્છામાં મીરાંને ગિરિધરગોપાલે કહ્યું કે, તું વૃદાંવન આવ. પછી મીરાં મેવાડ છોડી વૃદાંવન ચાલી નીકળી.

પ્રેમદિવાની :-

મીરાંની વૃદાંવન યાત્રા અપૂર્વ હતી. રાજમહેલમાં ઉછરેલી કુંવરી રાણી ઉગાડા પગે ચાલી નીકળી. સંત મીરાંની યાત્રા ગંગાના પવિત્ર પ્રવાહ જેવી બની ગઇ. ગામેગામના સ્ત્રી-પુરૂષો એના આશીર્વાદ લેવા દોડી જતા.

મીરાં વૃદાંવનમાં આવી જમુના ઘાટે ઉભી રહી. કદંબ ના ઝાડ જોવા લાગી, આંનદથી તેના રૂંવાટા ઉભા થઇ ગયા. અહીંની કુંજેકુંજ અને ઝાડવાં તેને પરિચિત લાગ્યા. મીરાં જાણે રાધા બની ગઇ. રાધા બનેલી મીરાં કનૈયાને સાદ પાડવા લાગી. પ્રેમના ગીતો ગાતી મીરાં વૃદાંવનમાં ઘૂમવા લાગી. એની વિરહવાણીથી વૃદાંવન ડોલી ઉઠયું. મીરાંનું સખીમંડળ રચાયું. વૃદાંવનમાં ઝલક આવી. ભારતના સંતો વૃદાંવન આવવા લાગ્યા. આ રીતે મીરાં વૃદાંવનમાં રહેવા લાગી.

મેવાડની દશા :-

મીરાંએ મેવાડ છોડયું તે પછી ત્યાં આફત આવી. રજપૂતોમાં કલહ થયો. બહાદુરશાહે ચિત્તોડ પર ચઢાઇ કરી. તેમા રજપૂતો હાર્યા, રજપુતોનો સંહાર થયો. રજપૂતાણીઓ ચિતા સળગાવી બળી મરી. આ આફત વખતે લોકો મીરાંને યાદ કરવા લાગ્યા. ભારતભરમાં ફેલાયેલી ભકત મીરાંની ખ્યાતી ચિત્તોડ પણ પહોંચી હતી. લોકોને લાગ્યું કે સાધ્વી મીરાંબાઇના દેશવટાનું પાપ તેમને નડયું. આથી તેને બોલાવવા નગરના ડાહ્યા માણસો ગયા, પણ મીરાં માની જ નહિ. આખરે રાણાએ સાધુવેશે મીરાં પાસે જઇ ભિક્ષામાં મેવાડ પાછા ફરવાની વિનંતી કરી તે મીરાંને ચિત્તોડ પાછી લાવ્યો. ચિત્તોડની પ્રજા આનંદ પામી. મીરાં પ્રસંગોપાત વૃદાંવન જઇ આવતી.

ચિત્તોડના મહેલમાં સાધુવેશે અકબર અને તાનસેન આવ્યા. અકબર તો મીરાંને નિહાળી સ્તબ્ધ થઇ ગયો. બાદશાહને તો ત્યાંથી પાછા જવું ગમતું ન હતું. તે પોતાના નામવાળો રત્નજડિત હાર ભેટમાં મૂકી ગયો. આ હાર જોઇ ભકતમંડળમાં ચર્ચા થવા લાગી. વાત રાણા સુધી પહોંચી રાણો ગુસ્સે થયો કે રજપૂતાણીઓને સૂર્ય ચંદ્ર જોઇ શકતા નથી અને યવન બાદશાહ ચરણસ્પર્શ કરી જીવતો અહીંથી સલામત કેમ ગયો ? મીરાંના મહેલમાં સાધુસંતોને આવવાની મનાઇ કરી. મીરાંને ફરી મન દુઃખ થયું. રાણાની નજર કેદ તેને સાલવા લાગી. એમાંથી છૂટવા ગિરિધરને તે પ્રાર્થના કરવા લાગી.

પ્રાર્થનાના ફળસ્વરૂપે જોધપુરનો કારભારી મીરાંને લઇ જવા આવ્યો. રાણાની સમંતિથી પોતાના ભાઇ જયમલ રાઠોડને ત્યાં જવા મીરાં ચાલી નીકળી. ત્યાં પણ જેવું ચિત્તોડમાં થયું હતું તેવું જ થયું. જયમલને બહેનના ચારિત્ર્યની પૂરેપૂરી ખાત્રી હતી પણ લોકલાજ આગળ લાચાર એવા રાઠોડે પણ સાધુસંતોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો. ગિરિધર સિવાય પોતાનું કોઇ નથી એમ મીરાંને લાગવા લાગ્યું અને જયમલ પાસે દ્વારકા જવાની રજા મેળવી.

દ્વારકામાં રણછોડરાયના દર્શન કરી ત્યાં જ પ્રભુભકિતમાં તેણે દિવસો ગાળવા લાગ્યા. જયમલ રાઠોડે પાછા આવવાનો સંદેશો કહેવડાવ્યો. વળી ચિત્તોડથી પણ રાજપુરોહિતો મીરાંને પાછી બોલાવવા વિનંતી કરતા આવ્યા, કારણ ફરીથી ત્યાં આફતોની શરૂઆત થઇ હતી. બંનેએ પાછા લઇ જવા આગ્રહ પકડયો. ચિત્તોડના બ્રાહ્મણોએ તો ઉપવાસ કર્યા, પણ મીરાંબાઇની આ વેળા જરા પણ ઇચ્છા ન હતી. ગિરિધરગોપાળને છોડી કયાંય જવું ન હતું. છેવટે અતિશય આગ્રહ થતા મીરાંએ કહ્યું, રણછોડરાયને પૂછીને પછી જવાબ આપીશ. પુરોહિતોએ મીરાંના વચન ઉપર વિશ્વાસ રાખીને ઉપવાસ છોડયા.

સાયુજય મુક્તિ :-

મીરાં હવે કલાકોના કલારો મંદિરમા બેસી પ્રભુને દર્શન આપવા વિનંવતી હતી. મીરાંનો ભાવાવેશ વધતો ગયો. તે દેહ તથા દુનિયાનું ભાન ભૂલી ગઇ. રણછોડની મૂર્તિ હસી રહી, તેજનો ઝબકારો થયો અને મીરાં રણછોડરાયમાં સમાઇ ગઇ. સાયુજય મુકિત પામી. આ રીતે મીરાં પ્રભુપદને પામી, તેની અમર વાણી તે વારસામા મૂકતી ગઇ.

-: સાખી :-

મીરાં કહે, એવા વરને શું કરૂં જે આજ હોય કલ મર જાય
વરૂં મારા વર વીઠલાને મારો ચુડલો અમર હો જાય
ચુંદડી ઓઢું તો રંગ ચુએ રંગબેરંગી હોય
ઓઢું કાળો કામળો દુજો દાગ ન લાગે કોય

મીરાં અહીંયા ભકિતના રંગની વાત કરતા કહે છે કે બીજા અનેક રંગોમાં એક રંગ ભકિતનો છે જે રંગ એક વખત લાગ્યા પછી છુટવો ન જોઇએ અને એ રંગ ને બીજો અન્ય દાગ લાગવો ન જોઇએ. એક કવિ કહે છે કે,

સત્ય પ્રેમ સ્વરૂપ એક રંગી વહેમના રંગ હજાર

પ્રેમીઓ એક રંગમાં જયારે વહેમીઓ અનેક રંગોમાં વિચરતા હોય છે. એક વખત સાધુતાનો રંગ લાગ્યા પછી એના જીવનમાં વારંમવારે આવીને સંસારનાં રંગો છમકલા કરતા હોય એ સાધુ માટે સારૂં નહિ તેથી મીરાંબાઇ કહે છે કે,

રાગ :

શ્યામપિયા મોરી રંગ દે ચુંનરીંયા (૨) ...ટેક૦
લાલ ન ઓઢું પીળી ન ઓઢું ઓઢું મોરે શ્યામ કી કાળી કામડીયાં ...શ્યામ૦
ઐસો જો રંગ દે પીયા રંગ ન છુટે જોબન ધોયે ચાહે સારી ઉમરીયાં ...શ્યામ૦
બીના રંગાઇ ઘરનાં જાવું ચાહે બિત જાય મોરી સારી ઉમરીયાં ...શ્યામ૦
મીરાં કહે પ્રભુ ગીરીધરનાગર ચરન કમલ મોહે લાગી નઝરીયાં ....શ્યામ૦

મીરાંબાઇ કહે છે કે જયાં સુધી ઇશ્વરની અનુભુતિ ન થાય ત્યાં સુધી આખી જીદંગી વિતી જાય તો પણ જીજ્ઞાસા વૃતિ ખલાસ થવી જોઇએ નહિ કારણ કે, પ્રેમ નગરનો રસ્તો ખૂબ લાંબો છે. જેમાં ધીરજ મહત્વનો ભાગ ભજવે છે. ધીરજ વગર નો સમાજ મીરાંને બાંવરી અને નરસિંહ મહેતાને ગાંડામાં ગણે છે. મીરાંબાઇ ભગવાનને ફરિયાદ કરતા કહે છે કે, હે પ્રભુ સત્યનો માર્ગ પકડયા પછી લોક કહે મીરાં ભઇ બાઁવરી અને પરિવાર કહે કે મીરાં અમારા પરિવારનું નામ ડુબાડશે. (કુળ નાસી છે)

રાગ : માલકૌષ

પગ ઘુઘર બાંધ મીરાં નાચી રે ...(૨)
લોક કહે મીરાંભઇ બાઁવરી સાસ કહે કુળનાસી રે ...પગ
મૈંતો મેરે નારાયણ કી આપહી હો ગઇ દાસી રે ...પગ

વિષ ના પ્યાલા રાણે ભેજ્યા પીવત મીરાં હઁસી રે ...પગ
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર ચરણ કમલ ચીત રાચી રે ...પગ૦

સંતોની વાણી-વિચાર અનુભવ સિધ્ધ હોય છેં. કબીર સાહેબ કહે છે કે,

તું કહેતા હૈ કાગજ લેખી મૈં કહતા હું આંખે દેખી

પુસ્તકો વાંચ્યા પછી જાણકારી મળે પણ અનુભવી જ્ઞાન ન મળે. અનુભવ મેળવવા માટે ઇશ્વરનાં માર્ગે જવું જોઇએ. ઇશ્વરની અનુભુતી પામ્યા પછી મીરાંબાઇ કહે છે કે,

રાગ : દરબારી તાલ : હીંચ

ગોવિંદ લીનો મોલ મૈંને ગોવિંદ લીનો મોલ ...મૈંને
કોઇ કહે સસ્તા કોઇ કહે મંહગા મૈં લીનો અનમોલ ...મૈંને
કોઇ કહે હલકા કોઇ કહે ભારી મૈં લીનો તરાજુ તોલ ...મૈંને
વૃન્દાવન કી કુંજ ગલીમેં મૈં લીનો બજાવત ઢોલ ...મૈંને
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર યે પૂર્વજન્મ નાં બોલ ...મૈંને

કવિશ્રી પ્રિતમ કહે છે કે, અબ તો મીલના કઠીન હૈ કેમ કે, પાવ મેં પડી ઝંઝીર ઇશ્વર પ્રત્યે અનહદ પ્રેમ હોવા છતાં હજી સુધી એનો અનુભવ થયો નથી. એ સ્થિતીમાં જ્યારે સાધક આવે છે. ત્યારે વિરહ્ નામનો દર્દ ઉભો થાય છે. એની વેદનાનું વર્ણન કરતાં મીરાંબાઇ કહે છે કે,

રાગ : ભીમાલાસ

એ...રી... મૈં તો પ્રેમ દીવાની મેરા દર્દ ન જાને કોય ...ટેક
ના મૈં જાનુ આરતી બંધન ના પૂજા કી રીત
હૈ અનજાની દરશ દીવાની પાગલ મેરી પ્રિત
લી...હેરી... મૈંને દો નયનો કે દીપક લીયે સંજોગ ...એ..રી
ઘાયલ કી ગત ઘાયલ જાને જો કોઇ ઘાયલ હોય
જૌહર કી ગત જૌહર જાને જો કોઇ જૌહર હોય
લી...હેરી... મૈંને દો નયનો કે દિપક લીયે સંજોગ ...એ..રી
સુડી ઉપર સેજ હમારી કીસ બીધ સોના હોય
ગગન મંડલપે સેજ પિયાકી કીસ બીધ મીલના હોય
લી... હેરી.. મૈને દો નયનો કે દીપક લીયે સંજોગ ...એ..રી
દર્દ કી મારી બન બન ડોલી બૈધ મીલોના કોય
મીરાં કહે તબ પીર મીટેં જબ બૈધ સાઁવરીયો હોય
લી...હેરી.. મૈંને દો નયનો કે દીપક લીયે સંજોગ ...એ..રી

કવિશ્રી પ્રિતમ કહે છે કે,

પ્રેમ વિના પામેં નહિ ભલે હુનર કરો હજાર
કહે પ્રિતમ સત પ્રેમથી ભેદ વહેમ મીટ જાય
સત્ય પ્રેમ વ્રજનારનો વિસરી તન,ધન ધામ
કહે પ્રિતમ પ્રેમે કરી મળશે સુંદર શ્યામ

કવિશ્રી પ્રિતમ કહે છે કે, ભેદ અને વહેમ વધી જવા પાછળ મુખ્ય કારણ પ્રેમનો અભાવ છે. માટે પ્રેમ જીવનનો સર્વસ્વ ભાગ હોય તો તેમને મેળવવું જોઇએ. મીરાંબાઇ કહે છે કે પ્રેમના માર્ગે જતાં માર્ગમાં અડચણ ઉભી કરનાર તત્વો જેવા કે પરિવારના બંધન, કુળની મર્યાદા તથા રૂઢીચુસ્ત સમાજના રૂઢીવાદી તથા જડનિયમોનો ત્યાગ કરીશ પણ પ્રેમનો માર્ગ છોડીશ નહી કારણ કે... પ્રેમ જીવનનો સર્વોપરી અંગ છે. મીરાંબાઇ આગળ જતાં કહે છે કે હું ગીતા ભાગવત

 વાંચુંગી કારણ કે ભાગવત કથાએ પ્રેમસભર ભક્તિગ્રંથ છે પ્રેમની પરાકાષ્ટા માત્ર ભાગવતમાં જ જોવા મળે છે. મીરાંનો કહેવાનો અર્થ એ છે કે મને જ્યાંથી મળશે. ત્યાંથી પ્રેમ સંપાદક કરીશ અને એમ કરતાં કરતાં મને જેટલા બલીદાન આપવા પડશે એટલા આપીશ પણ માર્ગમાંથી ચલીત થઇશ નહિ.

મૈં ગીરિધર આગે નાચુંગી

મૈં ગીરિધર આગે નાચુંગી..................(૨)ટેક
નાચ નાચ પિયા સસિક રીઝાવું પ્રેમીજનકો જાચુંગી ...મૈં
પ્રેમ પ્રિતકે બાંધ ઘુંઘરૂ સુરતકી કછની બાંધુંગી ...મૈં
લોક લાજ કુલકી મર્યાદા યામેં એક ન રાખુંગી ...મૈં
જાય પિયાકે પલંગ પડુંગી મીરાં હરિરંગ રાચુંગી ...મૈં

મૈં હરિગુણ ગાવત નાચુંગી (રાગ : માલકૌષ)

મૈ હરિગુણ ગાવત નાચુંગી........................(૨) ટેક
અપને મહેલમેં બૈઠ બૈઠ કર ગીતા ભાગવત વાચુંગી ...૧
જ્ઞાન ધ્યાનકી ગઠરી બાંધકર રૂદય કમલમેં રાખુંગી ...૨
મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર સદા પ્રેમ રસ ચાખુંગી ...૩

પ્રેમની શુધ્ધ વ્યાખ્યા સમજાવતાં મીરાંબાઇ કહે છે કે મન ગંગા-જમના નીર જેવો પવિત્ર અને શુધ્ધ હોવો જોઇએ. એટલે જ તે પોતાના મનને કહે છે ચલ મન ગંગા-જમનાં તીર તું ત્યાં આવીને જોતો ખરો બળીભદ્ર સાથે ભગવાન સ્વયંમ મોર મુગુટ ધારણ કરીને આવશે. હે મન તારી પાસે અગર એટલી જ પવિત્રતા હશે તો ભગવાન તારી પાસે જરૂર આવશે.

રાગ : દરબારી તાલ : કેરવા

ચલ મન ગંગા જમના તીર ...(૨) ટેક૦
ગંગા-જમના નીરમલ પાની શીતલ હોત શરીર ...ચલ૦
બંસી બજાવત નાચત કાના સંગલીયે બલવીર ...ચલ૦
મોર મુગટ પિતાંબર સોહે કાને કુંડલ હિર ...ચલ૦
મીરાં કહે પ્રભુ ગીરિધર નાગર ચરન કમલ ચીત ધીર ...ચલ૦

આ ભજનમાં મીરાંબાઇ કહે છે કે, ચરન કમલ ચીત ધીર. પ્રેમનો અનુભુતી પામવા માટે ધીરજ રાખવી જોઇએ. એક કહેવત છે. ઉતાવળા સો બાંવરા ધીરાસો ગંભીર એક કવિ કહે છે કે ધીરજ રાખીને કરેલા કર્મોનું પરિણામ થોડું મોડું આવશે પણ આવશે જરૂર.

ભણતા પંડીત નીપજે લખતા લહીયો થાય
ચાર ચાર ગાઉ ચાલતા લાંબો પંથ કપાય

પ્રેમભકિતમાં ધીરજ અને આતુરતાનો સમન્વય હોવો જોઇએ. જેવી રીતે કુંભાર પાસે વાસણ ઘડતી વખતે ધીરજ અને આતુરતાનો સમનવય છે એવી રીતે ભકિતમાં પણ આતુરતા જોઇએ. ઢીલ નહી ચાલે કુંભાર પાસે આતુરતા ન હોય તો વાસણો તૈયાર ન થાય અને ધીરજ ન હોય તો સારા ન થાય અને સારા ન થાય તો વેંચાય નહિ અને વેંચાય નહિ તો છોકરા શું ખાય ? માટે ધીરજ અને આતુરતાનો સમનવય એટલે પ્રેમ લક્ષણા ભકિત.

રાધે તું બલભાગીની કોન તપસ્યા કીન
તીન લોકકે તરન તારન વો તેરે આધીન

કારણ કે પ્રેમલક્ષણા ભકિતમાં જેટલું સ્થાન મીરાંને છે એટલું જ સ્થાન રાધાનું છે. દ્વૈવ અને અદ્વૈત ની ચર્ચા દરમ્યાન શ્રી કૃષ્ણ અકુંરજીને કહે છે કે આપને દ્વૈત અને અદ્વૈત વિષે સમજવું હોય તો એક વખત આપ વૃદાંવનમાં

મારી આવો. ત્યાં તમને અધ્યૈત ભાવ દ્વારા શિક્ષણ પામેલી નદીયો, ધારાઓ, વનસ્પતીઓ વેલાઓ, જંગલ, ઝાળપાન તથા ભમરાનાં ગુંજન અને મધુર મોરલાનાં અવાજમાં પણ અધ્યૈત ભાવ જાણવા મળશે. એટલું જ નહિ આપને ગોપીઓને મળ્યા પછી તથા એની સાથે સત્સંગ કર્યા પછી અધ્યૈતની અનુભૂતી પ્રાપ્ત કરી શકશો. એટલું યાદ રાખજો કે પંડીતો તથા વિધ્વાનો પાસેથી માત્ર ધ્યૈત અને અધ્યૈતની ચર્ચા સાંભળવા મળશે પણ અધ્યૈતની અનુભૂતિ પ્રેમાળ હૃદય ધરાવતા સહેજ અને સરળ તથા નિર્મળ અંતકરણવાળા માણસો પાસેથી થશે.

વો...હી...મેરા શ્યામ હૈ (રાગ : માલકૌષ)

-: સાખી :-

નથી નીપજંતો પ્રેમ વાડીમાં પાણી પાતા
નથી મળતો પ્રેમ ભલે તેલ ચોપડો તાતા
નથી મળતો પ્રેમ ગાંધી દોશીના હાટે
નથી મળતો પ્રેમ ગોતતાં વાટે ઘાટે
નથી મળતો પ્રેમ ગુર્જરી જુઓ ગામેગામની
"નરભેરામ" પ્રેમ મળે જો કૃપા હોય ઘનશ્યામની

------ooooo------

નૈન મતવાલે હૈ બાલ ઘુઘરવાલે હૈ
બોલ પ્યારે પ્યારે હૈ નામ બનવારી હૈ
વો હી મેરા શ્યામ હૈ વો હી મેરા શ્યામ હૈ ...ટેક
કહા ઘનશ્યામને ઉધ્ધવકો જરા વૃંદાવન કો જાના
વહાંકી ગોપીઓકો જ્ઞાનકા કુછ તત્વ બતલાંના
બિરહકી વેદનામેં વો સદા બેચેન રહતી હૈ
તડપતી આહ ભરતી હૈ સદા રો રો કે કહતી હૈ ...વોહી
હસકર કહા ઉધ્ધવને મૈં અભી જાતા હું વૃદાંવન
વહાં જાકે દેખતા હું કૈસાહૈ અનુરાગકા બંધન
હૈ કોનસી વો ગોપીયાં જો જ્ઞાન કો કુછ કમ બતલાતી હૈ
નીર્થક લોકલીલામેં વૃથા યહી ગુણ ગાતી હૈ ...વોહી
ચલે મથુરાં સે જબ કુછ દુર તો વૃદાંવન નીકટ આયા
વહાંકી પ્રેમનગરીને અનોખા રંગ દીખલાયા
ઉલજકર વસ્ત્રમેં કાંટે લગે ઉધ્ધ કો સમજાને
તુમ્હારે જ્ઞાનકા પરદા ચીર દેંગે હમ પ્રેમ દિવાનેં ...વોહી
વીટપ ઝુકઝુક કર કહરહા થા ઈધર આઓ ઈધર આઓ
પપૈયા કહ રહાથા પી કહાઁહૈ કોઈ બતલાઓ
નદી યમુનાકી યે ધારા યહી કીલકાટ કરતી થી
સુનાતીથી ભમર ગુંજાર મધુબનસેં મધુર આવાજ આતીથી ...વોહી
બડકર ઉધ્ધવને કહા મૈં મથુરા સેં આયા હું
સંદેશા શયામકા સુનાતા હું જો મેં સાથ લાયા હું
જબ આત્મસતા હી અલગ નીગુર્ણ કહાતી હૈ
તુમ સબ મોહ વશ હોકર વૃથા ગુણગાન ગાતી હૈ ...વોહી
હસ કર કહા શ્રી રાધીકાને સંદેશા ખુબ લાયે હો

મગર યાદ રખો યોગી તુંમ પ્રેમ નગરીમેં આયે હો
સંભાલો યોગકી પુંજી કંઇ હાથોસેં ના નીકલ જાયે
તુમારી જ્ઞાનકી પોથી બિરહકી બેદનામેં ના ખાખ હો જાવે ...વોહી
અલગ હમ તુમ હૈ તો નઝર લગતી હૈ કીસીકો કીસીકી
અગર નિર્ગુણ હોતો કોન ખબર કરતા હૈ કીસીકો કીસીકી
ખુદ તુંમ નહિ સમજે કીસીકો યોગ કહતે હૈ
સુનો ઈસ તોરપે યોગી જો દ્વૈતમૈ અદ્વૈત રહતે હૈ ...વોહી
તુમ હો અદ્વૈતકે કાબીલ તો કયોં ઉપદેશ દેતે હો
ખુદ બ્રહ્મ હોકર બ્રહ્મકો તુંમ કયા સુનાતે હો
સુના જબ પ્રેમકા અદ્વૈત ઉધ્ધવકી ખુલ ગઇ આંખે
પડી થી જ્ઞાન મદકી ધુલ ઉસીમેં ઘુ લીની આંખે ...વોહી
હુવા રોમાંચ તન અંદર "બિંદુ" આંખો સેં નીકલ આયા
ગીરા શ્રી રાધીકા કે ચરનમે ગુરૂમંત્ર યહી પાયા ...વોહી

ભકત કવિ સુરદાસ

પ્રેમલક્ષણા ભકિતનો એક પાત્ર સુરદાસ છે. એક વખત સુરદાસ પોતે અંધ હોવાથી ભજન ગાતાં ગાતાં એક ખાડા માં પડી જાય છે. આસપાસમાં કોઇ કાઢવાવાળી વ્યકિત હાજર ન હોવાથી ભગવાન સ્વયંમ આવીને સુરદાસ ને ખાડા માંથી બહાર કાઢે છે. તે વખતે ભગવાનના શરીરનો સુરદાસ ને સ્પર્શ થાય છે. ત્યારે એના મનમાં વહેમ પેદા થાય છે. કે કદાચ મને ખાડા માંથી બહાર કાઢવાવાળો સ્વયંમ કૃષ્ણ તો નથી ને ? કારણ કે અનેક વખત સંતો પાસેથી એના બહારના સ્વરૂપના વર્ણનો સાંભળ્યા છે. જેમાં મોર મુગુટ પીતાંબર સોહીયે ગલે બૈજયંતી માલા એ બધું એમાં દેખાય છે. ત્યારે એણે ખાડામાંથી બહાર નીકળીને કૃષ્ણનો હાથ પકડી લીધો. ભગવાનનો માણસ ખાડામાં પડે અથવા તો દુઃખી હોય ત્યારે ભગવાનથી સહન થતું નથી. ભગવાને સુરદાસને બહાર કાઢી અને એના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને ભગવાન ભાગી જાય છે. ત્યારે સુરદાસ કહે છે

બાંય છોડાવત જાત હો નિર્બલ જાનત મોય
રૂહીયે સેં જો જાબસો તો મર્દ બખાણું તોય

સુરદાસ ભગવાનને ઉદ્દેશીને કહે છે કે આપ સબળ હોવાથી મારો હાથ છોડાવીને જઇ શકો છે પણ મારા હૃદય માંથી નીકળી બતાવો તો હું તમને મર્દ કહું !!! મથુરાથી આગ્રા જતાં રસ્તામાં રુનકુતા (જૂના કાળનું રેણુકાશ્રમ) નામનું ગામ આવે છે. અહીં આવ્યા પછી જમદગ્નિ, પરશુરામ અને રેણકાનું જીવંત ચરિત્ર વાંચવા મળે છે. પ્રભુકાર્ય માટે આત્મબલિદાનની વેદિ સળગાવી, સત્તા અને સંપતિના કેફમાં ઉન્મત્ત થયેલા ક્ષત્રિયોને ડામી, સંસ્કૃતિની ભવ્ય પરંપરાને આવા મહાન ચરિત્રોએ જવલંત રાખી છે. આ રુનકુતાની પાસે વાસ્તુ ગામને છેવાડે એક ઝૂંપડી હતી. કાળને જાણે પડકાર કરતી ન હોય તેમ તે ઉભી હતી અને આ જીર્ણ ઝૂંપડીનો રક્ષણ કરનાર હતો એક સુરદાસ. વાસ્તુ ગામને એક અનેરું ભાવસૌંદર્ય હતું, તેને કંઇ જુદી જ જીવન સુવાસ હતી. તે પવિત્ર જગ્યાના દર્શન કરતા દિલ ભરાઇ આવે છે.

અંતશ્ચક્ષુ

ઈતિહાસકારો એના અંધત્વ માટે ચર્ચા કરે છે. કોઇ કહે છે કે સુરદાસ જન્મથી જ આંધળો હતો, તો કોઇ કહે છે કે ત્રીજે વર્ષે અકસ્માતથી અંધ થયો. અંધ હોવાથી તેના જીવનમાં આનંદ ખલાસ થઇ ગયો હતો. સૂર્ય ઉગે છતાં દેખાય નહીં, યમુનાજીના ખળખળ વહેતા નીરનો અવાજ સંભળાય પણ તે કાળા છે કે ગોરા તેનું દર્શન થાય નહીં. ભગવાન ને સુરદાસની આંખો શા માટે લઇ લીધી હશે ? ભગવાન ને તેના અંતચક્ષુ ખોલવા હશે તેથી જ તેના બર્હિચક્ષુ લઇ લીધાં હશે. ભગવાન ને તેની ભાવપૂર્ણ આંખો નયન મનોહર લાગી હશે તેથી લઇ લીધી હશે, કાં તો પછી તેને અનેરી અનુભૂતિ મળે તેથી તેની આંખો લઇ લીધી હશે.

નયનોં કી કરી કોઠરી, પુતલી પલંગ બિછાય પલકોં કી ચિક ડાલ કે પિય કો લિયા રિઝાય.

ગૃહત્યાગ :-

સુરદાસ તેના મા-બાપનું ચોથું સંતાન હતા. ચોથું બાળક જન્મે અને તેમાં એ જન્મતઃ અંધ એટલે કોને હર્ષ થાય? સર્વત્ર તેની ઉપેક્ષા થવા લાગી અને આ ઉપેક્ષાથી કંટાળી તેણે એક દિવસ ઘર છોડયું. ઈતિહાસકારો કહે છે કે તેના ત્રણ ભાઇઓ અને બાપ મુસલમાનો નાં દ્રેષનાં ભોગ બન્યા હતા. તેથી ઉદ્વિગ્ન અને તપ્ત થયેલા હૃદયે સુરદાસે ઘર છોડયું હતું.

ભાગ્યોદય :-

અથડાતો કુટાતો સુરદાસ એક ગામમાં પીપળાનાં વૃક્ષની નીચે વિસામો લેવા બેઠો. જેની ગાય ખોવાઇ ગઇ હતી તે, ગામનો પટેલ યોગાનુયોગ તે બાજુથી નીકળ્યો. તેણે આ ચક્ષુહીન છોકરાને પૂછયું ' તેં મારી ગાય જોઇ ?' આ ક્ષણે જન્માંતરના પુણ્યનો ઉદય થયો. તેના વિકટ દિવસનો જાણે હવે અંત આવવાનો હતો. સુરદાસે પટેલને કહ્યું, 'અહીંથી જમણા હાથે ફલાણાના ખેતરમાં મેં તમારી ગાયને ચરતી જોઇ છે.' તપાસ કરતાં પટેલને સુરદાસે કહેલા સ્થળેથી ગાય જડી અને સુરદાસનું ભાગ્ય ખૂલ્યું. પટેલે ચમત્કાર માંની સુરદાસને નમસ્કાર કર્યા. અને ચમત્કારને જ નમવા ટેવાયેલા લોકોએ પણ પટેલનું અનુકરણ કર્યુ.

પટેલ સુરદાસને પોતાનો ઘરે લઇ ગયો અને સુરદાસની આગતા સ્વાગતા કરી. પટેલના ઘરે લોકો આવવા લાગ્યા અને સુરદાસને જાતજાતના પ્રશ્નો પૂછવા લાગ્યા. સુરદાસના જવાબથી લોકો ખુશ થતાં અને નાની મોટી ભેટો ધરતા. સુરદાસના દિવસો હવે પલટાઇ ગયા. હવે સુરદાસ ચક્ષુહીન અથડાતો અનાથ છોકરો ન હતો. 'સ્વામીજી' કહીને લોકો તેનું પૂજન કરતાં હતા. આ રીતે દસ-બાર વર્ષ ઝડપથી ચાલ્યાં ગયા, પણ સુરદાસને મનમાં સમાધાન થયું નહિ. આ બધી દેહપૂજા છે અને દેવપૂજા નથી એમ સુરદાસને મનમાં સતત થતું રહેતું.

'સ્વામીજી' માંથી ભક્ત :-

તે જન્માંતરનો યોગભષ્ટ જીવ હતો એથી એક દિવસ દેહ પૂજાથી કંટાળી એને ઘર છોડયું અને રુનકુતા નામના ''ગૌઘાટ'' પર આવ્યો. વહેતા પાણીનો અવાજ કાને પડતાં તેણે એક ભાઇને પૂછયું, 'ભાઇ આ શાનું પાણી છે' ? અને ઉત્તર મળ્યો, 'જમનાજીનું' જમનાજી શબ્દ સાંભળતા જ સુરદાસનું અંતકરણ ભીનું થયું. તેના અંતરના ઊંડાણમાંથી અવાજ ઉઠયો કે આ એ જ સ્થળ છે કે જ્યાં ગોપાલકૃષ્ણે લીલા કરી હતી. પ્રભુને ભેટવા તેણે હૃદયેથી આર્તનાદે હાંક મારી. તેના અવાજમાં પ્રભુવિયોગનું દુઃખ હતું, પ્રભુને ભેટવાની તાલાવેલી હતી અને અંતર ભક્તિભાવથી છલકાતું હતું.

સુરદાસ હવે લોકોના પ્રશ્નના જવાબ આપવાવાળો કે ભવિષ્ય કહેવાવાળો 'સ્વામીજી' રહ્યો ન હતો, પરતું ભક્ત થયો હતો. હવે તે ભાવપૂર્ણ ભજનો બનાવતો અને લોકોને કહેતો, 'હું સુરદાસ છું મારી પાસે બીજું કંઇ આપવા જેવું નથી. મારી પાસે ફક્ત ગોપાલ-કૃષ્ણનું નામ છે. તેને તમેં સૌ યાદ કરો. એ સૌ સારા વાના કરશે.

નિત્ય નવાં ભક્તિ ગીતો રચી, તબૂંરો લઇ તે લોકોને ગાઇ સંભળાવતો. તેની ભક્તિમાં આર્દ્રતા હતી અને ભાવપૂર્ણ અંતકરણ હતું જો કે હજુ અમૃતસિંચન થવાનું બાકી હતું. જ્યાં સુધી ભક્તિમાં અમૃતસિચંન થાય નહીં ત્યાં સુધી ભક્તિ કાચી ગણાય. સાચી ભક્તિ ત્યારે જ કહેવાય જયારે મન ભગવાનમાં ચોટી જાય.

વલ્લભાચાર્ય સાથે મેળાપ :-

ગોકુળ-વૃદાંવનની તીર્થયાત્રાએ નીકળેલા મહાન દાર્શનિક, શુદ્ધાદ્વૈતના પ્રણેતા, પરમ સંત શ્રી વલ્લભાચાર્યજી રુનકુતા ગામના ગૌઘાટ પર આવી પહોંચ્યા અને અહીંયા ભક્તિ પર તેમણે પ્રવચનો આપ્યા. લોકોને તેમના માટે અનહદ આદર અને પ્રેમ હતો. સુરદાસે પણ દિલમાં ભક્તિનો અખંડ સ્ત્રોત વહ્યા જ કરતો હતો. સુરદાસે પણ વલ્લભાચાર્યજીને પ્રત્યક્ષ મળવાની ઈચ્છાથી એક દિવસ સુરદાસ લાકડીના ટેકે ચાલતાં ચાલતાં તેમના ઉતારે આવ્યો. અંદરથી કોઇએ જવાબ આપ્યો, 'વલ્લભાચાર્ય જમવા બેઠા છે, પછી આરામ કરશે અને નમતા પહોરે મળશે.'

સુરદાસે કહ્યું, 'કંઇ વાંધો નહીં, હું અંધ છું અને વલ્લભાચાર્યના દર્શને આવ્યો છું. દર્શન કરીને જઇશ. ત્યાં સુધી હું અહીં બેસી રહીશ.' વલ્લભાચાર્યને પ્રતિહરીએ જણાવ્યું કે કોઇ એક અંધ આપના દર્શને આવ્યો છે અને તેને મેં કહ્યું છે કે આપ સાંજે મળશો. વલ્લભાચાર્યને થયું કે મને કોઇ મળવા આવે અને હું વિશ્રાંતિ લઉ ? ' એ ચક્ષુહીનને જોઇને જ મને શાંતિ મળશે' કહી વલ્લભાચાર્યે સુરદાસને અંદર બોલાવ્યો અને વિનંતી કરી, 'સુરદાસજી, હું દુનિયાને સંભળાવું છું પણ આજે તમેં મને સંભળાવો.'

સુરદાસનો કંઠ ભક્તિ ગીત ગાતાં ગાતાં ગળગળો થઇ ગયો. ગીતનો ભાવર્થ હતો, 'હે ભગવાન, હું કેટલો પતિત

છું. તું અનાથો નો નાથ છે, તને કંઇ રીતે ઓળખું ? હે પ્રભુ, આ દીનની સામે એકવાર કૃપાદૃષ્ટિ નાખ.'

સુરદાસની દીનવાણી સાંભળી વલ્લભાચાર્યે કહ્યું, 'સુરદાસજી, તમારો કંઠ મધુર છે પણ ભગવદ્ ભકતની વાણીમાં દીનતા શોભે નહીં. ભાવનાથી ભકત ગળગળો ભલે થાય પણ દીન થઇને રડે નહીં.'

સુરદાસે ખુલાસો કર્યો, 'ભગવંત, શું કરું ? હું જન્મથી અંધ છું. હજુ સુધી કોઇ સંતનો સમાગમ થયો નથી, અને જીવન લાચારીમાં વ્યતીત કરવું પડયું છે, તેથી વાણી કયાંથી તેજસ્વી હોય ? તમેં મને તમારો શિષ્ય બનાવી મારી વાણીની દીનતા દૂર કરો અને શૂરની ભકિત સમજાવો.' ત્યાર પછી વલ્લભાચાર્યે સુરદાસને 'અષ્ટાક્ષરી મંત્ર' આપ્યો અને તે મંત્રનો જપ કરવા કહ્યું. પછી પોતાના સ્વમુખે સુરદાસને ભાગવત્‌નો દશમસ્કંધ કહી સંભળાવ્યો.

ભક્તિમાં અમૃતસિંચન :-

વલ્લભાચાર્યના સ્વમુખે સુરદાસ રસામૃતનું પાન કરવા લાગ્યો. હવે સુરદાસની ભકિતમાં અમૃતસિંચન થયું. તેની ભકિત તેજસ્વી બની અને દીન વાણી જતી રહી. હવે સુરદાસ કહેવા લાગ્યો, ' પ્રભુ ! હું તમારો દીકરો છું. તમેં મને દર્શન નહીં આપો તો બીજા કોને આપશો ?

સુરદાસનાં ભકિતપદોમાં પણ વાણીનો વિલાસ નથી દેખાતો, સૂર અને આલાપ નજરે નથી પડતો, પણ અંતરનો ભાવ, દિલનો વલોપાત અને ભગવાનને મળવાનો તલસાટ સ્પષ્ટ દેખાય છે. કહે છે કે જેમ નામદેવ કીર્તન કરતાં ત્યારે પાંડુરંગ નાચતાં તેમ સુરદાસના ભજનના તાલ પર ભગવાન શ્રી નાથજી નાચતા હતા. સુરદાસ ભજન ગાતા પહેલાં શ્રીનાથજીને મનોમન આંખ સામે લાવતા અને પછી ભજનનો પ્રારંભ કરતાં.

ભગવાનને ભક્તિથી ડોલાવ્યા :-

વલ્લભાચાર્યના નિજધામ ગયા પછી શ્રી વિઠ્ઠલનાથજીને થયું કે ભગવાનના આઠે પ્રહર ભકિત થઇ શકે તે માટે અષ્ટભકત કવિઓ નિયુકત કરવા. તેમને સુરદાસને વિનંતી કરી, 'આઠમું કીર્તન આપ કરશો ?' અને કહેવાય છે કે સુરદાસ જયારે ભજન ગાતાં ત્યારે તે પ્રહરમાં શ્રીનાથજી ડોલતા હતા, નાચતા હતા. આ બતાવે છે કે હવે તેની ભકિત વિશુદ્ધ થઇ હતી, તેની ભકિતમાં અમૃતસિંચન થયું હતું. જન્માંતરનો પુરુષાર્થ કરી આવેલા આ મહાન જીવે ભગવાનને પોતાની ભકિતથી ડોલાવ્યા.

પ્રભુમાં વિલીનતા :-

એક દિવસ સુરદાસની તબિયત બગડી, તેથી કીર્તનમાં હાજરી આપી શકયા નહીં. વિઠ્ઠલદાસજી પોતે ઉઠીને સુરદાસજીની ખબર કાઢવા તેમની ઝૂંપડીએ ગયા અને પૂછયું. ' આજે કીર્તનમાં કેમ ન આવ્યા ' ?

સુરદાસે અતી નમ્રતાથી જવાબ આપ્યો, 'હવે પુષ્ટિમાર્ગની મર્યાદા બહાર જવા હું નીકળ્યો છું. જીવનનો છેડો નજદીક આવતો દેખાય છે, ભગવાનનું તેડું નજર સામે આવતું દેખાય છે. આંખ સામે રાધાકૃષ્ણની મૂર્તિ દેખાય છે.'

સુરદાસ પ્રભુને વિનવે છે, 'મારો આવતો જન્મ છે કે નહીં તે ખબર નથી, પણ પ્રભુ જો મારો બીજો જન્મારો હોય તો તારા ચરણોમાં જ મારું ચિરકાળ માટે સ્થાન રાખજે.' રાધાકૃષ્ણની મૂર્તિ નજર સામે રાખીને ભજન ગાતાં ગાતાં સુરદાસ તલ્લીન થયા અને જે ક્ષણે કીર્તન પૂરું થયું તે જ ક્ષણે તે પ્રભુમાં વિલીન થયાં.

સુરદાસના જન્મ અને મરણના છેડા જોયા પછી આપણે પ્રતીત થાય છે કે નર અપણી કરની કરે, તો નર કા નારાયણ હોય. સુરદાસે પ્રભુભકિતથી વલ્લભ સંપ્રદાયની શાન વધારી. કૃષ્ણભકિતનાં અનેક ગીતો અને ભજનો રચીને તેંમણે હિંદી ભાષાની સમૃદ્ધિ વધારી. સુરદાસના ભજનોનો સંગ્રહ 'સુરસાગર' નામે પ્રસિદ્ધ છે. અહીં એમની પ્રખ્યાત રચનાનો સવિસ્તાર વર્ણન કરવામાં આવેલ છે.

પ્રેમલક્ષણા ભકિતના સર્વોચ્ચ શીખરે પહોંચેલી ગોપીઓ તથા માતા જશોદા વચ્ચે કનૈયાને માધ્યમ બનાવીને થોડી બોલાચાલી થાય છે. વારંમવારે ગોપીઓ દ્વારા મળતાં રહેલા ઠપકાં સાંભળીને જશોદા માઁ પણ થાકી ગયા છે. આજે એણે ઉગ્ર સ્વરૂપે ગોપીઓને કહ્યું કે, વારંમવારે તમેં સૌ ગોપીઓ સાથે મળીને મનેં ગાળો આપી જાઓ છો. એ યોગ્ય નથી. ગોપીઓ કહે છે, જશોદા અમેં ગાળો નથી આપતાં પણ ઠપકો આપીએ છીએ. સુરદાસ એનું વર્ણ કરતાં કહે છે.

રાગ : દેશ તાલ - કેરવા

ગાલી મત દે સખી જશોદા કો જાયો (૨)...ગાલી૰

દધીકી મટુકીયાઁને કુઠરીયાં ભરાયો (૨)
મૈં કહું તોયે સખી નાહીં તરસાયો ...ગાલી૦
દધીકી મટુકીયાઁને કુઠરીયાં ભરાયો (૨)
તોલ તોલ લૈજો સખી જાંકો જે તો ખાયો ...ગાલી૦
"સુરદાસ" પ્રભુ પ્યારે નેક હું ન દુજો ન્યારે (૨)
કાન જૈસો પુત મૈંને પુરે પુન્ય પાયો ...ગાલી૦

સવાર પડે ને ઠપકાની શરૂઆત થાય તે સાંજ સુધી આવતાં જ રહે. એક દિવસ જશોદા ગોપીઓને કહ્યું કે તમેં કૃષ્ણના વિચારોને સમજી નથી શકતા એટલે સૌ ફરીયાદો લઇને આવો છો. કૃષ્ણનો મટકી ફોડવા પાછળનો તાત્પર્ય એ છે કે તમેં સૌ અગર મથુરા નગરીમાં જઇને ભોગવાદી સમાજને દુધ-દહીં ઘેર બેઠાં પુરું પાડશો તો એ કોઇ દિવસ પણ ગાયો પાળશે નહીં. જેના લીધે પશુધન ઓછો થઇ જશે. જેને ઘરની અંદર કોઇ આવીને દુધ આપી જતું હોય એ પછી બહાર રહીને ગાયો કેમ પાળે ? એનાં કારણે ગૌ સર્વધન નાં કાર્યો અટકી જશે. કાનાના વિચારોને તમેં સમજવાની કોશિષ કરો. પછી તમારી ફરીયાદો આવતા અટકી જાશે.

કનૈયાનું મુખ્ય કામ ગૌ સવર્ધનનો છે.

આજે ભોગવાદી સમાજ એટલે જ ફાવ્યો છે કે એને ભોગના સાધનો ઘેર બેઠાં આવીને મળે છે. જેનાં લીધે ભોગવાદી સમાજ શ્રમભક્તિથી દિવસે દિવસે વિમુખ થતો જાય છે. પરિણામે ભોગના બળે પોતાની અંદર રોગ ઉત્પન્ન કરે છે. સૌથી પહેલાં તે ધનનો ઉપયોગ કરીને રોગ લાવે છે અને રોગને કાઢવા માટે ફરીથી ધનનો ઉપયોગ કરે છે. જશોદા માઁ ગોપીઓને કહે છે કે આ સ્થિતી ઉપર ભોગવાદી સમાજ આવીને અટકયો છે. જે વિષય કૃષ્ણને ગમતો નથી. ભોગવાદી સમાજ આળસુ-ઉપદ્રવી અને શોષણ વૃત્તિ ધરાવતો હોય છે.

ગાંધીજી પોતાનું કામ જાતે કરવાનું એટલે, કહેતા હતા કે તમેં સૌ એનાં લીધે તદુંરસ્ત રહેશો. નહિ તો તમારો ભોગ તમને ખાઇ જશે. ભોગ અને વાઘ એ બે પ્રાણીઓ એવા છે કે એને જે વેંઢારે એને એ ખાઇ જાય.

હવે તો નગરોની રચના જ એ પ્રમાણે થાય છે કે જેમાં ગાયને રહેવા માટે કોઇ અવકાશ રહયો નથી. શહેરીજનો ગાય કરતાં કૂતરાને ખુબ મહત્વ આપે છે. આપણે કૂતરાવાળાના ઘેર જઇએ છીએ. ત્યારે ફરજીયાત એના કૂતરાને રમાડીએ છીએ એનાં માથા ઉપરથી હાથ ફેરવીએ છીએ અને સાવ ખોટા ખોટા કૂતરા તથા કૂતરાનાં માલિકના વખાણ કરીએ છીએ. એ જો ન કરીએ તો ઘરધણી નારાજ થઇ જાય છે. પણ એની ગાયનાં વખાણ કરો કે ન કરો એમાં ઘરધણી લેશમાત્ર નારાજગી દર્શાવતો નથી.

સાત્તીક ખાઓ અને તંદુરસ્ત રહો

તુલસી ઈસ સંસાર મે પાખંડી કા માન
ગૌરસ બી કે ગલી ગલી મદીરા બીકે દુકાન ...સંત તુલસીદાસ

શ્રી કૃષ્ણે કરેલી બાળલીલામાં માખણ દ્વારા સાત્વીક આહારનો મહિમાં સમજાવે છે. માખણ ચોરી ને મટકી ફોડીને. તથા ગોકુળ ગામથી મથુરામાં દુધ-દહીં લઇ જતી મૈયારીઓની મટકીઓ લુંટીને સમાજને એક સંદેશ આપે છે. કે તમેં સાત્વીક આહારનાં હીમાયતી બનો. ઘરમાં બની શકે એટલો વધારે દુધ-દહીંનો સેવન કરો. સાત્વીક ખાઓ અને તદુંરસ્ત રહો. સુરદાસના કૃષ્ણભક્તિ સબંધીત ગણા પદો છે. જેમાં માખણ સબંધીત એક પ્રચલિત પદ છે.

રાગ : દેશ તાલ - કેરવા

સુન મૈયા મોરી મૈં નહિ માખન ખાયો ...ટેક૦
ભોર ભયો ગૌઅન કે પીછે મધુબન મોહે પઠાયો
ચાર પ્રહર બંસીબટ ભટકયો સાંજ પડી ઘર આયો ...સુનમૈયા
મૈં નન્હાં મેરી બૈયાં છોટી કીસબીધ છીકો મૈંને પાયો
યે ગ્વાલ બાલ સબ બૈર પડે હૈ પરવશ મુખ લપટાયો ...સુનમૈયા
તું જનની મન કી અતી ભોલી ઈનકો કહે પતિયાયો

તેરે મનમેં ભેદ હૈ મૈયા તું જાને પરાયો જાયો ...સુનમૈયા.
યે લે અપની લકુટી કમલીયા તુંને બહુત હી નાચ નચાયો
''સુરદાસ'' તબ હસી યશોદા લૈઈ ઉર કંઠ લગાયો ...સુનમૈયા.

ભગવાત્‌ની કથામાં એક ભાવ આવે કે, કાનાનાં સગપણ માટે જશોદા રાધીકા ની માં પાસે જાય છે. અને કાના અને રાધીકા દ્વારા આપણે બે પરીવાર એક બીજા સાથે જોડાઈ જઈએ. એવી ઈચ્છા દર્શાવિ છે. અને મૈયા જશોદા કાનાના ગુણોનું વર્ણન કરે છે તે વર્ણન રાધીકાની માઁ થી સહન થયું નહિ અને મૈયા જશોદા સામે રાધાની માઁ કાનાના અવગુણોનું વર્ણન કરે છે. જેનો સવિસ્તાર વર્ણન સુરદાસજી ભજન દ્વારા સમજાવે છે.

રાગ : પીલ્લુ

કાન તેરો કાલો મૈયા કૈસે દઉં મેં રાધે ...ટેક.
કાન તેરો ઐસો કાલો જૈસી રૈન અંધેરી
મેરી રાધીકા ઐસી ગોરી નવલખ તારો મેં ચાંદકો ઉજાલો ...કૈસે.
કાલો કાલો મત કર ગ્વાલણ કાલો જગ ઉજીયારો
પાતાળે જઈ કાલી નાગ નાથ્યો નાગ કે ફુંકનસેં બનગયો કાલો ...કૈસે.
યમુના કિનારે ગાયો ચરાવે કાલી કમલી વાલો
મહિ માખન યે ચોરી ખાતો કૈસે કરે મેરી રાધે કો ગુજારો ...કૈસે.
વૃંદાવનમેં રાસ રચાયે મોહન મોરલી વાલો
''સુરશ્યામ''બલીહારી કનૈયા મીઠો લાગે મને નંદનો દુલારો ...કૈસે.

ભકત કવિશ્રી સુરદાસ ના કૃષ્ણ અને યશોદા સબંધી ઘણા પદો છે. એક વખત સંન્યાસીનું રૂપ લઈને શ્રી શીવજી ગોકુળમાં કનૈયાના દર્શન કરવા આવે છે. સંન્યાસી ને જોઈને યશોદા મૈયા ગભરાઈ ગયા અને કાનાને ઘરમાં સંતાડી દીધો. અને પોતે ઘરની બહાર આવીને સંન્યાસીને ભીક્ષા આપવા આવે છે. પણ સંન્યાસી ભીક્ષા લેવાની ના પાડે છે. સંન્યાસીને કનૈયાના દર્શન કરવા સિવાય અન્ય કોઈ ઈચ્છા ન હતી સુરદાસજી ઉપરોકત પ્રસંગનું ભાવપૂર્વક વર્ણન કરે છે. મૈયા તેરે દ્વારે બાલા યોગી આયો

રાગ : દેશ તાલ - હીંચ

મૈયા તેરે દ્વારે બાલા યોગી આયો...(૨) ટેક.
અંગ વિભૂતિ ગલે રૂદ્રમાલા શેષનાગ લીપટાયો
બાંકો તીલક ભાલે ચંદ્રમાં ઘર ઘર અલખ જગાયો ...બાલા
લે ભીક્ષા નીકલી નંદરાની કંચન થાલ ભરાયો
લ્યો ભીક્ષા જોગી જાઓ આસનપે મેરો બાલક તુમસેં ડરાયો ...બાલા
ના ચહિયે તેરી દોલત દુનીયા ના ચહિયે કંચન માયા
અપને ગોપાલકા મૈયા એકબાર દર્શનકરને આયો ...બાલા
પંચબેર પ્રદક્ષિણા કરકે શૃંગી નાદ બજાયો
''સુરદાસ'' બલીહારી કનૈયા યુગ યુગ જીવેમૈયા તારો જાયો... બાલા

એક વખત બે સખીયો આધ્યાત્મીક ચર્ચા તથા જ્ઞાન ગોષ્ટી કરતાં કરતાં એક ગામથી બીજે ગામ જતી હતી. રસ્તામાં એક હરણ અને હરણીનું જોડુ મૃત અવસ્થામાં પડયું હતું તેને જોઈને એક સખી બીજી સખીને પુછે છે કે, હે સખી !

ખડાન દીખે પારધી લગાન દીખે બાણ
મૈં પુછું તોયે સખી કીસ બીધ નીકલે પ્રાણ ?

હું તને એમ પુછું કે આસપાસ નથી કોઈ શિકારી નથી હરણ કે હરણીના શરીર ઉપર કોઈ ઘાવ તો પછી આ પ્રેમી યુગલને કોણે માર્યા હશે ? આધ્યામિક કક્ષાની સખી એ જવાબ આપ્યો કે,

નીર થોડાને પ્રિત ઝાઝી ઐકય જીવન પ્રમાણ
તુંપી તુંપી તુંપી... યું કહકર નીકલે પ્રાણ

હે ! સખી હરણ અને હરણી બને તરસ્યા હતા તેથી તેઓ પાણી માટે તડફડતા હતા રસ્તામાંથી પસાર થતી વખતે એક નાનું ખાબોચીયું મળયું પણ એમાં પાણી અપુરતું હતું. એક પ્રાણીની પણ ક્ષુધા શાંત થઇ શકે એવી સ્થિતી નહોતી તેથી હરણીએ હરણ ને કહ્યું કે તું પી. હરણે કહ્યું તું પી ફરી હરણી એ કહ્યું તું પી આગળ જતા કવિ કહે છે. કે બે માંથી કોઇએ ન પીધું અને તરસી જોડીના તરફડતા તરફડતા પ્રાણ નીકળી ગયા. એનું નામ પ્રેમ આ જગતમાં ઘણા બધા સબંધો હોવા છતાંય પ્રેમ સબંધ સૌથી શ્રેષ્ટ સબંધ છે. સુરદાસજી પોતાનાં પદમાં કહે છે કે,

સબસેં ઉંચી પ્રેમ સગાઇ

રાગ : ભૈરવી તાલ - કેરવા

સબસેં ઉંચી હૈ પ્રેમ સગાઇ ...(૨)
દુર્યોધન કા મેવા ત્યાગી ભાજી વિદુર ઘર ખાઇ ...સબસેં॰
જુઠે ફલ શબરી કે ખાયે બહુ વિધ ભોગ લગાઇ
પ્રેમ કે વસ નૃપ સેવા કીંની આપ બને હરિનાયી ...સબસેં॰
રાજસુખ યજ્ઞ કીધો યુધિષ્ઠિરને તાંમે જુઠ ઉઠાઇ
પ્રેમ કે વસ અર્જુન રથ હાંકયો ભુલ ગયે ઠકુરાઇ ...સબસેં॰
ઐસી પ્રિત કીની વનરાવન ગોપીઅન નાચ નચાઇ
''સુરદાસ'' ઇસ લાયક નાંહી કહ લગ કરૂં બડાઇ ...સબસેં॰

''ખટાઉ ગાયે ખંતથી''

આધ્યાત્મિક જગતમાં ઘણાં એવા સંતો છે કે જે રહે છે સંસારમાં પણ સંસારમાં રહીને કાવા દાવા કરી ઉપસી આવવાનાં મિથ્યાં પ્રયત્નો કરતાં નથી. જેનાં વૈભવી આશ્રમો, વૈભવી ચેલાઓ, વૈભવી રહેણીકરણીએ બંધુ હોવા છતાંય સમાજ એમને સંન્યાસી તથા ગુરૂગાદીપતી તથા મહંત તરીકે ઓળખે છે. પણ સંતોની હરોળમાં બેસી શકવાને તે અસમર્થ છે. જગતમાં સમાઇ જાય એનું નામ સંત જગતમાં સમાઇ જવાનો અર્થ થાય છે સ્વઃ નો સ્વઃ માં સમાઇ જવું પુજય નારાયણ સ્વામી સંતવાણીમાં કહેતા હતા કે, અપને આપ મેં આપ સમાજા. એવા એક સંત કે જેણે જગતમાં ઉભરી આવવા માટે થોડાં ઘણાં પણ પ્રયત્નો કર્યા નથી. એણે એક '' પ્રેમલક્ષણા '' ભકિતનાં રંગે રંગાયેલી તથા શ્રી કૃષ્ણ જીવન દર્શન કરાવતી એક રચના બનાવી છે.

રાગ : પીલ્લુ તાલ - હીંચ

મોહન આંજી મોરલી મીઠી કેળા કાંમણ કૈઆ
કેળા કામાણ કેયા ભલાભલા ભાન ભુલી વેઆ ...મોહન॰
ગોકુલ ગામજી ગોપીએંજા ચીત ચરેયા થેયા
ગોવાળીયા પણ કમ છહેને રંગમેં રમી વેઆ ...મોહન॰
જાદુગરી જમનાજીજા નીર સ્થિર થેયા
વાછરા ધાંઇયેં ગાંઇયેં કે સે અધુરા રેયા ...મોહન॰
શામળેજી સંગીત જા સુર પર્ચા પુજી વેઆ
શંકરજી સમાધી છુટી જોગીડા જાગી વેઆ ...મોહન॰
બ્રહ્માંજી પણ ભાન ભૂલી વેદ વીસરી વેઆ
નારદ અચી નાચ કરીં ગોવીંદ ગમી વેઆ ...મોહન॰
કૃષ્ણ આંજી કળા ન્યારી કો.ન. બુઝેં બેયા
આંજેડા અન અવનીયતે થીંધા નકો થેયા ...મોહન॰


પ્રેમ ભાવ ભકિત અર્સે આંજે ચરણે પેયા
''ખટાઉ'' ગાયે ખંતથી ઈ...પાર પુજી વેયા ...મોહન。

સૌરાષ્ટ્રમાં સત્તાર શા નામના એક થઈ ગયેલા કવિએ વિરહ સાથે જોડાયેલી ''પ્રેમલક્ષણા ભકિત'' દ્વારા લખાયેલી ગોપીગીત અનુરૂપ રચના માણવા જેવી છે.

રાગ : પીલ્લુ તાલ - કેરવા

મોહે નીંદ ગઈ મોહે ચૈન નહિ ગયે શ્યામ કુબજા પાસ રે ...દરસન બિનભઈ બાઁવરીયા
કુબજાને કછું કામણ કીંના શ્યામકો વસ કર લીના
બિરહ અગન ફુંકત હૈ સીનાં કીસ બીધ હોગા જીના ...સખિરી કીસબીધ હોગા જીના
કોઈ જાય કહો પીયુ પાસ રહો મેરે મનકી પુરો આશ રે ...દરસન બિનભઈ બાઁવરીયા
ઘરકી પ્રિત પસંદ નહિં આઈ કીની પ્રિત પરાઈ
ગોરી, રાધાકો બીસરાઈ કાલી કુબ્જા ભાઈ ...સખિરી કાલી કુબ્જા ભાઈ
નટવર નાગર આનંદ સાગર મૈં તવ ચરનોંકી દાસી રે ...દરસન બિનભઈ બાઁવરીયા
દાસ ''સત્તાર'' કહે દરસ દીખાઓ શ્યાંમ સુંદીર ઘર આવો
સુને પડે સબ ગોપ ગોપીયાં નાથ દયા દીખલાવો ...અબ મોહે નાથ દયા દીખલાવો
ગોકુલ સુના મધુબન સુના સુના યમુના ઘાટ રે ... સુની ફીરે સબ ગાવડીયાં

જય શ્રી ઓધવરામ



વાંઢાય વિસ્તારમાં ગુગળ વૃક્ષના ક્ષેત્રપાળ
શ્રી મહોબ્બતસિંહ સિંઘલ દરબાર-વાંઢાય, કચ્છ.

સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય પાંચમો

સાધના યોગ



-: સાખી :-

માલા ફેરત યુગ ગયા ગયાન મન કા મેલ
અબ કરકા મનકા ડાલકર મન કા મનકા ફેર

-:o:-

જીદંગી સુધારે બંદે અહિ તેરા કામ હે જીંદગી સુધાર ..ટેક૦
મનુષ્યકી દેહપાઈ હરિસે ન પ્રિત લાઈ વિષયો કે જાલમાંહી ફસિયા નિકામ હે
અંજલી કો નીર જૈસૈ જાવત શરીર તૈસૈ ધરે અબ ધીર કૈસે બીતત તમામ હે
ભાઈબંધુ,મીત,નારી કોઈન સહાયકારી કાલ યમ પાસધારી શીરપે મુકામ હે
ગુરુકી શરન જાવો પ્રભુકા સ્વરૂપ ઘ્યાવો બ્રહ્મમાનંદ મોક્ષપાવો સબ સુખધામ હે

બાવાશ્રી વિહારી સાહેબની ગાદીએ બિરાજયા બાદ શ્રી ગુરુદેવની સેવા તેમજ આશ્રમ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર પોતાને પ્રાપ્ત થયો છે. એમ સમજી બહુ જ કાળજીપૂર્વક અને સૂક્ષ્મ દ્રષ્ટિથી આશ્રમની સેવા કરી ને શ્રી ગુરૂ દરબારની પ્રતિષ્ઠા આખા કચ્છ પ્રાંતમાં મહારાજશ્રી એ ખૂબ ફેલાવી.

મહારાજશ્રીની દિનચર્યા :

સવારના બ્રાહ્મ મુહુર્તમાં સ્નાન સંધ્યા પૂજન ઈત્યાદિથી કાર્યોથી નિવૃત્ત થઈ આશ્રમના સંતોને શાસ્ત્રોભ્યાસ કરાવ્યા બાદ આશ્રમમાં ફરી ફરીને જે કાંઈ ખામી જણાય. તેની કાર્યકર્તાઓને યોગ્ય સૂચન આપતા. બહારથી આવેલ સેવકો સાથે આશ્રમવાસી ઓ મહારાજશ્રીના મુખે કથાશ્રવણનો લાભ લેતા. શ્રીમદ્ ભાગવત ગીતા, યોગવશિષ્ઠ, રામાયણ પંચદર્શી વગેરે ગ્રંથોનું વિવરણ પોતાની મૃદુ ભાષામાં મહારજશ્રી એવું કરતા કે જડમાં જડ જીવાત્મા પણ સરળતાથી સમજી શકે. કથાપૂર્ણ થયા બાદ સર્વ સંતો બે ચાર ભજનો ગાઈ પોતાને સોંપાયેલી સેવામાં લાગી જતા.

મહારાજશ્રીની વૈરાગ્ય વૃત્તિ હોવાના કારણે સાંયકાળના સમયે જંગલમાં ફરવા જવાનું એમને બહુ પ્રિય હતું. સંધ્યા સમય આશ્રમમાં પધારી સર્વે સંતોની સાથે સંધ્યા આરતી બાદ શ્રી ગુરુદેવની પ્રાર્થના કરતા.

યોગી ઓધવરામજી :

દેહમાં રહેલી સર્વ ઈન્દ્રિયોના વિષે જયારે પ્રકાશ એટલે કે ઈન્દ્રિયો પોત પોતાના વિષયોને યથાર્થ ગ્રહણ કરે એવી સ્થિતિ જણાય ત્યારે પોતાના શરીરમાં સત્ય ગુણની વૃદ્ધિ થયેલી જાણવી યોગ શાસ્ત્રના નિયમ પ્રમાણે જયારે મહારાજશ્રીને એવી સ્થિતિનું ભાન થયું ત્યારે પોતે એકાંતમાં સમાધિ સાધતા અને બ્રહ્માનંદનો આનંદ અનુભવતા. એક વખતે સાંયકાળે ફરીને આશ્રમમાં પધાર્યા અને તુરંત પોતાના ઓરડમાં જઈ ભાવ સમાધિમાં બેસી ગયા. ઓરડાનું

દ્વાર બંધ કરેલ હતું. આશ્રમવાસીઓ સંધ્યાપાઠ ઈત્યાદિમાંથી નિવૃત થયા. પરતું મહારાજશ્રી ફરવા ગયા છે. તે હજી આશ્રમમાં આવ્યા નથી એમ જ દરેકને ખ્યાલ હતો. સમય થયે હરિહરનો સાદ પડયો. મહારાજશ્રીની વૃતિ વ્યુત્થાન ન પામી. કારણ કે તેઓ નિર્વિકલ્પ સમાધિમાં હતા. પરતું ઘણો સમય વ્યતીત થયો એટલે સંતો એ તપાસ કરવા માંડી તો જણાયું કે મહારાજશ્રી પોતાના ઓરડામાં છે. આશ્રમવાસીઓએ વિચાર્યું કે આરામ કરતા હશે કદાચ શરીર પ્રકૃતિ સારી નહિ હોય. માટે આરામ કરવા દો. ત્યાં તો બરાબર દશના ટકોરે વૃતિઓ ઉપરામ પામીને પોતે અંદરથી બોલ્યા. કેમ સંતો હરિહરનો સાદ પાડો કોની રાહ જુઓ છો ? ત્યાં તેઓશ્રીની નજર ઘડિયાળ ઉપર પડી. અરે આજ તો બહુ સમય લાગી ગયો. ઠીક આપ સર્વેએ પ્રસાદ લીધો કે કેમ ? જવાબમાં સાધુઓ બોલ્યા કે આપની ખુબ રાહ જોઇ છેવટે અમોએ પ્રસાદ લઈ લીધો છે. થયેલ અવિવેકની ક્ષમા. એ સમયે ઘડિયાળ માં દશના ટકોરા પડયા. આવા યોગી પુરુષ કદાચ પ્રવૃતિ માર્ગના જણાય તો પણ જળકમળવત ન્યાયે એમને એ પ્રવૃતિ બંધન કર્તા ન હોય અને છેવટે જયારે ધારે ત્યારે નિવૃતિ લઈ શકે છે. એ વાત નિઃશંશય છે. પ્રવૃતિનું પ્રારબ્ધ ઉદય પામે તો યોગીઓ એ પ્રારબ્ધ સાવધાનતા પૂર્વક ભોગવી અને આસાનીથી મુકત બની શકે છે.

દાતા ઓધવરામજી :

સર્વજનઃ પ્રિયત્વઃ દરેકને પ્રિય લાગે એવું સાદું જીવન જીવતા હતા ઉદારતા તો જેનાં દિલમાં ઠાંસી ઠાંસી ભરેલી હતી. જે કાંઇ આવે તે યોગ્ય માર્ગે વાપરી નાખવું. સાધુ સંતો ઉપર અનહદ લાગણી. અન્ન વસ્ત્ર તથા જરૂર પડયે ધનની સહાયતા કરવામાં પાછું વાળીને જોવું નહી એવો એનો સ્વભાવ. આશ્રમમાં આવેલ આનંદ પામી જાય એમાં જ પોતાનો પરમ આનંદ માનતા.

ઉપરોકત ગુણોને લઈ એમની પાસે સેવકો તરફથી પૈસો પણ સારો આવતો પરંતુ એ ઉદાર આત્મા પાસે ધનનો સંગ્રહ ક્યાંથી થાય ? જે કાંઇ આવે તે સાધુ સંતની પંગત પાછળ આશ્રમના મકાનો પાછળ ખર્ચી નાખતા. સાધુ ઉપર અતિશય પ્રેમના કારણે ચાહી ચાહીને નાના મોટા ઉત્સવો ઉભા કરી. એ બહાને સંતોને બોલાવી ભેટપૂજા, પંગત ઈત્યાદિ સેવા કરતા ગરીબોને ગુપ્ત રીતે છાની સેવા કરવામાં ચૂકતા નહિ. આશ્રમનો વ્યવહાર ચલાવતા અને ઉપર મુજબ ગણત્રી બહારનો ખર્ચ કરતાં પણ જો પૈસા વધી પડે તો યજ્ઞાદિ કાર્યો કરી નાંખતા. એ બાબતમાં કચ્છના દરેક સેવકો જાણીતા છે. બ્રહ્મનિષ્ઠ પુરૂષો પોતાના સ્વરૂપના અનુસંધાનમાં જેંમ જેંમ આગળ વધતા જાય છે. તેંમ તેંમ એમનામાં સિદ્ધિઓ સ્વયં આવતી જાય છે.

કબીર કહે કમાલ કો તું દો બાતેં શીખ લે
કર સાહેબ કી બહંગી ઓર ભુખે કો અન્ન દે

સાધુ સમાજ સંઘટીત રહે અને એની આધ્યાત્મીક સ્થિતી જળવાઈ રહે એને ધ્યાનમાં રાખીને મહારાજશ્રી અવાર-નવાર સંત સંમેલનનું આયોજન કરતા અને સાધુઓને પંગત આપતા. મહારાજશ્રી ધનવાનોને ઉદ્દેશીને કહેતા કે તમેં તમારા સ્વાર્થ માટે ગણત્રી વગરના પૈસા વાપરો છો તો પછી એમાંથી થોડો ભાગ કાઢીને તમેં સાધુ સેવામાં, સમાજ સેવામાં, તથા લોક કલ્યાણ અર્થે કેમ વાપરતા નથી ? આખરે તો સમાજના ઉધ્ધારક સાધુઓજ બનવાના. તમેં જેંમ જેંમ વાપરશો તેંમ તમારી પાસે પૈસા આવતા જ જશે. આ વાત હું મારા અનુભવની તમને કહી રહ્યો છું તમેં કોઈ ધન નો સંગ્રહ કરશો નહિ. સંગ્રહ કરશો તો સડો પેદા થશે. માટે વધુ નહી તો તમારી કમાણીનો દસમો ભાગ પણ સંત સેવામાં વાપરો. કારણ કે, સાધુઓ સમાજની સેવા કરશે એવી સેવા સંસારીઓથી કયારે પણ ન થઈ શકે. સંસારી ઉપર ઘરની તથા કુટુંબ પરિવારની અને સમાજની જવાબદારી છે જયારે સાધુ માથે ધર્મની જવાબદારી સિવાય અન્ય બીજી કોઈ જ જવાબદારી નથી !!!

મહારાજશ્રીની તપોભૂમિ (સાધના કુટીર)

મહારાજશ્રીએ સાધના કરવા માટે ઈશ્વર આશ્રમથી પૂર્વ દિશા તરફ ચાર ફર્લાંગ દુર ટેકરી ઉપર સ્વચ્છ અને સુંદર એક પર્ણકુટીર બાંધી હતી. જેમાં તેઓ કલાકો સુધી ધ્યાનમાં બેસતા હતા. એકાંત પ્રિય મહારાજશ્રી એક વખત રાત્રે તેઓ પર્ણકુટીરમાં હતા ત્યારે ભારે ગાજવીજ સાથે તોફાની વરસાદ પડવા લાગ્યો. પ્રકૃતિના નિયમ પ્રમાણે આષાઢ અને શ્રાવણ એ બે મહિના વરસાદના ગણાય છે. કવિશ્રી '' ભ્રખુભાણ '' એનું વર્ણન કરતાં કહે છે કે...

આષાઢ ઉચારમ્ મેઘ મલ્હારમ્ બની બહારમ્ જલધારમ્

દાદુર ડકારંમ્ મયુર પુકારમ્ તડીયા તારમ્ વિસ્તારમ્
નહીં લઈ સંભારમ્ પ્યાસ અપારમ્ નંદકુમારમ્ નીરખ્યારી
કહે રાધે પ્યારી હું બલીહારી ગોકુલ આવો ગિરધારી
શ્રાવણ જલ બરસે સુંદર સરસેં બાદલ બરસે અંબરસેં
ગીરી ગગનસેં લતા તરૂવરસેં નદીયા પરસે સાગરસેં
દંપતી દુઃખ વરેસ સેજ સમરસેં લગત ઝહરસેં દુઃખકારી
કહે રાધે પ્યારી હું બલીહારી ગોકુલ આવો ગિરધારી

ઉપરોક્ત કાવ્યમાં વરસાદ સાથે જોડાયેલા પ્રકૃતિના ઘટકો જેવા કે લતા - વનસ્પતિ - વેલા - નદીઓ - દાદુર મોર - બપૈયા તથા કવિના પ્રેમાળ રૂદયનું વર્ણન કરવામાં આવેલ છે. વરસાદના વાતાવરણમાં સાધકની સાધના પુર બહાર ખીલે છે. જેમ જેમ વરસાદ પડવા લાગ્યો તેમ તેમ અંધારી રાત પોતાના સ્વરૂપમાં સ્થાઇ થતી ગઈ. આ તરફ આશ્રમવાસીઓને ખુબ ચિંતા થવા લાગી. હાથમાં લાકડી અને ફાનસ લઈને સૌ સેવકો પર્ણકુટીરમાં આવ્યા અને જોયું તો તોફાન સામે ન ટકી શકવાના કારણે દીવો ઓલવાઇ ગયો હતો. આસન , કપડા તથા પર્ણકુટીર પાણીમાં તરબોળ થઇ હોવા છતાંય મહારાજશ્રી ઊંડી ધ્યાન અવસ્થામાં લીન હતાં છતાંય અનુયાયીઓ અને સેવકોની ચહલ પહલથી મહારાજશ્રીનું ધ્યાન ભંગ થયું અને દૃષ્ટિ સમક્ષ સૌ આશ્રમવાસીઓ દેખાવા માંડયા. આશ્રમવાસીઓને જોઇ મહારાજશ્રી વિચારમાં પડી ગયા અને પુછ્યું, 'તમેં બધા અહીં અર્ધી રાતે શા માટે આવ્યા છો ? એટલું કહીને ભીને કપડે પર્ણકુટીરમાંથી બહાર આવ્યા. આશ્રમવાસીઓએ કહ્યું, 'મહારાજશ્રી અમો આપને તેડવા આવ્યા છીએ. માથે કાળી મેઘલી રાત, પવનના સુસવાટા અને મુસળધાર વરસાદ વચ્ચે આપ એકલા કઇ રીતે રહી શકશો ? આશ્રમવાસીઓની ભાવનાને સમજીને મહારાજશ્રી ખુબ જોરથી હસ્યા અને કહ્યું, 'બાપલા હું ક્યાં એકલો છું. આ જુઓ તો આસપાસનું જંગલ , વૃક્ષો -વેલા - વનસ્પતી - ખળખળ વહેતા ઝરણાં - વીજળીનો ચમકાર - વાદળાનું ગગળાટ તથા આકાશની વિસાલતા - ડુંગરાઓની ધાર - નીસાચર પ્રાણીઓની અવર જવર અને આ તો જુઓ આંગણામાં સાપ - વીંછી અને બીજા અનેક પ્રકારના કૃમિ કીટકોના ઝીણાં ઝીણાં સ્વર અને હજી આગળ કહું તો સમગ્ર આશ્રમવાસીઓનો મારા ઉપર પ્રેમ છે અને તમે સૌ બધા મારી સાથે છો. હવે કહો હું એકલો ક્યાં છું ?'

મહારાજશ્રીએ આશ્રમવાસીઓને કહ્યું કે, વરસાદ - પવન અને અંધકાર તો પ્રકૃતિ તરફથી આવી પડેલો કષ્ટ છે. પણ સંતોએ તો સમાજ માટે એવા તો અનેક પ્રકારના કષ્ટો ઉંપાડવા જોઇએ. એક વાત સૌ યાદ રાખજો. ઇશ્વર કોઇને કષ્ટ આપતો નથી. કષ્ટ દુર કરે છે. એટલે જ સંતો અને કવિઓ એને દુઃખભંજન તરીકે ઓળખે છે. મહારાજશ્રીના ઉપરોક્ત વિચારોને સમર્થન આપતું સ્વયંમ રચિત એક ભજન છે.

રાગ : પહાળી   તાલ - કેરવા

ભજમન રાધે ગોવીંદા ગોપાલા તેરા પ્યારા નામ હૈ ...ટેક.
મોર મુગુટ શીર ઉપર સોહે ગલે બૈજયંતી માલા ...(૨)
કોઈ કહે યશોદા કા નંદન કોઈ કહે બ્રજબાલા... (૨) ...ભજ૦
યમુના કિનારે કૃષ્ણ કનૈયા મોરલી મધુર બજાવે ...(૨)
ગ્વાલ બાલકો સંગમેં લેકર માખન મીસરી ખાવે... (૨) ...ભજ૦
અજામીલ કો અંત સમયમેં તેરા નામ જો આયા ...(૨)
યમદુતોસેં મુકત કરા કે અપને ધામ પઠાયા... (૨) ...ભજ૦
જલમેં ગજ કો ગ્રાહ લીયા તબ જલમેં ચક્ર ચલાયા ...(૨)
જબ જબ ભીડ પડી ભકતનકો નંગે પાવસેં આયા... (૨) ...ભજ૦
દ્રૌપદીને જબ તુમેં પુકારા સાડી આન પઠાઇ ...(૨)
ભકતનકે તુમ કાજ પ્રભુજી બન ગયે સેનાનાઈ... (૨) ...ભજ૦

અર્જુનકા રથ તુને ચલાયા ભારત ભઈ લડાઈ ...(૨)
નામકો લેકર વિષ કો દેખો પી ગઈ મીરાંબાઈ... (૨) ...ભજ૦
નરસિંહ કે સબ કાજ સવાઁરે મુજકો કર્યો બીસરાયા ...(૨)
સંત સમાગમ કરતે કરતે "ઓધવ" શરણે આયા... (૨) ...ભજ૦

એ પ્રમાણે રાતની નીરવ શાંતિ વચ્ચે ભજનના શબ્દો અને એના રાગ - તાલથી સંપૂર્ણ ઇશ્વર આશ્રમ ગુંજી ઉઠયો. એમ કરતાં કરતાં વરસાદ પણ શાંત થયો અને રાત પણ ભજનના રંગમાં વિતી ગઇ. સવારના બ્રહ્મમૂર્તે મહારાજશ્રી ઇશ્વર આશ્રમમાં પધાર્યા ત્યારે ભકતગણ તથા સેવકો અને શિષ્યોમાં આનંદનો પાર રહ્યો નહીં. સૌએ મહારાજશ્રીને દંડવત પ્રણામ કર્યા. ત્યારે આશ્રમમાં ભરત મિલાપ જેવું વાતાવરણ નિર્માણ થયું અને પ્રેમની પરાકાષ્ટાના પરિણામ સ્વરૂપે સૌની આંખમાં પ્રેમના આંસુઓ વહેવા લાગ્યા. એક સુવિચાર છે કે, સાચા પ્રેમની આપ - લે થાય ત્યારે અશ્રુઓને રોકવાના બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે.

યોગી પુરૂષો સામે સર્વ સિધ્ધિઓ હાથ જોડીને ઉભી રહે છે. છતાં પણ યોગીઓને એમાં મોહ ઉપજતો નથી અને તે સમ : લોષ્ટા : સમ : કાંચનમૂ ની સ્થિતિમાં રહે છે. ધન સંચય તથા ધન સંચયની ક્રિયાઓ યોગીઓ માટે બાધારૂપ નીવડે છે. માટે ધન સંચય યોગીઓનો નહીં પણ સંસારીના વિષયમાં આવે છે. કારણ કે સંસારી પાછળ ઘર છે. પરિવાર છે. તથા સમાજ છે. જ્યારે સંન્યાસી પાછળ એવા કોઇ સંસારી બંધનો ન હોવાથી તે શેર લોટ માંગીને પણ જીવન નિર્વાહ ચલાવી લે છે.

ઇશ્વર સાથે તાદાત્મય સાધ્યા પછી યોગીઓને ક્ષણિક સુખ પ્રાપ્તિના કાર્યોમાં પડવું જોઇએ નહીં. બ્રહ્માનંદ સ્વામી કહે છે.

રાગ : ખમાજ

નારાયણ જીનકે હી રૂદયમેં સો કછુ કર્મ કરે ન કરે ...નારાયણ૦
નાવ મીલી જીનકો જલ અંદર બાહોસેં નીર તરે ન તરે ...નારાયણ૦
પારસમણી જીનકે ઘર અંદર સો ધન સંચ કરે ન કરે ...નારાયણ૦
સૂરજ કો પ્રકાશ ભયો અબ દિપ કી જ્યોત જરે ન જરે ...નારાયણ૦
બ્રહ્માનંદ નિજ રૂપકો જાના વો કાશી જાય મરે ન મરે ...નારાયણ૦

સ્વામી બ્રહ્માનંદ કહે છે, પરિપુર્ણની સ્થિતિ પામ્યા પછી યોગીઓએ નિરર્થક તથા પરિણામ શૂન્ય ક્રિયાઓ કરે કે ન કરે એ બધું એમના માટે સરખું છે. કારણ કે જાણ્યા પછી જાણવાનું રહેતું નથી. એવા યોગીઓ કાશીમાં જઇને મૃત્યુની આશા રાખતા નથી. કારણ કે, સંતોનું જીવન સ્વયંમ કાશી છે. એક કવિ કહે છે કે..." એના કદમ કદમ પર કાશી એના દર્શન પાપ વિનાશી " આખો સમાજ અન્યોએ બતાવેલા માર્ગ ઉપરથી ચાલે. જ્યારે સંતો જ્યાંથી નીકળે એ માર્ગ બની જાય છે. સંતો વેદ વદતા નથી પણ સંતો જે વદે એનું નામ. "વેદ" પડી જાય છે. સામાન્ય માણસો જે કર્મો કરે એને એના જ કરેલા કર્મો બંધનરૂપ નીવડે છે. જયારે સંતોએ કરેલા કાર્યો બંધનરૂપ થતાં નથી. કારણ કે એ એના કરેલા કાર્યો સ્વામી ભાવે નહીં પણ સાક્ષી ભાવે કરેલા હોય છે. સંતોએ કરેલા કાર્યોમાં પાપ - પુણ્યની જવાબદારી ઇશ્વરની થઇ જાય છે. શીવાનંદ સ્વામીએ આરતીમાં કહ્યું છે કે, તેરા તુજકો અર્પણ ક્યા લાગે મેરા. હે ભગવાન તારૂં છે એ જ તને આપું છું. એમાં મારૂં છે જ શું ?

"યજ્ઞૌ વૈ વિષ્ણો"

મહારાજશ્રીને શાસ્ત્રોકત પધ્ધતિથી થતાં કર્મો પર વધારે પ્રેમ હતો. એક દિવસ મહારાજશ્રીને વિચાર આવ્યો કે આપણે એક યજ્ઞ અવશ્ય કરવો જોઇએ " યજ્ઞૌ વૈ વિષ્ણો " યજ્ઞ એ વૈદિક ધર્મનું એક અંગ છે. માટે એમણે લોક કલ્યાણ માટે કામના રહીત નીજ ફળની આશા રાખ્યા વગર અને જીવનમાં ખરી શાંતિ સ્થાપિત કરવા માટે "વિષ્ણુયાગ" નામનો મોટામાં મોટો યજ્ઞ કરવાનો સંવત ૧૯૯૦ ચૈત્ર માસના શુકલ પક્ષમાં કચ્છમાંથી જ્ઞાતા વિદ્વાનોને બોલાવી યજ્ઞમાં આચાર્ય પદે નાના આસંબીયાના પંડીત શ્રી પ્રેમજી મહારાજને બેસાડવામાં આવ્યા.

વેદોમાં બાર યજ્ઞનું વર્ણન કરવામાં આવેલ છે. જેમાં જપયજ્ઞ સૌથી મુખ્ય છે. "જપયજ્ઞ એટલે નામસ્મરણ" ચિંતન, મનન, રટણ એ બધું જપયજ્ઞ માં આવે છે. જ્યાં શાંત ચિત્ત અને એકાંત સ્થળ હોય એ સ્થળ જપ

માટે ઉત્તમ સ્થળ ગણાય છે. જપ યજ્ઞએ નિર્ગુણ ઉપાસનાનો એક ભાગ છે. ગીતાનાં દસમાં અધ્યાયમાં ભગવાન કહે છે કે, યજ્ઞાનામ જપ યજ્ઞોસ્મિ નિર્ગુણ ઉપાસકને જપ કરવા માટે સ્થળ ભેદ ન હોવો જોઈએ. કવિ કહે છે કે,

મંદિર તારૂં વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે.
નહીં પુજારી નહીં કો દેવા નહીં મંદિરને તાળા રે.
નીલ ગગનમાં દર્શન કરતાં ચાંદો સૂરજ તારા રે.
પલપલ તારા દર્શન થાય દેખે દેખનહારા રે.
વર્ણન કરતાં સુંદર તારૂં થાક્યા કવિજન સારા રે.
મંદિરમાં તું ક્યાં છુપાયો ? શોધે બાળક તારા રે.

કવિ કહે છે કે આખું વિશ્વ જપ કરવાને માટે ઉત્તમ સ્થળ છે. રોહીદાસ જોડા સીવતા સીવતા જપ કરતાં હતાં. જપ કરવા અર્થે એક દિવસ પણ ગંગાના કિનારે ગયા ન હતાં. જપ યજ્ઞમાં સ્થળ ભેદને સ્થાન હોવું જોઈએ નહિ.

મન ચંગા તો કથરોટ મેં ગંગા

એક વખત સૌ કાવડીયા મળીને ગંગાજીમાંથી જલ ભરી કાશી વિશ્વનાથ ના મંદિરે ચડાવવા જતાં હતાં. ત્યારે રોહીદાસને પણ સાથે આવવા માટે ખુબ આગ્રહ કર્યો. રોહીદાસ ગયા તો નહીં પણ કાવડીયાઓને કહ્યું કે, 'તમેં મારૂં એક કામ કરજો. તમેં જયારે ગંગાજીના દર્શન કરો ત્યારે મારા ચાર આના હું તમને આપું છું. તે ગંગાજીને અર્પણ કરજો પણ ફેંકશો નહીં. ગંગાજીને તમે માત્ર એટલું જ કહેજો કે, માતાજી, રોહીદાસે મોકલેલા આ ચાર આનાનો તો સ્વીકાર કરો અને ખરેખર એવું જ બન્યું. ગંગામૈયાએ હાથ બહાર કાઢીને ચાર આનાનો સ્વીકાર કરતી વખતે કહ્યું કે, આપ મારા હાથમાંથી હીરા જડીત કંકણ ઉતારી લ્યો અને તે કંકણ રોહીદાસને આપજો. પણ કાવડીયાની દાનત બગડી ગઈ. ગંગામૈયાએ આપેલો કંકણ એક વેપારીને વહેંચ્યો. વેપારીએ રાજાની રાણીને વહેંચ્યો અને રાણીએ રાજાને બતાવ્યો. રાજાએ કહ્યું, 'કંકણ તો બહુ સારો છે પણ એનો જોડી કયાં છે ?' રાણીએ કહ્યું, 'ના એનો જોડી નથી.' રાજાએ કહ્યું, 'કંકણ એક ન હોય પણ બે હોય માટે નક્કી આ કંકણ ચોરીનો છે. એમ કહેતાં રાજાએ વેપારીને બોલાવ્યો. વેપારીએ કાવડીયા પર આક્ષેપ નાખ્યો અને કાવડીયાઓએ રોહીદાસ પર આરોપ નાખતા કહ્યું કે, 'અમને તો રોહીદાસે વેંચવા માટે આપ્યો હતો.' રાજાએ રોહીદાસને ખુબ ધમકાવ્યો અને કહ્યું કે, 'બોલ રોહીદાસ આ કંકણ કયાંથી ચોરી લાવ્યો છે' ? રોહીદાસે કહ્યું, 'ના રાજા સાહેબ આ કંકણ નથી મારો, અને નથી ચોરીનો. આ કંકણ તો ગંગામૈયાનો છે. ' રાજાએ કહ્યું, 'પણ આ તો એક છે. એનો જોડી (બીજો કંકણ) કયાં છે ?' રોહીદાસે સરળ ભાષામાં કહ્યું, 'બીજો ગંગાજી પાસે છે.' રાજાએ કહ્યું, 'તો પછી ચાલ ગંગાજીના તટ પર અને અમને બીજો કંકણ અપાવી દે.' રોહીદાસે કહ્યું, 'એના માટે ગંગા તટ ઉપર જવાની શી જરૂર છે ?' એટલું કહીને કથરોટમાં હાથ નાખ્યો. (કથરોટ એટલે ચામડાના જોડા સીવ્યાથી પહેલા પાણીમાં પલાળવાનું કુંડી આકારનું સાધન) અંદરથી કંકણ કાઢીને રાજાના હાથમાં આપતા કહ્યું કે, 'મન ચંગા તો કથરોટ મેં ગંગા. 'યોગીયો તપ કરવા માટે આસન ઉપર બેસતાં નથી પણ યોગીયો જયાં બેસે છે એ જ આસન બની જાય છે. જે જપ્યા વગર જપાય એનું નામ જપ. યોગીઓને જપ કરવા માટે માળાનો આધાર લેવો પડતો નથી. માળા અને જપ સાથે કોઈપણ પ્રકારનો સીધો સંબંધ નથી. માળા એક માત્ર ગણિત શાસ્ત્ર છે. અજપા જાપમાં માળાને કોઈ સ્થાન નથી. ગીતાના દસમાં અધ્યાયમાં ભગવાને અર્જુનને કહ્યું છે કે, યજ્ઞાનાં જપ યજ્ઞોસ્મિ્ વેદોના કથન મુજબ બાર પ્રકારના યજ્ઞોમાં જપ યજ્ઞ હું છું. એમ તારે જાણવો. જપયજ્ઞ એટલે સહેલામાં સહેલો યજ્ઞ છે. જે કરવા માટે કષ્ટ ઉપાડવા પડતા નથી. જપ કરતાં કરતાં સાધકની મન બુધ્ધિ અને ચિત્તની શુધ્ધિ થાય છે. એનો સંપુર્ણ જીવન વ્યવહાર શુધ્ધ અને પવિત્ર અંતઃકરણ દ્વારા ઈશ્વર સાથે સંબંધ બાંધી લે છે.

યજ્ઞ એટલે સંગઠિત સંઘ બળના સહયોગ દ્વારા સંકલ્પ સિધ્ધ કરવાનું એક અનુષ્ઠાન

''સંઘે શકિત કલીયુગે'' કલીયુગમાં આયોજન સફળ થયાનો યશ સંઘશકિતના ફાળે જાય છે. અનેક સંકલ્પધારીઓનો સમૂહ જયાં એકત્ર થાય છે. એને સંઘબળ અથવા તો સંઘશકિત કહેવાય છે. સંકલ્પધારીની ચારિત્ર્ય શુધ્ધિ તથા દેહ શુધ્ધિ વૈદિક વિચારધારા મુજબ પ્રમાણિત હોવી જોઈએ. ચારિત્ર્યહીન વ્યકિતઓએ યજ્ઞીય કાર્યમાં જોડાવવાથી પહેલા આપણા ઋષિ મુનીઓ દ્વારા પ્રમાણિત હવન કુંડમાં સૌ પ્રથમ સ્થાપિત અવગુણો - કુટેવો તથા

વ્યસનોનું સ્વાહા કરીને યોગ્યતા પ્રાપ્ત કરી લેવી જોઇએ. અયોગ્ય વ્યકિતએ યજ્ઞીય કાર્યમાં ભાગ લેવો જોઇએ નહીં કારણ કે અયોગ્ય વ્યકિત દ્વારા ધર્મ કાર્યમાં હસ્તક્ષેપ થવાથી ધર્મસ્ચગ્લાની ધર્મમાં ભુલો થઇ જવા પામે છે. યજ્ઞીય કાર્યમાં જોડાવાથી પહેલા હું જોડાવાને લાયક છું કે નહીં. એના પ્રત્યેક વ્યક્તિએ માપ દંડો જાણી લેવા જોઇએ અને લાયક બનવાના યથાર્થ પ્રયત્નો કરવા જોઇએ. પોતાની જાતને સુધાર્યા વગર યજ્ઞીય કાર્યમાં જોડાઇ જવાના ઇચ્છાધારીઓને ઢોંગ - દંભ તથા પાખંડનો સહારો લેવો પડે છે. એના કરતાં યજ્ઞીય કાર્યમાં ન જોડાવું ઉચિત મનાય છે. જેથી કરીને ધર્મમાં બગાડ થતો અટકી જાય છે. કવિશ્રી છોટમ કહે છે.

-: સાખી :-

તુલસી યે સંસારમેં સબ પાખંડી કા નામ
ગોરસ બીકે ગલી ગલી મદીરા બીકે દુકાન
પૃથ્વી પાખંડે ખાધી સત્યથી શોધ નથી લાધી ...પૃથ્વી
મહા અભિમાન મટે નહીં મનથી માને સૌથી મોટો
પ્રપંચે પરધન હરવાનો ખેલ કરે બહુ ખોટો ...પૃથ્વી
ધર્મજ્ઞાનની વાત ન જાણે ગુરૂ બનીને ગાજે
ઓથે રહીને અનર્થ કરતાં લંપટ જરીયે ન લાજે ...પૃથ્વી
પ્રભુનું નામ ધરીને કહે છે હું છું ઇશ્વર આપે
એક રોમ ઉપજે ન એનાથી દુઃખ કોના એ કાપે ...પૃથ્વી
વેદ શાસ્ત્રની વાત ન જાણે કહે છે હું છું જ્ઞાની
કહે '' છોટમ '' એવા ઢોંગી ગુરૂએ કરી છે ધર્મમાં હાનિ ...પૃથ્વી

મહારાજશ્રીના વિચારોને રજુ કરતી એક રચના છે. જેમાં કવિએ લખ્યું છે કે, ધર્મ, કર્મ ને દાન, દયાજી રીત સખાયે વૈઇ ઓધવ આંજી મોરલી મુંજે મનમેં વસી વૈઇ શાસ્ત્રોના નિયમ અનુસાર તથા નીતિ શાસ્ત્રના નિયમ પ્રમાણે યજ્ઞીય કાર્યમાં જોડાવા માટે લાયકાત મેળવવાના વિચારો તથા માર્ગો અગવડભર્યા લાગતા હોય તો એવી વ્યકિતએ માત્ર ઉદર નિર્વાહના કામો કરવા જોઇએ. જેમ કે પશુપક્ષીઓ - કૃમિકીટકો કરે છે. એવી રીતે, પણ એને યજ્ઞીય કાર્યથી ખુબ દૂર રહેવું જોઇએ. જેથી બદનામ થતો ધર્મ ત્યાંને ત્યાંજ અટકી જાય છે. કવિ છોટમ કહે છે. વેદ અને ધર્મજ્ઞાનની વાતો ન જાણનારા પોતાને ધર્મનિષ્ટ માનીને ધર્મના કામો કરે છે. પોતાનું દુઃખ વ્યકત કરતાં કવિ કહે છે કે, ' એવા ગુરૂઓએ ધર્મને હાનિ પહોંચાડે છે. પોતાની વ્યથાના દર્શન કરાવતાં એક કવિ કહે છે કે...

સાધના કર્યા વગર સૌ ગુરૂઓ થઇ ગયા
જે માણસ બનવા લાયક નથી એ સૌ પ્રભુ બની ગયા

શ્રીમદ્ ભગવદ ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાને કહ્યું કે, હે અર્જુન

ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।
યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ।। ૨૩ ।।

સંગરહિત, મુકત, જ્ઞાનમાં સ્થિર ચિત્તવાળા તથા યજ્ઞ માટે કર્મ કરનારનાં સમગ્ર કર્મો નાશ પામે છે. (૨૩)

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ।। ૨૪ ।।

અર્પણ (રૂપ ક્રિયા) બ્રહ્મ છે, હોમવાનો પદાર્થ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોતાએ(હોમ કરનાર) હોમેલું તે પણ બ્રહ્મ જ છે; આમ કર્મને લગતી બધી બાબતોમાં જે બ્રહ્મભાવે સ્થિર રહે છે. તે બ્રહ્મને જ પામે છે. (૨૪)

દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ।। ૨૫ ।।

કેટલાક યોગીઓ દેવયજ્ઞને જ ઉપાસે છે અને કેટલાય યજ્ઞ વડે યજ્ઞને જ બ્રહ્માગ્નિમાં હોમે છે. અર્જુન કર્મને

લગતી એટલે કે કર્મ સાથે જોડાયેલી સંપુર્ણ ક્રિયાઓમાં બ્રહ્મભાવે એટલે કે હું જે કરું છું. હું જે અર્પણ કરું છું. એ બધી ક્રિયાઓમાં મુળ તો બ્રહ્મ છે અને બ્રહ્મભાવે મનબુધ્ધિને સ્થિર રાખીને યજ્ઞીય કાર્યો કરવા જોઇએ.

યજ્ઞાર્થીઓએ ફળને જોઇને અથવા તો કાર્યના વ્યાપક સ્વરૂપને જોઇને અસ્થિરતા ઉત્પન્ન થવી જોઇએ નહીં. અજ્ઞાનનું હોવું એ જીવનમાં બીજા ઘણા અપ્રમાણિક પરિબળોને આમંત્રણ આપવા જેવું છે. માટે સૌથી પહેલા યજ્ઞની હવન કુંડીમાં અજ્ઞાનને સ્વાહા કરવું જોઇએ. (૨૫)

શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્ય ઇન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ।। ૨૬ ।।

કેટલાક કાન વગેરે ઇન્દ્રિયોને સંયમરૂપી અગ્નિમાં હોમે છે અને બીજાઓ શબ્દાદિ વિષયોને ઇન્દ્રિયો રૂપ અગ્નિઓમાં હોમે છે. (૨૬)

આ શ્લોકમાં ભગવાન કહે છે. અર્જુન સયંમરૂપી અગ્નિમાં અસંયમીત પદાર્થો જેવા કે આહાર - નિંદ્રા - મૌન જેવા પદાર્થોને સંયમના ઢાંચામાં ઢાળીને- અતિ ભોજન - અતિ નિંદ્રા તથા અતિ ગમન ઉપર નિયંત્રણ લાદવું જોઇએ. અતિ યાત્રાઓ કરવાવાળા માણસો અસંયમીત છે. એમની પોતાના ઉપર કોઇપણ જાતની લગામ ન હોવાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા ભટકતા સંપુર્ણ આયુષ્ય વેડફી નાખે છે. પરિણામે એમનો સાધના માર્ગ છુટી જાય છે.

સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।
આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ।। ૨૭ ।।

વળી બીજાઓ ઇન્દ્રિયોનાં સર્વ કર્મોને અને પ્રાણનાં કર્મોને જ્ઞાન વડે પ્રદીપ્ત થયેલા આત્મ સંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે. (૨૭)

ઇન્દ્રિયોથી કરેલા સામાન્ય કર્મોનો આહૂતિ સ્વરૂપે યજ્ઞમાં અર્પણ કર્યા પછી મનબુધ્ધિ સ્વચ્છ અને પવિત્ર થાય છે. ત્યારે જ આત્માને યોગ્યતાનો ભાષ થાય છે અને અંતે તો યજ્ઞીય કાર્યમાં યોગ્યતાને જ પ્રાધાન્ય છે.

દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાઽપરે ।
સ્વાધ્યાય જ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ।। ૨૮ ।।

તેમ જ બીજા તીક્ષ્ણ વ્રતવાળા યત્નશીલ યોગીઓ દ્રવ્યયજ્ઞ કરનારા, તપરૂપ યજ્ઞ કરનારા, યોગયજ્ઞ કરનારા અને સ્વાધ્યાય (તથા) જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે. (૨૮)

અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાઽપરે ।
પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણા : ।। ૨૯ ।।

વળી બીજાઓ અપાનમાં પ્રાણને તથા પ્રાણમાં અપાનને હોમે છે, અને કેટલાક પ્રાણ તથા અપાનની ગતિ રોકી પ્રાણાયામમાં તત્પર રહેનારા હોય છે. (૨૯)

અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ ।
સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ।। ૩૦ ।।

બીજા કેટલાક આહારને નિયત કરી પોતાના પ્રાણોને (વિશ્વના) પ્રાણોમાં હોમે છે. આ બધાય યજ્ઞને જાણનારાઓ યજ્ઞ વડે પાપનો નાશ કરે છે. (૩૦)

જ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિ તથા જ્ઞાન આપવાની વૃત્તિને જ્ઞાનયજ્ઞ કહેવાય છે. એવી રીતના કુલ બાર પ્રકારનાં યજ્ઞોનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. જે કરવા અતિ અઘરા છે. જે વ્યકિત ઇન્દ્રિયોને વશમાં રાખે છે. મનને સ્થિર રાખે છે અને વિષયોને કાબુમાં રાખે છે અને એ પ્રમાણે સ્વયંમને યોગ્ય બનાવવાના મહા પ્રયત્નો કરે છે. તે જ માણસ યજ્ઞનો અધિકારી બને છે.

યજ્ઞ વિશે જ્ઞાનેશ્વરજી મહારાજ કહે છે કે, માયાથી ઢંકાયેલા વસ્તુ તત્વને પ્રકૃત્તિ કહેવાય છે. તેને યજ્ઞ દ્વારા પ્રકૃતિનો મેળ ઇશ્વર સાથે સાધાય તો જ મનુષ્ય મુળ સ્થિતિમાં આવે છે. ત્યારબાદ એનું મન યજ્ઞીય કાર્યમાં પરોવાયેલુ રહેતા મનના તરંગો શાંત થાય છે અને બુધ્ધિ તર્ક - વિતર્ક કરવાનું છોડી દે છે. મન

 સ્થિર પામ્યા પછી સમાધિ અવસ્થા શરૂ થાય છે. એ સ્થિતિ ઉપર આવ્યા પછી મનુષ્યો જે પણ કર્મ કરે એને યજ્ઞ કહેવાય છે.

યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।
નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ ।। ૩૧ ।।

યજ્ઞ કરતાં વધેલા અમૃતરૂપ અન્નનું ભોજન કરનારાઓ સનાતન બ્રહ્મને પામે છે. હે કુરુશ્રેષ્ઠ ! યજ્ઞ ન કરનારને આ લોક (મળતો) નથી, તો બીજો (પરલોક) ક્યાંથી હોય ? (૩૧)

વધેલું અન્ન એટલે યજ્ઞનો શેષ તત્વ. વધેલા અન્નનો અર્થ એઠવાડ નથી થતું. વેદમાં વર્ણવેલા વિધિના યોગથી ઈંદ્રિયરૂપી અગ્નિનાં કુંડમાં શબ્દ - સ્પર્શ - રૂપ -રસ - ગંધની આહુતિ આપ્યા પછી જે સિધ્ધિ પ્રાપ્ત થાય છે એને જ ''શેષતત્વ'' કહેવાય છે. એનેજ શાસ્ત્રોની ભાષામાં ''પ્રસાદ'' (આત્માનંદ) કહેવાય છે.

એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।
કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાનેવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ।। ૩૨ ।।

આ પ્રમાણે બ્રહ્માંના મુખરૂપ વેદમાં અનેક પ્રકારના યજ્ઞોને તું (ફળની ઈચ્છાને લીધે થતાં) કર્મોથી ઉત્પન્ન થનારા જાણ, એ પ્રમાણે જાણવાથી તું (કર્મનાં બંધનથી) મુકત થઈશ. (૩૨)

શ્રેયાન્દ્રવ્યમયાધજ્ઞાજ જ્ઞાનયજ્ઞઃ પરન્તપ ।
સર્વ કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ।। ૩૩ ।।

હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ વધારે ઉત્તમ છે, (કેમ કે) હે પાર્થ ! સર્વ સંપુર્ણ કર્મો જ્ઞાનમાં સમાઈ જાય છે. (૩૩)

યજ્ઞના ઘણાં પ્રકારો છે. એમાં એક શ્રમયજ્ઞ છે. જ્યાં પરોપકારી કામ થતાં હોય ત્યાં સ્વાર્થરહિત અને નિષ્કામ ભાવે શ્રમ કરીને પોતાના શરીરને જોડી દે છે. એને શ્રમયજ્ઞ કહેવાય. શ્રમયજ્ઞમાં તન અને મનનો ઉપયોગ કરવાનો હોવાથી બધા યજ્ઞોમાં તે યજ્ઞ સહેલામાં સહેલો છે. જે યજ્ઞમાં સેવાની અમુલ્ય તકો સમાયેલી છે. ''શ્રમ એટલે સેવા'' માણસ પોતાના માટે શ્રમ કરે એને કર્મ કહેવાય અને બીજાનાં માટે કર્મ કરે એને સેવા કહેવાય. સ્વાર્થી મનુષ્યો યજ્ઞીય કાર્યની સંપુર્ણ સમજણ ન ધરાવતા હોવાથી યજ્ઞની ઉપરછલી સીમા નક્કી કરે છે.

યજ્ઞ વિશે એ.સી. વેદાંત સ્વામી કહે છે કે, ગીતા વાંચ્યા પછી સૌને એટલું તો જરૂર સમજાશે કે યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ઈન્દ્રિયો તથા મનબુધ્ધિની સ્થિરતા તથા લાલસા, કામના તથા ભોગેષણાથી છુટકારો મેળવવો. જ્યાં સુધી માણસ વિવિધ પ્રકારોની ઈચ્છાથી મુકત ન થાય ત્યાં સુધી એને સનાતન મંચ ઉપર કહેવાતા અધિકારો પ્રાપ્ત થતાં નથી. પ્રત્યેક મનુષ્યે યજ્ઞીય કાર્યમાં જોડાઈ જવા માટે આચરણ તથા વિચારો વૈદીક વિચારધારા પ્રમાણિત હોવા જોઈએ. આગળ જતાં ભગવાન કહે છે, 'હે અર્જુન ! જે મનુષ્યો યજ્ઞીય કાર્યો કરતાં નથી તથા તેના માટે યોગ્યતા પણ પ્રાપ્ત કરતાં નથી. એ મનુષ્યો મને પામતાં નથી. કારણ કે યજ્ઞનો મુળભુત હેતુ તો મને જ પામવાનો છે. કર્મો સામાજીક હોય કે પારિવારિક હોય કે પછી આધ્યાત્મિક હોય. બધા કર્મોનાં અંતે તો હું જ છું. બધા કાર્યો મને જ સમર્પિત થાય છે. એટલું જ નહીં અનેક ગુંચવણભર્યા સામાજીક કાર્યોના સવાલોના જવાબો યજ્ઞ દ્વારા મળે છે. સિધ્ધિ નામનું કોઈ ઘન કે પ્રવાહી પદાર્થ નથી. કોઈપણ પ્રશ્નનો ઉકેલ મળી જાય એને કાર્ય સિધ્ધ થયું કહેવાય. બસ એનું જ નામ સિધ્ધિ. સવાલનો અર્થ સાધના થાય અને જવાબનો અર્થ સિધ્ધિ થાય. જેના જીવનમાં સવાલો પેદા થતાં નથી. એને સિધ્ધિ ક્યાંથી મળે ? સિધ્ધી મળ્યા પછી સવાલો બંધ થઈ જવા જોઈએ.

ગીતામાં ભગવાન યજ્ઞો વિષેની સંપુર્ણ માહિતી આપતા કહે છે કે, વિવિધ પ્રકારનાં યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ વધારેમાં વધારે શ્રેષ્ઠ છે. કારણ કે અજ્ઞાન સ્વરૂપી અંધારાનો નાશ જ્ઞાન યજ્ઞથી જ થાય છે. જેવી રીતે એક ''દીપ'' હજારો દીપકોને પ્રજવલીત કરી શકે છે. એવી રીતે એક જ્ઞાની અનેક મનુષ્યોને જ્ઞાની બનાવી શકે છે. સમાજમાંથી જડતા, અંધશ્રધ્ધા, ભ્રાંત ઈશ્વરવાદ, સંપ્રદાયવાદ જેવા પોતાની બુધ્ધિના બળે નીતિ નિયમોથી ઘડાયેલા મથકોને દુર કરવા માટે જ્ઞાન યજ્ઞ જરૂરી છે.

આનું નામ યજ્ઞ

મહારાજશ્રીએ આરંભેલા યજ્ઞીય કાર્યમાં વાંઢાયના દરબાર પરિવારો સૌ યજ્ઞીય કાર્યમાં સ્વયંમ સેવક તરીકે સેવા આપવાની ઇચ્છા દર્શાવી ત્યારે મહારાજશ્રીએ કહ્યું, 'તમે સૌ માંસાહારી છો તેથી તમે એમાં ભાગ લઇ શકશો નહીં. ગીતામાં ભગવાને એજ તો કહ્યું છે કે પહેલા તમે સૌ યોગ્યતા પ્રાપ્ત કરો પછી સ્વયંમ યજ્ઞમાં જોડાઇ જજો !!!' મહારાજશ્રીએ કહ્યું, 'સતત જીવહિંસા પાછળ રચ્યા પચ્યા માણસો યજ્ઞમાં ભાગ કઇ રીતે લઇ શકે.' વાંઢાય ગામના ઉગમણા વાસમાં શ્રી ગાત્રાળ માતાજીનું જુનું ધામ છે. જેને વાંઢાયના સીંધલ દરબારો વરસમાં એક વખત પેડી (સમુહ ભોજન) કરતાં હતાં. જેમાં માતાજીને રાજી રાખવા માટે અથવા તો સમજદારીનો અભાવ હોવાને કારણે કાં તો ભુવા ડાકલીયાની દોરવણીથી દરવર્ષે બકરાનો બલી ચડાવતા હતાં. માતાજી તો બકરો ખાય કે ન ખાય એતો સંશોધનનો વિષય છે પણ બાકીનું વધ્યું ઘટ્યું પોતે ઝાપટી જતાં હતાં. ઉપરોકત પ્રથા મહારાજશ્રીને પસંદ ન હોવાથી તે પ્રથાને બંધ કરવા માટે સૌને કહ્યું. ગામના અગ્રણીઓએ મહારાજશ્રીને કહ્યું કે, 'બલીપ્રથા બંધ કરવાથી જો માતાજી કોપાયમાન થાય અને અમારી કોઇપણ પ્રકારની નુકસાની થાય તો એનો જવાબદાર કોણ ?' મહારાજશ્રીએ કહ્યું, ' એનો જવાબદાર માત્ર હું !!!' કારણ કે મને માઁ શબ્દ ઉપર વિશ્વાસ છે.

કુપુત્રો જાયેત કવ્ચીદપિ કુમાતા ન ભવતિ મહારાજશ્રીએ કહ્યું, 'સાંભળો, પુત્ર કુપુત્ર થાય પણ માતા કયારેય કુમાતા થતી નથી. એ વેદનું વાકય છે. માટે આપ સૌ બિચારા મુંગા અને લાચાર તથા સમાજ ઉપયોગી પશુઓની કતલ કરવાનું બંધ કરો. તમેં જે કરી રહ્યાં છો એ ''પેડી'' નથી પણ તમારી જીભના સ્વાદને સંતોષવાની એક દિશાશુન્ય પ્રક્રિયા છે. આપણાં સનાતન ધર્મનો હેતુ જીવને મારવાનો નહીં પણ જીવને બચાવવાનો છે. એક વાત યાદ રાખજો. અહિંસા જેવો પરમ ધર્મ બીજો કોઇ નથી. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને સૌ પરિવારોએ સાથે મળીને સંકલ્પ કર્યો કે આજ પછી બલીપ્રથા બંધ થવી જોઇએ અને ખરેખર બંધ થઇ ગઇ અને સંપુર્ણ ગામ માંસાહાર મુકત થયો. એનું નામ યજ્ઞ !!!

યજ્ઞો કરતાં યજ્ઞોનાં અર્થો સમજી લેવા જોઇએ. આજે ધીરે ધીરે યજ્ઞનો અર્થ ભુલાતો જાય છે. તથા યજ્ઞની આચારસંહિતા દિવસે દિવસે સ્વાર્થ પરાયણ થઇ જતાં એના નીતિ અને નિયમો બદલાતા જાય છે. પરિણામે યજ્ઞનો માણસ બદલાતો જાય છે. પોતાના બાહુબળ તથા ધનના બળે અયોગ્ય વ્યકિતઓએ યજ્ઞની સંપુર્ણ પ્રક્રિયાઓ પોતાનાં હાથમાં લઇ લેતાં યજ્ઞમાંથી નિષ્ઠા, પ્રમાણિકતા, લાયકાત, યોગ્યતા તથા ભાવનાત્મક વિચારધારા ન દેખાતા યજ્ઞમાં માત્ર ધુમાડો જ દેખાય છે.

બ્રહ્માનંદ પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વંદ્ધાતીતં ગગન સદ્દસં તત્વમસ્યાદિલક્ષ્યમૂ
એકં નીત્યં વિમલ મચલં સર્વધીસાક્ષીભૂતમૂ
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્દગુરૂ તં નમામિ

ઇશ્વર આશ્રમ વાંઢાયમાં પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ દ્વારા વિષ્ણુયાગનું આયોજન થયાના સમાચાર ગામડે ગામડે તથા કચ્છ સ્થિત આશ્રમોમાં મોકલાવવામાં આવ્યા. સમાચાર મળતાની સાથે સાધુસંતો, સેવકો તથા શિષ્યો અને દેશ પરદેશથી આવેલા અતિથીઓનો મહારાજશ્રીએ નમ્રતાપ્રર્વક સ્વાગત કર્યુ. મહારાજશ્રી સૌના દર્શન કરીને ધન્યતા અનુભવતા હતાં. એ સમયે વ્યવસ્થાનો ખુબ અભાવ રહેતો. આજે તો રણમાં પણ એ.સી. ગોઠવાઇ ગયા છે !!! સૌને ખુલ્લા મેદાનમાં રાતવાસો કરવો પડતો હતો. યજ્ઞના બીજા દિવસે અચાનક આકાશમાં વાદળા ચડી આવ્યા અને ગરજવા માંડયા. એમ કરતાં કરતાં રાત પડી. પવનના સુસવાટા મેઘગર્જના અને વીજળીના ચમકારા જોઇ સૌ આયોજકો ગભરાઇ ગયા. પરિસ્થિતિને પહોંચી વળવા માટે સૌ સ્વયંમૂ સેવકો ખડે પગે તૈયાર રહી ગયા. સૌ સેવકો ચિંતાતુર હાલતમાં મહારાજશ્રીને કહેવા લાગ્યા કે, 'મહારાજશ્રી જો વરસાદ પડશે તો મોટી સંખ્યામાં આવેલા આચાર્યો - ભૂદેવો તથા અતિથીઓ તથા સાધુસંતો માટે અન્ય કોઇ વિકલ્પ ન હોવાથી આપણે સૌની કઇ રીતે સંભાળ લઇ શકશું.' મહારાજશ્રીએ શાંત અને સ્વસ્થ ચિત્તે કહ્યું કે,' અત્યારે ચૈત્ર માસ ચાલે છે. ચૈત્ર માસમાં અગર મુશળધાર વરસાદ પડે તો એને પ્રકૃતિના નિયમ વિરૂધ્ધની પ્રક્રિયા ગણાય માટે તમને આકાશમાં જે દેખાય છે. તે વરસાદી વાતાવરણ નથી પણ માવઠાનું વાતાવરણ છે. માવઠાની કોઇ દિશા ન હોય. એતો અહીયાં ગરજે અને વરસે. બીજે

માવઠાની સ્થિતિ ચંચળ હોય છે અને ખરેખર એવું જ થયું. વાદળા વરસ્યા ખરા પણ ક્ષિતિજની પહેલે પાર ભગવાનની કૃપાથી યજ્ઞની સુખભેર અને શાંતિમય વાતાવરણ વચ્ચે પૂર્ણાહૂતિ કરવામાં આવી. બ્રાહ્મણોને દક્ષિણા તથા સાધુસંતોને ભેટ પુજા આપીને મહારાજશ્રીએ સૌને દંડવત પ્રણામ કરી વિદાય કર્યા. એ સમયમાં આયોજકોના કહેવા પ્રમાણે નેવું હજાર કોરીયો એટલે કે અઢારહજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. એ જમાનામાં એક રૂપિયો કચ્છ રાજ્યમાં બહારથી લાવીને જમા કરાવો તો એની પાંચ કોરીયો મળતી હતી. યજ્ઞ કાર્યની સમાપ્તિ કર્યા બાદ સૌએ મળીને ભગવાનને પ્રાર્થના કરીને ક્ષમા યાચના માંગતા કહ્યું કે,

કરચરણકૃતં વાક્કાયજં કર્મજંવા શ્રવણ નયનજંવા માનસં વા પરાધમ્ ।
વિહીતમ્ વિહીતંમવા સર્વ મે તતૂ ક્ષમસ્વ જય જય કરૂણાબ્ધે શ્રી મહાદેવ શમ્ભો ।।

હે ભગવાન યજ્ઞ દરમ્યાન અમારાથી હાથ વડે, પગ વડે, વાણીથી, શરીરથી, કર્મથી, કાનથી, આંખથી અને મનથી જે અપરાધ થયા હોય તેને ક્ષમા કરજો. આવી રીતે ક્ષમા યાચના માંગીને કાર્ય સંપન્ન થયું.

મોટા માણસો ઊંડી સોચ અને દીર્ઘ દૃષ્ટિ ધરાવતા હોય છે.

પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજીને ભવિષ્યમાં બહુ મોટા મોટા કામો કરવાના હતાં. એ વિષયને ધ્યાનમાં રાખીને કાર્યનો આરંભ "વિષ્ણુયાગ"થી કર્યો. જેના લીધે હરિહર સંપ્રદાય એક તાંતણામાં પરોવાતો ગયો. જેના પરિણામ સ્વરૂપે ગુરૂકુળ તથા અન્ય સંસ્થાઓનું નવનિર્માણ થયું. એક સિધ્ધાંત સત્ય સનાતન છે કે જે કામ દસ વરસ પછી કરવાનું છે. એનો પાયો આજથી નાખવો જોઈએ. જેવી રીતે એક માઁ પોતાના બાળકને પ્રાથમિક શાળામાં દાખલ કરતી વખતે એના પાયાને ડોકટર કે વકીલની દૃષ્ટિથી જુએ છે. વીસ વરસ પછી એનો બાળક એ પ્રમાણેની જ પદવી પ્રાપ્ત કરે છે. કહેવાનો તાત્પર્ય એટલો જ કે મોટા કામના આયોજનો મુળથી હોવા જોઈએ. જે ઝાડના મુળીયા ખુબ ઊંડે સુધી ગયા છે. ભવિષ્યમાં એજ વૃક્ષ વિસ્તૃત સ્વરૂપ ધારણ કરે છે અને પછી એ વૃક્ષ હજારો પક્ષીઓનો આશ્રય સ્થાન બની રહે છે. વૃક્ષ પોતાની છાંયો અને ફળની સિધ્ધિઓને છુપાવી રાખતો નથી. જે છે તે બધું સમાજ સામે ધરી દે છે. એવી રીતે પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીએ પણ કોઈપણ સિધ્ધિને સમાજથી છુપાવી રાખી નહીં. જે હતું તે બધું સમાજ સામે ધરી દીધું. આપણે એમના જીવનને ન સમજી શકીયે અથવા તો સિધ્ધિઓનું લાભ ન લઇ શકીયે. એમાં એમનો શો વાંક ? મહારાજશ્રીની સિધ્ધિઓનું વર્ણન કરતાં કવિ કહે છે કે...

રાગ : પહાળી તાલ : કેરવા

ઓધવકે ઠઠો મું ઓધવકે ઠઠો કચ્છજો જુનો જોગીડો
મું વાંઢાયમેં ઠઠો.
રંગરંગમેં સંગસંગમેં હર ધડકન મેં તું ...(૨)
ન અંસી સુંઝાતો તોકે તેંમેં તોજા કેડા હો ...કચ્છજો.
જપમેં તપમેં ધ્યાન ધરમમેં હર સત્સંગ મેં તું ...(૨)
રામ સ્વરૂપે આવેં ઈ તું ક, અંઝાકો બેયો ? ...કચ્છજો.
વન પર્વત સાગર સરિતા મેં નભ મંડલમેં તું ...(૨)
"ભગતરામ" હે મનવા તું કરીજ અનજો ચેયો ...કચ્છજો.

દૃષ્ટિહિન (અજ્ઞાની) માણસો સંતોના સાચા સ્વરૂપને જાણી શકતાં નથી. એટલે જ તેઓ માણી શકતાં નથી. જાણવું એટલે જ્ઞાન અને માણવું એનું નામ ભક્તિ. જાણ્યા પછી જે માણસો માણતાં નથી. એમણે કાંઈ જાણ્યું જ નથી એમ સમજવું. અખા ભગતને આપણી સમસ્યા સતાવે છે. એટલે જ તે કહે છે કે કથા સુણીને ફુટ્યા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન તમે સૌ પચાસ પચાસ વખત કથાઓ સાંભળવા ભારતનાં તથા વિદેશોના ખુણે ખુણે ફર્યા તોય ભાગવત કથાનો મર્મ સમજી શક્યા નહી. અખા ભગતને તમેં કથા સાંભળવાનાં બદલે ધરમના માત્ર ધક્કા જ ખાધા છે. એનું દુઃખ છે. જે માણસો ભાગવત કથા લઈ ને ઘરમાં સ્થાઈ થયા છે. એ માણસોએ કથાને પચાવી જાણી છે. એમ સમજવું. માત્ર મહારાજશ્રી મહારાજશ્રી કહેવાથી અથવા તો ઉભી બજારે સરઘસ કાઢવાથી કાં

તો ચોરે અને ચૌટે નાચવાથી અથવા તો આખી રાતનાં ઉજાગરા કરીને મહારાજશ્રીના ભજનો ગાવાથી કે પછી ભગવાન તરીકે સમજવાથી અને કાં તો મોટી મોટી પ્રતિમાઓ ઘરમાં લગાડવાથી જીવન ઉપર કોઇ પરિણામ થતું નથી. મહારાજશ્રીના આદર્શોને જીવનમાં ઉતાર્યા સિવાય એમનાં નામે કરેલી કૃતિઓ સૌ ઢોંગ અને દંભમાં સમાઇ જાય છે.

જયાં લગી ક્રોધ કપટ નવ જાય "હરિ" ને ભજવાથી શું થાય ?

કવિ કહે છે કે, 'જયાં સુધી સદ્દગુરૂનાં આદર્શો અને એની પરમ આશીર્વાદ મેળવવાનાં યથાર્થ પ્રયત્નો ન થાય તો જેવી રીતે સાધુ સંગે તીર્થે તીર્થે ફરતી તુંબડી કોઇપણ ઇશ્વરનાં રહસ્યને જાણી શકી નહીં. એવી સ્થિતિમાંથી સાધના દ્વારા બહાર આવી જવું. એ આપણા સૌની નૈતિક ફરજ થાય છે.

રાગ : આશાવરી

તુંબડીયાં સબ તીરથ કર આઇ... (૨)...તુંબડીયાં.
ગંગા નાહી ગોમતી નાહી અડસઠ તીરથ ધાઇ
નીત નીત ઉઠ ગઇ મંદીર મેં ફીરભી ન ગઇ કડવાઇ ...તુંબડીયાં.
સદ્દગુરૂ સંતકે નઝર ચડી તબ અપને પાસ બુલાઇ
કાટકુટ કર સાફ બનાઇ અંદર રાખ મીલાઇ ...તુંબડીયાં.
રાખ મીલા કર પાક બનાઇ તબ તો ગઇ કડવાઇ
અમૃત જલભર લાઇ તુંબડીયાં સંતનકે મન ભાઇ ...તુંબડીયાં.
યે બાતા સબ સત્ય સુનાઇ જુઠ નહીં મેરે ભાઇ
દાસ સત્તાર ફીર તો તુંબડીયાં કરત ફીરે ઠકુરાઇ ...તુંબડીયાં.

આપણાં શાસ્ત્રકારોએ ગુરૂસેવા તથા ઇશપુજામાં આચરણે પ્રથમ સ્થાને મુકયા છે. એક કવિ કહે છે કે...

આચરણમાં નહીં એકડો અને ગાય ગીતાનાં ગાન
ધર્મ વેંચી ધન ભેગું કરે બસ એનું નામ શેતાન

શેતાન ગુરૂને માને પણ ગુરૂની ન માને. કહેવાતા ધાર્મિક શયતાનોની એજ મોટી વિટંબણા છે.

ભકિતહિન નર સોહઈ ઐસા બીન જલ બાદલ દેખઈ જૈસા

વિષ્ણુયાગનો આયોજન પૂર્ણ થયા બાદ મહારાજશ્રી ઓધવરામજીએ આશ્રમનો તત્કાલીન સમય પુરતો પુરતો વહીવટ સાધુશ્રી વીઠલદાસજીને સોંપી ને પોતે "અંશપ્રજ્ઞાત" સમાધિમાં બેઠા અંશપ્રજ્ઞાત સમાધિ ચાલીસ દિવસની હોય છે. જેને કચ્છી શબ્દોમાં ચાલીસો કહેવાય છે. જેના આહાર વિહારનાં ધોરણો શાસ્ત્રોકત પધ્ધતિ મુજબ નક્કી કરવામાં આવ્યા છે. ચાલીસા દરમ્યાન અનેક દર્શનાર્થીઓ મહારાજશ્રીના દર્શન કરવા આવતા હતાં. સંપુર્ણ દિવસ તપોભૂમિ (પર્ણકુટીર) દર્શનાર્થીઓથી ખીચોખીચ ભરેલી રહેતી. એ વખતે મંઝલથી સાધ્વી મૈયાજી પણ મહારાજશ્રીના દર્શન કરવા આવ્યા હતાં. "અંશપ્રજ્ઞાત" સમાધિના અંતિમ દિવસે માધાપરના દાનવીર તથા પરોપકારી સજ્જન શ્રી મનજીભાઇ જેરામ પણ નારાયણ સરોવરની યાત્રા કરીને પાછા વળતા સંઘ સહિત મહારાજશ્રીના દર્શન કરવા આવ્યા હતાં. અંશપ્રજ્ઞાત સમાધિ તથા વિષ્ણુયાગ કર્યાની ફળશ્રુતિ પ્રમાણે મહારાજશ્રીનાં વિચારોમાં ખુબ પરિવર્તન આવ્યું. એમના મનમાં ધીરે ધીરે પ્રભુકાર્યને સમાજ સાથે જોડી દેવાનાં વિચારો સ્થાઇ થતાં ગયા અને એ જ ક્ષણે સમાજ સેવાનાં વિચારનો જન્મ થયો. સમાજ એજ ઇશ્વર અને ઇશ્વર એજ સમાજના સંકલ્પધારી વિચારો મનમાં દૃઢ થતા ગયા. એક વખત મહારાજશ્રીએ સત્સંગમાં કહ્યું હતું કે... ભજનને સાર્થક કરવાનો સમય હવે આવી ગયો છે. આપણાં જીવનમાં ક્યાંક ને ક્યાંક ભજનનો પ્રભાવ દેખાવો જોઇએ. ભજનની ધ્વની (ગુંજ) ઘરઘરમાં તથા સમાજમાં ક્યાંક ને ક્યાં દેખાવી જોઇએ અને આગળ જતાં કહ્યું કે, માત્ર મંજીરા વગાડવાનો અર્થ ભજન એવું થતું નથી.

હરિહર થાય છે જયારે ઓધવ સમજાય છે ત્યારે

મરૂં પણ માંગુ નહીં અપને તન કે કાજ
પરમારથ કે કારન મોહે માંગત ન આવે લાજ

સંતોના જીવનની પ્રત્યેક ક્રિયા ઈશ્વર સમર્પિત હોય છે. શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું કે, 'અર્જુન હું તને તારા સુખ માટે કે રાજ્ય લોભ માટે લડવાનું નથી કહેતો હું તને ધર્મ માટે લડવાનું કહું છું.

સંતોની સાંભળવાની, બોલવાની, જોવાની, લડવાની અથવા તો માંગવાની પ્રત્યેક ક્રિયા ઈશ્વરના માટે હોય છે. પોતે માત્ર નિમિત્ત બનીને રહે છે. આપણાં હરિહર સંપ્રદાયની આચારસંહિતા મુજબ (માધુકરી) ભિક્ષા માંગીને જીવન નિર્વાહ ચલાવતો. જે પરંપરાની શરૂઆત શ્રી વિહારી સાહેબ દ્વારા કરવામાં આવી હતી. નાની નાની ઘુંઘરીઓથી સજાવેલી કાવડ લઈને વિહારી સાહેબ આસપાસના સાત ગામમાં માધુકરી કરવા જતાં હતાં. ઘુંઘરીઓનો અવાજ સાંભળીને ગૃહસ્થીઓ ઘરની બહાર આવીને લોટ અથવા તો બાજરો આપીને ધન્યતા અનુભવતા અને એજ માધુકરી માંથી આશ્રમનાં સેવકો તથા અન્ય પ્રાણીઓનું ભરણપોષણ થતું હતું. શ્રી વિહારી સાહેબને કુતરા પાળવાનો ખુબ શોખ હતો. માધુકરી માંથી મળેલા લોટ માંથી રોટલા બનાવીને કુતરાઓને ખવડાવતા.

માધુકરીની પરંપરાને જાળવી રાખવા માટે પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજ શિષ્ય શ્રી રામજી ડોશાને સાથે રાખીને દેશલપર ગામે માધુકરી કરવા જતાં. ત્યાંથી લોટ સ્વરૂપે મળેલી માધુકરી માંથી આશ્રમનું ભરણપોષણ થતું હતું.

આજનું આજે કાલનું કાલે

મહારાજશ્રી રામજી ડોશાને કહેતાં કે, 'આજે મળેલી માધુકરીનો આજે જ સદાયોગ કરી લ્યો. કાલની વાત ઈશ્વર ઉપર છોડી દયો. ઈશ્વર કોઈને ભૂખ્યો સુવાડતો નથી પણ ભૂખ્યાને ઉઠાડે છે જરૂર. જે સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને આશ્રમવાસીઓનું મહાપ્રસાદ પુર્ણ થયા પશ્ચાત વધેલા લોટમાંથી ગાયો તથા કુતરા માટે રોટલા બનાવીને શ્રી રામજી ડોશા ખવડાવવા જતાં. એક વાત જાણવા જેવી છે કે મહારાજશ્રી ઈશ્વરરામનું શરીર શાંત થયા પછી શિષ્યોમાં મતભેદો તથા સત્તર વરસ સુધી ચાલેલા આંતકલહ તથા જુથબંધીનાં કારણે આશ્રમ ઘસાઈ ગયો હતો. જેને ઉંચું કરવા માટે પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજીને ઓછામાં ઓછા વીસ વરસ લાગ્યા હતાં. આજે આશ્રમોમાં રહીને ચેલાઓ સાધના કરવાને બદલે ગુરૂપદ પ્રાપ્ત કરવા માટે હુંસાતુંસીમાં રચ્યા પચ્યા રહે છે.

મહારાજશ્રી કહેતાં હતાં કે, 'જીવન કલ્યાણ માટે ભજન એ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે.' ભજનનો અર્થ માત્ર રાગ-તાલ ઉપર સીમિત ન રહેવો જોઈએ. ભજનનો અર્થ સાધનામાં રૂપાંતર થઈ જવું જોઈએ. તો જ ભજનના ભાવ અને એના ગુણધર્મ સમજાશે. આજે ભજનનું નામ પડતા જુનાગઢનાં નરસિંહ મહેતા યાદ આવ્યા વગર રહેતા નથી. કારણ કે એમણે ભજનના માધ્યમ દ્વારા સાધના કરી છે. એણે કૃષ્ણ ભકિતનો એક અનોખો પ્રવાહ શરૂ કર્યો હતો.

ભકત કવિ : નરસિંહ મહેતા

આવા આદરણીય બનેલા પાત્રની બાલ્યાવસ્થા તરફ નજર કરશું તો આપણને લાગે પણ નહીં કે એક બહેરો મૂંગો છોકરો આટલો મહાન ભકત નીકળશે. નરસિંહ મહેતાનો જન્મ આશરે ઇ. સ. ૧૪૧૪ ની આસપાસ જુનાગઢમાં થયો હતો. જન્મે મૂંગા, બહેરા નરસિંહને ગામના છોકરાં ખૂબ જ પજવતા અને ટપલીઓ મારતાં. લાચાર નરસિંહની આંખમાંથી ફકત આંસુ જ નીકળતા, મૂંગો હોવાથી મોટેથી રડાતું પણ નહીં. એકવાર ગામમાં કોઈ સંત બાબા પધાર્યા, તેની પાસે દાદીમા નરસિંહને લઈ ગયા. સંતે 'રાધેકૃષ્ણ' બોલવા જણાવ્યું. પહેલા નરસિંહને ખૂબ કષ્ટ પડ્યું, પણ પછી જાણે કોઈ અલૌકિક શકિતનો સંચાર થયો હોય તેમ, તે ધીરે ધીરે બોલવા લાગ્યો. આમ વાણીની શરૂઆત જ તેમણે પ્રભુના નામથી કરી અને આખું જીવન કૃષ્ણભકિતમાં લીન કર્યું.

ભકિતના અંકુર :-

ધીરે ધીરે નરસિંહને ભગવાનના નામનું ઘેલું લાગતું ગયું. દાદીમાના મરણ બાદ મોટાભાઈ બંસીધરે તેને ભણવા મોકલ્યો પણ નરસિંહને નિશાળ ગમતી નહી. નિશાળને બદલે તે મંદિરમાં કે સાધુની જમાતમાં જઈ બેસતો. સાધુસંતોની ભજનમંડળી તેને બહુ ગમતી. નાનપણથી જ વૃત્તિઓ સાધુસંતો તરફ વળતી ગઈ. નાનાભાઈના ઢંગધડા બંસીધરને ગમતા નહીં. મોટાભાઈને શંકા ગઈ કે આ છોકરો જતે દિવસે સાધુ ન બની જાય, આથી માણેક નામની સુશીલ કન્યા જોડે તેના લગ્ન કરાવ્યા.

કસોટીકાળ :-

 લગ્ન કર્યા છતાં નરસિંહની સાધુસંતોની સોબત છૂટી નહી. ઘણીવાર તો રાત્રે પણ ત્યાં જ જમાવટ કરતો. બંસીધરને ખરેખર ચિંતા થવા લાગી કે ભાઇ ભણ્યો નથી તો કરશે શું ? આખી નાગરજ્ઞાતિ ફિટકાર કરતાં કહેતી કે ખાનદાન કુળનો છોકરો સાધુ-વૈરાગીમાં પડચો રહે એ સારું ન કહેવાય. મોટાભાઇ નરસિંહને શિખામણ આપે, પણ નરસિંહ તો એનો એ જ. શિખામણની કંઇ જ અસર થતી નહી. તેની ભાભી દુરતિ સ્વભાવે વઢકણી હતી. તે નરસિંહને ખૂબ ત્રાસ આપતી પરંતુ તેની કોઇપણ જાતની અસર નરસિંહ પર ન જણાતી. આથી તેણે દેરાણી માણેકને સતાવવાનું શરૂ કર્યું. એક સમી સાંજે નરસિંહ મહેતા ઢોર ચરાવીને પાછા ફર્યા ત્યારે જમવામાં ભાભીએ બે ત્રણ દિવસનો વાસી સૂકો રોટલો અને વાસી થયેલી કઢી ખાવા આપી. નરસિંહથી આ સહન થયું નહી. તેથી ભાભીને કહ્યું, '' શું મને અહી બે વખત રોટલો ખાવાનો પણ હક્ક નથી ?'' ભાભીને તો આ જોઇતું જ હતું. ભાભી તરત ફફડી ઊઠી અને કહેવા લાગી, ''તને કોણ કહે છે કે ખા ? તારે ધંધો ધાપો તો કરવો નથી અને મફતનું ખાવું છે. તારી વેઠ હવે અમારાથી સહન નહી થાય.'' ભાભીનું મહેણું નરસિંહને હાડોહાડ લાગી ગયું. તે જ વખતે હાથ ધોઇ તે ત્યાંથી ચાલી નીકળ્યો.

પ્રભુકૃપા :-

ગામને પાદર આવી તે મૂંઝાવા લાગ્યો. હવે તો રાત પણ પડી ગઇ હતી. ભગવાનનું નામ સ્મરણ કરતો તે વગડામાં એક જીર્ણ મંદિર પાસે આવી પહોંચ્યો. મંદિર અવાવરુ હતું. શીવલિંગની પૂજા કરી તેણે તો ત્યાં જ જમાવટ કરી. શિવાલયમાં શંકરનું ધ્યાન ધરતા તેને ભૂખ-તરસનું પણ ભાન ન રહ્યું. બે ત્રણ દિવસો ગયા પણ નરસિંહની ટેક છૂટી નહી. આખરે ભોળાનાથે પ્રસન્ન થઇ વરદાન માગવા કહ્યું. નરસિંહે કંઇ પણ દુન્યવી સુખ ન માગતાં, કૃષ્ણની રાસલીલાના દર્શન માગ્યાં. ભોળાનાથ તેને કૃષ્ણની રાસલીલાના દર્શન કરવા લઇ ગયા. રાસલીલા જોવાની તલ્લીનતામાં હાથમાં રાખેલી મશાલથી પોતાનો હાથ સળગવા લાગ્યો તો પણ તેને દેહનું ભાન રહ્યું નહી. કૃષ્ણની આ તરફ નજર ગઇ. ભકિતથી પ્રસન્ન થઇ તેમણે નરસિંહને કંઇ માગવા કહ્યું. નરસિંહે કૃષ્ણભકિત સિવાય કંઇ જ માગ્યું નહી. કૃષ્ણે એને વચન આપ્યું કે જયારે જયારે તું કેદારો ગાઇ મને યાદ કરીશ ત્યારે ત્યારે હું તને મદદ કરવા આવીશ.

તીવ્ર ક્સોટીનો - સરળ ઉકેલ :-

પ્રભુદર્શનથી તૃપ્ત થયેલો નરસિંહ પાછો ઘેર આવ્યો. મોટાભાઇને વાત કરી. ભાઇએ કહ્યું, 'સાધુની સંગતથી તારું મન ચસકી ગયું છે. પ્રભુના તે વળી દર્શન થતા હશે ?' ભાઇએ વળી પાછો એને સમજાવ્યો અને બધી ઘેલછા છોડી દેવા જણાવ્યું. નરસિંહે જવાબમાં કહ્યું, 'મારાથી ભગવાનના ભજન વગર નહી રહેવાય.' આ સાંભળી દુરતિભાભી તપી ઊઠી. તે બોલી, 'ભગતડા થઇને ફરવું હોય તો અહીંથી ચાલ્યો જા. મારા ઘરમાં ભગતવેડા નહી ચાલે.' નરસિંહ તે વખતે જ પોતાની પત્ની માણેક, પુત્ર શામળશા અને પુત્રી કુંવરબાઇને લઇને ચાલી નીકળ્યા. ઇશ્વર પર અખૂટ શ્રદ્ધા સાથે, ગામની ભાગોળે આવેલી ધર્મશાળામાં તેમણે પડાવ નાખ્યો. હવે કોઇની પણ રોકટોક વગર તેમણે ઇશ્વરભજનની શરૂઆત કરી.

શામળશાનો વિવાહ :-

હવે તો નરસિંહ મહેતાની પુષ્કળ કસોટીઓ થવા લાગી. માણસ જયારે સાદો સીધો હોય ત્યારે હંમેશાં કહેવાતા ડાહ્યા લોકો તેની હાંસી ઉડાવવાનો પ્રયત્ન કરે છે. મદનરાય વડનગરના દીવાન હતાં, ધનવાન અને ખાનદાન ગણાતા. તેમણે પોતાની પુત્રી સુરસેનાનું વેવિશાળ કરવા કુલગોર દીક્ષિતજીને જુનાગઢ મોકલ્યા. દીક્ષિતજી મુરતિયો શોધવા લાગ્યા. બધા નાગરીન્યાતના લોકો પોતપોતાના છોકરાઓને શણગારી દીક્ષિતજીને માનપાનથી બોલાવી દેખાડવા લાગ્યા. નાગરીન્યાતના આગેવાન સારંગધરે બધા મુરતિયા બતાવ્યા, પરંતુ કોઇપણ મુરતિયો તેમને પસંદ આવ્યો નહી. તેમને દરેકમાં કંઇ ને કંઇ ખોડખાંપણ દેખાયા કરે. ખીજે ભરાયેલા સારંગધરે વેર લેવાની ભાવનાથી છેવટે નરસિંહ મહેતાનું ઘર બતાવ્યું. દીક્ષિતજી નરસિંહના ઘરે ગયા, તો નરસિંહની આસપાસ સાધુમંડળ નાચતું હતું અને પ્રભુ નામ સ્મરણ થઇ રહ્યું હતું. દીક્ષિતજીને તેની પ્રભુભકિત પસંદ પડી ગઇ. ધીરે રહીને તેમણે શામળશાને માટે છોકરીનું માગું લઇને આવ્યા છે એવું જણાવ્યું. શામળશાને જોયા પછી દીક્ષિતજીએ શ્રીફળ અને સોનામહોર, સંબંધ બાંધવા આપ્યાં. નરસિંહે ના પાડી કહ્યું કે તે દીવાન સાથે સંબંધ બાંધવા યોગ્ય નથી, નાગરીન્યાતમાં બીજે મોભાસર સંબંધ બાધો. દીક્ષિતજી બીજી કંઇ જ વાત ન સાંભળતાં શ્રીફળ આપીને જ ગયા. સારંગધરના કાને આ વાત આવી. એને લાગ્યું કે આ તો હસવામાંથી ખસવું થઇ ગયું. તેણે દીવાનને કાગળ લખી જણાવ્યું કે ખુબ જ ગરીબ ઘર સાથે સંબંધ નક્કી થયો

તે આપના મોભાને અનુરૂપ નથી. દીવાનજી ચમક્યા અને સંદેશામાં પોતાને જોઇતી વસ્તુઓ સાથે તથા દીવાનને શોભે એવી રીતે જાન લાવવાનું કહેવડાવ્યું. નરસિંહે શાંતિથી કહ્યું, 'હા, બધું અનુરૂપ થશે.' પણ માણેકબાઇને ચિંતા થવા લાગી. લગ્નને દિવસે પણ નાગરીન્યાતનું કોઇ જ જાનમાં ન ગયું. થોડા સાધુની જમાત લઇ નરસિંહ મહેતા જાન લઇ નીકળ્યા. ગામલોકોએ હાંસી ઉડાવી. નરસિંહે તો શાંતિથી કેદારો ગાઇ ભગવાનની મદદ માગી. ભગવાને પોતે વાણોતર બની રંગેચંગે લગ્ન પતાવ્યાં.

પિતાનું શ્રાદ્ધ :-

મોટાભાઇ બંસીધરને ઘેર જ્યારે પિતાનું શ્રાદ્ધ થતું ત્યારે માણેકબાઇ અને મહેતા ત્યાં જમી આવતાં. દર વખતે દુરતિભાભી મહેણાં મારતી. નિર્ધન હોવાથી માણેક તે સહન કરી લેતી. ફરી શ્રાદ્ધનો દિવસ આવતાં મોટાભાઇએ નરસિંહને કહ્યું, 'વહુને વહેલી મોકલી આપજે. તું પણ મારે ત્યાં આવે ત્યારે ભગતવેડા છોડી દેજે.' નરસિંહે કહ્યું, 'હરિભજન કરવું એને ભગતવેડા ન કહેવાય' આથી મોટાભાઇએ ચિડાઇને કહ્યું, 'એક તો કુળની ઇજ્જત ડુબાડી ધંધો ધાપો કરતો નથી અને બાપનું શ્રાદ્ધ પણ સરખું કરતો નથી. એવો મોટો હોય તો કાલે તું શ્રાદ્ધ કરજે.' નરસિંહ મહેતાએ આ સ્વીકારી લીધું. બંસીધરના જતાં માણેકે મહેતાને કહ્યું, 'મારાથી ભાભીના વેણ હવે સહન નથી થતાં. હું કાલે ત્યાં નહીં જાઉં. આપણે અહીં જ શ્રાદ્ધ કરીશું.' આમ કહી નાકની વાળી આપી તેણે મહેતાને બજારમાં મોકલ્યા. સામાન આવતાં તેણે મહેતાને પાંચ જણને જમવાનું આમંત્રણ આપી આવવાનું પણ કહ્યું. જે પચાસ સાઠ નાગરો ચોરે બેઠા હતાં, તેઓ બધાને જ મહેતા નોતરાં આપી આવ્યા. આગળ જતાં બીજા મળ્યા, તે બધાને પણ આમંત્રણ આપ્યું. આમ લગભગ આખી ન્યાતને તેમણે આમંત્રણ આપ્યું. વહેલી સવારે બીજું સીધું એકઠું કરી, ઘી લાવવાનું બાકી હતું. તે લેવા માણેકે નરસિંહને બજારમાં મોકલ્યા. વેપારીએ તેને ભજન ગાયા પછી ઘી આપવાનું કહ્યું. મહેતાજી ભજન ગાવામાં એટલા મસ્ત બની ગયા કે ઘેર ઘી પહોંચાડવાની વાત જ ભૂલી ગયા. આખી જ્ઞાતિ જમવા ઘેર ઊમટી. માણેકબાઇ મહેતાની રાહ જોતા હતાં. ભગવાનથી શું અજાણ્યું છે ? નરસિંહનું રૂપ ધારણ કરીને તે માણેકબાઇની વહારે આવ્યા. આગળથી એક માણસને સામાન સાથે મોકલ્યો, સાથે લાવેલા રસોઇયાની મદદથી રસોઇ તૈયાર કરાવી. તેમણે માણેકબાઇને સુંદર વસ્ત્રો તથા ઘરેણાં પહેરવા આપ્યાં. નાગરીન્યાત તો માણેકબાઇ તથા નરસિંહ મહેતાને જોઇ ચકિત થઇ ગઇ. ન્યાત જમીને જતી રહી. થોડીવારે નરસિંહ હાથમાં ઘીની તાંબડી લઇને આવ્યા. માણેકબાઇ પાસે ક્ષમા માંગી, 'મને મોડું થઇ ગયું. તુ ઝટ રસોઇ તૈયાર કર.' પત્નીએ કહ્યું, 'તમે કેવી વાત કરો છો ? થોડીવાર પહેલાં તો ન્યાત જમી પણ ગઇ.' પત્રાળાંનો ઢગલો જોઇને જ મહેતા બધું સમજી ગયા. ખરેખર ! મહેતાની ટેક રાખવા શામળ પોતે જ આવ્યા અને તેમણે શ્રાદ્ધ કરી ભકતનો મહિમા વધાર્યો.

કુંવરબાઈનું મામેરું :-

કુંવરબાઇના મામેરા વખતે પણ ભગવાન શામળશેઠ બની ભકતની વહારે આવ્યા હતાં. શામળ કેટલી સુંદર રીતે કુંવરબાઇનું મામેરું ઉકેલે છે ! મામેરાં વખતે ભગવાને વાણોતરનું રૂપ ધારણ કર્યું. નરસિંહ મહેતાની ભકિત કેવી ? ચૌદલોકના નાથ એમને માટે વાણિયા બન્યા.

હરિજનોમાં ભજન :-

નરસિંહ મહેતાનો જમાનો જુદો હતો. તે વખતે રૂઢિરીવાજનું બહુ જોર હતું, ન્યાતજાતના ભેદ પણ બહુ હતા. વાણિયા બ્રાહ્મણ ઉચ્ચ વર્ણ અને ચમાર વગેરે નીચા વર્ણમાં ગણાતા. તેમને કોઇ અડકતું પણ નહીં. નરસિંહ મહેતા રોજ સવારે ગિરનારની તળેટીમાં આવેલ દામોદર કુંડમાં સ્નાન કરતા, સ્નાન કરી હરિભજન કરતા ઘેર જતાં. એક દિવસ વહેલી સવારે હરિજનોએ નરસિંહ મહેતાને પોતાના વાડામાં ભજન કરવા આમંત્રણ આપ્યું. ભાવના ભૂખ્યા ભોળા મહેતાએ હા પાડી. તેમને ઉચ્ચનીચની પડી જ ન હતી. તે રાત્રે ચોરે નાગર ન્યાત એકઠી થઇ અને ઠરાવ પસાર કર્યો કે મહેતાને ન્યાતની બહાર મૂકવા. થોડા દિવસ પછી કોઇ પ્રસંગસર ન્યાત જ્યારે જમવા બેઠી હતી ત્યારે બધાને પોતાની બાજુમાં હરિજન બેઠેલા તથા તેમની પતરાળમાં હાડકા દેખાયા. બધે હોહા થઇ ગઇ. આમ થવાનું કારણ શું ? એક ડાહ્યા માણસે જણાવ્યું, ''આ બધું ભકતને પ્રતાપે લાગે છે. નરસિંહ મહેતાની માફી માગો તો કંઇ જ નહી થાય'' એક આગેવાન અને એક જુવાન એમ બન્ને નરસિંહ મહેતાની માફી માગવા આવ્યા. મહેતાએ માફી આપી. એમ થતાં જ એ અસર ઊડી ગઇ અને બધાં શાંતિથી જમ્યાં. જમીને ઘેર જતાં નાગરો નરસિંહની ભકિતના ગુણગાન કરતા હતા.

આવા અલિપ્ત મહેતા જયારે પોતાની પત્ની ગુજરી ગઇ તો દુઃખ ન લગાડતાં કહે છે, ''ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ.''

નરસિંહ મહેતાની હુંડી દ્વારકામાં શામળશા શેઠે સ્વીકારી. તેમાં પણ ભગવાનનો મહેતા પર કેટલો બધો ભાવ હતો તે જણાવે છે. નરસિંહનો પ્રભુ પરનો વિશ્વાસ અનન્ય હતો.

ભક્તના ગળામાં હરિની માળા :-

એક વખત એક ગરીબ બ્રાહ્મણ નરસિંહ મહેતા પાસે પૈસા માગવા ગયો. મહેતા પાસે તો કાણી કોડી પણ ન હતી. એક વૈષ્ણવ વેપારી પાસે મહેતા પૈસા માગવા ગયા. વેપારીએ કંઇક ગીરો મૂકવાનું કહ્યું. આ વેપારી મહેતાનો પ્રશંસક હતો, તેણે કેદારો ગીરવે મૂકવાનું સૂચવ્યું. મહેતા કેદારો ગીરો રાખી પૈસા લેવા કબૂલ થયા. નોંધની આપ લે થઇ. બીજે દિવસે મહેતાએ તે બ્રાહ્મણને પેસા આપ્યા. એ અરસામાં ભકતની ખ્યાતિ ખૂબ ફેલાયેલી હતી. તેથી તેમની આસપાસ તેમનો દ્વેષ કરનારાઓનું વર્તુળ ઊભું થયું હતું. નરસિંહની વિરુદ્ધ ફરિયાદો છેક રાજદરબાર સુધી પહોંચી. જુનાગઢના રાજા રા'માંડલિકે નરસિંહને બોલાવ્યા અને તેને પાખંડીપણું બંધ કરવા કહ્યું. મહેતાએ કહ્યું, '' હું તો ફકત ભજન જ કરું છું. મારી આસપાસ તેઓ ભજન કરવા આવે તો હું ના થોડો પાડવાનો હતો.'' રાજાએ કહ્યું, 'તને તારી ભકિતનું એટલું બધું અભિમાન હોય તો આ મંદિરમાં મૂર્તિને ચઢાવેલી માળા સવાર સુધીમાં તારા ગળામાં આવવી જોઇએ.' આ કસોટી વખતે મહેતા મૂંઝવણમાં પડ્યા. કેદારો તો ગીરવે રાખેલો હતો. હવે પ્રભુને બોલાવાય કેવી રીતે ? ચિંતીત બની બેસી રહ્યા. પણ ભગવાનથી કંઇ બેસી રહેવાયું નહીં. તે નરસિંહનું રૂપ ધારણ કરી કેદારો છોડાવી લાવ્યા. ભકતે તો સવાર પડવાને થોડીવાર પહેલાં પેલું ગીરોખત પોતાના ખોળામાં જોતાં કેદારો ગાયો. મંદિરના બારણાં તૂટ્યા અને માળા ભકતના ગળામાં આવી.

આદિ કવિ નરસિંહ :-

મહેતાજીને હરિએ હાર આપ્યો એ વાત આખા દેશમાં ફેલાઇ. ઘણા સંતો એમની પાસે આવવા લાગ્યા. નાગરોએ પણ એમને સતાવવાનું મુકી દીધું. મહેતાજીએ બાકીનું જીવન ભજન કરવામાં પસાર કર્યું. મહેતા ગુજરાતી ભાષાના આદિ કવિ ગણાય છે. એમનું 'વૈષ્ણવ જન' વાળું ભજન તો પૂજ્ય ગાંધીજીને અત્યંત પ્રિય હતું. નરસિંહ મહેતાના પ્રભાતિયાં આજે પણ ઘેર ઘેર ગવાય છે. એની મીઠી ઝલક સૌને ગમે છે. નરસિંહના જેવા મીઠા પ્રભાતિયાં બીજા કોઇ જ કવિએ નથી બનાવ્યા.

મહેતાજી ભજનો રચતા અને ગાતા, સદા હરિમાં મસ્ત રહેતા. એમની ભકિતથી જુનાગઢ તીર્થ બન્યું. ઇ. સ. ૧૪૮૦ ની આસપાસ મહેતાનો વૈકુંઠવાસ થયો. લોકો આજે પણ તેમને ભકિતભાવથી યાદ કરે છે અને તેમના ભજનો ભાવથી ગાય છે. નરસિંહ મહેતાનો ભજન એજ સાધના અને સાધના એજ ભજન. એમણે રચેલા ''પ્રભાતિયાં'' અને ''હુંડી'' સતત લોક માનસનાં પટ પર છવાયેલા રહ્યા છે.

એક વખત ગીરનારનાં પાંચ સાધુઓનો સંગ દ્વારીકા જતો હતો. રસ્તામાં ચોર લુંટારાનો ભય હોવાથી જુનાગઢ માં રૂ.સાતસો ભરી દ્વારીકાની કોઇ પેઢી ઉપર હુંડી લખાવવાની હતી પણ હુંડી લખી આપે કોણ ? ગામમાં ઘણી તપાસ કરી પણ કોઇએ હુંડી લખી આપી નહીં. આખરે ગામના ચોરે ચાર નવરા બેઠા હતાં. એમણે જાણી જોઇને નરસિંહ મહેતાનું નામ સુચવતા કહ્યું કે, '' અમારા જુનાગઢમાં મોટામાં મોટા શેઠ નરસિંહ મહેતા છે. એ તમને હુંડી લખી આપશે.'' પછી તો સાધુઓ નરસિંહ મહેતાનું ઘર પુછતાં પુછતાં આવ્યા અને રૂપિયા ૭૦૦ નરસિંહ મહેતા પાસે જમા કરાવીને દ્વારીકા નિવાસી શેઠશ્રી શામળશાને નામે નરસિંહ મહેતાએ હુંડી લખી આપી. જેમાં લખ્યું હતું કે,

'' હુંડી ''

મારી હુંડી સ્વીકારો મહારાજ રે શામળા ગીરધારી
મને એક તમારો આધાર રે શામળા ગીરધારી ...ટેક.
સમરૂં શ્રી ગુરૂ શારદાને ગણપત લાગું પાય
વિશ્વાસે હુંડી લખું તમેં પુરજો મારી આશ રે ...શામળા

હુંડી મારી સ્વીકારજો મારા તમેં શામળશા શેઠ
મને પરવા નથી બીજા કોઈની મેં ધણી ધાર્યો છે એક રે ...શામળા
પ્રહ્‌લાદની પત રાખવા તમેં ધર્યું નરસિંહ રૂપ
થંભમાંથી તમેં પ્રગટ્યા માર્યો હિરણાંકંસ જેવો ભૂપ રે ...શામળા
નિંભાળામાંથી ઉગાર્યા તમેં બિલાડી કેરા બાળ
ટીટોળીનાં ઈંડા ઉગાર્યા હરિ હેતે થયા છો રખવાળ રે ...શામળા
વાણીયાને વિમાંષણ કરી તમેં કર્યો માટીનો આહાર
ખાંડણીમાં પુત્ર ખંડાવ્યો તમારી મરજી પ્રમાણે મહારાજ રે ...શામળા
રાણાજીએ કાળ વધાર્યો મીરાં કારણ મહારાજ
ઝેર ઘોળીને મોકલ્યા તમેં છો ઝેરના મારણહાર રે ...શામળા
પાંડવ પ્રતિજ્ઞા પાળવા તમેં કર્યું કૌરવનું નાશ
દ્રૌપદીની લાજ રાખવા પુર્યા નવસો નવાણું ચીર નાથ રે ...શામળા
ગાંગેવ કેરે કારણે તમેં ચક્કર ધર્યું હાથ
સુંધવાને કારણ તમેં તેલમાં તર્યા છો તત્કાળ રે ...શામળા
શિબીરાજા તોળી તમેં એના ખાલી કર્યા શરીર
ધર્મ કેરે કારણે તમેં કેશવ કહેવાણા મારાજ રે ...શામળા
સાડા ત્રણસો ખોરડા મારા જુનાગઢની માંય
તેમાં નથી મને નોતરૂં મને ન્યાતે કીધો નાત બહાર રે ...શામળા
મારી ઝુંપડીમાં જો પધારશો તો લાવજો જમવા જાર
બેટા બેટીને વળાવીયા મેં વળાવી ઘરની નાર રે ...શામળા
ગ્રંથમાં મારે ગોપીચંદન વળી તુલસી હેમનો હાર
સાચું ઘરેણું મારો શામળો મારી દોલતમાં ઝાંઝપખાજ રે ...શામળા
હું નથી કોઈ મોટો લખપતી નથી શેઠ કે શાહુકાર
નરસિંહ મહેતા મારૂં નામ છે હું છું ન્યાતમાં સૌથી કંગાળ રે ...શામળા
હુંડી મારી લેજો હાથમાં પછી કરજો બીજા કામ
શેઠ દ્વારીકાપુર વિશે લખ્યું શામળશા એવું નામ રે ...શામળા
તીરથવાસી ગામમાં ફરે એતો પુછે નામને ઠામ
શેરીયે શેરીયે ફરી વળ્યા નથી શામળશા કોઈ નામ રે ...શામળા
ધુતારે ધૂત વિધ્યા કરી એમ કહેતું હતું સૌ ગામ
આતો કરી ઠગારે ઠેકડી આપણાં પૂર્વ જનમનાં પાપ રે ...શામળા
તીરથવાસી ગામમાં ફરી પછી નીકળ્યા ઝાંપાબહાર
વેશ લઈને વણીકનો વાલો તરત થયા તૈયાર રે ...શામળા
કાને કુંડળ ઝળહળે એના તેજતણો નહીં પાર
બાય બાજુબંધ બેરખા હરિને હૈયે હેમનો હાર રે ...શામળા
હુંડી આપો મારા હાથમાં શામળશા મારૂં નામ
હંમેશા લખજો હુંડીઓ કહેજો મારા સરિખું કોઈ કામ રે ...શામળા
હુંડી આપી હાથમાંને પુરી હૈયાની હામ
નરસિંહમહેતાનાં સ્વામી શામળાવાલે નવખંડે રાખ્યું નામ રે ...શામળા

હે જાગને જાદવા

જાગને જાદવા શ્રી કૃષ્ણ ગોવાળીઆ (૨) તુજ વિનાં ઘેનમાં કોણ જાશે.
ત્રણસો ને સાઠ ગોવાળ ટોળે મળ્યા
વડો તે ગોવાળીઓ કોણ થાશે ? ...હે જાગને જાદવા
દહીં તણા દહીંથરા ઘી તણા ઘેબરા
કઢીયલ દુધ તે કોણ પીશે ? ...હે જાગને જાદવા
હરિ તારો હાથીઓ કાલીનાગ નાથીઓ
ભૂમિનો ભાર તે કોણ લેશે ? ...હે જાગને જાદવા
ભણે નરસૈંયો એના ગુણ ગાઇ રીજીયે
બુડતાની બાંવડી કોણ ઝાલે ? ...હે જાગને જાદવા

અખંડ રો જી

એજીવાલા અખંડ રોજી હરિનાં હાથમાં વાલો મારો જુએ છે વિચારી
દેવાવાળો નથી દુબળો ભગવાન નથી રે ભિખારી...અખંડ
જળ ને સ્થળ તો અગમ છે અને આ કાયા છે વિનાશી
સર્વેને વાલો મારો આપશે મનડા રાખોને વિશ્વાસી ...અખંડ
નવ નવ મહિના ઉદરે વસ્યા તે દી જળથી જીવાડ્યા
ઉદર વસ્યા ને વાલો આપશે આપશે સુતાને જગાડી ...અખંડ
ગરૂડે ચડીને ગોવિંદ આવજો આવજો અંતરયાંમી
ભાવટ ભાંગી ભૂધરા મહેતા નરસીં ના સ્વામી ...અખંડ

અખિલ બ્રહ્માંડમાં

-: સાખી :-

હે ઈશ્વર તું એક છે તેં ખુબ ઘડ્યો સંસાર
પૃથ્વી પાણી પર્વતો ખુબ કર્યો સંસાર

-૦-

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જુજવે રૂપમાં અનંત ભાસે
દેહમાં દેહ તું તેજમાં તત્વ તું શુન્યમાં શબ્દ થૈઈ વેદ વાસે
પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા વૃક્ષ થઈ ફુલી રયો આકાશે
વિવિધ રચના કરી અનેક રસ લેવા શીવ થકી જીવ થયો એજ આશે
વેદ તો એમ વદે શ્રૂતી સ્મૃતિ શાખ દે કનક કુંડળ વિશે ભેદ ન હોયે
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જુજવા અંતે હેમનું હેમ હોયે
વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું જો હું પટતરો એજ પાસે
ભણે નરસૈંયો એ મન તણી સાધનાં પ્રિત કરૂ પ્રેમથી પ્રગટ થાશે.

જળકમળ

જળકમળ છોડી જાને બાળા સ્વામી અમારો જાગશે ...નાથ મારો જાગશે
જાગશે તને મારશે મને બાળ હત્યા લાગશે ...હે જળકમળ
કહે રે બાળક તું મારગ ભુલ્યો કે તારા વેરીએ વળાવીયો
નિશ્ચય તારો કાળ ખુટચો અહિંયા તે શીદ આવીઓ ...હે જળકમળ
નથી નાગણ હું મારગ ભુલ્યો નથી મારા વેરીએ વળાવીયો

મથુરા નગરીમાં જુગટું રમતાં નાગનું શીષ હારિયો ...હે જળકમળ
રંગે રૂડો રૂપે પુરો દીસંતો કોડીલો કોડામણો
તારી માતાએ કેટલા જનમ્યા તેમાં તું અળખામણો ...હે જળકમળ
મારી માતાએ બેહું જણ્યા તેમાં હું નટવર નાનડો
જગાડ તારા નાગને મારૂં નામ કૃષ્ણ કહાનડો ...હે જળકમળ
લાખ સવાનો મારો હાર આપું આપું તુજને દોરીયો
એટલું મારા નાગથી છાનું આપું તુજને ચોરીયો ...હે જળકમળ
શું કરૂં નાગણ હાર તારો શું કરૂં તારો દોરીયો
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરીઓ ...હે જળકમળ
ચરણ ચાંપી મુછ મરડી નાગણે નાગ જગાડીયો
ઉઠો ને બળવંત કોઈ બારણે બાળક આવીયો ...હે જળકમળ
બેહુ બળીયા બાથે વળીયા કૃષ્ણે કાલી નાગ નાથ્યો
સહસ્ત્ર ફેણો ફૂંફવે જેમ ગગન ગાજે હાથીઓ ...હે જળકમળ
નાગણ સૌ વિલાપ કરે છે નાગને બહુ દુઃખ આપશે
મથુરા નગરીમાં લઈ જશે પછી નાગનું શીષ કાપશે ...હે જળકમળ
બેહુ કર જોડી વિનવે સ્વામી મુકો અમારા કંથને
અમેં અપરાધી કાંઈ ન સમજ્યા ન ઓળખ્યા ભગવંતને ...હે જળકમળ
થાળ ભરી સગ મોતીડે શ્રી કૃષ્ણને વધાવીયો
નરસૈંયાનાં નાથ પાસેથી નાગણે નાગ છોડાવીઓ ...હે જળકમળ

જાગો મોહન પ્યારે

તુમસેં મેરો મન લાગ રહ્યો તુમ જાગો મોહન પ્યારા રે ...ટેક.
બનકી ચીડીઆ ચુંન ચુંન બોલે પંખી કરે ગુંજારા રે
ભોર ભયો અબ રજની વિતી ઘર ઘર ખુલ્યા કમાડા રે ...તુમસેં
ઘર ઘર ગોપી મહી વલોવે કંકણ કા ઠમકારા રે
દુધ દહીં કા ભર્યા કટોરા પીઓને મોહન પ્યારા રે ...તુમસેં
છુટી ધેનુ ચલી જંગલમેં બછડા કરે પુકારા રે
કાંધે કામળીયા હાથે લકડીયા શોભા અપરમપારા રે ...તુમસેં
સુરનર મુનીવર ધ્યાન ધરત હૈ બ્રહ્માં વેદ ઉચ્ચારા રે
''સુરદાસ'' અબ તુમરે મીલનકો તડપે નૈન હમારા રે ...તુમસેં

જા...જા... નિંદ્રા

જા જા નિંદ્રા હું તને વારું તું છે નાર ધુતારી રે જા જા...
નિંદ્રા કહે હું નથી ધુતારી હું છું સૌની પ્યારી રે
પશુ પંખીને સુખડા આપું દુઃખડા લઉ છું વારી રે જા જા...
જોગી લુંટ્યા ભોગી લુંટ્યા લુંટ્યા નેજાધારી રે
એકલશૃગીને વનમાં લુંટ્યા (પછી) શું કરે સંસારી રે જા જા...
પહેલે પ્હોરે રોગી જાગે બીજા પ્હોરે ભોગી રે
ત્રીજા પ્હોરે તસ્કર જાગે ચોથા પ્હોરે જોગી રે જા જા...

બાર વરસ તો લક્ષ્મણે ત્યાગી કુંભકર્ણે લાડ લડાવી રે
મહેતા નરસૈયાંના નાથ ભજો તો નિંદ્રા આવે ન્યારી રે જા જા...

સુખ દુઃખ

સુખ દુઃખ મનમાં ન આણીયે ઘટ સાથે ઘડીયા
ટાળ્યા તે કોઈના નવ ટળે રઘુનાથનાં જડીયા ...સુખ દુઃખ
નળરાજા સરખો નર નહિં જેની દમયંતી રાણી
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યા નેણે નીંદ્રા ન આણી ...સુખ દુઃખ
હરિશ્ચંદ્ર રાજા સતવાદીયા જેની તારામતી રાણી
તેને વિપત્તી બહુ પડી ન મળ્યા અન્ન ને પાણી ...સુખ દુઃખ
પાંચ પાંડવ સરખા બંધવા જેની દ્રૌપદી રાણી
બાર વરસ વનમાં ભમ્યા ભર્યા નીચ ઘેર પાણી ...સુખ દુઃખ
સીતા સરખી સતી નહિં જેનાં રામચંદ્ર સ્વામી
રાવણ તેને હરિ ગયો સતી મહા દુઃખ પામી ...સુખ દુઃખ
એવું વિચારી હરિને ભજો થાશે સહાયકારી
ભકતોના દુઃખ ભાંગશે મહેતા નરસિંહના સ્વામી ...સુખ દુઃખ

રામ કહો

રામ કહો શ્રી કૃષ્ણ કહો તમે અવસર છે આ કહેવાનો
કાયા માયા વણસી જાશે રામનામ એક રહેવાનો ...રામ
રાવણ સરખા રાજા ચાલ્યા અંતકાળની આંટીમાં
પલકવારમાં પકડી લીધા જાલી જમડે ઘાટીમાં ...રામ
લખેશ્વરી લાખો લુંટાયા કાળે નાખ્યા કુટી રે
કરોડપતિનાં જોર ન ચાલ્યા કંઈક ગયા છે ઉઠી રે ...રામ
કહેવાનું તો સૌને કહીયે અંતર તાળી લાગી રે
ભણે નરસૈંયો ભજતા પ્રભુને ભવની ભાવટ ભાંગી રે ...રામ

પોપટ બોલે પીંજરે

એ જી વાલા પોપટ બોલે પીંજરે જુગતી હરિની ન જાણી
અકળકલા અવિનાશીની સમરો સારંગ પાણી ...એ જી૦
એ જી વાલા સુનમાં સુડલાની ચાંચ છે પાંખે પદમની નીશાની
પોતે લીલો ને પીળો કાંડલો પીવે ગંગાજલ પાણી ...એ જી૦
એ જી વ્હાલા પુર્ણ બનાવ્યું છે પાંજરૂં અક્કલ હોંશીયારી આણી
કેવી રે મેલી સરીયું પાંજરે કોરણી અજબ કોતરાણી ...એ જી૦
એ જી વાલા પ્રાણી પંખી બેઠુ પાંજરે મુખેથી વદે વેદ વાણી
સમરણ કરતાં સદ્‌ગુરૂ આવે એની અગમ એંધાણી ...એ જી૦
એ જી વ્હાલા અનહદ પદ તમેં ઓળખો નિર્ભય પદની નીશાની
નરસિંહ મહેતાનાં સ્વામી ભજો ભીતર જ્યોતિ દર્શાણી ...એ જી૦

મારૂં પીયરીયું

મારૂં પીયરીયું માધવ પુરમાં રે મથુરા નગરીમાં
વેલડા જોડો તો મળવા જાઇયે રે...ટેક
આલા ને નીલા રૂડા વાંસ વઢાવો રે
તેના તે વેલડા ઘડાવો રે ...એ મારૂં પીયરીયું ...૧
વેલડે જોડાવો ધમડા તે ધોરી
ચટકતી ચાલ ચલાવો રે ...એ મારૂં પીયરીયું ...૨
સાસરીયાના રૂઠ્યા બેની પીયરમાં ન જાઇયે
તો નફટ નાર કહેવાયે રે ...એ મારૂં પીયરીયું ...૩
ભલે મળ્યા મહેતા નરસીંહના સ્વામી
ગોપી આનંદ સુખ પામી રે ...એ મારૂં પીયરીયું ...૪

દામોદરના ગુણલા

દામોદરના ગુણલા ગાતા નર કો દુઃખિયો ન હોય રે
સદા સામળીયો શરણે રાખે સન્મુખ આવી જોયે રે ...ટેક.
મુરખ હીંડયો રખડવા ન જાણે હરિનો મર્મ રે
સમરણ કરતાં તરત જ આવે હરિ પુરણ બ્રહ્મ રે ...દામોદર
છેલ છબીલા છોગાળા ને નિત નિત ભાવેં ભજીયે રે
માંડલીકનું જેણે માન ઉતાર્યું કહો તેને કેમ તજીયે રે ...દામોદર
સુખદાતાની પુર્ણ કૃપાથી અવિચળ પદ હું પામ્યો રે
નરસિંહના સ્વામીને જોતા ભવભવ સઘળું ભાંગ્યું રે ...દામોદર

પઢો રે પોપટ

પઢો રે પોપટ રાજા રામનાં સતી સીતાજી પઢાવે
પાસે રાખીને રૂડું પાંજરૂ મુખેથી રામ જપાવે ...ટેક.
પોંપટ તારે કારણે લીલા વાંસ વઢાવું
તેનો ઘડાવું પાંજરૂં હીરલે રત્ને જડાવું ...પઢો રે૦
પોપટ તારે કારણે શી, શી, રસોઇ બનાવું
સાકરના કરી ચુરમાં ઉપર ઘી પીરસાવું ...પઢો રે૦
પાંખ પીડીને પગ પાતળા કંઠે કાંઠલો કાળો
નરસૈયાંના સ્વામી ભજો રાગ ગાઇ રૂપાળો ...પઢો રે૦

મૈં કાનુડા તેરી ગોવાલણ

મૈં કાનુડા તેરી ગોવાલણ મોરલીયે લલચાણી રે ...ટેક.
હરખે મેં હીંડોણી લીધી ભરવા હાલી પાણી રે
ગાગર ભરોષે ગોળી લીધી આરાની હું અજાણી રે ...મૈં કાનુડા
ગાય ભરોષે ગોધો બાંધ્યો દોહવાની હું અજાણી રે
વાછરા ભરોષે છોકરા બાંધ્યા દુધમાં રેડ્યા પાણી રે ...મૈં કાનુડા
રવાઇ ભરોષે ઘોસરૂં લીધું વલોવ્યાની હું અજાણી રે
નેતરા ભરોષે સાડી લીધી દુધમાં રેડ્યા પાણી રે ...મૈં કાનુડા
ઘેલી ઘેલી સૌ કહે મને ઘેલી રંગમાં રેલી રે

ભલે મળ્યા નરસિંહના સ્વામી પુરણ પ્રિત બંધાણી રે ...મૈં કાનુડા

સાધનાનું મહિમા

જગતમાં રહેતા સૌ કોઈ મનુષ્યોને ધનનો મહિમા-રૂપનો મહિમા-શરીરનો મહિમા-શકિતનો મહિમા તથા ઘર અને પરિવારનો મહિમા સારી રીતે સમજાય છે. તેવી રીતે ''સાધના'' નો મહિમા પણ સમજવું જરૂરી છે. કારણ કે અમારા ઋષિઓએ લખેલા ધર્મગ્રંથો જેવા કે ચાર વેદ, અઢાર પુરાણ, ચૌદ શાસ્ત્રો, રામાયણ અને મહાભારત જેવા કાવ્યો તથા ભકિતગ્રંથ ભાગવત અને શ્રીમદ ભગવદ્ ગીતા એ સૌ સાધનાનું પરિણામ છે. સુરદાસજીએ ઓછામાં ઓછા પાંચ હજાર ''પદો'' લખ્યા છે અને સંત તુલસીદાસજીએ રામચરિત્ માનસમાં પાંચ હજાર ચોપાઈઓ લખી છે. એ સૌ સાધનાનું પરિણામ છે.

મહારાજશ્રી ઈશ્વરરામજી પોતાના શિષ્યોને વારંવારે કહેતાં કે સાધુઓ જ્યાં ત્યાં જઈને પગલા અને પધરામણી ઓ કરવી જોઈએ નહીં. કારણ કે સાધુ માટે એનો ખરો માર્ગ સાધના માર્ગ છે. સાધુ અને સાધના એકબીજા સાથે જોડાયેલા હોવા જોઈએ. કારણ કે સાધના દ્વારા સિધ્ધિ પ્રાપ્ત કરીને સમાજ ઉપયોગી થવાની સાધુની ફરજ થાય છે. ધનનાં આયોજનો પાછળ દોડતા રહેલા સાધુઓ સાધનાથી વિમુખ થઈ જાય છે અને પોતાની પાસે સિધ્ધિ ન હોવા છતાંય સમાજમાં બળજબરીપૂર્વક સિધ્ધિના સાવ જુઠા અને કલ્પીત પ્રયોગો કરે છે. વાલ્મીક ઋષિએ શ્રધ્ધા અને વિશ્વાસયુકત મરાં-મરાં-ની સાધના કરી હોવાં છતાંય ઈશ્વર મરાં મરાંનું રામ રામ માં રૂપાંતર કરી એને સિધ્ધિ પ્રદાન કરે છે. માટે સાધકે સાધનાનું મહિમા સમજીને એની દિશા તરફ દોરવાઈ જવું જોઈએ.

જેની સાધનામાં પ્રિત છે. જે ભોગથી રહિત છે.
ધર્મ જેની રીત છે. એનાં જીવનમાં સંગીત છે.

સંત તુલસીદાસ

મૃત્તિકે हन्मे पापः । જનોઈ બદલતી વખતે માટીને મસ્તક ઉપર લઈ આ મંત્ર બોલવામાં આવે છે. 'હે માટી ! તું મારું પાપ પ્રક્ષાલન કર.' આ ભારત દેશ ભવ્ય છે, તેની માટીનો કણ-કણ પવિત્ર છે. ભગવાન રામ અને કૃષ્ણ આ માટીમાં નાચ્યા; હજારો ઋષિઓએ લોકકલ્યાણ માટે નિઃસ્વાર્થવૃત્તિ રાખી પોતાના જીવનો ઘસી નાખ્યાં, સેંકડો સંતો લોકોનો હાથ પકડી તેમને યોગ્ય રસ્તે લઈ ગયા. એ આ જ ભૂમિ છે, એ આ જ માટી છે કે જ્યાં લોકોએ પ્રભુકાર્ય માટે સર્વસ્વ ખર્ચી નાખ્યું. આવા લોકોએ ભગવાન ઉપર ઉપકાર કર્યો છે. એમ કહીએ તો તે અતિશયોકિત નહીં ગણાય.

નારાયણનો ફકત નામજપ કરતાં બેસી ન રહેતાં નારાયણે ચીંધેલા માર્ગ ઉપર ચાલી જેમણે જીવન સાર્થક કરી દેખાડ્યું તે લોકો મહાન છે. નારાયણે દેખાડેલા રસ્તા ઉપર ચાલવું હોય તો જ નામોચ્ચારનો, નામજપનો અર્થ છે.

आपो नारा ईति प्रोक्तत्त्वः । નારાયણ એટલે નાર + અયન : એટલે પાણી અને અયન એટલે ઘર. નારાયણનો ખરો નામજપ કરનારા લોકો પાણીમાં પણ ઘર બનાવી લોકકલ્યાણ સાધતા રહે. 'જમીન પર રહેવા નહીં મળે તો ચાલશે, હું પાણીમાં રહીશ; પણ હું પ્રભુકાર્ય કરીશ. ખાવા રોટલો નહીં મળે તો ચાલશે; પણ હું જનતાનું કલ્યાણ કરીશ.' આ વૃત્તિથી જીવનારા સેંકડો લોકો આ પુણ્ય ભૂમિમાં થયા છે. કોઈપણ ભૌતિક જરૂરિયાત પૂરી ન પડે તો પણ પ્રભુકાર્ય કરવાવાળો ઘણો મોટો વર્ગ આ દેશમાં હતો. સંન્યાસીઓ પણ આ દ્રષ્ટિ રાખી ભગવદ્કાર્યમાં જીવન વિતાવતા હતાં. સાચો સંન્યાસી એ કે, જે પોતાનું સમગ્ર જીવન પ્રભુકાર્ય માટે અર્પે. તેથી તો સંન્યાસીના મુખમાંથી નીકળેલા 'નારાયણ' મંત્રોચ્ચારને અર્થ હતો; તેનું મહત્ત્વ હતું. ભગવદ્કાર્યમાં જીવન સર્વસ્વ અર્પણ કરવાની વૃત્તિવાળા અને 'નારાયણ' મંત્રોચ્ચારને જીવનમાં પચાવવાવાળા અનેક મહાન પુરુષો અને સંન્યાસીઓની જનની એટલે આ ભારતદેશ ! એ અનેક મહાન પુરુષોમાં એક અતિ મધુર ચરિત્ર છે, એ ચરિત્ર એટલે અપર વાલ્મીકિ તરીકે નામખ્યાત થયેલા સંત તુલસીદાસ ! સારો પાક થાય છે તેથી અથવા તો એવા કોઈ કારણને લીધે આપણો દેશ મધુર છે, એમ નથી. પરદેશોમાં આપણા કરતાં અનેકગણો પાક હોય છે, પરંતુ આ ભૂમિ ઉપર પ્રભુ રામચંદ્ર નાચ્યા તેથી તે મધુર છે. પ્રભુ રામચંદ્રનું જીવન, અરે ! તેમનો નામોચ્ચાર મધુર છે, તેમની કથા મધુર છે,ગાનારા વાલ્મીકિ મધુર છે. તથા રામચરિત માનસના ઘડવૈયા સંત તુલસીદાસ પણ મધુર છે. પ્રભુ રામચંદ્રજીના ગુણગાતાં શ્રી અચલદાસજી કહે છે.

ધ્વની રાગ : ભીમપલાસ, તાલ - ૩

સંતોના સંકટ દુર કરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
ભૂમિનો ભાર વધે જ્યારે, ઈશ્વર અવતાર ધરે ત્યારે.
સાધુ જન કારજ સુધારે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
શંકર ધનુના બે ખંડ કર્યા, ભૂપાલ જનક આનંદ ભયા.
આકાશે સુર જય જય ઉચરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
નવ રાખી રાજ્ય તણી પરવા, પિતાનું વચન સત્ય પાલન કરવા.
શ્રી રામચંદ્ર વન વન વિચરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
શબરીનાં પૂર્વ પુણ્ય યોગે, જુઠાં ફળ ઈશ્વર આરોગે.
આવાં ફલ શબરી ક્યાંથી મળે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
રાવણને લંકામાં મારી, વિભીષણને રાજ્ય તિલક સારી.
શ્રી રામ અયોધ્યા તરફ વરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
સીતાસહ અવધપુરી આવ્યા. ભરતાદિકને મન અતિ ભાવ્યા.
પુષ્પકથી પ્રભુ પ્રેમે ઉતરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.
રાજ્યભિષેક આનંદ થયો, કૌશલ્યાદિકનો શોક ગયો.
દર્શનથી ''અચલ''નીજને વિસરે, શ્રી રામ હરે શ્રી રામ હરે.

આપણી સમજણ છે કે, તુલસીદાસ સ્ત્રી પાછળ લટ્ટુ થયા હતાં. એક દિવસ કામાતુર થયેલા તુલસીદાસ સાપને દોરડી સમજી તેની મદદથી પોતાની પત્નીને મળવા મકાનમાં ચઢયા. પત્નીએ તેમની નિર્ભર્ત્સના કરી કહ્યું, 'આ શરીર હાડ-માંસનું બનેલું છે, આ રુધિર-માંસનો ગોળો છે, તેમાં શું લટ્ટુ થયા છો ?' આ સાંભળતાં જ તુલસીદાસને જ્ઞાન થયું અને તે ત્યાંથી પાછા ફર્યા. ત્યાર બાદ બહુ મોટી તપશ્ચર્યા કરી, જેથી ભગવાન રામ પ્રસન્ન થયા અને તેમણે રામાયણ લખ્યું. તુલસીદાસ એક મહાન પંડિત હતા.

યમુના નદીના કિનારે રામપુર ગામમાં આત્મારામ બ્રાહ્મણને ત્યાં તુલસીદાસનો જન્મ થયો હતો. આત્મારામ હંમેશા ભગવાનને પ્રાર્થના કરતાં હતા કે, 'હે ભગવાન ! તું મને તેજસ્વી સંતાન આપજે.' એ પ્રાર્થનાના પરિપાકરૂપે આત્મારામને ત્યાં તુલસીદાસનો જન્મ થયો હતો. નાનપણથી તેને સારા સંસ્કારી વાતાવરણમાં ઉછેરવામાં આવ્યો હતો. પિતાએ તેના ઉપર તેજસ્વી સંસ્કાર પાડ્યા હતા. માતૃવાન પિતૃવાન આચાર્યવાન વેદવાન એવા દિવ્ય સંસ્કારો વચ્ચે તેનું સંગોપન થયું; શાસ્ત્રીય પદ્ધતિથી તેને ઉછેરવામાં આવ્યો.

નવજાત શિશુને કાને શરૂઆતના પંદર દિવસ દરમિયાન કોઈપણ અવાજ પડવો ન જોઈએ. બાળકમાં જન્મતઃ બે પ્રધાન શકિત હોય છે : (૧) બુદ્ધિશકિત (૨) સ્મૃતિશકિત. બાળક અવાજ થતાં જ એ અવાજને પકડી રાખે છે અને તે અવાજની તેને સ્મૃતિ રહે છે. આ રીતે તેની સ્મૃતિ-યાદદાસ્ત વધે છે. તેની બુદ્ધિ ખીલતી નથી. તેની બુદ્ધિ ખીલવવા માટે તેને એકાંતમાં રાખી ફકત અવલોકન કરવાનો જ મોકો આપવો જોઈએ, જેથી તેની નિરીક્ષણ શકિત વધે અને બુદ્ધિ ખીલે. તેથી જ આપણે ત્યાં વૃદ્ધિસૂતક પાળવામાં આવે છે. વૃદ્ધિસૂતક પછી હળવે હળવે બાળકના કાન પાસે સારા શબ્દો બોલવાના. ત્યાર પછી બાળકને પિતાનો ચહેરો, સંત પુરુષોનો ચહેરો દેખાડવાનો, તેજસ્વી હાલરડાં ગાઈ તેનું સંગોપન કરવું જોઈએ. ચતુર્થે માસે કર્તવ્યં શિશોર્નિષ્ક્રમણં ગૃહાત્ । અર્થાત્ ચોથે મહિને બાળકને બહાર કાઢવાનો. તેથી બાળક જન્મે કે તુરંત રમાડવા ન જવું. આજે તો હોસ્પિટલમાં છોકરું જન્મ્યું કે તુરંત બધા રમાડવા દોડે છે. પરિણામે અયોગ્ય-અણગમતા ચહેરાઓ બાળકની નજરે પડે છે અને તેની બુદ્ધિ પર તેની માઠી અસર થાય છે.

તુલસીદાસને શાસ્ત્રીય પદ્ધતિથી ઉછેરવામાં આવ્યા હતા. તેથી તે પ્રખર બુદ્ધિશાળી થયા. સૂર્ય જેવી તેજસ્વી તેમની બુદ્ધિ હતી. તેમને જનોઈ આપી ગુરુગૃહે અભ્યાસ કરવા મોકલ્યા.

સર્વ સામાન્ય એવી સમજણ છે કે, રામાયણ અને ભાગવત વાંચે તે પંડિત ગણાય, પરંતુ આ ભ્રાંત સમજણ છે. જેણે ન્યાયશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રનો પૂર્ણતઃ અભ્યાસ કર્યો હોય તે પણ પંડિત ગણાય. જો જગતના પ્રત્યેક

પદાર્થના પરમાણુ સુધી બુદ્ધિને પહોંચાડવી હોય તો ન્યાય અને વ્યાકરણનો અભ્યાસ આવશ્યક છે. તેનાથી પ્રખર બુદ્ધિ તૈયાર થાય છે; આજના ભણતરથી નહી. વાસ્તવમાં આજનું ભણતર એ બુદ્ધિનું ભણતર જ નથી. આજના શિક્ષણથી બુદ્ધિ તૈયાર નથી થતી, તેનાથી સ્મૃતિ વધે છે અને જેની સ્મૃતિ સારી તે પરીક્ષામાં પહેલો આવે છે.

તુલસીદાસ ન્યાયપંડિત થયા. પ્રખર બુદ્ધિ હોવાથી અતિ સુંદર ચર્ચા કરો. યોગનો પણ એમણે અભ્યાસ કર્યો હતો. તેમનું ભણતર પુરું થયું. તે પરિણત પ્રજ્ઞાવાળા હતા. તેથી ગુરુને પણ લાગતું કે, આ વિદ્યાર્થીને ભણાવવો એ એક મોટું સાહસ છે. ક્યારેક એ વિકટ પ્રશ્નો પૂછશે અને જવાબ નહિં અપાય તો આબરૂ જશે ! ગુરુએ તેને ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની આજ્ઞા આપી અને તેને કહ્યું કે, 'તારા પ્રારબ્ધમાં સામાન્ય સ્ત્રી છે.' આ સાંભળતાં જ તેની અસ્મિતા જાગૃત થઇ અને તેણે કહ્યું, 'જગતમાં પ્રારબ્ધવશાત્ જ જો જીવવાનું હોય તો તુલસીદાસ જીવવા તૈયાર નથી.' 'પરંતુ જીવનમાં માનવીને પ્રારબ્ધ નિર્મિત જ જીવવું પડે છે અને પરાધીનતા સ્વીકારવી પડે છે.' ગુરુએ કહ્યું. જીવની ઇચ્છાશકિત અને પ્રભુની આત્મશકિત બંને ભેગી થાય તો માણસ ધારેલું કાર્ય પાર પાડી શકે છે' તુલસીદાસે જવાબ આપ્યો. ગુરુએ કહ્યું, 'તુલસીદાસ, આ બંનેની વચ્ચે પ્રારબ્ધશકિત આવીને ઊભી રહે છે. જેમ ફાનસના ગોળા પર મેશ ચડવાથી ઝાંખો પ્રકાશ પડે તેમ આ પ્રારબ્ધશકિત વચ્ચે આવવાથી કાં તો ઇચ્છાશકિત મોડી પડે છે, કાં તો આત્મશકિત ફિક્કી પડે છે.' 'પ્રારબ્ધ કર્મશકિત ઉપર આધારિત છે, તે તો જડ છે. માનવી ઇચ્છાશકિતથી અને આત્મશકિતથી તેનું મોઢું ફેરવી શકે છે.' તુલસીદાસે જવાબ આપ્યો.

તુલસીદાસે પોતાની ઇચ્છાશકિતથી અને આત્મશકિતથી પ્રારબ્ધશકિત ઉપર વિજય મેળવ્યો; તે રત્નાવલી નામની ત્રૈલોક્યસુંદરી જોડે પરણ્યા. કર્મની જડશકિત ઉપર ચૈતન્યશકિતનો એ વિજય હતો. તુલસીદાસ પંડિત હતા, કર્તૃત્વવાન હતા; પરંતુ તેમનું જીવન દૈવી ન હતું. તેથી ગૃહસ્થાશ્રમ કર્યા પછી રત્નાવલી જ તેમને જીવનનું સર્વસ્વ લાગવા માંડી. પિતાજીને ખુશ રાખવા તે પૂજાપાઠ, સેવા વગેરે કરતા પરંતુ, તેમાં તુલસીદાસને એક પ્રકારની ગુલામી જણાતી. સર્વસામાન્ય રીતે બુદ્ધિના પ્રખર તેજમાં શ્રધ્ધાનું ફુલ કરમાઇ જાય છે. તેથી આપણા શાસ્ત્રકારોએ ખાસ ભાર દઇને કહ્યું છે કે, શ્રધ્ધાના ફૂલને જાળવી રાખો. તુલસીદાસની પ્રખર બુદ્ધિના કારણે તેમનું શ્રદ્ધાનું ફૂલ ચીમળાઇ ગયું હતું.

શ્રદ્ધાં મેધાં યશઃ પ્રજ્ઞાં । શ્રદ્ધા અને મેધાનો સમન્વય સધાય તો જ જીવનમાં યશ મળે.

તુલસીદાસને રત્નાવલી સર્વસ્વ લાગતી હતી; રત્નાવલી સિવાય બીજું કંઇ તેમને સૂઝતું ન હતું. એક દિવસ મુશળધાર વરસાદ પડતો હતો. પરસાળમાં બેસી રત્નાવલી ચોખા વીણતી હતી, એટલામાં એના પિયરથી એક માણસ આવ્યો, તેણે રત્નાવલીને તેની માતાએ મોકલાવેલી ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીમાં તેની માતાની તબિયત બહુ જ ગંભીર હતી અને તુરંત નીકળીને આવવાનો સંદેશો હતો. માતાની તબિયતના સમાચાર સાંભળી રત્નાવલી ગભરાઇ ગઇ. તુલસીદાસ કંઇ કામકાજ અંગે બહાર ગયા હતા, તેથી આવેલા માણસ સાથે તે તેના પિયરે ચાલી નીકળી. અડધે રસ્તે રત્નાવલીએ માણસને પૂછ્યું, 'તમેં નીકળ્યા ત્યારે બાની તબિયત કેવી હતી ?' તેણે કહ્યું, 'બાને કંઇ જ નથી થયું, તેમની તબિયત તો સારી છે.' 'તો પછી આવો ખોટો સંદેશો મોકલવાનું કારણ ?' 'તુલસીદાસ તારી પાછળ ગાંડા થયા છે અને જો આવો સંદેશો મોકલ્યો ન હોત તો તને પિયર આવવા જ ન મળત, તેથી આવો ખોટો સંદેશો મોકલવો પડ્યો હશે' આ જાણી રત્નાવલીને ખૂબ દુઃખ થયું. આખે રસ્તે એક જ વિચાર તેનામનમાં ઘોળાયા કરતો હતો કે, સાંજે તુલસીદાસ ઘરે આવશે ત્યારે તેમને કેટલું દુઃખ થશે ? સાંજે તુલસીદાસ ઘરે આવ્યા તો રત્નાવલી ઘરે ન હતી. તપાસ કરતાં ખબર પડી કે તેમની માતાની તબિયત બગડી છે તેથી તે પિયર ગઇ છે.

તુલસીદાસને રત્નાવલી માટે આત્યંતિક પ્રેમ હતો. તેમને થયું કે તેમણે રત્નાવલીને મળવું જોઇએ. તેથી તેના પિયરે ગયા. રત્નાવલીને પણ તુલસીદાસ માટે ખૂબ પ્રેમ હતો. તે તુલસીદાસના વિચારમાં તલ્લીન થઇ અગાશીમાં રાત્રે જાગતી જ બેઠી હતી. ત્યાં એક સાપ લટકતો હતો. આવેશમાં આવેલા તુલસીદાસ તેને દોરડું સમજી ઉપર ચડી ગયા. રત્નાવલીએ પૂછ્યું, 'તમેં ઉપર કઇ રીતે આવ્યા ?' તેં જ તો મારા માટે આ દોરડું લટકાવી રાખ્યું હતું ! તને મારા માટે કેટલો પ્રેમ છે ! તને ખાત્રી હતી જ કે તને મળવા માટે હું આવીશ જ !'

રત્નાવલીએ વાંકા વળીને જોયું તો ખબર પડી કે તેં સર્પ હતો, દોરડું ન હતું. રત્નાવલી અને તુલસીદાસ વચ્ચે બૌદ્ધિક સંભાષણ થયું. એ બૌદ્ધિક ચર્ચાને પરિણામે તુલસીદાસનું પરિવર્તન થયું. મહેણાં-ટોણાં મારીને તેજસ્વી પતિ

કોઇ દિવસ બદલાતો નથી, પરંતુ બુદ્ધિથી તેના વિચારો બદલાવી શકાય છે. રત્નાવલીએ આશ્ચર્ય વ્યકત કરતાં કહ્યું, 'અહાહા ! તમારી મારે માટે આટલી બધી તલ્લીનતા છે કે, સર્પ અને દોરડાંનો તફાવત પણ લક્ષમાં ન આવ્યો ? આટલી બધી તલ્લીનતા ભગવાન મળે તે માટે થાય તો ?' તુલસીદાસજીએ કહ્યું, 'તું જ મારો ભગવાન છે, મારે વળી બીજા ભગવાનનું શું કામ છે ?' રત્નાવલી એ કહ્યું 'અમે સ્ત્રીઓ પુરુષને દેવ સમજીને પૂજીએ છીએ, તેથી પુરુષનું અધઃપતન સ્ત્રીઓથી સહન થતું નથી. તમારી પાસે પ્રજ્ઞા છે, વિચારશકિત છે, કર્તૃત્વશકિત છે, તેથી તો અમેં સ્ત્રીઓ તમને દેવ ગણીએ છીએ, પરંતુ તમેં પુરુષો સ્ત્રી તરફ ફકત વાસનાની દ્રષ્ટિથી જ જુઓ છો. હું પંડિતની પત્ની છું, તેજસ્વી પતિની હું પત્ની છું, મારાથી તમારું અધઃપતન કેમ સહન થાય ? પ્રારબ્ધાધીન જીવનમાં આધીન થઇને જીવવામાં લાચારી છે એંમ તમેં જ કહેતા હતા ને ? તો તમેં અત્યારે ભોગાધીન થઇને જ મારી પાસે આવ્યા છો ને ?' 'આધીન થયા વગર માનવી જીવી શકતો નથી, આ જીવનનું કટુ સત્ય છે.' એમ તુલસીદાસે કહ્યું.

'પરંતુ મારો પતિ તેજસ્વી છે, પ્રારબ્ધાધીન રહેવામાં તે લાચારી માને છે, તેથી હું હંમેશાં ગૌરવ લઉં છું. પરંતુ આજે તમેં ભોગાધીન થયા છો તેથી તે તેજસ્વીતા હણાઇ ગઇ છે.' રત્નાવલીએ ટકોર કરી. 'રત્ના તારી વાત સાચી છે; પરંતુ આધીન થયા વગર માનવી જીવન ચાલતું નથી. એક યા બીજી રીતે માનવીને આધીન થઇને જ જીવવું પડે છે, આ કટુ સત્ય માન્યા વગર છૂટકો નથી.'

'ભગવાને માનવીને ઇચ્છાશકિત અને કર્તૃત્વશકિત આપી છે; એ ઇશ્વરદત્ત સાધનો વાપરી તમે એ પરતંત્રતા ઉપર વિજય મેળવી શકો છો.' આ ઇચ્છાશકિતની બધી વાતો ખોટી છે. માણસ ગમે તેટલી ડંફાસ મારે તો પણ આખરે તો તેણે આધીન થઇને જ જીવવું પડે છે.' 'તમારી વાત સત્ય જ છે, જગતમાં બહુ જ ઓછા માનવી આ વાત સમજે છે.' એમ કહી રત્નાવલીએ ચર્ચાને જુદો વળાંક આપ્યો અને કહ્યું કે, 'પરાધીનતા માન્યા વગર છૂટકો જ નથી તો પછી ભોગોની પરાધીનતા માનવાની કે ઇશની પરાધીનતા ?' સર્વસામાન્ય માણસ જયારે આપત્તિમાં આવે-અગવડમાં મુકાય ત્યારે એને ભગવાન યાદ આવે છે અને પ્રભુભકિત તરફ વલણ થાય છે.આખરે અસહાય અને લાચાર બનીને તે, 'હશે ત્યારે ભગવાનને ગમ્યું તે ખરું !' કહી ઇશપરાધીનતા માન્ય કરે છે, પરંતુ આ કંઇ સાચા અર્થમાં ઇશપરાધીનતા નથી. ઇશપરાધીનતા માન્ય કરવામાં પણ તેજસ્વીતા હોવી જોઇએ. તેમાં વિવેકબુદ્ધિથી નિર્ણય લેતાં આવડવો જોઇએ.

'માનવીનું જીવન ભોગપરાધીન કે ઇશપરાધીન ?' એ ચર્ચા આગળ વધારતાં રત્નાવલીએ તુલસીદાસને કહ્યું,' તમે એ કેમ ભૂલી જાઓ છો કે ભોગપરાધીન જીવન હંમેશાં ઘટે છે, એમાં તો માનવી જીવનનો હ્રાસ જ છે. ભોગપરાધીનતામાં ભોગ્ય વસ્તુ પણ ખલાસ થાય છે અને ભોગવનાર પણ ખલાસ થાય છે. ભોગ્ય વસ્તુ ખલાસ થશે; પરંતુ એક યા બીજા રૂપે ભોગો રહેવાના જ. પરંતુ તેનો ભોકતા-ભોગવનાર તો ખલાસ જ થવાનો. તો પછી તમે શા માટે આવી ભોગપરાધીનતા પસંદ કરો છો કે જે જીવનનો હ્રાસ જ કરવાની છે ? ઇશપરાધીનતામાં જીવનનો હ્રાસ નથી. જીવનનો વિકાસ છે. તેમાં કંઇ ઘટવાનું નથી, વધવાનું જ છે.

ભર્તૃહરિએ પણ ભોગાધીન જીવનની નીંદા કરતાં કહ્યું છે :-

ભોગા ન ભુક્તાઃ વયમેવ ભુક્તાઃ તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।
કાલો ન યાતો વયમેવ યાતોઃ તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ।।

આ ચર્ચાને અંતે તુલસીદાસના જીવનને નવો જ વળાંક મળ્યો. સર્વસામાન્ય સમજણ એવી છે કે, રત્નાવલીએ મહેણાં માર્યા તેથી તુલસીદાસ આવેશમાં ચાલ્યા ગયા અને ભકિત તરફ વળ્યા. પરંતુ હકીકત તેંમ નથી.

તુલસીદાસે બૌદ્ધિક ચર્ચા કરી તેના ઉપર વિચાર કર્યો, તેમને લાગ્યું કે માનવ માત્રે આધીન થઇને જ જીવવાનું હોય તો પછી ભોગો કે જે નાશવંત છે, તેને આધીન થવા કરતાં શ્રેષ્ઠને-ઇશને આધીન થવામાં શું ખોટું ? તેને આધીન શા માટે ન થવું ? બૌદ્ધિક વિચારણા બાદ તેમના જીવનની વિચારધારા બદલાઇ. આ વળાંક આપવામાં રત્નાવલીએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. એમાં શંકા નહિં; પણ રત્નાવલીએ મહેણાં-ટોણાં મારી તુલસીદાસનું જીવન બદલાવ્યું એમ કહેવું બરાબર નથી.

તુલસીદાસે ગૃહત્યાગ કર્યો અને ગંગાકિનારે આવી પર્ણકુટિરમાં રહેવા લાગ્યા-તપસ્વીનું જીવન જીવવા લાગ્યા. રોજ સવારે ચિત્ત એકાગ્ર કરી જીવન વિકાસ કરતા. તેમણે એક ચુસાયેલો ગોટલો વાવ્યો હતો. રોજ સવારે જંગલેથી પાછા ફરતાં તેને પાણી પાતા. તેમનો આ નિયમ બની ગયો. શ્રદ્ધાથી ચુસાયેલા ગોટલાને પાણી પાતાં બાર વરસ વીતી

ગયાં અને એ ગોટલાને સ્થાને એક સુંદર વૃક્ષ તૈયાર થયું. ચિત્ત એકાગ્ર, પ્રભુભક્તિ અને ભગવદ્ નિષ્ઠાને પરિણામે તુલસીદાસનું જીવન પણ વૃક્ષની જેમ ફૂલ્યું અને ફાલ્યું. તેમનું જીવન નિર્દોષ તો હતું જ. તેમાં તેજસ્વી ભક્તિનું સામર્થ્ય નિર્માણ થયું. રોજના નિયમ મુજબ તુલસીદાસ એક દિવસ ઝાડને પાણી પાતા હતા, ત્યાં એક પિશાચ આવ્યો. તેણે કહ્યું, 'તારી આ એકનિષ્ઠાથી હું પ્રસન્ન થયો છું, બોલ તને શું આપું ?'

'ભાઇ, તું મારા ઉપયોગમાં આવવાનો નથી; મારે જોઇએ છે તે તારી પાસે નથી.' 'પણ કહે તો ખરો કે તારે શું જોઇએ છે ?' 'મારે તો રામ જોઇએ છે, મારે રામનાં દર્શન કરવા છે; શું તું કરાવી શકીશ ?'

'અરે ! મારી પાસે રામની વાત વળી ક્યાં કરી ? એ કંઇ મારું કામ નથી. હા, હું તને રામ મેળવવાનો રસ્તો દેખાડું. સામે ગામમાં એક રામ મંદિર છે. ત્યાં રોજ રામની કથા ચાલે છે. તે સાંભળવા રોજ એક ઘરડો આવે છે. તે હંમેશા વહેલો આવે છે અને છેલ્લો જાય છે. તું એને પકડજે તે તને રામનાં દર્શન કરાવી શકશે.'

પિશાચ જેવો પણ ભગવદ્કાર્યમાં ઉપયોગી થાય છે. ફક્ત આજનો માનવ જ ભગવદ્કાર્યથી નિર્લેપ રહેવા માંગે છે, ભગવદીય વિચારોથી દૂર નાસતો ફરે છે.

તુલસીદાસ આતુરતાથી સાંજ પડવાની રાહ જોઇ બેઠા હતા, આજે તેમનું તપ ફળવાનું હતું. આજે તેમને ભગવાનના દર્શન થશે ! આજે તેમનું જીવન કૃતાર્થ બનશે, અને તે પળ આવી. ભગવાન રામચંદ્રની કથા પૂરી થઇ ત્યારે એક ઘરડો સૌથી છેલ્લો ઊઠ્યો અને હળવે હળવે મંદિર બહાર નીકળ્યો. તુલસીદાસ તેની પાછળ-પાછળ ગયા. ગામ બહાર આવતાં જ તુલસીદાસે વૃદ્ધના પગ પકડ્યા. તેમણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું, 'પ્રભુ ! મને ભગવાન રામચંદ્રના દર્શન કરાવો. મારી આંખો તેમના દર્શન માટે તરસે છે.' 'પણ તું મારા પગ શા માટે પકડે છે ?'

'ભગવન્ ! આ આખી સૃષ્ટિમાં એકમાત્ર તમેં જ પ્રભુ રામનાં દર્શન કરાવી શકશો, તેથી તો તમારી પાસે આવ્યો છું.'

'તુલસીદાસ ! ઊઠ, ઊભો થા.' કહીને તે વૃદ્ધે તુલસીદાસને ઊભા કર્યા. 'એક વાત હંમેશાં યાદ રાખજે કે, જે ભગવાન સિવાય કોઇની સામે નમતો નથી તે જ ભગવાનને ગમે છે; ઇશપરાધીન થઇને જીવનાર જ પ્રભુનો ભક્ત બની શકે છે. તું ચિત્રકૂટના ઘાટ ઉપર બેસજે; તને ત્યાં પ્રભુ રામચંદ્રના દર્શન થશે.'

બીજે દિવસે વૃદ્ધે કહ્યા મુજબ તુલસીદાસ ગંગા કિનારે આવી બેઠા. પરંતુ પ્રભુ રામનાં તેમને દર્શન થયા નહિં, પ્રભુ રામ આવીને ચાલ્યા ગયા. તુલસીદાસે ચંદન ઘસ્યું, ભગવાને તિલક કર્યું; પણ પ્રભુની ઓળખ ન પડી.

ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીડ ।
તુલસીદાસ ચંદન ઘિસે તિલક કરે રઘુવીર ॥

બીજે દિવસે તુલસીદાસે તે વૃદ્ધનો પીછો કર્યો અને કહ્યું, 'તમેં તો કહેતા હતા કે તને પ્રભુ રામના દર્શન થશે. પરંતુ તે કાંઇ થયાં નહીં.' તે વૃદ્ધ હસતાં હસતાં તુલસીદાસને થાબડ્યા અને પોતાના મૂળ સ્વરૂપનું દર્શન કરાવ્યું, તેની આંખો આનંદાશ્રુથી છલકાઇ ગઇ. તેમણે હનુમાનના ચરણોમાં મસ્તક ઢાળી દીધું.

'તુલસીદાસ ! ભગવાન તો ત્યાં આવ્યા હતા, તારી સામે પણ બેઠા હતા.' એમ કહી હનુમાને તુલસીદાસને ઉઠાડ્યા. 'પ્રભુ ! જે રૂપમાં હું ઓળખી ન શકું તે રામ મને જોઇતો હોય તો તે સર્વત્ર છે જ, તેને માટે હનુમાનની શું જરૂર છે ? મને તો મારો રામ જોઇએ છે-હું ઓળખું તે રૂપમાં !' 'તું અપર વાલ્મીકિ થઇશ, તને પ્રભુ રામના દર્શન જરૂર થશે' કહી હનુમાન વૃદ્ધના રૂપમાં પાછા ચાલ્યા ગયા.

'ભગવાન ! ભગવદ્કાર્ય માટે એક શક્તિ તૈયાર છે, તે શક્તિને કામે લગાડો. પ્રભુ ! તમારા કાર્ય માટે તેને જગાડો-તેને પ્રેરણા આપો; તુલસીદાસને દર્શન આપી તેનું જીવન કૃતકૃત્ય કરો.' હનુમાને ભગવાનને વિજ્ઞપ્તિ કરી. પૂનમની ચાંદનીમાં પ્રભુ રામચંદ્રે તુલસીદાસને દર્શન આપ્યાં. તે દર્શન કરી તુલસીદાસે જીવનની કૃતકૃત્યતા અનુભવી.તેમનું અંગેઅંગ પુલકિત બન્યું. 'તુલસીદાસ ! તારી પાસે પ્રખર બુદ્ધિ છે તેને તું ભક્તિનો રંગ લગાડ, તારી ભક્તિ પાંડિત્યયુક્ત કર અને શેષ આયુષ્ય મારા કામ માટે વાપર !'

ભગવાનના કહ્યા મુજબ તુલસીદાસ પ્રભુકાર્ય કરવા લાગ્યા; પોતાનો બધો જ વૈભવ પ્રભુકાર્ય માટે ખર્ચી નાખ્યો. સેંકડો લોકો તેમની પાસે જીવનના કૂટ પ્રશ્નો લઇને આવતા, તેમને તે માર્ગદર્શન આપતા; જીવનનો સાચો રાહ દેખાડતા. પ્રભુવિમુખ થયેલાને પ્રભુ સન્મુખ વાળતા. પ્રભુ રામચંદ્રનું ચરિત્ર લોકોને ગાઇ સંભળાવતા અને લોકો સમજી શકશે તેવી રીતે સરળ પ્રાકૃતભાષામાં તે ચરિત્ર લખતા. તુલસીદાસ પ્રભુ રામચંદ્રની કથા કહેતા હતા. સેંકડો લોકો તે અમૃતધારામાં સ્નાન કરી જીવનની કૃતકૃત્યતા અનુભવતા હતા. લોકો તેમની પાસે આવતા, તેમને જીવનની દીક્ષા આપી જમાડ્યા પછી જ જવા દેતા. એક દિવસ રાત્રે સેંકડો લોકો ભેગા થયા હતા, તેમાં બે ચોર પણ હતા. તેમને થયું કે ચોરી કરવાનો લાગ સારો છે. તેમણે વાસણો ચોરીને નાસવા માંડ્યું પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે તેમણે ધનુષ્યબાણ લઇને બે ચોકીદારોને પહેરો ભરતા જોયા, તે ચોકીદારોએ આ ચોરોને જવા ન દીધા. ચોરોએ તુલસીદાસ પાસે આવી બધી હકીકત જણાવી. તુલસીદાસે પાસે આવીને જોયું તો ચોકીદારો પહેરો ભરતા હતા. ચોકીદારોને નમસ્કાર કરી તુલસીદાસે કહ્યું, 'પ્રભુ ! જે રૂપ જેવા તપસ્વી હજારો વર્ષની તપશ્ચર્યા કરે છે તેવા રૂપે તમે મારે ત્યાં ચોકી પહેરો ભરો છો ! આ સેવક ઉપર આટલો અનુગ્રહ !' બોલતાં બોલતાં તુલસીદાસ ગદ્ગદ થયા. તેમણે પ્રભુ રામ-લક્ષ્મણના પગ પકડ્યા. ભગવાને પ્રેમથી તેમને ઉઠાડી તેમના ઉપર અમીદ્રષ્ટિ નાખી અંતર્ધાન થયા. તુલસીદાસે પ્રભુકાર્યની ઝુંબેશ ઉપાડી સાત્ત્વિકોને ભેગા કરી પ્રભુકાર્યમાં લગાડ્યા. પાપીઓને શોધી શોધીને ભેગા કરી તેમની મલીનતા દૂર કરી તેમને પ્રભુકાર્ય તરફ પ્રેર્યા. લોકો પણ વિના માંગે ખુલ્લા હાથે પ્રભુકાર્યમાં પૈસો વાપરવા લાગ્યા. પોતાના યોગક્ષેમ માટે પૈસો ન માંગવો, પણ પ્રભુકાર્ય માટે પણ પૈસો ન માંગવો આ જ વિશિષ્ટ વ્રત છે. આ અસિધારાવ્રતને તુલસીદાસ વળગી રહ્યાં. લોકોએ ન માંગતાં પ્રભુકાર્ય માટે પૈસા આપ્યા તુલસીદાસે પાપીઓને ભેગા કર્યા, તેમના જીવનમાં ઊંડા ઊતરી તેમને નવું જ માર્ગદર્શન આપ્યું. તે લોકોને કહેતા કે સમર્થ હોય તે જ પાપ કરવાની હિંમત કરે. આપણે શારીરિક નબળા છીએ તેથી કાં તો પછી આપણાને દંડનો ડર છે. તેથી આપણે પાપ કરતા નથી. યુક્તિપૂર્વક આ વિચાર મૂકીને તેમણે પાપીઓનું સામર્થ્ય પ્રભુકાર્ય માટે વાપર્યું.

એક બ્રાહ્મણે બ્રહ્મહત્યા કરી. સમાજે તેને પાપી ગણી આઘો કર્યો, પરંતુ તુલસીદાસે તેને પાસે લીધો. તેની સાથે જમ્યા, લોકોનો વિરોધ સહન કર્યો, પરંતુ તે બ્રાહ્મણને જીવનનું માર્ગદર્શન આપી પ્રભુ કાર્ય માટે પ્રેરિત કર્યો. આવા સેંકડો પાપીઓના જીવનો તેમણે સુધાર્યા. તુલસીદાસનું આ વૈશિષ્ટ્ય હતું કે, તેમણે પાપીઓને પાસે લીધા હતા. ચમત્કારના નાદમાં પડેલા લોકોએ બીજા ભકતોની માફક તુલસીદાસના જીવનમાં પણ ચમત્કાર ઘુસાડ્યા છે, પરંતુ જ્ઞાની અને ભકતો ચમત્કારને બુદ્ધિપૂર્વક સ્વીકારતાં નથી. પોતાની સિદ્ધિઓ ચમત્કારના નાદમાં પડી કદી વાપરતા નથી. તુલસીદાસના મુખ્ય બે ચમત્કારો જણાય છે. પહેલો ચમત્કાર એટલે કે તેમણે નંદીને નૈવેદ્ય ખવડાવ્યો. પરંતુ હકીકતમાં એમ નથી. બળદિયા જેવું જીવન જીવતા લોકોને તેમણે સમજાવ્યું કે, 'તમે નૈવેદ્યરૂપ રસોઇ બનાવો. તમે જમવા બેસો ત્યારે વાંદરાની જેમ જે આવ્યું તે ઉપાડીને મોઢામાં મૂકો છો, આ તે કંઇ માણસનું જમણ છે ? આ તો બળદિયાનું જીવન છે. ઢોર, પશુ, જાનવર એ રીતે ખાય, પણ તમે તો માણસ છો તો પછી તમારા ભોજનને પ્રભુનો સ્પર્શ થવા દો અને પછી જમો. પ્રભુને તમારી રસોઇ ધરો અને પછી નૈવેદ્ય સમજી ને જમો.' પરંતુ ધીમે ધીમે બે પાંચ પેઢીમાં આને ચમત્કારનું રૂપ આવી ગયું. બળદ જેવું જીવન જીવતા લોકોને તેમણે ખાતાં શિખવાડ્યું, ત્યાર પછી તેનું રૂપ બદલાયું અને બળદને ખાતાં શિખવાડ્યું. આમ કાળ જતાં તેનું ચમત્કારમાં રૂપાંતર થયું કે, તુલસીદાસે નંદીને નૈવેદ્ય ખવડાવ્યો.


તેમના જીવનનો બીજો લોકખ્યાત ચમત્કાર એટલે કે તેમણે મૃત પતિને જીવતો કર્યો. આની પાછળ પણ જુદી જ ભૂમિકા છે. સ્ત્રી હંમેશાં તેજપૂજક છે. પોતાનો પતિ તેજસ્વી હોય એ સ્ત્રી સમાજની મૂક માંગણી છે, મડદા જેવો ઘણી સ્ત્રીને ગમતો નથી. તે કાળમાં પ્રત્યેક પતિ મડદા જેવો થયો હતો. તેમનામાં તુલસીદાસે તેજસ્વિતા નિર્માણ કરી, નિર્જીવને સજીવન કર્યા. તેમના આ મહાન કાર્યને લોકોએ ચમત્કારનું રૂપ આપ્યું અને કહેવા લાગ્યા કે, તુલસીદાસે મૃત પતિને જીવતો કર્યો. તુલસીદાસનું જીવન બુદ્ધિપૂર્વક જોઇશું તો આપણને સમજાશે કે,

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥

ભગવાન શ્રી કૃષ્ણના આ આશ્વાસનને તેમણે ઘરે ઘરે પહોંચાડી અસંખ્ય પાપીઓને સન્માર્ગે વાળ્યા. જૂના કાળથી પરંપરા ચાલી આવી છે કે, પાપી જ્યારે બદલાય છે ત્યારે તેનો વિકાસ બહુ જલ્દી થાય છે. કહેવાતા સજ્જનો સાઠ વરસ સુધી બે બે કલાક પૂજાપાઠ કરીને જીવનવિકાસ સાધી શકતા નથી. ચારધામની યાત્રા કરીને પણ જીવનશુદ્ધિ લાવી શકતા નથી. તેનું મુખ્ય કારણ એ છે કે, આવા સજ્જનોના જીવનમાં સમાધાની હોય છે. એમને લાગે છે કે, યાત્રા કરી એટલે જીવન કૃતકૃત્ય થયું અને પ્રભુકાર્ય કરતા નથી. વાસ્તવમાં તો આ સજ્જનોનાં જીવનમાં પણ અને રાવણ જેવાના જીવનમાં પણ પાપરૂપી કાંટા ગયા જ હોય છે. ફેર એટલો જ છે કે સજ્જનોના પગમાં ઘૂસેલા કાંટા નાના હોય છે. પરુ ન થાય ત્યાં સુધી ખબર નથી પડતી અને પાપીઓના પગમાં ઘૂસેલા કાંટા મોટા હોવાથી ખબર પડી જાય છે. જે સમયે એકનાથે તેજસ્વી ભકિતની દૈવીગંગા વહેતી કરી તે જ વખતે ઈતર ભારતમાં તુલસીદાસે પાપીઓનો ઉદ્ધાર કરવાની ઝુંબેશ ઉપાડી હતી.

ફરતાં ફરતાં એક દિવસ તુલસીદાસ મણિકર્ણિકાના ઘાટ ઉપર ગયા. પોતાનું કાર્ય સમાપ્ત થયું જાણી ભગવદ્ પ્રેરણાથી પતિત પાવની ગંગામાં પોતાના દેહનું વિસર્જન કર્યું. અધીરાઈથી ઊછળતા ગંગાના મોજાઓએ પણ પોતાના આ પનોતા દીકરાને હૈયાસરસો ચાંપ્યો. ભાવરૂપે, વિચારરૂપે, કાર્યરૂપે એ મહાન સંત ચિરંતન બન્યા !

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય છઠ્ઠો

ગુરૂકુલ યોગ



દ્રષ્ટિ બદલ ગઈ તો નઝારે બદલ ગયે
દીશા બદલ ગઈ તો કિનારે બદલ ગયે
ચંદ્રમાઁકી રોશની સેં તારે બદલ ગયે
સુર્યકે પ્રકાશ સેં અંગારે બદલ ગયે
"ભગતરામ" ઈસ મોઝમેં ના બદલે કોઈ એક
સદગુરૂકી સંગત સેં હમ સારે બદલ ગયે

મહારાજશ્રીના જીવનમાં અનુભવોના આધારે જેમ જેમ પરિપકવતા આવતી ગઈ. તેમ તેમ એમનું ભજન ક્રાંતિકારી વિચાર ધારામાં રૂપાંતર થતું ગયું. ક્ષિતિજની પહેલેપાર વાનપ્રસ્થ આશ્રમ આવતું દેખાયું. આ સંસારમાં બ્રહ્મચર્ય આશ્રમ અને ગૃહસ્થાશ્રમ બે જીવનના પૂર્વાધ છે જયારે વાનપ્રસ્થ આશ્રમ તથા સંન્યાસ આશ્રમ એ બે જીવનના ઉત્તરાર્ધ છે. એક સમયમાં આયુષ્યનો એકાવનમો વર્ષ જીવનનો મધ્યાન ગણાતો. એક વિચારધારા પ્રમાણે મધ્દયાનએ સાંજનો પહેલો દિવસ છે. એવું સમજીને સાધકે જીવનના પાસા પલટાવી નાખવા જોઈએ. આજથી સમાજને ઉપયોગી થાય એવી ચોક્કસ પ્રકારની સકારાત્મક અને નવી વિચારધારા લાવવી જોઈએ. એ નિયમને અનુસરીને મહારાજશ્રી સંસ્થાપકની ભૂમિકામાં સ્થાઈ થયા. સ્વીકાર્યા દધિ. ક્રોય રત્નઃ પરકાર્યે મહી યસામ્ મહા પુરૂષો પોતાનાં કામ કરવા કરતાં બીજાના કામમાં વધારે ધ્યાનસ્ત થાય છે.

એક વખત મહારાજશ્રી ના સેવક શ્રી માંડણભાઈ ભાણજીને ગુજરાતમાં આવેલા સપા.ગુરૂકુલના વાર્ષિકોત્સવમાં જવાનું હોવાથી મહારાજશ્રી પાસે આવ્યા અને કહ્યું કે મહારાજશ્રી એક ગુરૂકુલ જોવા જેવો છે. હું એના વાર્ષિકોત્સવમાં જઈ રહ્યો છું. એમાં આપશ્રી ગુરૂકુલ જોવા પધારો તો ખુબ આનંદ થશે. ગુરૂકુલનું નામ સાંભળતા મહારાજશ્રી ને પણ સ્વભાવીક ઈચ્છા દર્શાવી માંડણભાઈ સાથે એનાં ભત્રીજા શ્રી પ્રાગજીભાઈ પણ મહારાજશ્રીનાં દર્શન કરવા અર્થે વાંઢાય આવ્યા હતા. ગુરૂકુલ જોયા પછી મહારાજશ્રી ખુબ પ્રભાવિત થયાં અને મનોમન ઈશ્વર આશ્રમ વાંઢાયમાં ગુરૂકુલ નવ નિર્માણનો સંકલ્પ પણ લઈ લીધો. કારણ કે, ગુરૂકુલની ભૂમિકા તથા આયોજકોનું આયોજન વ્યવસ્થાપકોની વ્યવસ્થા તથા પવિત્ર વાતાવરણ મહારાજશ્રીને સ્પર્શ કરી ગયું.

મહારાજશ્રીએ માંડણભાઈને કહ્યું કે માંડણભાઈ તમેં આજે મને ખુબ પવિત્ર જગ્યાએ તેડી આવ્યા છો. હું તમારો આભાર જેટલો માનું એટલું ઓછું છે. હવે તમેં સાંભળો કે મેં પણ ગુરૂકુલ જોયા પછી એક નવો સંકલ્પ લીધો છે. આજે આપણે સૌ ભેગાં મળીને ભગવાનને પ્રાર્થના કરીશું કે હે, ભગવાન તારા કામ માટે લીધેલો સંકલ્પ અમારો પુરો કરજે.

એક દિવસ ઈશ્વર આશ્રમ વાંઢાયમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અઢારે વર્ણના અગ્રણીઓ, સાધુ-સંતો તથા પરદેશથી આવેલા અતિથીઓની સામે મહારાજશ્રીએ પોતે લીધેલો સંકલ્પ જાહેર કર્યો અને કહ્યું

કે સનાતન ધર્મની જાગૃતિ માટે તથા અંધ-અપંગ અને જરૂરિયાત મંદો માટે તથા વિદ્યાર્થીઓ અને બ્રહ્મચારીઓને ધર્મનું જ્ઞાન મળી રહે. સાધુઓને વૈદીક શિક્ષણ તથા પ્રત્યેક આશ્રમવાસીઓની અથ થી ઈતિ સુધીની જરૂરિયાતો સચવાય એ હેતુથી મેં આપ સૌના માટે આશીર્વાદ બનીને રહે એવો ઇશ્વર સાગરના કીનારે, ઇશ્વરરામ ગુરૂકુલ નિર્માણ કરવા માટે મેં એક સંકલ્પ લીધો છે.

મહારાજશ્રીનો સંકલ્પ તથા નિર્ણય સાંભળીને સૌ સભાજનો ખુશ થયા અને મહારાજશ્રી ઇશ્વર રામની જયનાદ સાથે સભાની પૂર્ણાહૂતિ થઇ અને ગુરુકુલ નિર્માણનું કાર્ય શરૂ થયું.

મહારાજશ્રી કોઇપણ કાર્યને હાથમાં લેતા પહેલા તે ખુબ વિચારતા અને પછી ઇશ્વરની સાક્ષીએ નિર્ણયો લેતા. એક વખત જે નિર્ણય લેવાઇ ગયો એમાં એ કદી પાછા હટતા નહિં. એટલે જ તો ચંદ્રની કળા જેમ ઇશ્વર આશ્રમ વધતો જ ગયો, વધતો ગયો ને તે વધતો જ ગયો !!!

ધનવાનો સમાજનાં આધાર સ્તંભ છે.

પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજી ગુરૂકુળના નિમાર્ણ કાર્ય માટે ધનરાષી એકત્ર કરવા અર્થે મુંબઇ પધાર્યા અને જ્યાંથી સહયોગ મળી શકે એવી યોગ્ય વ્યકિતઓની શોધ કરવા લાગ્યા પણ ધાર્યું પરિણામ આવ્યું નહિં. છતાં પણ "કોશીષ કરને વાલો કી કભી હાર નહિં હોતી." એ સિધ્ધાંતને અનુસરીને એક ક્રાંતિકારી અને આધ્યાત્મવાદી સાધુને શોભે એવો એક વ્રત લીધો. કે જ્યાં સુધી ગુરૂકુળનાં નિમાર્ણ કાર્ય માટે પ્રાથમીક સહયોગના ભાગરૂપે રૂપિયા ૧૦,હજારનું સહયોગ પ્રાપ્ત ન થાય. ત્યાં સુધી અનજળનો ત્યાગ કરવો. ઇશ્વર સાધકની કસોટી કરે છે. પણ એના જીવન વિકાસમાં અડચણો ઉભી કરતો નથી. આજે અનસનનો બીજો દિવસ શરૂ થયો. અચાનક મહારાજશ્રીના માનસપટ પર એક સંકેત ઉત્પન્ન થયો. જેને આજની ભાષામાં (SMS) કહેવાય છે. જેમાં કુંભારવાડામાં રહેતા માટુંગા નિવાસી શ્રી ઘનશ્યામભાઇ ઓઝા માનસપટ પર તરી આવ્યા અને કુંભારવાડામાં જઇને ઘનશ્યામ ભાઇના ઘરનું સરનામું પુછ્યું. એક દુકાનવાળાએ આંગળી ચીંધીને કહી બતાવ્યું કે સામેં દેખાય છે. એ ઘનશ્યામભાઇનું ઘર છે. મહારાજશ્રી એમના ઘેર જવાની વાટ પકડી ત્યાં તો ઘનશ્યામભાઇએ મહારાજશ્રીને આવતા જોઇ, દોડીને સામે આવ્યા અને શાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પોતાના ખભા ઉપર મહારાજશ્રીનો હાથ રાખીને ઘરના આંગણામાં આવ્યા. ઘનશ્યામભાઇના ઘરમાં પ્રવેશ કરવાથી પહેલા છોકરીઓએ આરતી ઉતારી પુજન કર્યુ અને પછી ઘરમાં પધાર્યા. સમાજના સૌ સદસ્યોએ સ્વાગત કર્યુ અને બહેનોએ સૌ સાથે મળીને મંગળ ગીત ગાયા. એ વખતે કુંભારવાડામાં ચારસો ઓઝા પરિવારો રહેતા હતા. સૌએ મહારાજશ્રીના દર્શન કરીને આશીર્વાદ લીધા.

ઘનશ્યામભાઇએ મહારાજશ્રીના હાથમાં જલપાત્ર મુકતા અમારા આંગણે અચાનક પધારવાના પ્રયોજન વિશે નમ્રતાપૂર્વક જાણવાની ઇચ્છા પ્રગટ કરી.

મારે ઘેર જમવા પધારો ઓધવરામ

ત્યારે મહારાજશ્રીએ કહ્યું, ઘનશ્યામભાઇ સાધુઓના ભાગ્યમાં સમાજ ઘડતર સિવાય બીજો કોઇપણ આયોજનો હોતા નથી. અમોએ ઇશ્વર આશ્રમ વાંઢાયમાં શ્રી ઇશ્વરરામ ગુરૂકુલ નામની એક સંસ્થાનું નવ નિર્માણ કરી રહ્યા છીએ. જેમાં પ્રત્યેક સમાજના અંધ-નિરાધાર તથા અન્ય બાળકોને સામાજીક જ્ઞાન સાથે આધ્યાત્મિક જ્ઞાનનું શિક્ષણ મળશે. ઘનશ્યામભાઇ આજે ઘણાં એવા તત્વો છે કે સમાજને અભણ રાખવા માંગે છે. પણ આપણને અભણ રહેવું નથી. એ વિષયને ધ્યાનમાં રાખીને હું આપની પાસેથી પ્રાથમિક સહયોગ સ્વરૂપે રૂપિયા ૧૦,૦૦૦ માંગવા આવ્યો છું. હું આપની પાસે કોઇપણ બાબત છુપાવવા માંગતો નથી. તમને સાચું કહું તો હું ઘણા ઠેકાણે સહયોગ માંગવા ગયો પણ મને ક્યાંયે સફળતા મળી નહિં. હું પ્રયત્નો કરતાં કરતાં હજી સુધી થાક્યો નથી પણ ભગવાન એટલો દયાળુ છે કે હું પ્રયત્નો કરતાં કરતાં થાકી જાઉં એથી પહેલા મને આપની પાસે મોકલી દીધો.

મહારાજશ્રીનું ઉપરોકત વિધાન સાંભળીને ઘનશ્યામભાઇ બહુ ખુશ થયા અને મહારાજશ્રીના આયોજનને માન આપીને તથા સૌ ઓઝા સમાજની સહંમતીથી રૂપિયા ૧૦,૦૦૦ નો પ્રાથમિક સહયોગ આપવાનું વચન આપ્યું અને પોતે ગુરૂકુળના નિર્માણ કાર્યમાં ઉપયોગી થવા બદલ પોતાની જાતને ધન્ય સમજવા લાગ્યા. મહારાજશ્રીના હાથમાં પીધા વગરનું જલપાત્ર જોઇને ઘનશ્યામભાઇએ પુછ્યું મહારાજશ્રી આપ પાણી ગ્રહણ કેમ નથી કરતાં ? ત્યારે મહારાજશ્રી એ કહ્યું કે, સાં[illegible]ો ઘનશ્યામભાઇ ગુરૂકુળના નિર્માણ કાર્ય અર્થે જ્યાં સુધી પ્રાથમિક

સહયોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મેં અનસન વ્રત લીધું હતું. જે આજે પુર્ણ થયું. હવે હું તારા ઘેર પારણા કરીને વ્રત સમાપ્ત કરીશ. બસ પછી તો ઘનશ્યામભાઈની ધર્મપત્નીએ બનાવેલો બાજરાનો રોટલો, ગુવારની ફળીનું શાક તથા ગોળ-ઘી માખણનો પ્રસાદ લીધું. કવિએ મહારાજશ્રીને નિમંત્રણ આપવા એક થાળની રચના કરી છે.

રાગ : પીલ્લુ તાલ-કેરવા

શ્રી સદ્ગુરૂ મારા જીવન પ્રાણ મારે ઘેર જમવા પધારો ઓધવરામ ...મારે.
માતા ચાગબાઈ ઘેર જનમ ધરીને ગુરૂ લાલરામનું દિપાવ્યું જેણે નામ ...મારે.
લીંપી ગુંપીને મારા આંગણા સજાવ્યાં ધરીયે તમારૂં પલ-પલ અમેં ધ્યાન ...મારે.
ઢોલ નગારા ને વાગે શરણાઈ સખીયો મળીને સૌ ગાયે ગુણગાન ...મારે.
ખીચડી કઢી ને રોટલા શાક ગુવારના દુધ, દહીં, માખણ, ગંગાજલ પાન ...મારે.
તન, તીરથ મન ભયો રે મથુરા ગોકુલ વનરાવન ચારો ધામ ...મારે.
એવી સદ્બુધ્ધિ અમને દેજો રે "ભગતરામ" કરીયે મળીને સૌ તમારા અમેં કામ ...મારે.

ત્યારબાદ નવા આયોજનો અને નવા સમીકરણો સાથે લઈને મહારાજશ્રી મુંબઈથી વાંઢાય આવ્યા એને છ મહીના વીતી ગયા બાદ ઘનશ્યામભાઈ તથા તેમનો પરિવાર અને સમાજના સદસ્યો સૌ વાંઢાયમાં આવીને સાધુઓને પંગત આપી તથા ગુરૂકુલના પ્રાથમિક સહયોગના ભાગરૂપે રૂપિયા દસ હજાર મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કર્યા. મોડા આપ્યાનું કારણ માત્ર એક જ કે સહયોગનું વચન આપ્યાથી પહેલા મહારાજ પાસેથી છ માસની મુદત માંગી હતી. જેને આજે છ માસ પુરા થવા આવ્યા હતાં. ત્યારબાદ એકલા મુંબઈમાંથી દોઢ લાખનો સહયોગ ગુરૂકુળ માટે મળ્યો હતો.

સંસ્થાપક ઓધવરામ

ચલો સૌ જીતવા જંગ બ્યુંગલ વાગે
યાહોમ કરીને પડો બસ ફતેહ છે આગે — વીરનર્મદ

મહારાજશ્રી ઘણી વખત સત્સંગમાં કહેતા કે... કર્મયોગીના કર્મને ઉજાગર કરવા અર્થે જ્યાંથી અને જેની પાસેથી પ્રેરણા મળતી હોય એની પાસેથી લેવાની હોય છે. આપણા ગુજરાતની અંદર અનેક સંસ્થાપક નીપજ્યા છે. જેમાં શ્યામજી કૃષ્ણ વર્મા - સ્વામી વિવેકાનંદ - દયાનંદ સરસ્વતી જેવાના નામો મોખરે છે. આર્ય સમાજના સંસ્થાપક શ્રી દયાનંદ સરસ્વતીની જીવનયાત્રા પણ પરમ પૂજ્ય ઓધવરામજી મહારાજની જેમ સંઘર્ષમય બની રહી છે.

આર્ય સમાજના સંસ્થાપક શ્રી દયાનંદ સરસ્વતી

ઓગણીસમી સદીની શરૂઆતમાં ભારતનું સામાજીક જીવન હચમચી ઊઠ્યું હતું. આપણી હજારો વર્ષોની જૂની સંસ્કૃતિમાંથી લોકોની શ્રદ્ધા ડોલવા લાગી હતી. દેશમાં અવ્યવસ્થા, અજ્ઞાન, શિથિલતા અને કુસંપ વધી રહ્યાં હતાં. દેશની એકસૂત્રતા તૂટી હતી. ધર્મના નામે વહેમી અને વિપરીત ભકિતની નાગચૂડ મજબૂત થતી હતી. દેશનો ભણેલો વર્ગ પશ્ચિમના ઝળહળાટમાં અંજાઈ ગયો હતો અને અભણ વર્ગ નબળી ભકિતમાં પડ્યો હતો. વેદો લગભગ ભુલાવા લાગ્યા હતા. ઋષિમુનિઓના નક્કર પ્રયોગો પર આધારિત વૈદિક સંસ્કૃતિના સિદ્ધાંતો તત્ત્વહીન ગણાવા લાગ્યા હતા. આવા સમયે સિંહગર્જના કરી તત્કાલીન લોકોને પાછા વેદની ગંગોત્રી તરફ લઈ જનાર મહર્ષિ દયાનંદનો જન્મ ઈ. સ. ૧૮૨૪ (વિક્રમ સંવત ૧૮૮૧) માં સૌરાષ્ટ્રના મોરબી રાજ્યમાં મચ્છુ નદીને કાંઠે વસેલા ટંકારા ગામમાં કુળવાન ઔદિચ્ય બ્રહ્મણ કુટુંબમાં થયો હતો. એમનું મૂળ નામ હતું મૂળશંકર. જન્મ અને કર્મથી એ સાચા તેજસ્વી બ્રાહ્મણના સંતાન હતા. પિતાનું નામ હતું કરસનજી ત્રવાડી. સ્વભાવે કડક પણ વૃત્તિના ખૂબ જ ધાર્મિક પિતા પાસે રાજ્યના થાણેદાર હોવાને લીધે સારા પ્રમાણમાં જર-જમીન હતાં. આવા પિતા અને પ્રેમમયી માતાની છાયામાં મૂળશંકરનું બાળપણ પસાર થવા લાગ્યું. તેજસ્વી બાળકે નાની ઉંમરમાં અનેક શ્લોકો અને સ્તોત્રો કંઠસ્થ કર્યા અને આઠમે વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર લીધો. ધાર્મિક અને વ્યવહારુ પિતાએ ધર્મશાસ્ત્રો અને વ્યવહારનું જ્ઞાન મૂળશંકરને આપવા માંડ્યું. આના પરિણામે ચૌદ વર્ષની વયે તેમણે યજુર્વેદ સંહિતા મોઢે કરી નાખી. આ ઉપરાંત બીજા વેદો તેમજ

વ્યાકરણશાસ્ત્રનો પરિચય મેળવ્યો. પિતાના ખૂબ આગ્રહથી વ્રત-ઉપવાસ મૂળશંકર માટે ફરજીયાત હતાં કદાચ આને લીધે જ સંન્યાસી તરીકે મનોનિગ્રહના કઠણ પ્રયોગો કરવામાં એમને સફળતા સાંપડી હશે. માતા અને પ્રેમાળ કાકાની ભલામણથી મૂળશંકરને એક પંડિત પાસે નિઘંટુ, નિરુક્ત, પૂર્વમીમાંસા અને કર્મકાંડના ગ્રંથો ભણવા મળ્યા.

વૈરાગ્યનું બીજ :-

બાળપણ પસાર કરી કિશોરાવસ્થામાં પ્રવેશતાં મૂળશંકરના કુમળા હૃદયને એક સખત આઘાત સહેવો પડ્યો. ઈ. સ. ૧૮૩૯ માં એક રાત્રે એની વહાલસોયી બહેન કોગળિયામાં સપડાઇ. તનતોડ ચાકરી અને અનેક ઉપચારો કરવા છતાંય કાળના ક્રૂર પંજાએ ભાઇને બહેનથી વિખૂટો કર્યો. બધે સ્તબ્ધતા છવાઇ ગઇ. મૂળશંકરની આંખમાંથી એક આંસુ પણ ન પડ્યું, એક આહ પણ ન નીકળી. આઘાતે મનને ઊંડા મંથનમાં ઉતારી દીધું. મૃત્યુની શાશ્વતતાએ મૂળશંકરને વ્યથિત કરી મૂક્યો. આ જન્મ-મરણની ઘટમાળમાંથી મુક્ત થવાનો ઉપાય શોધવાની તીવ્ર ઇચ્છા એ નાનકડા મગજમાં પ્રગટ થઇ. આ પ્રસંગે દયાનંદના જીવનમાં એક તોફાન મચાવી મૂક્યું અને સંસાર પ્રત્યેનાં વૈરાગ્યનાં બીજ રોપાણાં. બરાબર ત્રણ જ વર્ષમાં પ્રેમાળ કાકાના મૃત્યુએ કઠણ હૈયાના મૂળશંકરને હૃદયફાટ રડાવ્યો. સંસાર ત્યાગની ભાવના વધારે ઉગ્ર બની. સંસારની કહેવાતી ચક્રગતિમાં પડવું, શકિત અને સમય વેડફી નાખવા જેવું એમને લાગ્યું. સંસારની જન્મ, શિક્ષણ, લગ્ન. અર્થોપાર્જન, પ્રજોત્પત્તિ, મરણ વગેરેની ચક્રગતિમાંથી છૂટવા માટે મૂળશંકરનો આત્મા ખૂબ વ્યાકુળ થઇ ગયો. દિવસો વીતવા લાગ્યા પરંતુ મૂળશંકરનું મન શાંત ન થયું, કારણ કે એ સ્મશાન વૈરાગ્ય ન હતો પરંતુ સાચી તરસ હતી, સામાન્ય રીતે બને છે એ રીતે. માતા-પિતા એને સંસારમાં જકડવા માટે લગ્નની તૈયારી કરવા લાગ્યા. આમાંથી છૂટવા મૂળશંકરે કાશી ભણવા જવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જે નકારવામાં આવ્યો. ખેંચતાણ પછી થોડે દૂરના શાસ્ત્રી પાસે ભણવાનું નક્કી થયું. બીજી બાજુ એના લગ્નની તૈયારી થવા લાગી અને બાવીસ વર્ષના એ યુવાનનું દૃઢ મન બળવો કરી ઊઠ્યું. એક બાજુ પ્રેમાળ માતા-પિતા અને સંસારિક સુખો હતાં અને બીજુ બાજુ પરમપદ પામવાની આકાંક્ષા હતી. છેવટે ૧૯૦૩ ની એક રાત્રે મૂળશંકરે ઘર છોડ્યું અને આમ વર્ષોની ઇચ્છા નિર્ણયમાં પરિણમી, એક બ્રહ્મચારી પાસેથી નૈષ્ઠિક બ્રહ્મચર્યની દીક્ષા લઇ 'શુદ્ધચૈતન્ય' નામ ધારણ કરી યોગાભ્યાસ કરવા લાગ્યા. પ્રાથમિક સાધનામાં પણ એમની દૃઢતા જુદી પડી જતી, ઉત્સાહ અબાધિત હતો અને ધીરજ અમાપ હતી.

ગુરુની શોધ :-

યોગાભ્યાસથી પરમપદની પ્રાપ્તિ કરી લેવા માટે અભ્યાસ સાથે માર્ગદર્શક ગુરુની અતિશય જરૂર હોય છે. આ સત્ય સમજી લઇ શુદ્ધચૈતન્ય નામધારી એ બ્રહ્મચારીએ આકરી શોધ આદરી. તેજસ્વી બુદ્ધિના શિષ્યને સંતોષી શકે તેવો ગુરૂ એમ સહેજે મળે કેવી રીતે ? અનેકના પરિચયમાં આવ્યા પછી પણ એના મનને સમાધાન થયું નહીં. સાધકના જીવનમાં ઇશ્વર આકરી પરિસ્થિતી ઊભી કરી એની મક્કમતા ડગલે ને પગલે માપતો હોય છે. ગુરૂની શોધમાં નીકળેલા શુદ્ધચૈતન્યને સિદ્ધપુરના મેળામાં ગુરૂ તો ન મળ્યા, પણ એના પિતા કરસનજી ત્રવાડી જરૂર મળ્યા અને ફરી પાછું નજરકેદમાં પુરાવું પડ્યું. સમયનો લાભ ઉઠાવી ત્યાંથી ભાગતાં ભાગતાં એને અનેક કષ્ટોનો સામનો કરવો પડ્યો. આમ કરતાં વડોદરા સુધી પહોંચ્યા પછી શુદ્ધચૈતન્યને નર્મદા નદીના કિનારાની પવિત્ર ભૂમિનાં દર્શન થયાં, જ્યાં અનેક મહાત્માઓએ પોતાના હાડ ગાળી એ ધરતીને પણ પવિત્રતા અર્પી છે. કહેવાય છે નર્મદાનો એ કિનારો અનેકોના તપ અને સિદ્ધિને સાક્ષી છે. આ જગ્યાએ યોગ્ય ગુરૂની પ્રાપ્તિ થશે એમ ધારી આ વ્રતધારીએ નર્મદા કિનારે વસવાટ કર્યો અને છેવટે સંન્યાસની દીક્ષા આપનાર પૂર્ણાનંદ સરસ્વતી નામના વિદ્વાન સંન્યાસીએ એને સંન્યાસની દીક્ષા આપી અને એ પચ્ચીસ વર્ષનો મૂળશંકર 'દયાનંદ સરસ્વતી' બન્યો. પૂર્ણાનંદજીનો સંઘ દ્વારકા આવ્યો અને દયાનંદ ચાણોદમાં જ રહ્યા.

અભ્યાસ અને ધ્યેયપ્રાપ્તિ :-

દયાનંદના અભ્યાસમાં અનેક વ્યકિતઓનો હાથ છે. આ જ્ઞાનપિપાસુ સંન્યાસી જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કરતા ગયા અને આગળ વધતા ગયા. અંતિમ ધ્યેય પ્રાપ્ત થાય તે પહેલાં અટકવાનું એ શીખ્યા જ નહોતા. કૃષ્ણશાસ્ત્રી નામના વિદ્વાન પાસે વ્યાકરણનું જ્ઞાન મેળવી જ્વાલાનંદજી અને શિવાનંદગિરિ નામના બે સમર્થ મહાત્માઓ પાસે સ્વામી દયાનંદે યોગનો ઊંડો અભ્યાસ કર્યો. જ્ઞાનગુરૂની શોધમાં સ્વામી દયાનંદે ખૂબ જ પ્રવાસ કર્યો. અવિરત થાક અને અપાર મુશ્કેલીઓ વેઠીને પણ એમણે શોધ ચાલુ રાખી. નદીનાળાં, જંગલો, પહાડો ઓળંગતા એમને અનેક

મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ટાઢ-તડકા અને ભૂખ-તરસ તો એમના સાથી બની ગયાં. પરંતુ, એ ખડતલ અને દૃઢ સંન્યાસીએ ધીરજ છોડી નહિં. અભેદ્ય જંગલો પસાર કરતાં સ્વામીજીના વસ્ત્રોનાં ચીથરાં થયાં, ધારદાર પથ્થરોથી પગમાં ચીરા પડ્યા અને શરીર પર ઉઝરડા પડ્યા. બદ્રનારાયણની ઠંડી અને બરફમાં એમને ઠરવું પડ્યું. અલકનંદાના પ્રવાહને પાર કરતાં એમનાં ગાત્રો ઠરી ગયાં. આવી અસહ્ય યાતનાઓએ આ સુદઢ સંન્યાસીને પણ એકવાર આપઘાતના વિચાર પર લાવી મૂક્યાં. પરંતુ આવી ક્ષણિક નબળાઇઓ પર વિજય મેળવનાર જ જીવનસિદ્ધિને પામી શકે આ ખ્યાલે એમણે શોધ ચાલુ રાખી. આ રઝળપાટમાં ઘણા સ્થળોનો પ્રવાસ કરવાની તક એમને મળી. આટલી યાતનાઓ વચ્ચે પણ એમનો યોગનો અભ્યાસ સતત ચાલુ જ રહ્યો હતો. આમ સંવત ૧૯૧૪ માં સ્વામી દયાનંદે નર્મદાજીની યાત્રા આરંભી. ત્રણ વર્ષ સુધી આ યાત્રા ચાલુ રહી. તપસ્યાની ભઠ્ઠીમાં તવાઇને એમના મલ-વિક્ષેપ દૂર થઇ ગયા અને એમનું જીવન હોમાનલની દીપ્તિથી કાંચનવર્ણું ઝળહળી રહ્યું.

જ્ઞાનગુરુની પ્રાપ્તિ અને અભ્યાસ :-

તપ ક્યારે પણ નિષ્ફળ જતું નથી. સ્વામી દયાનંદની જ્ઞાનગુરૂની શોધ આખરે પૂરી થવાનો સુયોગ આવી પહોંચ્યો. મથુરાના સ્વામી વિરજાનંદજી મહારાજનું નામ એક પ્રખર વિદ્વાન તરીકે જાણીતું હતું. દયાનંદે આ સમાચાર મળતાં જ મથુરા તરફ એમણે પ્રયાણ કર્યું. યોગેશ્વર ભગવાન શ્રી કૃષ્ણના ચરણકમળોથી પવિત્ર થયેલી મથુરાની ધરતી પર આ ભવિષ્યના મહાન જ્યોતિર્ધરે અભ્યાસના મક્કમ નિશ્ચયથી પગ મૂક્યો.(૮૧) એકયાંશી વર્ષના એ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સ્વામીજીએ દયાનંદને શિષ્ય તરીકે સ્વીકાર્યો અને શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાનું કબૂલ કર્યું.

સ્વામી વિરજાનંદ, પંડિત નારાયણદત્ત ભારદ્વાજના પુત્ર હતા. પાંચ વર્ષની નાની વયે એમની આંખો શીતળાના રોગમાં ચાલી ગઇ, પંદર વર્ષની ઉંમરે માતાપિતા અનાથ મૂકી સ્વર્ગે સીધાવ્યા, ભાઇ-ભાભીના ત્રાસથી કંટાળી એ ઋષિકેશ અભ્યાસ માટે આવ્યા અને સંન્યાસની દીક્ષા ગ્રહણ કરી. આંખો વગરના એ યુવાને બધા શાસ્ત્રોનો પૂર્ણાભ્યાસ કરી પોતાની શકિતનો પરચો જગતને આપ્યો. અનેક શિષ્યોએ એમની પાસે જ્ઞાન મેળવી ધન્યતા અનુભવી. રાજા-મહારાજાઓ પણ એમને ત્યાં ખડે પગે ઊભા રહેતા. આખાબોલા, નિષ્કપટ અંતઃકરણના, સરળ વૃત્તિના આ સંન્યાસી સ્વભાવે અતિ ઉગ્ર હતા. પરંતુ એમનું હૃદય કરુણાથી ભરેલું હતું. આ વાતની સાક્ષી એમના કોઇપણ શિષ્ય પાસેથી મળી શકે એમ હતું. સ્વામી દયાનંદને એમણે ફકત ઋષિપ્રણીત ગ્રંથો જ શીખવવાની શરત કરી. કૌમુદી, ભાગવત, પુરાણો વગેરેનો અભ્યાસ એમને ત્યાં થતો જ નહીં. અહીં દયાનંદ સરસ્વતીનું અધ્યયન શરૂ થયું.

ગુરુપ્રેમ :-

ગુરૂસેવાનું મહત્ત્વ એમનાથી અજાણ્યું નહોતું. કૃતજ્ઞ શિષ્ય તરીકે રોજ વીસ વીસ ઘડા પાણી ગુરૂ માટે લાવવા એ એમનો નિત્યક્રમ હતો. ઉગ્ર સ્વભાવના ગુરૂદેવની સામે અભ્યાસ કરવો એટલે લોઢાના ચણા ચાવવા જેટલું કપરું કામ હતું. શિસ્તપાલનમાં કઠોર એવા ગુરુના હાથે માર ખાવાનું ભાગ્ય પણ એમને મળ્યું જ હતું, છતાં ગુરૂ પ્રત્યે ભાવ અને આદર ઘટવાને બદલે હંમેશ વધ્યા જ હતાં. શિષ્ય દયાનંદનું વર્ણન કરતાં ગુરૂ વિરજાનંદ કહેતા, 'એની યાદશકિત અદ્‌ભૂત છે. વાદમાં એને કોઇ પહોંચે નહીં. આજ સુધી મેં અનેક શિષ્યોને ભણાવ્યા પરંતુ એને ભણાવવામાં જે રસ પડ્યો છે તેવો ક્યાંય પડ્યો નથી.' આ વિધાન જ દયાનંદની શકિતઓનો પરિચય આપવા પૂરતું છે. દયાનંદે અઢી વર્ષ સ્વામી વિરજાનંદ પાસે રહી જ્ઞાનની અપૂર્ણતા દૂર કરી. અભ્યાસ પૂરો થયો અને વિદાયનો દિવસ પાસે આવ્યો. ભારતીય સંસ્કૃતિમાં બે ત્રણ ઉત્કૃષ્ટ ભાવસંબંધો અવર્ણનીય છે, જેમાં ગુરૂ-શિષ્યનો સંબંધ અજોડ છે. એને તો સંસ્કૃતિનું ઘરેણું કહીએ તો પણ ચાલે. એકબીજા માટેનો પ્રેમ અને શિષ્યનો ગુરૂ માટેનો અત્યંત આદર આ સંબંધને દિવ્યતા આપે છે. વિયોગનો એ વસમો દિવસ પાસે આવ્યો તેથી દયાનંદ વ્યાકુળ થયાં. જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો જેની પાસેથી મળ્યાં તેનાથી અળગા થવું વસમું લાગતું હતું. વજ્રથી કઠોર દયાનંદની આંખમાં અશ્રુ હતાં-કંઠ રૂંધાયો હતો અને ચહેરા પર ગ્લાની હતી. ગદ્‌ગદ કંઠે માંડમાંડ એમણે ગુરૂની વિદાય-આશિષ માંગી. સાથે સાથે જેનું રોમ રોમ ઋણી છે એવા ગુરૂદેવને ગુરૂદક્ષિણા તરીકે કંઇક માંગી ઉપકાર કરવા કહ્યું.

ગુરુદક્ષિણા-જીવનમંત્ર :-

વૃદ્ધ ગુરૂજીના અંગેઅંગ ભાવથી ભીના થઇ ગયાં. એ નિઃસ્વાર્થ સંન્યાસીએ ગુરૂદક્ષિણા માંગી અને એમાં જ

દયાનંદને જીવનમંત્ર મળ્યો: ગુરૂએ કહ્યું, 'બેટા દયાનંદ, ભારત દીન, હીન થતો જાય છે, એને ચેતનવંતો કરવા કમર કસજે. અસ્ત પામવાના આરે ઊભેલા વૈદિક સંસ્કૃતિના સૂર્યને ફરી મધ્યાહ્ને પહોંચાડજે, જેથી એના સંતાનોને જીવનપ્રકાશની પ્રાપ્તિ થાય. વેદોને ઘેર ઘેર પહોંચાડજે અને આમાં જ આખું જીવન પ્રયત્નશીલ રહેજે. આ જ મારી ગુરૂદક્ષિણાની માંગ છે. ' વૈદિક સંસ્કૃતિને સચેતન કરવાની આ ભીષ્મપ્રતિજ્ઞા હતી. પ્રેમ અને ભાવથી ભરેલી આ વિદાય સંસ્કૃતિના ઈતિહાસની એક ચિરસ્મરણીય રેખા બની ગઈ. દયાનંદને જીવનધ્યેય પ્રાપ્ત થયું અને ગુજરાતના એ જ્યોતિર્ધરે વેદનો ઝંડો હાથમાં લઈ ભારતમાં વૈદિક સંસ્કૃતિની ચેતનવંતી હવા ફેલાવવાના મક્કમ નિર્ણય સહિત મથુરા છોડ્યું.

જીવનકાર્ય :-

સંવત ૧૯૨૦ થી સ્વામી દયાનંદનું આખું જીવન વૈદિક સંસ્કૃતિના આધારે ભારતની સેવા કરવામાં જ ગયું.' વૈદિક સંસ્કૃતિની વિજિગીષુ જીવનદ્રષ્ટિ ગુમાવવાને લીધે જ ભારતીય પ્રજા નબળી અને નિરાશાવાદી બની ગઈ છે.' આ સત્ય તો એમને જ્ઞાનપ્રાપ્તિની રઝળપાટમાં થયેલા લગભગ આખા ઉત્તર ભારતના પ્રવાસ દરમ્યાન જ સમજાઈ ગયું હતું. વેદનું અધ્યયન જવાથી દેશના યુવાનો નિસ્તેજ થયા છે એ વાત એમને દીવા જેવી સ્પષ્ટ દેખાતી હતી. સાચા અર્થનો ધર્મ લગભગ મૃતપ્રાય થઈ એની જગ્યાએ નબળી અને સહેલી ભકિતએ આસન જમાવ્યું છે અને બુદ્ધિવાદની જગ્યાએ વહેમ અને અંધશ્રદ્ધા દઢ બન્યાં છે. આ ભારતની પરિસ્થિતીનું વિહંગાવલોકન દયાનંદની તીવ્ર બુદ્ધિએ બહુ ઝડપભેર કરી લીધું હતું. ગુલામીની જંજીર તોડવાની તાકાત પણ ભારત ગુમાવી બેઠું હતું. તે સ્પષ્ટ વાત હતી. આર્યોના અથાગ પરિશ્રમથી એક સૂત્રે બંધાયેલા ભારતદેશમાં ક્ષુદ્ર સ્વાર્થ અને કુસંપના પુરાવા સહેજમાં મળતા હતા. તેજસ્વી સંસ્કૃતિના આ નબળાં સંતાનોને જોઈ સંસ્કૃતિભકત અને વેદનિષ્ઠ દયાનંદનો આત્મા કકળી ઊઠયો હતો.

મૂર્તિપૂજા અને પુરાણોનો વિરોધ :-

તેમને આ સર્વ રોગની જડ આંધળી મૂર્તિપૂજા અને પુરાણોની વહેમી પલાયનવાદી કથાઓમાં જોવા મળી. પરિણામે તેમણે મૂર્તિપૂજા અને પુરાણોનો વિરોધ કર્યો. ભારતની આ પરિસ્થિતિ જોતાં સ્વામી દયાનંદનો મૂર્તિપૂજા અને પુરાણોનો સખત વિરોધ પ્રત્યાઘાતી હોવા છતાં સહાનુભૂતિ માંગી લે એવો ગણી શકાય. અત્યંત બુદ્ધિવાદી હોવા છતાં પરિસ્થિતિને અનુકૂળ વર્તન એમણે સ્વીકાર્યું હોય એમ લાગે છે. મૂર્તિ પૂજામાં ઘૂસેલા સડાને દૂર કરવાને બદલે મૂર્તિપૂજાને વાહિયાત ઠરાવી, ભારતીય સંસ્કૃતિના એક મહામૂલા ઘરેણાંને ઝાંખું પાડ્યું, એમ કહ્યા વિના ચાલે એમ નથી. આ ઉપરાંત શ્રીમદ્ ભાગવત ઈત્યાદિ પુરાણોનો સાચો મર્મ સમજાવવાને બદલે એને હલકા ઠરાવ્યા તે પણ એટલું જ ખૂંચે એવું છે. સામાન્ય માનવને બાબાગાડી તરીકે કામ આવતા આ ગ્રંથોનું સર્જન માનસશાસ્ત્રીય રીતે ઘણું જ મહત્ત્વનું ગણી શકાય. વેદોના ગહન જ્ઞાનમાં ડૂબકી મારવાની બૌદ્ધિક તાકાત આ ગ્રંથોના સાચા દર્શનથી આવી શકે. કદાચ માનવને મળેલા મર્યાદિત જીવનકાળ દરમ્યાન અંધશ્રદ્ધાના ઊંડા ઊતરેલા મૂળિયાને ઝટકો મારી ખેંચી કાઢવાના હેતુથી સ્વામી દયાનંદ સરસ્વતીને આ પ્રત્યાઘાતી વલણ અપનાવવું પડ્યું હોય એ શકયતા નકારવા જેવી નથી. છતાં કોઈપણ નિષ્પક્ષ ઈતિહાસકાર એમના ભગીરથ કાર્યની અવગણના કરી શકે એમ નથી. વેદનું અધ્યયન જ માનવની આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે. આ પુરવાર કરી એનો ભારતભરમાં પ્રચાર કરવાના એમના મહાન કાર્યને જોતાં 'મહર્ષિનું બિરુદ' એમને જરૂર સુયોગ્ય છે.

કાર્યક્રમની ત્રિસૂત્રી :-

મહર્ષિ દયાનંદના કાર્યની શરૂઆત સંવત ૧૯૨૦ માં એમના આગ્રા માંના પ્રથમ પ્રવચનથી થઈ. આ પ્રવચનમાં એમણે વેદોના પ્રમાણને જ સ્વીકારવાનો સિંહનાદ કર્યો. પોતાના જીવનકાર્યના એમણે ત્રણ ભાગ કર્યા હતા અને એનો કાર્યક્રમ એમની આંખ સામે સ્પષ્ટ હતો. એમના જ શબ્દોમાં કહીએ તો એના ભાગ નીચે પ્રમાણે કરી શકાય : (૧) ધર્મના નામે ચાલી રહેલી ખોટી માન્યતાઓ અને ખોટા સિદ્ધાંતોનો વિરોધ. ભાષણો, વ્યાખ્યાનો અને વિવાદો મારફત વિશેષ જોરદાર બળવો જગાડવો. (૨) વેદધર્મના કાર્યને પોતાનું ગણી જીવન સમર્પણની ભાવનાવાળા યુવાનોને તૈયાર કરવા. (૩) વેદધર્મનું સાહિત્ય હિન્દી ભાષામાં પ્રકાશિત કરવું અને વેદના ભાષ્યો રચવા.

પ્રચારકાર્ય :-

મહર્ષિ દયાનંદે અનેક ઠેકાણે શાસ્ત્રાર્થો કર્યા, વિવાદો કર્યા અને પોતાની પ્રતિભાથી અનેકને આંજી નાખ્યા.

એમણે કનોજ થઇ ફરૂકાબાદ આવી ત્યાંથી કાનપુર સુધી પ્રવાસ કર્યો. કાનપુરથી એમણે એક પત્રિકા પ્રસિદ્ધ કરવા માંડી. અનેક લોકોના પરિચયમાં આવી પોતાના જ્ઞાન અને બુદ્ધિથી બધાને આંજ્યા, અનેકોના જીવનો બદલાવ્યા અને વેદની દીક્ષા આપી. રજપૂતો અને વૈશ્યોને એમણે યજ્ઞોપવીત આપી ગાયત્રી મંત્રની દીક્ષા આપી એ વખતના સનાતનીઓમાં ખળભળાટ મચાવી મૂક્યો. કાનપુરથી કાશી આવી ત્યાંથી કલકત્તા આવ્યા અને ત્યાં પ્રવચનો કર્યાં. દેવેન્દ્રનાથ ટાગોર અને કેશવચન્દ્ર સેન જેવા અગ્રગણ્ય નેતાઓ એમને મળવા આવવા લાગ્યા. એમની નીડરતા અને બુદ્ધિપ્રતિભાના પરિચયમાં અંગ્રજો પણ આવ્યા વગર રહ્યા નહીં. ગવર્નર જનરલનો એજન્ટ કર્નલ બ્રુક એમને મળવા આવ્યો. અકડાઇને સામે માથું નમાવવાનું આ સંન્યાસી શીખ્યો જ નહોતો. લોકોએ એમને ખુરશી ખસેડવા કહ્યું, પરંતુ એમણે એને વધારે આગળ ખેંચી. બ્રુક સાથેની વાતચીતે એવી છાપ ઊભી કરી કે બ્રુકે એમના સૂચનો ઉપરી અધિકારી સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. બહારથી કઠણ લાગતા આ મહર્ષિ અંદરથી કરુણાના સાગર હતા. એમને વિષ આપવાનો પ્રયાસ કરનાર એક બ્રાહ્મણ પકડાયો ત્યારે એને ક્ષમા આપનાર આ નરરત્ન તરફ માથું સહજ જ નમી જાય. એમના આ પ્રવાસ દરમ્યાન સ્વામીજીએ ઘણીવાર નવ નવ કલાક સુધી શાસ્ત્રાર્થ કર્યો અને પ્રતિપક્ષને આંજ્યા. આવતા પ્રલોભનોને લાત મારી એમણે પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું. આ કાર્યના પ્રથમ પ્રવાસ દરમ્યાન મહર્ષિ દયાનંદના જીવનમાં બનેલા પ્રસંગોએ એટલું તો સાબિત કરી આપ્યું કે તેઓ એક વીર સેનાપતિ, કટ્ટર સુધારક, સુદૃઢ ધર્મસંસ્થાપક હતા, એટલું જ નહીં પણ તેઓ જ્ઞાન, વિદ્વત્તા, શૌર્ય, બ્રહ્મચર્ય, કરુણા અને ક્ષમાની મૂર્તિસમા એક આદર્શ મહાપુરુષ હતા.

આર્ય સમાજની સ્થાપના :-

વૈદિક સંસ્કૃતિનો ઝંડો હાથમાં લઇ ખડતલ શરીર અને સુદૃઢ મનના એ મહાત્મા ઉત્તર ભારતમાં બધે ઘૂમી વળ્યા. આ કાળ દરમ્યાન જેમ એમને અનેક લોકો તરફથી સન્માન, આદર અને પ્રેમ મળ્યાં તેમ અનેકો તરફથી અપમાન અને ઘૃણા પણ મળ્યાં. સંપ્રદાયોના વિકૃત સ્વરૂપ પર આક્રમણ કરનાર આ સંન્યાસી તરફ ઘણાની કરડી નજર હોય એ સ્વાભાવિક છે. એમના મૃત્યુ માટે અનેક પેંતરા રચાયા, હુમલાઓ પણ થયા, ઝેર અપાયા, સ્ત્રીઓ મોકલાવાઇ પરંતુ આ બધા પ્રસંગોમાં દરેકને મહર્ષિ દયાનંદમાં રહેલા અસીમ સાહસ, અલૌકિક ધૈર્ય, પરમ નિર્ભયતા અને આશ્ચર્યજનક ક્ષમાનાં જ દર્શન થયાં.

સ્વામીજી જ્યારે પ્રયાગમાં હતા ત્યારે એમને મુંબઇ આવવાનાં અનેક આમંત્રણો મળ્યાં. પ્રયાગથી જબલપુર અને નાસિક થઇ તેઓ ૧૮૭૪ ની ૨૨ મી ઓકટોમ્બરે મુંબઇ આવ્યા. અહીં એમનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો. એમની નિષ્પક્ષપાતી વૃત્તિ અને સ્પષ્ટ વકતવ્યનાં અહીં દર્શન થયાં. એમના અનુયાયીઓનો એવો આગ્રહ હતો કે વલ્લભપંથના પુષ્ટિમાર્ગનું જ ખંડન મહર્ષિ કરે, બીજા સંપ્રદાયો વિષે મૌન સેવે, એ કેમ બને ? દયાનંદે સ્પષ્ટ શબ્દોમાં આ વાત નકારી કાઢી. એમણે 'સત્યાર્થ પ્રકાશ' નામનો ગ્રંથ છાપવા આપ્યો અને મુંબઇના એમના શુભેચ્છકોની ઇચ્છા પર પૂર્ણ વિચાર કરી મહર્ષિ દયાનંદે 'આર્ય સમાજ'ની સ્થાપના કરી.

પ્રથમ માન મુંબઇને :-

સંવત ૧૯૩૨ના ચૈત્ર સુદ પાંચમે મુંબઇના ગિરગામ (હાલ વી. પી. રોડ, કાકડવાડી)માં સૌ પહેલાં આર્ય સમાજની સ્થાપના મહર્ષિની હાજરીમાં થઇ. તેના નિયમો અને બંધારણ નક્કી થયાં. આમ વૈદિકધર્મ પ્રચાર, સમાજસુધારો, જનજાગૃતિ, લોકસેવા, આર્ય સભ્યતા અને આર્યગૌરવ માટે આ મુખ્ય કેંદ્ર સ્થાપવામાં આવ્યું. વડોદરામાં સ્વામીજીએ મુસલમાનોની હાજરીમાં પ્રવચન કર્યું અને શ્રુતિ સંભળાવી. આથી પંડિતો એમના પર નારાજ થયા. મુંબઇમાં આર્ય સમાજને સ્થિરરૂપ આપવા તેઓ પાછા મુંબઇ આવ્યા. અહીં તેમણે 'સંસ્કારવિધિ' અને 'આર્યાભિવિજય' આ બે પુસ્તકો બહાર પાડ્યાં. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેની ઇચ્છાને માન આપી તેઓ પૂના ગયા. પૂનાથી આવ્યા બાદ મુંબઇમાં નવીનચંદ્ર રાય, પ્રતાપચંદ્ર મજુમદાર અને ડો. રામકૃષ્ણ ભાંડારકર જેવા પ્રસિદ્ધ બ્રાહ્મસમાજી વિદ્વાનો સાથે એમનો વાર્તાલાપ થયો. સંવત ૧૯૩૩ માં ફરી ઉત્તર ભારતની યાત્રાએ નીકળી, બાવન વર્ષની ઉંમરે અંગ્રેજી ભાષા શીખવાની શરૂઆત કરી. મુંબઇ ઉપરાંત બીજી જગ્યાઓએ પણ મહર્ષિએ આર્ય સમાજની સ્થાપના કરી. લાહોરમાં જ્યારે આર્યસમાજની સ્થાપના થઇ ત્યારે એના દસ સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા.

દસ સિદ્ધાંતો :-

(૧) સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

(૨) સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર અને નિર્વિકાર ઈશ્વરની ઉપાસના કરવી યોગ્ય છે.

(૩) વેદ સત્યવિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું-ભણાવવું, સાંભળવું-સંભળાવવું એ આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્યગ્રહણ અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

(૫) સર્વ કામ ધર્માનુસાર થવું જોઇએ.

(૬) સંસારનો ઉપકાર કરવો એ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

(૭) સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર વર્તન કરવું જોઇએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

(૯) પોતાની તેમજ સર્વની ઉન્નતિ માટે ઉત્સુક રહેવું જોઇએ.

(૧૦) સમાજના સર્વ હિતકારી નિયમોનું બધાએ પાલન કરવું જોઇએ.

આ સિદ્ધાંતો પર આધારિત આર્ય સમાજના કેન્દ્રો ભારતમાં ઠેરઠેર સ્થપાયા. આખા દેશમાં લગભગ જાગૃતિનો સળવળાટ દેખાવા લાગ્યો. વેદ તરફ લોકોની દૃષ્ટિ પડવા લાગી. રૂઢિગ્રસ્ત અને અશાસ્ત્રીય માન્યતાઓ પરના મહર્ષિના આકરા પ્રહારોથી એ બધી હચમચી ઊઠી. ઉદયપુરમાં એમણે 'પરોપકારિણી સભા' નામની સંસ્થા સ્થાપી. પોતાની પાસે જે કંઇ ધન હતું. પુસ્તકો હતાં, તે ઉપરાંત મુદ્રણાલય પણ આ સંસ્થાને સોંપી દીધું. આ બધું કાર્ય એ સંસ્થાએ ઉપાડી લીધું.

અંતકાળ :-

ભારતમાં ફરી વળી ઠેર ઠેર સન્માન પામતાં પામતાં, મહર્ષિ દયાનંદ જોધપુર આવ્યા. અહીંના રાજા યશવંતસિંહના આગ્રહને માન આપી તેઓ એના મહેલ પર ગયા. રાજાના મહેલમાં એની માનીતી વીરાંગના 'નન્હીજાન' રહેતી હતી. રાજાનો ભોગવિલાસ એ એની દૂઝણી ગાય હતી. સ્વામીજીના પ્રભાવ નીચે આવી રાજા પોતાના ભોગવિલાસ ઓછા કરતો ગયો. નન્હીજાનને આ ખટકવા લાગ્યું. આ સ્વામી એને કાળસ્વરૂપ લાગવા લાગ્યો અને એણે એમને ખલાસ કરવા કાવતરું કર્યું. જગન્નાથ નામના રસોઇયા પાસે એણે દૂધમાં કાળકૂટ ઝેર ભેળવી સંવત ૧૯૩૯ ની ભાદરવા વદ ચૌદશની રાત્રે સ્વામીજી ઝેર પી જાય એવી વ્યવસ્થા કરી. ઝેર પીધા પછી સ્વામીજીને બેસુમાર ઊલટીઓ થવા લાગી અને આખા શરીરમાં અપાર બળતરા ઊઠી. દૂધ પીવાથી આ બધું થયું એમ સમજતાં મહર્ષિને વાર ન લાગી. એમણે જગન્નાથને બોલાવ્યો. આવી પ્રતિભા સામે ખોટું કહેવાની જગન્નાથની હામ નહોતી. એણે સાચી હકીકત જણાવી દીધી. મૃત્યુથી જરા પણ ન ડરનાર એ મહાત્માનો કંઠ ભરાઇ ગયો. એમણે એને કહ્યું, 'જગન્નાથ, તારા આ કામથી મારું કાર્ય અધૂરું રહી ગયું. તને ખબર નથી કે આથી લોક હિતને કેવી હાનિ થઇ છે ? ખેર ! વિધાતાનું વિધાન જ એવું હશે. તારો એમાં શો દોષ !' સંતપુરુષોનું રુદન પણ દિવ્ય હોય, એમની ચિંતા પણ વૈશ્વિક હોય. ક્ષુદ્ર સ્વાર્થ માટે તો બધા જ રડે છે પરંતુ આવા રુદન ક્યારેક જ જોવા મળે. વૈદિક સંસ્કૃતિનું કામ એમના જવાથી અટકી જશે આ લાગણી છતાં તેમનામાં ઇશ્વર પરનો વિશ્વાસ અને હૃદયમાં મારનાર પ્રત્યે પણ કરુણા હતી. પોતાની પાસેથી પૈસા આપી એને ભગાડી મૂક્યો અને અભયવચન આપ્યું.

જોધપુરથી મહર્ષિ આબુ ગયા, અનેક ઉપચારો કર્યા, પરંતુ શરીરનું એ દહન ગયું નહીં, એમને શાંતિ મળી નહીં, કોઇ ઉપચાર ફાવ્યા નહીં, પ્રશંસકોના આગ્રહથી ભક્ત લક્ષ્મણદાસના ઉપચારો લેવા આબુથી અજમેર આવ્યા. આસો મહિનો ચાલતો હતો, દિવાળી પાસે આવતી હતી. પરંતુ બધાની ચિત્તદશા વ્યથિત હતી. સ્વામીજીની તબિયત દિવસે દિવસે વધુ ને વધુ બગડતી જતી હતી. ચૌદશને દિવસે એમના શરીર પર છાલાં પડી ગયાં, જીવ ગભરાવા લાગ્યો, ગળું બેસી ગયું, આખા શરીરે આગ થઇ ગઇ, શરીર અશાંત હતું, પરંતુ મન શાંત હતું. મંગળવાર અને અમાસ આવ્યા. દિવાળીનો દિવસ હતો. સ્વામીજીની તબિયત એકદમ ખરાબ હતી પણ ચહેરા પર ધૈર્ય હતું. એમને તે દિવસે તપાસનાર ડો. ન્યૂટનના શબ્દોમાં કહીએ તો, 'અરે, આ પુરુષની નસેનસમાં ઝેર પ્રસરી ગયું છે. છતાં એમનું ચિત્ત અદ્‌ભુત રીતે પ્રશાંત છે. આ પુરુષ મહાન, સાહસિક અને સહનશીલ છે.' તે દિવસની સાંજે સ્વામીજીએ ઓરડાના બારણા તથા બારી ખોલાવી કાઢી, બધાની ઇચ્છાનુસાર ભોજન બનાવવા કહ્યું. તિથિ, પક્ષ અને સમય પૂછી લીધો. સ્વામીજીએ

ખંડમાં પોતાની પ્રેમદ્રષ્ટિ ફેરવી અને ગંભીર ધ્વનિથી વેદપાઠ આરંભ્યો. જીવનભર જેની સેવા કરી એ અંતકાળે યાદ આવે એ સ્વાભાવિક છે. જાણે એમનો આત્મા સકળ સામર્થ્ય અને મધુરતાથી સુંદર અને કલ્યાણકારી સત્યગાન કરવા લાગ્યો. એક નાસ્તિક પંડિત ગુરુદત્તે, સ્વામીજીની આ અંતિમ ઘડીની શાંતિ જોઇ વિચારમાં પડી ગયા. તેમનો હૃદયપલટો થઇ ગયો. વેદગાન પછી સ્વામીજીએ સંસ્કૃતમાં પરમાત્મ સ્તુતિ કરી. હિંદીમાં પ્રાર્થના કરી અને ગાયત્રીનો જપ કરતાં રહ્યાં. નિશ્ચલરૂપે સમાધિ અવસ્થા ધારણ કરી જાણે યોગ્ય સમયની રાહ જોવા લાગ્યા. છ વાગ્યાનો સમય થયો ત્યારે એમણે પ્રાર્થના કરી, ' હે સર્વ શકિતમાન ઇશ્વર ! તારી એ જ ઇચ્છા છે.' મહર્ષિ પોતાના પ્રાણને બ્રહ્માંડમાં ચડાવતા હોય એમ લાગ્યું અને થોડીવાર પછી પ્રણવનાદ સાથે એ મહાન આત્મા, દયાનંદ નામધારી શરીરને છોડી અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો, વૈદિક સંસ્કૃતિનો એક સિંહ હંમેશને માટે શાંત થઇ ગયો. ભારતભરમાં શોકની છાયા વ્યાપી ગઇ. અનેક પ્રશંસકોની આંખો અશ્રુભીની થઇ, શોકનું વાતાવરણ ફેલાઇ ગયું. જે જે મહર્ષિ દયાનંદના થોડા ઘણા પરિચયમાં આવ્યા હતા તે બધા જ લોકોનું અંતઃકરણ ભાવભીનું થયા વિના રહ્યું નહીં હોય. એ નશ્વર દેહની અંતિમવિધિ વેદઘોષ સાથે થઇ. આમ એક તેજસ્વી જીવન પૂર્ણ થયું. ૫૯ વર્ષમાં એની જીવનલીલા સંકેલાઇ ગઇ. પરંતુ, એની સુગંધ વૈદિક સંસ્કૃતિના ચાહકોના હૃદયમાં ચિરકાળ સુધી સ્થિર રહેશે.

સાચા સેવકો પારસમણી છે.

વૃક્ષ ન ખાયે ફળ નદી ન સંચે નીર
પરમારથ કે કારણે સાધુ ધરે શરીર

પરમ પુજ્ય મહારાજશ્રી ગુરૂકુળ નિર્માણ અર્થે મુંબઇ ફરી આવ્યા બાદ એક વખત મંઝલ પધાર્યા ત્યાંથી સાધ્વી મૈયાજીની સાથે ગુરૂકુળ અંગેની ચર્ચા કરી અને કહ્યું, 'મૈયાજી આજે હું તમારા દ્વારે ભીક્ષુક બનીને આવ્યો છું. તમને મારી ઝોળીમાં જે નાખવાનું હોય તે નાખો અને પછી કહ્યું,

બાવેંજી ઝોલી ગામ તે ભારી

એ સમયે મૈયાજીનાં આશ્રમમાં ખાદીકામ, સીવણકામ તથા અન્ય નાના મોટા ગૃહ ઉદ્યોગ કરીને બચાવી રાખેલી પંદર હજાર કોરીઓ મૈયાજીએ મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કરીને કહ્યું કે મહારાજશ્રી આ અમારા આશ્રમની મિલકત છે પણ એને મિલકત નહિં સમજતા પ્રભુનો પ્રસાદ સમજીને આપ એનો સ્વીકાર કરો.

મૈયાજીની સમર્પણ ભકિત જોઇને મહારાજશ્રીની આંખમાં આંસુ આવી ગયા અને કહ્યું, 'મૈયાજી મને આટલી મોટી રકમ ન જોઇએ. આશ્રમની મિલકતને આશ્રમમાં જ રહેવા દયો. હું એમાંથી પ્રસાદ રૂપે માત્ર ૧૦૦૦ કોરીઓ લઇશ. હું તમારી પાસે ફંડ ઉગરાવવા નથી આવ્યો પણ ગુરૂકુળના આયોજન સમજાવવા આવ્યો છું. મારી પાસે પ્રભુની કૃપાથી ઘણા સેવકો તથા દાતાઓ છે. જે મને કોઇપણ પ્રકારની અડચણ આવવા દેતા જ નથી. મારા સેવકોએ માત્ર સેવકો નહિં પણ સાચા ''પારસમણી'' છે.

સ્વામી બ્રહ્માનંદજી કહે છે કે...

પારસમણી જીનકે ઘર અંદર સો. ધન સંચ કરે ન કરે.
નારાયણ જીનકે હી રૂદયમેં સો. કછુ કર્મ કરે ન કરે.

ધીરે ધીરે ગામડે ગામડે ગુરૂકુલની ચર્ચાઓ વેગ પકડતી ગઇ તેમ તેમ દાતાઓ મન મૂકીને વરસતા ગયા. જેમાં શ્રી મનજી જયરામ પટેલ, શ્રી વાલજી ભીમજી, શ્રી રાવબહાદુરજી રાજા, શ્રી જગમલજી રાજા, શ્રી હિરજી વિશ્રામ. હાજાપરવાળા શ્રી નાનજી ગોવીંદ હાજાપરવાળા તથા રેહા અને કુકમાના મિસ્ત્રી સમાજે ધાર્યા કરતાં વધારે દાન આપ્યું હતું. અને પછી તો એક દીપમાંથી બીજો દીપ અને બીજા માંથી ત્રીજો એમ કરતાં કરતાં અનેક દીપ પ્રજ્વલીત થતા ગયા. ધીરે ધીરે મહારાજશ્રીની ઝોળી ભરાવા લાગી તેમ તેમ આયોજકો તથા દાતાઓમાં ઉત્સાહ તથા ઉમંગો વધવા લાગ્યા એટલું જ નહિં ચારે તરફ ફૂલની સુગંધ જેમ વહેવા લાગે એમ વહેતી થઇ અને પછી તો સહયોગ આપવામાં બાકી રહેજ કોણ ? સવંત ઓગણીસો બાણુ વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા) ના શુભ મૂહુર્તે ગુરૂકુલની પાયાવિધિ (ખાત મૂહર્ત) થઇ અને ગુરૂકુલ નિર્માણનો પ્રારંભ થયો. કવિ કહે છે કે,

જગતમાં જન્મી કરી કહો, તેમ શું શું કર્યું.

પાપ અને પુણ્યનું કહો, કેટલું તમેં ભાથું ભર્યું.
જવાબ પડશે આપવો, ત્યારે કાંટાની માફક ખૂંચશે.
યાદ રાખો એજ સવાલો, પ્રભુ તમોને પુછશે.

ઈશ્વરરામ ગુરૂકુળ માટે મહારાજશ્રીને પ્રથમ સુચન કરનારા તથા સુપા ગુરૂકુળ બતાવવા માટે તેડી જનારા ભાઈશ્રી માંડણભાઈ અચાનક બિમાર પડયા. મહારાજશ્રીના દર્શન કરવા માટે મુંબઈથી વાંઢાય આવવું તો હતું પણ બિમારીના કારણે આવી શકાય એવી સ્થિતિમાં ન હતા.

એટલે મહારાજશ્રીને તાર કરીને જણાવ્યું કે મારી તબિયત સારી રહેતી નથી અને મારો દેહ શાંત થાય એથી પહેલા મારે આપના દર્શન કરવા હતા. પણ હું કરી શકીશ નહિ. કારણ કે હું બહુ બિમાર છું માટે આપ મને વળતી તાર દ્વારા આશીર્વાદ લખીને મોકલજો. લી. માંડણભાઈ.

મહારાજશ્રીને તાર દ્વારા આશીર્વાદ મોકલતી વખતે એ વાત ભુલાઈ ગઈ કે માંડણભાઈએ સુખરૂપ શરીર શાંત થાય એટલા માટે આશીર્વાદ મંગાવ્યા છે. જેવો આશીર્વાદરૂપી તાર માંડણ ભાઈએ વાંચ્યો તે સાથે જ એમનો શરીર શાંત થઈ ગયો. આશીર્વાદ લઈને પોતાનો દેહ ત્યાગ કરવો. એના કરતાં ગુરુ-શિષ્યનાં ઉચ્ચ સંબંધો બીજા કયા હોઈ શકે ?

મહારાજશ્રી ઉધ્ધવદાસજી કહે છે,

રાગ : ભૈરવી

નહીં રહે રાજા રાણા, એક દીન છોડ સબે ચલજાના ...ટેક.
ખેલ મુસાફીર હૈ દો દિનકા, આખિર મૈં મરજાના ...નહીં રહે.
બાજીગર જૈસી સબ રચના, તીનમેં કયા ભરમાના ...નહીં રહે.
આદમ તેરા નામ મુસાફીર, કયા કરના અભિમાના ...નહીં રહે.
જુઠા હૈ જંજાલ મુસાફીર, સુમર પ્રભુ કો શ્યાના ...નહીં રહે.
દાસ ''ઉધ્ધવ'' કહે મીલના કઠીન હૈ ઐસા ઉત્તમ ટાના ...નહીં રહે.

મહારાજશ્રી કહે છે કે, રાજા હોય કે મહારાજા સૌને એક દિવસ આ જગતને છડી જવું પડશે. મહારાજશ્રી કહે છે. માણસનું સાચું નામ મુસાફીર છે. જેનું કોઈ નિશ્ચિત સ્થાન નથી હોતું. માટે ઈશ્વરનું ભજન કરશો તો મળેલો મનુષ્ય જન્મ સાર્થક થશે.

પ્રથમ ગ્રાસે મક્ષીકા

અંશપ્રજ્ઞાત સમાધીમાં બેસવાથી પહેલા મહારાજશ્રીને થોડા દિવસ માટે આશ્રમની જવાબદારીમાંથી મુકત થવાની ઈચ્છા થઈ. તે સમયે હમલાપુરીમાં મહંત તરીકે શ્રી મંગલરામજી હતા. એમની આગળ પોતાની ઈચ્છા વ્યકત કરી. વિચારણા પછી, વચલો રસ્તો મંગલરામજીએ કાઢયો. સાધુ જાનકીદાસને ઉપમહંતપદે નિમવામાં આવ્યા અને 'ચદર વિધિ' થઈ.

વિધિની ગતિ અકળ છે. જાનકીદાસની ઉપમહંત પદે વરણી કરવામાં આવી પણ આ સાધુના શરીરે વ્યસનોની વણઝાર લાગી હતી તે છૂટતી ન હતી. ચા, બીડી જેવા અનેક વ્યસનો તેમને હતા. આ વ્યસનોને છોડી દેવા ઓધવરામજી જાનકીદાસને અનેક વખત કહ્યું હતું પણ સાધુ જાનકીદાસ તો માથાનો હતો એટલે માનતો જ ન હતો. મહારાજશ્રી આખરે કંટાળ્યા અને ઉપમહંત સાધુ જાનકીદાસને તે પદેથી રજા આપી દીધી તેમજ તે જવાબદારી સાધુ વિઠ્ઠલદાસને સોંપવામાં આવી હતી. જેનો બદલો લેવા માટે જાનકીદાસે વળતો પ્રહાર કર્યો. જાનકીદાસને એટલી ખબર ન પડી કે સંતો અનેક પ્રકારના પ્રહારો જીલવાની ક્ષમતા ધરાવતા હોય છે. જાનકીદાસનું બાહરિક જીવન સાધુનું હતું પણ એનાં ભીતરમાં શયતાન રમી રહ્યો હતો. એના અનુસંધાનમાં કબીર સાહેબ કહે છે કે,

ગુરૂ કહે પુરબ કો ચેલા પશ્ચિમ જાય
કહત કબીર યહ અચંબા કભી ન દેખા જાય.

જાનકીદાસ સતત ઢોંગ અને દંભમાં રચ્યો પચ્યો રહેતો હતો. સુભાષિતકાર કહે છે,

મધુતિષ્ટતિ જીવાગ્રે હ્રદયે તું હલાહલમ

જેના મોઢામાં વાત કરતી વખતે મધ જેવી મીઠી લાળ ટપકતી હોય એના પેટમાં હળાહળ ઝહેર હોવું સંભવિત છે. માટે અતિ મીઠા બોલા માણસથી ચેતતા રહેવામાં બહુ લાભ સમાયેલો હોય છે.

સંત તુલસીદાસજી કહે છે,

મન મેલા તન ઉજળા બગલા કપટી રંગ
તુજસેં તો કૌઆ ભલા તન, મન દો એક રંગ

તુલસીદાસજી કાગડાના વખાણ નથી કરતા પણ બગલાને ઉદ્દેશીને કહે છે કે, બગલા તારા કરતા તો કાગડો લાખ ગણો સારો છે. કારણ કે એ જેવો અંદર છે. તેવો જ બહાર છે. અને તું ? બહાર એક ને અંદર બીજો છે.

કાગડાના ગુણધર્મ વર્ણવતા કવિ કહે છે કે,

ખુલો ઠાં દસી પાણીઅજો કાંગડો ભને કુકુર
આમું છડેને વે વિષ્ટાતે ઇ...પણ... હકડો "ડર"

આગળ જતાં કવિ કહે છે,

કાગડાને કંકોત્રી કોણ લખે છે ?
જ્યાં સમજાય સ્વાર્થ જઇને એમાં ભળે છે.

એક સરોવરની પાળે શ્વેતરંગી બે સુંદર પક્ષીઓ બેઠા હતા. શહેરમાંથી આવેલી સખી ગામડાની સખીને પુછે છે કે, આ બે શ્વેતરંગી પક્ષીઓ કોણ છે ? ગામડાની સખીએ કહ્યું કે, એમાં એક હંસલો છે. બીજો બગલો છે. શહેરની સખીએ પુછ્યું કે બંને એક સરખા લાગતા પક્ષીઓમાં કોણ છે હંસલો ? અને કોણ છે બગલો ? ત્યારે ગામડાની સખી કહે છે.

હંસો શ્વેત બકો શ્વેત કો ભેદ હંસ બકયો.
નીર ક્ષીર વિભાજેન હંસો હંસ બકો બક.

ગામડાની સખી કહે છે કે હંસલાને બગલાને ઓળખવા માટે એમની સામે એક વાટકામાં દુધ અને બીજા વાટકામાં કાદવ ભરી રાખી દયો. દુધમાં જે મોઢુ નાખશે એ હંસલો અને કાદવમાં મોઢું નાખશે એ બગલો. સંતો પોતાની અનુભવ સિધ્ધ વાણીમાં કહે છે કે...

હંસલો ને બગલો બેઉ રંગે રૂપે એક છે.
હંસલો એના આહાર થકી ઓળખાય.
આત્માને ઓળખ્યા વિના રે ભવના ફેરા ના મટે.

સારા કામમાં સો વિઘ્ન

જે સમયે ગુરૂકુળનું નિર્માણ કાર્ય ચાલુ હતો એ સમયે મહારાજશ્રી ઉપર વેરભાવ રાખીને ભદભૃષ્ટ જાનકીદાસે બદલો લેવા અર્થે બાંધકામમાં રૂકાવટ પેદા કરવા માટે સરકારશ્રી (ભુજ)ને એક અરજી કરી જેમાં લખ્યું હતું કે, મહારાજશ્રી ઓધવરામજી ઇશ્વર આશ્રમની મિલકતને ગુરૂકુળમાં વાપરીને એનો દુરુપયોગ કરી રહ્યા છે. જે દુરુપયોગ થતો બંધ થવો જોઇએ એવી મારી નમ્ર વિનંતી. લી. જાનકીદાસના હરિહર.

જાનકીદાસની અરજીને ધ્યાનમાં લઇને સરકારશ્રીના આદેશ પ્રમાણે સ્થાનિક તપાસ કર્યા પછી યોગ્ય લાગે તો વાંઢાય આશ્રમની મિલકતને સીલ લગાડી દેવા માટે સરકારે વર્તમાન તજવિજદાર શ્રી લાલજીભાઇને વાંઢાય મોકલ્યા. વાંઢાયમાં આવ્યા પછી શ્રી લાલજીભાઇ મહારાજશ્રીને મળ્યા અને બની ગયેલી હકીકતથી પરિચીત થયા.

જે ભાવતું હતું એજ વૈદ્યે બતાવ્યું

શ્રી લાલજીભાઇના મુખેથી આશ્રમને શીલ કરવાની બાબત જાણીને મહારાજશ્રી બહુ ખુશ થયા અને કહ્યું કે ઘણા દિવસોથી હું નિવૃત્તિની પળો શોધું છું. પણ નિવૃત્તિ મારા ભાગ્યમાં નથી એવું લાગતું હતું પણ આજે મને આ ઝંઝાળમાંથી મુકત કરવા માટે ઇશ્વરે જ તમને મોકલ્યા છે.એવું હું સમજુ છું. માટે તમારૂં તથા તમારા હજુરનું અને જાનકીદાસનું ભગવાન ખૂબ ભલું કરે. તમેં અહીં આવીને ઝંઝાળ માંથી મુકત થવાના મને માર્ગો ખોલી આપ્યા તે બદલ

આપ સૌનો ખુબ ખુબ આભાર. બસ હવે તો ''કરતલ ભીક્ષા તરૂતલ વાસ''કોઇ એક ઝાળ નીચે બેસીને એક હાથમાં રામસાગર અને બીજા હાથમાં કરતાલા લઇને પ્રભુ ભજન કરતાં રહેશું. હવે તો તમેં જાણો ને તમારૂં આશ્રમ જાણે અમેં તો સાધુ છીએ અને સાધુ તો ચલતા ભલા

અને પછી તો સરકારી કાર્યવાહી આગળ ચાલી હીસાબની તપાસણી થઇ પણ હિસાબ બધું કાયદેસર લખેલું હતું. એમાં લાલજીભાઇને કોઇપણ ગોટાળા દેખાયા નહીં. ધીરે ધીરે લાલજીભાઇની સામે સત્ય તરી આવ્યું કે, આ બધું જાનકીદાસની વેરવૃત્તિનાં કારણે થયું છે. બસ પછી તો ફરિયાદ પાછી ખેંચીને તજવીજદાર તથા સઘળો અધિકારી વર્ગ મહારાજશ્રીની માફી માંગીને આશ્રમને સીલ કર્યા વગર પાછો ગયો.

ઘણા માણસો પોતાના જીવનમાં વિઘ્નો ઉભા કરે છે. ઘણા માણસો બીજાના જીવનમાં વિઘ્નો ઉભા કરે છે અને ત્રીજા માણસો એવા છે કે પોતાના અને અન્યોના જીવનમાં વિઘ્નો આવવા જ નથી દેતા.

ભગવાન સત્યની કસોટી કરે છે. પણ સત્યથી પર થવા દેતાં નથી.

અનેક પ્રકારની કસોટીઓનો સામનો કરતાં કરતાં આખરે ગુરૂકુળ નિમાર્ણનો કાર્ય પુર્ણ થયું અને જે દિવસની રાહ જોવાતી હતી એ દિવસ નજીક આવ્યો. સંવત ૧૯૯૩ મહાસુદ પ (વસંત પંચમી)ના શુભ દિવસે કચ્છ રાજ્યના નાયબ દીવાન શ. રા. જદુરામ પુરૂષોત્તમ ભટ ના કર કમળો દ્વારા શ્રી ઇશ્વરરામ ગુરૂકુળની લોકાર્પણ વિધિ સંપન્ન થઇ. ત્યાર પછી ગુરૂકુળનો પેટા-વિભાગ અંધશાળાનું ઉદ્ઘાટન કચ્છ રાજ્યના ચીફ મેડીકલ ઓફીસર રા. રા. બુધ્ધભટી દ્વારા કરવામાં આવ્યું. ઉદ્ઘાટન થયાનાં એક વરસની અંદર વિદ્યાર્થીઓ માટે ગાદલા-ગોદડા તથા જોઇતા વાસણોનો ખડકલો થઇ ગયો. એ સમયે ગુરૂકુળના પેટા વિભાગો જેવા કે અંધશાળા, ગૌશાળા, ભોજનશાળા, પ્રાથમિકશાળા વ્યાયામશાળા, વણાટશાળા સૌ મળીને ચારલાખ કોરીઓનો ખર્ચ થયો હતો. તદ્પશ્ચાત સંવત ૧૯૯૪ મહા સુદ પ (વસંત પંચમી)ના ગુરૂકુળના વાર્ષિક ઉત્સવ પ્રસંગે ઇશ્વરરામ વિદ્યાલય બાંધવા માટે રૂપિયા (તેર હજાર) ૧૩૦૦૦ નો સહયોગ એકત્ર થયો હતો. એ દિવસે સમગ્ર કચ્છ માંથી હજારોના હિસાબે જન-સમુદાય એકત્ર થયો હતો.

શનૈ કંથા શનૈ પંથા શનૈ પર્વત મસ્તકે શનૈ વિદ્યા શનૈ વિતંમ પશ્ચાનતૈ શનૈ શનૈ

શાસ્ત્રો કહે છે કે પાંચ વસ્તુઓને પ્રાપ્ત કરવા માટે થોડી ધીરજ ધરવી પડે છે. કંથા એટલે ગોદડી. જેને સીવવા માટે ઘણા દિવસો લાગે છે. ત્યાર બાદ પંથા પંથા એટલે પંથ કાપવો. બહુ દુર અગર જો પગપાળા જવું હોય તો દોડીને જવાય નહિં. ત્યારબાદ પર્વત મસ્તકે પર્વતારોહણ કરવા માટે પણ બહુ ધીરજની જરૂર પડે છે. દોડીને પર્વત ચડાય નહિં. ત્યારબાદ વિદ્યા આવે છે. વિદ્યા પ્રાપ્ત કરવા માટે ઉતાવળ કરાય નહિં અને ત્યાર બાદ આવે છે વિતમ્ ધન કમાવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ પણ આંખો બંધ કરીને દોડવું જોઇએ નહિં. ધીરે ધીરે આવેલો ધન સાત પેઢીઓથી પણ ખુટશે નહિં. તથા પરિવારના સદ્સ્યો કોઇ ખોટા માર્ગે જશે નહિ. ખોટો ધન કમાવવાળા ખોટા માર્ગે જાય છે.

ઋતુએ આવે મોગરા ઋતુએ આવે ફુલ
ઋતુ વિનાની માંગણી આખરે ધુળમાં ધુળ

સમયથી પહેલાં અને ભાગ્યથી અધિક કોઇને કંઇ મળ્યું નથી અને મળશે નહિં. એ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને વસ્તુપ્રાપ્તિ માટે અવિરત પ્રયત્નશીલ રહેવું જોઇએ. આખરે તો મંઝીલ સૌ-સૌની મુઠ્ઠીમાં (હાથમાં) જ છે.

કરાગ્રે વસતે લક્ષ્મી : કરમૂલે સરસ્વતી
કર મધ્યે તું ગોવિંદ : પ્રભાતે કર દર્શનમ્

શાસ્ત્રકારો કહે છે કે લક્ષ્મી-સરસ્વતી તથા ઇશ્વર એને પ્રાપ્ત કરવું એ સૌ તારા હાથની જ વાત છે.

મહારાજશ્રી પોતાનો સંપૂર્ણ સમય ગુરૂકુળમાં જ આપતા અને કહેતા કે ગુરૂકુળની દેખરેખનું કામ એ જ સાધના છે. મહારાજશ્રીના વડપણ હેઠળ ગુરૂકુળ ખુબ ફાલ્યું ફુલ્યું અને કામનો બોજો દિન પ્રતિદિન વધતો ગયો. મહારાજશ્રી કામમાં અત્યંત વ્યસ્ત હોવા છતાંય કયારે ને કયારે નિરાંતની પળો શોધી લેતા હતા. સાંજના સમયે ઇશ્વર સાગરની પ્રદક્ષિણા કરતી વખતે એક વખત ગુરૂકુલને જોઇ લેતા અને પછી તપોભૂમિ (પર્ણકુટીર)માં જઇને ધ્યાનસ્ત

 થઇ જતાં મહારાજશ્રીની અંતરયામીની ખોજ એજ પ્રમુખ લક્ષ હતું. હવે તે સાધક ન રહેતા સિધ્ધ અવસ્થાન પ્રાપ્ત થયા હતા. મહારાજશ્રી સત્સંગમાં કહેતા કે, **મનની અંદર જ્યારે વણ ઉકેલ્યા સવાલો પેદા થાય ત્યારે ચિંતન અને મનન કરવાથી અંદરથી આપોઆપ જવાબો મળે છે. જેને શાસ્ત્રોની ભાષામાં આત્મસ્ફુરણા કહેવાય છે.**

રાગ : ભીમીલાસ

મનવા ભજન બીના ન ઉધ્ધાર મનવા ભજન બીના ન ઉધ્ધાર.
તન, મન, ધન કુરબાન કરીને રાજી કર કીરતાર ...મનવા.
જન્મ મરણનું કષ્ટ નીવારે શ્રી હરિ સરજનહાર ...મનવા.
દુઃખ આવે ત્યારે એ ઉગારે ભવ સંકટ હરનાર ...મનવા.
દાસ 'ઓધવ' કહે રામ ભજી લે જીવન તારૂં સુધાર ...મનવા.

ઈશ્વરના ત્રણ રૂપો બ્રહ્માં વિષ્ણુ મહેશ

આપણાં શાસ્ત્રકારોએ ભગવાનને ત્રણ સ્વરૂપોથી ઓળખ્યા છે જેમાં

૧ = બ્રહ્મા = સર્જક = ઉત્પતિ = જન્મ
૨ = વિષ્ણુ = પોષક = સ્થિતી = જીવન
૩ = મહેશ = સંહારક = લય = મૃત્યુ

એક જ ભગવાન ત્રણ ભૂમિકા દ્વારા જગતનું સંચાલન કરે છે. બ્રહ્મા રૂપે જગતનું સર્જન કરે છે. વિષ્ણુ સ્વરૂપે જગતને પોષે છે અને શીવરૂપે જગતનો સંહાર કરે છે. મૃત્યુ એ જગતના સંચાલનનો એક ભાગ છે. સમજો કે, જગતમાં માણસો માત્ર અવતરતા જ હોય અને વિદાય ન લે તો જગતની શી દશા થાય ? અમારા શાસ્ત્રકારોની દ્રષ્ટિએ મૃત્યુએ જન્મ કરતાંય સારો એક માંગલિક પ્રસંગ છે. કોઇ એક માણસ સારા કામ માટે બહારગામ જતો હોય અને એને સામે જો કોઇ ઠાંઠડી મળે તો એને સારા સુકન માનવામાં આવે છે. કારણ કે મૃત્યુની ક્રિયા એ ઇશ્વરની ક્રિયા છે અને ઇશ્વરની કોઇપણ પ્રકારની ક્રિયા અમંગલ ન હોય સ્વામી બ્રહ્માનંદ મૃત્યુ તરફ જોવાની એક દ્રષ્ટિ આપે છે.

યે નશ્વર તન સ્થિર નાંહી ક્યા શોક કરે મનમાંહી
બ્રહ્માનંદ હૈ રૂપ તુમારા સુન અર્જુન વચન હમારા

ભગવાનનું પહેલું અને મુખ્ય કામ સર્જનનું છે. સર્જન એટલે ઘડવૈયો અને ઘડવૈયો એટલે સંસ્થાપક. બ્રહ્માના સ્વરૂપે ભગવાને આ જગતરૂપી સંસ્થાનું નિર્માણ કર્યું છે. વિષ્ણુ સ્વરૂપે ભગવાન જગતનું જીવન ચલાવે છે અને શીવ રૂપે આ જગતરૂપી સંસ્થાને પોતાના સ્વરૂપમાં વિલીન કરે છે. છતાં પણ ઉપરોક્ત ત્રણે ભૂમિકામાં ભગવાન પોતાની ભૂમિકા સંસ્થાપકની છે. જેને બીજ (બી) માં વૃક્ષ દેખાય એનું નામ સંચાલક. કોઇપણ સામાજીક અથવા તો ધાર્મિક કાર્યોનું એકત્રીકરણ કરવું એનું નામ સંસ્થા અને એ સંસ્થાને નીતિ અને નિયમના કાયદાકીય ઢાંચામાં નાખી દે એનું નામ સંસ્થાપક. ગીતામાં ભગવાને સંસ્થાપક વિષયને વધુ મહત્ત્વ આપ્યું છે. ગીતાના ૧૮ માં અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે,

ધર્મસંસ્થાપનાર્થાય સંભવામી યુગે યુગે

ભગવાનના હજારો ગુણવાચક નામ છે. તેમાં એક નામ સંસ્થાપક પણ છે. સંસ્થા બનાવ્યા પછી એને ચલાવવા માટે એક નહિં પણ અનેક મળી શકે છે. પણ જે સંસ્થાનું નિર્માણ કરે તે અનેકમાંથી એક હોય છે. સંસ્થાનું નિર્માણ કર્યાથી પહેલા અને પછી સંસ્થાપક પાસે દીર્ઘ દ્દષ્ટિ અને બહુ ઊંડી સોચ હોવી જોઇએ. નહી તો વારંવારે એમાં અડચણો પેદા થતી હોય છે અને એનો મુકાબલો કરવા માટે સંસ્થાપકને વધુ એનર્જી ખર્ચ કરવી પડે છે. જેના લીધે સંસ્થાપકની મનસ્થિતિ દિશા શુન્ય બની જાય છે. જે ન બનવી જોઇએ અને જો મનસ્થિતિ દિશા શુન્ય બને તો સંસ્થા પરિણામ શુન્ય થઇ જાય છે. કોઇપણ સંસ્થા પરિણામલક્ષી હોવી જોઇએ. પરિણામ શુન્ય નહીં. !!!

મહારાજશ્રી ઓધવરામજીએ વાંઢાય સ્થિત ઇશ્વર આશ્રમમાં ગુરૂકુલ દ્વારા નેત્રહીન (સુરદાસ) વ્યકિતઓને ભિન્ન ભિન્ન કલા નિપુણ કર્યા પણ હવે એ કલા પારંગત વિદ્યાર્થીઓની આજીવિકાનું શું ? અને એ કલાનો ઉપયોગ

કરવો તો કરવો ક્યાં ? રાત-દિવસ મહેનત કર્યા પછી એ કલાકારને ક્ષેત્ર ન મળે તો એ વિદ્યાર્થીઓ મનથી હારી જશે અને પછી થાકી જશે. એ હારે નહીં અને થાકે નહીં. એના માટે મહારાજશ્રીએ તત્કાલીન ભુજના મહારાજાને પત્ર દ્વારા અને પછી રૂબરૂ દરખાસ્ત મુકી અને કહ્યું કે અમારા ગુરૂકુળમાંથી કલા પારંગત થયેલા વિદ્યાર્થીઓની આજીવિકાની જવાબદારી તમારી થાય છે. તમારા ડાયરામાં આવતી તમામ સ્કૂલો અને સંસ્થાઓમાં એમની નિમંણુક કરવી એ તમારી ફરજમાં આવે છે. મહારાજશ્રી ઓધવરામજીની તમામ શરતો ભુજના રાજાએ માન્ય રાખી. એનું નામ સંસ્થાપક.

સંસ્થાપક પ્રત્યેક સમાજલક્ષી કાર્યમાં પાયાનો પથ્થર બનીને રહે છે. પણ યશ-માન-પ્રતિષ્ટા તથા સન્માન લેવાનો સમય આવે ત્યારે તે ત્યાં નથી રહેતો. એને કહેવાય નિષ્કામ કર્મયોગી સંસ્થાપક.

સર્વારંભ પરિત્યાગી

ભકત કવિ નરસિંહ મહેતા કહે છે કે, " હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા " સંસ્થાપકના જીવનમાં હું પદના વિચારો ન આવવા જોઇએ. હે ભગવાન કાર્ય અને કર્તા બધું તુંજ છે. હું માત્ર સાક્ષીભાવે કામ કરી રહ્યો છું.

આશ્રમને તાળું (સીલ) મારવા આવેલા અધિકારીઓને મહારાજશ્રીએ કહ્યું કે, અમારું કામ અગર ઇશ્વરને માન્ય નહિં હોય તો આપ જરૂર તાળું મારી શકો છો. પણ અમારા ભજનને આપ તાળું મારી નહિં શકો !!! કારણ કે ભજન ઇશ પ્રેરિત છે.

રાગ : પરજ તાલ દીપચંદી

રહેજે રહેજે સદાનંદમાંય સુબોધ વિચારી રે...
સત્ચિદ આનંદ આદી અંત સ્વરૂપ સંભારી રે...
જીવને ઇશ્વરમાં જે ભેદ માયાથી ભાસે રે...
અસિ પદનો કરતાં વિવેક અધ્વૈત પ્રકાશે રે...
આત્મ જ્યોતી સદા સુખરૂપ અખંડ અનાદી રે...
એને જોતાં મટે ઝંઝાળ વદે વેદ વાદી રે...
અંતર બાહીર સૌમાં એક ઇશ્વરને જાણો રે...
અવિનાશી કરી અપરોક્ષ બ્રહ્માનંદ માણો રે...
જ્ઞાની ગુરૂથી લઇને બૌધ્ધ આપ પણુ ટારો રે...
એમ કહે છે "ઓધવરામ" સ્વરૂપે સુરતી ધારો રે...

કાયા તારી રાખજે રૂડી ગરિબોની એજ છે મુડી

તાના પુત્રને પત્ર લખાવતી વખતે આંધળી મા એ ભાર દઇને લખાવ્યું હતું કે... " કાયા તારી રાખજે રૂડી ગરિબોની એજ છે મુડી " તંદુરસ્તી માણસની મોટામાં મોટી મુડી છે. શરીર એ માણસ નામના પ્રાણીને મળેલો સમય છે. એક સુવિચાર છે કે, સમયને સાચવશો તો સમય તમને સાચવશે. સુખની વ્યાખ્યા અલગ અલગ હોવા છતાંય

પહેલું સુખ તે જાતે નર્યા બીજું સુખ કોઠીએ જાર
ત્રીજું સુખ પુત્ર સુપુત્ર ચોથું ઘર સુલક્ષણી નાર

રોગ પ્રતિકાર શકિત શરીરમાં છે એના કરતાં વધારે આપણામાં હોવી જોઇએ.

એક વખત ગુરૂકુળમાં મેલેરીયા ફાટી નીકળ્યો. જેમાં સાઇઠ થી સિત્તેર વિદ્યાર્થીઓ સપડાયા હતાં. એ સમયે મહારાજશ્રી કોઇનું માથું તથા પગ દબાવવા અર્થે સંપૂર્ણ રાત્રિ ગુરૂકુળમાં વિતાવતા હતા અને બધા વિદ્યાર્થીઓને પોતાના હાથે દવા પીવડાવતા હતા. એમ કરતાં કરતાં બાળકોની સેવામાં પંદર દિવસ નીકળી ગયા. એક દિવસ મેલેરીયા નિષ્ણાંત એક તબીબને બોલાવી એમની સલાહ લીધી. જેમાં તબીબે કહ્યું કે તાવમાં ખુબ સુધારો છે માટે બાળકોને પોતાનાં ઘેર મોકલશો નહિં. રોગના જંતુઓ અહીં સુધી સીમીત રહે તો વધુ સારૂં. વેકેશન પડવાનો સમય આવ્યો હોવા છતાંય બાળકોને હજી પંદર દિવસ ગુરૂકુળમાં રાખીને એમને દુધ-દહીં-માખણ-ઘી જેવા પૌષ્ટિક પદાર્થો આપીને એમના શરીરની માવજત કરો.

ત્રભાગો શીરો

તબીબની સુચના મુજબ વેકેશન પંદર દિવસ મુલતવી રહ્યો અને છોકરાઓની માવજત અર્થે (૧) એક ભાગ લોટ (૨) બીજો ભાગ ખાંડ (૩) ત્રીજો ભાગ ઘી નો " ત્રભાગો " શીરો બનાવીને ખવડાવવાથી બાળકો ખુબ તાજા-માજા થયા અને સૌને વેકેશન પાડીને પોત પોતાના ઘેર મોકલી દેવામાં આવ્યા.

ગુરૂકુળના વિદ્યાર્થીઓને મહારાજશ્રી બ્રહ્મચારી નામનું સંબોધન કરતાં હતાં. બ્રહ્મચારીઓ છુટી લઈને જ્યારે પોત પોતાના ઘેર જતાં હતાં ત્યારે મહારાજશ્રીએ એક ઉપદેશ આપ્યો. જેમાં કહ્યું કે આપણું મનોબળ મજબૂત હોય તો આપણે ગમે તેવા રોગનો પણ સામનો કરી શકીયે છીએ. જેટલી રોગ પ્રતિકારક શક્તિ શરીરમાં છે.એના કરતાં વધારે આપણામાં હોવી જોઈએ.

સાચા અર્થ શાસ્ત્રી

એક વખત મહારાજશ્રીએ વાંઢાય પરિસરમાં રહેતા દરબાર પરિવારશ્રી ઓને ભેગા કરીને સૌની સમક્ષ એક વિચાર રજુ કર્યો અને કહ્યું કે તમે સૌ ભણેલા કરતાં વધુ કમાવતાં હોવા છતાંય અછતીજીવન કેમ જીવો છો ? એના વિષે ક્યારે તમે વિચાર કર્યો છે ? કારણ કે ભણેલા માણસની ખર્ચ કરવાની પધ્ધતિ અયોજનપૂર્વક હોય છે. જ્યારે તમારી પધ્ધતિ આડેધડ હોય છે. માટે આપ સૌને અછતમાંથી બહાર આવવું હોય તો સૌથી પહેલા શિક્ષણ લેવાની તૈયારી કરો અને ત્યાર બાદ પૈસા બચાવવાનું આયોજન બનાવો.

મહારાજશ્રીની સલાહ મુજબ વર્તયા પછી પરિણામ એ આવ્યું કે એક એક પૈસો બચાવીને આજે વાંઢાયના પ્રત્યેક ઘરમાં એ સમયની એક લાખ રૂપિયાની F. D. મળી છે. વાંઢાયના દરબારો આજે પણ કહે છે કે મહારાજશ્રીએ અમારા માટે અર્થ શાસ્ત્રીની ભૂમિકા ભજવી બતાવી છે.

સૌનું જીવન શિક્ષણયુકત અને વ્યસન મુકત હોવું જોઈએ.

(૧) શૈક્ષણિક ક્રાંતિ

(૨) વૈચારિક ક્રાંતિ

(૩) આર્થિક ક્રાંતિ

(૪) સામાજીક ક્રાંતિ તથા

(૫) આધ્યાત્મિક ક્રાંતિ, મળીને પંચરંગી ક્રાંતિના પ્રણેતા પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીએ શૈક્ષણિક ક્રાંતિના ભાગરૂપે એમણે વાંઢાયમાં એક રાત્રિશાળાનું આયોજન કર્યું. જેને આજની ભાષામાં પ્રૌઢ શિક્ષણ કહેવાય છે. કચ્છમાં રાત્રિશાળા ચાલુ કરવામાં મહારાજશ્રી ને જ પ્રાથમિકતા મળી છે. એમ કહેવાય છે કે મહારાજશ્રી પાસેથી પ્રેરણા લઈને પછી જ ગુજરાતમાં પ્રૌઢ શિક્ષણની શરૂઆત થઈ હતી. આજથી લગભગ એંસી વરસ પહેલા શરૂ કરેલી રાત્રિશાળામાં વાંઢાય ગામનાં સાતના સાત દરબાર પરિવારો સાક્ષર બની ગયા. જેમાં મહારાજશ્રીના ખાસ ભકત શ્રી મંગળજી દારબાર પણ રાત્રિ શાળામાં ભણીને સાક્ષર થયા હતા.

મહારાજશ્રી સાક્ષર થયેલા પ્રૌઢોને પ્રમાણપત્રની જગ્યાએ સૌને એક તુલસીકૃત રામાયણ આપતાં. જેના પ્રભાવને લીધે વાંઢાય ગામના બધા ઘરોમાં રામાયણનું પઠન થતું હતું. આજે વાંઢાય દુનિયાનું એક માત્ર ગામ છે. કે જે ગામનો કોઈપણ સદસ્ય આજ દિવસ સુધી જુગાર રમ્યો નથી અને કોઈ માંસાહારી નથી. ગામના સદસ્યો આજે ગૌરવભેર કહે છે કે આ બધું મહારાજશ્રીના આશીર્વાદનું પરિણામ છે.

ઉપરોકત વર્ણવેલી કાર્ય પધ્ધતિનો જન્મ ગુરૂકુળમાંથી થયો હતો. ગુરૂકુળ એટલે ગુરૂનો કુળ. આજે પણ વાંઢાય ગુરૂકુળમાં ભણેલા (વિદ્યાર્થીઓ) બ્રહ્મચારીઓ સમાજમાં સૌથી અલગ તરી આવે છે.

ગુરૂકુળના બ્રહ્મચારીઓ (વિધાર્થીઓ)

૧. શ્રી પરમાનંદ જેઠાલાલ નંદા ડોણ

૨. શ્રી દયાનંદ કારાભાઈ મીઠીયા શીરવા

૩. શ્રી તેજપાલ ભાણજી ભાનુશાલી બુટા

૪. શ્રી શંકરલાલ દેવચંદ માવ જખૌ

૫. શ્રી વિસાજી સતાજી જાડેજા - નલિયા
૬. શ્રી સુરજી પેરાજ નાખવા - નીરોણા
૭. શ્રી હરિશંકર જોષી - દેશલપર
૮. શ્રી ગવરીશંકર ભાણજી જોષી - દેશલપર
૯. શ્રી હીંગોરા ઇસ્માઈલ માસ્તર - ગઢવાળા
૧૦. શ્રી પ્રભુલાલ ખીમજી ઠક્કર - થાણા
૧૧. શ્રી મધુસુદન પ્રેમજી - નલિયા
૧૨. શ્રી મોહનદાસ ચાવડા
૧૩. શ્રી તેજપાલ સુંદરજી માવ - જખૌ
૧૪. શ્રી જીવન ભદ્રા બિટીયારી
૧૫. શ્રી કાનજી સુંદરજી મોટાણી - જખૌ
૧૬. શ્રી અરજણભાઈ ભાનુશાલી
૧૭. શ્રી તુલસીપુરી દેવપુરી ગોસાંઇ - નીરોણા
૧૮. શ્રી કાનજી વાલજી ધોડુ - ખેડોઇ
૧૯. શ્રી કરસન વાલજી ધોડુ - ખેડોઇ
૨૦. શ્રી ઘનશ્યામ નાનાલાલ જાની - લાકડીયા
૨૧. શ્રી ઘનશ્યામ જવેરીલાલ ભટ - ભુજ
૨૨. શ્રી કલ્યાણજી વેલજી મંગે - ગોધરા
૨૩. શ્રી જીતેન્દ્ર રામજી મીઠીયા - નીરોણા
૨૪. શ્રી જીતેન્દ્ર આરારીયા નંદા - ભવાનીપર

(નોંધ : માહિતીના અભાવે ઘણાં નામ લખવાનાં બાકી રહી ગયા છે.)

Present situation of Gurukul - Vandhay

ગુરૂકુળનું સ્થળાંતર

ધીરે ધીરે મહારાજશ્રીમાં સમાજપ્રેમ-રાષ્ટ્રપ્રેમ-ધર્મપ્રેમના સરવાળા સ્વરૂપે માનવ ધર્મ પ્રેમ ઉપસતો આવ્યો. જેમ જેમ પરીપકવતા આવતી ગઇ તેમ તેમ વાડા, ધર્મવાદ, સંપ્રદાય તથા છુત-અછુતના ભેદનાશ પામતા ગયા અને એ જ અરસામાં દેશ આઝાદ થયો. ગુલામીની ઝંઝીરો તુટી ગઇ અને દેશી રિયાસતોનું રાષ્ટ્રીયકરણ થતું ગયું. ત્યારે કચ્છને ક. વર્ગના રાજ્યનો દરજ્જો મળ્યો. ઇશ્વર આશ્રમ સાથે સંકળાયેલી સંસ્થાઓ સરકારશ્રીને સોંપવામાં આવી. જેમાં ગુરૂકુળનો પણ સમાવેશ થતો હતો. સાત વરસ પછી ગુરૂકુળ સંસ્થાનું ભુજમાં સ્થળાંતર કરવામાં આવ્યું. સરકારશ્રીના હાથમાં આવ્યા પછી ગુરૂકુળનાં પેટા વિભાગો લગભગ બંધ થઇ ગયા હતા. આજે સમાજ સુરક્ષા ખાતું ગુજરાત રાજ્ય સંચાલિત "વાત્સલ્યધામ" સરકારી અંધશાળા-હોસ્પિટલ રોડ, નાગરીક સોસાયટી પાસે ઉપરોકત સંસ્થા આવેલી છે.

આ સંસ્થાની સ્થાપના કચ્છ રાજ્યના વખતમાં સન ૧૯૫૧માં વાંઢાય ગામે કરવામાં આવી હતી. શરૂઆતમાં કચ્છ રાજ્યના કેળવણી ખાતા નીચે તેનું સંચાલન હતું. ત્યાર બાદ ૧૯૫૮માં તેનું સંચાલન સમાજ કલ્યાણ ખાતાને સોંપવામાં આવ્યું હતું.

હાલમાં આ સંસ્થાનું સંચાલન સમાજ સુરક્ષા ખાતું ગુ. રાજ્ય ગાંધીનગર કરે છે. આ સંસ્થામાં ઉંમર વર્ષ ૬ થી ૧૮ વર્ષનાં અંશતઃ તેમજ સંપૂર્ણ દ્રષ્ટિહિન બાળકોને પ્રાથમિક અભ્યાસ માટે પ્રવેશ આપવામાં આવે છે.

આ સંસ્થામાં પ્રવેશ મેળવતાં દ્રષ્ટિહિન બાળકોને હોસ્ટેલમાં રહેવાની, સવારથી સાંજ સુધીનાં ભોજનની કપડાં-બોર્ડીંગની અને દૈનિક જરૂરીયાતની સુવિધા સરકારશ્રી દ્વારા સંપૂર્ણ મફત પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થામાં ધોરણ ૧ થી ૮ સુધીની તમામ વિષયોનું બ્રેઇલ લિપિમાં વિશિષ્ટ શિક્ષણ આપવામાં આવે છે. તેની સાથે સંગીતનું પ્રારંભિકથી વિશારદ સુધીનું શિક્ષણ આપી અખિલ ગાંધર્વ મહાવિદ્યાલય-મૂંબઇ ખાતે ડીગ્રીની પરીક્ષા અપાવવામાં આવે

છે. તે ઉપરાંત કોમ્પ્યુટરની અને કેનીગ ઉદ્યોગની વિશિષ્ટ તાલિમ સંસ્થામાં તાલીમ શિક્ષકો દ્વારા આપવામાં આવે છે. પ્રવાસ, પિકનીક, રમત-ગમત, ધાર્મિક ઉત્સવો ઉજવી મનોરંજન પણ પૂરૂં પાડવામાં આવે છે. ઉપરોક્ત તમામ સુવિધાઓ માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આજે એ સંસ્થામાં ઓગણીસ બાળકો (પ્રજ્ઞાચક્ષુ) લાભ લઈ રહ્યા છે.

ગામડે ગામડે સંગીતના શિક્ષકો સુરદાસ હોવા જોઈએ.

૧૯૫૧માં કૃષિશાળા-ભોજનશાળા-ગૌશાળા-અંધશાળા તથા પ્રાથમિક શાળા જ્યારે સોંપવામાં આવી ત્યારે મહારાજશ્રીએ સરકાર સામે એક શરત રાખી હતી. જેમાં મહારાજશ્રીએ કહ્યું કે સંસ્થા આપની પાસે આવે તો સંસ્થા સાથે સંકળાયેલા અમારા સેવકોનું શું ? માટે આપ દ્વારા એ સૌને પગાર આપવાનું રહેશે. જે શરત સરકારશ્રીએ માન્ય રાખી હતી અને પગાર પણ મળતો હતો. ગુરૂકુળ સંસ્થામાં નાત જાતનો કોઈ ભેદ ન હતો. તેથી હરિજનો પણ સાથે રહેતા અને સાથે જમતા અને સાથે ભણતા.

ભોજનશાળા તથા ભણતરનો સંપુર્ણ ખર્ચ સરકાર ચુકવતી. કૃષિ શાળામાં ખેતીવાડી ખાતાને લગતા તમામ શિક્ષણો વિના મૂલ્ય મળતા બે વરસમાં શિક્ષણ માટે સરકારશ્રીએ B.H.C. ની નિમણુંક કરી હતી. વિદ્યાર્થીઓ પાસેથી બે વરસનો કોર્ષ કરાવીને સરકાર પોતાની પાસે નોકરીએ રાખી લેતી હતી. ખેતીવાડી (કૃષિ સંસ્થા)ની હોસ્ટેલમાં કુલ બાર (૧૨) ઓરડા હતા. જેમાં ચાલીસ વિદ્યાર્થીઓ સાથે રહી શકતા હતા. કૃષિશાળા ખેતીવાડીનું શિક્ષણ આપવા ઉપરાંત તે સુથારી કામ, વણાટ કામ તથા ચર્મ ઉદ્યોગનું શિક્ષણ ''સદનવાડી'' ખાતે આપવામાં આવતું.

અંધશાળામાં ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. તેમને પ્રાથમિક શિક્ષણ ઉપરાંત સંગીતનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું. ત્યાર બાદ મહારાજશ્રી સાથે કરારબધ્ધ થયા પ્રમાણે પ્રજ્ઞાચક્ષુઓને સરકાર નોકરીએ રાખતી અને ગામડે ગામડે સંગીતના શિક્ષકો સુરદાસ હોવા જોઈએ. એવી મહારાજશ્રીની માંગણી હતી. જે પ્રણાલિકા આજે પણ યથાવત્ છે. મહારાજશ્રીની દીર્ઘદ્રષ્ટિ પ્રજ્ઞાચક્ષુઓ માટે આશીર્વાદ બની રહી.

સદનવાડી

વાંઢાયના રહેવાસી અને મહારાજશ્રીના અનુયાયી દરબાર શ્રી જેસંગજી પુંજાજીએ પોતાની માલિકીની સોળ (૧૬) એકર જમીન મંઝલના ભાટીયા શ્રી ચત્રભુજ શેઠ પાસે અમુક સમય મર્યાદાના ધોરણે ગીરવી રાખી હતી પણ તે જમીન સમય મર્યાદા પુરી થઈ ગઈ હોવાં છતાંય જેસંગજી તેને છોડાવી શક્યા નહિં પણ તે જમીન જેસંગજીના કહેવાથી ભાટીયા પરિવાર પાસેથી મહારાજશ્રીએ રૂપિયા ૧૦૫૧ માં ખરીદી લીધી અને ભુજ મામલતદાર ખાતેથી ગુરૂકુળના નામે રજીસ્ટર પણ કરાવી લીધી. આજથી આ જમીન ગુરૂકુલના નિભાવ ખર્ચ માટે ઉપયોગમાં લેવામાં આવશે. એવો ઠરાવ આશ્રમમાં પાસ થયો. પણ જ્યારે ગુરૂકુળ સરકારશ્રીના હસ્તક થયું ત્યારે એના નિભાવ અર્થે સદનવાડી પણ ગુરૂકુળ સાથે જોડાઈ ગઈ. સાત વરસ પશ્ચાત ગુરૂકુળનું ભુજ ખાતે સ્થળાંતર થયું ત્યારે કલેકટરશ્રી એ પત્ર દ્વારા આશ્રમને જણાવ્યું કે ગુરૂકુળનું સ્થળાંતર થયું હોવાથી સદનવાડી આપ આપના હસ્તક કરી લ્યો. આશ્રમ તરફથી કોઈ જવાબ ન મળતાં ફરી એકવાર કલેકટરશ્રીએ પત્ર લખ્યો પણ પરિણામ શૂન્ય આવ્યું. પછી તો ટ્રસ્ટીઓની લાપરવાહી હોય કે પછી કલેકટરશ્રીનો એક તરફી નિર્ણય હોય. જે હોય તે, આજે એ જમીન પાછી ભાટીયા પરિવાર પાસે આવી ગઈ.

દેશ આપણો છે અને આપણે દેશના છીએ.

આજે પણ એજ જમીન ઉપર એક યુગ પુરાતન જેવો લાગતો વૃધ્ધ ખંડેર નિઃસહાય સ્થિતિમાં અડીખમ ઉભો છે. જેનાં પર લખેલું છે. **''શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાય''**

ઈ. સ. ૧૯૨૫ માં પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજીને મળવા માટે શ્રી મહાત્મા ગાંધીજી-શ્રી મહાદેવભાઈ દેસાઈ-શ્રી વલ્લભભાઈ પટેલ તથા ભુજથી શ્રી ક્રાન્તીભાઈ અંતાણી આઝાદીની ચળવળનાં ભાગરૂપે આવ્યા હતા. મહારાજશ્રી સાથેની પ્રથમ મુલાકાતમાં ગાંધીજીએ કહ્યું હતું કે મહારાજશ્રી આપ જેવા ક્રાંતિકારી સંતોએ આઝાદીની ચળવળમાં ભાગ લેવો જોઈએ. આજ સુધી હું આઝાદીના વિષય સાથે કોઈપણ સાધુને મળવા ગયો નથી. હું માત્ર તમને જ મળવા આવ્યો છું. કચ્છમાં પ્રવેશ કરતાંની સાથે જ મને તમારી ખ્યાતીના દર્શન થયા હતા અને આજે હું તમારા પ્રત્યક્ષ દર્શન કરી રહ્યો છું.

ગાંધીજીની વાતનો જવાબ આપતા મહારાજશ્રીએ કહ્યું કે, બાપુ હું તમારા કાર્ય સાથે જ છું. આઝાદી માટે આત્મ બલિદાન આપવા જેટલી મારી તૈયારી છે. આપણે સૌ દેશના માટે છીએ અને દેશના થઈને રહીશું. દેશ આપણો છે ને આપણે દેશના છીએ. મહારાજશ્રીના મુખે એવા પ્રકારના નિવેદન સાંભળીને ગાંધીજી બહુ ખુશ થયા અને મહારાજશ્રીના આશીર્વાદ લઈને વિદાય લીધી.

પામ્યા નથી કશું એ કહી ખોઈ ના શકે.
હસ્યા નથી જે ક્યારે એ કહી રોહી ના શકે.
''નાઝીર'' એ પારકાની પરખ શું કરે ભલા ?
જે પીઠ પણ પોતાની કદી જોઈ ના શકે.

ગુરૂકુળમાં હરિજન આશ્રમ ખુલ્લું મુકતી વખતે મહારાજશ્રીએ, પ્રવચનમાં કહ્યું હતું કે, આપણા હિંદુ ધર્મ ઉપર આભડછેડ નામનો કલંક દુર કરવા આપણે સૌ કટીબધ્ધ થવું જોઈએ. નહીં તો ભવિષ્યની પેઢી આપણને માફ નહીં કરે.

એ જ વખતે મહારાજશ્રીએ પાટીદાર છાત્રાલય તથા સારસ્વત એજ્યુકેશન સોસાયટીના નિર્ણયને આવકારતા એજ્યુકેશનના નિયમો નક્કી કરવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓને અર્ધી ફી માફ કરવી. જેના લીધે છાત્રાલયોમાં ઘણા વિદ્યાર્થીઓ દાખલ થયા. તેથી મહારાજશ્રીએ સૌને ખાદી ઉદ્યોગના ભાગરૂપે કાંતણકામ તથા વણાટકામ અને સીવણકામ શરૂ કરવામાં આવ્યા. એ બધું રાબેતા મુજબ ચાલુ થઈ ગયા પછી મહારાજશ્રીની નજર કૃષિ સંશોધન ઉપર સ્થિર થઈ કારણ કે આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. એમાં સાધુઓને, સંન્યાસીઓને, ગુરૂઓ તથા ચેલાઓને તથા આશ્રમનાં બ્રહ્મચારીઓને ખેતીનું જ્ઞાન પુરેપૂરું હોવું જોઈએ. મહારાજશ્રી કહેતા હતા કે, આશ્રમો સ્વયંમ સંચાલિત હોવા જોઈએ. જેવી રીતે ગૃહસ્થાશ્રમો મહેનત કરીને ખાય છે. તેવી રીતે અન્ય આશ્રમોએ પણ મહેનત કરીને ખાવું જોઈએ.

શ્રમ ભકિત એજ મોટામાં મોટી ભકિત છે.

ગુરૂકુળના વિદ્યાર્થીઓને (બ્રહ્મચારી) ખેતી ઉપર પ્રેમ વધે એના પ્રયોગો મહારાજશ્રીએ હાથ ધર્યા હતાં તથા શ્રી ઈશ્વર આશ્રમમાં ખેતી આવકનું સાધન બની રહે જેથી આશ્રમને હાથ લંબાવવો પડે નહીં. ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી એ ખેડુતોના કાર્યને બિરદાવતા કહ્યું હતું કે, જય જવાન જય કિશાન ભારતનો ખેડુત સુખી હશે તો બીજો કોઈ દુખી નહીં રહે. એ વિચારોને આત્મસાત કરતાં મહારાજશ્રીએ ખેતી કેન્દ્રની શરૂઆત કરી જેને સૌ ફારમવાડી તરીકે ઓળખતા હતાં. આજે એ વાડીનું સ્વાધ્યાય પરિવાર સંચાલન કરે છે.

મહારાજશ્રીના નિર્ણયોનો સૌએ ઉમળકાભેર સ્વાગત કર્યું. કારણ કે મહારાજશ્રીના સંકલ્પો તથા નિર્ણયો આશ્રમને સફળતા તરફ દોરી જશે. એમાં શંકાને કોઈ સ્થાન હતું નહીં અને બુધ્ધિપૂર્વક લીધેલા સંકલ્પો અધ્ધ વચ્ચે છોડી દેવા એ મહારાજશ્રીના જીવનમાં હતું નહી.

ફાર્મવાડી એટલે કૃષિ સંશોધન કેન્દ્ર

પરમ પુજય સંતશ્રી ઓધવરામ મહારાજશ્રીએ આર્થિક ક્રાંતિના ભાગરૂપે ફાર્મવાડી નામનો એક સુધારેલી ખેતી કેન્દ્રનું નિર્માણ કર્યું હતું. ફારમ વાડી જમીનના મુળ માલિકી વાંઢાયના સિંઘલ સોઢા દરબારોની હતી. એ જમીન ઉપર સાત પરિવારો એમના ઉપર અલગ અલગ કુવાઓ ખોદીને ખેતી કરતાં હતા કારણ કે વાંઢાય પરિસરમાં કયાંય મીઠું પાણી ન હતું. ત્યારે પણ ઉપરોકત જમીનમાં મીઠાં પાણી હતાં જેમાં દરબારો કોષ ખેડીને ખેતી કરતાં હતાં.એ સમયે ઈશ્વર આશ્રમમાં એંશી ગાયો હતી. વારંવારે દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાતા ગાયોનું ચારીચાણ માટે સ્થળાંતર કરવું પડતું હતું. જેને ધ્યાનમાં રાખીને દરબારો પાસેથી સાત કુવા ધરાવતી જમીન દાનમાં લઈ લીધી. એ વાડી ઉપર મશીન લગાડીને પાઈપ લાઈન દ્વારા વાંઢાય ગામ તથા આશ્રમમાં પાણી પહોંચાડવાની યોજના હાથ ધરવામાં આવી સાથે સાથે ખેતીનો પણ વિકાસ થયો. ખેડ ખાતર ને પાણી કર્મને લાવે તાણી ના સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને આસપાસના ખેડૂતોને સુધારેલી ખેતીના રહસ્યો સમજાવવા માટે મહારાજશ્રી વારંવારે ફારમ વાડીમાં ખેડુત સંમેલન ભરતા હતાં. જેમાં ઓછી મહેનત ને વધુ પાક કંઈ રીતે મેળવી શકાય એનાં વિશે ચર્ચાઓ કરવામાં આવતી હતી.

સૌ પ્રથમ વાડીને સમથળ બનાવવામાં આવી. માઈલોમાં વિસ્તરેલી વાડીને વાડીનો પાણી વાડીમાં ના સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને ચારે તરફ બાંધો બાંધવામાં આવ્યો. ધીરે ધીરે સંશોધન પ્રક્રીયા બહુ જોર પકડતી ગઇ. જેના લીધે પાકમાં ડબલ વધારો થયો. વાડીની અંદર રમત ગમતનાં સાધનો વિકસાવવામાં આવ્યા. જેથી ગુરૂકુળનાં વિદ્યાર્થીઓ તથા આસપાસના ગામડાના વિદ્યાર્થીઓ રજાના દિવસે ફાર્મવાડીની મુલાકાત લેવા આવતા. ત્યારે મહારાજશ્રી એ બધાની પાસેથી સહેજ સહેજમાં વાડીમાં કામ કરાવી લેતા. ધીરે ધીરે વાડીનો પ્રભાવ આસપાસના ગામડા સુધી પહોંચી ગયો.

એક વખત માંડવી તાલુકાના બે નિષ્ણાંત ખેડુતો વાડીની મુલાકાત લેવા માટે આવ્યા. એમણે મહારાજશ્રીને એક સુચન કર્યું કે,

આપ વાડીમાં કોષથી પાણી કાઢો છો એના કરતાં કુવા ઉપર મશીન કેમ લગાડતા નથી ? એક મશીન વીસ (૨૦) જોડી બળદનું કામ કરશે. એ જો નહીં કરો તો જેમ જેમ વર્ષો નીકળશે તેમ તેમ કુવામાં પાણીના સ્તર નીચે જશે અને પછી તમે વાડીના છેડે સુધી પાણી પહોંચાડવામાં નિષ્ફળ જશો.

ખેડુતે જેવું સુચન કર્યું તેવું મહારાજશ્રીને મુંબઇમાં જોયેલો મશીન યાદ આવ્યો અને ખેડુતના સુચનને અમલમાં મુકવાના પ્રયત્નો શરૂ થયા. રાત્રે સંધ્યાપાઠ અને ભજન પૂર્ણ થયા બાદ મહારાજશ્રીએ સૌ સેવકોને કુવા ઉપર મશીન બેસાડવાની વાત કરતાં કહ્યું કે,

હાણેં પાં કોષ મીજાનું છુટધાસીં !!!

એ સમયે પાણી ખેંચવાતાં મશીનો (U.K.) થી (ભારત) મુંબઇ આવતા હતા. અને મુંબઇથી મહારાજશ્રીએ મંગાવેલો મશીન નવલખી બંદરે ઉતરેલો. જે મશીનનું ભાડું તથા કસ્ટમ ડ્યુટી મળીને રૂપિયા ૧૨૦૦ થતા હતાં. એટલા રૂપિયાની વ્યવસ્થા આશ્રમ પાસે હતી નહીં. માટે મહારાજશ્રી એ એક નવો રસ્તો શોધ્યો. કાં તો વાડી બંધ કરવી અથવા તો રૂપિયા ૧૨૦૦ ઉભા થાય એટલા પશુઓ વેંચી નાખવા પણ ચોક્કસ નિર્ણય પર ન આવવાથી મહારાજશ્રી ઇશ્વરરામની સમાધિ પાસે શાંત ચિત્તે બેસી ગયા. એટલી વારમાં મંગળજી બાપુ આવ્યા અને પગે લાગીને મહારાજશ્રીને પુછ્યું કે મહારાજશ્રી શું વાત છે ? મેં સાંભળ્યું છે કે આપ પશુઓ વેંચવા નીકળ્યા છો ? એવી તે કેવી આશ્રમ ઉપર આફત આવી પડી છે ? મને જણાવશો કે નહીં ? મંગળજી બાપુ સાથે મહારાજશ્રીની ખુબ આત્મીયતા હોવાથી સઘળી બાબતોનું વર્ણન કર્યું. સઘળી હકીકત જાણ્યા છી મંગળજી બાપુએ કહ્યું, ''૧૨૦૦ રૂપિયા આપણા માટે શું મોટી વાત છે. ? ૧૨૦૦ રૂપિયા તો મારા ઘરમાં પડ્યા છે. !!!'' મહારાજશ્રીએ કહ્યું, ''તમારી પાસે ક્યાંથી આવ્યા ?'' મંગળજી બાપુએ કહ્યું, '' મેં ગઇ કાલે એક બળદની જોડી રૂપિયા ૧૨૦૦ માં વેંચી છે. જે રૂપિયા હું તમોને ઉધાર આપીશ અને એક શરત કે હું તમારી પાસેથી ક્યારેય ઉઘરાણી કરીશ નહીં. તમારી પાસે થાય ત્યારે આપજો.''

મંગળજી બાપુએ કરેલા સહયોગથી સૌ કાર્ય આયોજન મુજબ પાર પડ્યું. એ ઘટનાને ચાર દિવસ વિતી ગયા બાદ મુંબઇથી બે ચાર શેઠીયાઓ વાંઢાય મહારાજશ્રીના દર્શન કરવા આવ્યા ત્યારે તેઓને ઉપરોકત ઘટનાની ખબર પડી એટલે શેઠીયાઓએ મહારાજશ્રીના ચરણોમાં બારસો રૂપિયા રાખ્યા. તે દિવસે સાંજે પાંચ વાગે આશ્રમના સેવકો મંગળજી બાપુ તથા મુંબઇથી આવેલા શેઠીયાઓની સાથે મહારાજશ્રી વાતો કરતાં કરતાં વાડીમાં આવ્યા અને ત્યાં તેઓને ખેતી વિષયક આયોજનની રૂપરેખા સમજાવી. ત્યાંથી સૌની સાથે મહારાજશ્રી ઇશ્વર આશ્રમની સમાધિ ઉપર આવ્યા અને સૌ બેઠા ત્યારે વાતોમાં ને વાતોમાં મંગળજી બાપુને ઉદ્દેશીને મહારાજશ્રીએ કહ્યું.

અમારા મંગળજી તો સૌથી મોટા શેઠ છે.

ત્યારે શેઠીયાઓની વચ્ચે મહારાજશ્રીએ ઉધાર લીધેલા રૂપિયા ચુકવતા કહ્યું કે, ''તમે બધા શેઠ છો પણ અમારા મંગળજી તો સૌથી મોટા શેઠ છે.'' શેઠીયાઓને ઉદ્દેશીને કહ્યું કે,''મશીન છોડાવવા માટે જોઇતા રૂપિયાનું મંગળજી બાપુએ મારા ઉપર ધિરાણ કર્યુ હતું ત્યારે મંગળજી બાપુએ કહ્યું, '' મહારાજશ્રી તમારા પ્રત્યેક શબ્દોમાં સત્ય છુપાયેલું હોય છે. આજ દિવસ સુધી તમારા કોઇપણ શબ્દો વ્યર્થ ગયા નથી પણ હું તો એક પશુપાલક છું. ગાયો ચારીને ગુજરાન ચલાવું છું. અમારી અભણતાનો લાભ લઇને મારા બાપ-દાદાની જમીનો શેઠીયા શાહુકારો બધી હડપ કરી ગયા છે. તમે જ કહો ? એવી પરિસ્થિતિમાં હું શેઠ કઇ રીતે બનું ? ''

મંગળજીના વિચારો સાંભળી મહારાજશ્રી એ કહ્યું, ''સાંભળો મંગળજી સૌ સેવકોની વચ્ચે શેઠીયાઓની

હાજરીમાં તથા મહારાજશ્રી ઇશ્વરરામની સાક્ષીએ કહું છું કે, આજ પછી તમે મારા ઉપર કર્યા એવા ભલાઇના કામ કરતાં જ રહેશો. ઇશ્વરની ઇચ્છા થકી તમારા ૬ છોકરાઓને ભાગ પ્રમાણે એક એક છોકરા દીઠ ૬૦-૬૦ એકર જમીન હશે. હવે તમે જ વિચારો કે આટલી જમીન જેની પાસે હોય એ ગામમાં સૌથી મોટો શેઠ કહેવાય કે નહીં ?'' અને ખરેખર મહારાજશ્રીના શબ્દો સાચા પડયા. આજે એ પરિવાર વાંઢાયમાં હામ-દામ અને શાનથી જીવે છે.

ભવિષ્ય વાણી (વાણી ન કરે ચાંણી !!!)

વાડી ઉપર મશીન લાગી ગયા પછી ગામડે ગામડે સમાચાર મોકલવામાં આવ્યા ત્યારે મશીનને જોવા માટે અસંખ્ય ખેડુતો આસપાસમાંથી આવ્યા હતા. એ સમયે મહારાજશ્રીએ સૌ ખેડુતોને સંબોધન કર્યુ કે, એક દિવસ જમીનનો વારો આવશે માટે સૌ જમીન સંભાળીને રાખજો. આજે મહારાજશ્રીના ઉપરોકત શબ્દો સૌને યાદ આવે છે.

સેવાયજ્ઞ

સદનવાડી માં નકકી થયા પ્રમાણે સેવાના દિવસે ગામડાંનાં ખેડુત બહેનો તથા ભાઇઓ સેવા આપવા માટે વારા ફરતી આવતા. જે ખેડુત સેવકો નીસ્વાર્થ ભાવે સેવા આપતા હતા. એ પ્રમાણે સદનવાડી માં સેવા યજ્ઞ અવિરત ચાલું હતો.

-ગીતા કટારીયા દ્વારા

દેશલપરનો એક ખેડુત પોતાની વાડીમાં કોષ ખેડતો હતો. જેમાં એક બળદ યુવાન અને એક બળદ વૃધ્ધ કે જે માંડ માંડ ચાલી શકતો હતો. એના ઉપર મહારાજશ્રીની નજર પહોંચી ગઇ અને ગયા ખેડુત પાસે અને કહ્યું કે, ''જે બળદ કોષમાં ચાલી શકતો નથી એને તું પરાણે શા માટે ચલાવે છે ?'' ત્યારે ખેડુતે કહ્યું કે, '' મને પણ ખબર છે કે (વૃધ્ધ) ટોળાને કોષમાં જોતરાય નહીં પણ હું નવો યુવાન બળદ ખરીદવાને અસમર્થ છું. મારી પાસે એના સિવાય બીજો કોઇ ઉપાય નથી. પણ જો આપની પાસે કોઇ ઉપાય હોય તો મને બતાવો.'' મહારાજશ્રીએ કહ્યું,''ઉપાય માત્ર એક જ છે. આવતી કાલે તું કોઇ બળદનો સોદો કરી આવ. પૈસા હું આપી દઇશ !!!

માખણના ચોર ભજો રાધે ગોવિંદા

ભગવાન શ્રી કૃષ્ણ બાળ વયે સૌને એક જ ઉપદેશ આપતા હતા કે દુધ-દહીં-માખણ ઘરમાં ન હોય તો માંગીને પણ ખાઓ પણ ખડતલ બનો. નબળો માણસ સામાજીક કલંક છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે, ''હેલ્થ ઇઝ વેલ્થ '' આપણા ગુજરાતના કવિઓ પણ કહેતા આવ્યા છે કે ''આપ સમાન બળ નહીં.'' અચાનક આવી પડેલી અણધારી આફતનો સામનો કરવા માટે સ્વબળ સિવાય બીજા કોઇ બળ કામ આવશે નહીં. તેમજ ખાઓ અને ખવડાવો એજ કૃષ્ણની નીતિ હતી. બાળપણમાં કૃષ્ણ અને બીજા ગોવાળીયા મળીને અનેક નાના મોટા આયોજનો કર્યા કરતાં હતાં. જેમાં ખાવા પીવાને વધારે મહત્વ અપાતું હતું. એ પ્રણાલીકાને અનુસરીને મહારાજશ્રી ઓધવરામજી ગુરૂકુળમાં નાની મોટી હરિફાઇઓનું આયોજન કરતાં જેમાં કોથળાદોડ, પથ્થરફેંક, આંધળોપાટો, લંગડી, ખો ખો, હુતુતુતુ જેવા અનેક ખેલનો સમાવેશ થતો.

રસીખેંચની રમતમાં જે જીતે અને ખેલ પુરો થયા પછી પાછળના બે દિવસ લાડવા ખાવા મળે. એ ખેલમાં એક તરફ દેસલપરનાં પાટીદાર છોકરા અને બીજી તરફ વાંઢાયના દરબાર છોકરામાં હરિફાઇ થતી પણ વાંઢાયના દરબાર સમાજના છોકરા ખાધે પીધે સુખી ન હોવા છતાંય મહારાજશ્રીના આશીર્વાદથી જીત મેળવતા. જ્યારે લાડુ ખાવાની હરિફાઇમાં દેસલપરના પાટીદાર સમાજનાં છોકરા જીતી જતાં.

મહારાજશ્રીનો હરિફાઇ રાખવાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, કોઇપણ ભોગે બાળકોને લાડુઓ ખવડાવવા. મહારાજશ્રી ઘણી વખત રમુજમાં કહેતા કે, જે ખાશે એ ખવડાવશે જે પોતાના પેટમાંથી પણ ભુખ નથી કાઢતા એ બીજાને શું ખવડાવશે ? માટે ખાઓ અને ખવડાવો એ મહારાજશ્રીનું જીવનધોરણ હતું. ચાણકયે પણ નીતિશાસ્ત્રમાં લખ્યું છે કે કરજો કરીને પણ સાત્વિક ખોરાક ખાવું એમાં જરાય ખોટું નથી.

રૂણમ કૃત્વા ધૃતમ પિબેત

પરમ પુજય સંત શ્રી ઓધવરામ પ્રત્યેક જન્માષ્ટમીથી ચાર દિવસ વાંઢાય પરિસરના બાળકોને તપોભૂમિ ઉપર બોલાવતા અને બાળકો દ્વારા જ્ઞાન ગોષ્ટી કરાવતાં. ત્યાર બાદ પ્રસાદ આપતા અને ધીરે ધીરે બધા બાળકોને પુછતાં કે તારી માએ સાતમમાં શું શું બનાવ્યું છે ? બાળકો બધું કહી દેતાં. મહારાજશ્રી બાળકોના જવાબ પ્રમાણે એના ઘરની

પરિસ્થિતિ જાણીને છોકરાઓના ખીસ્સામાં પૈસા નાખી દેતાં હતાં. કારણ કે આજથી ૭૦ વરસ પહેલા વાંઢાય ગામની આર્થિક સ્થિતિ ખુબ નબળી હતી. જેના લીધે કોઈ ઘરમાં સાતમ ન બને એ વાત મહારાજશ્રીને પસંદ ન હતી. મહારાજશ્રી ઘણી વખત કહેતાં કે આપણાં પડોશી-સગા કે અનુયાયીના ઘરે ચુલોય સળગતો ન હોય અને આપણે લાડવા જમતા હોઈએ એ યોગ્ય ન કહેવાય. વાંઢાય ગામમાં દરબારોના ઘેર સાતમ ધામધૂમથી બનવી જોઈએ. એવો મહારાજશ્રીનો આગ્રહ હતો. છોકરાના ખીસ્સામાં પૈસા નાખતી વખતે મહારાજશ્રી કહેતા કે તારી માને કહેજે મારા માટે બે ટકી કે બે લાડવા મોકલે. કોઈને ખબર ન પડે એવી રીતે આપી દેવું. વાતો કરતાં કરતાં આપી દેવું. રમત રમાડતા રમાડતા આપી દેવું. એનું નામ દાતા કચ્છીમાં એક કહેવત છે,

દાતા ચોવાજેં સે જુકો દને વગર રેં નતા

કવિ કાલીદાસ કહે છે, જગતમાં દાતા મળશે કે નહીં અને કોઈ દાતા થશે કે નહીં. એની મને શંકા છે. !!! કારણ કે હવે દાતાઓ ધીરે ધીરે સોદાગર થતા જાય છે.

સતેષુ જાયતે શુર સહસ્ત્રેશુ ચ પંડીત :
વકતા દસ શહસ્ત્રેસુ દાતા ભવન્તી વાઃ નવાઃ

કવિ કાલીદાસ કહે છે, 'સો શુરવીર ભેગા કરો એમાંથી પણ ખરો શુરવીર એક જ નીકળે. હજાર પંડિતો માંથી સાચો પંડિત એક જ નીકળે અને દસ હજાર વકતા માંથી સાચો વકતા માત્ર એક મળે. જ્યારે સાચો દાતા મળે કે નહીં એની મને શંકા છે.'

સૌને આજે સમજાય છે કે યાગબાઈ માઁ એ એક નહીં પણ દાતા-ભક્ત અને નીડર એમ ત્રણે ગુણો ધરાવતા પુત્રને જન્મ આપ્યો હતો. એક વાત યાદ રાખવા જેવી છે કે દાતાઓ સમાજના આધાર સ્તંભ છે પણ જો એને દાતા બનતા આવડતું હોય તો. પણ આજે દાતાઓ દાનનાં મહીમાને ન સમજતાં દાનને શરતોમાં ફેરવી નાખે છે.

ઉજ્જૈન નગરીમાં ''ભોજરાજા'' નામના એક સરળ સ્વભાવના રાજા હતાં. સ્વભાવે ભોળા હોવા છતાંય એમનું ભાગ્ય ખુબ ચડીયાતું હતું. એમની પાસે સંસ્કૃતના વિદ્વાન 'કવિ કાલીદાસ' રાજ્ય સભામાં નિયુક્ત થયેલા હતાં. એક દિવસ કવિ કાલીદાસની અન ઉપસ્થિતીમાં પડોશી રાજ્યનો એક વિદ્વાન ભોજ રાજાના દરબારમાં આવ્યો અને ભોજ રાજાને પ્રસન્ન રાખવા અર્થે પ્રશંસાયુક્ત શબ્દોના થોડા નમુના રજુ કર્યા જેમાં કહ્યું કે,

ફુલ તો ગુલાબકા ઓર ફુલ કાયકા
દુધ તો ગાયકા ઓર દુધ કાયકા
ફલ તો આમ્રફલ ઓર ફલ કાયકા
રાજા તો ભોજરાજા ઓર રાજા કાયકા

રાજાઓ કાયમ પ્રશંસાને વરેલા હોય છે. ભોજરાજાએ કવિના મુખેથી પોતાની પ્રશંસા કરતાં વાક્યો સાંભળીને યોગ્યતા કરતાં. વધારે દક્ષિણા આપીને વિદાય કર્યા. બીજા દિવસે કવિ કાલીદાસ બહાર ગામથી પાછા આવ્યા અને રાજ દરબારમાં ઉપસ્થિત થયા ત્યારે ભોજરાજાએ કહ્યું કે ''કવિરાજ'' આપશ્રીને અમારા રાજ્યમાં રહે ઘણાં વર્ષો વિતી ગયા પણ આપે અમારી કોઈ દિવસ પ્રશંસા કરી નહીં પણ ગઈકાલે એક કવિ આવ્યા હતાં. એમણે અમારી ખૂબ પ્રશંસા કરી અને પછી રાજાએ કવિએ કહેલા શબ્દો કહી બતાવ્યા. રાજાના મુખેથી કવિના પ્રશંસાયુક્ત શબ્દો સાંભળીને કવિ કાલીદાસજીએ કહ્યું કે, ''આપશ્રીની એટલી હદે પ્રશંસા કરવાવાળો કોઈ કવિ નહીં હોય બલ્કી કોઈ ભાટ-ભવાઈયો હશે. એનું નિવેદન બિલકુલ ખોટું છે.''ત્યારે ભોજરાજાએ કહ્યું કે,''તો પછી સાચું શું છે ? આપ અમને જણાવશો ?'' ત્યારે કવિશ્રી કાલીદાસ કહે છે કે, તમે ભાટ ભવાઈયાનું વિધાન સાંભળી લીધું હવે શાસ્ત્રોનો વિધાન સાંભળો.

ફુલ તો કપાસ કા ઓર ફુલ કાયકા
દુધ તો માય કા ઓર દુધ કાયકા
ફલ તો કર્મફલ ઓર ફલ કાયકા
રાજા તો ''મેઘ'' ઓર રાજા કાયકા

કવિ કાલીદાસજીએ કહ્યું કે, ''પ્રશંસા ભોજરાજાની નહીં પણ શ્રેષ્ટદાતા ''મેઘરાજા''ની કરવી જોઈએ. કે જે આખા જગતની જરૂરીયાતો પુરી પાડે છે. ''

ફુલ તો કપાસ કા ઓર ફુલ કાયકા ?

આપણી મર્યાદાનું પ્રતિક ગુલાબનું ફુલ નથી. કપાસનું ફુલ છે. જેની પાસે આખા જગતના શરીરોને ઢાંકવાની ક્ષમતા છે. એક વાત યાદ રાખજો કે આપણે સૌ ગુલાબના ફુલો ઓઢીને નથી ફરતાં કપાસના ફુલોને ઓઢીને ફરીએ છીએ.

દુધ તો માય કા ઓર દુધ કાયકા ?

યુધ્ધના મેદાનમાં પડકાર ફેંકતી વખતે યોધ્ધો એમ નથી કહેતો કે, 'ગાયનું દુધ પીધું હોય તો આવી જા સામે' એ તો એમ કહે છે કે 'માયનું દુધ પીધું હોય તો આવી જા સામે.'

ફલ તો કર્મફલ ઓર ફલ કાયકા ?

મનુષ્ય જીવનનાં અંતિમ સમયે શાસ્ત્રોના નિયમાનુસાર એમનાં મુખમાં આમ્રફળનું હોવું જરૂરી છે. જ્યારે જીવન જીવવા માટે કર્મફળનું હોવું જરૂરી છે. સમાજમાં માન-યશ-કીર્તિ એ બધું અમારા કર્મોથી મળે છે. આમ્રફલથી નહીં. અમારા જીવનનાં વિકાસનો સ્તર અગર ઉપર આવ્યો હોય તો તે અમારા કર્મનું ફળ છે. કોઇએ ઉપકાર કર્યો નથી.

રાજા તો મેઘ ઓર રાજા કાયકા ?

રાજાઓ તો આ દેશમાં અને વિશ્વમાં અનેક થઇ ગયા પણ "મેઘરાજા" જેવો દાતા રાજા હજી સુધી કોઇ થયો નથી. મેઘ માત્ર રાજા નહી પણ એક દાતા પણ છે. ખરો દાતા દાન આપીને કોઇને કહેતો નથી તથા કોઇપણ પ્રકારની શરતો લાગુ કરતો નથી. જે દાતા દાન આપીને ભૂલી જાય છે. એને જ અમૃત્વ પ્રાપ્ત થાય છે. કારણ કે ધનવાને સારા કાર્યોમાં ધન વાપરીને એણે પોતાની ફર્જ પુરી કરી છે. અને ફર્જ એજ મનુષ્યનું કર્તવ્યપણું છે. પ્રણામ, પ્રશંસા અને પુષ્પહારનાં નશામાં કરેલા દાનનું ફળ તો અવશ્ય મળે છે પણ એના જીવન વિકાસમાં અડચણરૂપ સિધ્ધ થાય છે. આવેશમાં આવીને કરેલો દાન તથા ફર્જ સમજીને કરેલા દાનથી મળેલા ફળનું સ્વરૂપ અલગ અલગ હોય છે. પ્રશંસા કરવી તથા કરાવવી એ બંને મોટામાં મોટી કુટેવ છે. ઘણા માણસો પોતાની પ્રશંસા કરાવવા માટે ભાડુતી માણસો રાખે છે. પ્રશંસાની ચાહને આત્મહત્યાની ચાહ સમજવી. માટે પ્રણામ-પ્રશંસા અને પુષ્પહારનો મોહ છોડીને આપેલું દાન એજ ખરો દાન છે. ધનના બળે હરિ પામવાની વાતને તું ભૂલી જા શાસ્ત્રકારો કહે છે કે, સાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઇએ. ધનના બળે નહીં. અને ધનના બળે થતી પણ નથી.

ધનથી શું મળે અને શું ન મળે

ધનથી સાધનો મળે પણ સુખ નહીં.
ધનથી પુસ્તકો મળે પણ જ્ઞાન નહીં.
ધનથી શસ્ત્રો મળે પણ બહાદુરી નહીં.
ધનથી મોટાઇ મળે પણ મહાનતા નહીં.
ધનથી મૂર્તિ મળે પણ દર્શન નહીં.
ધનથી સાઝ મળે પણ સુર નહીં.
ધનથી ભોગ મળે પણ ભાવ નહીં.
ધનથી સત્તા મળે પણ સંસ્કાર નહીં.
ધનથી માણસો મળે પણ મિત્રો નહીં.
ધનથી વિષય મળે પણ વિચારો નહીં.
ધનથી ઘર મળે પણ ગૃહસ્થાશ્રમ નહીં.
ધનથી જાણકારી મળે પણ અનુભવ નહીં.

સંત તુલસીદાસજી કહે છે કે,

સકલ પદાર્થ હૈ જગમાંહી ભાગ્યહિન કછુ પાવત નાંહી જગતના મૂળભૂત પદાર્થો તો અમેં વિના મૂલ્યે પ્રાપ્ત કરી શકીયે છીએ પણ ભાગ્યહીન માણસો એને ધન ખર્ચીને મેળવવાનાં મીથ્યાં પ્રયત્નો કરે છે.

એક દિવસ વહેલી સવારે મહારાજશ્રી પ્રભાતિયું ગાતા હતાં.

રાગ : રામગરી તાલ : દીપચંદી

એ. જી વાલા = અખંડ સ્વરૂપી આત્મા મન વાણીમાં ન આવે.
નેતી નેતી કહીને સત્વને વેદ પાર ન પામે... ટેક
એ. જી વાલા = અકલ અનાદી અંત છે. વર્ણ લાવણ્યથી બહારો.
ઋષિ મુની સૌ તેને કહે. નામ રૂપથી ન્યારો...એ. જી.
એ. જી વાલા = દશ્ય પદારથ માનજો. રજ્જુ ભુજંગની રીતે.
એક અખંડીત બ્રહ્મ છે. જુવોને વિચારી પ્રિતે... એ. જી.
એ. જી વાલા = વૃક્ષની છાયા વૃક્ષ રૂપ છે. બાળબુધ્ધિ ભીન ભાસે.
અનુભવી સંત વિવેકથી કાર્ય કારણ કરી જાશે... એ. જી.
એ. જી વાલા = સ્વપ્ન પદારથ સ્વપ્નમાં દ્રષ્ટા રૂપ જ જાણો.
" ઓધવદાસ" તેમ વિશ્વને બ્રહ્મ અભિન્નપ્રમાણો... એ. જી.

સંઘે શકિત કલીયુગે

પ્રભાતિયું ગાતા ગાતા મહારાજશ્રી ને એક વિચાર આવ્યો કે સનાતન ધર્મમાં સંગઠન શકિત ટકાવવી હોય તો વારંવારે નાના મોટા આયોજનો કરવા જોઇએ. જેના લીધે માણસ માણસની સાથે જોડાયેલો રહેશે. જે વિચારને ધ્યાનમાં રાખીને સવંત ૧૯૯૦ માં (ઓછવ) ગુરૂકુળનાં વાર્ષિકોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું. સૌ પ્રથમ તો મહારાજશ્રી પોતાના ઉત્સવ વિષેના વિચારો આશ્રમના સેવકોને જણાવ્યા. ત્યાર બાદ સાધ્વી મૈયાજીને વાત કરી. મૈયાજીએ મહારાજશ્રીનાં વિચારોને માન્ય રાખીને આયોજનની સંપુર્ણ જવાબદારી પોતાનાં માથે લઇ લીધી. જોતજોતામાં ઉત્સવની વાત ગામડે ગામડે પ્રસરતી ગઇ. માણસો ઉત્સવમાં ભાગ લેવા માટે પુર જોશથી તૈયારીઓ કરવા લાગ્યા. ઘણા સેવકો તો સંઘ સ્વરૂપે ઉત્સવમાં ભાગ લેવા માટે નાચતા, ગાતા આવતા હતાં. જાણકારોના મત મુજબ એ સમયે ગામડાના માણસો સૌ સાથે મળીને નેવું હજાર કોરીઓ મહારાજશ્રીના ચરણોમાં ધરી હતી.

ધનનાં ધીંગાણા

એ સમયે આશ્રમોની પ્રણાલીકા મુજબ ગાદીપતિએ ફરજીયાત રેશમી કપડા તથા હાથમાં વીંટીઓ, માથે મલમલનો સાફો તથા સોનાની કંઠી અને બીજી ઝર ઝવેરાત શરીર ઉપર ધારણ કરવી જોઇએ. એને અનુસરીને તથા શિષ્યોના આગ્રહને માન આપીને એ દિવસે મહારાજશ્રી પણ પ્રણાલીકાનું ઉલંઘન કરી શકયા નહીં. થોડીવારમાં મહાપ્રસાદનો સમય થયો. પંગતની વ્યવસ્થા જોવા માટે મહારાજશ્રી ભકતો સાથે મંડપમાં ફરી રહ્યા હતાં. ત્યારે મહારાજશ્રીના શરીર ઉપર આભુષણો જોઇને એક માણસે બીજા માણસને મહારાજશ્રી તરફ ઇશારો કરતાં કહ્યું કે, " આ બધા ધનના ધીંગાણા છે." જે વાત મહારાજશ્રીએ સાંભળી લીધી. એના ઉપર ખુબ ચિંતન કર્યુ અને મનમાં વિચાર્યુ કે... માણસો જે કહે છે એ સાવ સાચું જ કહે છે. આપણે એના શબ્દો ઉપર નહીં પણ આપણા ઠઠારા ઉપર નફરત થવી જોઇએ. સત્યનો સ્વીકાર તો કરવો જ રહ્યો ને ? એક વખત તો મહારાજશ્રીને એવો વિચાર આવ્યો કે બધી વીંટીઓ ઉતારીને ગરીબોને દાનમાં આપી દઉં પણ પછી એવો ખ્યાલ આવ્યો કે લેવાવાળાની લાઇન લાગી જશે. ત્યારે શું થશે ? આપણી પાસે વીંટીઓ તો મર્યાદિત છે.

મહારાજશ્રીએ એક વખત સત્સંગમાં કહ્યું હતું કે, જગતનો કેટલો પણ વિકાસ થશે તોય એમાં વિષમતા તો રહેવાની જ. એક ગરીબ એક શાહુકાર એક નોકર એક શેઠ એક મોટો એક નાનો એક ડાહ્યો તો એક ગાંડો.

વિષમતા એજ જગતની વિશેષતા છે.

જગતની જયારથી ઉત્પતિ થઇ છે ત્યારથી જ વિષમતાનું નિર્માણ થયું છે. જગતના કોઇપણ ઘટકો રંગમાં-રૂપમાં-ભાવમાં-સ્વભાવમાં-રીતોમાં-રિવાજોમાં-બુધ્ધિમાં-બળમાં-કળમાં કે પછી જ્ઞાન-વિજ્ઞાનમાં એક સરખા નથી હોતાં. વિષમતા સંબંધી એક કવિ કહે છે,

રાગ : પીલ્લુ

પામે નહીં કોઈ પાર કળા તે અજબ રચી કીરતાર ...ટેક૦
એક વ્યકિતને વસ્ત્રના વાંધા જમવા મળે નહીં જુવાર
અર્ધનગ્ન ને ફરે ઉગાળા પુત્ર નારી પરિવાર ...કળા૦
એક અમન ને ચમન ઉડાળે પૈસાનો નહીં પાર
રહેવા માટે મહેલ મઝાના હુકમે દાસ હજાર ...કળા૦
એક શરીરે આભ ને ઓઠે પૃથ્વી પાથરનાર
કાળી મઝુરી કરવા છતાંયે બને નહીં ઘરબાર ...કળા૦
" કાન" કહે કુદરત તારી કળાનો કોક હશે કળનાર
સૌને પ્રભુએ સમજી આપ્યું. સૌનો સરજનહાર ...કળા૦

જગતનાં પાયામાં વિષમતા હોવાં છતાંય જાગૃત મનુષ્યોએ એને દુર કરવાના યથાર્થ પ્રયત્નો કરવા જોઈએ.

મહારાજશ્રીએ મનમાં વિચાર્યું કે મારે સનાતન ધર્મના કાર્યો કરતાં કરતાં પ્રભુ સમર્પિત થવું છે. તો પછી આ શારીરિક ઠઠારા શા માટે ? શારીરિક (બાહ્ય) ઠઠારા તો લોકમાન્ય થવા માટેના છે પણ જેને ઇશમાન્ય થવું છે એને ઠઠારાનો મોહ ન હોવો જોઇએ. મહંતોને એના મોભા પ્રમાણે રહેવું જોઇએ પણ મોભા ઉભા કરનાર આપણે કે બીજો કોઇ ? અને ઠઠારાને મોભાનું સ્થાન આપવા કરતાં સરળતા અને સહજતાને મોભાનું સ્થાન આપીયે તો એમાં ખોટું પણ શું છે ? મહંતના શરીર ઉપર હીરા જડીત આભૂષણો લટકાવાથી મહંત જગદ્‌ગુરૂ શ્રી કૃષ્ણનો સ્થાન પામી શક્તો નથી. જાગ્યા ત્યારથી સવારના વિચારોને ધ્યાનમાં રાખીને મહારાજશ્રી પોતાના ખંડમાં ગયા અને સૌની દેખતા તથા સૌની વચ્ચે સફેદ ખાદીની લાંબી કફની ઓઢીને જ્યારે ખંડમાંથી બહાર આવ્યા ત્યારે એમનું જીવન સૌની સામે મુક સંદેશ બનીને ઉભો રહ્યો. આજે સૌને મહારાજશ્રી માં નિર્માન સ્વરૂપનાં દર્શન થયા હતા.

દયા ધરમ કા મુલ હૈ પાપ મુલ અભિમાન
તુલસી દયા ન છોડીએ જબ લગ ઘટમેં પ્રાણ

આપણે સુખ ઉપજે ઓર ઠગે દુઃખ હોય

એક વખત મહારાજશ્રી રાતના એકલા ભજન કરતાં હતાં. રાતના અગિયાર વાગ્યા પછી નાગીચારીના ચોરો બે ગાડા ભરીને આશ્રમમાંથી વરા ચોરી ગયા. મહારાજશ્રીએ બારીમાંથી જોયું અને ખબર પડી કે ચોરો નાગીચારીના જ છે. સવારના વાંઢાયના દરબારોને વાત કરી અને ગાડામાં જોતરેલા બળદોનું વર્ણન કર્યું. જેમાં એક ગાડામાં કાળો અને ધોળો બળદ અને બીજા ગાડામાં બંને સાઇચા બળદ હતાં. દરબારો પરબારા નાગીચારી ગયા. ત્યાં ચોરીના બનાવની જાણ તથા ચોરેલા માલનું તથા ગાડામાં જોતરેલા બળદોનું વર્ણન કરતાં ચોરો પકડાઇ ગયા. હજી માલ (વરા) ગાડામાં જ ભરેલો હતો. નાગીચારી ગામમાં આગેવાનનાં હસ્તક્ષેપથી તેજ ગાડા ખાલી કરવા માટે પાછા વાંઢાય આવ્યા. ગાડા ખાલી થઇ ગયા પછી મહારાજશ્રીએ એમને જમવાનો આગ્રહ કર્યો. મહારાજશ્રીનો આગ્રહ જોઇ ચોરોને બહુ શરમ થઇ. બહુ આનાકાની કર્યા પછી અંતે જમ્યા તો ખરા. પછી મહારાજશ્રીએ બંને ચોરોને બોલાવીને ભાડું લઇ જવાનું કહ્યું. ચોરોએ ભાડું લેવાની સાફ ના પાડી દીધી. ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે, અમારા વરા પાછા મુકવા માટે જો તમેં ન આવ્યા હોત તો અમોને બીજા ગાડા ભાડે રાખવા પડચા હોત, એના કરતાં તમેં અમારો માલ (વરા) ભાડું લઇને મુકવા આવ્યા છો એમ સમજી લ્યો !!! મહારાજશ્રીએ કહ્યું કે, 'અમો સાધુ છીએ. અમે કોઇને ઠગીયે નહીં અને અમને કોઇ ઠગે તો અમે ખુબ રાજી થઇયે. અમોને તો આપ ઠગે સુખ ઉપજે ઓર ઠગે દુખ હોય ચોરોને મહારાજશ્રીએ કહ્યું કે, " તમને બીજાની ચાદર ચોરવામાં સુખ મળે છે. અમને બીજાને ઓઢાળવામાં સુખ મળે છે. સાધુ અને સંસારી બંનેની સુખની વ્યાખ્યા અલગ છે. તમને છેતરવામાં આનંદ આવે છે જ્યારે અમને છેતરાઇ જવામાં આનંદ આવે છે. કારણ કે જોગી અને ભોગીના ગુણધર્મો તો સૌ સૌ ના અલગ છે.

રાગ : પીલ્લુ (જો આનંદ સંત ફકીર કરે)

જો સુખ પામેં જોગી જગમેં વો ભોગી કો કહાં મીલતે હૈ ...જો સુખ૦

જપ,ધ્યાન,નિયમ,તપકર જોગી અપને મન કો વશ કરતે હૈ
ભોગી સબ બંધન તોડ ફીરે અપની મનમાની કરતે હૈ ...જો સુખ૦
કરતે હૈ પ્રીત જોગી જગસેં કુછ લોભ ન લાલચ રખતે હૈ
ભોગી કરતે હૈ પ્રીત વહાં જહાં ભોગ્ય પદારથ મીલતે હૈ ...જો સુખ૦
ભોગી કો કહાં સુખ ચેન સદા છળકુળ કપટમેં રહેતે હૈ
પર ધન પે ધ્યાન લગા કરકે નહીં ખાતે પીતે સોતે હૈ ...જો સુખ૦
ભોગી ભોગોસેં પ્રીત કરે ફીર રોગ કે જાલમેં ફસતે હૈ
જોગી કમ ખા કર જીતે હૈ ભોગી ખા ખા કર મરતે હૈ ...જો સુખ૦
હરપલ હસતે રહેતે જોગી અપની મસ્તીમેં રહેતે હૈ
ખુદ પર અનુશાસન કર કર કે યોગી બ્રહ્મ કો છુ લેતે હૈ ...જો સુખ૦
મત વેષ ''ભગતરામ'' દેશ બદલ ઘરછોડ કે કયોં બન ફીરત હૈ
પંકજ પાનીમેં રહે ન્યારા ઉન્હેં સચ્ચા જોગી કહેતે હૈ ...જો સુખ૦

પરમ પુજ્ય મહારાજશ્રીના પરમ સેવક શ્રી ગંગામાં બચુભાઇ યાદવ (મિસ્ત્રી) મહારાજશ્રી માટે સાત્વિક ભોજન બનાવતાં અને સતત મહારાજશ્રીની સેવામાં રહેતા હતાં. ગંગામાના ગોપાલજી તથા નારાણજી નામના બે દિકરા હતાં. ગોપાળ નાનો હતો ત્યારે ગોળ બહુ ખાતો હતો. એ વખતે આશ્રમમાં રામનવમી- જન્માષ્ટમી- વસંતપંચમી- નવરાત્રી અને દશેરા જેવા ઉત્સવો ખુબ ધામધુમથી ઉજવાતા. જેમાં ગુરૂકુળના બાળકો ઉત્સવ દરમ્યાન કોથડાદોડ-દોડ-રસ્સીખેંચ-ખો ખો તથા કુદકા જેવી હરિફાઇઓ યોજીને મહારાજશ્રી સામે પોતાની કલા-કૌશલ્ય દાખવતા અને મહારાજશ્રીજી હાથે ઇનામ મેળવતા. જેમાં '' ગંગામાંનો ગોળ '' લગભગ પ્રથમ નંબરે આવતો. ગોપાલ ગોળ બહુ ખાતો હોવાથી મહારાજશ્રી એને ગંગામાનો ગોળ કહીને બોલાવતા હતાં. એજ ગોપાળ મોટો થયા પછી આશ્રમમાં પંદરસો રૂપિયા ખર્ચીને રંગ-રોગાણ કરાવીને ગોળનો વળતર ચુકવી આપ્યો હતો. રંગ-રોગાણ કરતી વખતે ખુટતા રૂપિયા ૬૦૦ મુંબઇ વસ્તા ભાનુશાલી દેવચંદ કરસનદાસ, ભાનુશાલી દેવચંદ હમીર, ભાનુશાલી નારાણજી કરસનદાસ તથા ખીચસી દેવજી તથા અન્ય સેવકો પાસેથી અનુદાન પ્રાપ્ત કરવામાં આવ્યો હતો.

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ર માનસ

અધ્યાય સાતમો

ગૌ સેવા યોગ



સમતામેં સતત રહેવે રૂડીયે સંતનસેં હેત
નેક કીસે નીંદે નહી લાભ ભજન કો લેત
લાભ ભજનકો લેત અન્યકો નહિ ઉપદેશે
શ્રી ગુરૂ ઓધવરામ આપ સમદ્રષ્ટિ દેખે
"અચલદાસ" ને સત્ય કહા નહિ સંદેહ યામેં
રૂડીયે સંતનસેં હેત રહે સતત સમતામેં

પરમપુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજ વિશે શ્રી અચલદાસજી એ કહ્યું છે કે, હે ગુરૂદેવ આપ ભજનાંદી છો, સમદ્રષ્ટિ છો, આપ સાધુઓ પર હેત વરસાવો છો. નથી કોઈની નીંદા તથા સ્તુતી કરતા નથી કોઈની સાથે રાગ નથી ધ્વેશ કરતા તેથી આપ સતત સમતામાં રહો છો.

રાગ : યમન તાલ : હીંચ

હરિહર નામની હો માળા છે ડોકમાં ઓધવરામ નામની હો માળા છે ...ડોકમાં
માળા ફેરવજોને મનને સમઝાવજો રહેવું ભજનમાં ભરપુર માળા છે ...ડોકમાં
એકલો નથી હું મારી સાથે ઈશ્વર છે મન ને સમઝાવજો જરૂર માળા છે ...ડોકમાં
સૌના અંતરમાં જઈને રેલાવજો સંધ્યાપાઠ ના સુર માળા છે ...ડોકમાં
ગુરૂ ગોવિંદના દર્શન થી આવે જ્ઞાન કર્મ ભકિતમાં પુર માળા છે ...ડોકમાં
હરિવસે હરિજનમાં "ભગતરામ" તું દોડે શા માટે દુર માળા છે ...ડોકમાં

એક કવિ મહારાજશ્રી જેવા સંતોના સમતાવાદ વિશે તથા એમના છુપા રહસ્યો કે જેને સમાજ તથા આલમ ઓળખી નથી શકયો એના વિશે કહે છે કે,

અનુકુળતામાં ચડયા નથી અને પ્રતિકુળતામાં પડયા નથી
એવા તો છે અનેક જે આલમને ઓળખાયા નથી

જેને આપણે સમજી શકયા નહિ ઓળખી શકયા નહિ જાણી શકયા નહિ એવા આપણા સંતશ્રી ઓધવરામ બાપા આપણને તથા હરિહર પરંમપરાને તથા સમસ્ત કચ્છની પ્રજાના સદ્‌ભાગ્યે મળ્યા એના કરતાં વધારે આનંદની વાત બીજી કંઈ હોઈ શકે ? અને આપણા સૌ કરતાં વધારે આનંદ મળ્યો હોય તો એવી વ્યકિતઓને મળ્યો છે કે જેણે મહારાજશ્રીના નેતૃત્વ હેઠળ રહીને આશ્રમની સેવા કરી છે. મહારાજશ્રીના પડયા બોલ જીલ્યા છે. જેણે મહારાજશ્રીની આજ્ઞા શીરો માન્ય કરી છે. તથા મહારાજશ્રીનાં વિચારોને સમજીને જેણે જીવનમાં ઉતાર્યા છે. એમાંથી એક છે. રતનાલનો આહિર સમાજ કે જેઓ મહારાજશ્રી સાથે રાસ રમ્યાં છે, ભજનો ગાયા છે, અને સાથે ફર્યા છે, અને

મહારાજશ્રીનાં ખુબ પ્રવચનો સાંભળ્યા છે. અને જીવનમાં ઉતાર્યા છે.

રતનાલનાં આહિર ભચુ ગોવિંદ વસ્તા શ્રધ્ધા અને વિશ્વાસથી કહે છે કે આજે પણ દર પૂર્ણિમાંની રાત્રે મહારાજ શ્રી રાસ રમવા વાંઢાય આવે છે. કારણ કે મહારાજશ્રી હતા ત્યાં સુધી દર પૂર્ણિમાંની રાતે મહારાસનુ આયોજન થતું હતું જેને મહારાજનાં પ્રસંગ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. જેનો પ્રેમ શંકા રહિત છે જેનાં મન બુધ્ધિ મહારાજશ્રી ને સમર્પિત છે એને પૂનમની રાતે અવશ્ય મહારાજ શ્રી ઓધવરામજીના દર્શન થાય છે.

આહિર ભચુ ગોવિંદ તથા એમનાં ભાઇ કાના ગોવિંદ વારા ફરતી વરસમાં ત્રણ-ચાર વખત એક સાથે બે મહિના સુધી રોકાઇને આશ્રમની સેવા કરતા હતા. એ સમયે ગાયોનો અવાળો ભરવામાં સાધુ સંતોને નાહવામાં તથા પાણી પીવા માટે ઓછામાં ઓછી(૨૦૦) બસો કાવડ પાણી લાગતું હતું જે પાણી ઇશ્વર સાગરમાંથી ભરવું પડતું હતું ભચું ગોવિંદના નાના ભાઇ શ્રી કાનાભાઇ એકલા દિવસમાં એકસો વીસ કાવડ ભરતા હતાં અને ભચુભાઇ પોતે બે હાથમાં બે બાલદીઓ લઇને પાણી ભરતા હતા.

ભચું ગોવિદના મોટા ભાઇ જીવરાજ આહિર સવારનાં ચાર વાગે ઉઠીને બાપાની પર્ણકુટીએ આવીને ઉંચે અવાજે ''સીતારામ'' નામની હાક પાડતા હતા એ સમયચે આશ્રમમાં સૌથી વહેલા ઉઠવાવાળા જીવરાજ હતા. મહારાજશ્રી એમને દરરોજ સવારે ચાર વાગે ચાર પેંડાનો પ્રસાદ આપતા. મહારાજશ્રી સૌ આશ્રમ વાસીઓને હરિહર કહેતા પણ જીવરાજને સીતારામ કહેતા. જીવરાજના મુખમાંથી નીકળતો સીતારામ શબ્દ મહારાજશ્રીને બહુ ગમતો એટલે મહારાજશ્રી જીવરાજને સીતારામ કહીને બોલાવતા સમ્યાંન્તરે જીવરાજનું નામ જ સીતારામ પડી ગયું.

આજે જીવરાજનો પરિવાર તથા સમસ્ત આહિર સમાજ જીવરાજને સીતારામ તરીકે ઓળખે છે. મહારાજશ્રી જીવરાજને સીતારામ કહીને બોલાવતા ત્યારે જીવરાજને ખુબ આનંદ થતો અને ધીરે ધીરે નામ પ્રમાણે ગુણોને આત્મસાત કરતાં કરતાં જીવરાજનું જીવન સીતારામ મય બનતું ગયું.

સીતારામ મૈ સબ જુગ જાની કરહુ પ્રમાણ જોરઈ જુગ પાની - સંત તુલસીદાસ

એમ કરતાં કરતાં પોતાનું શેષ જીવન ઇશ્વર આશ્રમની સેવામાં તથા મહારાજશ્રીના ચરણોમાં સમર્પિત કર્યુ.

વો કયા જાને ગુરૂકી બાતેં જડ, મુરખ અભિમાની
વો કરતે ફીરતે હૈ નિસદિન અપની હી મનમાંની
''ભગતરામ'' ગુરૂજ્ઞાન મીલા અબ કયા દુનિયાસેં કામ

- મનવા જપ લે ઓધવરામ

સતત અંહમના નસામાં રહેતા અને ગુરૂગ્રંથી થી પીડાતા તથા પોતાની જાતને સૌ કરતાં વધારે જ્ઞાની સમજતાં અને જયાં ત્યાંથી પોપટીનું અને અધકચરીયું જ્ઞાન ભેગું કરીને પોતાને મહાન પંડીત સમજતા લોકોએ જીવરાજ (સીતારામ) જેવા સેવા ધારીઓના જીવનનો અભ્યાસ કરવો જોઇએ તથા પરિવર્તન શીલ વ્યકિતઓ વીશે વિચારવું જોઇએ. જે સમાજ પાસેથી પોતાની જાતની સેવા કરાવવાને બદલે સમાજની સેવા કરે છે. એ આપણા પ્રશંસા કરતાં કરતાં દાદા મેકણ કહે છે.

લાલીયો મુજે લખેશરી મોતીયો મુજો ભા
મુછેંવારે કે ત અનીજે પુછમથા ધોરે કરીયા ધા

મેકણદાદા કહે છે. જો તમારા જીવનમાં સેવા-સમપર્ણના ગુણો ન હોય તો માગ તમારી મુછો ને અમારે કરવું શું ?

તુલસીદાસજી કહે છે,

ઢોર ઘડતા મનુષ્ય ઘડયો ભુલ્યો શીંગને પુછ
તુલસી હરિ ભકિત વીના ધીક દાઢી ધીક મુછ

તુલસીદાસજી કહે છે, મુછો તો શુરવીરને સારી લાગે સદ્‌ગુણીને સારી લાગે ભકતને સારી લાગે તથા સેવકને સારી લાગે. મુછથી માણસ સારો નહિ પણ માણસથી મુછ સારી લાગવી જોઇએ. શરીરનાં અંગો તથા આભુષણો સેવા થકી સારા લાગવા જોઇએ.

સમયને સમજવામાં જ સાર છે.

સમય સમય બલવાન છે નહિ પુરૂષ બલવાન
કાબે અર્જુન લુંટયો વોહિ ધનુષ્ય વોહી બાણ

સંત તુલસીદાસ કહે છે કે, સમયને ઓળખો સમયને સમજો અને જાણો તથા તક મળે તો સમયનો સદ્‌પયોગ કરી લ્યો એટલે કે, જાણી લ્યો આજે સમય આપણા હાથમાં છે આવતી કાલે સમય કદાચ આપણા હાથમાં નહિ રહે એથી પહેલા ધારેલું નિશાન પાર પાડી નાખવું એજ બુધ્ધીમાન માણસનું લક્ષણ છે. આજે જે ડુંગરા ઉંબરા જેવા લાગે છે તે આવતી કાલે ઉંબરા ડુંગરા થઇને ઉભા રહેશે. એથી પહેલા સમયને સામવી લ્યો. સમયને સાચવસો તો જ સમય તમને સાચવશે !!!

વાલી સમય ને ઓળખી શકયો નહિ એટલે જ એને કિષ્કંધાના રાજયમાંથી તથા પોતાની જાતમાંથી હાથ ધોવા પડયા સુગ્રીવની પત્ની તથા તેનું રાજય છીનવીને સુગ્રીવનો ભાઇ વાલી સુખચેનથી રહેવાનાં સપના સેવતો હતો. સુગ્રીવ પોતાનું રાજય તથા પત્નીને પાછી મેળવવા માટે અનેક વખત માંગણી કરવા આવ્યો હતો પણ વાલીના સૈન્ય સામે નમતું જોખીને તથા સમય અનુકુળ ન હોવાથી નિષ્ફળ થઇને ભાગી જવા સિવાય અન્ય કોઇ વિકલ્પ ન હતો. યોગાનું યોગ શ્રી રામ સાથે સુગ્રીવની મિત્રતા થઇ અને ત્યાર બાદ એક બીજાને મદદ કરવા વચનોની આપ-લે થઇ આજે ફરી અનેક વખત નિષ્ફળ થયેલો સુગ્રીવ પાછો કિષ્કંધા આવીને વાલીને પડકાર કરે છે. કનક અને કામીનીનાં મોહમાં અંધ થયેલો વાલી સુગ્રીવનાં પડકાર પાછળ છુપાયેલા નૈતિક બળને ઓળખી શકયો નહિ અને સુગ્રીવને મારવા ઉભો થયો. વાલી જેવો ઉભો થયો તેવો તારાએ એનો હાથ પકડી લીધો અને કહ્યું વાલી તું બેસીજા આજે સમય તારા પક્ષમાં નથી. સમયની ગતી આજે વિપરીત દીશા તરફ જઇ રહી છે. આજે તારો લડવાનો સમય નથી મરવાનો સમય છે. માટે જા અને સુગ્રીવની સાથે સુલેહની વાતો કર પણ વાલી સમયને ઓળખી શકયો નહિ અને અંતે એને રામના હાથે મરવું પડયું. સમયને સમજી લેવામાં સાર છે. નહિ તો સમયથી છુટા પડેલા તાજી ઘોડા જેવી સ્થિતી થશે.

રૂઢીઓમાં અટવાયેલો માણસ સમયથી છુટો પડી જાય છે

રૂઢીઓમાં આટવાયેલો માણસ સમયથી છુટા પડી જાય છે. પછી રૂઢીવાદીઓ એને વર-ઘોડાની જેમ મન ફાવે તેમ નચાવે છે કારણ કે ઘોડાના હાથમાં હવે સમય નથી પણ સમયના હાથમાં ઘોડો છે

ગામ વચ્ચેથી એક વર-ઘોડો જતો હતો. લગામ બીજાના હાથમાં સોંપી વર ઘોડા ઉપર નીઢ થઈને બેઠો હતો. આગળ પાછળ સ્વજનો સગા વ્હાલાઓ તથા બેંડબાજા વાળાઓ આવી રહ્યા હતા. એવામાં અચાનક એક મોટો ધડાકો થયો. અચાનક ધડાકો થવાની સાથે વર તથા ઘોડાને છોડી જાનૈયાઓ-સગાઓ તથા બેંડવાજાવાળાઓ બધા ઉભી પુંછડીએ નાઠાં પાછળ રહી માત્ર બે વ્યકિત એક વર બીજો ઘોડો. આશ્ચર્ય સાથે વર-ઘોડાને પુછે છે. હે ભાઇ ઘોડાજી ડરના માર્યા બધા ભાગી ગયા પણ તું કેમ ભાગ્યો નહિ ? ઘોડો કહે છે સાંભળ હું એક જમાનામાં ખ્યાતી પામેલો અશ્વ છું. હું મહારાણા પ્રતાપના ચેતકનો વંશ છું મે ઘણા રાજા-મહારાજાઓને યુધ્ધમાં મદદ કરી છે મારા પરિવારે યુધ્ધના મેદાનમાં બહુનામનાઓ મેળવી છે એટલું જ નહિ યાંત્રિક યુગમાં પણ એંન્જીનની શકિતનો માપ મારી શકિત (હોર્ષ પાવર)થી મપાય છે. મારી શકિતનો માપ માત્ર શુરવીરો જ જાણે છે. તારા જેવા તો મને આવતો જોઇને ઓટલા ઉપર ચડી જતા હતા. અને આજે એ બધા મારી પીઠ ઉપર વટથી ચડી બેઠા છે. મારી પીઠ તો શુરવીરની પીઠ છે. પણ શું કરૂં હવે હું લાચાર છું. મારા સંચાલકની આજ્ઞા સિવાય હું એક ડગલું પણ આગળ ભરી શકતો નથી. જયારથી હું સંચાલકના હાથમાં આવ્યો છું ત્યારથી હું હણહણાટી કરવાનું ભુલી જ ગયો છું કારણ કે વરઘોડાની વચ્ચે હણહણાટી કરવાની મારા સંચાલક તરફથી ખાસ મનાઇ કરવામાં આવી છે. મારી શકિત ઉપર હંમેશા શુરવીરનું શાસન ચાલતું હતું ત્યાં આજે કાયરોનું શાસન ચાલે છે. હવે તો મને કોઇને લાત મારવાની પણ મનાઇ છે. આડુ અવળું જોવાની પણ મનાઇ છે. ઘાસ ખાવાની છુટ છે પણ ચણા ખાવાની મનાઇ છે. પા પા પગલી કરવાની છુટ છે પણ દોડવાની મનાઇ છે. કારણ કે હવે મારો સમય બદલાઇ ગયો છે. હું આજે યુધ્ધ મેદાન છોડી ટાંગામાં જોતરાઇ ગયો છું સરકસમાં સપડાઇ ગયો છું, વરઘોડામાં ફસાઇ ગયો છું અને સાચું કહું તો હવે હું ટેવાઇ ગયો છું.

મારા સંતશ્રી ઓધવરામ સદ્‌ગુરૂ દેવા

રાગ : મળ્યો મનુષ્ય જનમ અવતાર

મારા સંતશ્રી ઓધવરામ સદ્‌ગુરૂ દેવા

તમેં ભાગો ભવભવના જનમના ફેરા
આપો ધન્ય જીવન થઇ જાય આશીષ એવા. મારાસંતશ્રી ઓધવરામ
જ૦મધરી જખૌમાં કીધો વાઢાયમાં વિશ્રામ
કામ સનાતન ધર્મના કરવા ગુરૂ કર્યા લાલરામ, ત્યાગી એવા ...મારા૦
બાલાપણમાં લગની લાગી જાગ્યા આતમરામ
જાય અજપા જપ્યા નિરંતર રામ રામ સીતારામ, ધ્યાની એવા ...મારા૦
ગંગાતીરે કરી સાધના બેસીને એકાંત
હરિદ્વારમાં આશ્રમ સ્થાપી કીધા અમારા કામ, હરિહરએવા ..મારા૦
પુન્યપ્રતાપે પ્રગટયા''ભગતરામ''ભનૂકુલ રવિભાણ
ધરમ કરમની દીશા બતાવી આપ્યા શુધ્ધ બુધ્ધ જ્ઞાન, જ્ઞાની એવા ...મારા૦

સુભાષિતકાર કહે છે,

દૃષ્યેતે ભુતિ મુહી નિંબતરૂવઃ કુ પ્રાપિતે ચંધ્ના
પાષાણેઃ પરિપૂરિતા વસુમતી વજામણી દુર્લભ
શ્રુયન્તે કરટા ડડરવા પ્રતિદીનં ચૈત્રે કૂહૂ કુંજીત
તન્મધે ખલ સકલ જગદીદ દ્વીતા ક્ષેતો સજજ્ઞા

સુભાષિતકાર કહે છે પૃથ્વી પર તમારે લીમડાના વૃક્ષો જેટલા જોવા હોય એટલા જોવા મળે પણ ચંદનના વૃક્ષો માંડ માંડ અને કયાં કયાંક જોવા મળશે તેવી રીતે સમગ્ર પૃથ્વી પથ્થરાઓ અને માટીના ઢેફાઓથી ઢંકાયેલી છે તેમાં તમને હીરા-રત્નો તથા મણી માંડ માંડ જડશે તથા કાગડાનો કર્કશ અવાજ તમને સાંભળવાની ઇચ્છા ન હોવા છતાંય પ્રતિદીન સંભળાય છે પણ કોયલનો મધુર સ્વર માત્ર ચૈત્ર માસમાં તથા ઉપવન જેવા યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે સાંભળવા મળે છે. તેવી રીતે દુષ્ટોનો આ દુનિયામાં તોટો નથી પણ સજન્નો માત્ર ગણ્યા ગાંઠયા તથા એને જાવાની દૃષ્ટિ હોય તો જ જોવા મળશે.

શમશાની વૈરાગ્ય વિશે શ્રી મેકણદાદા કહે છે કે,

સ્વાર્થ સારૂ સૌ કરે પરમાર્થ કરે ન કોય
હથ્થો છડીં મસાણમેં પ કોઆડો છડેન કોય

માણસો જયારે કોઇની સ્મશાનયાત્રામાં જાય ત્યારે અવરની કાયાને સળગતી જોઇને એક વખત સંસાર ક્ષણ ભંગુર લાગવા માંડે અને માયા ઉપરથી મોહ ઓછો થઇ જાય છે. માણસ એક વખત સંસાર ત્યાગ કરાવતા વિચારોની સાથે રહે છે. પણ જેવો સ્મશાનમાંથી બહાર આવે છે. તેવો એજનો એજ એના મુળ સ્વરૂપે વિચરે છે. કારણ કે સ્મશાનમાં રહીને એમણે માયાનો સંપૂર્ણ ત્યાગ કર્યો નથી. પ્રપંચરૂપી કુહાડામાંથી માત્ર હાથો કાઢીને એનો ત્યાગ કર્યો અને કુહાળો (પોતે) ઘેર લઇ આવ્યો અને એમાં નવો હાથો નાખી દીધો. એટલે જ મેકણદાદા કહે છે. કે સ્વાર્થ રહિત થવું બહુ અઘરું છે. કારણ કે આખો વિશ્વ જયારે સ્વાર્થમય હોય ત્યારે એનાં પ્રવાહમાં જોગી જતી સંત સાધુઓ પણ તણાઇ જાય છે. શ્રી બ્રહ્માંનદ સ્વામી કહે છે કે,

રાગઃ ખમાજ તાલઃ કેરવા

સ્વાર્થ કા વેહવાર જગતમે સ્વાર્થ કા વહેવાર
બીનસ્વાર્થ કોઇ બાતન પુછે દેખા ખુબ વિચાર ...જગતમેં૦
પુત્ર કમાઇ કર ધન લાવે માત કરત હૈ પ્યાર
પિતા કહે મેરો પુત્ર સુપુત્ર અકલમંદ હોશીયાર ...જગતમે૦
નારી સુંદર વસ્ત્ર આભુષણ માંગત વારંમ વાર
જો લાકર ધરનાં દેવે તો મુખડા દેત બિગાડ ...જગતમેં૦

પુત્ર ભયે નારી કે બસ મેં રોજ કરે તકરાર
આપ અપના ભાગ બટાકર હોવે ન્યારો ન્યાર ...જગતમેં。
જીનકો જાનત મિત પિયારે સો મતલબ કે યાર
''બ્રહ્માનંદ''છોડ દે મમતા સુમરો સરજન હાર ...જગતમેં。

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે હું આ વાત તમને ખુબ વિચાર કરીને કહું છું કે સંસારના ઘટકોમાં પતિ હોય કે પત્ની, પુત્ર હોય કે પુત્રવધુ, ભાઇ હોય કે મિત્ર, એ બધાનું જીવન સ્વાર્થમય હોય છે સર્વે કાર્ય જનાભિ રમતે તતઃ તસ્ય ક્રો વલભઃ બધા સંબંધીઓ સૌ પોત પોતાનું કારણ પકડીને ચાલે છે. એમાં કોણ કોને પ્રિય છે અને કોણ કોને અપ્રિય છે એ વિચારવા જેવી વાત છે.

સવંત ૧૯૯૬ નો મહાભયંકર દુષ્કાળ

આજથી ૭૫ (પંચોતેર) વર્ષ પહેલા સંવત ૧૯૯૬ માં કચ્છમાં ભીષણ દુષ્કાળ પડયો હતો. વરસાદ નો એક પણ છાંટો ન પડવાથી પૈસા ખર્ચવા છતાં પણ પશુઓ માટે ચારો અને માણસો માટે અનાજ મળવું ખુબ મુશ્કેલ હતું કઇ રીતે પશુઓ બચાવવા અને કંઇ રીતે પરિવાર બચાવવો. સામાન્ય માણસો માટે સૌથી મોટામાં મોટો એક જ સવાલ આવીને ઉભો હતો. એ સમયે પાટીદાર સમાજને સંતપથ પીરાણા પંથીઓમાંથી મુક્ત કરવાની ચડવડ જોર-શોરથી ચાલુ હતી. જેના લીધે મહારાજશ્રી ઉપર કામનો બોઝો ખુબ વધી ગયો હતો. જેના કારણે આશ્રમ આર્થીક સંકળામણ માંથી પસાર થઇ રહ્યો હતો. રોજ નવાનવા વિચારો નવાનવા આયોજનો તથા નવી નવી સમસ્યાઓનો સામનો કરવામાં જ મહારાજશ્રી સમય ખર્ચી નાખતા હોવાથી સેવકો સાથે સંપર્ક બહુ ઓછો થતાં મળતી સહાયમાં નોંધપાત્ર ઘટાળો થયો હતો. અને મહારાજ શ્રી સતત સનાતન ધર્મના આયોજન માં જ રચ્યા પચ્યા રહેતા હતા ત્યાં તો ઉપરથી પડયો દુષ્કાળ.

સૌથી પહેલા તો મહારાજશ્રીએ ગરીબોને મદદ આપવાનું ચાલુ કર્યુ જેના લીધે ગરીબોની સંખ્યામાં વધારો થતો ગયો. તેમ તેમ આશ્રમમાં ખર્ચનો પ્રમાણ વધતો ગયો. તિજોરીના તળીયા દેખાવા લાગ્યા. તેથી સેવકોએ આવીને કહ્યું મહારાજશ્રી આપણી તિજોરી હવે ખાલી થવા આવી છે. મહારાજશ્રીએ કહ્યું આપણી તિજોરી ભરેલી જ કયાં હતી ? રામકા ચીડીયા રામકા ખેત, ખા લો ચીડીયા ભરભર પેટ (ગુરુનાનક)

સમય અને સંજોગને ધ્યાનમાં રાખીને કામ કરવો એ મહારાજશ્રીનો મુખ્ય સ્વભાવ હતો. જેને અનુલક્ષીને મુંબઇ સ્થિત સેવકોને પત્ર દ્વારા દુષ્કાળની પરિસ્થિતી વિશે જાણકારી મોકલી આપતા હતા. બસ પછી તો આશ્રમમાં ન રહ્યો. પશુઓ માટે ચારો અને ન રહ્યો અનાજ સેવકોએ કહ્યું મહારાજશ્રી આપણા પડોશી ગામ કુરબઇ માં એક ખેડુત પાસે બાજરો છે. આપ કહો તો એમાં તપાસ કરીએ. મહારાજશ્રીની સહમંતી લઇને સેવકો ખેડુત પાસે ગયા અને ભાવતાલ કરીને બાજરો ખરીદી લીધો પણ ખેડુત ઉધાર આપવા તૈયાર ન થયો અને કહ્યું તમારી પાસે રોકડા રૂપિયા હોય તો જ બાજરામાં હાથ નાખજો નહિ તો નહિ !!!

પૈસા લીધા વગર બાજરો આપવો એ ખેડુતને પોષાતું ન હતું જયારે પૈસાના અભાવે ખેડુતના આંગણામાંથી ગાડા પાછા વાળવા એ મહારાજશ્રી ને પોષાતું ન હતું. હવે તો મહારાજશ્રી ચિંતામાં ઓર વધારો થયો. મહારાજશ્રી પાસે પ્રાર્થના નામની ગુરૂચાવી હતી. જયાં જયાં જરૂર પડે ત્યાં એનો સદ્ઉપયોગ કરતા સેવકોને કહ્યું, કે જયાં સુધી રૂપિયાની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તમેં ખેડુતના આંગણામાં જ રહેજો બાજરો લીધા વિના આપણને ખાલી હાથે પાછો આવવું નથી. એટલું કહીને મહારાજશ્રી પર્ણકુટીરમાં ગયા અને ઇશ્વરને પ્રાર્થના કરી.

રાગઃ ભીમાલાસ તાલઃ કેરવા

નાથ તમે નિર્ધનીયાનું નાણું એવી અખુટ હિરાની ખાણુ ...ટેક
કુંવરબાઇનું આવ્યું મામેરું નરશીંહ પાસે ન હતું નાણું
મામેરૂં લઇ પ્રભુ પધાર્યા સાચવ્યું વાલે ટાણું ...નાથ
માનવીનો જયારે મેળો ભરાણો નરસિંહનો નોતું ઠેકાણું
પોઠું લઇને પ્રભુજી પધાર્યા શેઠ શામળીયો કહેવાણું ...નાથ

મુકિતના ફળ મોંઘા મળે છે સસ્તું મળે છે નાણું
મીરાં માથે મહેર જ કીધી ઝહેર જાજેરો પીવાણું ...નાથ
ઘટઘટમાં ગોવિંદ બીરાજે ઠાલો નથી ઠેકાણું
સદ્‌ગુરૂચરણે બોલ્યા 'લાખો' આખી ઉંમરમાં ગવાણુ ...નાથ

પ્રાર્થના હજી સમાપ્ત થઇ ન થઇ ત્યાં તો દેશલપર પોસ્ટ ઓફિસમાંથી ટપાલી આવ્યો અને મહારાજશ્રી ના હાથમાં મોટી ધનરાશી ધરાવતું મની ઓર્ડર આપ્યું ત્યારે મહારજશ્રી એ ટપાલીને પુછયું કે, તું ખરેખર ટપાલી છે કે દ્વારીકાનો નાથ શેઠ શામળશા છે ? મને તો તું ટપાલી નથી લાગતો કારણ કે આવા ધંધા શેઠ શામળશા સિવાય બીજો કોઇ કરતો નથી !!!

એક દિવસ મહારાજશ્રીના તથા શ્રી રામજી ડોશા ગાયોની સેવામાંથી પરવારીને આશ્રમની બહાર બંને ધાર્મિક ચર્ચાઓ કરતા કરતા રાજમાર્ગ ઉપરથી જઇ રહ્યા હતા. એ સમયે બે ત્રણ માલધારીઓ હાડપીંજર જેવી થઇ ગયેલી ગાયોના ધણને ગાયો બચી જાય એ હેતુથી કચ્છ બહાર ગુજરાત તરફ હંકારી જતા હતા પણ ગાયો અશકત હોવાથી હાંકવા માટે ખુબ બળજબરી કરવી પડતી હતી. એ જોઇને મહારાજશ્રીથી સહન થયું નહી અને કહ્યું અરે મુર્ખાઓ જે ગાય ચાલવાને અશિક્તમાન છે એના ઉપર બળજબરી શા માટે કરો છો ? ગાયોની દશાને શું તમે નથી જાણી શક્તા ? એની પીઠ ઉપર લાકડીઓ ફટકારવાથી એના પગમાં જોર તો આવશે નહી પણ છે એના કરતાં વધારે નબળી પડશે.

મહારાજશ્રીના ઠપકાને માલધારીઓ ખુબ સારી રીતે સમજી શકતા હતા પણ પરિસ્થિતી સામે બિચારા લાચાર હતા. દુષ્કાળની ખાસિયત જ એ છે કે એમાં એક વખત ગાય બેસી જાય એના માટે મર્યા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી રહેતો. તે નિયમને ધ્યાનમાં રાખીને ગાયોનું જોશ અને જોમ ઓછું ન થાય અને ચાલતા ચાલતા હિંમતહારી જાય તેથી પહેલા ઘાસચારાની નજીક પહોંચી જવી.

માલધારીઓએ ગાયો ઉપર બળજબરી કરવાના સૌ નિયમો સમજાવતાં કહ્યુ કે, ગાયમાતાને વિના વાંકે મારવું એ મોટામાં મોટુ પાપ કહેવાય એટલી તો અમને પણ ખબર છે. એટલું જ નહિ ગાયો થકી અમે ઉજળા છીયે અને ગાયો જ અમારી આજીવિકાનું સાધન છે. એક વખત અમેં કદાચ ગાયોને દુખી કરી હશે પણ ગાયોએ અમને ક્યારે પણ દુઃખી કરી નથી. ગાય અમારી માતા છે. અમારી આંખની સામે અમારી માઁનું મૃત્યુ ભલા કઇ રીતે જોઇ શકીયે ?

માલધારીઓના લાગણી સભર શબ્દો સાંભળીને મહારાજશ્રીનું રૂદય ખુબ કરૂણા અનુભવવા લાગ્યું અને વાણી વિરામ પામી. ત્યારે મહારાજશ્રીએ મનમાં વિચાર્યું કે, હવે નથી રહ્યું કઇ બોલવાનું અને નથી રહ્યું કાંઇ સાંભળવાનું હવે રહ્યું છે તો માત્ર કરવાનું મહારાજશ્રી હળવે પગલે ગાયો તરફ વળયા અને હાડપીંજર જેવી દેખાતી ગાયોની પીઠ ઉપર પ્રેમાળ હાથ ફેરવતા ફેરવતા ધણની બરોબર વચ્ચે ચાલ્યા ગયા. મહારાજશ્રીના પ્રેમાળ હાથનો સ્પર્શ થતાં ગાયોમાં નવચેતનાનો સંચાર થયો અને સૌ ગાયો મહારાજશ્રી ને જોવા લાગી અને મહારાજશ્રી પણ ગાયોના ભવિષ્યને એકીટશે જોવા લાગ્યા. સુર્યનારાયણ અસ્ત થવાની તૈયારીમાં હતા, પક્ષીઓ સૌ પોત પોતાના માળામાં ગોઠવાતા હતા, એટલી વારમાં સંધ્યા આરતીનો મંદિરમાં ઘંટ વાગ્યો સૌ ભકતો મંદિરમાં આવીને પુજા-આરતી-પ્રસાદ તથા પંચામૃતનો લાભ લઇને પોતાના મુળ સ્થાને પાછા ફર્યા પણ મહારાજશ્રીના વિચારોને મુળ સ્થાને આવતા ખુબ વાર લાગી.

જગતમાં જે વિચારે છે. એજ સૌ કરતા વધારે દુઃખી છે કારણકે વિચારો એક વખત માણસને અસ્વસ્થ કરી નાખે છે. જયારે મુર્ખો જગતમાં સૌથી વધારે સુખી છે. કારણ કે એ વિચારતો નથી એટલે જ એના ઉપર ઘરની સમાજની કે પછી રાષ્ટ્ર કે ધર્મની જવાબદારી નથી !!! મુરખો આપ ભલા તો જગ ભલા નાં વિચારો સાથે હોય છે. કાં તો કહે છે કે મારા બાપનું શું ? કાં તો કહેશે મને કોઇની પડી નથી. એક કવિ કહે છે, મુર્ખાની સંપુર્ણ કાર્ય પધ્ધતિ ભુલ ભરેલી હોય છે પણ એણે બે કામ ચોક્સાઇ પૂર્વક કર્યા છે. એક તો જગતમાં આવ્યો અને બીજું ગયો. આવ્યો અને ગયો એ બે કામ છોડીને એ સંપુર્ણ જીદંગી અગ્યાનની પછેડી ઓઢીને સુતો હોય છે. એક સુભાષિતકાર કહે છે,

મુર્ખત્વં સુલભં ભજસ્ય કુમતે મૂર્ખસ્ય ચાષ્ટૌ ગુણા
નિશ્ચિન્તો બહુભોજનોઽતિમુખરો રાત્રિ દિવં સ્વપ્નભાક્ ।
કાર્યાકાર્ય વિચારણાંધબધિરો માનાપમાને સમઃ
પ્રયોગામયવર્જિતો દૃઢપુર્મૂર્ખઃ સુખં જીવતિ ।।

ભાવાર્થ :

રાગ : પરજ તાલ - હીંચ

મુરખો ઉંઘમાં જીવન વિતાવતો રે મુરખો રાચે છે અજ્ઞાન ...મુરખો.
મુરખાને ચીંતા નહિ કોઈ વાતની દિસતો ભોજનમાં હોશિયાર ...મુરખો.
મુંરખો બોલે બહુ વિણકામનુંરે કરતો રહે છે સદા બકવાસ ...મુરખો.
મરખો નિંદા કરે સારા શહેરની રે નહિ નીજની એને ભાન ...મુરખો.
મુરખો સ્વપ્ને સદા રમતો રહે કરતો કાર્ય નહિ એ લગાર ...મુરખો.
મુરખો કાર્ય અકાર્ય ન જાણતો સાંભળે ના કોઈની એવાત ...મુરખો.
મુરખો ભટકે બધે વિણ નોતરે રે એને માન અપમાન સમાન ...મુરખો.
મુરખો તનનો નીરોગી ભાસતો રે પુષ્ટી પામે પશુના સમાન ...મુરખો.
મુરખો અલ્પ સંતોષી થઈ માલતો રે ના સમજે કોઈ વેવારની વાત ...મુરખો.

મુર્ખાનું મુખ્ય લક્ષણ કે તે વિચારહીન હોય છે. જ્યારે સંતો પાસે વિચારવાની શ્રેણી હોય છે. સંતો વિચારો દ્વારા ક્રાંતિ સર્જે છે. જ્યારે મુર્ખાઓ વિચારો દ્વારા અંશાંતિ સર્જે છે.

મહારાજશ્રીને મુળ સ્થિતી ઉપર આવતા ખુબ વાર લાગી માલધારીઓને લાગ્યું કે મહારાજશ્રી હવે વિચારોમાંથી બહાર આવ્યા છે. એટલે બે હાથ જોડીને કહ્યું કે મહારાજશ્રી અમને આશીર્વાદ આપો કે જેથી અમેં અમારા નિશ્ચિત સ્થાન ઉપર સમયસર પહોંચી જઈએ. મહારાજશ્રીએ કહ્યું આજે તમેં અને તમારી ગાયોનું ધણ આપ બંને અમારા મહેમાન છો. આપણી સંસ્કૃતિના નિયમ પ્રમાણે મહેમાનોને ખાધા-પીધા વગર રજા અપાય નહી. તમેં તમારી ગાયોને આશ્રમમાં તેડી ચાલો. આપણે એની આઠ દિવસ સુધી સેવા કરીશું એમની ગયેલી શકિત ફરીથી પુનઃજીવિત થાય પછી એને તમેં તમારા નિશ્ચિત સ્થાને લઈ જજો. શ્રી કવિ કાગનું અતિથિ સંબધિત એક ભજન છે,

રાગ : પીલ્લુ તાલ - દિપચંદી

એ જી તારા આંગણીયા પુછીને જે કોઈ આવે રે આવકારો મીઠો આપજે રે જી.
એ જી તારે કાને રે સંકટ સંભળાવે તો બને તો થોડું કાપજે રે હો જી ...ટેક.
માનવીની પાસે કોઈ માનવી જો આવે એ જી તારા દિવસ જોઈને દુખિયા આવે રે ...આવકારો.
કેંમ તમેં આવ્યા છો એંમ નવ કહેજે એ જી એને ધીરે ધીરે બોલવા દેજે રે ...આવકારો.
વાતું એની સાંભળીને આડું નવ જોજે એ જી એંને માથું રે હલાવી હોંકારો દેજે રે ...આવકારો.
"કાગ" એને પાણી પાજે સાથે બેસીને ખાજે એ જી એને ઝાંપા સુધી મેલવા જાજે રે ...આવકારો.

સંત તુલસીદાસજીએ હનુમાન ચાલીસામાં જય હનુમાન જ્ઞાન, ગુણ સાગરનું ઉપનામ આપ્યું છે. ઈશ્વરજ્ઞાનના સાગર છે. પ્રેમના સાગર છે. અને કર્તવ્યના સાગર છે. ગીતામાં ભગવાને કહ્યું છે, મમૈવાંસો એટલે કે મારી શકિતનો તું એક ભાગ છે. તારાથી મારા જેટલું પરોપકાર ન થાય પણ મારા જેવું તો તું પણ કરી શકે છે. એ પ્રમાણેનું માલધારીઓ સાથેનું વર્તન જોઈને એક માલધારી બોલ્યો મહારાજશ્રી દુષ્કાળની સ્થિતી તો ઈશ્વરે નિર્માણ કરી છે. એમાં તમારા ઉપર બોજ બનીને અમેં આપને કઈ રીતે દુઃખી કરી શકીએ ?

મહારાજશ્રીએ કહ્યું મુર્ખાઓ અહીંયા જ તમારી ભુલ થાય છે. હું કંઈ નથી કરતો કરવા વાળો તો મારો રામ છે. ભકતકવિશ્રી નરસિંહ મહેતાએ કહ્યું છે કે,

'હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા સકટનો ભાર જેંમ શ્વાન તાણેં"

સાત્વિક માણસો "આપણે" શબ્દનો ઉપયોગ કરે છે.
રજો ગુણી માણસો "અમેં" શબ્દનો ઉપયોગ કરે છે.
તમો ગુણી માણસો "હું" શબ્દનો ઉપયોગ કરે છે.

નરસિંહ મહેતા કહે છે કે, અહંકારી માણસો હું કરૂં હું કરૂં ના શબ્દ પ્રયોગો દ્વારા લોકષણા પ્રાપ્ત કરવા અર્થે મીંથ્યા પ્રયત્નો કરતા હોય છે. એ જ એનું અજ્ઞાન છે.

દયા ધર્મકા મુલ હૈ પાપ મુલ અભિમાન
તુલસી દયાન છોડીયે જબ લગ ઘટમેં પ્રાણ

પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજીના વિચારો પ્રમાણિત એક ભજન છે.

રાગ : યમન (ગજબ હાથે ગુજારીને)

કરો સૌ જીવનું કલ્યાણ ઓધવરામ એજ સમજાવે
જીવ સૌ ઈષના સંતાન ઓધવરામ એ સમજાવે ...કરો.
કરે જે જીવપર પ્રિતી ખરા માનવની એ રીતી
અહિંસાના સુરો છેડી પ્રેમના ગીત ગાયે છે ...કરો.
વહે સૌ વેદની સાખા અમારી ગાય છે માતા
કતલ કીધા પછી આનંદ તમને કેંમ આવે છે ...કરો.
મનુષ્યના લાભની ખાતર પશુઓનું થયું સર્જન
અબોલાને મુંગા પ્રાણીને તું શાને સતાવે છે ...કરો.
અરે માનવ તું લે જાણી બચાવી લે ને તું પ્રાણી
કર્મયોગી ઉભો થઇ જા "ભગતરામ" શું વિચારે છે ...કરો.

મહારાજશ્રી ના વિચાર જાણ્યા પછી માલધારીઓને ખુબ સંતોષ થયો અને જીદંગીમાં પહેલી વખત જેના વાણી, વિચાર અને વર્તન એક છે. એવા સાધુના તેઓને દર્શન થયા.

કલીયુગનો પ્રભાવ

આજનો સમગ્ર માનવ સમુદાય વિચાર વાણી અને વર્તનથી છુટો પડતો જાય છે. નીજી જીવનની ઘડતર કર્યા વિના માત્ર ઢોંગ દંભ તથા ધતીંગ (સ્ટંટ)ના આધારે સમાજમાં બળજબરીથી પોતાને સ્થાપિત કરવામાં લેશમાત્ર પણ સંકોચ અનુભવતો નથી એનાં સંદર્ભમાં કવિશ્રી દાસ સત્તાર કહે છે કે,

કલીયુગ આવ્યો ખોટો ભાઇ કરીલ્યો સત્ય કમાઇ
મુકી દયોને માન બડાઇ નામ જપોને હરે હરે
ચતુરાઇ પોતાની બતાવે અજ્ઞાની થૈઇ જ્ઞાની કહાવે
લોકોને ઉંધું સમજાવે નામ જપોને હરે હરે
મુખતો મીઠુ મોરના જેવું ગરીબ થઇને ગામમાં રેહવું
મન છે આકળાને થોર જેવું નામ જપોને હરે હરે
નામના કરવા દાન કરે છે મોટાઇમાં માન ફરે છે
પછી માંસ મદીરા પાન કરે છે નામ જપોને હરે હરે
એવાથી તમેં ચેતજો ભાઇ ગુરૂ સાથે બાંધો સગાઇ
દાસ "સત્તાર" કહે સમજાઇ તમેં નામ જપો ને હરે હરે

કવિ કહે છે કે, એ પ્રમાણેના માણસો પોતાના પાપો તથા કુકર્મોને છુપાવવા માટે ધર્મનો સહારો લે છે. અજ્ઞાની હોવા છતાં જ્ઞાની થઇને ફરે છે અને વિશ્વાસ પાત્ર માણસોને ઉંધે રવાડે ચડાવે છે. અને ધર્મમાં ઉપચારિક

ચીલાઓ ચીતરતો હોય છે. કથા સત્સંગમાં ગયા પછી કપાળે મોટો અને ઢંગધડા વગરનો તિલક લગાડીને બેઠો હોય છે પણ ઘરે આવ્યા પછી માંસ-મદીરાપાન કરે છે. કારણ કે, એમની કરૂણા, દર્શન, યાત્રા, સત્સંગ જેવી સૌ ક્રિયાઓ ઢોંગ તથા દંભથી ખરડાયેલી હોય છે. એક કવિ કહે છે કે,

રાગ : દુર્ગા તાલ - કેરવા

કભી પ્યાસે કો પાની પીલાયા નહી બાદ અમૃત પીલાને સેં કયા ફાયદા ?
કભી ગીરતે હુએ કો ઉઠાયા નહી બાદ આંસુ બહાને સેં કયા ફાયદા ?
મૈં મંદિર ગયા પુજા આરતીકી આરતી કરતે હુએયે ખ્યાલ આ ગયા
કભી માઁ-બાપકી સેવા કીની નહી સીર્ક મંદિર જાને સેં કયા ફાયદા ?
મૈં સત્સંગ ગયા સંતવાણી સુની સંતવાણી સુનકર યે ખ્યાલ આ ગયા
મૈં માનવ હું લેકિન બનાહી નહી શીર્ક માનવ કહેલાને સેં કયા ફાયદા ?
મૈં કાશી ગયા હરિધ્વાર ગયા ગંગા ન્હાતે હુએ યે ખ્યાલ આ ગયા
તન કો ધોયા મગર મન કો ધોયા નહી ફીર ગંગા ન્હાને સેં કયા ફાયદા ?
મૈં દાન દીયા ઔર જપ, તપ, કીયા જપ, તપ, કરતે હુએ ખ્યાલ આ ગયા
કભી દુઃખીયો કી સેવા કીની નહી જપ, તપ, ધ્યાન ધરને સેં કયા ફાયદા ?

પ્રતિકુળતાને અનુકુળતામાં રૂપાંતર કરી નાખે એનું નામ સંત

દુષ્કાળની પરિસ્થિતીનો વ્યાપ જેંમ જેંમ વધતો ગયો તેંમ તેંમ મહારાજશ્રીની ચિંતામાં વધારો થતો ગયો. રાત્રે સપનામાં પણ હાડપીંજર જેવી નબળી અને અશકત ગાયો દેખાવા લાગી. એક દિવસ એવો વિચાર આવ્યો કે સમગ્ર કચ્છમાં તો એવા અનેક પશુપાલકો હશે અને એની પાસે વધુ પ્રમાણમાં પશુધન હશે. પણ દુષ્કાળ જેવી વિકરાળ અને ભયાનક પરિસ્થિતીનો સામનો ન કરી શકવાથી એમની નજર સામે એમનો જ પશુધન જયારે ભુખ અને તરસથી તરફડીયા મારતો મારતો મૃત્યુ સમીપ જતાં જોઇને એની શી દશા થશે ? એવા પ્રકારના વિચારોમાં ખોવાઇ જવાથી પ્રાર્થનામાં તે ધ્યાનસ્થ થઇ શકતા ન હોતા ત્યાં તો અચાનક ''આત્મસ્કુરણા'' થઇ કે ચિંતન-મનન-ધ્યાન એ તો સૌ આત્મકલ્યાણ અર્થ છે. પણ આજની પરિસ્થિતી સામે લડત આપવી એમાં જ ધ્યાન અને એમાં જ ચિંતન, મનન, સમાયેલા છે. આજે ધ્યાનમાં બેસવાનું નહિ પણ ધ્યાનથી દોડવાનું છે. આશ્રમવાસીઓને મહારાજશ્રીએ ખાસ શબ્દોમાં સુચના આપી કે જયાં સુધી દુષ્કાળનો પ્રભાવ રહેશે ત્યાં સુધી ભજન બંધ અને ગૌ સેવા ચાલુ. એટલુ કહીને મહારાજશ્રીએ પર્ણકુટીરના દ્વાર બંધ કરી દુષ્કાળ રાહતકાર્યમાં ઝપલાવ્યું. મુંબઇ તથા આસપાસના સેંકડો અનુયાઇઓને પત્ર દ્વારા જાણકારી આપવામાં આવી. જાણકારી મળવાની સાથે દાનનો પ્રભાવ ચાલું થયો. જરૂરતમંદોની જરૂરિયાતો સંતોષવા માંડી. આશ્રમની ખ્યાતી ચારે તરફ પ્રસરવા માંડી અને મહારાજશ્રી ઉપર પ્રસંશાનો ધોધ વરસ્યો અને અંતે શ્રધ્ધા અને વિશ્વાસની જીત થઇ. સંવત ૧૯૯૭માં મુશળધાર વરસાદ પડયો. ત્યાર પછી ઇશ્વર આશ્રમ વાંઢાયના સેવકો, શિષ્યો, અનુયાઇઓ, દાતાઓ તથા જરૂરતમંદો અને સ્વયંમ મહારાજશ્રીએ નિરાંતનો શ્વાસ લીધો.

અનુકુળતાને પ્રતિકુળતામાં ફેરવીનાખે એનું નામ ''બાવો''
પ્રતિકુળતાને અનુકુળતામાં રૂપાતંર કરી નાખે એનુંનામ ''સંત''

એ સમયે સૌ સેવકોએ મળીને રૂપિયા એક લાખ પાસંઠ હજારનું ફંડ એકત્ર કર્યુ હતું.

શ્રી ભાનુશાલી દ્વારો - નીરોણા

એ વખતે નીરોણા સ્થિત ભાનુશાલી દ્વારાના મહંત તરીકે સાધુ ચતુરદાસ હતા. તેઓશ્રી એ પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ પાસેથી દીક્ષા લઇને શિષ્યત્વ પ્રાપ્ત કર્યુ હતું. તે સાથે નીરોણાના ભગત નારાણદાસજીએ પણ કંઠી બંધાવીને શિષ્યત્વ પ્રાપ્ત કહ્યું હતું. સાધુ ચતુરદાસજીનો જન્મ સંવત ૧૯૨૯માં માતા ચાગબાઇ અને પિતા દોશાભાઇના ઘરે થયો હતો. માત્ર ચાર ચોપડીનો અભ્યાસ ધરાવતાં હોવા છતાંય ચતુરદાસજી વૈદિક પરંમપરાઓને જાળવવામાં ખુબ પારંગત હતા. તેમની ભાવના ૧૯૩૯ થી ૧૯૫૭ સુધી આશ્રમમાં હતી.

શ્રી ચતુરદાસજી મહારાજ માત્ર પાંસઠ વરસની આયુષ્ય ભોગવીને સંવત ૨૦૫૦ શ્રાવણ સુદ-૬ શુક્રવારના દિવસે મહા નિર્વાણ પામ્યા. એ અરસામાં હરિહર સંપ્રદાય સાથે જોડાયેલા તથા ગૌ સેવાના કાર્યમાં સદા તત્પર એવા શ્રી માતાજી લાલબાઈ માઁ, સંત સમાજ તથા ગામ પરિવારમાં અતિ લોકપ્રિય હતા. એમણે પોતાનું સંપૂર્ણ જીવન ધાર્મિક કાર્યોમાં તથા પરમાર્થીક કાર્યોમાં વિતાવ્યું હતું. 'ગૌ સેવા પરમો ધર્મ' એમનું ગુરૂમંત્ર હતું. ઓગણીસો છન્નુના દુષ્કાળ વખતે શ્રી લાલબાઈ માઁ (કે જે લાલુમાઁ ના હુલામણા નામે ઓળખાતા હતા.) એમણે પચાસ હજાર રૂપિયાનું ફાળો એકત્ર કરીને ગૌ-સેવા સમર્પિત ઉમદા ભાવના દર્શાવી હતી. શ્રી લાલુમાઁએ પોતાના અંતિમ સમયે ભજન ગાતાં ગાતાં દેહત્યાગ કર્યા હતો.

હરિહર સંપ્રદાય એવી તો અનેક વિરલ વ્યક્તિઓ સાથે સંકળાયેલો છે. તેમાં પણ નીરોણાનો ઈશ્વર આશ્રમ વાંઢાય સાથે આત્મીય સંબંધ હોવાને નાતે ગુરૂકુળમાં પણ સૌથી વધારે વિદ્યાર્થીઓ નીરોણાનાં ગામમાં જ ભણતા હતા. મહારાશ્રીના અતિપ્રિય શિષ્ય શ્રી રામજીડોશા પણ નીરોણાનાં હતા.

પરમપુજ્ય મહારાજશ્રી ઓધવરરામજી નું સંઘર્ષમય જીવન હોવાથી એમની કથા પણ સંઘર્ષમય બની રહી છે. એમના જીવનમાં વારંમવારે એકાદ ઘટના આવીને ડોકીયું કરી જતી હતી. તે સિવાય ખાનાપંથીઓના આયોજનમાં ક્યાંક કચાસ ન રહી જાય એના વિશે સતત જાગ્રત રહેતા હતા. પાટીદાર સમાજને પીરાણાપંથમાંથી સનાતન ધર્મમાં લઇ આવવું એ જ એમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. તેથી ગામડે ગામડે તથા તપોભુમિમાં મહત્વના આયોજનો થતા રહેતા જેના લીધે અવાર નવાર પીરાણાપંથના કાર્ય સાથે સંકળાયેલા સર્વ કાર્યકરો મહારાજશ્રીને મળવા અચુક આશ્રમમાં આવતા.

ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.

એ સમયે દેશલપરમાં પીરાણાં પંથીઓનો પ્રભાવ ખુબ વધારે હતો. એક દિવસ દેશલપર ગામની ભેંસો ચરાવતો મગોરબારી અને વાંઢાયના દરબારો વચ્ચે ઇશ્વરસાગરની વાત ઉપર થી ઝગડો થયો. કારણ કે મગો રબારીનો મહારાજશ્રી સાથે વૈચારીક મતભેદ હોવાને લીધે અવાર નવાર આવીને પોતાના બળનું પ્રદર્શન કરવા અર્થે ઇશ્વરસાગરમાં ભેંસો છોડી દેતો અને કોઇ કહેવા જાય તો એની સામે થતો. એક વખત મહારજશ્રી પોતે સમજાવા ગયા તો એમની સામે પણ ગમે તેમ બોલવા લાગ્યો.

મગાનાં વર્તન ઉપરથી મહારાજશ્રી સમજી ગયા કે એની પાછળ કોઇ ત્રીજું બળ કામ કરી રહ્યું છે. મગો જે ભાષા વાપરી રહ્યો છે. એ ભાષા મગાની નથી !!! છતાં પણ મહારાજશ્રી એ મગાને સમજાવવામાં કોઇ કસર છોડી નહિ પણ મગો, મગો જ રહ્યો. મહારાજશ્રીએ કહ્યું જો મગા ઇશ્વરસાગરનું પાણી પીવા માટે છે. એ પાણીની શુધ્ધતા જાળવાઇ રહે એટલા માટે અમેં પણ એમની અંદર કોઇ દિવસ નાહ્યા નથી અને તું એમની અંદર ભેંસો છોડી દે છે. એ યોગ્ય ન કહેવાય.

આટલું સમજાવ્યા છતાં મગો પીરાણાપંથીઓની ચડામણીથી પોતાની આદત મુજબ અવાર નવાર ભેંસો છોડી દેતો હતો. પછી તો ધીરજનો અંત આવ્યો. એક દિવસ વાંઢાયના દરબારો સૌ મહારજશ્રી પાસે આવ્યા અને કહ્યું કે મહારાજશ્રી આપની આજ્ઞા હોય તો મગાને અમેં અમારી રીતે સમજાવી લઇએ. મહારાજશ્રીએ કહ્યું ભલે, કારણ કે મગાની હરકતોથી મહારાજશ્રી પોતે ત્રાસી ગયા હતા. આઠ દિવસ રહીને મગાએ ફરીથી ઇશ્વર સાગરમાં ભેંસો નાખી પણ મગાને એ ખબર ન હતી કે મારી અવળ ચંડાઇનો આજે છેલ્લો દિવસ છે. મગો ઇશ્વરસાગરની પાળ પર બેસીને બીડી પીતા પીતા આકાશ તરફ ધુમાડા કુંકી રહ્યો હતો. એટલી વારમાં તો દરબારો આવી પહોંચ્યા. અને મગાને પકડી લીધા પછી વાંઢાયથી દેશલપર સુધી દોરડા વડે બાંધીને મારતા મારતા આવ્યા અને ત્યાં એક લીંબડાના ઝાડ સાથે બાંધી દરબારો પાછા આવી ગયા અને ભેંસોને તળાવમાંથી બહાર કાઢીને ગામથી પાંચ ગાઉ દુર જંગલમાં વિપરીત દિશામાં છોડી આવ્યા.

રાત્રે દેશલપર ગામ આખું ભેગું થયું અને ગામના મુખીયાની હાજરીમાં તથા સૌની સહમતીથી એક જાહેરનામું બહાર પડયું કે, આજથી દેશલપર ગામ દ્વારા ઇશ્વરઆશ્રમ વાંઢાયનો બહિષ્કાર કરવો. આખી રાત ગામ સભા ચાલી અંતે પરોઢે ચારવાગે ગામનાં ભોપલા હરિજનને બોલાવીને કહેવામાં આવ્યું કે ભોપલા તારે આખા ગામમાં સાદ પાડીને જાહેરનામુ જાહેર કરવાનું છે, સવારના સાત વાગ્યા ત્યારે ભોપલા એ સાદ ફેરવ્યો જેમાં કહ્યું કે, સાંભળો,

સાંભળો, સાંભળો આજથી સૌ દેશલપર વાસીઓ ઇશ્વરઆશ્રમનો બહિષ્કાર કરે છે. જેમાં કહ્યું,

(૧) વેપારીઓએ કરીયાણાનો સમાન વેંચાતો આપવો નહિ.

(૨) ઘંટીવાળાએ લોટ દળવો નહિ અને શાકભાજીવાળાએ શાક વેંચાતો આપવો નહિ

(૩) લાકડાના વેપારીઓએ લાકડા આપવા નહિ તથા મોચીએ જોડા સિવવા નહિ.

(૪) ગામના કોઇપણ મજુરે સદનવાડીમાં મજુરી કરવા જવું નહિ.

(૫) જે પણ કોઇ ગામના મુખીયાના નિર્ણયનો અમલ નહિ કરે એને આકરી સજા થશે.

(૬) અને અંતે આશ્રમ સાથે કોઇ પણ પ્રકારનાં સંબંધો રાખવા નહિ.

સમાજમાં ઘણાં માણસોને બુરૂ બોલવાની તથા બુરૂં કરવાની ટેવ હોય છે. સંસારમાં એવા તો ઘણા અભાગીયા માણસો છે, જે મન, વાણી અને કર્મથી સારાં કામો નથી કરી શકતા. પણ વગર સ્વાર્થે બીજાનું બુરૂં ઇચ્છતા હોય છે.

ભોપલાએ જયારે બહિષ્કારનો સાદ ફેરવ્યો ત્યારે તે વધુ પડતો ઉત્સાહીત જણાતો હતો. સંસારમાં ઘણા માણસો એવા છે કે તે બીજાના ચડાવ્યા ચડી જાય છે પણ સજા ભોગવતી વખતે તે એકલા પડી જાય છે. પરિણામે પોતાનાં જ જીવનમાં વિઘ્નો ઉભા કરે છે. એક સુવિચાર છે કે, પરહીત જોવાવાળાનું જ હીત થાય છે. સંસારમાં ત્રણ પ્રકારના માણસો હોય છે. (૧) ગુણ ઉપર અવગુણ કરવાવાળા (૨) ગુણ ઉપર ગુણ કરવાવાળા (૩) અવગુણ ઉપર ગુણ કરવાવાળા.

પરમ પુજય સંતશ્રી ઓધવરામ મહારાજને જયારે બહિષ્કારની ખબર પડી ત્યારે એમનું અંતઃકરણ બહુ દુઃખી થયું. તેથી એક સદ્‌ગુરૂને શોભે એવો સમજાવટનો માર્ગ તૈયારી કરીને દેશલપરના મુખીયાને મળ્યા અને શાંતિભંગ ન થાય એના વિશે નમ્રતા પૂર્વક ચર્ચા કરી પણ કોઇ આશાવાદી માર્ગ દેખાયો નહિ એમ કરતાં કરતાં પાંચ મહિના વિતી ગયા. મહારાજશ્રી જેમ જેમ નમ્ર થતાં ગયા. દેશલપર ગામવાસીઓ તેમ તેમ ઉપર ચડતાં ગયા. જયારે જયારે સુલેહની વાર્તા થાય ત્યારે તેઓ મહારાજશ્રી સામે તોછડાઇ ભર્યા વર્તન દ્વારા એમનું અપમાન કરી લેતા. કારણ એ સૌ ખાનાપંથી હતા.

મહારાજશ્રી ને એક દિવસ વિચાર આવ્યો કે ખાનાપંથીઓ સાથે વેર બાંધવાથી ખાનાપંથીઓ સનાતન ધર્મમાં નહિ આવે. તો તો મારું આયોજન અધુરું રહી જશે. માટે કોઇ પણ પ્રકારે ખાનાપંથીઓ સાથે સુલેહ થાય એમાં જ એનું હીત છે. મહારાજશ્રીએ ભુજના કલેકટર શ્રી તુલસીદાસ મુલજી શેઠને ખેપીયા દ્વારા પત્ર મોકલીને હકીકતથી વાકેફ કર્યા. મહારાજશ્રીનો પત્ર પહોંચતાની સાથે કલેકટરશ્રીએ પોલીસ મોકલી આપી. પોલીસ આવ્યાના સમાચાર મળતાની સાથે મુખીયા અને એના સાગરીતો શોધ્યા ન શોધાય એવી જગ્યાએ છુપાઇ ગયા. દુકાનવાળા પણ આડા અવડા થઇ ગયા. પણ મગો અને ભોપલો એ બન્ન પોલિસનાં હાથમાં આવી ગયા હવે શું થશે ? એની સૌને ખબર હતી કારણ કે, કલેક્ટરશ્રી (T.M.C.) મહારાજશ્રીનાં શિષ્ય હતા. તેથી મહારાજશ્રી સાથે અસભ્ય વર્તન કરવા બદલ ભોપલો હરિજન અને મગા રબારીને ખુબ દુઃખ થયું અને પોતાને માફ કરીને છોડી દેવા માટે પોલીસ સામે કરગરવા લાગ્યા. એટલીવારમાં તો વાંઢાયથી મહારાજશ્રી પણ આવી પહોંચ્યા અને મગા તથા ભોપલાના માથે હાથ ફેરવતાં કહ્યું કે, તમે ડરોમાં આ બધું એક બીજાની ગેરસમજથી થયું છે. મહારાજશ્રીએ મગાને કહ્યું કે, હથિયાર કરતા હાથો વધુ ગુનેગાર છે. માટે કોઇ દિવસ હાથો બનવું નહિ, હવે જોઇલે તને શુળીએ લટકાવીને બધા ભાગી ગયા કે નહિ ?

પરિણામ શુન્ય કર્મો કરવાથી માણસ થાકી જાય છે.

બહિષ્કાર (પ્રતિબંધ) હટી ગયા પછી એક સભાનું વાંઢાયમાં આયોજન થયું જેમાં દેશલપરના સૌ ગ્રામજનો તથા ખાનાપંથીઓ પણ આવ્યા હતા. જેમાં મહારાજશ્રીએ સભાને સંબોધિત કરતાં કહ્યું કે, આ ઝગડો ઇશ્વરસાગર અને ભેંસોનો નથી તથા મગા રબારી અને દરબારોનો નથી આ ઝગડો સનાતન ધર્મ સ્થાપિત કરવાનાં મુદ્દે છે આપણા સૌને હજી ખાનાપંથીઓ સામે લડત આપતા આપતા ઘણા કષ્ટોનો સામનો કરવો પડશે. અને પ્રતિબંધ દરમ્યાન વાંઢાયના દરબારશ્રીઓએ સદનવાડી તથા ફાર્મવાડીમાં જે મજુરી કરી છે તેનાં પરિણામ સ્વરૂપે હું તેમને આશીર્વાદ આપું છું કે, આજ પછી વાંઢાય ગામમાં કોઇ પણ સદ્‌સ્યને મજુરી કરવાનો સમય નહિ આવે.

મહારાજશ્રીના આશીર્વાદથી આજે વાંઢાય ગામ સુવિચાર સુસંસ્કાર તથા સુલક્ષ્મીથી છલોછલ ભરેલું છે.

પક્ષી હોય કે માણસ સમાજ બધાનો એક સરખો છે.

બાણ છુટયું હાથથી પક્ષી પડયું વૃક્ષથી
નીરખી તડફતું જોઇને હણનારનું અંતર બળે
પાછળ પસ્તાવો કરે એવી દયા ને શું કરે ?

માણસ યુવાનીના નશામાં કે પછી અજાણ અવસ્થામાં હિંસા કર્યા પછી પસ્તાવો કરે તો એ પસ્તાવો કર્યાથી વળે શું ? મહારાજશ્રી કહેતા હતા કે કોઈપણ કાર્યનો આરંભ કર્યાથી પહેલા એને સો વખત વિચારો અને પછી પગલું ભરો. ત્યારબાદ એના પરિણામની રાહ જુઓ. પ્રતિદીન પરિણામ શુન્ય કર્મો કરવાથી એક દિવસ માણસ થાકી જાય છે. શ્રી બ્રહ્માનંદ કહે છે કે, પાપ કર્મ છુટે નહિ તનસે કૈસે હોય સુધાર પિચારે. એક કવિ કહે છે કે,

રાગ : યમન (મુજે હૈ કામ ઇશ્વરસે)

ગજબ હાથે ગુજારીને... પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું ?
વિચાર્યું નહિ લગુ વયમાં પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઈ નવ જાણે જનેતાનાં જણ્યાથી શું ?
દુઃખી વખતે નહિ દીધું પછી ખોટી દયાથી શું ?
સુકાણા મોલ સૃષ્ટીના પછી વૃષ્ટી થયાથી શું ?
ન ખાધું કે ખવરાવ્યું પછી મોટા બનયાથી શું ?
કવિ ''પીંગલ'' કહે પૈસો મુવા વખતે મળયાથી શું ?

એક વખત પરમ પુજય મહારાજશ્રી નિત્ય ક્રમ પ્રમાણે સાંજના પાંચ વાગે ઇશ્વર આશ્રમથી બહાર ફરવા જતાં હતા. રસ્તામાં એમને ભચુ-કુલી સાથે મુલાકાત થઈ. ભચુ શિકારી છે. એની ખબર હોવા છતાંય મહારાજશ્રીએ પૂછયું કેમ ભચુ હમણાં તું શું કામ કરે છે ? ભચુએ કહ્યું મહારાજશ્રી હું તો શિકાર કરુ છું ને પરિવાર ચલાવું છે. ન કરવા જેવા કામો કરવાવાળા વિશે એક કવિ કહે છે કે,

હાલ શું પુછી રયા છો તમેં અમારા કામના
અમેં આયનાઓ વેંચીયે છીએ આંધળાના ગામમાં

શિકાર કરીને પેટ ભરવું એ આંધળાના ગામમાં અરીસા વેંચવા જેવું છે. સંત તુલસીદાસજી કહે છે,

તુલસી ગરીબન સંતાપીયે બુરી ગરીબકી હાય
મુવા ઢોર કે ચાંમસે લોહા ભષ્મ હો જાય

પોતાની પ્રસંશા કરતા ભચુએ મહારાજશ્રીને કહ્યું હું ધાર્યું નિશાન પાર પાડી શકું એવો નિશાનેબાજ શિકારી છું. મારી કમાનમાંથી નીકળ્યો તીર હજી સુધી ખાલી હાથે પાછો નથી આવ્યો. આકાશમાં ઉડતાં પંખીને વિંધી નાખવાની મારી પાસે કલા છે. એ કલાનો ઉપયોગ કરીને હું મારા પરિવારનું ભરણપોષણ કરૂં છું મહારાજશ્રીએ કહ્યું ભચું શિકારી પોતે એક દિવસ શિકાર બની જાય છે એની તને ખબર છે ? ભચુએ કહ્યું મહારાજશ્રી એ શિકારી હું નહિ એ બીજા કોઇક હશે. મહારાજશ્રીએ કહ્યું ભચું સામે એક ઝાડ દેખાય છે. એ ઝાડ ઉપર એક નર,અને એક માદા અને એના બે બચ્ચાં બેઠા છે. એ ચાર પક્ષીઓમાંથી તું કોઇ એક ને વિંધી નાખ મારે તારી કલા જોવી છે. ભચુએ નિશાન સાધ્યું પણ સફળતા મળી નહિ બીજી વખત સાધ્યું, ત્રીજી વખત સાધ્યું પણ સફળતા મળી નહિ ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે ભચુ તું હજી એક વખત વિચાર કરી લે કે શિકારીનું શિકાર થાય કે નહિ ? ભચુએ કહ્યું થાય બાપા થાય આપણા વડીલો કે આપણા બાળકોને કોઇ મારી નાખે તો આપણને દુઃખ થાય કે નહિ ? ભચુએ કહ્યું થાય, મહારાજશ્રીએ કહ્યું તો સમજી લે કે પશુ હોય, પક્ષી હોય, કે માણસ હોય સંસાર બધાનો એક સરખો છે. લાગણી તથા મમત્વ બધાના એક સરખા છે. સંસારની રચના કરતી વખતે પરમાત્માએ સ્થુલ ભેદ કરી રાખ્યા છે. પણ બધામાં અંશ તો ઇશ્વરનો જ છે.

સ્થુલભેદને અંશભેદ્ ન કહી શકાય. એક કવિ કહે છે આસપાસ આકાશમાં વિશ્વપતિનો જ વાસ છે.

પીપરમેં આય પાણ (પોતે) બાવરમેં નાય બેયો
નીમમેં આય નારાયણ ત પોએ કંઢેમેં આય કેયો ?

મહારાજશ્રીની ઉપદેશાત્મક વાણી સાંભળીને ભચુએ તીર-કમાન મહારાજશ્રીના ચરણોમાં ધર્યા અને પ્રતિજ્ઞા લીધી કે આજ પછી હું મજુરી કરીને મારા પરીવારનું ગુજરાન ચલાવીશ પણ શિકાર તો નહી કરું. બસ પછી તો જે સામેં મળે એને ''માઁ આંકે ભચુ કુલી જા હરિહર'' ''બાપા આંકે ભચુ કુલી જા હરિહર'' કહેતા કહેતા પોતાનું જીવન મહારાજશ્રીના ચરણોમાં સમર્પિત કરી દીધું.

બાપા ઍઈં ત કમાલ કેંઆં

આપણા ઇશ્વર આશ્રમના માલિકી હેઠળ ''સર'' નામનું એક ખેતર છે. એક દિવસ પરમ પૂજ્ય મહારાજશ્રી ખેતરમાં આંટો દેવા જતાં હતાં. રસ્તામાં અલી શાડ નામનો આડુ (બકરી ચરાવવા વાળો) માથે હાથ રાખી બેઠો હતો. મહારાજશ્રી અલીને સારી રીતે ઓળખતા હતા. તેથી એમની પાસે ગયા અને પુછ્યું કો અલી મથે તે હથ રખી વઠો ઍઈયેં ? અલીએ કહ્યું કુરો કરીયાં મારાજ બકરીયું મડે ખારાય વૈઇયું. ભાવાર્થ : બકરીઓનો દુધ ખારો થઇ ગયો છે. આવું ચાલશે તો બકરીઓ બધી મરી જશે. મહારાજશ્રીએ આશ્વાસન આપતાં કહ્યું કે, અલી મુંજો ચેયો કને ? અલીચેં કો ન કરીયાં ? તું સુણ મુંજી ગાલ. આજથી તારી બકરીઓ અને બકરીનાં બચ્ચા એમાંથી કોઇપણ કાસાઇ વાડે ન જવા જોઇએ. આ વાત તને કબૂલ છે ? અલીએ કહ્યું, 'જી મહારાજ મને કબુલ છે. તો કર અખતરો.

અલી માલિકનું નામ લઇને વાસણમાં બકરી દોહી ને ચાખી. જોયું તો દુધ મીઠું !!! અલીએ મહારાજશ્રીને પગે લાગીને કહ્યું ''બાપા ઍં ત કમાલ કેંઆ''

રાગ : ભીમાલાસ તાલ-કેરવા

ઓધવરામ કરે કામ એવા કરી તો જુઓ. કરી તો જુઓ કામ કરી તો જુઓ ... ઓધવ.
તમે છો વાંઢાયના વાસી ગુરુની ગાદી દીપાવી, સાધના કરીને સિધ્ધી મેળવી જુઓ ... ઓધવ.
ગુરુના વચનો શીરધારી ભૂલ્યા એને માર્ગ બતાવી, ધર્મ ધુરંધર એવા બની તો જુઓ ... ઓધવ.
શ્રીમંત સૌથી સારા તોયે ફર્યા પગપાળા, સરલ સ્વભાવે જીવન જીવી તો જુઓ ... ઓધવ.
નાના હોયે કે મોટા સૌને એ સરખા ગણતા, એક એક પ્યાલે અમૃત ભરી તો જુઓ... ઓધવ.
ધ્યાનમાં સમાધી લાગી હરિ દ્વારે જોયું જાગી, અ ભોમકામાં જઇને આશ્રમ ચણી તો જુઓ... ઓધવ.
જીવન તમારૂં જોયું ''ભગતરામ'' મનડું મોહ્યું રામના સ્વરૂપે માનવ બની તો જુઓ ... ઓધવ.

પરિવર્તન સંસારનો નિયમ છે.

કચ્છની ભૌગોલિક સ્થિતી મુજબ વરસાદની અછત હંમેશને માટે રહી છે. જેના પરિણામે ગામડાના ખેડુતો તથા મજુર વર્ગ શહેર તરફ ખેંચાય છે અથવા તો જ્યાં પાણીની વ્યવસ્થા દેખાય છે ત્યાં સ્થળાંતર કરે છે. આજથી અંદાજે એક સો એંશી વરસ પહેલા નાંઘ્રા ના રહેવાસી મહારાજશ્રી ઇશ્વરરામનાં પિતાજી હંસરાજ કટારીયા દુષ્કાળનો સામનો ન કરી શકવાથી બાળ ઇશ્વરરામ ને તેડીને સીંધમાં સ્થળાંતર થયા અને એમના કુટુંબીઓ અબડાસા તાલુકામાં નદીનાં કાંઠે આવેલા ભવાનીપુર ગામે સ્થળાંતર થયા. ગામની જમીન ફળદ્રુપ હોવાથી ભવાનીપુર ગામ પેદાશની દ્રષ્ટિએ અબડાસા તાલુકામાં એક નંબર ગણાતો હતો. ભાનુશાલી સમાજના દાતા શ્રી લાલજી મુલજી શેઠીયા પણ ભવાનીપુર ગામનાં હતા તથા આર્ય સમાજ પ્રેરીત ગુરૂકુલના (ભવાનીપર) સંસ્થાપક ''શ્રી હરભોલે બાપા'' પણ ભવાનીપુર ગામનાં હતા. આજે એ ગામમાં શ્રી મોમાય માઁ નું ભવ્ય અને શિખરબધ્ધ મંદીર ભકતો માટે દર્શન કરવાને અતિ ઉત્તમ સ્થળ ગણાય છે.

એક દિવસ પરમ પુજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજ ભવાનીપર પધારવાના છે. એવો સંદેશ લઇને બે-ત્રણ મહારાજશ્રીના સેવકો આવીને ગામનાં પટેલને મળ્યા. તે વખતે ભવાનીપુરમાં શ્રી કલ્યાણજી વેલજી શેઠીયા લગ્ન પ્રસંગે વીસ જણના પરિવાર સાથે દેશમાં આવ્યા હતા. ગામમાં કોઇ દુકાન ન હોવાથી પડોશી ગામ મોથાળામાંથી ખાવા-પીવાની તમામ વ્યવસ્થા કરી ને લાવ્યા હતા. શ્રી કલ્યાણજી ભાઇને જયારે ખબર પડી કે આપણા ગામમાં

દસ-બાર ભકતો સાથે મહારાજશ્રી આવવાના છે. ત્યારે તેમને ખુબ આનંદ થયો. તરત જ દોડીને ગામના અગ્રણીઓ પાસે ગયા અને હાથ જોડીને કહ્યું કે ' આપ સૌની ઈચ્છા હોય તો બપોરના મહાપ્રસાદની સેવા કરવાનો મને અવસર આપો.' સંત તુલસીદાસ કહે છે કે,

પક્ષી પાની પીનસેં ઘટે ન સરિતા નીર
ધર્મ કીયો ધનના ઘટે સહાય કરે રઘુવીર

મહારાજશ્રી પોતાના પ્રવચનમાં ઘણીવાર કહેતા કે ખરચ્યું તે ખોયું, બચાવ્યું તે બીજાનું અને આપ્યું તે આપણું નીતિશાસ્ત્રના નિયમ પ્રમાણે આપવાથી ઘટતું નથી પણ વધે છે. !!! શ્રી કલ્યાણજી ભાઈએ મહાપ્રસાદની જવાબદારી પોતાનાં ઉપર ઉપાડી લેતાં ગામમાં આનંદની લહેર ફરી વળી અને સૌ ગ્રામજનો મહારાજશ્રીનાં સ્વાગત કાર્યમાં જોડાઈ ગયા. બરોબર બપોરના એક વાગે મહારાજશ્રીની ગામમાં પધરામણી થઈ અને ભાઈઓ અને બહેનોએ મંજીરા અને તબલાના તાલ સાથે તાલ મેળવીને સામૈયા માં જોડાયા.

રાગ : ભીમપ્લાસ તાલ-હીંચ

શેરી વળાવી સજ કરૂં ઘરે આવોજી મારે આંગણીયે પથરાવું ફુલ ...મારે ઘરે આવોજી.
ઉતારા દેશું ઓરડે ઘરે આવોજી દેશું દેશું મેળી ના મોલ ...મારે ઘરે આવોજી.
દાંતણ દેશું દાડમી ઘરે આવોજી દેશું દેશું કણેરી ની કામ ...મારે ઘરે આવોજી.
નાવણ દેશું કુંડીયું ઘરે આવોજી દેશું દેશું ગંગાજલ નીર ...મારે ઘરે આવોજી.
ભોજન દેશું લાપસી ઘરે આવોજી દેશું દેશું કઢીયલ દુધ ...મારે ઘરે આવોજી.
મુખવાસ દેશું એલચી ઘરે આવોજી દેશું દેશું તે પાન પચાસ ...મારે ઘરે આવોજી.
"મહેતા નરશી"ના સ્વામી શામળા ઘરે આવોજી તમેં આવો તો રમીયે રાસ ...મારે ઘરે આવોજી.

રાગ : પદાળી તાલ-હીંચ

ગુરૂજીના નામની હો માળા છે ડોકમાં નારાયણ નામની હો માળા છે ડોકમાં.
જુઠું બોલાય ના ખોટું લેવાય ના અવળું ચલાય ના હો માળા છે ડોકમાં.
ક્રોધ કદી થાય ના પરને પીડાય ના કોઈને દુભવાય ના હો માળા છે ડોકમાં.
પર ને પીડાય ના હું પદ ધરાય ના પાપને પોષાય ના હો માળા છે ડોકમાં.
ધન સંઘરાય ના એકલા ખવાય ના ભેદ રખાય ના હો માળા છે ડોકમાં.
સુખમાં છલકાય ના દુઃખમાં રડાય ના ભકિત ભુલાય ના હો માળા છે ડોકમાં.
બોલ્યું બદલાય ના ટેકને તજાય ના બાનુ લજવાય ના હો માળા છે ડોકમાં.
"હરિહરાનંદ" કહે સત્ય ચુકાય ના નારાયણ વિસરાય ના હો માળા છે ડોકમાં.

રાગ : પરજ તાલ-હીંચ

તારવા તારવા તારવા છબીલો લાલ આવ્યા શ્રી ગોકુળ તારવા
વસુદેવ દેવકી ઘરે જનમ ધરીને નંદજીની ધેનું ચારવા ...છબીલો.
ટચલી આંગળીયે ગોવર્ધન તોડયો ભુમિનો ભાર ઉતારવા ...છબીલો.
માસી પુતનાના વાલે પ્રાણ જ હર્યા મામા તે કંસને મારવા ...છબીલો.
વલભના સ્વામી પ્રભુ રસીક શીરોમણી દરસન કરીને દુઃખ ટાળીયા ...છબીલો.

રાગ : પરજ તાલ-હીંચ

બોલમાં બોલમાં બોલમાં રે... રાધા કૃષ્ણ વિના બીજું બોલમાં ...ટેક.
સાકર શેરડીનો સ્વાદ તજીને... કડવો લીમડો ઘોળમાં રે ...રાધા.
ચાંદા સુરજનો તેજ તજીને... અગીયા સંગાથે પ્રિત જોડમાં રે ...રાધા.

મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર શરીર મળ્યું સમતોલમાં રે ...રાધા.

રાગ : પરજ તાલ-હીંચ

નંદલાલ નહીં રે આવું ઘેર કામ છે, મારી તુલસીની માળામાં શ્યામ છે રે ...નંદ.
આ તીરે ગંગા વાલા આ તીરે જમુના વચમાં ગોકળીયું ગામ છે રે ...નંદ.
ગામના વલોણા મારા મહીંના વલોણા મહીંડા વલોવ્યાની હામ છે રે ...નંદ.
વનરાવનમાં રાસ રચાયો... સોળસો ગોપીની સાથે કાન છે રે ...નંદ.
મીરાંબાઈ ગાયે વાલા ગીરીધર નાગર ચરણ કમલ ચિત્ત શ્યામ છે રે ...નંદ.

રાગ : પીલ્લુ તાલ-હીંચ

ખમ્મા મારા નંદજીના લાલ મોરલી ક્યાં રે વગાડી ...મોરલી.
બેડા મેલ્યા છે મેં તો સરોવરની પાળે હીંદોળી આંબલાની ડાળ ...મોરલી.
માખણ મેલ્યા છે મેંતો સીકા ઉપર ઝુલતા માખણ મીંદણા ખાય ...મોરલી.
મહેતા નરસિંહના સ્વામી શામળીયા તમેં આવો તો રમીયે રાસ ...મોરલી.

ગામમાં પ્રવેશ કરતી વખતે એક બહેન સ્વયંમથી સજાવેલી આરતીની થાળીમાં ઘીનો દીવો પ્રગટાવીને મહારાજશ્રીના સ્વાગતના પ્રતીક સ્વરૂપે આરતી ઉતારીને કપાળે તિલક કરતી વખતે ગીર્દીમાં એક છોકરીનો ધક્કો વાગી ગયો અને થાળી પડતા પડતા બચી ગઇ પણ એ બહેન પોતાના સ્વભાવના પ્રદર્શનમાંથી બચી શક્યા નહિં અને જે બાળકીનો ધક્કો વાગ્યો હતો એને ખુબ કટુ વચન કહ્યા. જે વચનો પરમ પુજ્ય મહારાજશ્રી એ પણ સાંભળ્યા પણ કાંઇ બોલ્યા નહિં. સ્વાગત વિધી સંપન્ન થયા પછી ગામના અગ્રણીઓ સ્વયંમ્ સેવકો તથા મહારાજશ્રી સાથે આવેલા ભકતો સૌ મહાપ્રસાદ લેવા માટે શ્રી કલ્યાણજી ભાઇના ઘેર આવ્યા. દુરથી રસોઇની સુગંધ આવતા સમજાઇ ગયું કે આજની રસોઇ મુંબઇથી આવેલી રસોઇ નિષ્ણાંત બહેનોએ બનાવી છે. સુગંધમાં અનેક ગુણો સમાયેલા છે. સુગંધ ભુખને ઉદીપ્ત કરે છે તથા ભોજનમાં રૂચી પેદા કરે છે. જેવી રીતે વરસાદ આવ્યાથી પહેલા માટીની સુગંધ આવવી જોઇએ. સુર્ય આવે એથી પહેલા એના કિરણો આવવા જોઇએ. રાજા આવે એથી પહેલા એમનાં છડીદારો આવવા જોઇએ. સંતો આવે એથી પહેલા સંતોના કાર્યની સુગંધ આવવી જોઇએ. તેવી રીતે ભોજન આવે એથી પહેલા એની સુગંધ આવવી જોઇએ.

હરિહરની હાકલ પડી અને સંતો-ભકતો અને સેવકો સૌ પંગતમાં ગોઠવાઇ ગયા. એક સમૃધ્ધ વ્યકિતને શોભે એવા પ્રકારની બનાવેલી રસોઇ થાળીઓમાં પીરસવામાં આવી. અગાઉની સુચના મુજબ મહારાજશ્રી માટે બાજરાનો રોટલો, શાક અને છાસ ની થાળી પીરસવામાં આવી. સૌથી પહેલા ભગવાનને ભોગ ધરાવવામાં આવ્યો. પછી સૌ સાથે મળીને ભગવાનને આવહાન કર્યુ.

રાગ : પદાળી તાલ - હીંચ

મારા હરિ મંદિરમાં થાય થાળી મારા પ્રભુ મંદિરમાં થાય થાળી તમેં જમોને મારા વનમાળી
લાડવા લાપશી ચણાની દાળ વાલા (૨) પાપડ પુરી માંહે વડીનો વગાર
ઉના ઉના ભોજન ટાઢા થાય વાલા (૨) સાદ કરે જશોદા માય ...મારા.
લોટો ભર્યો જલ જમુનાને નીર વાલા (૨) આચમન કરો મારા બલભદ્ર વીર ...મારા.
લવીંગ સોપારી ને જાયફળ જોડ (૨) મુખવાસ લ્યો મારા રાય રણછોડ ...મારા.
શેરીયેં શેરીયેં પડાવું સાદ વાલા (૨)જેણે ન લીધો હોય તે લેજો પ્રસાદ ...મારા.
સ્વર્ગા પુરમાં થાળી થાય વાલા (૨) ભુતનાથ ચરણે "અખૈયો" ગુણ ગાય ...મારા.

પંગત શરૂ થઇ પીરસવાવાળા પીરસતા હતા. જમવાવાળા જમતા હતા. બનાવવાવાળા બનાવતા હતા. તે દરમ્યાન શ્રી કલ્યાણજી ભાઇ ધીરે ધીરે મહારાજશ્રી પાસે ગયા અને નમ્રતાપૂર્વક ધીમે સ્વરે પુછ્યું મહારાજશ્રી થોડો ખીર ખપશીં અચાં ? મહારાજશ્રી એ કહ્યું ખીર શા માટે ? હું તો તમે બનાવેલી બધી વાનગીઓ ખાઇશ પણ મારો

પસંદગીનો ખોરાક બાજરાનો રોટલો છે, કેમ કે, આપણા કચ્છના ખેડુતો દિવસ રાત ખેતરમાં મહેનત કરે છે ત્યારે માંડ માંડ એને બે વખતનો રોટલો મળે છે. એવી પરિસ્થિતિમાં હોવા છતાં ઘેર કોઈ સાધુ આવે તો દુકાનવાળા પાસે જાય અને ઉધારમાં મિષ્ટાન બનાવવાનો સામાન લાવે અને સાધુઓ માટે શીરો બનાવે. હવે તમેં જ વિચાર કરો કે ઉધારમાં લાવેલી સામગ્રીમાંથી બનાવેલો શીરો મારા ગળા નીચે ઉતરે કેમ ? એટલે જ મેં નક્કી કર્યુ છે કે... જ્યાં જવું ત્યાં માત્ર બાજરાનો રોટલો જ ખાવું કારણ કે એ મારા પરિવારને પોષાય એવી વાનગી છે અને એમાંથી મને બધા સ્વાદ મળી રહે છે. !!! અને પછી મહારાજશ્રી એ શેઠીયા પરિવારે બનાવેલી સંપુર્ણ વાનગીઓ ખાઈને ખુબ આશીર્વાદ આપ્યા. જે આશીર્વાદનો પ્રભાવ આજે પણ યથાવત રહ્યો છે. !!!

આપણા ઘરમાં આવેલી કન્યા એ સાક્ષાત દેવી છે.

યત્ર નાર્યસ્તુ પુજ્યતે તત્ર રંમતે દેવતા જ્યાં સ્ત્રીઓનું સન્માન છે. ત્યાં જ ઈશ્વર છે. એટલું જ નહીં કન્યા એ આપણા ઘરની શોભા છે તથા ઘરનો શણગાર છે.

મહાપ્રસાદનો કાર્યક્રમ પુર્ણ થયા પછી મહારાજશ્રીએ થોડો આરામ કર્યો અને પછી સાંજે ચાર વાગે રામ મંદિરની સામે સત્સંગ સભાનું આયોજન થયું. જેમાં મહારાજશ્રીએ ગામમાં પ્રવેશ કરતી વખતે થયેલા કડવા અનુભવની યાદ આપતા કહ્યું કે, આપણે કન્યાઓનું વાણી દ્વારા વારે ઘડીયે અપમાનજનક શબ્દો ઉચ્ચારીને એની તરફ નફરતની લાગણી ઉપજાવીએ છીએ. એ આપણા સૌના માટે યોગ્ય નથી. બાળક હોય કે બાળકી એમના તરફ જોવાનો દ્રષ્ટિકોણ એક સરખો હોવો જોઈયે. એમને બાળકોની જેમ શિક્ષણ આપો. શિક્ષિત મહિલા જ પોતાનાં બાળકોને શિક્ષિત બનાવવામાં યોગ્ય સાબિત થાય છે. બાળક અને બાળકી વચ્ચે ભેદ રાખશો તો ભગવાન નારાજ થશે. હું જયાં જાઉં છું ત્યાં સ્ત્રી શિક્ષણ વિશેની વાત અવશ્ય કરૂં છું. સમાજના વિકાસને ગતિ આપવા માટે સ્ત્રી અને પુરૂષ બંનેની આવશ્યકતા છે. એકલા પુરૂષોથી સમાજ નહીં ચાલે. આજે તમેં સૌ મારા ઉપર પ્રેમ છે એટલે ઘરને તાળા મારીને આવ્યા છો. તો આજે તમેં સૌ મારી સામે હાથ ઊંચા કરીને ભગવાનની સામે સોગંદ લ્યો કે આજ પછી અમેં કોઈ બાળક અને બાળકી વચ્ચે ભેદ રાખશું નહીં. સૌએ મહારાજશ્રીના કહેવા પ્રમાણે સોગંદ લીધા ત્યારે મહારાજશ્રીએ કહ્યું, 'જો જો તમેં એક બાવાની સામે સોગંદ લઈ રહ્યા છો. વચનભંગ કરશો તો એનું પરિણામ સારૂં નહીં આવે.'

મુંબઈનો તેતર મારો

મહારાજશ્રી ઓધવરામજી કહેતા હતા કે,

કઈ લોગો કે યે ધંધે રચાતે ફાંસી કે ફંદે
હીરન કો માર કર પંજે મોઝ મીલકે ઉડાતે હૈ

પ.પુજ્ય શ્રી ઓધવરામજી તપોભૂમિ (સાધના કુટીર) માં વાંઢાય નિવાસી મંગલજી ખાનજી સાથે બેસી સત્સંગ કરતાં હતા. એટલામાં એક પારાધી આવ્યો. જે પારાધીને મંગલજી ખાનજી ઓળખતા હતા. મહારાજશ્રી પાસે આવીને પારાધીએ કહ્યું કે, 'હે ભગવંત આજથી ત્રણ દિવસ પછી મારા ઘેર મારી દીકરીનાં લગન છે. માટે આપશ્રી મને મદદ કરો.' મહારાજશ્રીએ પુછ્યું, 'કેટલા રૂપિયા જોઈએ' ? પારાધીએ કહ્યું, 'સો' હજી અડધો કલાક પહેલા જ મુંબઈથી એક ભાઈ આવીને મહારાજશ્રીના ચરણોમાં સો રૂપિયા રાખી ગયો હતો. મહારાજશ્રીએ એજ રૂપિયા પારાધીને આપી દીધા. બાજુમાં બેઠેલા મંગલજીએ ઈશારા દ્વારા સાચી પરિસ્થિતિ સમજાવવાની ઘણી કોશિશ કરી પણ મહારાજશ્રીએ ધ્યાન આપ્યું નહીં. પારાધીના હાથમાં રૂપિયા આવ્યા ને તરત જ ભાગી ગયો. ત્યાર પછી મંગળજીએ કહ્યું, 'મહારાજશ્રી પારાધીના લગન જ નથી થયા. પછી એની છોકરી કયાંથી આવી ? હું એને સારી રીતે ઓળખું છું.' મહારાજશ્રીને થોડો ગુસ્સો આવ્યો અને કહ્યું, 'રૂપિયા મારા છે અને મેં આપ્યા એમાં મેં ખોટું શું કર્યુ છે ? મને ખબર છે પારાધી તીતરમારો છે !!!

નિત્ય ક્રમ પ્રમાણે બીજા દિવસે પાછા મહારાજશ્રી પાસે મંગળજી આવ્યા ત્યારે મહારાજશ્રીએ કહ્યું, 'મંગલજી ગઈકાલની ઘટનાની તમેં નોંધ તો નથી લીધી ને ?' હવે તમને એક બીજા પારાધીની વાત કરૂં !!! ગઈ કાલે મારા ચરણોમાં જે ભાઈ ૧૦૦ રૂપિયા રાખી ગયો હતો. એ ભાઈ પણ એક મોટો પારાધી છે. આ પારાધી અહીંયા તેતર મારે

છે. પેલો પારધી મુંબઇમાં માત્ર તેતર નહીં પણ તેતરો મારે છે. હવે જો મુંબઇવાળા તેતરમારાના રૂપિયા આપણી પાસે રહે તો આપણને પણ તેતરો મારવી પડે. એના કરતાં મેં વિચાર્યુ કે તેતરમારાના રૂપિયા તેતરમારાને આપી દયો. પછી તો ન રહેગા બાંસ ને ન બજેગી બંસરી !!!

અનીતિથી આવેલું ધન રહે વર્ષ પાંચ કે સાત
દ્વાદસ વર્ષકે અંતમેં જડ મુળસેં જાત

શાસ્ત્રકારો કહે છે કે અનીતિથી આવેલા ધનનો સંગ્રહ કરવો જોઇયે નહીં. મહારાજશ્રી કહેતા હતા કે સંઘરવાથી સડો પેદા થાય છે. કુવા માંથી જેમ જેમ પાણી વપરાતો જાય છે. તેમ તેમ એની શુધ્ધતામાં વધારો થતો જાય છે. માટે ધનને સંઘરશો નહીં. લક્ષ્મી અને સરિતાનું પાવિત્રય ગતિમાં છે. સંઘરવામાં નથી.

પુઅ રૈં વારી વાય

એક વખત પરમ પુજય સંતશ્રી ઓધવરામજીને ધ્યાન બહાર રાખીને નાગીયારીના માણસો રાતના સમયે ખડામાંથી બાજરો ચોરાવી ગયા. બીજા દિવસે મહારાજશ્રી ગાડું જોડીને નાગીયારી ગયા. ત્યાં મહારાજશ્રીના આવવાના સમાચાર મળતા સૌ કોઇ ડઘાઇ ગયા. ગામના આગેવાન ઇબ્રાઇમ ભચુએ ગામવાસી તથા બાજર ચોરોને બોલાવીને કહ્યું કે, 'તમેં બધા સમજી જાઓ અને જેવા મહારાજ આવે તેવા સૌ ગામવાસીઓ યથા યોગ્ય દક્ષિણા રાખીને સૌ એના પગમાં પડો. કારણ કે આ કોઇ સામાન્ય બાવો નથી. એક મહાન તપસ્વી સાધુ છે. એ જે ધારે તે કરી શકે છે. માટે સમય વર્તે સાવધાન થાઓ.' નહિ તો આપણા ઉપર મોટી આફત ઉતરશે.

મહારાજશ્રીએ સૌને કહ્યું કે, 'છોકરાઓ તમે મારા પગમાં પૈસા શા માટે રાખો છો ? મને તમારા રૂપિયાની કોઇ જરૂર નથી. મને તો તમેં જે મારો બાજરો ચોરાવી ગયા છો. એ જ મને પાછો આપો.' ગામના આગેવાને કહ્યું, 'બાજરો તો અમેં પાછો રાખવા તમારી સાથે જ આવીયે છીએ અને પૈસા પણ.' મહારાજશ્રીએ કહ્યું, 'તમારા ગામમાં પાણીની સગવડ નથી માટે મારા ચરણોમાં રાખેલા પૈસાથી એક કુવો ખોદાવો અને ગામ માટે પાણીની વ્યવસ્થા કરો.' એટલું કહી મહારાજશ્રીએ રજા લીધી. અને જતા જતા કહેતા ગયા કે કુવા માટે ખુટતા રૂપિયા હું તમને આપીશ.

ઘણાં વર્ષો પછી ફરી ચોરી થઇ અને ફરી પાછા મહારાજશ્રી નાગીયારી આવ્યા અને ગામના આગેવાનોને ભેગા કરીને કહ્યું, 'આજે તમેં ફરી બીજી ભુલ કરી છે.' મહારાજશ્રીએ કહ્યું, 'નીતિ એમ કહે છે કે કોઇ માણસ એક વખત ભુલ કરે તો તેને માફ કરી દેવાય અને એજ ની એજ ભુલ માણસ બીજી વખત કરે તો એને સજા થવી જોઇયે. આજે હું તમને સજા સંભળાવવા આવ્યો છું કે સૌ ગામવાસીઓ તમેં જે કુવાનું મીઠું પાણી પીઓ છો. એ કુવાનું પાણી આજથી તમેં પી નહીં શકો !!! બસ તે દિવસથી એ કુવામાં એટલા (પોયરા) જીવડા થયા કે કોઇપણ માણસ એનું પાણી પી શક્યો નહીં !!! તે દિવસથી એ કુવાનું નામ પડ્યું પુંઅરા (જીવડા) વાળી વાવ

નારાયણ સરોવરની પ્રદક્ષિણા

એક વખત મહારાજશ્રી દ્વારા નારાયણ સરોવર તીર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા સાધુ-સંતો જોડાયા હતા. વળતા ઘનાવાળા ગામે બપોરના એક વાગે આવીને સૌ રોકાયા હતા. ઘનાવાળા મહારાજશ્રીના મોસાળનું ગામ હતું. સમાચાર મળતાની સાથે સૌ ગ્રામજનો મોટા ફળીયામાં એકત્ર થયા અને બપોરના જમ્યા પછી એક સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહારાજશ્રીએ સંતોની ભૂમિકાનો સચોટ ખ્યાલ આપતા કહ્યું હતું કે, (સંત એક આંબાના વૃક્ષ સમાન છે. એ જેંમજેંમ ફળતો જાય તેંમતેંમ નમતો જાય. બીજાને કઇ રીતે ઉપયોગ થવું એ આંબાના ઝાડના સ્વભાવમાં છે. જે સ્વભાવ આંબાના ઝાડ પાસે છે. એ સ્વભાવ એરંડા પાસે નથી. એરંડો જેમ ફળે એમ ઊંચે ચડે પણ સંતો એનો પણ તિરસ્કાર કરતાં નથી. એરંડાને કઇ રીતે ઉપયોગમાં લેવો એનું જાણકારો (તજ્જ્ઞ) પાસે સંપુર્ણ જ્ઞાન હોય છે. સૌ પ્રથમ એરંડાના "બી" ને પીળી એમાંથી તેલ કાઢે છે. પછી એ તેલનો દીવો પ્રગટાવી મેષ જમા કરે છે. પછી એ મેષને ગાયના ઘીમાં નાખીને ઘુંટવાથી કાજલ તૈયાર થાય છે. એ કાજલને આંખમાં નાખવાથી આંખની બળતરા દુર થાય છે અને દૃષ્ટિમાં વધારો થાય છે. સંતો એવા તો અનેક પ્રકારના એરંડાનું કાજલમાં રૂપાંતર કરી

નાખે છે. મહારાજશ્રીનું સુચનાત્મક પ્રવચન સાંભળી ગામના માણસોને ખુબ આનંદ થયો પણ પદયાત્રાના કારણે, મહારાજશ્રીના પગ બહુ કણસતા હતા. તેને જોઇને મહારાજશ્રીના પારિવારીક મામા શ્રી દેવચંદ નેણસીએ એક મીઠો ઠપકો આપતા કહ્યું હતું કે, મહારાજશ્રી એક ટાણા ઉપવાસ તથા પદયાત્રાઓ કરીને શરીરને વધુ કષ્ટ આપવો એ આપશ્રીના માટે ઉચિત નથી. કારણ કે આગળ જતાં આપને સમાજના તથા ધર્મના ઘણાં કામો કરવાના છે. શારિરીક શકિત ઓછી થઇ જાય તો આપના દ્વારા આરંભેલા સઘળા કાર્યો અધુરા રહી જશે. શરીર એક સાધન છે. એનું જતન કરવું ખુબ જરૂરી છે. આજ સુધી તમેં ઘણાં પડકારો જીલ્યા છે અને હજી ઘણા જીલવાના બાકી છે. જેના માટે શરીરનો સાથ ખુબ મહત્ત્વનો છે. ત્યાર પછી પરમ પુજ્ય મહારાજશ્રીએ ઉપવાસ તથા એકટાણાં કર્યા નહીં. માત્ર પદયાત્રાઓ કરતાં હતા. એક વખત ચાર ધામની યાત્રા પણ પગપાળા કરી હતી.

દૈહિક દૈવિક ભૌતિક તાપા રામરાજ્ય નહીં કાહુહિ વ્યાપા

રામ રાજયમાં પ્રજાનું નિરામય જીવન હતું. ઋતુઓ સમય પ્રમાણે બદલતી હતી તથા પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણને અતિ મહત્ત્વ આપવામાં આવતું હતું તથા બ્રહ્મચર્ય આશ્રમ-ગૃહસ્થાશ્રમ-વાનપ્રસ્થ આશ્રમ અને સંન્યાસ આશ્રમ પોતપોતાના ધર્મ પ્રમાણે કાર્યરત હતા. ગુરૂઓ તથા માતા-પિતાની આજ્ઞાનું સંપુર્ણપણે પાલન થતું હતું. પ્રજાની ઇશ્વર ઉપર શ્રદ્ધા હોવાથી વેર-ઝેર તથા ગૃહ કલેષનું નામો નિશાન ન હતું. પરિણામે સૌ સુખની અનુભૂતિ કરતાં હતાં. આટલું બધું સુવ્યવસ્થિત હોવા છતાં પણ ધોબીઓ પોતાનું નિશાન પાર પાડી લેતા હતાં. ધોબી એટલે કોઇ જાતિ નહીં પણ નીંદક એવો એનો અર્થ થાય છે. એક કવિ કહે છે કે,

નિંદા અમારી જે કરે એ મિત્ર ભલે ને હોય
સાબુ લેવે ગાંઠકા ઔર મેલ હમારા ધોય

ધોબી (નીંદક)ના કારણે રામ રાજ્યમાં જે ઘટના ઘટી એનું નામ રામાયણ. એક ધોબી દ્વારા ઘટેલી ઘટનાને સમાજ ભુલી શક્યો નથી. કારણ કે, સંસારનું બીજું નામ "ઘટના ચક્ર" છે. પ્રત્યેક માણસને પ્રતિ દિન નાની-મોટી ઘટનાઓનો સામનો કરવો જ પડે છે. ઘટનાને જીરવવા માટે મક્કમ મનોબળ હોવું જરૂરી છે.

મહારાજશ્રી ઓધવરામજી પાસે ઘટનાને પડકાર ફેંકવાની ખુબ હિંમત હતી. તેથી જ તેઓ ઘટનાને ઘટના ન સમજતા વરદાન સમજતા હતાં. મહારાજશ્રી કહેતા હતા કે ઘટનામાંથી આપણને ઘણું શીખવાનું હોય છે. ઘટેલી ઘટનાને પ્રભુનો પ્રસાદ સમજીને સ્વીકારી લેવાથી ઘટનાનો પ્રહાર હળવો બને છે. મહારાજશ્રી ઘણી વખત ભજનમાં કહેતા કે ઘટના જો પોતાના સ્થાન ઉપર અડીખમ ઊભી હોય તો આપણે પણ આપણા સ્થાન ઉપર અડીખમ ઊભા રહેવું જોઇએ.

ગરૂડ અને સર્પની મુલાકાત

સ્થાનમ્ પ્રધાનમ્ ન પુરૂષો પ્રધાનામ્ સ્થાને સ્થિતો કા પુરૂષો ભી સુર
જાનામી નાગેન્ધ્ર તવ પ્રભાવમ્ કંઠે સ્થિતો ગર્જસી શંકરસ્ય

પુરાણોમાં એક કથા છે કે શ્રી વિષ્ણુ ભગવાન શિવજીને મળવા આવે છે ત્યારે શિવજીના ગળામાં વીંટળાયેલો સર્પ અને ગરૂડ એ બે એકબીજાના દુશ્મનો સામસામે આવી ગયા. ગરૂડ સમર્થ હોવા છતાંય સર્પને કંઇ કરી શક્યો નહીં. કારણ કે સર્પ સ્થાન પકડીને બેઠો હતો. સુભાષિતકાર કહે છે કે, પોતાના સ્થાન ઉપર નપુંસક પણ મર્દ બનીને રહે છે. દાંત-વાળ-નખ અને માણસ જ્યાં સુધી પોતાના સ્થાન ઉપર છે. ત્યાં સુધી એની કિંમત છે. એક કહેવત છે કે "ઉતર્યો અમલદાર કોળીનો" જેનો સ્થાન મજબુત છે. એ જ માણસ ઘટનાનો સામનો કરી શકે છે. મહારાજશ્રી સત્સંગમાં કહેતા હતા કે 'ઘટનાઓ તો આવતી અને જતી રહેશે પણ માણસે પોતાની કાર્યશૈલીથી વિચારધારા અને સમાજ તથા ધર્મની મર્યાદાથી બહાર જવું જોઇએ નહીં.

શ્રી હરિદ્વારમાં ગુરૂકૃપા આશ્રમના ગુરૂગાદીપતિ શ્રી રમાદેવીજી ના શરીરે પિતાશ્રી નથુરામ બાપાના કહેવા પ્રમાણે કે હું જયારે આઠ વરસનો હતો ત્યારે મારા માતાજીએ પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ પાસેથી કંઠી બંધાવવાનું માટે મારા હાથમાં પાંચીયો આપ્યો અને કહ્યું કે મહારાજશ્રી પાસેથી કંઠી બંધાવીને એમના ચરણોમાં

 પાંચીયો ધરજે. (પાંચીયો એટલે શુધ્ધ ચાંદીનો પાંચ કોરીનો સિક્કો) અમારૂં ગામ વાંઢાયથી થોડે દુર હતું. તેથી હું પગે ચાલીને ઈશ્વર આશ્રમ વાંઢાયમાં આવ્યો. મહારાજશ્રીને પ્રણામ કરીને કંઠી બાંધવા વીરો પ્રાર્થના કરી અને મહારાજશ્રીના પગમાં પાંચીયો રાખ્યો. પાંચીયો હાથમાં લઈને મહારાજશ્રીએ મને પુછ્યું કે 'તારી પાસે આ પાંચીયો ક્યાંથી આવ્યો ?' મેં કહ્યું, 'મારા માતાજીએ આપના ચરણમાં ધરવા માટે આપ્યો છે.' મહારાજશ્રીને થોડો વહેમ પડયો કે આ છોકરો પાંચીયો ચોરાવી તો નથી લાવ્યો ને ? કારણ કે આજના સમયમાં પાંચીયો તો મોટા માણસો પાસે પણ નથી હોતો તો પછી નાના છોકરા પાસે ક્યાંથી હોય ? પાંચીયાનો સ્વીકાર ન કરતાં મહારાજશ્રી એ કહ્યું, 'બેટા તું કંઠી બંધાવી જા પણ પાંચીયો હું નહીં લઉં !!! આજે જેને પાંચીયાઓના ભુત વળગ્યા છે. એના માટે પરમ પુજય મહારાજશ્રી નો નિસ્પૃહી સિધ્ધાંત સમજવા જેવો છે. આજે પાંચીયાની ખેંચતાણમાં જીવન તરફ જોવાનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. તેથી અમારી દ્રષ્ટિ સામેથી પાંચીયો ખસતો નથી. કવિ કહે છે.

પૈસો મારો પરમેશ્વર ઘરવાળી મારો ગુરૂ
છોકરા છૈયા શાલીગ્રામ પછી સેવા કોની કરૂં

આજના યુગમાં સૌએ સાથે મળીને વિચારવાનું છે કે અમારા આશ્રમો, અમારા ગૃહસ્થાશ્રમો, શિક્ષણ સંસ્થાઓ, ધર્મ સંસ્થાઓ તથા સામાજીક સંસ્થાઓ પાંચીયાની ખેંચતાણમાં પોતાની ફરજો ચુકી તો નથી જતીને ? બીજા બધા સદ્‌ગુણોને ધકેલીને પાંચીયો સમાજના પહલે તકીયે તો નથી બેસી જતો ને ? અમારા સ્વઃ નો ખ્યાલ રાખ્યા વગર પાંચીયાની ખેંચતાણમાં ક્યાંક અમારો પાંચીયો (પૃથ્વી, પાણી, વાયુ, તેજ, આકાશ જેવા પાંચ તત્વથી બનેલું અમારૂં શરીર) ખોવાઈ તો નથી જતો ને ? એના સંદર્ભમાં કવિ કહે છે કે,

માત કહે મેરો પુત સપુતા બેની કહે મેરા સુંદીર ભૈયા
તાત કહે મેરા કુલ દીપક લોકમેં લાજ અધિક બડૈયા
નાર કહે મેરો પ્રાણ પતિ હૈ જાંકો અધિક બાઁહોમેં બલૈયા
કહે કવિ ગંગ સુન શા અકબર સબસેં અધિક હૈ જગમેં રૂપૈયા

કવિ ગંગ કહે છે કે પાંચીયો ઘરમાં-ગામમાં-સમાજમાં સર્વત્ર છવાઈ ગયો છે. રૂઢીવાદી સમાજના રૂઢીમાં ગોઠવાઈ જતાં પાંચીયો લક્ષ્મી તરીકે પુજાય છે. લક્ષ્મી માત્ર એનું નામ છે કે જેની પ્રાપ્તિ માટે ધન ખર્ચવું પડ્યું નથી તથા જેનો બજાર સાથે કોઈ જ સંબંધ નથી. એક વાત નોંધવા જેવી છે કે લેવડ-દેવડ રૂપિયા-આના-પાઈની થાય લક્ષ્મીની નહીં. શાસ્ત્રોએ લક્ષ્મીના જે પ્રકારો વર્ણવ્યા છે. એમાં માતૃલક્ષ્મી-પિતૃલક્ષ્મી-ગૃહલક્ષ્મી-આત્મલક્ષ્મી-સૌંદર્યલક્ષ્મી તથા વૈભવલક્ષ્મી અને ગુણલક્ષ્મી વગેરેનો સમાવેશ થાય છે. જેને ખરીદવા માટે બજારમાં જવું પડતું નથી. એનું નામ લક્ષ્મી !!! વર્તમાન કાળમાં શાસ્ત્રોએ વર્ણવેલી લક્ષ્મીને હડસેલીને રૂપિયો લક્ષ્મીના સ્થાને ગોઠવાઈ ગયો છે અને રૂઢીવાદીઓ એમની પુજા કરી રહ્યાં છે.

આપણા ઋષિમુનીઓએ ધનનો દુરુપયોગ ન થાય એના માટે ધનને પણ ધનલક્ષ્મી કહીને લક્ષ્મીના સ્વરૂપમાં વર્ણવી છે. જેથી ધનનો બગાડ થતાં અટકે. નહી તો માણસો ધનને છડે ચોક ઉડાડશે અને એના લીધે સમાજમાં આર્થિક સમસ્યાઓ ઊભી થશે. જે ન થાય એટલા માટે બુધ્ધિજીવીઓએ ધનને પવિત્ર સ્થાને બેસાડ્યો છે. પૈસાને અયોગ્ય રીતે વાપરવાથી સમાજમાં આર્થિક અવ્યવસ્થા ઊભી થાય છે. તમેં તમારી જરૂરીયાતને અંકુશમાં રાખતા શીખો. નહી તો એની પૂર્તિ કરવામાં જ તમારૂં જીવન ખલાસ થઈ જશે. જરૂરીયાતનો અર્થ થાય છે "ભોગ". ગીતામાં ભગવાને કહ્યું છે કે "ભોગે રોગ ભયંમ્" અર્થાત જેટલા ભોગ વધારે એટલા રોગ વધારે. કારણ કે રોગની જનની ભોગ છે. તેથી ધનને લક્ષ્મી તરીકે સ્વીકાર કરવાથી ધનનો દુરુપયોગ થતો અટકી જાય છે. રાજા ભૃતુહરિ કહે છે. ભોગો ન ભોક્તા વયમેવ ભોક્તા અર્થાત હું ભોગ ભોગવવા ગયો હતો પણ ભોગવી શક્યો નહીં અને ઉલટાનું ભોગો જ મને ભોગવી ગયા. બંધાણીના મનમાં એમ હતું કે હું બીડી પીવું છું પણ થયું છે ઉંધુ. બંધાણીને બીડી પી ગઈ !!! અને દારૂડીયાને દારૂ પી ગયો !!! જે માણસને ધન લક્ષ્મી લાગે છે. એ

માણસ વ્યસનો પાછળ ધનનો વેડફાડ કરશે નહીં. ધનનો બગાડ થતાં અટકે એટલા માટે ધનને ધનલક્ષ્મી તરીકે વર્ણવવામાં આવી છે. છતાં પણ અનાદી કાળથી ધનનો દુરુપયોગ થતો જ આવ્યો છે. આ બધાના મુળમાં કોઈ હોય તો તે છે માત્ર રૂઢીવાદ. રૂઢીવાદ એટલે તક્લાદીઓ દ્વારા તૈયાર કરેલા ધર્મના મનઘડત નિયમોનું આચરણ. રૂઢીવાદનો બીજો અર્થ થાય છે. ભ્રાંત ઈશ્વરવાદ, ભ્રાંત ઈશ્વરવાદ માંથી જન્મે છે જડવાદ અને જડવાદ માંથી જન્મે છે ભોગવાદ. માત્ર શરીરને મધ્યમાં રાખીને કરેલા કામોને કહેવાય ભોગવાદ અને કોઈપણ જાતનો વિચાર ન કરતાં કરેલા કામોને કહેવાય જડવાદ ઘરમાં સ્વયંમ્ દ્વારા ભગવાનની મુર્તિ સ્થાપિત કરી હોવા છતાંય દર્શન કરવા ઘર છોડીને બાહરના મંદિરોમાં જાય એનું નામ જડવાદ. એના ઉપાસનાના માર્ગો સ્વયંમ્ દ્વારા સંચાલિત હોય છે. જે શાસ્ત્રોના કહ્યા પ્રમાણે વર્તે નહીં એનું નામ જડવાદ. જડવાદી વિચાર શુન્ય હોય છે. મોટા મોટા મંદિરોમાં હું લાઈન લગાડીને શા માટે ઉભો રહું છું ? અગરબત્તીઓ શા માટે સળગાવું છું ? નાળીયેર શા માટે ફોડું છું ? દર વર્ષે તીર્થે તીર્થે શા માટે રખડું છું ? એકટાંણા-ઉંપવાસ અને વ્રતો શા માટે રાખું છું ? એકાદશીના દિવસે મગની ખિચડી છોડીને સાબુદાણાની ખિચડી શા માટે ખાઉં છું ? જડવાદીઓને ભીતરથી એવા કોઈપણ સવાલો ઉત્પન્ન થતા નથી પછી એને જવાબો મળે કયાંથી ?

જડવાદ અને ભોગવાદ એ બે વાદો ભેગા થાય ત્યારે એની ભક્તિ હિંસાનું રૂપ પકડે છે. દાખલા તરીકે બલી ચઢાવવા, ઢોલ પીટવા, ભુવા ધુણાવવા, મોઢામાં સળીયા ખોસવા, અંગારા ઉપરથી ચાલવા તથા યંત્રો દ્વારા ઉંચા અવાજો પેદા કરીને ધ્વની પ્રદુષણો ફેલાવવા એનું નામ હિંસા છે. કોઈની ગરદન કાપી નાખવી. હિંસાનો એટલો મર્યાદિત અર્થ નથી. આસપાસમાં તમારા દ્વારા જ્યારે અશાંતિ સર્જાય છે. ત્યારે તમેં એક પ્રકારની હિંસા કરી રહ્યા છો એમ સમજવું પણ આખરે એ બધાના મુળમાં ભ્રાંત ઈશ્વરવાદ ત્યારબાદ રૂઢીવાદ ત્યારબાદ જડવાદ અને અંતે એમાંથી ભોગવાદ ફાલે ફુલે છે. એના લીધે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે કે આજે તમેં સામાજીક કે ધાર્મિક કાર્યક્રમ રાખો એમાં જમણવાર નહીં રાખો તો માણસો આવશે નહીં. આજના માણસને કથામાંએ રૂચી નથી અને લગનમાંએ રૂચી નથી. એની રૂચી છે માત્ર જમણવારમાં (ભોગવાદમાં) નરસિંહ મહેતાને ન્યાત બહાર કરવામાં, મીરાંને ઝેર આપવામાં તથા આપણા ભારતમાં થઈ ગયેલા અનેક ક્રાંતિકારી સંતોને ત્રાસ આપવામાં ભ્રાંત ઈશ્વરવાદે (રૂઢીવાદે) મહત્વનો ભાગ ભજવ્યો છે.

સંત જ્ઞાનેશ્વર

મહાન તેજસ્વી સંત જ્ઞાનેશ્વર મહારાજ જગતને અવનવું આપવા જન્મ્યા હતા. ગુરુ આજ્ઞાથી સંન્યાસીમાંથી સંસારી થયેલા વિઠ્ઠલપંત અને માતા રૂક્ષ્મણીને ત્યાં સંવત ૧૩૩૨ ના ભાદરવા વદ-૮ ને દિવસે તેઓ પ્રગટયા. નાથ સંપ્રદાયના નાથોમાંના નિવૃત્તિનાથ જ્ઞાનેશ્વર મહારાજના મોટાભાઈ, સોપાનદેવ નાના ભાઈ અને બહેન મુકતાબાઈ હતા.

બાળપણમાં આફત :-

આ બાળકો વયે વધતા ગયા તેમ માબાપની ચિંતા વધતી ગઈ, કારણ કે સંન્યાસીમાંથી સંસારી થયેલાનાં બાળકોને બ્રાહ્મણો યજ્ઞોપવીત આપવાની આજ્ઞા આપતા નહોતા. આ બ્રાહ્મણોને સમજાવવાના ઘણાંય પ્રયત્નો કર્યા, પ્રાયશ્ચિત્ત માટે માંગણી કરી. બ્રાહ્મણોએ પ્રાયશ્ચિતમાં દેહાંતદંડ સૂચવ્યો. બાળકોને ભગવાન ને ભરોસે છોડી, ગંગા-યમુનાના સંગમમાં વિઠ્ઠલપંતે અને રૂક્ષ્મણીબાઈએ જળસમાધિ લીધી. માતા-પિતા વિનાના બાળકોનું રક્ષણ કરવાને બદલે સગા સંબંધીઓએ ભક્ષણ કરવા માંડયું. તેમનું જે કંઈ હતું તે પચાવી પાડવા માંડયું.

માતા-પિતાના મૃત્યુ પછી નિવૃત્તિનાથ અને જ્ઞાનેશ્વર ભિક્ષા માંગી લાવતા અને સોપાનદેવ તથા મુકતાબાઈની સંભાળ રાખતા. આળંદીના બ્રાહ્મણોએ નિવૃત્તિનાથ તથા જ્ઞાનદેવને કહ્યું, 'પૈઠણ નગરના બ્રાહ્મણો પાસેથી શુદ્ધિપત્ર લાવવામાં આવે તો તમને કદાચ જનોઈ અપાય.' નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સોપાનદેવ અને મુકતાબાઈ પૈઠણ જવા નીકળ્યા. પૈઠણ એ સમયે વિદ્યાપીઠ હતું.

પૈઠણ પરીક્ષા :-

સંન્યાસીના બાળકોએ પૈઠણના બ્રાહ્મણોને કહ્યું, ''અમેં આળંદીના રહેવાસી છીએ. ત્યાંના બ્રાહ્મણોએ અમને આપની સમક્ષ 'સંન્યાસીના બાળકોને જનોઇ આપી શકાય કે નહીં ?' એ વિષયમાં શાસ્ત્રની આજ્ઞા જાણવા અને આપની પાસેથી શુદ્ધિપત્ર લેવા મોકલ્યા છે. આપ કૃપા કરી વિદ્વાનોની સભા બોલાવી શાસ્ત્ર જોઇ અમને પાવન કરો. અમેં સંન્યાસીના બાળકો છીએ અને તમારે શરણે આવ્યા છીએ.'' બ્રાહ્મણોની સભા બોલાવાઇ.

શાસ્ત્રો તપાસી લાંબો વખત ચર્ચા કરી બ્રાહ્મણોએ નિર્ણય આપ્યો કે 'તમેં સંન્યાસીના બાળકો છો, માટે તમને જનોઇ આપી શકાશે નહીં. પ્રાયશ્ચિત્તથી પણ તમે પવિત્ર થઇ શકશો નહીં. તમેં જે સ્થિતિમાં છો એ જ સ્થિતિમાં રહો.'

આવો ફેંસલો સાંભળીને બાળકો શાંતિથી બેસી રહ્યા, જરા પણ ક્રોધ વ્યકત ન કર્યો. આથી કેટલાક બ્રાહ્મણોના મનમાં આ બાળકો માટે માન ઊપજ્યું. કોઇએ જ્ઞાનદેવને તેમનું નામ પુછ્યું એટલે જ્ઞાનેશ્વરે કહ્યું, 'મારું નામ જ્ઞાનદેવ છે.' બીજાએ કહ્યું, 'કેટલું સુંદર નામ છે !' ત્રીજો ભડકી ઊઠયો, 'નામથી શું ? પખાલ લઇ જનાર આ પાડાનું નામપણ જ્ઞાનદેવ છે.' જ્ઞાનદેવે કહ્યું, 'ખરેખર, મારામાં અને એનામાં જરા પણ ભેદ નથી. જે આત્મા આ પાડામાં છે તે જ આત્મા મારામાં છે. સર્વ દેહમાં એક જ આત્મા છે.' પેલો ત્રીજો જણ બોલી ઊઠયો, 'જો પાડામાં અને તારામાં એક જ આત્મા હોય તો હું આ પાડાને ફટકા મારું છું. જોઇએ તારી પીઠ પર એ ફટકાના સોળ ઊઠે છે ?' ફટકા પાડાની પીઠ પર પડતાં જ જ્ઞાનદેવના વાંસા પર સોળ ઊઠ્યા. બ્રાહ્મણો શરમાઇને ચાલ્યા ગયા. છતાં કેટલાક અદેખા બ્રાહ્મણો બોલવા લાગ્યા, 'એ તો સંન્યાસીના બાળકો છે. ગમે તેવા જ્ઞાની હોય તો પણ શું ?' એકવાર એક બ્રાહ્મણે કહ્યું, 'જ્ઞાનદેવ ! તમારે ખરેખર પવિત્ર થવું હોય અને તમારા કુળને પાવન કરવું હોય તો આ પાડાના મોઢામાંથી વેદ બોલાવો.' જ્ઞાનદેવ શાંતિથી પાડા પાસે ગયા અને પાડાના મસ્તક પર હાથ મૂકી ચાર વેદની ૠચાઓ બોલવા પાડાને આજ્ઞા કરી. પાડાના મુખમાંથી વેદનો ઘોષ સંભળાયો.

હજારો બ્રાહ્મણો એકઠા થયા અને જ્ઞાનેશ્વર તરફ ભકિતભાવથી જોઇ રહ્યા. પાડાના મુખમાંથી થતા વેદપાઠથી મોટા વિદ્વાન અને વેદપાઠીઓ ચકિત થઇ ગયા. બ્રાહ્મણોનું અભિમાન તૂટયું. વેદનું તેમને જ્ઞાન હતું, તેઓ કર્મકાંડ કરનારા હતા, પણ સાચા જ્ઞાનનો માર્ગ તેમને હાથ લાગ્યો ન હતો. આવો અપૂર્વ ચમત્કાર નજરે જોવા છતાં કેટલાક દુષ્ટ બ્રાહ્મણો હજી જ્ઞાનેશ્વરની નિંદા જ કરતાં હતા. તેંમને ખાતરી થઇ ન હતી કે જ્ઞાનદેવ તો મહાન સંત છે. થોડા દિવસો પછી જે બ્રાહ્મણને ઘરે તેઓ ઊતર્યા હતા તેને ત્યાં શ્રાદ્ધ આવ્યું. વિઘ્નસંતોષી, અદેખા બીજા બ્રાહ્મણોએ સંપ કરી ઠરાવ્યું કે જેને ત્યાં સંન્યાસીના બાળકો ઊતર્યા છે તેને ત્યાં શ્રાદ્ધમાં જમવું નહીં.

જ્ઞાનેશ્વરને આ વાતની ખબર પડી. તેમણે પેલા બ્રાહ્મણને રસોઇ તૈયાર કરવા કહ્યું અને લેશમાત્ર ચિંતા ન કરવા કહ્યું. જ્ઞાનેશ્વરે કહ્યું, 'આજે જ સાચું શ્રાદ્ધ થશે.' રસોઇ તૈયાર થઇ ચૂકી. મધ્યાહ્ન થયો. જમવાની વિધિપૂર્વક ગોઠવણ કરવામાં આવી. પરંતુ ગામમાંથી કોઇ બ્રાહ્મણ જમવા ન આવ્યો. ભટજીને સકુચિત જોઇ જ્ઞાનદેવે ભટજી પાસેથી થોડાક ચોખા લીધા અને સર્વ આસનો પર છાંટી પોતાના યોગબળથી પિતૃઓનું આહ્વાન કર્યુ એટલે તરત જ ભટજીના તેમજ ગયાના બ્રાહ્મણોના પિતૃઓ આસનો પર આવી બિરાજ્યાં.

'હર હર મહાદેવ !' નો જયઘોષ બોલાવી સહ ભોજન લેવા બેઠા. પેલા દુષ્ટ બ્રાહ્મણો આ દશ્ય જાઇ છક્ થઇ ગયા ! પોતે શ્રાદ્ધમાં જમવા ન ગયા તે માટે બહુ પસ્તાવો અને શોક કરવા લાગ્યા. પૈઠણોના બ્રાહ્મણોના મનમાં હવે ખાતરી થઇ કે જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ વગેરે મહાસંતો છે અને તેઓ જનોઇ લેવાને અધિકારી છે એવું શુદ્ધિપત્ર પણ લખી આપ્યું. શુદ્ધિપત્ર લઇ જ્ઞાનદેવ વગેરે પૈઠણથી આળંદી ગયા. આળંદીના બ્રાહ્મણોએ હવે જ્ઞાનદેવનો સત્કાર કર્યો અને નિવૃત્તિનાથને જનોઇ આપી. ફરી તેઓ આળંદીમાં રહેવા લાગ્યા.

ચાંગદેવની અહંકારમુક્તિ :-

તે સમયે ચાંગદેવ નામના એક મહાનયોગી તાપી નદીને કિનારે રહેતા હતા. યોગવિદ્યામાં તેમણે કુશળતા મેળવી હતી. સિદ્ધિની પ્રાપ્તિથી તેઓ પાણીમાં પ્રવેશતા, હવામાં ઊડતા તથા ક્રૂર અને હિંસક પ્રાણીઓને પોતાને તાબે રાખતા.યોગબળથી તેમણે પોતાનું શરીર ૧૪૦૦ વર્ષ સુધી ટકાવી રાખ્યું હતું. તેમને હજારો શિષ્યો હતા. જ્ઞાનેશ્વરની કીર્તિ સાંભળી તેમને મળવાનો ચાંગદેવને વિચાર થયો પણ તેમનામાં અભિમાન હતું. તે એમ માનતા કે પોતા જેવો બીજો કોઇ સમર્થ નથી. તેથી જ્ઞાનદેવ પર તેમણે એક કોરો કાગળ મોકલ્યો. પત્ર લઇ ચાંગદેવનો શિષ્ય આળંદી

આવ્યો. જ્ઞાનેશ્વરને મળ્યો અને તેમને પત્ર આપ્યો. પત્ર કોરો જોઇ મુકતાબાઇએ શિષ્યને કહ્યું, 'તમારા ગુરુએ ૧૪૦૦ વર્ષ સુધી યોગ સાધના કરી હોવા છતાં તેઓ હજી સુધી આ કોરા કાગળ જેવા કોરા જ રહેલા જણાય છે ! હજી તેમને જ્ઞાન થયું જણાતું નથી.' મુકતાબાઇનું વચન સાંભળી સૌ હસી પડયા અને શિષ્ય શરમાઇ ગયો. પછી જ્ઞાનદેવે પણ કોરા કાગળ સાથે બીજો એક કાગળ ઉપદેશ ભર્યો લખી મોકલ્યો. ચાંગદેવે મુકતાબાઇનું મહેણું સાંભળ્યું અને પત્ર વાંચ્યો. તેમણે જ્ઞાનદેવ અને મુકતાબાઇને મળવાનો વિચાર કર્યો. તેઓ શિષ્યોને સાથે લઇ, વાઘ ઉપર સવારી કરી, હાથમાં સાપની ચાબુક ધારણ કરી આળંદી જવા નીકળ્યા.

આળંદીની નજીક આવતાં જ્ઞાનદેવને ખબર પડી કે ચાંગદેવ વાઘ ઉપર સવારી કરી તેમને મળવા આવે છે. જ્ઞાનદેવે તેમના યોગબળનું અભિમાન ટાળવા માટે જે ઓટલા પર પોતે બેઠા હતા તે ઓટલાને જ ચાલવા માટે આજ્ઞા આપી. ઓટલામાં ચેતન આવ્યું અને જ્ઞાનદેવ વગેરેને લઇને ઓટલો ચાંગદેવ તરફ ચાલ્યો. દૂરથી ચાંગદેવે આ ચમત્કાર જોઇ સર્પને ફેંકી દીધો, વાઘ પરથી ઊતરી પડયા અને જ્ઞાનદેવ સમીપ આવી તેમના પગમાં આળોટી પડયા અને તે જ્ઞાનાવતાર ભાઇઓ અને બહેનનો ઉપદેશ સાંભળી કૃતાર્થ થયા.

સંતોના ચમત્કાર :-

ચારે ભાઇબહેન આટલા સમર્થ હોવા છતાં આળંદીમાં તેમના કેટલાક દ્રોહીઓ પણ હતા. આળંદીમાં વિસોબા નામનો કર્મકાંડી બ્રાહ્મણ હતો. તે ઘણો અભિમાની હતો. જ્ઞાનદેવ વગેરેનું હંમેશાં તે જ્યાં ત્યાં વાકું બોલ્યા કરતો અને એમાં જ પોતાની મોટાઇ માનતો. લાગ આવ્યે તેમને હેરાન કરવાનું પણ તે ચૂકતો નહીં. એકવાર જ્ઞાનદેવને(મીઠાઇ) 'માંડ' ખાવાની ઇચ્છા થઇ. જ્ઞાનદેવે મુકતાબાઇને માંડ બનાવવા માટે ઉપયોગી વાસણ કુંભારવાડેથી લાવવા કહ્યું. મુકતાબાઇ વાસણ લેવા ચાલ્યા. રસ્તામાં વિસોબા મળ્યો. તેણે પૂછ્યું, 'અલી છોડી ! કયાં ચાલી ?'

મુકતાબાઇએ કહ્યું, 'માંડ બનાવવા માટે કુંભારવાડે વાસણ લેવા જાઉં છું.' વિસોબા જ્ઞાનદેવને હેરાન કરવામાં આનંદ માનતો હતો. તેથી તે મુકતાબાઇની સાથે કુંભારવાડે ગયો અને જયાં જયાં મુકતાબાઇએ વાસણ માગ્યું. ત્યાં ત્યાં તેણે કુંભારને વાસણ આપવાની ના કહી. મુકતાબાઇને કોઇપણ કુંભારે વાસણ ન આપ્યું. તે નિરાશ થઇ ઘેર આવ્યાં. મુકતાબાઇનો ચહેરો ખેદયુકત જોઇને જ્ઞાનદેવ બોલ્યા, 'મુકતાબાઇ ! કેમ નિરાશ અને ખેદયુકત છે' ? મુકતાબાઇએ વિસોબાની સઘળી વાત કહી. જ્ઞાનદેવે પોતાના વાંસા ઉપર માંડ તૈયાર કરવા મુકતાબાઇને કહ્યું અને અગ્નિનું આહ્વાન કરી, પોતાનો વાંસો રાતોચોળ કર્યો. વાંસા ઉપર મુકતાબાઇ માંડ તૈયાર કરવા લાગ્યા.

શું થાય છે તે જોવા વિસોબા છૂપો રહી બધું જોતો હતો. આ દૃશ્ય જોઇને તે દિઙ્મૂઢ બની ગયો અને શરમાઇ જઇને જ્ઞાનદેવના પગે પડયો. જ્ઞાનદેવ તથા મુકતાબાઇની માફી માંગી. વિસોબા પછીથી જ્ઞાનદેવનો શિષ્ય થઇ રહ્યો.

ધર્મપ્રચાર અને સમાધિ :-

જ્ઞાનેશ્વરે મરાઠીમાં 'જ્ઞાનેશ્વરી' નામની શ્રીમદ્ ભગવદ્ગીતાની ટીકા લખી છે. એ ટીકા ઘણી સુંદર અને છંદબદ્ધ છે. તેનો તેમણે ખૂબ પ્રચાર કર્યો. ધર્મના પ્રચારનું કામ સારી પેઠે ચાલતું જોઇ તેમને જીવનનો હેતુ સફળ થયેલો લાગ્યો. તેથી તેમણે સમાધિ લેવાનો વિચાર કર્યો. જ્ઞાનેશ્વરની સમાધિની વાત જાણી બધા સંતો નિરાશ થયા. સૌને સાંત્વના આપી, નક્કી કર્યા મુજબ, ઇન્દ્રાયણી નદીને કાંઠે, સંવત ૧૩૫૩ ના માગશર વદ ૧૩ ને દિવસે જ્ઞાનેશ્વરે જીવતાં સમાધી લીધી અને પોતાનું જીવન કૃતકૃત્ય કર્યું.

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય આઠમો

શકિત યોગ



રાગ : દરબારી તાલ - કેરવા

હે જગજનની હે જગદંબા માત ભવાની શરણોમાં લેજે ...હે
હોય ભલે દુઃખ મેરૂ સરીખો રંજ મને ના થાવા દેજે
રજ સરીખું દુઃખ જોઈ બીજાનું રોવાને બે આસું દેજે ...હે
ધુપ બનું હું સુગંધ તું લેજે રાખ બની ઉડી જાવા દેજે
બળું ભલે ન બાળું હું બીજાને જીવન મારૂં સુગંધીત કરજે ...હે
કોઈના તીરનું નિશાન બનીને દીલ મારૂં વિંધાવા દેજે
''ઘા'' સહિ લઉં ઘા કરૂના કોઈને ઘાયઈ થઈ પડી રહેવા દેજે ...હે
દેજે શકિત માં દેજે ભકિત આ દુનીયાના દુઃખ સહેવા દેજે
''શાંતીદુર્લભ'' તારા શરણે માંતું મને ખોળામાં લેજે ...હૈ

સામાજીક અથવા ધાર્મિક કાર્યો કરવા માટે દરેક માણસ પાસે સકારાત્મક સોચ અને દીર્ઘ દ્રષ્ટિ હોવી જોઈએ. જેવી રીતે તુકારામ મહારાજે સ્થાપેલો વાડકરી સંપ્રદાય, દયાનંદ સરસ્વતીએ સ્થાપેલો આર્ય સમાજ, વ્યાસજીએ લખેલી ગીતા, તુલસીદાસજી એ લખેલી રામાયણ, એ બધા કાર્યો જગતનાં ઈતિહાસ તથા આયુષ્ય સાથે જોડાયલા રહ્યા છે. કવિ તેજ કહે છે કે,

એડો હટ કુર કમજો જુકો હલે ડીંઅ બ ચાર
હટત્ એડો ખોલજે જુકો હલે સજી ચમાર

મહારાજશ્રી એ હરિદ્વારે સ્થાપેલો શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ તથા વાંઢાય માં સ્થાપેલા પાટીદાર સમાજના કુળદેવી શ્રી ઊમિયા માઁ ની સ્થાપના એમની સકારાત્મક સોચ અને દીર્ઘ દ્રષ્ટિ નું પરિણામ છે. એક વાત યાદ રાખવા જેવી છે કે, મહાન માણસો ની વિચાર સરણી મહાનતા ભણી જતી હોય છે. એવી વ્યકિતઓ મહાન કાર્યો કરતા કરતા એક દિવસ સ્વયંમ મહાન બની જાય છે.

પોથી પઠ પઠ જગ મુવા પંડિત ભયા ન કોય
ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય

એક સમય એવો હતો કે કહેવાતા પંડિતો તથા વિદ્ધાનો ઈતર સમાજને ભેદ ભાવના ની દ્રષ્ટિથી જોતા હતા. જે સમાજ મેલું ઉપાડે ઘર તથા આંગણા સાફ કરે અને અમારી સેવા કરે એને જ અમેં પછાત ગણતા હતા તથા એમની સાથે અછુત તરીકે નો વ્યવાર રાખતા હતા. એક વાત સનાતન સત્ય છે કે જે સેવા કરે એ અછુત નથી સેવા કરાવે એ અછુત છે. એનું પરિણામ એ આવ્યું કે સૌ પોતપોતાનો ધર્મ પકડીને ચાલ્યા ગયા. પંડિતો જયારે માત્ર કર્મકાંડી બને

ત્યારે એની ધર્મ ઉપરથી તથા સમાજ વ્યવસ્થા ઉપરથી પકડ ઢીલી થઇ જાય છે. પાટીદાર સમાજ પીરાણાપંથમાં ગયો એની પાછળ કોઇ જવાબદાર હોય તો તે છે. તત્કાલીન કહેવાતા ધર્મગુરૂઓ તથા ધર્મનો ઠેકો લઇને બેસેલા કર્મકાંડીઓ કે જે સમાજને સત્યધર્મ સમજાવવામાં અસફળ રહ્યા હતા. અથવા તો કોઇએ પ્રયત્નો જ કર્યા ન હતા. વૈદીક ધર્મમાં શું ખુટે છે ? એનો વિચાર કર્યા વગર અબડાસા તાલુકાના કોળીયો તથા મુંદરા તાલુકાના સંઘારો તથા અનેક બીજી નબળી જ્ઞાતીઓ પોતાના ભોળપણથી અથવા તો પ્રલોભનને વશ થઇ જવાથી અથવા તો કર્મકાંડીઓ દ્વારા ધર્મમાં ઘુસાડેલા દંભ-ઢોંગ અને ધંતીગ ને સહન ન કરી શકવાથી ધર્મ પરિવર્તન સહજ બની ગયું હતું. આપણો ભારત દેશ ચમત્કારોને માનવાવાળો દેશ છે. એકાદ કોઇ નવરો બાવો હાથમાંથી ગુલાબ કાઢી બતાવે અથવા તો પાતાળ માંથી પાણી કાઢી બતાવે તો અમે સૌ એને ભગવાન ભગવાન કહીને ને પાછળ પડીયે છીએ. જેના લીધે આજ આપણા દેશમાં ઓછામાં ઓછા એક લાખ બાવાઓ સ્વયંમ ભગવાન બનીને બેઠા છે. તે સિવાય બીજા અનેક બાવાઓ ભગવાન બની નથી શક્યા પણ 'ટાંપીને બેઠા છે' એ બધા ભગવાનો સમાજમાં અંધ શ્રધ્ધા ફેલાવ્યા સિવાય બીજો કોઇ જ કામ નથી કરતા. એ બાવાઓ મોટા માછલા ઉપર નજર સ્થિર રાખે છે. પરિણામે નાની નાની માછલીયો સ્વયંમ જોડાઇ જાય છે મહેનત કર્યા વગર. આજના કાળમાં બાવાઓનું મુખ્યકામ અવનવા પ્રયોગો દ્વારા સરળ સ્વભાવના માણસો સાથે છેતરપીંડી કરીને પોતાના કબ્જામાં રાખવાનું હોય છે. જેના લીધે પાટીદાર સમાજમાં પીરાણાપંથી નામનો એક સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો જે સંપ્રદાય આજે પણ ઓછા- વતા સ્વરૂપે અસ્તિત્વમાં છે.

શંખનાદ

એક કહેવત છે કે હજારો નિરાશાઓની વચ્ચે પણ એક અમર આશા છુપાયેલી હોય છે. આપણો ભારત દેશ ૬૫ વરસ પહેલા આઝાદ થયો પણ આઝાદીના મુળીયા બસો વરસ પહેલા રોપાયા હતા. એવી રીતે આજથી લગભગ બસો વરસ પહેલા નેત્રાના કેશરા બાપા મુખી એ હિંમત બતાવીને પાટીદાર સમાજને જાગૃત કરવા એક નાની પણ ખુબ મહત્વની ચીનગારી પ્રગટાવી હતી. જેનું પરિણામ આજે આપણે જોઇ રહ્યા છીએ. કેશરાબાપા ની રગે રગમાં ક્રાંતિ વણાયેલી હતી તથા સનાતન ધર્મ ઉપર અનદદ તથા નિષ્કામ ભાવ હતો. તેથી જ તેઓ સનાતનીઓના રાહબર બનીને ઉપશી આવ્યા હતા.

ત્યાર બાદ બીજા ક્રાંતિકારી કચ્છ મોટી વીરાણીનાં સમાજ સુધારક પટેલ *નારાયણ* રામજી લીંબાણી હતા. મક્કમ મનોબળ ધરાવતા નારાયણ રામજીનાં યર્થાથ પ્રયત્નો થકી સમસ્ત સમાજમાં પરિવર્તનનો પવન ફુંકાયો. એક કહેવત છે કે, એક અગર નેક હોય તો એકની પડખે અનેક આવે છે. એ વખતે પરમ પુજ્ય શ્રી લાલરામજી મહારાજ વાંઢાયમાં વિદ્યમાન હતા. તેઓ શરીરે પાટીદાર હતા. પોતાના ભાઇઓની નહિ હિન્દુ, નહિ મુસ્લમાન જેવી સ્થિતી જોઇને એમને ખુબ દુઃખ લાગતું. પોતે સમાજના જવાબદાર વ્યકિત તથા વાંઢાય દ્વારાનાં સંચાલક હોવાને નાતે એમણે ઘણા પડકારો ફેંકયા અને સમાજે ઝીલ્યા પણ ખરા છતાંય જેટલી જોઇયે એટલી સફળતા મળી નહિ. લાલરામજી ઘણી વખત કહેતા કે પીરાણાપંથીઓમાં ઓટ આવી છે. પણ એનું અસ્તિવ કાયમ છે.

સમાજમાં ઘણા માણસો તો એવા હતા કે, પ્રવાહ માં તણાયા પછી સમજી વિચારીને સ્વયંમ પાછા વળવા માંગતા હતા પણ પાછા વળી શકતા ન હતા. એમાં ઘણા માણસો એવા હતા કે ઉપરોકત પ્રવાહમાં જોડાવાથી મનોમન ખુબ પસ્તાવો થતો હતો પણ કોઇને કહી શકવાની સ્થિતીમાં ન હતા. કારણ કે પીરાણાપંથીનો માર્ગ એક માર્ગી હતો. જેમાંથી પાછા વળવા માટે એક નાની બારી પણ છોડવામાં આવી ન હતી. છતાં પણ કોઇ રાહબર મળે તો એની સાથે જોડાવા તૈયાર હતા.

ગુરૂશ્રી લાલરામજી દ્વારા પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજી ઉપર સમાજ પરિવર્તનની જવાબદારી સોંપવામાં આવી ત્યારે ખુદ પીરાણાપંથીઓ જ રાજી થયા !!! કારણ કે, તેઓ સ્વયંમ સનાતન ધર્મમાં પાછા વળવા માંગતા હતા. પણ કોઇ માથાનાં ફરેલ માનવીનો સાથ મળી જાય તો. અથવા તો કોઇ સંર્પુણ સનાતનીનો માર્ગ દર્શન મળી જાય તો. એક કહેવત છે કે, દુધનાં દાઝેલા છાસ કુંકી કુંકીને પીએ છે. વારંમવારે ગુરૂઓ બદલાવવા માટે પીરાણાપંથીઓ પણ સંકોચ અનુભવતા હતા. તેંમ છતાં અવસર મળતાંની સાથે ફરી પાછા સનાતન ધર્મમાં ભળી જવું જોઇએ એવો વિચાર કરીને રાખ્યો હતો. તેથી તેઓ સમયની રાહ જોઇ રહ્યા હતા.

સંઘશક્તિ કલીયુગે

એક વખત પરમ પુજ્ય ઓધવરામજી મહારાજને એક વિચાર આવ્યો કે સમાજમાં પરિવર્તન લાવવા માટે સૌથી પહેલા સંઘબળ હોવું જરૂરી છે. કારણ કે પરિવર્તનનું કાર્ય એ એક યજ્ઞીય કાર્ય છે અને એના કરતાં આગળ વિચારીયે તો પીરાણાપંથીઓને પાછા સનાતન ધર્મમાં લાવવા એ એક યુધ્ધ જીતવા જેવું કામ છે અને યુધ્ધ જીતવો હોય તો એમાં ચુનંદા સૈનિકોની ભુમિકા ખુબ મહત્ત્વની હોય છે. મહારાજશ્રીએ વિચાર્યુ કે સૌથી પહેલા ધર્મ આધારીત સંઘબળનું નિર્માણ કરીયે. કારણ કે કલીયુગમાં સંઘબળને મુખ્યબળ સમજવામાં આવે છે.

મહારાજશ્રીનો પરિણામલક્ષી વિચાર

નખત્રાણા તથા વાંઢાય અને દેશલપરના આસપાસના વિસ્તારમાં એ સમયે તથા આજે પણ પાટીદાર સમાજની વસ્તી હતી. જેમાં લેવા પટેલો સ્વામી નારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા હતા. જયારે કડવા પાટીદાર સમાજ ધાર્મિક તાંતણામાં વણાયા વગરના મોતી જેવી સ્થિતિમાં હતા. એક વાત નોંધવા જેવી છે કે કોઈપણ મનુષ્યનો ક્યાં પણ જોડાઈ જવું, ક્યાં પણ ગોઠવાઈ જવું. એ એમનો મુળભુત સ્વભાવ છે. એમને ધર્મની આણ આપી શકે એવો ધાર્મિક પ્રયોજન સબળ ન હોવાથી પીરાણાં પંથમાં જોડાઈ જવું એ એમના માટે સ્વભાવિક હતું. એ વખતે પાટીદાર સમાજના કુળદેવી ઉમિયા માઁ નું સ્થાન ઉત્તર ગુજરાતમાં ઉંઝા મુકામે હતું પણ કચ્છમાં ક્યાંયે હતું નહીં. મહારાજશ્રીએ વિચાર્યુ કે કોઈપણ સમાજને એક સુત્રે બાંધવા હોય તો એને બીજી કોઈ તાકાત કામ ન આવે માત્ર "ગુરૂ" ઈષ્ટદેવ અથવા કુળદેવી બાંધી શકે છે. એ સિધ્ધાંત સનાતન સત્ય છે. મહારાજશ્રીએ વિચાર્યુ કે આજ પંથકમાં કુળદેવી માઁ ઉમિયાજી ની સ્થાપના કરવામાં આવે તો સમાજ એક સુત્રે બંધાઈ શકે છે અને આપણા નિધરિલ કાર્યને જોઈયે એનાં કરતાં વધારે વેગ મળશે. દરરોજ પાટીદાર સમાજના યુવકો માતાજીને પગે લાગવા તો આવશે જ ત્યારે પુજા સામગ્રી, પ્રસાદ, મુર્તિ અથવા તો માતાજીની પ્રતિમા તથા વિવિધ પ્રકારની યાદો લઈને પોતાના ઘેર જશે અને ઘરમાં પ્રતિમા સ્થાપિત કરીને નિત્ય સવારે આરતી તથા જયઘોષ નો નાદ કરશે. જેના લીધે એમના પીરાણાપંથી વડીલો ઉપર ખુબ અસર પડશે. એક વાત નોંધવા લાયક છે કે પીરાણા પંથમાં જોડાઈ ગયેલા પરિવારોની કુળદેવીમાંથી લેષ માત્ર પણ શ્રધ્ધા ઓછી થઈ ન હતી. જેનો સીધે સીધો લાભ મહારાજશ્રીને મળ્યો.

વાર્યો વરે તે યુવાન અને હાર્યો વરે તે વૃધ્ધ

મહારાજશ્રીની નઝર યુવાનો ઉપર વધારે સ્થિર થઈ. "વાર્યો વરે તે યુવાન અને હાર્યો વરે તે વૃધ્ધ" સફળતાની ચાવી માત્ર યુવાનો પાસે જ છે. હરિભાઈ કોઠારી કહે છે,

તું તોજ ખરો યુવાન તું તોજ ખરો યુવાન
તારા સાનિધ્યે પ્રગટે પથ્થરમાં પણ પ્રાણ... તું તોજ૦

મહારાજશ્રી એ ધાર્યુ કે એક વખત માઁ ઉમિયાજી ની સ્થાપના થાય અને એના થકી સમાજના યુવાનો હાથમાં આવી જાય તો વિજય આપણા ગજવામાં પડ્યું છે. એવું સમજવામાં જરાય અતિશયોક્તિ નથી. વીર નર્મદ કહે છે,

ચલો સૌ જીતવા જંગ બ્યુંગલ વાગે
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

કાર્યનો આરંભ થયો. સંઘને સાથે લઈ મહારાજશ્રી ઉંઝા આવ્યા. ત્યાં જ્યોતમાંથી જયોત પ્રગટાવી અને મસાલ સ્વરૂપે દેશલપર આવ્યા કારણ કે મહારાજશ્રીની ધારણા પ્રમાણે ઉમિયા માઁ નું મંદિર દેશલપરમાં હોવું જોઈએ. તેથી સૌ સંઘ મશાલ લઈને દેશલપર આવ્યો. આજે જ્યાં જુની પ્રાથમિક શાળા છે. ત્યાં ટેકરા ઉપર મંદિરની જગ્યા નિર્ધારિત કરવામાં આવી પણ દેશલપરમાં પીરાણાપંથનો વધારે જોર હોવાથી ત્યાંના મુખી તથા ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. વિરોધ સામે ન ટકી શકવાથી મહારાજશ્રીએ કાર્યની તરત જ દિશા બદલી નાખી અને મશાલને જુના દ્વારામાં રાખવાનો એક સગવડભર્યો નિર્ણય લઈ લીધો. જે નિર્ણય મહારાજશ્રી માટે અતિ ઉપયોગી સિધ્ધ થયો. જોતજોતામાં સનાતન ધર્મના પ્રચાર માટે એક સેન્ટર તૈયાર થયું. જયાંથી પીરાણા પંથીઓ માટે સંદેશાઓ છુટવા લાગ્યા. નિત્ય નવા આયોજનો થવા લાગ્યા અને નવા નવા પરિણામોની જાહેરાતો થવા લાગી.

પરઃ ધર્મો ભયાવહ

ભારત દેશનો મુખ્ય ધર્મ સનાતન ધર્મ છે. બીજા બધા ધર્મો એની શાખા છે. મહારાજશ્રી ઓધવરામજી કહેતા કે મને એ જ નથી સમજાતું કે માણસો સ્વધર્મને છોડીને શાખાઓને શા માટે પકડે છે. આખરે શાખાઓ તો બધી મુળ સાથે જ સંકળાયેલી છે. આંખો ઉપર પાટા બાંધીને ઇશ્વરને જયાં ત્યાં જોવાની આંધળી અનુકરણ વૃત્તિનો જડમુળથી નાશ કરવો જોઇએ. પરમ પુજય મહારાજશ્રી સ્વરચિત પદમાં કહે છે કે,

રાગ : રામગ્રી તાલ - દીપચંદી (લય : પઢોરે પોપટ)

એજી૦ વાલા ઉલટ ફરીને ગોતજો વસ્તુ છે નીજ ઘરમાં
બહાર ગોતે નહીં મળે જાગી જુવો ને અંતરમાં ...એજી૦
એજી૦ વાલા કસ્તુરી વસે મૃગ નાભિયે ગોતે વનમાં ઘાસે
અજ્ઞાનીઓ તેમ આથડે સર્વ પ્રકાશી પાસે ...એજી૦
એજી૦ વાલા શશી ચાહે જેમ શીતને ભાનુ તેજને ચાહે
તેમ સૌ ચાહે બ્રહ્મને જોયા વિના પોતા માંહે ...એજી૦
એજી૦ વાલા ગુરૂગમ સાર વિચારજો બેસી ચોક્કસ સ્થાને
સમ, દમ સાધન સાધીને સોહંમ્ ને ધરો ધ્યાને ...એજી૦
એજી૦ વાલા દ્વૈત ભરમનો ભાસ તે એક ઘડી પલમાં નાશે
સત્ ચિત્ત આનંદ આત્મા "ઓધવ" ઉરમાં પ્રકાશે ...એજી૦

મહારાજશ્રીએ પાટીદાર સમાજને એક સંદેશ આપ્યો હતો. જેમાં સનાતન ધર્મની રીતો બતાવી છે. એ જ્યારે પ્રચાર અર્થે ગામડાઓમાં જતા ત્યારે પાટીદાર ઉપદેશ અવશ્ય વાંચી સંભળાવતા.

પાટીદાર ઉપદેશ

ઓધવ ઉપદેશી કહે સુણજો પાટીદાર હિંદુ ધર્મને પાળવા ચોક્કસ કરો વિચાર
ઓધવ ઉપદેશી કહે સર્વ શાસ્ત્રનો સાર સાચા હિંદુ છો તમેં એવું કરો નિરધાર
ઓધવ ઉપદેશી કહે સાંભળજો દઇ કાન તજો પાખંડી ધર્મ પુરૂં આપી ધ્યાન
ઓધવ ઉપદેશી કહે હિન્દુ ધર્મ અનુસાર વ્રત રાખો એકાદશી તજો શુક્ર એ વાર
ઓધવ ઉપદેશી કહે કરો ફંદનો ત્યાગ હિન્દુ ધર્મપણે કરો શુભ અગ્નિ સંસ્કાર
ઓધવ ઉપદેશી કહે ચોરી ફેરા ચાર હિન્દુ ધર્મ રિવાજથી કરજો પાટીદાર
ઓધવ ઉપદેશી કહે તજો ખાનુ એ નામ ચરણામૃત પીને કહો મંદિર જ્યોતીર્ધામ
ઓધવ ઉપદેશી કહે કરો આરતીનાદ પ્રેમ થકી પાળો સૌ હિન્દુ ધર્મ મર્યાદ
ઓધવ ઉપદેશી કહે થઇ જાઓ તૈયાર સૌ જન થાઓ સનાતની કરો જ્ઞાતી ઉધ્ધાર

સમાજને નજીક લાવવા માટે ધાર્મિક આયોજનો ખુબ જરૂરી

મહારાજશ્રી ઓધવરામજીએ સંવત ૧૯૯૯ માં ગુજરાતમાં આવેલ મોતીશ્રી ગામમાં રહેતા પટેલ હરિભાઇ કરમશીને દયાળદાસ દ્વારા પત્ર લખાવ્યો. જેમાં લખાવ્યો. કે પીરાણા પંથ ઉપર લાગામ નાખવા હેતુ કચ્છ પ્રાંતમાં અગર પાટીદાર સમાજના કુળદેવી માઁ ઉમિયા માતાનું મંદિર હોય તો સમાજ ચોક્કસ સંગઠીત થશે તથા પ્રચાર કાર્યને મળે છે. એના કરતાં વધારે વેગ મળશે અને સમાજમાં ઉત્સાહ વધશે. સૌ પ્રથમ મંદિર બંધાશે-પ્રાણપ્રતિષ્ઠા-વાર્ષિકોત્સવ ઉજવાશે તથા નિત્ય નવા નવા આયોજનો થશે. જેમાં સમાજનાં હજારો યુવાનો ભાગ લેશે અને એ સૌને એક સાચી દિશા મળશે. સમાજને નજીક લાવવા હોય તો ધાર્મિક આયોજનો હોવા જરૂરી છે.

બુધ્ધિજીવી માણસો મહાપુરૂષોના વિચારોને વ્યર્થ જવા દેતા નથી. મહારાજશ્રીના પત્રમાં હરિભાઇ પટેલને સનાતન ધર્મના દર્શન થયા અને એમની આંખ સામે સમાજનો વિકાસ તરવરતો જોયો અને મંદિરના નવ નિર્માણમાં પોતાની સહંમતી છે એવું સિધ્ધ કરવા માટે પ્રથમ ફાળો રૂપિયા એક હજાર શ્રી હરિભાઇ પટેલ દ્વારા મળ્યો. એક કહેવત છે કે દિશા બદલે તો દશા બદલે. ત્યારબાદ દાનની સરવાણી ફુટી અને પછી એ જ ઘડીએ શ્રી હરિભાઇ કરમશી પટેલ, રતનશી ખીમજી પટેલ, પરબત લખુભાઇ પટેલ, જીવરાજ વસ્તા આહીર, કાનજી ગોપાલ મુખી

કરસન ઉકેરડા, વાલજી રામજી પટેલ, તથા રામજી લાલજી પટેલ, ગઢશીશાવાળા પટેલ ભીમજી કાનજી લુણવા તથા સૌ સેવકો દાતાઓ ભક્તો શ્રેષ્ટીઓ શિષ્યો તથા વાંઢાયના દરબારોના સાનિધ્યમાં પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજીના વરદ્ હસ્તે મંદિરનું શાસ્ત્રોક્ત પધ્ધતિથી ખાત મૂહૂર્ત થયું.

રવિવાર સવંત ૨૦૦૦ ના ચૈત્ર સુદ ૯ રામનવમીના દિવસે એમાં પાન મુર્તિ પધરાવવામાં આવી અને સંવત ૨૦૦૩ ચૈત્ર સુદ ૯ રામનવમીના શુભદિને (પાકી) મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારે મંદિરના બાંધકામનો ખર્ચ રૂપિયા (૬૦૦૦/-) છ હજારનો થયો હતો. તે સિવાય ગૌશાળા, ભોજનશાળા તથા યાત્રીકોની સુવિધા માટે પાંચ ઓરડા બનાવેલા હતા. તેનો ખર્ચ ૩૪૦૫/- થયો હતો. જ્યારે કુલ ખર્ચ ૯૪૦૫ રૂપિયા થવા પામ્યો હતો. ઉપરોક્ત વિષયને ધ્યાનમાં લઇને અચલ દાસજી કહે છે,

રાગ : ગજલ (પછી વિચાર સૌ કરજો)

ચઢાવી પ્રેમનું ચંદન કરૂં ગુરૂદેવને વંદન ...(૨)
દેખાડ્યો દેરા ઈશ્વરનો ગયો સંસય અનીશ્વરનો
સમપ્યું જ્ઞાનનું અંજન કરૂં ગુરૂદેવને વંદન ...૧
દયા ગુરૂની થઈ જ્યારે થયા સુખીયા સૌ ત્યારે
અવિદ્યાનું થયું ખંડન કરૂં ગુરૂદેવને વંદન ...૨
ઓળખ્યા એક અવિનાશી સચ્ચિદાનંદ સુખરાસી
થયું અદ્વૈતનું મંડન કરૂં ગુરૂદેવને વંદન ...૩
"અચલ" સુખ છે ગુરૂ ચરણે એમ જાણી થયા શરણે
નાશ પામ્યા સૌ બંધન કરૂં ગુરૂદેવને વંદન ...૪

શ્રી અચલદાસજી કહે છે કે જે વેરાન જંગલમાંથી માર્ગ કાઢી આપે એનું નામ સદ્‌ગુરૂ, જ્ઞાનનું અંજન કરે, અવિદ્યાનું ખંડન કરે, ધ્વૈતનું મંડન કરે અને માયાવી બંધનો માંથી મુકત કરાવે. એવા ગુરૂને પ્રેમના ચંદનથી વંદન કરવું જોઇએ.

ઐસી ગુરૂદેવને કીની દયા મેરા મોહ કા બંધન તોડ દીયા

ગુરૂની વિશેષ મહત્તા સમજાવતા શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે કે મારૂં મન જગતના કાર્યો કરવામાં જ રચ્યો પચ્યો રહેતો હતો પણ ગુરૂએ મારા મનને એક સાચી દિશા બતાવી છે. સંપ્રદાયોની ગ્રંથીઓમાં અટવાયેલો હતો. ગુરૂએ જેટલા રંગબેરંગી પથરા એ બધા મારા ભગવાન છે, એવી ભ્રામક ધારણામાંથી મને મુકત કરાવ્યો. ભગવાન કાશીમાં છે. મથુરામાં છે. એ મારો એક ભ્રમ હતો. ગુરૂએ મને ઇશ્વર સર્વ વ્યાપક છે. એવું સમજાવીને મારા ભ્રમનું ખંડન કર્યું. એવા મારા ગુરૂનું હું ઋણ કઇ રીતે ચુકવું ? ત્રણે લોકમાં એવી કોઇ વસ્તુ નથી કે જે હું ગુરૂને ચરણે ધરૂં.

રાગ : ભીમપ્લાસ

ઐસી ગુરૂદેવને કીની દયા મેરા મોહ કા બંધન તોડ દીયા ...ટેક.
મૈં દોડ રહા દિનરાત સદા જગ કે સબ કાજ બિહારણમેં
સ્વપ્ને સમ વિશ્વ દિખાય મુજે મેરે ચંચલ ચિત્ત કો મોડ દીયા
કોઈ શેષ ગણેશ મહેશ રટે કોઈ પુજત પીર પયંગબર કો
સબ પંથ ગરંથ છુડા કરકે એક ઈશ્વરમેં મન જોડ દીયા
કોઈ ઢુંઢત હૈ મથુરા કાશી કોઈ જાય બનારસ વાસ કરે
જબ વ્યાપક રૂપ પીછાન લીયા સબ ભ્રમકા ભંડા ફોડ દીયા
મૈં કોન ધરૂં ગુરૂદેવ કો ભેટ ન વસ્તુ દીસે ત્રિલોકનમેં
બ્રહ્માનંદ સમાન ન હોય કભી ધન માણીક લાખ કરોડ દીયા

ગુરૂ મહિમાના દ્દષ્ટાંતો-વ્યાખ્યાનો તથા ગુણગાન અનાદી કાળથી ગવાતા આવ્યા છે. ગુરૂ શબ્દનો અર્થ વ્યાપક

તથા જીવનની પરમોચ્ચ સ્થિતિ એટલે ગુરૂ શાસ્ત્રકારો કહે છે કે ગુરૂ એને કહેવાય જે લઘુ નથી (નાનો નથી) ગુરૂમાં ગુરૂપણું ન હોય તો ચેલામાં ચેલાપણું ક્યાંથી આવે ? માટે ગુરૂએ સ્વયંમ પોતાની મહત્તા જાણી લેવી જોઇયે. જેનો ગુરૂ સ્થાન ઉપર નથી. એના ચેલાઓને ભટકવા સિવાય બીજો કોઇ માર્ગ નથી માટે ગુરૂએ પોતાનું ગુરૂપણું જાણી લેવું જોઇયે. પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ સ્વરચિત ભજનમાં કહે છે કે,

રાગ : રામગરી તાલ - દીપચંદી

એજી વાલા માન મુકીને રે માનવી સદ્ગુરૂ શરણે રહેવું
કુળ કપટ ત્યાગી કરી ચરણોમાં ચિત્ત દેવું ...એજી.
એજી વાલા અનેક જનમનાં લેખ જે ગુરૂ કરૂણાથી ત્રુટે
અંતર આનંદ ઉપજે કાલ કર્મ ભય છુટે ...એજી.
એજી વાલા સદ્ગુરૂ ઈશ્વરરૂપ છે. ભેદભાવ ન આણો
બ્રહ્મવેત્તા બ્રહ્મરૂપ છે, એવા વચન પ્રમાણો ...એજી.
એજી વાલા દેવી દાનવ ને દેવતા ભુત પ્રેત જે સેવે
સમરથ ગુરૂને છોડી કરી લક્ષ ચોર્યાસી લેવે ...એજી.
એજી વાલા હરિજન એવું વિચારીને પાખંડને પરિહરજો
"ઓધવદાસ" કહે પ્રેમથી સદ્ગુરૂ ને અનુસરજો ...એજી.

પુજય નારાયણ સ્વામી કહેતા હતા કે ગુરૂકો છોડ ઓરનકો ધ્યાવે કારજ કછુનાં સરે મહારાજશ્રી ઉપરોકત રચનામાં એમ જ કહેવા માંગે છે કે તમારા જીવનમાં ગુરુરૂપી કોઇ માર્ગદર્શક નહીં હોય તો તમેં સૌ "ભુત-પ્રેત જે સેવે" ભુવાઓ ધુણાવશો. ભુત પ્રેતની પુજા કરશો તથા નારાયણબલી-નાગદોષ-પિતૃદોષ તથા સર્પદોષ જેવા ઉપજાવી કાઢેલા પ્રપંચોથી વગર કારણે થરથર કાંપશો. ગુરુ તમને એવા પ્રકારના જુઠા અને કાલ્પનિક તથા તકલાદીઓ એ ઉપજાવી કાઢેલા સ્વાર્થથી ખદબદતા પ્રપંચોમાંથી બચાવશે. મહારાજશ્રી રચનાની શરૂઆતમાં જ કહે છે. માન મુકીને રે માનવી સદ્ગુરુ શરણે રહેવું આપણા લગભગ કાર્યો માન ઉપર આધારીત હોય છે. જયાં માન મળે ત્યાં ધનનો ભોગ આપીયે અને જયાં માન ન મળે ત્યાં ન જઇયે !!! અંતમાં મહારાજશ્રી કહે છે,

હરિજન એવું વિચારીને પાખંડને પરિહરજો
"ઓધવદાસ" કહે પ્રેમથી સદ્ગુરુને અનુસરજો

મહારાજશ્રી જયારે જયારે મુંઝવણ અનુભવતા ત્યારે તે ઇશ્વર રામના ચરણોમાં બેસીને ઇશ્વરનું ધ્યાન ધરતા. ઇશ્વર મનુષ્યની ઇચ્છામાં શકિતનું સંચાર કરે છે. એક વાત નોંધવા જેવી છે કે,

મનુષ્યની ઇચ્છા સાથે દૈવી શકિતનું મિશ્રણ થાય તો જ મનુષ્યના આત્મવિશ્વાસમાં વધારો થાય. ધીરે ધીરે વાંઢાય દ્વારા ધાર્મિક ગતિ વિધિઓનું કેન્દ્ર બનતું ગયું. એમાં એક નહીં પણ અનેક માણસો ધર્મ જાગૃતિના કામમાં જોડાઇ ગયા. ધર્મ પરિવર્તનનું કામ જેટલું અઘરું લાગતું હતું એટલું જ સહેલું થઇ ગયું. જે માણસો કુળદેવીના દર્શનાર્થે વાંઢાય પહોંચી ન શકયા. એ પણ માઁ ઉમિયાજીના નામની ધર્મધજા પોતાના ઘર ઉપર ફરકાવી રાખતા એમ કરતાં કરતાં સમાજમાં ઉમિયાજી વ્યાપક સ્વરૂપે સ્થાપિત થયા અને સંપુર્ણ કડવા પાટીદાર સમાજને લક્ષ્મી નારાયણ નામ આપીને એમની આગવી ઓળખ ઉભી કરી અને પછી તો ગામડે ગામડે શ્રી લક્ષ્મી નારાયણના મંદિરો બન્યા. મહારાજશ્રી એ લક્ષ્મી નારાયણનું મંદિર બાંધવા માટે જોઇતો સહયોગ પુરૂં પાડવાની સૌને ખાત્રી આપી. જોતજોતામાં એક ઉત્સાહની લહેર આવતી થઇ. એક લહેરમાં એક મંદિર બીજી લહેરમાં બીજું મંદિર બનતા બનતા ઓછામાં ઓછા (૨૦૦) બસો મંદિરના કાર્યનું નિર્માણ થયું. મંદિરો બનાવતી વખતે જયાં જયાં જરૂર પડે ત્યાં મહારાજશ્રી સ્વયંમ ત્યાં જતા અને પ્રાણ પ્રતિષ્ઠા કરાવતા અને જયાં મંદિરો બન્યા ન હતા એવા પીરાણાં પંથીઓના ગામમાં જઇને સદ્ગુરુ શ્રી લાલરામજીનો સંદેશો વાંચી સંભળાવતા.

બ્રહ્મલીન શ્રી લાલરામજી મહારાજનો સંદેશ

મારા પ્રિય જ્ઞાતિબંધુઓ આપ સૌ સનાતન ધર્મને છોડી. અન્ય ધર્મના શરણે ગયા છો એનું મને ખુબ દુઃખ લાગે

છે. તમારી નહીં હિંદુ નહી મુસલમાન જેવી સ્થિતિ મારાથી જોઇ શકાતી નથી. તમને પાછા સનાતન ધર્મમાં લાવવા માટે મેં ખુબ પ્રયત્નો કર્યા છે. પણ મને જોઇએ એટલી સફળતા મળી નથી. મારૂં જીવન સમાપ્ત થયાથી પહેલા મારા શિષ્ય શ્રી ઓધવરામ પાસેથી મેં વચન લીધું છે કે તે મારા અધુરા કાર્યને જરૂર પુર્ણ કરશે. આપ સૌ ધર્મ પરિવર્તનના યજ્ઞીય કાર્યમાં જોડાઇને ઓધવરામને સહયોગ આપશો.

લી. લાલરામજી ગુરુ ઈશ્વરરામજી – વાંઢાય

મહારાજશ્રી જયાં જતાં ત્યાં સભામાં શ્રી લાલરામજી મહારાજનો સંદેશ પોતાની શૈલી માં એવી રીતે સમજાવતા કે સાંભળનારાની બુધ્ધિમાં મહારાજશ્રીના વિચારો આરપાર ઉતરી જતા મહારાજશ્રી પાસે ઉંડાણ ભરેલું તત્વજ્ઞાન હતું જે સાંભળીને માણસો નિઃસંદેહ તથા શંકારહિત થઈ જતા મહારાજશ્રી કહેતા કે જેવી રીતે હું મારા ગુરુની આજ્ઞાનું પાલન કરું છું. એવી રીતે તમને પણ મારી આજ્ઞાનું પાલન કરવું જોઈએ. ધર્મ પરિવર્તનના કાર્યમાં આપ સૌનો સાથ હોવું જરૂરી છે. મહારાજશ્રીનો હૃદયપૂર્વક નિવેદન તથા શ્રી લાલરામજીનો સંદેશ સાંભળ્યા પછી ઉપરોકત કાર્યમાં હજારો કાર્યકર્તાઓ જોડાઇ ગયા. મહારાજશ્રી સૌ કાર્યકર્તાઓને કહેતા કે 'મારી જયાં જયાં જરૂર પડે ત્યાં સમય જોયા વગર મને બોલાવજો. એમ કરતાં કરતાં સમાજના નેવું ટકા પરિવારો સનાતન ધર્મમાં પાછા આવી ગયા. મહારાજશ્રીએ એ બધાનું હૃદયપૂર્વક સન્માન કર્યું. ત્યારબાદ પાટીદાર સમાજના યુવાનોએ યજ્ઞોપવિત ધારણ કર્યા તથા હરિહર સંપ્રદાય સાથે જોડાઈને ઘરઘરમાં સંધ્યાપાઠ શરૂ થયા જે આજે પણ થાય છે અને થવા જોઈયે. સંધ્યાપાઠ એ સંપ્રદાયનો ગુરૂમંત્ર છે એટલું જ નહી તે અનુભવ સિધ્ધ ગુરૂજનોનું કવન છે.

સંધ્યાપાઠ

સંધ્યાપાઠ હરિહર સંપ્રદાયનો ગુરૂમંત્ર છે. એમાં સંપ્રદાયના સંસ્થાપકો તથા ગુરૂ ગાદીપતિઓ જેમાં શ્રી દેવા સાહેબ, વિહારી સાહેબ, ગુરૂશ્રી ઈશ્વરરામ, અચલદાસજી તથા શ્યામદાસના અનુભવ સિધ્ધ શબ્દ પ્રમાણનું પરિચય થાય છે. સંધ્યાપાઠમાં જ્ઞાનની પરાકાષ્ટા છે તથા સાધક માટે સાધના માર્ગ છે. માટે ઈશ્વર આશ્રમ વાંઢાય સાથે જોડાયેલા પરિવારોના ઘેર સંધ્યાપાઠ થવું જરૂરી છે. થોડું વધુ વિચારીયે તો સંધ્યાપાઠ એ પરમ પુજ્ય શ્રી ઓધવરામ મહારાજશ્રીનો ''આદેશ'' છે. જે આદેશનું પાલન કરવું એજ આપણી ફરજ છે. સંધ્યાપાઠથી દુર થવું એટલે મહારાજશ્રીના વિચારોથી દુર થવું. એવો અર્થ થાય છે. સંધ્યાપાઠ એટલે સમાજને એક સુત્રે બાંધવા માટેનો આધ્યાત્મિક પ્રયોગ.

મહારાજશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક સંદેશાઓ આપ્યા છે. જેમાં પહેલો સંદેશ પાટીદાર સમાજને કચ્છમાં કુળદેવી શ્રી ઉમિયા માઁ નું મંદિર બાંધવા અંગે આપ્યો. બીજો સંદેશ ખાનાપંથીઓને સનાતન ધર્મમાં ભળી જવા અંગે આપ્યો. ત્રીજો સંદેશ પાટીદાર સમાજના ગામડે ગામડે શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બનાવવા અંગે આપ્યો. ચોથો સંદેશ ભવાનીપુર ગામમાં સ્ત્રી શિક્ષણ અંગે આપ્યો. પાંચમો સંદેશ પાવરપટ્ટી સ્થિત ભાનુશાલી સમાજના પહેરવેશમાં ફેરફાર કરવા બદલ આપ્યો. એક સંદેશ અસ્પૃશ્યતા નિવારણ અંગે આપ્યો. એક સંદેશ બાળક અને બાળકી વચ્ચે ભેદ કાઢી નાખવા અંગે ગૃહસ્થીઓને આપ્યો. એવા તો અનેક સંદેશાઓ આપ્યા. તેવી રીતે એક સંદેશ હરિહર પરંપરા સાથે જોડાયેલા પરિવારોમાં સંધ્યાપાઠ થવો જોઈએ એ અંગે આપ્યો અને સંધ્યાપાઠની મહત્તા સમજાવી. આપણને કેટલું સમજાણું, આપણે કેટલું જાણ્યું અને આપણે કેટલું માણ્યું એ આપણા વિચારો ઉપર નિર્ભર છે. મહાપુરૂષો તો પોતાનું કામ કર્યા જ કરે છે.

જ્ઞાનની વાતો છાની

જેવી રીતે ઇશ્વર વરસાદ વરસાવે એમાં ખેડુત વાવણી કરે કે ન કરે એ એનો વિષય છે. ભગવાન પોતાનું કામ કર્યા જ કરે છે. જ્ઞાનના વિષયને સમર્થન આપતી સતારશાની રચના એમ કહે છે કે જ્ઞાનને જાણવા માટે સૌ પ્રથમ યોગ્યતા હોવી જરૂરી છે.

રાગ : માઢ

એને જાણે કોઈ અનુભવી જ્ઞાની જ્ઞાનની વાતો છાની
વાલીડા મારા મુંગે સપનામાં મોઝો માણી સમજે પણ વદે નહીં વાણી ...જ્ઞાન.

વાલીડા મારા જ્ઞાનમાં મોઝ મઝાની એમાં શું સમજે અભિમાની ...જ્ઞાન.
વાલીડા મારા કહે સતારદાસ જ્ઞાની તમેં શીદ કરો છો ખીંચાતાની ...જ્ઞાન.

એક શિષ્યે પોતાના ગુરૂને પુછ્યું કે મહારાજશ્રી જ્ઞાન કોને કહેવાય ? ગુરૂજીએ કહ્યું કે જે **ન સમજાય એનું નામ જ્ઞાન.** કવિ કહે છે કે એમાં શું **સમજે અભિમાની** અભિમાની અને જ્ઞાની વચ્ચે સો ગાઉનો અંતર છે. આગળ જતાં કવિ કહે છે કે તમેં શીદ કરો છો ખીંચાતાણી કારણ કે સંપ્રદાયો, વાડાઓ તથા મઠોની ગુંચવણમાં ગુંચવાયેલા મઠાધીપતિઓ, ગુરૂગાદીપતિઓ, ટ્રસ્ટીઓ, શ્રેષ્ઠીઓ સૌ જ્ઞાનથી અનેક ગાઉ દુર રહી જાય છે.

મહારાજશ્રી ધર્મ પરિવર્તનના કાર્યમાં ગામડે ગામડે જતા ત્યારે સભામાં એક વાત જરૂર કહેતા કે આપ સૌ સનાતન ધર્મના જ અનુયાયીઓ હોવા છતાં તમને તમારા સ્વધર્મ ઉપર પ્રેમ કેમ નથી થતો ? તમે ધર્માંતરના મુદ્દાને સમજી કેમ નથી શકતા ? તમેં સૌ ભણેલા-ગણેલા તથા કેળવણી પામેલા યુવાનો છો. તમારી ધર્મ વિહોણી દશા જોઇને મને ખુબ દુઃખ લાગે છે. તમેં ઉપરોકત વિષયને માત્ર મારા કહેવાથી નહીં પણ તમેં તમારી સ્વતંત્ર બુધ્ધિથી વિચાર કરીને બધું જાણી શકો છો. તમારા પૂર્વજો બસો વરસ પહેલા કાશીની યાત્રાએ જતાં હતા. એ સત્યને તમેં જો સ્વીકારતા હો તો એનો અર્થ એ થાય છે કે તમારા પૂર્વજો વૈદીક હતા. એટલું જાણ્યા પછી તમારે વધુ કાંઇ કરવાની જરૂર નથી. તમેં મુળથી સનાતનીઓ છો અને સનાતનીઓ બનીને રહો.

સનાતન ધર્મવાલે સબ ધર્મ કે સાથ રહો
બીખરાનેવાલે ખુદ બીખર જાયેંગેં !!!

તમેં સૌ કાશીની યાત્રા કરવા જઇ રહ્યા હતા અને રસ્તામાં તમને ખાનાપંથી ધર્મની પ્રાપ્તિ થઇ જેના લીધે સદીઓથી તમારા જીવન સાથે સ્થાપિત કાશી ઉપરની શ્રધ્ધા, સનાતન ધર્મપ્રેમ તથા હજારો વરસ જુની પરંપરા જો ઘડીમાં તુટી શકતી હોય તો તમેં સ્વયંમ ઉપર લાદેલા તકલાદી ધર્મપ્રેમને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં છોડી શકો છો. તમને માત્ર તમારી બુધ્ધિ તથા મનને સમજાવવાનું છે. એક વાત યાદ રાખજો કે તમેં ખાનાપંથી છો પણ તમારો આત્મા ખાનાપંથી નથી. તમેં ખરડાઇ ગયા છો પણ તમારો આત્મા શુધ્ધ સનાતની છે અને રહેશે.

શ્રી ઉમિયા માઁ ની આરતી

રાગ : જય જગદીશ હરે



ૐ જય સતી ઉમિયા માઁ મૈયા જય સતી ઉમિયા માઁ
પ્રેમથી કરીયે પુજન (૨) અમેં તમારા બાળ ...ૐ
શકિત એક ધર્યા તેં રૂપ અનંત અપાર ...મૈયા
જલ સ્થલ તેજ આકાશે (૨) વાયુમાં વિસ્તાર ...ૐ
ભવસાગરમાં નૈયા ડગમગ મારી થાય ...મૈયા
તારા વિણ હવે મારો (૨) કોણ પકડશે હાથ ...ૐ
આધી વ્યાધી ઉપાધી હરો ત્રિવિધના તાપ ...મૈયા
અવગુણ માફ કરી સૌ (૨) સમયે કરજો સહાય ...ૐ
શ્રી ગિરીજાની આરતી ગાયે સૌ નરનાર ...મૈયા
"ભગતરામ" તને ભજતા (૨) ભવબંધન છુટી જાય ...ૐ

આજે જયાં ઉમિયા માતાજીના મંદિર છે ત્યાં એક સમયે એને "ઠાકર દ્વારો" તરીકે સૌ ઓળખતા હતા અને એ દ્વારાના સંસ્થાપક શ્રી વિહારી સાહેબ તથા શ્રી ઇશ્વર રામજી ત્યાં તપ કરતા હતા. ગાયોને બાંધવા માટે ગૌશાળા હતી. બે પાંચ ઓરડા હતા. એક ગુફા હતી. એક લીમડાનું મોટું ઝાડ હતું. જેનો અડધો ભાગ ખારો અને અડધો ભાગ મીઠો હતો. સમય બદલતાની સાથે બધું બદલાઇ ગયું. આજે કેરીમાંથી પણ મીઠાશ નીકળી ગઇ છે તો લીમડામાં ક્યાંથી રહે ? નવા દ્વારાની શરૂઆત થઇ એટલે ઠાકર દ્વારો જુનો દ્વારો તરીકે ઓળખાવા લાગ્યો અને આજે એ ઉમિયા માઁનું સ્થાન તરીકે ઓળખાય છે. મહારાજશ્રી ઇશ્વર રામજી જયાં ભજન કરતા હતા. એ ઓરડામાં એમનો ઢોલીયો તથા હસ્ત લિખિત ભાગવત કથા દર્શનાર્થીઓના દર્શન માટે રાખવામાં આવેલ છે.

થોડા દિવસ પછી બીજા ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન થયું. ત્યારબાદ જુના દ્વારામાં મહારાજશ્રીના શિષ્ય દયાળદાસ રહેવા લાગ્યા અને નવો દ્વારો એટલે ઈશ્વર આશ્રમમાં મહારાજશ્રી રહેવા ગયા. સમયાંતરે દયાળદાસજીની આંખમાં મોતીયો થઈ જવાને કારણે તઓ બહાર ક્યાં વિચરી શકતા નહોતા. તેથી એમની પાસે એમના શિષ્ય શાંતિદાસજી રહેતા હતા. એ પ્રમાણે સાધુ સમાજ બે ભાગોમાં વહેંચાઈ ગયો.

શ્રી દયાળદાસજી મહારાજ (છઠ્ઠા ગુરૂ ગાદીપતિ)

દયાળદાસજીનો જન્મ કચ્છ દેશલપર (વાંઢાય) ગામે, પિતા શેઠ દામજી ટોકરશી લોહાણા માતા શ્રી કેશરબાઈના ઘેર. સંવત ૧૯૫૧ ના અશ્વીન સુદ પુર્ણિમાના દિવસે થયો હતો. સંવત ૧૯૫૩ ના અંતમાં પિતાજી અવસાન પામ્યા. ત્યારબાદ પંદર વરસની ઉંમરે માતાજી સાથે મુંબઈ ગયા અને ત્યાં સ્થાઈ થયા. ત્યારબાદ સત્તાવીસ વરસની ઉંમરમાં ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. ત્યારબાદ થોડા જ વરસમાં માતાજી સ્વર્ગવાસ થયા પછી દયાળદાસની પોતાની ધર્મ પત્ની સાથે દેશલપર આવ્યા. માંડ ચાર વરસ સંસાર ચાલ્યા પછી એમની ધર્મ પત્નીનું અવસાન થયું. પત્નીનું અગ્નિ સંસ્કાર કરી દયાળદાસજી ઘેર જવાને બદલે ભીના કપડે ઈશ્વર આશ્રમ વાંઢાય આવ્યા. મહારાજશ્રી ઓધવરામજીએ એમને વિધિવત મંત્રોચ્ચાર દ્વારા કંઠી બાંધીને પોતાના શિષ્ય બનાવ્યા અને દયાળદાસ નામાભિધાન કર્યું. સમયાંતરે હરિહર પરંપરાના છઠ્ઠા ગુરૂગાદીપતિ બન્યા હતા. દયાળદાસજી આંખની પીડાના કારણે દિવસે દિવસે ક્ષીણ થતા ગયા. સંવત ૨૦૧૯ આશો સુદ ૩ વાર ગુરૂવારના દિવસે મહા નિર્વાણ પામ્યા. શ્રી દયાળદાસજીના નિવાર્ણ પશ્ચાત હરિહર પરંપરાના સાતમા ગુરુ ગાદીપતિ તરીકે પુજ્ય શાંતિદાસજીને સ્થાપિત કરવામાં આવ્યા.

શ્રી શાંતિરામજી મહારાજ (સાતમાં ગુરૂ ગાદિપતિ)

પુજ્ય શાંતિરામ મહારાજનો જન્મ નખત્રાણા તાલુકાના અરલ ગામમાં, પિતાજી પટેલ વસરામભાઈ તથા માતાજી મેઘબાઈના ઘેર થયો હતો. એમના માતા-પિતા નાની ઉંમરમાં જ શાંતિદાસને છોડી સ્વધામ ગયા. ત્યારબાદ શાંતિદાસજી વાંઢાય આવ્યા. ત્યાં એમણે દયાળદાસજી પાસેથી કંઠી બંધાવીને શિષ્યપદ મેળવ્યું હતું. સંવત ૨૦૦૬ ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ સાતમ સુધી મહારાજશ્રી ઓધવરામજીના કહેવાથી સ્વમુખે ભાગવત કથા વાંચી સંભળાવી હતી. ત્યાર પછી સંવત ૨૦૨૧ ચૈત્ર સુદ એકમથી સાતમ સુધી દયાળદાસના નિમિત્તે ભાગવત કથાનું આયોજન કર્યું. દેશલપરથી પાઈપ લાઈન દ્વારા આશ્રમમાં પાણી પહોંચાડવાનું આયોજન કર્યું હતું. સમયાંતરે અસાધ્ય રોગમાં સપડાઈ જવાથી સંવત ૨૦૩૬ કારતક વદ એકમને સોમવારના દિવસે તેમનો શરીર પંચ મહાભૂતોમાં વિલીન થઈ ગયો.

શ્રી કરસનદાસજી મહારાજ (આઠમાં ગુરૂ ગાદિપતિ)

મહારાજશ્રી શાંતિદાસના ભદ્રા ઉત્સવ પ્રસંગે સૌ સંતોની હાજરીમાં શ્રી કરસનદાસજી સાધુને હરિહર પરંપરાના આઠમા ગુરૂગાદીપતિ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા.

શ્રી કરસનદાસનો જન્મ કુકમાના મીસ્ત્રી પિતાશ્રી વસતારામ પાંચાભાઈ તથા માતાજી રામબાઈના કુખે સંવત ઓગણીસો સત્તાણું વૈશાખ માસે પ્રાગટ્ય થયા. ટુંક સમયમાં માતાનું અવસાન થતાં તેમના પિતા સંવત ૨૦૦૪ માં ઈશ્વર આશ્રમ વાંઢાયમાં મુકી ગયા. સાધુ કરસનદાસજી આશ્રમમાં રહીને ચાર ધોરણ ભણ્યા. શ્રી શાંતિદાસજીએ એમને વિધિવત કંઠી બાંધીને પોતાના શિષ્ય તરીકે સ્થાપિત કર્યા. શ્રી શાંતિદાસનો દેહ વિલય થયા પછી એમના કાર્યની જવાબદારી સ્વીકારી લીધી અને આશ્રમનું સારા પ્રમાણમાં સંચાલન કર્યું. સંવત ૨૦૪૫ માં આશ્રમનો જીર્ણોધાર કર્યો. ત્યારબાદ પોતાના પિતાજી વસતારામ કે જે અવારનવાર બિમાર રહેતા હતા. તેમને આશ્રમમાં બોલાવીને ખુબ સેવા કરી અંતે એમનો દેહ વિલય પણ આશ્રમમાં થયો. ઈ.સ. ૧૯૮૧ માં સૌ ભાવિક ભકતોનો સાથ સહકાર તથા સહંમતી લઈને પુજ્ય શ્રી કૃષ્ણાનંદજી વલાદવાળાના વ્યાસપીઠે ૨૫૬ ભાગવત પોથીનું આયોજન કરવામાં આવ્યું. ત્યારબાદ કથા પ્રસંગે દાતાઓ તરફથી મળેલા અનુદાનમાંથી આશ્રમમાં ખુબ સુધારા વધારા કરવામાં આવ્યા તથા લાલરામ ભવન, ઓધવરામ ભવન, શાંતિ ભવનનું નવ નિર્માણ થયું. તદ્ઉપરાંત ઉપરોકત પ્રસંગે ઈશ્વર સાગરની પાળ ઉપર શ્રી શંકરનું મંદિર ગામ હાજાપરના મીસ્ત્રી શ્રી ગોપાળભાઈ યાદવ તરફથી બનાવવામાં આવ્યું. એવી રીતે આશ્રમની સેવા કરતાં કરતાં તથા ભજન ગાતા ગાતા શ્રી કરસનદાસ મહારાજનો દેહ સંવત ૨૦૬૮ મહાવદ ૧૪ (મહાનવરાત્રી) ના રોજ પંચ મહાભુતોમાં વિલીન થઈ ગયો.

હરિહર પરંપરામાં સનાતન ધર્મના કાર્યમાં સૌ સાધુ સમાજનો યથા યોગ્ય ફાળો છે. આપણે સૌ પરંપરાના

ગુરૂ ગાદીપતિઓ વિષે જાણ્યું. એમના કાર્યોને જાણ્યું તથા એ સૌના જીવન જાણ્યા પછી આપણા વિશ્વાસને પાંખો આવે છે. પ્રેમ શબ્દોમાં રૂપાંતર થાય છે. એક વાત સૌએ જાણી લેવી જોઇયે કે ધર્મ પરિવર્તન જેવું યજ્ઞીય કાર્ય સાધુઓ સિવાય બીજો કોઇ કરી શકે નહીં. જે સાધુઓ સ્વ બચાવમાં તથા માત્ર ધન ભેગું કરવામાં તથા ચેલા વીણવામાં રચ્યા પચ્યા હોય એનાથી ક્રાંતિ થાય નહી.

મહારાજશ્રીએ સંસ્થાપક (મુખી) વિષે ગાથા લખી છે જેમાં ગુરૂગાદીપતિ (મહંત) કેવો હોવો જોઇએ. મહારાજશ્રી કહે છે કે એના ઉપર વિશ્વાસ મુકતા પહેલા એના જીવનને જાણી લેવું જોઇએ તથા એની કાર્યક્ષમતા વાણી વર્તન તથા વિચારો સમજ્યા પછી કંઠી બંધાવવી જોઇએ. આજકાલના ગુરૂઓને હરિભાઇ કોઠારી પુછે છે કે,

કંઠી બાંધીને કંઠ કેટલાના કાપ્યા ?
માળાના મણકામાં માધવને ગાપ્યા.

મહારાજશ્રીએ સકારાત્મક વલણ અપનાવીને મુખી વિષે કહે છે.

ગુરુ, ગાદીપતિ, મહંત અને મુખીના લક્ષણ

લેખક : સંત ઓધવરામ

ચોપાઇ

ગુરૂજી મુખીજન કોને કહીએ, જેના સંગથી શાંતિ લહીએ
સાંભળ શિષ્ય મુખીના લક્ષણ, કદી ખરાબ કરે નહિ ભક્ષણ ...૧
મુખની પેઠે સૌને પાળે, શરણાગતના દુઃખને ટાળે.
જે સતગુરૂની સમજે શાન, જાણો તેને મુખી સુજાણ ...૨
મુખીજન મૂરખ સંગ ન કરે, સતગુરૂ સાથે હેત જ ધરે.
તેજ મુખી સન્માર્ગ બતાવે, જુઠો માર્ગ કદી ન જણાવે ...૩
મુખિયા તે,જે, જન્મ સુધારે, લાખ ચોર્યાસી ફેરા ટારે.
તેજ મુખી જે ઘર ઘર જાય, સુખ દુઃખ પુછી કરે ઉપાય ...૪
દુઃખીયા જનના દુઃખને ટારે, ભકિતવંત ભવસાગર તારે.
તેજ મુખી જે ભેદ ન જાણે, સમદ્રષ્ટિ શીતલતા આણે ...૫
આપ તરે બીજાને તારે, તેજ મુખી જે જન સુધારે.
તેજ મુખી જે સાચું બોલે, અગમ દેશનો મારગ ખોલે ...૬
નાના મોટા જીવની સાથે, પ્રભુને પૂજે જમણે હાથે.
લુલા લંગડા અને અનાથ, વિધવા નારી અને સનાથ ...૭
સર્વે સુખી થાય એમ એ માને, સૌની વાત સાંભળે કાને.
દશમેં ભાગે દાન કરાવે, મનમુખિયા મનખોને વારે ...૮
એવા મુખીજનોને સંગે, કારજ સુધરે અતિ ઉમંગે.
સાચા કડવા પાટીદારો, હવે સનાતન ધર્મ સ્વીકારો ...૯
બોધ આપતાં જે નવ સુધરે, મુખી તેહનો સંગ ન કરે.
જ્ઞાતિદ્રોહી ને કુલદ્રોહી, તેના સંગે પાતક હોઇ ...૧૦
ક્ષમાવાન પર દુઃખને ટારે, બીજાનું સુખ મનમાં ધારે.
તેજ મુખી જે ધર્મ ન ત્યાગે, દશોંદ ધનથી દૂર જ ભાગે ...૧૧
તેજ મુખી જે નિર્ભય રહે, શુદ્ધ સનાતન ધર્મ જ કહે.
સદગુરૂમાં છે શ્રદ્ધા જેને, સાચા મુખી જાણવા તેને ...૧૨
સ્વપ્ન સમાન ગણે સંસાર, મુખીજન તેમાં કરે ન પ્યાર.

લક્ષ ચોર્યાસી ફેરા ટારે, મુખી તેવા સદગુરૂ ને ધારે ...૧૩
મુખીયા મુખથી રામ જ કહે, રાત દિવસ મંદિરમાં રહે.
પ્રભુની કથા કહી સંભળાવે, રામ નામની ધૂન લગાવે ...૧૪
કોઈ પ્રસાદી લઈને આવે, પ્રેમે પ્રભુને તુરંત ધરાવે.
ચરણામૃત સૌને તે આપે, પ્રભુ કૃપાથી પાપ જ કાપે ...૧૫
માન ગુમાન ગર્વને રોકી, પ્રભુને તુરંત નમાવે ડોકી.
સૌ ભાઈઓની સાથે બેસે, સારાં વચન સદા ઉપદેશે ...૧૬

:: દોહા ::

લક્ષણ મુખીયાનાં કહ્યા, કડવા પાટીદાર
હિંદુ ધર્મ સ્વીકાર થી છે જ્ઞાતિ ઉધ્ધાર ...૧૭
જ્ઞાતિ સેવા પ્રેમથી, મુખી કરે શિરલાઈ
આશિષ "ઓધવદાસની" કૃપા કરે રઘુરાઈ ...૧૮

પરમ પુજ્ય મહારાજશ્રીએ સ્વરચિત ઘણાં પદો લખ્યા છે તથા ઘણી કથાઓ લખી છે. જેમાં **અગિયાર શ્લોકી** થાળ તથા પિસ્તાલીસ શ્લોકો ધરાવતી દુઃખ નિવારણ કથા તથા છપ્પન શ્લોકો ધરાવતી **કલીયુગની કથા તથા** ચુમાલીસ શ્લોકો ધરાવતું ઓધવ ઉપદેશ તથા પચ્ચીસ શ્લોક ધરાવતી ભવ નિવારણ કથા, તથા **ચાલીસ શ્લોક** ધરાવતા ગુરૂ ચાલીસા તથા મનને ઉપદેશ આપતો "મન તું ફુલા ખાણે તો ભાર" જેમાં મુખડા સાથે **ચૌદ શ્લોકોનો** સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ સ્વાનુભવ દ્વારા લખેલી આત્મકથા અવર્ણનીય તથા બેજોડ છે. **જેમાં** મહારાજશ્રીના પોતાના અનુભવનો નિચોડ છે અને એમાં જ્ઞાનની પરાકાષ્ટા છે.

થાળ

લેખક : સંત ઓધવરામ

ચોપાઈ

ભકિતભાવે ધરિયો થાળ, પ્રભુ પ્રેમથી કરો સ્વીકાર.
શીરો ગોળ લોટનો કીધો, ધૃત નાંખી ધરી આગળ દીધો ...૧
દૂધપાક લાડુ ને ભજીયા, મોહન જગજો મૂકી કજિયા.
અનેક પાક બનાવ્યા સારા, માંહે નાખી ધૃતની ધારા ...૨
મીઠાં ભોજન કીધાં એવા, લક્ષ્મી ખાસ બનાવે જેવા.
ભાવે ભોજન કરજો વાલા, આશા પુરજો દીનદયાલા ...૩
અમેં સેવકો છીએ તમારા, આપ સ્વામી છો સદા અમારા.
શરણાગત સ્વામી સુખદાતા, ભોજન પ્રેમે લ્યો જનત્રાતા ...૪
ભકત સુદામાને સુખ દીધાં, કંચન મોલ તેહના કીધા.
ભકત વિદુર ઘર ભાજી લીધી, પ્રેમ સગાઈ બતાવી દીધી ...૫
જુઠાં ફળ ભીલડીનાં જમિયા, ઋષિ મુનિ ઘર ન આવી ખમીયા.
કરમાબાઈની ખીચડી ખાધી, મીરાંની પરિહરિ ઉપાધી ...૬
પ્રેમે પય નામદેવનું પીધું, અભયદાન તેને પ્રભુ દીધું.
દિનદયાળ દયા કરી જમજો, ભૂલ હોય તો માફ જ કરજો ...૭
ભૂધર ભાવતણાં ભૂખ્યા છો, સંતોનાં દુઃખથી દુઃખિયા છો.
પત્ર પુષ્પ ફળ જલથી સ્વામી, તૃપ્તિ પામો અંતરયાંમી ...૮
ગંગાજલ જારી ભરી રાખી, જમજો પ્રભુ ઉદાડું માખી.

પાન એલચી અને સોપારી, કાથો ચુનો ને વરિયારી ...૯
તજ લવીંગ રાખ્યાં સંભારી, મુખમાં લેજો દેવ મુરારી
દીનદયાળુ કબૂલ કરજો, સ્વાદે સ્વાદે મુખમાં ધરજો ...૧૦
ભાવભકિતના ભૂખ્યા શ્રી હરિ, ન ભુલચૂક મન લેજો ધરી
''ઓધવદાસ'' તમારો વાલા, શરણે રાખો શ્રી નંદલાલા ...૧૧

દુઃખ નિવારણ કથા

લેખક : સંત ઓધવરામ

ચોપાઇ

નાથ નિરંજન નિર્મળદેવા, એક અનાદિ અનંત અભેવા
સત્ ચિત આનંદ આપ અમાપા, શુદ્ધ સનાતન સત્ય પ્રકાશા ...૧
અકલ અદ્રશ્ય અનામય સ્વામી, ઘટઘટ પૂરણ અંતરયામી
રૂપરેખા નહિ, નહિ કોઇ રંગ, બાળ વૃદ્ધ નહિ નહિ કોઇ સંગ ...૨
મતિની ગતિ જાય નહિ જ્યાંહી અગમ અગોચર આપ ગુંસાઇ
નેતિનેતિ કહી વેદ બતાવે, શિવ સનકાદિક શિશ નમાવે ...૩
મુખ સહસ્ત્રથી શેષ પોકારે, નૂતન નિશદિન નામ ઉચ્ચારે.
અનંત મહિમા નાથ અપારા, બુદ્ધિહીન તે ચાહે પારા ...૪
સુર સાધુ ધેનું ધરણી હિત, ભૂમિ ઉપર પ્રગટો છો નિત.
બ્રહ્મા વિષ્ણુ મહેશ સ્વરૂપા, કર્તા ભર્તા હર્તા રૂપા ...૫
કચ્છ મચ્છ વારાહ નૃસિંહ, વામન પરશુરામ અનીહ.
રામકૃષ્ણ બુદ્ધ કલકિ અસંગી, ઋષભ વ્યાસ પૃથુ બહુરંગી ...૬
દત્તનારદ સનકાદિક રૂપા, હરિહર હલધર હંસસ્વરૂપા.
મધુસૂદન સુખરૂપ મુરારિ, ત્રિભુવન નાથ સદા ત્રિપુરારિ ...૭
શિવ શંભુ શંકર સુખકર્તા, ગંગાધર ગૌરી દુઃખહર્તા.
ગોવર્ધન ધારી ગોપાલા, દીનબંધુ છો દીનદયાલા ...૮
અધમ ઉદ્ધારન પતિત પાવન, પ્રભુ પરમેશ્વર પાપ નશાવન.
દશરથ સુત કૌશલ્યા લાલા, ભરત શત્રુઘ્ન સુમિત્રાલાલા ...૯
વાસુદેવ દેવકી નંદન યશોમતિના સુખ યદુનંદન.
નિજ ભકતોના સંકટ હર્તા, વિશ્વંભર છો પાલનકર્તા ...૧૦
હરિશ્ચંદ્ર તારામતી રાણી રોઇદાસની ભકિત જાણી.
સગાળશા ચંગાવતી રાણી, ચેલૈયાની વાત વખાણી ...૧૧
મોરધ્વજનું સત પારખી લીધું, અભયદાન તેને પ્રભુ દીધું.
અંબરીષના ભર્યા ભંડારા, પદ્માવતીના પ્રાણ આધારા ...૧૨
મીરાંના પ્રભુ કારજ સીધાં, ઝેર પિયાલા અમૃત કીધા.
મહેતાજીનો કર્યો ઉદ્ધાર, સંકટ ટાર્યુ અપરંમપાર ...૧૩
અવિચલ પદવી ધ્રુવને આપી, ભકિતની મર્યાદા સ્થાપી.
ભકત સુદામાને દઇ સાથ, કંચન મોલ કર્યા છે નાથ ...૧૪
વિદુર ભકતનું કીધું કામ, ભાજી લઇને દીધું ધામ.

દ્રૌપદીએ કર્યો પોકાર, દ્વારીકાથી દોડ્યા કીરતાર ...૧૫
નવસે નવાણું ચીરો પુરી, કૌરવની કરી આશ અધુરી.
દુઃખી ગજેન્દ્રે કર્યો પોકાર, ગરૂડ મૂકીને કર્યો ઉદ્ધાર ...૧૬
ઘણાં ભકતની કરી સહાય, યુગ યુગમાં પ્રભુ ઘરીને કાય.
કામ ક્રોધ મદ મત્સર હરો, હસ્ત કમલ શિર ઉપર ધરો ...૧૭
ધર્મકર્મ હું કાંઇ નવ જાણું, અંતર એક ભરોસો આણું.
કાલો ઘેલો હું કિરતાર, દાસ આપનો છું સરકાર ...૧૮
માત પિતાને બાળક વાલું, તેમ ગણશો દીનયાળુ.
આશા તૃષ્ણા પામે નાશ, પ્રભુ આપનો કરશો દાસ ...૧૯
નાસ્તિક ભાવ ન આવે પાસે, મલિનતા અંતરની નાશે.
જન્મ જન્મમાં ભકિત તમારી, દેજો ગુજને નાથ સંભારી ...૨૦
દીનદયાલુ દીનાનાથ, ઘટ ઘટ વ્યાપક ઝાલો હાથ.
વિનયવંત નિર્માન વિવેકી, શમ દમ સાધનમાં નિત ટેકી ...૨૧
તેવા ભકતોને પ્રભુ તારો, તે માટે અવતાર જ ધારો.
ધરા ધામ ધન સુખના ભોગી, વિષયવાસનાથી જે રોગી ...૨૨
કુડા કપટી નિંદક ક્રોધી, વૈષ્ણવ જનના સદા વિરોધી.
એવા દુર્જન યાદ ન આવે, સદા આપને ભકતો ભાવે ...૨૩
બિરદ તમારા પર બલિહારી, વાર વાર ભકતો જાય વારી.
અધમ ઉદ્ધારન પતિત પાવન, દીનદયાળુ શોક નશાવન ...૨૪
ભકતાધિન ભગવાન મુરારિ, એમ કહે છે શાસ્ત્ર ઉચ્ચારી.
શરણાગત પ્રભુ શરણે રાખો, આપે ભકત ઉગાર્યા લાખો ...૨૫
કર્મ કર્યા ટાંણે નવ જોયું, માયામાં મન ગારૂં ગોહ્યું.
આપ તણો રાખ્યો નહિ શંક, ખોટું બોલ્યો થઇ નિશંક ...૨૬
ખોટી સાક્ષીઓ ખુબ ભરી, ગીતા પુસ્તક હાથે ધરી.
ધર્મતણા સોગંદો ખાઇ, મુખથી કીધી રાગદુહાઇ ...૨૭
કુડ કપટને ગાન લડાઇ, લાલચ લોભ અને ચતુરાઇ.
નાતજાતની કરી પટલાઇ, સ્વારથ સાધ્યો કરી ન ભલાઇ ...૨૮
પંચોના પ્રભુ પૈસા લીધા, ઘર કુટુંબમાં ખર્ચ્યા કીધા.
લક્ષ્મી પામીને થઇ શેઠ, અધર્મ કીધો બાંધી ભેઠ ...૨૯
કર્યા ગરીબોનાં અપમાન, માયામદથી ભૂલ્યો ભાન.
સાધુસંતને દેખી કરી, મારા મનમાં આગ જ બરી ...૩૦
ધર્માર્થે નવ ખરચ્યું ધન, ભૂખ્યાને નવ દીધું અન્ન.
તીર્થવૃતો નવ કીધા નિયમો, મનમાં રાખ્યા વૃથા વહેમો ...૩૧
સાધુસંતને માતપિતાની સેવા કરી ના સુખદાતાની.
મનમાં મેં અભિમાન જ રાખ્યું, ફળ તેનું મેં ચોક્કસ ચાખ્યું ...૩૨
ઠગબાજી કરી લીધું ધન, આપ વિષે નવ રાખ્યું મન.
લુંટ ચોરીનો ધંધો કીધો, વ્યાજ વટાનો પૈસો લીધો ...૩૩

અમલદારને લાંચો આપી, પાડોશીની પાડો કાપી.
પરનિંદા કીધી છે ઘણી, માફ જ કરો પોતાનો ગણી ...૩૪
પ્રાતઃ સમયમાં ઉઠી કરી, હાંસી ઠઠ્ઠા કરી મશ્કરી.
જીભે નવ લીધું હરિનામ, વૃથા બક્યો હું આઠો યામ ...૩૫
ધર્મ પત્નીનો કીધો ત્યાગ, બીજી સાથે બાંધ્યો રાગ.
મિથ્યા સુખમાં આનંદ માની, સાચા સુખની કીધી હાની ...૩૬
અસત્ય ભાષણ મુખથી કીધું, બળી બળીને દાન જ દીધું.
અંધ અનાથોને નવ દીધું, મેં જ એકલે ખાધું પીધું ...૩૭
વેદ શાસ્ત્રને જાણ્યા જુઠા, બીજાનેય ભણાવ્યાં ઉંઠાં.
મિથ્યા ડોળ કર્યો મેં ભારી, પ્રભુ આપની બીક વિસારી ...૩૮
મારાથી બહુ જીવો મર્યા, કર્મતણા કોઠાર જ ભર્યા.
હિંસા કીધી અપરમપાર, એ ગણતાં નહિ આવે પાર ...૩૯
સમર્થ સ્વામી આપ દયાળુ, ઉગારો પ્રભુ પરમકૃપાળુ.
મારા અવગુણનો નહિં પાર, આપ પ્રભુ છો ગુણ ભંડાર ...૪૦
જોશો બિરદ સંભાળી આપ, પ્રભુ કરો હવે મુજને માફ.
માત પિતા બન્ધુ છો મારા, અંતર્યામી ક્યાં છો ન્યારા ...૪૧
આપ વિના મારૂં નહિં કોઈ, ત્રણે ભુવનમાં લીધું જોઈ.
અંત સમયમાં થાજો બેલી, હવે ન મુજને દેશો ઠેલી ...૪૨
છોગાળા છે વાત જ છેલી, વહાર લેજો વિઠ્ઠલ વહેલી.
અનાથની અરજી સ્વીકારો, જન્મ જન્મના પાપો બાળો ...૪૩
કાલો ઘેલો છતાં તમારો, હવે મને ભવજળથી તારો.
દાસ તણી એવી છે અરજી આપો ભકિત એ છે મરજી ...૪૪
આપ અમારા સહાય સ્વામી, બીજે ક્યાં જાવું બહુનામી ?
એમ કહે ''ઓધવ'' શિરનામી, સદા ચરણમાં રાખો સ્વામી ...૪૫

-: દોહો :-

સંકટ વખતે જે કરે, આનો મુખે ઉચ્ચાર
તેના દુઃખ સઘળાં મટે, રીઝે સર્જનહાર ...૪૬

કલિયુગની કથા

લેખક : સંત ઓધવરામ

ચોપાઈ

એક સમય નારદ મુનિ યોગી, બ્રહ્મલોકમાં ગયા ઉદ્યોગી.
બ્રહ્માંજીનાં દર્શન કરવા, સર્વ જીવના દુઃખને હરવા ...૧
નમસ્કાર દંડવત જઈ કીધા, બ્રહ્માંજીએ આદર દીધા.
ક્ષેમકુશળ પુછી નારદને, હૃદયે ધારી અતિ ઉમંગને ...૨
શું છે કામ દેવઋષિ મારૂં, તે કારજ હું કરૂં તમારૂં.
સર્વ જીવના શું છે હાલ, તેનો હશે આપને ખ્યાલ ...૩
સાંભળતા બ્રહ્માની વાણી, ત્યારે બોલ્યા વીણાપાણી.

હવે સુણો બ્રહ્મા દઈ કાન, કલિયુગની હું કહું છું કાણ ...૪
જેણે થઈ છે મોટી હાણ, તે હું તમને કરૂં છું જાણ.
કૃષ્ણ પ્રભુએ ત્યાગ્યો દેહ, કલીએ સાધન કીધાં ખેહ ...૫
યોગ યજ્ઞ જપ તપ નહિં યોગી, દયા દાન નહિં ભકિતભોગી.
વર્ણાશ્રમના ધર્મ ન નિયમ, શીલ સંતોષ ક્ષમા નહિં સચંમ ...૬
જ્ઞાન ધ્યાન નહિં પ્રભુને પૂજે, કલિમાં કપટ કર્યાનું સૂજે.
મેલાં હૃદય થયા સૌ જનનાં, રઘુપતિ ભજન કરે નહિં રસના ...૭
માતા કન્યા ભગની એમાં, ખોટી દ્રષ્ટિ કરે જન તેમાં.
વેદ પુરાણ શાસ્ત્ર નવ માને, પાપ પુન્ય કશું એ નવ જાણે ...૮
કલ્પિત પંથ પોતાના ચલાવે, વેદ વિમુખ થઈ કર્મ કરાવે.
ઈર્ષ્યા નિંદા માન બડાઈ, ભાઈઓ સાથે કરે લડાઈ ...૯
માત પિતાની કરે ન સેવ, ઘર નારી ને માને દેવ.
નાસ્તિક પંથે જઈ લપટાણાં, પ્રભુ મૂર્તિને માને પાણા ...૧૦
સાધુ સંત દેખીને બરે, દુર્જન સાથે સ્નેહ જ કરે.
વકીલ વૈદ્યો લાગે મીઠા, સાધુ સંત ગમે નહિં દીઠા ...૧૧
તીરથ વૃતથી ભાગે દૂર, ભકિત ભાવ ન જાણે ભૂર.
બ્રાહ્મણ કલિમાં વાંચે વેદ, આત્માનો નવ જાણે ભેદ ...૧૨
શિખા સૂત્રને કેવળ ધારે, પોથી કેરો ધર્મ ન પાળે.
ક્ષત્રિય ગયા ધર્મને ત્યાગી, મોજશોખ સુખમાં બહુ લાગી ...૧૩
રાજા થઈને પ્રજા ન પાળે, રૈયતને પીડીને બાળે.
વૈશ્ય ધર્મ વૈશ્યો નહિં પાળે, તે પણ લાગ્યા ખોટે ચાળે ...૧૪
ગૌમાતાની સેવા નક રે, પાપ જ કરતાં જરા નડ રે.
ધન ભેળું કરી રાખે ઘરમાં, ઠગવા રાખે કલમો કરમાં ...૧૫
ગરીબની ગરદનને કાપે, અનાજ આપે ઓછે માપે.
ગોટા શેઠ બને છે વરી, મજા કરે મન ગમતું કરી ...૧૬
પ્રભુની કથા સાંભળે જ્યારે, આળસમાં ઊંઘે છે ત્યારે.
ઊંચા આસન ઉપર બેસી, શુદ્રો કહે ધર્મ ઉપદેશી ...૧૭
મનમાં દંભ કપટને ધારી, કરીને ડોળ ઠગે નરનારી.
સંન્યાસી ધન સંચય કરે, અન્ય બિચારા ભુખે મરે ...૧૮
પતિવૃતા છે કોઈક હાલે, મરજી સર વર્તે કલિકાલે.
સાસુ સસરો લાગે ખારાં, ભાઈ બેનને માને સારા ...૧૯
ઘરમાં રહીને ઘર ન સંભાળે, બક બક કરીને પતિને બાળે.
કુટુંબી સાથે કલેશ ધરે, બીજા સાથે પ્રેમ કરે ...૨૦
પ્રભુ કૃપાથી દુ..ર.. જ રહે, અવગુણ પાડોશીના કહે.
કુળ કપટ ઈર્ષ્યામાં પૂરી, ઝગડો કરવામાં છે શૂરી ...૨૧
બાવન પત્તાની કહે છે કથા, એવી તે પાળે છે પ્રથા.
સંતજનો સંતોષ ન ધારે, રામ નામ મુખથી ન ઉચ્ચારે ...૨૨

લોક રીઝાવે ધનને કાજ, પ્રભુ ભકિતમાં આવે લાજ.
દંભે કરે પ્રભુનું ધ્યાન, મનમાં જેને બહુ છે માન ...૨૩
બીજાનું હિત દેખી કરી, જવાસિયા સમજાય બરી.
સુધરેલા કલિમાં છે એવા, માતપિતાની કરે ન સેવા ...૨૪
તીરથ વ્રત યજ્ઞો નહિં માને, પ્રભુસેવાને પાખંડ જાણે.
જાતિ વર્ણાશ્રમને તોડે સંતજનોથી મુખને મોડે ...૨૫
પ્રભુ મંદિરમાં પગ નવ ધારે, બીજાને પણ પાછા વારે.
મનને ગમતું વર્તન કરે, પશુની પેઠે ઉદર ભરે ...૨૬
પોતાને બહુ ડાહ્યા માને, કથા ભજનને સુણે ન કાને.
પોતપોતાના ધર્મો ત્યાગી, અધર્મમાં જ ગયા છે લાગી ...૨૭
પંથ તણો નહિં કલિમાં પાર, ધર્મે ફાંટા થયા હજાર.
એકબીજાની નિંદા કરી, લોકોને ભરમાવે ફરી ...૨૮
સ્વપ્ના જેવો છે સંસાર, મિથ્યા માનો સૌ પરિવાર
એવો આપે બોધ નિરંતર, બીજાનું ધન હરવા ખાતર ...૨૯
ધન ભેળું કરી ભરે ભંડાર, બંગલા મેડી કરે અપાર.
ખેતીવાડી ન કરે વેપાર, નથી પ્રભુમાં કરતાં પ્યાર ...૩૦
ભકિત કરવાનાં જે દ્વાર, ત્યાં ચાલે જુઠો આચાર.
કલિયુગનો છે એજ પ્રભાવ, સૌનો બદલી ગયો સ્વભાવ ...૩૧
દીનદયાળુ દીનાનાથ, હવે ભકતોનો ઝાલો હાથ.
મુજને આવે છે બહુ ત્રાસ, દેખી ધર્મ સનાતન નાશ ...૩૨
તુરંત કહો એનો ઉપાય, હે બ્રહ્માંજી કરો સહાય.
નારદના વચનોને જાણી, ત્યારે બ્રહ્માં બોલ્યા વાણી ...૩૩
હે નારદ મુનિ ધીરજ ધરો, અધિક ચિંતા શાને કરો.
સતયુગ, ત્રેતા, દ્વાપર, કલિ, ચોકડી થાય ચાર યુગ મળી ...૩૪
સતયુગ ધ્યાન વડે પ્રભુ સામે, ત્રેતામાં તપથી પ્રભુ પામે.
દ્વાપર મૂર્તિ પૂજા વડે, કલિમાં નામ જપે પ્રભુ મળે ...૩૫
કલિમાં પાર ન અવગુણ તણો, પણ તેમાં છે સાર જ ઘણો.
હરિનામ કલિમાં છે સાર, જીવ જપી ઉતરે ભવપાર ...૩૬
કુળ કપટ ને ઈર્ષ્યા ધારી, મહા પાપિયો હત્યાકારી,
બીજા દ્રોહ અનેક કરે, ચોરી છલ કરી ધનને હરે ...૩૭
વેદ વિરોધી નાસ્તિક બુદ્ધિ, મન મુખિયાજન અતિ કુબુદ્ધિ.
એવા પણ પાપી જન તરે, હરિનામ મુખમાં જો ધરે ...૩૮
અજામિલ ગજ ગુણિકા જેવાં, તર્યા નામથી પાપી તેવા.
રામનામનું તત્ત્વ બતાવ્યું, શિવે ઉમાને સુખ ઉપજાવ્યું ...૩૯
રામનામમાં વાલ્મિક મચી, શતકોટી રામાયણ રચી.
તેજ મુનિને આવી દયા, કલિયુગે તુલસીદાસ થયા ...૪૦
કલિના જીવ તણી શુદ્ધ લીધી, તુલસીકૃત રામાયણ કીધી.

એ ગ્રંથોમાં હરિ ગુણ ગાયા, મટાડવા દુઃખદાયક માયા ...૪૧
કલિયુગમાં રામાયણ ગાશે, કારજ તેનાં અવશ્ય થાશે.
શ્રદ્ધા ભકિત રાખે ખરી, હરિગુણ ગાય નામ જપ કરી ...૪૨
ફરી અવગુણ ઉરમાં નવ ધરે, તે ભવસાગર પળમાં તરે.
પાપો સર્વે તેના બરે, પ્રભુ મૂર્તિ અંતરમાં ધરે ...૪૩
ગાય અને નાચે કોઈ વારે, મૌન ધરીને બેસે ક્યારે.
લોક લાજ મર્યાદા ત્યાગે, દુર્જન સંગથી દુર જ ભાગે ...૪૪
દેહદશાનું ભાન જ ભૂલી, પ્રભુ પ્રેમમાં રહે પ્રફૂલી.
એકોતેર પેઢી તે તારે, તેના યશને દેવ ઉચારે ...૪૫
નારદ એવું છે હરિનામ, સંત હૃદયમાં જેનું સ્થાન.
ભવ તરવાનો એજ ઉપાય, જેથી સર્વે દોષો જાય ...૪૬
અમૃતસમ બ્રહ્માની વાણી, સુણીસુખ પામ્યા વીણાપાણી.
બ્રહ્માંજીને વંદન કરી, નારદ ભૂમિ પર આવ્યા ફરી ...૪૭
રામ નામનો મહિમા ગાયો, જીવોને શુભ માર્ગ બતાવ્યો.
હે લોકો છે એક ઉપાય, પાપ પ્રલય જેનાથી થાય ...૪૮
રામ નામની ધૂન લગાવો, પ્રભુ પ્રેમ અગ્નિ પ્રગટાવો.
પાપો બળી જશે તે વાર, પ્રભુમાં થાશે પૂરણ પ્યાર ...૪૯
નામ અખંડ જપે છે જોગી, બ્રહ્મરૂપ સુખના જે ભોગી.
સાધક નામ જપે થઈ લીન, પામે વાંચ્છીત થાય અદીન ...૫૦
ધ્રુવ પ્રહલાદ વિભીષણ જેવા, નામનો મહિમા જાણે તેવા.
નરસિંહ મીરાં અને કબીર, નામને માને સુખની સીર ...૫૧
હે જીવો ચેતીને ચાલો, રામ નામ લઈ સુખને માલો.
રામાયણનો કરશો પાઠ, જાણો જગનો ખોટો ઠાઠ ...૫૨
રામાયણ પુસ્તકને વાંચો, આ છે સુખનો મારગ સાચો.
એવી રીતે બોધ જ કરી, સર્વ જનોના સંકટ હરિ ...૫૩
નારદમુનિ વૈકુંઠ ગયા, જીવો પર છે જેની દયા.
બ્રહ્મા નારદનો સંવાદ, સુણતાં થાય પાપનો નાશ ...૫૪
યથામતિ તે કહી સંભળાવ્યો, પ્રભુ મળવાનો પંથ બતાવ્યો.
જે જન સુણે ગ્રહે જે સાર, તેનો થાય અવશ્ય ઉદ્ધાર ...૫૫
"ઓધવદાસ" કરે પોકાર, આને વાંચો સૌ નર-નાર.
આ છે મારી સાચી વાણી, જેથી થાશે દુઃખની હાણી ...૫૬

દોહો

શ્રદ્ધાપૂર્વક સાંભળે, આ સુંદર સંવાદ.
કલિના દોષ બધા ટળે, પલમાં મટે વિષાદ ...૫૭

ઓધવ ઉપદેશ

લેખક : સંત ઓધવરામ

ચોપાઈ

સાંભળ શિષ્ય જ્ઞાન સંભળાવું, જન્મ મરણ જંજાળ નશાવું.
સ્વપ્ના જેવો છે સંસાર, તેમાં ભૂલ્યો શું ગેમાર ...૧
માનવ તન છે મુકિત દ્વાર, જીતી બાજી કાં તું હાર.
ઉત્તમ અવસર પામ્યો આજ, ભજન કરી લે સુધરે કાજ ...૨
ચેતી લે તું ભાઈ ટાણે, વખત મળે નહિં ખરચે નાણે.
શુદ્ધ સનાતન તું છો શિવ, શા માટે થઈ બેઠો જીવ ...૩
ભૂલ કરી છે તેં બહુ ભારી, તે સત્સંગે લહે સુધારી.
સાધુસંગથી નાશે ભ્રાંતિ, મટે અવિદ્યા પ્રગટે ક્રાંતિ ...૪
હરિ ગુરૂ સંત રૂપ છે એક, ગુરૂ વચનમાં ધરજે ટેક.
ગુરૂ વિણ ગતિ ન પામે કોઈ, વેદ શાસ્ત્રમાં લેજો જોઈ ...૫
શ્રીગુરૂ સાથે કરજે હેત, પ્રભુ મળવાનો એ સંકેત.
ગુરૂ ચરણમાં શ્રદ્ધા રાખી, અહંતા મમતાને દે નાખી ...૬
શ્રદ્ધા ભકિત વગરના જેઓ, ચાર ખાણમાં ભટકે તેઓ.
ચોર્યાસીના ફેરા ફરે, વારંમવાર જન્મે ને મરે ...૭
એ દુઃખનો નવ આવે પાર, સદા ખાય તે યમની માર.
માતપિતા ભગની સુત સાળી, સગાં સંબંધી ને ઘરવાળી ...૮
મૂરખ મમતા એમાં બાંધે, તે સારૂં નિત ધનને સાધે.
મારૂં તારૂં કરીને મરે, કુડ કપટ ને મનમાં ધરે ...૯
પાપી પેટ ભર્યાને માટે, પાપ કરી ચાલે કુવાટે.
ખેતીવાડી ને કરે વેપાર, મૂરખ માને એમાં સાર ...૧૦
જ્યારે જમડા લેખું લેશે, ત્યારે તે શું જવાબ દેશે.
માટે સદ્દગુરૂ લે તું ધારી, તન ધન તેના પર દે વારી ...૧૧
માતપિતા સમ પાલક જાણ, ગુરૂદેવમાં ભેદ ન આણ.
ગુરૂ છે બ્રહ્મા વિષ્ણુ રૂપ, ગુરૂદેવ મહાદેવ સ્વરૂપ ...૧૨
ગુરૂ ગુણોના છે ભંડાર, ગુરૂના ગુણનો ન આવે પાર.
સર્પ ઝેર ગારોડી ઉતારે, મૂરખથી ઉતરે નહીં મારે ...૧૩
તારૂં તરે બીજાને તારે અણતારૂ બોડીને મારે.
ગુરૂવિણ ભવસાગર નહીં તરીયે, કોટી ઉપાય કદાપિ કરીયે ...૧૪
ઈન્દ્રે ત્યાગ ગુરૂનો કર્યો, સ્વર્ગ ભુવનથી ત્યારે પડ્યો.
ગુરુ ભકિત છે સૌથી ન્યારી, કોટી વિઘ્નને નાંખે ટારી ...૧૫
ગુરુ ભકિતમાં સાચો સાર વિઘ્ન હરે પહોંચાડે પાર
રાગદ્વેષને જે જન વામે, તે જન પહોંચે પ્રભુને ધામે ...૧૬
શિરનાં સાટાં જે જન કરે, ભવસાગરથી તે જન તરે.
કામક્રોધ વેરી છે ભારે, સિંહ સર્પની પેઠે મારે ...૧૭
નિશ્ચય એછે નરક દ્વાર, જન્મ ધરાવે વારંમવાર.
આસુરી સંપત્ત પરિવાર, દુર્જન સંગને દૂરથી ટાર ...૧૮
સાચી વાણી મુખથી બોલ ગુરુ સંગે બેસી મન ખોલ.

સત્ય સમાન નથી કોઈ સાર, સત્ય ઉતારે પરલે પાર ...૧૯
સત્યગ્રહણ હરિશ્ચંદ્રે કર્યું, અંતે તેનું કારજ સર્યું.
ચેલૈયો તે સત્ય ન ચૂક્યો, ત્યારે શ્રી પ્રભુએ નવ મૂક્યો ...૨૦
ધર્મ યુધિષ્ઠિરની શી વાત, સત્ય ન ચુક્યા દિવસ રાત.
સત્યવાદી શિબિ બળી રાજા, સત્ય ન છોડ્યું રાખી માજા ...૨૧
સત્યથી પામે સીતારામ, પ્રભુ ધામમાં લે વિશ્રામ.
શીલ સંતોષ ક્ષમાને ધારી, પાર થાય છે સૌ નરનારી ...૨૨
દૈવી સંપત્ત છે સુખદાઈ, તે તું ધારી લેને ભાઈ.
સ્વધર્મમાં મરે તે સારો, ધર્મ પારકો દુઃખ દેનારો ...૨૩
એક પ્રભુના બે સંતાન, હિંદુ બીજા મુસલમાન.
હિંદુ ધર્મને હિંદુ ન ટાળે, મુસલમાન પોતાના પાળે ...૨૪
હિંદુ મુખથી રામ ઉચ્ચારે, મુસલમાન અલ્લા પોકારે.
શિખા સૂત્રને હિંદુ રાખે, ગાયત્રીમાં પ્રેમ જ દાખે ...૨૫
મુસલમાન તે સુનત કરાવે, હિંદુ વેદ સંસ્કાર ધરાવે.
હિંદુ ગૌ માતાને પૂજે, મુસલમાન સૂવરથી ધ્રુજે ...૨૬
હિંદુ હોમ હવન જપ કરે, મુસલમાન નમાજો પડે.
સ્વધર્મ છે સર્વેને વાલો, વાદ વિવાદ કરે છે ઠાલો ...૨૭
પોતાનો જે ધર્મ ન પાળે, તે જન દુઃખી થાય તે કાળે.
એવા જનને સંગે ડરીયે, સજ્જન સંગમાં જઈને ભળીયે ...૨૮
પ્રભુ ચરણમાં રાખી પ્રેમ, તજવો નહીં પોતાનો નેમ.
ચક્રવર્તિ સૌ ચાલી ગયા, જેનાં જગમાં નામ જ રહ્યાં ...૨૯
માન્ધાતાને પૃથ્વી વરી, તે પણ ગયા અંતમાં મરી.
પ્રિયવ્રત જેવા રાજા ગયા, જેના રથ થી સાગર થયા ...૩૦
મહાબળી રાવણ અભિમાની, તેની કાળે કીધી હાની.
જરાસંઘ જેવા જે બલી, તે પણ કાળે નાંખ્યા દળી ...૩૧
બાણાસુર ને તુચ્છ જ ગણ્યો, તેવા ને પણ કાળે હણ્યો.
સર્વ જગત છે કાલ આધીન, કઈ ગણત્રીમાં તું છે દીન ...૩૨
નાશવંત આ છે સંસાર, તેમાં લેશ મળે ના સાર.
સાર વસ્તુ એક આતમજ્યોતિ, તેને તું લે અંતર ગોતી ...૩૩
જન્મ મરણથી જે છે ન્યારો, સત્ ચિત્ આનંદ બાવન બારો.
અગ્નિ ન બાળે નીર ન બોડે, પવન ન શોષે શસ્ત્ર ન તોડે ...૩૪
છ ઊર્મિ જેને નહિં વ્યાપે, એવું આતમ રૂપ અમાપે.
સૂરજ કિરણોથી તમ નાશે, સચરાચરમાં તેંમ પ્રકાશે ...૩૫
જેંમ પુષ્પમાં ગંધ પ્રસંગ, જેમ મધુરતા જલની સંગ.
તેંમ પ્રભુનો સઘળે વાસ, તે જાણે છે હરિના દાસ...૩૬
નાભીમાં કસ્તુરી ધરી, બહાર ગોતે છે મૃગ ફરી.
તેંમજ ગોતે અજ્ઞાનીજન, વિષય વિશે લાગ્યું જેનું મન ...૩૭

અંતરદ્રષ્ટિથી જે દેખે, તે જન બ્રહ્મરૂપને પેખે.
બ્રહ્મ ખુમારી તેને ચડે, સુખના મહાસાગરમાં મળે ...૩૮
ભુલી ત્યારે તનનું ભાન, થાય સમાધિમાં એકતાન.
જોવા માત્ર દેહ છે તેનો, લાગ્યો રંગ પ્રભુમાં જેનો ...૩૯
પ્રારબ્ધને ભોગવી કરી, છોડી દેહ ન આવે ફરી.
મનુષ્ય જન્મનો એ છે લાવ, હમણાં તને મળ્યો છે દાવ ...૪૦
ચેતી લે તું ચતુર સુજાણ, નહીં તો પછી ઘણી છે હાણ.
શ્રીસદગુરૂની સમજી શાન, મુકી દેવું માન ગુમાન ...૪૧
શિખામણ સદગુરૂની સારી, તે તું લેને મનમાં ધારી.
''ઓધવદાસ'' કહે હિતકારી, આ ઉપદેશ શિષ્ય લે ધારી ...૪૨
આ વચનો જે કાને ધરે, તે જન ભવસાગરથી તરે.
જે વરતે આ ને અનુસારે, તે જન બીજાને પણ તારે ...૪૩

દોહરો

જે જન શ્રીસદગુરૂનો, ગ્રહણ કરે ઉપદેશ.
તે જન સુખ પામે સદા, રહે ન દુઃખનો લેશ ...૪૪

ગુરુ ચાલીસા

લેખક : સંત ઓધવરામ

-: લાવણી :- (લય-માછલી વીઆંણી દરિયાને)

(૧)

શ્રી ગુરુ ઈશ્વર દેવ દયા નિધી શરણાગત જન સુખકારી. ૧
સંસય શોક નસાવન પાવન મોક્ષ કરન ભવ ભયહારી. ૨
દેઅસિ નિજ ઉપદેશ જ્ઞાન ગુરુ સંશ્રુતિ મુલ સહિત ટારી. ૩
ઈષ જીવ બીચ ભેદ છેદ કર ઉપદેશે જન અધિકારી. ૪
બોલત બચન સુધા કરવત નીત શીતલ મૃદુ અમૃત વારી. ૫
શરન સુખદ પાલક ગુરુપદ રજ અદ્ધમ ઉધારન વ્રતધારી. ૬
ગુરુ ગોવિંદ વિચાર અખંડીત રામ રટન કર રતધારી. ૭
સોહં શબ્દ ઉચ્ચારત અનુદીન બોધ કરન કી ગતિ ન્યારી. ૮
જગ મંગલ મુરત અતિ પ્યારી ગુરુ ઈશ્વર કર અવતારી. ૯
લાલ બાલ નિજદાસ પાસ ગુરુ ભવજલ તુરત લીયો તારી. ૧૦

(૨)

ધર મન ધ્યાન શાન સદગુરુ કી કર્યો મદ મસ્ત ફીરત માની. ૧૧
ઈશ્વર રામ નામ રટ નિસદીન પલમેં પાર પરત પ્રાણી. ૧૨
ભવ દવ દાહ દહત ખલુ ખર મન જરત પરત ભવ બીનું પાની. ૧૩
નહિં ઉપદેશ સુનત સંતન કર યહ અચરજ બડી હેરાની. ૧૪
સજ્જન નહીં મતિ મંદ અભાગી કુડ કપટ મી હોઈ ખાની. ૧૫
માયામોહ ફીરત બન અંધે કયા મોહા જગ હૈ ફાની. ૧૬
નહીં કુછ અપના હૈ સબ સપના સમજ સાર ગુરુ કર જ્ઞાની. ૧૭

મરમ યથારથ સમજ શ્યાના ચરન કમલ કી હો બાની. ૧૮
ખેલ પ્રખર હૈ સદગુરુ સેવા બીજ મંત્ર મન લે માની. ૧૯
ઈશ્વર ચરન કમલ અંતર ધર લાલ કાલ કર ભય ભાની. ૨૦

(૩)

સુખદાયક ગુરુ સદન શાંતિ કે સુમરત સહ દુઃખ સહ હાનિ. ૨૧
સદગુરુ સમ નહીં સકલ લોકમેં નિજાનંદ સુખ કે દાની. ૨૨
સુધા સિંધુ કો ભેદ બતાયો અખિલ આપદા અલયાની. ૨૩
ઈન્દ્રાદિક પલ કી નહીં આશા મિટિ સબ મન કી ગલાની. ૨૪
માયા રચિત લોક સબ મિથ્યા નામ રૂપ હૈ સબ ફાની. ૨૫
દિવ્ય બોધ્ધ અસ દેત નિરંતર ઉપદેશત અનુભવ વાણી. ૨૬
એક બ્રહ્મ અદ્વૈત અખંડીત નભવત સબ એસે જાની. ૨૭
સમતા પદમેં સદા બિરાજે સુરતી ભઈ જીનકી શ્યાની. ૨૮
શીલવાન શીતલ સમદર્શી આતમ વેતા નિરમાની. ૨૯
"ઉધ્ધવદાસ" સદા અંતર ધર લાલરામ સદગુરુ જ્ઞાની. ૩૦

(૪)

મન મદ તજ કર સજ કર સાધન સુમરહું સદગુરુ સુખ પાવે. ૩૧
વિવિધ આપદા કરી પરિપુરણ શ્રમ બીનું ભવ તરી જાવે. ૩૨
જપ, તપ, તીરથ યોગ યોગ પુની અનસન વ્રત મુની દરસાવે. ૩૩
તીનકર ફલ ભાશત ભવ નાવે ગુરુ સેવા સમ કોઈ નાવે. ૩૪
યાચત ગુરુપદ રજ હરિહર અજ શીર પર ધર ઉર ઉમ ગાવે. ૩૫
શુક સનકાદિક શારદ નારદ સબ સદગુરુ કે ગુન ગાવે. ૩૬
ગુરૂ છબી દમકત દિવ્ય કાંતીકર મન મરદન અતિ શરમાવે. ૩૭
સબ મિટત સંતાપ દરસતે પુરન સુખકો પરસાવે. ૩૮
બડે ભાગ્ય પ્રગટે જબ જીનકે સો ગુરુ ચરન કમલ દ્યાવે. ૩૯
લાલરામ ગુરુ પદ સેવન કર "ઉધ્ધવ" સબ દુઃખ વિરમાવે. ૪૦

ભવ નિવારણ કથા

લેખક : સંત ઓધવરામ

ચોપાઈ

આદિ એક પ્રભુને જાણો, નિત્ય નિરંજન સદા પ્રમાણો.
અજ અવિનાશી અકર્તા સ્વામી, માયા વડે થયા બહુનામી ...૧
માયા અને અવિદ્યા જેથી, ઈશ્વર જીવ થયા બે તેથી.
નામરૂપની થઈ કલ્પના, સુખ દુઃખ આદિકની થઈ રચના ...૨
મન કલ્પિત આ છે સંસાર, જીવો ભટકે વારંવાર.
બહુનામીની બંદગી ચૂકયો, કુડા ગુરુએ કાન જ ફૂંક્યો ...૩
ગર્વ ગુમાન કરી ગેમાર, ફરી ફરી જન્મ્યો વારંમવાર.
લાખ ચોર્યાસી ફેરા ફર્યો, યમરાજાથી તોય ન ડર્યો ...૪
સ્થાવર જંગમ યોનિ અપાર, ગણત્રી કર્તા નાવે પાર.

કોઈ અચાનક પુણ્ય પ્રભાવે, નરતન દીધું પ્રભુએ ભાવે ...૫
ગર્ભવાસમાં કોલકરાર, પ્રભુ સાથે કીધા બહુવાર.
ઠગબાજી પ્રભુ સાથે કીધી, જેણે આ નર દેહ જ દીધી ...૬
ગુન્હેગાર થયો તે તેનો, બ્રહ્માંદિક ભય માને જેનો.
ગર્ભવાસમાં કર્યો પોકાર, અધમ ઉદ્ધારણ છો સરકાર ...૭
એક વખત આવી છોડાવો, દીનદયાલ દયા દિલ લાવો.
હવે આપનું ભજન કરીશ, સંતો સાથે સદા રહીશ ...૮
ગુઠી બાંધી ધ્યાન જ ધરી, એવી રીતે સ્તુતિ કરી.
દીનબન્ધુને આવી દયા, સંકટથી છોડાવી ગયા ...૯
બહારે આવ્યો બુદ્ધિ ફરી, તેવામાં ભૂલ્યો શ્રીહરિ.
બાળપણુ ખેલમાં ગુમાવ્યું, યૌવન યુવતી સંગ લગાવ્યું ...૧૦
વૃદ્ધપણું ચિંતામાં ખોયું, પાછું વળી કદી નવ જોયું.
સાધુ સંતની કીધી નિંદા, મનમાં રાખી ઘણી જ ભિંદા ...૧૧
પ્રભુની સાથે પ્રેમ ન કર્યો, મન મુખિયાને સંગે ફર્યો.
એમ જ આખું આયુ ખોયું, જીવે પ્રભુ સામે નવ જોયું ...૧૨
ભજન કર્યું નહીં ભોગો ભાવ્યા, ત્યાં યમદૂતો લેવા આવ્યા.
દેખી દૂત ડર્યો તે ભારી, કંઠ રૂંધાણો બેઠો હારી ...૧૩
માતા પિતા બંધુ સુત ભગની, સ્ત્રી દોલતમાં લાગી લગની.
યમના દુઃખથી કોણ બચાવે, કેમ કહો એ વખતે ફાવે ...૧૪
સન્નિપાતથી બકવા લાગ્યો, ઉઠી ખાટલેથી તે ભાગ્યો.
યમદૂતો લઈ ચાલ્યા જ્યારે, હાય હાય પોકારે ત્યારે ...૧૫
દૂતો દેવા લાગ્યા માર, સંકટ પામ્યો જીવ અપાર.
દૂતોને નવ આવી દયા, ધર્મરાજ પાસે લઈ ગયા ...૧૬
એવી રીતે વારંવાર દુઃખ પામે છે જીવ અપાર.
વેદવાક્યનો એ છે સાર, ભજન વિના નવ થાય ઉદ્ધાર ...૧૭
એવી આવે સમજણ જ્યારે, સાધુ સંગમાં લાગે ત્યારે.
ભકિત કેરા શીખે અંગ, પ્રભુ ભજનમાં લાગે રંગ ...૧૮
પ્રભુ યશ ગાતાં પ્રભુ રીઝાવે, ગદ્ ગદ્ કંઠે આંસુ આવે.
પ્રેમમગ્ન થઈ ત્યારે નાચે, રામ ભજનને રંગે રાચે ...૧૯
દેહ દશાનું ભાન જ ભૂલે, લાગે સહજ સમાધિ ઝુલે.
બ્રહ્મજોતમાં વૃત્તિ મળે, ત્યારે લીંગ વાસના ગળે ...૨૦
જીવન મુકત થઈને ફરે, હર્ષ શોક મનમાં નવ ધરે.
એક બ્રહ્મને સઘળે દેખે, નાના ભાવ કદી નવ લેખે ...૨૧
અદ્રષ્ટા સુધી દેહ દેખાય, પછી બ્રહ્મમાં લય તે થાય.
આ બોધામૃત જેહ કહ્યું છે, ગીતામાં પણ તેહ રહ્યું છે ...૨૨
એને પીતાં અમર થવાય, જન્મ મરણનાં જોખમ જાય.
જે જન બોધામૃતને પીએ, યમદૂતોથી તે નવ બીએ ...૨૩

માનવ દેહ મળ્યો છે સારો, બોધામૃત પી જન્મ સુધારો.
''ઓધવદાસ'' કહે હિત વાણી, સજ્જન સુણો થાયે દુઃખહાણી ...૨૪

-: દોહો :-

જે જન બોધામૃત પિયે, ગુરુમુખ કરી વિચાર.
શમે તાપ સંસારના, આવે નહિં અવતાર ...૨૫

મન તું કુલા ખણે તો ભાર (કચ્છી)

લેખક : સંત ઓધવરામ

રાગ : કર મન ભજનનો વેપાર (દીપચંદી)

કુલા ખણે તો ભાર મન તું કુલા ખણે તો ભાર ...મન તું
હન કાયા જો ઠઠડો ગડો તેં મથે વજેં તો માલજી
ગરો ગડો ને ધાંચુ બોરીયું મથે વડા વડા ઓકાર ...મન તું
પંધ ઓખો ને વાટ અજાણી મથે રૂડી પૈઈ આએ રાતજી
જોતું દીનેં તોય કીં ન જુડંધો તું ઝુરી પોને સે ધાર ...મન તું
છડ માયાજો કુળ કપટ તું હન મનડે કે વારજી
ઠલો વેને ત તું ધોળી પુજને ઉકરી થીને પાર ...મન તું
હન જંગલજી જાળી ઘાટી વસમી આએ વાટજી
વાઘ વરૂ તોકે ફરી અચીંધા કંધા તોજો આહાર ...મન તું
બચપણ તોજો ખેલમેં વેયો જુવાની આવઈ ચારજી
વડો થીંને તેર હડન હલંધા પોએ ભુછડા થીંધા હાલ ...મન તું
ખટેં પેયો તડેં ખાસો લગેં પેયો સે તું લખ વિચારજી
થકને તેર કો હથ્થન જલીંધો સમજી વંઞ તું યાર ...મન તું
પ્રભુ દને ઈ પ્રભુકે દેઈ દે તોજો નાય તલ ભારજી
બખું વજી પેયો ભેરો કરીયેં હલંધો ન પઈઅ ભાર ...મન તું
તેડો અચીંધો મથે વારે જો કત લકને જીવરાજજી
લકું તોજીયું કમ ન અચીંનીયું થીઅણું પોંધો તૈયાર ...મન તું
ચાર જણાં તોકે રખી કુલેં તે કઢંધા ઘરનું બહારજી
છડે અચીંધા વનમેં હકડો પોએ કંધા વડા ઉબરાડ ...મન તું
રૂંએ મડે પંઢજી સગવડ કે કો નાય તોજી જરૂરીયાતજી
માડુઅ મડે ભેરા થેઈ દીંધા વડી વડી ધલધાર ...મન તું
અગીયા હલંધે કંઢા કકરાને કુંઠ ભર્યા ઐંઈ ચારજી
નરક કુંઢમે ટુંબોયુ દીને તું ખણી ન સગને તાર ...મન તું
રાઈ રાઈ જા લેખા ગનધો કો હલંધીન તોજી ગાલજી
ગાલ કને જ તું આડી અવરી તેર માર ખેને સે ધાર ...મન તું
સચ્ચી શિખામણ સંત દીંતોકે સે તું હૈયે ધારજી
''ઓધવરામજી'' ઈતરી અરજી તું ઈશ્વર કે સંભાર ...મન તું

આત્મકથા

લેખક - સંત ઓધવરામ

(મહાત્માશ્રી ઉધ્ધવદાસજીએ પોતાના જીવનકાળ દરમ્યાન અમુલ્ય ઉપદેશો આપ્યા હતા. એમની ભાષા સરળ

અને સચોટ હતી. તેઓ જે કંઇ કહેતા અને લખતા તે સ્પષ્ટ રીતે કહેતા. પૂ. ઉધ્ધવદાસજીએ જનસમૂહ માટે કેટલુંક ઉપદેશાત્મક લખ્યું છે. એ લખાણ એમની આત્મ-કથા મૂળ હિંદીમાં છે. અહીં એ ઉપયોગી સમજીને એમના કેટલાક લખાણમાંથી અનુવાદ કરીને મૂકીએ છીએ. સંત ઉધ્ધવદાસજીના ભકતોને એ માર્ગદર્શક થઇ પડશે એ નિઃશંક છે.)

દૈનિક ક્રિયા પ્રકરણ

દુર્લભો મનુષયો દેહો ।

શ્રીમદ્ ભાગવતમાં જનક રાજાએ કહ્યું છે કે, ચોરાસી લક્ષ્ય યોનિમાં મનુષ્ય દેહ અતી દુર્લભ છે અને દેવતાઓ પણ આ ભારત ભુમિમાં મનુષ્ય જન્મ લેવાની ઇચ્છા કરે છે. આવા ઉત્તમ મુનુષ્ય દેહને પ્રાપ્ત કર્યા પછી કેટલાક મંદભાગ્ય જીવો દૈનિક ક્રિયા ન જાણતા હોવાથી પોતાનું આયુષ્ય વ્યર્થ રીતે વ્યતિત કરતા હોય છે. આવા મનુષ્યો ખાવું, પીવું, મોજ મજા કરવી અને તેને માટે ધન કમાવું એને જ દૈનિક ક્રિયા સમજતા હોય છે. અને એ જ ક્રિયામાં તેઓ પોતાનું સારૂ એવું જીવન વ્યતિત કરે છે. અને આવા મૂરખ મનુષ્યો શાસ્ત્રીય પધ્ધતિએ દૈનિક ક્રિયા કરતા મનુષ્યો કરતાં પોતાને મોટા જ્ઞાની મનાતા હોય છે, અને સુધારક કહેવડાવે છે. આવા સુધારકોની દૈનિક ક્રિયા હું અહીં સંક્ષિપ્તમાં બતાવું છું.

તેઓ સવારે આઠ અથવા નવ વાગે ઊઠે છે. અને ઉઠીને તરત વર્તમાનપત્ર જુએ છે, પછી ચાહ પીએ છે અને એક બીજા સાથે ગપાટા મારે છે. અમેરિકા, ફ્રાન્ચ, રશિયા, જર્મની, જાપાન વિદેશોમાં યુધ્ધ ફાટી નીકળ્યું છે. આપણા ભારતમાં બંગાલમાં નુકશાન થયું છે, ગુજરાતમાં વધુ વરસાદને લીધે નુકશાન થયું છે. અને કપાસમાં મંદી આવી છે, અને એરંડામાં તેજી આવી છે. આવી આવી વાતો કરી સમયનો વ્યર્થ કરે છે. દશ-અગિયાર વાગે સ્નાન કરે છે, પછી ભોજન કરે છે, પછી ગાડી અથવા મોટરમાં બેસી પેઢી પર જાય છે. ત્યાં જઇને પોતાના ધંધામાં લીન થઇ જાય છે. પાંચ વાગ્યા સુધી ધંધો-ઉધમ કરી, હવા ખાવા જાય છે. ત્યાંથી ઘેર ભોજન પતાવી સિનેમા-નાટક જોવા જાય છે, અથવા કામાંધ બનીને વિષયો-આસકત બને છે. આમ એક -દોઢ વાગે પાછા ઘરે આવે છે. અને નિંદ્રાધીન બને છે. આવી રીતે પોતાનું આયુષ્ય વ્યર્થ રીતે ઓછું કરીને મહા આનંદ માણે છે. આમ પશુવત જીવન વ્યતિત કરતા હોય છે.

જેવી રીતે પશુ આહાર, નિંદ્રા, ભય, મૈથુન વિગેરેમાં દિનરાત પસાર કરતા હોય છે. એવી રીતે આવા મનુષ્યો દિનરાત દૈનિક ક્રિયા કરતા રહે છે. ભૂલ-ભૂલમા પણ તેઓ કયારેક પ્રભુ-ભજન કરતા નથી. તેઓ દેવ - દર્શન, કથાકિર્તન અને સત્સંગને પાખંડ માનતા હોય છે. અને દેવ-દૈનિક ક્રિયા કરવાવાળા આ વર્તમાન સમયમાં અનેક છે. આથી જેઓ ભાવિક, શ્રધ્ધાળુ અને સાત્વિક જીવો છે તેઓ માટે પરંપરાથી ચાલી આવતી ઋષિમુનિઓ અને ધાર્મિક ગૃહસ્થોની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર દૈનિક ક્રિયા બતાવું છું. પ્રાતઃકાલમાં બ્રાહ્મમૂર્તમાં (૪ વાગે) ઊઠીને પ્રથમ પોતાના બને હાથ અરસ-પરસ મેળવીને જોવા અને નીચેનો મંત્ર બોલવો.

કરાગ્રે વિસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતિઃ
કરમધ્યે તું ગોવિંદઃ પ્રભાતે કર દર્શન ।।

એમ બોલીને હથેળીનું દર્શન કરવું. કારણ કે હાથના અગ્ર ભાગમાં લક્ષ્મીનો વાસ છે. હાથના મધ્ય ભાગમાં સરસ્વતીનો વાસ છે, હાથના મૂળ પ્રદેશમાં ગોવિંદનો વાસ છે. આમ ઊઠીને હસ્ત-દર્શન કરવું કારણ કે જેના તેના મુખના દર્શન કરવાથી આખોય દિવસ વિક્ષેપમાં જાય છે. આમ હસ્ત-દર્શન કર્યા પછી પાણીથી કોગળા કરી આસન પર બેસી પાંચ-દસ મિનિટ પ્રભુધ્યાન કરવું, અથવા પ્રભુના નામનો ઉચ્ચાર કરવો. પછી દાંત સાફ કરવા તથા શૌચઆદિ ક્રિયા પતાવવી. શૌચ ગયા પછી માટી અને પાણીથી હાથ ધોવા. ત્યાર પછી ઠંડા અથવા ગરમ પાણીથી સ્નાન કરવું સ્નાન કર્યા પછી પ્રભુ અથવા ગુરુની મૂર્તિ સન્મુખ રાખી આસન પર બેસી પૂજા કરવી અને ગીતા વિ. નો સમય પ્રમાણે પાઠ કરવો.

ત્યાર પછી સ્વચ્છ વસ્ત્રો ધારણ કરીને માતા-પિતાને તથા ઈતર વડિલોને નમસ્કાર કરવા, પોતાનાથી નાના હોય તેને 'હરિહર' અથવા 'રામરામ' કહી બોલાવવા અને ત્યાર પછી પોતાના ઘરમાં દૂધ કે જે કંઇ ઉપલબ્ધ હોય તે પોતાના બાળકો, ભાઇ-બહેનો, સાથે બેસીને ગ્રહન કરવું. દશ-અગિયાર વાગે નિયમ મુજબ ભોજન લેવું. નિયમિત અને સમયસર ભોજન લેવાથી શરીરમાં રોગ આવતા નથી. અનિયમિતતાથી તંદુરસ્તી બગડે છે. ભોજન બાદ અડધો કલાક આરામ કરવો પછી પોતાના ધંધા-ઉદ્યોગમાં લાગી જવું. સાંજે કામ-ધંધાથી પાછા ઘરે આવીને દેવ-દર્શન કરવાં,

પછી રાત્રિ ભોજન કરવું અને પછી કુટુંબના બધા સભ્યો સાથે બેસીને રામાયણ અથવા ભગવદ્‌ગીતા અથવા અન્ય કોઈ ધાર્મિક ગ્રંથનું વાંચન કરવું પછી દશ-વાગે સૂઈ જવાના સમયે પોતાની પથારીમાં બેસી નિંદ્રા આવે ત્યાં સુધી પ્રભુના નામનું સ્મરણ કરવું ઉપરોકત ગૃહસ્થો માટેની દૈનિક ક્રિયા વર્ણવી તેથી વ્યવહાર અને પરમાર્થ બને સિધ્ધ થાય છે, મનુષ્ય જન્મ સફળ થાય છે, જીવન સફળ થાય છે, જગતમાં કીર્તિ વધે છે. આથી ભાવિક ભકતોએ ઉપર કહી એ રીતે જ પોતાનું જીવન વ્યતિત કરવું અને કોઇની દેખાદેખી કરવી નહિ. પોતાના વડિલોની પદ્ધતિ અનુસરવી અને શાસ્ત્ર-મર્યાદા જાળવવી, કારણ કે જે જીવો જેવા કર્મ કરે છે તે અનુસાર તે તે જીવોને તેવા ફળ પ્રાપ્ત થયા કરે છે.

યદ કરુતે તદભિસંપર્તત ।

ઇય ધર્મશાસ્ત્રનું વાકય છે કે,
જેવી કરે છે કરણી તેવી તમામ ફળે છે,
બદલો ભલા બૂરાનો અહિંનો અહિં મળે છે.
બીજી લોકોક્તિ છે કે,
ગઇ પલ પાછી ફેર ન આવે મૂરખ મૂઢ ગમાર
અને બીજું એક વાકય,
કાલ કરે સો આજ કર, અને આજ કરે સો અબ,
અવસર બીતયો જાત હૈ ફીર કરેગેં કબ ?

આથી મારાં પ્રિય ભાઇઓ અને બહેનો, ઉપરોકત રીતે દૈનિક ક્રિયા કરશો.

(૨)

મારા પ્યારા સુજ્ઞ બંધુઓ તથા બહેનો, આપની સમક્ષ ગુરુકૃપાથી ઉદભવિત્ યથાર્થ જ્ઞાન હાર્દિક રીતે રજૂ કરૂ છું. એ જ્ઞાનને આપ આપની નિર્મલ અને સ્થિર બુદ્ધિ વડે અને શુધ્ધ ભાવનાથી સાર ગ્રહણ કરશો એની મને સંપૂર્ણ શ્રધ્ધા અને ખાતરી છે. જે રજુ કરવાથી મારૂં જીવન સફળ થશે. એ મારા આ જીવન દરમિયાન મહા અનુભવી વૃધ્ધો અને મહાપુરુષોના સત્સંગ દ્વારા તથા શાસ્ત્રોના અભ્યાસ થકી મેં જે કાંઇ મેળવ્યું છે તે આપને કહું છું.

એ મહાન વસ્તુ એવી છે કે જેની પ્રાપ્તી વડે બધી જ પ્રાપ્તી થાય છે. અને જેને માટે ચક્રવર્તી રાજાઓ રાજ છોડીને ઉત્તર ખંડમાં જઇને મહાન તપશ્ચર્યા કરવા માંડે છે. અને યોગી, યતિ, સંન્યાસીઓ પણ જપ, તપ, વ્રત, તીર્થ, સંયમ અને નિયમ મેળવવા સર્વ ભોગ-વિલાસ છોડીને અથાગ પ્રયત્ન કરે છે, તો પણ ભાગ્યવશાત કોઇક ને જ તે પ્રાપ્ત થાય છે. સંસારી લોકો પણ તેટલા માટે જ દાન-પુણ્ય કરે છે. પરતું તેની પ્રાપ્તિ થતી નથી. અને ઇન્દ્રાદિ દેવો પણ તેને માટે મહાન પ્રયત્નો કરે છે. છતાં પણ તેની પ્રાપ્તિ થતી નથી. જેના સમાન ત્રણેય લોકમાં એકેય એવી વસ્તુ નથી, એને પ્રાપ્ત કરનારા ભારતના મહાન પુણ્યશાળી આત્માઓ-જેવા કે, પ્રહલાદ, ધ્રુવ, અંબરિષ, હરિચંદ્ર, મીરાં અને નરસિંહ મહેતા આદિ અનેક ભકતનો અંખડ કીર્તિ ભારતમાં પ્રસિધ્ધ છે. અને તે વસ્તુની પ્રાપ્તી વડે જ કૃતકૃતાર્થ બન્યા છે. ત્રણેય લોકનાં રિધ્ધિ સિધ્ધિ તે વસ્તુ ને જ આધીન છે. આથી મનુષ્ય જન્મ મેળવીને તે વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા તે બુધ્ધિમાન મનુષ્યનું કામ છે અને નહિ કે પામર મનુષ્યોનું, આથી સુજ્ઞ અને વિચારવંત મનુષ્યોએ તેની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવા જોઇએ.

હવે એ વસ્તું શું છે તે આપને વિદિત કરું છું. જેનું નામ છે ઇશ્વર પ્રસન્નતા. હવે તેની પ્રાપ્તી માટેનાં સાધનોનું વર્ણન કરુ છું જેમાં નુ એક મુખ્ય સાધન બધાને મળવું મુશ્કેલ છે. કોઇક પુણ્યશાળીને પૂર્વજન્મના પ્રતાપે કે વૃધ્ધ માતા-પિતા, દીનદુખીયા અથવા સંતપુરુષની સેવાના ફળરૂપે પ્રાપ્ત થાય છે. આ એક જ સાધન વડે ઇશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. અને આ સાધન વડે જ ખુદ ઇશ્વર પણ ભકતોને આધીન બની જાય છે. ઇશ્વર ભકતોની પાછળ ફરે છે અને નૃત્ય કરે છે. ઇશ્વર સર્વસ્વ પોતાના ભકતને આપી દે છે, અને પોતાની માયા જે લક્ષ્મી છે તથા પોતાના ભાઇ જે બલભદ્રછે તેનો પણ ત્યાગ કરી દે છે. ઇશ્વર આ સાધનવાળા ભકતોની સમક્ષ રહ્યા કરે છે. એક ક્ષણ પણ તેને છોડતો નથી. આ એક એવું સાધન છે જેનો મહિમા મીરાં, નરસિંહ તથા ગોપીઓએ જાણ્યો હતો. આ મહિમાને જાણવાવાળા ભારત-ભૂમિમાં અધિક તો નહિ પરતું કયાંક કયાંક પવિત્ર ભૂમિમાં છે ખરા અને તેને ભાગયશાળી

જીવો જ ઓળખી શકે છે. આવું આ એક સાધન છે એ શું છે ? જેનું નામ પ્રેમ છે. જેને આધીન ઈશ્વર પ્રસન્ન થાય છે હવે આ પ્રેમ-પ્રાપ્તિ માટે ઈતર સાધનનું હું વર્ણન કરૂં છું.

રામ રામ સબ કોઈ કહે, ઢગ ઢાકુર ઓર ચોર,
વિના પ્રેમ રીજે નહિ, તુલસી નંદ કિશોર II

વિદ્યાએ મનુષ્યનું ભૂષણ છે અને ગુપ્ત ધન છે અને આથી જ સ્વામીશ્રી શંકરાચાર્ય વેદ-પઠનની પ્રથમ શિખામણ આપી છે. હવે વેદ શું છે એ સમજવાની ઘણી જ જરૂર છે. આ કલિકાળમાં દંભી લોકોએ પોતાના સ્વાર્થને ખાતર, વેદના સાચા સિદ્ધાંતો જાણતા હોવા છતાં અનેક પંથ અને મતમતાંતર, પોતાની યુકિત-પ્રયુકિત વડે ઉપજાવીને પોત-પોતાના ભાવિકોને પોતાને આધિન રાખવા માટે પોતાને વેદરૂપ મનાવ્યા છે. અને આમ પોતાના પંજામાં ભાવિકોને ફસાવીને ધન એકઠું કરે છે. આવા તો હજારો લોકો છે. આથી વેદ શબ્દ શું છે તે પ્રથમ જાણવું જોઈએ. સાક્ષર પુરૂષો તો ઈતર ગ્રંથોના વાંચન-પઠનથી જાણી લે છે. પરતું તદન નિરક્ષર લોકો-ગામડામાં રહેવાવાળા લોકો માત્ર બળદ ચલાવવાનું અને ખાવા પીવાનું જ જાણે છે. આટલું જ જાણવાવાળા ખેડુતો પાસે જઇને દંભી લોકો પોતાની વાણીના પ્રભાવથી તેમને ફસાવે છે. માટે 'વેદ' શબ્દ પ્રથમ જાણી લેવો બહું જરૂરી છે. આથી હવે હું તે પક્ષપાત રહિત યથાર્થ કહું છું. વેદનો મૂળ મંત્ર પણ વેદ જ છે, અને ઉપનિષદ તથા ષટશાસ્ત્ર, અઢાર પુરાણ તથા અનેક ઋષિ-મુનિઓ પ્રણિત ગ્રંથને વેદ કહેવાય છે. આમાં અનેક ભાષા-ગ્રંથો પણ છે તેમજ મહાત્માઓની વાણી અને ભજનો પણ વેદ કહેવાય છે

આમાં લોકો ભ્રમણામાં પડી જાય છે. આથી નિષેધનો ત્યાગ અને શુભનું ગ્રહણ એવો તાત્પર્ય જે વાણીમાં હોય તેને વેદ માનવો જોઇએ. વેદનો પણ અભિપ્રાય એવો જ છે. ભગવાને શ્રી ગીતામાં અર્જુનને દેવી સંપત્તી અને આસુરી સંપત્તી કહી છે. દૈવી એટલે શુભ અને આસુરી એટલે અશુભ. શુભ-અશુભ જાણ્યા વિના ત્યાગ-ગ્રહણ થઇ શકતું નથી. અશુભનો ત્યાગ અને શુભના ગ્રહણ વગર જીવ ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરતો નથી. આથી જ સ્વામીજીએ બહું જ ભાવપૂર્વક વેદ-પઠન માટે કહ્યું છે. આથી મારા પ્યારા ભકતજનો, તમે વૃધ્ધ હો તો પણ અક્ષરજ્ઞાન જાણી લેજો અને તમારા સંતાનોને તો કરજ કરીને પણ સારી રીતે વિદ્યાભ્યાસ કરાવજો, એના જેવું પુણ્ય કાર્ય બીજું કોઇ નથી. આ વિદ્યાર્થી વ્યવહાર અને તેને લગતા ધન-માન પ્રાપ્ત થાય છે. અને જેના વડે પ્રભુ-પ્રસન્નતા પ્રાપ્ત છે એવો પ્રેમ ઉત્પન્ન થાય છે. મૂળ સાધન વિદ્યા છે.

હવે હું બીજા પદનો અર્થ કરૂ છું :

તત ઉંદિતં ક્રર્મ સુ...નુષ્ટીયતાં II

વેદમા કહ્યું છે કે કર્મો સારી રીતે કરવાં અને સ્વામીજીની પણ એવી જ આજ્ઞા છે. હવે કર્મ કોને કહે છે, તેનું અહીં વર્ણન કરૂ છું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રી ભાગવાન કૃષ્ણે ત્રણ પ્રકારના કર્મો બતાવ્યા છે. જેવા કે કર્મ-વિકર્મ-અકર્મ, આમાંથી પ્રથમ હું અકર્મ બાબત કહું છું જેનું નામ નિષિધ કર્મ છે અને તેનાં બીજા નામો દુષ્ટ કર્મ અથવા ખરાબ કર્મ છે. આ નિષિધ કર્મ એ શું છે તેનું વર્ણન સારી રીતે ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે આસુરી સંપત્તી નામ રાખીને કહ્યું છે. આ ઉપરાંત રામાયણ આદિ ગ્રંથોમાં તેનું વર્ણન છે. જેવું કે તદ્ઉપરાંત કામ, દંભ, ઈર્ષા, નિંદા, આશા, તૃષ્ણા, ચોરી, મશ્કરી, દ્રોહ કરવો, પરધન લઈ લેવું વગેરે સઘળા નિષેધ કર્મો છે. આવાં બધાં કર્મોને વેદ-શાસ્ત્રોએ અને મહાપુરુષોએ ન કરવાની આજ્ઞા કરી છે. એ બધાં નિષેધ કર્મો અથવા અ-કર્મો છે. એમાંથી કોઇ ગમે તેવી મહાન આપત્તિમાં પણ કરવાં નહિ કારણ કે કરતી વખતે તે બહું સારા લાગે છે. પરતું તેના ફળ બહું વિપરીત ભોગવવા પડે છે. અને ચોર્યાસી લાખ અવતારોમાં કેટલાક અવતારો બહું કષ્ટદાયક હોય છે. જેવા કે અશ્વ, ઉંટ, હાથી, બળદ, ગધેડા, કુતરા, વગેરે આ બધા જ અવતાર અતિ પાપનાં ફળ છે. કારણ તેઓ ખાવા-પીવામાં પણ પરતંત્ર છે અને એને મનુષ્યને આધીન રહેવું પડે છે. આવા પ્રાણીઓને બોજ ઉપાડીને રાતદિન ચાલવું પડે છે અને ખાવા-પીવાની ઇચ્છા હોય તો પણ મળતું નથી. ભૂખ-તરસથી વ્યાકુળ હોવા છતાં અને શારીરિક બીમારી હોવા છતાં બોજ ઉઠાવીને ખેંચવો પડે છે. અંતરમાં અત્યંત કષ્ટ હોય છે. પરંતુ જીહવા ઈન્દ્રિય વગર કોને કહે ? પોતાના પૂર્વજન્મના નિષેધ કર્મોનાં ફળ રોતાં રોતાં ભોગવે છે. અને એવી જ રીતે મનુષ્યો પણ પોતાના નિષેધ કર્મોના ફળ ભોગવે છે. જાણવા છતાં પણ મનુષ્યો એ નિષેધ કર્મોને છોડતા નથી, આથી સજજનોએ અકર્મોથી હંમેશા દુર જ રહેવું અને કોઇ પણ

પસ્રસ્થિતીમાં તેવાં કર્મો કરવાની ઇચ્છા થાય તો પણ દાંતમાં દાંત ભરાવીને તેવી ઇચ્છાનો ત્યાગ કરવો એનું જ નામ પુરૂષ-પ્રયત્ન. પુરૂષાર્થવાદી બનીને નિષેધ કર્મોનો ત્યાગ કરવો. હવે વિ-કર્મ કોને કહેવાય તે બતાવું છું વ્યવહારિક કામોમાં જેનો ઉપયોગ હોય તેને વિકર્મ કહેવાય છે. આવા વિકર્મો વગર દેહાદિક વિ. નો નિર્વાહ થઇ શકતો નથી. આથી પ્રાણી માત્ર તે કર્મો કરે છે. જેમ કે કેટલાક ખેતી કરે છે. કેટલાક વેપાર કરે છે, કેટલા નોકરી કરે છે. પ્રાણી માત્ર-રાજા રંક, સાધુ-સંન્યાસી, બ્રહ્મચારી, પોતપોતાનું અને પોતાના કુટુબનું ભરણપોષણ કરવા માટે ઉધોગ કરે છે. આવા ઉધોગ વડે ધન પ્રાપ્ત થાય છે, અને એ ધન વડે ખાવાપીવાની અને પહેરવા-ઓઢવાની વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. આવો વ્યવહાર પરંપરાથી ચાલ્યો આવે છે. આમાં એટલો ભેદ છે કે જે બુધ્ધિમાન પુરૂષ છે તે પોતાના દેહ અને કુટુંબના નિર્વાહ પૂરતું ધન મેળવે છે અને સાત્વિક જીવન ગુજારે છે. જેના વડે કોઈને દુઃખ ન પહોંચે, શાસ્ત્રોનો વિરોધ ન થાય, એવી રીતે સાત્વિક ધન પેદા કરે છે. અને કુટુંબનું પાલન કરે છે. તથા દાન-પુણ્ય પણ કરે છે. કેટલાક લોકો માત્ર પોતાના કુટુંબનું પાલન થઇ શકે એટલું જ ધન કમાય છે. જયારે કેટલાક તામસી જીવો આશા-તૃષ્ણાના મોહમાં તણાઇને આખીય જીદગી ધન કમાવામાં વેડફી નાખે છે. કરોડપતિ બન્યા પછી પણ તેઓને સંતોષ થતો નથી અને આમોદ-પ્રમોદમાં એ ધનનો વ્યય કરે છે, પરંતુ કોઇને એક કોડી પણ આપતા નથી, તેમજ ધર્મ અને ઇશ્વરને જાણતા પણ નથી, સંસારમાં ધુમતા રહે છે.

આથી બુધ્ધિમાન મનુષ્યો એ અતિ સૂક્ષ્મપણે વિચાર કરવો જોઇએ અને સૂક્ષ્મ વિચાર દ્વારા પોતાના અલ્પ આયુષ્યનો વિચાર કરીને જીવન ટકાવવા માટે જીવનથી વધુ ધનનો સંગ્રહ નથી કરતાં માત્ર દેહનો નિર્વાહ કરવા પૂરતાં વિકર્મો કરે છે. નિર્વાહ કરે છે. અને પોતાનું આયુષ્યનો વિચાર કરે છે. કેટલાક, જેઓ પૂર્વજન્મના સંસ્કારી યોગભ્રષ્ટ છે તેઓ તો ઇશ્વર રચિત પ્રયત્ન વિના જ સિધ્ધ રીતે વિકર્મો કરે છે. નિર્વાહ કરે છે અને પોતાનું આયુષ્ય ઇશ્વર-ભજનમાં ગાળે છે. તેઓ વસ્ત્રો, સ્થાન કે ભોજનની પરવા કરતા નથી. એટલે તેઓ વિકર્મો કરતા નથી પરતું ખુદ ઇશ્વર કરે છે. આવી દઢતા દરેકમાં હોતી નથી તેથી વ્યાવહારિક કર્મો દેહાદિક નિર્વાહ માટે અવશ્ય કરવા. હવે કર્મોનું ફરી વર્ણન કરૂં છું જેથી મળ-દોષ એટલે કે પાપ-નિવૃતિ થાય અને ઇશ્વરની પ્રસન્નતા મેળવવાળાને ઇશ્વરમાં પ્રેમ ઉત્પન્ન થાય-ભકિત ઉદ્દ્ભવે અને તેનું નામ કર્મ છે. જેનું કર્મ-કાંડ વડે વેદોમાં પણ પ્રથમ વર્ણન આવે છે, અને જે ખૂબ જ વિસ્તાર પૂર્ણ છે તેને સ્વામી શ્રી શંકરાચાર્ય "કર્મ" શબ્દથી બતાવ્યું છે. અને આજ્ઞા આપી છે કે જે કાંઇ કર્મો-દાન, પુણ્ય, યજ્ઞ, તીર્થ, વ્રત-કરો તે વેદોકત રીતી અનુસાર જ કરો, વેદોથી વિરુધ્ધ નહિ.

દ્રષ્ટાંત તરીકે એક રાજા છે તેને નોકર-ચાકર અનેક છે. તેમાંથી કોઇ અંગત સેવા કરે છે, કોઇ સફાઇ કરે છે. કોઇ પાણી કાઢે છે, કોઇ મળ-મૂત્ર સાફ કરે છે, કોઇ ચોકી કરે છે, કોઇ ભોજન બનાવે છે, કોઇ કચેરીમાં કામ કરે છે, આમ અનેક પ્રકારે રાજાની સેવા કરે છે. રાજા એમ માને છે કે તે બધા જ કર્મો પોતે કરે છે. અને તે બધાં કર્મો કરનારાઓ પર પ્રસન્ન રહે છે. આવું જ ઇશ્વરનું સમજવું કોઇ મંદિરની સેવા કરે છે, તો કોઇ ધ્યાન ધરે છે, કોઇ પાઠશાળા બંધાવે છે, તો કોઇ કુવો-તળાવ ખોદાવે છે. કોઇ કુતરાને ખવડાવે છે, કોઇ પક્ષીઓને ચણ નાખે છે આમ દરેક પોતપોતાની રુચિ અનુસાર ઇશ્વરની પ્રસન્નતાની પ્રાપ્તિ કર્મો કરતા રહે છે. આ બધા પ્રાણીઓ વડે કરાએલા ભિન્ન-ભિન્ન કર્મોનો ઇશ્વર અંગીકાર કરે છે. અને કર્મો અનુસાર ફળ આપે છે. આટલા માટે કર્મો કરો એવો સ્વામી શ્રી શંકરાચાર્યનો આદેશ છે. અને મારુ એવું મંતવ્ય છે કે એ એક ઉત્તમ માર્ગ છે.

જે અયાચક છે, કુટુંબ કબીલાવાળા છે, દિન દુઃખી અને અશકત છે તેમને ગુપ્ત રીતે મદદ કરો. ગુપ્ત રીતે મદદ કરવાથી અંતરની પ્રસન્નતા થાય છે. આવી પ્રસન્ન્તાની ઇશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે. આવી પ્રસન્નતાની પ્રાપ્તિ લાખો ઘી ની આહુતિઓ આપવાથી પણ નથી થતી આથી દીન દુખિયાની સેવા સમાન ઉતમ કર્મ બીજુ એકેય નથી. મનુષ્ય સેવા એ મુખ્ય કર્મ છે, અને ઇશ્વરની પ્રસન્નતા પ્રેમ પ્રાપ્તિ માટેનું બીજુ સાધન છે.

હવે ત્રીજા વાક્યનો અર્થ કહું છું.

તેને શલ્ય વિધિયતા મુપચિતિઃ ।

તેન ઈઝસ્ય અપચિતિઃ વિધિયતાં ॥

સ્વામીજીએ કહ્યું છે કે કર્મો વડે ઇશ્વરની પૂજા એટલે કે સેવા કરો. હવે આ પૂજા એટલે કે સેવાનું વિવરણ કરું છું.

ઈશ્વરના બે સ્વરૂપ

ઈશ્વરના બે સ્વરૂપ છે. એક છે નિરાકાર અને બીજું છે સાકાર. આમાંથી નિરાકારની પૂજા સ્થુલ પદાર્થો વડે થઇ શકતી નથી, કારણ કે તેને રૂપ, રંગ, આકાર એમાંનું કશું જ નથી. એ અજન્મા, નિરાકાર અને નિરંજન છે. તેથી સંતજનો અને ભકતજનો તેની સાકાર મૂર્તિની પૂજા કરે છે.

હવે સાકાર રૂપમાં ઈશ્વરની અનંત મૂર્તિઓ છે, આથી જે ભકતોને જે જે મૂર્તિમાં જેની ભાવના છે, તેઓ તે તે મૂર્તિની પૂજા કરે છે. સર્વ સ્વરૂપ ભગવાન પોતાના ભકતની ભાવના અનુસાર એ પ્રકારનો આકાર ગ્રહણ કરીને ભકતના બધા મનોરથો પૂર્ણ કરે છે. આ સાકાર પ્રભુની એક ચલ-મૂર્તિ અને બીજી અચલ-મૂર્તિ છે. એમાં જેને અચલ કહેવાય તે પ્રભુની પ્રતિમા અને ચલ છે. તે સંત પોતે જ. આ ચલ મૂર્તિ સંતની સેવાથી પ્રભુ-પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે. આથી બુધ્ધિમાન, વિવેકી અને ઉત્તમ અધિકારીજન, વિશેષ કરીને ચલ મૂર્તિ એટલે કે સંતની જ સેવા કરે છે અને એનાથી પણ વિશેષ ઉચ્ચ વૃત્તિવાળા અધિકારીજનો તો સચરાચર જીવ માત્રને ચલ-મૂર્તિ સમજીને પ્રાણી-માત્રની સેવા કરે છે. આ રીતે પોતપોતાના અધિકાર અનુસાર પ્રભુસેવા કરે છે. આ બધા ઉપર પ્રભુની કૃપા થાય છે; કારણ કે કર્મ અને ઉપાસના બંને ઈશ્વરનો પ્રેમ મેળવવાના મુખ્ય સાધન છે. આથી સ્વામીજીએ આજ્ઞા આપી છે કે કર્મ કરો અને પૂજા-સેવા કરો.

હવે ચોથા શ્લોકના વાક્યને હું પ્રતિપાદન કરું છું.

કામ્ય મતિ સત્યજ્યતાં

કામ એટલે કે ઇચ્છા વડે થયેલાં કર્મો કામ્ય કહેવાય છે. સ્વામીજીની આજ્ઞા છે કે એ કામ્ય કર્મોમાં જે ધન, રાજ્ય, પુત્ર, સ્ત્રી, હાથી-ઘોડા, સ્વર્ગ, બ્રહ્મલોક, વિગેરે મેળવવાની જે અદમ્ય ઇચ્છા સમાયેલી છે. એનો ત્યાગ કરો. આ બધી આશા સામે જે જે કર્મો આવે તેને કામ્ય કર્મો કહેવામાં આવે છે અને આથી જ આચાર્યશ્રીએ આવા કામ્ય કર્મો ન કરવા માટેનો ઉપદેશ આપ્યો છે. કારણ કે તેનાં ફળ અલ્પ-અતિ અલ્પ હોય છે માટે તેનો ત્યાગ કરો.

આચાર્યજી તેમના ઉપદેશમાં કહે છે કે :-

પાપોઘઃ પરિધૂયતાઁ

સમગ્ર પાપોનો નાશ કરો. હવે આ પાપ એ શું છે એનું હું અહીં વિવરણ કરું છું. જેનું ફળ દુઃખ છે તેને પાપ કહેવામાં આવે છે, અને જેના વડે બીજા જીવોને દુઃખ પહોંચે છે એને પણ પાપ કહેવામાં આવે છે. આથી મન, બુદ્ધિ કે શરીરથી કોઇપણ પ્રાણીને દુઃખ થાય એવાં કર્મ કરવાં નહીં. કારણ, પાપનું મૂળ નિષેધ કર્મ છે. આવાં નિષેધ કર્મો, જેવાં કે, શરીરથી કોઇ પ્રાણીની હિંસા કરવી, કઠોર વાણી વડે કોઇને દુઃખ આપવું અથવા દુષ્ટ ભાવના યુકત મન વડે કોઇ પ્રાણીને હાની પહોંચાડવાની ઇચ્છા કરવી આ બધા પાપ છે. આથી મન-કર્મ વચનથી કોઇને દુઃખ આપવું નહીં. પરંતુ પ્રસન્નતા મેળવવી, અને પોતાને બીજાથી નાના સમજવાનો પ્રયત્ન કરવો તેમજ ક્ષમાશીલ અને નિરાભિમાની બનવું. અને આથી પણ વિશેષ દૈવીસંપત્‌ના ગુણો જયારે અંતરમાં પ્રગટ થાય ત્યારે સમજવું કે હવે પાપોનો નાશ થયો છે અને આમ સર્વ પાપોની નિવૃત્તિ કરવી.

હવે છઠ્ઠું પદ

ભવ સુખે દોષોનુસંધીયતાં ।

અર્થ : સાંસારિક સુખોમાં દોષોને જોવા. હવે આ પદનું વિવરણ કરું છું.

ભવ એવું નામ, સંસારને આપવામાં આવ્યું છે, જેનો ક્ષણે ક્ષણે ઉત્પન્ન અને નાશ થાય છે. આવા અનિત્ય સંસારના સુખ પણ અનિત્ય એટલે કે નાશવંત જ હોય. કારણ વગર કાર્ય ઉદ્‌ભવતું નથી. આમ મૂળમાં જ જયાં સંસાર સ્થિર નથી, ત્યાં એમાં ઉત્પન્ન થવાવાળાં સુખો તો કયાંથી જ સ્થિર હોય ? આથી જ સ્વામીજીએ કહ્યું છે કે તુચ્છ વિષયી સુખોમાં દોષની જ ભાવના કરવી, કારણ કે તે બધાં સુખો જીવને બંધનમાં નાખીને ઉપર ઉપરથી મનુષ્યને સારા બતાવવાનો ડોળ કરીને છેવટે તો પતિત જ કરે છે. આમ પતિત થવાથી જીવ પોતાના અખંડ આનંદ નિજ સ્વરૂપને ભૂલી જાય છે; અને અનિત્ય સંસાર સુખ એટલે કે વિષયાનંદમાં મગ્ન બને છે; અને પરિણામ તેનું શું આવશે તે એ જાણી શકતો નથી. જે કારણો વડે જીવ એવા સુખમાં ફસાઇ જાય તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે. આ પાંચ વિષયોમાં પાંચ અલગ અલગ જીવો ફસાઇ જાય છે. જેવી રીતે કે, હાથી સ્પર્શમાં, પતંગ રૂપમાં, મીન રસમાં, ભ્રમર

ગંધમાં અને મૃગ શબ્દમાં ફસાય છે. એક એક અલગ જીવ એક એક વિષયના સંપર્કમાં આવે છે ને બંધનમાં આવી જાય છે, તો જે જીવ પાંચેય વિષયોના સંપર્કમાં આવે એની તો શી ગતિ થાય ? આથી જ આચાર્યશ્રીએ કહ્યું છે કે સંસારિક સુખોમાં દોષો જુઓ.

આ સિદ્ધાંત પર ભગવાન શ્રીકૃષ્ણનો ઉલ્લેખ છે કે :-

જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખદોષાનુ દર્શન ।

આ પછી સ્વામીજીનું કહેવું એમ છે કે, આત્મેચ્છા વ્યવસીયતાં

અર્થ : આત્મા એટલે કે જીવ-તેને જાણવાની ઈચ્છા કરો. હવે એનું યથાવિધિ વર્ણન હું કરું છું.

આત્મા એટલે કે જીવ, જે ઈશ્વરના અંશ-ચૈતન્ય શકિત સમાન છે અને જેના વડે આ દેહની ઈન્દ્રિયો તથા પ્રાણ, મન, બુદ્ધિ વગેરે પોતપોતાની ક્રિયાઓ કરે છે. જેવી રીતે લોખંડ જેમ લોહચુંબક વડે નૃત્ય કરે છે. જ્યારે આ ચૈતન્યશકિત આ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે શરીર સુકાયેલા લાકડા સમાન બની જાય છે, અને એને જ આપણે મૃત્યુ કહીએ છીએ. જ્યાં સુધી જીવ શરીરમાં રહે છે ત્યાં સુધી દરેક ઈન્દ્રિયો પોતપોતાનો યથાશકિત ધર્મ બજાવે છે. જેમ કે સાંભળવું, જોવું, ખાવું-પીવું, હાલવું-ચાલવું, બોલવું, શ્વાસ લેવો, સૂંઘવું ઈત્યાદિ. આ ક્રિયાત્માઓના સંચાલકને આત્મા કહે છે. હવે આ આત્મા એ શું છે એનો વિચાર કરવો જોઈએ એટલે કે એને યથાર્થ ઓળખવો જોઈએ.

એ આત્મા કયાં રહે છે, કયાંથી આવે છે, કયાં જાય છે, એનું રૂપ કેવું છે કયાંથી ઉત્પન્ન થાય છે, વિગેરે જાણવાની ઈચ્છાને જીજ્ઞાસાવૃત્તિ પણ કહે છે. અને સાત ભૂમિકામાંથી તેને પ્રથમ ભૂમિકા પણ કહે છે. આથી સ્વામીજીની આજ્ઞા છે કે આત્માને જાણવાનો-ઓળખવાનો પ્રયત્ન કરો.

સ્વામીજીએ પ્રથમ શ્લોકના અંતિમ વાકયમાં બતાવ્યું છે કે :- નિજ ગૃહાત્ તૂર્ણ વિનિર્ગમ્યતાં ।

અર્થ :- પોતાના ઘરને છોડીને જલ્દી પવિત્ર અને એકાંત સ્થાનમાં જાઓ.

હવે આનું તાત્પર્ય હું તમને કહું છું તે સાંભળો.

વેદાંતના સિદ્ધાંત પ્રમાણે પૂર્વોકિત આત્માને અધિકારી જ જાણી શકે છે. વિવેક, વૈરાગ્ય, ષટસંપત્તિ અને મોક્ષ-ઈચ્છા આ ચાર સાધનોથી જે મનુષ્ય સંપન્ન છે. એ જ અધિકારી કહેવાય છે, એમ સ્વામીજીએ પ્રથમ શ્લોકના ઉપરોકત વાકયોથી સમજાવ્યું છે અને આ અંતિમ વાકયથી વૈરાગ્ય વિષે સમજાવ્યું છે. જીવ 'ઘર છોડીને એકાંત, પવિત્ર સ્થાનમાં જઈને આત્માનો વિચાર કરે' એમ જે સ્વામીજી કહે છે. એનો મુખ્ય અર્થ તો એ છે કે જ્યાં સુધી જીવ ઘરમાં હોય ત્યાં સુધી પુત્ર-પરિવાર, ભોગવિલાસથી મુકત નથી થવાતું અને તેથી તે આત્મા વિષેનો વિચાર નથી કરી શકાતો. આથી વૈરાગ્યની જરૂર આવયશ્કતા છે જ. વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ સત્ય અને અસત્યને જાણવું. સત્ય અને અસત્યને જાણવાથી જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને તેથી ઘર આદિ છોડવું ઘણું સહેલું બને છે. આવા ત્યાગ-બળથી મનુષ્ય આત્મા-વિચાર કરવા શકિતમાન થાય છે. આવા વિચારથી મનુષ્યને ઈશ્વરમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. આવી ઈશ્વર-પ્રસન્નતાથી જન્મ-મરણમાંથી નિવૃત્તિ મળે છે અને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. આથી સ્વામીજીએ પ્રથમ શ્લોકમાં અધિકારીના સાધન તરીકે વિવેક અને વૈરાગ્ય બતાવ્યા છે.

હવે બીજા શ્લોકનો અર્થ ક્રમાનુસાર એક એક લઈને હું તમને બતાવું છું. :-

સંગ વિ સત્સુ વિધીયતાં ।

સ્વામીજી કહે છે કે ઘરનો ત્યાગ કરીને સત્ પુરુષોનો સંગ કરો.

હવે સત્ પુરુષો કોને કહેવાય એ બતાવું છું.

રામાયણ, મહાભારત, ગીતા તથા બીજા અનેક શાસ્ત્રો અને મહાપુરુષોના બનાવેલાં ભજનોમાં સત્ અને અસત્‌ના લક્ષણો વિસ્તારપૂર્વક કહેવામાં આવ્યાં છે. અહીં સામાન્ય જિજ્ઞાસુ જન સમજી શકે એવા સંતોના લક્ષણો કહું છું.

સંતના મુખ્ય ચૌદ લક્ષણ

સરળ સ્વભાવવાળા, ક્ષમાવાન, વૈરાગ્યવાન, કરૂણાવાન, સુખદુઃખમાં સમતા જાળવી શકે તેવા, શત્રુ-મિત્રમાં

સમતા જાળવી શકે તેવા, તથા નીરભિમાની, પ્રભુપ્રેમી, જનસેવાભાવિ, પરદુઃખે દુઃખી, પરોપકારી, આસ્તિક, બ્રહ્મશ્રોત્રિય, બ્રહ્મનિષ્ટ વગેરે દૈવી સંપત્થી યુક્ત હોય તેઓને સંત માનવા.

ઉપરોક્ત કહ્યા તેવા સ્વભાવવાળા સંતોનો સમાગમ કરવો એવો સ્વામીજીનો આદેશ છે. આવા સંતોના સમાગમથી પ્રભુની ભકિત પ્રાપ્ત થાય છે.

ભગવતઃ ભકિત : દ્રઢા આધીયતાં ।

ભગવાનની દઢ ભકિતને ધારણ કરો. ભકિત અનેક પ્રકારની છે. એમાં મુખ્ય ભકિત નવધા ભકિત છે. ભાગવત્માં પ્રહલ્લાદનું વાકય છે કે :-

શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદ સેવનં ।
અર્ચન વંદનં દાસ્યં સખ્યમાત્મ નિવેદનમ્ ॥

શ્રવણ ભકિત રાજા પરિક્ષિતે કરી. કીર્તન ભકિત મુનિ નારદ અને શુકદેવજીએ કરી; સ્મરણ ભકિત પ્રહલ્લાદજી અને ધ્રુવજીએ કરી, પાદ સેવન-ભકિત લક્ષ્મીજીએ કરી, અર્ચન ભકિત પૃથુ રાજાએ કરી, વંદન ભકિત અક્રુરજીએ કરી, દાસ્ય ભકિત હનુમાનજીએ કરી, સખા ભકિત અર્જુને કરી, આત્મ-નિવેદન ભકિત બલી રાજાએ કરી અને દસમી ભકિત-પ્રેમ લક્ષણા ગોપીઓ, મીરાં, નરસિંહ તથા અંબરિષે કરી. આ બધી ભકિતમાં પ્રેમ-લક્ષણા ભકિત સૌથી ઉત્તમ છે. પ્રેમ-લક્ષણા ભકિતથી ઈશ્વર પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, એવી પ્રસન્નતા બીજી ભકિતથી થતી નથી. પરંતુ આમાં ભેદ એક છે. એના બે પ્રકાર છે. એક દ્રૂઢ અને બીજી અ-દ્રૂઢ. દા. ત. એક પતંગી રંગ અને બીજો મજીઠીયો રંગ. પતંગી રંગ પ્રથમ તબક્કે બહુ સારો લાગે છે, પરંતુ ટકતો નથી. જ્યારે મજીઠીયો દેખાવમાં એટલો સારો નથી લાગતો પરંતુ કપડું ફાટી જાય તો પણ રંગ જતો નથી કબીર સાહેબ કહે છે,

પ્રિત એસી કીજીએ જૈસો કપડા રંગ
ટુટટુટ ટુકકા ભયા રંગન છોડે સંગ

આવું જ ભકિતમાં પણ છે તેથી તેનું દ્રૂઢ અને અદ્રૂઢપણું સમજી લેવું. દ્રૂઢ ભકિતવાન જીવપ્રાણનો ત્યાગ કરી દે છે પરંતુ ભકિતનો એટલે કે દ્રૂઢપણાનો ત્યાંગ કરતો નથી. રાજા હરિચંદ્ર, રતિદેવ, પ્રહ્લાદ, મૌરધ્વજ, મીરાં, નરસિંહ વિગેરે ભકતોએ દ્રૂઢ ભકિતોનો પ્રભાવ બતાવ્યો છે. આચાર્યજી દ્રૂઢ ભકિતનો ઉપદેશ આપે છે, અને આજ્ઞા કરે છે કે શાંતિ આદિ દૈવી સંપતના ગુણોને ગ્રહણ કરો તથા સંચય કરો.

હવે ઉપરોકત વાકયનું હું વર્ણન કરૂં છું. ચાર મુખ્ય સાધનોમાંથી આચાર્યજીએ બે કહ્યાં. હવે ઉપલા વાકયથી ત્રીજું સાધન ષટ-સંપતિ બતાવ્યું છે. જેમ કે સમદમ, તિતિક્ષા, શ્રદ્ધા, ઉપરતિ, અને સમાધાન. આનું નામ ષટ-સંપતિ છે. સમ એટલે મનનો નિગ્રહ, દમ એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ, તિતિક્ષા એટલે કે સુખ-દુઃખ, માન-અપમાન, રાગ-દ્વેષ વિગેરે સહન કરવું-સમાન ભાવથી રહેવું.

શ્રદ્ધા એટલે ગુરુદેવ-સંતના શાસ્ત્રોકત વાકયોમાં વિશ્વાસ રાખવો, ઉપરતિ એટલે સાંસારિક વિષય-ભોગોથી ઉદાસીન રહેવું અને સમાધાન એટલે એ વિષયોને દૂર કરી મનનો નિગ્રહ કરવો તેનાથી અંત્તરમુખ બનવું. આમ ષટ-સંપતિનો સંગ્રહ કરો એવી સ્વામીજીની આજ્ઞા છે. હવે તેનાથી આગળનું વાકય જોઈએ. કાર્મ્યમતિર્ત્યજ્યતાં ।

કામ્યકર્મ

જે કર્મો કામના થકી કરવામાં આવે તેને કામ્ય કર્મો કહેવાય છે. જેવાં કે, યજ્ઞ, દાન, પુણ્ય, જપ, તપ, તીર્થ, વ્રત, કરૂણા વિ. આવાં કર્મો કરવાથી બહુ ધન મળશે, સારી સ્ત્રી મળશે, રાજ્ય મળશે, મૃત્યુ પછી સ્વર્ગ મળશે, સ્વર્ગમાં અપ્સરાઓ સાથે વિમાનમાં બેસીને ફરવાનું મળશે, આવી અનેક ઇચ્છાઓથી પ્રેરાઇને જે જે કર્મો કરવામાં આવે છે તેને કામ્ય કર્મ કહેવામાં આવે છે. આવા કર્મોનો ત્યાગ કરવાની સ્વામીજીની આજ્ઞા છે.

હવે આ દરેક કર્મનો વિચાર કરવાની આવશ્યકતા છે. કર્મપાંચ પ્રકારનાં છે, જે આ પ્રમાણે છે : નિત્ય, નૈમિતિક, પ્રાયસ્તિત, કામ્ય અને નિષેધ. આમાંથી પ્રથમ ત્રણ કર્મો અધિકારીઓએ નિષ્કામનાથી કરવાં અને બાકીના બે નો ત્યાગ કરવો. એવી સ્વામીજીની આજ્ઞા છે. અહીં સ્વામીજીએ બાહ્ય કર્મોનો ત્યાગ કરવો એમ કહ્યું છે. કારણ કે બાહ્ય કર્મો જયાં સુધી સાધન સંપન્ન ન બને ત્યાં સુધી કરવા, પછી તેનો ત્યાગ કરવા માટે, અંતરિક્ષ સાધનની

સાધના કરો એમ કહે છે. આચાર્યજીની આજ્ઞા છે કે કર્મનો ત્યાગ કરો અને અંતરિક્ષ સાધનની વૃદ્ધિ કરો. દ્રષ્ટાંત તરીકે એક મનુષ્ય અચાનક એક કૂવામાં પડી ગયો. એ કૂવામાં પાંચ માથાવાળો નાગ પડયો છે, જે કૂવામાં પડનારનું ભક્ષણ કરી જાય તેમ છે. પરંતુ સંજોગવશાત્ આ મનુષ્યને પીપળાના વૃક્ષનું મૂળ હાથમાં આવી જાય છે અને તે પકડીને અદ્ધર લટકી રહે છે. એવામાં ઉપરથી બીજા મનુષ્યની તે કૂવામાં નજર પડે છે. આથી તેને બચાવવા માટે તે ઉપરથી જાડી રસી નાખે છે. હવે કૂવાની અંદરનો મનુષ્ય એક હાથે જ્યાં સુધી રસીને મજબૂત પકડી શકતો નથી. ત્યાં સુધી મૂળિયાં છોડતો નથી, પરંતુ રસી જેવી મજબૂત રીતે એક હાથે બરાબર પકડાઇ ગઇ એટલે તરત જ મૂળ છોડી દઇને બંને હાથે રસી પકડી લે છે અને ઉપર આવે છે અને દુઃખથી મુકત બને છે. આમ પ્રથમ સંપત્તિ સાધીને પછી બાહ્ય કર્મોનો ત્યાગ કરો. એમ સ્વામીજી કહે છે. હવે આગળ અધિકારીએ શું કરવું તે સ્વામીજી સમજાવે છે.

સદ્‌વિદ્‌વાન પસેવ્યતાં પ્રતિ દિનંતત્ પાદૂકે સેવ્યતાં ।

દરરોજ બ્રહ્મશ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ મહાત્મા પાસે જવું અને તેની પાદુકાઓનું સેવન કરવું. સાધન-સંપન્ન બનીને બ્રહ્મવેત્તાને શરણે જાઓ અને એની સેવા કરો.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે :

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।

મારા કોઇ ગત્ જન્મના પુણ્ય પ્રભાવથી આપનું શરણ લાધ્યું છે. તો દયા કરીને હે પ્રભુ, મને આ સંસાર ચક્રમાંથી બચાવો અને હું કોણ છું, કયાં જઇશ, મારૂં સ્વરૂપ શું છે. એનાથી હું અજ્ઞાત છું, તો હે પ્રભુ, દયા કરીને મારો કલ્યાણ માર્ગ મને ચીંધો. આમ ગુરૂ પાસે વિયયુકત પ્રશ્ન કરે છે ત્યારે જ્ઞાની, તત્ત્વદર્શી જ્ઞાનનો ઉપદેશ કરે છે અને તેનાથી દુઃખની નિવૃત્તિ થાય છે. આવો ઉપદેશ આચાર્યજીએ ગુરૂ-શરણે જવાનો બતાવ્યો છે. હવે આગળ સ્વામીજી શું કહે છે તે જોઇએ :-

બ્રહ્મ વાક્ષરમર્થથ્યતાં શ્રુતિ શિરો વાકયં સમા કમ્યતાં ।

ૐ રૂપ એકાક્ષર બ્રહ્મનું અર્થ સહિત ચિંતન કરો. સર્વના મસ્તકરૂપ સર્વોત્તમ ઉપનિષદ્ વાકયોનું ગુરૂમુખે શ્રવણ કરો, આવી આજ્ઞા આચાર્યજીએ આપી છે. હું તમને હવે આ વાકયનું તાત્પર્ય બતાવું છું.

બ્રહ્મ એ વેદનું બીજું નામ છે. અને વેદ એ ૐકાર સ્વરૂપ છે. આથી વારંવાર ૐકારનો ઉચ્ચાર કરો પરંતુ ઉચ્ચાર બરાબર અર્થ સમજીને કરો એવી સ્વામીજીની આજ્ઞા છે. આ વાકયમાં સ્વામીજીએ નામોચ્ચારણ કરવાનું બતાવ્યું છે, કારણ કે નામ સ્મરણ એ અતિ ઉત્તમ છે. ઇશ્વરના અનંત નામો છે, જેવાં કે રામ, કૃષ્ણ, ગોવિંદ, માધવ, વિષ્ણુ, દામોદર, શંકર, શંભુ, ઇત્યાદી. એનો અર્થ સમજીને ઉચ્ચાર કરો. ઓમકારવત્ સર્વ નામો બ્રહ્મ સ્વરૂપ છે. એમાં કશો જ ભેદ નથી. પરંતુ અલ્પ બુદ્ધિવાળા તેમાં ભેદ માને છે. જયારે વિચારવાન આત્મદર્શીઓ જરાય ભેદ માનતા નથી. આથી અભેદવાદી બનીને નામોચ્ચાર કરો, અને સર્વ શાસ્ત્રોના મુગટ સ્વરૂપ ઉપનિષદોના વાકયોનું ગુરુમુખેથી શ્રવણ કરો, કારણ કે સમુદ્રનું ખારૂં પાણી જેમ વાદળો દ્વારા અમૃત તુલ્ય બને છે. તેવી રીતે ગુરૂમુખે શ્રવણ કરેલાં બ્રહ્મ વાકયો અમૃત તુલ્ય બને છે તેમ માટે બ્રહ્મવેત્તા ગુરુને મુખેથી શ્રવણ કરવાથી કલ્યાણ માર્ગ મળે છે અને ગૂઢ તત્વાર્થ સમજાય છે. પોતાને જ વિદ્વાન સમજીને, અભિમાની બનીને શાસ્ત્રોનો વિચાર કરશો તો કયારેય પણ સાચો અર્થ નહીં સમજાય, અને સઘળો પરિશ્રમ વ્યર્થ જશે, જેવી રીતે ધાન્ય વિનાના ફોફા કૂટવાથી ફળ નથી મળતું. તેવી રીતે ગુરૂમુખે શ્રવણ કર્યા વિનાં ફળ નથી મળતું.

આવું તાત્પર્ય સ્વામીજીના વાકયનું છે. જ્ઞાનના અંતરંગ સાધન આઠ છે. એમાંથી પ્રથમ ચાર સ્વામીજીએ બતાવ્યાં છે, જેવાં કે વિવેક, વૈરાગ્ય, ષટ્-સંપત્તિ અને મુમુક્ષા. હવે બાકીનાં ચાર જેવા કે શ્રવણ, મનન, નિદીધ્યાસન અને તારત્વંનો વિચાર. આ ચારમાંથી શ્રવણ વિષે સ્વામીજીએ બતાવ્યું. હવે ત્રીજા શ્લોકમાં મનન વિષે બતાવ્યું છે, જેનું હવે હું વર્ણન કરું છું.

વાકયાર્થઃ ચ વિચાર્યતાં શ્રુતિશિર પક્ષઃ સમાશ્રીયતાં ।
દુસ્તર્કાસ્તુ વિરમ્યતાં શ્રુતિમરતકોડનું સન્ધીયતાં ॥

હવે આચાર્યજી મનન વિશે કહે છે,

તત્વમસિ ઇત્યાદિ ચાર વેદોના જે ચાર વાક્યોમાં અર્થ છે. તેનો વિચાર કરો અને શ્રુતિશિર એવું ઉપનિષદ, એનો પક્ષ એટલે કે સિદ્ધાંત, તેનો સ્વીકાર કરો. દુસ્તર્ક એટલે કે શાસ્ત્ર-સિદ્ધાંત વિરૂદ્ધ જે છે તેનો ત્યાગ કરીને શ્રુતિ અનુસાર શંકા કરો. આ શંકાનું નિવારણ ગુરુ-પ્રેમથી થાય છે. સ્વામીજી શંકરાચાર્યનો આવો ઉપદેશ છે. હવે એનું વિશેષ તાત્પર્ય મારી બુદ્ધિ અનુસાર હું કહું છું. તત્વમસિ આદિ જે ચાર વેદનાં ચાર વાક્યો છે, તે જીવ-બ્રહ્મની એકતા બતાવે છે. જેવી કે તું બ્રહ્મ સ્વરૂપ છે, ઉપાધિથી લીન દેખાય છે પરંતુ લીન છે નહીં, જેવી રીતે લગભગ આખું આકાશ ઉપાધિથી ઘટાકાશ, મઠાકાશ, જલાકાશ-ઉપાધિથી યુકત બને છે. પરંતુ ઘટ, મઠ અને જલની ઉપાધિથી નિવૃત્ત થતાં જેવું સ્વચ્છ આકાશ છે તેવું જ દેખાય છે. તેવી જ રીતે જીવને માટે અવિદ્યા અને માયાની નિવૃત્તિ થતાં જીવ અને ઇશ્વર બ્રહ્મરૂપ જ છે, એવું મનન અવશ્ય કરવું જોઇએ. મનનથી સંકલ્પ દ્રઢ બને છે. એ મનમાં શંકા ઉપસ્થિત થાય તો શ્રુતિના સિદ્ધાંતો અનુસાર કરવી પરંતુ શ્રુતિ વિરુદ્ધ, કાલ્પનિક શંકાઓ ન કરવી. કારણ કે તેમ કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ બને છે અને સત્ય બ્રહ્મમાં નિશ્ચયવાળા થઇ શકાતું નથી. આ વ્રત આચાર્યજીએ દયા કરીને બતાવ્યું છે. તર્ક કરો પરંતુ દુસ્તર્ક ન કરો, અને તર્ક કરો તે પણ શ્રુતિ અનુસાર જ કરો. દા. ત. ગુરુજીએ શિષ્યને કહ્યું કે, હે પુત્ર, આ જે સંસાર છે. તે વિદ્યા-પુત્ર-વત્, શ્રૃંગવત્ કે આકાશ નગરવત્ નથી, પરંતુ ચિદાનંદ પૂર્ણ બ્રહ્મરૂપ છે. ત્યારે શંકા કરવી કે હે ગુરૂ, આપનાં વાક્યો સત્ય છે, પરંતુ મને તો જે દેખાય છે તે સત્ય ભાસે છે, પછી હું કેવી રીતે માનું ? મારા અંતરમાં આપના બોધનો નિશ્ચય થતો નથી. આપ જેવાના કહેવાથી આપ કહો છો તે હું માની લઉં છું. બાકી મારા અંતરમાં પ્રકાશ નથી પડતો, શંકાની નિવૃત્તિ નથી થતી. માટે દયા કરીને કંઇ બીજી યુકિતથી સમજાવો. તેથી હું નિશ્ચિત બની શકું. આથી પ્રસન્નતા સહિત ગુરૂ કહે છે કે, હે બેટા ! સ્વપ્ન સૃષ્ટિ, ઓલનું પાણી, દોરડીમાં સર્પનું ભાસવું તથા નૌકાના ચાલવાથી વૃક્ષોનું ચલન ભાસે છે. વિગેરે દૃષ્ટાંતોનો વિચાર કરો અને નિશ્ચય કરો કે જગત જે દેખાય છે-ભાસે તે મિથ્યાં છે જેવી રીતે ઉપરોકત પદાર્થો ન હોવા છતાં સત્ય દેખાય છે. આ માત્ર ભ્રાંતિ વડે અને અજ્ઞાનતાથી જ ભાસે છે, તેવી જ રીતે આ આખો સંસાર પણ અજ્ઞાનતાથી જ દેખાય છે, મૂળમાં તો છે જ નહીં, માત્ર કલ્પના છે. માટે ખૂબ મનન કર, વિચાર કર અને પછી નિશ્ચય કર એમ જયારે ગુરૂએ કહ્યું ત્યારે શિષ્યને મનન કરવાથી કે ખૂબ વિચાર કરવાથી પણ શંકા દૂર ન થઇ ત્યારે શિષ્યે ફરી શંકાપૂર્વક ગુરૂને પૂછ્યું કે,

ઓસના પાણીથી તૃષા છીપે છે, માટે આ સંસાર સત્ય છે, એવી મને જે પ્રતીતિ થાય છે. તે મિથ્યાં છે. એવો મારાથી નિશ્ચય થઇ શકતો નથી. માટે હે ગુરૂ, દયા કરીને બીજી કોઇ યુકિતથી મને સમજાવો.

ગુરૂએ શિષ્યને કહ્યું : હવે તું બરાબર ધ્યાન દઇને સાંભળ. હવે હું એવી યુકિતથી તને સમજાવું છું કે જેથી તારા મનનું સમાધાન થઇ શકે. તને સંસાર સત્ય ભાસે છે, તે ઠીક છે, પરંતુ જેમ ઇશ્વર સત્ય છે. તેમ આ સંસાર ઇશ્વર-સ્વરૂપ છે. ઇશ્વરથી અલગ એવી કોઇ વસ્તુ નથી. જેવી રીતે ખાંડનાં રમકડાં, લોખંડનાં શસ્ત્રો, સુવર્ણનાં દાગીનાં, માટીનાં વાસણો, લાકડાંનાં દરવાજા વિગેરે જેવી રીતે તદ્રૂપ છે. આદિ, અંત અને મધ્યમાં સુવર્ણ કે માટી છે; જયારે નામ અને રુપ માત્રના ફેરફારથી તે ભિન્ન ભિન્ન પ્રકારની લાગે છે પરંતુ મૂળભૂત રીતે જોતાં તે ભિન્ન ભિન્ન નથી, તેવી રીતે આ સંસાર, નામ, રુપ, વર્ણ, જાતિ, સ્ત્રી, પુરુષ, પશુ, વૃક્ષ, પહાડ, નદી ઇત્યાદિ ભિન્ન ભિન્ન દેખાય છે પરંતુ સર્વમાં ઇશ્વર છે જ. ઇશ્વર વિનાની એક પણ વસ્તુ નથી. માટે હે બેટા, તું સૂક્ષ્મ રીતે વિચાર કર. બળદ જેમ જંગલમાં જઇને ઘાસ ખાય છે અને ઘેર આવીને જંગલમાં ખાધેલું ઘાસ ફરી વાગોળે છે. તેમ તું જયાં સુધી મનન અને ફરી ફરી મનન નહિ કરે ત્યાં સુધી તને નિશ્ચય નહિ થાય.

હવે ત્યાર પછીના વાક્યથી સ્વામીજી નિદિધ્યાસન તથા તત્વનો વિચાર અને તેના અંતરંગ સાધનને બતાવે છે. જેનું હું હવે વર્ણન કરું છું.

બ્રહ્મ એવ અહં અસ્મિ અહઃ મહઃ
વિભાવ્યતાં ગર્વઃ પરિત્યજ્યતાં
દેહે અહં મતિઃ ઉજ્ઝ્યતાં
બુધ જનૈઃ વાદઃ પરિસ્યજ્યતાં ॥

બ્રહ્મ જે સચ્ચિદાનંદ છે. એ હું જ છું. એવી રાત-દિવસ ફરી ફરીને ભાવના કરો અને ગર્વ એટલે કે મમતાનો ત્યાગ કરો. દેહમાં જે અહં બુદ્ધિ છે તેને છોડો અને બુદ્ધિમાન વિદ્વાન પુરુષો સાથે વાદ-વિવાદ કરો છો. તેનો પણ

ત્યાગ કરો. આવો ઉપદેશ આચાર્યજી કરે છે. હવે એનું વિવરણ થોડા વિસ્તારથી હું કરૂં છું. તે તમે સાંભળો.

હું બ્રહ્મ છું, હું અજન્મા છું, નિર્વિકાર છું, અવિકારી, અછેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોચ્ય, પરિપૂર્ણ અને સર્વનો અધિષ્ટાતા તથા સર્વરુપ હું છું. એવી ભાવના નિરંતર કરો. એટલે કે ખાવું, પીવું, પહેરવું વિગેરે શારીરિક, માનસિક, વાચિક ક્રિયાઓ કરતાં કરતાં પણ અંતરથી ઉપરોકત ભાવનાઓનું ચિંતવન કર્યા કરો. એક ક્ષણ પણ ચૂક્યા વગર આમ ચિંતવન કર્યા કરો. તેનું જ નામ નિદિધ્યાસન છે. જેમ આંખમાં કણું પડ્યું હોય, પગમાં કાંટો લાગ્યો હોય તે બધી ક્રિયાઓ કરવા છતાં ભૂલી શકાતું નથી. તેમ નામસ્મરણ ભૂલવું નહીં. જેમ ભમરીએ ડંખ દીધો હોય અને તે ડંખ ભૂલી શકાતો નથી. પણ ભમરીરૂપ બની જવાય છે. તેવી રીતે ઇશ્વરરૂપ બનીને નિદિધ્યાસન કરશો તો જ બ્રહ્મમય બનશો. આ વાતના સમર્થન રૂપે ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું છે કે,

યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યંતે કલેવરં ।
તં તમેવૈતિ કૌંતેય સદા તદ્‌ભાવભાવિતઃ ॥

અંતકાલમાં જે(વિષય) જાતિની સ્મૃતિ રહે છે. એજ પદાર્થમાં જીવ જાય છે અને તેવી તેની ગતિ થાય છે. તેથી દિનરાતે ક્ષણે ક્ષણે તેનો અભ્યાસ કરવો. આને નિદિધ્યાસન કહે છે.

મમતા અને અહંભાવ બંને બંધનકર્તા છે. આથી જ કહ્યું છે કે અહં મમેતિ બંધનાહં મમેતિ મુક્તઃ આથી સ્વામીજીએ કહ્યું છે કે સ્ત્રી, પરિવાર, નોકર-ચાકર વિ. જે કાંઇ ઘરમાં પદાર્થો છે. તેમાંથી મમતા છોડો એટલે કે ગર્વનો ત્યાગ કરો અને દેહમાં જે કાંઇ હું પણું છે, જેમ કે, હું કૃષ્ણ શ્વેત છું, હું મોટો છું, બળવાન છું, રાજા છું, બ્રાહ્મણ છું, વૈશ્ય છું, ક્ષત્રિય છું, શુદ્ર છું, ગૃહસ્થ છું, બ્રહ્મચારી છું, વાનપ્રસ્થી છું, સંન્યાસી-યોગી-યતિ છું, હું ભકત છું, હું જન્મું છું-મરું છું, આવી આવી ભાવનાને અહંકાર કહે છે, તેનો ત્યાગ કરો; અને બુદ્ધિમાન બ્રહ્મનિષ્ઠ મહાત્મા સાથે વાદ-વિવાદ ન કરો કારણ કે વાદવિવાદ કરવાથી બુદ્ધિ ચંચળ બની જાય છે અને છિદ્રાળુ થઇ જાય છે, જેના વડે કરેલો પુરૂષાર્થ પણ નિષ્ફળ જાય છે. સ્વામીજીએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે. આ ત્રણ શ્લોક સુધીમાં ચોથી ભૂમિકા જે સત્વાપિ છે, તે બતાવી છે. આ ભૂમિકાને પ્રાપ્ત કરવાવાળા ફરી સંસારમાં આવતા નથી, અને મનુષ્ય જન્મ સફળ અને સિધ્ધ થાય છે. એને માટે પછી બીજું કશું જ કરવાનું રહેતું નથી. માત્ર જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી જીવવું પડે છે એટલું જ. દેહાદિકને લગતી ક્રિયાઓ પણ કરવી પડે છે, કારણ કે આયુષ્યનું નિર્માણ શરીરની સાથે થઇ ચૂક્યું છે. આથી એને પુરું કરવું જ રહ્યું. મુખ્ય કાર્ય હતું-બ્રહ્મને યથાર્થ રીતે જાણવાનું- એ જાણી લીધા પછી શરીર સાથેનો સંબંધ રહે કે ન રહે એ બધું જ સરખું છે. શરીરને હાનિ થાય કે લાભ એ પણ એટલું જ સમાન છે, પરંતુ આયુષ્યનું નિર્માણ શરીર સાથે હોવાથી જ્ઞાની કે અજ્ઞાનીએ શરીરનું પાલન કરવું રહ્યું. આથી સ્વામીજીએ જ્ઞાન થયા પછી એટલે કે ચોથી ભૂમિકાએ પહોંચ્યા પછી કેવી રીતે રહેવું તે બતાવ્યું છે. આત્મધનની પ્રાપ્તિ તો થઇ ગઇ, પરંતુ તેને લૂંટી લેવાવાળા બળો અનેક છે. આથી જ્ઞાન પ્રાપ્ત થયા પછી અસંભાવના અથવા વિપરિત ભાવના પેદા ન થાય એટલા માટે તેના સતત અભ્યાસ દ્વારા રક્ષા કરવી. જેવી રીતે મલીનના પડોશમાં રહેતા બ્રાહ્મણે પોતાપણું બચાવવું જોઇએ. તેવી રીતે શરીરમાં રહેવાવાળા જીવે પણ પોતાનાં શુદ્ધ સ્વરુપને સાચવવું જોઇએ. આથી સ્વામીજી હવે એ બતાવે છે કે શારીરિક ક્રિયાઓ કરવાથી બંધન ન આવે અને તે વસ્તુ હવે હું વિસ્તારપૂર્વક આપ સૌને કહીશ, જે આપ સાવધાનીપૂર્વક નિશ્ચય મનથી ધારણ કરશો.

બ્રહ્મ પ્રાપ્તિનો માર્ગ

ક્ષુદ્ર વ્યાધઃ ચ ચિકિત્સતાં પ્રતિ દિનં
ભિક્ષોષધં ભૂજ્યતાં સ્વાદવન્નં ન તુ
યાચ્યતાં વિધિવશાત્પ્રાપ્તે ન સંતુષ્યતાં

ક્ષુધારૂપી વ્યાધીની સારવાર કરો. પ્રતિદિન તેને ઔષધ (ભોજન) આપતા રહો. સ્વાદિષ્ટ ભોજનની યોજના ન કરો. પ્રારબ્ધવશાત્ જે કાંઇ મળે તેનાથી સંતુષ્ટ થાઓ. આ પ્રમાણે ઉપરોકત વાકયો સ્વામીજીના છે. હવે એનો વિસ્તૃત અર્થ સમજાવું છું.

મનુષ્યના આયુષ્યનું નિર્માણ તેના જન્મની સાથે જ વિધાતાએ કરી દીધું હોય છે. ઇશ્વરે આ સૃષ્ટિની એવી

નીતિ રીતી છે કે, જેનું જે પ્રકારે નિર્માણ થયું એનું એ જ પ્રકારે થતું રહે. એમાં તલમાત્રનો પણ ફેર નથી પડતો. જેવી રીતે શીત-ઉષ્ણ ઋતુ, રાત-દિવસ ને સૂર્ય-ચંદ્ર આદિ નિયમિત પોતપોતાનું કાર્ય કર્યા કરે છે. તેવી રીતે જેનું જેટલું આયુષ્ય એટલું એણે ભોગવવું પડે છે ને એમાં જીવની ઈચ્છા-અનિચ્છા કામ નથી આવતી. જે કામ માટે જીવ આ જગતમાં આવ્યો છે, એ કામ એ પુરું કરે કે ન કરે, પરંતુ ઈશ્વરવી નીતિ બદલાતી નથી. આવી રીતે સમજવાવાળા અલ્પ આયુષ્યવાળાએ પોતાનું પ્રથમ મુખ્ય કર્તવ્ય જે પોતાના સ્વરૂપને ઓળખવાનું છે તે ઓળખવા માટે સત્‌ગુરુના ઉપદેશ દ્વારા જાણીને, સત્સંગ દ્વારા ગ્રહણ કરીને, તુચ્છનો ત્યાગ કરીને, મહાન પુરુષાર્થ વડે જન્મ-મરણમાંથી નિવૃત્તિ અપાવવાવાળી ચોથી ભુમિકા પ્રાપ્ત કરવી અને શેષ આયુષ્ય શરીરમાં સાથે રહીને વ્યતિત કરવું. આ આત્મરૂપી ધનને ઝુંટવી જવાવાળા બહુ જ હોંશિયાર અને ઠગ હોય છે. સાધનનો અનેક રૂપો દ્વારા નાશ થાય છે. ક્યારેક ક્ષુધા, ક્યરેક તૃષા-આમ રૂપ-રૂપાંતર વડે તે ઠગાઈ જાય છે. આથી આચાર્યજી ચોથી ભૂમિકા પ્રાપ્ત કરેલા જીવો પ્રતિ દયા લાવીને તેમને બાકીનું શેષ જીવન કેમ વ્યતીત કરવું તેનાં સાધનો બતાવે છે. હે અધિકારી, આ શરીર અન્નથી ઉત્પન્ન થયું છે અને અન્ન વડે જીવશે. માટે ભૂખને શાંત કરવા અને પ્રાણનું રક્ષણ કરવા માટે અન્ન ગ્રહણ કરજે. પરંતુ તે અન્ન ભિક્ષાનું હોવું જોઈએ કારણ કે અન્નક્ષેત્રોનું અન્ન અધિક પવિત્ર છે. આત્મચિંતન કરવાવાળો અધિકારી છે. માટે તે તારા માટે નિર્દોષ છે. પરંતુ જેઓ આત્મચિંતન નથી કરતા અને આળસુ અને પ્રમાદી છે અને કમાવું નથી તથા પારકું અન્ન ખાઈને બેસી રહેવું છે. તેમને માટે ભિક્ષાનું અન્ન બહુ ખરાબ છે, કારણ કે,

સંસારી કા ટુકડા લંબે વાકે દાંત
ભજન કરે સૌ ઉગ રે નહિં તો કાઢે આંત ।

એટલા માટે ઘણા ગ્રંથોમાં ઈશ્વરના સાચા ભકત સંત, સાધુ, બ્રાહ્મણ વિગેરે માટે પણ ભિક્ષાનું અન્ન નિષેધ ગણ્યું છે, ત્યારે બીજાની તો કયાં વાત રહી ? અને અત્યારે વીસમી સદીમાં જન્મેલા તો કોઈને પણ ભિક્ષા આપવાની જ મનાઈ કરે છે. કામ-ધંધો કરીને ખાઓ. એવો પ્રચાર કરે છે અને કોઈ ભિક્ષા માગવાવાળાને ભિક્ષા આપતા નથી. કારણ કે અત્યારે કળીયુગ છે, અને કળિયુગમાં દંભી લોકો પણ બહુ થઈ પડ્યા છે. સાચા ભકતો તો ભાગ્યવશાત્ જ સાંપડી આવે છે. આથી આધુનિક જમાનાવાળાનો દોષ નથી. પરંતુ સર્વને સમાન સમજવા જોઈએ. આથી પોતે પોતાની કમાઈ કરીને ખાવું એ પ્રાણીમાત્ર માટે સુખનું સાધન છે. જેઓ અન્ન ખાઈને માત્ર પ્રાણ ટકાવી રાખવા ઈચ્છે અને આત્મચિંતન કરે છે. તેમને માટે ભિક્ષાનું અન્ન વધારે સારું છે. માત્ર ભેદ એટલો કે તેમણે સ્વાદિષ્ટ ભોજનની ઈચ્છા કરવી જોઈએ નહિં એવો સ્વામીજીનો આદેશ છે. પોતાના પ્રારબ્ધવશાત્ જેવું મળે તેવું પછી તે મીઠું હોય કે ખાટું હોય, તીખું હોય, કડવું હોય કે સ્વાદિષ્ટ હોય તેનાથી સંતોષ માનવો અને પ્રેમથી ગ્રહણ કરવું અને ઈશ્વરભજન કરવું. એવી જ રીતે પહેરવા માટેના વસ્ત્રોનું પણ સમજવું. પ્રાણ નિર્વાહક ઘણા પદાર્થો છે, જેના વગર પ્રાણ ટકતો નથી, તેનું ગ્રહણ કરી લેવું. તે વિધિયુકત છે. એમ સ્વામીજી કહે છે,

હવે તેને પ્રાપ્ત કરવા માટેનું સાધન બતાવે છે. જેનો હું વિસ્તાર પૂર્વક વર્ણન કરૂ છું તે તમેં સાંભળો,

શીતોષ્ણાદિ વિષહ્યતાં ન તુ વૃથા
વાકયં સમુચ્ચાર્યતાં ઔદાસીન્યં
અભીપ્સતાં જનકૃપાનનં વૃથં ઉત્સૃજ્યતાં ॥

શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, હાની વગેરેને સહન કરો, વ્યર્થ વાતો ન કરો અને ઉદાસીનતાને ગ્રહણ કરો, અને લોકોની કૃપારૂપી નિષ્ઠુરતાનો ત્યાગ કરો.

હવે ઉપરોકત વાકયોને વિસ્તૃત અર્થમાં હું વર્ણન કરું છું.

જયાં સુધી અનાત્મ શરીર સાથે જીવને સંબંધ છે. ત્યાં સુધી ઠંડી-ગરમ, સુખ-દુઃખ, હાનિ-લાભ વિ. જ્ઞાની અથવા અજ્ઞાનીએ અવશ્ય ભોગવવાના જ રહે છે. આથી આચાર્યજી યોગી, જ્ઞાની અને ભકતને માટે સાધનોની પરંપરા બતાવે છે. મનુષ્ય ચાર પ્રકારનાં છે. પામર, વિષયી, જિજ્ઞાસુ અને જ્ઞાની. એમાંથી પામર અને વિષયીને છોડીને જે જિજ્ઞાસુ અને જ્ઞાની છે. તેમને માટે આ ઉપદેશ છે. કારણ કે તેઓ સત્ શાસ્ત્રોના અવલોકન કરીને, ગુરુમુખ બનીને, સાંસારિક ભોગ-વિલાસોને નશ્વર સમજીને પોતાના આત્મ-કલ્યાણ માટે પ્રયત્ન કરે છે. ઈશ્વર-કૃપા, ગુરુ-કૃપા અને

પોતાની કૃપાથી સાધનસંપન્ન બનીને અભ્યાસ દ્વારા આત્મચિંતનમાં લાગી રહે છે. આ બેમાંથી જે જ્ઞાની છે. તેણે પોતાનું યથાર્થ સ્વરૂપ જાણી લીધું હોય છે અને જે જિજ્ઞાસુ છે તે જાણી લેવાનો પ્રયત્ન કરતો હોય છે. આ બંનેને તેમની જીવન-મુક્તિના સુખ માટે અને પ્રયત્ન વડે પ્રાપ્ત થયેલી આત્માની ઓળખની રક્ષા માટે આજ્ઞા કરે છે કે શિતોષ્ણ ધ્વંદ ધર્મને સમાન ભાવથી સહન કરો.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે,

માત્રા સ્પર્શાસ્તુ કૌંતેય શીતોષ્ણ સુખ દુઃખદાઃ ।
આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥

આ પ્રમાણે પ્રેમયુક્ત બનીને સહન કરો અને વ્યર્થ વાર્તાલાપમાં જીવન વ્યતીત ન કરો.

કેટલાંક સ્ત્રી-પુરુષો એવાં હોય છે કે તેમને રાત-દિવસ બકબકાટ કરવાનો સ્વભાવ હોય છે. જે વાતોથી વ્યવહારિક કામો પણ નથી થતાં અને પરમાર્થ પણ સિધ્ધ નથી થતો એવી વ્યર્થ વાતોથી કેવળ જીવન ઓછું થાય છે, આથી વ્યર્થ વાતો કરવી નહિં. એમ છતાંએ વાતો કરવાની ઇચ્છા થાય તો ઇશ્વરે જે માયા વડે પૃથ્વી અને ધર્મ માટે અવતારો લીધા અને લીલા એટલે કે કર્મો કર્યા. તેની વાતો-ચર્ચા કરવી જોઇએ. પરંતુ અર્થહીન વાતો ન કરવી જોઇએ અને ઉદાસીનતા એટલે કે ઉપરામતા કેળવવી જોઇએ, અને શાંતિમાં રહેવું જોઇએ-અખંડ આત્માનંદ એટલે કે બ્રહ્માંનદમાં લીન રહેવું જોઇએ.

મનુષ્યોની કૃપા એ મહાન અભ્યાસીને હાનિકારક છે. આને માટે એક લોકોક્તિ છે કે,

લોકાં કેરી પ્રિતડી, અવગુન હૈ ગુન નાંહિ
પેલે ચડાવે પાટલે ઘૂસકાવે ધ્રો માંહી

જેવી રીતે ગુર્જર ભૂમિની કન્યાઓ ''દિવાસરા''માં દીવીની મૂર્તિ બનાવીને તેને વસ્ત્ર-આભુષણ પહેરાવીને ખૂબ આનંદપૂર્વક નગરની શેરીઓમાં ફેરવે છે અને પછી જયારે સૂર્યાસ્ત થાય છે ત્યારે આભૂષણો ઉતારી લઇને નદી અથવા કૂવામાં ફેંકી દે છે, એવા જ પ્રકારની લોકોની પ્રિત-કૃપા સમજવી. આથી એવી પ્રિતીરૂપ નિષ્ઠુરતાનો ત્યાગ કરવો. લોક-વાસના જેવી ખરાબ વાસના બીજી એકેય નથી. ઘણા લોકો પ્રથમ વૈરાગી બનીને પોતાના દેશ, ગામ, જાતિ, માત-પિતા, ભાઇ, સંબંધી, ઘર, ધન વિગેરેનો ત્યાગ કરીને જંગલમાં જતા રહે છે અને પોતાનો ઉદ્ધાર કરવા બ્રહ્મ વિદ્યાનું અધ્યયન કરે છે અને પોતાની ઇચ્છા અનુસાર દિક્ષા પણ લે છે અને કોઇ સંપ્રદાયના સાધુ-સંન્યાસી બનીને વિચરે છે, લોકોને કથા સંભળાવે છે, લોકો તેની પ્રશંસા કરે છે, પૂજા કરે છે, ધન આપે છે. આમ એ લોકોના સંગથી વૈરાગી પોતાનું કર્તવ્ય છોડીને માયામાં ફસાઇ જાય છે અને મોટાં મોટાં મકાનો બંધાવે છે, શિલ્પો કોતરાવે છે, ખેતી કરે છે, ગાયો રાખે છે અને અન્ય પ્રકારનો વેપાર પણ કરે છે, આમ ગૃહસ્થો થી પણ અધિક ધનવાન બની મોટો શ્રીમાન પોતાને કહેવડાવે છે. હવે વિચારીને જુઓ કે પ્રથમ એ તદ્દન વૈરાગી હતો પરંતુ લોકોની કૃપારૂપ નિષ્ઠુરતાથી તે ફરી ભ્રષ્ટ થયો. આથી સ્વામીજીની આજ્ઞા છે કે તેનો ત્યાગ કરો, નહિ તો પતિત થઇ જવાય છે.

હવે પાંચમાં શ્લોકમાં સપ્ત ભૂમિકાથી ઉપર જે ત્રણ ભૂમિકા છે. જેવી કે અસંશક્તિ, પદાર્થ-ભાવના અને તુરીયા જેના વડે જીવન મુક્તિનું સુખ માણી શકાય છે. તેના માટેનાં સાધન સ્વામીજી બતાવે છે.

એકાંતે સુખમાસ્યતાં પરતરે ચેતઃ સમાધીયતાં ।

સુખપૂર્વક એકાંત સ્થાનમાં બેસો અને અખંડ આનંદરૂપ પ્રભુમાં ચિત્તનું સ્થાપન કરો.

એકાંતનો અર્થ અહીં એ છે કે, ગંગા આદિ નદીનો કિનારો અથવા જયાં શીતળ મધુરાં જલનું તળાવ અને કૂવો હોય, જયાં મચ્છર આદિ જંતુઓનો ત્રાસ ન હોય, ઋતુઓની અનુકૂળતા હોય, જયાં માણસોની ભીડ થતી ન હોય, જયાં દેહ-નિર્વાહ માટેના સાધનોની સુગમતા હોય, અને જયાં સંત્સંગ કરવા માટે સાધુ પુરૂષોનું સ્થાન હોય, આવી જયાં સામગ્રી હોય તેવા દેશ-સ્થાનમાં સુખપૂર્વક સર્વ ચિંતાઓ છોડીને પ્રિતીયુક્ત મનવાળા થઇને બેસવું. કેવળ એકાંતમાં બેસવાથી કંઇ નહિ વળે. કારણ કે ઘણા પશુ-પંખીઓ પણ એકાંતમાં રહે છે, પરંતુ તેમને કશું ફળ નથી મળતું. આથી સ્વામીજીએ કહ્યું છે કે, એકાંત સ્થાનમાં બેસી આત્મચિંતન દ્વારા, સર્વથી પર બનીને, આત્મસ્વરૂપ બ્રહ્મ

માં ચિત્તને સ્થાપન કરો. કારણ કે અંતર મુખ બન્યાં વગર આનંદની પ્રાપ્તિ થતી નથી, અને **બ્રહ્માનંદની** પ્રાપ્તિ વિના સર્વ શ્રમ તદ્દન નિરર્થક છે. આથી એકાંતમાં બેસીને ચિત્તને પ્રભુમાં જોડો અને વધુમાં કહે છે કે,

પૂર્ણાત્માસુ સમીક્ષતાં જગદિદં તદ્ સાધનં દશ્યતાં ।

આ સંસારને પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ જાણો અને એ પરબ્રહ્મને કલ્પિત જાણો.

હવે ઉપરોકત વાકયનો વિસ્તૃત અર્થ કહું છું. તે તમેં સાંભળો,

નેત્રો વડે જેને જોઇ શકાય છે અને કાનો વડે જેને સાંભળી શકાય છે. એવા સ્થાવર અને જંગમ ઉદ્‌ભિજ, જરાયુ, સ્વેદજ અને અંદજ એવા ચાર પ્રકારે જેની ઉત્પત્તિ છે તે પ્રાણી માત્ર જંગમ કહેવાય છે, અને પહાડ, પર્વત જે હાલી-ચાલી નથી શકતા તેઓ સ્થાવર કહેવાય છે. જેને પ્રત્યક્ષ નેત્રો દ્વારા જોઇ શકાય છે. તે સર્વ તથા અને જે શાસ્ત્રો વડે કાને સાંભળેલા સાત નીચેના લોક, જેવા કે, સુતલ, અતલ, પાતાલ, તલાતલ, વિતલ ઇત્યાદિ તથા ઉપરના લોક, ભૂઃ, ભૂવઃ, સ્વઃ, જનઃ, મહઃ, તપઃ, અને સત્યઃ-આમ ઉપરના ચૌદ લોકો એટલે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ સર્વ પૂર્ણ બ્રહ્મમય છે.

ઇશ્વર વિનાની કોઇ વસ્તુ નથી. જેમ વસ્ત્ર તંતુમય છે તેમ સંસાર બ્રહ્મમય છે. સંસાર એ કલ્પના માત્ર છે, માત્ર જોઇ શકાય છે. વિચાર કરીએ છીએ તો કશી વસ્તુ સિધ્ધ હોતી નથી. જેવી રીતે કેળાનું વૃક્ષ મૂળમાં હોય નહિ અને અન્ય રીતે બનીને દેખાય. જેવી રીતે દોરડીમાં સર્પ દેખાય છે, તેવી જ રીતે આ સંસારમાં સચ્ચિદાનંદ પ્રભુ પોતાના સ્વરૂપથી ન્યારા રહીને જગત આકારે દેખાય છે. આનું નામ વિવૃત-ઉપાદાન. આથી આચાર્યજીએ કહ્યું છે કે તેને કલ્પિત સમજો. આ વાક્યથી અસંશકિત બતાવી. હવે ઉપરની બે ભૂમિકા બતાવે છે.

આકકર્મ પ્રવિલીયતા ચિતિવલાજ્ઞાપ્યુતરૈ ષ્લિષ્યતાં ।

પ્રારબ્ધં ત્વિહ ભુજ્યતા મથપર બ્રહ્મનાસ્થીયતા ॥

પૂર્વનાં જે કર્મો છે તેને જ્ઞાનના બળથી બાળો અને વર્તમાન કર્મો સાથે ચાલો નહીં. પ્રારબ્ધ કર્મો ભોગવો, અને બ્રહ્મસ્વરૂપ બનીને સ્થિર રહો.

હવે ઉપરોકત વાકયોનો વિસ્તૃત અર્થ હું કહું છું.

કર્મ ત્રણ પ્રકારના છે. સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ. જે આ જન્મ અગાઉ થયેલાં છે તે સંચિત કહેવાય છે, જે આ વર્તમાન જન્મમાં શરીર, મન અને વાણીથી દરરોજ થાય છે. તેને ઉત્તર કર્મ એટલે ક્રિયમાણ અને શરીરની ઉત્પત્તિ વખતે વિધાતાએ નક્કી કરેલાં જે સંચિત કર્મોમાંથી ચાલુ જન્મમાં કેટલાં કર્મ કરી શકશે, કેટલું આયુષ્ય ભોગવી શકશે વિ. લોકો જેને વિધાતાના લેખ કહે છે તેનું નામ પ્રારબ્ધ કર્મ છે. આમ ત્રણ પ્રકારનાં કર્મો છે.

દ્રષ્ટાંત તરીકે એક ખેડૂતે ખેતી કરી તો ચારસો મણ અનાજ પેદા થયું. તેમાંથી બસો મણ અનાજ બાર માસ માટે ખાવા માટે રાખીને બાકીનું બસો મણ અનાજ રાખમાં ભેળવીને, દબાવીને કોઠારમાં રાખી દીધું. આમ દર સાલ એ કરતો ગયો. હવે ખાવા ઉપરાંત જે અનાજ વધ્યું તેનો સંગ્રહ કર્યો તે થયું સંચિત કર્મ, અને જે ખાધું તે થયું પ્રારબ્ધ કર્મ અને નવીન ઉત્પન્ન કરતો ગયો. તે થયું ક્રિયામણ કર્મ.

સંચિત કર્મનો નાશ જ્ઞાનરૂપી અગ્નિથી થાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે,

જ્ઞાનાગ્નિ દગ્ધ કર્માણી ।

અને પ્રારબ્ધ ભોગવ્યા સિવાય નિવૃત્તિ થતી નથી. ગીતાના માહાત્મ્યમાં કહ્યું છે કે પ્રારબ્ધ ભુજય માનસ્ય । ઘણે ઠેકાણે ગ્રંથોમાં કહ્યું છે કે પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી. જે જ્ઞાની છે તે આનંદપૂર્વક ભોગવે છે અને જે અજ્ઞાની છે તે રુદન કરતાં કરતાં ભોગવે છે, પરંતુ અવશ્ય ભોગવવાં પડે છે. તેમજ ક્રિયમાણ કર્મ શ્રી કૃષ્ણને અથવા બ્રહ્મને અર્પણ કરી દેવાથી ફળ નથી મળતું. જેનું નામ નિષ્કામ કર્મ રાખવામાં આવ્યું છે અને ભગવાને અર્જુનને જે નિષ્કામ કર્મયોગ બતાવ્યો છે તથા વેદાંતનાં ગ્રંથોમાં અને ઉપનિષદોમાં જે રીતે નિષ્કામ કર્મ કરવાની આજ્ઞા આપી છે. તે પ્રમાણે કરવાથી તેનું ફળ જ્ઞાન મળે છે અને જ્ઞાનનું ફળ શાંતિ એટલે કે મુકિત મળે છે.

આ પ્રકારે કર્મોનું વર્ણન બીજા અનેક ગ્રંથોમાં આપવામાં આવ્યું છે. માટે જે જિજ્ઞાસુઓને જાણવાની ઇચ્છા હોય તેમણે તે ગ્રંથો દ્વારા જાણી લેવું. અહીં સ્વામીજીએ સંક્ષેપમાં બતાવ્યું છે. સ્વામીજીએ અંતમાં કહ્યું છે કે બ્રહ્મ સ્વરૂપ

બનીને રહો એટલે કે અભેદપણાને ધારણ કરીને જીવન વ્યતીત કરો. આટલો ઉપદેશ આચાર્યશ્રીએ ઉપદેશ-પંચક દ્વારા બતાવ્યો છે. આચાર્યશ્રીના બનાવેલા આ પંચકનો પૂરેપૂરો અર્થ કરવામાં કોઇ વિદ્વાન પણ સમર્થ નથી તો હું તો અલ્પ બુદ્ધિવાન શું કરી શકું ? પરંતુ નિરક્ષર કચ્છી ગ્રામ્ય નિવાસી આ સ્થુલ ઉપદેશ સમજી શકશે તો એથી મારો પરિશ્રમ સફળ થશે.

હવે હું ઉપ-સમાપ્તિ કરૂં છું.

પ્રથમ કહ્યું કે ઇશ્વરની પ્રસન્નતા માટે શ્રદ્ધા અને ભકિતની જરૂર છે. પછી એ ભકિતની ઉત્પતી માટે ઇતર સાધનોની જરૂર છે. એ સાધનોનું યથા બુદ્ધિ અનુસાર વર્ણન કર્યું અને એ સાધનો દ્વારા ઇશ્વર ભકિતના પ્રાપ્તિથી જ્ઞાન અને જ્ઞાનથી અખંડ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે બતાવ્યું. બ્રહ્મ પ્રાપ્તિ એજ ઇશ્વરની પ્રસન્નતા નું ફળ છે. એનાથી અધિક બીજું કશું જ આ બ્રહ્માંડમાં નથી. આથી હે પ્રેમીજનો, આ ભારત ભૂમિમાં મનુષ્ય જન્મ પામીને પોતાનો ઉધ્ધાર કરવા માટે અવશ્ય પ્રયત્નશીલ થજો. ભારતની જનતા માટે ઘણાંય બીજા ગ્રંથો છે. આવા ગ્રંથની કંઇ જરૂર ન હોતી પરંતુ કચ્છી ગ્રામ્ય ભાઇ-બહેનોના મારા પ્રત્યેના અદ્‌ભુત પ્રેમ અને વિશ્વાસને લીધે એક પત્ર સમાન માનીને ભાવિકોને મોકલું છું, અન્ય કશું જ પ્રયોજન નથી. લી. ઉધ્ધવદાસ

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય નવમો

કાંતિ યોગ



રાગ – ભૈરવી (પછી વિચાર સૌ કરજો વિકટ છે)

સ્વયં જ્યોતિ પ્રભુ સુખધામ અસાંજા સંત ઓધવરામ
બાલાપણમાં લાગી લગની ઓઢી રામનામની કફની....
દીપાવ્યું ગામ વાંઢાય ધામ અસાંજા સંત ઓધવરામ ...૧
માયાના બંધનો છુટયા જુઠા સપના સૌ તુટયા
હરિહરથી થઈ ઓળખાણ અસાંજા સંત ઓધવરામ ...૨
તારી મોરલીના સુર મીઠા જગતમાં કયાંયે ના દીઠા
પુર્યા સૌના જીવનમાં પ્રાણ અસાંજા સંત ઓધવરામ ...૩
ભુલ્યા જે ધર્મની રીતિ બતાવી એમને નીતિ
આપ્યા અધિકારને ઓળખાણ અસાંજા સંત ઓધવરામ ...૪
ભુખ્યાને રોટલો રૂડો તમેં તરસ્યાને જલ પાયા
કીધા આશ્રમ નાં નિર્માણ અસાંજા સંત ઓધવરામ ...૫
ગંગાતીરે બેસી એકાંત તમેં સમર્યા શ્રી સીતારામ
આપ્યા સંદેશે હરિહર નામ અસાંજા સંત ઓધવરામ ...૬
હરિ રહે છે હરિજનમાં જડે એ કેમ જંગલમાં
ઘટોઘટમાં તમારા સ્થાન અસાંજા સંત ઓધવરામ ...૭
ગુરૂ ગોવિંદ એક રૂપા હરિહર ઓર નવ દુજા
"ભગતરામ" ગાયે તવ ગુણગાન અસાંજા સંત ઓધવરામ ...૮

કચ્છ કાઠીયાવાડ તથા સૌરાષ્ટ્રની ભૂમિ સંતભૂમિ તરીકે ઓળખાય છે. કચ્છમાં જે સંતો અવતર્યા એ સૌ કર્મયોગીઓ થયા. ક્રાંતિનું બીજુ નામ કર્મયોગ થાય છે. ક્રાંતિના વિચારોમાંથી કર્મયોગનો અવતરણ થાય છે. કર્મયોગ, ધર્મ અને જ્ઞાનની શોભા વધારે છે. એક સુવિચાર છે કે, "ક્રિયા વિનાનું જ્ઞાન ભાર સમાન છે." માણસ ગમે તેટલો જ્ઞાની હોય પણ તેના જીવનમાં કર્મને સ્થાન ન હોય તો એની ધર્મ સંબંધિત ચર્ચાઓ સ્નીગ્ધ રહીત તથા નિરર્થક ગણાય છે. એવી ચર્ચાઓને સમાજમાં કોઈ સ્થાન નથી હોતો. આજે ગુજરાતમાં ઉપદેષકોનો રાફડો ફાટયો છે. જ્યાં જુઓ ત્યાં ચોરામાં, ચૌટામાં તથા ગલીગલીમાં ઉપદેષકો અડો જમાવીને બેઠા છે. તેંમ છતાં સામાજિક સ્તર દિવસે દિવસે નીચો થતો જાય છે. જ્ઞાન તથા ઉપદેશ સમાજ ઉપયોગી ત્યારે થાય જયારે એને કર્મની પાંખો આવે. અમુક સંપ્રદાયો એવા છે કે કર્મ ન કરતાં અમેં માત્ર જ્ઞાનયોગીઓ છીએ એવો ઢંઢેરો પીટતા હોય છે. એમને એટલું નથી

 સમજાતું કે તમારું જ્ઞાન સમાજને ઉપયોગી થવું જોઇએ. ઉપદેશ સાંભળ્યા પછી માણસના જીવનમાં **પરિવર્તન ન આવે તો શા માટે ઉપદેશો સાંભળીને સમય બરબાદ કરવો જોઇએ ?** ઉપરોકત વિષયને સમર્થન આપતા ભકત કવિ નરસિંહ મહેતા કહે છે કે જે અમારા જીવનમાં શાંતિ સ્થાપિત કરી શકે છે. એ જ ઉપદેશક તથા એ જ સંત.

રાગ : ભૈરવી તાલ - હીંચ

શાંતિ પમાડે તેને સંત કહીયે એના દાસના દાસ થઇ રહીયે ...શાંતિ
વિદ્યાનું મૂળ મારા ગુરૂએ બતાવ્યું પછી મહેતાનો માર શીદ ખાઇયે.
ગુરૂ કીધો પણ બોધ નવ દીધો, પછી એના ચેલા તે શીદ થઇયે ...શાંતિ
વૈદ્યની ગોળી ખાઇ દર્દ ન જાય પછી એની દવા તે શીદ લહીયે
આવીયા વળાવીયાને ચોર જાય લુંટી પછી એની સાથે તે શીદ જઇયે ...શાંતિ
કલ્પવૃક્ષ સેવીને દારીદ્રય જાયના પછી એની છાયામાં શીદ રહીયે
મોટાની સેવામાં ભુખ નવ ભાંગે પછી એની તે વેઠ શીદ કરીયે ...શાંતિ
નામ અમુલ્ય મારા ગુરૂએ બતાવ્યું તે તો ચોંટયુ છે મારે હૈયે
મહેતા નરસૈયાની વાણી સાંભળીને શામળાની સંગે જઇયે ...શાંતિ

માત્ર ઉપદેશકો દ્વારા ઉપદેશ સ્વરૂપી હવામાં ગોળીબાર કરવાથી સમાજનું સ્તર ઊંચું આવતું નથી. પુજ્ય નારાયણ સ્વામી કહેતા હતા કે, **મોટી મોટી થાય કથા તોય માણસના બદલાય તો તો ભાઇ જોવા જેવી થાય** માણસ ન બદલાવા પાછળ **કારણ માત્ર એક જ કે આચરણ વગરના ઉપદેશકોની સમાજ ઉપર કોઇ જ અસર થતી નથી.** મોટી મોટી વાતો કરવાથી માણસ ન બદલાય મોટી મોટી વાતો કરવાથી વિદ્યા પ્રાપ્ત ન થાય અને મોટી મોટી વાતો કરવાથી કોઇની ભુખ ભાંગતી નથી એક કવિ કહે છે,

લખેં સેં લેખા કરીં કરોડેં જા કમ
રૂપિયા મંગેયા પંજા ત.ચેં.બ.ઢીંઅ ખમ

આપણો સનાતન ધર્મ, રૂઢીવાદ, જડવાદ, ભાંત ઇશ્વરવાદ તથા વાદ વિવાદમાં સપડાઇ ગયો છે. મઠ હોય કે પછી સંપ્રદાય મત કોઇના એક નથી, ઇશ્વર કોઇનો એક નથી વિચારો કોઇના એક નથી, પ્રાર્થના કોઇની એક નથી તથા નીતિ અને નિયમો કોઇના એક સરખા નથી. અને એનો જવાબદાર કોઇ હોય તો તે માત્ર રૂઢીવાદ જ છે. એક વખત રૂઢીવાદ નો જન્મ ધર્મમાંથી થાય છે અને અંતે રૂઢી સ્વયં ધર્મ બની જાય છે. જેવી રીતે દેવીઓને બલી ચઢાવવા નાળિયેર ફોડવા, અગરબતી સળગાવવી એ બધા લક્ષણો ધર્મવાદીઓના નથી રૂઢીવાદીઓના છે. રૂઢીઓને વળગી રહેલો સમાજ ધર્મથી વંચિત રહી જાય છે. એમ કરતાં કરતાં રૂઢીઓ જ એમનું ધર્મ બની જાય છે. **રૂઢીવાદીઓ કર્મકાંડી હોય છે. સિદ્ધાંતવાદી નથી હોતા.** રૂઢીવાદીઓ ગાડરીયા પ્રવાહની જેમ લક્ષ તથા સિદ્ધાંતની પરવા કર્યા વગર એકની પાછળ બીજો અને બીજાની પાછળ ત્રીજો એ પ્રમાણે ગતાનુ ગતિની સ્થિતીમાં સમાઇ જાય છે. એમના **એકટાણા, ઉપવાસ, વ્રત, નિયમ, યાત્રા, દાન, પુણ્ય** એ બધા રૂઢીઓના બીંબામાં ગોઠવાયેલા હોય છે. તથા રૂઢીવાદીઓની કોઇ પણ ધાર્મિક ક્રિયા, આચરણ રહિત હોય છે. રૂઢીવાદીઓનાં મતે ગંગામાં ન્હાવાથી પવિત્ર થવાય તથા કથા સાંભળવાથી પુણ્ય મળે. પણ અખો ભગત કહે છે **કથા સાંભળતા સાંભળતા કાન ફૂટી જાય પણ પુણ્ય ન મળે !!!** કારણ કે કથા સાંભળવા માટે અમારો શરીર બેઠો છે પણ મન ભટકયા કરે છે. તેવી રીતે ગંગામાં ન્હાવા માટે અમારો શરીર ગયો છે પણ મન ગંગામાં નથી તે તો બહાર છે. એટલે જ કવિ કહે છે કે, **તનકો ધોયા મગર મનકો ધોયા નહિ ફીર ગંગા ન્હાને સે કયા ફાયદા ?** મહારાજશ્રી ઇશ્વર રામજી કહેતા હતા કે, મનને છૂટું ન મુકો એને છૂટું મુકશો તો તે પોતાના મનગમતા વિષયોમાં આંટા માર્યા કરશે. મનને પવિત્ર કરવો હોય તો એને **ભજનમાં, સત્સંગમાં, ગીતામાં, સંતચરણોમાં તથા સેવા કાર્યમાં પરોવી નાખો. મન સારા વિચારોથી દુર ન થઇ જાય એનું ખાસ ધ્યાન રાખો.** ત્યારબાદ એની પવિત્રતા ટકાવવા માટે અને પ્રભુ સેવા કાર્યમાં સતત જોડી રાખવાના પ્રયત્નો કરો.

સેવાનો મહિમા

 ઘણા માણસો સેવા કરવા માટે તીર્થો પર જાય છે. ઘણા માણસો તો સૌ કોઇ એને સેવા કરતો જોઇ શકે એવી જગ્યાએ જાય છે. એમ કરતાં કરતાં આખી જીદંગી સેવા કાર્યમાં વિતાવ્યા પછી પણ સેવાનો અર્થ એમને ખબર નથી પડ્યો. સેવા કરવા માટે આટલે દુર સુધી જવાની કોઇને જરૂર નથી, કારણ કે સેવા કાર્ય તમારા ઘરની પાછળથી જ શરૂ થાય છે. આગળ જોવા જાઇએ તો સેવા કાર્ય તમારા ઘરથી જ શરૂ થાય છે. હજી એનાં કરતાં આગળ જોવા જઇએ તો સેવા તમારાથી જ શરૂ થાય છે !!!

સેવાકાર્યનો શુભારંભ સ્વયંથી જ કરવો જોઇએ.

પોતાની જાતને સ્થાન ભ્રષ્ટ થતાં રોકવું, વ્યસનોથી દૂર રાખવું, કુસંગથી પર રહેવુ, આહાર–વિહારની મલિનતાથી બચવું, ખોટા કામોમાં સાથ ન આપવું એવી તો અનેક પ્રકારની સેવા પોતાની જાતથી શરૂ થાય છે. **પોતાની જાતની પરવા કરવી એનું નામ સેવા છે.** સ્વબચાવ એ પણ એક સેવા છે. પોતાનો સ્વ ક્યાંય વેડફાઇ ન જાય એની કાળજી રાખવી એનું નામ સેવા છે. ખેડુત અથવા તો ગોવાળીયો સતત પોતાના હાથમાં લાકડી રાખવા પાછળનો હેતુ કોઇનો ખુન કરવાનો નથી પણ સ્વબચાવનો છે. સંતોની દૃષ્ટિએ મનુષ્ય જન્મ મહામુલો અને મોંઘો છે. એ ક્યાં વેડફાઇ ન જાય તે માટે સાવધાનીપુર્વક એની સેવા કરો. મનુષ્ય જન્મ વિશે દાસ કબીર કહે છે કે,

રાગ : દેશ તાલ - કેરવા

ચદરીયાં જીની રે જીની, મોહે રામનામ રસ ભીની ...ચદરીયાં
અષ્ટ કમલકા ચરખા બનાયા, પાંચ તત્વકી પુની
નવ દસ માસ બુલન કો લાગા, મુરખ મૈલી કીની ...ચદરીયાં
જબ મોરી ચાદર બન ઘર આઇ, રંગ રેજકો દીની
ઐસા રંગ રંગા રગરે ને, લાલમ લાલ કર દીની ...ચદરીયાં
ચાદર ઓઢ શંકા મત કરીયો, યે દો દીન તુમકો દીની
મુરખ લોગ ભેદ ન જાણે, જ્યોં કી ત્યોં ઘર દીની ...ચદરીયાં
ધ્રુવ પ્રહલાદ સુદામાંને ઓઢી, સુખદેવને નીરમલ કીની
દાસ "કબીર" ને ઐસી ઓઢી, જ્યોંકી ત્યોં ઘર દીની ...ચદરીયાં

કબીર સાહેબ કહે છે ભગવાનને તમને જેવો શરીર આપ્યો છે એવો જ એને પાછો આપવાનો છે. માટે શરીરની સેવા કરવી ખુબ જરૂરી છે. કબીર સાહેબ કાયાને વસ્ત્ર (ચદર) કહે છે. જેવી રીતે આપણા કપડાં ઉપર કોઇ દાગ ન લાગે તેની કાળજી રાખીએ છીએ. એવી રીતે સ્વ ઉપર દાગ ન લાગે માટે એની ખાસ કાળજી રાખવી જોઇએ. આપણે સેવાનો ખરો અર્થ ન સમજતાં રૂઢીવાદીઓએ નક્કી કરેલી સેવા વિચારધારા ઉપર ઢળી જઇએ છીએ.

સેવાની બે ધારાઓ

સેવાની બે ધારાઓ છે. એક ઇશમાન્ય તથા બીજી લોકમાન્ય. એ બે માંથી કઇ ધારા સાથે આપણે જોડાયા છીએ એ આપણી બુધ્ધિ પર અવલંબિત છે. **ઇશમાન્ય સેવાનો ગુણ સેવાવૃતિ છે. અને લોકમાન્ય સેવાનો ગુણ સેવાકૃતિ છે.** સેવા નામનો ગુણ આપણી વૃત્તિમાં છે. કે આપણી કૃતિમાં છે. કે એને સમજી લેવું જરૂરી છે પરમ પૂજ્ય મહારાજશ્રી **સેવા – સેવક તથા સેવ્ય**નો પદાર્થ બોધ સ્વયં જીવન જીવીને અમને સમજાવતાં આવ્યા છે. મહારાજશ્રી કહેતા હતા કે **સેવા કરાવે તે સાધુ નહિ પણ સેવા કરે એનું નામ સાધુ છે.** રૂઢીવાદીમાંથી બચવા માટે તથા સમાજમાં પરિવર્તન લાવવા માટે એવા સાધુનોની ખુબ આવશ્યકતા છે. માટે આપણે સૌ એવા એક સાધુનાં જીવન સાથે જોડાઇ જઇએ અને એના સેવાના ભેખને સમજી લઇએ.

સંત શ્રી હરિ સાહેબ

માંડવી, નખત્રાણા અને અબડાસા તાલુકાના ત્રિભેટે કનકાવતી નદીના કાંઠે નાના એવા હિંગરિયા ગામની ધરાના પુણ્ય પ્રતાપે સંવત ૧૮૮૬ અષાઢી બીજ કચ્છી નવા વર્ષના મંગળ પર્વે શુભ મુહુર્તે ક્ષત્રિય રાજપૂત (કાંચાજી) જાડેજા કુટુંબના સાહેબજી દરબારના ઘેર જીજીબા (જેવાંમાઁ) ની કુખે પુત્રજન્મ થયો. ચોતરફ હર્ષોલ્લાસ વર્તાયો, જ્યોતિષિઓએ નામ આપ્યું 'હકોજી'.

પુત્રના લક્ષણ પારણે–જલ સ્થલે વધામણાં કર્યા, જીવમાત્રમાં ઉમંગ વર્તાયો. લોકો દોડી–દોડીને હકોજીનું

પારણું ઝુલાવવા સમય જતાં મિત્રો બાલસહજ રમતો માટે આગ્રહ કરે પરંતુ હકોજી જુદી માટીના અવતારી. તેમણે તો પોતાના ઘરઆંગણે જ પોતાના હાથે ખાડો ખોદી ભોંયરું તૈયાર કરી તેમાં તપસ્યા માટે બેસવા લાગ્યા !

દૈવી સંકેત હોય તેમ ધીણોઘરના તપસ્વી યોગી શંકરનાથજી હિંગરિયા પધાર્યા. હકોજી અને શંકરનાથજીનું ઐકય સધાયું પછી તો શંકરનાથજી અને હકોજી દિવસો સુધી સાથે રહેવા લાગ્યા અને આમ હકોજી કિશોર અવસ્થાએ જ યોગ – વૈરાગ્ય માર્ગે પુર્ણતઃ વળી ગયા. સંસ્કાર પારખુ શંકરનાથજીએ હકોજીને કંઠી બાંધવા તત્પરતા તો દાખવી પણ કુમાર હકોજી કહે ‘આપ મારા જ્ઞાનદાતા લક્ષ્ય ગુરુ પદે છો’. પરંતુ મને કંઠી બાંધનાર ગુરુનું નિર્માણ તો ખંભાલીડે થયેલું છે. આ સમયગાળા દરમયાન જ હકોજીના પિતા સાહેબજીનું અવસાન થયું માયાની એકબાજુની સાંકળ તૂટતાં વૈરાગ્ય પ્રબળ બન્યુ.

પછી તો હકોજીએ શાંત અને એકાંત સ્થળે તપસ્યા કરવાનો નિર્ણય કરી બિલેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી પાસેની રખાલમાં ગયા, યોગિક પ્રક્રિયાના કેટલાક સોપાન પાર કરીને યોગાભ્યાસનું સ્થળ બદલ્યું અને ચિયાસર–રાયધણજરની વચ્ચે ચિત્રનાથની જગ્યા પર હકોજીએ સ્વરસાધના સિદ્ધ કરીને સ્થળાંતર કરી મકડા ગામ પાસેની મકડી મોરી ઉપર ધુણી જગાવી અને અહીં તેમને હિંગલાજ પીરસવા માટેનો આદેશ થયો. ‘પ્રથમ હિંગલાજ પીરસી આવો પછી અભ્યાસ આગળ વધારજો’. શ્રદ્ધા બળે હકોજી હિંગલાજ યાત્રા પૂર્ણ કરી પરત આવ્યા. તે દરમ્યાન તેમના માતૃશ્રી જીજીબા કાળધર્મ પામી ગયા હતા. આમ સંસાર સાથે સાંકળતી અંતિમ કડી તૂટી.

માતા–પિતાના અસ્થિ વિસર્જનની ભાવના અને ‘મહાફળ’ ભરવાનો સંકેત થતાં ગામની ભવ્ય વિદાય સાથે પ્રયાણ આદર્યું. સિધ્ધપુર (પાટણ) પછી ગયાજી અને ત્યાંથી પ્રયાગ સુખરૂપ પહોંચી પિતૃતર્પણ કાર્ય પૂર્ણ કર્યું. દરમ્યાનમાં થયેલ અનેક અનુભવો તેમની સાધનાને બળવતર બનાવતા રહ્યા.

પરત પ્રયાણે હાલાર પરગણામાં આવેલા શ્રી મોરારસાહેબના ખંભાલીડે ચરણસ્વામીજી મહારાજના શરણે આવ્યા. કઠીન અને પૂર્ણ કસોટી બાદ પ્રસન્ન થયેલા ગુરુશ્રી ચરણસ્વામીજી મહારાજે સસ્મિત વદને હકોજીનો હાથ પકડતાં કહ્યું, ‘યુવાન’ અલખ આરાધનાનો, ભેખધારણ કરવાનો તું અધિકારી છો. ધન્ય છે તારા જનક–જનેતાને અને હર્ષથી ગુરુમંત્ર આપી કંઠી બાંધી, દીક્ષા આપી અને નામ પ્રદાન કર્યુ ‘હરિદાસ’.

હકોજી હરિદાસની પદવી પ્રદાન કરાવનાર ગુરુશ્રી ચરણસ્વામીએ પ્રિય શિષ્યને હવે આબુ જઇ તપશ્ચર્યા કરવાની આજ્ઞા આપી અને શ્રી હરિદાસજીએ બાર–બાર વર્ષો સુધી આબુની ગુફાઓમાં શબ્દબ્રહ્મનું સાંનિધ્ય આરાધ્યું. આ સમયે ખંભાલીડા આશ્રમે મોટા ઓચ્છવ પ્રસંગે માનવ મેરામણ ઊમટયો. ભર્યા–ભર્યા આ ઉત્સવ પ્રસંગે કુદરતે કસોટીનો પ્રસંગ ઊભો કર્યો. પાણી ખુટયું – ઊંડી નદી નિર્જલ ખાલીખમ નેસ નવાણ થયા.

હરિદાસજીએ ઇશ્વરને આરાધ્યા, ગુરુવંદના કરી અને ઊંડી ગંગા નદીમાં ચેતન આવ્યું, પાણી વહેવા લાગ્યું. મંગળ કાર્ય પૂર્ણ થયું. સંતો–મહંતો–સિદ્ધ યોગીઓએ હરિદાસજીને ‘સાહેબ’ ની પદવી પ્રાપ્ત કરનાર આ મહાન સંત ગુરુજી સાથે ભારતભરના તીર્થોનાં દર્શન બાદ કચ્છ હિંગરિયા પધાર્યા. અહીં રવિભાણના નેજાને સ્થાપીને રામમંદિર નિર્માણ કરાવ્યું.

પુ.હરિસાહેબના સમાજસુધારણાના કાર્યો પણ નોંધપાત્ર છે. છુતઅછુત, બલિપ્રથા, નશાખોરીની બદી દૂર કરવા તેઓ સતત ઝઝૂમ્યા હતા. હરિહર સંપ્રદાયના વાંઢાય તીર્થે સાહેબના સમકાલીન સંત શ્રી ઇશ્વરરામજી મહારાજ સાથે સખાભાવ હતો. સાહેબ શ્રી મુખે ગાય છે.

હાલો હાલો તો વાંઢાય હાલીએ રે, મળી સંતોને મહાસુખ માણીએ રે...
ઈશ્વર સ્વામી જ્ઞાન ગંભીર છે રે, હરિદાસને સુખની શિર છે રે...

સાહેબ અવતારો અવતાર યોગી જ છે તે તરફ સંકેત કરતાં કહે છે,

‘ખલકો ટોપો હી–જ તાલ, ચંઇ જુગેં અસાંજો હી–જ હાલ’ !

એક ઉદાસી મહાત્મા ઉનાળાના મધ્યાહ્ને કોટડી–મહાદેવપુરીના ચોકમાં પંચાગ્નિ તપસ્યા કરતા હતા. પૂ. સાહેબ યોગાનુયોગ ત્યાંથી પસાર થયા. યોગી ઊભા થઇ તેમને દંડવત કરી પાછા તેમના આસને આવ્યા. હાજર લોકોએ ઉદાસી મહાત્માને પૂછ્યું, ‘મહાત્મા આપ તો તપેશ્વરી છે ? હરિસાહેબ તો આશ્રમધારી જંજાળી સાધુ છે. આપના દંડવતનું કારણ સમજાયું નહીં. સાધુએ જવાબ આપતાં કહ્યું, ‘જયાં પહોંચવા માટે અમેં આ કઠીન તપ કરીએ છીએ

ત્યાંથી તો આ મહાત્મા પહોંચીને પરત ફર્યા છે અને લોકસેવા આદરી છે.' પ્રખર અને પૂર્ણ તપસ્વી શ્રી હરિહરસાહેબની વિનમ્રતા તેમણે રચેલી પદ્ધતિમાં પૂર્ણપણે ઝળકી ઊઠે છે, ચિંતામણી પણ તેમની અમર રચના છે.

રામ ભજનમાં અતિ આળસુ પ્રપંચમાં બહુ પૂરો;
કથા સાંભળવા કદી ન બેસે નિંદા કરવા સુરો;
પતા કૂટે બહુ પ્રેમ કરીને ઘરનું કામ વિસારી;
ખાવા દાણા ઘરમાં ન મળે માથું કૂટે નારી... શ્રી હરિસાહેબ

બહુશ્રુત શ્રી હરિસાહેબનું જીવન અનેક પ્રસંગો અને અનેક વિધ માનવો સાથે સંકળાયેલું છે. સાહેબની માતૃભાષા કચ્છી હતી, તેમની રચનાઓ પારદર્શક અને મૂલ્યનિષ્ઠ છે. જેમ કે,

'માડુડા મેંમાણ છડેડે તનજી તોજે તાણ;
રો'ણું નાય હિન રાજમેં માડૂડા મેંમાણ'.

સાહેબની કચ્છી સાથે સાથે હિન્દી અને ગુજરાતી ભાષાની પદ્ય રચનાઓ આજે પણ ગવાય છે. અમર છે. મહાત્મા હરિસાહેબે વિ.સંવત ૧૯૮૯ પોષ સુદ ૮ બુધવારે શ્રી હરિના ધામમાં પધારવા પોતાના જીવનને સંકેલ્યું. શ્રી રવિભાણ સંપ્રદાયનો ડંકો વગાડતાં–વગાડતાં તેમનો આતમ પરમ જ્યોતમાં વિલીન થયો.

પ્રણામ પ્રશંસા પુષ્પહાર એ ત્રણે પતનનાં દ્વાર

આજના કાળમાં બાવાઓનો પ્રભાવ વધી ગયો હોવાથી પ્રણામ, પ્રશંસા અને પુષ્પહાર એની આગળ પાછળ ફરતા હોય છે. પરમ પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજી મઠમાં ઉછર્યા હતા સ્વયં મઠાધિપતિ હતા અને અનેક સંપ્રદાયો સાથે જોડાયેલા હોવા છતાંય પ્રણામ, પ્રશંસા અને પુષ્પહારથી તેઓ પર હતા. એક વાત નોંધવા જેવી કે હજારો વર્ષથી સંસ્કૃતિ ટકી છે તો તે મહારાજશ્રી જેવા સાધુઓના કારણે ટકી છે. મહારાજશ્રી કહેતા કે જીવનમાંથી નિરાશા, ભય અને લાચારી કાઢી નાખો, પછી તમે અશકયતાને શકયતામાં પલટાવી નાખશો. મહારાજશ્રી કહેતા કે કેમ થશે ? કેવું થશે ? ક્યારે થશે ? એવા નકારાત્મક વિચારો કાઢી નાખો. તમને જે કાર્ય સારું લાગે એનો વિચાર્યા વગર અને એક પલ મોડું કર્યા વગર આરંભ કરી નાખો. આગળ જતાં કહે છે કે તમારા માટે કરેલા કામોનું સંચાલન પણ તમને કરવું પડશે. અને ઇશ્વર માટે કરેલા કામોનું સંચાલન ઇશ્વર કરશે માટે ઇશ્વરના કાર્યોમાં જોડાઇ જવું જોઇએ.

એક દૃષ્ટિએ જોવા જઇએ તો પરમ પુજ્ય મહારાજશ્રીએ સનાતન ધર્મના નેજા હેઠળ દીક્ષા લીધી હતી અને હરિહર સંપ્રદાય એ પણ એક સનાતન ધર્મનો ભાગ કહી શકાય કારણ કે હરિહર સંપ્રદાયની વિચારસરણી શાસ્ત્રોકત પદ્ધતિ અનુસાર હતી. શાસ્ત્રોકત વિચારસરણી તથા સનાતન ધર્મનાં પ્રભાવ હેઠળ રહીને મહારાજશ્રીની કાર્યપદ્ધતિ તથા વિચારસરણી નવા યુગનાં નવા પ્રવાહો સાથે ભળતી ગઇ. જેનાં પરિણામ સ્વરૂપે ધીરે ધીરે મહારાજશ્રી છુત–અછુત, ખેતીવાડી, ગૌસેવા, ખાદીકામ તથા આઝાદી જેવાં કાર્યોમાં ઝંપલાવતા ગયા. મહારાજશ્રીએ પોતાનાં વિચારોને સંકુચિતતાનાં વાડામાં બાંધી ન રાખતા કર્મ સાથે જોડતા ગયા.

શાસ્ત્રોનો અભ્યાસ પોતે કરતા અને બીજાને કરાવતા. પોતે સંસ્કૃતના જ્ઞાતા હોવાથી વિદ્યાર્થીઓને સ્વયં સંસ્કૃતનો અભ્યાસ કરાવતા. અનેક વખત શાસ્ત્રોની ચર્ચામાં મહારાજશ્રીએ ભાગ લીધો હતો રોજ નવા નવા વિચારો જાણવા તથા નિત્ય નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ એમનું મુખ્ય વ્રત હતું. મહારાજશ્રી પાસે સામાજિક જ્ઞાન સારા પ્રમાણમાં હોવાથી જેવા સાથે તેવા બનીને ગામડાનાં કોઇ નિરક્ષર વ્યકિત જોડે ચર્ચા કરવી હોય તો એની ભાષામાં કરતાં અને કોઇ જ્ઞાની સાથે ચર્ચા કરવી હોય તો એની ભાષામાં જ કરતા.

તેમ છતાં ભાષાની સરળતા તથા સ્વભાવની સ્થિરતામાં કોઇ ફરક પડતો નહિ. રાષ્ટ્રવાદી રંગેથી રંગાયેલા મહારાજશ્રીને આપણો દેશ ગુલામ છે એ વાત બહુ ખુંચતી હતી. મહાત્મા ગાંધીજીના ઘણાં વિચારોનું મહારાજશ્રી ઉપર ખુબ જ વર્ચસ્વ હતું. તેથી તેઓ ગાંધીજીના ઘણાં વિચારોને આત્મસાત કર્યા હતા. આશ્રમમાં રેંટીયો કાંતતાં પોતે ખાદી પહેરતા અને હરિજનો પ્રત્યે મમતા દાખવવી એ ગાંધીજીનાં વિચારોનું પરિણામ હતું.

શ્રી રવિશંકર મહારાજ

ગુજરાતના પ્રખર કર્મયોગી શ્રી રવિશંકર મહારાજના મુખેથી અસ્પૃશ્યતા એ આપણા દેશનો મોટામાં મોટો કલંક છે. એ સાંભળ્યા પછી કચ્છની કચડાયેલી તથા અછુત ગણાતી હરિજન કોમ ધર્મ પરિવર્તન કરી રહી છે. એ જાણ્યા

પછી મહારાજશ્રીને ખુબ દુઃખ લાગ્યું તથા એવું ન થવા માટે મહારાજશ્રીએ કાર્યનો આરંભ કર્યો. એક દિવસ મહારાજશ્રીએ રવિશંકર મહારાજને વટાળ પ્રવૃત્તિ પર કાપ મુકવા માટે તથા છુત અછુતના ભેદ કાઢી નાખવા માટે અસ્પૃશ્યતા એક સામાજીક કલંક છે તેને ધોઈ નાખવા માટે કચ્છ આવવાનું આમંત્રણ આપ્યું. સંવત ૨૦૦૨ ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના દિવસે મંજલ (યક્ષ)માં વણકર હરિજન સંમેલનમાં શ્રી રવિશંકર મહારાજ આવ્યા હતા અને ગુજરાતનાં તથા સ્થાનિક નેતાઓ પણ ઘણાં આવ્યા હતા. મંચ ઉપરથી છુત અછુત વિશે મોટા મોટા ભાષણો થયા. એ દિવસે મહારાજે મંચ પરથી જાહેર કર્યુ કે આપણે સૌ સાથે મળીને છુત અછુતના ભેદ કાઢી નાખવા માટે સૌ આગળ આવો હું રવિશંકર મહારાજને વચન આપું છું કે આભડછેડના ડાઘને મટાડવા હું પુરી કોશિષ કરીશ. તમેં બધા જાણો છો કે જે શક્તિ આપણામાં કામ કરી રહી છે એ જ શક્તિ હરિજનમાં કામ કરી રહી છે. તો પછી આપણા અને એનામાં ભેદ કઈ રીતે હોઈ શકે ? હું તમારા બધા વચ્ચે એક સંકલ્પ લઉં છું કે હું એક હરિજન છાત્રાલય બાંધીશ અને એમાં એમને પુરતું શિક્ષણ આપવાનાં પ્રયત્નો કરીશ. હરિજન સમાજમાં શિક્ષણનો પગપેસારો થશે તો કોઈ હરિજન પછાત નહિ રહે. હરિજનોની સેવા એ જ પરમાત્માની સેવા છે. તુજમાં રામ મુજમાં રામ સૌમાં રામ સમાયો છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે મમૈ વાંસો જીવ લોકે. પ્રત્યેક જીવ મારો જ અંશ છે તો પછી હરિજન ઈશ્વરનો અંશ કેમ નહિ ? એમ કહીને આભડછેડ નાબુદ કરવાનાં શ્રી રવિશંકરના વિચારોને સમર્થન આપ્યું.

મહારાજશ્રીના મક્કમ અને દ્રઢ મનોબળ ધરાવતા વિચારોને સાંભળીને શ્રી રવિશંકર મહારાજ ખુબ રાજી થયા અને કહ્યું, આ દેશને એવા એક નહિ પણ અનેક સાધુઓની જરૂર છે. એમ કહીને મહારાજશ્રીને ખુબ પ્રેમથી ભેટયા ત્યાર પછી શ્રી રવિશંકર મહારાજે ભાષણ શરૂ કર્યું. તેમાં છુત અછુતના વિષયથી વધારે એમણે મહારાજશ્રીના ગુણગાન ગાયા હતા.

આજે મારી સાધુ સમાજ વિશે ધારણા હતી એ ઊંધી વળી ગઈ. શ્રી રવિશંકર મહારાજે કહ્યું કે મારા મતમાં એક જ વિચાર સ્થાયી હતા કે જેને કાંઈ જ નથી કરવું એને સાધુ બની જવું જોઈએ. પણ આજે મને સમજાય છે કે જે સાધુ કરે એવું કોઈનાથી ન થાય. હું તમારી સાદાઈને અને તમારી ક્રાંતિકારી વિચારધારાને વંદન કરું છું. આજે તમારા જેવા સંતોના કારણે આભડછેડ નિવારણ પ્રવૃતિને વેગ મળ્યો છે. અને સાધુ સમાજ વિશે મારી જે ગેરસમજ હતી એ પણ દુર થઈ ગઈ છે. ઉપરોકત વિચારને સમર્થન આપતાં કવિ કહે છે કે,

રાગ દરબારી

ઓધવ તમારી બંસરીના સુર મળી ગયા
કોઈને મળે કે ન મળે અમને મળી ગયા ...ઓધવ૦
ફળની ન રાખી આશ સતુ દીર્ઘકાલ કામો કર્યા
તમે ભજન નો વેપાર કર્યો અમે ગ્રાહક બની ગયા ...ઓધવ૦
અમેં જાણ્યું હાથી પર ઝુલનારો કોઈ મહંત કે મઠાધીશ હશે
એના જીવનને જાણ્યા પછી આંખે અશ્રુ સરી પડયા ...ઓધવ૦
વિદ્વાન પંડિતો જ્ઞાનીઓ સૌ અહંમથી અળગા થયા
દ્રષ્ટિ તમારી જ્યાં પડી એ સૌ માં ભળી ગયા ...ઓધવ૦
કોઈ નામની કોઈ દામની કોઈ માનની પાછળ પડયા
તમને સમર્પિત જે થયા એ કામમાં લાગી ગયા ...ઓધવ૦
તવ કૃપા દ્રષ્ટિ જ્યાં પડે ત્યાં પાંગળા પર્વત ચડે
ગઈ કાલનાં જુઓ 'ભગતરામ' શાયર બની ગયા ...ઓધવ૦

સંમેલન પૂર્ણ થવાની તૈયારી હતી ત્યારે શ્રી રવિશંકર મહારાજે કહ્યું કે આજે આપણે સૌ એક નિષ્કામ કર્મયોગીના દર્શન કર્યા છે. કચ્છમાં આભડ છેડ વિશેના જેટલા કાર્યક્રમો થાશે એ બધા મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ થવા જોઈએ. આજનો કાર્યક્રમ અહીંયાં પુરો થાય છે. હવે આપ સૌ હરિજન તથા વણકર સમાજ દ્વારા આયોજિત સમુહ ભોજનમાં ભાગ લેવા માટે પધારો મારી આપ સૌને વિનંતી,

શ્રી રવિશંકર મહારાજની અપીલ સાંભળીને લાંબા ઝબ્બા પહેરીને આવેલા નેતાઓ અંદરોઅંદર ગુસ પુસ કરવા લાગ્યા. નેતાઓએ ભાષણો એવા મોટાં મોટાં કર્યા હતા તેથી હરિજનો સાથે ભોજન કર્યા વગર છુટકો જ ન હતો, પણ કરાય કેમ ? સૌની સામે એક પ્રશ્ન ઊભો થયો. એક નેતા અડંગ ખેલાડી હતો, એણે કહ્યું મારું પેટ દુઃખે છે, બીજાએ કહ્યું મારું માથું દુઃખે છે, ત્રીજાએ કહ્યું હું બહારનું ખાતો નથી. એમ કહીને એક પછી એક છટકતા ગયા પણ મહારાજશ્રી અને શ્રી રવિશંકર મહારાજે હરિજનો સાથે બેસીને સમુહ ભોજન કર્યું હતું.

આભડછેડ હિંદુ સમાજ માટે કલંક છે.

શ્રી ઈશ્વર આશ્રમમાં શ્રાવણ માસ નિમીતે માસ પારાયણ ભાગવત કથાનું આયોજન ચાલુ હતું. આજે એકાદશીનો દિવસ હતો. રાત્રે કથાની પૂર્ણાહુતિ થયા બાદ આશ્રમના સૌ સેવકો, શિષ્યો તથા શ્રોતાઓને નમ્રતાપૂર્વક મહારાજશ્રીએ પોતાના મનનાં વિચારો જણાવતાં કહ્યું કે, ગઇ કાલે હું વણકર હરિજન સંમેલનમાં ગયો હતો. ત્યાં આભડછેડના મુદ્દે ઘણી ચર્ચાઓ થઇ. જેમાં મેં એક સંકલ્પ કર્યો છે કે આજ પછી આપણા આશ્રમમાં છુત અછુતના ભેદ કાઢી નાખવા. આપણા મંદિરોમાં આપણે જઇ શકીએ છીએ એવી રીતે હરિજનો પણ જઇ શકે છે. આપણો અને હરિજનોનો તળાવ એક હોવો જોઇએ. પાણી ભરવાવાળા અલગ અલગ હોય પણ કુવો તો બધા માટે એક હોવો જોઇએ. તેવી રીતે શિક્ષણ અને શાળાઓ બધાના માટે એક સરખા હોવા જોઇએ. ગુરૂઓ અને ગુરૂકુળો બધાના માટે એક સરખા હોવા જોઇએ. મેં ચિંતન કર્યું એમાં મને સમજાયું કે જેવી રીતે આપણે સૌ આશ્રમમાં રહીએ છીએ એવી રીતે હરિજનો કેમ ન રહે ? આપણું અને હરિજનોનું લોહી તો એક સરખું જ છે. અને આપણા સૌનું જીવન ચલાવનાર ઈશ્વર તો સૌનો એક જ છે. તો પછી ભેદ કેવા ? આ ભેદો ઉત્પન્ન કોણે કર્યા ? અને એ ભેદને ટકાવવા માટે કયો તત્વ કામ કરી રહ્યો છે? એના વિશે આપ સૌ એ વિચાર કરવો જોઇએ. કારણ કે આભડ છેડ હિંદુ સમાજ માટે એક કલંક છે. હરિજનોને દુર રાખીને સમાજે મોટામાં મોટું પાપ કર્યું છે. આપ સૌ આભડ છેડનાં વિષય ઉપર પોતપોતાનો મત જણાવી શકો છો. હિંમત ભેગી કરીને એક શિષ્યે કહ્યું મહારાજશ્રી હરિજનો અગર આશ્રમ તથા મંદિરોમાં પ્રવેશ કરશે તો સનાતન ધર્મ રસાતળમાં ચાલ્યો જશે અને ધર્મના પુણ્યો બધા મરી પરવારશે.

મહારાજશ્રીએ પહેલા એનાં વિચારો તથા એની સંપૂર્ણ વાત જાણી લીધી અને પછી સહજતાથી સમજાવતા કહ્યું કે, મેં જે નિર્ણય લીધો છે, તે બહુ વિચારીને લીધો છે કારણ કે આભડ છેડ નાબુદ થશે તો જ ધર્મ મજબૂત થશે નહિ તો ધર્મ તથા સમાજનાં ટુકડે ટકડા થઇ જશે. અગર હિંદુ સમાજને નબળો પડતાં અટકાવવો હોય તો સમાજને ધર્મના માધ્યમ દ્વારા જોડી રાખો અને ધર્મ ત્યારે જ ટકશે જયારે આભડ છેડ નાબૂદ થશે ત્યારે. મહારાજશ્રીની વાત સાંભળીને બીજા એક શિષ્યે કહ્યું કે મહારાજશ્રી વાત તો આપની સાવ સાચી છે પણ આશ્રમમાં હરિજનના વસવાટ અંગે પરદેશ વસતા આપણા હિતેચ્છુઓ, સેવકો તથા અનુયાઇઓ સૌ નાખુશ થઇ જશે અને એના પરિણામ સ્વરૂપે આશ્રમને મળતી પરદેશી સહાય નજીકના ભવિષ્યમાં બંધ થઇ જશે.

રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાયે પણ વચન ન જાઈ

મહારાજશ્રી એ કહ્યું બેટા આપણે સૌ પ્રભુ રામના ભકત છીએ. આપ સૌને રામનાં ધર્મ વિશે ખબર હશે જ. એક વચન, એક બાણ, એક પત્ની, એક નામ. જે રામ આજે આપણી સાથે છે એ રામ ભવિષ્યમાં પણ આપણી સાથે જ રહેશે. આર્થિક અને સામાજિક અગવડોને ધ્યાનમાં રાખીને લીધેલા નિર્ણયો પાછા લેવા જોઇએ નહિ. આપણા વિચારોને સારી રીતે ઊગાડવા હોય તો એમાં દ્રઢ નિર્ણય તથા મક્કમ મનોબળનું હોવું જરૂરી છે. સમાજના હિતના તથા લોક કલ્યાણના કાર્યો કરતાં ઘણાં સંતોને સમાજે તિરસ્કાર્યા છે. પણ પાછળથી જયારે સત્ય સમજાય છે ત્યારે એ જ સમાજ બધું ભૂલીને એને ખભે ઊંચકીને ફરે છે. આજે જેને આપણા નિર્ણયો યોગ્ય નહિ લાગે તો એની પાછળ એક મોટું કારણ એ છે કે એને સત્ય સમજાતું નથી પણ જયારે એને સત્ય સમજાશે ત્યારે એ જ માણસ આપણી સાથે રહેશે ત્યાં સુધી મક્કમતા લાવવી જરૂરી છે. કારણ કે ગહન વિષયો સામાન્ય માણસને બહુ મોડા સમજાય છે. જેવી રીતે ઈશ્વર કોઈનામાં ભેદ નથી રાખતો એવી રીતે આપણે પણ ભેદ નિવારણનું કાર્ય કરીએ છીએ તેથી આપણું અને ઈશ્વરનું કામ બંને એક સરખા છે. જેને સમજવા માટે સામાન્ય માણસની બુદ્ધિ બહુ ઓછી પડે છે. એક વખત ગીતાનાં ગાનારા શ્રી કૃષ્ણનાં વિચારોને પણ સમાજ ઓળખી શકયો નથી. તેથી એને રણ છોડીને ભાગવું પડયું હતું. આપણે સૌ સમાજને શું માન્ય છે એ ન જોતાં ઈશ્વરને શું માન્ય છે એ જોવાનું છે.

ત્યાર પછી મહારાજશ્રીએ ઇશ્વર આશ્રમનું તળાવ, ઇશ્વર સાગર તથા કુવાઓ હરિજનો માટે ખુલ્લાં મુક્યા અને એ જ વરસમાં સૌની સહમતી લઇને ગુરૂકુળમાં હરિજન છાત્રાલય શરૂ કર્યુ. અને પછી શ્રી રામ પ્રભુને પ્રાર્થના કરી...

રાગ = યમન

શ્રીરામ ચંદ્ર કૃપાલુ ભજમન હરણ ભવ ભય દારૂણમ્
નવકંજ લોચન કંજ મુખકર કંજ પદ કંજારૂણમ્
કદર્પ અગણિત અમીત છબી નવનીલ નીરજ સુંદરમ્
પપ્પીત માનહું તડીત રૂચી સુચી નૈમી જનક સુતાવરમ્
ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નીકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નદનમ્
શીર મુકુટ કુંડલ તીલક ચારૂ ઉદાર અંગ વિભુષીતમ્
આજાન ભુજ શર ચાપ ધર સંગ્રામ જીત ખલ દુષણમ્
ઈતી વદતી 'તુલસીદાસ' શંકર શેષ મુનીમન રંજનમ્
મમ રૂદય કુંજ નિવાસ કરૂ કામાદી ખલ દલ ગંજનમ્

અન્ન વસ્ત્ર અને આવાસ

અન્ન વસ્ત્ર અને આવાસ ત્રણે જીવન જરૂરિયાતના પ્રાથમિક સાધનો છે. શરીરની ગતિને સ્થિર રાખવા માટે અન્નરૂપી પોષકતત્વ જરૂરી છે. તેવી જ રીતે વસ્ત્ર એ અંગરક્ષક છે તથા મર્યાદાનું પ્રતિક છે. કઢંગા કપડાં મર્યાદાનું ભંગ કરે છે. જેવી રીતે વસ્ત્રો શરીરનું રક્ષણ કરે છે એવી રીતે રહેઠાણ (આવાસ) પરિવારનું રક્ષણ કરે છે. પ્રકૃતિનાં ઋતુ પ્રમાણે વારંવાર બદલાતા નિયમો સામે આવાસ, રક્ષણ પુરું પાડે છે. ઘરમાં સોના ચાંદી ઓછા વતા પ્રમાણમાં હોય તો એ ચાલે પણ અન્ન, વસ્ત્ર અને આવાસ હોવાં જરૂરી છે.

એક વખત કચ્છમાં અતિવૃષ્ટિ થઇ હતી જેમાં ખેડુતો તથા ખેત મજુરોની હાલત અસ્તવ્યસ્ત થઇ ગઇ હતી. એ સમયે મહારાજશ્રી ઇશ્વર આશ્રમમાંથી બહાર નીકળી દેશલપર તરફ પરિસ્થિતિનો અભ્યાસ કરવા નીકળ્યા. રસ્તામાં એક પડી ગયેલો ભુંગો અને એની પાસે બેઠેલા પતિ પત્ની અને એના ચાર બાળકો આખી રાત વરસાદમાં પલળ્યાથી થરથર કંપી રહ્યા હતા. મહારાજશ્રીએ પોતાની પાસે બોલાવીને કહ્યું કે ભાઇ તું તારા ભુંગાનું સમારકામ કેમ નથી કરતો? હરિજન ભાઇએ કહ્યું કે મહારાજશ્રી ભુંગાનું સમારકામ કરવા માટે ઓછામાં ઓછા સો રૂપિયા જોઇએ એ ક્યાંથી આવે? મહારાજશ્રીએ કહ્યું તું ચાલ મારી સાથે. સો રૂપિયા હું તને આપીશ. પેલો ભાઇ સો રૂપિયા લઇ ગયો પણ ભુંગો બનાવ્યો નહિ. બે દિવસ રહીને ફરી મહારાજશ્રી એ જ રસ્તેથી આંટો મારવા નીકળ્યા. મહારાજશ્રીએ જોયું તો ભુંગો સમારકામ કર્યા વગરનો એવો ને એવો જ પડ્યો છે. મહારાજશ્રીને જોઇને પેલો હરિજન ભોંઠો પડ્યો અને બે હાથ જોડીને કહ્યું કે...મહારાજશ્રી મને માફ કરજો કારણ કે મારા બાળકો બે દિવસથી ભૂખ્યા હતા તેથી તમે આપેલા રૂપિયા મેં ઘરવખરી ખરીદવામાં વાપરી નાખ્યા છે. ભુંગો તો હતો તેવો જ રહ્યો. મહારાજશ્રીએ કહ્યું કોઇ વાંધો નહિ આ લે બીજા સો. અને કહ્યું કે તમે સૌ મજુરો કાળી મજુરી કરીને કમાવેલા પૈસામાંથી અડધા રૂપિયા તો વ્યસનો પાછળ ખર્ચી નાખો છો. તેંમ ન કરતાં થોડી બચત કરીને અન્ન, વસ્ત્ર અને આવાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરો કરકસર કરીને બચાવેલા રૂપિયા તમને આફત સમયે કામ આવશે. ઘડીઘડી કોઇની સામે હાથ લાંબો કરવાથી આત્માનું મૃત્યુ થાય છે. મનોરંજન અને મોજશોખ એ સૌ સ્વચ્છંદી માણસોના લક્ષણો છે. મનોરંજન એટલે મનનો આનંદ મળવો જોઇએ. મહારાજશ્રીએ કહ્યું સાંભળ તને તારા પરિવારને સુખી જોઇને તને આનંદ થાય છે કે નહિ ? હરિજન ભાઇએ કહ્યું થાય છે ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે મુર્ખા એના કરતાં વધારે બીજો મનોરંજન કયો હોઇ શકે ? તમારા પરિવારને, ઘરને તથા આસપાસમાં રહેતા પડોશીઓને તથા સગાસંબંધીઓને સુખી જોઇને જે આનંદ થાય છે બસ એનું નામ મનોરંજન !!!

આત્મવત્ સર્વભૂતેષુ

મનોરંજન તથા મોજશોખ દ્વારા બાહરીક સૌંદર્ય વધારવા કરતાં ઘરનાં સૌંદર્યને વધારો. એના માટે સૌથી પહેલાં

કુસંગનો ત્યાગ કરો કારણ કે કુસંગ વ્યસનો લઇને આવે છે. આપણે સૌ બીડી પીવાનું ક્યારથી શીખ્યા ? જ્યારથી બીડી પીવાવાળાનો સંગ કર્યો. ત્યારથી કુસંગીઓ પાસે વ્યસનોની વણજાર હોય છે. મહારાજશ્રી આગળ જતાં કહે છે કે એક સ્વચ્છંદી બીજા સ્વચ્છંદી સાથે નાતો જોડે છે. એક મલીન બીજા મલીન જોડે નાતો જોડે છે. એક જુગારી બીજા જુગારી જોડે અને એક ચોર બીજા ચોર જોડે નાતો બાંધે છે. તેવી રીતે એક વ્યસની બીજા વ્યસની જોડે નાતો બાંધે છે. પણ એક નિવ્યસની સાથે નાતો બાંધતો નથી. તેવી રીતે અપુર્ણ માણસો પુર્ણતા સાથે નાતો જોડતા નથી. કારણ કે અપૂર્ણતામાં ધર્મનો અભાવ છે. જ્યારે પૂર્ણતામાં ધર્મનો ભાવ છે. એટલે જ પૂર્ણ અને અપૂર્ણ એક સાથે ચાલતા નથી પણ ધર્મનો માધ્યમ એવો છે કે એમાં પૂર્ણ અને અપૂર્ણ એક જગ્યાએ ભેગા થાય છે.

એક જમાનામાં કચ્છનો ઘણાખરો ભાગ અશિક્ષિત તથા અલ્પશિક્ષિત હતો. પણ મહારાજશ્રીએ સમાજ શિક્ષિત થાય એના માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. મહારાજશ્રી કહેતા કે **શિક્ષિત સમાજની નિષ્ક્રિયતાના કારણે સમાજ અશિક્ષિત રહ્યો છે.** એ સમયમાં એક વર્ગ એવો હતો કે જે અભણને અભણ રાખવામાં પોતાની ભલાઇ સમજતો હતો. **અંધારામાં પડી રહેલા સમાજને જ્ઞાન પ્રકાશમાં લઇ જવો એ કામ શિક્ષકનું પણ છે. ગુરૂનું પણ છે. તથા મહંત અને મઠાધીશોનું પણ છે. 'આત્મવત્ સર્વભૂતેષુ' નાં સિદ્ધાંતનો મંત્ર સમાજના જાગૃત વ્યક્તિઓએ અપનાવવો જોઇએ.**

જાગૃત નાગરિક કોને કહીએ ?

જાગૃત નાગરીકો પાસે પગલા દઇને ધનના ઢગલા ભેગા કરવાવાળા ગુરૂઓને કાન પકડીને પુછવાનો સંપૂર્ણ અધિકાર છે કે સમાજ પાસેથી ગુરૂ દક્ષિણા લઇને તમેં સમાજના જીવન વિકાસ માટે શું કરો છ ? તમારા મોજશોખ તમારું વૈભવી જીવન સામાન્ય માણસને કઇ રીતે પ્રેરણા આપશે ? સાધુનું મુખ્ય લક્ષણ **જ્ઞાન સંચય કરવાનું છે. ધન સંચય નહિ.** સાધુ બન્યા પછી અગર કોઇ સાધુ ધન નાં ધંધા કરે તો એના કરતાં ગૃહસ્થી શું ખોટો ? એવા કામો તો ગૃહસ્થીઓ પણ કરી શકે છે. એક કહેવત છે કે,

સાધુ કરે રોકાંણ તો ઊભી થાય મોંકાણ

મહારાજશ્રીએ લખેલી આત્મકથામાં એક સંન્યાસીની કથા આવે છે જેમાં ત્યાગી સંન્યાસી બીજા સ્વરૂપે માયાનો શિકાર બને છે. મોટા મોટા આશ્રમો તથા ધનભંડોળ જમા કર્યા પછી જીવનનાં અંતે સમજાય છે કે હું તો ત્યાગી હતો. સંન્યાસીના વિચારોનું તથા મારા સંન્યાસીપણાનું સમાજમાં પ્રતિબિંબ પડવું જોઇએ. **સંન્યાસીના સંગનો સમાજને રંગ ન લાગે તો સમજો કે તું સંન્યાસી કાચો !!!**

હરિહર થાય છે જયારે ઓધવ સમજાય છે ત્યારે

પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજ સૌ કોઇને હરિહરનો ભાવ આપતા હતા. હરિહર મંત્રમાં માત્ર ઇશ્વર આશ્રમની નહિ પણ સંપુર્ણ સનાતન ધર્મની ઓળખ સમાયેલી છે. 'હરિહર' નો અર્થ થાય છે કે હે ભગવાન(હરિ) અમને અમારા કર્મોથી મળેલા દુ:ખો તથા પ્રતિકુળતાઓને હે હરિ તું હરિ લે. તથા અમારા અવગુણોને હરિ લે. એટલે હરિ....હર. શંકર ભગવાનનું બીજું નામ 'હર' છે. હરિહર પરંપરાના ગુરૂઓ હરિહર મંત્રનો વારંવાર ઉચ્ચાર કરીને ઇશ્વર પાસે આપણા દુ:ખો હરવા અંગે સતત પ્રાર્થના કરતા આવ્યા છે. ભગવાન આપણી માંગણીનો સ્વીકાર કરતા નથી એનુ કારણ એ કે આપણો ઇશ્વર સાથે સીધો સંબંધ નથી જયારે મહાપુરૂષોનો ભગવાન સાથે સીધો સંબંધ છે. એટલે જ શિવ અપરાધ ક્ષમાપન સ્ત્રોતમાં શંકરાચાર્યજી પોતાનાં માટે નહિ પણ આપણા માટે પ્રાર્થના કરતા ઇશ્વરને કહે છે કે,

(ભાવ = લાવણી)

॥ શિવાપરાધ ક્ષમાપન સ્તોત્ર ॥

હર શિવશંકર હર શિવશંભુ, મંગળ કરનારા
ક્ષમા કરો અપરાધ સદાશિવ મહાદેવ મારા ...હરશિવ
કર્મ પ્રસંગે કર્યા પાપથી લીધો જન્મ મા કૂખે,
રહી મૂત્રને વિષ્ટા વચ્ચે સહી યાતના દુ:ખે;
તપ્ત થયેલી જઠરાગ્નિને સહ્યા કષ્ટ સારા

થતી વેદના વ્યકત કરું હું કયા શબ્દ દ્વારા ...હરશિવ
મૂત્રાદિકથી મલિન શકિતહિન બાલ્યકાળની કાયા
સદા રહી સ્તનપાન લાલસા ધરે દુઃખની છાયા
મળ્યા ડંખ સૌ શૈવશકિત થી બન્યા જંતુ દ્વારા
વિવિધ વ્યાધિને કારણ શંકર ભલ્યો સ્મરણ તારાં ...હરશિવ
ડંખ વિષયરૂપ પંચ સર્પએ મર્મસ્થાનમાં દીધો,
ભર યૌવન માં નષ્ટ સમૂળો વિવેક મુજમાં કીધો;
ધન સંતાનો સ્ત્રી વિષયાદી ભોગ ભરખનારાં,
અભિમાનના નશે ચૂકવતાં તુજ ચિંતનધારા ...હરશિવ
ઘડપણમાં જ્યાં મંદબુદ્ધિ ને શિથિલ ઈન્દ્રિયો થાતી
તાપ પાપ ને આધિ દૈવાદિક રોગે કાયા ઘસાતી;
વૃથા મોહને વિયોગ આશા નિત્ય ભટકનારા,
મુજ મનને છે ધ્યાન શૂન્યને દુર્બલ કરનારા ...હરશિવ
જ્યાં ડગડગ પ્રાયશ્ચિત કરતાં સ્માર્ત કર્મના થાતાં
બ્રહ્મપ્રાપ્તિનાં શ્રોત કર્મ ત્યાં થતાં કેમ કેવાતાં
નથી ધર્મમાં ટકી આસ્થા શ્રવણ મનન ની દ્વારા
કહો કેમ ત્યાં નિદિધ્યાસ ને ધરું ધ્યાન તારાં ...હરશિવ
કદી સવારે અભિષેકમાં નવ ગંગાજલ લીધું,
કરી સ્નાન મેં પૂજાપાત્ર માં બીલીપત્ર ના લીધું;
નથી નાથ મેં ધરી તળાવે ખીલ્યાં કમળની માળા,
કર્યા સુગંધિત કદી પુષ્પના અર્પણ ચરણે તારા. ...હરશિવ
દધી, દુગ્ધ, ઘી, મધુ, શર્કરા,યુકત સ્નાન ના દીધું,
નથી ચંદને તુજના લિંગે અનુલેપનવ કીધું;
ધૂપ દિપ કે કપૂર ધતૂરા તણાં પુષ્પથી તારા
થયાં પુજનો નથી વિવિધ રસ નૈવેદ્યો દ્વારા ...હરશિવ
નથી નામની સાથ દ્વિજોને ધન વિપુલ દેવાયું,
એક અગ્નિને લક્ષ્ય મંત્રથી નવ સઘળું અર્પાયું;
વેદવિધિવત્ થતાં વૃતે ના ભીંજી ગંગની ધારા,
નથી સાધના કરી કઠિન કો રૂદ્ર જાપ ના દ્વારા ...હરશિવ
પ્રાણસમુહ જ્યાં સૂક્ષ્મ માર્ગથી લીન પ્રણવ ના નાદે,
વેદ સર્વના અર્થ સારશાં જ્યોતિરૂપના સાદે;
ભળી તત્વમાં મળી કમળને પુર્ણ પાંખડીવાળાં,
નથી કર્યા સર્વોતરયાંમી સ્મરણ ત્યાંય તારાં ...હરશિવ
અંધારમોહ નો ત્રિગુણાતીત નિઃસંગ થયેના તૂટયો,
નાશિકાગ્રમાં સ્થિર થતામાં ભાવ દ્રષ્ટિમાં ખૂટયો;
નગ્ન શુદ્ધના સહે ઉન્મની ભાવ મેં ના તારાં,
કર્યા દર્શનો સ્વરૂપ કલિમલ સહિત ભાવનાવાળાં ...હરશિવ

ચંદ્રકળાથી ભાલપ્રદેશે પ્રકાશવંતો જેનો,
કંઠ કર્ણને શોભિત કરતી શુભ્ર સર્પની ફેણો;
કંદર્પ દર્પ હર તુજ ગંગાધાર સ્વયં નેત્ર અંગારા,
થજો વૃત્તિ તદરૂપ સહેજે કર્મ પ્રયોજન સારા ...હરશિવ
ધન ઘોડા કે હાથી રાજ્યની વૃથા પ્રાપ્તિથી મોહવું,
પુત્ર, મિત્ર, સ્ત્રી, પશુ, દેહ, ઘર, શીદ લોલુપ થઈ જોવું;
તયાગ દૂરથી ભંગુર કહેતી ગુરુવચનામૃત ધારા,
જાણ આત્મને પાર્વતી વલ્લભ તણાં ભજન દ્વારા ...હરશિવ
નષ્ટ આયુને ક્ષીણ યૌવન જાતાં રોજ ઘસાતાં,
વીત્યા દિનને વિશ્વ સર્વજયાં કાળચક્ર ભરખાતાં;
ચંચલ જીવન ચપલ લક્ષ્મી છે જલતરંગ માલા,
રક્ષણ કર શરણાગત વત્સલ શરણે આવ્યો તારા ...હરશિવ
શરીર હાથ કે પગમન આદી વિવિધ અંગ વપરાતાં,
કર્મ કર્ણ કે નેત્ર વાણીથી જે અપરાધ કરાતા;
વિહિત નાથ વા અવિહિત સઘળું નિત્ય નિભવનારા,
ક્ષમા કરો સૌ કરુણા સાગર જય શંકર મારા ...હરશિવ

ગુજરાતી અનુવાદ : હરિભાઈ કોઠારી

શિવ અપરાધ ક્ષમાપન સ્તોત્ર ગાઈને જગદગુરૂ શ્રી આદી શંકરાચાર્યશ્રીએ આપણાં માટે ઈશ્વર પાસે માંગણી કરે છે. નિરઅપરાધી સંતો ભગવાન પાસે પોતાનાં અપરાધની નહિ પણ આપણાં અપરાધની વાત કરે છે. હરિહર એટલે સર્વ દુઃખોને હરિ લેનાર એવો એનો અર્થ થાય છે. હરિહરના ઉપાસક એવા પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામના જીવનને જાણવા માટે હરિહર મંત્ર જાણકારીનું માધ્યમ બને છે. કવિ કહે છે.

રાગ : યમન (જનમ જે સંતને આપે)

હરિહર થાય છે જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર
જીવનમાં ધર્મની રીતો રૂદયમાં પ્રેમના ગીતો
મળી સૌ ગાય છે જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર
વેગ મનમાં બધા તોડી વિષય ને વાસના છોડી
બુદ્ધિ સ્થિર થાય છે જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર
હરિ રહે છે હરિજનમાં તમેં કરશો શું જઈ વનમાં
એવું દ્રઢ થાય છે જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર
સહી સંતાપ સૌ જગનાં રહી માયાનાં બંધનમાં
જીવન બદલાય છે જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર
હતા જે ભોગમાં સાથી ગયા સૌ રોગમાં નાસી
સૌ ''ભગતરામ'' અંતમાં જ્યારે ઓધવ સમજાય છે ત્યારે ...હરિહર

હલો હરિહરકેલા

આપણી સનાતન ધર્મની પરંપરા મુજબ પંગત શરૂ થાય એથી પહેલા હરિહરની હાકલ થાય છે. એનો અર્થ એ થાય છે કે હે...હરિ રસોઈમાં જાણે અજાણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તું હરિ લેજે. માટે સૌ ગૃહસ્થીઓને વિનંતિ છે કે જમવા માટે સાદ પાડવાનો સમય થાય ત્યારે હાલો સૌ જમવા એવું નહિ પણ 'હલો હરિહર કેલા' શબ્દ પ્રયોગ કરવો જેથી એક તો રસોઈમાં બરકત પડશે અને બીજું રસોઈમાં કોઈ ક્ષતિ રહી ગઈ હશે તો તે

સ્વયં નીકળી જશે.

પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામ મહારાજશ્રીનાં બે મંત્રો અત્યંત પ્રભાવી તથા પ્રેરણાદાયી છે. જેમાં,

(૧) સંધ્યાપાઠ (૨) હરિહર

હરિહર પરંપરા સાથે જોડાયેલા પ્રત્યેક પરિવારનાં ઘરમાં પ્રતિદિન સંધ્યાપાઠ થવું જોઈએ. સંધ્યાપાઠ એ પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજીએ ગાયેલી ગાથા છે. તેથી એના ઉપરથી દ્રષ્ટિ હટાવી લેવી એ આપણો આત્મા તથા મન સ્વીકાર ન કરે એવો વિષય છે. સંધ્યાપાઠ એ હરિહર પરંપરાનો આત્મા છે. એ આત્માને કયાંક જાણે અજાણે ઠેસ ન પહોંચે એની સતત કાળજી રાખવી જોઈએ.

મહારાજશ્રીનો એક જ નાદ ઘરઘરમાં સંધ્યાપાઠ

મહારાજશ્રી ના વિચારો તથા જીવન સંધ્યાપાઠ સાથે જોડાયેલો છે. સંધ્યાપાઠ એ જ મહારાજશ્રી અને મહારાજશ્રી એ જ સંધ્યાપાઠ. જેવી રીતે સંધ્યાપાઠ સ્પષ્ટ શબ્દોમાં છે એવી રીતે મહારાજશ્રી પણ સ્પષ્ટ વકતા હતા. જેવી રીતે સંધ્યાપાઠમાં અતિશયોકિત નથી એવી રીતે મહારાજશ્રીની વાણીમાં પણ અતિશયોકિત ન હતી. જેવી રીતે સંધ્યાપાઠમાં વાણીવિલાસ નથી એવી રીતે મહારાજશ્રીના પ્રવચનોમાં પણ વાણી વિલાસ ન હતું. જેવી રીતે સંધ્યાપાઠમાં યથાર્થ જ્ઞાનનું વર્ણન છે એવી રીતે મહારાજશ્રીનાં નિવેદનો પણ યથાર્થ સ્વરૂપે પ્રસ્તુત થયા હતા. જેથી મહારાજશ્રી અને સંધ્યાપાઠ એકબીજા સાથે ખુબ સામ્ય ધરાવે છે.

આપણા શાસ્ત્રકારો કહે છે કે 'વક્તા દશ શહસ્ત્રેષુ'. દસ હજાર વકતા એક સાથે ભેગા કરી એમાં ખરો વકતા માંડમાંડ તમને એક મળશે. વકતાનું મુખ્ય કામ એ છે કે એ વિષય સમજાવે અને એનું નિવારણ કરે. એના શબ્દો કડવા છતાં હિતકારી હોવા જોઈએ. એની વાણી સમાજને આંજી નાખે એવી નહિ પણ માંજી નાખે એવી હોવી જોઈએ. એના શબ્દકોષમાં સરળતા છવાયેલી હોવી જોઈએ. એના શબ્દે શબ્દે સરળતા તથા નિખાલસતાનાં શ્રોતાઓને દર્શન થવા જોઈએ. હું મોટો તું નાનો, હું જ્ઞાની તું અજ્ઞાની, હું ગુરૂ તું ચેલો, હું વિદ્વાન તું પામર પ્રાણી એવા પ્રકારનાં ભાવો થકી જીવમાં અહંમનો પ્રભાવ વધી જાય છે. પરિણામે આત્માનું દહન થાય છે. મહારાજશ્રી પ્રખર જ્ઞાની હોવા છતાંય એમના જીવનમાં હું જ્ઞાની છું એવો ભાવ કયારે પણ ઉત્પન્ન થયો નહિ. પહેરવેશમાં કોઈ પણ પ્રકારનો ઠઠારો ન હોવાથી તે કોઈને મહંત કે મઠાધિપતિ, હોવા છતાં લાગતા નહોતા. એમનું સંપુર્ણ જીવન સંતની ભૂમિકા સાથે જોડાયેલું હતું.

સંતના મુખ્ય લક્ષણો

૧. જેનું આધ્યાત્મિક સ્થાન મજબૂત છે ...એનું નામ સંત
૨. હું સંત છું એવો જેના મનમાં ભાવ નથી ...એનું નામ સંત
૩. જે છે છતાં ઓળખાતો નથી ...એનું નામ સંત
૪. જેનું જીવન જવાબદારીમાંથી મુકત નથી ...એનું નામ સંત
૫. જેની વાણી કડવી પણ હીતકારી છે ...એનું નામ સંત
૬. જે ઉપદેશ કરતાં આચરણને વધુ મહત્વ આપે છે ...એનું નામ સંત
૭. જે માત્ર જાણકાર નહિ પણ અનુભવી છે ...એનું નામ સંત
૮. જે કોઈ પણ કાર્ય સાક્ષીભાવે કરે છે ...એનું નામ સંત
૯. જે સર્વારંભ પરિત્યાગી છે ...એનું નામ સંત
૧૦. જેનું જીવન સેવાવૃતિથી છલોછલ ભરેલું છે ...એનું નામ સંત

છોરા કમ કર કમ – સંત શ્રી ઓધવરામ

કમ કર કમ એ મહારાજશ્રીએ પોતાના જીવનમાં સ્થાપિત કરેલો સ્વયંમ સંચાલિત ગુરૂમંત્ર હતો. આશ્રમમાં સેવાના મુદ્દે શિષ્યોથી કોઈ ભૂલ થાય તો એનાં ઉપર ગુસ્સે થઈને કહેતા કે 'કમ કર કમ' બસ આટલું કહ્યા પછી તેઓ શાંત થઈ જતા. સંત તુલસીદાસજી કહે છે

દુરીજનકી કૃપા બૂરી ભલો સજ્જન કો ત્રાસ
જબ સુરજ ગરમી કરે તબ બરસનકી આશ

મહારાજશ્રીનો ક્રોધ પણ કર્મની પ્રેરણા આપીને જતો હતો. એક વખત આશ્રમમાં મહારાજશ્રીનાં દર્શન કરવા એક યુવાન આવ્યો હતો. મહારાજશ્રીએ એના પરિવારનાં ખબર અંતર પુછીને કહ્યું કે બા, બાપુજી શું કરે છે ? યુવાને કહ્યું ખેતી કરે છે. મહારાજશ્રીએ પુછ્યું તું શું કરે છે ? યુવાને કહ્યું હું બળદો ખેડું છું. મહારાજશ્રીએ કહ્યું આજે કોણ ખેડશે ? યુવાને કહ્યું બાપુજી મહારાજશ્રીએ કહ્યું બેટા ખેતીની જવાબદારી વડીલોને સોંપીને બાવાઓ પાછળ દોડે એ મને જરાય પસંદ નથી કારણ કે હમણાં તારો કામ કરવાનો સમય છે. પચાસ વરસ સુધી કોઇ પણ માણસે કામમાંથી માથું ઊંચુ કરવું જોઇએ નહિ. કર્મ દ્વારા લક્ષ પ્રાપ્ત કર્યા પછી એને દેવદર્શન તીર્થાટન તથા સંત ચરણ સ્પર્શની ઇચ્છા રાખવી જોઇએ.

મહારાજશ્રીનું સંપૂર્ણ જીવન કર્મયોગ ઉપર આધારિત હતું. તેથી તેઓ ભજનમાં સત્સંગમાં તથા સહજ ચર્ચામાં કર્મ કરવાની પ્રેરણા આપતા હતા. એક વખત એક ખેડુતે આવીને કહ્યું કે મહારાજશ્રી મારી હમણાં ખુબ માઠી દશા ચાલે છે. મહારાજશ્રીએ કહ્યું તો દિશા બદલી નાખ. મહારાજશ્રીનો ઇશારો ખેડુત સમજ્યો નહિ ત્યારે મહારાજશ્રીએ એને સરળ ભાષામાં કહ્યું કે સુરજ ઉગે એથી પહેલા ખેતરે જવું અને આથમ્યા પછી ઘેર આવવું. ખેતર જ્યારે ખેડુતનું મંદિર બને ત્યારે દશા સ્વયંમ બદલી જાય છે. સત્સંગ દરમ્યાન મહારાજશ્રી વિશ્વાસ સાથે કહેતા કે...પરોજો પંઝે વગેં દાંતરો ગંધી ખણી નક્કરી વઝે ઉ દુક્કારમેં પણ 'ઘા'જી ભરી ક્રે અચે. મહારાજશ્રી કહેતા કે પોતાની જાત ઉપરથી વિશ્વાસ હટાવવો જોઇએ નહિ. તમને મળેલા સમયનો સદુપયોગ કરતા શીખો. સમયને સાચવશો તો સમય તમને સાચવશે. સ્વામી સચ્ચીદાનંદજી (દંતાલી) કહે છે કે બાવા ચેનલના ખોટા પ્રચારને કારણે મનુષ્યનો સ્વકર્મ ઉપરથી ભરોસો ઓછો થતો જાય છે ને યંત્રો ઉપર વિશ્વાસ બેસતો જાય છે. યંત્ર અને પુરૂષાર્થ એ બે સામે આવે ત્યારે કોઇ પણ માણસે યંત્રને છોડી પુરૂષાર્થને હાથમાં રાખવો જોઇએ. કારણ કે ભાગ્યની ઘડતરમાં પુરૂષાર્થનો મોટો ફાળો છે. જે માણસો યંત્રોના ભરોસે રહી જાય છે એની કર્મ ઉપરથી પકડ ઢીલી થઇ જાય છે. અને એનો આત્મવિશ્વાસ ધીરે ધીરે ઓછો થતો જાય છે. તેથી યંત્રોના ભરોસે રહેવા કરતાં માણસે સ્વયં યંત્ર બની જવું જોઇએ. એટલે જ મહારાજશ્રી વારંમવારે કહેતા કે છોરા ક્રમ ક્ર ક્રમ અને ગીતા પણ એમ જ કહેવા માગે છે કે, કામ ક્રતો જા હાક મારતો જા. જયાં સુધી તું કામ નથી કરતો ત્યાં સુધી મદદ માગંવાનો તારી પાસે કોઇ જ અધિકાર નથી. નહિ સિંહસ્ય સખા યુધ્ધે. સિંહને શિકાર કરવા માટે અન્યોની જરૂર પડતી નથી. કારણ કે સિંહ હંમેશા પોતાનાં રસ્તેથી ચાલે છે. અને કર્મને પ્રાધાન્ય આપે છે. કવિ કહે છે કે,

કાગડો અને કપૂત

લીંક લીંક હી ગાડી ચાલે લીંક હી ચલે કપૂત
લીંક છોડી તીનો ચલે શાયર સિંહ સપૂત

કપૂત એટલે પરોપજીવી. કપૂત તમેં કમાવો અને હું ખાઉં એવી વિચારસરણી ધરાવે છે. કપૂત કાગડાની જેંમ વાદ-વિવાદ કરવામાં નિપુણ હોય છે. તથા તમેં જેની સાથે ચર્ચામાં ઊતર્યા પછી જીત મેળવી શકયા નથી તો તમારે સમજી લેવાનું કે તમેં કપૂત સાથે ચર્ચામાં ઊતર્યા હતા. એમના શબ્દ ઉચ્ચારણમાં કાગડાની જેમ લેશમાત્ર માધુર્ય નથી હોતો. સતત તે કર્કશ વેણ ઉચ્ચારતો હોય છે. કપૂત પોતાની જાતને કાગડાની જેંમ ચતુર સમજતો હોવા છતાંય કયાંને કયાં બેવકૂફ બનતો હોય છે. કપૂતના આહાર વિહાર વિશે કાગડાની જેમ કોઇ નિશ્ચિત નથી હોતું. જેવી રીતે પક્ષી સમાજમાં કાગડા હડધૂત થાય છે એવી રીતે માનવ સમાજમાં કપૂત હડધૂત થાય છે. કવિ કહે છે

કાગડે ને કોયલ જો હકળો રંગને રૂપ
કોયલ કુછીને માન પામઇ કાગડો થ્યો હળધૂત

કોયલ યોગ્ય સ્થળે બેસીને યોગ્ય ઉચ્ચારણો કરે છે એટલે કે તે માન પામે છે. જયારે કાગડો ખોટી જગ્યાએ બેસીને ખોટા ખોટા નિવેદનો કરે છે એટલે હડધૂત થાય છે. કાગડો અને કપૂત બંને દિશાશૂન્ય હોવાથી તે કોઇ નિશ્ચિત વિચારધારા પ્રાપ્ત કરી શકતા નથી. એટલું જ નહિ બંને નિંદાને પાત્ર ઠરે છે. કચ્છી ભાષામાં એક કહેવત છે કે,

ખુલો ઠાં હસી પાણીઅજો કાગડો ભણે કુકર
આમું છડેને વે વિષ્ટાતે ઈ પણ હકળો ડર

જેને આમફલ અને વિષ્ટામાં ભેદ દેખાતો નથી એવા કાગડાને ''એક હતો ચતુર કાગડો'' લખીને લેખકે મોટી ભુલ કરી છે તેવી રીતે કપૂતનું જીવન પણ કાગડાના જેવું જ હોય છે. આપ સુખી તો જગ સુખી તથા ખાઓ પીઓ અને મઝા કરો તથા કોણે દીઠી છે કાલ ? જેવા સિદ્ધાંત વિહોણા નિવેદનો કરતો ફરતો હોય છે. જેનું બોલવા ઉપર પ્રતિબંધ નથી. સાંભળવા ઉપર પ્રતિબંધ નથી તથા આહાર વિહાર ઉપર પ્રતિબંધ નથી તથા જેનું પોતાના ઉપર નિયંત્રણ નથી એનું નામ કપૂત. કપૂતોનું બીજું નામ છે અજ્ઞાની કવિ અજ્ઞાની. (કપૂત) વિશે કહે છે કે,

રાગ = ખમાજ (વૈષ્ણવજન તો તેને કહીયે)

અજ્ઞાની જન તો તેને કહીએ સમજે નહી જે શાનમાં
સમજાવે સંતો સૌ એને તોય ન આવે ભાનમાં ...અજ્ઞાની
મનબુદ્ધિ ચંચલ છે જેની વૃતિ રહે નહિ સ્થાનમાં
કથા સાંભળવા જાયે ત્યારે બેસે નહિ એક ધ્યાનમાં ...અજ્ઞાની
વરસે વરસે ગુરૂ બદલાવે તોય રહ્યો અજ્ઞાનમાં
વાણીને વર્તનથી એની નિંદા થાયે ગામમાં ..અજ્ઞાની
નામના માટે ધન ખરચે છે ઈશ્વર કેરા કામમાં
પછી સમજે છે સૌથી નીજને મોટો રાચે છે ગુમાનમાં ...અજ્ઞાની
પારકા અવગુણ જોવા માટે બુદ્ધિ લગાડે કામમાં
માંગ્યા વિનાની સલાહો આપી ઘર બગાડે ગામનાં ...અજ્ઞાની
અસ્થિરતા એનાં અંગ અંગમાં ભટકે તીરથ ધામમાં
''ભગતરામ'' હરિ ભજવા માટે બેસે નહિ એકાંતમાં ...અજ્ઞાની

નદી કિનારે એક સાધુ ઝુંપડી બાંધીને રહેતો હતો. સામે કાંઠે એક મડદું પડયું હતું. મડદાંને જોઇ તયાં એક શિયાળ આવ્યો. અને મડદાંને ખાવા માટે લલચાયો. ત્યારે સાધુ શિયાળને મડદું ખાવાની ના પાડે છે. શિયાળ સાધુને પુછે છે ત્યારે સાધુ શિયાળને કારણ બતાવતા કહે છે કે,

હસ્તૌ દાન વિવર્જીત શ્રુતિ પુટો સારસ્વત દ્રોહીણો
નેત્રે સાધુ વિલોકનેન રહી તો પાદૌન તીર્થંગ ગતૌ
અન્યાયાર્જીત ઉદર ભરણમ ગર્વેણ તુંગમ શીરોં
રે.રે. જબુંક મુચ મુચ સહસા નીચઃ સુનિંધઃ વપુ

સાંભળ શિયાળ આ માણસ જયાં સુધી જીવતો હતો ત્યાં સુધી કોઇ દિવસ પોતાનાં હાથે કોઇને દાન આપ્યું નથી. એટલું જ નહિ આંગળી ચીંધવાનું પુણ્ય કાર્ય પણ એણે કર્યું નથી. એટલું જ નહિ એણે એક દિવસ પણ કાનથી શાસ્ત્ર તથા સત્સંગનું શ્રવણ કર્યું નથી. એના કાન માત્ર પ્રશંસા સાંભળવાથી ટેવાયેલા છે. એના નેત્રો વિકારી છે, શિકારી છે પણ સંસ્કારી નથી એણે પોતાનાં પગેથી કોઇ દિવસ નથી કરી પદયાત્રા અને નથી કરી તિર્થયાત્રા તથા અનીતિ થી ધન કમાવીને એણે ઉદર નિર્વાહ કર્યો છે. સંપૂર્ણ જીંદગી એણે હરામના રોટલાથી પેટ ભર્યું છે. છતાં પણ એના મગજમાંથી અહંમ ઓછો થયો નહિ સદા અભિમાનમાં રચ્યો પચ્યો રહ્યો છે. માટે હે શિયાળ આ નર પિચાચનો એક અંગ પણ ખાવા લાયક નથી માટે તું શા માટે તારો ભવ બગાડે છે ?

કપૂત હંમેશા ગાદરીયા પ્રવાહમાં ચાલે છે જયારે શાયર સિંહ અને સપૂત પોતાનાં નિર્ધારિત માર્ગ ઉપરથી ચાલે છે. 'સપૂત એટલે સંત'. સંતો પોતાની જીજ્ઞાસા વૃતિને કારણે તથા ચિંતન અને મનન કરવાની શકિત ધરાવતાં હોવાથી પોતાના માટે સ્વયં માર્ગ બનાવી લે છે. સંતો કયારે પણ તકલાદીઓએ બનાવેલા લોભામણા લલચામણા તથા છેતરામણા માર્ગો ઉપરથી જતા નથી સંતો જયાંથી જાય છે ત્યાંથી માર્ગ બની જાય છે. અને એ માર્ગ એટલો સરળ અને સહેલો હોય છે કે એના ઉપરથી બજિા અનેક માણસો પસાર થઇ શકે છે.

 જે માર્ગનું નામ 'અનુભવી માર્ગ' છે.

સાક્ષીભાવ

પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજને એક દિવસ સવારનાં ઊઠતી વખતે એક વિચાર આવ્યો કે મારો અમુલ્ય સમય સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક વિકાસ પાછળ મારો અંતિમ તથા સંઘર્ષોની સામે લડતાં વપરાઇ જતું હોય તો હું ઇશ્વરનાં સાંનિધ્યમાં ક્યારે પહોંચીશ ? કારણ કે મારો મુળ લક્ષ તો ઇશ્વર પ્રાપ્તિનો છે.

તેન ત્યકતેન ભુંજીથા

ત્યાગ કરીને ભોગવો નાં સિદ્ધાંતને અનુસરનારા મહારાજશ્રી બહારથી કર્મયોગી લાગતા હોવા છતાં ભીતરમાં તેઓ વિરકત હતા. એમનું પ્રત્યેક કાર્ય સાક્ષીભાવે થતું હતું. કોઇપણ કાર્યના મધ્યબિંદુમાં તેઓ ઇશ્વરને રાખતા હતા. પોતાને નહિ. મહારાજશ્રી સ્વયંમ કહેતા હતા કે ઇશ્વરને છોડીને કરેલા કર્મો પરિણામ શૂન્ય હોય છે. કાર્ય સામાજીક હોય કે આધ્યાત્મિક હોય સંતો એને સાક્ષીભાવ તરીકે કરે છે. ફળની આશા રાખીને કરેલા કર્મોમાં સાક્ષીભાવ નથી હોતો. એટલે જ ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું કે કર્મણ્યેવા ધિકારસ્તે મા ફલેષુ કદાચન. ભગવાન કહે છે તું કર્મ કર પણ સાક્ષીભાવે કર માલિકી ધોરણે નહિ.

સંતો ઇશ્વરનાં તમામ કામો સાક્ષીભાવે કરે છે જયારે સામાન્ય માણસો ફળને ધ્યાનમાં રાખીને કર્મ કરે છે. સામાન્ય માણસ માટે ફળ એ કર્મનું પ્રેરકબળ છે. સામાન્ય માણસોની સેવા ભકિત એ સૌ ફળ આધારિત હોય છે. ફળ બંધ થાય તો ભકિત છોડી દેવી. મેવા મળે તો સેવા કરો ના વિચારો ધરાવતા સામાન્ય માણસો સાક્ષીભાવથી સો ગાઉ દુર રહે છે. એવા માણસો ગાયની સેવા પણ ત્યાં સુધી કરે છે કે જયાં સુધી તે દૂધરૂપી ફળ આપે છે. 'દુધ બંધ તો સેવા બંધ'. જયારે સંતો માટે ફળ એના કર્મનું પ્રેરકબળ નથી. સંતોના સ્વભાવમાં જ સેવા ભાવ હોય છે.

ઓગણીસો છપ્પનના દુષ્કાળનો પડકાર ઝીલીને મહારાજશ્રી ફરીવાર (તપોભૂમિ) પર્ણકુટિરમાં પધાર્યા હતા. સંતોને એકાંત પ્રિય હોય છે. જયારે બાવાઓને ઘોંઘાટ પ્રિય હોય છે. તેથી તેઓ મોટા મોટા શહેરો અને એમાં રહેતા મોટા મોટા ઘોંઘાટ પ્રિય ચેલાઓની અને એની પાસે રહેલા મોટા મોટા ખજાનાની શોધમાં ફરતાં હોય છે. કારણ કે બાવાઓ પાસે ઘોંઘાટ પ્રિય (ડખારા) ચેલાઓની નોંધ હોય છે. એક કહેવત છે કે,

શહેરી ગાય શહેર છોડીને જંગલમાં ચરવા જતી નથી
શહેરી બાવો શહેર છોડીને વનમાં તપ કરવા જતો નથી

એ બંને શહેરમાં જ આંટા માર્યા કરે છે. એ બંનેને શહેરનું ભોગ જીવન માફક આવી ગયું છે.

મનુષ્યે પોતાના સ્વભાવમાં પાછા ફરવું જોઈએ.

એક દિવસ સાધના કુટીરમાં સાધના કરતા કરતા મનોમન એવો વિચાર આવ્યો કે હવે મને પ્રવૃત્તિ માર્ગ છોડીને સદાકાળ માટે નિવૃતિ માર્ગે જવું જોઇએ. કારણ કે જીવનનો અંતિમ લક્ષ પ્રવૃતિ નથી, નિવૃત્તિ છે. આખી રાત મનોમંથન કર્યા પછી ગંગાતટે બદ્રીનાથના શરણમાં જઇને શેષ જીવન ગાળવાનો નિર્ણય કર્યો પણ એ નિર્ણયને પાકો ન કરવાથી પહેલા મહારાજશ્રી સાધ્વી મૈયાજી પાસે ગયા અને પોતાનાં નિર્ણયની રજુઆત કરી. મહારાજશ્રીનો મક્કમતા ભર્યો નિર્ણય સાંભળીને મૈયાજી સ્તબ્ધ થઇ ગયા અને મનમાં વિચાર્યુ કે વયોવૃધ્ધ મહારાજશ્રીને બદ્રીનાથ જવા માટે કઇ રીતે અનુમતિ આપવી અને એમનાં નિર્ણયને બદલાવવો તો પણ કઇ રીતે બદલાવવો ?

કોઇ પણ માણસને હકીકત તરફ લઇ જવા માટે શામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કરવો જોઇએ. મૈયાજી બહુ જ્ઞાની હતા, સરળ હતા અને સહજ હતા. હરિહર સંપ્રદાયનાં સંતો સાથે આત્મીયતાપૂર્ણ અને અતિ નિકટનાં સંબંધો ધરાવતા હોવાથી એમની આજ્ઞાનું કોઇ ઉલ્લંઘન કરતું નહિ જેને ધ્યાનમાં રાખીને મૈયાજીએ કહ્યું મહારાજશ્રી ભજન માટે બદ્રીકાશ્રમ અતિ યોગ્ય સ્થાન છે. દરેક મનુષ્યે પ્રવૃતિનો મારગ છોડીને નિવૃતિના મારગે જવું જોઇએ. મનુષ્યે પોતાના સ્વભાવમાં પાછા ફરવું એ જ એનો ખરો ધર્મ છે. માયાજાળમાં અટવાયેલા એવા તો ઘણાં મનુષ્યો છે કે જે જીવનના અંત સુધી નિવૃત્તિનાં માર્ગે જતા નથી અને મનને લલચાવે એવી મોહક પ્રવૃતિમાં દિવસે દિવસે ઊંડા ઊતરતા જાય છે. જગદગુરૂ શંકરાચાર્ય કહે છે

સુખત ક્રીયતે રામા ભોગ : પશ્ચા દ્વન્ત શરીરે રોગ :
યદપિ લોકે મરણમ શરણં તદપિન મુચ્યતે પાપાચરણમ્

પુનરપિ રજની પુનરપિ દિવસ પુનરપિ પક્ષ પુનરપિ માસઃ
પુનરપ્યનં પુનરપિ વર્ષ તદનપિન મુચ્યત્યાસામર્ષમ

કોઈ પણ મનુષ્ય પોતાના જીવનને ભોગોમાં વિતાવતા વિતાવતા અંતે રોગનો શિકાર બને છે. મૃત્યુના મુખમાં પડયો છે. તોયે તેનાથી થઇ શકતો પાપ કર્મ કરતાં અચકાતો નથી. એમના ઉપરથી રાત ગઇ દિવસ ગયો પખવાડીયું ગયું એને માસ પણ ગયો એમ કરતાં કરતાં વર્ષો નીકળી ગયા જીવન છુટી જવાની તૈયારીમાં છે પણ એણે પોતાનાં જીવનમાંથી ઈર્ષા અને આશાને ત્યજી દેવાનાં પ્રયત્નો કર્યા નહિ !!! અને પોતાનાં મૂળ સ્વભાવમાં પાછો ફર્યો નહિ. ઇશ્વર દર્શનની ઇચ્છા પ્રગટ થાય ત્યાર પછીના મનની સ્થિતિનું વર્ણન કરતાં કવિ શ્રી શંકરદાન કહે છે કે,

રાગ : શીવરંજની તાલ - દીપચંડી

શંભુ શરણે પડી માંગુ ઘડી રે ઘડી દુઃખ કાપો
દયા કરી શિવ દર્શન આપો ...ટેક૦
અંગે ભષ્મ સ્મશાનની ચોડી સંગે રાખો સદા ભૂતટોળી
ભાલે તિલક કર્યું કંઠે વિષ ધર્યું અમૃત આપો ...દયા
હું તો એકલપંથી પ્રવાસી છતાં આતમ કેમ ઉદાસી
થાકયો મથી રે મથી કારણ જડતું નથી શકિત આપો ...દયા
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે મારું મનડું ત્યાં જાવા ચહે છે
સારા જગમાં છે તું વસું તારામાં હું સમજણ આપો ...દયા
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું સારી સૃષ્ટિને શીવ રૂપ દેખું
મારા મનમાં વસો હૈયે આવી હસો શાંતિ સ્થાપો ...દયા
'શંકરદાન' ના ભવદુઃખ કાપો નિત્ય સેવાનું શુભફળ આપો
ટાળો માન મદા અને ગર્વ સદા ભકિત આપો ...દયા

ગીતામાં ભગવાને કહ્યું છે કે સંન્યાસી કર્મ ન કરવા છતાં પણ તે ઘણા કર્મ કરે છે. છતાંય એ મુકિતને પામે છે. કારણ કે સાક્ષીભાવે કરેલા કર્મોનાં બંધન એને નડતા નથી. એમની આશકિત ફળમાં નથી. યશ-અપયશ, માન-અપમાનમાં નથી. હર્ષ, લાભ, ભય કે શોકમાં નથી. એમની આશકિત માત્ર ઇશ્વરનાં ચરણોમાં છે. એટલે જ કવિ કહે છે કે 'આપો દ્રષ્ટિમાં તેજ અનોખું' એમની દ્રષ્ટિ તથા એમનાં વિચારો પોતાની સાથે નહિ પણ ઇશ્વરનાં કામ સાથે જોડાયેલા હોય છે. કોઇ પણ મનુષ્યે પોતાના સ્વભાવમાં રહીને પોતાનાં જીવનનો વિકાસ કરવો એ એનો મૂળભુત અધિકાર છે.

મહારાજશ્રીનાં વિચારો જાણ્યા પછી સાધ્વી મૈયાજીએ કહ્યું આપનો બદ્રીનાથ જવાનો સંકલ્પ સર્વથા શ્રેષ્ઠ છે. કારણ કે આપણા પૂર્વજો પણ આત્માની ઉન્નતિ માટે બદ્રીનાથ તથા એવા જ પ્રકારનાં પવિત્ર તીર્થો પર જીવન વિતાવતા વિતાવતા હરિને શરણ પામ્યા છે. પણ આપ તો અમારી દ્રષ્ટિએ સ્વયં એક તીર્થ છો. અને જે સ્વયં તીર્થ છે એને તીર્થો કરવાની જરૂર શી ? માટે આપ આપનાં સંકલ્પ વિશે ફરીથી વિચાર કરો તો સારું. કારણ કે આપના બદ્રીનાથ જવાના નિર્ણયની માતાજી (ચાગબાઇ) તથા બાપુરામને ખબર પડી ગઇ છે. તેથી તેઓ સતત આપની જ ચિંતામાં રહે છે. એ બંને આખી રાત ઊંઘ્યા પણ નથી. આજની પરિસ્થિતિને જોતાં મને એમ લાગે છે કે, માતાજી તથા બાપુરામની સેવામાં તથા એમનાં દર્શનમાં જ બદ્રિનાથનાં દર્શન સમાયેલા છે. આપ તો બદ્રીનાથ જઇને ભગવાનના નિત્ય દર્શન કરશો પણ અમારા નિત્ય દર્શનનું શું ? કારણ કે અમારા બદ્રીનાથ તો આપ જ છો. હું આપને ઉપદેશ નથી આપતી પણ એક નમ્ર પ્રાર્થના કરું છું કે, સંજોગ અને સમયને ધ્યાનમાં રાખીને આપ અમારા સૌના ભલા માટે બદ્રીનાથ જવાના સંકલ્પને મર્યાદિત સમય માટે સ્થગિત કરશો તો માતાજી તથા બાપુરામને ખુબ આનંદ થશે. આપ જ્યાંથી પ્રયાણ કરશો ત્યાં એક તીર્થ નિર્માણ થશે. તમે જ્યાંથી નીકળશો ગંગાનો પ્રવાહ પણ ત્યાંથી નીકળશે. મહાપુરૂષો જે ઝાડ નીચે રાતવસો કરે છે એ ઝાડ પણ તીર્થ બની જાય છે. કારણ કે સંતોના કદમ કદમ પર કાશી છે. સાધ્વી મૈયાજી કહે છે મહારાજશ્રી આપ અમને આપનાં નિત્ય દર્શનનો ભાવ આપીને જીવન

જીવવાનો માર્ગ બતાવજો. એના સંદર્ભમાં કવિ કહે છે કે,

રાગ = ભૈરવી

સંત ઓધવરામ શરણે રાખજો
રાખજો ગુરૂદેવ દરસન આપજો ...સંત
કોણ હું ને કોણ જગતનો નાથ છે
એટલી ગુરૂદેવ સમઝણ આપજો ...સંત
ભાવના છોડી ભુલ્યો નીજ ધર્મને
ધર્મ માનવનો ખરો સમજાવજો ...સંત
મોહમાં ભૂલો પડયો ભવ સાગરે
નાથ પકડી હાથ પાર ઉતારજો ...સંત
ભોગનાં રંગો સૌ ઊડી જશે
ભકિતનાં રંગે મને રંગાવજો ...સંત
અંત સમયે ધ્યાન રહે તવ ''ભગતરામ''
એટલી મારી વિનંતી સ્વીકારજો ...સંત

સાધુશ્રી બાપુરામ

આપણા ઈશ્વર આશ્રમમાં બાપુરામ નામના ખડતલ તથા ખુબ આત્મવિશ્વાસુ સાધુ રહેતા હતા. કદ એમનું સૌથી નાનું હતું પણ બુધ્ધિમાં સૌથી ચડીયાતા હતા. બાપુરામ મૂળ નેપાળના હતા. એક હાથે અપંગ હોવા છતાં મર્દાનગી એના નસેનસમાં વણાયેલી હતી. બાપુરામ યુવાન વયે એક વખત નેપાળનાં જંગલમાં લાકડા કાપવા ગયા હતા. ત્યાં એમને એક વાઘ સાથે ભેટો થઇ ગયો અને શરૂ થઇ હાર-જીતની બાજી. બાપુરામનાં હાથમાં કોદાળી હતી પણ વાઘનાં અચાનક હુમલાથી કોદાળી પડી ગઈ. વાઘે બાપુરામનું ગળું પકડવાની ખૂબ કોશિષ કરી પણ બાપુરામ વાઘની બધી કોશિષોને નાકામીયાબ કરી દેતા હતા. અંતે વાઘ સાથે ઝપાઝપી કરતાં કરતાં બાપુરામ થાકયા ત્યારે એમનાં મનમાં એક વિચાર આવ્યો કે સમુળું જીવન ચાલ્યું જાય એના કરતાં એક હાથ ભલેને ચાલ્યો જાય. એવું વિચારીને વાઘના મોઢામાં એક હાથ નાખીને એની જીભને કસોકસ પકડી લીધી. અંતે પરિણામ એ આવ્યું કે વાઘનો જીવ ગયો અને બાપુરામનો એક હાથ ગયો. જીવન તરફ જોવાનો દ્રષ્ટિકોણ અગર સકારાત્મક હોય તો એક હાથ ગયો ન કહેવાય એક હાથ રહ્યો કહેવાય. કવિ કહે છે કે દ્રષ્ટિ બદલ ગઇ તો નઝારે બદલ ગયે.

સાજા થઇ ગયા પછી બાપુરામને એક વિચાર આવ્યો કે ભગવાને મને નવો અવતાર આપ્યો છે. માટે આજથી મને વાઘ જેવું જીવન નહિ પણ માણસ જેવું જીવન જીવવું જોઇએ. બાપુરામ આશ્રમમાં ઘણી વખત કહેતા કે ચાર પગવાળાં વાઘ કરતાં બે પગ વાળો વાઘ બહુ ખતરનાક હોય છે. ચાર પગવાળો વાઘ આપણી સામે વાઘ બનીને આવે છે જયારે બે પગવાળો વાઘ આપણી સામે સજ્જનતાનો મુખવટો પહેરીને આવે છે. બે પગવાળો વાઘ નિર્દય હોવા છતાં માણસ ખાઉ હોવા છતાં આપ મતલબી હોવા છતાં સમાજમાં પુજાય છે. કારણ કે એના ભીતરનો વાઘ ગુપ્ત સ્થાને છુપાયેલો હોવાથી સમાજને તે દેખાતો નથી. બાપુરામ કહેતા કે હું બંને વાઘના પરિચયમાં આવ્યો છું.

બાપુરામ બચપણથી જ લાઠીદાવ શીખ્યા હતા. અને આશ્રમનાં સૌ છોકરાને શીખવાડતા તથા પોતે એક હાથે લાઠી ફેરવતા અને છોકરાઓને પથ્થર મારવાનું કહેતા. છોકરાઓ ડબલ તાકાત લગાડીને પથ્થર મારતાં પણ બાપુરામ લાઠીદાવ અજમાવીને પથ્થરોનાં છેદ ઉડાવી દેતા. તેઓ દરરોજ સવારનાં સુરજ ઊગે ત્યારે ખુરશી ઉપર બેસીને પક્ષીઓને ચણ નાખતા ત્યારે કાગડાઓ આવીને હેરાન કરતા બાપુરામ એને લાકડીથી ભગાડતા. એક વખત એક કાગડો જેવો ખુરશી નીચે આવ્યો તેવો બાપુરામે લાઠીનો દાવ અજમાવ્યો. કાગડાએ ખુરશી નીચેથી ભાગવાની ખુબ કોશિષ કરી પણ ભાગી શકયો નહિ. હરિહર પરંપરા એટલે જ રત્નોની ખાણ કહેવાતી હતી જેમાં એક બાપુરામ હતા. આશ્રમના ભીષ્મ પિતામહ જેવા ગણાતા બાપુરામ એક સો ને ચૌદ વરસની આયુષ્ય ભોગવીને પ્રભુને પ્યારા થયા હતા.

શયામ વિના વ્રજ સુનું લાગે

સાધ્વી મૈયાજીએ કહ્યું મહારાજશ્રી શ્રી કૃષ્ણનું ગોકુળ છોડીને મથુરા ગમન કરવાથી ગોપીઓને કેટલા કષ્ટ સહેવા પડ્યા હતા. એ તો આપ અમને ભજનો દ્વારા ઘણી વખત સમજાવી ચુકયા છો,

રાગ : આશા તાલ - કેરવા

શ્યામ વિના વ્રજ સુનું લાગે ઓધા અમને ના એ ભાવે રે ...શ્યામ૦
વિકટ દીસે યમુના કિનારો વસમું લાગે વનરાવન સારો
અતિ તલપે જીવ અમારો માધવ કોણ મીલાવે રે ...શ્યામ૦
ચીત અમારો ગયો ચુરાકે મોહન મીઠી બંસી બજાકે
પહેલી હમસેં પ્રિત લગાકે રઝળતી મેલી માવે રે ...શ્યામ૦
આ હાલ અમારા કૃષ્ણને કહેજો યાદવરાય ને સંદેશો દેજો
અમો રંક પર રીસ ન કીજો કરૂણા સિંધુ કહાવે રે ...શ્યામ૦
રોવન લાગી વ્રજકી નારી સકલ જગત કી કાર્ય બિસારી
"થાર્યો" કહે ચરન બલિહારી દીલમેં ધ્યાન લગાયે રે ...શ્યામ૦

સાધ્વી મૈયાજીની વાત સાંભળીને મહારાજશ્રીનું અંતઃકરણ ભરાઇ આવ્યું. કારણ કે મૈયાજીના શબ્દોમાં સત્યતાના દર્શન થતા હતા. મૈયાજીના લાગણી સભર વિચારોનું સ્વાગત કરીને એમનાં વિચારો સાથે સહમત થયા અને ત્યારબાદ શ્રી વિસનજી કાનજી શ્રોફની સલાહ મુજબ ઓછા સભ્યો ધરાવતા ટ્રસ્ટને વિખેરીને ગુરૂકુળનો વહીવટ સારી રીતે અને સુવ્યવસ્થિત ચાલે અને પોતાને ભજન કરવાનો અવસર મળે એ હેતુથી વહિવટ નિષ્ણાંતો એવા ચૌદ સભ્યોની સંરક્ષણ સમિતિ બનાવવામાં આવી.

સંરક્ષણ સમિતિ તા.૧૩/૬/૧૯૪૫

શ્રી હરિદાસ વેલજી ભાનુશાલી	પ્રમુખ	શ્રી વીસનજી કાનજી શ્રોફ	મંત્રી
શ્રી છોટાલાલ ઘરમશી જોષી	મંત્રી	શ્રી માંડણ ભાણજી પરમાર	મંત્રી
શ્રી છગનલાલ વેલજી ભાનુશાલી	ખજાનચી	શ્રી ખીમજી શામજી પોપટ	સભ્ય
શ્રી ભીમજી રતનશી રૂપારેલ	સભ્ય	શ્રી મોનજી ગાંગજી પોપટ	સભ્ય
શ્રી કાનજી મોતીભાઇ	સભય	શ્રી ગાંગજી જેરામ વકીલ	સભ્ય
શ્રી ગોરધનદાસ આણંદજી ઠક્કર	સભ્ય	શ્રી કરસનદાસ હિરજી પંજુઆણી	સભ્ય
શ્રી ઠાકરશીં નરશી કોઠારી	સભ્ય	શ્રી જાદવજી રતનશીં ભાનુશાલી	સભ્ય

Vandhay Gurukul Management Committee

એવી રીતે સંરક્ષણ સમિતિની નિમણુક કરવામાં આવી. મહારાજશ્રીએ ગુરૂકુળનો સંપુર્ણ વહીવટ સંરક્ષણ સમિતિને સોંપ્યા બાદ પોતે ગુરૂકુળનાં સેવક તરીકે રહ્યા. ત્યારબાદ સેવા તથા સાધના કાર્યમાં વિક્ષેપ ન પડે એ હેતુથી સંવત ૧૯૯૯ માગસર સુદ ૪ ના દિવસે ઇશ્વર આશ્રમનો વહીવટ પોતાનાં ગુરૂબંધુ શ્રી કેશવદાસને સોંપી પોતે નિવૃતિના માર્ગે ગયા પણ સંતોને વળી નિવૃત્તિ કેવી ? વિધિના વિધાનને કોઇ જાણી શકયું નથી. નિવૃતિની પળોમાં સરી ગયેલા મહારાજશ્રીના જીવનમાં ફરી પ્રવૃતિનો સંચાર થયો. કેશવરામને આશ્રમનો વહીવટ ચલાવતા માત્ર બે વરસ વિત્યા હશે ત્યાં તો એ માંદગીમાં સપડાયા અને ટુંક સમયમાં મૃત્યુનાં શરણે થયા. ફરીથી આશ્રમનો વહીવટ મહારાજશ્રીના માથે પડયો. એક વરસ સુધી વહીવટ ચલાવ્યા બાદ મહારાજશ્રીએ સતત ૨૦૦૩ માં પોતાનાં શિષ્ય શ્રી દયાળદાસને આશ્રમનો વહીવટ સોંપી પોતે પાછા સેવાકાર્યમાં લાગ્યા.

ગૌ સેવા પરમો ધર્મ

મહારાજશ્રી ગાયો ઉપર અત્યંત પ્રેમ હોવાથી જયારે જયારે સમય મળે ત્યારે ત્યારે દિવસમાં બે ચાર વખત ગૌ સેવામાં વિતાવતા. ગૌસેવા માત્ર હરિહર પરંપરાનું નહિ પણ સનાતન ધર્મનું પ્રતિક છે. આંગણામાં, આશ્રમોમાં, મઠોમાં તથા અનુકુળતા ન હોય તો અનુકુળતા ઊભી કરીને પણ ગાયો પાળવી જોઇએ. એવી અમારા

ઋષિમુનીઓની માંગ છે. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આજે ગાયોને માતા કહેવા વાળા ગાય જ્યાં સુધી દુધ આપે છે એટલા દિવસ જ માતા કહે છે. પછી એ ગાય ન ધણીયાતી થઈને રખડ્યા કરે છે.

ધણી વગરનો ઢોર

બૌદ્ધિકોએ અભ્યાસ કરીને ન ધણીયાતી ગાય, ન ધણીયાતો રાષ્ટ્ર, ન ધણીયાતી સંસ્કૃતિ, ન ધણીયાતા ધર્મનાં અંત વિશે જાણી લેવું જોઇએ. 'ધણી વગરનો ઢોર' નામની કહેવત આપણને ઘણું બધું કહી જાય છે.

મોટા ભાગના મુર્ખાઓ સમાજમાં પોતાની જાતને ગૌ પ્રેમીની છાપ ઊભી કરવા માટે કાગળ ઉપર ગાય ચીતરીને એની પ્રતિમા દિવાનખાનામાં લટકાવી રાખે છે. થોડું વિચાર કરીએ તો એવા દંભી ગૌ પ્રેમીઓના દંભના કારણે ગૌ સંવર્ધનનું કામ અટકી ગયું છે. ગૌ સેવાનો અર્થ અબીલ, ગુલાલ, અગરબત્તી એવો થતો નથી. ગૌ સેવા માટે તથા એના રક્ષણ માટે યથાર્થ પ્રયત્નો કરવા એનું નામ ગૌ સેવા.

એક બહેન એક દિવસ કથા સાંભળવા ગયા હતા. એ દિવસે કથાકારે વડીલોની સેવા કરવા વિશે ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને સાંજે એ બહેન ઘેર આવ્યા. રાત્રે જમવા માટે રસોઈ ન બનાવતા હાથમાં પાણીનો લોટો, કંકુ, અબીલ, ગુલાલ લઇને વડીલોના ખંડમાં આવ્યા. સૌ પ્રથમ એણે વડીલો ઉપર જલાભિષેક કર્યો. ત્યારબાદ અબીલ અને ગુલાલનો છંટકાવ કર્યો. પછી ઘી નો દીવો પ્રગટાવીને આરતી ઉતારી પણ જમવાનું આપ્યું નહિ. વડીલોએ કહ્યું વહુ આ તું શું કરી રહી છે ? વહુએ કહ્યું બાપુજી આજે હું કથા સાંભળવા ગઇ હતી ત્યાં કથાકારે સૌને ઉપદેશ કર્યો કે વડીલોની સેવા પૂજા કરો. હું આજે તમારા સેવા કાર્યમાં એટલી વ્યસ્ત છું કે આજે મેં જમવાનું પણ નથી બનાવ્યું આજે તમેં સેવાથી કામ ચલાવી લ્યો. બાપુજીએ કહ્યું વહુ બેટા સેવાનો અર્થ સમજવા માટે કથાકાર પાસે નહિ પણ એની ઘરવાળી પાસે જા. અને સેવાનો સાચો અર્થ જાણી લે. અને હું તને એક ઉપદેશ આપું છું કે વડીલોની જરૂરિયાતો પુરી કરવી એનું નામ સેવા છે. આજે સેવાનું અર્થ ઘટન ખોટી રીતે થઇ રહ્યો છે. માટે સૌએ સેવાનો સાચો અર્થ જાણી લેવો જોઇએ.

આપણો ભારત દેશ ખેતીપ્રધાન દેશ હતો. આખા વિશ્વમાંથી શુદ્ધ, શાકાહારી સમાજ ગોતવા હોય તો તે ભારતમાંથી મળતા હતા. અને આજે એ જ દેશ ધીરે ધીરે માંસાહાર તરફ ઢળતો જાય છે. પરિણામે કસાઇઓ તથા કતલખાનાનો જોર વધતો જાય છે. આજે શુદ્ધ, શાકાહારીની દીકરીઓ માંસાહારીનાં ઘરમાં વહુ બનીને જતી વખતે લેશ માત્ર પણ વિચાર કરતી નથી. માંસાહારનો વિષય આજે સર્વ સામાન્ય સ્તર ઉપર આવીને ઊભો છે. જેના લીધે ગાયનું વ્યાપારીકરણ થઇ રહ્યું છે. આજે દુધ આપતી ગાય અને દુધ ન આપતી (વસુકેલી) ગાયનાં ભાવમાં ઝાઝો ફરક ન હોવાથી ગાયો કસાઇવાડા તરફ જઇ રહી છે. સંત તુલસીદાસ કહે છે

તુલસી ગરિબ ન સતાપિયે બુરી ગરીબ કી હાય
મુવા ઢોરકે ચાંમસેં લોહા ભસ્મ હો જાય

એક મુંગા પ્રાણીની યાતના તથા એની વેદના જાગૃત નાગરિકોએ ધ્યાનમાં લેવી જોઇએ.।

રાગ : ભૈરવી (લાવણી)

સકલ જગતની ગૌ માતાનાં આંખે અશ્રુપુર વહે છે
તેમ છતાં હે માનવ અમને ગૌ માતા તું કેમ કહે છે? ...ટેક૦
વૈદ્ય હકીમોં ત્યાં નથી જાતા જ્યાં તુલસીને ગાય રહે છે
એ ઘરમાં હવે ગાય છોડીને કુતરા પર સૌ પ્યાર કરે છે
આંગણાંમાં કોઇ ગાય આવે તો લાઠીથી પ્રહાર કરે છે. ...તેમ છતાં
પશુધન બચાવી લેજો સૌ કોઇ એવી વાત કરે છે
કપાયછે જ્યાં કુળ મારા ત્યાં કોણ જઇ પંચાત કરે છે
જ્યાં દુધની નદીઓ વહેતીતી ત્યાં લાલ લોહીની ધાર વહે છે ...તેમ છતાં
ગાં વિના નાં અનાથ મારા બાળક સૌ વિલાપ કરે છે

એને કોઇ નથી સાંભળતું તોયે દર્દ ભરેલા સાદ કરે છે
મારા હાડપીંજર પાસે આવી પછી સુખદુઃખની બે વાત કરે છે...તેમ છતાં
કસાઇ સાથે હાથ મિલાવી હથિયારમાં હાથા કોણ બને છે?
સંસ્કૃતિના દુશ્મનો થઇને પાપનાં ધંધા કોણ કરે છે?
વૃધ્ધ ગાય બળદને અંતે સૌ કોઇ ઘરની બહાર કરે છે ...તેમ છતાં
કતલ કરે છે માનવી એને માલિકનું ફરમાન કહે છે
ધર્મનાં નામે કતલ કર્યા પછી ખાઇ પી ને સૌ લહેર કરે છે.
રહેમ ખાવી નથી ગમતી સૌ કોઇ મુજ પર અત્યાચાર કરે છે ...તેમ છતાં
માંસ ખાઇને માણસ સૌથી શૂર નહિ પણ ક્રુર બને છે
નિતિ એમ કહે માંસાહારી માનવતાથી દુર રહે છે
તોય માંસાહારી ધરમ કરમની બહુ મોટી મોટી વાત કરે છે ...તેમ છતાં
ભોગની પાછળ ભટકે માનવ ધર્મગુરુ ધન પાછળ દોડે
મહંત અને મઠાધીપતિ ઓ ગર્ભ શ્રીમંત ચેલાઓ શોધે
નાશ થતાં મારો વંશ જોઇ સૌ આંખની આડા કાન ધરે છે ...તેમ છતાં
હું ગાય સામાજિક પ્રાણી છું, સૌના માટે સર્જાણી છું
બલીદાન આપે મારા માટે હું એજ વીરોને શોધું છું
અધિકાર મારા સંતાનોનાં સૌ છીનવીને પી જાયે છે ...તેમ છતાં
હું સકલ જગતની છું માતા એમ વેદ પુરાણ ગાયે ગાથા
વેદના માંથી વેદ પ્રગટશે મારી ગાશે સૌ જનગણ ગાથા
'ભગતરામ' ગૌમાતા નીજના દીલના દર્દની વાત કરે છે. ...તેમ છતાં

સંપુર્ણ જગત માત્ર ઇશ્વરની ઇચ્છાથી નથી ચાલતો. એમાં માનવજાતિનો ખુબ ફાળો છે. આપણા સંતોનું મુખ્ય કામ ઇશ્વરને આધિન રહીને તથા એમની નિગરાની હેઠળ રહીને જગતનું સંચાલન કરવાનું હોય છે. કારણ કે ભગવાને સંતોને તથા સૌ કોઇ જીવને ઇચ્છા શકિતનાં એક ભાગનો એને સ્વતંત્ર હવાલો આપ્યો છે. સાથે સાથે એક સંદેશ પણ આપ્યો છે કે,

મર્મના વર્તન્તે ઈતિ મનુષ્યા

તું તારી ઇચ્છાથી તથા તારા વિચારોથી તથા તારી કર્તવ્ય બુદ્ધિથી જગતનું તારી સ્વતંત્ર સત્તાથી સંચાલન કરી શકે છે. પણ નિષ્કામ ભાવથી માત્ર ઇશ્વર ઇચ્છા બલવાન કહેવાવાળો સમુદાય કર્મયોગી નહિ પણ અકર્મણ્યવાદી છે. પ્રત્યેક મનુષ્યે એક વાતનો ખાસ વિચાર કરવો જોઇએ કે ભગવાને મને ઇચ્છા શકિત શા માટે આપી છે? ગૌમાતા વેદના દ્વારા માણસ જાતિને પડકાર ફેંકતા કહે છે કે માનવ તને મને ગૌ માતા કહેવાનો કોઇ જ અધિકાર નથી. ગૌ માતાને બીજી પણ એક ચિંતા સતાવે છે કે... જે સમુદાય કાગળમાં છાપેલી ગાયની પૂજા કરીને સંતોષ માની રહ્યો છે એ ભલા મને કઇ રીતે બચાવશે? માટે ભારતનાં કોઇ પણ જાગૃત નાગરીકે ગૌ સંવર્ધનના કામમાં જોડાઇ જવું જોઇએ. જેવી રીતે ગૌ સેવાના બે અંગો છે. ગૌ સંવર્ધન કરો તથા ગાયોને સંભાળો. એ બે કામો માંથી આપણે આપણું કામ સંભાળી લેવું જોઇએ. જેવી રીતે ગૌ સેવાના બે અંગો છે એવી રીતે એમની ત્રણ કાર્ય પ્રણાલિઓ છે. (૧) ગાયોની સેવા મનથી પણ કરી શકો છો (૨) તનથી પણ કરી શકો છો તથા (૩) ધનથી પણ કરી શકો છો. કહેવાનું તાત્પર્ય એટલું કે પ્રકાર જે હોય તે ગૌ સેવા કરવી જરૂરી છે. ગાયો ઉપર અત્યાચાર થતા હોય અને માણસ જો નિરાંતની ઊંઘ લેતો હોય તો તે અમાનવીય લક્ષણ છે.

પરમ પૂજય મહારાજશ્રી ગૌસેવા કાર્યને જે નથી સમજી શકતા તેઓને ઉદ્દેશીને કહે છે કે,

રાગ = **યમન** (લય-જનમ જે સંતને આપે)

કરો સૌ જીવનું કલ્યાણ ઓધવરામ એ જ સમજાવે
જીવ સૌ ઈશના સંતાન ઓધવરામ એ જ સમજાવે ...કરો.
કરે જે જીવ પર પ્રિતિ ખરા માનવની એ રીતિ
અહિંસાના સુરો છેડી પ્રેમનાં ગીત ગાયે છે ...કરો.
વહે સૌ વેદની શાખા અમારી ગાય છે માતા
કતલ કીધા પછી આનંદ તમને કેમ આવે છે ...કરો.
મનુષ્યના લાભની ખાતર પશુઓનું થયું સર્જન
અબોલાને મુંગા પ્રાણીને તું શાને સતાવે છે ...કરો.
અરે માનવ તું લે જાણી બચાવી લેને તું પ્રાણી
કર્મયોગી ઊભો થઈ જા 'ભગતરામ' શું વિચારે છે ...કરો.

માય પછી ગાય

આપણા પૂર્વજોના મત અનુસાર તથા વૈજ્ઞાનિકોના તારણ મુજબ માઁ ના ધાવણ સાથે ગાયના દૂધના ગુણધર્મો મળી આવતા બાળક માટે ગાયનું દુધ ધાવણની ગરજ સારે છે. ઋષિઓએ સમર્ગ માનવ જાતને ગૌ સેવા કરવાનો આદેશ આપ્યો ત્યારે ભારતમાં હિંદુ શબ્દ પ્રચલિત ન હતો. ગાય માત્ર હિંદુ ધર્મ માટે સેવાનું પ્રતિક નથી પણ સમગ્ર વિશ્વ માટે સેવાનું પ્રતિક છે. ગાયનો સ્વભાવ નિર્દોષ તથા સરળ અને નિખાલસ હોવાથી એનાં દુધમાં એના એ જ ગુણો અવતરે છે. માત્ર ગાયનું દુધ નહિ પણ એનાં ગૌ મુત્રમાં પણ રોગ નિવારક શકિત સમાયેલી છે. ગાયનું દુધ, ગૌમૂત્ર, છાણ તથા એમનું મૃત્યુ પશ્ચાત ચામડું પણ સમાજને ઉપયોગી થઇને રહ્યું છે. માટે જ ગાય પ્રત્યેક ધર્મનાં ઘટકો માટે સેવાનું પ્રતિક સિદ્ધ થઇ છે. કુરાનમાં પણ ગૌ માતાનો પરિચય આપવામાં આવ્યો છે. જેમાં મહમદ પયગંબરે ગાયની નિર્દોષતા અને પ્રસન્નતાનું વર્ણન કરીને ગૌ સેવાનો આદેશ આપ્યો છે.

ગાય પ્રાણી સૃષ્ટિનું પ્રતિક છે. તેથી પુજનીય છે. તેવી રીતે આપણા ઋષિમુનિઓએ વનસ્પતિ સૃષ્ટિનાં પ્રતિક તરીકે તુલસી તથા નદીઓમાં ગંગા પુજાને મહત્વ આપવામાં આવ્યું છે. 'પૂજા એટલે સંવર્ધન'. ઈશ્વરની પૂજા એટલે ઈશ્વરનાં વિચારોનું સંવર્ધન. ગૌ પૂજા એટલે ગાયોના વંશનું સંવર્ધન. તુલસીપૂજા એટલે વનસ્પતિ સૃષ્ટિનું સંવર્ધન. અમેં સૌ શાસ્ત્રોની ભાષા ન સમજી શકવાથી તુલસીના પાંદડાનો સદુપયોગ ન કરતાં વેડફી નાખીએ છીએ. તુલસીનો સદુપયોગ એજએની ખરી પુજા છે. જે માણસ તુલસીનું સંવર્ધન ન કરતાં તેના પાંદડાને તોડી વાયા શીવલીંગ થઇને ગટરમાં નાખી દેતાં લેશ માત્ર પણ વિચાર કરતો નથી એના જેવો મુર્ખ માણસ તમને બીજો કોઇ નહિ મળે.

સમાજમાં સાચું વેદજ્ઞાન ન હોવાથી પુજા પાઠમાં અશાસ્ત્રોકત ગતિ વિધિઓ કામ કરી રહી છે. માટે વેદજ્ઞાન હોવું જરૂરી છે. જેવી રીતે પાંદડા વૃક્ષને શોભાવે છે એવી રીતે સાચું વેદજ્ઞાન સંસારને શોભાવે છે. આના કાળમાં ધર્મમાં દંભ, ઢોંગ, ધતિંગ તથા લોભ લાલચ અને સ્વાર્થનો પ્રવેશ એટલા માટે થયો છે કે ધર્મનું કામ કરવાવાળા સ્વયં અશાસ્ત્રોક્ત છે. તેથી ભાગવત કથા જેવા આયોજનો સ્વાર્થથી ખદબદે છે.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં જેને જેને વિભૂતિઓ ગણી છે એ બધામાં ઔષધીયુકત ગુણો તથા તેની ઉપયોગીતાને ધ્યાનમાં લીધી છે. આપણા ઋષિઓએ પીપળામાં પણ ઈશ્વરના દર્શન કર્યા છે. અને ભગવાન શ્રી કૃષ્ણે પણ 'અશ્વત્થઃ સર્વવૃક્ષાણામ' કહીને પીપળાના વૃક્ષનું બહુમાન કર્યું છે.

'મૂલતો બ્રહ્મરૂપાય મધ્યતો વિષ્ણુરૂપિણે ।
અગ્રતઃ શિવરૂપાય અશ્વત્થાય નમો નમઃ ' ।।

આપણી ભારતીય સંસ્કૃતિ વૃક્ષપુજનના વ્રતો રાખે છે. વટવૃક્ષ તથા પીપળાની પુજા કરે છે. એને નૈવેદ્ય ધરાવે છે. જનોઈ તથા વસ્ત્રો અને આભુષણો ધરાવે છે. આ બધી ક્રિયાઓમાં વૃક્ષો સાથેની આત્મીયતાના એમાં દર્શન થાય છે. જીવનમાં પ્રતિકુળ પરિસ્થિતિ સામે મક્કમ મનોબળ કેળવવા માટે વટવૃક્ષ પાસે બેસીને પ્રેરણા લેવાની હોય છે. કારણ કે ભલે આંધી આવે કે તુફાન આવે અથવા તો સાત દુષ્કાળો એક સામટા પડે તોય વડલાને

એક ઊની આંચ પણ આવતી નથી. કારણ કે વડલો ધરા સાથે મૂળભુત તથા ખુબ ઊંડા સંબંધો ધરાવે છે. તેથી જ વડલો અને પીપળો અખંડ રહે છે. સ્ત્રીઓ એમની પાસેથી અખંડ સૌભાગ્યવતી ભવઃ ના આશીર્વાદો મેળવે છે. શકુંતલા જયારે સાસરે જાય છે ત્યારે પાણી પાઇને ઉછરેલા ઝાડમાંથી કોઇ ડાળી કે ફુલ તોડે નહિ એની પોતાનાં પિતા કણ્વઋષિને ખાસ ભલામણ કરીને જાય છે.વૃક્ષો એ માત્ર ઇશ્વરની જ સંપતિ છે. એવું જયાં સુધી લાગે ત્યાં સુધી જ એમની સલામતી છે. પ્રત્યેક વ્યકિતને છોડમાં રણછોડ દેખાવો જોઇએ. પણ એ નહીં દેખાતો હોવાથી આજે વૃક્ષોનો નાશ થઇ રહ્યો છે વૃક્ષ અને ઋષિ એ બંનેનું જીવનધોરણ એકસરખું છે. વૃક્ષ પોતે તપીને બીજાને છાંયડો આપે, પથ્થર મારે એને મીઠા ફળ આપે, કપાયા પછી લાકડા સ્વરૂપે સમાજની સેવા કરે તથા અન્યો ઉપર નિર્ભર ન રહેતાં પોતાની સતા વાપરીને સ્વયંમ પોતાના માટે ખોરાક મેળવી લે છે. અને સાથે સાથે એક સંદેશ આપે છે કે તમે કોઇના ઉપર આધારિત ન રહેતા પોતાનું કામ જાતે કરો. ગામડાનાં ખેડુતો વૃક્ષોના કપાયેલા મુળીયા સાચવીને રાખે છે. જે મુળીયા કોઇના અગ્નિ સંસ્કાર કરતી વખતે કામ આવે છે. વૃક્ષનો સંદેશ પ્રત્યેક વ્યકિતએ જીવનમાં ઊતારવા જેવો છે. જયાં સુધી તમારા પોતાના જ મુળીયા અધ્ધર છે ત્યાં સુધી તમે સમાજ સેવા કરી શકશો નહિ. વૃક્ષ તમને એ જ કહેવા માગે છે ગામમાંથી ઉધાર રૂપિયા લઇને દાન, ધર્મ, યાત્રા તથા તીર્થે તીર્થે ભટકતા સમાજને વૃક્ષો પાસેથી ઘણું શીખવું જોઇએ. લોકો પાસેથી લીધેલા પૈસા પાછા આપ્યા ન હોય એવી વ્યકિતઓએ તીર્થે તીર્થે જઇને દાન, પુણ્ય કરતી વખતે થોડી શરમ અનુભવવી જોઇએ. કર્જ કરીને યાત્રાઓ કર્યા ઉપર તથા કર્જ કરીને મોજશોખ કરવા ઉપર ઝાડનો સખત પ્રતિબંધ છે. માટે સૌ કોઇએ ઝાડ પાસે જઇને જીવનના પાઠો ભણવા જોઇએ. કારણ કે બગડી ગયેલા બકવાસી બાવાઓ કરતા મુક સંદેશ આપતો ઝાડ સૌ કરતા સારો.

'આયુર્બલં યશો વર્ચઃ પ્રજા પશુન વસૂનિ ચ ।
બ્રહ્મ પ્રજ્ઞાં ચ મેધાં ચ ત્વં નો દેહિ વનસ્પતે ।।
તુલસી ! શ્રી સખી શિવે પાપહીરણી પુણ્યદે ।
નમસ્તે નારદનુતે નમો નારાયણપ્રિયે' ।।

આપણા ઋષિઓએ તુલસીને બારેમાસ ઉપયોગમાં લઇ શકાય એ ગુણધર્મને લક્ષમાં રાખીને એને ઘરનાં આંગણામાં સ્થાન આપ્યું છે. તથા પુજામાં એમને ગૌરવવંતુ સ્થાન મેળવ્યું છે. આજે પણ સંસ્કારીસભ્ય અને તુલસીની મહતા સમજવાવાળા પરિવારોમાં તુલસીપુજા અવશ્ય થાય છે. ધર્મવેતાઓએ વિષ્ણુપુજામાં તુલસી, શીવપુજામાં બીલીપત્ર, ગણપતિ પુજામાં દુર્વા હનુમાન પુજામાં આકળો, ઋષિપુજનમાં આધાડો, લક્ષ્મીપુજનમાં કમળને સ્થાન આપીને વનસ્પતિ તથા વૃક્ષોના મહિમામાં વધારો કર્યો છે.એક વાત નોધવા જેવી છે કે જગત ઉપર પ્રેમ કર્યા થી પહેલા સૌથી પહેલા પ્રેમ ની શરૂઆત સ્વ થી કરવી જોઇએ.

પ્રેમની શરૂઆત સૌથી પહેલા સ્વ થી થાય છે. પછી પરિવાર પ્રેમ, સમાજપ્રેમ, દેશપ્રેમ, વૃક્ષપ્રેમ, પશુપ્રેમ અને અંતે ધીરે ધીરે ઇશપ્રેમમાં પરિણીત થઇ જવું જોઇએ.

સર્વભૂત હિતે રતાઃ

બધા પ્રાણીઓમાં ભગવાનને જોવો એ ખુબ જ કઠીન પ્રયોગ છે. માણસ અગર પોતાની અંદર રહેલા ભગવાનને પણ જોઇ શકતો ન હોય તો તે પશુઓમાં કઇ રીતે જોઇ શકશે? પણ અમારા ઋષિઓ બહુ બુદ્ધિશાળી હતા. અને એમણે વનસ્પતિ, વેલાં, વૃક્ષ, લતાઓ ઉપર પ્રેમ કરવાનો આગ્રહ એટલા માટે કર્યો કે એના લીધે પર્યાવરણ બચી શકે છે. ગંગાને માઁ નું સ્થાન આપવા પાછળ ઋષિઓનો એક જ આશય હતો કે એમાં કોઇ ગંદકી નહી કરે. કોઇ પણ વસ્તુનું સંવર્ધન કરવું હોય તો એને પવિત્ર સ્થાને બેસાડવું પડે. એવી રીતે ગાયનું સંવર્ધન કરવા માટે ઋષિઓએ અને શાસ્ત્રોએ એને માં જેવું પવિત્ર સ્થાન આપ્યું છે. ઘણાં મુર્ખાઓ ગાયને કાગળમાં છાપીને એની પુજા કરે છે. એ લોકોને એટલી ખબર નથી કે ગાય કાગળમાં નહિ પણ આંગણમાં હોવી જોઇએ.

શ્રી કૃષ્ણ ભગવાને ગૌ સંવર્ધનનું કામ એટલી હદ સુધી કર્યુ કે સમાજ એને ગોપાલ કૃષ્ણ તરીકે ઓળખાવા લાગ્યો. નિષ્કામ ભાવે કરેલા સાત્વિક કામો તમારા નામ સાથે નિરંતર જોડાયેલા રહે છે. નરસિંહ મહેતાએ રચેલા પ્રભાતિયા એના નામ સાથે જોડાઇ ગયા. સંતત તુલસીદાસજી એ લખેલી માનસ કથા તુલસીદાસના નામ સાથે જોડાઇ

 ગઈ. ગૌ સેવા કાર્યની ગરીમા તમારા નામ સાથે જોડાઈ જાય એટલી પ્રબળ હોવી જોઈએ. એક શુભાષિતકાર કહે છે કે,

'ગાવો મે અગ્રતઃ સન્તુ ગાવો મે સન્તુ પૃષ્ઠતઃ
ગાગો મે હૃદયે સન્તું ગવાં મધ્યે વસામ્યહમ'.

મારી આગળ ગાયો રહો. મારી પાછળ ગાયો રહો. મારા હૃદયમાં ગાયો રહો અને ગાયોની વચ્ચે હું વસું છું. ભારતીય સંસ્કૃતિની દ્રષ્ટિથી ગાય એ વિભૂતિ છે. તેથી આ સંસ્કૃતિ ગોહત્યા કરવાની વિરુદ્ધ છે. આપણા શાસ્ત્રો કહે છે કે ગાયમાં ત્રેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. ગાયનું મહત્વ ભગવાન શ્રી કૃષ્ણે પણ ઘણું વધાર્યુ છે. ગાયને જીવનનું અંગ બનાવી પોતે ફકત કૃષ્ણ ન રહેતા ગોપાલ કૃષ્ણ થયા. તેમણે ગાયોને એટલો બધો પ્રેમ આપ્યો હતો કે તેમની મુરલીની ધુન સાંભળતા જ ગાયો ગાંડી બનીને દોડી આવતી હતી. શ્રી કૃષ્ણ એ ગોવર્ધન પૂજાનો મહિમા સમજાવી તેમણે ગોકુળમાં ઘી દુધની રેલમછેલ કરી મુકી હતી.

ગાય પરોપકારી તો છે જ પરંતુ તેના પરોપકારની સાથે સાથે તેનો વાગોળવાનો ગુણ પણ ધ્યાન ખેંચે તેવો છે. ઘાસને વાગોળી વાગોળીને તેનું દુધમાં રૂપાંતર કરી નાખનાર ગાયને સુપાત્ર ગણવામાં આવી છે. જ્યારે દુધ પી ને વિષ ઓકનાર સાપને અપાત્ર ગણવામાં આવ્યો છે.

આપણે પણ આપણી પાસે આવતા વિચારો કે મંતવ્યોને તરત સ્વીકારી ન લેતાં ગાયની માફક વાગોળીએ, તેના પર ચિંતન, મનન કરીએ તો સમાજમાં થતા ઘણા અનર્થો અટકશે. તેમજ વાગોળીને બહાર પડેલા વિચારો આપણા માટે તેમજ સમાજ માટે શુભદાયી અને પુષ્ટિદાયી બનશે.

ગાયની સાથેના ઐકયને આપણા પૂર્વજોએ કેટલું પ્રાધાન્ય આપ્યું હતું. તે નીચેના શ્લોક પરથી સ્પષ્ટ થાય છે

'સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદનઃ ।
પાર્થો વત્સ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્.'।।

સર્વોપનિષદો ગાવો – આ દ્રષ્ટિથી ઉપનિષદ એ ગાય છે. તેથી મારી આગળ ઉપનિષદના વિચારો રહો અને મારો જીવનપંથ ઉજવળ કરો, મારા જીવન માર્ગમાં પ્રકાશ પાથરો, મારી પાછળ ઉપનિષદના વિચારો રહો અને મારા જીવન વ્રતોનું રક્ષણ કરો અને મારું હૃદય ઉપનિષદના વિચારોથી રંગાયેલું રહો. હું ઉપનિષદોના વિચારોમાં રહું અર્થાત મારો સમગ્ર જીવન વ્યવહાર હું શ્રુતિને પુછીને ચલાવું. ઉપનિષદોના વિચારનું જ ભગવાને દહન કરીને ગીતારૂપી દુધ જગત સામે પીવા માટે મુકયું છે.

ઋષિમુનીઓ(પુર્વજો) સિદ્ધાંતની પુષ્ટિ કરવા માટે ગાયનું ઉદાહરણ આપીને તથા દ્રષ્ટાંત દ્વારા સમાજમાં ગાયની મહતા સિદ્ધ કરતા હોય છે. જગતમાં કોઈ સુપાત્ર પ્રાણી હોય તો તે માત્ર ગાય છે. ગાય પાળવા લાયક સંભાળવા લાયક તથા સમજવા અને પુજવા લાયક પ્રાણી છે. એટલે જ પૂર્વજો એને સુપાત્ર પ્રાણી તરીકે ઓળખે છે. ગાયનું અસ્તિત્વ તથા આદર ટકી રહે એટલા માટે પંચામૃતમાં ગૌ ઉત્પાદિત ત્રણ દ્રવ્યોને આપણા ઋષિઓ એ સ્થાન આપ્યું છે. જેમાં (૧) દહીં (૨) દુધ (૩) ઘી અથવા તો માખણનો ઉલ્લેખ છે.

પંચામૃત

'પયોદધિ ઘૃતં ચૈવ મધુ ચ શર્કરાયુતમ ।
પંચામૃતં મયાનીતં સનાનાર્થ પ્રતિગૃહયતામ.' ।।

અર્થ :- દુધ, દહીં, ઘી, મધ અને સાકરથી યુકત પંચામૃત તમારા સ્નાન માટે લાવ્યો છું માટે તેનો સ્વીકાર કરો.

ગણપતિ પુજન હોય કે લક્ષ્મીપુજન, બાલકૃષ્ણની પુજા હોય કે શિવ પુજન હોય પંચામૃતનો અભિષેક કર્યા વગરની પુજા અધૂરી જ રહે છે. ભગવાનને દુધ, દહીં, ઘી, સાકર અને મધથી નવડાવવા પાછળ એક વિશિષ્ટ ભાવના રહેલી છે. ભગવાનની પૂજા આપણા વિકાસ માટે છે. આપણી આત્મોન્નતિ માટે ઉપરોકત પાંચ પ્રતિકો ખુબ જ માર્ગદર્શક છે. એ પાંચ પ્રતિકો પાછળ રહેલો સુંદર ભાવ જો ધ્યાનમાં આવે તો આપણે ભગવાનની પુજા સાચા અર્થમાં કરવાના અધિકારી બની શકીએ. એટલું જ નહીં પણ આપણી તે પૂજા ઈશ્વરને પણ સ્વીકાર્ય બને.

પંચામૃત સ્નાનમાં રહેલું દુધ એ શુભ્રતાનું પ્રતિક છે. આપણું જીવન શુભ્ર હોવું જોઈએ. આપણું ચારિત્ર્ય ઉજ્જવલ હોવું જોઈએ. આપણી કીર્તિ ધવલ હોવી જોઈએ. આપણા કર્મો વિશુદ્ધ હોવા જોઈએ. આપણું મન નિર્વિકારી

હોવું જોઇએ. તેમજ આપણું હૃદય નિર્મળ અને પવિત્ર હોવું જોઇએ. આવા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક અલંકારોથી અલંકૃત માનવની પૂજા ભગવાન ન સ્વીકારે તો બીજા કોની પૂજા સ્વીકારે? સંતો, ઋષિઓ, મહાપુરૂષો, ભગવાનને ગમે છે, કારણ કે તેઓ મન, વાણી અને કર્મથી નિર્મળ હોય છે.

ભગવાનને દુગ્ધ સ્નાન કરાવતી વખતે નીચેનો મંત્ર બોલાય છે.

'कामधेनोः समुत्द्भुत देवर्षिपितृतृप्तिदम
पयो ददामि देवेश नानार्थ प्रति गृहयताम.'

કામધેનુ ગાયનું, દેવ, ઋષિ અને પિતરોને તૃપ્તિ આપનારું દુધ હું તમને આપું છું. માટે હે પ્રભુ, તે દૂધનો તમેં સ્નાન માટે સ્વીકાર કરો.

વિશુદ્ધ બુદ્ધિ એ જ કામઘેનુ 'શુદ્ધા હિ બુદ્ધિઃ કિલ કામઘેનુઃ' અને ગાય એ ઉપનિષદોનું પ્રતિક છે. 'સર્વોપનિષદો ગાવો' આ રીતે જોતાં ઉપનિષદરૂપી ગાયમાંથી કામઘેનુરૂપી વિશુદ્ધ બુદ્ધિએ દોહન કરેલું વિચારરૂપી દુગ્ધ પુષ્ટિદાયક છે. આવું દુગ્ધામૃત જ સમાજને સ્વાસ્થ્ય બક્ષનારું તેમજ દેવ, ઋષિ અને પિતરોને તૃપ્તિ આપનારું બની શકે. ટુંકમાં, માનવીની બુદ્ધિ ઇશ સમર્પિત કે શાસ્ત્રનિષ્ઠ હોય તો જ તેમાંથી ઉદ્‌ભવેલા વિચારો દૂધ જેવા ધવલ સમાજ સર્જી શકે. ગીતામૃતને પણ આ જ અર્થમાં દુધની ઉપમા આપવામાં આવી છે. દૂધ ઢોળાઇ જાય તો અપશુકન ગણાય છે.એ વાતને આ સંદર્ભમાં સમજવા જેવી છે.ઋષિઓ, અવતારો કે મહાપુરૂષોએ વહેવડાવેલું વિચારોરૂપી દૂધ જો ઢોળાઇ જાય, વેડફાઇ જાય કે સમાજમાં તેની ઘોર ઉપેક્ષા થાય તો તે સમાજનું નિશ્ચિત અધઃપતન સર્જાય અને આનાથી મોટાં અપશુકન બીજા કયા હોય ?

પયસ્નાન પછી ભગવાનને દધિસ્નાન કરાવવાનું હોય છે.

'चन्द्रमंडल संकाशं सर्प देवप्रियं दधि
स्नानार्थ ते मयादत्तं पीत्यर्थ प्रति गृहयताम.'

ચંદ્ર જેવું(ધવલ) અને બધા દેવને પ્રિય એવું દહીં હું સ્નાન માટે અર્પણ કરું છું. કૃપા કરીને તેનો સ્વીકાર કરો.

દહીંમાં સ્નેહ તો છે જ પરંતુ દહીંનો એક વિશિષ્ટ ગુણ છે દહીં બીજાને પોતાના જેવું બનાવે છે. પરદેશ સિધાવતા આપ્તજનોને દહીં આપવામાં આવે છે. આ વાત અહીં સમજવા જેવી છે. એક તો એ સ્નેહનું પ્રતિક છે તેથી જનાર માણસનો અને વિદાય આપનારનો સ્નેહ દૂર રહીને પણ સઘન રહે એવી એમાં ભાવના સમાયેલી છે. વળી દહીં આપવામાં બીજું પણ એક સૂચન રહેલું છે. દહીંમાં બીજાને બદલાવવાની હિંમત છે. તે દૂધમાં ભળીને દૂધને પણ પોતાના જેવું બનાવી છે છે. પરદેશ જતા માનવની બુદ્ધિમાં પણ દહીંની આ પરિવર્તક શકિત હોવી જોઇએ, એવી અહીં અપેક્ષા છે. જનાર માણસે દેશના સંસ્કાર અને સંસ્કૃતિની સુવાસ અન્ય દેશમાં ફેલાવવાની છે એ ભુલવું ન જોઇએ. વિદેશમાં જઇને ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિની અસ્મિતા ખોઇ બેઠેલા અને ત્યાંની વિકૃતિઓને અપનાવી તેવા જ કલુષિત અને ભોગપ્રધાન જીવનમાં મિથ્યા ગર્વ અનુભવતા આપણા યુવાનોએ આ વાત પર ગંભીરતાથી વિચાર કરવા જેવો છે. સૌમાં ભળે પણ પોતાનું વ્યકિતત્વ હેમખેમ રાખે એ જ દહીંની વિશેષતા છે. આવા નિષ્ઠાવાન લોકો સંખ્યામાં અલ્પ હોય તો પણ જગતમાં મહાન પરિવર્તન સર્જી શકે છે. એક ચમચો દહીં, અડધો મણ દૂધને દહીંમાં બદલવા સમર્થ છે. પાંચ પાંડવો સો કૌરવોને જીતી શકે. પરદેશમાં ભોગના બે ચાર સાધનો વધારે મળતાં સ્વરાષ્ટ્રની અસ્મિતા ખોઇ નાખતા લોકોએ ત્રિભુવન નો વૈભવ પગ પાસે આવવા છતાં પ્રલોભિત ન થનાર નચિકેતાના ચારિત્ર્યનો અભ્યાસ કરવો જોઇએ. અસુરોમાં જઇને પણ સ્વર્ગીય દેવત્વની સુવાસ ન ગુમાવતાં સંજીવની વિદ્યા પ્રાપ્ત કરીને દેવત્વના ગૌરવ સાથે પાછા ફરનાર 'કચ' ને તેમણે દૃષ્ટિ સમક્ષ રાખવો જોઇએ.

બીજાને પોતાના જેવા સતશીલ અને સદવૃત્તિના બનાવે એવા પ્રકારની બુદ્ધિ ભગવાનના ચરણે ધરવાની એ દધિસ્નાન પાછળનો ઉદાત્ત હેતુ છે દધિસ્નાન પછી આવે છે ધૃતસ્નાન. ઘી નું વૈશિષ્ટય તેની સ્નિગ્ધતામાં છે.

नवनीतसमुत्पन्नं सर्वसन्तोपकारकम ।
धृतं लभ्यं प्रदास्यामि स्नानार्थ प्रतिगृह्यताम्

નવનીતથી નિર્માણ થતું અને સર્વને સંતોષ આપનારું ઘી હું તમને સ્નાનાર્થે અર્પણ કરું છું તો કૃપા કરીને તેનો

સ્વીકાર કરો. ભગવાનને ઘૃતસનાન કરાવતી વખતે સતત લક્ષમાં રહેવું જોઈએ કે આપણું જીવન પણ ઘી ના જેવું સ્નિગ્ધ અને સ્નેહયુકત બનાવવાનું છે. આપણા બધા સંબંધો સ્નેહાળ રાખવાના છે. Man does not live by bread alone . માણસ માત્ર રોટલી પર જીવતો નથી. જીવવા માટે તેને હૂંફની પણ જરૂર છે. પછી તે હૂંફ માતાની હોય કે પિતાની, ભાઈની હોય કે બહેનની, પતિની હોય કે પત્નીની, મિત્રની હોય કે સ્નેહીની હૂંફ મળે તો જ જીવન વિકસિત થાય. વૃક્ષ વનસ્પતિને પણ વિકાસવામાં હૂંફ સહાયભૂત બને છે. મશીનથી પાણી પિવડાવવામાં આવે તે છોડ કરતાં માનવ જેને પાણી પિવડાવે તે છોડ વધારે સારો વિકાસ પામે છે. એવા પ્રયોગો પણ થયા છે. જ્યાં સ્નેહ છે ત્યાં કલહ નથી; જીવનમાં કર્કશતા નથી. આવા સ્નેહયુકત જીવનમાં સંઘર્ષ જેવો સહયોગાત્મક સંઘર્ષ બની રહે; જેમાં એક પક્ષે આનંદ અને બજિા પક્ષે પુષ્ટિ રહે. ઘીથી સ્નાન કરાવ્યા પછી ભગવાનને મધથી સ્નાન કરાવવાનું.

तरुपुष्पसमुद्भुतं सुस्वाद मधुरं मधु ।
तेजः पुष्टिकरं दिव्यं स्नानार्थ प्रतिगृह्यताम् ।।

'તરુપુષ્પથી નિર્માણ થતું સ્વાદિષ્ટ, મધુર, તેજ અને પુષ્ટિદાયક એવું દિવ્ય મધ હું સ્નાનને માટે અર્પણ કરું છું તો તેનો સ્વીકાર કરો.

મધમાં મીઠાશ તો છે જ પણ મધ પુષ્ટિદાયક છે. આપણું જીવન પુષ્ટ હોવું જોઈએ. મધ શકિત વર્ધક છે. આપણા જીવનમાં શકિત નિર્માણ થવી જોઈએ. આપણું જીવન સામર્થ્યયુકત હોવું જોઈએ. જીવન પૃષ્ટ થયું હશે તો જ આ કરાળ કલિકાળમાં આસુરીવૃતિને ખાળી શકીશું. જીવન ભકિતની શકિતથી પુષ્ટ થયેલું હશે તો શ્રીમદ્ વલ્લભાચાર્યે કહ્યું છે તેંમ ભગવાનનો કે ભગવદ્ પ્રેમનો આનદ માણી શકીશું. મધુસ્નાન પછી છેલ્લે ભગવાનને શર્કરાસ્નાન કરાવવાનું.

'इक्षुसारसमुद्भुता शर्करा पुष्टिकारिका ।
मलापहारिका दिव्या स्नानार्थ प्रतिगृह्यताम्' ।।

'શેરડીમાંથી નિર્માણ થવા વાળી, પુષ્ટિકારક અને મલાપહારી એવી દિવ્ય સાકર હું તમને સ્નાનાર્થે અર્પું છું તો તેનો સ્વીકાર કરો.' જીવનમાં શર્કરાની મીઠાશ લાવવાની છે. જીવનમાં બધું જ હોય પણ જો મીઠાશ ન હોય તો જીવન શું કામનું? મીઠાશ વાણીમાં વ્યકત થાય છે.

'प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः
तस्मात तदेव वक्तवयं वचने का दरिद्रता'

પ્રિય બોલવાથી સૌને આનંદ થાય છે તો પછી તેવું બોલવામાં વાણીની દરિદ્રતા શા માટે? પરંતુ મીઠી વાણીની પાછળ જીવનમાં મધુરતા ન હોય તો કેવળ વાણીની એ મીઠાશ ખુશામત બની બહે અને ખુશામત એ તો ધીમું ઝેર છે. જે પાનાર અને પીનાર બંનેને પતનને માર્ગે પદાર્પણ કરાવે છે. સાચી વાત હંમેશા કડવી જ હોય પણ કહેનાર માણસનું જીવન જો મધુર હોય તો કડવું કહીને પણ તે માણસ પોતે કડવો બનતો નથી. આપણા ઘણા સંતો અને ભકતોએ 'કડવાં'પદો લખ્યાં છે. કેટલાકે 'ચાબખા' પણ માર્યા છે. અને છતાંય સંતો આપણા માટે મીઠા જ રહ્યા છે. કડવી દવા માં જ પિવડાવી શકે. તે રીતે સમાજને કટુ સત્ય મહાપુરૂષો કે ઋષિઓ જ કહી શકે. ભગવાનને શર્કરાસ્નાન કરાવતી વખતે આવી મહાનતા એજ આપણું લક્ષ્ય હોવું જોઈએ. સાકર જેમ પોતાનું અસ્તિત્વ ઓગાળી નાખીને દૂધમાં મીઠાશ નિર્માણ કરે છે તેમ મહાપુરૂષો પણ પોતાના અસ્તિત્વને જોખમમાં મૂકીને પણ સમાજમાં મધુરતા નિર્માણ કરવા પ્રયત્નશીલ રહે છે. સાકર જો દૂધમાં ઓગળે નહીં તો દૂધ ફિક્કું રહે છે. તે રીતે પ્રભુભકિતમાં જો માનવનો અહંકાર ઓગળે નહીં તો જીવન પણ ફિક્કું રહે છે.

પંચામૃતમાં પાંચતત્વ

(૧) શુભ્રતા (૨) પરિવર્તકતા (૩) સ્નિગ્ધતા (૪) પુષ્ટિદાયકતા (૫) મધુરતા

જેવી રીતે પંચામૃતમાં પાંચ તત્વ સમાયેલા છે એવી રીતે માણસના જીવનમાં પંચામૃત સ્વરૂપી પાંચ સદ્‌ગુણો કેળવવા જરૂરી છે. આપણું જીવન પ્રભુને ગમે એવું હોવું જોઇએ. માણસે જયાંથી જે સદ્‌ગુણ પ્રાપ્ત થાય એને પ્રાપ્ત કરી લેવા જોઇએ. જેવી રીતે ઇશ્વરને પ્રાપ્ત કરવા માટે ભજન એક માત્ર સાધન છે એવી રીતે સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે ગૌ સેવા એક માત્ર સાધન છે.


પશુસૃષ્ટિનું પ્રતિક એટલે ગાય

સમગ્ર પ્રાણીસૃષ્ટિ ઉપર પ્રેમ કરવો જોઇએ પણ મનુષ્યો પાસે મર્યાદિત શકિત હોવાથી સમગ્ર પશુસૃષ્ટિ ઉપર પ્રેમ કરી શકતો નથી. તે પ્રાણીસૃષ્ટિના પ્રતિક તરીકે ગાય ઉપર પ્રેમ કરવાનો એને ઋષિઓએ આદેશ આપ્યો છે. કારણ કે પૃથ્વીની ધારણામાં ગાયનો બહુ મોટો ફાળો છે.

'ગોભિર્વિપ્રૈશ્ચ વેદૈશ્ચ સતીભિઃ સત્તયવાદિભિઃ ।
અલુબ્ધૈઃ દાનશુરૈશ્ચ સપ્તભિધાર્યંતે મહીઃ' ॥

ગાય, બ્રાહ્મણ, વેદ, સતીઓ, સત્યવાદીઓ, નિર્લોભી અને દાનવીરો મળીને સાત સંગઠનો દ્વારા પૃથ્વીનું ધારણ થાય છે. ઉપરોકત સાત સંગઠનોમાં ગાયને પ્રથમ સ્થાન મળ્યું છે. ભાગવતમાં એક કથા છે કે એક વખત કારતક સુદ એકમ(પડવા) ના દિવસે ભગવાન શ્રી કૃષ્ણ ગાયો લઇને ગોવાળીયાઓ સાથે વનમાં ગયા હતો ત્યાં ગોવર્ધનોત્સવ તહેવારની ઉજવણી કરવામાં આવી કારણ કે જયારે જયારે અતિવૃષ્ટિ થતી ત્યારે પાણીના પુરથી બચવા માટે ગોવાળીયા સો ગાયોના ધણને લઇને ગોવર્ધન પર્વત ઉપર ચડી જતા હતા. તથા દુષ્કાળ વખતે પણ ગોવર્ધન પર્વત ઉપરથી ગાયો માટે ખુબ ચારીચાણુ મળતું હતું. એ દિવસે ગોવાળીયા સૌ સાથે મળીને વન ભોજનનું આયોજન કરતા હતા. ગોવર્ધન એટલે ગૌ સંવર્ધન અથવા તો ગૌ સંરક્ષક. ગોવર્ધન પર્વતના કારણે ગાયો સુરક્ષિત રહેતી તથા તેમની વંશવૃદ્ધિ આકાર પામતી હતી. આપણી ભારતીય સંસ્કૃતિ ઘાસના તણખલા સમાન દૂર્વા ઉપર પણ આત્મીયતા કેળવવાની શીક્ષા આપે છે તો ગાય ઉપર આત્મીયતા કેમ નહિ?

જય શ્રી ઓધવરામ



અધ્યાય દસમો

માતૃયોગ



જનની ની જોડ

મીઠા મધુને મીઠા મેહુલારે લોલ મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠીતે મોરી માતરે, જનની ની જોડ સખી નહિ જડે રે લોલ ...ટેક.
પ્રભુના એ પ્રેમ તણી પુતળીરે લોલ જગથી જુદેરી એની જાત રે ...જનની.
અમીની ભરેલ એની આંખડીરે લોલ વ્હાલના ભરેલ એના વેણ રે ...જનની.
જગનો આધાર એની આંગળીરે લોલ કાળજામાં કૈઈક ભર્યા કોડ રે ...જનની.
ગંગાના નીરતો વધે ઘટે રે લોલ સરખો એનો પ્રેમનો પ્રવાહ રે ...જનની.
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ માડીનો મેઘ બારે માસ રે ...જનની.
ચડતી ચંદાની દીસે ચાંદની રે લોલ એનો નહિ આથમે ઉજાસ રે ...જનની.

મહારાજશ્રી ઓધવરામજી હરિદ્વાર ગયા એથી પહેલા માતાજી ચાગબાઈ માઁ રામશરણ પામ્યા હતા. મહારાજશ્રી એ માતાજીની સેવામાં કોઈ કચાસ રાખી ન હતી. ઘણીવાર તો સાંજના સમયે માતાજીને ચાર પૈડાવાળી ગાડી (હેલો) ઉપર બેસાડીને ઇશ્વર સાગરની પ્રદક્ષિણા કરાવતા હતા. જેના લીધે માતાજી ને ખુબ આનંદ આવતો. અને ગાડી સાથે ચાલીને આવતા મહારાજશ્રીના ભકતોને ખુબ આનંદ આવતો. કારણ કે કયારેક કયારેક મહારજશ્રી ગાડીને અધ્ધ વચ્ચે રોકીને રમુજી ટુચકા સંભળાવતા ત્યારે સૌ ખડખળાટ હસી પડતા નેવું વરસ ની અવસ્થાએ પહોંચેલા તથા શરીરે કૃષ એવા માતાજી પણ મહારાજશ્રી ની જ્ઞાન ગોષ્ટી સાંભળીને ખુબ હસતા. મહારાજશ્રી પ્રતિકુળ વાતાવરણને પણ અનુકુળતા માં ફેરવી નાખવાની ક્ષમતા ધરાવતા હતા. સમય તથા સંજોગો સાથે એકાત્મતા સાધી લેવાનો એમની પાસે ખાસ ધર્મ હતો. શરીર ના દોષ દવાથી મટતા નથી સંતાનો એ એમને સતત આંનદીત રહેવાના પ્રયત્નો કરવા જોઇએ. જેના વડીલો આનંદ માં સમય પસાર કરી રહ્યા છે. એને શરીરના દોષો હેરાન કરતા નથી. આ જગતમાં ખુશી જેવો બીજો કોઈ પૌષ્ટીક ખોરાક નથી. આ એક સનાતન સત્ય છે.

આસ્તા તાર્વોદય પ્રસુતી સમયે દર્વાર શુલં વ્યથા
નૈરૂચ્યે તનુ શોષણં મલમયી શંદયાય સાંવતસરી
એક સ્યાપિન ગર્ભ ભાર ભરણં ક્લેશંચ્ય યસ્ય ક્ષમો :
પાતુ નિષ્કૃતિ મુની તોડપિ તન યસ્તપો જનન્યૈ નમ :

શ્રી જગદગુરૂ શંકરાચાર્ય માઁનુ વર્ણન કરતા કહે છે, હે માઁ મારા માટે તે જે પ્રસવ વેદના સહી તથા મારા સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે સર્વ સુખ ભોગનો ત્યાગ કર્યો મારી અઃસહાય સ્થિતી સમયે તેંજે કષ્ટો ઉઠાવ્યા તેનો બદલો તો હું સાત જન્મે પણ ચુકવી શકું નહિ. માટે વડિલોની સેવા એજ સંતાનો નો મુખ્ય ધર્મ છે.

ઈશ્વર આશ્રમ વાંઢાય માં ચાગબાઈ માઁના મામા ની દીકરી પાર્વતીબેન માતાજી ચાગબાઈ માઁની સેવા કરવા અર્થે આશ્રમ માં રોકાયા હતા. જ્યાં સુધી ચાગબાઈ માઁ સદેહે હતા ત્યાં સુધી એ ક્યાંયે ગયા આવ્યા નહિ. સેવા એ એમના જીવન નો એક ભાગ હતો. ગણા માણસો સેવા માટે સેવા કરે છે. જયારે ઘણા માણસો મેવા માટે સેવા કરે છે. નવધા ભક્તિમાં સેવા ભક્તિને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

નેવું વરસનું આયુષ્ય ભોગવીને માતાજીનું શરીર શાંત થયું ત્યારબાદ મહારાજશ્રી એ પાર્વતીબાઈ ની વૃધ્ધાવસ્થાને ધ્યાનમાં રાખીને પાર્વતીબાઇને તેમના ઘેર લઠેડીમાં રહેવાની સલ્લાહ આપી અને એમનો આભાર વ્યકત કરતા કહ્યું કે આપશ્રી એ માતાજીની ખુબ સેવા કરીને તમારૂં જીવન સાર્થક કર્યુ છે. જેવી રીતે તમેં માતાજીની સેવા કરી છે તમારો પરિવાર પણ તમારી એવી જ રીતે સેવા કરશે. કારણ કે, જેવું કરો તેવું ભરો એ સિધ્ધાંત સનાતન સત્ય છે.

પાર્વતીબાઇના મોટા પુત્ર વાલજી જન્મજાત પ્રજ્ઞાચક્ષુ હતા છતાં પણ ઈશ્વર આશ્રમ માં મહારાજશ્રી ના સાનિધ્યમાં રહીને શ્રીમદ ભગવદ્ગીતા ના અઢારે અધ્યાય કંઠસ્થ કર્યા હતા. શ્રી વાલજીભાઇ ચાલીસ વરસની અલ્પઆયુ ભોગવીને એમનો શરીર ઈશ્વર આશ્રમ માં જ શાંત થયો હતો. ત્યારબાદ લઠેડી મુકામે. પાર્વતીબાઇ શામજી નું શરીર શાંત થયું. આપણા સંતો કહે છે કે, જેનું જીવન સેવા ભકિત સ્વરૂપી છે એમનો પ્રાણ ભકિત કરતા કરતા એટલે કે સેવા કરતાં કરતાં છુટે છે અને ભોગીઓનું જીવન રોગ ગ્રસ્ત થઈ જતાં "હોય માં, હોય માં" કરી ને છુટે છે. સંતોની એક ખાસ માંગણી છે કે, ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ પ્રભુજી એવું માંગુ સદા.

સંતો જેવી માંગણી પોતાના માટે કરે છે એવી જ માંગણી સમાજ માટે કરતા હોય છે. શ્રી રણછોડ દાસજી મહારાજ રચીત એક પદ છે. જેમાં ઈશ્વર ના શરણે થયેલા જીવો વિષે યથા યોગ્ય માગણીઓ દ્વારા વિનંતી કરતા કહે છે કે,

રાગ : ભૈરવી તાલ-દીપચંદ

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સો લાગીયે
શરણુ મળે સાચું તમારૂં અમેં એ રૂદયથી માંગીયે
જે જીવ આવ્યો આપ પાસે એને તમેં આપનાવજો
પરમાત્માં એ આત્માને શાંતી સાચી આપજો ...પરમાત્માં
વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે
ત્યાં પુર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે
લક્ષ ચોર્યાસીના બંધનોને લક્ષમાં લઈ કાપજો ...પરમાત્માં
શુ સંપતી સુવિચારને સત્કર્મનો લઈ વારસો
જન્મો જન્મ સતસંગ થી કીરતાર પાર ઉતારજો
આ લોકને પર લોકમાં તવ શાંતી રગ રગ વ્યાપજો ...પરમાત્માં

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા એવી અમને નથી
દેહ આપજો માનવતણો મને ભકિત કરવા ભાવથી
સાચું બતાવી રૂપ શ્રીરણછોડ હૃદયે સ્થાપજો ...પરમાત્માં

ઇશ્વર આશ્રમ વાંઢાય માં રામનવમીને અતિ મહત્વ આપવામાં આવતું. રામનવમીના દિવસે ગુરૂકુળના બ્રહ્મચારીઓ તથા ખેતીવાડી ખાતાના વિદ્યાર્થીઓના સંયુકત ઉપક્રમે રામલીલા ભજવવામાં આવતી પાર્વતીબાઇના દોહિત્રી ના જણાવ્યા પ્રમાણે અમેં સૌ બાળકો ઠેઠ હમલાથી રામલીલા જોવા માટે વાંઢાય આવતા હતા. કલાકારો સૌ(ઘરના) આશ્રમનાં હોવાથી રામલીલા જોવાની ખુબ મજા પડતી. એક વખત એવું બન્યું કે મહારાજશ્રી પ્રેક્ષકોની વચ્ચે ખાટલા ઉપર બેઠા હતા. રામલીલા ચાલું હતી એ સમયે સ્ટેજ ઉપર રામને આવવું જોઇએ એના બદલે રાવણ આવી ગયો. સ્ટેજ ઉપર આવતાની સાથે પોતાની ભુલ સમજાઇ જતાં રાવણ ખુબ શરમીંદો થયો અને મહારાજશ્રી પાસે આવી ને ક્ષમા માંગતા કહ્યું કે મહારાજશ્રી મારી ભુલ થઇ ગઇ મહારાજશ્રી એ કહ્યું એમાં ભુલ શાની ? તું જલ્દી જા અને રામને મોકલ અને એક વાત સાંભળ, આમંત્રણ આપવા છતાં ન આવે એનું નામ રામ અને વગર આમંત્રણે આવી ચડે એનું નામ રાવણ મહારાજશ્રી નું નિવેદન સાંભળીને સૌ ખડખડાટ હસ્યા. ઇશ્વર આશ્રમ વાંઢાયમાં અનેક પ્રકારના ગુણ સૌદર્યો નીખર્યા છે.

એક વખત પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજી માતાજી ચાગબાઇ માઁ ને ગાડી (ઠેલો) ઉપર બેસાડી ને ઇશ્વર સાગર ની પ્રદક્ષિણા કરાવતા હતા. સાંજનો સમય હોવાથી મહારાજશ્રી સાથે બીજા પંદરેક સેવકો પણ જોડાયા હતા. રસ્તામાં ગાડી ઉભી રાખીને મહારાજશ્રી એ સેવકોને પુછ્યું કે માણસો સૌ પોતાના વડીલોની સેવા શા માટે કરે છે? મહારાજશ્રી ના સવાલનો કોઇએ જવાબ આપ્યો નહિ ત્યારે, મહારાજશ્રી એ કયું કે વડીલોની સેવા એ સમાજ વ્યવસ્થાનો એક ભાગ છે. તથા વડીલોને ઇશ્વર સમજવા એ પ્રત્યેક મનુષ્યની નૈતિક ફરજ છે. સંતાનો પાસેથી સેવા કરાવવાનો અધિકાર પ્રાપ્ત કરવો હોય તો દરેક વ્યકિતએ વડિલોની સેવા કરવી જોઇએ. નિષ્કર્મ ભાવે કરેલી વડિલોની સેવા શુભ પરિણામ લઇને આવે છે. સંત પુનીત મહારાજની અતિ પ્રચલીત રચના છે.

રાગ : ભૈરવી તાલ-દીપચંદી

ભુલો ભલેં બીજું બધું મા-બાપને ભુલશો નહિ
અગણિત છે ઉપકાર એના એ કદી ભુલસો નહિ ...ભુલો।
કાઢી મુખેથી કોળીયો મોમાં દઇ મોટા કર્યા
એ અમૃતના દેનાર સામે ઝહેર ઉગલસો નહિ ...ભુલો।
લાખો લડાવ્યા લાડ તમને કોડ સૌ પુરા કર્યા
એ કોડ પુરનારા ના પુરવા તમેં કોડને ભુલસો નહિ ...ભુલો।
લાખો કમાતા હો છતાં મા-બાપ જેથી ના ઠર્યા
એ લાખ નહિ પણ રાખ છે એ વાતને ભુલસો નહિ ...ભુલો।
પુષ્પો બીછાવ્યા પ્રેમથી જેણે તમારી રાહ પર
એ રાહબરના રાહ પર તમેં કંટક પાથરસો નહિ ...ભુલો।
સંતાનથી સેવા ચહો સંતાન છો સેવા કરો
પછી જેવું કરો તેવું ભરો એ ભાવના ભુલસો નહિ ...ભુલો।
ધન ખરચતા મળશે બધું મા-બાપ તો મળશે નહિ
પલપલ એ 'પુનીત' ચરણરજ ની ચાહના ભુલશો નહિ ...ભુલો।

સંત પુનિત મહારાજ કહે છે કે જગતમાં એવા તો ગણા વિષયો છે કે જેને ભુલી જવામાં સાર છે. પણ મા-બાપ ની સેવા કરવાના વિષય ને ભુલી જવામાં સાર નથી બલ્કી હાની છે. સંત પુનિત મહારાજ આગળ જતાં કહે છે કે, નહિ તો પછી જેવું કરો તેવું ભરવું પડશે.

સફળ વહુ જ સફળ સાસુ બની શકે છે

સાસરે આવ્યા પછી ગુહસ્થાશ્રમના વિચારોને ધ્યાનમાં ન લેતા માતા-પિતાનું દિલ દુભાવીને તથા મનસ્વી વલણ અપનાવીને ઘરથી પોતાના પતિને લઇને બહાર થઇ જાય છે એને સમ્યાંન્તરે એની વહુ એની સાથે કેવું વર્તન કરશે એ પ્રત્યેક સાસુઓ માટે સંશોધનનો વિષય છે. કચ્છી ભાષામાં એક કહેવત છે કે,

નોંજે ટાણે નોં ન થેઇ પોએ સસલા મોં મીચકાય
જુકો બાવરમે કંઢા પોખે તેંકે આમાં કેર ખારાય?

અસફળ વહુએ સાસુ બન્યા પછી સેવા કરાવવાના ભ્રામક સપના જોવા જોઇએ નહિ. એક સિધ્ધાંત યાદ રાખવા જેવો છે કે, સફળ શિષ્ય સફળ ગુરૂ બની શકે છે તેવી રીતે સફળ નોકર સફળ શેઠ બની શકે છે. અને સફળ વહુ સફળ સાસુ માઁ બની શકે છે. એટલું જ નહિ સફળ સંતાનો ભવિષ્યમાં વડીલોની ભુમિકાને સફળતાથી પાર પાડે છે એટલે જ પુનિત મહારાજ કહે છે કે, જેવું કરો તેવું ભરો ના નિયમને ભુલશો નહિ.

કબીર સાહેબ કહે છે,

રૂખીરોટી ખાતે મનવા મતકર તું સંતાપ
જો ચાહિયે સુખીરોટી તો કરના પડેગા પાપ

કબીર સાહેબ કહે છે જે માણસ ને વધારે ભોગ સુખ ભોગવવા છે એને વધારે પાપ કરવા પડે છે. જેની જીવન જરૂરીયાતો ઓછી છે એને વધારે પાપ કર્મો નથી કરવા પડતા માટે પ્રત્યેક મનુષ્ય સરળતાનાં ગુણો પ્રાપ્ત કરવા જોઇએ કારણ કે, સરળતા એ ઇશ્વર પ્રાપ્તીનું મુખ્ય લક્ષણ છે. ભોગોની પાછળ અદ્રશ્ય સ્વરૂપે રોગો છુપાયેલા છે તેવી રીતે ભોગના લીધે જ પાપની ગઠડી બંધાય છે. માત્ર આપ સુખી તો જગ સુખીની વિચારધારા ધરાવતા પ્રાણીને ભકત કવિ સુરદાસ એને ખલ, કુટીલ તથા કામી તરીકે ઓળખે છે.

રાગ : દેશ

મોસમ કૌન કુટીલ ખલ કામી ...(૨)
જીનતન દિયો તોહિ બિસરાયો, ઐસો મૈં નમક હરામી ...મો૦
ભરી ભરી ઉદર વિષયકો ધાવા જૈસે સુકર ગ્રામી
હરિજન છોડ હરિ વિમુંખન કિ નીસદીન કરત ગુલામી ...મો૦
પાપી કોન બડો હૈ મોતે સબ પતિતન મેં નામી
''સુર'' પતિતકો ઢૌર કહા હૈ સુનીયે શ્રીપતિ સ્વામી ...મો૦

સુરદાસજી કહે છે તમારા જીવનમાં સુખ ભોગની લાલસા વધસે તો તમારે જે ઇશ્વર વિમુખ છે એની ગુલામી કરવી પડશે અને તમને ભોગોની પાછળ ''સુકરગ્રામી'' ગામમાં રહેતા ભુંડની માફક ભટકવું પડશે. કારણ કે ભુંડ આખો દિવસ ભોગની પાછળ ભટકતો હોવા છતાં અંતે તે અતૃપ્ત રહે છે. સુરદાસજી કહે છે કે અંતે તેને ઢોંગ તથા દંભનો સહારો લેવો પડશે. સમાજમાં ઘણા એવા ''મો સમ કોન કુટીલ ખલ કામી'' ધનવાનો પોતાના પાપ કર્મો ને સંતાવવા માટે કોઇ ઢોંગી બાવાઓ પાછળ છુપાઇને પાપ કર્મો ઢાંકવાના મીથ્યા પ્રયત્નો કરતા હોય છે પણ અંતે દુધનું દુધ અને પાણીનું પાણી થયા વગર રહેતું નથી.

એક સંતની અતિ ધનવાન એવા નગર શેઠના ઘરે પધરામણી થઇ બંગલા ઉપર લખેલું હતું ''માતૃ-પિતૃ કૃપા''નામ વાંચીને સંત બહું ખુશ થયા અને નગર શેઠ ને કહ્યું વાહ તમને તો માતા-પિતા ઉપર બહું પ્રેમ છે. જે વડીલોના તમારા જેવા સંતાનો હોય એની સામે સ્વર્ગ પણ ઓછો પડે છે. સંતોના મુખથી પોતાના વખાણ સાંભળીને નગર શેઠ ખુબ ફુલાઇ ગયા અને કહ્યું મહારાજશ્રી મને બચપણથી વડીલોની સેવા કરવાનો બહું જ શોખ છે. સંતશ્રી એ કહ્યું એ તો સમજયા પણ તમારા ભાગ્યશાળી વડીલોના દર્શન તો કરાવો. નગર શેઠે થોડી મુંઝવણ

અનુભવતા કહ્યું કે મારા વડીલો હમણા અહિંયા નથી રહેતા સંતશ્રીએ કહ્યું તો પછી કયાં રહે છે ? નગર શેઠ કહ્યું વૃધ્ધાશ્રમમાં !!!

સેવા માત્ર શબ્દોમાં નહિ પણ વૃત્તિમાં હોવી જોઈએ

સેવા નામના સદ્‌ગુણ ને સમજવા માટે એક આખો જન્મારો લાગે છે. આપણા શાસ્ત્રકારો એ સત્ય સિધ્ધાંતની પુષ્ટી કરતા કહ્યું છે કે ''માતૃ દેવો ભવ'' કારણ કે ભગવાન સ્વયંમ ઘેર ઘેર ન પહોંચી શકવાને કારણે એમને '' માઁ '' નું સર્જન કયું છે. જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી કહે છે. કે કુપુત્રોજાયેત ક્વ્ચીદપિ કુમાતા ન ભવતી ભાવાર્થ :- પુત્રો કુપુત્રો થાય પણ માતા કયારે કુમાતા થતી નથી. એક પ્રાર્થના છે કે, હે ભગવાન માઁ ભલે સંતાન સુખ માટે તડપતી હોય પણ સંતાનો માઁ વિનાના થઈને તડપે નહિ બસ એટલી વિનંતી.

માઁ થી વિખુટા પડેલા બાળકને દુનિયાના સૌ સુખ ભોગ નજીવા લાગવા જોઈયે. એક બાળક માઁ થી વિખુટો પડી ને મેળામાં ખોવાઇ ગયો અને રડવા લાગ્યો. લોકોએ એને શાંત કરવા માટે સમજાવવાના ખુબ પ્રયત્નો કર્યા રમકડા ખરીદી આપ્યા પણ બાળક શાંત થયો નહિ ત્યારે એક સાધુ એ એને પુછ્યું તું બોલતો ખરો અંતે તને જોઇએ છે શું ? ત્યારે બાળકે કહ્યું '' મને મારી માઁ જોઇએ'' માઁ થી વિખુટા પડેલા બાળકને રમકડારૂપી સુખ ભોગો માં આનંદ આવવો જોઈએ નહિ, તેવી રીતે ઇશ્વરથી વિખુટા પડયા પછી જગતનાં બધા સુખો નજીવા લાગવા જોઈયે. તેંમ છતાં ન લાગતા હોય તો સમજી લેવાનું કે માણસ ભોગોમાં ભરમાઇ ગયો છે. તૃષ્ણામાં તણાઈ ગયો છે. વેવારમાં વણાઈ ગયો છે. માયા માં મુઝાઇ ગયો છે. અને સંસારમાં સપડાઇ ગયો છે. તથા ઘરમાં ઘુંચવાઈ ગયો છે.

એક વાત યાદ રાખવા જેવી છે કે વડીલોએ અમારા માટે શું કર્યું એન વિચારતા અમેં વડીલો માટે શું કર્યું એવું વિચારવાનું હોય છે.

એક વખત એક વડીલ પોતાના નાના બાળકનો હાથ ઝાલીને ઘરની બહાર ફરવા તેડી ગયા. ઘરની બહાર એક લીમડાનું ઝાડ હતું એના ઉપર એક કાગડો બેઠો હતો. કાગડાને જોઇ બાળકે પોતાના બાપુજીને પુછ્યું, બાપુજી આ શું છે ? બાપુજીએ કહ્યું કાગડો છે ફરી બાળકે પુછ્યું બાપુજી આ શું છે ? બાપુજીએ કહ્યું કાગડો છે. ફરી બાળકે પુછ્યું આ શું છે ? બાપુજીએ કહ્યું કાગડો છે. એવી રીતે બાળકે સો વખત પુછ્યું અને બાપુજી એ જરાપણ આનાકાની કર્યા વગર શાંત ચિત્તે સો વખત જવાબ આપ્યો.

કવિ નાઝીરના શબ્દો છે,

વલણ અવળું નીહાળીને કાં તુ ગમ કરે નાઝીર
સમય બદલાય છે જયારે બધું બદલાઇ જાયે છે.

ધીરે ધીરે બાપુજી વૃધ્ધ થયા અને બાળક યુવાન થયો એક સમય એવો હતો કે એ વખતે બાળક બાપુજીની આંગળી પકડતો હતો આજે બાપુજી વૃધ્ધસ્થામાં ઢળી પડવાથી બાળકની આંગળી પકડવાની સ્થિતી ઉપર આવી ગયા હતા. ભકત કવિ સુરદાસજી કહે છે સબ દિન હોત ન એક સમાન.

રાગ : ભૈરવી

સબદિન હોત ન એક સમાન ...(૨) ટેક。
એક દિન રાજા હરિશ્ચંદ્ર ગૃહ સંપતિ મેરુ સમાન ।
એક દિન જાય સ્વપચ ગૃહ સેવત, અંબર હરત મસાન ॥ સબ。
એક દિન દુલહ બનત બરાતી, ચહું દિસી ગઢત નિસાન ।
એક દિન ડેરા હોત જગલમેં, કર સૂંઘે પગતાન ॥ સબ。
એક દિન સીતા રુદન કરત હૈ, મહા વિપિન ઉધાન ।
એક દિન રામચન્દ્ર મિલિ દોહુ બિચરત પુષ્પ વિમાન ॥ સબ。

એક દિન રાજા રાજ યુધિષ્ઠિર, અનુચર શ્રી ભગવાન ।
એક દિન દ્રૌપદિ નગન હોત હૈ, ચીર દુસાસન તાન ।। સબ૦
પ્રગટત હૈ પૂરબકી કરની, તજ મન સોચ અજાન ।
'સુરદાસ' ગુન કહુ લગી બરનૌ, વિધિધકે અંક પ્રમાન ।। સબ૦

આજે વૃધ્ધાવસ્થાના કારણે બાપુજી પથારી વસ રહેતા હતા. એક દિવસ એમને ઘર છોડીને બહાર આંગણામાં ફરવાનું મન થયું ત્યારે દિકરો એમને આંગણામાં બાપુજીનો હાથ ઝાલી તેડી આવે છે. આંગણામાં લીમડો તો એ જ નો એ જ હતો માત્ર કાગડો બદલી ગયો હતો માંડ માંડ દેખાતા કાગડાને જોઇને બાપુજીએ પુછ્યું બેટા આ શું છે ? છોકરાએ કહ્યું કાગડો છે. ફરી બાપુજીએ પુછ્યું, બેટા આ શું છે ? છોકરાએ કહ્યું કાગડો છે. ફરી બાપુજીએ પુછ્યું, બેટા આ શું છે ? છોકરાએ કહ્યું દેખાતું નથી કાગડો છે કાગડો. અને પછી ગુસ્સાથી લાલચોળ થઇને કહ્યું હવે ન પુછતા કે આ શું છે ? હજી એક વખત કહી દઉ છું કે કાગડો છે. કાગડો છે, કાગડો છે. ત્યારે બાપુજીએ કહ્યું કે બેટા તું જ્યારે નાનો હતો ત્યારે હું તને આજ આંગણામાં તેડી આવ્યો હતો. ત્યારે તેં મને સો વખત પુછ્યું હતું કે બાપુજી આ શું છે ? ત્યારે મેં તને સો વખત સ્થિતી ભાવે કહ્યું હતું કે કાગડો છે !!!

નરૂત્સાહ નિરાન્દં નિર્વીર્યમરિનન્દમ્ ।
મા સ્મ સીમન્તિની કાચિજ્જનયે ન્પુમીદશમ ।।

'નિરુત્સાહિ, નિરાનંદી નિર્વીર્ય તેમજ શત્રુને જેના જન્મથી આનંદ થાય એવા પુત્રને તું કદી પણ જન્મ આપતી નહિ. સો મૂર્ખ છોકરાઓની માતા હોવા છતાંય સમાજમા આદરણીયતા પ્રાપ્ત કરવાની તે માઁ ક્ષમતા ધરાવતી નથી કારણ કે મુર્ખોઓની રહેણીકરણી ભુલ ભરેલી અને વિવાદાસ્પદ હોવાથી પરિવાર સતત લોક ચર્ચામાં રહેતો હોય છે. એક વાત જાણવા જેવી છે કે મુર્ખાઓ પોતે મુર્ખા છે એ વાતને કબુલ કરતા નથી અને સમાજમાં કહેવાતા ડાહ્યાઓ પણ કયારેક મુર્ખોઓ જેવું જ વર્તન કરે છે. તે નિર્ધન મુરખાને હળધુત કરે છે અને ધનવાન મુર્ખાઓને પહેલે તકીયે બેસાડે છે ઘણા મુર્ખાઓ તો ધન ના બળે જન સમાજમાં આગેવાની પ્રાપ્ત કરી લેતા હોય છે. પરમ પુજ્ય નારાયણ સ્વામી પાસે ઘણા મુર્ખાઓના સરનામાં હતા.

::- સાખી -::

ઘર વેંચી તીરથ કરે જાય કાશી કેદાર
પછી ખોડે ઠામ વસવાતણું તો એ પણ એક ગમાર ...૧
વગર વિચારે વેપારી આપી દે ઉધ્ધાર
પછી ચોપડાને ચીતર્યા કરે તો એ પણ એક ગમાર ...૨
જ્ઞાનના પોથા શીર ધરી ઉપદેશ આપે અપાર
આચરણમાં નહિ એકડો તો એ પણ એક ગમાર ...૩
વાત વાતમાં વચ્ચે બોલી કરી બેસે તકરાર
નવરો થૈઈ વાળે નખ્ખોદ તો એ પણ એક ગમાર ...૪
કાવાદાવા ને કપટથી ધન કમાવે અપાર
પછી ખર્ચે નહિ એક ત્રાંબીયો તો એ પણ એક ગમાર ...૫
ટુંકી ચાદરમાં પોતાના પગનો કરે વિસ્તાર
લાંબા ભેગો ટુંકો ચાલે તો એ પણ એક ગમાર ...૬
કામ બગાડે પોતાનું આંટા મારે અપાર
કરજો કરી કીર્તિ કરે તો એ પણ એક ગમાર ...૭

પંડિતાઇ પાલે પડી યહિ પુરબ કા પાપ
ઓરનકો ઉપદેશ દે ખાલી રહ ગયે આપ

ભેંસ ગાયને ભાવથી આપે નહિ આહાર
પછી દુધ માટે દોટું દીએ તો એ પણ એક ગમાર ...૮
નીર અપરાધી જીવનો શોખમાં કરે શીકાર
ત્રાસ નહિ ઈશ્વર તણો તો એ પણ એક ગમાર ...૯
ભાઈબંધીની ભુલનો ધોખો કરે ધરાર
કાયમ જયાં ત્યાં ગાયા કરે તો એ પણ એક ગમાર ...૧૦
માને મનમાં માનવી જે દારૂને દીલદાર
પ્યાલી પીને પરવશ બને તો એ પણ એક ગમાર ...૧૧
ખુશામતી ને લાલચુ પૈસાથી હોય પ્યાર
કવિજન કુડો હોય તો એ પણ એક ગમાર ...૧૨
દર્દીની દરકાર નહિ જેને પૈસા લેવામાં પ્યાર
વૈદ્ય હોય જો લોભીયો તો એ પણ એક ગમાર ...૧૩
ન્યાયનાં આસને બેઠા પછી ન્યાર ના કરનાર
પછી કરે પક્ષ જો એકનો તો એ પણ એક ગમાર ...૧૪

મુર્ખાને કચ્છી ભાષામાં ડર કહેવાય છે.

ભજન કરે ભજની સજી રાતું છોડે પાખેંજો જોત
સમજે વગર જીયું સટું કઢે વડો ઈ.. પણ હકળો ડર ...૧
અધખણ અખીયું ભેંધ રખીને મારા ફેરે ઠગ
ઠગ ભગતજો ઠાઠ રચે વડો ઈ .. પણ હકળો ડર ...૨
પંગતમે પેલો પુજે ને કમજે ટાણે કૂસર
ઓટા જોરે પેઓ આળસુ વડો ઈ.. પણ હકળો ડર ...૩
ઉગે થીએ ને આડી વર્ગે નત લજે નૌ ઘર
વગર નોતરે ખાઈ અચે વડો ઈ.. પણ હકળો ડર ...૪
ચરપણ ચથરાઈયું કરે વરેઅ વંઞાયેં સઠ
દીઆ ડીં ભેસુધ્ધો ભને વડો ઈ.. પણ હકળો ડર ...૫
છાપોડીઓ છાપે મથે ખોલે ઉગેજો અખ
ઉથી ઉગે જો કજુડો ચુંથે વડો ઈ.. પણ હકળો ડર ...૬
લઠજે બરતે મત મંગે ને કરે કુકર મુકર
વકજે વઠો પોએ વાટતે વડો ઈ.. પણ હકળો ડર ...૭
હલો ત ચે હૈયા હલો કત હલણું નાય ખબર
જડાં તડાં પેઓ ધકકા જલે વડો ઈ.. પણ હકળો ડર ...૮
ગાલ ગાલમે રીસું કરે વજે રૂગા વંગ વર
ભરેલો ભાણ ઠેલે છડે વડો ઈ.. પણ હકળો ડર ...૯
જ્ઞાનજો કો અંત નાંય નીંધા જો છેડો નરક
નીંધા કરે નરકમે છણે વડો ઈ.. પણ હકળો ડર ...૧૦

ઢેળા કરે સજે ગામજા પોએ કરે ઉકળે ભુરરર
ભુંકદે ભઘરો વંઞાય છડે વડો ઈ.. પણ હકળો ડર ...૧૧
નાંય કેંકે પાણી પીરાંયેં કડેં ખારાયં નૈઈને ટક
પરાયે વીંઆમેં ગટા ભરાય વડોઈ..પણ હકળો ડર ...૧૨
ખુલો ઠાં દસી પાણીઅજો કાગડો ભને કુફર
આમું છડેને વે વિષ્ટાતે વડો ઈ.. પણ હકળો ડર ...૧૩
ખીડું ખેડેં ખંતથી સજી ચમાર બળદ
પોએ ટોળેં કે વંકણી છડે વડો ઈ.. પણ હકળો ડર ...૧૪
અકલ વગર જો ઓથમીર ખણે પરાયો ભર
પોએ વઠો ખાયે ખલા વડો ઈ.. પણ હકળો ડર ...૧૫
આળસુંએં કે માનીઅજી ઘરમેં હકલ થીએ મડ મડ
તોય વઠો સત સ્વાદ ગુરે વડો ઈ.. પણ હકળો ડર ...૧૬
કુટણ ગામમેં કરે સજો દી જેંજી તેંજી ચુર
પોએ વઠો ઘડકી છંઢાય વડો ઈ.. પણ હકળો ડર ...૧૭
કરે પંચાતું પારકીયું ને વસાય ન પઢંજો ઘર
બુઝે નતો ને બુઝણ ભને વડો ઈ.. પણ હકળો ડર ...૧૮
કુરિયેજી કાઠી ખણી ખીડુઅ ફગાયેં કુળ
વાઢો છોલે વેલણ ભનાય વડો ઈ.. પણ હકળો ડર ...૧૯
વગર કંકોતરીયેં કાગડો પોખ્યો ઉગે જત તત
હુંદાજીયું ગાલીયું હુદાં કરે વડો ઈ.. પણ હકળો ડર ...૨૦
કારો પાડો કથા સુણેલા વૈઈ રેઓ વ્યાસજે વટ
સરવાળે ઢંઢતે પુજે વડો ઈ.. પણ હકળો ડર ...૨૧
કમ ઘંધેજા નૈંઈ ઠેકાણા કડેં અચે ન ટાણે ઘર
ચાય કોપ પુઠીઆ પેઓ ટરે વડો ઈ.. પણ હકળો ડર ...૨૨
સગેં ભાંએકે વડાએ કુટણ કરે કુકર મુકર
પઢંપેઓ પોએ તાડીયું વજાયે વડો ઈ.. પણ હકળો ડર ...૨૩
ખટે ન ખોટો ઢીંગલો કરે ચુલતે ચકર ચકર
બાયડીઅ જે ખટતે પરે વડો ઈ.. પણ હકળો ડર ...૨૪
ઘરવારીઅ સેં પુજણ ન થેઆ તેર કુટેં ગડોજી ભડર
ચેઓ ન ચડે ગદોડે કડેં વડો ઈ.. પણ હકળો ડર ...૨૫
મીંઅ હેડા મુંઘજા વઠા ન ખીડુઅ પોખેં ખેતર
પોએ દાડે કા દછીયું વજે વડો ઈ.. પણ હકળો ડર ...૨૬
મછલી વેસાં ખણે નતી ન તો કમ કરે અજગર
ઈઅ કડેં માડુ કરે ત વડો ઈ.. પણ હકળો ડર ...૨૭

હરિ ઓર હરિજન એક સમાના
ખોજી લેહું સબ વેદ પુરાના - સંત તુલસીદાસ

નવરો કાગડો કજુડા ચુંથે ચુંથે લજે ચઠ
ચઠ ફોલેને ચાદ કરે વડો ઈ.. પણ હકળો ડર ...૨૮
પગપાળો યાત્રાઉં કરે ને ભને માતાજો ભકત
માએતેરેં કે લખ મંગે નતો વડો ઈ.. પણ હકળો ડર ...૨૯
વડો ભનેઓ વેવારમેં જેસીંઅ વૈઈરિઓ તર
હાણે પેઓ વેળા જલે વડો ઈ.. પણ હકળો ડર ...૩૦
ભો ન કર્મજો હો કઢે પ્યો વજે પીતરેં તે ભધ
તેં વટ વૈઈને મથો હલાય વડો ઈ.. પણ હકળો ડર ૩૧
ઉગે વટાનું ઉલથે તૈઈયં ખાય ટાણા અઠ
પંઠ વટા પંઠ ખજે નતો વડો ઈ.. પણ હકળો ડર ...૩૨
ત્રી પ્રર્થેજા ટકા દૈઈને મછીયું જલે તો બગ
વેસા કરે તેંજી પાળ કઢે વડો ઈ.. પણ હકળો ડર ...૩૩
પટલાઈએં ને ચોવટે મજા નવરો નતો થીએ નર
કરૈઈયેં એંતે કાગડા લફેં વડો ઈ.. પણ હકળો ડર ...૩૪
પંઢજે સામેં કરે ભઉઆડો બૈઈય લરકાયે પુછ
ગગું ચટે પેઓ ગામજીયું વડો ઈ.. પણ હકળો ડર ...૩૫
ચણે વધેને છોરા બોરા નાંય ટકેજી ખટ
પોય વઠો બાવો ભને વડો ઈ.. પણ હકળો ડર ...૩૬
કરે પંચાતું પારકીયું ને ફુટાયે બેજા ઘર
પોએ વઠો ભદરીં કુટાય વડો ઈ.. પણ હકળો ડર ...૩૭
નાંય ખીચેમેં ઢીગલો રૂગા હે મુછેં કે વર
ચુલ મથે ચકર કરે વડો ઈ.. પણ હકળો ડર ...૩૮
નતો ભરાજે ભુંક અનજો ખાય પેઓ ચચર પચર
પંઠવટા પંઠ ખજે નતો વડો ઈ.. પણ હકળો ડર ...૩૯
નાંકો હેઠેં ન નિશાળજો પે ઠલા ગુમાયેં ધસ્તર
પકે ઘડે પેઓ કનાં ચડાય વડો ઈ.. પણ હકળો ડર ...૪૦
ગંગા જમના ગોમતી છડે ત્રીવેણી તટ
ઢંઢમે ટુબીયું હે વઠો વડો ઈ.. પણ હકળો ડર ...૪૧
સજી રાત રૂલંધે વંઞાય જેડલેં ભેરો નફટ
બાવો રે... પોએ બોંઈનું વડો ઈ.. પણ હકળો ડર ...૪૨
ડા હસજેંતા થોડા, ઝઝા હસાણા ડર
અની ડરેંજા લેખા કરે વડો ઈ.. પણ હકળો ડર ...૪૩

❋ ❋ ❋

તેથી સૌ મુર્ખોઓ કરતાં એક ગુણવાન પુત્ર શ્રેષ્ટ છે. એક ચંદ્ર જ અંધકારને હણવા સમર્થ છે. નહિ કે અનંત તારાઓના સમુહથી, ચંદ્ર થી જ રાત પ્રકાશિત ગણાય છે, તારાઓથી નહિ.

માઁ એ કેવળ બાળકની જ નહિ પરંતુ તેના સંસ્કારોની પણ જન્મદાત્રી છે. આપણી સંસ્કૃતિએ માનું ખૂબ જ ગૌરવ વધાર્યું છે. 'માતૃ દેવો ભવ' એમ કહીને તેને આદ્યપૂજાનું સ્થાન આપ્યું છે. 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે ' એ કહેવત માતૃ મહિમાનાં જ ગુણગાન કરે છે. માતા એ પ્રેમની અજોડ મૂર્તિ છે. પોતે ભીનામાં સૂઈ દીકરાને સૂકામાં સુવાડનાર માના વાત્સલ્યને જગતમાં ઉપમાં મળવી મુશ્કેલ છે. માતા એટલે અખૂટ વહેતું પ્રેમનું ઝરણું મોટા ભાગના મહા-પુરૂષોના જીવન ઘડતરમાં તેમની માતાઓએ અમૂલ્ય ફાળો આપ્યો છે.

ભારતીય સંસ્કૃતિ અનેક વીર માતાઓથી વિભૂષિત છે. જેના નામ પરથી આપણા દેશનું નામ ભારત પડ્યું તેવો. સિહનું મોઢું ફાડીને તેના દાંત ગણવાની હિંમત રાખનાર સર્વદમન એટલે કે ભારતને જન્મ આપનારી આપણી આદ્ય જનની શકુંતલાને કેમ ભુલાય ? ભગવાન રામને જન્મ આપવાનું સૌભાગ્ય જેને સાંપડ્યું એટલું જ નહિ પણ જેણે રામને પણ જીવન તરફ જોવાની શુભદૃષ્ટિ બક્ષી એવી કૌશલ્યા સુભદ્રાના પાસેથી પ્રત્યેક માતાએ જીવનદર્શન મેળવવા જેવું છે. તેની સાચી મિત્ર બનીને ઉભી રહેનાર લક્ષ્મણની જનની સુમિત્રા પણ વંદનીય છે. હનુમાનને જન્મ આપીને માતા અંજની કૃતાર્થ બની, તેનું પણ સ્મરણ કરવું જોઈએ.

મહાભારત કાળમાં પણ કુંતાએ માતૃપદનું ગૌરવ દીપાવ્યું હતું. અનંત અગવડો વેઠીને તેણે પોતાના પુત્રોને મોટા કર્યા હતા. તેની તપશ્ચર્યાએ તેના પુત્રોનું સાચું જીવન ઘડતર કર્યું હતું. તેના પુત્રો આફતની આંધીઓથી કદી ગભરાયા નહોતા કે વિઘ્નો કે વંટોળિયાએ તેમને કદી ઝુકાવ્યા નહોતા. તેનો પુત્ર અર્જુન તો તેની માતાના નામ પૃથા પરથી પાર્થ કહેવાતો.

અર્જુનનો જ પુત્ર અભિમન્યુ તેમજ તેનામાં વીરત્વ પ્રગટાવનાર તેની માતા સુભદ્રા પણ નમસ્કારાર્હ છે. અર્જુનની અનુપસ્થિતિમાં સંસ્કૃતિ રક્ષણની કટોકટી ભરી પળે ક્ષણભરને વિચાર ન કરતા જેણે જીવન બલિદાન આપવાનો નિશ્ચય કરી લીધો એ અભિમન્યુનો આર્દશ પ્રત્યેક માતાએ પોતાના બાળક પાસે મૂકવો જોઈએ. પોતાની માતા ઉપરાંત રાજપત્ની, ગુરૂપત્ની, ભ્રાતપત્ની, તેમજ પતિનીમાતા (સાસુ) તરફ પણ માતૃદ્રષ્ટીએ જોવાનો આર્દશ છે.

માતાના સ્વરૂપો

જનની, જન્મભૂમિ, જગતાત્રી, એક માતાએ છે કે જેણે અમને જન્મ આપ્યો છે. બીજી માતા અમને આશ્રયસ્થાન આપે છે. અને ત્રીજી માતા શાંતિ સ્વરૂપે પોષે છે. જન્મભુમિ એટલે પૃથ્વી કે જે સમગ્ર જીવોનું આશ્રય સ્થાન છે.

समुद्रवसने देवि पर्वतस्तनमंन्डले ।
विष्णुपत्नि नमस्तुभ्यं पादस्पर्श क्षमस्व मे ।।

સમુદ્રરૂપી વસ્ત્રો પહેરેલી, પર્વતરૂપી સ્તનમંડળવાળી અને વિષ્ણુ ભગવાનની પત્ની એવી હે પૃથ્વીદેવી ! તમને હું નમસ્કાર કરું છું. મારા પગનો તમને સ્પર્શ થાય છે તેને માટે ક્ષમા કરો.

પૃથ્વી એ પ્રાણીમાત્રની માતા સમાન છે. જડ, ચેતન બધા જ પદાર્થોને એ પોતાના પ્રેમાળ ખોળામાં સ્થાન આપે છે. પોતાના પ્રેમભર્યા પીયૂષ પિવડાવીને માઁ વસુંધરા સકળ જગતને પોષે છે. જગજનની વસુંધરાના પ્રેમનું એવું અજબ ખેંચાણ છે કે ગગનમાં વિહરવા જતો માનવ અંતે પાછો પૃથ્વીના પ્રેમાળ ઉછરંગમાં સ્થાન પામીને જ રાહત અનુભવે છે. 'માઁ' વસુંધરાના આ ખેંચાણને જ વૈજ્ઞાનિકોએ ગુરુત્વાકર્ષણ એવું રૂપાળું નામ આપ્યું છે.

વસુંધરાએ આપણને અનેક પુન્યશાળી પુરૂષોની ભેટ આપી છે.

प्रह्लाद नारद पराशर पुण्डरीक
व्यासाम्बरीष शुकशौनक मीष्मदाल्भ्यान ।

હરિદુર્લભ નાં જગતમેં હરિજન દુર્લભ હોય
હરિ હેરયા સબ જગ મીલે હરિજન કઈ એક હોય

रुक्मांगदार्जुन वसिष्ठ विभीषणादीन
पुण्यान ईमान परम भागवतान स्मराभि ।।

પૃથ્વીના વક્ષઃસ્થળ પર રહેલા પર્વતો એ માતાના સ્તન સમાન છે. માતૃ-વાત્સલ્યથી 'માં' વસુંધરા પોતાના સંતાનોને પોષે છે. પર્વતમાં અનેક પ્રકારની વનસ્પતિઓ અને પૌષ્ટિક ઔષધિઓ હોય છે. સંસ્કૃતમાં 'પય' શબ્દના 'દુધ' અને 'પાણી' એમ બન્ને અર્થો થાય છે. એ દૃષ્ટિથી 'પયોધર' એટલે દૂધ ધારણ કરનાર સ્તન અને પાણીના ઝરણાંઓ ધારણ કરનાર પર્વત એમ બન્ને અર્થ થાયે છે. તેથી અહિં પર્વતને પૃથ્વી માતાના સ્તનની ઉપમા આપી છે. પુરાણોમાં પર્વતોમાંથી ફુટી નીકળેલા દૂધના ઝરણાંઓનું વર્ણન પણ જોવા મળે છે. વળી આ પર્વતરૂપી સ્તન મંડળમાંથી જ ગંગા યમુના વગેરે સેંકડો નદીઓ ઉદભવ પામે છે. 'જળ' એ તો જીવન છે. માના દૂધથી જેમ બાળક પુષ્ટ થાય છે તેમ આપણે પણ ધરતી માતાના સ્તનમાંથી મીઠું, નિર્મળ તેમજ તૃપ્તિ આપનારું જળ પામીને પુષ્ટ થઇએ છીએ. સ્ત્રીની ધરા સાથે સરખામણી કરતાં કવિ કહે છે કે,

નારી કી નિંદા મત કરો નારી રત્ન કી ખાણ
નારીએ નર નીપજ્યા ધ્રુવ,પ્રહલાદ સમાન

ભારતની ભૂમિ સંતો, ભકતો તથા શુરવીરોની ભૂમિ તરીકે ઓળખાય છે. કવિશ્રી કાન કહે છે કે, આ દેશની અંદર અનેક માતાઓ છે કે જેણે સંતો, ભકતો અને શુરવીરોને જન્મ આપીને પોતાનું તથા રાષ્ટ્રનું નામ ઉજવળ કર્યુ છે.

અમ દેશની એ આર્ય રમણી

હરિશચંદ્ર જે સતવાદીયો, સત કારણે સંકટ સહ્યા,
રાણી કુંવર વેંચ્યા છતાં આંખેથી આંસુ નવ વહ્યા,
પતીકાજ પરિતાપો સહ્યા, હરખી અને હુલ્લાશમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૧

રઘુકુળ ભૂષણ રામનું, ગાદી તણું મૂરત હશે,
આજ્ઞા પિતાની પાળવા 'ઈ વિકટ વનમાં જઈ વસે,
ત્યાગી સુખો વૈભવ તણા, સીતા હતા સહવાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૨

સેવા કરી સુરભી તણી અને યોગનું પાલન કર્યુ,
વેદાંતનું મંથન કરી, ગીતા તણું સર્જન કર્યુ,
એને દેવકીએ આપ્યો અવતાર કારાવાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૩

વાઢયો કુંવર નીજ વાણીયે, હાથે છતાં મુખડું હસે,
સગાળશાની વાત સુણતા, રૂંવાડા ઉભા થશે,
ચંગાવતીએ શીશ ખાંડયું, હરખીને હુલ્લાશમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૪

ચંદનકી ચુટકીભલી ગાડી ભલોન કાઠ
બુધ્ધિવાન એક હી ભલો મુરખ ભલોન સાઠ

લઈ તેગ લક્ષ્મીબાઈ, જે ઝાંસી તણી રાણી હતી,
જીતી હતી રણ, જંગમાં જે દુશમનો હણતી હતી,
મરદ સમી એ માનુની, રહેતી'તી રાજસ્થાનમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૫

ચિતોડ ગઢથી છૂટતા રાણો રઝળતો થઈ ગયો,
અરવલ્લીમાં અટકીને એ શાહની સામે થયો,
રાણી અને વળી રામદ્વારે વસ્યા હતા રણવાસમાં,
અમ દેશની એ આર્ય રમણી અમર છે ઈતિહાસમાં. ...૬

જુગમાં વધારી જાહલે આબરૂ આહિર તણી,
સિંધ જાતા પડ્યું સંકટ, વ્હાર માંગી વીર તણી,
સુમરા હમીરને નવઘણે રોક્યો હતો રણવાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૭

સૌરાષ્ટના સાગર કિનારે, સુદામા જન્મયો હતો,
પાવનભૂમિ પોરબંદરે, કબો ગાંધી થયો હતો,
સંસ્કારનું સિંચન કર્યું, માતાએ મોહનદાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૮

એભલ ગયો નીજ ઓરડે, પત્નીનું ઉપહાસ્ય જ કર્યું,
પોઢેલ ચાંપો પીંગળે, એણે મુખ ઉપર વસ્ત્ર જ ધર્યું,
જીભાન કરડી જોગમાયા, સીધાવી સ્વર્ગવાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૯

ધન કુખ જીજાબાઈની, જેથી શિવાજી પાક્યો હતો,
તલવાર કેરી ધાર પર, હિંદુ ધરમ રાખ્યો હતો,
પડકાર કરતી પુત્રને, કરજે સમર મેદાનમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૧૦

એ જનેતાને ઉદર નભ, નામ જશ ચાંપો થયો,
મસ્તક ચડાવ્યું શીવને અને ધુંધળા દળમાં ધસ્યો,
લડતું પડયું ધડ લાઠીએ, કાઠી ગયો કૈલાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૧૧

મેરી ચાહી મત કરો મૈં મુરખ અગ્યાન
તેરી ચાહિ મેં પ્રભુ હૈ મેરા કલ્યાન

પકડી હઠ પરિયાગતે, સત્યાગ્રહે ચડ્યો હતો,
પ્રગટ થઈ દેવી પુત્રને, મશાણે મળીયો હતો,
દેહ પડ્યા પછી અશ્વો દઈ દીધાં દશદીસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં ...૧૨

વાળો તળાજા સૂર્યવંશી, અડીખમ બોલે થયો,
એ ભાનુ એ શીશ અર્પતા, ધડકાર દિલમાં ના થયો,
બલિદાન આપ્યું બાપનું, બેની તજી બારદાસમાં,
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૧૩

અરજી સુણીને આજ તું, ભગવાન વ્હેલો આજને,
પુત્રો દીયે પરમારથી, એવી માતા નીપજાવજે,
'કાન' કહે નીપજે સપુત, હું ઝખું શ્વાસોશ્વાસમાં
અમ દેશની એ આર્ય રમણી, અમર છે ઈતિહાસમાં. ...૧૪

ઘર વગરની માઁ અને માઁ વગરનું ઘર

ગૃહસ્થાશ્રમનાં બે પાસા શુભ હોવા જોઈએ. એક તો ઘર વગરની માઁ અને બીજું માઁ વગરનું ઘર ન હોવું જોઈએ. એક આલીશાન મકાન માં અગર એક માઁનું અસ્તિત્વ ન હોય તો સમાજ ભલે એને ઘર કહે પણ ખરેખર એને ઘર ન કહેવાય. ઘરમાંથી તગેડીને કાઢી મુકેલી માઁ શ્રાપ તો નહી આપે પણ એના નિઃસાશાનો પ્રભાવ સાત-સાત પેઢી સુધી રહે છે. સંત તુલસીદાસજી કહે છે કે,

તુલસી ગરીબ ન સતાપીયે બુરી ગરીબકી હાય
મુઆ ઢોરકે ચાંમસેં લોહા ભસ્મ હો જાય

ગરીબ નિઃસહાય અને લાચાર વૃદ્ધો ઘર છોડીને વૃદ્ધાશ્રમમાં રહેતા હોય તો એ ગૃહસ્થાશ્રમ માટે એક કલંક છે. જેના થકી સમાજ વ્યવસ્થામાં ભંગ પડે છે. દરેક માણસ પોતાનાં વડીલોને ઈશ્વર સમાન ગણે તો જ સમાજ વ્યવસ્થા જળવાય. સમાજમાં એવા વિચારો જાળવાઈ રહેશે તો એક દિવસ વૃદ્ધાશ્રમનાં નિર્માણો થતા થતા અટકી જાશે !!!

શાસ્ત્રકારોએ "ત્વમેવ માતા" કહીને ઈશ્વરને માઁ ની ઉપમાં આપી છે. માઁ અને ઈશ્વર બંનેના ભાવ એક સરખા છે. પોતાના સંતાનોને જે દ્રષ્ટિથી માઁ જુએ છે એ જ દ્રષ્ટિથી ઈશ્વર જુએ છે. સંતાનો વિશે જેવી રીતે માઁ વિચારે છે એવી જ રીતે ઈશ્વર વિચારે છે. જેવી રીતે ઈશ્વરના અસ્તિત્વથી જગતની શોભા છે એવી રીતે માઁ ના અસ્તિત્વથી ઘર ની શોભા છે. જગત નું નિયંત્રણ ઈશ્વરના હાથમાં છે. એવી રીતે ઘરનું નિયંત્રણ માઁ ના હાથમાં હોવુ જોઈએ. જગત તરફ જોવાની જે સમદ્રષ્ટિ ભગવાન પાસે છે એવી જ સમદ્રષ્ટિ ઘર તરફ જોવાની માઁ પાસે છે. જેવી રીતે ઈશ્વરની જગત પ્રત્યે જોવામાં ભેદભાવનાની નીતિ નથી એવી રીતે માઁ પણ ઘરના સદસ્યો વિશે ભેદભાવની નીતિ અપનાવતી નથી.

ઈશ્વરની ભેદભાવની નીતિ વિશે વાંચ્યા પછી મનમાં એક શંકા ઉત્પન થાય છે. કે ઈશ્વર પાસે ભેદભાવની નીતિ નથી તો પછી જે વિસમતા દેખાય છે એ કોણે મોકલી છે ? ઈશ્વરે સર્જેલા તમામ જીવોનું વ્યકિત્વ એક સરખું કેમ નથી ? શાસ્ત્રકારો એનો જવાબ આપતા કહે છે કે, વિસમતા એટલે ઈશ્વરની ન્યાય પ્રક્રિયા. પ્રત્યેક જીવનું સર્જન એના કર્મના સિધ્ધાંત પ્રમાણે થાય છે. એક નગર છે એમની સામે એક ગામડું છે. એક ધનવાન છે બીજો નિર્ધન છે.

રામચંદ્રકે ભજન બીન જો ચહ પદ નિર્વાણ
જ્ઞાનવંત હોતે હુવે તાંકો મુરખ જાન

એક વિદ્વાન છે, બીજો નાદાન છે. એક સાધુ છે, બીજા શિષ્યો છે. એક પૈસાદાર છે બીજો ભીખારી છે. એક શેઠ છે બીજો નોકર છે. એક સશકત છે બીજો કૃપણ છે. એક વિચારી છે. બીજો અવિચારી છે. એવી તો અનેક પ્રકારની વિસમતા. જીવના કર્મો ઉપર આધારિત છે. એમાં ઇશ્વરની લેશમાત્ર પણ ભેદ-ભાવની નીતિ રહી નથી. ગીતાના પંદરમાં અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે, મને તથા મારી પ્રકિયાને

વિમુઢા નાનુ પશ્યન્તિ પશયન્તિ જ્ઞાન ચક્ષુષ :

ભગવાન કહે છે જગત પ્રત્યેની મારી ક્રિયાઓને માત્ર જ્ઞાની જ સમજી શકે છે. મંદબુધ્ધિ વાળા એટલે કે મૂઢ (નાદાન) મનુષ્યો જોઇ શકતા નથી એને માત્ર જ્ઞાન દ્રષ્ટિવાળા તથા વિવેકીઓ જોઇ શકે છે. તથા મારી જગત પ્રત્યેની કાર્ય પ્રણાલીકાને સમજી શકે છે. જયારે અશુધ્ધ અંતઃકરણ ધરાવતા અજ્ઞાનીઓ મારી ક્રિયાને સમજવાના પ્રયત્નો કરવા છતાં પણ સમજી શકતા નથી એટલે જ જગતમાં એમને વિસમતા દેખાય છે. જગતની ન્યાય પ્રણાલીકા ઇશ્વરના નિયંત્રણ હેઠળ હોય તો જ વિસમતા દેખાય નહિ તો ટકે શેર ભાજી ટકે શેર ખાજા જેવી સ્થિતી થાય. વિસમતાએ ઇશ્વરની ન્યાય પ્રણાલીકાનો પુરાવો છે. અને વિસમતા એજ જગતની વિશેષતા છે.

અગણીત છે ઉપકાર એના એ તમેં ભુલશો નહિ

જગતમાં ઇશ્વર પછી બીજો સ્થાન માઁ નો આવે છે. કારણ કે તે ઇશ્વરની જેંમ પોતાના સ્વયંમને પોતાના સંતાનોમાં રૂપાંતર કરી નાખે છે. તથા પોતાની જાતને પાલન પોષણની ક્રિયામાં ખર્ચી નાખે છે.

એક વખત પ્રસંગો વસાત સૌ પરિવાર એક જગ્યાયે ભેગો થયો ત્યારે માઁ ના મોટા દિકરાએ માઁ ના ગુણગાન ગાતા કહ્યું કે, માઁ આજે હું તારા, જેટલા પણ વખાણ કરૂં એટલા ઓછા છે કારણ કે હું આજે ડોકટર છું તો તારા થકી છું. બીજા દિકરાએ કહ્યું આજે હું વૈજ્ઞાનિક છુ તો તારા થકી છું. એવી રીતે ઘરના તમામ સદ્સ્યો એ એક સાથે કહ્યું કે માઁ તેં અમારા માટે ઘણુ કર્યુ છે. ત્યારે માઁ એ કહ્યું મને તો એની ખબર જ નથી !!! કરીને ભુલી જાય એનું નામ માઁ પણ માતાએ કરેલા અનંત ઉપકારો સંતાનોએ ભુલવા જોઇએ નહિ.

હે માઁ જગજનની અવતાર

રાગ : શ્રી ગુરૂદેવ ઓધવરામ

હે માઁ જગજનની અવતાર તોકે વંદન વાર હજાર
વદન વાર હજાર માઁ તોજી કરૂણાજો નાય પાર ...હે માઁ.
જન્મ દને તો માડી જગમેં રૂણતોજો મુંજી રગરગ મેં
સીંચે સદ્ગુણને સંસ્કાર તોકે વંદન વાર હજાર ...હે માઁ.
હથ જલે ને હલંધે સખાયે ધર્મ કર્મ જી વાટ વતાયે
દનેતો ઓળખને અધિકાર તોકે વંદન વાર હજાર ...હે માઁ.
ઘર મે ગંગા ઘર મે યમુના ઘર મે કાશી ઘરમે મથુરાં
તોય મન ભટકે તો કો બાર તોકે વંદન વાર હજાર ...હે માઁ.
પરમ આત્માને પરમેશ્વર સાધુ સન્યાસીને દીગંબર
તું સરજનજી સરજનહાર તોકે વંદન વાર હજાર ...હે માઁ.
માઁ તું "શંકર" સૌજન પ્યારી પર ઉપકાર જગત અવતારી
તોજા અગણિત ઐંઇ ઉપકાર તોકે વંદન વાર હજાર ...હે માઁ. લેખક - શંકરનંદા (બીદા)

કવિઓ, સંતો, ભકતો અને સાધકો સૌ માઁ ના ગુણવર્ણન અવિરત ગાતા આવ્યા છે. સંતશ્રી તુલસીદાસજી, જશોદામાઁ ને કહે છે કે, મને ખબર છે કે તું એટલી આનંદીત કેમ છે ? અને તારા મુખમાંથી વારંમવારે મંગલ શબ્દ ધ્વની કેમ નીકળે છે. એની પણ મને ખબર છે. કારણ કે પુરણ બ્રહ્મ સકલ અવિનાશીની તું માઁ છે.

જો મારગ શ્રુતિ સાધુ દિખાવે
તે પથ ચલઇ સબે સુખ પાવે - સંત તુલસીદાસ

જેને આખું વિશ્વ શ્રી કૃષ્ણમ વંદે જગદગુરૂમ તરીકે ઓળખે છે.

રાગ : ભૈરવી

યશોદા મૈયા કાહેન મંગલગાવે યશોદા મૈયા કાહેન મંગલ ગાવે
પુરણ બ્રહ્મ સકલ અવિનાશી સો તેરી ધેન ચરાવે ...યશોદા.
કોટી કોટી બ્રહ્માંડ કે ભર્તા જપ,તપ, ધ્યાને ન આવે
ના જાનું યે કોન પુન્ય હૈ યશોમતી ગોદ ઝુલાવે ...યશોદા.
શીવ સનકાદીત ઓર બ્રહ્માંદિક નેતી નિગમ યશ ગાવે
શેષ સહસ્ત્ર રટે નીરંતર તાકો પાર ન પાવે ...યશોદા.
સુંદર વદન કમલ દલ લોચન સો ધેનું સંગ આવે
માત યશોદા ઉતારે આરતી તુલસીદાસ યશ ગાવે ...યશોદા.

સંત તુલસીદાસ ઉપરોક્ત પદમાં યશોદા માઁ ને ઉપદેશી ને કહે છે કે, જેના આંગણામાં સ્વયંમ ઇશ્વર મનુષ્ય સ્વરૂપે નાચતો હોય એની માઁ ના જીવનમાં આનંદ ની સીમા નથી હોતી એટલે જ સાધકો માતાજી ચાગબાઇ માઁ ને પુછે છે કે, માતાજી આપને શ્રી ઓધવરામજી શા માટે પ્રિય લાગે છે ? અમને એમનું કારણ જણાવશો ?

રાગ : પ્રહાળી તાલ - કેરવા

ચાગબાઇ માઁને પુછું હું કરી કાલાવાલા
ઓધવ તમને... કેમ ખુબ વ્હાલા ...ટેક.
મનમાં હસી માતાજી વદે એમ વાણી
ઓધવે મારી કુખને ઉજાળી ...એટલે જ વ્હાલા.
કુળ દિપક,કુળ તારણહાર પુર્વ કર્મના સંજોગે
દીપ પ્રકાસ્યો બાલપણામાં વૈરાગ્ય લાગ્યો
પોતે તર્યાને અમને તાર્યા ...એટલે જ વ્હાલા.
કર્મ કરીને ફળની આશ ન રાખી
લોભ, મોહ, મમતા ને તૃષ્ણા ત્યાગી
કલ્પવૃક્ષ સેવીને ફર્યા પગપાળા ...એટલે જ વ્હાલા.
શ્વેત વસ્ત્રોમાં શોભે સન્યાંસી
ઘર ઘર ક્રાંતીની જયોત જગાળી
પંથ ભુલેલા ને પંથ બતાવ્યા, ...એટલે જ વ્હાલા.
ધર્મના સ્વરૂપોને કર્મથી સઝાવ્યા
વાંઢાયમાં રહીને ગુરૂકુલ સ્થાપયા
હરિદ્વારે જઇને આશ્રમ બનાવ્યા ...એટલે જ વ્હાલા.
ચાગબાઇ માઁ એમ કહે છે "ભગતરામ"
હે હરિહર તું દેજે સૌને એવા સંતાન
સૌથી અનેરાને સૌને લાગે પ્યારા ...એટલે જ વ્હાલા.

ભકત કવિશ્રી નરસિંહ મહેતા કહે છે કે, કુળ એકોતેર તાર્યા રે... પરિવારમાં એક સંત નો પ્રભાવ થાય તો એની

કબીર મનુવા એક હૈ ભાવે જહાં લગાય
ભાવે હરિકી ભકિત કર ભાવે વિષય કમાય

એકોતેર પેઢી સુધી અસર રહે છે. એ જ શબ્દો માતાજી ચાગબાઇ માઁ પોતાના પુત્ર ઓધવરામ ના ગુણ વર્ણન કરતા કહે છે કે, સંતો હંમેશા ઇશ્વરને પ્રિય હોય છે. કારણ કે સ્વાર્થમય જગતની વચ્ચે રહ્યા હોવા છતાંય પોતે સ્વાર્થમય થયા નથી ભોતિક સુખો ભોગવ્યા નથી અને ભોગવવાની ઇચ્છા રાખી નથી સંતશ્રી ઓધવરામજી ને ઉદ્દેશીને માતાજી ચાગબાઇ માઁ કહે છે કે, કલ્પવૃક્ષ સેવીને ફર્યા પગપાળા એટલે જ વ્હાલા

જેના આસપાસ માં સિધ્ધીઓ આટાં મારતી હોય તેમ છતાં સિધ્ધીનો ઉપયોગ કરતા નથી એટલે માતાજી કહે છે. કલ્પવૃક્ષ સેવીને ફર્યા પગપાળા. એટલે ઓધવરામનું જીવન સૌન અતિ પ્રિય છે.

કલ્પવૃક્ષ

કલ્પવુક્ષ એટલે કલ્પના કરીને મેળવેલું ફળ એવો એનો અર્થ થાય છે પણ તમે કલ્પના કરો અને જે માંગો તે આપે આવા પ્રકારના ઝાડનું વર્ણન માત્ર પુસ્તકો પુરતું છે. હકીકત માં એવા પ્રકારનો કોઇ ઝાડ નથી પણ ફળના મુળમાં કલ્પના છે. એ વાત સાવ સાચી છે. હવે અહિથી શરૂ થાય છે. કલ્પવૃક્ષની કથની !!! દાખલા તરીકે મક્કમ મનોબળ અને દૃઢ સંકલ્પધારી એક માણસ પોતાની વાડીમાં ચંદન વન ઉગાડવાની ઇચ્છા ધરાવે છે. પણ ઇચ્છાને ટકાવી રાખવા માટે સામેના છેડા ઉપર ચંદનનો ઝાડ હોવો જોઇયે ઇચ્છાધારીએ એ ઝાડને જોયો નથી તથા એને ઓળખતો પણ નથી તો પછી ઇચ્છા કરવી કઇ રીતે ? જે વસ્તુ પ્રાપ્ત કરવી છે પણ એ વસ્તુ એણે જોઇ નથી તેથી એ માણસ પોતાની સંકલ્પ સિધ્ધી થી તથા પોતાની બુધ્ધિથી આંખની સામે ચંદનનું એક કાલ્પનીક ઝાડ ઉભું કરે છે. એવી રીતે કલ્પવૃક્ષ ના મુળમાં કલ્પના સમાયેલી છે. ત્યાર બાદ ઇચ્છા ધારણ કરે છે. સૌથી પહેલા કલ્પના ત્યાર બાદ ઇચ્છા અને ઇચ્છા કર્યા પછી એક ચોકકસ દિશા તરફ પ્રયત્નો નો આરંભ કરે છે. અને પ્રયત્નો પછી આવે સાહસ અને ધીરજ આજે તમેં વાવણી કરો ને આજે જ ફળ મળે. એવું નથી એના માટે ધીરજ ધરવી મહત્વની છે. ત્યારબાદ દૃઢ મનોબળ હોવું જોઇએ નહિ તો ચાલું પ્રયત્નો માં અધ્ધવચ્ચે ધીરજ ખુટી જાય તો સંઘ કાશી ગયાથી પહેલા જ પાછો વળી આવ્યા જેવો ઘાટ થાય. માટે કલ્પવૃક્ષ સેવવું હોય તો ક્રમાનુસાર આગળ વધવું જોઇએ. સેવવું એટલે કલ્પના નાં બીજ માંથી ફળરૂપી વૃક્ષ સુધી પહોંચવું. કલ્પવૃક્ષ સવર્ગ માંય નથી અને નરક માંય નથી અને જલમાં પણ નથી સ્થલમાં પણ નથી એ વૃક્ષ આપણી અંદર જ છે. જેને પ્રયત્નો દ્વારા ઉંજાગર કરવાનું હોય છે.આપણા શાસ્ત્રકારો કહે છે કે સિધ્ધી પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રોકત પધ્ધતિ અપનાવવી પડે છે. ફરી આપણે એક વખત કલ્પવૃક્ષની યાત્રાએ જઇએ તો પ્રથમ કલ્પના કરવી ત્યારબાદ ઇચ્છા ધારણ કરવી. ત્યારબાદ પ્રયત્નો આંરભ કરવા. ત્યારબાદ સાહસ અને ધીરજના ગુણો અપનાવવા. ત્યારબાદ મક્કમ મનોબળ ઉભું કરવું. ત્યારબાદ દ્રઠસંકલ્પ ધારણ કરવું. શાસ્ત્રોએ વર્ણવેલા ગુણો આપણે પ્રયત્નો દ્વારા ઇશ્વરની સામે રાખીયે તો ઇશ્વર એમાં નીજી શકિતનો સંચાર કરે છે. એવી રીતે મનુષ્ય ઇચ્છા અને એમાં ઇશ્વરીય શકિતનો સુમેળ થાય એમાંથી જે ફળ નીપજે એનુ નામ કલ્પવૃક્ષ. એક વાત વિચાર કરવા જેવી છે કે, આપણા આગણામાં આપણે ઉગાડેલા આંબા ના ઝાડ માંથી જો આપણે જ આંબા ન ખાતા હોઇએ તો આપણે પ્રશંસાને પાત્ર ઠરીએ છીએ. એ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને માતાજી ચાગબાઇ માઁ કહે છે કે, કલ્પવૃક્ષ સેવીને ફર્યા પગપાળા એટલે જ વ્હાલા માતાજી કહે છે કે, કલ્પવૃક્ષ જેની મુઠી માં છે તેમ છતાં એમાં એમણે લેશમાત્ર પણ આશા રાખી નહિ એટલે મને ઓધવ પ્રિય છે !!! કવિ કહે છે કે,

રાગ : દરબારી

ઇશ્વરને હમેં પયગામ દિયા ઉસે હમને ઓધવરામ કહા ...ઇશ્વર૦
તુજમેં ધ્રુવ કી બાલીસતાથી તુજમેં વૃધ્ધ ભીષ્મ પ્રતીજ્ઞાથી
તું સંસ્કૃતિકા વીર સપૂત તુજમેં યુવાન ધનંજય થા ...ઇશ્વર૦
સબ લોગ ચલાવતહૈ નૈયા અપની અપની સમંદરમેં
જો હો ન સકેગા હમસેં કભી તું ને રેતમેં નાવ ચલાય દિયા ...ઇશ્વર૦

સબ કામ કીયે ફલકી નહિ આશ કભી ન રખી મનમેં
પચરંગી ક્રાંતિકાતું પ્રતિક તું કર્મયોગકા સ્વામીથા ...ઈશ્વર૦
તેરે મૌન મેં થા આવ્હાન તેરા શબ્દ ભી આત્મજ્ઞાનીથા
તેરી બંધ મુઠીમેં ઉબલતા છુપાહુઆ તુફાનથા ...ઈશ્વર૦
શીવને નીજ રૂપ દિખાય દિયા હમ સબકો "ભગતરામ" ભા ગયા
તું ધર્મ અર્થ ઓર કામ મોક્ષકા સકલ પદારથ પાયાથા ...ઈશ્વર૦

પરમ કૃપાળુ પરમાત્માં દ્વારા નિર્મિત ચાર પદાર્થો જેવા કે ધર્મ, અર્થ, કામ, મોક્ષની સંતો ધીરે ધીરે અને સાધના દ્વારા પ્રાપ્ત કરે છે. અને પછી નિર્વીકલ્પ અને નિર્વીકાર સ્થિતીમાં આવ્યા પછી એનો ત્યાગ કરવો એ જ ખરી સંન્યાસી ની અવસ્થા છે. કોઈપણ વસ્તુ અથવા વિષયને પકડી રાખવાથી એમાં મોહ પેદા થાય છે. જે સન્યાસી માટે એક દિવસ ઘાતક પુરવાર થાય છે. મારું તો એવું માનવું છે કે, સંન્યાસીને સો ની નોટ કે પાંચસો ની નોટ અથવા તો કોઈ કોઈ પણ પ્રકારના ચલણની ખબર ન હોવી જોઈએ અથવા હોય તો એને પરખ મુજબ ચાલવું ન જોઈએ. સહભાગ્યે મને એવા એક સંતના દર્શન કરવાની તક મળી મેં એમની સામે બેસીને એમનાં જીવનને જાણવા વિશે યથાર્થ પ્રયત્નો કર્યા પણ હું એમને સંપુર્ણ રીતે જાણી શક્યો નહિ છતાં પણ મેં મારા પ્રયત્નો ચાલું રાખ્યા.

આઈશ્રી હઁસબાઈ માઁ

શ્રી નમું આઈ હઁસબાઈ માઁ જગદંબા સાક્ષાત
પવિત્રતાને પ્રેમજી વર્ષા વર્ષે અમૃત ધાર
સરલ સ્વભાવ નેણ નિખાલસ નિર્મલ અંતકરણ
ચંદ્ર સ્વરૂપી મુર્ત મનોહર બાલ્ય સ્વરૂપ જીવન
તૃપ્ત બુધ્ધી મન કામના નાંય જન્મ મરણજી તાણ
શીવ અચીને જીવ શેં કરે રાત-ડીં રેંયાણ
નાંયકો વ્યાધી વડપજી નાંય ધન દોલત સેં પ્યાર
સનમે ધુન લગી નિરતંર એકનામસ્વરૂપ આધાર
નાંયકો પ્રિત શરીરસે નાંય જગ સેં કો વેવાર
"ભગતરામ" આં સંત ચરણમેં વંદન વાર હજાર

જગતના અસ્તિત્વમાં સતીત્વનું ખુબ મોટું યોગ દાન રહ્યું છે. આ જગતમાંથી જ્યારે પણ સતીત્વનો લોપ થશે ત્યારે માણસ માણસને ખાઈ જશે. કોઈના વિચારો એક સરખા રહેશે નહિ અને સરેઆમ -વિશ્વાસઘાત થાશે અને જ્યાં ત્યાં દગાખોરોનું સા મ્રાજ્ય જોવા મળશે એટલું જ નહિ માણસ માણસને મારવા માટે હથિયાર ઉત્પાદન કરશે. એક માણસ બીજા માણસને વગર વાંકે મારી નાખે એના જેવી શેતાની વિચાર ધારા બીજી કંઈ હોઈ શકે ? આજે એ વિચારધારા જગતમાં સર્વોપરી અને સર્વમાન્ય છે. જ્યારે જ્યારે સતીત્વનો લોપ થાય છે ત્યારે જગતની આવી જ દશા થાય છે !!! સતીત્વ એટલે સત્ય અને સત્ય એટલે ધર્મ. જ્યાં મંદિર-મસ્જીદ તથા ચર્ચ છે. ત્યાં જ માત્ર ધર્મ છે. એવું સમજવું નહિ જ્યાં સત્ય છે. ત્યાં ધર્મ છે. ધર્મ તીર્થ સ્થાનોને પકડી ને નથી ચાલતો ધર્મ સત્યને પકડી ચાલે છે. તીર્થસ્થાનો પણ ધર્મનો છેડો પકડીને ચાલે છે. જ્યારે ધર્મને કોઈના આધારની જરૂર નથી કારણ કે તે ધર્મ છે ધર્મ સત્ય આધારિત પણ નહિ પણ સત્ય સ્વરૂપી છે. ધર્મ ને કોઈના આધાર ની જરૂરત પડતી નથી. આ જગતમાં ધર્મનો આધાર લઈને કઈક પ્રકારનાં કાવાદાવા કરવામાં આવે છે. ધર્મનાં નામે કુળ-કપટ-ઢોંગ-ધતીંગ તથા લોભામણી-લલચામણી અને ડરામણી જાહેરાતો કરીને સમાજને છેતરવામાં આવે છે. લે ભાગુ તત્વો માટે ધર્મ એક હથિયાર છે. અને ધન કમાવવાનું સાધન છે. ભુવાઓ, પાખંડીઓ, તાંત્રીકો, માંત્રીકો એ બધા સમાજમાં અંધશ્રધ્ધા

ફેલાવવા માટે ધર્મ નો જ આધાર માંગે છે. જ્યાં સતીત્વ નથી, સત્ય નથી અને ધર્મ નથી ત્યાં અંધશ્રધ્ધા છડે ચોક તમને નગ્ન નૃત્ય કરતાં દેખાશે. આપણે જેનાં વિશે વિચારી રહ્યા છીએ એવા શ્રી હાઁસબાઇ માઁ જેવા સંત જીવનનું સતીત્વ સમાજ માં સ્થાપિત હશે ત્યાં સુધી ધર્મકાર્યો માંથી સુગંધ આવશે. અને સમાજમાં એમના જીવન દર્શનથી અવિરત પ્રેરણા મળતી રહેશે. સત્યને ટકાવી રાખવું એ આપણી ભારતીય નારીઓની પ્રણાલીકા છે. એટલે જ ભગવાનનું ઉપનામ માઁ છે. માઁ એક એવો શબ્દ છે કે જેનો બીજા. કોઇ સમકક્ષ અર્થ નથી. માઁ એટલે માઁ. માઁ એટલે મધર નહિ, માઁ એટલે મોમ નહિ, માઁ એટલે મમ્મી નહિ, માઁ અને મમ્મી શબ્દનાં ઉચ્ચારમાં જમીન આસમાન જેટલો ફરક છે. માઁ શબ્દ નો ઉચ્ચાર નાભી માંથી ઉત્પન થાય છે. જયારે મમ્મી ઉપર છલો. શબ્દ પ્રયોગ છે જે શબ્દને નાભી તથા હૃદય સાથે કોઇ જ સંબંધ નથી. ભારતની પ્રત્યેક વ્યકિતઓનાં મુખમાં માઁ શબ્દની ધ્વની સંભળાશે ત્યારે સમજી લેજો કે ફરીથી આ ધરતી પર સત્યયુગ આવી રહ્યો છે.

આપણા ભારતમાં ઘણા માણસો એવા છે કે તે, માઁ ને માઁ બોલતા સંકોચ અનુભવે છે. આપણે એને પુછીયે કે તું તારી માઁ ને માઁ કેમ કહેતો નથી તો કહે છે કે હું સુધરેલો છું. મંદિરોમાં દર્શન નહિ પણ પોતાના અંગ પ્રદર્શન કરવા આવતી વ્યકિતને પુછો તો કહે છે કે, હું સુધરેલી છું. સૌને જયશ્રી કૃષ્ણ અથવા તો હરિહર કે પછી રામરામ ન કહેતા હાય હલ્લો કરવાવાળી વ્યકિતને પુછો તો કહે છે કે હું સુધરેલી છું. પોતાના ઘરમાં અથવા તો ગામમાં માઁ-બહેન તથા અન્ય સંબંધીઓની સામે માત્ર ચડી પહેરીને ફરતા રહેલા માણસોને પુછો તો કહેશે કે હું સુધરેલો છું. ઘરમાં પોતાના સંતાનો ની સામે દારૂ પીતા રહેલા માણસને પુછો તો કહે છે કે હું સુધરેલો છું. એવા તો અનેક પ્રકારનાં દુષણો ધરાવતો સમાજ પોતાને સુધરેલો સમાજ કહી રહ્યો છે. એક વાત વિચારવા જેવી છે કે બગડેલો સમાજ અગર પોતાની જાતને સુધરેલા સમાજમાં ખપાવવાનાં પ્રયત્નો કરતો હશે તો બગાડ નીકળશે કઇ રીતે ? એવા માણસ વિશે કવિ કહે છે કે,

રાગ : દરબારી તાલ - કેરવા

નથી કોઇ માનવ મઝાના રહ્યા છે
ધીરજ વિનાના ટુંકા ગજાના રહ્યા છે ...નથી૦
મઝા માણવા એ રહે છે રંગ મહેલમાં
ખરેખરતો જેલની સજાના રહ્યા છે ...નથી૦
ચોધાર આંસુએ માઁ બાપ રડે એના
આંસુઓના ખુટી એના ખજાના ગયા છે ...નથી૦
નારી નથી હવે કોઇ સલામત
એના અંગ પ્રદર્શનો લજ્જા વિનાના થયા છે ...નથી૦
હાથમાં રાખીને ગીતા ગલીઓમાં ઘુમે પંડિત
ધર્મને વેંચી સૌ ધનની પાછળ પડયા છે ...નથી૦
લોભીયા ગુરૂને જેના લાલચી છે ચેલા
સૌ માંએ પુજાયે કેવા જમાના રહ્યા છે ...નથી૦
સૌમાં "ભગતરામ" વસે મારો વ્હાલો
એટલે તો સાધુ સંતો સૌના થયા છે ...નથી૦

એક સનાતન સત્ય સિધ્ધાંત છે. કે માણસ જયારે માણસાઇને છોડે છે ત્યાર પછી એ અવળાઇને પકડે છે એ જયારે માણસાઇ છોડે છે ત્યારે એણે સરળતા છોડી છે. એમ સમજવું જરૂરી છે. અને સરળતા જાય ત્યારે એમાં વાંકાપણું આવે. વાકાપણું એટલે અવળાઇ અને અવળાઇ એટલે અવળ ચંડાઇ તમેં એને એક કહો અને એ કરે બીજું

કુછ શ્રધ્ધા કુછ દુષ્ટતા કુછ સંસય કુછ જ્ઞાન
ઘરકા રહાન ઘાટકા જયોં ધોબિકા શ્વાન

અને અનુશાસન માંય ન હોય લેખકો અવળચંડાને "દાંતરડા" ની ઉપમાં આપે છે કારણ કે દાંતરડું ક્યારે પણ મ્યાન માં જતો નથી માટે કવિ કહે છે કે,

રાગ : દરબારી તાલ - કેરવા

દાતરડું કોઈ દિ ન આવે મ્યાન માં
ન બંધન સ્વીકારે કોઈની રાખે ન આમના ...દાતરડું
શબ્દો સુરીલા એના કંઠથી ન નીકળે
ઘસી નાખે જીવન નિંઝનું બહું બોલવામાં ...દાતરડું
રૂપરંગઢંગ એનો લક્ષ નથી કોઈ
નાશ કરી નાખે એના આવ્યા જે હાથમાં ...દાતરડું
ખીલીએ ન જોયો એને ખીંટીએ ન જોયો
નથી કોઈએ જોયો એને રણ સંગામ માં ...દાતરડું
સતસંગમાં જાયે ત્યાં એ સુધિરો ન બેસે
ભજનો માં કોઈ દિન બેસે એક ધ્યાનમાં ...દાતરડું
વાણી વર્તન ને એના વાંકા વિચારો
જીવન ખપાવી નાખે ખોટી ખેંચ તાણમાં ...દાતરડું
અંતે "ભગતરામ" આવ્યો ગુરૂ પાસે
ગુરૂથી ઘડાયો ત્યારે આવ્યો નીઝ ધામ માં ...દાતરડું

અવળચંડાએ પોતાનું સંપુર્ણ જીવન બીજાનું બુરું કરવામાં અથવા તો અન્યોના મત ખંડન કરવામાં વિતાવ્યું હોવા છતાંય એ જ્યારે ગુરૂ પાસે આવે છે ત્યારે એને પોતાના મુળ સ્વભાવનું ભાન થાય છે. દરેક વ્યકિતએ પોતાના મુળ સ્વભાવ માં આવવું એ જ એની મોટામાં મોટી સિધ્ધી છે. અને ગુરૂ એનું નામ છે કે તે જીવને શિવ સાથે મિલાપ કરાવી આપે છે એટલે કે ગુરૂ શિષ્યને એનાં મુળ સ્વરૂપનું દર્શન કરાવે છે. એક કવિ કહે છે કે,

ગુરૂ કર્યા પણ શિષ્યન સુધર્યો ન શીખ્યો સવળી વાણી
કાંતો ગુરૂ નથી કાંઈ જાણતો કાંતો શિષ્ય છે પામર વાણી

હું બનુ ગુરૂ તું બન ચેલો

એક વખત અનાયાસે બે અકર્મીઓની વાત વાતમાં દોસ્તી થઇ ગઇ. એક અકર્મીએ બીજા અકર્મિને પુછ્યું કે તું શું કરે છે ? પેલાએ કહ્યું હું કાંઇ નથી કરતો. બીજા અકર્મીએ પુછ્યું તું શું કરે છે ? ત્યારે પેલાએ કહ્યું કામ તો હું પણ નથી કરતો પણ તારી ઈચ્છા હોય તો ચાલો આપણે બે સાથે મળીને ભાગીદારીમાં કામ કાજ ચાલું કરીયે. પેલા અકર્મીએ કહ્યું વાત તો તારી સાચી છે પણ કામ કરવા માટે પૈસા જોઇએ એ તો આપણી પાસે નથી. બીજા અકર્મીએ કહ્યું બધા કામો પૈસાથી નથી થતા આ દુનિયામાં એવા તો ઘણા કામો છે. જેમાં પૈસાની બિલકુલ જરૂર પડતી નથી. છે કોઈ એવો કામ તારા ધ્યાનમાં ? પેલા અકર્મીએ કહ્યું મને એક કામ સુઝે છે મારૂં માને તો આપણે બાવા બની જઇયે પછી એક આશ્રમ બનાવીએ અને જયાં સુધી આશ્રમ નહિ બને ત્યાં સુધી રેલ્વે સ્ટેશન રહીયે તો ચાલો આપણે આજથી જ કામનો આરંભ કરીએ. હું બનુ ગુરૂ અને તું બન ચેલો બીજા અકર્મીએ કહ્યું હું ચેલો નહિ બનું હું ગુરૂ બનીશ અને તું બન ચેલો. પેલો અકર્મીએ કહ્યું મુર્ખા તારી પાસે તું ગુરૂ બની શકે એટલી લાયકાત છે ? તને વાતો કરતાં આવડે છે ? તારી પાસે સમાજને છેતરવાની કળા છે ? તારી પાસે પોતાના મતની સુવ્યવસ્થિત રજુઆત અને બીજાના મત નું ખંડન કરતા આવડે છે ? મુર્ખા મને એ બધું આવડે છે. તને બીજી ખબર છે જે ચાલાક હોય એ જ ગુરૂ બની શકે માટે હું ચાલાક છું એટલે ગુરૂ બનીશ અને તું બેવકૂફ છે એટલે ચેલો બન. અને એક વાત યાદ રાખ કે

સમાજમાં સાવધાની પૂર્વક રહેવું પડશે. તું જેટલો બેવકૂફ છે એટલો જ રહેજે. છે એના કરતાં વધારે બેવકૂફ બનીસ તો જોડા ખાવાનો વારો આવશે !!! સમજ્યો ?

કબીર સાહેબ કહે છે કે,

મુંડ મુંડાયે તીન ગુન શીરકી મીટે ખાજ
ખાનેકો લડુ મીલે ઓર લોક કહે મહારાજ

આગળ જતાં કબીર સાહેબ કહે છે કે,

આપ ફીરે અગ્યાન મેં ઓરનકો દે શીખ
ઐસે ઢોંગી જગતમેં ઘર ઘર માંગત ભીખ

ફરી પેલા અકર્મીએ કહ્યું કે મહત્વની વાત તો એ છે કે પોતે અજ્ઞાની રહીને બીજાઓને ઉપદેશ આપવો છે. અને આગળ જતાં ભાગવતની કથાઓ કરવી છે. પોથીઓ નોંધવી છે અને જેટલા ધનવાનો હાથમાં આવે એના પિતૃઓને સ્વર્ગમાં પહોંચાડવા છે. ભીખ તો માંગવી છે. પણ ભીખ નો પ્રકાર બદલી નાખવો છે. ભાગવત કથામાં કૃષ્ણજન્મ, ગોવર્ધનપુજા, રૂક્ષ્મણી વિવાહ, તુલસી વિવાહ જેવા નુસખાઓ નાખીને તેના દ્વારા ન માંગતા માંગતા પણ ઘણું માંગી લેવું છે. એમ કરતાં કરતાં અસત્ય ને સત્યમાં ફેરવી નાખવું છે. એટલું જ નહિ લોકોને ભેળસેળીયું, બાંધ છોડીયું અને સગવળીયું, તત્વજ્ઞાન પીરસીને સમાજને જેંમ બને તેંમ સત્યથી દુર રાખવું છે. બસ પછી તો તક સાધુઓ દ્વારા મન ઘડતર ધાર્મીક ક્રિયાઓ સમાજમાં દાંખલ થતી ગઈ. પરિણામે ધીરે ધીરે ધર્મનો અર્થ બદલાતો ગયો. ધર્મનાં સેવકોની સ્થાને ધર્મના હોદ્દેદારો આવતા થયા. સાધુઓની સંખ્યામાં ઘટાળો અને બાવાઓની સંખ્યામાં વધારો થતો ગયો. કથાકારો સૌ કલાકારો માં રૂપાતંર થઇ ગયા. સાધના વગરનાં શ્રોતાઓ અને વૈરાગ્ય શુન્ય વકતા ઓના આધારે ધાર્મિક આયોજનો થવા લાગ્યા. જેના લીધે આયોજનો ના મૂળભુત અર્થો તથા કારણો બદલાતા ગયા. પરિણામે સત્ય નારાયણની કથા કરાવવાવાળા ને એ ખબર નથી કે હું શા માટે કથા કરાવું છું ? નાળીયેર ફોડવાવાળાને એ ખબર નથી કે હું શા માટે નાળીયેર ફોડું છું અને અગરબતી સળગવવાવાળાને એ ખબર નથી કે હું શા માટે સળગાવું છું તુલસીના પાંદડા તોડીને ફેકી દેવાવાળાને એ ખબર નથી કે હું શા માટે ફેકું છું શીવજી ઉપર દુધ ઢોળવાવાળાને એ ખબર નથી કે હું શા માટે ઢોળું છું. શ્રાવણ માસમાં દાઢી વધારવાવાળાને એ ખબર નથી કે હું શા માટે હું દાઢી વધારૂં છું. પ્રાર્થના કરવાવાળાને એ ખબર નથી કે હું શા માટે પ્રાર્થના કરૂં છું યાત્રા કરવાવાળાને એ ખબર નથી કે હું શા માટે યાત્રા કરૂં છું. ઉપવાસ કરવાવાળાને એ ખબર નથી કે હું શા માટે ઉપવાસ કરૂં છું. ગંગામાં ડુબકી મારવાવાળા ને એ ખબર નથી કે હું શા માટે ડુબકી મારૂં છું. કથા સાંભળવા વાળાને એ ખબર નથી કે હું શા માટે સાંભળું છું ભુવાને એ ખબર નથી કે હું શા માટે ધુણુ છું. ભજન ગાવાવાળાને ખબર નથી કે હું શા માટે ભજન ગાઉં છું અને ભજન સાંભળવાવાળાને પણ ખબર નથી કે હું શા માટે સાંભળું છું અને શું સાંભળું છું એવી તો અનેક પ્રકારની દીશા શુન્ય ક્રિયાઓમાં અમેં સૌ અટવાયા છીએ. કોઇ પણ માણસ જયારે મુળ ધર્મથી છુટો પડે છે. ત્યારે તે સ્વયંમ થી છુટો પડી જાય છે. તથા નીજી વિચારો થી છુટો પડી જાય છે. પછી એને બધી ધાર્મીક ક્રિયાઓ પોતાના આત્માને મારીને કરવાની હોય છે.

એક વાત યાદ રાખજો કે આત્માને મારીને કરેલી ક્રિયાઓ નો પરિણામ શુધ્ધ તથા સંતોષજનક આવતો નથી. કોઇપણ કામ કર્યાથી પહેલા લક્ષને ધ્યાનમાં રાખવું જરૂરી છે. કારણ કે લક્ષને ધ્યાનમાં રાખ્યા વગર કામમાં ગતી આવતી નથી. આજથી સીતેર થી ઍંસી વરસ પહેલા પોતાનું વતન છોડીને જે પરદેશ ગયા હતા એમની નઝર સામે આર્થીક સધ્ધરતા નામનો લક્ષ હતો તેથી જ એમને લક્ષની પ્રાપ્તી થઇ લક્ષ વગરના માણસો જગતના તાલ સાથે તાલ મેળવી શકતા નથી. અને મેળવી શકશે પણ નહિ.

અખો ભગત કહે છે કે કથા સુણીને ફુટયા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન. અહીંયા અખો ભગત એમ કહેવા માંગે છે કે, કથા સાંભળવાવાળાનો લક્ષ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો ન હતો તેથી એને લક્ષ પ્રાપ્ત થયું નહિ. ઘણા માણસો કથામાં કાન પવિત્ર કરવા માટે જાય છે પણ એમને એ ખબર નથી કે કાન સ્વચ્છ રાખવાનો ઉપકરણ છે. કાન દ્વારા

સિધ્ધી પ્રાપ્ત થતી નથી. સિધ્ધીઓ પ્રાપ્ત કરવાવાળા ડોકટરો, વૈજ્ઞાનિકો એ બધા પ્રાથમિક શાળામાં દાખલ થયાથી પહેલા લક્ષને સાથે લઇ ગયા હતા. લક્ષ વગરના માણસો આ જગતમાં રહેતા નથી પણ જગત માં ભટકે છે. એટલું જ નહિ તે પોતે તો હેરાન થાય છે પણ બીજાને પણ હેરાન કરે છે. ભાગવતની કથા સાંભળયા પછી અમને મોક્ષ શા માટે મળ્યું નહિ ? કારણ કે અમારા લક્ષ મોક્ષ પ્રાપ્તી નો ન હતો.

સંતાન નો પ્રત્યે માઁ નો લક્ષ

એક નિશાળમાં વિદ્યાર્થીઓના હાથમાં એક કાગળ આપીને શિક્ષકે કહ્યું કે તમેં સૌ તમારી માઁ ને પુછજો કે બાળકૃષ્ણ ને મૈયા યશોદા માઁ, પ્રભાતીયાં ગાઇને સવારે જગાડતી હતી હે માઁ તું અમને પ્રભાતીયાં ગાઇને કેમ નથી જગાડતી ? પછી તમને તમારી માઁ જે જવાબ આપે એ જવાબ દરેક વિદ્યાર્થીએ પોત પોતાના કાગળમાં લખીને લાવજો. બીજા દિવસે વિદ્યાર્થીઓએ શિક્ષકના હાથમાં કોરા કાગળો સુપરત કર્યા અને કહ્યું કે અમારી માઁ પાસે એનો કોઇ જવાબ નથી ? એક વાત યાદ રાખજો કે લક્ષ વગરના માણસો સવાલ જવાબની સ્થિતીથી પર હોય છે. અને જેની પાસે લક્ષ ન હોય એની પાસે સિધ્ધાંત પણ ના હોય. સિધ્ધાંત વગરનો માણસ એટલે રગશીયું ગાડું.

ગૃહસ્થાશ્રમનો આધાર સ્તંભ એક માત્ર માઁ છે. સંતાનોના વિકાસમાં સૌથી મોટો ફાળો માઁ નો હોવો જાઇએ. પ્રસંગો વસાત ફુલથી પણ કોમળ અને વ્રજથી પણ કઠોર એનું હૃદ્ય હોવું જોઇએ. ઘરમાં સૌ કોઇને સાચું કહેવાની ક્ષમતા માત્ર માઁ પાસે જ હોય છે. અને સૌને સાચું કહેવાના અધિકારો પણ માત્ર માઁ પાસે જ હોય છે. એવી ગૃહણીઓ સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરે છે. માતા જીજાબાઇ એ શિવાજીના જીવન વિકાસ નાં ઘડતર માં ખુબ મોટો ફાળો આપ્યો છે.

પરમ પુજ્ય મહારાજ શ્રી ઓધવરામજી સાડા આઠ વરસના થયા ત્યાં સુધી માતાજી ચાગબાઇ માઁ એ સુસંસ્કૃત વિચારો થી પર થવા દીધા ન હોતા એક સિધ્ધાંત એવો પણ છે કે બાળકને સતત તમેં જે વિચારો માં રાખો છો. એવા જ પ્રકારનો એનો સ્વભાવ બને છે. એ વિચારને ધ્યાન માં રાખીને માતાજી ચાગબાઇ માઁ એમને વિચારો સાથે જકડી રાખતા હતા. સવારનાં બાળ ઓધવને ઉઠાળતી વખતે તથા ભોજન કરતી વખતે ધાર્મીક ચર્ચાઓ દ્વારા એમનાં જીવનમાં વિચારો ભરી દેતા હતા. પોતાના બાળકને ખબર ન પડે એવી રીતે વિચારો ની પુર્તી કરવી એ જ સફળ માઁ નું ખરું લક્ષણ છે. માતાજી ચાગબાઇમાઁ એ બાળ ઓધવ ને આપેલા ઉપદેશને શબ્દાંકીત કરીને પ્રભાતીયાં નાં ઢાળમાં રૂપાંતર કરવાના કવિએ નમ્ર પ્રયાસો કર્યા છે.

ઓધવ પ્રભાત

તાલ : મારા ઘટમાં બિરાજતા

તમેં જાગોને મારા ઓધવરામ જાગો જીવન પ્રાણ ...તમેં જાગો
ઉષા પ્રગટી જીવનમાં ભોર ભયો ગયા અધાંરા કુળમાં પ્રકાશ થયો ...તમેં.(૩)
અનુકળતામાં કોઇ ચડશો નહિ પ્રતિકુળતામાં કોઇ પડશો નહિ
સુખ દુખને સૌ સમજો એક સમાન રહિયે જેમ રાખે રામ ...તમેં.(૩)
કાળકળી યુગનો સૌમાં વરતાસે જોગી ભોગી થઇ ભ્રમમાં ભરમાશે
થાસે લોભી ગુરુને ઢોંગી ચેલા સાધુ થાશે શયતાન ...તમેં. (૩)
દંભી પંડીત પાખંડી સૌ મોઝ કરે ગર્ભ શ્રીમંત ચેલાની શોધ કરે
ધર્મ વેંચીને ધનની પાછળ ફરે ગીતા લઇને ગામે ગામ ... તમેં. (૩)
સત્ય ધર્મ માનવનો એજ ખરો અનુભવથી ઇશ્વરની ખોજ કરો
શુધ્ધવાણી વર્તન વિચારોથી કામ કરો નિષ્કામ ...તમેં. (૩)
ક્ષણ ભંગુર જીવનને જાણી લ્યો મળ્યો અવસર "ભગતરામ" માણીલ્યો
ચાગબાઇમાઁ કહે સૌ પંખીડા ઉઠી જાસે આસમાન ...તમેં. (૩)

મન લાગ્યો સુખ ભોગમેં તરન ચહે સંસાર
કબીરા યે કૈસે બને દીન રૈના એક સાથ

જાગો ઓધવરામ

રાગ : જાગોને અલબેલા કાના

જાગો ઓધવરામ તમારૂં નીત્ય સમરીયે નામ રે ...જાગો.
તીમીર ગયુંને જ્યોતી પ્રકાશી પ્રગટયા શ્રી રવી ભાણરે
માઁ ચાગબાઇ જગાડે તમને તમેં જાગો જીવન પ્રાણ રે ...જાગો.
મોહ નીદ્રાંમાં જીવ ઘેરાણો ભવસાગરની માંયરે
હાથ પકડી પાર ઉતારો કરજો અમારા કામ રે ...જાગો.
ઘડી પલપલ ક્ષણક્ષણમાં જીવન વીતી જાય તમામરે
ક્ષણીક સપના સુખ ભોગોમાં ભુલ્યો માનવ ભાન રે ...જાગો.
સંતસાધુ સંન્યાસી જાગ્યા જાગ્યા ભકત સુજાણરે
જાગ્યાતે જન જીત્યા જગમાં અમર એનાં નામ રે ...જાગો.
તમેં જાગ્યાને અમને જગાડો આપો સ્મૃતિ દાનરે
સુખ, શાંતિ, સમૃધ્ધિ ''ભગતરામ'' આપો શકિતદાન રે ...જાગો.

નીત્ય પ્રભાતે રામ સમરવા

લય : ભાલાવાળા મારી ભેળો રહેજો

નીત્ય પ્રભાતે રામ સમરવા ઓધવ જાગી જોવારે
મીથ્યા સપના મોહ નીદ્રામાં મનુષ્ય જનમ નહિ ખોવારે ...નીત્ય.
કોણ સુવાળે મને કોણ જગાડે કોણ કરે મારી સેવારે
શાંતિ-શકિતને સ્મૃતિના દાન આપે કોણ દેવારે ...નીત્ય.
કર્મ સંજોગે મળ્યો મનુષ્ય તન એને માણીલેવારે
રામ રામ સીતારામ રટીને ભવસાગર ને તરવારે ...નીત્ય.
આતારૂં આ મારૂં કહિને ભોગી જગ ભરમાયારે
કાયમ આ દુનિયામાં ઓધવ કોઇ નથી આવ્યું રહેવારે ...નીત્ય.
ધર્મ માનવનો એજ ખરો જે કરે બીજાની સેવારે
ઊંચ નીચના ભેદ ભુલીને સૌમાં ઇશ્વર જોવારે ...નીત્ય.
સદગુરૂ માત પીતા સંતોના નીશદીન આશીષ લેવારે
નીત્ય જાવું સત્સંગમાં ઓધવ જ્ઞાન ગંગાજલ પીવારે ...નીત્ય.
સમદ્રષ્ટી સમવર્તન વાણી સુખ દુખ સરખા ગણવારે
ચાગબાઇ માઁ એમ કહે''ભગતરામ''પછી રામ રાખે એમ રહેવારે ...નીત્ય.

જાગો ઓધવ જાગો

રાગ : વચન વિવેકીન

જાગોને ઓધવ જાગો, જાગો મારા જીવન પ્યારા
ઉઠવા પ્રભાતે રવી, ઉગ્યાથી પહેલા
માતાજી જગાડે તમને, મોહ નીદ્રાં માંથી
નીત્ય સવારે વહેલા, હરિગુન ગાવા ...જાગો.

પંખીડા ઉડી સૌ જાસે, મોહના તજીને માળા
ભોગના સબંધો લાગે, ખુબ રૂપાળાં
ભોગમાં હતા સૌ સાથી, રોગમાં ગયા સૌ નાસી
એકલા આવ્યા છે એને એકલા જવાના ...જાગો.
કીડી પસ્તાણી અનનો, સંઘરો કરીને ઓધવ
મધમાખીઓના મધ ને લુંટી ગયા લુંટારા
એનું સંઘરેલું એને કામમાં ન આવ્યું
લોભીયાના ધનને અંતે ધુતીગયા ધુતારા ...જાગો.
પર ઉપકારે આપે દુધ, ગાયમાતા ઓધવ
પર ઉપકારે ઝાડવા, ફળ દે રૂપાળા
પર ઉપકારે નદિયો, ખળખળ વહે છે
પર ઉપકારે સંતો, ઘસીનાખે કાયા ...જાગો.
પંચતત્વ પંચ વિષયો, ષડરિપઓ ની સાથે
દસ ઈન્દ્રિયોથી હરિએ ખુબ ઘડી કાયા
મન બુધ્ધિ ચીતને ચોવીસ વૃતીઓ સમાઈ એમાં
અહંમને છુપાવી ઈશ્વર, પોતે રયા ન્યારા ...જાગો.
એક તત્વ આત્માં જગને, જડ જાણી લેજે ઓધવ
વિષ્ય વાસના ને વસ્તું, મીથ્યા માની લેવા
અનુભવીઓએ કરવી સાધના એકાંન્તમાં
સૌમાં જે દેખાયે એને, હરિ જાણી લેવા ...જાગો.
સંતો ભકતોને રૂષીઓ, જોગીઓ સૌ જાગ્યા ઓધવ
મીથ્યા સુખ ભ્રમ સપના માં ભોગી ભરમાયા
એટલું જાણીને હરિને ભજવા''ભગતરામ''
રામના પંખીડા થાશે, રામ ને સૌ પ્યારા ...જાગો.

એજી તમેં જાગો ઓધવરામ

રાગ : જેસલ ક્રી લે વિચાર

એજી તમેં જાગો ઓધવરામ જાગો મારા અંતરના આરામ
નભ માં ઉગ્યા સુરજ ભાણ ક્રાંતીના વરતાણા એંધાણ
તમેં જાગો ઓધવરામ તમને માતાજી જગાડે રેજી ...ટેક.
નીસદિન ગાવા હરીગુણ ગાન તજવા માન અભીમાન
કામ સૌ કરવા નિષ્કામ રાજી રહેશે મારો રામ ...તમેજાગો.
ગુરૂચરણોમાં રાખી ધ્યાન મેળવી લેવા આતમ જ્ઞાન
જ્ઞાને જાગ્યા સંત સુજાણ ઉંઘમાં રહિ ગયા અગનાન ...તમેજાગો.
જ્યાં ત્યાં દોડે ન આવે કામ આતમાંથી કરી લ્યો ઓળખાણ
સાધના કરવી એકાંત બેસી મન રાખી અંતર ધ્યાન ...તમેજાગો.

બંધેકો બંધા મીલા ન છુટે કોન ઉપાય
સેવાકર નિર્બંધ કી જો પલમેં દે છોડાય

ગુરૂઓ પોતે રહી અગ્યાન ઉપદેશ આપે ગામે ગામ
એવા ગુરૂઓથી ઓધવરામ નવ કદી કરવી મત તાણ ...તમેજાગો.
જીવન જાણીલ્યો સંગામ એમાં કાયરનું નહિ કામ
સુખ દુઃખ આવે એક સમાન સ્થિર મન રાખવું "ભગતરામ" ...તમેજાગો.

માતા ચાગબાઈ માઁ જગાડે

રાગ : મારી મેનારે બોલે ગઢને કાંગરે

માતા ચાગબાઈ માઁ જગાડે તમને જાગજો
જાગોજાગોજાગો ઓધવરામ જાગો મારા અંતરના આરામ માતા
ઓધવ કાયાને માયામાં સૌ જન રાચશે
ભોગમાં ભુલી જાશે સૌ ભાન ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ જોગી ભોગી થઈને ફરસે સૌ શહેરમાં
ફુંકસે શ્રીમંતોના કાન ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ લોભીયા ગુરૂને ચેલા જેના લાલચી
ઘર ઘર ભટકસે જેમ શ્વાન ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ સંત સાધુઓને સાધક જાગ્યા
જાગ્યા જ્ઞાની ધ્યાની સંત સુજાણ ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ તુલસી મીરાંને મેકણ જાગ્યા
શબરીએ શેવ્યા સીતારામ ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ જાગીને નરસૈંયો એમ જ બોલ્યાં
ભલું થયું ભાંગી સૌ જંજાળ ...માતા ચાગબાઈ માઁ.
ઓધવ તમેં જાગ્યાને અમને જગાડજો
એવી સૌની ઈચ્છા"ભગતરામ" ...માતા ચાગબાઈ માઁ.

જાગો ને જીવન ઓધવ રામજી

(લય : પઢોરે પોપટ રાજા રામના)

એ.જી વાલા જાગોને જીવન ઓધવરામજી આવી આનંદ વેળા
માતાજી જગાડે તમને જાગજો આવ્યા ગુરૂજીના તેડા ... એ.જી.
એ.જી વાલા માતાજી ઝુલાવે રૂડું પારણું હરખે હૈયું લે હીલોડા
સરખી સાહેલી સૌ ટોળે મળી સુંદીર સુખડા લેવા ... એ.જી.
એ.જી વાલા જે જન જાગ્યાતે જીત્યા જીવન ક્ષણ પલ જેવા
ઉંઘમાં રહીને અજ્ઞાનનીએ વ્યર્થ જીવન ને ખોયા ...એ.જી.
એ.જી વાલા સુખડા સૌ આ સંસાર ના પાણીના પરપોટા જેવા
પલસુખ માટે(સૌ) પ્રભુને તજી ભમે ભુતળા જેવા ...એ.જી.
એ.જી વાલા એક એક ક્ષણ તો સોને મઢી આયુષ્ય રૂપેરી દોરી
તારલાના તેજમાં મોતી મળ્યા સુર્યના પ્રકાશમાં ખોયા ...એ.જી.

એ.જી વાલા શોભે કરતાલા રૂડા હાથમાં કંઠે તુલસીની માળા
આરતી ઉતારે સૌ "ભગતરામ" પ્રગટયા દર્શન દેવા ...એ.જી.

હે જાગજે તું જાગજે

(લય : હૈ અખીલ બ્રહ્માંડમાં)

હે જાગજે તું જાગજે મારા મારા બાળ ઓધવ જાગજે.
મારા પ્રાણ ઓધવ જાગજે
શીખ માતા ચાગબાઈની શીરે તું ધારજે ...હે જાગજે.
મમતા તજી કુળની શીરે ગુરૂજ્ઞાન પદરજ ધારજે
સર્વમાં સૌ ધર્મમાં સમભાવ દ્રષ્ટિ રાખજે ...હે જાગજે.
હરી.. હર હરિહર નો તું મંત્ર ધ્યાને ધારજે
ધર્મમાં થઈ વીર તું ગૌમાતને ઉગારજે ...હે જાગજે.
ભુખ્યાને રોટલો જલપ્યાસીને પીવડાવજે
સૌમાં મારો રામ સમાયો એ વિચારી ચાલજે ...હે જાગજે.
અજ્ઞાનના અંધકારમાં અને ભ્રાંત ઈશ્વર વાદમાં
માર્ગ ભુલ્યા સૌ તારા પરિવારને સંભાળજે ...હે જાગજે.
એકાંન્તમાં કરી સાધના તું લક્ષ તારો સાધજે
એક ધ્યાને રહીને ઈશ્વર પુર્ણ પદને પામજે ...હે જાગજે.
કુળને પરિવારમાં શબ્દ તારા ગાજશે
ચાગબાઈમાં એમકહે"ભગતરામ"તારાકુળને ઉજાળજે ...હે જાગજે.

ઉઠોને ઓધવ સુરજ ઉગીયા

(લય : અખંડ રોજી હરિના હાથમાં)

એ જી વ્હાલા ઉઠોને ઓધવ સુરજ ઉગેયા જ્યોતિ પ્રકાશી ગગનમાં
સાધુને સંન્યાસીઓના લાગ્યા ધ્યાન જપ ને તપમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા કોકીલા ટંહુકે છે આંબા ડાળીયે મોરલા નાચે મધુબનમાં
મીઠાને મધુરા રૂડા રામનામ ભમરા ગાયે ગુજનમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા ફુલડા ખીલ્યાને ફોરમ નીકળી વાયુ વેગે કણકણમાં
જલ ભરવાને સાથે સૌ નીસરી પનીહારી જલાસયમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા દેવ જાગ્યાને દ્વારો ઉગડયા સાધુ આરતી મગનમાં
ધનનન ધનનન ઘંટનાદ થાયે રામના મંદિરમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા પંખીડા ગયા સૌ ચણ ચણવા બચલા છોડીને કુંજનમાં
વાછરડાઓ મેલી નીસરી ગૌધેન ચરવા જંગલમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા કર્મ યોગીઓના કર્મો ખીલ્યાં ધોરી જોતરાણા હળમાં
યાચક આવ્યા સૌ યાચવા અલખ જગાડે આંગનમાં ...એ જી વાલા.
એ જી વ્હાલા માતાજી જગાડે ઓધવ જાગજો દિવસો જાયે સૌ આળસમાં
જાગીને"ભગતરામ" જાવું છે સૌને આપણા વતનમાં ...એ જી વાલા.

તિમિર ગયો રવિ દેખકે કુમતી ગઈ ગુરૂજ્ઞાન
સુમતિ ગઈ ધન લોભસેં ભકિત ગઈ અભિમાન

થાળ

રાગ : દેશ (લય : મારી નાડ તમારે હાથ)

મારા સદગુરૂ ઓધવરામ પ્રભાતે આવજો રે
મારા રામનામ સુખધામ પ્રભાતે આવજો રે ...મારા૦
આવોને ઓધવ અલબેલા આવી નામ સ્મરણની વેળા
જ્ઞાન જ્યોતી અમ અંતરમાં પ્રગટાવજો રે ...મારા૦
જંગલમાં જોગન બની રહીયે રામરામ સીતારામ મરીયે
તમેં શબરીની ઝુંપડીમાં નાથ પધારજો રે ...મારા૦
છપ્પન ભોજન હું નવજાણું મેવા મીઠાઈઓ કયાંથી લાવું
મારી રામ રોટલી રુખી સુખી અપનાવજો રે ...મારા૦
આંગણે શોભે તુલસી કયારી ગાય બાંધીમેં ખુબ રૂપાળી
દુધ, દહીં, માખણ, ધૃત, મધ, મીસરી સ્વીકારજો રે ...મારા૦
જમુનાજીનાજળ ભરીલાવી આચમતકરો ઓધવઅવતારી
પાન બેડા મુખવાસ સોપારી ચાવજો રે ...મારા૦
દેજો શકિત દેજો ભકિત સુખ શાંતિ સ્મૃતિ સમૃધ્ધિ
''ભગતરામ'' અમ અવસરને સુધારજો રે ...મારા૦

માતૃ સંસ્થા - માંડવી ગુરૂદ્વારો

આપણા શાસ્ત્રકારો એ કહ્યું છે કે,જનની-જન્મભૂમિ સ્વર્ગ દપિ ગરીયષી એક જનની બીજી જન્મ ભૂમિ તથા જયાંથી વિચારોની પુર્તી થાય એવી શિક્ષણ સંસ્થાઓ તથા જયાંથી જ્ઞાન પ્રવાહ અવિરત વહે એવી ધર્મ સંસ્થાઓને પણ માતૃ સંસ્થા તરીકે સમાજ ઓળખે છે. તે સિવાય ગુરૂકુળો, વિદ્યાલયો એ બધી સંસ્થાઓને સમાજ માતૃ સંસ્થા તરીકે ઓળખે છે. આજે સમય બદલાઈ ગયો છે. તેથી સમાજ ધર્માશ્રમોની સેવા કરે છે. પણ આદીકાળમાં આશ્રમો સમાજ ની સેવા કરતા હતા. આજથી લગભગ બસો વરસ પહેલા જેની સ્થાપના થઈ છે. એવો શ્રી માંડવી ગુરૂદ્વારો. સમાજ સેવા સાથે અવિરત જાડાયેલો હતો. ભાનુશાલી સમાજની આર્થીક પરિસ્થિતી જયારે નાજુક હતી ત્યારે અબડાસા તાલુકાના ભાનુશાલી ખેડુતો લાકડા વેંચવા માટે માંડવી જતા હતા. બંદરના કારણે માંડવી ત્યારે ખુબ ધીકધીકતો શહેર ગણાતો. એ સમયે પશ્ચિમ કચ્છ ના ગામડાઓમાં ઘર વપરાશની સંપૂર્ણ વસ્તુઓ બળદગાડા મારફતે માંડવી થી રવાના કરવામાં આવતી હતી. જે ખેડુતો બે દિવસનો પ્રવાસ ખેડીને માંડવી આવતા તેના લાકડા વેંચાય કે ન વેંચાય પણ રાતવાસાની વ્યવસ્થા માંડવી ભાનુશાલી દ્વારા તરફથી કરવામાં આવતી તથા સવાર સાંજની ભોજન વ્યવસ્થા પણ એમના માટે ત્યાં જ હતી. દ્વારામાં આવ્યા પછી ખેડુતો ખુબ નિરાંત અનુભવતા હતા. આંગણીના વેઢે ગણી શકાય એવા જુજ ખેડુતો આજે પણ કહે છે કે, દ્વારો એ માત્ર દ્વારો નહિ પણ તે અમારી માતૃ સંસ્થા હતી. માંડવીથી સવારના ૬ વાગે સ્ટીમ્બરમાં જવા મુસાફરો આગલા દિવસે આવીને માંડવી દ્વારા માં રોકાતા હતા. દ્વારામાં અમોને માઁ જેવો પ્યાર મળતો હતો. ભાનુશાલી દ્વારા તરફથી મીઠો આવકાર મળતાની સાથે અમારો થાક ઉતરી જતો હતો. ફરી એક વખત પુર્નજીવિત થઈ રહેલા ભાનુશાલી દ્વારાની ઉત્પતી વિષે વિચાર કરીશું.

ગુરૂદ્વારાના આદિ મૂળ પુરૂષ સ્વામી નેણસાગરજી મહારાજ હતા. તેઓશ્રીના ગુરૂ શ્રીમાન હીરાદાસજી મહારાજ વૈષણવ શ્રી રામનુજાચાર્ય સંપ્રદાયના જૂનાગઢ અખાડાના મહા મંડલેશ્વર હતા. ગુરૂપ્રસાદ રૂપે સર્વ સિધ્ધિઓ સંપાદન કરી ધર્મ સંસ્થાપનાર્થે પરિભ્રમણ કરતા કરતા કચ્છ માંડવીની રૂકમાવતી નદીના મુખ પાસે સરિતા સાગરના સંગમ સ્થાને અલખની ધૂણી પેટાવી આસન જમાવ્યું.

કબીર ગર્વન કીજીયે રંક ન હસિયો કોય
અપની નાવ સમુંદ્ર મેં ના જાને કયા હોય

સંત નદી અને મેઘજલ ત્રણેની એક જ ચાલ,
જયાં જયાં એ સૌ પગ ધરે રજ્જબ કરે નિહાલ.

વિશિષ્ટાદ્વૈત મતના આચાર્ય મહારાજ શ્રી નેણસાગરજીએ પરમાત્માને પ્રેમ વડે વશ કરનારી ભકિત પ્રતિપાદિત સત્સંગ સરવાણી વહેતી કરી. સેવકોની સેવા દ્વારા ત્યાં એક નાનકડું આશ્રમ નિર્માણ પામ્યું. ત્યાં આજે એ સ્થાન નાના દ્વારા તરીકે જાણીતું છે. તેમના શિષ્ય મહાત્મા શ્રી સુંદરદાસજી થયા, તેમના શિષ્ય શ્રી ધરમદાસજી થયા, તેમના શિષ્ય મહાત્મા શ્રી લાલસાગરજી થયા, લાલસાગરજી મહારાજના શિષ્ય શ્રી દેવીદાસજી મહારાજ થયા અને તેમના શિષ્ય શ્રી મુરારીદાસજી મહારાજ થયા અને મુરારીદાસજીના શિષ્ય શ્રી પૂરણરામજી મહારાજ થયા. તેમના શિષ્યો શ્રી સાધુરામજી, શ્રી કૃષ્ણદાસજી અને શ્રી અરજણદાસજી થયા. શ્રી સાધુરામજી હાલમાં જ સંવત ૨૦૬૮ મહા વદ ૧૩ ને રવિવાર તા. ૧૯-૨-૨૦૧૨ ના રોજ બ્રહ્મલીન થયા. હાલે શ્રી કૃષ્ણદાસજી અને શ્રી અરજણદાસજી આશ્રમમાં રહીને પ્રભુ સ્મરણ કરી રહ્યા છે.

એક વખત એવું બન્યું કે બારે મેઘ ખાંગા થયા, પ્રલય જેવા પૂર ચડયા, તેમાંય સમુદ્રની ભરતીમાં કાંઠાળ પ્રદેશ જળ બંબાકાર થઇ ગયો. પાંચમા દિવસે પૂર ઓસર્યા ત્યારે ચિંતાતુર સેવકજનો મહારાજશ્રી ની સુરક્ષિત કુટિર અને પ્રગટેલો અખંડ ધૂણો જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા. પ્રકૃતિ ઉપર યોગી શાસન કરી શકે છે એના પ્રત્યક્ષ દર્શન બધાને થયા. ખૂબ હર્ષોલ્લાસથી સેવકોએ ઉત્સવ મનાવ્યો. એ વખતે કચ્છના મહારાજશ્રી ભારમલજી બાપુ હતા. તેઓશ્રી દર્શન કરવા માંડવી પધાર્યા, દર્શન કરી ભાવવિભોર થઇ ગયા. મહારાજશ્રી એ સેવામાં આશ્રમ બનાવવા સુરક્ષિત સ્થાન માટે માંડવીના ઉત્તર છેડે રંગચુલીની જમીન દાનમાં આપી જયાં આજે મોટો દ્વારો છે.

સ્વામી નેણસાગરજી મહારાજના મુખ્ય શિષ્ય શ્રી સુંદરદાસજી મહારાજ શરીરે સારસ્વત બ્રાહ્મણ હતા. બન્ને આશ્રમો તેમને સોંપીને સ્વામીજી ધર્મ સંસ્થાપનાર્થાય સિંધ પધાર્યા સિંધનો સૂબો મીરકાસી બહુ કટ્ટરવાદી હતો. ધર્મ પરિવર્તન કરાવવા હિન્દુઓને વટલાવતો હતો. સ્વામીજીને તેમના બધા અનુયાયીઓ સાથે ઇસ્માલ સ્વીકારી લેવા દબાણ કર્યુ. ત્યારે સ્વામીજીએ કહ્યું મારા સ્વધર્મ કરતાં તમારો પરધર્મ શ્રેષ્ઠ હશે તો હું જરૂર સ્વીકારીશ. તમેં શ્રેષ્ઠતા સાબિત કરી બતાવો. ત્યારે એ લોકોએ વજુ કરી નમાજ પઢી. શ્રી સ્વામીજીએ કહ્યું કે તમો ધર્મ પ્રમાણે બરાબર હશો, પણ હવે જરા અમારી સાધના જુઓ. સ્વામીજીએ લધિમા સિદ્ધિનો પ્રયોગ કરી કુલેલીકપ નામના ઝરણાંના પ્રવાહ ઉપર બેસી શ્વાસ થંભાવી સમાધિમાં બેસી ગયા. સ્વામીજીની પ્રસંન્ન અને તેજસ્વી મુખમુદ્રા યુકત સાધનાથી મૌલવીઓ ઝાંખા પડી ગયા. મૌલવીઓમાં એક ઇલ્મી હતો. એણે પોતાની ટોપી આકાશમાં ઉછાળી અધ્ધર રાખી એ ટોપીને નીચે ઉતારી આપવા સ્વામીજીને જણાવ્યું. સ્વામીજીએ પોતાની પાદુકા ટોપી પાછળ આકાશમાં મોકલી, જોતજોતામાં પાદુકા ટોપીને નીચે લઇ આવી. હારેલા હતાશ થયેલા મૌલવીઓએ મહારાજશ્રીને તથા તેમના અનુયાયીઓને ત્રાસ આપી સતાવવાના ઘણા કારસા રચ્યા પણ સમર્થ સિધ્ધ યોગી પાસે અસમર્થ નીવડયા. પૂ. સ્વામી નેણસાગરજી મહારાજે માટીમાંથી ચોખા નિર્માણ કર્યા હતા. એ ચોખા સિંધમાં બહુ પ્રખ્યાત થયા હતા ત્યાં ગવાય છે કે,

માટીએ ઉત્પન્ન કીયે શ્રી ચાવલ સુખ ધામ ।
એ અજહું પ્રખ્યાત હૈ નેણદાસીયા નામ ।।

સિંધ હૈદ્રાબાદમાં ૧૦૮ દ્વારા ટિકાણાની સ્થાપના પૂ.નેણ સાગરજી મહારાજશ્રીએ કરી.

આપણાં દ્વારાની પરંપરામાં બીજા ગુરૂ શ્રી સુંદરદાસજી મહારાજ થયા. તેમના શિષ્ય શ્રી ધરમદાસજી મહારાજ થયા. ધરમદાસજી મહારાજ પૂર્વાશ્રમમાં ગૃહસ્થ હતા. તેમના એક દિકરી હતા કરૈયાના કુલીયા પરિવારમાં પરણાવ્યા હતા. દિકરી ભાગબાઇને સંતતિમાં એક પુત્ર થયા પછી દૈવવશાત થોડા સમયમાં વિધવા થયા. પરિવારમાં કોઇ આધાર ન હોવાથી ગુરૂ શ્રી ધરમદાસજી મહારાજ દિકરીને અને દોહિત્રને આશ્રમમાં તેડી આવ્યા. ભાગબાઇમાંએ આશ્રમમાં સાધુ સંતોની સેવા કરી અને ખૂબ ભજન-સ્મરણ કર્યું અને તેમના યોગભ્રષ્ટ આત્મા પુત્ર લાલજીએ સેવા સાધના કરી.

આધી અરૂખી ભલી સારી સો સંતાપ
જોતું ચાહે ચોપડી તો બહુત કરેગા પાપ

અનેક સિદ્ધિ પ્રાપ્ત કરીને ગુરૂના અધિકારી બન્યા. પરંપરામાં ચોથા ગુરૂ તરીકે શ્રી લાલસાગરજી બિરાજ્યા. વિ.સં. ૧૯૩૪માં ભાગબાઇમાં દેવ થયા. માતાજીનો ઓચ્છવ થયો. તેમાં સાધુ સંતો સાથે આપણી જ્ઞાતિના બધા ગામોને આમંત્રયા, ભાગબાઇમાના ઓચ્છવમાં જ્ઞાતિનો ગુરૂદ્વારા સાથે આત્મીય સંબંધ જોડાયો. ત્યારથી દ્વારો ભાનુશાલીઓનો થયો. આગેવાન સજ્જનોએ દ્વારામાં સાધુ-સંતોની સેવામાં બે માપ સાંતીડા દીઠ તથા એક માપ મજુર દીઠ ફરજીયાત આપવાનો ઠરાવ દસ્તાવેજમાં લખી આપ્યો.

પૂ. લાલદાસજી મહારાજ એક વાર દ્વારીકાધિશના દર્શન કરવા દ્વારકા પધાર્યા હતા. માંડવી-દ્વારકા દરિયા રસ્તે આવ જાવ ચાલતી. ખલાસીઓ સાધુ-સંતો પાસેથી ભાડું લેતા નહિ. વળતા એવું બન્યું કે, વહાણમાં મુસાફરો ઘણા હતા, ખલાસીને પૈસાનો લોભ લાગ્યો હશે એટલે એણે સાધુ સંતોને ઉતારી મુકયા. મહારાજશ્રી સિદ્ધ પુરૂષ હતા. દરિયા પર પછેડી પાથરી બેસી ગયા અને વહાણથી ઘણાં વહેલાં માંડવી કિનારે આવી ગયા. સાગરના કિનારે જ સેવકોએ જય બોલાવી. "શ્રી લાલસાગર મહારાજ કી જય" શ્રી લાલસાગર માહરાજ માત્ર ૪૧ વર્ષની વયમાં જ સ્વધામમાં સીધાવી ગયા.

શ્રી દેવીદાસજી મહારાજ પાંચમા ગાદિપતિ હતા. બાયઠના સમાસુયા અટકના ભાનુશાલી હતા. શ્રી ગુરૂ લાલ સાગર મહારાજના કૃપાપાત્ર પૂર્ણ વૈરાગી અને જ્ઞાની પુરૂષ દેવીદાસજી મહારાજે જ્ઞાનની સાત ભૂમિકામાંથી છ ભૂમિકા સિદ્ધિ કરી લીધી હતી. કાંટા અને અગ્નિ એમને કષ્ટ આપતા ન હતા. બ્રહ્મ સાક્ષાત્કાર કરી આનંદની દશામાં રહેતા એમની વાણી અને વચન અમોઘ હતા. પૂ. દેવીદાસજી મહારાજ વિ. સં. ૧૯૬૩માં બ્રહ્મલીન થયા.

પરંપરામાં છઠ્ઠા ગુરૂ શ્રી મુરારિદાસજી મહારાજ હમલા ગામાનાં દામા અટક પરિવારના હતા. બાળપણથી ત્યાગી વૈરાગી વૃતિવાળા હોવાથી સં. ૧૯૬૩માં ગાદીએ બિરાજ્યા ત્યારે દ્વારો દેશ મહારાજને સોંપી દીધો સાત જણાની કમિટિ નીમી દસ્તાવેજ લખી આપ્યો. પૂ ગુરૂદેવ તો ઉદારતા બતાવી ભજન સ્મરણમાં બેસી ગયા. દેશ મહાજન કમિટિએ વહીવટ સંભાળ્યું. ગુરૂદેવ ભજન-સંગીતના ઉપાસક હતા અને મોરચંદ વગાડતા. મુરારીદાસજી મહારાજના ત્રણ શિષ્યો હતા. પૂરણરામજી, માધવદાસજી અને શીતલદાસજી. ત્રણે શિષ્યો પાઠશાળામાં ભણવા જતા પણ વિદ્યામાં પારંગત માત્ર માધવદાસજી શાસ્ત્રાર્થમાં પ્રકાંડ પંડિત થઇ ગયા. માધવદાસજી પ્રજ્ઞાચક્ષુ હતા. શાસ્ત્રીય સંગીતના વિશારદ હતા. આયુર્વેદમા નિષ્ણાંત હતા. નાના દ્વારામાં "ભીમેશ્વર ઔષધાલય" નામથી દવાખાનું ચાલવતા. પૂ. ઓધવરામજી મહારાજે વાંઢાયથી એક વિનંતી પત્ર ગુરૂ મુરારીદાસજી ને લખ્યો હતો કે, "અમારા દ્વારામાં વિદ્યાકળાનો અભાવ છે માટે માધવદાસજીને કેટલાક સમય માટે અમારે ત્યાં મોકલવા કૃપા કરો." પૂ. ઓધવરામજી મહારાજશ્રીના અક્ષરોવાળો પત્ર આજે પણ આપણા દ્વારામાં મોજુદ છે. પૂ. માધવદાસજીની વિદ્વતાની ખ્યાતિ સાંભળી જોધપુરના રાજવીએ તેઓશ્રીને આમંત્રી પોતાના રાજપંડિત તરીકે માન્ય કરી લીધા. ઘણા વરસો બાદ પૂ. માધવદાસજી વિ.સં. ૨૦૧૬ માં ભાનુશાલી દ્વારામાંજ બ્રહ્મલીન થયા.

ગુરૂ મહારાજ શ્રી પૂરણરામજી મહારાજના જીવનચરિત્રનો સંક્ષિપ્તમાં દર્શન કરીએ.

પ્રાતઃસ્મરણીય પૂ. બાવાશ્રી દેવાસાહેબની પુણ્યસ્થળી હમલાપુરીમા વિ.સં. ૧૯૫૪માં પૂ. મહારાજશ્રી પૂરણરામજીનો ભાનુશાલી જ્ઞાતિના દામા પરિવારમાં પિતા શ્રી હંસરાજ વીરજી અને માતાજી મેઘબાઇના ઘરે વસંતપંચમીના જન્મ થયો. રાશિ નામ માવજી હતું. છપ્પનીયાની સાલમાં કચ્છમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો તેમાં મહારાજશ્રીએ માતાપિતાનું છત્ર ગુમાવ્યું. પોતાના પરિવારના માસુમ બાળક માવજીને ગુરૂ મહારાજ મુરારીદાસજી પોતાના શરણમાં દ્વારામાં માંડવી તેડી આવ્યા. શૈશવકાળમાં જ ગુરૂનો વાત્સલ્યભાવ અને કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત થવાથી ભવિષ્યમાં સમર્થ સંત અને રાજયોગી બની શકયા. વિદ્યાનો યોગ પ્રબળ ન હોવા છતાં ગુરૂસેવા અને ભજન સાધનાથી વિશેષ શક્તિ પ્રાપ્ત કરી, જન્મસિધ્ધ અને યોગભ્રષ્ટ આત્માને જ આવો સુયોગ મળે છે. સોનામાં સુગંધ સમાન શ્રી શીતલદાસજી મહારાજ તેમના ગુરૂભાઇ તરીકે તેમના જીવનમાં પ્રવેશ્યા. શ્રી શીતલદાસજી મહારાજ પ્યાકા ગામના કટારમલ પરિવારના હતા. પૂ. ગુરૂશ્રી મુરારીદાસજીની સેવામાં પ્રારબ્ધ અને પુરૂષાર્થની જોડી સાકાર રૂપે ઉપસ્થિત થઇ.

તત્વજ્ઞાન ત્રીલોકમેં ગુરૂ ગોવિંદ એક રૂપ
આદિ અંત ઓર મધ્યમેં હરિગુરૂ સંત સ્વરૂપ

તેથી આશ્રમની સાધુતામાં, વ્યવહારમાં, મહિમાને ચાર ચાંદ લાગી ગયા. ગુરૂ શ્રી મુરારિદાસજી મહારાજ વિ.સં. ૧૯૮૫ માં બ્રહ્મલીન થયા.

સાધુ સંતોના રીવાજ મુજબ શ્રી પૂરણરામજી મહારાજનો પટ્ટાભિષેક થયો. કચ્છમાં સંતો, મહંતો હમલાથી પૂરણરામજી મહારાજ, હિંગરીયાથી બાવા શ્રી હરિસાહેબ તથા અનેક પૂજ્યપાદ સંતો પધાર્યા હતા. ઍંસી ગામોમાંથી ભાનુશાલી જ્ઞાતિના સેવકો બળદગાડા જોડી સંત સમાગમ અને સેવા કરવા પધાર્યા હતા. આજથી ઍંસી વરસ પહેલા વિશાળ સમુદાયને સાચવવા કેવી વ્યવસ્થા, વાહનો ગાડા-બળદોની ચારાઘાસની વ્યવસ્થા કેવી હશે ? નાસ્તામાં ખજુર, ખોપરા ને ખારેક અને ભોજનમાં મિષ્ટાન્નની વ્યવસ્થા હતી. પરસેવાની કમાણીમાંથી ભાવિકોએ કેવી સેવા કરી હશે ? કોટિ વંદન એવા ગુરૂભકિત ભાવને. આઠ દિવસના યજ્ઞકાર્યમાં જે ભંડારો થયો તેમાં મિષ્ટાન્ન ભોજનના લાડવા છુટથી વપરાયા, ગામોગામ પ્રસાદ મોકલાવ્યા, પછી ગરીબોમાં પણ ખૂબ લાડવા વહેંચાયા છતાં ખૂટયા નહિ ત્યારે કાંટાતોલાનો પ્રયોગ કર્યો ત્યારે રસોઇ ખાલી થઇ એ મહારાજશ્રી પૂરણરામજીની અન્નપૂર્ણા સિધ્ધિનો પ્રતાપ હતો.

પૂ. શ્રી પૂરણરામજી મહારાજ ગાદીએ બિરાજયા પછી સમૃધ્ધિ અને કીર્તિની દૃષ્ટિએ દ્વારાનો સુવર્ણયુગ શરૂ થયો. જ્ઞાતિના ગામોગામના સેવકો ધર્મગુરૂની પધરામણી કરતા. કપડાની જાજમ બિછાવતા અને ચામર ઢોળવામાં આવતું. છડીદાર ચાંદીની છડી લઇને પોકારે, સામૈયા ગવાય, રાસ રચાય, ભજન મંડળીઓ ગોઠવાય, સત્સંગ પ્રવચનો વિગેરે થાય, અદ્‌ભુત હતો એ નજારો. આ અઢી દાયકાનો સમય અલૌકિક હતો. આજે ઘણાના મુખે સાંભળવા મળે છે કે દ્વારામાં છપ્પન પર ભેર વાગે છે. રાજ દરબાર પણ ગુરૂ દરબાર સામે ઝુકી જતું હતું.

પૂ. ગુરૂદેવના જીવન વિષે કહેવું એ તો સૂર્યને દીપક દેખાડવા જેવું છે. સમસ્ત જ્ઞાતિના ધર્મગુરૂનું પદ અને સમગ્ર ઐશ્વર્યવાન એવા મહારાજશ્રીનું જીવનક્રમ સરળ, સાદુ અને સાત્વીક હતું. ઉતારા અને ભોજનની વ્યવસ્થા સાર્વજનિકમાં જ રાખતા. ''परधन पत्थर जानीये, परस्त्री मात समान, ईतने सें हरि ना मीले तो तुलसीदास जमान.'' આ સુત્ર એમનો મૂળમંત્ર હતો. ઉપદેશ સત્સંગમાં રામકથા મુખ્ય વિષય રાખતા. કર્તવ્ય પાલન-મર્યાદા અને સદાચારનું પાલન અને સેવા સ્મરણ એમનો જીવનમંત્ર હતો. પોતે કહેતા કે ''યદ્યપિ શુધ્ધ લોક વિરુધ્ધં, ના કરણીયં ના ચરણીયં.'' અધિકારીને જેવું પચે જેટલું જીવનમાં ઉતારી શકે એવું પ્રેમભકિતલક્ષી સરળ ઉપદેશ આપતા. મહારાજશ્રી પૂરણરામજી શીલવંત સાધુ હતા. ''જ્ઞાની, ધ્યાની, સંયમી, દાતા-શૂર અનેક, જપીયા, તપીયા બહુત હૈ પણ શીલાવંત કો એકઃ '' ગંગાસતીએ પણ ગાયુ છે કે ''શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઇ જેના બદલે નહિ વર્તમાનજી.'' નક્કર અને પારદર્શક જીવન એ એમનો આદર્શ હતો. વાણી વિલાસમાં તેમને રસ ન હતો. શિષ્યોને કહેતા કે '' संसारी का टुकडा, नव गज लंबे दांत-भजन करे तो उगरे नहिं तो काठे आंत એવો વારંવાર ઉપદેશ કરતા.

મહારાજશ્રીના જીવનનો એક અદ્‌ભૂત પ્રસંગ છે. વિ.સં. ૧૯૯૦ની સાલમાં પ.પૂ. ઓધવરામજી મહારાજે વાંઢાયમાં વિષ્ણુયાગ નામનો યજ્ઞ કર્યો. પૂ. ઓધવરામજીની જમણી ભુજા સમાન શ્રી પૂરણરામજી મહારાજ આ વિશાળ અયોજનમાં સામેલ હતા. બધી જ વ્યવસ્થા સુચારૂ રીતે થઇ ગઇ હતી પણ પાણીનો યક્ષપ્રશ્ન ઉભો થયો. વિશાળ જનસમુદાય માટે ઇશ્વર સાગરમાં પાણી અપુરતું હતું. પૂ. ઓધવરામજી મહારાજે આ મુશ્કેલીનો ઉકેલ લાવવા સાધ્વી મૈયાજીને વાત કરી ત્યારે સાધુઓને માઁ મૈયાજીએ કહ્યું કે, પૂરણરામજી મહારાજ સિધ્ધ પુરૂષ છે. અન્ન-જળના સ્ત્રોત અક્ષય રાખવા સમર્થ છે. માં શ્રી સાધ્વી મૈયાજીના વચનનું સન્માન કરી પ્રાતઃકાળે પૂ. મહારાજ શ્રી પૂરણરામજી, પૂ. ઓધવરામજી મહારાજ સાથે ઇશ્વર સાગરના ઘાટ ઉપર આવ્યા, પૂ. ગુરૂ મહારાજે આરાધના કરી વરુણદેવનું આહ્‌વાન કર્યુ, મંત્રાધિન દેવ ઇશ્વરસાગરમાં પધાર્યા, ત્રણ પગથીયા જલસ્તર ઊંચે આવી ગયું. સંત ભગવંતનો જય જયકાર થયો. આ પ્રસંગનો મહિમા આજે પણ ઘણા વૃધ્ધ વડીલો ગાય છે.

જયાં શ્રધ્ધા છે ત્યાં પુરાવાની શી જરૂર છે ? સંતો પોતાની કરણીની કમાણી વડે લેખ ઉપર મેખ મારી શકે એવું શાસ્ત્રો કહે છે અને એના લીધે આપણી ભકિતની શકિત પ્રબળ બને છે. પૂ. મહારાજશ્રી પૂરણરામજીના પુણ્ય પ્રભાવે

ગુરૂગાદીનો મહિમા અનેક ગણો વૃધ્ધિ પામ્યો એના પ્રત્યક્ષ કેટલાક દાખલા મોજુદ છે.

શ્રી સાધુરામજી બાર વર્ષની વયમાં બહુ બિમાર પડયા કોઇ બચવાની આશા ન હતી ત્યારે તેમના કાકી રતનબાઇએ ગુરૂને અપર્ણ કરવાનો સંકલ્પ કર્યો અને સાધુરામજી ગુરૂકૃપાથી બચી ગયા. જેઓ હાલમાં જ સંવત ૨૦૬૮ મહા વદ ૧૩ ને રવિવાર તા. ૧૯-૨-૨૦૧૨ ના રોજ બ્રહ્મલીન થયા. વિ. સં. ૨૦૦૪માં હિન્દુસ્તાનના ભાગલા પડયા ત્યારે ભયંકર કોમવાદ વકર્યો. સિંધ કરાંચીમાં હિન્દુઓની કત્લેઆમ થવા લાગી આથી હિન્દુઓ વહાણ અને સ્ટીમર મારફતે કરાંચીથી માંડવી કાંઠે આવવા લાગ્યા. એ સમયે માંડવી દ્વારાનાં ગુરૂ ગાદીપતિ શ્રી પૂરણ રામજીના પ્રિય શિષ્ય (કચ્છ-રવાવાળા) કે જે માવજી હમાલ તરીકે ઓળખાતા હતા. તેમણે હિજરતીઓની મનથી ખૂબ સેવા કરીને પોતાનું સેવા ધર્મ બજાવવામાં સફળ રહ્યા હતા.

પૂ. ગુરૂશ્રી પૂરણરામજી તથા શ્રી શીતલદાસજી ખડે પગે સેવા બજાવવા કાંઠે ઉભા રહ્યા. બળદગાડાં ઘોડાગાડી વગેરે સાધનોથી નાના મોટા દ્વારામાં પહોંચાડી તેમના નિવાસ અને ભોજનની વ્યવસ્થા કરી દરેકને પોતપોતાને ગામ પહોંચાડવાનો બંદોબસ્ત કર્યો. આ હિજરતીઓનો સિલસિલો લગભગ એકાદ મહીનો ચાલ્યો. સેવાધારી સ્વયંસેવકોની અમૂલ્ય સેવા અને મહારાજશ્રીનો નિર્જીભાવ જ્ઞાતિજનોના હૃદયમાં વસી ગયો. આ કાર્યની પ્રસંશા કચ્છના મહારાવશ્રી મદનસિંહજી બાપુએ સાંભળી પોતાના સંસદ, સચિવ, કારભારીને મોકલી સહાયતા સ્વીકારવા પ્રાર્થના કરી, પરંતુ ગુરૂ મહારાજે રાજ સહાયતાનો સાદર અસિવકાર કર્યો. આ પ્રકારની બીજી હિજરત ''હમચી તુમચી મુંબઇ'' વખતે થઇ ત્યારે પણ મહારાજશ્રી એ પ્રેમભરી હુંફ આપીને એવી જ સેવા કરી.

એક અણમોલ સ્મૃતિ જે અમે પ્રત્યેક્ષ માણી છે તે રજુ કરવાનું મન થાય છે. રાગ-દ્વેષ રહીત ચરિત્ર સંતોને ઓળખવામાં આપણે થાપ ખાઇ જઇએ છીએ. આપણી જ્ઞાતિના મહાન સંત વિભૂતિઓ શ્રી પૂરણરામજી મહારાજ તથા શ્રી ઓધવરામજી મહારાજ પરસ્પર કેટલા એકરૂપ અને અભિન્ન હતા તેનું માપ કાઢવા આપણી પાસે કોઇ ગજ નથી. પ.પૂ. ઓધવરામજી મહારાજ મુંબઇ જતી આવતી વખતે માંડવી દ્વારામાં પધારતા પગંત કરી સંતોને જમાડતા અને પહેરામણી કરતા. એકવાર મહારાજશ્રી ઓધવરામજીએ પોતાની કેસરી પછેડીની પાઘડી (કૃષ્ણદાસજીના) માથા ઉપર બાંધીને આશિષ આપીને ગુરૂ મહારાજને કહ્યું કે આને ખૂબ ભણાવજો આવો ધન્ય પ્રસંગ કેમ ભૂલાય ?

સદગુરૂ સ્વામી અતંર્યામી દિન દયાળ દયા કરના

રાગ : આશા, લાવણી

સદગુરૂ સ્વામી અંતર્યામી, દીન દયાળ દયા કરના
મૈં બલક તુમ શરણમેં આયો, કરૂણામય કરૂણા કરના ...ટેક
ગુરૂબ્રહ્મરૂપ સદા સુખસાગર, એક સ્વરૂપ અંતર ધરના,
અગમ નિગમ કોઇ અંત ના પાવે, મૈ પ્રાકૃત જન કયા બરના ...સદગુરૂ
અશરણ શરણં ભવભય હરણં અધમ ઓધારણ અઘ હરના,
જનમન રંજન ભવદુઃખ ભંજન, કિંકર પે કરૂણા કરના ...સદગુરૂ
ગુરૂ બિન જ્ઞાન ન પાવે કોઇ, શ્રીમુખ આપકી યે બરના,
કોટિ યત્ન કરે કિન કોઈ, પાવત નહિ પરમ જ્ઞાના ...સદગુરૂ
મૈ બાલક શરણાગત તેરા, સંશય શોક સકલ હરના,
દાસ ''અરજણની'' ઐસી વિનંતી, જનમ મરણ સંકટ હરના ...સદગુરૂ

ધન્યો ગૃહસ્થાશ્રમ

પગમાં વાગે કાંટો ને ભીંજાયે લોચન ... ધન્યો ગૃહસ્થાશ્રમ
પગંતમાં સૌ સાથે બેસી કરે નીત્ય ભોજન ...ધન્યો ગૃહસ્થાશ્રમ

ગ્રંથ પંથ સબ જગત કે બાત બતાવત તીન
રામ હૃદય મનમેં દયા તન સેવામેં લીન

એક સરીખા સૌના વાણી વિચારને વર્તન ...ધન્યો ગૃહસ્થાશ્રમ
નિત્ય સવારે જેના ઘરમાં થાયે હરિ ભજન ...ધન્યો ગુહસ્થાશ્રમ
હું અને તું મટી જીવાયે સૈયારૂં જીવન ...ધન્યો ગુહસ્થાશ્રમ
જ્યાં માત પિતાની સેવા થાયે પ્રતિદિન ...ધન્યો ગુહસ્થાશ્રમ
તરસ્યાને જલ પાયે ભુખ્યાને આપે અન ...ધન્યો ગુહસ્થાશ્રમ
પુત્ર સુપુત્ર નાર સુલક્ષણી જ્યાં હોય નીતીનું ધન ...ધન્યો ગુહસ્થાશ્રમ
ઈશ્વરને એ ઘર જોઈને થાય રહેવાનું મન ...ધન્યો ગુહસ્થાશ્રમ
''ભગતરામ''જ્યાં સૌ સ્વીકારે ધર્મ તણા બંધન'' ...ધન્યો ગુહસ્થાશ્રમ

શાસ્ત્રો કહે છે કે ઘરને ધન્યો ગૃહસ્થાશ્રમ બનાવવું હોય તો ઘરમાંથી ભેદ કાઢી નાખો. ભેદ રહીત વિચારધારા ગૃહસ્થાશ્રમનાં ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. ગૃહકલેષનો મુખ્ય કારણ વાણી વિલાસ છે. વાણીવિલાસ એટલે હોઠે એકને હૈયે બીજું માટે સૌ પ્રથમ બોલનો તોલ કરતા શીખો. સો વખત વિચારોને એક વખત બોલો અથવા તો જે બોલો તે વિચારીને બોલો જેમાંથી ભેદ નિર્માણ થાય એવી વાણી ઉપર નિયંત્રણ રાખતા શીખો.

મૌન બીના સુખ નાંહિ

કારણ વગર અતી બોલ બોલ કરવાથી ઘરમાં તથા સમાજમાં વિગ્રહ પેદા થાય છે. તથા સામાજીક તથા વૈચારીક અને આધ્યાત્મીક સંબંધોમાં તિરાડ પેદા થાય છે. કવિ પ્રિતમ કહે છે કે, પ્રેમના તાંતણાને એક વખત તુટી ગયા પછી સાંધવો બહુ મુશ્કેલ છે. એટલું જ નહિ એને સાંધ્યા પછી પણ એમાં ગાઠ તો રહેવાની જ.

પ્રિતમ ધાગા પૈમકા મત ખીંચો તુટ જાય
તુટન કો જબ સાંધીયે તો બીચ ગાંઠ હો જાય

માટે મોનમ સર્વત્ર સુખમ મૌનનો સાદો અને સરળ અર્થ એ છે કે જ્યાં તમારા શબ્દોની તમારી વાણીની તથા તમારા નિવેદનોની લેષ માત્ર આવ્યશકતા નથી ત્યાં ન બોલવું બસ એનું નામ મૌન. જ્યાં જરૂર હોય ત્યાં બોલવું અને જ્યાં જરૂર ન હોય ત્યાં ન બોલવું એ જ સાચી મૌન ની અવસ્થા છે. માટે ગૃહસ્થાશ્રમને સુંગધિત બનાવવા માટે વાણી સાથે તથા પોતાની જાત સાથે સમજુતી કરવી પડશે. એક ગાડીમાં (ટ્રેન) યોગાનું યોગ ભેગા થયેલા આપણે સૌ પ્રવાસીઓ છીએ. ઘડીના છઠા ભાગમાં આપણે સૌ વિખરાઈ જવાના છીએ એ વાત ભુલવી ન જોઈયે.

માઁ-બાપને ભુલશો નહિ

અંતિમ અવસ્થા ઉપર પહોંચેલા એક વૃધ્ધ માતાજી વૃધ્ધાશ્રમમાં બીમાર પડયા ત્યારે આશ્રમનાં સંચાલકોએ પુછયું માજી તમારી અંતિમ ઈચ્છા શું છે ? આપ અમને જણાવશો ? ત્યારે માજી એ કહ્યું તમેં મારા દિકરાને બોલાવી આપો મારે એમને મળવું છે. થોડી જ વારમાં દિકરો આવી ગયો. દિકરો અને સાથે આવેલ પૌત્રને જોઈ માઁ ની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. અને માજીએ આશ્રમના સૌ સંચાલકોની હાજરીમાં પોતાના દિકરાને કહ્યું કે બેટા મારી એક અંતિમ ઈચ્છા છે કે, આ ખંડમાં ગરમી બહું થાય છે માટે તું એમાં એક પંખો લગાડી દેજે માજીની વાત સાંભળી છોકરાએ કહ્યું માઁ તમારી તો ઘડીઓ ગણાઈ રહી છે. મૃત્યુના મુખમાં પડી રહેલાને પંખાની વડી શી જરૂર ? ત્યારે માજીએ કહ્યું, બેટા હું મારી વાત નથી કરતી તારી વાત કરૂં છું મેં તો મારી જીદંગીને ગરમીમાં રહીને જેંમ તેંમ પુરી કરી લીધી છે. પણ તું આખી જીદંગી એ.સી. માં રહ્યો છે. તારાથી આ ગરમી સહન નહિ થાય. માજીની વાત સાંભળી છોકરાને ખુબ ગુસ્સો આવ્યો અને કહ્યું ડોશી તારી ચસકી તો નથી ગઈને ? મને આ રૂમમાં કયાં રહેવું છે. મને રહેવા માટે તો આલીશાન બંગલો છે. હું વૃધ્ધાશ્રમમાં શા માટે આવું ? ત્યારે માતાજીએ કહ્યું બેટા હું જ્યારે વહુ બનીને સાસરે આવી ત્યારે હું પણ એમ જ કહેતી હતી કે મને કયાં વૃધ્ધાશ્રમમાં રહેવાની ફરજ પડશે ? પણ વિધ્ધી ના વિધાન મુજબ આજે હું વૃધ્ધાશ્રમમાં રહું છું. આવતી કાલે તને પણ વૃધ્ધાશ્રમમાં જ રહેવું પડશે. આ વાત તને જો ખોટી લાગતી હોય

લાગીલગન સબકો કહે લગી નહિ તીલભાર
ભરથરી કો ઐસી લગી જીને છોડ દીયા ઘરબાર

તો પુછી લે તું તારા દિકરા ને ત્યારે પૌત્રે કહ્યું પપ્પા તમેં તમારા વડીલોને જો વૃધ્ધાશ્રમ માં મુકી શકતા હો તો અમે પણ અમારા વડીલોને આલીશાન બંગલામાંથી કાઢીને વૃધ્ધાશ્રમમાં મુકી આવશું સાંભળો પપ્પા તમેં જે અપનાવી છે એ વિચારધારા આપણા ઘરની પરંમપરા બનીને રહેશે અને ધન્યો ગૃહસ્થાશ્રમની વિચાર ધારાનો છેદ ઉઠી જશે. કવિ કહે છે કે,

મેના પોપટ કુતરા ઘરમાં રહે એના
મા-બાપો વૃધ્ધાશ્રમોમાં જાય છે.
રામ જાણે માનવી ક્યાં જાય છે !!!

મારા અસ્તિત્વ વિશે મને જરાય ખબર નથી આવતી કાલનો સુરજ મારા માથે પ્રકાશ પાથરશે કે નહિ એમાંથી હું સંપુર્ણ અજાણ છું અચાનક એક બીજા સાથે મળેલા મુસાફરો માં વિવાદ શા માટે ? કલેષ શા માટે ? કજીયા તથા કંકાશ શા માટે ? તથા ભેદ શા માટે ? એક વાત યાદ રાખવા જેવી છે કે ગૃહસ્થાશ્રમને વધારે માં વધારે કોઈ નુકશાન પહોંચાડી શકતું હોય તો તે છે ભેદ. એક જ ઘરમાં રહેતા બે સગાભાઈ વચ્ચે જયારે ભેદ નિમાર્ણ થાય છે ત્યારે ગૃહસ્થાશ્રમના સાત ટુકડા થાય છે. અને આગળ જતાં ગૃહસ્થાશ્રમ ઘર ઘર ની રમત બની જાય છે. કવિ કહે છે,

રાગ : ભૈરવી

આપણે ચાલો ઘર ઘર રમીયે ...(૨)
સળંગ ઘરની ઠીક મધ્યમાં એક ભીંત ચણાવી દઈયે ...આપણે૦
રાખ મમ્મીને તારી પાસે, આ પપ્પા ચાલશે મને
સલ્લા એમને ઘરમાં સખણા રહેવાની સૌ દઈયે ...આપણે૦
આ ઘર મારૂં આ ઘર તારૂં કહીને વિવાદે ચડીયે
એક બાપના છીયે સંતાનો કહેતા લાજી મરીયે ... આપણે૦
મને ભણાવી મને ગણાવી તેં ખુબ લડાવ્યા લાડ
હળ હાંકી બળ આપ્યું મને તેં એ સૌ ભુલી જઈયે ...આપણે૦
એક રોટલી આપણા બે પાસે એમાં કોને કેટલી દઈયે
તું ખા તું ખા કહી કહી પછી ભુખ્યા સુઈ જઈયે ...આપણે૦
માઁ તારા સમ અમેં બે ભાઈ કદી ન જુદા થઈયે
મિલકત માટે આજે આપણે કોર્ટ કચેરી જઈયે ...આપણે૦
તું તારી હું મારી અહંમની વાતને પકડી લઈયે
એમ કરતાં કરતાં 'ભગતરામ' ઝગડીને મરી જઈયે ...આપણે૦

ગૃહસ્થાશ્રમો પડી ભાંગવા એ એક મોટામાં મોટું સામાજીક કલંક છે. કવિ કહે છે કે,

પાનીસેં પતલા કોન હૈ કોન ભૂમિસેં ભારી
કોન અગ્નીસેં તેજ હૈ કોન કાજલસેં કાલે

જવાબ

પાણીસેં પતલા જ્ઞાન હૈ પાપ ભૂમિસેં ભારી
ક્રોધ અગ્નીસેં તેજ હૈ કંલક કાજલસેં કાલે

કાજલ નો ડાઘ એક વખત યથાર્થ પ્રયત્નો કરવાથી ધોઈ શકાય છે. પણ કલંક એ એવો ડાઘ છે. જેને ધોવા માટે કોઈ પધ્ધતિ નિમાર્ણ થઈ નથી.

લાગી લાગી સબ કહે લાગી કીસીકો નાંહિ
લાગી તબહી જાનીયે છેદ કલેજે માંહિ

ઘરમાં બધા સભ્યો એક બીજાથી ખુબ પ્રસન્ન રહેતા હોય તો ઘર કાયમ રોગ મુકત રહે છે. પ્રસન્નતા શરીરની વ્યવસ્થાને ઠીક રાખે છે. કવિ કહે છે અનુભવીને એટલું કે આંનદમાં રહેવું રે રટવા પરિભ્રમને બીજુ ક્રાંઇન કહેવું રે... ખુશી કરતા વધારે અન્ય બીજો કોઇ પૌષ્ટીક આહાર નથી થાળીમાં સમાય નહિ એટલો ઘી પણ માણસ જો બળી કળીને ખાતો હોય તો એ ઘી ખાધું ન ખાધું બરોબર છે. સૌ સાથે મળીને તથા એક બીજાની રાહ જોઇને પ્રેમથી એક જ પગંતમાં બેસીને ચટણી-રોટલી ખાતા હોય એની ઘી કરતાં વધારે શરીર ઉપર અસર થાય છે.

એક કહેવત છે કે, કુટિલ, કાગડા અને કુતરાઓ પંગત માં બેસીને ખાતા નથી, બુફે જમણવાર આપણે તો આજે શીખ્યા છીએ પણ કાગડા અને કુતરાઓ તો સદીઓથી કરતા આવ્યા છે. બુફે જમણવાર એ સુધરેલા સમાજ નું ભોજન કહેવાય છે પણ આપણે સુધર્યા એના કરતા પહેલા કાગડો સુધર્યો છે. આપણે તો કાગડા અને કુતરાની નકલ કરી રહ્યા છીએ. એક વાત યાદ રાખવા જેવી છે કે નકલ માં કોઇ દિ અકકલ ન હોય !!!

ઉપરોકત નીતિ તથા પ્રણાલીકા ગૃહસ્થાશ્રમને માન્ય નથી હું મનુષ્ય છું તો મનુષ્ય પણાનો ભાવ મારી અંદર પ્રગટ થવો જોઇએ. આપણાને કોઇ એક પ્રચલીત મંદિરના મહિમાનો અથવા તો કોઇ પ્રખ્યાત સાધુના મહિમા અથવા તો ભવ્ય આશ્રમના મહિમાની ખબર છે પણ સ્વના મહિમાં વિશે આપણે સૌ અજાણ રહીએ છીએ. અનાદિકાળથી સ્વનો મહિમા ગવાતો આવ્યો છે. કારણ કે, જેવી રીતે એક પદાર્થની શરૂઆત એક અણુથી થાય છે. જે તેવી રીતે હું પણ જગતનો એક ઘટક છું તેથી જગતની શરૂઆત પણ મારા થી જ થાય છે.

લાગણીના તાર

એક શિષ્યે પોતાના ગુરૂને પુછ્યું કે સ્વામીજી સેવા કરવાથી શુ મળે ? એ શિષ્યે અગર આપણને પુછ્યું હોત તો આપણે એમ કહેત કે સેવા કરવાથી મેવા મળે પણ સ્વામીજી એ એવું કહ્યું નહિ સ્વામીજીએ કહ્યું સેવા કરવાથી યશ મળે, માન મળે કીર્તિ વધે પણ એના કરતાં વધારે વડીલોની સેવા કરીને ફર્ઝ તથા માનવ ધર્મ બજાવ્યાનો આનંદ મળે. આનંદ માણસનો મુખ્ય ખોરાક છે. જે આનંદને વાગોળતા વાગોળતા સમાજ તથા પરિવારમાં અસ્મિતા પૂર્ણ જીવન જીવાય છે.

કવિશ્રી પ્રદિપજી કહે છે કે, આ જગતમાં આવ્યા પછી તેં તારો માનવધર્મ કેટલો બજાવ્યો છે ? કેટલા પાપ કર્યા છે ? અને કેટલા પુણ્ય કર્યા છે ? એ તને જોવું હોય તો શાસ્ત્રોની સામે અથવા તો કોઇ અનુભવી સંતની સામે બેસી જા કારણ કે સંતો અને શાસ્ત્રોએ બંને અરીસાઓ છે અને "દર્પણ જુઠ ન બોલે" અરીસો કયારે પણ ખોટું બોલતો નથી.

રાગ : ભૈરવી

મુખડા દેખલે પ્રાણી જરા દર્પણમેં દેખલે કીતના પુન્ય હૈ કીતના
પાપ તેરે જીવન મેં મુખડા દેખલે પ્રાણી જરા દર્પણ મેં ...મુખડા.
કભી તો પલભર સોચ લે પ્રાણી કયા હૈ તેરી કરમ કહાની
પત્તા લગાલે પડે હૈ કીતને પાપ તેરે જીવન મેં ...મુખડા.
ખુદકો ધોખા દે મત બંદે અચ્છે ન હોતે કપટ કે ધંધે
સદા ન ચલતા કીસીકા નાટક દુનિયા કે આંગન મેં ...મુખડા.

કવિ કહે છે દંભી અને ઢોંગી સેવાધારી ઓ પોતાની જાત સાથે છેતરપિંડી કરે છે. તેંમ છતાં તેઓ વિચારતા નથી. કે દંભ અને ઢોંગની આયુષ્ય ખુબ ઓછી હોય છે માટે સેવામાં ઢોંગ ન ચાલે.

એક નેવું વરસના વૃધ્ધ માતાજી પોતાના વતનમાં એકલા રહેતા હતા. એમનો પરિવાર ધનવાન હતો. પણ પરદેશમાં રહેતો હતો. એક દિવસ માતાજી અચાનક વૃધ્ધાવસ્થાને કારણે બિમાર પડયા માતાજીના પડોશીઓ સાથે ખુબ સારા સંબંધો હોવાથી તેઓ સૌ માતાજીની સેવામાં લાગી ગયા ત્યારે માતાજીએ પડોશીઓને કહ્યું કે ભાઇઓ હવે મારા શરીરનો કોઇ ભરોષો નથી આપ મારા દિકરાને જલ્દી બોલાવી આપો. સમાચાર મળતાંની સાથે વૃધ્ધ માતાજીના

ખબર અંતર પુછવા દિકરો, વહુ તથા નાનો બાબો સૌ વિમાન માર્ગે વતન પહોંચી આવ્યા. પરિવારને જોયા પછી માતાજીને એટલો આનંદ થયો કે તે દવા ખાધા વગર સાજા થઇ ગયા પતિ-પત્નીએ અંદરો અંદર વાતો કરી કે આપણો ધક્કો ફોગટ ગયો. ચાલો હવે જે થયું તે ખરૂં પાછા પરદેશ જઇએ. બે મહિના રહીને માતાજી ફરી બીમાર પડયા અને ફરી દિકરો, વહુ તથા પૌત્ર તથા સૌ પરિવાર 'દસાઓ' સારાવવાની સામગ્રી, અગીયારમું, બારમું ભેગું અને તેરમાંનો ઘડો સાથે લઇને હવે માતાજી નહિ બચે એ ઇરાદા સાથે ફરી પાછા વિમાન માર્ગે આવી પહોંચ્યા.

પરિવાર ને જોયા પછી માતાજીને આનંદનો પાર રહ્યો નહિ અને ધીમે ધીમે અને માંડ માંડ બોલી શકનારા માતાજીની ભાષામાં છાકોટો આવી ગયો. ખુશીની સીમા ન રહી ધીરે ધીરે માતાજી પાસે આવીને વહુએ પુછ્યું માડી તમને શી તકલીફ છે ? માજી એ કહ્યું તકલીફ ? મને કેવી તકલીફ તમને જોયા પછી મારી બધી તકલીફ દુર થઇ ગઇ હવે મને છ મહિના સુધી કોઇ જ વાંધો નથી.

વહુ-દિકરાએ મનમાં કહ્યું કે વાંધો તમને નથી પણ અમને છે. ફરી અમારો બીજો ધક્કો ફોગટ ગયો. એવી રીતે મનમાં બબડતા બબડતા માતાજી પાસેથી પરદેશ જવાની રજા માંગી ત્યારે કહ્યું માતાજી તમેં અમને ઘડી ઘડી હેરાન કરશો નહિ કારણ કે વારંમવારે ધક્કા ખાવા અમને પોષાતા નથી અમને એમ કે તમેં આ ફેરે જરૂર ગુજરી જશો. પણ તમેં તો અમને જોતાની સાથે જ સાજા થઇ ગયા અમને એવી ખબર હોત તો અમેં અહિ સુધી આવીએ જ શા માટે ? તમને ખબર છે પરદેશથી કામ ધંધા છોડીને ઠેઠ ગામડા સુધી આવતાં અમને કેટલી મુશ્કેલીઓ વેઠવી પડતી હશે. માતાજી એ કહ્યું બેટા હું દવાથી નહિ પણ તમને મળ્યા થી સાજી થાઉ છું તમને જોયા પછી મારો ખાલીપો ભરાઇ જાય છે. બેટા હું મજબુર છું. લાગણીના તાર મારાથી તોડવા જાઉં તોય તુટતા નથી બસ એવી રીતે માતાજી તથા પરિવાર વચ્ચે કડવો મીઠો સંવાદ પુરો થયો અને પરિવાર પાછો પરદેશ ગયો. થોડા દિવસ રહીને માતાજી ફરી બિમાર પડયા ત્યારે માતાજીએ પડોશીઓને કહ્યું કે, ભાઇઓ આ વખતે તમેં મારા પરિવારને મહેરબાની કરીને બોલાવશો નહિ કારણ કે પરિવારને જોયા પછી મારો ભીતરનો ખાલીપો ભરાઇ જાય છે. તેથી હું દવા ખાધા વગર સાજી થઇ જાવું છું મને હવે મારા પરિવારને વધુ ધક્કા ખવડાવવા નથી હવે મને મારો દેહ છોડવો છે. માટે તમેં મને સૌ પ્રેમથી રજા આપો.

બાળક માટે પ્રેમની યુનિવર્સિટી એટલે માઁ

તારાઓ આકાશનું સ્મિત છે વિજળી વર્ષાનું સ્મિત છે
પુષ્પએ સૌન્દર્યનું સ્મિત છે પણ માઁ એ પ્રભુનું સ્મિત છે
સંસારના પાંચ પ્રત્યક્ષ દેવ છે જેની પ્રતિદિન અનુભુતિ થાય છે.
(૧) માતા-પિતા (૨) ગુરૂ (૩) અતિથિ (૪) સુર્ય (૫) માઁ

કરૂણામયી માઁના ચરણોમાં શાષ્ટાંગ પ્રણામ. માઁ એક એવો શબ્દ છે કે જેમાં આશા અને પ્રેમ છલોછલ ભરેલા છે. માઁ શબ્દ નથી પણ શબ્દ તીર્થ છે. ભગવાન ના નામની જોડે તથા એની સરખામણીમાં કોઇ નામ મુકવું હોય તો માઁ નુ જ નામ મુકી શકાય.

માનવતા તથા સંસ્કાર સિંચનનું મહાવિધ્યાલય એટલે માઁ.
જેને કોઇ ઔપચારીક ઉપમાં આપી ન શકાય અનું નામ માઁ.
જેની કોઇ સીમા નથી બસ એનું નામ માઁ.
જેની લાગણીને ક્યારે પણ પાનખર નથી નડી અનું નામ માઁ.
દુનિયાની બધી જ ભાષામાં જેનો અર્થ માત્ર માઁ થાય છે એનું નામ માઁ.
માનવજાતિનાં હોઠ પર સુંદર લાગતો શબ્દ એટલે માઁ.
સૌથી સુંદર કોઇ સાદ હોય તો તે છે સાદ માઁ.
થાકનું વિશ્રામ એટલે માઁ.

જયાં જેનું નહિ પારખું ત્યાં તેનું નહિ કામ
ધોબી બિચારા કયા કરે પડા દિગંબરો કે ગામ

જીવનનો સંપુર્ણ અને નિરાંતનો આરામ એટલે માઁ.
આફતો સામે લડવા માટે સહપ્રયોગમાં લેવાતો શ્રીમંત્ર એટલે માઁ.
સંતાનો ની આવ્યશકતાને કોઠાસુઝથી પારખી લે એનું નામ માઁ.
સંતાનો માટે અંતરયામી નહિ પણ અંતર મુખ થઈ જાય એનું નામ માઁ.
સંતાનો નો વિકાસ જેનો માત્ર લક્ષ છે એનું નામ માઁ.
જે આપણા સૌ પાત્રોથી અધિક પાત્ર છે એનું નામ માઁ.
જેના ચરણોમાં અડસઠ તીર્થો સમાયા છે એનું નામ માઁ.
પરિવાર માં પ્રેમ જોઈને જેના હૃદયમાં પ્રેમનો ઉભરો આવે એનું નામ માઁ.
સંસારની ખુટતી કળીઓ જોડી આપે એનું નામ માઁ.
સંતાનો માટે નીજ સુખનો ત્યાગ કરે એનું નામ માઁ.
સંતાનો ઉપર કરેલા ઉપકારોને પોતાની ફરજ સમજીને ભુલી જાય એનું નામ માઁ.
સંતાનોના સુખે સુખી અને દુઃખે દુખી થાય એનું નામ માઁ.

વલ્લભજી દેવજી ખીચડા (નુંધાતડ)

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય અગીયારમો

ઓધવરાસ યોગ



આરતી

રાગ : આંનદ મંગળ કરૂં આરતી

સદગુરૂ દેવની કરૂં આરતી ઓધવરામ ની સેવા ...સદગુરૂ૦
સેવકના સ્વામી સદગુરૂ હું ચરણે આવ્યો રહેવા ...સદગુરૂ૦
શ્રીગુરૂ ને ગોવિંદ બે માંથી જુદા કોને જોવા ...સદગુરૂ૦
વેરઝેર અંતરના કાપો સ્થાપો સંપ સુમેળા ...સદગુરૂ૦
લોભ મોહ ભય શોક હરિને આપો આનંદ વેળા ...સદગુરૂ૦
તાપ ત્રીવિધના ટાળીને કરજો રક્ષા સદગુરૂ દેવા ...સદગુરૂ૦
"ભગતરામ" હરપલ હર સમયે રહેજો મારી ભેળા ...સદગુરૂ૦

<u>માળા</u>

હરિઓમ નામની હો માળા છે ડોકમાં
ગુરૂજીના નામની હો માળા છે ડોકમાં ...ટેક
શામળશા શેઠ બની હુંડી સ્વીકારી એવા
નરસિંહના નાથની હો માળા છે ડોકમાં ...હરિઓમ
નિત્ય સુવાડે મને નિત્ય જગાડે એવા
કરૂણા નિધાન ની હો માળા છે ડોકમાં ...હરિઓમ
દુનિયાના ઝહરને અમૃત બનાવે એવા
મીરાંના શ્યામની હો માળા છે ડોકમાં ...હરિઓમ
અમૃત આપીને પોતે ઝહરને પચાવે એવા
નીલકંઠ નામની હો માળા છે ડોકમાં ...હરિઓમ
વચનોને પાળવા વનમાં સિધાવે એવા
સીતારામ નામની હો માળા છે ડોકમાં ...હરિઓમ

કબીરા જીવતે હરિ મીલે મરકે મુકિત પાય
દોનો હાથમેં લડુ હે મન માને સો ખાય

ભાવે'ભગતરામ'વાંસળી વગાડે એવા
માધવના નામની હો માળા છે ડોકમાં ...હરિઓમ

માળા (કચ્છી)

હરિઓમ નામની હો માળા ફરાંઈયાં, ઓધવરામ નામની હો માળા ફરાંઈયાં
માળા ફરાય મુંજે મનકે સમજાઈયાં રોણુ ભજનમેં ભરપુર ...માળા
મનકે સમજાઈયાં તું ઐંઈયેં ન એકલો તો સાથે તોજા વિચાર ...માળા
મનકે સમજાઈયાં હાણે ધા ધપ કેડા જેં જો હરિસેં વેપાર ...માળા
મનકે સમજાઈયાં ઐઈયે તું વડો જ્ઞાની તોમેં ભર્યા ઐઈં ભંડાર ...માળા
મનકે સમજાઈયાં જેંજી અગાળ ઉલી વેઈ ખરજી પૈઈ તેંજી પછાળ ...માળા
મનકે સમજાઈયાં 'ભગતરામ' કી મોળો નાંય જાગ્યા ત્યાનું થૈઈ સવાર ...માળા

ઓધવ ઓધવ બોલ

સખીરી અબ ઓધવ ઓધવ બોલ
કોકીલા ટહુંકે કુંજનમેં મધુબન નાચે મોર ...સખીરી
નાચતના કછું ગાવતના અબ કયોં ન બજાવત ઢોલ ...સખીરી
તુજકો અપના રૂપ દિખાયા ફીર કયોંન મચાવત શોર ...સખીરી
હમના જાનત તેરે મન કી ઐસા તું મત સોચ ...સખીરી
મેરી ઉનકી પ્રિત પુરાની જૈસે ચંદ્ર ચકોર ...સખીરી
ઓધવકા એક નામ 'ભગતરામ' સબસેં બડા અનમોલ ...સખીરી

માળા

હરિહર નામ ની હો માળા છે ડોકમાં
ઓધવરામ નામની હો માળા છે ડોકમાં
માળા ફેરવજો ને મનને સમઝાવજો
રહેવું ભજનમાં ભરપુર માળા છે ડોકમાં ...હરિહર
એકલો નથી હું મારી સાથે ઈશ્વર છે
મનને સમઝાવજો જરૂર માળા છે ડોકમાં ...હરિહર
સૌના અંતરમાં જઈને રેલાવજો
સંધ્યાપાઠના સુર માળા છે ડોકમાં ...હરિહર
ગુરૂ ગોવિંદનાં દર્શનથી વરસે
નયનોમાં અશ્રુના પુર માળા છે ડોકમાં ...હરિહર

હરિવસે હરિજનમાં ''ભગતરામ''
તું કેમ દોડે છે દુર માળા છે ડોકમાં ...હરિહર

અમીરોની જોઈ દુનિયા

રાગ : યમન (લય-મુજે હૈ કામ ઈશ્વર સે)

અમીરોની જોઈ દુનિયાં ફકીરી યાદ આવે છે
નીખાલસતા ગુમાવ્યાની હવે ફરીયાદ આવે છે...અમીરો૦
ગરીબોના મતો લુંટી સત્તા સંપતથી ઘેરાણા
આપી વચનો ગયા ભૂલી એવી ફરીયાદ આવે છે...અમીરો૦
તોડી પરિવારના બંધન થયા ધનવાન ભોગીઓ
ગયા સપડાઈ રોગોમાં એવી ફરીયાદ આવે છે...અમીરો૦
કંઠીબાંધી કમાવ્યું ધન કર્યો વેપાર ચેલાનો
જોગી ગુરૂઓ થયા ભોગી એવી ફરીયાદ આવે છે...અમીરો૦
ઉજાળીને પોતાનું ઘર વસાવી પારકી નારી
''ભગતરામ'' હદ વટાવ્યાની હવે ફરીયાદ આવે છે...અમીરો૦

તું કર હરિ ભજન

રાગ : યમન

વાણીતે રખ સયંમ તું કર હરિ ભજન ...વાણી૦
ઉભીરો નકા ધોળી ધોળી થકી રોને
હે મુળ તે વજન તું કર હરિ ભજન ...વાણી૦
મન જીયું ગાલીયું મનમેં રોનીયું
સબજેં વઠા ખફણ તું કર હરિ ભજન ...વાણી૦
પાપજી ભરી અગીયા ગરી થૈઈ પોંઘી
ચિતંન ને કર મનન તું કર હરિભજન ...વાણી૦
સોખી સમોડી નાંયં અગીયા
વાટ આએ કઠણ તું કર હરિભજન ...વાણી૦
ભેદ 'ભગતરામ' મટી વેંધા તોજા
કર શાસ્ત્રજો શ્રવણ તું કર હરિભજન ...વાણી૦

ઢોલ શરણાઈ વગડાવો

રાગ : હળવી ચલતી (લય-સાથીયા પુરાવો)

ઢોલ શરણાઈ વગડાવો સૌ સખીયો મળી મંગલ ગાઓ
આજ મારે આગણે પધાર્યા ...ઓધવરામજી
જયશ્રી ઓધવરામ જય જય જયશ્રી ઓધવરામ...જયશ્રી૦
એવા આશીષ દેજો અમને અંતકરણ થાય રાજી બાપા (૨)
માત પિતા ની સેવા કરીએ નીશદિન ધ્યાન પ્રભુનું ધરીયે
અમને એવી સદ્બુધ્ધિ દેવા જીવનમાં સંસ્કાર સીંચવવા

તુલસી કહે પુકાર કે સુનીયે સબ દઈ કાન
હેમ દાન ગજદાન તે બડો દાન અનદાન

આજ મારે આગણે પધાર્યા ... ઓધવરામજી...જયશ્રી.
મોહમાયા જલ ઉંડા એમાં તરવાની હું અજાણીબાપા (૨)
કરૂણાકારી કરૂણા કરજો અવગુણ મારા ચીત ન ધરજો
આપ પ્રભુ ભાવસાગર તરવા પકડી લેવા હાથ અમારા
આજ મારે આંગણે પધાર્યા ... ઓધવરામજી...જયશ્રી.
કોઈ મથુરા ગોકુલ વનરાવન કોઈ જાય તીરથ કાશી બાપા (૨)
અમેં તમારા ચરણે રહીશું નીશદિન સંધ્યા પાઠ કરીશું
કામ તમારા મળીને કરવા સૌને એવા આશીષ દેવા
આજ મારે આંગણે પધાર્યા ... ઓધવરામજી...જયશ્રી.
સુખશાંતી સમૃધ્ધિ 'ભગતરામ' અમને સાચી દેજો બાપા (૨)
પરિવારમાં પ્રેમ વધારો મનના સૌ સંતાપ મટાળો
જ્ઞાન કર્મને ભકિત દેવા સદા અમારી સાથે રહેવા
આજ મારે આંગણે પધાર્યા ... ઓધવરામજી...જયશ્રી.

વાણિયાઁ વેઈ વિચારે ન્યાર

રાગ : પરજ તાલ : હીંચ

વાણિયાં વેઈ વિચારે ન્યાર તોજી હટડીઅકે સંભાર ...ટેક.
જમા ઉધારજા લેખા જોખા ચોપડો ખોલે ન્યાર
ખોટા સચા લેખા લખી ઘર કેતરા કે બરબાદ...વાણિયા.
મઠો મઠો પેઓ કુઈેંને તોજે પેટમેં પેઓ આએ પાપ
જેં રખેયો વિશ્વાસ તો તેંજી કઢે મુરાસોંત પાળ...વાણિયા.
હથપગ હલેયા તેસીંય કે તો ગડસડ સજી થમાર
કેર ખેંધોને કેર પીઅંધો તું કુલા થીએં તો ખોવાર ...વાણિયા.
ફટ જામરો ગડ ગુમડા નકરથે અંગમેં પોધી હોવાર
હોયમાઁ હોયમાઁ કને પેઓ તોકે કોયન ડીંધે ધાધ...વાણિયા.
કો પેયા કીભરેં કો કાઠીયેં કો તર્યા ગંગાઘાટ
''ભગતરામ'' હટકી સરવાળે થઈ પોંધી ધારપર ...વાણિયા.

શ્રી વીરજી મહારાજ

લય : તાડી પાડીને રામનામ બોલ જોરે

શ્રી વીરજી મહારાજને વંદન કરૂં રે
પ્રેમ શ્રધ્ધાને ભકિત ભાવે ભજુ રે...શ્રી
સત્ય જીવન સ્વરૂપ છે તમ તણુ રે
ગુરૂ ચરણોમાં જીવન અરપણ કરૂં રે...શ્રી
ગુરૂ ગોવિંદને એકરૂપ નીરખું રે
એક ધ્યાને રહિ હરિને ભજું રે...શ્રી
નરનુગરાનો સંગ કદિનવ કરૂં રે
સંત ચરણોમાં રહીને સતસંગ કરૂં રે...શ્રી

સોહિ જ્ઞાની સોહી ગુણીજન સો પંડિત ધ્યાની
તુલસી જાકે ચીત ભઈ રાગ દ્વેષ હાની

આડા અવડા મારગમાં નહિ ભમું રે
એકાન્તમાં બેસીને અર્ચન કરૂં રે...શ્રી
જીવન પુષ્પ 'ભગતરામ' ચરણે ધરૂં રે
કર્મ સારા કરીને હરિને ગમું રે...શ્રી

કરતાલા

કરતાલા કરતાલા કરતાલા ઓધવરામ ના કરતાલા
શ્વેત વસ્ત્ર શોભે સન્યાસી હીમ શીખર જલ ધારા ...ઓધવરામના કરતાલા
સાખી...ઓધવ ઈશ્વર વેદ બ્રહ્મ ગાયે તારા સૌ ગાન
હરિ હર હરિ હર અવરન કોઈ ઓધવ એક સમાન
કેશરી ચંદન તીલક સોહોયે કંઠે તુલસી માળા ...ઓધવરામના કરતાલા
સાખી...શીવમાંથી જીવ પ્રગટયો ધર્મના કરવા કામ
પ્રગટ ભયે ભાનુકુલ દીપક સંત ઓધવ રામ
સાધુ સંત ફકીર સૌના જીવનના સરવાળા ...ઓધવરામના કરતાલા
સાખી...ગંગા જમના ગોમતી સબ તીરથમેં વિશ્વાસ
અડસઠ તીરથ ચાર ધામ શ્રી ગુરૂ ચરન કે પાસ
કલ્પવૃક્ષ જેના ચરણોમાં તોય ફર્યા પગપાળા ...ઓધવરામના કરતાલા
સાખી...માતા જાંકી ચાગબાઈ પિતા ભકત હેમરાજ
ધર્મ કે કારન પ્રગટ ભયે શ્રી ઓધવરામ મહારાજ
સુરદાસ નરસીંહ મીરાંને પ્રાણોથી પ્યારા ...ઓધવરામના કરતાલા
સાખી...તન તીરથ મન ભયો મથુરા ગોકુળ વનરાવન
ધન્ય ધરા જખૌ જહાં પ્રગટયા પ્રાણ જીવન
ઈ કરતાલા થયા "ભગતરામ" કુલ દિપક ઉજીયારા ...ઓધવરામના કરતાલા

સુરેં કે સકાં

રાગ : અહિર ભૈરવ તાલ : હિપચંદિ (લય-જય જય જાલ્યામાં તમારી)

ઓધાઆંજી મોરલી અજે સુરેં કે સકાં
સુર સુંએ આંજા મોકે હીંઅ થેયા ઘણા ...ઓધા૦
બેઆ વસેં નતા કો મોકે ઍઈ વસોત ચાં ...(૨)
ઓધાઆંજી યાદમેં નતી ખેયાં નતી પીયાં ...ઓધા૦

અભણ મુંજી જાત નતી અખર કો બુઝા ...(૨)
એકાન્તમેં વેઆંને આંજો જાપ જપીયાં ...ઓધા૦
અખીંયે અંધી કને બુડી કીં નતી દસાં ...(૨)
મુરલીઅજે સુરેં મથે દસ બધઈ અચાં ...ઓધા૦
ઢોંગને ધતીંગ નતી દંભ કરીયાં ...(૨)
રખે મુંજો રામ મોકે તીંઅ આઉં રાં ...ઓધા૦
પાંએણ નતી પુજીયાં નતી તુલસી તુડીયા ...(૨)
શીવ જે મંધરતે નતી દુધ હારીયાં ...ઓધા૦
ગુરૂ ગોવિંદ માએતરેજીં સેવા કરીયાં ...(૨)
ધર્મ ખરો માનવજો આંઉં તી નભાઈયાં ...ઓધા૦
ઈશ્વરજી અંતરમેં ખોજ કરીયા ...(૨)
''ભગતરામ'' ઈંઅકંધે આઉં પાર તી પુજાં ...ઓધા૦

હૈ પરમેશ્વર

રાગ : ખમાજ તાલ : હીંચ(લય-હરિહર હરિહર ના ધનન્યારે)

હે પરમેશ્વર પ્રાણ પિયારે સંત ઓધવરામ હમારે ...ટેક૦
શુભ કર્મ ફલ તવ જીવન ગાથા આપ હમારે ભાગ્ય વિધાતા
વરના જીવન કૈસે સંવારે ...સંત૦
ગુરૂ ગોવિંદા એક સ્વરૂપા ત્વમેવ માતા ત્વમેવ પીતા
ત્વમેવ બંધુ સખા સહારે ...સંત૦
હરિ સદા રહતે હરિજનમેં હમ ક્યોં ખોજ કરત જા બનમેં
સબ તીરથ બન ચરન તુમારે ...સંત૦
જન્મ ભુમી જખૌ સ્વીકારા કર્મ ભૂમિ વાંઢાય વિસ્તારા
ધર્મ ભૂમિ ગંગા તટ હરિદ્વારે ...સંત૦
કર દો સમર્પણ ગુરૂકો જીવન મન, બુધ્ધી, હોગા તવ પાવન
ફીરતો 'ભગતરામ' હો ઉજીયારે ...સંત૦

સખી આવો સૌ ઓધવધામમાં

રાગ : પીલ્લુ તાલ : હીંચ (લય-તારવાતારવા)

ધામમાં ધામમાં ધામમાં રે સખી આવો સૌ વાંઢાય ધામમાં ...સખી૦
કચ્છમાં સોહામણું વાંઢાય ધામ છે સુંદર તીર્થ સોહામણારે ...સખી૦

સાહેબ કે ઘરકી કરી મૈને ખુબ તપાસ
અજ્ઞાની સેં દૂર હે જ્ઞાની જન કે પાસ

ધરમ કરમના મુઠી ઉંચેરા માનવ સૌ આવો મેદાન માં રે ...સખી।
શ્રધ્ધા વિશ્વાસ પ્રેમ ભાવે રહિને મન,બુધ્ધી, રાખો એક ધ્યાનમાં રે ...સખી।
જ્ઞાન કર્મ ભકિતની જ્યોત પ્રગટાવો, શકિત સકલ એના નામમાં રે ...સખી।
ગુરૂ ગોવિંદ એક રૂપે "ભગતરામ" કરવા દર્શન શ્રી રામના રે ...સખી।

સંધ્યાપાઠ

રાગ : પીલ્લુ તાલ : હીંચ

સંધ્યાપાઠના સુર સંભળાય બાપાતારી સમાધિની પાસમાં ...ટેક
અંતરની વેદના ખુબ સતાવે મારા નયનો અશ્રુથી ભીંજાય ...બાપા
બેસી એકાન્તમાં ધ્યાન ધરૂં તાંરૂ હરિહર હરિહર નાદ સંભળાય ...બાપા
ગોકુલ મથુરાં ને અડસઠ તીર્થોના થયા દર્શન સૌ ભકતોને આજ ...બાપા
એકલો નથી હું એક તારો આધાર એવા જાગ્યા શ્રધ્ધાને વિશ્વાસ ...બાપા
કરૂણા નિધાન પ્રભુ કરજો કરૂણા છંદ તારા 'ભગતરામ' ગાય ...બાપા

જય જય શ્રી ગુરૂ ઓધવરામ

જય જય શ્રી ગુરૂ ઓધવરામ સદગુરૂ મારા જીવન પ્રાણ ...જય જય।
સદગુરૂ ચરણે રહેમન ધ્યાન પાંમે અડસઠ તીરથ ધામ ...જય જય.
પ્રગટયા શુભદિન એક સમાન રામ પ્રભુ શ્રી ઓધવરામ ...જય જય।
મનમાં મંદિર ચિત્તમાં ધ્યાન શ્વાસે શ્વાસે ઓધવરામ ...જય જય।
પુન્ય અમારા લાગ્યા કામ પ્રગટયા ભાનુકુલ રવિભાણ ...જય જય।
'ભગતરામ' સૌ તવ સંતાન કરીયે વારંમવાર પ્રણામ ...જય જય।

મહારાસ

રાગ : પરજ, હળવી ચલતી (લય-ઘોર અંધારીરે રાતલડી)

આવજો આવજો રે આવજો રે સખી રમવાને મહારાસ -૧
રમજો રમજો રે રમજો રે સખી રમજોને મહારાસ -૨
રાખજો રાખજો રે રાખજો રે સખી શ્રધ્ધાને વિશ્વાસ -૩
ચાલજો ચાલજોરે ચાલજો રે સખી એક બીજાને તાલ -૪
આપજો આપજોરે આપજો રે સખી સૌને સરખો ભાવ -૫
લાવજો લાવજોરે લાવજો રે સખી જીવનમાં સુવિચાર -૬
છોડજો છોડજોરે છોડજો રે સખી નુગરાનો સંગાથ -૭
કરજો કરજો રે કરજો રે સખી કરજો સારા કાજ -૮

ધરજો ધરજો રે ધરજો રે સખી ધર્મના કામો હાથ -૯
રહેજો રહેજો રે રહેજો રે સખી કુંળમાં સૌની સાથ -૧૦
ઝાલજો ઝાલજો રે ઝાલજો રે સખી એક બીજાના હાથ -૧૧
સાંભળો સાંભળો રે સાભળો રે સખી દિનદુઃખીયાની વાત -૧૨
તોડજો તોડજો રે તોડજોરે સખી જુઠા જગ વહેવાર -૧૩
દેજો દેજોરે દેજોરે સખી એક બીજાને સાદ -૧૪
સમરો સમરો રે સમરો રે સખી ગુરૂગોવિંદ મા-બાપ -૧૫
વારજો વારજો રે વારજો રે સખી મનના વેગ અપાર -૧૬
જાગજો જાગજો રે જાગજો રે સખી જીવનમાં દિન રાત -૧૭
ચેતજો ચેતજો રે ચેતજો રે સખી આળસ મોટી ઘાત -૧૮
મારજો મારજો રે મારજો રે સખી મોહ મમતાને માર -૧૯
જાણજો જાણજો રે જાણજો રે સખી મુળ ધરમની વાત -૨૦
ગાયે ગાયેરે ગાયે 'ભગતરામ' ગાયે છે મહારાસ -૨૧

ઓધવ પધારો મારે આંગણે રે લોલ

રાગ : **શીવરંજની** (લય-કચ્છમાં અંજાર મોટો શહેર છે જી)

ઓધવ પધારો મારે આગણે રે લોલ
મારા આંગણા પાવન થઈ જાય જો ...ઓધવ
લીપ્યું ગુપ્યુંતે મારૂં આગણુ રે લોલ
ઢાવ્યા મેં ઢોલીયાને ખાટ જો ...ઓધવ
ગાયો બાંધી છે મારે આંગણે રે લોલ
તુલસીના વાવ્યા મેં છોડ જો ...ઓધવ
અતિથીને આવકાર માંરૂ આંગણું રે લોલ
ભુખયો તરસ્યો ત્યાંથી ન કોઈ જાય જો ...ઓધવ
(સદા) થાયે સતસંગ મારે આંગણે રે લોલ
રમે સખીયો મળીને ઓધવરાસ જો ...ઓધવ
ખીચડી કઠી રોટલા શાક ગુવારના રે લોલ
દુધ,દહીં,ઘી માખણની રેલમ છેલ જો ...ઓધવ
જલ, જમુના ના પ્રેમથી સ્વીકારજો રે લોલ
તજ, એલચી, લવીંગ બેડા પાન જો ...ઓધવ
પ્રભુ દેજો દર્શન મારે આંગણે રે લોલ
ધન્ય ભાગ્ય ખુલી જાય''ભગતરામ'' જો ...ઓધવ

નામની નામની નામનીરે

રાગ : પીલ્લુ- તાલ : હીંચ (લય-તારવા તારવા તારવા)

નામની નામની નામની રે લાગી લગની ઓધવરામ નામની ...લાગી
ધીરે ધીરે વાટલડી ઝાલી સદગુરૂ ઓધવ ધામની રે ...લાગી

કબીરા સબ જગ નીર્ધના ધનવંતા નહિ કોઈ
ધનવંતા સોહિ જાનીયે જહાં રામ નામ ધન હોઈ

માયા મમતા છોડીને લીધી વાટ સાધુડાના ગામનીરે ...લાગી
તારા માટે કામ ન આવે એવી કાયા મળી શું મને કામની રે ...લાગી
તન તીર્થ મન મંદિરીયા માં સોધું પલ પામવા એકાંન્ત નીરે ...લાગી
સુખ સંસારના છોડી 'ભગતરામ' હું તો દિવાની તારા કામનીરે ...લાગી

ઓધવ - ઉપદેશ

રાગ : ભીમપ્લાસ

શ્રી ઓધવ શરણમ મમ શ્રી ઓધવ શરણમ મમ
શ્રી ઓધવ શરણમ મમ શ્રી ઓધવ શરણમ મમ
અમને આપો ઉપદેશ અનુપમ શ્રી ઓધવ શરણમ મમ
હું આવ્યો પ્રભુજી તવ શરણમ હું આવ્યો પ્રભુજી તવ શરણમ
હું આવ્યો પ્રભુજી તવ શરણમ હું આવ્યો પ્રભુજી તવ શરણમ
અમને આપો ઉપદેશ અનુપમ શ્રી ઓધવ શરણમ મમ
શ્રી ઓધવ શરણમ મમ શ્રી ઓધવ શરણમ મમ
પ્રભુ આપ અમારા પ્રાણ જીવન પ્રભુ આપ અમારા પ્રાણ જીવન
પ્રભુ આપ અમારા પ્રાણ જીવન પ્રભુ આપ અમારા પ્રાણ જીવન
અમને આપો ઉપદેશ અનુપમ શ્રી ઓધવ શરણમ મમ
શ્રી ઓધવ શરણમ મમ શ્રી ઓધવ શરણમ મમ
પ્રભુ આપ સત્યમ શીવમ સુંદરમ પ્રભુ આપ સત્યમ શીવમ સુંદરમ
પ્રભુ આપ સત્યમ શીવમ સુંદરમ પ્રભુ આપ સત્યમ શીવમ સુંદરમ
અમને આપો ઉપદેશ અનુપમ શ્રી ઓધવ શરણમ મમ
શ્રી ઓધવ શરણમ મમ શ્રી ઓધવ શરણમ મમ
મને રાખો 'ભગતરામ' તવ ચરણમ મને રાખો'ભગતરામ' તવ ચરણમ
મને રાખો 'ભગતરામ' તવ ચરણમ મને રાખો 'ભગતરામ' તવ ચરણમ
અમને આપો ઉપદેશ અનુપમ શ્રી ઓધવ શરણમ મમ

મીલ ગયે ઓધવરામ

સખીરી મોહે મીલ ગયે ઓધવરામ ...ટેક૦
ભોગ પદાર્થ છોડ કે મૈંને કામ કિયા નિષ્કામ ...સખીરી૦
જબસે કીયા મેં કામ તુમારા તબસેં બના મેરા નામ ...સખીરી૦
મંત્ર તંત્ર કછુ જાનત ના મૈં બૈઠ ગઈ એકાંન્ત ...સખીરી૦
ભુલ ગઈ મૈં સબ જગ હો ગઈ અપને મેં મસ્તાન ...સખીરી૦
એરી સખી રી ગુરૂ જ્ઞાન મીલા અબ કયા દુનિયા સેં કામ ...સખીરી૦
'ભગતરામ' શ્રી ગુરૂ ચરણોમેં સત સત બાર પ્રણામ ...સખીરી૦

માડુઅ મરે પરદેશ સધાર્યા ગુરૂયેં સુણ ચેલા
પુઠીયા પુઠીયા પા સધારીયું કર હથમેં જેડા

ગુરૂકો શીરપે રાખીયે ચલીયે આજ્ઞા માંય
કહે કબીર તા દાસકો તીન લોક ભય નાંય

રામ ચાહે રહેમાન કહો

રાગ : ભૈરવી (લય-જ્યોત સેં જ્યોત જગાતે ચલો)

રામ ચહે રહેમાન કહો ઓધવ ઓધવ રટતે ચલો...ટેક.
હે હરિહર હૈ નામ તુમારા હમ સબકો હે પ્યારા
મીટ જાયે અગ્યાન જીવનસેં જ્ઞાન કા હો ઉજીયારા
અબ જ્ઞાન કી જ્યોત જગાતે ચલો...ઓધવ....૧
નદીયાં ગહરી નાવ પુરાની દિસે દુર કીનારા
ઉસકી નૈયા પાર લગા દી જો શરણોમેં આયા
અબ રેતમેં નાવ ફિરાતે ચલો...ઓધવ....૨
ના કોઈ મેરે ના કોઈ તેરે સબ માલીક કે બંદે
મોહ માયા એક પલ સુખ પીછે, કર્યો બન ફિરતે અંધે
અબ ભેદ વહેમ મીટાતે ચલો...ઓધવ....૩
ધન દોલત કોઈ સાથ ચલેના સંગી ચલેના સાથી
ઓધવ કા એક નામ ''ભગતરામ' નીશદિન રહના પ્યાસી
અબ લુંટ શકોતો લુંટાતે ચલો...ઓધવ....૪

ઓધવ બંસી

રાગ : ભૈરવી (લય-જ્યોતસેં જ્યોત)

કોન મેરે ચીત્તકો ચુરાવત હૈ ઓધવ બંસી બજાવત હૈ ...ટેક.
શબ્દ તાલ સંગીત રાગ મેં કોન મેરા ધ્યાન લગાવત હૈ
કોન મેરે સુરમેં ગાવત હૈ ...ઓધવ બંસી બજાવત હૈ...૧
તન, મન, ધન, જીવનકો મેરે કર્મસેં કોન સજાવત હૈ
કોન મેરા નામ બડાવત હૈ ...ઓધવ બંસી બજાવત હૈ...૨
ભેદ વહેમ ઓર ભરમ મીટાકર કોન મેરા મોહ છુડાવત હૈ
કોન મેરા પ્રેમ બડાવત હૈ ...ઓધવ બંસી બજાવત હૈ...૩
ભજન''ભગતરામ'' નીસદીન કરના કોન મુજે સમજાવત હૈ
કોન મેરી નાવ ચલાવત હૈ ...ઓધવ બંસી બજાવત હૈ...૪

ઓધવ શરણે પડું

રાગ : શીવરજંની (લય-શંભુ શરણે પડી માગું)

ઓધવ શરણે પડું તમને વિનંતી કરૂં સદગુરૂ દેવા
મારા રૂદિયામાં આવોને રહેવા (૨) મારા હૃદિયામાં ...ટેક૦
તમેં જન્મ ધર્યો જખૌ ગામેં માતા ચાગબાઈ હેમરાજ નામેં
તમેં સેવ્યા શ્રી રામ ભાનુકુળ રવિ ભાણ દર્શન દેવા ...મારા૦
સંચીત કર્મ પુરવના પ્રતાપે જન્મે જીવ મટી શીવ થાયે
સ્થાને સ્થાને ફર્યા ગુરૂ સીદ્ધ મળ્યા લાલરામ જેવા ...મારા૦
શ્વેત વસ્ત્રોમાં શોભે સન્યાસી સૌમાં ક્રાંતીની જ્યોત જગાવી
જ્યાં જ્યાં ચરણો ધર્યા તીર્થો પાવન કર્યા વાંઢાય જેવા ...મારા૦
ધર્મ ભુલ્યાજેં કર્મ પ્રવાસી દ્વારે દ્વારે થૈઈ ભટકે ઉદાસી
લીધી હાથમાં મસાલ ઉઘડ્યા મુકિતના દ્વાર હરિહર એવા ...મારા૦
ધન્ય ભાગ્ય ગંગાજલ ધારા ઓધવરામના ચરણો પખાર્યા
વ્રતો પુર્ણ થયા હરિદ્વાર જેવા આશ્રમ સ્થાપ્યા ...મારા૦
એક દિપ ગયો છોડી જ્યોતી સૌને કાર્ય 'ભગતરામ' સોપી
કાર્યો સિધ્ધ થયા ગુરૂને શિષ્ય મળ્યા વાલરામ જેવા ...મારા૦

લાગીલગની

રાગ : માલકૌંષ

લાગી લગની હરિહર નામની હું તો માળા રે જપું શ્રી ઓધવરામની ...લાગી
જાવું ગુરૂજીને ધામ પામે મન અંતર આરામ ધીરે ધીરે ઝાલી વાટ વાંઢાય ધામની ...હુંતો
હંસલા હાલોને હવે ઈશ્વરસાગરના તીરે આપે પ્રેરણા સમાધી વાલરામની ...હુંતો
મારા સદગુરૂ પ્રાણ જીવન કિધા ભાનુકુલ પાવન મારી ઈચ્છા પુરણ થઈ ચાર ધામની ...હુંતો
ગુરૂગોવિંદ એક સમાન કિધા પુરણ મારા કામ નથી ઈચ્છા હવે કોઈ 'ભગતરામ' ની ...હુંતો

સાખી

સહગુરૂ વોણી ઝુંપડી ઈત જલેન જગજો ભાર
ટાણેતે ટેકો દીજા મુંજા ઓધવરામ મહારાજ
ઓધવ તેં રખ આશરો ને નેકી ક્રીધો વંઞ
થોડે દીંએલા કુલાતો ક્રીયેં ખોટા કાંટે વજન

ઝુંપડી

રાગ : શીવરંજની

મારી ઝુંપડીએ ઓધવ આવજો રે લોલ
વાલીડા જો... હું તમારી વાટ જો ...મારી૦
કારી માટીની મારી ઝુંપડી રે લોલ
એને પડતા ન લાગે પલ વારજો ...મારી૦
એકલી અટુલી મારી ઝુંપડી રે લોલ
એને બીજોન કોઈ આધાર જો ...મારી૦
ઝુપડીમાં રહુંને હું હરિ ભજું રે લોલ
હરિભજન વિના બીજો ના કોઈ ઉપાયજો ...મારી૦
જાળવુ એને હું બહુ જતન કરીને લોલ
મારી ઝુંપડી પ્રભુનો પરસાદ જો ...મારી૦
મીરાએ બાંધી કેવી ઝુંપડી રે લોલ
ઝહેર ખારા અમૃત થઈ જાય જો ...મારી૦
શબરીએ બાંધી કેવી ઝુંપડી રે લોલ
મારા રામને રહેવાનું મન થાય જો ...મારી૦
વાંઢાયમાં શોભે એક ઝુંપડી રે લોલ
એમાં રહે છે શ્રી સંત ઓધવરામ જો ...મારી૦
જગથી જુદેરી એની ઝુંપડી રે લોલ
મારા હરિએ આપી છે હાથો હાથ જો ...મારી૦
એને જોઈને સૌ ઝુંપડી બંધાવજો રે લોલ
ધન્ય ભાગ્ય ખુલી જાય 'ભગતરામ' જો ...મારી૦

સદગુરૂ ઓધવરામ

રાગ : દેશ (લય-પીઓને કઢેલા દુધ)

સદગુરૂ ઓધવ રામ અમારી ઝુંપડીએ પધારો રે
ઝુંપડીએ પધારો થાયે પુર્ણ મનોરથ મારો રે ...સદગુરૂ
ગુરૂ બીન જ્ઞાન ન નીપજે એવા વેદના વિચારો રે
મારા જીવનમાં પ્રભુ આવી જ્ઞાન દિપ પ્રગટાવો રે ...સદગુરૂ
ના હું જાણુ જપ, તપ તીરથ ના હું પુજા પાઠો રે
આપ તણા ચરણોમાં મારી અડસઠ તીર્થ યાત્રાઓ રે ...સદગુરૂ
તમને છોડી બાહર ભટકીયે એ અપરાધ અમારો રે
માર્ગ ભુલેલા માનવ માટે આપનો એક સહારો રે ...સદગુરૂ
ઘાટ ન જોયા ગંગાના નથી વાંચ્યા વેદ પુરાણો રે
નથી હું મોટો જ્ઞાની પંડિત નાનો તોય તમારો રે ...સદગુરૂ

તુલસી રામ હુ તે અધીક રામ ભકત કો જાન
ઋણી રાજા રામ ભયે ધનીક ભયે હનુમાન

રેતીમાં તમેં વ્હાણ ચલાવ્યું એ વિશ્વાસ અમારો રે
'ભગતરામ' મારે ઘેર પધારો સફળ થાયે જન્મારો રે ...સદગુરૂ

ઓધા તું વજાય મોરલી

રાગ : પરજ તાલ : કેરવા (લય-બીના બાદલકી બીજલીયાં કૈસે)

ઓધા તું વજાય મોરલીને આઉં રંમધીઅસેં રાસ
આઉં રંમધીઅસેં રાસ ઓધા આઉં રમધીઅસેં રાસ ...ઓધા૦
રમંધે રમંધે રાસ આઉં વેંધીઅસેં વાંઢાય
સંતે ભેરો વેઈને ઓધા કંધીઅસ સંધ્યાપાઠ ...ઓધા૦
રમંધે રમંધે રાસ આઉં વેંધીઅસેં હરિદ્વાર
ગંગાજે આરેતે વેઈને સુણધીઅસ હરિહર નાદ ...ઓધા૦
તું કરમેં ખણ કરતાલ મોકે ત્યાગજી વાટ વતાય
જંગલમેં જોગન ભની તોજી ખોજ કરીયાં ડીં રાત ...ઓધા૦
જ્ઞાન મોરલી વજાય ને મોકે માનવ ધર્મ સખાય
માએતેંરજી કરીયું અસીં સેવા એડી દસ વતાય ...ઓધા૦
તું પ્રેમ મોરલી વજાયને મોકે પ્રેમજા પાઠ ભણાય
પ્રેમ વગર જે માડુએંમેં વધેં વહેમને અંધ વિશ્વાસ ...ઓધા૦
તોસેં અસાજો આય "ભગતરામ" જનમ જનમ જો સાથ
મઠી અધા મોરલી સુણી તોજી મટયા મન સંતાપ ...ઓધા૦

મનમેં વસી વેઈ

રાગ : પહાળી - તાલ : કેરવા

મનમેં વસી વેઈ મુંજે ધલમેં ઠસી વેઈ...(૨)
ઓધવ આંજી મોરલી મુંજે મનમેં વસી વેઈ ...ટેક૦
પાણી ભરેલા પાણીયારી પાર તરાજે વેઈ...(૨)
મોરલીઅજા સુર કને પેયા તડેં હાણે કેંણી કેઈ ...ઓધવ૦
જડાં તડાં મન ધકા જલે પેયો નતો વિચારે વેઈ...(૨)
તેંકે સંધ્યાપાઠજા સુર સુરીલા હાથ્થમેં ડીંધી વેઈ ...ઓધવ૦
પ્રભુ કૃપાસેં મોરલી જેંજે જીવનમેં ઉતરઈ...(૨)
સત્ય પ્રેમ કરૂણાજા તેંકે પાઠ ભણાયે વેઈ ...ઓધવ૦
ભોગી ભોગ મજા ન ધયા તડેં કાયા થકી પેઈ...(૨)
તેકેં યમ,નિયમ,આચાર,સયંમજો વેદ વતાયે વેઈ ...ઓધવ૦
ડોકડે જો ડેઈ દાન દાતારી દખો કરાયે પેઈ...(૨)
તેંકેં ધરમ કરમને દાન દયાજી રીત સખાયે વેઈ ...ઓધવ૦
"ભગતરામ" હન જુગજા બાવા હકળી ચેં કરીં બેઈ...(૨)
તેકેં વાણી વર્તન હકળો રખજા એતરો ચોંધી વેઈ ...ઓધવ૦

ગાયત્રી, ગોવિંદ, ગૌ, ગીતા, ગંગા, સ્નાન,
ઈન પાંચોકી કૃપા ભઈ તબ મીલે શ્રી સુંદર શ્યામ.

મારા કરેલા કર્મની

રાગ : દરબારી (ગઝલ)

મારા કરેલા કર્મ ની દેજે સજા મંજુર છે ...મારા૦
અગયાની ઓ ઉપદેશ આપે એ મને મંજુર નથી
સજ્જન ને સમજુ તણો ઠપકો મને મંજુર છે ...મારા૦
તારા પ્રગટપણામાં પથ્થર અગર કારણ બને
રત્નો પછી શું કામના પથ્થર મને મંજુર છે ...મારા૦
તારી કળાને પામવા મેં સ્વકારી તારી કૃતી
એ હોય ભલે દિવાની છતાં એ રીત મને મંજુર છે ...મારા૦
કોઈની કૃપાનાં બોજ તળીયે જીવી જવું સહેલું નથી
તારી કર્મ ફળને ભોગવવાની શર્ત મને મંજુર છે ...મારા૦
હું હું પણામાં 'ભગતરામ' અળગો હું મારાથી થયો
મારૂ હું પણુ નીકળી જશે પછી તુ હીં તું મંજુર છે...મારા૦

શ્રી વાલારામ ગુરૂ આશીષ દેજો

રાગ : શીવરંજની (લય-પરદેશીઓસેં ના અખીયાં મીલાના)

શ્રી વાલરામ ગુરૂ આશીષ દેજો આશીષ દેજો મારા રૂદીયામાં રહેજો ...શ્રી૦
બાલપણાને (મેં) ખેલમાં ખોયો ઘેલો યુવાનીમાં મસ્તબની ઝુમ્યો
ઘડપણની ચિંતાને વ્યાધી હરિ લેજો ...શ્રી૦
કાયાને માયામાં ગયો અટવાઈ વાદ વિવાદમાં ગયો સપડાઈ
રાહબર બનીને મારા રાહમાં રહેજો ...શ્રી૦
સગાને સંબંધીના સાથ છુટી ગયા ભોગમાં હતા સૌ સાથી રોગમાં નાશી ગયા
ભોગ હરિને જીવનમાં ભાવ ભરી દેજો ...શ્રી૦
ધર્મ મારો માનવનો ભુલી ગયો છું હવે હું 'ભગતરામ' હારી ગયો છું
ભુલ્યા ભવસાગર માં હાથ પકડી લેજો ...શ્રી૦

::- સાખી -:: શંકર સુખકર શાંતિકર દુખ હર દીન દયાલ
હે હરિહર દુખ હરિલે મારી ઝટ લેજે સંભાળ
દુખમેં સુમીરન સબ કરે સુખમેં કરેન કોય
જો સુખમેં સુમીરન કરે તો દુઃખ કહાસેં હોય
માટી કહે કુંભાર કો તું ક્યો રોંદે મોય
એક દિન ઐસા આયેગા મૈં રોદુંગી તોય

દર્પણ કેરી જા ગુફા શ્વાન હી પૈઠા ધાય
દેખી પ્રતિમાં આપકી ભુંક ભુંક મર જાય

શ્રી સદગુરૂને ચરણે નમું છું

રાગ : દરબારી (લય-મુજે મેરી મસ્તી)

શ્રી સદગુરૂને ચરણે નમું છું કરૂં કામ સારા તેથી તમને ગમું છું ...શ્રી૦
માયા સમંદરમાં મોહ જલ ઉંડા તમારી કૃપાથી હું સહેજે તરૂ છું ...શ્રી૦
વિષય વાસનાઓ મને ખુબ સતાવે છે જલમા કમલ રહે એમ હું રહું છું ...શ્રી૦
સર્વત્યાગ કીધો મેં પ્રેમ રસ પીધો તમારા ભરોષે હું જીવન જીવું છું ...શ્રી૦
પ્યાસી જીવન મારૂં આપ વિના તડપે નીરંતર તમારી ખોજમાં રહું છું ...શ્રી૦
મળેજો ઈચ્છાને મારી શકિત તમારી શુન્યમાંથી હું નવ સર્જન કરૂ છું ...શ્રી૦
નથી હું''ભગતરામ' જ્ઞાનીકે ધ્યાની તમારૂં દીધેલુ તમને અપર્ણ કરૂં છું ...શ્રી૦

તેરી બન જાયે બાત

રાગ : પીલ્લુ તાલ : હીંચ

તું કર ઓધવસેં પ્યાર રે તેરી બન જાય બાત ...તેરી બન જાયે બાત૦
આયા કહાસેં તુજે જાના કહાં હૈ ઈતના સોચ વિચારરે ...તેરી બન જાયે બાત૦
ભોગ પદારથ છોડ જીવનમેં સ્થિાપિત કરનાં ભાવરે ...તેરી બન જાયે બાત૦
ગુરૂ સેવા સાધુકી સંગત હરિસેં હેત મિલાયરે ...તેરી બન જાયે બાત૦
ગુરૂ કૃપાસેં ફેર મિલેગા મનુષ્ય જનમ અવતારે ...તેરી બન જાયે બાત૦
ના લેના ના દેના ''ભગતરામ'' આપકો આપ સુધારરે ...તેરી બન જાયે બાત૦

હરિ ભજલે મનવા

રાગ : ભૈરવી (લય-હાલ તને હાલ સીતારામ બતાવું)

હરિ ભજીલે મનવા પ્રભુ ભજીલે સંત ઓધવરામ ભજી લે
જન્મ લીધો જેણે જખૌ ગામમાં કીધો વિશ્રાંમ વાંઢાય ધામમાં
કરી જ્ઞાને વિચાર એના જીવનના સારને તું સમજી લે ...હરિ૦
એની વાણી વર્તન ને વિચારો શુધ્ધ ભાવે જીવનમાં ઉતારો
એનું જીવન ઉપદેશ એના કર્મના સંદેશને તું સમજી લે ...હરિ૦
લાગ્યું મનડું હરિહર નામમાં છુટયા બંધન માયા મોહ કામમાં
જોડી ઈશ્વરથી પ્રિત થઈ શ્રધ્ધાની જીતને તું સમજી લે ...હરિ૦
રહિ આજ્ઞામાં શ્રી લાલરામની ઈચ્છા પ્રગટી કરવા ધરમ કામની
માર્ગ ભુલ્યાજે જન ને બતાવ્યા સ્વધર્મને તું સમજી લે ...હરિ૦
લાગી ધ્યાને ''ભગતરામ'' સમાધી હરિદ્વારે જઈને જોયું જાગી
સૌના કર્યા જેણે કામ હરિહરના પયગામને તું સમજી લે ...હરિ૦

હાંરે લાગી લગની

(લય : રાજ મને લાગ્યો કસુંબી નો રંગ)

હાંરે લાગી લગની ઓધવરામ નામની...હાંરે૦
ધીંગી ધરાના અમે ધીંગા માડુ બહુ ધીંગા અમારા મન
તવ ચરણોમાં અર્પણ કરીને જીવન બનું હું તો દિવાની તારા નામની ...હાંરે૦

ધરી તમેં અવતાર અમારા પ્રભુ કુળને કીધા છે પાવન
ભેખ પહેરીને ધર્મની ટેક લઇ લીધી તમેં વાટ વાંઢાય ગામની ...હાંરે.
જીવન દાતા છો સુખ દાતા તવ ચરણોમાં શીશ નમન
મારી આપના કામમાં ઘસાયે નહિ એવી કાયા મળી શું મને કામની ...હાંરે.
ધરી હાથમાં સુકાન સંત ઓધવરામ તમેં કીધા અમારા સૌ કામ
છંદ ગાયે 'ભગતરામ' રહિને એક ધ્યાન આશા રાખી અનુપમ જ્ઞાનની ...હાંરે.

મને રામ મળ્યા ઓધવરામ મળ્યા

રાગ : ભૈરવી

મને રામ મળ્યા ઓધવરામ મળ્યા મને સંત મળ્યા ભગવંત મળ્યા ...મને.
મુંરઝાતા રહેલા મધુબનને વર્ષાના વરસતા જામ મળ્યા ...મને.
બુઝાતા રહેલા દિપકને જેમ ધૃતથી જીવન દાન મળ્યા ...મને.
તીમીર ગયું જ્યોતી પ્રગટી સૃષ્ટીને શ્રી રવિ ભાણ મળ્યા ...મને.
ભુખ્યા તરસ્યા કોઇ જીવોને જેંમ અન્નથી જીવન દાન મળ્યા ...મને.
નથી એકટાણા ઉપવાસ કર્યા નથીં તીર્થે તીર્થે સ્નાન કર્યા ...મને.
જીવ શીવ બને એકરૂપ થયા ત્યારે શબરીને શ્રી રામ મળ્યા ...મને.
દામ મળ્યા કોઇને નામ મળ્યા કોઇને ક્ષણ પલ માટે માન મળ્યા ...મને.
નથી આશ 'ભગતરામ' કોઇ હવે શ્રી ગુરૂના અમને જ્ઞાન મળ્યા ...મને.

ઓધવ આંજી મોરલી

તાલ : હીંચ

ઓધવ આંજી મોરલી મુજ મનમેં વસી વૈઇ
મનમેં વસી વૈઇ વાલીડા ધીલમેં ઠસી વૈઇ ...ઓધવ.
મોહ માયા છડેને મોરલી સંતે ભીરી થૈઇ
સંતેજી સંગત કેં તડેં રંગમેં અચી વૈઇ ...ઓધવ.
યોગ કર્મ કૌશલ્ય સેં વાંઢાયમેં સ્થિર થૈઇ
ગુરૂ કૃપાસેં મોરલી નીઝ ઘાટ ઘડજી રૈઇ ...ઓધવ.
પૂર્ણ શ્રધ્ધા સ્વરૂપે મોરલી હરિદ્વાર વૈઇ
ગંગા જે આરે તે હરિહર મેં લગી વૈઇ ...ઓધવ.
મોરલી અજા સુર સુણીને ભુખ ભજી વૈઇ
ખનેરેં મથે મહેલ થેયા ઇ કેં ન કેયો સઇ ...ઓધવ.
જ્ઞાન કર્મ, ભકિત અજે સુરમેં અચી વૈઇ
"ભગતરામ" ઘટઘટમેં જ્ઞાન ગંગા વહિ ...ઓધવ.

ભજમન

રાગ : આશાવરી

સંત ઓધવરામ હમારે અડસઠ તીરથ ધામ ...ભજમન
પ્રગટ ભયે ભાનુકુલ લીના વાંઢાયમેં ગુરૂ જ્ઞાન

યહ તન વિષકી વેલડી ગુરૂ અમૃત કી ખાન
શીષ દિયે ગુરૂ જો મીલે તો ભી સસ્તા જાન

બાલાપનમેં સાધના કારન જા બૈઠે એકાંન્ત ...ભજમન.
ત્યાગ કીયા સુખ ભોગ મીટાયા કામ ક્રોધ અભીમાન
અપને આપકો જાન લીયા તબ રામ બના ઈન્સાન ...ભજમન.
ધર્મ સનાતન છોડકર કુછ લોગ હુએ હેરાન
સબકો સચ્ચા માર્ગ દિખાકે કીયા ધરમકા કામ ...ભજમન.
જીવન સંધ્યા કાલમેં કિના હરિદ્વાર પ્રયાણ
ગંગાતીર બનાકે આશ્રમ રખા ગુરૂ કા નામ ...ભજમન.
શ્રી સદગુરુને હમારે''ભગતરામ''પુર્ણ કિયા સબ કામ
ધર્મકે કારન જન્મ લીયા વો સંતકો મેરા પ્રણામ ...ભજમન.

ઓધવરામ પધાર્યા

(લય : સાજનીયાં ભલેં આવ્યા રે મારે ઘરેં)

મારે ઘરેં ઓધવરામ પધાર્યા રે, મારે ઘરેં (૨)
જયશ્રી ઓધવરામ જય જય જયશ્રી ઓધવરામ ...ટેક
જનમ ભૂમિ જખૌ દેશે માત ચાગબાઈના કુખે
પિતા હેમરાજના વિશ્વાસે ભાનુકુલના પુણ્ય પ્રતાપે
રામનવમીના શુભદિને કામ ધરમના કરવા કાજે
પ્રગટયા એવા, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં ...ઓધવરામ.
રામ ભજનની લગની લાગી મોહ માયાના બંધન ત્યાગી
કર્મ ભૂમિ વાંઢાયમાં જઈને લાલરામ ગુરૂચરણે રહીને
ઈશ્વર સાગરના કિનારે ભજન કર્યા બેસી એકાંન્તે
ત્યાગી એવા, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં ...ઓધવરામ.
માથે પાઘડી હાથ લાકડી કંઠે તુલસી માળ ધરીને
કેશર ચંદન તીલક કરીને કરમાંહે કરતાલ ગૃહિને
સોળ કળાએ ચંદ્રમાં ખીલ્યા શ્વેત વસ્ત્ર સન્યાસી જોયા
સદ્‌ગુરૂ એવા, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં ...ઓધવરામ.
અંતર ધ્યાન સમાધી લાગી ગંગાતીરે જોયું જાગી
કચ્છી આશ્રમ સ્થાપન કિધા લાલરામેશ્વર નામ જ દીધા
કાર્ય પ્રભુના પુર્ણ કરીને હરિહરનો સંદેશ દઈને
હરિદ્વારથી, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં ...ઓધવરામ.
પચંરંગી કાંતીના પ્રણેતા વાંઢાયમાં રહિ ગુરૂકુલ સ્થાપ્યા
ભુખ્યાને જલ ભોજન આપ્યા સંધ્યા પાઠના સુર સમજાવ્યા
વાટ ભુલ્યાને વાટ ચડાવી ધર્મ કરમની દીશા બતાવી
વાંઢાય વાસી, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં ...ઓધવરામ.
સાખી... નિત્ય સુવાળે નિત્ય જગાડે આપે સ્મૃત્તિ ધન
ઓધવરામ કહે ઈશ્વરની એજ ખરી ઓળખાણ

યે સબ બાતેં અટપટી ઝટપટ સમઝે ન કોય
જબ મનકી ખટપટ મીટે તબ ચટપટ દર્શન હોય

ધર્મ અર્થને કામ મોક્ષના સકલ પદાર્થ પ્રાપ્ત કરીને
ગૌ બ્રાહ્મણની રક્ષા કરીને પરિવારને આશીષ દઈને
તત્વમસી નીજધામ પધાર્યા 'ભગતરામ'મન જીવનભાવ્યા
ઘટ ઘટ વાસી, ઓધવરામ પધાર્યા રે મારે ઘરેં...ઓધવરામ.

મારા સદગુરૂ ઓધવરામ

(લય : મારી નાડ તમારે હાથ)

મારા સદગુરૂ ઓધવરામ શરણે રાખજો રે
મારા રામનામ સુખધામ શરણે રાખજો રે...મારા સદગુરૂ.
સદ્‌ગુરૂ સ્વામી અંતર્યામીં સર્વ ગુણ સંપન નિરઅભિમાની
મને પોતાનો જાણીને અપનાવજો રે...મારા સદગુરૂ.
નાથ પકડી હાથ મારો ભવસાગર જલ પાર ઉતારો
લક્ષમાં લહિને ભવ બંધન કાપજો રે...મારા સદગુરૂ.
ભાવ શુન્ય થઈ ભટકે માનવ ભોગની પાછળ દોડે દાનવ
માનવ ધર્મ ખરો અમને સમજાવજો રે...મારા સદગુરૂ.
હું નવ જાણું ધ્યાન આરતી 'ભગતરામ' દરસન અભીલાષી
જ્ઞાન જ્યોત મમ અંતરમાં પ્રગટાવજો રે...મારા સદગુરૂ.

જીવન નાવ (ગઝલ)

જીવનનાવ મારી મઝધાર ચાલે ઓધવ તમારા ઈશારે ઈશારે ...જીવન.
નથી હું પ્રવાસી નથી હું ખલાસી લક્ષનું શુકાન તારી દીશાએ દીશાએ ...જીવન.
એક એક શામ તારા નામેં કરી દઉં પ્રેમ ભરીદે પ્યાસીને પિયાલે પિયાલે ...જીવન.
સંભળાયે તારો સુર એટલો તું રહેજે દુર જપુંનામ તારૂ મારા ઉચ્ચારે ઉચ્ચારે ...જીવન.
તું રાહબર બને તો હું ચાલું તારી રાહમાં વાણીને વર્તન તારા વિચારે વિચારે ...જીવન.
નથી મને ઈચ્છા કે અરમાન 'ભગતરામ' પંથનો પ્રવાસી તારા સહારે સહારે ...જીવન.

હરિહર હરિહર નામ ધનન્યારે

રાગ : ખમાજ તાલ : હીંચ (લય-શું પુછો છો મુજને)

::- સાખી -::

માલા બનાઈ કાષ્ટકી માંહે જડીયા સુત
માલા બિચારી કયા કરે જપને વાલા કપૂત

વર્ણ ભેદ છે જીવ ચરાચર નહિ કોઈ અંસ ભેદ
ઓધવરામ પ્રમાણી જાણો વાંચી ચારો વેદ

પ્રેમ મોરલીના તવ ગીતો ઘર ઘર માં સૌ ગાયે છે
તારી જ્ઞાન કર્મ ભક્તિની મોરલી હરિહરમાં દેખાયે છે

હરિહર હરિહર નામ ધન ન્યારે
ઓધવ ઓધવ જપ નામ પ્યારે ...ઓધવ.
સબ સખીયાં મીલ મંગલ ગાવે
ભાગ્ય બડે સદગુરૂ ઘર આયે ...ઓધવ.
શીતલ જયોત અનુપમ જૈસે
ગગન મંડલમેં ચાંદ સીતારે ...ઓધવ.
આપ હમારે જીવન દાતા
માત પિતા ગુરૂ મિત્ર હમારે ...ઓધવ.
ઐસી પ્રિત કહી નવ જાયે
હર ધડકન મેં આપ સોહાયે ...ઓધવ.
કર સંત સેવા સુમીરન 'ભગતરામ'
મળે ન મનુષ્ય તન વારંમવારે ...ઓધવ.

આંખમારી ઉઘડેને

રાગ : બાગેશરી તાલ : દિપચંદી (લય-અલ્લા તેરો નામ ઇશ્વર તેરો નામ)

આંખ મારી ઉઘડેને મેં જોયા ઓધવરામ
પ્રભાતે ઉઠીને ધરૂં મારા ગુરૂજીનું ધ્યાન ...ટેક.
પંથ ભુલેલાને પંથ બતાવ્યાં
માનવને નીઝ ધર્મ સમઝાવ્યાં
પુર્યા સૌમાં તમેં જીવન પ્રાણ ...આંખ મારી.
ગંગાજી નાયા અમેં ગોમતીજી નાયા
અડસઠ તીર્થોમાં જીવન વિતાવ્યા
તવ ચરણોમાં મારા મન થયા શાંત ...આંખ મારી.
આપ અમારા સદગુરૂ સ્વામી
ઓધવરામ પ્રભુ અંતર્યામીં
ચરણે ધરૂ હું મારૂં જીવન સુકાન ...આંખ મારી.
તૃપ્ત 'ભગતરામ' મન થયા મારા
આપ અમારા કુળમાં પધાર્યા
જ્યોતિ પ્રકાશી કુલ દિપક ભાણ ...આંખ મારી.

સંત ઓધવરામ

રાગ : ભૈરવી (ચલતી)

સંત ઓધવરામ કે નમન, સંત ઓધવરામ કે નમન
અસીં બાલુડા કરીયું આંકે તન, મન, ધન અર્પણ ...સંત.
ઐંઇ ધર્યા અવતાર અસાંજે હૈયે થૈઇ હરખન
નેણ ખલ્યા વેણ ખલ્યા ખલી ઉથેયો વતન ...સંત.
ધીંગી ધરાજા ધીંગા માડુ ઐંઇ ધીંગા અસાંજા મન

પ્રેમગલી અતિ સાંકરી તામેં દો ન સમાઇ
જબ "મૈ" થા તબ હરિ ન થા અબ હરિ હૈ તો મૈં નાઇ

ધીંગી ધોવા ઐઈં દીજા અસાંકે ધીંગા કમાયું ધન ...સંત૦
ધર્મ ન છડીયું કર્મ ન છડીયું ન છડીયું નીતી નિયમ
હકળેં બેંજા થૈઈં ને રોં એડી કૃપા કજા ભગવંત ...સંત૦
વસારેયા ન વસરો અસાંજા ઐઈં એડા કેંઆંના કમ
વાંઢાય ને હરિદ્વારમેં આંજા વડા વડા આશ્રમ ...સંત૦
રામાયણ ગીતા ભાગવતજો અસીં કરીયું નિત્ય પઠન
'ભગતરામ' પાં મલીને કરીયું અજ સજી રાત ભજન ...સંત૦

સંત ઓધવરામ શરણે રાખજો

રાગ : ભૈરવી

સંત ઓધવરામ શરણે રાખજો રાખજો ગુરૂદેવ દર્શન આપજો ...સંત૦
કોણ હું ને કોણ જગતનો નાથ છે એટલી ગુરૂદેવ સમજણ આપજો ...સંત૦
ભાવના છોડી ભુલ્યો નીજ ધર્મને ધર્મ માનવનો ખરો સમજાવજો ...સંત૦
મોહમાં ભુલો પડયો ભવ સાગરે નાથ પકડી હાથ પાર ઉતારજો ...સંત૦
ભોગના રંગો સૌ ઉડી જશે ભકિત ના રંગે મને રંગાવજો ...સંત૦
અંત સમયે ધ્યાન રહે તવ 'ભગતરામ' એટલી મારી વિનંતી સ્વીકારજો ...સંત૦

ઓધવ તેરે ચરનોકી

રાગ : દરબારી

ઓધવ તેરે ચરનોકી મુજે ધુલ જો મીલ જાયે
થોડાસા સહિ તેરા મુજે પ્યાર જો મીલ જાયે ...ઓધવ૦
વીષયોને ઘેર લીયા હૈ મૈં ભજન કરૂં કૈસે
તેરે ભજન બીના જીવન હમસેં ન જીયા જાયે ...ઓધવ૦
અસ્થિર બુધ્ધિ મેરી ચીત્તમેં ભ્રમકી ભ્રાંતી
મેરા ચંચલ મન તેરે ચરનોમેં સમાજાયે ...ઓધવ૦
મેરી જીવન નૈયાકો મોહ જલને ઘેર લીયા
તેરી કરૂણા બીન નૈયા હમસેં ન સંભલ પાયે ...ઓધવ૦
સબલોગ સંમદર મેં તું રેતમેં નાવ ચલાયે
તેરે જીવનકા સંગીત હમ કૈસે સમજ પાયે ...ઓધવ૦
મુજકો એકબાર 'ભગતરામ' તું અપના બનાલેના
તુ સામને હો મેરે ઓર પ્રાણ નીકલ જાયે ...ઓધવ૦

::- સાખી -::

હરિજનમેં હરિ બસત હૈ તું ક્યોંફીરે બન બનમેં
અડસઠ તીરથ ચાર ધામ સદગુરૂ ચરનો મેં

ગુરૂ વચન શીર ધારીનેકીધા ધર્મના કામ તમામ
ધર્મ ધુરંધર એવા અમારા સંતશ્રી ઓધવરામ

હંસા પ્રિત કાયકી જો વિપત પડે ઉડ જાય
સાચી પ્રિત સેવાળ કી જલ સુકે સુક જાય

મીઠાસદ

(લય-મીઠે રસસેં ભરીરે રાધા રાણી લાગે)

મુંજા સદગુરૂ આંકે મઠા સદ કરીયાં મઠા સદ કરીયાં
ઓધવરામ બાપા આંજી નીત મારા જપીયાં ...ટેક.
ધરમ કરમ નીતી નિયમ કે જીવનમેં ધારીયાં
ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ શબ્દ જો પાલન તી કરીયાં
હથમેં ખંઈઆએ મશાલ હાણે કિઅં છડીંયા ...ઓધવરામ.
ભુખ લાચારી ભે નાય મોકે નાયકો ધન જી આશ
મંગે વગર મલ્યો આએ મોકે મનુષ્ય જનમ અવતાર
રામ રાજી થૈઈને દે તેંકે મઠો કરે ખેંઆ ...ઓધવરામ.
જલ સ્થલમેં સાગર સરીતામેં આસપાસ આકાશ
જંગલમેં જોગન ભની આંજી ખોજ કરીયાં દિં રાત
હરિ વસે હરિજનમેં ઈ આંઉ ભુલઈ વઞાં ...ઓધવરામ.
સુખમેં દુઃખમેં સદગુરૂ આંજો કરીયાં રોજ ભજન
મૌન ધરે એકાંતમેં કરીંયાં ચીંતન ધ્યાન મનન
સાધના કરેને "ભગતરામ" આઉં પાર તી પુજા ...ઓધવરામ.

-: સાખી :-

જખૌ ગામેં પ્રગટયા કેયાં વાઢાયમેં વિશ્રામ જીવમટીને શીવ થેયા મુંજા સંત ઓધવરામ
ભુખીયેં કે ભોજન દના ઐઈં પ્યાસી કે જલપાન કર્મયોગી કચ્છદેશ જા મુંજા સંત ઓધવરામ
માલા જ્ઞાન સ્વરૂપીણી કર્મયોગ કરતાલ ભેખ ટેક હૈ ધર્મકી ઓર નામ જીવન આધાર

કરમાં છે કરતાલ

કરમાં છે કરતાલ જેના કરમાં છે કરતાલ
વાંઢાય ગામનો વાસી ઓધવ મારો નાથ ...ટેક.
માથે પાઘડી હાથ લાકડી કંઠે તુલસી માળ
શ્વેત વસ્ત્ર સન્યાસી શોભે કેશર તીલક લલાટ ...વાંઢાય.
તું જંગલનો જોગી તારી કોન બતાવે વાટ
પ્યાસી અંતરને છે નીરતંર તવ દર્શનની આશ ...વાંઢાય.
જંગલમાં જોગન બની ભટકું એક તારો લઈ હાથ
સાત સમંદર પાર કરૂં મને મળે જો તારો સાથ ...વાંઢાય.
સંગ કુસંગી નો ન કરૂં હું ચળું ન અવળી વાટ
મારૂં જીવન ના ઝંખવાયે મને એવી સમજણ આપ ...વાંઢાય.

એટલો રહેજે દુર તને સંભળાયે મારો સાદ
તારી મારી પ્રીત પુરવની જાણે જગતનો નાથ ...વાંઢાય.
શ્રધ્ધા ના વિશ્વાસ છુટે મને એવી શકિત આપ
સદા રહું એક ધ્યાન 'ભગતરામ' જપું તમારા જાપ ...વાંઢાય.

થાળ

રાગ : ભીમપ્લાસ (લય-માઁ પાવાતે ગઢથી ઉતર્યા મહાકાળી રે)

સખી આજની ઘડી તે રણીયાંમણી ઘરેં આવોજી
રમે સખીયો સૌ ઓધવરાસ રે ઘરેં આવોજી ...સખી
સખી પ્રેમેં પાથરણા પાથર્યા ઘરેં આવોજી
ઢાવ્યા આંગણામાં ઢોલીયાને ખાટરે ઘરેં આવોજી ...સખી
સખી હેતેં ઘડાવ્યો રોટલો ઘરેં આવોજી
રૂડી ખીચડી કઠી દાળ ભાત શાક રે ઘરેં આવોજી ...સખી
સખી ગંગા જમનાનાં નીર ભર્યા ઘરેં આવોજી
તમેં પ્રેમે લેયોને મુખવાસ રે ઘરેં આવોજી ...સખી
જેના જીવનમાં ઓધવરાસ રે ઘરેં આવોજી
"ભગતરામ" એને કોઈનવ આશરે ઘરેં આવોજી ...સખી

ઓધવ ઓધવ પુકારૂં

ઓધવ ઓધવ પુકારૂં ગલીયોમેં કભી જખૌ મેં ઢુંઢું કભી વાંઢાય મેં ...ઓધવ.
જલમેં ઢુંઢા સ્થલમેં ઢુંઢા ઢુંઢા નીલ ગગન વન પર્વત સાગર મેં ઢુંઢા, નદીયોમેં ...ઓધવ.
જપમેં ઢુંઢા તપમેં ઢુંઢા ઢુંઢા ધ્યાન લગાય સુરતાલ સંગીતમેં ઢુંઢા, મહેફીલમેં ...ઓધવ.
કાશી ઢુંઢા મથુરાં ઢુંઢા ઢુંઢા વનરાવન ગંગાજી કે તટપર ઢુંઢા, હરિદ્વારમેં ...ઓધવ.
ઓધવ ઓધવ રટતે રટતે મૈં બન ગઈ બાવરીયાં રો..રો..કે..અબ આંશુ સુકે, નયનો મેં ...ઓધવ.
'ભગતરામ' કયોં રહે ઉદાસી ઓધવ ઘટઘટ વાસીં મૈને મેરા ઓધવ ઢુંઢા, હર ધડકનમેં ...ઓધવ.

થાળ

(લય : તારવા તારવા તારવા)

આવેયાં આવેયાં આવેયાં ઓધવરામ મારી ઝુંપડીએ આવેયાં ...ટેક.
બેસવા બાજોઠ રૂડા ઢોલીયા ઢળાવ્યા જમના ના નીર પીવડાવેયા ઓધવરામ ...મારી.
ખીચડી કઢી રોટલાને પાપડ સેકાવેયાં દાળ ભાત શાક બનાવેયા ઓધવરામ ...મારી.
શીરોપુરીને શાક મગના બનાવેયા મોહનથાળ મન ભાવેયા ઓધવરામ ...મારી.
દહી દુધપાક કીધો શ્રીખંડ કેશરી પ્રેમે પકવાન પીરસાવેયા ઓધવરામ ...મારી.
આચમન કરાવવા ગ્યાતા "ભગતરામ" નીર ગંગાજલ લાવેયા ઓધવરામ ...મારી.

-: સાખી :-

એક ઘડી આધી ઘડી આધીઅમેં પણ આધ તુલસી સંગત સંતકી ઘટે કોટી અપરાધ
કાલ કરે સો આજ કર આજ કરે સો અબ અવસર બીતો જાત હૈ તું ફેર કરેગો કબ
ઘડી પલકી ખબર નહિ કરે કલ કી બાત જીવ ઉપર જમડા ફીરે જયોં તેંતર ઉપર બાજ

ઓધવરાસ

(લય : વાદલડી વરસીરે)

આવો રમવા સૌ ઓધવરાસ ઓધવરામ રમવા આવ્યા ...આવો।
રામ નવમીનાં દિવસે રામ પ્રગટપૂર્ણ લીલાકરી
રામે લીધો મનુષ્ય અવતાર ઓધવરામ રમવા આવ્યા ...આવો।
લીધી બચપણમાં ધર્મની વાટ ગુરૂજીના શરણે ગયા
કીધો વાંઢાય માં આવીને વાસ ઓધવરામ રમવા આવ્યા ...આવો।
શ્વેત વસ્ત્રો કંઠે તુલસીમાળ ધરમને ધારણ કર્યા
મુખે રામનામ કરમાં કરતાલ ઓધવરામ રમવા આવ્યા ...આવો।
બેસી ઈશ્વરસાગરની પાળ એકાન્તમાં કીધા ભજન
થયા ઈશ્વરના સાક્ષાત્કાર ઓધવરામ રમવા આવ્યા ...આવો।
હરિદ્વારે ગંગાજીને ઘાટ આશ્રમના સ્થાપન કર્યા
ભકિતની સમઝાવી તાકાત ઓધવરામ રમવા આવ્યા ...આવો।

ઓધવ તારી મોરલી રાગ : ભીમપ્લાસ

ઓધવ તારી મોરલીના મીઠા સુર મને સંભળાયે છે
હું ન જાણુ રાગ કે તાલ છતાં એની ધુન મને સમઝાયે છે ...ઓધવ।
સુખ દુઃખના સરવાળા સાથે ભટકે માનવ ભોગ ભણી
તારા બચપણનો વૈરાગ્ય સૌની આંખ સામેં દેખાયે છે ...ઓધવ।
તું લોભ મોહ તૃષ્ણા ત્યાગી સેવા સત્કર્મનો અભીલાષી
સમ વાણી વિચાર ને વર્તન તવ જીવન ઉપદેશ ગણાયે છે ...ઓધવ।
તવજ્ઞાન મોરલીના સુર મીઠા સાધકને સમઝાયે છે
તારી પ્રેમ મોરલીના ગીતો સૌ ગુણી જન તારા ગાયે છે ...ઓધવ।
તારી જ્ઞાન કર્મ ભકિતની રીતો અનુભવથી ઓળખાયે છે
તું કર્મયોગનો સ્વામી છે હરિહરમાં દર્શન થાયે છે ...ઓધવ।
તુ પંચરંગી ક્રાંતીનો પ્રણેતા ભાગ્ય વિધાતા જીવન દાતા
તું માત પિતા સદગુરૂ સ્વામી તારા ગીત''ભગતરામ'ગાયેછે ...ઓધવ।

ઓધવ તેરે મંદિરોમેં દીપ જલે

રાગ : બિભાસ (લય-જ્યોતી કલસ છલકે)

મંદિરો મેં દીપ જલે ઓધવ તેરે મંદિરો મેં દીપ જલે ...ટેક।
ગુરૂકી મહિમાં અપરંમપારા ખોજત ખબર પડે ...મંદિરોમેં।
જો ધ્વાવે ફલ સોહિ પાવે નીશદિન ભજન કરે ...મંદિરોમેં।
મન હોવે નિર્માન ગુરૂકે શરનન આય પડે ...મંદિરોમેં।
ગુરૂજીવન ગંગા જલ ધારા તાપ ત્રિવીધના ટળે ...મંદિરોમેં।
કર જીવન ગુરૂ ચરણે સમર્પણ અબ કયા સોચ કરે ...મંદિરોમેં।
હમ સબ બંસી સુનકે ''ભગતરામ'' ગંગાતીર ચલે ...મંદિરોમેં।

મારા આગણા દિપાવવા આજ

(લય : વાદલડી વરસી રે)

મારા આગણા દિપાવવા આજ ઓધવરામ વહેલા આવો ...મારા.
શ્વેત વસ્ત્રો કંઠે તુલસીમાળ ધરમને ધારણ કર્યા
મુખે રામનામ કરમાં કરતાલ ઓધવરામ વહેલા આવો ...મારા.
બેસી ઈશ્વર સાગરને પાળ એકાન્તમાં કીધા ભજન
થયા ઈશ્વરના સાક્ષાત્કાર ઓધવરામ વહેલા આવો ...મારા.
હરિદ્વારે ગંગાજીને ઘાટ હરિહરની હાકલ પડી
ભકિતની સમજાવી તાકાત ઓધવરામ વહેલા આવો ...મારા.
ઉપકારો તમારા અપાર ''ભગતરામ''ભાવે ભજો
ભકતોનો કરવાને ઉધ્ધાર ઓધવરામ વહેલા આવો ...મારા.

શ્રી સદગુરૂ મારા જીવન પ્રાણ

રાગ : સારંગ (લય-છોટી છોટી ગૈયાં છોટે છોટે ગ્વાલ)

શ્રી સદગુરૂ મારા જીવન પ્રાણ જય જય જયશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.
જનની જણતો ભકત જણ કાં દાતા કાં શુર
નહિ તો રહેજે વાજણી તું મત ગુમાવીસ નુર
ધન્ય જનેતા ચાગબાઈ માઁ ધન ધન ભકત પિતા હેમરાજ
ધન ધન સુંદર જખૌ ગામ પ્રગટયા સંતશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.
કાલે કરે સો આજ કર આજ કરે સો અબ
અવસર બીતો જાત હૈ તું ફેર કરેગો કબ
અંતરમાં જાગ્યા વિશ્વાસ ઝાલી વાંઢાય ધામની વાટ
ત્યાગ કર્યા સુખ વૈભવધામ જય જય જયશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.
રામ રામ રટતે રહો ધરી મનમે ધીર
કોકદી કાર્ય સુધારસે મેરો કુપા સીંધુ રઘુવીર
ભજન કર્યુ બેસી એકાંત ભીતર જાગ્યા આતમ રામ
સાધના કરી સાધ્યા શ્રી રામ જય જય જયશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.
સરોવર તરૂવર સંતજન ચોથા વરસે મેહ
પરમારથ કે કારણે ચારો ધર્યા દેહ
શ્રી વાલરામ ગુરૂ ઓધવરામ શ્રી લાલરામ ગુરૂ ઈશ્વરરામ
અમર તમારૂં જગમાં નામ જય જય જયશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.
હરિહર હરિહર અવર ન દુજો ઓધવ ઈશ્વર જાણ
ભાનુકુળ તારન તરન આપકો મેરા પ્રણામ
ઓધવ નામ જપે નરનાર આશીષ દેજો અપરમ પાર
ગાયે 'ભગતરામ' તવગુણ ગાન જય જય જયશ્રી ઓધવરામ ...શ્રી સદગુરૂ.

નાત જાતના બંધન કાપ્યા કાઢયા વર્ણના ભેદ
સૌ માં મારો રામ સમાયો ઓધવનો ઉપદેશ

ઓધવ ધુન લાગી

રામ ધુન લાગી ભજન ધુન લાગી મુંજીયું બાઈયું
ઓધવ ધુન લાગી ...ટેક૦
લાયલગી અંતરમેં હાણે પંડિત કેડા કાજી ...મુંજીયું૦
ન કરીયાં કુળ કુટણભો આઉ નૈયાં નીધામેં રાજી ...મુંજીયું૦
નોરેંકે ચાં ધીઅરૂંને સસ કે ચાં માતાજી ...મુંજીયું૦
પતી મુજો પરમેશ્વર પરિવાર તે મુંજા આશીષ ...મુંજીયું૦
જેડા હે પ્રભુ હિંઅડા આઉં તેડેંમેં રાં રાજી ...મુંજીયું૦
ઢોંગ ધતીંગ ન કરીંયા આઉં હલા ન અવરી આડી ...મુંજીયું૦
એડી ધુન મચાંઈયાં સજો જન માનસ પે જાગી ...મુંજીયું૦
ન કરીયાં ખોટા ઢેળા ન ખુટી વજાઈયાં તાડી ...મુંજીયું૦
ન ધુતારેં સે ધુતજાં મોકે ઠગેનતો મન પાજી ...મુંજીયું૦
ભજનમેં રેયા ભરપુરા તેંતે રામ પ્રભુ રેં રાજી ...મુંજીયું૦
નકરી વૈઈ નાસ્તીકતા થેયો મન અંતર વૈરાગી ...મુંજીયું૦
મું સંગ કેઓ સંતેજો તડેં વાટ જુડઈ વાંઢાયજી ...મુંજીયું૦
'ભગતરામ' ભય કેડા ઐઈ સદગુરૂ મુંજા સાથી ...મુંજીયું૦

શરદપુનમ

રામાપીર બોલાવે મારાસંતો રામપીર બોલાવે રે
હરિજન આવો હરિગુણ ગાવા (૨) શ્રી રામના દર્શન થાયે ...મારાસંતો૦
શરદપુનમની રાત સોહાયે આંનદ ઉત્સવ થાયે રે
રમતા જોગી રામાપીરનાં (૨) મંદિરમાં સૌ આવે ...મારાસંતો૦
ફરરર ફરરર ધજાઓ ફરકે શંખનાદ ધુન થાયે રે
ઝનનન ઝનનન ઝાલર વાગે (૨) સખીયો મંગલ ગાયે ...મારાસંતો૦
આજ અમારે મંદિર બાપા ઓધવરામ પધારે રે
ઉંચનીચના ભેદ ભુલી સૌ (૨) ભકતો પાયે લાગે ...મારાસંતો૦
રામાપીરને રામપ્રભુનો એક સ્વરૂપ સોહાયે રે
ધુપ દિપ ને કરી આરતી (૨) થૈઈથા થૈઈથા નાચે ...મારાસંતો૦

રાગ : પહાળી તાલ - હીંચ

તમેં આવજો વાંઢાયધામ પદયાત્રીઓ આવજો વાંઢાય ધામ ...પદયાત્રીયો૦
રામ નવમીના દિવસે આવતર્યા (૨) પ્રભુરામ શ્રી ઓધવરામ ...પદયાત્રીયો૦
માતા ચાગબાઈ ઘેર જન્મ ધરીને (૨) ભાનુકુળનું દિપાવ્યું નામ ...પદયાત્રીયો૦
ભેખ પહેરીને ટેક લીધી ધરમની (૨) કીધો વાંઢાયમાં વિશ્રામ ...પદયાત્રીયો૦

હરિનાજન હરિના છે અવતારો (૨) હરિહરમાં સમાયો બ્રહ્માંડ ...પદયાત્રીયો.
ઈશ્વર સાગરની પાળે 'ભગતરામ' (૨) કર્યા ભજનો બેસીને એકાન્તં ...પદયાત્રીય.

આવો રમવા સૌ ઓધવરાસ

(લય- હું તો ભુલ ચલી બાબુલ કા દેશ)

આવો રમવા સૌ ઓધવરાસ ઓધવ રામ રમવા આવ્યા ...ટેક.
આસો પાલવના તોરણો બંધાવો ફૂલડા નવરંગી ગગનમાં ઉડાળો
ઉડે નભમાં અંબીલને ગુલાલ ...ઓધવરામ રમવા આવ્યા. ...૧
સખીયો મળીને સૌ માંગલ્ય ગાવો હોમ હવન સંધ્યા પાઠ કરાવો
આવી રામનવમી ની રાત ...ઓધવરામ રમવા આવ્યા. ...૨
શેરીયો વળાવીને સાથીયા પુરાવો આગણા સજાવો રૂડા દીપ પ્રગટાવો
શોભે રૂડી નવરંગી ભાત ...ઓધવરામ રમવા આવ્યા. ...૩
ઝાઝ પખાંજને મૃદંગ વગડાવો ઢોલ શરણાઈથી ગગનને ગજાવો
ગીત ગાઓ મળીને સૌ આજ ...ઓધવરામ રમવા આવ્યા. ...૪
આજે આનંદનો દીન છે ''ભગતરામ'' શ્રધ્ધા વિશ્વાસથી થાયે પુરણ કામ
એ બાપા પુરસે સૌ ભકતોની આશ ...ઓધવરામ રમવા આવ્યા. ...૫

સાખી

ગંગતરંગ પ્રવાહ ચલેતો કુપકો નીર પીયો ન પીયો
જાકે રૂદય રઘુનાથ બસેતો ઓર કો નામ લીયો ન લીયો
કર્મ સંજોગે સુપાત્ર મીલે, તો કૃપાત્ર કો દાન દિયો ન દીયો
કહે કવિ 'ગંગ' શુનો શા અકબર મુરખ મિંત્ર કીયો ન કિયો

જોગી

એવો જોગી દીઠો મેં જુના જુગનો ઈજોગીડો મારા રામજીનોઅવતાર રે વાંઢાય નો વાસી એવો.
શીવમાંથી જીવ આવી અવતર્યો રાખ્યું ઓધવ રામજી એનું નામ રે...વાંઢાયનો વાસી.
માતા ચાગબાઈ ઝુલાવે એનું પારણુ જન્મ ભૂમી જખૌ ગામની માંય રે...વાંઢાયનો વાસી.
એની વાણીમાં બ્રહ્મજ્ઞાન નીપજે મૌનમાં એની અજબની તાકાત રે...વાંઢાયનો વાસી.
ઉષા પ્રગટી અંધકાર ગયો ઓસરી એ છે મારા ગુરૂજીના એંધાણ રે...વાંઢાયનો વાસી.
ભેખ પહેરીને ટેક લીધી ધર્મની પગલે પાવન કીધા વાંઢાય ધામ રે...વાંઢાયાનો વાસી.
હરિદ્વારે ગંગાની બેસી ગોદમાં કીધા કચ્છી આશ્રમના મંડાણ રે...વાંઢાયનો વાસી.
એનું જીવન જાણી લેજો 'ભગતરામ' અંતે બીજું કંઈ ન આવે કામ રે...વાંઢાયનો વાસી.

-:: સાખી -::

સચો માયા જો રૂપ જેડી ઘડકીએં ભરી
જીઅં વડી ભજે ઈઅ તીંઅ થીએ ગરી

-:: સાખી -::

ઈશ્વર સાગરના કીનારે જાપ્યા અજપા જાપ
હરિહર મંત્ર થયા સિધ્ધ પ્રગટી આતમ જયોત પ્રકાશ

ચાલ સખી ઓધવરાસ અમેં રમીયે

ચાલ સખી ઓધવ રાસ અમેં રમીયે રાસ રમીયે ગુરૂદેવને ગમીયે ...ચાલ સખી.
ઢોલનગારા ને વાગે શરણાઇ ફરરર ફુદડી રે સખી ફરીયે ...ચાલ સખી.
અંબીલ ઉડાળો ગુલાલ ઉડાળો ફુલડામાં ફોરમ સખી ભરીયે ...ચાલ સખી.
ઘટઘટમાં પ્રભુ આપ બીરાજો હરિહર હરિહર સૌને કહિયે ...ચાલ સખી.
વિરહની વેદના ખુબ સતાવે મને એ દુઃખ ઓધવ કેમ અમેં સહિએ ...ચાલ સખી.
એક એક ઘડી મારી જાય જુગ જેવડી અંતરની વેદના કહોને કોને કહિએ ...ચાલ સખી.
પ્રિતની રીત હું ન જાણુ''ભગતરામ'' નીરંતર તમારી ખોજમાં રહિએ ...ચાલ સખી.

-: સાખી :-

હમવાસી ઉસ દેશકે જહાં જાતી બરન કુલ નાંહિ
જહાં શબ્દ મિલાવા હોત હૈ દેહ મિલાવા નાંહિ

સંતે જે ગામ

આઉં રે વેંઘીઅસેં ભેણ સંતેજે ગામ સંતેજે ગામમેં રેં સોહામણા
વાંઢાયજા સંત મુંજા ઓધવારામ આઉં રે વેંઘીઅસેં ભેણ સંતેજે ગામ ...ટેક.
આઉંરે સુણઘીઅસેં ભેણ ગીતાજો જ્ઞાન ગીતાજો જ્ઞાન સુણી મોહ નષ્ટથેયા
સખા અર્જુન જા થેયા શ્રીકૃષ્ણ ભગવાન ...આઉંરે વેંઘીઅસેં ભેણ સંતેજે ગામ. ...૧
આઉંરે સુણઘીઅસેં ભેણ ભાગવતજો જ્ઞાન સતેં ઠીયેં મેં કેયોં શુકદેવજી
રાજા પરિક્ષીત કે મોક્ષ પ્રદાન ...આઉંરે વેંઘીઅસેં ભેણ સંતેજે ગામ. ...૨
આઉંરે સુણઘીઅસે ભેણ રામાયણ જો જ્ઞાન વચન પારેલા વનમેં વેયા તજે
અયોઘ્યાજો રાજ સીતા લક્ષ્મણને રામ ...આઉંરે વેંઘીઅસે ભેણ સંતેજે ગામ. ...૩
આઉંરે સુણઘીઅસેં ભેણ ધ્રુવ જો આખ્યાન બાલાપણમેં ધ્રુવકે ''ભગતરામ''
નારદજી દિયેં આતમજ્ઞાન ...આઉંરે વેંઘીઅસેં ભેણ સંતેજે ગામ. ...૪

રાગ : પહાળી તાલ : હિંચ

તમેં આવો સૌ વાંઢાય ધામમાં કરો દર્શન શ્રી ઓધવરામના ...કરો.
સૌ સખીયો આવો મળી મંગલ ગાવો દિપ પ્રગટાવો ઓધવધામ માં ...કરો.
થઇ રહેજો સૌ એક બની રહેજો સૌ નેક સૌ સંતોના આજે વધામણા ...કરો.
ઉડે અંબીલ ગુલાલ ફુલ મહેકે ગુલાબ માનમુકી સૌ આવો મેદાનમાં ...કરો.
ઢોલ વાગે શરણાઇ ગીત ગાંધર્વો ગાયે આજે રહિ જાશે તીર્થનાં સંભારણા ...કરો.
વાદ છોડી વિવાદ છોડી જગની ઝંઝાંળ'ભગતરામ' સૌ રાખો શુધ્ધ ભાવના ...કરો.

-: સાખી :-

સંત મીલન કો જાઈએ તજ મોહ માયા અભિમાન
જયું જયું પગ આગે ધરે કોટી યજ્ઞ સમાન

ઓધવ મોરલી વગાડી (તાલ : હીંચ)

ઓધવ મોરલી વગાડી બહુતાનમાં રે સુર સંભળાયા હરિહર નામના રે ...ઓધવ૰
હતા ખંડેરો ત્યાં મહેલો થયા રે અમેં આવ્યા ત્યારે સૌ ભાનમાં રે ...ઓધવ૰
સખી સમજી જાઓને હવે શાનમાં રે ઓધવ મળશે તમને એકાંન્તમાં રે ...ઓધવ૰
સખી વાત કહું એક તને કાનમાં રે થયા દર્શન ઓધવમાં મને રામના રે ...ઓધવ૰
હોય હિમત તો આવજો મેદાનમાં રે થાશે દર્શન જેવી જેની ભાવના રે ...ઓધવ૰
સખી ભાગ્ય ખુલ્યા માઁ ચાગબાઈના રે 'ભગતરામ' પુણ્ય પ્રગટયા વિશ્વાસના રે ...ઓધવ૰

સખી સોણેમેં (તાલ : હીંચ)

સખી સોણેમેં સંત ઓધવરામ કે દઠા ચાં કેંકે આઉં ગાલ મોકે કો વસેં નતા...સખી૰
મૌન ધારણ કરેને જેડા જોગીડા વઠા શ્વેત વસ્ત્રેં મે શોભંધા સન્યાસી દઠા...સખી૰
ધરે ધ્યાન ગંગા તટતે એકાન્તં મેં વઠા હરિધ્વારમેં હરિહર હલાઇંધે દઠા...સખી૰
સંત સાધુએંજે સંગ સતસંગમેં વઠા ભજન કેયોંતે તેર એડા લગાતે મઠા...સખી૰
થાપી ઢોલ કે લગીને ગગન ગરજી હલેયા રાસ રમ્યા તેર એડા લગાતે સુઠા...સખી૰
સખી માનવ સ્વરૂપમેં મું રામજી દઠા "ભગતરામ" સખીયેંકે વહેમ પૈઈવેયા વડા...સખી૰

રાગ : પહાળી (તાલ : કેરવા)

ઓધવ ઓધવ કરીયાં મુંજે ગુરૂજીયું વાટું નેરીંયાં (૨)
ચાગબાઈ મુંજી માઁ આઉં ઓધવ ઓધવ કરીયાં ...ટેક૰
આઉ વંઞાં તરાતે પાણી ખણીને બેવડી હેલ (૨)
તરાજી પાર મથા સુરજ દાદા કે પ્રણામ કરીંયાં ...ચાગબાઈ૰
આઉં સકાં પૈઈ આંજે સડ કે મોકે નૈઈં નીધરૂં નેણેમે (૨)
સજીરાત ચાંદામામા સેં વૈઈને રેયાંણી કરીયાં ...ચાગબાઈ૰
ઐઈં કચ્છ જા બાવર કંઢા મોકે વાવડ દેયો ઓધવજા (૨)
ભરઉનારેમેં આંકે આઉં પાણીઅસેં વેંજારીયાં ...ચાગબાઈ૰
આઉં હકડી પલ ન વસારીયાં મુંજે મનકે કીંઅં સમઝાઈયાં (૨)
વસેનતો કો મોકે આઉં કેસે ગાલીયું કરીયાં ...ચાગબાઈ૰
આઉં રાજી રાં અંતરમેં ઓધવ કે દસી ઘટઘટમે (૨)
'ભગતરામ' ગુણ રૂપ નામ મુંજે કાળજેમેં કોતરાઈયાં ...ચાગબાઈ૰

રાગ : યમન તાલ : હળવી ચલતી
(લય-નારાયણ દીન દયાલરે ભજમન)

એરી સખીરી મન ભાયે ઓધવરામ મેરે ઘર આયે ...ઓધવરામ૰
સબ સખીયાં મીલ મંગલ ગાયે આનંદ ઉર ન સમાયે ...ઓધવરામ૰
જન્મો જન્મકી દરસદિવાની આયે ભાગ્ય જગાયે ...ઓધવરામ૰

મેરે મન મંદિર મેં નીરંતર આપ સ્વરૂપ સોહાયે ...ઓધવરામ૦
આપ હમારે જીવન દાતા જ્યોતસેં જ્યોત જગાયે ...ઓધવરામ૦
ગુરૂશરણમેં જો કોઈ જાવે જનમ મરન મીટ જાયે ...ઓધવરામ૦
આજહમારે કુલમેં 'ભગતરામ' પ્રભુ માનવ બન આયે ...ઓધવરામ૦

-: સાખી :-

સંત બડે પરમાર્થી શીતલ વાંકો અંગ
તેજ દીયે પણ તપે નહિ ઉપજાવે આનંદ

રામકે રીઝાંઈયાં (તાલ : હીંચ)

રામકે રીઝાંઈયા ધનશ્યામ કે રીઝાંઈયાં સંત મુંજા ઓધવરામ કે રીઝાંઈયાં...રામ૦
એકાન્તમેં વેઆંને મુંજે હરિકે સંભારીયાં તું આડા અવરા પંધ મ કર મનકે સમજાઈયાં...રામ૦
ઈ જગમાયાજો ખેલ ઈતબાર કેંતેં કરીયાં તું છડ ખુટી પંચાત મુંજે મનકે સમજાઈયાં...રામ૦
એક તંત્વ આત્માં જડ જગતકે નેયારીયાં ઈ કાયામાયા કમ ન ઈંધી મનકે સમજાઈયાં...રામ૦
માત પીતા સંત સેવામેં જીવન વીતાઈયાં "ભગતરામ" ધર્મ ખરો મન કે સમજાઈયાં...રામ૦

ત્રીભંગીછંદ

જખૌ ગામેં જન્મ ધરી વાંઢાયમાં જય જયકાર કરી
હરિહર નાદ ગગનમાં ગાજ્યા જપ તપ સાધન ધ્યાન ધરી
શીરધરી પાઘડી હાથ લાકડી કંઠે તુલસીમાળ ધરી
શ્વેત વસ્ત્ર સન્યાસી બાપા ઓધવરામની હાક પડી

ધન્યધરા (લય : ખાખમે ખપજાના જીવડા)

ધન્ય ધરા કચ્છ દેશજી ધન ધન, જખૌ રૂડુંગામ રે
ચાગબાઈ માઁ પિતા હેમરાજ ઘર પ્રગટયા ઓધવરામ રે...ધન્ય૦
રૂડા રૂડા તમેં રામજીને રૂડા તમારા નામ રે
રૂડું તમારું ગામ વાંઢાય રૂડા તમારા કામ રે...ધન્ય૦
જયાં તમારા પગલા પડયા ત્યાં બન્યા તીરથધામ રે
હરિહરનો સંદેશ દઈને કીધા ધરમનાં કામ રે...ધન્ય૦
ઈશ્વરસાગરના કિનારે બેસીને એકાંન્તરે
જાપ અજપા જપ્યા નીરતંર રામ રામ સીતા રામ રે...ધન્ય૦
ભુખ્યાને ભોજન તરસ્યારે જલ ના દિધા દાન રે
કર્મ સેવા નિષ્કામ કરીને ઉજવળ કિધા નામ રે...ધન્ય૦
પરિવારના પુન્ય પ્રતાપે પ્રગટયા શ્રી રવિભાણ રે
"ભગતરામ" એ સંતને સૌના સતસત બાર પ્રણામ રે...ધન્ય૦

ભુજંગીછંદ ધન્ય ધન્ય ધન્ય ધરા જખૌ સોહાય જયાં વેણુ વસંતની વાગી આજે
ધન્ય ધન્ય ધન્ય માતા ચાગબાઈના કુખે પ્રગટયા શ્રી રામ પ્રભુ માનવ આજે
ધન્ય ધન્ય ધન્ય પિતા હેમરાજ આપના આંગણે વધામણા થાય આજે
ધન્ય ધન્ય ધનય ભાનુકુળમાં 'ભગતરામ' જ્ઞાનીગુણીજન સૌ નાચે આજે

મોરલી

રાગ : પરજ તાલ - હીંચ

મોરલી મઠી રે ઓધા તોજી મોરલી મઠી રે અલબેલા ઓધવ આંજી મોરલી મઠી રે ...મોરલી.
મોરલીઅજે સુરતે સજી નાત નચઈ રે ઉતરી વૈઈ આરપાર એડી ધુંન છુટી રે ...મોરલી.
મોરલી મઠી તેડી તોજી રાંધ સુઠી રે એડી અસીં રાંધ અધા કત ન ઠઠી રે ...મોરલી.
મોરલી વગીને બેલીડા ભાંખ ફુટી રે દુઃખડા થેયા દુર પાંતા હાજ લથીરે ...મોરલી.
જ્ઞાન કર્મ ભકિતઅજે સુરમેં રમઈ રે સંત ભકત સાધુએંજે મનમેં વસઈ રે ...મોરલી.
રમી રમીને રાંધ છેવટ રાત ખુટી રે ઓધા તુંવેં તોજે ગામ અસાંજી રાંધ ફુટી રે ...મોરલી.
વાલીડા તોજી વાટ નેરીયાં વાટતે વૈઈ રે 'ભગતરામ' અચ ઓધા અવતાર ગની રે ...મોરલી.

કનૈયો

રાગ : સનેડો

કનૈયો કનૈયો કનૈયો લાલ કનૈયો
કનૈયો નંદનો કુમાર લાલ કનૈયો

સાખી ...શ્રાવણ વદની અષ્ટમી ને મથુરાંની મોઝાર
કારાગ્રહમાં જનમ્યો વસુદેવ દેવકીનો બાળ ...લાલ.
સાખી ...તેડી લાવ્યા વસુદેવજી તને ગોકુલની મોઝાર
યશોદા માઁ નો લાડલો તું ગાયો નો ગોવાળ ...લાલ.
સાખી ...મારી માસી પુતના ને માર્યો મામો કંસ
કૌરવનો જળમુળથી તે નાસ કીધો વંસ ...લાલ.
સાખી ...મહિની મટકી ફોડીને કહેવાણો માખણ ચોર
સમય વર્તે થયો સાવધાન તને લોક કહે રાણછોડ ...લાલ.
સાખી ...જરાસંધને માર્યો તેં નાથ્યો કાલીનાગ
શીષુપાલના સો વરસ થયા પુરા તારે હાથ ...લાલ.
સાખી ...અતી વૃષ્ટી ઈન્દ્રે કરી કર્યો નીયમ નો ભંગ
ગોવાળીયા ભેગા કરી તેં ધાર્યો ગોવર્ધન ...લાલ.
સાખી ...નરશીંહનો તું શામળો સુરદાસ નો શ્યામ
મીરાંનો ગીરધર નાગરો તું રાધાનો ઘનશ્યામ ...લાલ.
સાખી ...પ્રેમ બંસીએ છેડયા તારી એકતાના સુર
જ્ઞાનની બંસીએ ભર્યા સુર ગીતામાં ભરપુર ...લાલ.
સાખી ...કર્યા વીના મળશે નહિ ભલે બદલો વેષ કે દેશ
કર્મ યોગીને ગમ્યો તારો ગીતાનો સદેશ ...લાલ.
સાખી ...રક્ષા કરવા ધર્મની તું અવતરેયો વારંમવાર
"ભગતરામ" યદુવંસમાં તે ધર્યો કૃષ્ણ અવતાર ...લાલ.

-: સાખી :-

સ્વાર્થ પુઠીયા સૌ મરે પરમારથ કરેન કોય
હથ્યો છડીં મસાણમેં કુહાડી છડેન કોય

મોરલી મોરલી સુણાય અધા મોરલી

રાગ : સનેડો

મોરલી મોરલી સુણાય અધા મોરલી
હરિહર નાદ સુણાય અધા મોરલી ...ટેક.
સાખી ... મોહમાયા છડે મોરલી વાંઢાયમેં સ્થિર થૈઇ
સંધ્યાપાઠજા સુર સુણી નીજ ઘાટ ઘડજી રૈઇ રે ...અધા.
સાખી ... ભુખીયેંકે ભોજન દનાં ઐઇં સુખીયેં કે આચાર
સ્થીરથેયા સુરસુણી અસાંજા વાણી વર્તન વિચાર ...અધા.
સાખી ... પંઢ પંઢમે અસીં મસ્તરોં ન ચડોં અવરી વાટ
માએતરેંજી સેવા કરીયું અસાંકે એડા સુર સમઝાય ...અધા.
સાખી ... સ્વધર્મ છડે પરધર્મજા જેં અપનાયોં વિચાર
તેંકે સત્ય ધર્મ સમઝાયને દના લક્ષ્મીનારાયણનામ ...અધા.
સાખી ... કર્મ ધર્મ સમઝાયને બાપા ઐઇંવેઆ આંજે ધામ
ગુરૂકૃપાસે "ભગતરામ" પાંકે મલ્યા શ્રીવાલરામ ...અધા.
સાખી ... થેંકયું થેંકયું થેંકયું બાપા થેંકયું ઓધવરામ
હરિહર પ્રતીષ્ટાનજા આંકે સો સો વાર પ્રણામ ...અધા.

ઓધવરાસ મને મીઠી લાગી

મીઠી લાગી મને મીઠી લાગી ઓધવરાસ મને મીઠી લાગી...ટેક.
મારા અંતરમા રામનામ તાડીલાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
મારા રૂદિયામાં જ્ઞાનની જ્યોત જાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
સૌ સંતો ભકતો ને સમાધી લાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
આજે વાંઢાય ગામમાં વેણુવાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
થાપી ઢોલને લાગીને શરણાઇયું વાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
મારા કાળજામાં પ્રેમની કટારી વાગી...ઓધવરાસને મીઠી લાગી.
મારા મનમાં હરિહરની ધુન જાગી...ઓધવરાસ મને મીઠી લાગી.
'ભગતરામ' જોઇ રાસને થયા સૌ રાજી...ઓધવરાસ મને મીઠી લાગી.

આપણે કરીયે એવા કામ

આપણે કરીયે એવા કામ પ્રભાતે રટીયે ઓધવરામ ...આપણે.
હાથથી કરીયે ઘરના કામ મુખથી ભજીયે ઓધવરામ ...આપણે.
જયાં ત્યાં દોડે ન આવે કામ ગુરૂજીના ચરણોમાં તીર્થ ધામ ...આપણે.
સાધના કરજો બેસીને એકાંન્ત રાજી રહેશે મારો રામ ...આપણે.
રે સૈયર હાલોને વાંઢાય ધામ સંતના ખોળે ખરો આરામ ...આપણે.

શ્રી હરિહરમાં સમાયો બ્રહ્માંડ ઓધવ ઈશ્વરરૂપ સમાન ...આપણે.
"ભગતરામ" કુળમાં પ્રગટયા ભાણ ઉજાળ્યું જેણે ચાગબાઈમાઁ નું નામ ...આપણે.

તોતો ભાઈ કેવું સારૂ થાય

રાગ : દિપચંદી

કેવું શારૂંથાય વિચારો વર્તનમા જોડાય ...તો તો ભાઈ કેવું સારૂંથાય જી.
માણસજો કોઈ નેતો બને એ સહેજમાં સમઝાયજી
નેતો કોઈ માણસ બને તો ભારત બદલી જાય ...તો તો ભાઈ.
ગુણની ઉપરગુણ કરે એ ખરો વહેવાર કહેવાયજી
અવગુણ ઉપર ગુણ કરવો એ સંત સાધુથી થાય ...તો તો ભાઈ.
દુઃશાસન કે દુર્યોધનને ભાઈઓ કેમ કહેવાયજી
રામ ને કોઈ ભરત જેવો ભાઈ જો મળી જાય ...તો તો ભાઈ.
મનનો મેલો કાગડો એતો બહારથી પરખાયજી
રંગે રૂડો બાહર બગલો અંદર ઉજળો થાય ...તો તો ભાઈ.
આતારૂં આ માંરૂ કહિને વાદ ધર્મમાં થાય જી
એક પ્રભુના સૌ છીયે સંતાનો એવું જો સમઝાય ...તો તો ભાઈ.
સમય પ્રમાણે ખાય પીયેને સમયસર સૂઈ જાયજી
નિત્ય સવારે પછી વહેલા ઉઠી ગીત પ્રભુના ગાય ...તો તો ભાઈ.
ભકિતમાં જે કરે ભવાઈ એને ઠગ ભકતો કહેવાયજી
એમ કરતાં કરતાં "ભગતરામ" ભકત જો બની જાય ...તો તો ભાઈ.

રાગ : પીલ્લુ તાલ - હીંચ

સખી આજે આનંદનો દિન ઓધવ મારે ઘેર પધાર્યા...ટેક.
સૌ સખીયો મળી મંગલ ગાવો પ્રગટયા પ્રાણ જીવન...ઓધવ.
ઢોલ નગારાને નોબત વાગે ઝાંઝપખા મૃદંગ...ઓધવ.
પુષ્પ સુગંધ વહે કુંજનમાં ભમરાના ગુંજન...ઓધવ.
આંબાડાળે કોયલ ટહુંકે મોર નાચે મધુબન...ઓધવ.
કરમાં લઈ કરતાલ સૌં નાચે જ્ઞાનીને ગુણીજન...ઓધવ.
તન તીરથ મન ભયો રે મથુરાં ગોકુલ વનરાવન...ઓધવ.
આજે અમારા થયા "ભગતરામ" ભાનુકુલ પાવન...ઓધવ.

પ્રેમદિવાની રાગ : સારંગ, તાલ - હીંચ

પ્રેમ દિવાની પ્રેમ દિવાની પ્રેમ દિવાની ઓધવરામની પ્રેમદિવાની ...ઓધવ.
તારા પ્રેમના પ્રસાદને પામ્યા પછી ભોગ રોગની જીવનમાં રહી ન નિશાની ...ઓધવ.
તારા સંગનો રંગ મને લાગ્યા પછી થયા એક વિચારને વર્તન વાણી ...ઓધવ.
ભય નિરાશા લાચારી સૌ નકળી ગઈ તારા મુળ સ્વરૂપને મેં લીધું જાણી ...ઓધવ.
તારી ભકિતની શકિતએ રંગ રાખ્યો શું સમજે આ દુનિયા સૌ ભોગ દીવાની ...ઓધવ.
તારો સેવાનો ભેખ એજ જીવન સંદેશ તારા કર્મના સિધ્ધાંતને સૌ જાણે જ્ઞાની ...ઓધવ.
હું નથી કોઈ 'ભગતરામ' જ્ઞાની ધ્યાની મને અપનાવી લેજે પોતાનો જાણી ...ઓધવ.

ઓધવતે રખ આશરો (તાલ-હીંચ)

ઓધવતે રખ આશરો રે સખી ઓધવતે રખ આશરો...ટેક.
પંઠજા થૈઇને પંઠજેં કે પીરાંયોં મીરાંકે ઝેર જો તાંસરો રે સખી ...ઓધવતે.
પગ ખેંચીધાં તોજા પખ મુંડીધા ઈ નીયમ સંસાર જો રે સખી ...ઓધવતે.
દંભી ઢોંગીને કુળા કપટીઅ ભેરા થૈઈ નરસિંહ કે કેંયો નાત બાર જો રે સખી ...ઓધવતે.
મોંસે મઠા કુછેનેં પેટજા કારા પલ પલ વિચાર કરી સ્વાર્થ જો રે સખી ...ઓધવતે.
ઓધવતે આશરો રખીને 'ભગતરામ' ઉકરી થી ભવપાર જો રે સખી ...ઓધવતે.

થાળ (રાગ : પીલ્લુ)

શ્રી સદગુરૂ મારા જીવન પ્રાણ મારે ઘેર જમવા પધારો ઓધવરામ ....ટેક.
માતા ચાગબાઈ ઘેર જનમ ધરીને ગુરૂ લાલરામનું દિપાવ્યું જેણે નામ ...મારે.
લીંપી ગુંથીને મારા આગણા સજાવ્યા ધરીયે તમારૂં પલપલ અમેં ધ્યાન ...મારે.
ઢોલ નગારને વાગે શરણાઈ સખીયો મળીને સૌ ગાયે ગુણગાન ...મારે.
ખીચડી કઠીને રોટલા સાક ગુવારના દુધ, દહિ, માખણ, ગંગાજલ, પાન ...મારે.
તન તીરથ મન ભયોરે મથુરાં ગોકુલ વનરાવન ચારધામ ...મારે.
એવી સદબુધ્ધી અમને દેજો રે 'ભગતરામ' કરીયે મળીને સૌ તમારા અમેં કામ ...મારે.

સાખી

સાધના કો કરે નતો જોતું દે પેયો જગ
અગીયા હલે આડુઅ પુઠીયા હલે વગ

રાગ : પહાળી તાલ : હિંચ
(લય-જપલે હરિકા નામ મનવાતું)

જપ લે ઓધવરામ મનવા તું જપ લે ઓધવરામ
ગુરૂ શરનમે બૈઠકે લે પલ દો પલકા વિશ્રામ જપલે ઓધવરામ ...મનવા.
અબ મત ઝુકના અબ મત રૂકના અબ મત સોના ભાઈ
અબ મત કહેના મૈ હું અકેલા અબ મત ડરના ભાઈ
અબ મત કરના માન બડાઈ અબ મત કરનાં અભિમાન ...મનવા.
ક્યા પાયા ક્યા ખોયા અપને ક્યા લાયા થા સાથ
તુંને દિયા જો લીયા યહિંસેં અબ ક્યોં હોત ઉદાસ
ના મેરા કુછ ના તેરા ફીર ક્યોં હોતા હેરાન ...મનવા.
કાલે કેશ ભયે ઉજલે અબ કમ સુનતે હૈ કાન
બદલી તેરી સુંદીર કાયા ગીરે બત્તીસે દાંત
સબ. બદલે પણ તું ના બદલા યે કૈસા તું ઈન્સાન ...મનવા.
વો ક્યા જાને ગુરૂકી બાતેં જડ મુરખ અભિમાની
વો કરતે ફીરતે હૈ નિશદીન અપની હી મન માંની
'ભગતરામ' ગુરૂ જ્ઞાન મીલા અબ ક્યા દુનિયાસે કામ ...મનવા.

તારવા તારવા (તાલ- હીંચ)

તારવા તારવા તારવા ઓધવરામ આવેયા શ્રી વાંઢાયને તારવા ...ટેક૦
માતા ચાગબાઈ ઘરે જનમ ધરીને ભાનુકુલને દિપાવવા ઓધવરામ ...આવ્યા૦
ભેખ ધરીને ટેક લીધી ધરમની માયાના બંધનો કાપવા ઓધવરામ ...આવ્યા૦
સાધનાથી સિધ્ધ કરી પંચરંગી ક્રાંતી ગુરૂકુલને આશ્રમો સ્થાપ્વા ઓધવરામ ...આવ્યા૦
ધર્મ ભુલીને થયા પરધર્મીઓને સાચો માર્ગ બતાવવા ઓધવરામ ...આવ્યા૦
કર્મયોગી રૂપે માર્ગ લીધો 'ભગતરામ' ધર્મ,અર્થ,કામ,મોક્ષ સાધવા ઓધવરામ ...આવ્યા૦

શ્રી હરિ દર્શન દેના

હળવી ચલતી (લય- માતા ચાગબાઈ ઢુંઢ રહી)

એકબાર શ્રી ઓધવરામ શ્રી હરિ દર્શન દેના
મૈં આન પડા શરના શ્રી હરિ દર્શન દેના ...ટેક૦
ભોગ છુડાકર ભાવ જીવનકા માર્ગ બતા દેના ...શ્રી હરિ૦
કાયા માયાકી સબ જુઠી પ્રિત છુડા દેના ...શ્રી હરિ૦
વિષયોમેં ના ખો જાવું મેરા હાથ પકડ લેના ...શ્રી હરિ૦
સાગર ગહરા નાવ પુરાની પાર લગા દેના ...શ્રી હરિ૦
ભેદ વહેમ મીટાકર મોહે અપના બના લેના ...શ્રી હરિ૦
'ભગતરામ' અબ ઓર મુજે કુછ ના લેના દેના ...શ્રી હરિ૦

અધુરીયા

ખોટા ખેલ કરાંઈ અધુરીયા ખોટા ખેલ કરાંઈ રે
અંધ શ્રધ્ધાજી ઉની વાયમેં સજે કુટુંબ કે ફગાંઈ ...અધુરીયા૦
નીત નૈયું યાત્રાયું કરેને પંઢકે સંત સદાંઈ રે
રંગ રતીલા પાએંણ ચુંઢેને ખડકીઅમેં પેઆ લકાંઈ ...અધુરીયા૦
નાગ પાંચમ જે ડીં પાએણેજે નાગ કે ખીર પીરાંઈ રે
જીઅરે સપકે ભાંઠો ખણીને ભડરજીયું ચોડાંઈ ...અધુરીયા૦
એકટાણા ઉપવાસ રખી બેંજા જીઅણ ઝેર કરાંઈ રે
ખીચડી માની ઠેલે પગેંસેં પેડા બરફી ખાંઈયે ...અધુરીયા૦
તીરથેં લુંટાજે તીરથેં મુંડાજેં પોએ દંભ કેંકે વતાંઈ રે
સમજે વગરજીયું સદું કઢેં કો ચે તેંકે નતા ભાંઈ ...અધુરીયા૦
તોજો ઈશ્વર તોજે ઘરમે શાસ્ત્ર પાંકે સમજાંઈ રે
'ભગતરામ' પગ ઠાય ઉભીયે તેંજી પ્રભુ કડી ખુળકાંઈ ...અધુરીયા૦

-: સાખી :-

ભગતરામ હન જુગજા માડું ઠા છડીંધા વેયા નીતીમતાકે રખી નેવેં તે છુટેં પુઠીયા પેયા
ગાણો વક્રાંધી નામનાં માન પુઠીયા પેયા હથપગ હલેયા તેસીંય કેંકે ઓછા નાય ઉતર્યા
મડમડ મારા ખર્યો હથમેં મડ મંધીરતે વેયા મડમડ વારેયોં ગુંછરી મડમડ માંધા પેયા
મરંધે મરંધે 'ભગતરામ' એતરો કંધા વેયા રંભું ચોરાયોં સોનજીયું પાંકે સુઈ દિંધા વેયા

નુંગરેંજી કો ન્યાત નાયેં નાય કોય નીયમ ધરમ
નયેં ચોવાટે તે ઉભી નુગરા છડે લજ શરમ

-:: સાખી -::

દ્રષ્ટિ બદલ ગઈતો નઝારે બદલ ગયે દિશા બદલ ગઈ તો કિનારે બદલ ગયે
ચંદ્રમાંકી રોશની સેં તારે બદલ ગયે સુર્ય કે પ્રકાશ સેં અંગારે બદલ ગયે
'ભગતરામ'ઈસ રંગતમેં ના બદલે કોઈ એક સદગુરૂ કી સંગતસેં હમ સારે બદલ ગયે

રાગ : દરબારી (ગઝલ)

બદલાઈ બહુ ગયો છું ઓધવને મળ્યા પછી ...બદલાઈ.
નિર્ધન પણામાં આયખું મારૂ સઘળું વિતી ગયું
હું સુદામો હવે શ્રીમાન છું મોહનને મળ્યા પછી ...બદલાઈ.
કાંઠે ઉભો હોવા છંતા ગભરાઈ બહુ ગયો હતો
હું સાગર ખેડું છું હવે સાગરમાં પડયા પછી ...બદલાઈ.
શ્યામ તારી બંસરીના મને સુર મળી ગયા
હું રાધે રમું છું રાસ વ્રજમાં માધવને મળ્યા પછી ...બદલાઈ.
ભ્રમમાં ભટકાઈને હું અશાંત થઈ ગયો હતો
મન શાંત પામ્યું 'ભગતરામ' સદગુરૂને મળ્યા પછી ...બદલાઈ.

સખીરી મારે જાવું વાંઢાયધામ

રાગ : ભીમપ્લાસ (લય-હે મનવા લઈલે લ્હાવ અમુલ)

એ... સખીરી મારે જાવું વાંઢાય ધામ ...(૨)
જાવું વાંઢાયધામ વસે ત્યાં સદગુરૂ ઓધવરામ ...એ...સખીરી.
જન્મધરી જખૌ માં કીધા વાંઢાયમાં વિશ્રામ
બાલપણા માં લાગી લગની જાગ્યા આતમ રામ ...એ...સખીરી.
લાલરામ ગુરૂ ઈશ્વરરામના શરણે લીધું જ્ઞાન
સિધ્ધમંત્ર સાધ્યા જીવનમાં રામરામ સીતારામ ...એ...સખીરી.
ધર્મ ભુલ્યા એના જીવનમાં ધર્મના પુર્યા પ્રાણ
ઓળખને અધિકારો આપી કીધા સૌનાકામ ...એ...સખીરી.
જાપ અજપા જપ્યા નિરંતર બેસીને એકાંન્ત
અનુભવથી ઓળખ્યા શ્રી હરિને ઘટમાં પ્રગટયા જ્ઞાન ...એ...સખીરી.
કર્મયોગીના કર્મો ખીલ્યા જેંમ ખીલે રવિભાણ
ધર્મ સનાતન ધારીને કીધા ધર્મના કામ તમામ ...એ...સખીરી.
સૌના ઘટમાં સ્થાપિત કીધા હરિહર મંત્ર પ્રમાણ
"ભગતરામ"શ્રી ગુરૂના ચરણે સત સત બાર પ્રણામ ...એ...સખીરી.

અમેં ખરા સૈનિક રાગ : દરબારી (લય-મુજે મેરી મસ્તી)

અમેં ખરા સૈનિક ઓધવરામના ઓધવરામના રઘુપતી રામના ...અમેં.
કર્મની તમારી અમેં રીત જયારે જાણી કર્મ કરવાની ત્યારે જાગી મન ભાવના ...અમેં.
તન મન ધનથી સજજ અમેં થાશું વાણી, વર્તન વિચારો રાખી એક ધ્યાનમાં ...અમેં.
તમારાં વિચારો અમને ખુબ ગમે છે ગમતી નથી અમને ક્ષણીક જગ નામના ...અમેં.
લક્ષ અમારો સૌનો એક છે 'ભગતરામ' જીવન ઘસાઈ જાયે ગુરૂજીના કામમાં ...અમેં.

હરિહર હરિહર

(લય : શું પુછો છો મુજને)

હરિહર હરિહર હરિહર કહીયે ઓધવરામના શરણોમાં રહીયે ...ટેક.
જડ જગતના રૂપ બહુરંગી કોણ સગાને એમાં કોણ સબંધી
સાર અસારનો ભેદ જાણી લઈયે.........ઓધવરામના.
ખેલ જગતના નોખા ન્યારા પીધા મીરાંએ વિષના પ્યાલા
સુખ દુઃખ બેહુને સ્વીકારી લઈયે........ઓધવરામના.
શ્રી ગુરૂ ગોવિંદ એક સમાના અનુભવીઓના શબ્દ પ્રમાણા
ગુરૂ ચરનન રજ શીર ધરી લઈયે........ઓધવરામના.
હરિ મારો રહે છે હરિ જનમાં કેમ ભમે છે તું વન વનમાં
એટલું 'ભગતરામ' સમજી લઈયે........ઓધવરામના.

મોઝ

રાગ : દરબારી (લય-મુજે મેરી મસ્તી)

મોઝમાં રહું છું હું મોઝમાં રહું છુ અમીરોની દુનિયામાં હું ફકિરીમાં રહું છું ...મોઝમાં.
નથી હું ગુરૂ કોઈનો ચેલો નથી હું સંતાન ઈશ્વરનો થઈને ફરૂં છું ...મોઝમાં.
નીંદા કરે છે મારી નગરી ના લોકો છતાં સૌને મારા હું મિત્રો ગણુ છું ...મોઝમાં.
નથી આધી વ્યાધી કોઈ ઉપાધી અતંરમાં સુખ દુઃખ આવે એને સમજી હું લહું છું ...મોઝમાં.
નથી કરતી વાણી મારી કોઈની પ્રશંસા મનના વિચારો મારા પ્રગટ હું કરૂં છું ...મોઝમાં.
કરૂં સાધના હું રહું એક ધ્યાને નીરંતર પ્રભુની હું ખોજમાં રહું છું ...મોઝમાં.
નથી મને ઈચ્છા કોઈ અરમાન "ભગતરામ" જેમ રાખે રામ મારો એમ હું રહું છું ...મોઝમાં.

શ્રી ગુરૂ ઓધવરામ (લય : પીઓને કડેલા દુધ હરિ હેત ધારી રે)

શ્રી ગુરૂ ઓધવરામ તમારી આરતી મંગલ કરીયે રે
આરતી મંગલ કરીયે નીસદિન ધ્યાન તમારું ધરીયે રે ...શ્રીગુરૂ.
વ્યાકુલ પ્રાણ ધરે નહિ ધીરજ કયાં કયાં જોવા જઈએ રે
વીરહ વેદના ખુબ સતાવે એ દુઃખ કોને કહીયે રે ...શ્રીગુરૂ.
ગંગા નાયા જમના નાયા અડસઠ તીરથ કરીયે રે
સુખ શાંતી સંતોષ પામવા ગુરૂ ચરનમાં રહીયે રે ...શ્રીગુરૂ.
ભોગ પદારથ કાંઈ નવ માગું વણ લોભી થઈ રહીયે રે
માગ્યા વીણ મને ગણુ મળ્યું છે એ સુખ કોને કહીયે રે ...શ્રીગુરૂ.
કામ ક્રોધ મદ લોભ મોહને તૃષ્ણા ત્યાગી થઈયે રે
આપની પાસે હાથ ફેલાવી ભાવની ઝોલી ભરીયે રે ...શ્રીગુરૂ.
મન મંદિરમાં આપના માટે હૃદય સિહાંસન ધરીયે રે
'ભગતરામ' સૌના હૈયામાં આપના દર્શન કરીયે રે ...શ્રીગુરૂ.

::-સાખી-:: સકલ પદારથ છે આ જગમાં પુર્ણ પદારથ ચાર
ધર્મ, અર્થ, ને કામ મોક્ષ પર સાધકનો અધિકાર

મીઠે વગરજા માડુઅ નેરીં નતા ઉપાળે પુછ
ગાયું સમજી ગોધા પુજું લગરીયું સમજી સપ

છપ્પનભોગ

લય : પીઓને કડેલા દુધ હરિ હેત ધારી રે

જમવા ઓધવરામ આવજો ઝુંપડીએ પધારી રે
ઝુંપડીએ પધારી કરજો પુરણ આશ અમારી રે. ...જમવા.
જુવાર, બાજર ને મકાઈના રોટલા મેં બનાવ્યા રે
ગુવાર, ચોળા ફળીના સુંદર શાક બનાવ્યા બાફી રે ...જમવા.
માખણ મીસરી ગોળ ખાંડની વાટકીઓ પીરસાવી રે
રાયતો છુંદો ચટણી સાથે સાંભારો રસધારી રે ...જમવા.
ખોબા ભરી ઘી, ગોળ નાખીને લાપસી મેં રંધાવી રે
દાળ, ભાત, પાપડ કીધા મેં મગના શાક વઘારી રે ...જમવા.
દુધપાક, શ્રીખંડ, કેશરીયો બાસુંદી બનાવી રે
કાજુ,પિસ્તા,બદામ,કીસમીસ,અંજીર બહુ ગુણકારી રે ...જમવા.
મહિ વલોવી માખણ તાર્યું ઘી બનાવ્યું તાવી રે
ગાયના ઘી માં લાડું બનાવ્યા તમેં ખાજો ચાવી ચાવી રે ...જમવા.
મોહનથાળ મગદળીયા જાંબુ સુતરફેણી સારી રે
કેરી કચુંબર અથાણા સાથે ડુંગળી લેજો માંગી રે ...જમવા.
શીરો પુરીને ઢોકળા ખમણ ઉંઘીયું સુંગધ કારીરે
દહિવળાને પાતરા કેરો સ્વાદ લેજો તમેં જાણીરે ...જમવા.
'જલ' જમનાના ભરવા ગઈતી માથે બેડલા ધારી રે
મુખ ધોઈ મુખવાસ લેયો તમેં ભાનુકુલ અવતારી રે ...જમવા.
પાન, સોપારી, તલ, ગુળધાણા, તજ, લવીંગ, ઈલાયચી રે
કાચીસુવા આંબળા વરીયારી કટકે કેરી સુધારી રે ...જમવા.
જમાડતા જાણું છું'ભગતરામ' બનાવ્યાની અજાણી રે
ભાવવીના ના છપ્પનભોજન તમેં લેજો અધુરા જાણી રે ...જમવા.

તાડીપાડી ઓધવરામ બોલજો રે

તાલ : હીંચ, રાગ : પહાળી

તાડી પાડી ઓધવરામ બોલજો રે બંધ દ્વારો જીવનના ખોલજો રે ...તાડી.
જીવ્યા કેવું ને કેટલું જગતમાં રે પાપ પુન્યનો હિસાબ લખી રાખજો રે ...તાડી.
ગુરૂ મિત્રો ઈશ્વર માઁ બાપ પાસે બેસી જીવનના પાઠો શીખજો રે ...તાડી.
થઈ ગયેલી અગ્યાનતામાં ભુલની રે ક્ષમા માંગી બીજાને ક્ષમા આપજો રે ...તાડી.
ભેદ નાના મોટાનો નહિ રાખજો રે સૌને સરખા ગણી અપનાવજો રે ...તાડી.
'ભગતરામ' ધરો ધ્યાન એકાંન્તમાં રે સહેજે સહેજે જીવન બદલાવજો રે ...તાડી.

કારો પાડો કથા સુએલા વ્યાસ સામેં વેઈ રેયો
સુણી સુણીને ધ્રાણુ પોએ ઉપડી ઢંઢમેં પેયો

સચ્ચીયારેંજી સુણે નતો કો ખોટેંજી વા, વા.
સંત સાધુઅ રેં ઉપવાસી લડુંઅ ધબી બોવા

રાગ : પીલ્લુ તાલ : હીંચ

(લય-ડુંગરેથી ઉતર્યો વાઘ રે)

મારા સદગુરૂને પ્રણામ ...સંત ઓધવરામ
જન્મ ભૂમિ જખૌ રૂડું ગામ ...સંત ઓધવરામ
ભાનુકુળના કુળ દિપક ભાણ ...સંત ઓધવરામ
પ્રભુ વાંઢાયના છો વિશ્રામ ...સંત ઓધવરામ
તમેં સેવ્યા શ્રી સીતારામ ...સંત ઓધવરામ
કર્યા ભજનો બેસીને એકાન્તં ...સંત ઓધવરામ
સૌના જીવનમાં પુર્યા પ્રાણ ...સંત ઓધવરામ
તમેં કીધા અમારા કામ ...સંત ઓધવરામ
આપો અમને અનુપમ જ્ઞાન ...સંત ઓધવરામ
કીધા પરઉપકારી કામ ...સંત ઓધવરામ
અમર જગમાં તમારા નામ ...સંત ઓધવરામ
કરમાં કરતાલ મુખમાં રામ ...સંત ઓધવરામ
હરિહરના તમેં પથગામ ...સંત ઓધવરામ
ગાયે ગાયે ગુણ''ભગતરામ'' ...સંત ઓધવરામ

રાગ : પીલ્લુ તાલ : હીંચ

(લય-પારેવડા જાજો જાલ્પામોંના દેશમાં)

ઓધવરામ મારી ઝુંપડીએ પધારજો સૌ સંતો ભકતોને સાથે લાવજો ...ઓધવરામ૰
લાખ લાખ દિવડાની આરતી ઉતારૂં આવી મારા આંગણા દિપાવજો ...ઓધવરામ૰
મારી ઝુંપડીએ પ્રભુ પ્રેમના પ્રવાહો જ્ઞાનની જ્યોત પ્રગટાવજો ...ઓધવરામ૰
કરૂણા નિધાન પ્રભુ મારા જીવનમાં કરૂણાની વર્ષા વરસાવજો ...ઓધવરામ૰
પ્રિતની રીત હું ન જાણું 'ભગતરામ' મારો જાણીને મને તારજો ...ઓધવરામ૰

રાગ : પહાળી તાલ : દિપચંદી

હરિહર હરિહર હરિહર કહિયે(૨) તીર્થ ભૂમિ વાંઢાય રહિયે ...ટેક૰
શ્રી લાલરામ ગુરૂ ઈશ્વર રામ, તીર્થ બનાવ્યા જેણે વાંઢાય ધામ
નિત્ય પ્રભાતે એના દર્શન કરીયે ...તીર્થભૂમિ વાઢાંયમાં રહિયે૰
ઈશ્વરસાગર ના કીનારે શોભે સમાધી સોળ કળાયે
ધન્ય જીવન ગુરૂ ચરણોમાં રહિયે ...તીર્થભૂમિ વાઢાંયમાં રહિયે૰
સુખમાં ન ચડિયે દુઃખમાં ન પડીયે સુખ દુઃખને અમેં સરખા ગણીયે
જેમ રાખે રામ અમને એમ અમેં રહિયે ...તીર્થભૂમિ વાઢાંયમાં રહિયે૰
આપો 'ભગતરામ' આશીષ એવા કરીયે મળી સૌ તમારી સેવા
નીશદિન સંધ્યાપાઠ અમેં કરીયે ...તીર્થભૂમિ વાઢાંયમાં રહિયે૰

સાખી ... ગુરૂજીવન ગંગાજલ ધારા કરે પતીત પાવન
કર દે સમર્પણ ઓધવરામ કે ચરનોમેં જીવન

આરતી સાગર

સૂર્ય વંદના

શ્રી હરિ સૂર્ય દેવ ભગવાન પ્રભાતે ધરીને તમારા ધ્યાન
ધીરયે તમારા ધ્યાન.. અમારા થાયે પુરણ કામ ...શ્રીહરિ૰
સૂર્યવંશી અમેં બાળ તમારા આદિ દેવ છો આપ અમારા
અમેં સૌ આપ તણા સંતાન પ્રભાતે ધરીયે તમારા ધ્યાન ...શ્રીહરિ૰
ઉદય તમારો થાયે જ્યારે જોગી જાગે નિંદ્રા ત્યાગે
ગાયે વેદ ગુણીજન ગાન પ્રભાતે ધરીયે તમારા ધ્યાન ...શ્રીહરિ૰
પંચ પ્રાણ જીવનમાં સ્થાપો સૌને સાચી સમજણ આપો
હરો મન, રાગ, દ્રેષ, અભિમાન પ્રભાતે ધીરયે તમારા ધ્યાન ...શ્રીહરિ૰
કર્મ યોગીના ખીલે કર્મો નિજનાં સૌ સંભાળે ધર્મો
શોભે દશે દિશાઓ તમામ પ્રભાતે ધરીયે તમારા ધ્યાન ...શ્રીહરિ૰
જીવન સંધ્યા ખીલે અમારી વિનંતી એજ''ભગતરામ'' મારી
આપો જ્ઞાન હરી અગયાન પ્રભાતે ધરીયે તમારા ધ્યાન ...શ્રીહરિ૰

શીવરાઈ માઁની આરતી

ઓમ જય શીવરાઈ માઁ મૈયા જય શીવરાઈ માઁ
નિશદીન ભાવે ભજીયે (૨) અમેં તમારા બાળ ...ઓમ જય૰
નિત્ય પ્રભાતે મંગલ આરતી દર્શન થાય ...મૈયા
ઘંટનાદ ધુન થાયે (૨) ઝાલરનો ઝણકાર ...ઓમ જય૰
રત્ન મુગુટ શીર સોહે ટીલડી સોહે લલાટ ...મૈયા
કાને કુંડલ ઝળકે (૨) ગલે હેમનો હાર ...ઓમ જય૰
સુર્ય કિરણ સમ કાન્તિ મુખડું ચંદ્ર પ્રકાશ ...મૈયા
શુભ વસ્ત્ર સિંહ વાહિની (૨) શોભાનો નહિ પાર ...ઓમ જય૰
દુર દેશથી આવે માઁ તારો પરિવાર ...મૈયા
સુખ શાંતિ સમૃદ્ધિ (૨) દેજે અપરંમપાર ...ઓમ જય૰
જન્મો જન્મનો પ્યાસી ભટકયો દિવસરાત ...મૈયા
કરૂણા કર કરૂણેશ્વરી (૨) આવ્યો તારે દ્રાર ...ઓમ જય૰
મોહમાં ભુલ્યો મારગ છુટયો સઘળો સાથ ...મૈયા
નીજનોજાણી'ભગતરામ'(૨)ભવનાં બંધ છોડાવ ...ઓમ જય૰

-: સાખી :-

જંગલમાં જોગન બની તારી ખોજ કરૂં દીનરાત
સુખ દુખમાં સદ્ગુરૂ તમારો કદીન છોડું હાથ

કેડો વઠો આએ સુખસેં બાવો ટંગતે ટંગ ચડાય
કઠીયું પેઓ વકણેને વડા ચેલા ગણેધે ઠાય

ગાલ ગાલમેં રીષું કરીને ઢીલીં ભરેલો ભાણ
વીઆં વધાણે જે વચ્ચ મુરખા કરે વેઈ રેં કાણ

મંગઘલકે દસીને કો હેડો નચેંનો નાગો થેઈ
હરામ જે ધન કે કેતરા દીંઅ ખેને તું વેઈ વેઈ

શ્રી હિંગલાજ માઁની આરતી

(લય : જય આધા શક્તિ)

ઓમ જય શ્રી માઁ હિંગલાજ મૈયા જય શ્રી માઁ હિંગલાજ
જગદંબા જગદીશ્વરી (૨) તું જગમાં વિખ્યાત ...ઓમજય૦
શકિત એક ધર્યા તેં રૂપ અનંત અપાર ...મૈયા
જલ, સ્થલ, તેજ, આકાશે (૨) વાયુમાં વિસ્તાર ...ઓમજય૦
સૂર્ય ચંદ્ર તારા ગણ સૌ તારા છડીદાર ...મૈયા
વરસે વાદળ વ્યોમેં વર્ષા અમૃત ધાર ...ઓમજય૦
કુળની રક્ષા કાજે હાથ ધર્યા હથિયાર ...મૈયા
સૂર્યવંશ કુળદેવી (૨) રાખી કુળની લાજ ...ઓમજય૦
શાંતી, શકિત, ને સ્મૃતિના દીધા જીવનદાન ...મૈયા
નિત્ય સુવાડે જગાડે (૨) જીવ જીવાડે તમામ ...ઓમજય૦
બ્રહ્માંદિક સુર ધ્યાવે નારદ ગુણલા ગાય ...મૈયા
'ભગતરામ' તને ભજતાં (૨) ભવ બંધન છુટી જાય ...ઓમજય૦

દેશદેવી

રાગ : લલિત છંદ

શ્રી દેશદેવી ભગવતી તું જગત જનની માત છે
આશાપુરા માઁ તુજ વિના જગમાં ન બીજો કોઇ છે
દેખાય જે દ્રષ્ટિ સમીપે માત્ર માયા જાળ છે
સંબંધ છે સૌ સ્વાર્થના અંતે બધા વિખરાય છે
જેણે મને આપ્યો જનમ આપ્યા પછી જીવાડે છે
કીડીને કણ હાથીને મણ આપ્યા પછી સુવાડે છે
રજની વિતી ગઇ શાંતીથી ને સૂર્યના દર્શન થયા
દીધા સ્મૃતિના દાનને જીવન મારા ચેતન થયા
કર જાગીને વિચાર જીવન મારૂં કોણ ચલાવે છે
આશાપુરા માઁ તુજ વિના જગમાં ન બીજો કોઇ છે
હું કોણને તું કોણ છે વળી કોણે આ દુનિયા રચી
વન, પર્વતો, સરિતા, ગુફાની કોણે આ રચના કરી
સપ્ત રંગોથી સજાવ્યા પીંછા સુંદર મોરના
જળ, વાદળા આકાશમાં અધ્ધર ભરી લટકાવ્યા
છે સાગરો ખારા છતાં જળ વાદળે અમૃત ભરે
તેં ગુપ્ત માર્ગે વૃક્ષ વાટે પાણી પૂર્યા શ્રીફળે
તારી લીલાને જાણવા બુધ્ધિ મારી ઓછી પડે
આશાપુરા માઁ તુજ વિના જગમાં ન બીજો કોઇ છે
જોગી જતિ સૌ સંત સાધુ શકિતનો સંચય કરે

અતેં ગંગા અતેં ગોમતી અતેં કાશી કેદાર
તોય માએતરેં મથાનું કડી દઇને ધોળે પૈયું હરિદ્વાર

જ્ઞાની ધ્યાની ઉપાસકો સૌ શકિતની ભકિત કરે
કર વિશ્વનું કલ્યાન''ભગતરામ''માત્ર તારે હાથ છે
આશાપુરા માઁ તુજ વિના જગમાં ન બીજો કોઈ છે

શ્રી ગુરૂ ઓધવરામ પ્રભુની

રાગ : દેરા (લય-નગરી નગરી દ્વારે દ્વારે)

શ્રી ગુરૂ ઓધવરામ પ્રભુની આરતી મંગલ કરીયે રે
દયા કરી મને દર્શન આપો શ્રી ગુરૂવરને વરીયે રે ...શ્રીગુરૂ૦
વ્યાકુળ પ્રાણ ધરે નહિ ધીરજ કયાં કયાં જોવા જઈયે રે
વિરહ વેદના ખુબ સતાવે એ દુઃખ કોને કહિયે રે ...શ્રીગુરૂ૦
ગંગા નાયા જમના નાયા અડસઠ તીરથ કરીયે રે
સુખ શાંતી સંતોષ પામવા સંત ચરણમાં રહિયે રે ...શ્રીગુરૂ૦
ભોગ પદારથ કાંઈ નવ માંગુ વણ લોભી થઈ રહિયે રે
માંગ્યા વિણ મને ઘણું મળ્યું છે હવે માંગી શું કરીયે રે ...શ્રીગુરૂ૦
કામ ક્રોધ મદ લોભ મોહ ને છોડી નિર્મલ થઈયે રે
તારી પાસે હાથ ફેલાવી ભાવની ઝોલી ભરીયે રે ...શ્રીગુરૂ૦
મન મંદિરમાં આપની માટે હૃદય સિહાંસન ધરીયે રે
'ભગતરામ' સૌના હદિયામાં આપના દર્શન કરીયે રે ...શ્રીગુરૂ૦

શ્રી સતી માઁની આરતી

નિત્ય સવારે કરૂં આરતી શ્રી સતીમાઁ ની સેવા ...નિત્ય૦
તન, મન, ધન, અર્પણ કરીને તવ ચરણે આવ્યો રહેવા ...નિત્ય૦
જીવન મારૂં બને સુંગધીત આશિષ આપો એવા ...નિત્ય૦
કર્મ યોગીનાં કર્મો ખીલે સુખની રેલમ છેલા ...નિત્ય૦
પરિવારમાં પરચા પુર્યા એ સુખ કોને કહેવા ...નિત્ય૦
જ્ઞાન દીપ પ્રગટે અંતરમાં માર્ગ બતાવો એવા ...નિત્ય૦
અંતઃકરણ તવ આનંદ પામે કરીયે કામો એવા ...નિત્ય૦
''ભગતરામ'' સૌના રૂદિયામાં આપ પધારો રહેવા ...નિત્ય૦

મોમાઈ માઁની આરતી

(લય : જય આદ્ય શક્તિ)

ઓમ જય શ્રી મોમાઈ માત મૈયા જય શ્રી મોમાઈ માત૦
ભકિત ભાવે ભજીયે અમે તમારા બાળ ...ઓમ૦
જગ જનની જગદંબા આદ્ય શકિત અવતાર ...મૈયા૦
આશાપુરા તું મારી પુરી કરજે આશ ...ઓમ૦
દૈત્ય વિનાશીની દેવી ભકતોની રખવાળ ...મૈયા૦
સુખ કરની દુઃખ હરની મંગલ કરની માત ...ઓમ૦
મોહ માયા જલ ઊંડો માથે મદનો ભાર ...મૈયા૦

તેમાં તું તારણ થઈ પકડી લેજે હાથ ...ઓમ૦
તું કરૂણાની સાગર કૃપા સિંધુ અવતાર ...મૈયા૦
હું પથનો છું પ્રવાસી મૈયા માર્ગ બતાવ ...ઓમ૦
તવચરણોમાં આવે માઁ તારો પરિવાર ...મૈયા૦
શ્રદ્ધા પ્રેમ "ભગતરામ" દેજે અપરંમપાર ...ઓમ૦

આશાપુરા માઁની આરતી

(લય : જય આદ્યા શક્તિ)

ઓમ જય આશાપુરા માઁ મૈયા જય આશાપુરા માઁ
નિશ દિન રહું એક ધ્યાને એવી સમજણ આપ ...ઓમ જય૦
આસપાસ આકાશે સૌમાં તારો વાસ ...મૈયા
મારા મન મંદિરમાં પ્રેમ જ્યોત પ્રગટાવ ...ઓમ જય૦
હાથ ફરે તારો ત્યાં જીવન બદલી જાય ...મૈયા
પાંગળો કૂદે પર્વત, મુંગો થાય વાચાળ ...ઓમ જય૦
ધન જોબન માયાનો અંતે છૂટે સાથ ...મૈયા
નિર્મળ અંત કરણમાં રહો તમારો વાસ ...ઓમ જય૦
દ્રષ્ટિ પડે જ્યાં તારી સુખ પામે સંસાર ...મૈયા
સુખ શાંતિ અન, તન, ધન, વધે પ્રેમ વિશ્વાસ ...ઓમ જય૦
માયાએ ગઢ ઘેર્યો બંધાયો મોહ પાસ ...મૈયા
તારા વિણ મને બીજો કોઈ ન છોડાવન હાર ...ઓમ જય૦
આશા સૌ પુરણ થઈ હવે ન કોઈ આશ ...મૈયા
"ભગતરામ" મને રાખો તવ ચરણોની પાસ ...ઓમ જય૦

વારામાઁ ની આરતી

(લય : આનંદ મંગલ કરૂં આરતી)

જય જય વારામાઁ હું તમારી આરતી રોજ ઉતારૂં ...જય જય૦
શ્રદ્ધા પ્રેમ ધરી રૂદિયામાં ગુણ તમારા ગાઉં ...જય જય૦
તન, મન, ધન, અર્પણ કરીને તવ ચરણે શીષ નમાવું ...જય જય૦
પરિવારમાં સ્નેહ સરિતા જોઈને આનંદ પામું ...જય જય૦
પૂર્ણ પ્રેમ જ્યોતી હું મારા રૂદિયામાં પ્રગટાવું ...જય જય૦
એક રૂપ તવ રહો અંતરમાં અવર ન બીજો જાણું ...જય જય૦
'ભગતરામ'મન મંદિરીયામાં જ્યોતથી જ્યોત જગાડું ...જય જય૦

પુનાગ્રીમાઁ ની આરતી

(લય : જય આદ્ય શક્તિ)

ઓમ જય પુનાગ્રીમાઁ મૈયા જય પુનાગ્રીમાઁ
જગદંબા જગદિશ્વરી તું જગજનની માત ...ઓમજય૦
અંગેઓઢણી લાલકસુંબલ ટીલડીસોહે લલાટ ...મૈયા

કાનમાં કુંડલ ઝળકે શોભાનો નહિ પાર ...ઓમજય।
શ્વેત વદન શુભ મંગલ ચંદ્ર સ્વરૂપ આકાર ...મૈયા
રત્ન મુગુટ શીર સોહે ગલે હેમનો હાર ...ઓમજય।
મોહ માયા જલ ઊંડો લોભ પુરાની નાવ ...મૈયા
કરૂણા કર કરૂણેશ્વરી કરજે નૈયા પાર ...ઓમજય।
સેવક સમરે તારા નિત્ય આવીને દ્વાર ...મૈયા
"ભગતરામ" ભવ બધંન કાપો યમના પાસ ...ઓમજય।

જાલ્પામાઁ ની આરતી

(લય : આનંદ મંગલ કરૂં આરતી)

નિત્ય સવારે કરૂં આરતી જાલ્પામાઁ ની સેવા ...નિત્ય સવારે।
દયા કરી મને દર્શન આપો (૨) મનડાના માનેલા ...નિત્ય સવારે।
સૌને સાચી સમજણ આપો (૨) દ્રષ્ટિ આપો જોવા ...નિત્ય સવારે।
કુળમાં કોઈ રહે ન દુઃખીયો (૨) સુખની રેલમછેલા ...નિત્ય સવારે।
પરિવારમાં પ્રેમ વધારો (૨) સ્થાપો સંપ સુમેળા ...નિત્ય સવારે।
જીવન પુષ્પ ધરૂં તવ ચરણે (૨) સ્વીકારી લ્યો સેવા ...નિત્ય સવારે।
"ભગતરામ" ભવ બંધન કાપો (૨) ચરણે આવ્યો રહેવા ...નિત્ય સવારે।

ઓમ જય સતી નાનબાઈમાઁ

(લય : જય આધ્યા શકિત)

ઓમ જય સતી નાનબાઈ માઁ મૈયા જય સતી નાનબાઈ માઁ
સેવક સમરે તમને નિત્ય આવીને દ્વાર ...ઓમજય।
નિત્ય પ્રભાતે મંગલ આરતી દર્શન થાય ...મૈયા
ગાયે ગીત ગુણીજન નમન કરે નરનાર ...ઓમજય।
ચંદ્ર વદન સમ કાંતી તેજ તણો નહિ પાર ...મૈયા
સુંદર રૂપ નીરખતા આનંદ અંગ ન માય ...ઓમજય।
સત્ય સ્વરૂપ જીવન તવ સત્ય વચન વિચાર ...મૈયા
સત્ય કામ કરી લીધો સત્ય નામ આધાર ...ઓમજય।
દ્વાર તમારે આવે અંતરમાં લઈ આશ ...મૈયા
આશિષ એવા દેજો સુખ પામે સંસાર ...ઓમજય।
પરિવારમાં પૂર્યા પરચા અપરમપાર ...મૈયા
તવ શકિત ભકિતને જાણે જાણનહાર ...ઓમજય।
જીવન પુષ્પ ધરૂં હું તવ ચરણોની પાસ ...મૈયા
"ભગતરામ" મને દેજો આશિષ અપરંમપાર ...ઓમજય।

આનંદ મંગલ કરૂં આરતી

આનંદ મંગલ કરૂં આરતી હરિ ગુરૂ સંતની સેવા ...આનંદ।
પ્રેમ ધરી મારે મંદિરે પધારો સુંદર સુખડા લેવા ...આનંદ।

મારે આંગણે તુલસીનો ક્યારો શાલીગ્રામની સેવા ...આનંદ૦
સંત મળે તો કરીયે સેવા ગુરૂ મળે તો મીઠા મેવા ...આનંદ૦
ત્રિભુવન તારણ ભક્ત ઓધારણ પ્રગટ્યા દર્શન દેવા ...આનંદ૦
અડસઠ તીરથ સંતને ચરણે ગંગા, જમુના, રેવા ...આનંદ૦
કહે 'પ્રિતમ' જેને હરિ છે વ્હાલા હરિનાં જન હરિ જેવા ...આનંદ૦

શ્રી જાનબાઈમાઁ ની આરતી

(લય : આનંદ મંગલ કરૂં આરતી)

જય જય જાનબાઈ માત તમારી આરતી મંગલ કરીયે રે ...જય જય
નિત્ય સવારે વહેલા ઊઠી ધ્યાન તમારૂં ધરીયે રે ...જય જય
કુળમાં કોઈ રહે ન દુઃખિયો એવી ઈચ્છા કરીયે રે ...જય જય
પરિવારમાં પ્રેમ વધારો સુખ શાંતીથી રહિયે રે ...જય જય
એવી સમજણ દેજો અમને કામ તમારા કરીયે રે ...જય જય
દિવ્ય તેજ તવ રૂપ મનોહર હૃદય કમળમાં ધરીયે રે ...જય જય
''ભગતરામ''તવચરણો માં રહિ જીવન અર્પણ કરીયે રે ...જય જય

શ્રી ગાત્રોળમાઁ ની આરતી

રાગ : અહિર ભૈરવ તાલ : દિપચંદી

જય જય ગાત્રોળમાઁ અમારી અરજી ધરજો કાન
સદ્બુદ્ધિ એવી આપો અમને કરીયે તમારા કામ ...જય જય
નિત્ય સવારે વહેલા ઊઠીને ધરીયે તમારું ધ્યાન
ધુપ દીપ આરતી મંગલથી શોભે તમારૂં ધામ ...જય જય
આજે આનંદનો દિવસ ઊગ્યો પૂર્વ દિશામાં ભાણ
સોળ સજી શણગાર સખીયો ગાયે તમારૂં ગાન ...જય જય
કુળમાં કોઈ રહે ન દુઃખિયો રાખજો સૌનું ધ્યાન
રાગ દ્વેષ ઉપજે નહિ મનમાં સૌ રહે એક સમાન ...જય જય
નાનાછીએ સૌબાળ'ભગતરામ'આપતણા સંતાન
હાથ ઝાલીને પાર ઉતારી કરજો અમારા કામ ...જય જય

શ્રી જય અંબેમાઁ ની આરતી

(લય : જય આધ્યા શક્તિ)

ઓમ જય જગદંબે માત મૈયા જય જગદંબે માત
જગદંબા જગદિશ્વરી તું જગ જનની માત ...ઓમ જય૦
કંચન મુગટ સોહાયે કુમકુમ તિલક લલાટ ...મૈયા
નાકે નથડી સોહે ગલે હેમનો હાર ...ઓમ જય૦
ઓઢણી લાલ કસુંબલ કાનમાં કુંડલ ધાર ...મૈયા
હાથમાં કંકણ પાયે ઝાંઝરનો ઝણકાર ...ઓમ જય૦
દૈત્ય નિકંદન કાજે હાથ ધર્યા હથિયાર ...મૈયા

થોડો ખેં ને વધુ જીએં ઈ જોગીએંજી જીત
ભોગીઅ ખાઈ ખાઈ માંધા પે વટનાય કો જીઅણજી રીત

વાઘેશ્વરીનો વિશ્વે થાયે જય જયકાર ...ઓમ જય.
આશ ધરી તવ દ્વારે આવે જે નર નાર ...મૈયા
મન વાંછિત ફલ પામે સુખ પામેં સંસાર ...ઓમ જય.
ચંદ્ર સૂર્ય જલ સ્થલમાં નભમાં તારો વાસ ...મૈયા
સચરાચર સાવિત્રી તું શકિત સાક્ષાત્ ...ઓમ જય.
મોહ માયા સાગરમાં નૈયા ડગમગ થાય ...મૈયા
કરૂણાકર કરૂણેશ્વરી મુજને પાર ઉતાર ...ઓમ જય.
તુજ કૃપા દ્રષ્ટિથી જીવન બદલી જાય ...મૈયા
મુંગો વેદ ઉચ્ચારે પંગુ પર્વત ધાય ...ઓમ જય.
શકિત દે મને ભકિત શાંતી અપરમપાર ...મૈયા
તવ ચરણોમાં મારૂં જીવન અર્પણ થાય ...ઓમ જય.
વેદ મુનિ ગુણ ગાયે પામે નહિ કોઈ પાર ...મૈયા
"ભગતરામ" ભકતોની તું છેં તારણંહાર ...ઓમ જય.

સેતરબાવાની આરતી

(લય : આનંદ મંગલ કરૂં)

નિત્ય સવારે કરૂં આરતી શ્રી સેતરબાવાની ...નિત્ય.
મન મંદિરમાં મુરત સ્થાપી રહું સદા એક ધ્યાની ...નિત્ય.
તન, મન, ધન, અર્પણ કરીને હું રહું નીર અભિમાની ...નિત્ય.
સુખ કરજે દુઃખ હરજે મારા એ આશા મન માંહિ ...નિત્ય.
મંત્ર તંત્ર નવ જાણું પુજા નથી હું પંડિત જ્ઞાની ...નિત્ય.
પ્રેમ ભાવ ભકિત ને શ્રદ્ધા રહે સદા ઉર માંહિ ...નિત્ય.
નથી મને કો આશ "ભગતરામ" હું છું પ્રેમ દિવાની ...નિત્ય.

શ્યામ કલ્યાણીમાઁ ની આરતી

(લય : આનંદ મંગલ કરૂં)

નિત્ય સમરીયે નામ તમારૂં જય જય શ્યામ કલ્યાણીમાઁ
જય જય શ્યામ કલ્યાણી મૈયા (૨) પૂર્ણ સ્વરૂપ સોહાની ...નિત્ય.
સત્ય વચન શુભ ફલ દેનારી (૨) મુખે ઉચરીયે વાણી ...નિત્ય.
ભોગ વિલાસમાં ભટકે માનવ (૨) હું તારી દિવાની ...નિત્ય.
મોહ માયા સાગર જલ ઊંડો (૨) તરવાની હું અજાણી ...નિત્ય.
હર્ષ, લાભ, ભય, ને સ્વીકારૂં (૨) પ્રસાદ તારો જાણી ...નિત્ય.
"ભગતરામ" ભવ પાર ઉતારો (૨) મને પોતાનો જાણી ...નિત્ય.

આરતી ટાણે વેલેરા આવજો

જલદેવી મૈયા આરતી ટાણે વેલેરો આવજો
વાટ જુએ સૌ નાના તમારા બાળરે ...જલદેવી.
એ. મૈયા કુલડા વેર્યા તમારા ચોકમાં

ગાલા વલા ને મતલબી ઈ. સરચીન કેંકે ચેં
અની ભરોષે રઈ વેઆ તેંજા બારો વાણ બુડે

આભમાં ઉડે અંબીલ ને ગુલાલ રે ...જલદેવી.
આસો પાલવના તોરણો બંધાવ્યા
સાથીયા પુર્યા ઓમ, શ્રી, ને શુભ, લાભરે ......જલદેવી.
થાયે મંદિરમાં ધૂપ, દીપ, આરતી
ઝનનન થાયે ઝાલરનો ઝણકાર રે ...જલદેવી.
વાગે ઢોલ નગારા શરણાઈયો
સખીયો રમે સાથે મળી સૌ રાસ રે ...જલદેવી.
પરદેશથી પરિવાર આવ્યો આંગણે
પુરજો એના અરમાનો ને આશ રે ...જલદેવી.
મૈયા દુધ દહીં ઘી ને મધ-મીસરી
પંચામૃતનો સ્વીકારજો પરસાદ રે ...જલદેવી.
એ જોયા ભદ્રા-પરિવાર ઉતારે આરતી
ગુણ તમારા ગાયે ભગતરામ રે ...જલદેવી.

સતી નાનબાઈમાઁ ની આરતી

(લય : પારેવડા ઝાઝે)

આરતી ઉતારૂં નાનબાઇ માઁના ધામમાં(૨) પ્રેમ ધરી રાખી મન ભાવના આરતી.
શ્રધ્ધા વિશ્વાસનો દીપ પ્રગટાવું (૨) જ્યોતી પ્રકાશો ગામે ગામમાં ...આરતી.
માઁના મંદિરીયે શંખધુન થાયે (૨) ગર્જે ગગન ઘરનાદમાં ...આરતી.
ભાવની સુગંધ ભરી અંતરમાં પુરો (૨) ભકિતના રંગો વિચારમાં ...આરતી.
એક એક ઘડી મારી જાય સત્સંગ માં (૨) મન બુધ્ધી લાગે તવ કામમાં ...આરતી.
એવી સદબુધ્ધી અમને દેજો ''ભગતરામ'' (૨) જીવન ઘસાયે તવ કામમાં ...આરતી.

કુંજલડી

(કચ્છી ભાષામાં આલેખાયેલા કુંજલડીના પ્રાત્રને મનુષ્યના જીવન સાથે સરખાવેલ છે)

કુંજલડી છડ નુગરેંજો સંગ

છડ નુગરેં જો સંગ કુંજલડી છડ નુગરેં જો સંગ
નુગરા તોજો ઘર ખાઈ વેંધા કંધા ભજનમેં ભંગ ...કુંજલડી.
નુગરેં જો નાય થડ ઠેકાણું નાય ધંડો કો ઢંગ ...કુંજલડી.
રખી બગલમેં છુરીયું મોંસે કરીયેં રામ રટણ ...કુંજલડી.
ધરમ વકણી શરમ વંકણી ભેરો કરીયે ધન ...કુંજલડી.
છડે ભજન હરિજો ને કરીયે ખોટા કાંટે વજન ...કુંજલડી.
મોસેં બોરો મઠો કુછેને કરીયે ખોટા કમ ...કુંજલડી.
વાટ છડેને ઘસતા હલે કંરી આડા અવરા પંધ ...કુંજલડી.
નુગરે વટનાય રીત જીયંણજી કંધ તડાં ઐઈ પંધ ...કુંજલડી.
''ભગતરામ'' ધીલ ખોલે અનીકે કડેં મ દીજા સંધ ...કુંજલડી.

પાણીઅજો ઠાં ખુલ્લો દસીને કાગડો ભને કુજાત
આમું છડેને વે વીષ્ટાતે વતાયે પંઢજી જાત

કુંજલડી નતી કેકેં ભાંઈયેં

નતી કેંકે ભાંઈયેં કુંજલડી નતી કેંકે ભાંઈયે ...કુંજલડી.
સચીકો ચેતો તેં સામેં તું બાયું ચડાયેં ...કુંજલડી.
માએતરે સેં નતી મલી હલે નતી સાવરેં સાગાંઈયેં ...કુંજલડી.
અખરી થૈઈને અભણેંજા તું લુગડા વડી લાઈયેં ...કુંજલડી.
અઠ અઠ ટાણા ખાઈ પીને તું કાયા વેંઢારીયેં ...કુંજલડી.
શીજખુટાને બીજ ખુટા તું વક મેં નતી વાઈયેં ...કુંજલડી.
આયુષ્ય તોજી હલઈ વંએતી સેતું નતી સારીયેં ...કુંજલડી.
નાંય કો તો વટ લક્ષ જીઅણજો દીઅ પૈઈ ફટાઈયેં ...કુંજલડી.
"ભગતરામ" ચૈઈ ચૈઈને થકા તોય નતી તું ગેનારીયેં ...કુંજલડી.

કુંજલડી હલે નતી કો સંઈ

હલે નતી કો સંઈ કુંજલડી હલે નતી કો સંઈ ...કુંજલડી.
ઘાટી ઘાટી યમાર તોજી વંગમેં વેંઘી રૈઈ ...કુંજલડી.
ગની ઉધાર ટક પૈઈ ટારીયેં ખટેંન હકળી પઈ ...કુંજલડી.
ઘરજીમાની મઠી છડેંને કજુડા ચુંથીયે પૈઈ ...કુંજલડી.
હતે અસાંકે હકળી ચૈનેં પુઠીઆ કરીયેં બૈઈ ...કુંજલડી.
જેડલે ભેરા કરયા કુણભા કે મંઘરતે વૈઈ ...કુંજલડી.
નો જીયું ગાલીયું ગોઠમેં કે તડેં ઘરમેં તડજેં પૈઈ ...કુંજલડી.
ખાસા જોડા લજી મઘરતા હથ્થમેં આવઈ કૈઈ ...કુંજલડી.
બાવે પુઠીઅઆ ઘોળે પૈઈ લખ નતી વિમારીયેં વૈઈ ...કુંજલડી.
રૂએઠા રૂલે થેઅ વાટતે તેવટ મુંનનમાયે થૈઈ ...કુંજલડી.
'ભગતરામ' કેંકે ન મજે તડેં હાણે કેણી કૈઈ ...કુંજલડી.

કુંજલડી દેવે કે તી ઠાય

દેવેં કેતી ઠાય કુંજલડી દેવે કેતી ઠાય ...કુંજલડી.
જીઅરે સપ કે મારે વજે ને થાઅ.ણ કે ખીર પીરાય ...કુંજલડી.
પગપાડી પદયાત્રાઉં કરે પોએ મથો ગામજો ખાય ...કુંજલડી.
ભે વગરજી બાવેં પુઢીયા ઘર પંઢજે કે ઘસાય ...કુંજલડી.
વૈઈયું યમારૂ થાય કંઘે થાએ પંથીયું થૈઈ નોંઘાય ...કુંજલડી.
નેંય વરે નઉ ગુરૂ ભઘલાય ને બાવેં કે ચોરાય ...કુંજલડી.
ગામડે નારાય ને ધોરાયે પોએ પૈઈ પીતર કુછાય ...કુંજલડી.
તીર્થે તીર્થે તડજે થૈઈ તોય નતી વક મેં વાય ...કુંજલડી.
અઠેં દીએ ઉપવાસ રખે તેની કેળા ગઘે ખણ ખાય ...કુંજલડી.
અંઘ શ્રધ્ધાજી ઢંઢમેં'ભગતરામ' સજે કુટમ કે ફગાય ...કુંજલડી.

સાખી... દેનકો ટુકળા ભલા લેને કો હરિનામ
તરને કો આધીનતા બુડને કો અભીમાન

કુંજલડી લોટા રૂઠી વેંધા

લોટા રૂઠી વેંધા કુંજલડી લોટા રૂઠી વેંધા ...કુંજલડી.
ઉગોણુ ચૈઇને હેંઆનુ નકરેઆ વાંઇયાં રેખા વેકધા ...કુંજલડી.
વાટ કચ્છાટ છડેને લોટા ધસ મથા પોધાં ...કુંજલડી.
ધર્મજે નાંતે ઓગાળ કંધાને ખાઇ પંઢ વેંધા ...કુંજલડી.
સેવાજે નાલે તે મેવા મુલક ચરી વેંધા ...કુંજલડી.
વર્જે ચડાવેં મથે ચડાવા પોએ લકી રોંધા ...કુંજલડી.
મખણ બેંજે મોતે લપડે ખાઇ પંઢ વેંધા ...કુંજલડી.
કડેંન વેસા કજા અનીમેં ચૈઇને ફરી વેંધા ...કુંજલડી.
રૂઠી રૂઠી લોટા સરવાળે ઢંઢમેં છણી પોંધા ...કુંજલડી.
પની મંગીનેં પેટ ભરી તોય થેયા ઐંઇ સોંજા ...કુંજલડી.
ડીઅમેં ડો વેરા ભડજેં તોય લગેં નતા ભોડા ...કુંજલડી.
"ભગતરામ" ઇ લોટા જેડા ઐઉઇ તેડા રોંધા ...કુંજલડી.

કુંજલડી ભગતાણીયું મારાંઇ

ભગતાણીયું મારીંઇ કુંજલડી ભગતાણીયું મારાંઇ ...કુંજલડી.
કો આડે સેં ભરી ઝાડ જંગલજા મુરા સોંત વઢાંઇ ...કુંજલડી.
જીઅરે કે નતીયું જીઅણ ડીએં પોએ કાગડેં કે ખારાંઇ ...કુંજલડી.
વડો ભનાઇયેં ઠગ અની કે ધુતારા ધોળાંઇ ...કુંજલડી.
પઢજીયું થૈઇનેં પંઢ પંઢ કે મથે ઉભી મારાંઇ ...કુંજલડી.
ઘણીઅ કનાનું લક ચોરઇયેં બાવેં કે ખારાંઇ ...કુંજલડી.
કવલી ગાંયજો ડુધ ડોહે પોએ કુતે કેં પીરાંઇ ...કુંજલડી.
ગુરબાપા કે સામટા સીધ્ધા થારીયેં સોંત ડેરાંઇ ...કુંજલડી.
વગર વિચારે ભોએં વટ વૈઇને ડોરા થૈઇયું મંતરાંઇ ...કુંજલડી.
તીર્થે તીર્થે ધોળે થૈઇયું ને નતીયું કેંકે ભાંઇ ...કુંજલડી.
કથા સુણે ન ડી બેંકે સુએલા વચ્ચમેં ઝોલીયું ફરાંઇ ...કુંજલડી.
સમજાઇયું કેં વટાન સમજેં મારે ખરચર કરાંઇ ...કુંજલડી.
દત હકળી ઉત બૈઇ મૈઇ ઘરમેં વાદ વિવાદ કરાંઇ ...કુંજલડી.
'ભગતરામ" ઇઅં કંધે કંધેને સજી યમાર વંગાલ ...કુંજલડી.

કુંજલડી લધોં ધુતારેં સંઘ

લધોં ધુતારે સંઘ કુંજલડી લધોં ધુતારેં સંઘ ...કુંજલડી.
ધોરે લુગડે કે ધુતારા ભગવો રંગીયે રંગ ...કુંજલડી.
ઇ ચડે પેઆ ગાડીયેં ધોડે થાં ઠુંકાઇયું પંધ ...કુંજલડી.
મીઠે વોણેજે ઘરમેં વૈઇરેં રોપે માણક પંભ ...કુંજલડી.
કંદ મુળ ફળ છડે ને ખેંતા ડુધ પુરી શ્રીખંડ ...કુંજલડી.
ખાઇ પીને મતા ઐઇ જેડા ડેશી બાવરીયા ભુંઢ ...કુંજલડી.

કાલ બપોરેં અટો મંગેલા રૂલેયો પે ઘર ઘર
વડા વડા આશ્રમ અજ અનજા બાવો કરે વેઓ બાર

માયા ત્યાગે બાવા થેયાને ભેરો કરીયેં ફંડ ...કુંજલડી.
કંઠીયું ખણીને ધોળે ઘરોઘર ઉગાળેલા વંઢ ...કુંજલડી.
સચ્ચો ધરમ કો સમજે નતા હી આડા અવરા બંધ ...કુંજલડી.
પાકેં ચોંધાં પામર પ્રાણી પંઢકે સદાઈયેં સંત ...કુંજલડી.
વડેં ચોપડે બધી ખીલેતે દેઈ હી ગાભા ગંઢ ...કુંજલડી.
ડુસીયું દેડીયું ભરીયું કરે પેપા કરી સની સની ખુંઢ ...કુંજલડી.
સાધનાજો સચ્ચો માર્ગ છડે કરી આડા અવરા પંધ ...કુંજલડી.
નાગદોષ નારાયણ બલીજા ઉભા કરીયેં ફંધ ...કુંજલડી.
ચોવાટે તે કથા વાંચેને ભેરો કરીયે ધન ...કુંજલડી.
બુથઝલે કો વેઈ રેંતા કો ઝલે વેઈ રે ઢંઢ ...કુંજલડી.

કુંજલડી નાથ ઠગેંજો ચાર

નાથ ઠગેંજો પાર કુંજલડી નાથ ઠગેંજો પાર ...કુંજલડી.
ધન કમાયેલા કરીં ધુતારા ધરમજો વેપાર ...કુંજલડી.
ગંજા ગંજે ગીતા ભાગવતજી ખોળે વેઈરેં ભાજાર ...કુંજલડી.
મઠા મઠા થેઈ યજમાનેજી ઝલે ગનેંતા નાડ ...કુંજલડી.
તેં કેતા ઈ સ્વર્ગ પુગાંઇ જેં કેઆ એઈ થાપ ચમાનર ...કુંજલડી.
થીઢજે પીતરજી પુછાન કરીયે બધેંતા બેંજી થાર ...કુંજલડી.
મથેં વગરજા ભેરા કરીયેં માડુઅ લખ હજાર ...કુંજલડી.
રામજન્મ ને કૃષ્ણ જન્મ બોએ લુંટેજા હથિયાર ...કુંજલડી.
મુખમેં રામ બગલમેં છુરીયું ઈ અનીજા આચાર ...કુંજલડી.
માયા ત્યાગે બાવા થેઆને ભરીયેં પેઆ કોઠાર ...કુંજલડી.
જંગલજા જોગી મટી ઝલેયો નગર નરકજી વાટ ...કુંજલડી.
ધનવાને કે ભુછડો ચેંને રે ઉની ઘર રાત ...કુંજલડી.
એળીયું કથાઉ વાંચી જેમે સરે તા પઢજા સાર ...કુંજલડી.
'ભગતરામ' ઠગેલા આએ અગીયા ઓખીવાટ ...કુંજલડી.

કુંજલડી લોટા રૂઠી વેંધા

માડુઅ નતા મંગીયેં કુંજલડી માડુઅ નતા મંગીયેં ...કુંજલડી.
વાખાણેયા ચડી વજતે વંગે પોએ મથા ઉપડીપેં ...કુંજલડી.
નત વંગે મેમાણ થેઈ ઉત અખીયું બુંચે ખેં ...કુંજલડી.
હતે વેઈ લખ ઉતે વેઈને સજી ચમાર કઢેં ...કુંજલડી.
માએ તરેંજી સેવા ન કરીને બાવે પુઠીઆ પેં ...કુંજલડી.
હત હકડેં કે હકડી ચેઈને પુઠીઆ બેઈ કરીયેં ...કુંજલડી.
કમજા કુળા મણીયાં પેલા થારી મંઢેને વેં ...કુંજલડી.
લખણે ખોટા ઝુંરીયે ઓટા ખલા ગામજા ખેં ...કુંજલડી.
ગાલ તાલજી મોડ ન સમજે વચ્ચમેં ઉલરી પેં ...કુંજલડી.

નવરા વેઈને નુગરા કરીયેં કચ્ચા કુટાણભા કુળ
વગર ગુંનોજીયું રાતીં જાગી ભીરી કરીયેં ધુળ

વડી મરેંતા માડું એ સેં તડે સરસીનતા કો ચેં ...કુંજલડી.
વેવારમેં પેઆ વડા ભને પોએ વેળાજલેને વેં ...કુંજલડી.
ઉગે વટાનું ઉલથે સુધી અઠ અઠ ટાણા ખેં ...કુંજલડી.
કમ ધંધેજા ન હુંધે ઠેકાણા ઘરેં ન ટાણેવરેં ...કુંજલડી.
માંસ મદિરાપાન"ભગતરામ" લકીલકી કરીયેં ...કુંજલડી.

કુંજલડી નુગરા જાત વતાંઈ

નુગરા જા વતાંઇ કુંજલડી નુગરા જાત વતાંઇ ...કુંજલડી.
સુરધલ ત્રપંધલ છડીન નુગરા પેઆ કાયાકે ઠાંઇ ...કુંજલડી.
વજી નડીઅમેં સોનજીયું કંડીયું ગુરુએ કે ચોરાઇ ...કુંજલડી.
ગામડે નારાયે ને ધોરાયે પોએ પેઆ પીતર કુંછાઇ ...કુંજલડી.
પની મંગીને કરી ભંડારા ઉભો મોલ ભેલાંઇ ...કુંજલડી.
કો પેઆ ભોએં વટ ભો ભો કરી કો અખા વઠા મંતરાંઇ ...કુંજલડી.
પેટમેં કાતીયુ વડીયુ લકાયને ગંગામેં પેઆ નાંઇ ...કુંજલડી.
પટે કુટે કઠી છડીં કૃષ્ણકે રામકે વનમેં વોરાંઇ ...કુંજલડી.
નરશીઅ કે કરી નાત બાર મીરાંકે ઝેર પીરાંઇ ...કુંજલડી.
પરાયે વીઆંમે બાયુ ચડાયને ગટા જોર ભરાંઇ ...કુંજલડી.
નીત ઉથીને વંગે મંધરતે શંકર કે સોડાંઇ ...કુંજલડી.
ભગતરામ ગાયીએં જે નાંતે ગોધે કે ચારાંઇ ...કુંજલડી.

કુંજલડી છઠ ભુછડેં જો સાથ

છડ ભુછડેં જો સાથ કુંજલડી છડ ભુછડેં જો સાથ ...કુંજલડી.
ભુછડા છેવટ ભુછડા રેં ભલેં વાંચી ગીતા સાર ...કુંજલડી.
સંગ કેરારજો ડુંગરીય કેં તોય વૈઈને છટાણી વાસ ...કુંજલડી.
માએતરેં પુઠીઆ મુલઈઅ રખીને વાંચાઇ ગીતા પાઠ ...કુંજલડી.
પેઅ પુઠીયા પુથીયું નોંધાયે મથા ઉતારી આગ ...કુંજલડી.
ચેં મણીકે ભુછડો કેંસેં કરીન સંઇ પંઇ ગાલ ...કુંજલડી.
જેં રખેયો વિશ્વાસ ઇ તેંજી કઢે મુરાસોંત પાળ ...કુંજલડી.
ગની ઉધારા દીએન પાછા ઇ અનીજી લાયકાત ...કુંજલડી.
નાઇયેં નીત જાધા ઢંઢમેં છડે જ્ઞાન ગંગાજો ઘાટ ...કુંજલડી.
'ભગતરામ'ભુછડેં જા થીંધા છેવટ ભુછડા હાલ ...કુંજલડી.

કુંજલડી દોરામ મંતરાય

દોરા મ મંતરાય કુંજલડી દોરા મ મંતરાય ...કુંજલડી.
લોંકડી વૈઈતે સીકાર કેલા આવઈ પુછ કતરાય ...કુંજલડી.
પાપ કરીયેં હીલોન આયો હાણે મોં મ લકાય ...કુંજલડી.
મંગધલ કે સૌ મો નં દને ને પાવતીયું પે ફાળાય ...કુંજલડી.
સજી સજી રાતી જાગે ભજને મેં રૂપિયા વડા તો ઉડાય ...કુંજલડી.

કુળ કટાણભોંને ભુછળાઈયું ચમાર કેંઓ બાપા
પંડિતેં પુથીયું નોંધે સરગજા ખોલે દનો ઝાંપા

ચેચોન કેજો કે તડેં ઘરતે શનિ ઉભો પગઠાય ...કુંજલડી.
હુંઅઘ મેં તો ગઢોડેં સારૂં ઘુઇ વઠે ભેલાય ...કુંજલડી.
અખરી થૈઈને અભણે જા તો લુગડા ગડેઘે વેલાય ...કુંજલડી.
મોંસે બોરો મઠોતે કુછઈયેં પેટમેં પાપ લકાય ...કુંજલડી.
પાપ કરેને છુટા ખટેં તેકે છુટા વજેં મારાય ...કુંજલડી.
કાગડેનું ગરચ લુચ્ચી ઐઈયે તોકે માન વઘે મારાય ...કુંજલડી.
'ભગતરામ' ઈશ્વરજે ચરણે વજ હથિયાર ફગાય ...કુંજલડી.

કુંજલડી હલ કરીયું પરિયાણ

હલ કરીયું પરિયાણ કુંજલડી હલ કરીયું પરિયાણ ...કુંજલડી.
માડુઅ પરાયા મુલક પરાયો નાંય કેંસેં ઓળખાણ ...કુંજલડી.
મ થી ઘંત્રાણી પરાયે મુલકજી ઐદ્યેં તું મેમાણ ...કુંજલડી.
માયામેં પૈઈ ઘયેં દીઆં દીં થીનીયેં તું હેરાન ...કુંજલડી.
તો પુડીઆ મડે તોજા ઉભા ઐઈ તાકે તીર કમાન ...કુંજલડી.
પગ ખેંચી ઘા પખ મુડીઘા હન જુગજા હેવાણ ...કુંજલડી.
મન કે માયા મીજા ખણી કર ઈશ્વરસેં ઓળખાણ ...કુંજલડી.
કૈઈક પંખીડા સાથ ફટાયે ને ઉઠી વેઆ આસમાન ...કુંજલડી.
'ભગતરામ' એકાન્તમેં વૈઈ તું ભેરો કર સામાન ...કુંજલડી.

કુંજલડી મઠીયું બુલીયું બોલ

મઠીયું બુલીયું બોલ કુંજલડી મઠીયું બોલ ...કુંજલડી.
ખુંટીયું ગાલીયું કો તીકરીયેં બોલ જો કર તોલ ...કુંજલડી.
સોચે વિચારે શબ્દ પેં તેંજા માડુઅ કરીયેં મોલ ...કુંજલડી.
હકળી ચૈઈને બૈઈ કરી તેંજે પેટમેં પૈઈઆએ પોલ ...કુંજલડી.
જકી તકી તું કુછીને તોજી કુલાતી કરીયે ખોલ ...કુંજલડી.
ઘરજી ગાલમ ખણી વજાય તું ચોવાટે તે ઢોલ ...કુંજલડી.
વૈઈને કર વિચાર "ભગતરામ" દેહ મલ્યો અણમોલ ...કુંજલડી.

કુંજલડી અંતર ખોલેને ચાર

અતંર ખોલે નેચાર કુંજલડી અંતર ખોલે નેઆર ...કુંજલડી.
અમુલખ દેહ સ્વરૂપ પ્રભુજો મલેન વારંમવાર ...કુંજલડી.
તું નૈઈયે તીંઅ નાયેં બેઓ કો જગ માયા ભાજાર ...કુંજલડી.
કેરતું કે તોકે હલાયો વૈઈને કર વિચાર ...કુંજલડી.
પોતરા પુતરીયું સ્વર્ગ પુજાઈ નીયું ઈ છડ ખોટા ખ્યાલ ...કુંજલડી.
સરગ નરક જી છડ ચર્ચા તું કર ઈશ્વર સેં પ્યાર ...કુંજલડી.
વાદવિવાદ મેં અટકી રેઆસે કડેં ન પુજ ઘા પાર ...કુંજલડી.
પ્રભુ ભજન તું કર"ભગતરામ" બ્યો મડે મંઢે વાર ...કુંજલડી.

ખેણ કુળા વેણ કુડા કરી સજેદીં કુળ
કુળ કરે કુર પાંમેંયા છેવટ મોંમેં ધુળ

કુંજલડી ભો ન ઠારીંધો

ભો ન ઠારીંધો કુંજલડી ભો ન ઠારીંધો ...કુંજલડી.
બરદાલમેં બ કખ વજી તોજે ઘરકે ધુખાઇ ધો ...કુંજલડી.સ
સસકે હકળી નોં કે બૈઇ ચૈઇ વાઠ કરાઇ ધો ...કુંજલડી.
પ્રેમજી વાટ છડાય વહેમ જે ઘસતા ધોળાઇ ધો ...કુંજલડી.
આડીયું અવરીયું ગાલીયું કરેને વહેમ વજાઇ ધો ...કુંજલડી.
અંધ શ્રધ્ધાજી ઉની વાયમેં ઉધો ફગાઇ ધો ...કુંજલડી.
માતાજે નાલેતે બુથભર વૈઇનેમારાંઇ ધો ...કુંજલડી.
માતા કોપ કરેતી ચૈઇ ધ્રજણે કે ધ્રજાઇ ધો ...કુંજલડી.
જ્ઞાનજી વાટ છડાય ઢોંગજી ઢંઢમેં નારાઇ ધો ...કુંજલડી.
વાટ છડે પંઢ હલે ઇ પાંકે કેડી ચડાઇ ધો ...કુંજલડી.
ભગતાણીયું કરે ભીરીયું 'ભગતરામ' ઢેળા કરાઇ ધો ...કુંજલડી.

કુંજલડી ભો ન કંધો ભલીવાર

ભો ન કંધો ભલીવાર કુંજલડી ભો ન કો ભલીવાર ...કુંજલડી.
કુળદેવીયું દાદે માતાએંકે ભનાઇ ધો હથિયાર ...કુંજલડી.
ચરેખરે કે ચુરીધેં લખ કરે નતો વિચાર ...કુંજલડી.
મીઠે વગરજે માડુંએજી અન પરખે ગડે ને નાડ ...કુંજલડી.
ટપડેં ટુંકા ભોએંકે દીતાં નોં પુતરે જી રાવ ...કુંજલડી.
સુમણ નતો દે રાત સજી પેઓ કરે ગંજે કે ખોવાર ...કુંજલડી.
મોકે ભુલીવેઆ મોકે ભુલીવેઆ ગીત જુના પેઓ ગાય ...કુંજલડી.
ખુટલ કેઆનું આયો તોમેં માતાજી જો વાસ ...કુંજલડી.
માતા વચાળી મંધીર છડેને હુદાં હુદાં કઢે રાત ...કુંજલડી.
માડુ પીડાજે પંઢજે કર્મે તું કીઅં બધને પાર ...કુંજલડી.
માતા કોપ કરીધી કેંતે મળે માતાજા બાળ ...કુંજલડી.
તું પેઓ ધુઇયેં તું પેઓ અડિયેં વતાય ખુટી વાટ ...કુંજલડી.
'ભગતરામ' છડ બેજી પીડા પંઢજી વાટ બોઆર ...કુંજલડી.

કુંજલડી હટડીઅ કે સંભાર

હટડીકે સંભાર કુંજલડી હટડીઅકે સંભાર ...કુંજલડી.
જમા ઉધારજા લેખા જોખા ચોપડા ખોલે નેયાર ...કુંજલડી.
કેતરા લેખા ખોટા લખી ઘર કે તરા કે બરબાદ ...કુંજલડી.
મઠો મઠો પૈઇ કુંછેને તોજે પેટમેં પેઓ આએ પાપ ...કુંજલડી.
જેં રખેયો વિશ્વાસ તો તેંજી કઢે મુરાસોંત પાળ ...કુંજલડી.
હથપગ હલેઆ તેસીં અ કેતો ગડસડ સજી યમાર ...કુંજલડી.
કેર ખેધા કેર પીધાને તું કુલા થીએંતી ખોવાર ...કુંજલડી.
ઉઠમેં વંગ ઐઇ મડ અયડો તોમેં વંગ હજાર ...કુંજલડી.

વગર કંકોતરીયેં કાગડો પોખેયો ઉગે જત તત
હુંદાજીયું ગાલીયું હુંદાં કરે ને કરે વજે ફત ...

અખરી થૈઈને અભણેજા તો લુગડા ગડે ઘે લાય ...કુંજલડી.
ફટજામરો ગડ ગુંભડા નકરઘે અંગમેં પોંધી હોવાર ...કુંજલડી.
હોયમાં હોયમાં કને પૈઈ તોકે કો ન દીઘે ધાઘ ...કુંજલડી.
વાટ છડેને ઘસતા પેઓ તડેં વોઓ રાવણજો રાજ ...કુંજલડી.
'ભગતરામ' હટડી પ્રરવાળે પૈઈ પોંધી ધાર પાર ...કુંજલડી.

કુંજલડી પ્રેમ પવિતર ઘાટ

પ્રેમ પવિતર ઘાટ કુંજલડી પ્રેમ પવિતર ઘાટ ...કુંજલડી.
પગમેં કંઢા લગે નેં અખિયે આશું વૈઈ ચોધાર ...કુંજલડી.
મુઠ ચોખેમેં ભરે સુદામેં મીત્ર પ્રેમજો સાર ...કુંજલડી.
પ્રિત કરેને થીયે પરાઈ વહેમીએ જી ન્યાત ...કુંજલડી.
પંડીય પંથીયું વાંચે વાંચે પુજેં નતાકો થાર ...કુંજલડી.
પ્રેમ સ્વરૂપ પ્રભુજો આએ સદા સ્વયંમ કે સાથ ...કુંજલડી.
સત્યપ્રેમ સ્વરૂપ એક રંગી વહેમજા રૂપ હજાર ...કુંજલડી.
પ્રેમ નગરજી ત્યાગીને વૈરાગી પાનીવાટ ...કુંજલડી.
ઝેર થેયા અમૃત"ભગતરામ" ઈ પ્રેમજા પરતાય ...કુંજલડી.

કુંજલડી મંઝે નતો કો મન ?

મંઝે નતો કો મન કુંજલડી મંઝે નતો કો મન ? ...ટેક.
હાણે પુડ ભઘલાયે વજ તું આયો એકાવન ...કુંજલડી.
સતસંગજો ના સુણીને કરીયેં અખીયે આડા કન ...કુંજલડી.
સંત સમાગમ છડેને કરીયેં આડા અવરા પંઘ ...કુંજલડી.
ઘસી વેંઘા ધાણીઅમેં તોજા જોરાતા જોબન ...કુંજલડી.
જેં પુઠીઆ તો જાન દને ઉ કોન અચીધાં કમ ...કુંજલડી.
ઢીગલેં પુઠીઆ ધોડી ધોડી દૈઈ દને હડચગ ...કુંજલડી.
ખીચા ખફણમેં નૈઈ તોજેં તું ખણ નીયેં કીંઅ ધન ...કુંજલડી.
પેણાય જેડા પોતારા થૈઈ રેઆ શાનમેં સમજી વંન ...કુંજલડી.
વસારઈ તું કડે ન વસરે એડા કરે વંઝ કમ ...કુંજલડી.
પરાઈ મીલ્કત દસીને તોજો કુલા સુરેતો મન ...કુંજલડી.
'ભગતરામ' તોકે કમ અચીંદો અગીયા રામ ભજન ...કુંજલડી.

કુંજલડી ડાઈ થી તું ડાઈ

ડાઈ થી તું ડાઈ કુંજલડી ડાઈ થી તું ડાઈ ...ટેક.
સુમેં સવેરી ઉથીએં અવેરી આળશ વૈઓ તોકે ખાઈ ...કુંજલડી.
ઢીગલેજા ઢગ દસીને હેડી કુલા ખણેતી વડાઈ ...કુંજલડી.
નીધાં કરે પોએ તડજે પૈઈ તડેં કુલા વજેંતી પાઈ ...કુંજલડી.
છડ નુગરેં જો છેડો નકા તોજે ઘર કે વેંઘા ખાઈ ...કુંજલડી.
ઝઝે માડુંએમેં માઠન કરીયે કરીયે આપ બડાઈ ...કુંજલડી.

કથાકાર ચેં સુણતે કે વેઓ હરણ સીતાજો થૈઈ
સુણતે ચેં પોએ હરણ મીજા વરી સીતા થૈઈક ન થૈઈ

માએતરેં સામઉ કરીયેં સજોઠી સની સની ખુણસાઇ ...કુંજલડી।
બુઝે નતી નેં બુઝણ ભને પૈઇ જત તત તું દેઢ ડાઇ ...કુંજલડી।
નતી જીએં નતી જીઅણ ડીંએં તોકે ઉંધી મત કેં સુજાઇ ...કુંજલડી।
ચરપણ ચથરાઇયેં જે વચમેં ઉભી એઇયેં તું ઘુરાઇ ...કુંજલડી।
હુંતે વૈઇ લખ હુંતે વૈઇ તો સજી ચમાર વંઞાઇ ...કુંજલડી।
વૈઇ વિચારે વરખું ભર તો મથે વઠો આએ વાઇ ...કુંજલડી।
"ભગતરામ" કર સંતે ભીરી સતસંગ મેં સાંભાઇ ...કુંજલડી।

કુંજલડી નત મંધરતે વૈઇ

નીત મંધીર તે વૈઇ કુંજલડી નીત મંધીરતે વૈઇ ...કુંજલડી।
તેલ રાગેને સીંધાર ચોડેં પાએણ પુસાયે પૈઇ ...કુંજલડી।
દાતરો ખણી શ્રાવણ મેણે મેં તુલસીયું છાંભે પૈઇ ...કુંજલડી।
દુધ, દહી,ખણી વૈઇ મંધરતે ઢંઢમેં હારે વૈઇ ...કુંજલડી।
સજે મુલકજીયું યાત્રાઉ કે તોય લખ નાયે સુધરઇ ...કુંજલડી।
દો વીઅ રૂપિયા દાનમેં દૈઇને દખ્ખો કરાયે પૈઇ ...કુંજલડી।
ઉભો ન આડે જીવ કો જીઅરો પાએણે પુઠીયા પૈઇ ...કુંજલડી।
જેડલે ભેરો વઞી મધીરતે કરે કુટણ ભો વૈઇ ...કુંજલડી।
જ્ઞાનજી ગંગા છડે નીંધાજી ઢંઢમેં નાયે પૈઇ ...કુંજલડી।
સેવાજો નાય સ્વાદ જીવનમેં માડુઅ ખલાયે બૈઇ ...કુંજલડી।
હદાં સુણાયે હકળી પાંકે ઉડા સુંણાયે બૈઇ ...કુંજલડી।
નો જીયું ગાલીયું ગોઠમેં કે તડેં ઘરમેં તડજી પૈઇ ...કુંજલડી।
માએતરેંજી સેવાન કરે ને બાવે પુઠીઆ પૈઇ ...કુંજલડી।
માયા મઝા મન ખણે નતીને મારાંઉ ફેરે પૈઇ ...કુંજલડી।
તોજી મુંજી કરે કરે કઢી સજી ચમારૂ વૈઇ ...કુંજલડી।
ખાસો જોડો લજી મંધરતા હથમેં કૈઇ આવઇ ...કુંજલડી।
'ભગતરામ' અમૃતજી ગાગર ઠલાય વાટતે વૈઇ ...કુંજલડી।

કુંજલડી દીઅં રેઆ થોડા

દીંઅ રેઆ થોડા કુંજલડી દીંઅ રેઆ થોડા ...કુંજલડી।
થોડે દીયેં મેં કે તો કેતરા કરમ સચ્ચા કુળા ...કુંજલડી।
શુધ્ધ બુધ્ધ સેં કો ચાંસન પોએ ખોંતરે પે સેળા ...કુંજલડી।
ભોગી ભોગ મીજા ન ધ્રયા તડેં કંધમેં પેઆ કીડા ...કુંજલડી।
કાબર ચીતરો રંગ રાગે સેં લકેં નતા ધોરા ...કુંજલડી।
મુખમેં રામ બગલમેં છુરીયું ઇ લખણ કેળા ...કુંજલડી।
સેવાજે નાલે તે ખેનીયે કેતરા દીંઅ મેવા ...કુંજલડી।
કુરી પાટીઅમેં અ વિચારે કરે વધે ગેડા ...કુંજલડી।
હકલ હાકમજી થીંધી "ભગતરામ" જમ વંજધે જોડા ...કુંજલડી।

પ્રભુ અસીં ઠા છડે વેઆસીં તું કો છડીયેં તો
પેલા ઘડેતે ઠામડા હાણે ઠીકર ઘડીયેં તો

કુંજલડી ધારે રખ નીયમ

ધારે રખ નીયમ કુંજલડી ધારે રખ નીયમ ...કુંજલડી.
ઉથી ઉગેજો મણીયા પેલો કરતું રામ રટન ...કુંજલડી.
ગીતા ભાગવત રામાયણજો કર તું નીત્ય પઠન ...કુંજલડી.
સર્વ વયાપી જગદીશ્વર સેં જોડે રખતું મન ...કુંજલડી.
વસારઇ તું કડેં ન વીસરે કરતું એડા કમ ...કુંજલડી.
વ્રત નીયમ સેં હકળા થીંધા વાણીને વર્તન ...કુંજલડી.
હરિ વસે હરિજન મેં "ભગતરામ" સેતું ધારે ગીન ...કુંજલડી.

કુંજલડી કર સંતેસેં પ્યાર

કર સંતે સે પ્યાર કુંજલડી કર સંતે સેં પ્યાર ...કુંજલડી.
તું નૈઇયેં તીઅ નાયેં બેઓ કો સમજી ગનતું સાર ...કુંજલડી.
આવન જાવન રીત જગતજી નાંય તેંમેં ફેરફાર ...કુંજલડી.
કુટુંમ કબીલો કમ ન અચીધોં જુઠો જગ વેવાર ...કુંજલડી.
સજ થોડોને પંધ ગણું આએ અગીયા ઓખી વાટ ...કુંજલડી.
માયામઝા મન ખણે નતી પોએ ભુછળા થીંધા હાલ ...કુંજલડી.
મારે કુટેને મન કે તોજે હરિભજન મેં વેઆર ...કુંજલડી.
સંતેજીયું સચ્ચીયું ગાલીયું મીજ નાંય કો મોણ વગાર ...કુંજલડી.
સંતેજી સંગત સેં 'ભગતરામ' ઉકરી થીનીયેં પાર ...કુંજલડી.

કુંજલડી અગ્નાંનાંય સુધરઇ

અગ્નાંનાંય સુધરઇ કુંજલડી અગ્નાંનાંય સુધરઇ ...ટેક.
કસ્તુંરીઅજો સંગ કે તોયે ડુંગરી ડુંગરી રૈઇ ...કુંજલડી.
બરી ઠરીને રાખ થૈઇ તોયે સીધરી વટ મેં રૈઇ ...કુંજલડી.
વડી ભનઇ વેવારમેં છેવટ મથાનું ઉપડી પૈઇ ...કુંજલડી.
અભ્યાગતકેં છડેં વોરાએ ખોટો રૂપિયો દૈઇ ...કુંજલડી.
કથા સંણી સુણી કને થૈઇ બુડી હકળી સુએ કેં બૈઇ ...કુંજલડી.
મંગે નતી મા પેઅ ગુરૂએકે કંઠીયું બધાએ પૈઇ ...કુંજલડી.
પઢમેં નેરે નતી પ્રભુકે કાશીઅ નેરણ વૈઇ ...કુંજલડી.
બાવેં પુઠીયા ધોડી ધોડી પગેં ઉતરી વૈઇ ...કુંજલડી.
દુધ દહીજા લોટા ભરે મંધરેંતે હારે પૈઇ ...કુંજલડી.
જીઅરેંકે છડે વાટ વતાયનેં મોઅલેં પુઠીઆ પૈઇ ...કુંજલડી.
બ્રહ્મ તત્વ ભીતર ન સુંગાતે બાર રૂલી પટ થૈઇ ...કુંજલડી.
ચરણ ચુકેઆ દલણ થકેયા ગુડેં ગસરી રૈઇ ...કુંજલડી.
હથ્થમેં મારા મોમેં કુટણભો કરે મંધરતે વૈઇ ...કુંજલડી.
પંઢતે નાય વિશ્વાસ 'ભગતરામ' મુંજે મનમેં પૈઇ ...કુંજલડી.

એઠે હથસેં ન ઉડાંઇ કાગડો ન પાણી છંઢો પીરાંઇ
પરાયે વીઆંમેં બાયું ચડાય ને ગટા જોર ભરાંઇ

કુંજલડી સરવાળે થકનીયેં

સરવાળે થકનીયેં કુંજલડી સરવાળે થકનીયેં ...ટેક.
નો જે ટાણે નો ન થૈઈયેં પોએ સસ તું કીંઅ ભનનીયેં ...કુંજલડી.
ઓસરીને ઉભીરોનીયેં છેવટે વાટ મથે ભકનીયેં ...કુંજલડી.
ઘરમેં નોં પગ ખોએણ ન ડીધી હુંડા હુંડા લફનીયેં ...કુંજલડી.
આડો પાડો અચણ ન ડીધો માડુએલા સકનીયેં ...કુંજલડી.
મનજીયું ગાલીયું ચોનીયેં કેંકે મંજઈ મંજ ગુટનીયેં ...કુંજલડી.
હેર તોકે કો ખપે નતો પોએ તું ન કેંકે ખપનીયેં ...કુંજલડી.
ચરણ ચુકંધા હલણ ખુટંધા ઉભો સા ખણનીયેં ...કુંજલડી.
જમડા આંચો આંચ કંધા તેર કત વંગ્રી લકનીયેં ...કુંજલડી.
હેર તોકે સત સ્વાદ ખપેં પોએ પાણી કીં ન ગુરનીયેં ...કુંજલડી.
રામ જો નાલો રખ રૂદયમેં"ભગતરામ" ભચનીયેં ...કુંજલડી.

કુંજલડી છડ ખોટા ઢેળા

છડ ખોટા ઢેળા કુંજલડી છડ ખોટા ઢેળા ...કુંજલડી.
ગંગાનાચે પાછા આચા જેડા વેઆ તેડા ...કુંજલડી.
સમજયા નતે ને કથાઉ સુયોં પોચે કને થેયા બોડા ...કુંજલડી.
એકટાણા ઉપવાસ રખી ખેં કેશરીયા પેડા ...કુંજલડી.
સજે ગામજી યું યાત્રાઉ કેઓ તોય રોયડા કોરા રેઆ ...કુંજલડી.
પંઢતે નાંય વિશ્વાસ તડેં ઈ તીર્થેં તડજેં પેઆ ...કુંજલડી.
દુધ દહિ ખણી આચા મંધરતે ઢંઢમે હારે વેઆ ...કુંજલડી.
ધુતારે કે ઘરમેં વેઆરે ઘર ઘસાઈચે પેઆ ...કુંજલડી.
તીર્થેં તીર્થેં ગુમી ફરીને પાંએણ કરી ભેરા ...કુંજલડી.
સજીરાત જાગેં ભજનેમેં ગાંજોડીએં ભેરા ...કુંજલડી.
પની મંગીને મંધર ભનાય મથે ભોવા કરી ભેરા ...કુંજલડી.
"ભગતરામ" સરવાળે ઢેળા ઘર કે ખાઈ વેચા ...કુંજલડી.

કુંજલડી કર મ કેંસેં ભુછળાઈ

કર મ કેંસેં ભુછળાઈ કુંજલડી કર મ કેંસેં ભુછળાઈ ...કુંજલડી.
વાદ વિવાદજો અંત ન ઈંધો છદ ખુટી ખુણ સાઈ ...કુંજલડી.
પુતર મારાંય પંઢજા સો અંધે તોયન છડેં ખુટલાઈ ...કુંજલડી.
સીજ ખુટયાને બીજ ખુટી પોંધા તોચે વજેં પૈઈ પાઈ ...કુંજલડી.
કેણી કમાણી મ કર ધુળધાણી કીંઅ કનીયેં ભરપાઈ ...કુંજલડી.
વાટ છડેને ઘસતા પેઆ તેંજી લકાં વેંધી લુંટાઈ ...કુંજલડી.
હરિ ખચેં હથ્થમેં ભાંઠો તેર દસજી રોંધી મુળસાઈ ...કુંજલડી.
ભજન"ભગતરામ" કરતું મનસેં તેર થીંધી સરસાઈ ...કુંજલડી.

ખાધે મીજા નાંય ધ્રયો તડેં થૈઈ પેયો જભરો ઠાંઠો
ચરબીઅજો કજુડો કેં બુંભતે તડેં થેયો માંધો

કુંજલડી ચડે નતી કમતેં

ચડેનતી કમ તે કુંજલડી ચડે નતી કમ તેં ...કુંજલડી.
ખાધે ટાણે રૂડી રૂપાડી બરો અચે નમંધે ...કુંજલડી.
બાવે પુઠીઆ ધોળેં પૈઈ તોકે લજ ન પૈઈ રૂલંધે ...કુંજલડી.
વતાયેલા માડુએ કે કંઠીયું ટંગીયેં પૈઈ કંધતે ...કુંજલડી.
ચુંઢો કરેને ભજન ભનાઈયેં નૈઈ કેંજે મુખતે ...કુંજલડી.
કર્મી પંઢજે બરતે જીએંતા અકર્મી જીએં પરતે ...કુંજલડી.
કર્મીએજા કરમ વરેં ન શનિ ચડે ઘર તે ...કુંજલડી.
અકર્મીએ જીયું વેંધ્યું યમારૂં બેં પંઠીઆ ટરધેં ...કુંજલડી.
'ભગતરામ' કર કર્મ ભરોષો રખ તું ઈશ્વરતે ...કુંજલડી.

કુંજલડી ચડે નતી કમતેં

વડપ વધેં મારાય કુંજલડી વડપ વધેં મારાય ...કુંજલડી.
વખાણેયો ચડી વંજતે વત્રેને પોએ પેઓ ભડર જોરાય ...કુંજલડી.
પટલાઈયેં ને ચોવટે પુઠીયા સજી રાત કુટાય ...કુંજલડી.
ઉઠમણે મેં ભજન વેરાગી મુલઈય રખી ગારાય ...કુંજલડી.
પેઅ પુઠીઆ પુથી નોંધાયે ને મથા આગ ટારાય ...કુંજલડી.
મંગધલેં કે છડે વાટ વતાય ને પાવતીયું પૈઈ ફાડાય ...કુંજલડી.
વજે ચડાવે મથે ચડાવા પોએ પૈઈ મુન લકાય ...કુંજલડી.
જીઅરે પેઅકે પાણીન દે મોએ પુઠીયા ગામ ખારાય ...કુંજલડી.
રાગ બુજે નતો તાલ બુજે ને ડોકો પેઓ ધુણાય ...કુંજલડી.
માડુઅ દસીને થીએ ભુરાયો જીઅં તીંઅ ડાયો હલાય ...કુંજલડી.
બુઝણ ભનીને પંઢ પંઢ જેં કે હથ્થો ભની મારાય ...કુંજલડી.
ટકોન હકળો ઠએ ખીચેમેં લખ લખજીયું ચોડાય ...કુંજલડી.
પનીમંગીને કરે ભંડારા ઉભો મોલ ભેલાય ...કુંજલડી.
'ભગતરામ' વડપે પુઠીયા ઘર જો નાશ કરાય ...કુંજલડી.

જય શ્રી ઓધવરામ



સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય બારમો

હરિહરયોગ



મારે જાવું વાંઢાય ધામ

રાગ : પીલ્લુ (મન ડોલે મેરા તન ડોલે)

શ્રી લાલરામ ગુરૂ ઈશ્વરરામ જ્યાં રહે શ્રી વાલરામ
મારે જાવું વાંઢાય ધામ ...ટેક૦
વાંઢાયમાં એક વસે જોગીડો સંત શ્રી ઓધવરામ
જન્મ ધરી ભાનુકુળ કીધા વાંઢાયમાં વીરારામ
તન શુધ્ધ થયા મન પાવન જેનાં અંત કરણ નિષ્કામ ...મારે૦
બાલાપણમાં લગની લાગી જાગ્યા આતમરામ
ઈશ્વરસાગરના કિનારે બેસીને એકાંત
જાપ અજંપા જપ્યા નિરંતર રામ રામ સીતારામ ...મારે૦
ભકિતની શકિતથી પ્રગટી ઘર ઘર ક્રાંતિ જ્યોત
પંથ ભુલ્યા પરિવારે કીધી સત્ય ધર્મની શોધ
એને સત્ય ધર્મ સ્થાપિત કરી આપ્યું લક્ષ્મીનારાયણ નામ ...મારે૦
પચરંગી ક્રાંતીના પ્રણેતા સ્થાપિત ગુરૂકુલ કીધા
પ્રજ્ઞા ચક્ષુના જીવનમાં દિવ્ય દ્રષ્ટિકોણ દિધા
જીવનદાતા, ભાગ્ય વિધાતા, તને સત સત બાર પ્રણામ ...મારે૦
ગંગાજીના તટ હરિદ્વારે આશ્રમ સ્થાપન કીના
લાલરામેશ્વર નામ ધરી શ્રી ગુરૂને અર્પણ દીના
સૌ કાર્યો પુર્ણ કરીને આપ્યા હરિહરના પયગામ ...મારે૦
કોઈ કાશી કોઈ જાય મથુરા કોઈ વ્રજ ગોકુળ ધામ
હરિવસે હરિજનમાં"ભગતરામ" ભજન કરીને જાણ
શ્રી ગુરૂનાં ચરણોમાં મારા અડસઠ તીર્થ ધામ ...મારે૦

માણસનું જીવન ધોરણ ત્રણ ખંડોમાં વહેંચાયેલું છે જેમાં પ્રથમ (૧) ત્યાગ (૨) વૈરાગ્ય (૩) અનુરાગ. ગીતામાં ભગવાન કહે છે સર્વારંભ પરિત્યાગી ત્યાગનો અર્થ થાય છે વિષયોમાં રહીને વિષયોનો ત્યાગ કરવો. ભકત કવિ નરસિંહ મહેતા કહે છે કે, સંસારમાં સરસો રહેને મન મારી પાસ જો. વિષયો ભોગવવા પણ ત્યાગ કરીને

ભોગવવા ત્યારબાદ આવે છે વૈરાગ્ય. વૈરાગ્ય એટલે વેષ, દેશ અને વ્યવસાય પરિવર્તન કરી જંગલમાં ચાલ્યા જવું અને ધન તથા સંસાર અને વિષયોની સતત અવગણના કરતા રહેવું. ત્યાર પછી આવે છે અનુરાગ જે અવસ્થા બંધનમાં હોવા છતાંય બંધન રહીત છે જેવી રીતે કાદવમાં રહેવા છતા કમળ કાદવથી અલિપ્ત છે. એવી રીતે અનુરાગી સંસારમાં રહે છે પણ સંસાર એમાં નથી હોતો કવિ કહે છે,

બીચ સંસાર ચલે અનુરાગી યે બાત જાની પહચાની
નાવ ભલેં પાનીમેં હો ન હોના નાવ ભીતર પાની

જેવી રીતે નાવ પોતાની સંપૂર્ણ આયુષ્ય પાણીમાં કાઢે છે પણ પાણીને પોતાની અંદર પ્રવેશ કરવા દેતી નથી એવી રીતે સંન્યાસીઓ અને સાધુઓ અનુરાગી હોવાથી પ્રવૃત્તિમય હોવા છતાંય નિવૃત્ત હોય છે સાધુ સંસારમાં ચોટેલો પણ નથી અને ઉખડેલો પણ નથી. આપણા શાસ્ત્રકારો એવા સાધુનું વર્ણન કરતા કહે છે કે,

ધર્મે તત્પરતા મુખે મધુરતા દાને ઉત્સાહિતા ।
મ્ધિે ડવંચકતા ગુરૌ વિનયતા ચિતેતિ ગંભીરતા
આચારે સુચિતા, ગુળે રસિકતા શાસ્ત્રોતિ વિજ્ઞાનિતા
રૂપે સુંદરતા હરૌ ભજનિતા સંત્સ્વેવ સદસ્યતિ ।।

સાધુ એને કહેવાય જે ધર્મના કામમાં સદાય તત્પર રહે છે એમની વાણી કર્ણપ્રિય અને મધુર હોવી જોઇયે. ભકત કવિ સુરદાસ કહે છે વાણી કા સ્વર સુધારલે બસ હો ગયા ભજન મહારાજશ્રી ઓધવરામજી કહેતા હતા કે, શુધ્ધ વાણી વેદનો એક પ્રકાર છે માટે સાધુની વાણી સુમધુર હોવી જોઇએ. ત્યાર બાદ શાસ્ત્રકારો કહે છે સાધુમાં દાન આપવા વિશે તત્પરતા હોવી જોઇએ તથા સર્વજનો સાથે એનું વિનય, વિવેકી, તથા ગભીરતાં પૂર્વકનું વર્તન હોવું જોઇએ તે સિવાય સાધુ શાસ્ત્રોમાં નિપુણ તથા ભજનાનંદી હોવો જોઇએ. ત્યાર પછી શાસ્ત્રો કહે છે કે સાધુ નામ, રૂપ અને ગુણ થી ઉચ્ચ હોવો જોઇએ તથા નામ રૂપ અને ગુણને યોગ્ય હોવો જોઇએ એટલે જ કવિ કહે છે કે,

'ભગતરામ ગુણ, રૂપ, નામ, મુજે કાળજે મેં કોતરાઇયાઁ
ચાગબાઇ મુજી માઁ આઉ ઓધવ ઓધવ કરીયાં

પંચરંગી ક્રાંતિના પ્રણેતા પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજી ઇશ્વર આશ્રમ વાંઢાયના નિર્માણ કાર્યો તથા નિર્માણોની વચ્ચે રહીને પણ આશિકત રહિત રહ્યા હતા. આશ્રમમાં જે કાર્યો દેખાય છે તે સર્વ કાર્યોના સ્વયંમ પ્રણેતા હોવાં છતાંય કર્તાપણાનુ લેષમાત્ર પણ એમના જીવનમાં ભાવ દેખાતો ન હતો એવી સ્થિતી ઉપર પહોંચ્યા પછી પરમ પુજય મહારાજશ્રી પોતાના જીવનને એક નવી દિશા આપવાની સાધનામાં લાગેલા હતા. માનસ પટ પર સુવિચારોનાં ગંજ ખડકાઇ ગયા હતા. મહારાજશ્રી ગુપ્તતા સેવીને એક ઉંચી ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યા હતા. સામાન્ય માણસ જેની કલ્પના પણ ન કરી શકે એવા નિમાર્ણ કાર્યો પરમ પુજય મહારાજશ્રી ના માનસપટ પર અંકિત થયેલા હતા.

સંત ઓધવરામ અસાંજા

રાગ : દરબારી તાલ - કેરવા

સંત ઓધવરામ અસાંજા ...સંત ઓધવરામ
રામ અસાંજા પ્રાણ અસાંજા ...સંત ઓધવરામ
જ્ઞાન મોરલીઅજા સુર સુણી આંજા
ઠરી ઠામ થેયા ઐંઇ અંતર અસાંજા ...સંત ઓધવરામ
કર્મ મોરલી અજા સુર સુણી આંજા
જાગૃત તન મન ધન થેયા અસાંજા ...સંત ઓધવરામ
ભકિત મોરલી અજા સુર સુણી આંજા
મન બુદ્ધિ સ્થિર થેયા લક્ષ અસાંજા ...સંત ઓધવરામ

ભાવ મોરલી અજા સુર સુણી આંજા
છલકાણા જીવન અધુરા અંસાજા ...સંત ઓધવરામ
ધ્યાન મોરલી અજા સુર સુણી આંજા
ધન્ય થેયા "ભગતરામ" જીવન અસાંજા ...સંત ઓધવરામ

દેખના ચાહો મેરી ઉડાન, તો ઉંચાં કરદો આસમાન

મહાપુરૂષો સ્વયંમ પોતાના મુખે સિધ્ધીઓનું વર્ણન કરતા નથી પણ એમણે કરેલા કાર્યનું સમાજમાં પ્રતિબિંબ પડયા વગર રહેતું નથી જન માનસને તથા આશ્રમવાસીઓને મહારાજશ્રીની ઉડાનનાં સંકેત મળી ચુકયા હતા. મક્કમ મોનબળ તથા દ્રઢભૂમિકા ધરાવતા મહારાજશ્રી ને એક દિવસ સાધના કુટીરમાં બેઠા હતા ત્યારે વિચાર આવ્યો કે, આશ્રમની પાસે રહેવાથી વારે ઘડીએ ઉભી થતી નાની મોટી ઉપાધીઓથી સાધના કાર્યમાં વિપેક્ષ પડતો હતો. અંતે પ્રત્યેક મનુષ્યે ઉપાધી રહિત થવું જોઇએ. એ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને પોતાનું શેષ જીવન તીર્થાટનમાં ગાળવું જોઇએ. એ વિચારને અમલમાં મુકયા પછી પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજીએ એક યાત્રા સંઘ ઉભો કર્યો જેમાં મહારાજશ્રી સાથે કચ્છ વિસ્તારનાં જુદા જુદા ગામડામાંથી ઉપરોકત યાત્રા સંઘમાં ઘણી વ્યકિતઓ જોડાઇ જેમાં,

(૧) સીતારામબાપા આહિર - મું. કુકમાં
(૨) વૈસાબા તેજમલજી જાડેજા - મું. દરસડી
(૩) ગંગાબા માધુભા જાડેજા - મુનાની તુંબડી
(૪) વઘુબા ખાનજી સીંધલ દરબાર - વાંઢાય
(૫) રામજી ડોષાભાઇ ભાનુશાલી - નિરોણા
(૬) ભાનુશાલી હેમીબાઇ ગજરા - નિરોણા
(૭) ભાનુશાલી કેરાવજી તુલસીદાસ વડોર
(૮) શ્રી ઠાકરમાઁ ઝુરા ધ્વારાના સેવક - મુ. ઝુરા
(૯) ભાઃ વિશ્રામ પરબત ભદ્રા
(૧૦) ભાઃ લક્ષ્મીબેન હરજી કટારીયા (નોંધ : પુરા નામ મળી શકયા નથી.)

એ સમયે આપણી કચ્છની પ્રજા અશિક્ષિત હોવાથી હરિદ્વારને સ્વર્ગદ્વાર કહેતી હતી. પોતાનુ વર્તન (ગામ) છોડીને ભુજ જેવું નગર પણ જેણે જોયું ન હતું. એવી સદ્‌ભાગી વ્યકિતઓને હરિદ્વારની યાત્રા તથા ગંગાસ્નાન કરાવવા અર્થે પરમ પુજય મહારાજશ્રી પોતાની સાથે ચાલીસ (૪૦) વ્યકિતઓના સંઘને હરિદ્વાર તેડી ગયા હતા. સંવત ૨૦૦૫ માગસર સુદ ૬ (છઠ) ને મંગળવારનાં રોજ વાંઢાયથી પ્રસ્થાન કર્યું. હરિદ્વાર પહોંચ્યા પછી ત્યાંથી ગુજરાતી ધર્મશાળામાં સંઘને ઉતારો મળ્યો.

રાતના ભોજન કર્યા બાદ સંઘને સંબોધન કરતા મહારાજશ્રીએ જણાવ્યું કે દરેક મનુષ્યે જયાં સુધી શરીર સાથ આપે ત્યાં સુધી તીર્થાટન કરી લેવા જોઇએ. આપણે આજથી સૌ વિરકત સંન્યાસીની ભૂમિકા તરફ જઇ રહ્યા છીએ. સંઘ એ જ આપણું બળ છે બુધ્ધ ભગવાને પોતાનાં શિષ્યોને ઉપદેશ આપતા કહ્યું હતું કે સંઘમ શરણમ ગચ્છામિં મહારાજશ્રીએ સંઘને ઉપદેશ આપતા કહ્યું હતું કે યાત્રા દરમ્યાન કોઇપણ વ્યકિતએ સંઘના દોષો જોવા જોઇએ નહી તથા અગવળતા નો ખ્યાલ આવવો જોઇએ નહી દરેક યાત્રાળુએ યાત્રામાં ઘર જેવી સગવડ નહી મળે એ યાત્રામાં જોડાયાથી પહેલા સમજી લેવું જોઇયે. અને યાત્રામાં સગવળનો અભાવ માન્યતા પ્રાપ્ત છે.

મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને સંઘમાં એક પ્રકારની નવચેતના નો સંચાર થયો અને થોડા દિવસ હરિદ્વારમાં વિશ્રાંતી લીધા બાદ બદ્રીનાથ, કેદારનાથ, ગોકુળ, મથુરા, વૃદાંવનની યાત્રા કરીને સંવત ૨૦૦૫ જેઠ સુદ ૧૧ એકાદશી વાર ગુરુવારના દિવસે ઇશ્વર આશ્રમ વાંઢાયમાં સંઘ પાછો આવ્યો અને સૌ એ ઇશ્વરરામની પ્રાર્થના કરી.

અમારા ઈષ્ટ છે ઈશ્વરરામ

રાગ : ભીમપ્લાસ તાલ - કેરવા (એ મનવા લઈલે લ્હાવ અમુલ્ય)

અમારા ઈષ્ટ છે ઈશ્વરરામ (૨) ...ટેક.
તત્વવૈતા શીતલ સુખરાસી શાંત સ્વરૂપ તમામ ...અમારા.
સંત શીરોમણી સુખરાસી શીલવતં નિષ્કામ ...અમારા.
કંચન લોષ્ટ સમ કરી જાને તીર્થોથી ઉપરામ ...અમારા.
એવા ગુરૂનાં ચરણે "ઓધવ" મન પામે વિશ્રામ ...અમારા.

મહારાજનાં મત અનુસાર બધી યાત્રાઓ પુર્ણ કર્યા હોવા છતાંય ગુરૂજનોના દર્શનો કર્યા બધી યાત્રા અધુરી ગણાય એ હેતુંને ધ્યાનમાં રાખીને મહારાજશ્રી ઈશ્વર આશ્રમ વાંઢાયમાં આવ્યા અને ત્યાં આવ્યા પછી શ્રી બાપુ રામદાસજીની ત્રણ વરસ સુધી સેવા કરી શ્રી બાપુ રામદાસજી એકસૌ ચૌદ વરસની આયુષ્ય ભોગવીને સંવત ૨૦૦૮ વૈશાખ સુદ ૬ છઠ ને ગુરૂવારનાં રોજ એમનું શરીર શાંત થયું.

બાપુરામદાસજીનું શરીર શાંત થયા પછી એમની પાછળ ભધ્રા ઉત્સવ કરી સંવત ૨૦૦૮ ની સાલમાં પરમ પુજ્ય મહારાજશ્રી હરિદ્વાર જતાં પહેલા એક વખત મુંબઈ ગયા.

કદમ અરિશ્થર છે જેના એ કદિ ઉંબંરો ચડતા નથી
અડગ મનના મુસાફરને હિમાલયો નડતા નથી !!!

પ. પુજ્ય મહારાજશ્રીએ સાધના કાળમાં અનેક કાર્યો કર્યા હતા પોતે અક્ષરજ્ઞાન ઓછું ધરાવતા સાક્ષરને શરમાવે એવા જટીલ વિષયોનો અર્થ ઘટન કરી શકતા હતા. ભય, લાચારી, અને નિરાશાનો જયાં સુધી માણસને સ્પર્શ થયો નથી ત્યાં સુધી એને કોઈ પણ કાર્ય જટીલ લાગતો નથી. અને તે કોઈ પણ કોયડાનો ઉકેલ શોધવામાં સફળ રહે છે. મહારાજશ્રી જયારે પ્રથમ મુંબઈ આવ્યા ત્યારે તે દરિયાસ્થાનગલી વડગાદીમાં લોહાણા પરિવારને ત્યાં ઉતર્યા હતા. કારણ કે લોહાણા સમાજનો વાંઢાય ઈશ્વર આશ્રમના ત્રીજા ગુરુ શ્રી ઈશ્વરામ મહારાજ ગાદીપતિ હતા. ત્યારથી સંબંધ હતો. સૌ પ્રથમ મહારાજ શ્રી માતાજી ચાગબાઈમાઁ ને મૈયામાઁ પાસે છોડી હરિદ્વાર તથા બદરીનાથની યાત્રાએ ગયા. ત્યાં એમણે ગંગાના તીરે કચ્છી આશ્રમ બનાવવાનો નિર્ણય લીધો. એ નિર્ણયને સાકાર કરવા માટે મહારાજશ્રી એક વખતે મુંબઈ આવ્યા હતા. અને માઁ ને સાથે સાથે બીજું પણ એક કામ થશે. ભકિત કવિ સુરદાસ કહે છે,

ચાલો સખી વહાં જાઈયે જહાંવસે વ્રજરાજ
ગોરસ બેચત હરિ મીલે હો એક પંથ દો કાજ

મહારાજશ્રી એ વિચાર્યુ કે હરિદ્વાર આશ્રમનો શુભારંભ થશે અને બીજું મને મારી જ્ઞાતી ગંગાના દર્શન થશે.

એક પંથ દો કાજ

મહારાજશ્રી મુંબઈમાં સૌ પ્રથમ લોહાણા સમાજના અગ્રણી એચ. દામજીની પેઢીએ આવ્યા પછી ઠા. મુરજી ધનજી સાથે મુલાકાત થઈ. ત્યાર બાદ લોહાણા સમાજનાં અગ્રણીઓ ઠા. મંગલદાસ વેલજી, ઠા. કલ્યાણજી શામજી, ઠા. પ્રેમજી વાઘજી, ઠા. મીઠુ ભીમજી, ઠા. વિરજી વિશ્રામ તથા સૌ જ્ઞાતિજનોએ ભેગા મળીને મહારાજશ્રીની દરિયાસ્થાનમાં વાજતે ગાજતે પધરામણી કરાવી. સ્ત્રીઓએ મંગળગીતો ગાઈને પુજન કર્યુ. એક સાધુને શોભે એવો સ્વાગત કરવામાં આવ્યું. નાના મોટા સૌ કોઈ એક પછી એક પગે લાગતા હતા. એ સમયે આશીર્વાદ આપતા આપતા મહારાજશ્રીના આંખમાં આંસુ આવી ગયા. તે વખતે ત્યાં હાજર રહેલા સમાજનાં અગ્રણી શ્રી વિરજી વિશ્રામે કહ્યું કે મહારાજશ્રી આપની આંખમાં આંસુઓ જોઈ અમને બહું દુઃખ થાય છે. અમારી કોઈ ભુલ હોય તો નિઃસંકોચ પણે કહો બસ મારી એ જ આપને વિનંતી છે. અને આપના આગળના આયોજનના રૂપેરખા જણાવો અને અમારા લાયક જે પણ કોઈ કામ હોય તેના માટે સેવા કરવાનો અવસર આપો ત્યારે મહારાજશ્રી એ કહ્યું કે ભાઈઓ મારી આંખમાથી સરી પડેલા અશ્રુઓ એ તમારા પ્રેમનો જવાબ છે. આટલી મોટી સંખ્યામાં તમને જોયા પછી હું મારા આનંદને રોકી શકયો નહિ. બીજું મને કોઈ દુઃખ નથી પણ મને એક વાતનો દુઃખ જરૂર છે આપ સૌ મારા બાંધવોની વચ્ચે મારા જ્ઞાતિ બાંધવો કયાં પણ દેખતા નથી. માટે મારી જ્ઞાતિ ગંગા સાથે મુલાકાત કરાવી આપો તો બહું સારૂં મેં સાંભળ્યું છે કે એ બધા આટલામાં જ કયાંક મજુરી કરે છે. મહારાજશ્રીની આજ્ઞા થતા ચાર પાંચ યુવાનો ખાંડ બજારમાં ગયા. અને ભાનુશાલી સમાજના બાંકડાવાળા (દુકાનવાળા) ને બોલાવી આવ્યા. જેમાં દેવશી ભગત, માવજી નારાણજી, મીઠુ કાનજી, બચુભાઈ ભદ્રા, એચ. દામજી, મીઠુ ખીંચસી, હરિદાસ પુરૂષોત્તમ, ધનજી દામજી, લક્ષ્મીદાસ રામજી,

પુરષોત્તમ, વેલજી દયાલ તથા ચડાઇવાળા ના પ્રમુખ પ્રેમજી ફકીર તથા અરજણ દામજી તથા બારદાન સીલાઇ મંડળના સભ્યો મળીને ઓછામાં ઓછા ચારસો માણસો મહારાજશ્રી ના દર્શન કરવા આવ્યા હતા. તથા હમાલીકામને કર્મ એજ પુજાના સિધ્ધાંતને અનુસરનારા ભા. માવજી ગોપાલજી ભદ્રા એ પણ મહારાજશ્રીનાં આશીર્વાદ લીધા.

વાંઢાયથી ઈશ્વર આશ્રમના મહંત શ્રી ઓધવરામ બાપા આવ્યા છે એવા સમાચાર મળતાં સર્વે ભાનુશાલી ભાઇઓ તરત જ આવી બાપાને પગે લાગી એકઠા થવા લાગ્યા. બાપાએ નજર ફેરવી ભાઇઓને જોયા ત્યારે પસીનાથી ભીંજાયેલા, મેલા કપડા અને નિર્બળ શરીર ! એવા જ્ઞાતિભાઇઓને જોઇને બાપાએ આંખો બંધ કરી માતા હીંગલાજને મનોમન કહ્યું કે હે માં કુળદેવી ! જો આ તારા બાળકોની કેવી હાલત છે ? બાપાની બંધ આંખો જોઇ ત્યાં બેઠેલા દામજીભાઇ એ પુછ્યું કે બાપા, શેના વિચારોમાં મગ્ન થઇ ગયા છો ? બાપાએ કહ્યું કે આ દુખીયારા ભાઇઓને જોઇ માતાને પ્રાર્થના કરતો હતો કે હવે તું તારા કુળ માટે જાગૃત થઇ તેમના ઉપર દયા કર. કહેવત છે કે જયારે દુઃખનો સમય પુરો થવાનો હોય, ત્યારે નિષ્કામ ભકિત કરનારા સાચા સંતનો મેળાપ થાય છે. અને એના આશીર્વાદથી ઉદ્ધાર થઇ જાય છે. શ્રી ઓધવરામ બાપાના દર્શનથી મનમાં એવી શ્રદ્ધા ઉત્પન્ન થઇ કે બાપાના આશીર્વચનો સાંભળવા એચ. દામજીના ગોદામે રાત્રે ૯ વાગ્યે જ્ઞાતિભાઇઓનો મેળાવડો નકકી કરવામાં આવ્યો. નજીક વસતા બધા જ્ઞાતિભાઇઓ રાત્રે ૯ વાગ્યે એકઠા થયા અને સભામાં બાપાના દર્શન તથા ફુલહારથી સ્વાગત કરી બધા ગોઠવાઇ ગયા. ત્યારે બાપાએ પ્રવચન આપતા કહ્યું કે ભાઇઓ, કચ્છમાં તમારા પરિવારની હાલત જોઇ મારૂં હૃદય કંપી ઉઠયું અને ભીતર રોઇ રહ્યું છે. અહીયાં તમારી હાલત પણ નબળી દેખાય છે. માટે કુળદેવી માં હીંગલાજને યાદ કરી એમનું શરણું લેશો તો કુળદેવી જરૂર કૃપા કરશે અને હું પણ માં હિંગલાજની સાક્ષીએ મારા અંતઃકરણથી આશીર્વાદ આપુ છું કે હવેથી તમારા જીવનમાં પરિવર્તન આવે જેથી ભાવિ પેઢી ભણતરમાં આગળ વધી જરૂર સુખી થશે અને દુઃખમય જીવન વિતાવનાર વડિલોને પણ સુખ આપશે. બાપાના આવા આશીર્વચનો સાંભળી બધા જ્ઞાતિભાઇઓ આનંદમાં આવી માં હિંગલાજનો જય જયકાર બોલવા લાગ્યા અને યુવાનીયા તો નાચવા લાગ્યા. બધાને શાંત પાડી બાપાએ પુછ્યું કે ભાનુશાલી જ્ઞાતિના મુંબઇમાં ઘર કેટલા ? ચઢાઇ મજુરના પ્રમુખ શ્રી અરજણભાઇ દામજીભાઇ નુંધાતડવાળાએ કહ્યું કે બાપા, ઘર તો ૨૦/૨૫ હશે પણ એવા કેટલાય ઝુંપડાં છે જેમાં નહી લાઇટ, નહી સંડાસ કે નહી પાણીની વ્યવસ્થા. આવી સુવિધા વગર કેટલાય કુટુંબ છે, તેમની હાલત તો આનાથી વધારે દયનીય છે. તેમની તો વાત જ ન થાય. બીચારા આખો દિવસ મજુરી કરે અને જયાં ત્યાં ખાઇ લે અને રાત્રે ફુટપાથ ઉપર બારદાન પાથરી સુઇ જાય છે. બાપા, શ્રી ઓધવરામ બાપાએ હિંમત આપતા કહ્યું કે આસ્થા રાખો, માં હિંગલાજની કૃપાથી તમારો સારો સમય આવશે. રાતના બે વાગ્યા હોવાથી બધાએ માં હિંગલાજની સ્તુતિ બોલી અને મેળાવડાનું વિસર્જન કર્યું. મેળાવડામાં રાત્રે મોડું થયેલ અને વાહન-વહેવારની સગવડતા ઓછી હોવાથી રાત્રે બધા ત્યાં જ સુઇ ગયા. શ્રી ઓધવરામ બાપાને દામજીભાઇ પોતાના ઘેર તેડી ગયા. ત્યાં એક દિવસ રોકાણા બાદ વિદાય લઇ બાપા પોતાના અનુયાયીઓ સાથે વાંઢાય શ્રી ઇશ્વર આશ્રમે આવ્યા.

બે-ચાર દિવસ આરામ કર્યા. પછી સાધના કુટિરમાં સાધના કરવા જતી વખતે મહારાજશ્રીએ અનુયાયીઓને કહ્યું કે મારી સાધનામાં કોઇ ખલેલ કરવા આવશો નહિ. ભલે મને કેટલા પણ દિવસ લાગે. અનુયાયીઓએ કહ્યું કે બાપા, આ વૃદ્ધઅવસ્થામાં શરીરને તકલીફ થશે, એનો તો ખ્યાલ કરો. 'ખ્યાલ માં શકિત કરશે' એમ કહી બાપા સાધના કુટિયામાં આવી એકાગ્ર ચિત્તથી આસનવાળી બેઠા અને માં શકિત હીંગલાજના નામ સ્મરણમાં આંખો બંધ કરી અંતઃકરણપૂર્વક ધ્યાનમગ્ન થઇ ગયા. આમ એક દિવસ ગયો, બીજો દિવસ ગયો અને ત્રીજો દિવસ થયો. બાપાના નામ સ્મરણની પ્રતિધ્વનિના પરિણામ સ્વરૂપે હરિદાસ શેઠ વાંઢાય દોડી આવ્યા. અને બાપાને ચરણ વંદના કરી બાપા તથા તેમના અનુયાયીઓને આદરભાવથી સત્કાર કરી પ્રેમે બેસાડયા. ચર્ચા દરમ્યાન શ્રી ઓધવરામ બાપાએ શેઠ હરિદાસને પુછ્યું કે ભાનુશાલી જ્ઞાતિ ભાઇઓમાં કાંઇ સુધારો થયો કે એમને એમ મજુરી કરી રહ્યાં છે ? શેઠ હરિદાસ બોલ્યા કે પાંચ મહિના પહેલા તમેં આવી ખાંડ બજારમાં નજીકના રહેવાસી જ્ઞાતિ ભાઇઓનો મેળાવડો રાખી, છેલ્લે માઁ હિંગલાજની શકિત વડે તમેં આશીર્વાદ આપી ગયા મુજબ ભાનુશાલી જ્ઞાતિમાં ઘણું પરિવર્તન આવી ગયું અને પરિસ્થિતીમાં સુધારો થવા લાગ્યો છે. કરિયાણા અને બીજી દુકાનોમાં કાચી ઉંમરે રાત-દિવસ મહેનત મજુરી કરનારા જ્ઞાતિજનો હવે પોતાના નાના-મોટા ધંધામાં લાગી ગયા છે. અને સુખની સીડીઓ ચઢવા લાગ્યા છે. વર્ષોથી અવિકસીત **'ભાનુશાલી સેવા સમાજ'**માં કોઇ સભ્ય થવા તૈયાર ન હતું હવે એમાં બધા જોડાઇ ગયા છે. અને તેમો

પણ વિકાસ થવા લાગ્યો છે.જયાં 'સો પતિ' હતા, ત્યાં ઘણાંય 'હજારપતિ' અને થોડા-ઘણા તો 'લાખોપતિ' પણ થઇ ગયા છે. આ સાંભળી બાપાએ કહ્યું કે આ તો કુળદેવી માં હિંગલાજની કૃપા છે. અને મનોમન માં હિંગલાજને કહેવા લાગ્યા કે મારા વૃદ્ધ શરીરની તે કદર કરી અને મારા આશીર્વાદને પૂર્ણ કરવા પાંચ મહિનામાં ભાનુશાળી જ્ઞાતિમાં આટલા પરિવર્તનો કરી તારી શકિતનો પરચો આપ્યો છે. બાપાના ચહેરા ઉપર ખુશી અને હર્ષના ઉત્સાહિત ભાવ આવી જતા મોઢામાંથી શબ્દો સરી પડયા કે માં હિંગલાજની કૃપાથી ભાનુશાળી જ્ઞાતિ વિશેની મારી ઇચ્છાઓ હવે પૂર્ણ થશે. આ સાંભળતા જ હરિદાસ શેઠે પુછ્યું કે તમારી શું ઇચ્છા છે બાપા ? બાપાએ કહ્યું કે 'ભાનુશાળી નગર' બને, જયાં માઁ હિંગલાજના મંદિરની સ્થાપના થાય. જ્ઞાતિના આર્થિકરૂપે નબળા વર્ગ માટે 'સસ્તા ભાડાની ચાલ' સાથે લગ્ન-પ્રસંગ માટે 'વાડી' બને, તેમજ છોકરાના ભણતર બાબતે પુરેપુરૂં ધ્યાન અપાય. બાપાની ઇચ્છા જાણી હરિદાસ શેઠે કહ્યું કે ઇચ્છાપૂર્તી તો થઇ શકે પણ એમાં ખર્ચ માટે બહું મોટી રકમ ભેગી કરવી પડે. બાપાએ કહ્યું કે આપણે તો ખાલી નિમીત્ત બનવાનું છે. કરવાવાળી તો અષ્ટભુજાધારી માઁ હિંગલાજ છે, તે પુરૂં કરશે માટે નિરાશ ન થતાં માઁ ના ભરોસે મારી ઇચ્છાઓ અમલમાં લઇને શુભકાર્યની શરૂઆત કરી દો મારી મોટી ઉંમર-શારિરીક તકલીફોના કારણે ન જાણે કયારે શરીર છોડવું પડે ? આ સાંભળી શેઠે ગદ્ગદ્ કંઠે કહ્યું કે 'મારી તો ના નથી પણ આટલું મોટું કાર્ય એકલા હાથે ન થાય, માટે જ્ઞાતિભાઇઓના સાથ-સહકાર અને સંમતી જરૂરી છે, શેઠશ્રી તથા મહારાજશ્રી વાઢાંયથી મુંબઇ આવ્યા અને બીજા દિવસે સમાજની કાર્યકારીણી સમીતીની અરજન્ટ મીટીંગ રાખી. મીટીંગમાં શેઠે કહ્યું કે ગુરૂ શ્રી ઓધવરામ બાપા કાલે મારા ઘેર પધાર્યા છે. અને એમણે આપણી જ્ઞાતિ માટે હિતકારી કાર્યોની રજુઆત કરી છે. તેમની ઇચ્છાઓ પૂર્ણ કરવા આપણે જાગૃત થઇ સંમત થવું પડે એમ છે. તો બધાં સંમત છો ? બધાએ એક અવાજે સંમતી આપતાં શેઠ બહું આનંદમાં આવી ગયા અને કહ્યું કે કાલે રવિવાર છે એટલે ઘાટકોપર મારા બંગલે જનરલ મીટીંગ રાખીએ જેથી નાના - મોટા બધાને બાપાના દર્શનનો પણ લાભ મળે અને કાર્યયોજના આગળ વધારી શકાય. બધાએ એક-બીજાને સમાચાર આપ્યા અને પરિવાર સહિત બીજા દિવસે બે વાગ્યે શેઠના બંગલે પહોંચી બાપાને ચરણ વંદના કરી આશીર્વાદ મેળવ્યા. બાદ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. બાપાએ બધાને ભાનુશાળી નગર બાબત પોતાની યોજના અને જલ્દીથી જલ્દી કાર્યપૂર્તીની ઇચ્છા જાહેર કરી. પછી શેઠ હરીદાસે બધાને સંબોધન કરી કહ્યું કે બાપાએ જે ઇચ્છા પ્રદર્શિત કરી છે તે આપણી જ્ઞાતિ માટે હિતકારી છે પણ એ પૂર્ણ કરવા મોટી રકમ ભેગી કરવી પડશે. તેનો વિચાર કરી બધા ભાઇઓ હા પાડજો આ સાંભળી બધા આપસમાં ચર્ચા-વાતો કરવા લાગ્યા કે બાપા ખાંડ બજારમાં આવેલ અને આપણને આશીર્વાદ આપ્યા બાદ ફકત પાંચ મહિનામાં આપણી આટલી બધી ઉન્નતી થવા પામી છે નકકી ઓધવરામ બાપાના આશીર્વાદમાં માઁ હિંગલાજની શકિત સમાયેલી છે એટલે એમના ચીંધેલા કાર્યો સફળ થાય છે. પરિણામે બધાએ હરિદાસ શેઠને કહ્યું કે અમને મજુંર છે અને અમો અમારી શકિતથી વિશેષ ફાળો આપશું. ભાઇઓનો જોશ જોતાં શેઠ પણ હિંમતમાં આવી ગયા અને પોતાની માતૃશ્રીના નામે પણ મોટો ફાળો જાહેર કર્યો. તેનું અનુકરણ કરી દરેક ભાઇઓએ પોતાની શકિતથી વિશેષ રકમ લખાવી. આમાં સાંજ થવા આવી અને બધાંએ માં હિંગલાજની સ્તુતિ કરીને બાપાની જય જયકાર બોલવા લાગ્યા અને આનંદ-ઉત્સાહભેર સભાની કાર્યવાહી પુરી થતાં શેઠે જાહેર કર્યું કે બાપા અઠવાડિયું અહીંયાં રોકાવાના છે તો આપ સૌ રાત્રે ભજન-કિર્તન અને સત્સંગ કરવા પધારજો અને બાપાનું શરીર વૃદ્ધ અને શારિરીક તકલીફ હોવાથી કોઇના ઘેર આવી શકે તેમ નથી. માટે તકલીફ આપશો નહિ. સૌએ બાપાના પગે લાગી વિદાય લીધી. રાત્રે ઘણાં ભાઇ બહેનો ભજન કિર્તન માટે આવવા લાગ્યા જેથી આનંદ મંગલ વરતાઇ રહ્યો અને બાપાને બહુ સાંત્વના મળી. અમુક દિવસ બાદ બાપાને ખબર પડવા લાગી કે હવે શરીર છોડવાનો સમય નજીક આવવા લાગ્યો છે એટલે શેઠને કહ્યું કે ભાનુશાળી નગર માટે પ્લોટ લેવાની ઉતાવળ કરજો અને શ્રી ઓધવરામ બાપા વિદાય લઇ વાંઢ ાય આવ્યા. આ બાજુ મુંબઇમાં જે ખરડો(ભંડોળ) કર્યો હતો. તેના પૈસા ભેગા થઇ જતાં હરીદાસ શેઠ તથા અગ્રણીઓએ મળી વિચાર કર્યો કે બાપાનું શરીર હવે બહુ જીર્ણ થવા પામ્યું હોવાથી જેંમ બને તેંમ જલ્દી કાર્યવાહી આગળ વધારી બાપાના હાથે ખાત મુર્હુત કરાવવું. તેમ નિશ્ચય કરી ઘાટકોપર તિલક રોડ ઉપર મોટો પ્લોટ લઇ રજીસ્ટર કરાવ્યો અને ચડાઇ મજુરોના સહકારથી પ્લોટ સાફ કરવામાં આવ્યો. અમુક અગ્રણીઓ કચ્છ વાંઢાય ગયા અને પ્લોટની વિગત તથા કાર્યક્રમની જાણકારી આપી બાપાને મુંબઇ આવવા આગ્રહ કર્યો. તબીયત નરમ હોવા છતાં પ્લોટ જોવાની ઉમંગમાં બાપા અગ્રણીઓ સાથે મુંબઇ આવ્યા અને ઘાટકોપર શેઠ પ્રેમજી હરીદાસના બંગલે ઉતર્યા. ખાત મુહર્ત તથા સાથે તેજ સ્થળે જ્ઞાતિનું સ્નેહમિલનનું આયોજન નકકી કર્યું હોઇને પ્લોટમાં મંડપ બંધાણા. જમણવારની

તૈયારીઓ થઇ અને ભાનુશાળી જ્ઞાતિના બધા ભાઇઓ સહપરિવાર સ્નેહ મિલન માં હાજર થયા.પૂ. બાપાના કરકમળે ખાત મુહુર્ત થયું પશ્ચાત્ જ્ઞાતિ જમણ પત્યું અને સભા રાખવામાં આવી જેમાં સમાજના અગ્રણીઓએ પોતાના વિચારો પ્રદર્શીત કરી, શ્રી ઓધવરામ બાપાને આર્શીવચન આપવા વિનંતી કરી. બાપાએ સહર્ષ સંબોધન કહ્યું કે ભાઇઓ, માઁ હિંગલાજની કૃપાથી નગર માટે બહુ મોટો પ્લોટ લેવાઇ ગયો છે. જેમાં એક નહિ પણ બે નગર બની જાય. એવા આ પ્લોટ જોઇ મને અતિ આનંદ થાય છે. આવા અનેક નગર અને વાડીઓ બનાવો અને જ્ઞાતિ માટે અનેક પરોપકારી કાર્યો કરવાની પ્રેરણા બધાને આપે એવી માઁ હિંગલાજને પ્રાર્થના કરૂં છું. માટે સદા કુળ કલ્યાણી માઁ હિંગલાજનું ધ્યાન ધરજો. એમને ભુલતા નહિ. સાથે બાળકોની ભણતર બાબત વિશેષ ધ્યાન આપતા રહેજો. તે જ આપણી ભાવિ પેઢીનું નિર્માણ કરશે. આટલું કહી બાપા ઉભા થઇ બે હાથ જોડી કહેવા લાગ્યા કે હવે મારે આ શરીર છોડવાનો સમય આવી રહ્યો છે. તમારી અને આ શરીરની છેલ્લી મુલાકાત છે પણ મારો આત્મા હંમેશા તમારી સાથે જ રહેશે. હું તમારાથી દરેક રીતે વિદાય માંગુ છું. મને કાલે કચ્છ જવા માટે વિદાય આપો. આમ કહેતાં બાપા ગળગળા થઇ જતાં હરીદાસ શેઠ સહિત દરેક જ્ઞાતિજનોની આંખમાંથી અશ્રુ નીકળવા લાગ્યા અને અફસોસ કરવા લાગ્યા કે અહોહો ! આ વૃદ્ધાવસ્થા સમયે થોડા સમયનો જ સંગ થયો. પહેલા કોઇ દિવસ એમનો સંપર્ક-સત્સગ પણ કર્યો નહિ છતાં એ પોતે આવી અમારા દુઃખનું નિવારણ કરી અમોને સુખ માટે પ્રેરણા આપી. આવી ચર્ચામાં લોકો ભાવુક થઇ ગયા અને દરેકના નયન ભીના થઇ ગયા. આ જોઇ શ્રી ઓધવરામ બાપએ કહ્યું કે હે મારા બંધુઓ ! માનવ હોય કે ભગવાન, જેણે શરીર ધારણ કર્યુ છે એમને એ છોડવું જ પડે છે. હું પણ શરીર છોડીશ પણ આત્મા તમારાથી અળગો થશે નહીં.

ભાનુશાલી વાડીનું ઉદ્‌ભવ સ્થાન

એક વખત (મીઠુબાપા) રામજી લાડક શ્રી પ્રેમજી હરિદાસની પેઢીયે બેસીને સમાજના ચોપડાનું કામ કરતા હતા એ સમયે પરમ પુજ્ય મહારાજ શ્રી ઓધવરામજી પણ ત્યાં પધાર્યા. મીઠુબાપા તથા મહારાજશ્રી બંને સરખી ઉમંરના હતા. અને બંનેમાં મિત્ર ભાવ હતો. મીઠુબાપાને કામમાં મસ્ગુલ થયેલા જોઇને મહારાજશ્રી એ કહ્યું ''મીઠુ તું ત એડો જ રે'' જવાબ માં મીઠુબાપાએ કહ્યું બાપા જેડો ઐઇયા તેડો પ આં ક્રતા ગય ખાસો ઐઇયાં !!! ત્યારે મહારાજશ્રી એ કહ્યું મીઠુ તું મું ક્રતા કીંય ખાસો ઐઇયે તેંજો ખુલાસો ક્રેને સમજાય. ત્યારે મીઠુબાપા એ કહ્યું મહારાજશ્રી હું તમારા કરતા એમ સારો છું કે સમાજના વિકાસલક્ષી કામો એ સૌ આપને કરવા જોઇએ એના બદલે અમારી પાસે ક્ષમતા ઓછી હોવા છતાં અમારે કરવા પડે છે. જુઓ હું હમણાં પણ તમારી સાથે વાતો કરતાં કરતાં પણ કામ તો સમાજનું જ કરી રહ્યો છું. જે કામ આપ સર્વ શકિતમાન હોવા છતાંય નથી કરતા. મુંબઇમાં રહેતા આપણા સમાજની સ્થિતી વિશે આપને ખબર છે ? કરવા માટે કામ તો મળી જાય છે પણ રહેવા માટે ઘર નથી માટે આપજો સમાજ વિકાસના કાર્યમાં લાગી જશો તો સમાજ આપનો ઉપકાર કયારે પણ ભુલી શકશે નહિ. આપ અમારા તથા અઢારે વર્ણના કુળ ગુરૂ છો. સમાજનાં મુખ્ય ઘટકો આપની આજ્ઞાની રાહ જુએ છે. તથા આપનો પડયો બોલ જીલવા માટે સંપૂર્ણ સમાજ તૈયાર છે. આપના તરફ સમાજનો કેટલો પ્રેમ છે તથા સામાન્ય સ્થિતીમાં રહેતા સમાજના માણસોની શું હાલત છે એ જોવા માટે આપ ઘાટકોપર પારસી વાડીમાં જાઓ ત્યાં ગયા પછી આપણા સમાજની સ્થિતીનો આપને પુરો પુરો ખ્યાલ આવશે.

પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામ બીજા દિવસે સાંજે પોતાના ચાર પાંચ અનુયાયીઓની સાથે પારસી વાડી આવ્યા ત્યારે સમઝાઇ ગયું કે, સમાજ માટે આવાસ યોજના બનાવ્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી ત્યાંની ગંદકી, સંકળાસ, અવ્યવસ્થા, જોઇને મહારાજશ્રી નું હૃદય ભરાઇ આવ્યું. અને મનમાં વિચાર આવ્યો કે, મારો સમાજ આવી કથળેલી હાલતમાં રહે છે. મહારાજશ્રી નાં મનમાં ખુબ દુઃખ થયું અને મીઠુબાપાનાં કહેલા શબ્દો યાદ આવ્યા. અને સમાજ માટે કંઇક કરી છુટવાની તમન્ના જાગી તરત જ ત્યાં રહેતા આસપાસના ભાઇઓને બોલાવી ને રાતના નવ વાગે એક મીટીંગનું આયોજન થયું જેમાં સમાજના નાના વર્ગ માટે આવાસ યોજના બનાવવા અંગે મોવડી મંડળને રજુઆત કરવા માટે એક આવેદન પત્ર લખી મોકલવામાં આવ્યો. રાતનાં મહાપ્રસાદ લીધા પછી ભજન સત્સંગ થયો જેમાં પધારેલા સૌ ભાઇઓને રહેણાક વિશે મહારાજશ્રી એ મન પૂર્વક ખાત્રી આપી અને આવાસ યોજનાના પ્રતિક સ્વરૂપે એક સામાન્ય ધોરણે ફંડ ભેગું કરવામાં આવ્યો જે ફંડનું કદ એટલું નાનું હતું કે આજે એમાંથી એક ચોરસ ઇંચ લેવો હોય તો લઇ ન શકાય પણ નાના દેખાતા એ ફંડ પાસે એટલી ગજબની તાકાત હતી કે એમાંથી ભાનુશાળી

વાડીનું સર્જન થયું. તે સમયે ઘાટકોપર કિરોલમાં આપણા ભાનુશાળી પરિવારના આઠ થી દસ ઘર હતા. જેમાં નલિયાના ફકીરબાપા સાઘાંણ ના દેવજી શેઠ વગેરે રહેતા હતા. એ સૌના આંમત્રણને માન આપીને મહારાજશ્રી બધાનાં ઘેર ગયા. તથા રાતના ભજન સત્સંગ નું પણ આયોજન થયું હતું.

સમાજના ભિષ્મપિતામહ

વર્ષો પહેલાંની વાત છે કે જયારે આપણા સમાજના છોકરઓ મુંબઇ ગયા પછી ઓછું ભણેલા હોવાથી બારદાન સીલાઇ તથા બારદાન ચડાઇનો કામ કરતા હતા. રાત્રે લોજમાં જમીને જયાં કામ કરતા એની જ દુકાન આગળ સુઇ જતા. એ છોકરાઓ દિવસપાળી તથા રાત્રપાળી કરીને તથા કરકસર દ્વારા જે બચે એ કચ્છમાં વડીલોને મોકલી આપતા. યુવાન અવસ્થા હોવા છતાંય તેઓ વ્યસનોથી ખુબ દુર હતા. કામ કરીને પૈસા બચાવ્યા બાદ પોતાના પગભર થઇ જવું એ જ એમનો મુખ્યલક્ષ હતો. સાથે સાથે સમાજ ભાવના પણ એટલી જ પ્રબળ હતી. મીઠુબાપા (રામજી લાડક) તથા મોથાળાનાં પ્રેમજી લાડકની આગેવાની સ્વીકારીને મહિનામાં એક વખત સમાજની મીટીંગમાં આવતા. ત્યારે ભાનુશાળી મંડળની કોઇ સ્થાઇ જગ્યા ન હતી. તેથી મીટીંગના સ્થળને 'પાલમંડળ' ના હુલામણા નામ તરીકે સૌ ઓળખતા હતા. પાલમંડળ એટલે એક બેસવા માટે અનુકુળ હોય એવા સાર્વજનિક સ્થળ ઉપર સમાજનાં સભ્યો પોતાનું માત્ર પાલ લઇને આવે અને ત્યાં બીછાવીને સમાજના કાર્ય વિશે ચર્ચા કરે. એમાંથી થોડો વિકાસ થયો અને સમાજના પ્રત્યેક સદસ્ય પાસેથી મહિને ચાર આના લવાજમ લેવાનું નકી થયું. શ્રી મીઠુબાપાએ પોતાની પાસે એક થેલી રાખી હતી. સમાજનો કોઇપણ છોકરો મળે એને મીઠુબાપા પુછતા છોકરા તારૂ આ મહિનાનું લવાજમ આવી ગયું ? છોકરો કહેતો બાપા મારા ઉપર ચાર મહિના ચડી ગયા છે. આલ્યો એક રૂપિયો !!! એને કહેવાય સમાજ પ્રેમ પછી તો ધીરે ધીરે સમાજનાં છોકરાઓ વધુ મુંબઇ આવતા થયા અને મીઠુબાપાની ઝોળી પણ વધુ ફરવા લાગી. **એમાંથી જન્મ થયો શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ ટ્રષ્ટ નો** ધીરે ધીરે પાલમંડળમાં સલાહકારો વધ્યા. કચ્છમાંથી એસ.એસ.સી. પાસ કરીને આવેલા છોકરાઓ પણ પાલમંડળ માં જોડાયા એ વખતે મુંબઇમાં ભાંગવાડી થીયેટર ખુબ પ્રખ્યાત હતું જેમાં દેશી ગુજરાતી નાટકો ભજવાતા. શ્રી મીઠુબાપા તથા છોકરાઓ એટલે પાલમંડળ વર્ષમાં એક બે વખત થીયેટર બુક કરતાં અને પછી ટીકીટોનું વિતરણ કરીને ફંડ જમા કરતાં **અને પછી તો મંડળનો દિન દોગણા અને રાત ચૌગુણા પ્રમાણે વિકાસ થયો. જે વિકાસ આજ સુધી અવિરત ચાલુ રહ્યો છે.**

કોશિષ કરને વાલોકી કભી હાર નહિ હોતી

ભાનુશાલી વાડીના નવ નિમાર્ણ અંગે બાપા કહેતા હતા કે, મારી પાસે ગાડું તો છે પણ બળદની જોડ નથી એ જો મળી જાય તો આપણું ગાડું હવામાં ઉડશે. બાપાના ઉપરોકત શબ્દો સાંકેતિક ભાષામાં હતા એને **સમજે તે સમજદાર અને ન સમજે તે નશીબદાર** ગણવો.

જગદગુરૂ શંકરાચાર્ય

પરમ પુજય મહારાજશ્રી ઓઘવરામજી મહારાજશ્રી એ ભાનુશાળી વાડીની જમીન લીધા પછી એના ઉપર એક વખત ૧૦૮ કોટી યજ્ઞ કરવું જરૂરી છે કારણ કે તેના લીધે ભૂમિ પવિત્ર અને ગતીશીલ અવસ્થાને પામશે. મહારાજશ્રી દ્વારા આયોજકોનું ઘ્યાન દોરવામાં આવ્યું અને સર્વાનુમતે નિયોજીત ભૂમિ ઉપર યજ્ઞ કરવાનું નકકી થયું. ત્રણ દિવસ સુધી ચાલેલા યજ્ઞમાં સ્વયંમ સેવકોની ખુબ જરૂર હતી. રાતની મીટીંગમાં સ્વયંમ સેવકોની નામ નોંઘણી કરવામાં આવી જેમાં માંડ માંડ અઢાર નામો આવ્યા. કારણ કે એ વખતે ગોદીમાં મજુરોને પ્રતિદિન ૩ રૂપિયા મજુરી મળતી હતી. સ્વયંમ સેવક બનવા માટે રૂપિયા ૩નો ભોગ આપવો પડતો હતો. જે ભોગ મજુરો આપી શકવાને અસમર્થ હતા. તેમ છતાં અઢાર સ્વંયમ સેવકો ત્રણ દિવસ સુધી ખડે પગે ઉભા રહ્યા હતા. ઘનાવાળાનાં વાલજી હરિરામ મંગેનાં કહેવા પ્રમાણે છોકરાઓની સેવાને ઘ્યાનમાં લઇને માતાજી ખેતબાઇમાઁ પોતાના ઘરેથી છોકરાઓ માટે એકાદ વાનગી લાવતા અને પોતાનાં હાથે એ છોકરાનાં મોઢામાં નાખતા તથા એમનાં ખીસ્સામાં બક્ષીસના ભાગ રૂપે ૧૦ રૂપિયા નાખીને હસતા !!! એવી રીતે ભાનુશાલી સમાજની આવાસ યોજના પરિપૂર્ણ થયા બાદ એક દિવસ ખાંડ બજાર સ્થિત સીલાઇ કામદાર તથા ચડાઇ કામદાર સાથે મળીને એક સત્સંગ કર્યો. જેમાં સૌ જ્ઞાતિ બધુંઓને આશીર્વાદ આપતા મહારાજશ્રી એ કહ્યું કે તમારા બધાના દર્શન કરીને આજનો મારો દિવસ સફળ થયો છે. ગળામાં સુતલી પરોવેલો સુવો વીંટળાયેલો જોઇ મહારાજશ્રી ની મજુરો પ્રત્યે લાગણી થઇ આવી અને પોતે મુંબઇ આવવાનો પ્રયોજન જણાવતા કહ્યું કે,

મને હરિદ્વારમાં ગુરૂજીના નામે અને એના આશીર્વાદથી આશ્રમનું નિમાર્ણ કરવું છે. જેના પાયામાં મને પસીનાની કમાણી નાખવી છે. શ્રી ધનજી દામજી મંગેના પીઠ ઉપર હાથ ફેરવતા મહારાજશ્રી એ કહ્યું કે મને તમારા સિવાય પસીનાની કમાણી બીજે કયાંયે જોવામાં આવી નથી. ત્યારે મજુરોના આગેવાનોએ કહ્યું કે, મહારાજશ્રી આપ અમારી પાસે પધાર્યા છો અમો અમારી મજુરીની કમાણીમાંથી જે માંગશો તે આપશું ત્યારે મહારાજશ્રી એ કહ્યું કે હરિદ્વાર આશ્રમ બનાવવા માટે હું તમારી પાસે ફંડ લેવા નથી આવ્યો પણ પસીનાની કમાણીનો એક "શુકન" લેવા આવ્યો છું. આપ મને આપની કમાણીમાંથી માત્ર એક દિવસની કમાણી આપો, હું એ કમાણીને આશ્રમનાં પાયામાં નાખીશ અને પછી હું જે પંખા નીચે બેસીને રૂપિયા કમાવે છે એની પાસેથી ફંડ લઇશ પણ પ્રસાદ તો હું તમારા મજુરો પાસેથી જ લઇશ અને એના વળતર સ્વરૂપે હું જયારે અહીંથી હરિદ્વાર જઇશ ત્યારે પ્રત્યેક સમાજના મજુરો માટે ગંગામૈયાને પ્રાર્થના કરીશ કે હે ગંગામૈયા હવે અમને તથા અમારા ભાઇઓને ઢસેળા મુકત કરાવજે. મુંબઇથી પરમ પુજય મહારાજશ્રી હરિદ્વાર ગયા અને ત્યાં તે રમા ભવનમાં ઉતર્યા.

ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે

મહારાજશ્રી મુંબઇથી હરિદ્વાર ગયા. પાછળ મંઝલ આશ્રમના ગાદીપતી સાધ્વી મૈયાજીની શારીરિક અવસ્થા બગડવાથી મનમાં પરમ પુજય મહારજશ્રીનાં અંતીમ દર્શન કરવાની ભાવના પ્રગટ થઇ જે વાતની મૈયાજીના અનુયાઇ તરફથી હરિદ્વારે તાર મારફત જાણ કરવામાં આવી. તાર મળતાની સાથે સંવત ૨૦૦૯ પોષ સુદ ૯(નવમી) ના દિવસે સાધ્વી મૈયાજીને મળવા મહારાજશ્રી મંઝલ આવ્યા અને સાધ્વી મૈયાજી સાથે જ્ઞાન ગોષ્ટી દ્વારા સમય વ્યતીત કરી રહ્યા હતા. બરોબર વિધીના વિધાન પ્રમાણે મહારાજશ્રી આવ્યા ને સોળ દિવસ પશ્ચાત પોષ વદ ૩૦ (અમાસ) ને ગુરૂવારનાં સવારે આઠ વાગે મૈયાજીનું શરીર શાંત થયું. મહારાજશ્રી એ મહા સુદ તેરસના રોજ મૈયાજીનો ભદ્રા ઉત્સવ કર્યો જેમાં આસપાસનાં સૌ સાધુ સંતો સારા પ્રમાણમાં એકઠા થયા. એ સૌ સંતોની ઉપસ્થિતીમાં સાધ્વી મૈયાજીનાં ઉત્તરાધિકારી તરીકે તેમના શિષ્યાશ્રી સેજબાઇમાઁ (કુઇમાઁ) ને ચાદર વિધી કરીને મંઝલ આશ્રમનાં ગુરૂ ગાદીપતી તરીકે સ્થાપીત કર્યા. એ દિવસે ભંડારો તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સભાને સંબોધન કરતા મહારાજશ્રી એ કહ્યું કે, આજે આપણી સાથે મૈયાજીનું પાર્થીવ શરીર નથી પણ કોઇને કોઇ સ્વરૂપે એમનો આત્મા આપણી સાથે જ છે. કારણ કે મરણ શરીર પામે છે આત્માં મરણ પામતો નથી. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે,

નૈન છિન્દન્તિ શસ્ત્રાણી નૈનં દાહતી પાવક઼ :
નચૈનં ક્લેદયન્ત્યાયો નશોષ્યન્તિ મારૂત :

અર્થ : આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અગ્નીબાળી શકતો નથી પાણી ભજવી શકતો નથી અને પવન સુકવી શકતો નથી, આત્મા જન્મતો પણ નથી ને આત્મા મરતો પણ નથી. આત્મા અવિનાશી, અજન્માં, નીત્ય, અવિકારી તથા અમર છે.

મહારાજશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે અજ્ઞાની પુરૂષો આત્માને છોડી શરીર વિશે બહુ વિચારે છે જડ, પુરૂષોના જાતે શરીર સર્વશ્રેષ્ઠ છે. અને આત્મા ગૌણ છે. અજ્ઞાનીઓ અને જ્ઞાનીઓના માર્ગો ભીન ભીન છે. અગ્યાનીઓ જે (ભોગનાં) વિષયમાં જાગૃત છે. જ્ઞાનીઓ એ વિષયમાં સુતા છે. જ્ઞાનીઓ પાસે જન્મ જન્માંતરની નોંધ હોય છે. જયારે અજ્ઞાનીઓ પાસે ગઈ કાલની પણ નોંધ નથી હોતી જ્ઞાનીઓનું લક્ષ યોગ છે જયારે અજ્ઞાનીઓનું લક્ષ ભોગ છે શાસ્ત્રકારો કહે છે કે જ્ઞાનીઓ વિચારોને જીવાડવાના તથા સંભાળવાના સતત પ્રયત્નો કરતા હોય છે. અને એમાં સફળ થાય છે. જયારે અજ્ઞાનીઓ પોતાને જીવાડવાના પ્રયત્નો કરીને પણ અંતે નિષ્ફળ જાય છે. અજ્ઞાનીઓ વધુ ખાઇને ઓછું જીવે છે જયારે જ્ઞાનીઓ ઓછું ખાઇને વધુ તથા તંદુરસ્ત રહીને જીવે છે. જેવી રીતે એક તૃષાતુર કાગડો માટીના ઘડામાં એક કાંકરો નાખીને પાણીનો સ્તર ઉચું થયા પછી તૃષાને શાંત કરતો હતો. એવી રીતે દરરોજ માટીના ઘડામાં એક કાંકરો નાખીને પોતાને જીવાડવાના પ્રયત્નોમાં લાગી ગયો. એક દિવસ કાંકરાથી ઘડો પણ ભરાઇ ગયો અને પાણી પણ ખુટયું અને કાગડો પણ મરી ગયો.

પરમ પુજય મહારાજશ્રી કહેતા હતા કે આપણે આપણા પ્રયત્નોથી જ જીવી રહ્યા છીએ એના કરતાં ઇશ્વર આપણને જીવાડે છે. એ જ ખરી વિચારધારા છે. ભોગીયો પોતાને જીવાડવા માટે અસંખ્ય પ્રયત્નો કરે છે

પણ એની વિચારધારા એવી છે કે એને દિવસેય પણ મરવું નથી, અને રાત્રે પણ મરવું નથી, સવારના પણ મરવું નથી અને સાંજે પણ મરવું નથી. માણસથી પણ મરવું નથી અને પશુથી પણ મરવું નથી, ઘરમાં પણ મરવું નથી અને બહાર પણ મરવું નથી અને શસ્ત્રોથી પણ મરવું નથી ઉપર પણ મરવું નથી અને નીચે પણ મરવું નથી જે થાય તે પણ મારે મરવું નથી મરવું નથી ને મરવું નથી. તેથી અજ્ઞાનીઓ પોતાને અમર રાખવા માટે નાશવંત વસ્તુઓનો આધાર લે છે. જેમાં કોઇ પોતાનું પંખા ઉપર નામ લખાવે છે કોઇ ભીંત ઉપર નામ લખાવે છે. કોઇ પથ્થર ઉપર નામ લખાવે છે. અને એને એટલી ખબર નથી કે પંખો સ્વયંમ અમર નથી તો એના ઉપર લખેલું તારૂં નામ અમર કંઇ રીતે રહી શકશે ? તેથી જ ભોગીને આત્માનંદનો અનુભવ નથી થતો કારણ કે તે જડ પદાર્થોમાં અટવાઇ ગયો છે. એટલે જ કવિ કહે છે કે,

જો સુખપામેં જોગી જગમેં વો ભોગી કો કહાં મીલતા હૈ ?

ભોગવાદી સમાજ પોતાની આર્થિક સ્થિતીને જાળવી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતો હોય છે. પોતાના શરીરના ભોગે તથા આર્થિક પરિશ્રમ દ્વારા મેળવેલા સુખ, સગવડો, માન, યશ, કીર્તિ તથા વૈભવને ટકાવી રાખવા માટે સતત કાર્યરત રહે છે. જયારે આધ્યાત્મવાદીઓ, સંતો, સાધુઓ તથા સન્યાંસીઓ પોતાની સ્થિતીને ટકાવી રાખવા માટે એક જ ઇચ્છા મનમાં રાખીને પ્રભુને પ્રર્થાના કરતા હોય છે. કે હે ઇશ્વર તારા માટે તથા તારા કાજે લીધેલા વ્રતો નિયમો અને સિધ્ધાંત યુક્ત લીધેલા ભેખની તથા ટેકની રક્ષા કરજે.

બનાની પત રાખ (રાગ : ભૈરવી)

બનાની પત રાખ પ્રભુ તારા બનાની પત રાખ,
બાના માટે જો દુઃખ દેશો તો, કોણ જપે તારો જાપ ...પ્રભુ
'રોહિદાસ' ની તમે રાબડી લીધી, નવ જોઇ જાત કે ભાત,
સેના માટે સન્મુખ રહી તમેં, નાઇ કહેવાણા નાથ ...પ્રભુ.
પ્રહ્લાદની પ્રતિપાલના પાળી સ્થંભમાં પુર્યો વાસ,
તાતીકઢા તમેં શીતલ કીધી સુંઘવા ની પાસ પ્રભુ તારા ...પ્રભુ.
પાંચાળીના પટકૂળ પૂર્યા, રાખી સભામાં લાજ,
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતા ગજરાજ પ્રભુ તારા ...પ્રભુ.
ઝેર હતા તેના અમરત કીધાં, આપ્યા મીરાંને હાથ,
મહેતાને માંડલિક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત ...પ્રભુ.
ભકતોનાં તમે સંકટ ભાંગ્યાં, દ્રઢ આવ્યો વિશ્વાસ,
"તુલસીદાસ" કહે કર જોડી, પૂરો અંતરની આશ ...પ્રભુ.

સંત તુલસીદાસજી કહે છે કે, સંતોની સોચ તથા પ્રાર્થના સકરાત્મક દીશા ભણી જતી હોય છે. જયારે સામાન્ય માણસની સોચ તથા પ્રાર્થના નકારાત્મ દીશા પકડીને ચાલે છે.

મૈયાજીના ભદ્રા ઉત્સવ પ્રસંગે મહારાજશ્રીએ કરેલું પ્રવચન યાદગાર બની રહ્યું હતું. મંઝલનાં વિદ્વાન પંડિત શ્રી મયાશંકર મેઘજીનું કહેવું છે કે હું ત્યારે ૨૦(વીસ) વરસનો હતો અને મેં પણ ઉપરોકત પ્રસંગે મહારાજશ્રીની આજ્ઞાથી દસ મિનિટ પ્રવચન કર્યુ હતું.

શિક્ષણ સુકાની શ્રી સંત ઓધવરામ

એક સમય એવો હતો કે જયારે કચ્છમાં શિક્ષણનો ખુબ અભાવ રહેતો હતો. ભણવાની ઇચ્છા ધરાવતા બાળકોને પણ ભણાવવા માટે કયાં મોકલવો ? સમાજ સામેં આ એક મોટામાં મોટો પાયાનો સવાલ હતો. અગર કોઇ ખેડુત હિંમત કરીને પોતાના બાળકને તાલુકા કક્ષાના ગામમાં ભણવા મોકલે તો ત્યાંનો એક ચક્રી શાસન ધરાવતો વેપારી વર્ગ ખેડુતને ઘેરી વળતો અને તે ખેડુતને "મુખમાં મધ અને પેટમાં ઝેર" રાખીને કહેતો કે બાપા આ વળી તમને શું સુઝયું છે ? બાપદાદાનો ધંધો છોડીને છોકરાને ને ભણાવવા માટે ઘરથી બહાર મોકલી રહ્યા છો ? તમને ખબર છે છોકરાઓ ભણશે તો ખેતી નહી કરે અને એ બધા છોકરાઓ ગામડુ છોડીને શહેરમાં ચાલ્યા જશે તો પરિણામે

તમારા હર્યા ભર્યા ખેતરોમાં એક દિવસ બકરીઓ ચરશે બકરીઓ !!! એવા પ્રકારનાં હીત શત્રુઓના મીઠાશ ભર્યા નિવેદનોથી બિચારા નિર્દોષ તથા ભોળા અને અભણ ખેડુતો ભરમાઇ જતા અને પોતે લીધેલા શિક્ષણ સંબધી નિર્ણયોને બદલી નાખતા એક નોંધ લેવા જેવી બાબત એ છે કે, હીત શત્રુઓની મીઠી સલ્લાહ ને સમજવા માટે પણ શિક્ષણ હોવું જરૂરી છે

મધુતિષ્ટતી જીવાગ્રે રુદયે તું હલાહલમ

અતિ મીઠું બોલવાવાળાના પેટમાં હળાહળ અને કાતીલ ઝેર પણ હોઇ શકે છે સત્ય હમેશાં કડવું હોય છે પણ એનું પરિણામ બહુ સારો, મીઠો અને હિતકર હોય છે એટલે જ કવિઓ કહે છે કે, કડવું ઔષધ રોગને કાપે અજ્ઞાનને કાપે જ્ઞાન. સત્ય દેખાવે કડવો હોય છે પણ સ્વભાવે ખુબ મીઠો હોય છે. હિતશત્રુઓ ખેડુતોના છોકરાઓને ભણાવવાની એટલા માટે ના પાડતા હતા કે છોકરા ભણશે તો હિસાબ કરશે અને હિસાબ કરશે તો અમારી પોલ પકડાઇ જશે. મહારાજશ્રી એ બધુ જાણતા હતા એટલે જ તેઓ વારંમવારે કહેતા કે મીઠું બોલીને કોઇના જીવનના વિકાસની દિશા બદલી નાખવી એના જેવો વિશ્વાસઘાત બીજો કયો હોઇ શકે ? એક માલધારી સમાજનો ભણેલો છોકરો પોતાના સમાજમાં પોતાની માઁ સાથે વેપારી દ્વારા થયેલી છેતરામણીનું વર્ણન કરતાં કહે છે (કચ્છી)

મથે તે મંગરખી માઁ ઘે વકાણ વૈઇ
શેઠ કેં વજન ત પંજ શેર થૈઇ
તેર માઁચે...
શેઠ ઢેળે ઢેળે મુઇઅસ નેં પંજ શેર થૈઇ ?
મોવા સોંજો કર વજન નકાં આંઉં હલઇય બૈઇ
વરીકે વજનત સતશેર થૈઇ
તેર માઁ ચે મોવા તોજી ખસીત નાંય વૈઇ ?
કેર સત વઠો યેં કેર પંજ વઠો યેં શે વરી શંકરજી પેઢીઅતે વૈઇ
પોએત જકી દને શેઠસેં ગની હલંધી થૈઇ
તોસે પુજે મુંજો માલીક છેવટ એતરો ચોંધી વૈઇ.

કચ્છનાં ખેડુતો શિક્ષણ પ્રેમી તો હતા કારણ કે વારંમવારે પોતે અભણ હોવાથી આર્થિક નુકશાની ભોગવવી પડતી હતી એ એમને બહું ખુંચતું હતું પણ કોઇ ઠોસ ઉપાય ન હોવાથી તથા જરૂર એક દિવસ નવા વરસનો નવ પ્રભાત શિક્ષણનાં કિરણો લઇને આવશે. એવી આશાએ તથા શિક્ષણની દિશા બતાવે એવા કોઇ પ્રખર સુકાનીની રાહ જોવામાં દિવસો પસાર કરી રહ્યા હતા એક કહેવત છે કે,

આંધળો અને અભણ બંને એક સરખાં

ઉષા પ્રગટી આંધકાર ગયો ઓસરી
એ છે મારા ગુરૂજીના એંધાણ રે

મહારાજશ્રીને શિક્ષણ લેવા અંગેનું જ્ઞાન માતાજી ચાગબાઇ માઁ પાસેથી બચપણમાં જ મળ્યું હતું જેના લીધે તેઓ શિક્ષણનાં હિમાયતી હતા એમની શિક્ષણ વિચારધારાથી પ્રભાવિત થઇ ને તથા મહારાજશ્રી પાસેથી પ્રેરણા લઇને શેઠશ્રી હરિદાસ વેલજી ના નેતૃત્વ હેઠળ વેલજી નરશી કેળવણી ખાતું અસ્તિત્વમાં આવ્યું જે એક સ્વયંમ સંચાલિત સંસ્થા હતી. એના કાર્યક્ષેત્રમાં છત્રીસ (૩૬) પ્રાથમિક શાળાઓ ચાલતી હતી. જેમાં માસ્તરનો પગાર પાટી, પેન, અંકોડી, બાળપોથી તથા મકાનનું પાંચ રૂપિયા ભાડું અને ચપરાસીનો પગાર મળીને જે ખર્ચ થતો એ બધો ખર્ચ વેલજી નરશી કેળવણી ખાતાનાં ફાળે આવતો તથા વાર્ષીક તથા અર્ધવાર્ષીક પરિક્ષા લેવા માટે સંસ્થાનાં સંચાલકશ્રી છગનલાલ વેલજી સ્વયંમ આવતા હતા. સારસ્વત સમાજ, પાટીદાર સમાજ, મીસ્ત્રી સમાજ તથા હરિજન સમાજનું કામ કરતા કરતા મહારાજશ્રીની દૃષ્ટિ ભાનુશાલી સમાજ ઉપર સ્થિર થઇ અને ઉદય થયો શિક્ષણનો ભાનુશાલી સમાજને તે સમયે મૂળભૂત જરૂરીયાત શિક્ષણની હતી. મહારાજશ્રી પ્રવચનમાં ઘણીવાર કહેતા હતા કે, આંધળો અને અભણ બંને સરખા ગણાય. મહારાજશ્રી કહેતા હતા કે, કોઇપણ સમાજનાં વિકાસમાં શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે.

દિપ સેં દિપ જલેગા તો દિવાલી આયેગી.

મહારાજશ્રી એ શિક્ષણના વિકાસ ઉપર ભાનુશાલી સમાજનું ધ્યાન દોરવાથી એના પરિણામ સ્વરૂપે જન્મ થયો. બોર્ડીંગો છાત્રાલયો કન્યાશાળાઓનું.

પરમ પુજય મહારાજશ્રી ની ભીતર સમયે સમયે જેવા વિચારોની ઉત્ક્રાંતિ થતી ગઇ તે પ્રમાણે તેવા વિચારો શેઠ શ્રી હરિદાસ વેલજી આગળ રજુઆત કરતા ગયા અને મહારાજશ્રીના વિકાસલક્ષી વિચારો શેઠને પણ ખુબ ગમ્યા અને તે વિચારો ધીરે ધીરે કૃતીમાં પલટાતા ગયા. એવી રીતે મહારાજશ્રીનું જીવન તથા ખરા સંતની ભૂમિકા સમજવા માટે આપણને સૌને એ વિચારો ખુબ પુરક બન્યા. અહીંયા એક વાત જાણવા જેવી છે કે **માત્ર ભજન ગાય એનું નામ સંત નહિ પણ ભજન કરે એનું નામ સંત !!!** મહારાજશ્રી નું એક સ્વરચીત ભજન છે જેમાં મહારાજશ્રી કહે છે તું મનવા ઇશ્વરરાજી રહે એવા કામ કર, ઇશ્વરને પ્રિય હોય એવા કામ કર અને આગળ જતાં કહે છે કે જે કામ ઇશ્વરના છે એ કામ કર.

રાગ : ભીમાલાસ (મનવા લઇલે લ્હાવ અમુલ)

મનવા ભજન બિનાન ઉધ્ધાર મનવા ભજન બિનાન ઉધ્ધાર
તન મન ધન કુરબાન કરીને રાજી કર કીરતાર ...મનવા.
જન્મ મરણનું કષ્ટ મીટાવે શ્રી હરિ સરજન હાર ...મનવા.
દુઃખ પડે ત્યારે એ ઉગારે ભવ સંકટ હરનાર ...મનવા.
દાસ''ઓધવ'' કહે રામભજીલે જીવન તારૂં સુધાર ...મનવા.

સર્વાંગી વિકાસ

તારો કે તેજ મેં ચંદ્ર છીપે નહિ સુર્ય છીપે નહિ બાદલ છાયા
રણ ચડયો રજપુત છીપે નહિ દાતા છીપે નહિ ઘર માંગણ આયા
ચચંલ નાર કી ચાલ છીપે નહિ પ્રિત છીપેના પુંઠ બતાયા
કહે કવિ ગંગ સુન શા અકબર કર્મ છીપે નહિ ભભૂત લગાયા

કર્મોને દબાવવાના તથા છુપાવવાના અથવા તો ઢાંકવાના હજાર ગણા પ્રયત્નો કરશો તોય કર્મો ઉજાગર થયા વગર રહેતા નથી. મનુષ્ય એક જન્મમાંથી બીજા જન્મમાં જાય ત્યારે પોતાની સાથે સ્વભાવાગત કર્મોનો જથ્થો સાથે લઇને જાય છે. અને ત્યાં ગયા પછી તે જ જથ્થો એના એજ સ્વરૂપે ઉજાગર થાય છે. સંત તુલસીદાસજી કહે છે,

સંતબીજ પલટે નહિ જો જુગ જાય અનંત
જા ઘર જાકે અવતરે હોવે સંતકા સંત

સંતો વારમવારે દેહ બદલતા હોવા છતાં પણ એમની સ્થિતીમાં કોઇ ફેર પડતો નથી. નામધારી સંતનું મૃત્યુ થાય છે પણ એનાં સંતપણાનું મૃત્યુ થતું નથી. સંતો પોતાની મહાનતા તથા સિધ્ધીઓને છુપાવવા માંગતા હોય છે. દાદા મેકરણ કહે છે કે,

દાબી દાબી દાબજે નીંય નીંયાંથી જી
બાફ નકરે બાર ત ઠાં પચેં કીં

એક કવિ કહે છે,

બડાબડાઇ નવ કરે બડાન બોલે બોલ
હિરા મુખસેં નવ કહે લાખ હમારા મોલ

સંતો કયારે પણ પોતાની પ્રશંસા કરતા નથી કારણ કે પોતાની પ્રશંસા કરવી એ અપમૃત્યુ સમાન છે તેથી સંતો પોતાના કર્મની સ્થિતીને મજબુત રાખવા માંગતા હોય છે. છતાં પણ સમય આવતાની સાથે એમની સિધ્ધી તથા શોર્યના દર્શન સમાજને થયા વગર રહેતા નથી.

મહારાજશ્રી નો રાષ્ટ્રપ્રેમ

એક વખત મહાત્માં ગાંધીજીના વિચારોથી સંપૂર્ણ રાષ્ટ્ર ભકિતનાં રંગે રગાઇ ગયો હતો. આઝાદીની લડત ચાલુ હતી રાષ્ટ્ર ભકતોને દેશને ગુલામીમાંથી બહાર કાઢવાના સપના દિવસે પણ આવતા હતા. ચડવડના ભાગરૂપે કચ્છ મુન્દ્રામાં યુસુફ મહેર અલીના પ્રમુખ પણા હેઠળ એક અધીવેશન ભરાયો જેમાં રાષ્ટ્રભકતોના નામની નોંધણી થતી હતી. રાષ્ટ્રભકિતના ઉછળતા પુરુ જોઇને મહારાજશ્રી પણ તે વખતે સ્ટેજ ઉપર હતા. તેણે કહ્યું કે હું આ દેશમાં જન્મયો છું આ દેશની જનતાએ મને બહું પ્રેમ આપ્યો છે આ દેશનો મે લુણ ખાધુ છે. હું આપ સૌને મારા ગુરૂકુળનાં વિદ્યાર્થીઓ શિક્ષકો તથા સેવકો વતીથી વચન આપુ છું કે અમેં સૌ આઝાદીની ચડવડમાં જોડાવા તૈયાર છીએ.

રાષ્ટ્રપ્રેમનો ધ્વજ

અને હું સર્વ જનતા સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે મારા દેશ માટે હું પ્રાણ આપવા પણ તૈયાર છું. મહારાજશ્રીના વીરતા ભર્યા શોર્ય સભર શબ્દો સાંભળી સભામાં ખુશીની લહેર છવાઇ ગઇ મહારાજશ્રી ને વંદન કરી યુસુફ મહેર અલીએ કહ્યું કે મહારાજશ્રી માત્ર સંત નહિ પણ રાષ્ટ્રપ્રેમી સંત છે. સાંજે અધીવેશન પુરો થયો સોગદનામાં માં સહી-સિકકા કરી મહારાજશ્રી પાછા પધાર્યા અને રાત્રે ગુરૂકુળમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહારાજશ્રી એ સૌ પ્રથમ એક ભજન ગાયું.

હરિનું મારગ છે સુરાનું નહિ કાયરનું કામ જોને
પ્રથમ પહેલા મસ્તક મુકી વળતી લેવી શાન જોને ...હરિનું.

મહારાજશ્રી એ સૌને કહ્યું કે આજે આઝાદીના ચડવડ માટે ભરાયેલા મુંધાના અધીવેશન માં હું આપના સૌના વતી થી આઝાદીમાં જોડાવવા માટે વચન આપી આવ્યો છું. હું તમને સૌને એક વાત કહું કે કાયર માણસને પ્રભુ ભકિત કરવાનો કોઇ જ અધીકાર નથી. જે "ભય" ને છોડી શકે એને જ ભાવ પ્રાપ્ત થાય છે. માટે મારામાં શ્રધ્ધા હોય તો મારી પાછળ તમેં પણ આવજો ત્યાં જેલ અને લાઠીઓ તો ખરી જ પણ એકાદ વખત ગોળીએ વિંધાવવાનો પણ સમય આવશે. બોલો સૌ તૈયાર છો ? સૌ ગુરૂકુળવાસીઓ એ એક નહિ પણ બે હાથ ઉચાં કરી પોતાની સહમંતી દર્શાવી એક દિવસ ગુરૂકુળમાં રાષ્ટ્રપ્રેમનો ધ્વજ ફરકર્યો એ દિવસે શેઠ શ્રી હરિદાસ વેલજીએ કહ્યું કે, ઇબાવોત બોરો બરૂકો ભૈઇ !!!

મહારાજશ્રી ની શિક્ષણ પ્રેમની પરાકાષ્ટા

સંવત ૧૯૫૦-૫૧ ના અરસામાં પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજી માંડવી સ્થિત ભાનુશાલી બોર્ડીંગની પ્રથમ મુલાકાતે આવ્યા હતા એ વખતે બોર્ડીંગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓ રહેતા હતા અને બોર્ડીંગના ગૃહપતિ તરીકે શ્રી સેવાશંકર જયશંકર ત્રિવેદી સેવા આપતા હતા. મહારાજશ્રીનું બોર્ડીંગમાં આગમન થતા સૌ વિદ્યાર્થીઓએ સાથે મળીને સ્વાગત ગીત ગાઇને મહારાજશ્રીનું અભિવાદન કર્યું અને સૌ એક પછી એક પગે લાગ્યા.

સ્વાગતનું કાર્યક્રમ સમાપન થયા પછી મહારાજશ્રી એ વિદ્યાર્થીઓ સાથે એક શૈક્ષણિક સભાનું આયોજન કર્યું જેમાં શિક્ષણને લગતી તથા સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતી ખુબ સારી ચર્ચા કરવામાં આવી જે સભામાં વિદ્યાર્થીઓ પાસેથી માર્કશીટ મંગાવીને એમાં જોયું તો બોર્ડીંગમાં આઠ વિદ્યાર્થીઓ એવા નીકળ્યા કે જેને શહેરી વિદ્યાર્થીઓ કરતાં વધારે માર્ક મેળવીને સ્કુલમાં પહેલા તથા બીજા નંબરે પાસ થયા હતા. બોર્ડીંગમાં ભણતા ગામડાના વિદ્યાર્થીનું ઉચું ધોરણ જોઇને મહારાજશ્રીને ખુબ આનંદ થયો અને કહ્યું છોકરાઓ શહેરી બાળકોના માતા-પિતા સક્ષમ હોવાથી ભણતર પાછળ પૈસા ખર્ચીને પણ ટકા મેળવી લાવે છે. જયારે તમારા માતા-પિતા ખેડુત છે તેથી વિદ્યાભ્યાસ માટે આપ સૌને પુરતી સગવડ ન મળતી હોવા છતાંય આપ માંડવીની સ્કુલમાં પ્રથમ તથા બીજા નંબરે પાસ થયા છો એનો મને ખુબ ગૌરવ છે. આજે હું તમને સૌને મનથી સત્કારૂં છું આજે તમેં મારી પાસેથી જે માંગશો તે હું આપીશ બોલો આજે રાત્રે તમને બધાને શું ખાવું છે ?

છોકરાઓએ કહ્યું શીરો. બસતે દિવસે સાચા ઘી નો શીરો બન્યો અને સૌએ આનંદ માણ્યો પ્રજાઉના શ્રી ગોપાલજીભાઇ ગજરા કહે છે કે બાળકોને જમાડતી વખતે બાપા સ્વમંય થાળીમાં શીરો લઇને સૌને કોળીયા ભરાવતાં હતા. એ દશ્ય આજે પણ અમારી આંખની સામ એવો ને એવો જ દેખાય છે. અને ચાલુ પંગતમાં બાપાએ કહ્યું છોકરાઓ તમેં આગળ જતાં ખુબ ભણશો પણ બીજાને ભણાવવાનું ભુલશો નહિ. ભણ્યા પછી તમેં સૌ બુધ્ધિમાન થશો, ધનવાન થશો પણ વિનય અને વિવેક ભુલશો નહિ. (વિનય અને વિવેક કડેંમ છડજા) અને બીજું છલકજા

મ !!! કારણ કે ધનબળ, વિદ્યાબળ, સત્તાબળ તથા બાહુબળ મળ્યા પછી માણસ પોતાનું સ્થાન છોડી દે છે. મારી એક શીખામણ સૌ યાદ રાખજો કે માઁ બાપની સેવા કરજો, ગરીબોને મદદ કરજો, સાદું જીવન જીવજો અને જે ન ભણી શકતા હોય એને ભણાવજો. પરમ પુજ્ય મહારાજશ્રી અર્વાચીન શિક્ષણ નાં જેટલા હિમાયતી હતા એટલા જ વૈદીક શિક્ષણનાં હિમાયતી હતા.

મહારાજશ્રી એક વખત મુંબઇ-વરલીમાં રહેતા કચ્છ ગામ ભવાનીપુરવાળા શ્રી આશારીયા કરસનદાસ નંદાના ઘેર આવ્યા હતા. મકાનની અગાસી ઉપર મંડપ બાંધવામાં આવ્યો હતો પણ બપોરનો સમય હોવાથી ગરમી ખુબ પડતી હતી અને મહારાજશ્રી નું પ્રવચન સાંભળવા તથા એમના દર્શન કરવા માટે માનવ સમુદાય પણ ખુબ સારા પ્રમાણમાં હતો. પણ ગરમી એટલી હતી કે કોઇનાથી સહન થતી ન હતી એટલે ધીમે ધીમે મંડપ છોડીને માણસો નીચે ખુલ્લામાં જવા લાગ્યા. મહારાજશ્રીના ભકત આશારીઆ કરશન ને આ રુચ્યું નહિ એટલે તેઓ આજીજી કરતા કહેવા લાગ્યા કે, જરા બેસો, મહારાજશ્રી આપણને કાંઇક બોધ કરશે એટલે આપણે સૌ તેમને સાંભળવા બેસીએ પણ આશારીઆ ભગતને બહુ દાદ મળી નહિ અને લોકો જવા લાગ્યા. એકાદ જણાએ આશારીઆ ભગતને ચોખ્ખું પરખાવી દીધુ કે, 'હેડી ગરમી મેં કેર મરધોં, મહારાજ કે ત ધંધો નાય, વરી કીં ઉપાધિ ખણી આયા હુંધા. અસાંજા છોકરા હેડી ગરમી મેં રીંગણે વારેજી બફાઇ વંજેતા' !!! મહારાજશ્રી ના ભકત આશારીઆ મુંઝાઇ પડયા અને નિરૂત્સાહ થઇ એક બાજુ જઇ બેસી રહ્યા. મહારાજશ્રી આશારીયા ભકતની મુંઝવણ જાણી ગયા અને કહેવા લાગ્યા, તમેં લોકોને શું કામ રોકો છો ? જેમને પ્રેમ હશે તે જરૂર બેસશે, પરતું જબરદસ્તીથી તમેં બેસાડશો તો તે બેસશે છતાં તેનું ચિત્ત તો બીજે હશે તો તેને પ્રવચનથી કશો લાભ થવાનો નથી. માત્ર ચાર શ્રોતાઓ હશે તો પણ હું પ્રવચન કરીશ. પ્રેમથી પ્રવચન સાંભળનારા ચાર ભકતો બેચિત્ત રહીને સાંભળનારા ચારસો કરતાં વધુ ગણાય છે. અને પછી પોતાના ભકત આશારીઆને આશ્વાસન આપતાં કહ્યું કે,

મનકી જાણે તનકી જાણે, જાણે ચિત્તકી ચોરી
ઉસકે આગે કયા છુપાઇએ, જીસકે હાથમેં દોરી

ગરમીથી કંટાળી લોકો નીચે ખુલામા તો ગયા પરતું અચાનક વાતાવરણમાં પલટો આવી ગયો અને જોતજોતામાં વાદળા ચડી આવ્યા તડકો તથા ગરમી અદ્દશ્ય થઇ ગયા પ્રવચનનો ત્યાગ કરીને નીચે રસ્તા પર જે માણસો ઉભા હતા એ બધા પાછા આવીને સભામંડપ માં ગોઠવાઇ ગયા ત્યારે ઇશ્વરે પણ અમી છાંટણા કરીને સૌને સાંત્વના આપી ત્યારે મહારાજશ્રી એ કહ્યું આ કોઇ પરચો નથી અકસ્માત છે અને આશારીયા ભગતનાં કાર્યમાં વિગ્ન આવે એની જવાબદારી સ્વયંમ ઇશ્વરની છે. શ્રી આશારીયા ભગત મુંબઇથી અવાર નવાર ભવાનીપુર રહેવા માટે આવતા હતા. પરમ પુજ્ય મહારાજશ્રી જયારે અબડાસા જતા ત્યારે ભવાનીપુર આશારીયા ભગતના ઘેર જરૂર આવતા તે દિવસે ભજન સત્સંગનું આયોજન થતું અને સૌ ગામજનો એનો લાભ લેતા. દૈવયોગે જે ઓટલા ઉપર બેસીને મહારાજશ્રી સત્સંગ કરતા હતા તથા જયાંથી રામાયણ અને મહાભારતનું પઠન થતું હતું આજે એ એટલા પર નંદા પરિવારે શ્રી જસરાજદાદાનું મંદિર બનાવ્યું છે. એક સમયે આશારીયા ભગતનો પુત્ર જીતેન્દ્રને આખા શરીરે માતાજી નીકળવાથી તે ખુબ યાતના ભોગવી રહ્યો હતો. હવે તો જીવવાની કોઇ આશા રહી ન હતી. એ સમયે પરમ પુજ્ય મહારાજશ્રીને વિનંતી કરી કે મહારાજશ્રી આપ કંઇક કરો હું આપ સૌની વચ્ચે પ્રતીજ્ઞા લહું છુ કે જીતેન્દ્ર બચી જશે તો હું આપને અર્પણ કરી દઇશ આ છોકરો આજથી અમારો નહી પણ તમારો થશે.

સદ્દભાગ્યે જીતેન્દ્રને નવો જન્મ મળ્યો ગામમાં પરિવારમાં ખુશીની લહેર ફરી વળી ત્યારે મહારાજશ્રી એ કહ્યું ભકત આપનો બાળક આઠ વરસનો થાય ત્યાં સુધી આપની પાસે રાખો થોડો સમજણો થાય પછી મને અર્પણ કરજો.

આજે જીતેન્દ્રને આઠ વરસ પુરા થયા આજથી જીતેન્દ્રનું મહારાજશ્રી દ્વારા બટુક નામ ધારણ કરીને વાંઢાયમાં જ પ્રાચીન તથા અર્વાચીન (સંસ્કૃત) અભ્યાસ સાથે જોડી દીધો. એમ કરતાં કરતાં બટુકની બાળ અવસ્થા વાંઢાયમાં જ પુરી થઇ ત્યાર બાદ મહારાજશ્રીએ એને સંસ્કૃત વિદ્યાભ્યાસમાં પારંગત થવા અંગે સિધ્ધપુરની સંસ્કૃત વિધ્યાલયમાં મોકલ્યો. ત્યાં બટુકને ભણતા ભણતા પાંચ વરસ થયા ત્યારે મહારાજશ્રીનું શરીર શાંત થઇ ગયું અને હવે બટુક માટે શરૂ થયો. કસોટીનો કાળ મહારાજશ્રી ના ગયા પછી ઇશ્વર આશ્રમ વાંઢાયના સાધુઓએ હાથ ઉંચા કરીને કહી દીધું કે બટુક હવે તને જો આગળ ભણવું હોય તો તું તારી જવાબદારી થી ભણજે અમારી કોઇ જવાબદારી નથી. મહારાજશ્રીની

છત્રછાયા ગુમાવી બેઠેલા બટુકે સાધુઓના બીન જવાબદારી પુર્ણ નિવેદનો સાંભળીને આશ્રમો તથા સાધુઓને ખુબ નીકટથી જોઇ લીધા પછી અર્વાચીન શિક્ષણનાં આધારે અમદાવાદમાં અભ્યાસ કરીને પ્રોફેસર તરીકે જીવન જીવ્યા અને જીતેન્દ્ર નંદાએ પોતાના કાર્યો પુરા કર્યા હોવા છતાં પણ બટુકને સંસ્કૃત વિદ્યાભ્યાસમાં પારંગત કર્યા પછી આશ્રમમાં "ઇશ્વર સંસ્કૃત વિદ્યાલય" નિર્માણ કરવાનું પરમ પુજય મહારાજશ્રીનું સપનું અધુરૂં રહી ગયું જે ભવિષ્યમાં કયારે પણ પુરૂં નહી થાય !!!

ગુરૂદક્ષિણા

એક વખત મહારાજશ્રી ચોખાવાલા બિલ્ડીંગમાં રહેતા તથા મુળ નુંધાતડ ગામનાં નિવાસી માતાજી શ્રી ગંગામાઁ કે જે મહારાજશ્રીના માનસ ગુરૂ થતા હતા. ત્યાં એમનાં દર્શન કરવા ગયા. શ્રી ગંગામાં શરીરે સારસ્વત બ્રાહ્મણ હતા. તેઓ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો હોવા છતાં આજીવન બ્રહ્મચર્ય વ્રતધારી રહ્યા હતા. એમના પતિશ્રી ઉમીયાશંકર એ સમયના જાણીતા કથાકાર હતા. ઓછું આયુષ્ય ભોગવીને તેમનું શરીર શાંત થયું હતું.

પરમ પુજય મહારાજશ્રી એ ગંગામાઁ ના ચરણ સ્પર્શ કરીને કહ્યું કે માતાજી મેં તમને મારા માનસ ગુરૂ તરીકે સ્વીકાર્યા છે માટે હું તમને ગુરૂદક્ષિણા આપવાની ઇચ્છા ધરાવું છું ત્યારે માતાજી એ કહ્યું સાંભળ ઓધવરામ તારૂં સર્જન ઇશ્વરનાં તથા સમાજના કાર્યો કરવા માટે થયું છે તેથી ઇશ્વરે પણ તને સર્વ શકિતમાન બનાવ્યો છે. તેથી તે પ્રત્યેક સમાજના કામો કર્યા છે માટે મારૂં એક નાનું કામ કર્યા સ્વરૂપે ગુરૂદક્ષિણા આપીશ તો મને ખુબ આનંદ થશે. મહારાજશ્રીએ કહ્યું માતાજી આજ્ઞા કરો ત્યારે માતાજીએ કહ્યું ઓધવરામ મુંબઇમાં અમારી સમાજવાડી નથી જેના નવ નિર્માણ માટે અમેં સૌએ અથાગ પ્રયત્નો કર્યા છે પણ હજી સુધી સફળતા મળી નથી.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં શ્રી છોટાલાલ જોષી કહે છે કે અમારો સારસ્વત બ્રાહ્મણ સમાજ આર્થીક દૃષ્ટિએ ખુબ પાછળ હતો. કારણ કે વેપાર અને ઉદ્યોગમાં અમારૂં સ્થાન ખુબ ઓછું હતું પરમ પુજય મહારાજશ્રી ઓધવરામજીના આશીર્વાદથી તથા માતાજી ગંગામાઁ ની પ્રેરણાથી અને પ્રભુકૃપાએ ફંડની શરૂઆત થઇ, યોગ્ય જમીન મળી. મકાન બાંધકામના ખર્ચનો અડસટ્ટો લગભગ રૂા. ૫૦,૦૦૦/-નો હતો પણ વધુ સારૂં કરવા જતાં લગભગ રૂા. ૭૦,૦૦૦/- રૂપિયા જેવું થાય પણ રૂપિયા કાઢવા કયાંથી ? અને પછી મુંઝવણ શરૂ થઇ. જયાંથી મળી શકે ત્યાં બધે ફરી વળ્યા પણ તકલીફ તો એવી જ રહી. પણ ત્યાં સાંભળ્યું કે, મહારાજશ્રી મુંબઇ આવે છે. આ સમાચાર જાણી થોડી હિંમત આવી અને મહારાજશ્રીને મળી કોઇ રસ્તો કાઢવા વિચાર્યુ. મહારાજશ્રી મુંબઇ આવ્યા એટલે તેમને મળ્યા. બધી વાત કરી અને પછી વિનંતી કરી કે, અમેં સારૂં કરવા જતાં આમ મુશ્કેલીમાં મુકાઇ ગયા છીએ માટે કંઇ માર્ગ કાઢી આપો તો સારૂં.

આવી રીતે મહારાજશ્રી પાસે વાત મૂકી. મહારાજશ્રીએ મનમાં કંઇ ગણતરી કરી લીધી અને પછી કહ્યું, 'હું વિચારી જરૂર માર્ગ કાઢી આપીશ.' પછી વળતે દિવસે મહારાજશ્રી મારી સાથે ચાલ્યા. મેં તેમને અમારી સરસ્વતી વાડી દેખાડી, બધી વિગતો સમજાવી. વાત બરાબર સમજાય તે માટે તેમણે મને કહ્યું, છોટાલાલભાઇ ! તમેં મારા કહેવાથી ઘણા વર્ષો સુધી તમેં ઇશ્વર આશ્રમની સેવા કરી છે આજે મને ઋણ અદા કરવાનો સમય આવ્યો છે. મને અહીં મારા ભકતોએ રૂા. ૫૦૦/- હરિદ્વારમાં ગંગા કાઠે ખરચવા આપ્યા છે પરંતુ આજે જયારે હું આવું સારૂં કાર્ય થયેલું જોઉ છું કે મારી ગંગા હરિદ્વારમાં નહિ પણ અહીં જ છે. હું આ રૂા. ૫૦૦/- તમને આપું છું અને બાકીની રકમ તમને આજે જ ભેગી કરી આપીશ.

મહારાજશ્રીના આત્મબળનું દર્શન આનાથી વિશેષ શું હોઇ શકે ? એમણે કહ્યું, 'આજે જ સાંજે સભા ભરો' અને તે જ સાંજે સભા મળી અને એ મહાપુરુષે સભામાં પોતાની વેધકવાણી શરૂ કરી. સંપૂર્ણ શાંતિથી એમના શબ્દો ઝરતા જાય અને સભાજનોના મસ્તક ડોલતા જાય. સેંકડો માનવીઓમાં અદ્દ્ભુત એવી તન્મયતા એમણે પોતાના શબ્દોથી ઊભી કરી. મહારાજશ્રીએ અંતમાં કહ્યું, મને વિશ્વાસ છે કે ખૂટતી રકમ ભેળી કરીને જ આપણે અહીંથી ઉઠીશું. અને પછી મહારાજશ્રીએ એક કેળવણીની સંસ્થા ખાતર ત્યાં એકઠા થયેલા સ્ત્રી, પુરુષો, બાળકો-બધા સમક્ષ પોતાનો હાથ લંબાવ્યો. અને ત્યા નાણાંનો વરસાદ થયો. બે જણ નામો લખવા બેઠા. લખનાર થાકયા પરતું રકમ જાહેર કરનારા એક પછી એક ઊભા થતા જ ગયા. માત્ર એક કલાકમાં જ ત્યાં ઘટતી રકમ રૂા.૧૮,૦૦૦/-ની એકઠી થઇ ગઇ. મહારાજશ્રીનો લોકો પર કેવો અદ્દ્ભુત પ્રભાવ છે તેની આથી સૌને પ્રતિતી થઇ, અને સ્વાર્થ રહીત,

સેવા પરાયણ અને સાદાઇ ભર્યુ જીવન જ લોકો પર આવો પ્રભાવ પાડી શકે છે !!!

આરામ હરામ હૈ-મહાત્મા ગાંધીજી

સંતો કોઇ દિવસ આરામ કરતા નથી અને અકર્મીઓ કોઇ દિવસ કામ કરતા નથી. અકર્મી પોતાની તથા પોતાના ઘર પરિવારની ચિંતા કરતા નથી જ્યારે સંતો સમાજ તથા ધર્મની ચિંતા કરતા હોય છે. કવિ કહે છે પર ઉપકારે સંતો ઘસી નાખે કાયા.

સંપૂર્ણ આયોજન પાર પાડયા પછી પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજી વાંઢાય આવ્યા ત્યાં એમને હરિદ્વાર જતાં પહેલા ગુરૂકુલ સાથે જોડાયેલા લાગણી સભર દ્રશ્યો ફરીથી તાજા થયા.

ભારત દેશ આઝાદ થયા પછી આશ્રમો તથા આશ્રમોની વિરાસતો બધી સરકારશ્રીએ પોતાના હસ્તકત કરી લીધી જેમાં ઇશ્વર આશ્રમ વાંઢાય સંચાલિત ગુરૂકુલનો પણ સમાવેશ થતો હતો. આજે મહારાજશ્રીની દ્રૃષ્ટિ સામે ભૂતકાળ આવી ઉભો રહ્યો. ગુરૂકુળ નિર્માણ વખતના પ્રસંગો એક પછી એક તરવરવા લાગ્યા. મજુરો સાથે માથા ફોડી, સુરંગો નાખીને પથ્થર ફોળવાની ઘટના ગુરૂકુલની દિવાલ વિશે સંચાલકો સાથે મતભેદ, બારી બારણા નાખવા માટે કડિયાઓ સાથે ચર્ચા આશ્રમને સીલ લગાડવા આવેલી સરકાર સામે સંઘર્ષમાં ઉતરવું, ઉદ્ઘાટનો કરવા, વાર્ષિક તિથીઓ ઉજવવી, સાધન સામગ્રીઓ વસાવવી, ગુરૂકુળ ચલાવવા અર્થે ફંડ ફાળા ભેગા કરવા અને અંતે શુન્યમાંથી સર્જન કરેલા વટવૃક્ષ ને સરકારનાં હાથમાં સુપરત કરીને પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવરામજીને ગુરૂકુળના ભવિષ્યની ચિંતા રાતના પણ સતાવતી હતી અડધી રાત્રે ઉઠીને મહારાજશ્રી ગુરૂકુલને એકીટસે જોયા કરતા હતા ગુરૂકુળ પ્રત્યેનો એનો અતુટ નાતો તથા લાગણી જકડી રાખતી હતી ફરી મનમાં એક વિચાર આવ્યો કે કથામાં મેં ઘણી વખત સ્થિતપ્રજ્ઞ ના પ્રવચનો આપ્યા છે એ પ્રવચનો મને પણ મારા જીવનમાં ઉતારવા જોઇએ. એના શિક્ષણનો બોધ તો મારે પણ થવો જોઇએ. એવી રીતે પોતાના મન ને સમજાવીને ગુરૂકુળથી દુર જવાના પ્રયત્નો કરતા હતા પણ લાગણીના તાર તુટયા ન હોતા. કારણ કે ગુરૂકુળનો ઉછેર મહારાજશ્રીએ માતૃભાવ રાખીને કર્યો હતો. જેના લીધે હરિદ્વાર જવાની તારીખોમાં ફેરફાર થતો હોવા છતાં ગુરૂકુલ છોડીને શેષજીવન હિમાલયની તળેટીમાં અને ગંગા કિનારે પ્રભુ ભજન કરવાનો સંકલ્પ દિવસે દિવસે દ્રઢ થતો જતો હતો. એ જ રાત્રે મનની અંદર વહેતા વિચારોના પ્રવાહને કારણે મહારાજશ્રી થોડા આગળ વધીને ગૌશાળામાં આવ્યા. આજે રાત્રે ગૌશાળાની ગાયો આરામ કરવાને બદલે સૌ મહારાજશ્રી ને જોઇ રહી હતી એ સમયમાં ગૌશાળામાં એંશી ગાયો હતી. મહારાજશ્રીએ સૌ ગાયોને પીઠ પર પ્રેમાળ હાથ ફેરવીને કહ્યું માતાઓ મને રજા આપો હવે હું જાઉં છું. મારા તરફથી તમારી સારસંભાળ રાખવામાં થોડું ઓછું વધુ થયું હોય તો ક્ષમા કરજો. પારિવારીક પ્રેમના ધોરણે આપણે સૌ લાગણીના ભાવે એક બીજા સાથે જોડાઇ ગયા છીએ માટે આપ સૌ ગાયોને છોડવાનું જરાય મન નથી પણ છોડવા સિવાય બીજો અન્ય કોઇ ઉપાય નથી. સૌના નામ પ્રમાણે બોલાવીને મહારાજશ્રી એ ગાયો સાથે ખુબ વાતો કરી. અંતે અશ્રુભીની આંખો સાથે પરમ પુજ્ય મહારાજશ્રી ગૌ શાળામાંથી બહાર આવ્યા સુર્યનારાયણ દર્શન આપવાની તૈયારી કરી રહ્યા હતા મહારાજશ્રી પર્ણ કુટીરમાંથી ગૌશાળા અને ગૌ શાળામાંથી આખી રાતનો પ્રવાસ ખેડીને અંતે ગુરૂકુલના પ્રાંગણમાં આવ્યા. મહારાજશ્રીનું આગમન થતાંની સાથે શિષ્યો સૌ એક પછી એક આવીને ચરણ સ્પર્શ કરવા લાગ્યા. મહારાજશ્રીનાં વિયોગની લાગણી આજથી જ સૌને સતાવી રહી હતી કવિ કહે છે,

પ્રેમ છીપાયાના છીપે જા ઘટ પ્રગટ હોય
યદપિ મુખ બોલે નહિ નૈન દેત હૈ રોય

જયાં પ્રેમ હોય ત્યાં વાણી વિલાસને લેશ માત્ર સ્થાન નથી હોતો અને જયાં પ્રેમ હોય ત્યાં અશ્રુઓ બધંનો સ્વીકાર કરતા નથી છતાંપણ જે ઘડી આવવાની છે તેતો આવ્યા વગર રહેશે નહી કોઇ પણ પરિસ્થિતી સાથે જોડાઇ જવું એ પ્રત્યેક માણસની ફરજમાં આવે છે એક કવિ કહે છે કે,

કે તારા સ્વજન તને જાય જો મુકી દો એથી કાંઇ ચિંતા કરે ચાલશે ના
એથી કાંઇ ચિંતા કરે ચાલશે ના...
મારગે તિમીર ઘોર ઘેરાશે એટલે તું શું અટકી જાસે ?
વારંમવારે ચેતવ દીવો તોય દીવો ચેતશે ના ...એથીં કાંઇ

સુણી તારા મુખની વાણી વીંટળાશે વન વનના પ્રાણી
તોયે તારૂં પૌતિક હૈયું પથ્થર સમાન હાલશે ના ...એથીં કાંઇ.

ગુરૂકુલની મહતા

ગુરૂકુલ વિશે મહારાજશ્રી કહેતા કે ઋષીઓ દ્વારા સંસ્કૃતિનો વિકાસ આશ્રમો અને તપોવનોમાંથી થયો છે. સંસ્કૃતિના ગીતની પ્રથમ ઝલક નાની નાની કુટીરો તથા ગામડાઓમાં જોવા મળી હતી. ગુરૂકુલની વ્યાખ્યા કરતા કહ્યું કે ધાર્મીક તથા સામાજીક શિક્ષણ સંસ્થાઓ વન-પર્વતો વચ્ચે હોવી જોઇએ. ગુરૂકુલનાં વિદ્યાર્થીઓ બ્રહ્મચારી વ્રતીના હોઇ નિર્ભયતા તથા સ્વાઃભિમાનના પાઠ શીખે છે. ગુરૂકુલમાંથી બહાર પડેલો વિદ્યાર્થી પરાવલંબી ન રહેતા. સ્વાવલંબી હોય છે. ગુરૂકુલનો વિદ્યાર્થી વિશુદ્ધ પ્રકૃત્તિમાં રહેવાથી ઠંડી, ગરમી, પવન, વર્ષાને સહન કરવાની શકિત પ્રાપ્ત કરે છે. અને ધીરે ધીરે મૃત્યુ ને પણ પાછુ ઠેલવાની એમનામાં શકિત પ્રાપ્ત થાય છે. મહારાજશ્રીએ કહ્યું કે ગુરૂકુલએ માત્ર ચાર દિવાલની બનેલી ઇમારત નથી. ગુરૂકુલ મારો આત્માં છે. ગુરૂકુલના નિમાર્ણ પાછળ અસંખ્ય માણસોની ભાવના છુપાયેલી છે. એમાં સંત-સાધુઓનું તપ અને ધનીકોનું બળ સમાયેલું છે. મહારાજશ્રી પોતાનાં શિષ્યો ને કહેતા કે ધનવાનો ને કયારે પણ તુચ્છ ગણશો નહિ કારણ કે ધનવાનો સમાજના આધાર સ્તભં છે. સંત તુલસીદાસ કહે છે કે सकल पदार्थ है જગમાંહી ભાગ્ય हिन कछु पावत नांहि. સકલ પદાર્થ એટલે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ શાસ્ત્રોએ અર્થને બીજો પદાર્થ ગણ્યો છે. વડીલો પ્રત્યે, ગુરૂ પ્રત્યે, સંસ્થાઓ પ્રત્યે, સમાજ પ્રત્યે ભાવના વ્યકત કરવા માટે ધન, માધ્યમ બને છે. મહારાણા પ્રતાપે ધનના બળે ચિત્તોડનું રાજય પાછુ મેળવ્યું છે. એવા તો એક નહી અનેક દાખલા છે. મહારાજશ્રી આગળ કહે છે કે ધન સાત્વીક હોવો જોઇએ. આજે બાવા અને સાધુઓ તથા આશ્રમો બગડતા જાય છે. એની પાછળ કોઇ જવાબદાર હોય તો માત્ર પૈસાદાર વર્ગ છે. કારણ કે એની પાસે સંપત્તિ જ એવી છે કે જયાં જાય ત્યાં વિનાશ કરે. વિકાસ નહિ. આપણા ગુરૂકુલમાં ધનવાનો એ માત્ર ધન નહિ પણ સાથે સાથે પોતાના પ્રાણ પુર્યા છે. ગુરૂકુલમાં જેટલી મને પ્રિત છે એટલી તમારા બધાની હોવી જાઇએ. પરમ પુજય મહારાજશ્રીએ કહ્યું કે ગુરૂકુલથી છુટા થવું એ મારા માટે શરીરમાંથી પ્રાણ ચાલ્યા જવા જેવું છે. પણ મારા જીવન વિકાસ માટે તથા મારા અંતિમ લક્ષને પામવા માટે ગંગાતીરે જઇને તથા મારામાં રહેલી ત્રુટીઓ સુધારીને સાધના દ્વારા પ્રભુ સ્મરણ કરતાં કરતાં હું મારા દેહનો ત્યાગ કરીશ.

દૈવી સંકેત

પરમ પુજય મહારાજશ્રી આશ્રમ છોટી ને કાયમ ગંગાતટે વાસ કરશે એવા વિચારોનું પ્રવાહ સમગ્ર કચ્છમાં વહેતો થઇ ગયો. મહારાજશ્રીએ હરિદ્વાર જવાના નિર્ણય સાથે કચ્છની જનતા સંપુર્ણ સહમત ન હતી. એ વખતે કચ્છ કલેકટર શ્રી તુલસીદાસ મુલજી શેઠ (T.M.C.) હતા. તેઓ પ્રત્યેક વસંતપંચમીએ ગુરૂકુલના વાર્ષિકોત્સવ પ્રસંગે ઇશ્વર આશ્રમ વાંઢાય આવતા ત્યારે તેમના સન્માન અર્થે ગુરૂકુળના વિદ્યાર્થીઓ એમની સામે આધુનિક પ્રદર્શનો જેવા કે બેલ્જીયમના ખેલ, પીરામીડ, રસ્સીકુદ, અગ્નીરીંગ જેવા અનેક પ્રકારના દેખાવો કરીને આવેલા મહેમાનો ને ખુશ કરી દેતા હતા. પણ આજે ટી.એમ.સી. કોઇ પ્રસંગે આવ્યા નહોતા આજે તો મહારાજશ્રી હરિદ્વાર ન જાય એમના માટે મહારાજશ્રીને સમજાવવા માટે આવ્યા હતા. તેમણે મહારાજશ્રી ને નત મસ્તકે કહ્યું, મહારાજશ્રી મને આજે એવા સમાચાર મળ્યા કે આપ કાયમી ધોરણે હરિદ્વાર પધારી રહ્યા છો. હું આપ ને માત્ર ધ્યાન દોરવા ખાતર કહું છું કે આપ માત્ર અમારા ગુરૂ છો એટલું જ નહિ આપ કચ્છના કુળગુરૂ છો. આપના ચાલ્યા જવાથી કચ્છની પ્રજા તથા હરિહર પંરમપરા સાથે જોડાયેલી સૌ નાની મોટી વ્યકિતને કેટલું દુઃખ લાગશે. આપના પ્રેમથી તથા આપના વાત્સલ્ય ભાવથી કચ્છની પ્રજા ખુબ ટેવાયેલી છે. આપ ગંગાતીરે ચાલ્યા જશો પછી અમારૂં શું ? મહારાજશ્રી આપ થોડું અમારા વિશે વિચારશો તો અમને બધાને ખુબ સારૂં લાગશે.

કચ્છના કુલગુરૂ સંતશ્રી ઓધવરામ

કલેકટરશ્રીના વાતો સાંભળીને મહારાજશ્રી ખુબ હસ્યા અને કહ્યું આપ ખુબ સમજદાર હોવા છતાંય આપનો અને મારો જીવન પ્રત્યે જોવાનો દૃષ્ટિકોણ અલગ અલગ છે.

આપશ્રી એવી રીતે વિચારો રહ્યા છો કે મહારાજશ્રી હરિદ્વાર જઇને ગંગામાં નાક પકડીને ડુબકી મારવા જાય છે. કલેકટર સાહેબ હું ગંગામાં ડુબકી મારવા નથી જતો તથા ગંગાના કિનારે બેસીને તાડીઓ વગાડવાય નથી જતો.

હું તો તમારા સૌના માટે જાઉ છું. હું જ્યાં રહીશ ત્યાં કામ તો તમારા માટે જ કરીશ. સાહેબ મારી પાસે વાણી વિલાસ નથી એટલે મારી ભાષા થોડી જાડી છે. તથા આખા બોલી છે કારણ કે હું ગ્રેજ્યુએટ નથી માટે આપ મારી ભાષા તથા શબ્દો ઉપર ધ્યાન ન આપતા. મારા ઈરાદા ને ઓળખવાના પ્રયત્નો કરજો. મેં તમને ન કહેતા કહેતા ઘણું કહી દીધું છે. મારી સાંકેતિક ભાષાને સમજો તો ઘણુ સારૂં હું મારા હરિદ્વાર જવા પાછળનાં ઈરાદાને સ્પષ્ટ નથી કરતો પણ અકલમંદ કો ઈશારા કાફી !!! સારા કામો કર્યાથી પહેલા ઢોલ વગાળવું જોઈએ નહિ તમેં સારા કામો કર્યા કરો. ઢોલ સમાજ પોતાની મેળે વગાડશે.

મર્માનુવર્તન્તે ઈતિ મનુષ્યા

ભગવાન ગીતામાં કહે છે કે મારા કામો જ્યાં છે ત્યાંથી આગળ લઈ જાય એનું નામ મનુષ્ય આગળ જતાં ભગવાન કહે છે કે, તારાથી વધારે કાંઈ ન થાય તો તું જે પણ કરે એ બધુ મારા માટે કર બસ પછી હાથ ઉંચા કરીને કહેતો જા કે પાપ પુણ્યનો પ્રભુ હવે હું ન જવાબદાર કારણ કે હું જે કાંઈ કરૂ છું તે બધું તારા માટે કરૂં છું તેરા તુજકો અર્પણ ક્યા લાગે મેરા. સન્યાંસી કર્મો ન કરતો હોવા છતાં ઘણા કર્મો કરે છે પણ બંધનમાં બંધાતો નથી કારણ કે કર્મ કરતી વખતે એમની આશક્તિ ફળમાંએ નથી અને ઈશ્વરમાંએ નથી એના પ્રત્યેક કર્મો સાક્ષી ભાવે થતા હોય છે. જ્યારે સામાન્ય માણસો ફળ ન મળે તો કામ શા માટે કરવા ? મહારાજશ્રીએ કહ્યું કે, આપણે સૌ ભોગોથી એટલા ટેવાયલા છીએ કે ફળની વાત આવે ત્યારે આપણી આંખની સામેં ભોગો તરવરવા લાગે છે તથા આપણે ફળની વ્યાખ્યા ભૌતિક જગતની આજુબાજુમાં પથરાયેલી હોય છે. જ્યારે ગીતા પરમોચ્ચ સ્થાનનું ફળ બતાવે છે કે જ્યાં પહોંચ્યા પછી આપણે અને ઈશ્વરનો નિત્ય સંબંધ બંધાય છે. પંદરમાં અધ્યાયના છેલ્લા શ્લોકમાં ભગવાન હજી બીજા ફળની વાત કરે છે.

ઈતિ ગુહ્યતમં શાસ્ત્ર મિદ મુક્તં મયાઽનઘ
એ તદ બુદવા બુધ્ધીમાનસ્યાત કૃત કૃત્યશ્ચ ભારત ગીતા૧૫/૨૦

ગીતામાં ભગવાન કહે છે હે અર્જુન હું તને ગુપ્તજ્ઞાનની વાત કરૂં છું જે જ્ઞાન પ્રગટ થયા પછી મનુષ્ય કૃતાર્થ થાય છે. એટલે કે તે પરિપુર્ણ થાય છે. તથા તૃપ્ત થાય છે. એક વખત તૃપ્ત થયા પછી એને ગંગાસતી કહે છે એ પ્રમાણે ''એને કરવા ન બીજા કામ''

મહારાજશ્રીએ કહ્યું કે આજના સમયમાં માણસો સૌ પોતપોતામાં રચ્યા પચ્યા રહે છે એમને સર્વાંગી વિકાસની ઝંખના નથી એ સૌની દોટ માત્ર આર્થિક વિકાસ તરફ છે અને જે માણસોને માત્ર ધન જ કમાવવાનું છે એમનાં માટે સર્વાંગી વિકાસ બાધારૂપ નીવડે છે. મતી ભૃષ્ટ તથા ચારિત્રય ભૃષ્ટસમાજ સહેલાઈથી ધન કમાવી શકતો હોય તો પછી સર્વાંગી વિકાસની તથા પરિપૂર્ણતાની જરૂર શી ? ગીતાનાં પંદરમાં અધ્યાયમાં બુધ્ધિમતાનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે એવી બુધ્ધિ આપણી પાસે ન હોવા છતાંય અમેં જો બીજાનું ખીસ્સું સહેલાઈથી કાપી શકતા હોઈએ તો પછી તૃપ્તતા તથા પરિપૂર્ણતા કેળવવાની જરૂર શી ?

પરમપુજ્ય મહારાજશ્રી ઓધવરામજી એ કલેકટરશ્રીને ઉદેશીને કહ્યું કે, પ્રત્યેક મનુષ્યે પોતાનાં મુળ સ્વભાવમાં પાછા ફરવું જોઈએ. ગંગાતીરે સાધના કરતા કરતા મોક્ષ ન પણ મળે અને ફરી મનુષ્ય જન્મ મળે તો પણ એના જીવનનો લક્ષ પુરો થાય છે.

હું મારા લક્ષને સાધી શકું એવા હેતુથી સાધુતા કેળવી છે. અને મારો લક્ષ છે ઈશ્વર પ્રાપ્તી. હું તમારા બધાનું કામ કરતા કરતા મારા લક્ષને પ્રાપ્ત કરી લઈશ માટે આપ સૌ મને ખુબ પ્રેમથી રજા આપો. બસ એટલુ કહ્યા પછી સૌમાં નીરવ શાંતી પથરાઈ ગઈ. મહારાજશ્રીના જવાબો સાંભળ્યા પછી સવાલો ખુબ ટુંકા થઈ ગયા એ રાત્રે મહાપ્રસાદ લીધા પછી મહારાજશ્રીએ ખુબ ભજનો ગાયા.

રાગ : ભાલાવાળા મારી ભેગા રહેજો

નાથ નિરંજન નેણે નીરખ્યા વૃતિ અંતર સુખપામી રે (૨)
કર્મ ભર્મ ની કલ્પના છુટી, વિષમતા સર્વે વામી રે ...ટેક૦

અગમ માર્ગ એ એવો છે, વીરલા જન ત્યાં કોઇ ફાવે રે
આધાર વિના જેમ ખેલ છે નટનો, ખ્યાલ ચુકે મોત આવે રે ...૧
જીવતાં મરવું ઉલટ ચડવું, મીન મારગ દુર્ગમ ભાઇ રે
શીરના સાટા જે કોઇ કરશે, માણે મોજ બ્રહ્મમાં જોઇ રે ...૨
વાંચ્ય જ્ઞાનના જે છે વિલાસી, અંતરની ગતિ શું જાણે રે
અરક ઉજાસ ને ઉલુ ન દેખે, બ્રહ્માનંદ સુખ કેમ માણે રે ...૩
નુરતને વારી સુરત સંભારી , શબ્દ શોધીને ખોલે દશમી બારી રે
''ઓધવદાસ'' કહે લાલ પ્રતાપે, તે પર હું જાઉ બલીહારી રે ...૪

રાગ : પરજ તાલ - ત્રીતાલ

(કાનુંડે કામણગારે કીધી મનુ ઘેલી)

સાચા સંત શૂરા તે વાસ ગગને કરે,
ગગને કરે નિર્ભય થઇ વિચરે ...ટેક。
નુરત સુરત સોહં શબ્દ માં ધરે,
સહજ સમાધિ લાગે ત્રિપુટી પરે ...સાચા。
અદ્‌ભુત આનંદ અમૃત જરે,
પાન કરી ને તન સુધ વિસરે ...સાચા。
દેહ અભિમાની નરને જમડા હરે,
સમરથ સંત દેખી કાલ ડરે ...સાચા。
'ઓધવદાસ' પ્રભુને ભજતા કારજ સરે,
તારે બીજા ને સંતો પોતે તરે ...સાચા。

આજે સંવત ૨૦૦૯ ચૈત્ર સુદ-૧૧ એટલે મહારાજશ્રીનો હરિદ્વાર જવાના યોગે રાત્રીએ મહારાજશ્રીએ ગાયેલા ભજનોની ગુંજ હજી શાંત થઇ ન હતી. ત્યાં તો સુર્યનારાયણે દર્શન દીધા. મહારાજશ્રી પોતાના નિત્યક્રમ પ્રમાણે પ્રાંતકાળે ઉઠીને સ્નાનદી કાર્ય પુર્ણ કરીને ઇશ્વરરામ મહારાજની સમાધી પાસે બેસીને પ્રભાતીયાં ગાતા આજના પ્રભાતીયાં માં જખ્મીહૃદયના સરનામાં શ્રી ધનાભગતે વર્ણવ્યા છે એ જ સરનામાં પરમ પુજ્ય મહારાજશ્રી એ આજે સૌ કોઇને ગાઇ બતાવ્યા હતા.

રાગ : પ્રભાત તાલ - જાગોને અલબેલા કાના

રામબાળ વાગ્યા હોય તે જાણે મુરખ મનમાં શું માણે રે ...ટેક。
ધ્રુવને વાગ્યા, પ્રહલાદને વાગ્યા ઠરી બેઠા ઠેકાણે રે,
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યા વેદ વચન પરમાણે રે ...૧
મોરધ્વજ રાજાનાં મન હરી લેવા વહાલો પધાર્યા તે ઠામે રે
કાશીએ જઇને કરવત મેલાવ્યા, પુત્ર પત્ની બેઉ તાણે રે ...૨
બાઇ મીરાં ઉપર ક્રોધ કરીને રાણો ખડગ લઇ તાણે રે
ઝેરના પ્યાલા ગીરધરલાલે અમૃત કર્યા એવે ટાણે રે ...૩
નરસિંહ મહેતાની હુંડી સ્વિકારી ખેપ કરી ખરે ટાણે રે
અનેક ભકતોને એણે ઉગાર્યા ''ધનો''ભગત ઉર આણે રે ...૪

આશ્રમમાં સવારથી જ મહારાજશ્રીના ચાહકો આવતા થઇ ગયા સૌને ખબર છે કે આજે મહારાજશ્રી હરિદ્વાર જવા માટે વિદાય લેવાના છે. આજ થી લગભગ સાઇઠ વરસ પહેલા પરમપુજ્ય મહારાજશ્રીના પ્રાગટય પ્રસંગે ચાગબાઇ માઁ ને ઉદેશીને ગાયેલા શબ્દો ફરી મહારાજશ્રીના માનસ પટ પર તાજા થયા.

રાગ : ભીમલાસ તાલ - હે મનવા લઈલે

ચાગબાઈ માઁ તારા ભાગ્ય અતિ બલવાન
ઓધવ ઉજ્વળ કરશે તમારા માત પિતાના નામ ...ચાગબાઈ માઁ.
કલીયુગના મંડાણ થયા એમાં કોણ ભજે શ્રી રામ
ઓધવને લાગી બચપણમાં રામ ભજનની તાણ ...ચાગબાઈ માઁ.
મોહ માયાના બંધન તુટયા જાગ્યા આતમ રામ
અવતારી ઓધવનું જગમાં અમર રહેશે નામ ...ચાગબાઈ માઁ.
પોત પોતાના કર્મ પ્રમાણે જીવ જન્મ્યો જાણ
સાધુ સ્વરૂપે વિચરી જગમાં કરશે ધરમના કામ ...ચાગબાઈ માઁ.
ઉંચનીચના ભેદ ભુલે એ સંત જીવન પ્રમાણ
ભુખ્યાને ભોજન તરસ્યાને જલ ના દેશે દાન ...ચાગબાઈ માઁ.
ગુરૂકૃપાથી થાશે એની હરિ સાથે ઓળખાણ
ઓધવ માંથી થાશે "ભગતરામ"સંત ઓધવરામ ...ચાગબાઈ માઁ.

એક કવિ કહે છે કે,

ધરતી કો કાગજ કરૂં લેખન કરૂં વનરાઈ
સાત સમુદ્ર કી સ્યાહી કરૂં ગુરૂગુણલીખા ના જાઈ

સવારનો સમય હતો મહારાજશ્રી પોતાનાં ખંડમાંથી બહાર આવ્યા સૌને મારા હરિહર કહેતાની સાથે આંખોમાં હર્ષના અશ્રુઓ છલકાવા લાગ્યા.

મહારાજશ્રી સ્વયંમ વિરકત હતા તેથી વિરકતને વળી કેવો મોહ ? અને કેવા બંધન અને કોના બંધન શાસ્ત્રો કહે છે કે સંત કોને કહેવાય ? ત્રીગુણા તીત ફીરે તન ત્યાગી રીત જગત સેં ન્યારી જગત મેં સંત પરમ હિતકારી. અર્થાત સત્વ, રજત અને તમ થી જે પર છે. તથા જેની રીત તન ત્યાગી છે જેનો શરીર ઉપર કોઈ મોહ નથી શરીર એના માટે માત્ર કાર્ય સાધન છે તથા સંતનું જીવન સ્વાર્થી નહિ પણ પરમાર્થી હોય છે. અને એની રીત સ્વાર્થી જગત કરતાં ન્યારી હોય છે. એવા સંતના દર્શન કરવા સૌ સખીયો સાથે મળીને વાંઢાય આવે છે.

રાગ : ખમાજ તાલ - કેરવા

ઓમેરે સાજન લે ચલ નદીયા કે પાર

જહાઁબસે શ્રી સંત શીરોમણી સદ્‌ગુરૂ ઓધવરામ
સુનસખીયાઁ મોહે...લે...ચલ...વાંઢાય ધામ ...સુન.
સદગુરૂકી સન્મુખ જાકર મૈં ગાચુંગી
લેકર કે કરતાલ હાથ મેં નાચુંગી
ગુરૂ ચરનમેં બૈઠ કે હોગા મન મેરા મસ્તાન ...સુન.
જ્ઞાન, કર્મ, ભકિત કી મૈં દીક્ષા લુંગી
મન ઈધર ઉધર મત ભાગ ને કી શીક્ષા લુંગી
સંત ચરન રજ શીર પર ધર હોવે જીવન કલ્યાણ ...સુન.
મત રોના સોના મનકો મૈં સમજાવુંગી
મત ડરના ઝુકના રૂકના મૈં બતલાવુંગી
અબતો અકેલી હું નહિ ઐસા ગુરૂસેં મીલા હૈ જ્ઞાન ...સુન.
મૈં તન, મન, ધન, અર્પણ કરૂંગી ગુરૂ ચરન ન મેં
મૈં તજ કરકે અભિમાન આઈ ગુરૂ શરન ન મેં

સેવા સમપર્ણ કરકે ''ભગતરામ'' મન હોવે નિષ્કામ ...સુન૦

શ્રી કૃષ્ણ ભગવાન ગોકુળમાંથી વૃંદાવન જતા હતા ત્યારે ગોપીઓ તથા વ્રજબાલાઓ કૃષ્ણના વિરહને ઝીરવી શકી નહોતી જેનું વર્ણન મહર્ષી વેદવ્યાસે ભાગવત કથામાં કર્યું છે.

ચલમન ગંગાજમના તીર

આજે ગંગાનો પ્રવાહ ગતિશીલ હતો અવીરત વહેતી રહેલી ગંગા, આત્મચિંતન, પરમાત્માની ખોજ તથા ઇશ્વર દર્શન માટે પરમ પુજ્ય મહારાજશ્રીને ગંગાતટ અતિ ઉતમ સ્થળ લાગવા માંડયો. ધીરે ધીરે સમય અને સંજોગો અનુકુળ લાગ્વા માંડયા. હિમાલય થી હરિદ્વાર સુધી (૨૨૨૫) બાવીસો પચ્ચીસ કીલો મીટર લાંબી ગીરી કંદરાઓ મહારાજશ્રીના મકકમ નિર્ધારને વધુ મકકમ બનાવવા માટે પ્રેરણા આપી રહી હતી. મહારાજશ્રી સ્વયંમ કહેતા હતા કે સાધકે લીધેલા નિર્ણયો તથા સંકલ્પો પર્વત જેવા અડીખમ હોવા જોઇએ. નિર્ણયો ઉપર શાસન ન હોવા થી ઘડી ઘડીમાં જેના નિર્ણયો તથા સંકલ્પો બદલતા હોય એની સાથે ઇશ્વર હોતો નથી.

મહારાજશ્રી થોડા દિવસ હરિદ્વારમાં વિશ્રાંતી લઇને એક દિવસ તેઓ લક્ષ્માણઝુલા પહોંચ્યા. મહારાજશ્રી સાથે આવેલા અનુયાઇઓને મહારાજશ્રીએ કહ્યું કે તમેં બધા જોઇ લ્યો. આ એ જ સ્થળ છે. કે જયાંથી ભારતની પ્રાચીન સંસ્કૃતિનો અવતાર થયો હતો અને અહીંથી જ વેદની રૂચાઓ નીકળીને ભારતનાં ઘર ઘરમાં પહોંચી હતી આ એ જ મંદિરો છે. આ એ જ આશ્રમો છે કે જયાં સવાર સાંજ વેદ ઘોષ થાય છે. આ એ જ પર્ણકુટિરો છે. જયાંથી ધર્મના સંદેશ છુટતા હતા અને અહીં જ આધ્યાત્મવાદ નું અધ્યન કરતા કરતા અમારા ઋષી, મુનીઓ ગંગાને સમર્પીત થયા છે. અહીંની પવિત્ર અને રમણીય ગંગા કિનારે ઉભા રહ્યા પછી એક વાત સિધ્ધ થાય છે. કે જો સર્જનને સર્જક સાથે અતુટ સંબંધ બાંધવો હોય તો તે અહીંથી જ બંધાય છે.

પરમ પુજય મહારાજશ્રી એ આગળ જતાં અનુયાઇઓ ને કહ્યું કે માનવ જીવનમાં જે સ્વસ્થતા વિનોબા ભાવે લાવવા માંગતા હતા એ સ્વસ્થતા એ એકાગ્રતા તથા એ જ ધારણા એ બધું ગંગામૈયાના તીરેથી સહજ સાંપડે છે. અહીંયા પહોંચ્યા પછી સાધકની ઇશ્વર પ્રત્યેની ખોજ પુરી થાય છે. પરમ પુજય મહારાજશ્રીને લક્ષ્મણ ઝુલા વિસ્તાર તથા ગંગાતીરે આવેલો સ્વર્ગાશ્રમ ખુબ ગમી ગયો. હરિદ્વાર ક્ષેત્રે ભજન કરવા માટે એક ઝુંપડી મળી જાય એ હેતુથી મહારાજશ્રી ત્યાંના સાધુઓને મળતા અને જગ્યા સબંધિત ચર્ચા વિચારણા કરતા એમ કરતાં કરતાં લક્ષ્મણ ઝુલાના સાધુઓ તથા સ્વર્ગાશ્રમના ગાદીપતિ તથા સંચાલકો સાથે ઘનિષ્ટ નાતો થઇ જવાના કારણે મહારાજશ્રી પ્રત્યે ખુબ આદર થયો. અને મહારાજશ્રી ત્યાં કચ્છી સાધુ તરીકે ઓળખાવા લાગ્યા. એક દિવસ સ્વર્ગાશ્રમના પદાધિકારીઓએ કહ્યું કે મહારાજશ્રી અહીંયા એક તપસ્વી રહેતા હતા. એ સ્થળ આજે ખાલી છે. અને ભજન કરવા માટે અતી ઉતમ સ્થળ છે એવું કહીને સ્વર્ગાશ્રમની લગોલગ તપસ્વીની જગ્યા હતી એ મહારાજશ્રીને બતાવીને કહ્યું કે અહીં વધુ પડતો ઘોંઘાટ હોવાથી તપસ્વીની તપસ્યામાં ભંગ પડતો હોવાથી પોતાની જગ્યા ખાલી કરીને અહીંથી બદ્રી કેદારનાથનાં રસ્તેથી દુર દસ(૧૦)કીલોમીટરનાં અંતરે એકાંત સ્થળે તપસ્વી તપ કરવા ગયા છે. મને એટલી ખબર છે કે જમીનથી પચાસ(૫૦) કુંટ ઉંચે ટેકરી ઉપર એમની પર્ણકુટીર છે એમ કહીને પદાધિકારીએ પર્ણકુટીરની આંગળી ચીંધીને દિશા બતાવી.

તુલસી વિલંબનવ કીજીયે લીજીયે હરિકાના
મનુષ્ય મજુરી દેત હૈ કયા રાખે મેરા રામ

મહારાજશ્રીએ અગાઉ એક વાત સાંભળી હતી કે લક્ષમણઝુલા અને હરિદ્વાર વિસ્તારમાં અનેક તપસ્વીઓ રહે છે. જે કયારે પણ બહાર નીકળતા નથી અને કોઇને દર્શન પણ દેતા નથી સતત સમાધી અવસ્થામાં જ રહે છે. ભય, ભુખ, લાચારી, નિર્બળતા જેવા પરિબળોથી તેઓ પર રહે છે. સુખ-દુઃખ, જય-પરાજય, હાની-લાભ શબ્દો એમનાં શબ્દકોષમાં જ નથી હોતા તેઓ સતત ઇશ્વર પ્રાપ્તીનાં માર્ગે રહે છે. મહારાજશ્રીએ સ્વર્ગાશ્રમના સંચાલકોની સલાહ સ્વીકારી બીજું કાંઇ નહી તો એક મહાન તપસ્વીનાં દર્શન તો થશે એવા હેતુથી બપોરના સમયે હાથમાં દંડ લઇને વહેતા ઝરણાઓ ઉપરથી કુદતા કુદતા લીલીછમ છટાઓ તથા વનસ્પતિ વેલાઓને હાથેથી માર્ગમાંથી હટાવતા હટાવતા પક્ષીઓનાં કલરવનો આનંદ માણતા માણતા. ઘડી ઘડી જંગલ જાનવરોનાં દર્શન કરતાં કરતાં બરોબર દસ માઇલનું અંતર કાપીને તપસ્વીની ઝુંપડીએ આવ્યા. તપસ્વીની ઝુંપડી જમીનથી બરોબર પચાસ ફુટ ઉંચે ટેકરા ઉપર હતી.

મહારાજશ્રી ધીરે ધીરે તપસ્વીની પર્ણકુટી પાસે આવ્યા. અને બહાર ઉભા રહ્યા ખુબ ચાલ્યાનો થાક હતો. માથે તડકાનો તાપ હતો પેટમાં ભુખ હતી શરીરને વિસામો આપ્યા સિવાય અન્ય કોઇ મારગ ન હોવાથી મહારાજશ્રી ધીમે પગલે અને ખુબ ચોકસાઇ પૂર્વક પર્ણકુટીરની અંદર એક ખુણામાં સ્વસ્થ ચિત્તે બેસી ગયા. તપસ્વી સમાધીસ્થ હતા. પર્ણકુટીરની અંદર બીજો કોઇ જ નહતો. એમ કરતાં કરતાં ઓછામાં ઓછો અડધો કલાક વીતી ગયો. મહારાજશ્રીને હજી દસ માઇલ પાછા પણ જવું છે. અને મારા સેવકોને મારી ખુબ ચિંતા થશે. એવા વિચારો મહારાજશ્રીને આવ્યા કરતા હતા. એટલી વારમાં એક યુવાન તપસ્વી તાજા ફળો લઇને પર્ણકુટીરમાં આવ્યો એમણે ઓધવરામજી મહારાજને વંદન કર્યાં એના મુખ ઉપરનાં ભાવ જોઇને તથા થોડો થોડો આછો મુસ્કરાટ જોઇને મહારાજશ્રીને એવું લાગ્યું કે આવા નિર્જન જંગલમાં હું કેમ અને કંઇ રીતે આવ્યો છું એવો એને વિચાર આવી રહ્યો છે. બરોબર એ જ વખતે પેલા તપસ્વીએ આંખો ખોલી એની આંખોમાં તપનું તેજ ભર્યું હતું. મહારાજશ્રીએ એમને નમસ્કાર કર્યા સામેથી તપસ્વીએ પણ મસ્તક ઝુકાવ્યું એ દૃશ્ય ને જોઇને જગંલમાં વસતા પશુઓને લાગ્યું કે આજે બે સૂર્યો સામસામે આવી ગયા છે. કારણ કે ગંગા કિનારે મહારાજશ્રી સ્વતંત્ર પ્રતિભા ધરાવતા હતાં તે કોના શિષ્ય છે ? કઇ નાતના છે ? તથા કયાં આશ્રમનાં છે એ વિશેષણોને મહારાજશ્રી છોડીને આવ્યા હતા. આપણા દેશનાં મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક કવિતામાં લખ્યું છે કે,

અહીં નસીબને કોણ ગાંઠે છે હું પડકાર ઝીલનારો માણસ છું
હું તેજ ઉછીનો નહી લઉં હું જાતે સળગતો ફાનસ છું
ધુમ્મસ માં મને રસ નથી હું ખુલો નિખાલસ માણસ છું
કુંડળીને વળગવું ગમે નહિ ગ્રહોની સામે શીશ નમે નહી
હું પોતે જ મારો વંસ છું હું પોતે જ મારો વારસ છું
અહી કોણ ગાંઠે છે નસીબને હું પડકાર ઝીલનારો માણસ છું

ઝુંપડીના તપસ્વી તથા મહારાજશ્રી બંને સ્વયંમ પ્રકાશિત આત્માઓ હતી. અને બંનેનો યોગાનો યોગ મિલન થયો. તપસ્વીએ મહારાજશ્રીને પોતાની પાસે પધારવાનું પ્રયોજન પુછયું ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે, સ્વર્ગાશ્રમ દ્વારા મને જાણવા મળ્યું કે આપની પાસે સ્વર્ગાશ્રમની લગોલગ એક પર્ણકુટીર છે. આપ અગર મને એ સ્થળ પ્રદાન કરો તો હું એને સ્વીકારવા તૈયાર છું. તપસ્વીએ કહ્યું આત્મન મુજે ક્ષમા કીજીયે મૈંને ઉસ પર્ણકુટિર કો દો દીન પહેલે હી એક તપસ્વી કો દે દી હૈ એટલું કહીને તપસ્વી મૌન થઇ ગયા.

મહારાજશ્રી એ થોડી વિશ્રાંતી લઇને લક્ષ્મણઝુલા જવા માટે તપસ્વી પાસેથી રજા માંગી ત્યારે તપસ્વી એ કહ્યું આપ ભોજન લીયે બીના નહિ જા શકતે. એમ કહીને ફળોની ટોપલીમાંથી વીણી વીણીને ચાર ફળો તપસ્વીએ મહારાજશ્રીની સામે ધર્યા.

એક સુવિચાર છે કે, હજારો નિષ્ફળતાઓમાંથી એક સફળતાની સીડી તૈયાર થાય છે.

સકલ પદારથ હૈ જગમાંહી ભાગ્ય હિન નર પાવત નાંહિ

તપસ્વી દ્વારા ધર્મ-અર્થ-કામ-મોક્ષ રૂપી પ્રાપ્ત થયેલા ચાર ફળો વિશે વિચારતા વિચારતા પરમ પુજ્ય મહારાજશ્રી તપસ્વીની ઝુંપડીમાંથી બહાર આવ્યા એ સમયે મહારાજશ્રીનાં મનમાં એક તૃપ્તીનો ભાવ પેદા થયો અને હિંમત હતી એના કરતા અનેક ગણી વધી ગઇ અને મનમાં એક વિચાર આવ્યો કે હવે લક્ષ બહુ દુર નથી. મંઝીલે પહોંચતાં પહેલા અડચણો તો ખુબ આવશે પણ મંઝીલે પહોંચ્યા પછી ભુતકાળમાં આવેલી અડચણોની સાધકે નોંધ લેવી જોઇએ નહિ. કવિ કહે છે કે,

તું યાદ રાખજે લક્ષને રસ્તાના મોડ ને ભુલીજા
આશા અમર તું રાખજે નીરાશાવાદ ને ભુલીજા ...તું યાદ૦
પ્રતિકુળતામાં કામ આવ્યા એ સૌને યાદ કર
બહું બોલીને બદલી ગયા એને હવે તું ભુલીજા ...તું યાદ૦
થાશે ભવિષ્ય ભવ્ય તારો કર્મના યોગે કરી
વર્તમાન ને સંભાળજે તું ભુતકાળને ભુલીજા ...તું યાદ૦

પ્રણામ પ્રશંસા પુષ્પહાર એ સૌ પતનના દ્વાર છે
સત્કર્મને પર ઉપકાર કીધા પછી તું ભુલીજા ...તું યાદ.
રહે છે હરિજનમાં હરિ એ સિધ્ધાંતને તું યાદ કર
ધનના બળે હરિ પામવાની વાતને તું ભુલીજા ...તું યાદ.
કર્યા વિના મળશે નહિ વચનો ગીતાનાં છે ખરા
તું કર્મયોગીથા "ભગતરામ" અકર્મણ્યવાદને ભુલીજા ...તું યાદ.

આશ્રમની શોધ કરતા હરિદ્વારમાં મહારાજશ્રી એ એક કચ્છી સાધુ તરીકેની સ્વયંમ ઓળખ ઉભી કરી હતી. શાસ્ત્રકારો કહે છે કે કોઇ પણ વ્યકિતએ પોતાના નામની એક સ્વતંત્ર ઓળખ ઉભી કરવી જોઇએ. ઘણા માણસો સમાજમાં પોતાના સસરાના નામે ઓળખાતા હોય છે. ઘણા માણસો પરિવાર થકી ઓળખાતા હોય છે. ઘણા માણસો માઁની ઓળખથી ઓળખાતા હોય છે. એ બધામાં જે માણસ માત્ર પોતાનાં નામથી અથવા તો પોતાના કામથી જ ઓળખાતા હોય છે. એ ઓળખ સૌથી વધુ શ્રેષ્ઠ છે.

ઉતમઃ આત્મનં ખયાતા પિતૃખ્યાતા મધ્યમાં
અધમાં માતૃલાત્ખ્યાતા શ્વસુરા ચ ધમાધમાં

ઘર જમાઇ માત્ર એટલા માટે નીંદનીય રહ્યો છે. કે તે સાસરાનાં ઘરે અથવા તો ગામમાં રહેતો હોવાથી તે પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરી શકતો નથી. ધીરે ધીરે પરમ પુજય મહારાજશ્રીએ હરિદ્વાર સાધુ સમાજમાં તથા આશ્રમોમાં પોતાની સ્વતંત્ર પ્રતિભા ઊભી કરી લીધી હતી.

જયાં સુધી પર્ણકુટીની વ્યવસ્થા થઇ નહિ ત્યાં સુધી મહારાજશ્રી રમા ભુવનમાં રહેતા હતા. રમા ભુવનમાં યોત્રીઓની અવર જવર બહુ રહેતી હતી જેના લીધે મહારાજશ્રીની સાધનામાં વિક્ષેપ પડતો હતો. પણ એને ચલાવી લેવા સિવાય અન્ય કોઇ ઉપાય ન હતો. એ સમયમાં મહારાજશ્રીએ હરિદ્વારથી ગંગોત્રી જન્મોત્રીની છસો માઇલની યાત્રા કરી હતી. એમની સાથે પગપાળો પ્રવાસ કરનાર ઠક્કર પુરૂષોત્તમ પ્રેમજી એ અવસરને જીવનનો મહા મુલ્ય અવસર ગણાવ્યો છે.

એક વખત એક સાધુના કહેવાથી ગંગાજીના કાંઠે આવેલા સપ્ત સરોવર હરિદ્વારની ભૂમિ પર પર્ણકુટીર બાંધી ને રહેવાનો વિચાર કર્યો. એ જગ્યા નેપાળની રાણીની કોઠી સામે હતી. જે સ્થળ ઉપર મહારાજશ્રીએ રૂપિયા પંદરસોનો ખર્ચ કરી રહેવા માટે યોગ્ય બનાવી અને એમાં રહેવા પણ ગયા. પરતું એ આશ્રમની જમીન પાછળથી મહાત્મા નિગાહીનાથની નીકળતા મહારાજશ્રીએ વાદ-વિવાદ કર્યા વગર જેની હતી તેને પાછી સોંપી દીધી. તે સમયે ત્યાંનો સ્થાનિક સાધુ સમાજ મહારાજશ્રીનાં પડખે આવ્યો અને આશ્રમ પાછો ન આપવાની સલ્લાહો આપી ત્યારે મહારાજશ્રીએ કહ્યું હું અહીંયા ગંગા કિનારે વાદ-વિવાદ કરવા માટે નથી આવ્યો હું તો ભજન કરવા આવ્યો છું. મારા ભજનને હાનિ પહોંચાડે એવા કોઈ પણ કાર્યો મારા માટે નિષેધ છે. અને કોઇ પણ સાધકે સાધના કરતા કરતા અનાયાસે સાધના માર્ગ બદલી ન જાય એના વિશે ખુબ સાવધાન પૂર્વક વર્તવું જોઇએ.

શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ

આજે વિજ્ઞાનના યુગમાં દુનિયા મુઠીમાં સમાઇ જાય એટલી નાની થઇ ગઇ છે. પ્રવાસ અને યાત્રાનાં મારગો દિવસે દિવસે સહેલા અને સરળ થતા જાય છે. એક જમાનામાં પ્રવાસ કરવા માટે વાહન વ્યવહારનાં સાધનો મર્યાદિત હતા. એવા પ્રતિકુળ સંજોગોમાં ઠેઠ હરિદ્વારે અજાણી ભૂમિ, અજાણયા માણસો, સાથે સંબંધો સ્થાપિત કરીને આશ્રમનું નિર્માણ કરવું એ કેટલો જટિલ કાર્ય હશે. સેવકો કેટલા ખુશ અને નાખુશ થયા હશે. કેટલી આર્થિક અવગડો ઉભી થઇ હશે કેટલી પ્રતિકુળતાઓનો સામનો કરવો પડયો હશે. કેટલાક વાદ વિવાદો થયા હશે. જે થયા હશે તે પણ આજે હજારો યાત્રાળુઓને વિસામો આપતો એવો શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમને જોઇને મસ્તક ઝુકી જાય છે. અને કહેવાનું મન થાય છે કે,

રાગ : મારી મેનારે બોલે રે
આજ મેહુલીયો વરસેને ઓધવ સાંભરે

આવજે ચાગબાઈ માઁ ને દ્વાર ...આજ૦
મોતીડા માન રે સરોવરમાં નીપજે
મોતીડા ખોજે ખોજન હાર ...આજ૦
એ જી અમેં તીર્થે તીર્થે બન બન ખોજ્યા
ખોજ્યા અમેં ગંગાજીને ઘાટ ...આજ૦
તારી બંસરીના સુર સાથે ગુજંયા
હરિદ્વારે હરિહર ના નાદ ...આજ૦
રમતો જોગી આવ્યો આજે ભાનુકુળમાં
ભીક્ષા એણે આપી હાથો હાથ ...આજ૦
જોગી તારા ધર્મ, કર્મ, નીતી, નીયમ રીતને
''ભગતરામ'' જાણે જાણનહાર ...આજ૦

શ્રમ એજ ભકિત છે

હરિદ્વાર આશ્રમની આચાર સંહિતા

મહારાજશ્રી એ આશ્રમમાં આવતા દર્શનાર્થીઓ તથા યાત્રાળુઓ માટે નિયમો બનાવ્યા હતા. જેનું ચુસ્ત પણે પાલન થતું તે સિવાય આશ્રમમાં રહેતા સેવકો માટે અલગ નિયમો હતા દરરોજ સવારે પાંચ વાગે ઉઠવું. પ્રાંત સ્મરણ કરવું તથા પોતાના દરેક કાર્યો પોતાને જ કરવાના. પરદેશથી આવતા યાત્રાળુઓ માટે સારી સુવિધાઓ હતી પણ નોકર ચાકર સાથે રાખવા નહિ પોતાનાં કામ પોતાની જાતે કરવા અને તેમના જમ્યા પછી વાસણો સાફ કરવા માટે બીજાને આપવા નહિ. એ નિયમ આજે પણ યથાવત છે. મહારાજશ્રી પરદેશથી આવતા સૌ શિષ્યોને કહેતા કે, આ આશ્રમ મોજ મસ્તી તથા સમય પસાર કરવા માટે નથી થોડા સમય પુરતું ઘર છોડી ઘડી બે ઘડી પ્રભુ ભજન કરવું હોય તેને માટે ઉત્તમ સ્થળ છે. આશ્રમવાસીઓ ફરજીયાત એક કલાક રેંટીયો કાંતતા તથા બાકીના સમયે બાગાયત કામ તથા આશ્રમ સુધારણાનો કામ કરતા. મહારાજશ્રી કહેતા કે, શ્રમ એક ભક્તિ છે. તમેં તમારા પોતાના કામ જાતે કરતાં શીખો. મહારાજશ્રી મુંબઈથી આવેલી શેઠાણીઓને કહેતા કે, મને ખબર છે કે તમેં તમારા પોતાના ઘરનું કામ પણ તમારા હાથે નથી કરતા એ પણ અન્યો પાસેથી કરાવો છો અને એને તમેં તમારા માનસ પટ પર હલકા ચીત્તરો છે. જે સેવા કરે એ કોઈ દિવસ હલકો ન હોઈ શકે જે સેવા કરાવે છે એ જ હલકો છે. માટે શ્રમ કરતા શીખો. તમે માઠું લગાડતા નહિ કારણ કે હું જરા આખાબોલું છું પણ મારા કહેવાનો અર્થ તમને બહું ઉપયોગી થશે. કારણ કે હું જે બોલું છું એ હું નથી બોલતો મને ભગવાન બોલાવે છે માટે શ્રમદાન એ મોટામાં મોટું દાન છે. જે દાનની મહતા તમારે બધાએ અને મને પણ સમજવી જોઈએ.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પરાયણ

મું હરિદ્વાર

સંવત ૨૦૦૯ વૈશાખ માસમાં હરિદ્વાર ક્ષેત્રે કચ્છથી અનેક સાધુ સંતો તથા ભકતોને તેડાવી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. મહારાજશ્રી પારાયણ પ્રસંગ્રે અત્યંત આનંદીક અવસ્થામાં હતા અને ફરી ફરી આવા ભકિત સભર આયોજનો થતા રહે એવી ઈચ્છા પણ દર્શાવી મહારાજશ્રીનો આ આખો વરસ ભકિતભાવમાં વીત્યો હતો.

અહીંયા ઈશ્વર આશ્રમ વાંઢાયમાં સંવત ૨૦૧૦ ચૈત્રસુદ-૯ રામ નવમીનો ઉતસ્વ ઉજવીને ગુજરાત પાટીદાર સમાજ મહારાજશ્રીને તેડવા માટે હરિદ્વાર આવ્યો. મહારાજશ્રી પાટીદાર સમાજ સાથે એમના આંમત્રણને માન આપીને ગુજરાત તલોદ મુકામેં ઉતર્યા. ત્યાં સાબરકાંઠા સમાજનાં પ્રમુખ શ્રી ચુનીભાઈ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને પોતાના બંગલામાં મહારાજશ્રીની પધરામણી કરી. રાતના ભજન તથા સંતસંગનો સૌને લાભ મળ્યો અને સમાજલક્ષી ચર્ચાઓ થઈ. સમાજલક્ષી કાર્યોને પણ મહારાજશ્રી ભજન કહેતા હતા. ત્યાંથી મહારાજશ્રી બદામ કંપામાં પધાર્યા. ત્યાં મહારાજશ્રીના શિષ્યો પચાણ લધા તથા વેલજી ભાણજી તથા સવગણ લાલજી સાથે ભજન સત્સંગ કર્યા બાદ સમાજ

 વિકાસનાં કાર્યો વિશે ઘણી બધી ચર્ચાઓ કરીને મહારાજશ્રી ચુનીભાઇ સાથે હીરાકંપા પધાર્યા. હીરાકંપામાં સાબરકાંઠાનો સમગ્ર પાટીદાર સમાજનું અધિવેશન ભરાણુ જેમાં મહારાજશ્રી એ એક જોરદાર પ્રવચન કર્યુ.

દાતાઓ સમાજના આધાર સ્તંભ છે

જેમાં કન્યા કેળવણી ઉપર વધારે ભાર મુકવામાં આવ્યો. સાથે સાથે મહારાજશ્રી એ કહ્યું કે સંગઠનનો પાયો મજબુત કરવા માટે એક બીજાને ઉપયોગી થાવ. એક બીજાને મદદ કરો અને મદદ કર્યા પછી એ વાતને ભુલી જશો તો જ સંગઠન આગળ વધશે. વધુમાં કહ્યું કે, તમારે માત્ર તમારા માટે નથી જીવવાનું સમાજ માટે જીવવાનું છે. તથા સમાજને પણ માત્ર સમાજ માટે નહિ પ્રભુના કાર્યો કરવા માટે જીવવાનું છે. કોઇ પણ સમાજમાં કોઇ પણ માણસ અભણ ન રહે એની ખાસ નોંધ લેજો કારણ કે, વૈદીકજ્ઞાન પ્રાપ્ત કરવા માટે એનાં પાયામાં અક્ષરજ્ઞાન હોવું જરૂીર છે. હું જયારે નાનો હતો ત્યારે નિશાળ જવાનું ટાળતો હોવાથી મારા માતાજી મને કહેતા કે, ''બેટા ઓધવ'' કોઇપણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એના પાયામાં અક્ષરજ્ઞાન હોવું જરૂરી છે. આજે એ શબ્દો મને બહું યાદ આવે છે. અને હું મારી માતાજીએ કહેલા શબ્દો જ તમને કહી રહ્યો છું. મહારાજશ્રીના પ્રવચનની સભામાં બહુ અસર પડી. સભામાં આપણો સમાજ શૈક્ષણિક સમાજ બને એવા સંકલ્પો લેવાયા. સમાજમાં ખુશીની એક લહેર ફરી વળી અને મહારાજશ્રીના જ્ઞાન વાકયથી પ્રેરણા લઇને ધનસુરામાં પાટીદાર બોર્ડીંગ સ્થાપવાનો અધિવેશનમાં જ નિર્ણય લેવાયો. કોઇપણ કાર્યને વેગ આપવો હોય તો દાતાઓએ એમાં મહત્વની ભૂમિકા ભજવવી જોઇએ. કારણ કે દાતાઓ સમાજનાં આધાર સ્તંભ છે. વિકાસ કાર્યો કરતી વખતે પગલે પગલે ધન વાપરવાનાં પ્રસંગો ઉભા થતા હોય છે. બસ એ અધિવેશનનાં દાતાઓ તરફથી આજથી એંશી (૮૦) વરસ પહેલા ૬૦૦૦ રૂપિયાનું દાન મળ્યું. જેમાંથી બોર્ડીંગ ની સ્થાપના થઇ ત્યાંથી મહારાજશ્રી પાછા હરિદ્વાર આવ્યા.

જહાં ઉપના વહાં ખપના

આશ્રમની વ્યવસ્થા સારી રીતે ચાલતી હતી પણ અચાનક આંખમાં પીડા ઉત્પન થઇ અને તકલીફ વધવા માંડી. ડોકટરો એ મોતિયો હોવાનું કહ્યું અને સેવકોએ મુંબઇમાં મોતિયોનું ઓપરેશન કરાવવાની સલ્લાહ આપી અને મહારાજશ્રી પણ સહમંત થયા. એ સમયે મહારાજશ્રી માં વૃધ્ધવસ્થાનાં દર્શન થતા હતા. મહારાજશ્રીને જોઇને ઘડીભર માટે મનમાં વિચારો જુદી દિશા તરફ દોડી જતા હતા.

મહારાજશ્રી જયારે મુંબઇ આવતા ત્યારે શેઠશ્રી પ્રમજી હરિદાસને ત્યાં પધારતા. મહારાજશ્રી ઓપરેશન કરાવવા માટે મુંબઇ આવવાનાં છે એ સમાચાર મળતા એમનાં સેવકો શ્રી રતનશી ભીમજી, શ્રી દેવશી કાનજી, શ્રી સવગણ રાજા રાહ જોઇ બેઠા હતા. આ વખતે પણ મહારાજશ્રીના આંખના મોતિયાના ઓપરેશન પ્રસંગે મહારાજશ્રી ના સેવક શ્રી પ્રેમજી હરિદાસને ત્યાં ઉતર્યા હતા.

મુંબઇના ડો. બનાજી નામનાં આંખના દર્દના હોશિયાર ડોકટરને મહારાજશ્રીની આંખ બતાવી અને ત્યાં જ ઓપરેશન કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. ઓપરેશન થયું બહુ સારી રીતે ઓપરેશન થયું. એમનું શરીર થોડું ભાર ઝીલી શકે તેવું થતાં મહારાજશ્રી ફરી હરિદ્વાર આશ્રમે આવ્યા.

હવે અવસ્થા થવા આવી હતી. શરીર ૬૦-૬૫નું થઇ ગયું હતુ. અને આકરી તેમજ ભ્રમણ કરનારી પ્રવૃત્તિથી શરીર ઘસાઇ ગયું હતું. ઉપરાંત હરિદ્વાર કરતાં કચ્છનું હવામાન મહારાજશ્રીને સર્વ રીતે અનુકુળ આવતું હતું. એ નજરમાં રાખી ડોકટરોએ કચ્છમાં જવાની સલ્લાહ આપી.

મારા મતે, મહારાજશ્રી કચ્છને કયારે ભુલ્યા ન હતા. હરિદ્વારમાં રહેતા પણ એમને ઇશ્વરઆશ્રમ યાદ આવતું જ હતું. ગુરૂ અને શિષ્યોનું સાનિધ્ય યાદ આવતું હતું ત્યાં ડોકટરોએ કચ્છના હવામાનમાં જવાની સલાહ આપી. બસ મનમાં હતું તે ડોકટરોએ બતાવ્યું !!! હવે તો બસ ''જહાં ઉપના વહાં ખપના'' મહારાજશ્રીએ પોતાનાં સૌ સેવકોને બોલાવીને કહ્યું કે હવે શરીરરૂપી નગરમાં ચોરોનો પગ પેસારો થયો છે. મારે હવે જાગૃત રહેવું જરૂીર છે.

આજે હરિદ્વારક્ષેત્રે શ્રી રઘુનાથપુરી તરીકે ઓળખાતા સાધુ શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમના નિર્માણ કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવી ચુકયા છે. કારણ કે આજનાં રઘુનાથપુરી એ સમયમાં વીસ વરસની ઉંમરનો 'રઘુ કડીયો' હતો. આશ્રમમાં કડિયા કામ કરતા કરતા રઘુએ મહારાજશ્રી પાસેથી શિષ્યત્વ પ્રાપ્ત કર્યુ હતું. કઠોર પરિશ્રમ કરીને નિર્માણ થયેલા આશ્રમને કોના હાથમાં સોંપવો ? જેના વિશે મહારાજશ્રી ખુબ ચિંતીત હતા.


મહારાજશ્રીની ઉપરોકત વ્યથાને રઘુ ખુબ સારી રીતે જાણી શકતો હતો. તેથી તેણે પંજાબ સિંધક્ષેત્રમાં રહીને આશ્રમનું વહીવટ સંભાળતા શ્રી વાલજી ગાંગજી ઠકકર (શ્રી વાલરામજી) સાથે મહારાજશ્રીની મુલાકાત ગોઠવી આપી. રઘુના કહેવાથી વાલરામજી તથા માતાજી પરમ પુજય મહારાજશ્રીને મળ્યા. શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમમાં આવ્યા અને ખુબ ચર્ચાઓ તથા વિચાર વિનીમય કર્યા પછી આશ્રમની સંપૂર્ણ જવાબદારી સંભાળવા માટે શ્રી વાલરામજીએ પોતાની તૈયારી દર્શાવી ત્યારે મહારાજશ્રીને ખુબ આનંદ થયો. કારણ કે યોગ્ય વ્યકિતની તલાશ આજે સારા પરિણામ લઇને આવી હતી. (નોંધ : રઘુ માંથી બનેલા રઘુનાથપુરી આજે નેવું વરસની ઉંમર ધરાવે છે)

કવિ કહે છે,

તારી ભકિતની શકિતએ રંગ રાખ્યો
શું સમજે આ દુનિયા સૌ ભોગ દીવાની
હું તો ઓધવરામની પ્રેમ દીવાની

જેના નિર્માણ કાર્ય માટે મહારાજશ્રીએ રાત દિવસ એક કર્યા હતા એવા શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમનાં અંતિમ દર્શન કરીને ગંગામાં સ્નાન કરતા કહ્યું કે ગંગા મૈયા આજે મારો છેલ્લો સ્નાન છે. બસ એટલું કહિને મહારાજશ્રી હરિદ્વાર થી વિદાય થયા.

જય શ્રી ઓધવરામ



શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ-હરિદ્વાર

સંત શ્રી ઓધવરામ ચરિત્ માનસ

અધ્યાય તેરમો

સેવાયોગ



સેવા સચો ધન

સેવા સચો ધન કુંજલડી સેવા સચો ધન ...ટેક.
સેવાસેં મન ઉજળા થીંધા સે તું સમજી ગન ...કુંજલડી.
સેવા સમર્પણ સાર જીવનજો સેવામેં રખ મન ...કુંજલડી.
સેવાસેં કર પ્યાર કુંજલડી સેવા રામ રતન ...કુંજલડી.
સેવા શકિત સેવા ભકિત સેવા નામ સ્મરણ ...કુંજલડી.
સેવા સંત શરણ મેં થીંધા મન બુધ્ધિ પાવન ...કુંજલડી.
''ભગતરામ'' કર સદ્દગુરૂ ચરણે સેવા સમર્પણ ...કુંજલડી.

પરમ પુજય સંતશ્રી ઓધવરામજી મહારાજ દ્વારા સમાજલક્ષી, જીવનલક્ષી, તથા આધ્યાત્મલક્ષી જેવા જેટલા કાર્યો કર્યા એ બધા સેવા-સમર્પણ ભાવે કર્યા હતા. એટલે જ કાર્યોની સુગંધ ઓછી થવા પામી નથી. સંતો જેવા પ્રકારના કાર્યો કરતા હોય એ બધા કાર્યોને ઇશ્વરના સમજીને કરતા હોય છે. જે કાર્યના મધ્યબિદુંમાં હું ને અવકાશ ન હોય એનું નામ સેવા તથા જે કાર્યમાં ''કર્મ એ જ પુજા''ની ભાવના હોય એનું નામ સેવા તથા ભુખ્યાને ભોજન તથા તરસ્યા જીવોને જલ પાઈને એની ક્ષુધા શાંત કરવી એનું નામ સેવા અને અંતે ફળની આશા રાખ્યા વગર જેટલા કામો આપણાથી થઈ શકે એ બધા કામોનું નામ છે સેવા.

સેવા ઇશ્વરનું બીજુ રૂપ છે. જગત નીયતાં જગતનું સર્જન કરી ને સુઇ નથી ગયો. પણ પ્રત્યેક જીવને રાતના શાંતીનું વરદાર આપીને સુવાડે છે. અને સવારના સ્મૃતિનુ વરદાન આપીને ઉઠાડે છે. સાધના માર્ગમાં એ જ કામ મનુષ્યોએ કરવાનું છે. શાસ્ત્રોના મત અનુસાર હરિનો કામ કરે એ હરિનો માણસ કહેવાય કવિશ્રી પ્રિતમ કહે છે.

''કહે પ્રિતમ જેને હરિ છે વ્હાલા હરિના જન હરિ જેવા''

સાધના માર્ગની સ્થિતી સમજાવતા દાદા મેકણ કહે છે. કે,

પીર પીર કુરો કર્યોતા ? નાંય પીરેંજી ખાણ
પંજ ઈન્દ્રિયું વસ કેઆંત પીર ચોવાંધા પાણ

ઉપરોકત શ્લોકમાં મેકણદાદા કહે છે. કે, સૌથી પહેલા તમેં તમારી પોતાની જાત (સ્વ) ને ઓળખવાનાં પ્રયત્નો કરો. પીર કોઇ ખાણમાંથી નથી નીપજતો પીર તમારા ભીતરમાંથી નીપજે છે. તમેં સ્વયંમ તમારા પોતાના મહિમાને જાણી લ્યો તો તમેં જ પીર છો. માણસ જયાં સુધી ભેદ તથા સેવા સમર્પીત તથા ભેદ રહિત ન થાય ત્યાં સુધી એમને ભીત્તરમાં છુપાયેલી શકિતની પ્રાપ્તી તથા અનૂભુતી થઇ શકતી નથી. જયાં સુધી પાંચ ઈન્દ્રિયો વશમાં થતી નથી ત્યાં સુધી જીવનમાં ભેદ નિવારણ શકય નથી.

સંતશ્રી મેકણદાદા

હિન્દુ ચેંતા રામ અસાંજો મુસલમાન ચેં અલ્લા
દાદા મેકણ ચેયોં મોકેત બોએ ઘર ભલા

અર્થાત્ હું એક ઇશ્વરને ભજું છું એ ઇશ્વરને તમેં રામ કહો, રહીમ કહો, બુધ્ધ કહો, મહાવીર કહો કે ઇશુ કહો મારા મતે ઈશ્વર અલ્લા એક જ નામ સબકો સન્મતી દે ભગવાન. એક વખત હરિદ્વારમાં કુંભ નો મેળો કરીને દાદા મેકણ સિંધ પ્રાતમાં માઁ હિંગલાજના દર્શન કરવા જાય છે. કાવડ ફેરવતાં ફેરવતાં મેકણદાદા ગામની મસ્જીદ પાસેથી પસાર થાય છે. એ સમયે મસ્જીદમાં બાંગ પોકારાતી હતી. એક ફકીરે આવીને મેકણદાદા ને કહ્યું એ ફકીર ઉભો રહીજા તને આટલી ખબર નથી પડતી કે બાંગ પુકારાતી હોય ત્યારે ઉભા રહી જવું જાઇએ. દાદા મેકણે કહ્યું એમાં મારો શો વાંક છે ? તમારી બાંગમાં એટલી શકિત હોવી જોઇએ કે માણસ તો ભલે પણ ઝાડનાં પાંદડાં-નદીની ગતિ અને પવનના સુસવાટા સ્વયંમ બંધ થઇ જવા જોઇએ અને એની જો તમારે ખાત્રી કરવી હોય તો હું બાંગ પુકારૂં છું. સિંધ પ્રાંતના શાદ કલંદર ના સાંનિધ્યમાં દાદા મેકણના અંતરમાંથી બાંગ સ્વરૂપી ગેબી નાદ પ્રગટયો. જે સાંભળીને જયાં સુધી બાંગનો અવાજ પહોંચ્યો. ત્યાં સુધીના જીવ, જતું, કૃમી, કીટક, પશુ, પક્ષી, નદી, નાળાઓ તથા વન્સપતિ વેલાઓ અને પવનની ગતિ સ્થિર થઇ ગઇ ત્યારે મેકણદાદા કહે છે,

હિન્દુ ચેંતા રામ અસાંજો મુસ્લમાન ચેં અલ્લા
ચાવલ ચોખા ઐંઇ જ હકળા વાદ કરેયો તા ઠલા
પીપરમેં આય પાણ ત નાંય બાવર મેં બેયો
નીમ મેં આય નારાયણ ત કંઢે મેં આય કેઓ ?

અર્થાત્ : ઘણી વખત ધર્મના વાડાઓમાં સપડાઇ જવાથી માણસ પોતાના સાચા ધર્મને ભુલી જાય છે. અને અનેક વિધ સંપ્રદાયોના મોહ પાસમાં બંધાઇ જાય છે. અને મારો ધર્મ સાચો છે એવી ભ્રાંત પરિકલ્પના ના આધારે અહંમથી ઘેરાઇ ગયો હોય છે. પીપળાના પાંદડે પાંદડે પરમાત્માની ચેતના ઝુલે છે. બાવળમાં પણ ચેતના શકિત પુરનારો પરમેશ્વર પોતે જ છે. લીમડા તથા ખીજડાને ચેતના રહીત માનવાથી ભેદ નિર્માણ થાય છે. જે ભેદ પીર બનવાના માર્ગમાં અડચણ પેદા કરે છે.

સૌથી મારો ગુરૂ સારો મારો આશ્રમ સારો મારી પુજા સારી
મારો મંદિર સારો મારો સંપ્રદાય પણ સૌ કરતાં સારો

દાદા મેકણ કહે છે કે, એવી હઠીલી વિચારધારાને જીવનમાં સ્થાન ન હોવું જોઇએ. કારણ કે હઠીલી વિચારધારા ને કારણે માણસ કોઇ એક સંપ્રદાયમાં કેદ થઇ જાય છે. અને ઇશ્વર વિમુખ થાય છે.દાદા મેકણ કહે છે,

મું ભાંયો તડ હકડો તડ લખ હજાર
જુકો જયાંનુ લંગેયો સે થેયો ઉકરી પાર

અર્થાત્ : શ્રધ્ધાયા વિધતે દેવા જયાં શ્રધ્ધા બેસે એ જ તમારૂં શ્રધ્ધા સ્થાન, એ જ તમારો ઇષ્ટ અને એ જ તમારો ગુરૂ. સ્વામી વિવેકાનંદજી કહે છે કે, શ્રધ્ધાયા વિધતે દેવા ન પાષણે ન મૃણ્મયે

અર્થાત્ : ઇશ્વર પથ્થરમાંય નથી અને સોનામાં તથા હીરા મોતી જડીત મુર્તિમાંએ નથી. ઇશ્વર જયાં તમારી શ્રધ્ધા છે. ત્યાં છે. દાદા મેકણ કહે છે,

ખોજ કરીધાં ખંતસેં ત નાંય કડાં પરો
ઠલીયું કઢો મ ધોળું આય મંજરો

અર્થાત્ : પરમ તત્વને પામવા માટે આંખો બંધ કરીને શા માટે દોડો છો ? અંતર ધ્યાનથી એમને શોધવાના પ્રયત્નો કરશો તો પરમાત્માં તમારી ભીતર જ છે. એવી અનુભૂતી થયા વગર તમને રહેશે નહિ. માટે ઇશ્વર ના નામ સાથે ઇશ્વરના કામને જોડી દેવું જોઇએ. ઇશ્વર પ્રાપ્તી કરવા માટે બંદગીના બે સ્વરૂપ એક નામ અને બીજું કામ એ બે તત્વોને સાથે જોડી દેવાથી એક તત્વ પરમાત્માંની પ્રાપ્તી થાય છે. નામનો મહિમા સમજાવતાં દાદા મેકણ કહે છે કે,

જીનામે જોખો ટરે જીનામે જય જય કાર

જીની જપેયા જીનામ ઉ ઉકરી થેયા પાર

અર્થાત્ : જીનામ એટલે હરિ નામ. જીનામ એટલે જીવ તું નામ જપ તારી જે નામ ઉપર શ્રધ્ધા હોય એનું સ્મરણ કર. તત્વવેતાઓ જીનામ અને હરિનામના નામ સ્મરણ વિશે ભેદભાવની નીતિ અપનાવતા નથી આગળ જતાં દાદા મેકણ કહે છે કે,

શીલ વડો સત નાખુવો હિંમત જો હથિયાર
જીની સંચ્યો શરીરમેં સે થેયા ઉકરી પાર

અર્થાત્ : પરમતત્વની પ્રાપ્તી કરવા માટે જીવન નૈયા ચારિત્ર્યવાન તથા જેનો નાવીક સત્ય સ્વરૂપી હોય અને જેની પાસે ભવસાગરમાં ચાલતી રહેતી નૈયાને હલેસા મારવા માટે હિંમતરૂપી વિચારો હોય અને વિશ્વાસ એની સંપૂર્ણ ક્રિયા સાથે જોડાલો હોય તો જ ભવસાગર તરી શકાય છે. આગળ જતાં દાદા મેકણ કહે છે કે,

જોરે જતી ન થીંયેં તાણે કર્યો ન તાણ
સામેં નવે નીસાન ત વ્યર્થ વંગ્રે બાણ

અર્થાત્ : ઢોંગ અને દંભ યુકત સાધુતા મોક્ષ પ્રાપ્ત કરી શકિત નથી કચ્છી ભાષામાં એક કહેવત છે કે,

બર કરે બાવો ભમ્યો નાંય છંઠો મીજ જ્ઞાન
જડાં તડાં પેઓ ધક્કા જલે વીઆં ખપે વે કાણ

બળજબરીથી બનેલી સાધુતા લક્ષ રહિત હોય છે. અને બળ, કળ, છળ, ઢોગ, ધતીંગ તથા કાવા દાવા ધ્વારા પ્રાપ્ત કરેલી સાધુતા સતત ખેંચતાણમાં રહેતી હોય છે. તથા હિંમત અને વિશ્વાસ રહિત હોવાથી તે લક્ષ પ્રાપ્ત કરી શકતી નથી માત્ર હવામાં બાણ છોડવાથી વિજય પતાકા ફરકતા નથી.

દ્રષ્ટાંત : ધુળો નામનો એક વણીક વેપારી વેપાર કરીને તે પાછો પોતાના ઘેર આવતો હતો. રસ્તામાં એને ચાર ચોર ફરી આવે છે. ત્યારે ધુળાએ કહ્યું સાવધાન જયાં છો ત્યાં જ ઉભા રહેજો નહિ તો હું એક એક ને વીણી વીણીને મારી નાખીશ. ત્યારે ચોરોએ કહ્યું તું શું અમને વીણીને મારીશ ? કારણ કે તું એક છે. અમેં ચાર છીએ. ત્યારે ધુળાએ કહ્યું તમેં ચાર છો તો મારી સાથે બાર (૧૨) છે. એટલું કહીને ધુળો પાંચ કમેન્દ્રીય અને પાંચ જ્ઞાનેન્દ્રીયના સમુહને સાથે જોડી બતાવે છે. અને પછી કહ્યું,

છેલ્લા સાથી બે ખરા હિંમતને વિશ્વાસ
એ બે વીણ બીજા બધા થાય નકામા ખાસ

જીવન સંગ્રામમાં વિજય મેળવવા માટે હિંમત અને વિશ્વાસ એ બે મુખ્ય ઉપકરણો છે. એટલે જ મેકણદાદાએ કહ્યું છે કે, પાંચ ઇન્દ્રીયો વશ કરો તો પીર ચોવાંધાપાણ વેદ પણ એમ જ કહેવા માંગે છે કે,

શીવોહમ શીવોહમ શીવ સ્વરૂપો હમ
ધર્મોહમ ધર્મોહમ ધર્મ સ્વરૂપો હમ
રામોહમ રામોહમ રામ સ્વરૂપો હમ
કૃષ્ણોહમ કૃષ્ણોહમ કૃષ્ણ સ્વરૂપો હમ
દીવ્યોહમ દીવ્યોહમ દીવ્ય સ્વરૂપો હમ
પુન્યોહમ પુન્યોહમ પુન્ય સ્વરૂપો હમ આગળ જતાં વેદ કહે છે.

રામો ભુત્વા રામંમ્ યજેત, કૃષ્ણો ભુત્વા કૃષ્ણમ્ યજેત, શીવો ભુત્વા શીવમ્ યજેત

માણસે પોતાના મુળ સ્વભાવમાં પાછા ફરતી વખતે સાધના કાર્યમાં વિપેક્ષ નાખે એવા કોઇપણ પ્રકારનાં વિષયોનો ત્યાગ કરવો જોઇએ કારણ કે વર્તમાન યુગમાં અનેક પ્રકારના ભોગો આંખની સામે તરવરતા હોય છે. પણ સ્થિર મનુષ્યે એમનાં પ્રવાહમાં જોડાઇ જવું જોઇએ નહિ અને એમાં સાધુ પુરૂષોએ ખાસ સાવધાની પૂર્વક વર્તવું જોઇએ. એવા વિચારોને સમર્થન આપતા દાદા મેકણ કહે છે કે,

વાવરીયેં કે વંગ્રણ ડે ઉચંઉ ચડ મ અભ
જેતરા જતી જુગમેં થેયા લખણે લજાઇને સભ

અર્થાત્ : તારા જીવનકાળ દરમ્યાન અનેક પ્રકારનાં ભોગવાદી વાયરા વાયા કરશે પરતું એ સૌની વચ્ચે રહીને પણ સ્થિર રહેજે કારણ કે સાધુનું મુળ લક્ષણ સ્થિરતા છે. પણ જે સ્થિર ન હોતાં ચંચળ છે. એ બાવો છે તથા સતત જે પોતાની સાથે રહે છે એ સાધુ છે અને સતત જે ધનવાન ચેલાઓની સાથે રહે છે એ બાવો છે. દાદા મેકણ કહે છે કે, તું તારા લક્ષણો બદલી નાખ તારા એક માત્ર થકી સમગ્ર સાધુ સમાજને કલંક લાગવો જોઇએ નહિ જીવનમાં સદાચાર, સદ્‌વર્તન સુવિચાર ને સ્થાપિત કર્યા વગર પ્રમાણ પ્રશંસા અને પુષ્પહાર નાં મોહમાં ઢસળાઇને ખોટી દોડધામ ખોટી ઉડાઉડ કર્યા વગર સાધુએ હરિનામ સ્મરણમાં ચિત્તને જોડી દેવું જોઇએ.

સાધુએ એક વાત યાદ રાખવી જોઇએ કે યોગ સાધના ના અવળે માર્ગે ચડયા પછી તારું પતન થાશે તો સંસારી લોકો સમગ્ર સાધુ સમાજની નિંદા કરશે. માટે સાધુ પુરૂષે વિચાર, વાણી ને વર્તનનો સમનવ્ય સાધીને રહેવું જોઇએ. જયા ત્યાં બેસીને વિચારો નો વેડફાળ કરવો જોઇએ નહિ તથા વાણીના પ્રવાહ ને શુધ્ધ વાસણમાં વહેતો કરવો જોઇએ. દાદા મેકણ કહે છે,

મોતી મંગેથો ન ડીજે મથે ભલેં ચડે કીટ
જડેં મલે કો પારખુ તેર તું દૈઈ કે ઝટ

અર્થાત્ : જયાં ત્યાં અને ચોરે ચૌટે, યોગ્યતા, તપાસ્યા વગર ધર્મની હાટળીઓ ખોલી નાખવાથી તારો તથા ધર્મનો એ બે માંથી કોઇનો ઉધ્ધાર થશે નહિ. અયોગ્ય તથા પાત્રતાહીન વ્યકિતને ઉપદેશ આપવાથી તે આત્માજ્ઞાન કર્યા વગર ઉપદેશને તમાશામાં ફેરવી નાખશે. જીવન એક મોતી છે. જયાં સુધી એને કોઇ (પારખુ) સદ્‌ગુરૂ ન મળે ત્યાં સુધી સાચવી રાખજે. જેની તેની સામે બેસીને માથું હલાવીશ નહિ તું તારી જાતને અર્પણ કરવા માટે સતત સદગુરૂની ખોજમાં રહેજે. કેટલાક અવિચારી માણસો બાવાઓની વાક્ ચાતુર્યથી અંજાઇને પાત્રતા વગરના ઠગ ગુરૂઓની પાસેથી શિષ્યત્વ પ્રાપ્ત કરીને પોતાના જીવનને સમર્પિત કરી દે છે. સમ્યાંત્તરે ગુરૂની ખરી લીલા જાણ્યા પછી ખુબ પસ્તાય છે. અને સમાજમાં હાંસીપાત્ર બને છે. પરિણામે ગુરૂપાસેથી જ્ઞાન મેળવવા કરતા માનહારી વધારે થાય છે. જ્ઞાન રહિત ગુરૂ અને એની જ્ઞાન રહિત ચર્ચા બને ત્યાં જય છે એના અનુસંધાનમાં દાદા મેકણ કહે છે કે,

રૂખી સુખી ગાલડીએં સરીન થીએં સેણ
ગાલીયું ત તેંસે કજે જેંમેં વે કીંક ખેણ

અર્થાત્ : જ્ઞાન તથા અર્થહિન વાતો સાંભળીને તથા વાતો કરીને કોઇ જ સાર મળશે નહિ ચર્ચામાં (ખેણ) જ્ઞાન હોવું ખુબ જરૂરી છે. જેની ચર્ચા સાત્વીક નથી જ્ઞાન તથા અર્થસભર નથી ઉપયોગી તથા ઉન્નતી સુચક નથી એવા - વાતોડીયા સામે બેસીને જ્ઞાન ગોષ્ટી કરવી જોઇએ નહિ. નિંદાત્મક, પ્રશંસાત્ક તથા ટીકાત્મક ચર્ચાઓ થકી એના પાસે વાણી વિવેક રહિત થઇને બીજાનું બુરૂ કરવામાં લાગી જાય એવા પ્રકારની અવિવેકી વાણી નિયંત્રણ રહિત હોય છે. જે વાણીને અન્યોની બુરાઇ ખુબ પસંદ હોય છે. દાદા મેકણ કહે છે,

ભલો કંધે ભલો થીંધો ભુછો કંધે ભુછો
ઈ પંધ પેઓ આએ પધરો મોકે કુલાતા પુછો?

અર્થાત્ : જેવું કરો તેવું ભરો ના સિધ્ધાંતને સમજવું ખુબ જરૂરી છે. તેથી અગ્યાની ગુરૂઓની આળમાં રહીને સમાજમાં ઝેર ફેલાવાનાં તથા ભાગલા પાડવાના પ્રયત્નો કરવા જોઇએ નહિ. એટલે જ મેકણદાદા કહે છે કે,

જીઓત ઝેર મ થીયો થીયો સકર જોડા સેંણ
મરી વેંધા માડુડા રોંધા ભલેંજા વેણ

અર્થાત્ : તમેં તમારા જીવન ક્ષેત્રમાં એવા પ્રમાણેના કર્મનું વાવેતર કરો જેની સુવાસ અવિરત વહેતી રહે. માણસનું મુત્યુ થયા પછી એ પોતાના કર્મની સુવાસ છોડીને જાય છે. જ્ઞાન પ્રાપ્તીના માર્ગમાં આપણે અગર બેદરકાર રહિયે તો સમય અને આપણી વચ્ચે ખુબ અંતર રહી જાય છે. દાદા મેકણ કહે છે કે,

ગુઢાર્થજીયું ગાલીયું વધીને વણ થૈઇયું
ન મોકે કેં પુછઇયું ન મું કેંકે ચૈઇયું

અર્થાત્ : જીંદગીની સફર કાપતા કાપતા બાળપણથી વૃધ્ધત્વ સુધી પહોંચ્યા હોવા છતાં કોઇપણ માણસ

જ્ઞાન પ્રાપ્તીનાં માર્ગો પસંદ કરતો નથી માયાની ભ્રામક અવસ્થામાં રહીને પોતાનાથી માર્ગ બદલવાના લેષ માત્ર પણ પ્રયત્નો કરતો નથી અને અંતે મુત્યુને શરણ થાય છે. દાદા મેકણ કહે છે કે,

જા વંગા જીરાણ મેં કેઓ સેણે કે સદ
મટી ભેરા મટી થેયા ન હુંકારો ડનો હડ

અર્થાત્ : હું જયારે કબ્રસ્તાનમાં ગયો ત્યારે ત્યાં મારા અનેક મિત્રો સુતા હતા. મેં એમને ખુબ જગાડવાના પ્રયત્નો કર્યા તથા એ સૌને નામ પ્રમાણે બોલાવ્યા પણ મને કોઇએ જવાબ આપ્યો નહિ. કારણ કે એ સૌ માટી સાથે માટીમાં ભળી ગયા હતા. આગળ જતાં મેકણદાદા કહે છે કે,

જાં વંગા જીરાણમેં ત તાજા પેઆ ઐંઈ કખ
ધુંયું ધુમાડા છડે વૈઈયું ઉડે પૈઈ રખ

અર્થાત્ : હું જયારે મારા મિત્રોને મારા સગાવાલા તથા સ્નેહીઓને મળવા માટે સ્મશાનમાં ગયો ત્યારે ત્યાં મને માત્ર બળેલા લાકડાના ટુકડા જ જોવા મળ્યા અને બળી બળીને અગ્ની શાંત થઇ ગયા પછી ત્યાં માત્ર રાખ ઉડતી હતી. એના અનુસંધાનમાં દાદા મેકણ કહે છે કે,

જા વંગા જીરાણ મેં ત કોરો ઘડો ગસાણ
જડેં તડેં પણ જીવ ઈ પલ થીંધી પાણ

અર્થાત્ : સ્મશાનમાં ગયા પછી ત્યાં કોરો ઘડો જોઇને મેં મને પોતાને કહ્યું કે જીવ આખરે તારી પણ આજ દશા થવાની છે.

જા વંગા જીરાણમેં ત ભાવ રે મથે ભાર
ખલીન કેં ખીકારેયો કેન કેઓ સત્કાર

અર્થાત્ : સ્મશાનમાં ગયા પછી મેં મારા પરિચીતો ને માટીના ભાર હેઠળ દબાયેલા જોયા સુમસામ પરિસ્થિતી વચ્ચે હું ઉભો હતો ત્યારે મને કોઇએ બોલાવ્યો પણ નહિ અને મારો કોઇએ સત્કાર પણ કર્યો નહિ માટે હું મારા સૌ મિત્રોને પુછયા વગર કહું છું કે,

કુરીયું કુરીયું મ કરેયો કુરીએં મેં આએ કુળ
મરી વેંધા મેકણ ચે મોંમેં પોંધી ધુળ

અર્થાત્ : ધન, દોલત, પુત્ર, પરિવાર, મોહ, માયા સાથે જેટલો ઓછો સંબંધ હશે એટલો લાભદાયક રહેશે. માયા સબંધિત જુઠા વિકલ્પો તમને કેટલા દિવસ સુધી સાથ આપશે આખરે તો માટી સાથે માટી થઇ જવાનું છે. કબીર કહે છે,

રાગ : ભીમપ્લાસ

રે મન મુરખ જનમ ગવાયો, રે મન મુરખ જનમ ગવાયો
કરી અભિમાન વિષય રસ ચાખ્યો શ્યામ રાસ નહિ આયો ...રે૦
યહ સંસાર ફુળ સેમરન કો સુંદર હેખી ભુલાયો
ચાખત લાગે રૂઈ ગઈ ઉડી હાથ કછુનાં આયો ...રે૦
કહા ભયો અબકે મન સોચે પહલે નાહી કમાયો
કહત"કબીર" ભજન બીન નરતન શીરધરી ધરી પસ્તાયો ...રે૦

અર્થાત્ : મનુષ્ય જન્મ ગુમાવ્યા પછી પસ્તાવો કર્યા સિવાય અન્ય કોઇ જ ઉપાય નથી. કારણ કે જેને નીજના માન્યા હતા એ સૌ સાથીઓ અને સંગાથીઓ નો સાથ છુટી ગયો છે. દાદા મેકણ કહે છે,

હલણ થીંધો હેકલો છડે વેંધાસી ધુણી
હલયો નકો કો હલંધો, મથે ગાલ ખણી

અર્થાત્ : જેનો ઇશ્વર સાથે નિત્ય સંબંધ છે એવા સાધુઓ પણ ધુણી છોડીને અનંત યાત્રાએ ચાલ્યા જશે. ભૌતિક પદાર્થોમાંથી કોઇ એક પણ પદાર્થ સાથે આવશે નહિ. માટે કબીર સાહેબ કહે છે

રાગ : ભીમાપ્લાસ

ભજો રે મન રામ કૃષ્ણ હરિ ભજો રે મન રામ કૃષ્ણ હરિ
જપ તપ સાધન કછુ નહિ લાગત ખરચત નહિ ગઠરી ...ભજો.
સંતત સંપત સુખકે કારન જાશે ભુલ પરી ...ભજો.
કહત કબીર જા મુખ રામ નહિ તા મુખ ધુલ પરી ...ભજો.

અર્થાત્ : સંતની અને સંપત્તિ જેવા સ્વાર્થી કાર્યો કરતાં જાગૃત મનુષ્યે પરોપકારી કામમાં ચિત્ત ને પરોવું જોઇએ. પ્રત્યેક મનુષ્યે નદીનાળા, ઝાડપાન પાસેથી પરોપકારનું શિક્ષણ લેવું જોઈએ દાદા મેકણ કહે છે કે,

સ્વાર્થ સારૂં સૌ કરે પરમારથ કરે ન કોય
હથ્થો છડે મસાણ મેં કોવાડો છડેન કોય !!!

અર્થાત્ : સ્મશાનમાં ગયા પછી એક વખત કોઈ પણ માણસને તકલાદી વૈરાગ્ય લાગ્યા વગર રહેતું નથી પરિણામેં વૃતી સ્વરૂપી કુહાડામાંથી કુભાવ સ્વરૂપી હાથો કાઢીને ત્યાં મુકી આવે છે. પણ ઘેર આવ્યા પછી સ્મશાની વૈરાગ્ય પળવારમાં ઉતરી જાય છે. અને પાછી એની વૃત્તિઓ કુભાવ સાથે જોડાઇ જાય છે. અર્થાત્ જયાં સુધી વૃત્તિઓ કુભાવ સાથે જોડાયેલી હશે ત્યાં સુધી કર્મોમાં પરિવર્તન આવશે નહિ. એટલે જ સ્મશાની વૈરાગ્ય નિંદનીય રહ્યો છે.

સેવા સમર્પીત

લાલીયો મુંજો લખણવંતો મોતીયો મુંજો ભા
મુછાળેં કે ધોરે વંજા, અન લાલીયે જે પુછતા

અર્થાત્ : માણસ માત્ર મોટી મોટી મુછો રાખવાથી નહિ પણ સેવા કાર્યથી સારા લાગે છે. દાદા મેકણ કહે છે કે બત્રીસ લક્ષણો ધરાવતાં જેટલી વિશેષતા નથી એના કરતાં વધારે વિશેષતા મારા લાલીયા અને મોતીયામાં છે કારણ કે એ બંને પ્રાણીઓનું જીવત સેવા સમર્પિત છે. આગળ જતાં કહે છે કે એવા તો કંઇક મુછાડા મેં લાલીયા (ગધેડો)ના પુંછ ઉપરથી ગોરીને ફેંકી દીધા છે. સેવા એક વૃત્તિ છે જે સૌના જીવનમાં હોતી નથી અડગ અને દ્રઢ મનોબળ ધરાવતા જીવો જ સેવાના અધિકારી બને છે. આગળ જતાં મેકણદાદા કહે છે.

કડેંન થીએં કુપાતર સુપાતર સારા
ડુગાયા ન ડુંગે મેકણચેં ધ્રુવ તારા

શ્રી મેકણ દાદાની અસીમ કૃપાથી એક કુંભાર દંપત્તિ ને ત્યાં જોડકા પુત્રોનો જન્મ થાય છે. દંપત્તિને ખુશી નો પાર રહ્યો નહિ અને દાદાનું ઋણ ચુકવવા પોતાની મિલકતમાંથી ભાગ આપવા તૈયાર થાય છે. ત્યારે દાદાએ કહ્યું બેટા મને કોઇ ભાગની જરૂર નથી પણ તને કંઇ આપવું જ હોય તો મને એક ગધેડો આપ કારણ કે સેવા કાર્ય માટે ગધેડો અમને ખુબ ઉપયોગી થશે. અને સાથે સાથે લાલીયા ગધેડાને બાંધવા માટે એક થોડી જગ્યા આપ. બસ ત્યાર પછી લાલીયાનું સેવા કાર્ય ચાલું થયું અને તે જ દિવસે લાલીયા સાથે મોતીયો કુતરો પણ સેવા કાર્યમાં જોડાયો. કહેવાય છે કે, લાલીયો અને મોતીયો આશ્રમમાં લગતી જરૂરી સામગ્રી લેવા માટે ચીઠ્ઠી લઇને ભુજ-રાજ દરબારમાં આવતા અને મહારાજશ્રી પણ ચીઠ્ઠી પ્રમાણેની સામગ્રી અન્ય સાધન મારફતે મોકલી આપતા તે સિવાય લાલીયો અને મોતીયો રણ માંથી પસાર થતા વટેમાર્ગુ ને આંતરી આંતરીને જલપાન કરાવતા તે સમયે રણ વિસ્તારમાં ઉનાળાનાં સમયે પીવાના પાણીના એક બુંદ માટે લોકો તરસતા હતા. એવા પ્રસંગે દાદાના કહેવાથી મુસાફરોની સેવા માટે લાલીયો અને મોતીયો તત્પર રહેતા એ વખતે લાલીયા અને મોતીયાની સેવાને સમાજ હરતો ફરતો જળાશય તરીકે ઓળખતો હતો. સંત મેકણદાદાએ જયારે જીવતા સમાધી લીધી ત્યારે લાલીયો અને મોતીયાને ઇશારા દ્વારા દિશા બતાવીને જમીનમાં સમાઇ જવાની આજ્ઞા કરે છે. જયાં લાલીયો અને મોતીયો બેસતા હતા ત્યાં જ જમીન માર્ગ કરી આપે છે અને એમાં જ લાલીયો અને મોતીયો સમાધીસ્ત થાય છે.

જીનામ

ગુજરાત રાજયમાં કચ્છ પ્રદેશના તીર્થસ્થાનોમાં 'મેકણદાદા' જેવા આસ્થા સ્થાનો ખુબ પ્રચલિત થઇ રહ્યા છે. ભુજથી ૩૨ કિ.મી. અજાર થી ૫૦ કિ.મી અને ભચાઉ થી ૮૫ કિ.મી. ઉપર આવેલ 'સંતશ્રી મેકણદાદા સમાધિ

 સ્થળ-ધ્રંગમા ધર્મધ્વજા ફરકાવતાં વિશ્વવંદનીય સંતશિરોમણી 'મેકણદાદા' ના 'જીવન ચરિતઃ સંસ્મરણ'ની અહિં પ્રસ્તાવના કરૂં છું. દાદા મેકણનો જન્મ વિ.સં. ૧૭૨૩ માં નખત્રાણા નજીકના નાની ખોંભડી ખાતે ક્ષત્રિય જ્ઞાતિના શ્રી હળધોળજી ભાટી ને ત્યાં માતૃશ્રી ''પાબાબા'' ની કુખે થયો. બે પુત્રરત્નોમાં મોટા દિકરા 'મેકોજી' અને નાના પુત્રનું નામ 'પતોજી' હતું કે જેઓ પછીથી 'પીર પતંગશા' તરીકે સિંધ-કચ્છ પ્રદેશમાં વિખ્યાત થયા. આ બંને દેવાંશીઓ આજે ધ્રંગની ધર્મધરતીમાં અમર બની ગયાં છે. દાદા મેકણ મહાદેવ ભગવાન શિવજીના ઉપાસક અને 'પીર પતંગશા' પરવર દિગાર ખુદાપાકની બંદગી કરતા હતા !

સંત મેકણદાદા અને બે સાથી, જાનવરો 'લાલુરામ' ગધેડો અને 'મોતીરામ' કુતરો તથા અન્યત્ર મેકણદાદાનાં શિષ્યમંડળના ભકતો-સેવકો વગેરે મલીને કુલ ૪૨(બેતાળીશ) આત્માઓની જીવતે જીવતાં ધરતીમાં ધરબાઇ, દેહત્યાગ કરવાની ઘટના વિ.સં. ૧૭૮૬ ને કાળી ચૌદશ, શનિવારે બની ગઇ ! જે ઘટના વિશ્વ વિક્રમ સમાન ગણાવી શકાય તેમ છે.

શ્રદ્ધેય દ્રષ્ટિકોણ થી મેકણદાદાને લક્ષ્મજીનો અવતાર માનવામાં આવે છે. આ નૂતન આવૃત્તિમાં તેમના જન્મથી સમાધિ સુધીના પ્રસંગો- અને પરમાર્થી પ્રવૃત્તિઓની જનસમાજને ઝાંખી કરાવવાનો પુરૂષાર્થ રાજકોટના માર્ગીબાવા શ્રી વલ્લભદાસ ગોંડલિયાએ કર્યો છે, કે જે આપણા સર્વ માટે આવકારદાયક છે.

'દાદા મેકણ' ના ધાર્મિક સંસ્કાર વિ.સં. ૧૭૩૫ માં માઁ આશાપુરા ધામ (માતાનામઢ) ખાતે, સદ્‌ગુરૂ મહારાજશ્રી પૂ. મહંતશ્રી ગાંગારાજ કાપડી ના વરદ્ હસ્તે થયા. દાદા મેકણ માતાનામઢ ગામે કાપડી દિક્ષા લઇ સાધુ તરીકે ની કામગીરી સેવા કાર્ય માતાનામઢ માં માત્ર દશ- બાર વર્ષની ઉમરે આરંભે છે.

થોડાં સમય જતાં ઘોડી ચોરાઇ જવાના બનાવથી મેકણદાદા તપાસમાં કંથકોટ જાય છે. ઘોડી મળી જતાં, ઘોડીને મઢ ગામે રવાના કરી, તેઓ ગિરનાર (જુનાગઢ) સાધના અર્થે ઉપડી જાય છે. ત્યાં છ માસ તપશ્ચર્યા કરીને રિદ્ધિ-સિદ્ધીના પ્રતિક સમાન 'કામધેનું કાવડ' પ્રાપ્ત કરી, જુનાગઢ શહેરમાં 'કાવડ' ના માધ્યમથી જનસમાજની ''ભુખ્યાં ને ભોજન'' અને તરસ્યાને જલ દ્વારા સેવા કરે છે. અને પછી 'સાધુ તો ચલતાં ભલા...' પ્રમાણે જગંલ વિસ્તારના 'રામનાથ' નજીક અલખની ધુણી ચેતન કરે છે. ત્યાં બાર વર્ષ સુધી લોકસેવા-સ્મરણ અને સત્સંગમાં સમય પસાર કરતાં કરતાં પૂ.શ્રી નુરસતાગીરી સ્વામીજીને ''ધુણો' સુપ્રત કરીને કચ્છમાં પાછા વળીને, વાગડ વિસ્તારના જંગી ગામે ધુણો ધખાવે છે. વાગડના સામખીયાળી થી ૧૭ કિ.મી અંતરે આવેલ 'જંગી' ગામે બાર વર્ષ સુધી સ્મરણ અને સત્કર્મોની સેવા કરીને, તે સ્થાન કાપડી સંતને સુપ્રત કરી કચ્છમાંથી ફરતાં ફરતાં સિંધપ્રદેશ (બલુ ચિસ્તાન) પહોંચે છે. વિશ્વની મહાશકિત જયાં બિરાજીત છે તે હિંગલાજ સ્થાનક ની યાત્રા સંપન્ન કરે છે.

ત્યાંથી વળતાં જીવનનું ત્રીજું આધ્યાત્મિક સ્વાધ્યાય કેન્દ્ર પાવરપટ્ટીના 'લોડાઇ' ગામે પણ પ્રસ્થાપિત કરે છે. અહિં લોક રીવાજો, સંસ્કૃતિ અને ઉત્સવોની ઉજવણી-જાળવણીમાં નોંધપાત્ર યોગદાન પ્રદાન કરે છે. બહુમતી સમાજ અને અન્ય ઘણાના જીવતરમાં પ્રેરણાત્વનું રોપણ કરીને એકતાળીશ ગામોમાં 'જાહેર આરામગૃહો' (ગામના ચોરા) નું નવનિર્માણ કરાવે છે. ધર્મ અને ભારતીય સંસ્કૃતિના પ્રથા અને પાયાની લોકશિક્ષણની ભાતીગળ ભૂમિકા પણ ભજવે છે.

એક વખત દાદા મેકણજી બાર વરસનો તપ઼ પુરો કરીને બીજા વિસ્તારોને સેવાકીય પ્રવૃત્તિ સાથે જનસમાજને જાડાઇ જવાના હેતુંથી લોડાઇથી ધ્રંગ તરફ સવારના બીજા પહોરે પ્રયાણ કરે છે. ધ્રંગ ખાતે રહેતા દરબાર પ્રેમાબા જાડેજાને દાદા ધ્રંગ તરફ આવી રહ્યા છે. એવા સમાચાર મળતાંની સાથે પોતાના પુત્ર ખેંગારજી ભુજ ગયા હોવાથી ગામની મહિલા શકિતના સમુહને સાથે તેડી ગામની પાદરે સૌ આવે છે. થોડી વારમાં દાદા મેકણ તથા એમના ભકતો સૌ ધ્રંગ ગામના પાદરમાં પધારે છે. પ્રેમાબા એક યોગીને શોભે એવા પ્રકારની આગતા સ્વાગતા કરીને દાદા મેકણને ધ્રંગ ખાતે કાયમી ધોરણે રોકાઇ જવા વિશે વિનંતી કરે છે. દાદા જયારે પ્રેમાબા ની વિનંતી ને સ્વીકારતા નથી ત્યારે પ્રેમાબા એમને રામ દુહાઇ આપે છે. અંતે દાદા ધ્રંગ ખાતે કાયમી ધોરણે રોકાઇ જવા માટેનો નિર્ણય પાકો કરે છે. અને ગામની નજીક કે જયાં સ્મશાનના નામે ઓળખાતી ભૂમિની બરોબર નજીકમાં જ ધૂણી પ્રગટાવે છે. ધ્રંગના ધૂણા ઉપર સતત બાર વરસ સુધી દાદાનાં આજ્ઞાકિંત લાલીયો ગધેડો અને મોતીયા કુતરા દ્વારા ભુલ્યા ભટકયા એકલ ડોલક સર્વે ને અન્ન પાણી પોંચાડવાનો સેવાયજ્ઞ ચાલુ કર્યો, એની સેવા ભકિત તથા પ્રેરણાત્મક પ્રવૃત્તિ સમાજમાં યાદગાર બની રહો.

 એક દિવસ સંત મેકણદાદાનાં અંતર આત્મામાંથી પ્રગટેલો આવાજ ધ્રંગ નિવાસી સૌ સંતો ભકતો તથા સેવકોને કહી સંભળાવે છે. ઈશ્વરનાં સાનીધ્યમાં અને સૌ સેવકોની હાજરીમાં દાદાએ કહ્યું કે, મારો હવે ઈશ્વર પાસે જવાનો સમય આવી ગયો છે. આગામી આસો વદ ચૌદસ, વાર શનિવાર સંવત ૧૭૮૬ ના અંતે મારે મારો અહિં જ સમાધી સ્વરૂપે જીવતે જીવતા દેહ ત્યાગ કરવો છે.

ઈશ્વરના આવ્યા પયગામ મને જાવું છે હવે મારે ગામ

હરિનો શ્વાસ હરિને સમર્પિત કરી દેવો છે. પરમાત્માએ આપેલો પરમ ચેતન તત્વ પરમાત્માંના દ્વારે જઇને સમર્પણ કરવો છે.

ધીરે ધીરે સમાધિના સમાચારો વહેતા થયા હોવાથી દુર દુરથી આવીને દર્શનાર્થીઓ દર્શન કરવા આવતા હતા. કેટલાક સેવકો સમાધિ પ્રક્રિયાના કાર્યમાં જોડાયા હતા. કેટલાક હરિભકતો એક તારા ઉપર ભજન ગાતા હતા. કેટલાક સેવકો જપનામ તથા હરિનામ સ્મરણ કરતા હતા. એવી રીતે ધ્રંગ અખાળો એક મોટા તીર્થ સમાન માં રૂપાંતર થઇ ગયો.

સંત મેકણદાદાની વાણીનો અંતિમ ઘડીએ લાભ લેવા તથા આશીર્વાદ લેવા સૌ મૌન સ્થિતીમાં ઉભા છે. જય જીનામ, જય જીનામ નો મંત્રોચ્ચાર થઇ રયો છે. અને એટલું જ નહિ આજે દાદા સાથે બીજા અગિયાર સેવકો પણ સમાધી લેવા તૈયાર થયા છે. સંતશ્રી મેકણદાદા એ કહ્યું અગિયારની તૈયારી છે એ વાત સાચી પણ આપણે તો "બારાઇ" કરવી છે. માટે સૌ ધ્યાનથી સાંભળજો આજથી ત્રીજા દિવસે એક ભકત આવશે એના માટે સમાધિની વ્યવસ્થા કરી રાખજો એ જયારે સમાધી સ્થળે આવશે ત્યારે મને જીનામ કહેશે હું એને સમાધીમાંથી જીનામ કહીશ પછી એને સમાધી આપજો. દાદાના કહેવા પ્રમાણે બારાઇ પુરી થઇ એ બારમાં દેહત્યાગી સંત હતા. વાઘોજી રામદેવ પૌત્રા મંદિરમાં આશાપુરા સ્થાન પાસે દાદા મેકણ તથા સહ દેહ ત્યાગી ભકતો શ્રી માતાજી લીરબાઇ, સ્વામી માયાગીરી, સાધુ સુંદરદાસજી, કંથણ સુથાર, કાનજી મીસ્ત્રી, ખીરાજી જાડેજા, પ્રેમાબા જાડેજા, પ્રેમજી જોષી, વિદ્યો આહિર, મોકાજી જાડેજા એમ કુલ અગિયાર દેહ ત્યાગીઓ સમાધી સ્થળે પધારે છે. મેકણદાદાની સુચના પ્રમાણે સમાધી સ્થળની પ્રક્રિયા પૂર્ણ થઇ છે. જોત જોતામાં અનહદ નાદથી ગગન ગર્જી ઉઠે છે. સેવકો, ભકતો, તથા દર્શનાર્થીઓ સૌ મળીને અંતિમ વંદના સમર્પિત કરે છે. **સૌચપટી** ચપટી માટીનાં માધ્યથી સેવકો સૌ અંતિમ શ્રધ્ધાંજલી અર્પે છે. અને જોતજોતામાં અગિયાર મહાન આત્માઓ સમાધિસ્ત થઇને પરમતત્વમાં ભળી જાય છે. જીનામ, જીનામ, જીનામ કહેતા કહેતા સંતશ્રી દાદા મેકણ આ જગતમાંથી વિદાય લે છે.

આપણો ભારત દેશ એટલે જ વિશ્વમાં સંતોની ભૂમિ તરીકે ઓળખાય છે. જયાં વિચારો હોય ત્યાં શુરવિરતા નીપજે અને જયાં શુરવિરતા છે. ત્યાં જ સંત નીપજે. એક કવિ કહે છે કે, સુરા સુરા સાધુ સન્મુખ લડે ને કાયર નુ નહિ કામ સંત કયારે પણ ન માયલો, બીકણ તથા આત્મ વિશ્વાસ વગરનો હોતો નથી. મૃત્યુથી ડરે તે માણસ અને મૃત્યુની સામેં ચાલીને જાય એનુ નામ સંત. આપણા દેશની આઝાદીના ઘડતર માટે જે બ્રિટિશરોની સામેં લડતા લડતા શહીદ થઇ ગયા એ બધા સંતની ગણનામાં આવે છે. પોતાના માટે જીવે તે માણસ અને બીજા માટે જીવે એનું નામ સંત. આજે આપણે એવા એક સપૂતના જીવન વિશે વિચારી રહ્યા છીએ કે જેનું સંપૂર્ણ જીવન રાષ્ટ્ર સેવાને સમર્પિત થયું છે.

આધક્રાંતિ વીર પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા

પશ્ચિમ કચ્છ પ્રદશે અબડાસા તાલુકાના મધ્યમાં ભાચુંડા તરીકે ઓળખાતા ગામમાં ભાનુશાલી કરશન નાખવા અને એના ધર્મપત્ની ગોમતીબાઇ રહેતા હતા. ગામડામાં ખેત મજુરી સિવાય બીજો કોઇ અન્ય વ્યવસાય ન હોવાથી મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. પણ વારંમવારે દુષ્કાળ જેવી પરિસ્થિતી નું નિમાર્ણ થવાથી ગામડામાં મજુરી મળવી પણ મુશ્કેલ હોવાથી કરસન નાખવા માંડવી જાય છે. ત્યાં એમને કામ તથા રહેવા માટે લીમડા ફળીયામાં સ્થાન પણ મળે છે. એ સમયે ઘરનું ભાડું મહિને માત્ર એક કોરી હતું. જે ઘરને પાછળથી કરશન નાખવાએ વેંચાતુ લઇ લીધુ હતું. અને એ જ ઘરમાં પંડિત શ્યામજીકૃષ્ણ વર્માનો જન્મ થયો હતો. કરશન નાખવા ખુબ સરળ સ્વભાવના હોવાથી તેઓ મજુરોના સમૂહમાં "ભુલો ભણસારી" તરીકે ઓળખાતા હતા. ધીરે ધીરે સમાજમાં તથા સમગ્ર માંડવીમાં ભુલા ભણસારી તરીકેનું સહજ ઉપનામ મળી ગયું. માંડવી એ સમયે આજીવિકા માટે ખુબ જાણીતી નગરી ગણાતી.

 એ સમયે માંડવી બંદર ઉપર ચોર્યાશી વાવટા ફરકતા હતા એનો અર્થ એ થાય કે તે ચોર્યાશી દેશો સાથેના સંપર્કમાં હતો. મજુરોને સ્વમાન ભેર જીવન જીવવા માટે માંડવી ઉત્તમ શહેર ગણાતું. કરશન નાખવાના લગ્ન અઢારસો સતાવન (૧૮૫૭)માં થયા હતા અને કરશન નાખવા માંડવીમાં સ્થાઇ થયા પછી થોડા જ દિવસોમાં પોતાના ધર્મપત્ની ગોમતીબાઇને પણ માંડવી બોલાવી લીધા હતા. ઇ.સ. ૧૮૫૭માં માઁ ગોમતીબાઇની કુખે શ્યામજીનો જન્મ થયો. સમય થતા શ્યામજી એ રાણેશ્વર રોડ સ્થિર ભુ.ભુ પંડ્યા પ્રાથમિક શાળામાં ચાર ધોરણનો અભ્યાસ પુરો કર્યો. એ જ અરસામાં કરશન નાખવાએ પોતાની મહત્વાકાંક્ષી વિચારધારાને અનુસરીને એમની દૃષ્ટિ વધુ કમાવા અર્થે મુંબઇ પર સ્થિર થઇ. માંડવી થી મુંબઇ જવું સહેલું હતું પણ ત્યાં રહેવા માટેની વ્યવસ્થા સૌથી અઘરામાં અઘરી હતી. પણ દૈવયોગે અને ભોળાનો ભગવાન હોય છે. એ સિધ્ધાંત મુજબ કરશન નાખવાને મજુરોના મુકાદમ તરીકે નોકરી અને રહેવા માટે પણ આશરો મળી ગયો. થોડા વરસ પછી એટલે કે ઇ.સં. ૧૮૬૭માં એમના ધર્મ પત્ની ગોમતીબાઇ શ્યામજીને ૧૦ વરસનો મુકીને સ્વર્ગસ્થ થયા ત્યારબાદ કરશન નાખવાએ એક વિધવા સ્ત્રી સાથે વિવાહ કર્યા જેમાંથી એને ડાઇબાઇ નામની પુત્રી પ્રાપ્ત થઇ.

આ બાજુ માંડવીમાં ચાર ધોરણનો અભ્યાસ કરીને શ્યામજીને ઇંગ્લીશ મીડીયમમાં ભણવાની ઇચ્છા જાગી પણ તે કક્ષાનો અભ્યાસ માંડવીમાં ન હોવાથી 'નાની માઁ ' ના સહયોગથી નાની દોહિત્ર બંને ભુજ આવ્યા. ભુજમાં તેઓ એક ખ્યાતનામ વકીલ શ્રી શીવજી વાઘજી જોષીના પરિચયમાં આવ્યા અને ત્યાંથી જ શ્યામજીના વિકાસના ક્ષેત્રો ખુલ્યા. વકીલશ્રી એ શ્યામજી સાથેની પહેલી મુલાકાતમાં જ એમની બુધ્ધિમતા પારખી લીધી. જેના પરિણામ સ્વરૂપે વકીલ શ્રી એ પોતાના જ કમ્પાઉડમાં નાની-દોહિત્ર ને રહેવા માટે એક ઓરડી આપી. નાની માઁ ને વકીલશ્રી એ પોતાનું ઘરકામ કરવા માટે રાખી લીધા અને શ્યામજીને પોતાના જ ઘરમાં સદસ્ય સમજીને ૧૮૭૦ થી ૧૮૭૩ સુધીના સમય કાળ દરમ્યાન હાઇસ્કુલમાં અંગ્રેજીનો અભ્યાસ કરાવ્યો. એવી રીતે જાણે અજાણે વકીલશ્રી એક ક્રાંતિવીરના ઉછેરમાં સહભાગી થયા. એ સમય દરમ્યાન હાઇસ્કુલમાં ભણવાની સાથે સંસ્કૃતનો પણ ખુબ અભ્યાસ કર્યો. નાનીવયમાં સંસ્કૃતનું ઊંચુ જ્ઞાન જાણીને ભુજના પંડિતો પણ ખુબ પ્રભાવિત થયા હતા. શ્યામજીને મહત્વાંકાક્ષાના ગુણો વારસામાં મળ્યા હતા જેના શરીરમાં ક્રાંતિનું લોહી ધબકતું હોય એ સતત ખોજ માં રહેતા હોય છે. એક દિવસ શ્યામજીને એક વિચાર આવ્યો કે એના કરતાં વધારે ભણવું હોય તો ? મારે શું કરવું જોઇએ ? એ વખતે શ્યામજી પંદરમાં વર્ષમાં પ્રવેશ્યા હતા. રાતના સુતી વખતે એમનાં અંતરમાંથી જવાબ મળ્યો કે એના કરતા વધારે ભણવું હોય તો મુંબઇ જવું પડે એમ છે પણ મુંબઇમાં નથી કોઇ સગો કે નથી કોઇ સંગાથી અને પિતાજી પણ પૈસે ટકે જેટલા જોઇએ એટલા સક્ષમ નથી. રાતનાં સુતાં સુતાં આખી રાત બુદ્દિધ માર્ગ શોધવામાં પ્રયત્નશીલ રહી અને અંતે બુદ્ધિએ નિર્ણય આપ્યો કે જા શ્યામજી તું વકીલ સાહેબને વાત કર !!!

કોશીશ કરને વાલો કી કભી હાર નહિ હોતી

એ વખતે મુંબઇથી વકીલ સાહેબના અસીલ શેઠશ્રી મથુરાદાસ લવજી ભાટીયા ભુજ આવ્યા હતા. ત્યારે શીવજી વાઘજી વકીલની ઓફીસમાં શેઠનો શ્યામજી સાથે પરિચય થયો. અને વકીલ સાહેબ પાસેથી શ્યામજીના પરિવાર વિશે જાણવાની ઇચ્છા પ્રગટ કરી. વકીલશ્રી એ શ્યામજીનો પરિચય આપતા કહ્યું કે શેઠ આ છોકરાને મુંબઇમાં રહીને ખુબ વધારે અભ્યાસ કરવાની ઇચ્છા છે. આપ એમને આપની સાથે મુંબઇ તેડી જાઓ અને ત્યાં આપની દેખરેખ હેઠળ એને ભણાવજો ખર્ચની ચિંતા કરશો નહિ. આપણે થોડો સહયોગ કરીશું તો એમનો ભવિષ્ય ખુબ ઉજ્વળ થશે. એવી રીતે વિચાર વિમર્સ કર્યા પછી શેઠશ્રી શ્યામજીને પોતાની સાથે મુંબઇ તેડી ગયા. અને ત્યાં શ્યામજીને વિલ્સન હાઇસ્કૂલમાં દાખલ કર્યા અને સાથે સાથે શાસ્ત્રીજી વિશ્વનાથ ગોર પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો. શ્યામજીને હાઇસ્કુલમાં સારા માર્કસ મળ્યા હોવાથી શેઠશ્રી મથુરાદાસ ભાટીઆએ એમને સ્વ. ગોકુલદાસ કાનદાસ પારેખના સાથે સંકળાયેલી એક સામાજીક સંસ્થા પાસેથી શિષ્યવૃત્તિ અપાવીને શિક્ષણનો એક વધુ ક્ષેત્ર ખોલી આપ્યો. સંસ્કૃત તથા અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવ્યા બાદ શ્યામજી સભ્ય અને શિક્ષીત સમાજમાં ખુબ પંકાઇ ગયા હતા. સંસ્કૃત ભાષાના પારંગત હોવાને લીધે સંસ્કૃતનાં બે પુસ્તકો (૧) સુબોધ સાગર (૨) વિષ્ણુ સહસ્ત્રનામ નું ગુજરાતીમાં ભાષાંતર કરવાથી કાશીના પંડિતોએ ઇ.સ. ૧૮૭૭માં શ્યામજીને પ્રસ્તી પત્ર તથા ''પંડિત''ની માનાર્દ પદવી એનાયત કરી હતી. તદ્પશ્ચાત શ્યામજીને સમાજ ''પંડિત'' તરીકે ઓળખવા લાગ્યો. જે હાઇસ્કુલમાં પંડિતજી ભણતા હતા એ જ હાઇસ્કુલમાં સાથે ભણતા રામદાસ નામ ધરાવતાં સહધ્યાચી સાથે પંડિતજી ખુબ સારા સંબંધો ધરાવતાં હતા. જેના લીધે

પંડિતજીનું રામદાસના ઘેર અવારનવાર આવવું જવું થતું હતું. ત્યારે પંડિતજીની ઉંમર અઢાર વરસની હતી વારંમવારે રામદાસના ઘેર જવાથી પંડિતજી રામદાસની તેર વરસની બહેન ભાનુમતીનાં સાથે પરિચય થયો. જે પરિચય સમ્યાંન્તરે પ્રણયમાં પરિણમ્યો. ભાનુમતીના પિતાજી શેઠ છબીલદાસ લલ્લુભાઇએ કાપડના વેપારમાં ખુબ રૂપિયા કમાવ્યા હતા. એમની ગણના શ્રીમંતોમાં થતી હતી. ભાનુમતી પિતાની એકની એક લાડલી તથા ખુબ પ્યારી બેટી હતી. ભાનુમતી તથા શ્યામજી હૃદયથી એકબીજાના થઇ ચુકયા છે. એની ભાનુમતી પરિવારને ચોકકસ ખાત્રી હતી. બીજી બાજુ શ્યામજીની પ્રતિષ્ઠા તથા કારકિર્દી ખુબ હતી જેને ધ્યાનમાં રાખીને ભાનુમતી તથા સર્વે પરિવારની સહ સમંતીથી છબીલદાસે શ્યામજીને પોતાનાં જમાઇ તરીકે સ્વીકારી લીધા. બાદ અઢાર વર્ષના શ્યામજી અને તેર વર્ષના ભાનુમતીના ધામધુમથી વિવાહ થયા. એ જ વર્ષમાં સંજોગો વસાત શ્યામજીને આંખમાં થોડી તકલીફ થઇ જેના લીધે અભ્યાસમાં તેઓ પૂરતું ધ્યાન આપી શકયા ન હોવાથી S.S.C. માં નાપાસ થયા જેના કારણે એના સસરાનાં કડવા વેણ સાંભળવા પડયા હતા. એ વખતે વિધવા વિવાહ સુધારાની લડત ચાલુ હતી. વિધવા વિવાહ સંબંધી કોર્ટમાં જેટલા પણ કેસ ચાલતા હતા. એ બધા કેસના ચુકાદાઓ વિધવા પુર્નઃલગ્નના સુધારાના તરફેણમાં આવતા હતા. લાયબલ કેરાવાળા શેઠશ્રી કરસનદાસ મુળજીના નેતૃત્વ હેઠળ ચાલતી ઉપરોકત ચડવળ સાથે પંડીત શ્યામજી પણ જોડાયા હતા. ઇ. સ. ૧૮૭૪ના સમય ગાળામાં શ્યામજી સાથે એક મહત્વની ઘટના ઘટી. આર્ય સમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતી સાથે એમની મુલાકાત થઇ જેમાં તેઓ બંને એકબીજાની ખુબ નજીક આવ્યા. શ્યામજીનાં ક્રાંતિકારી વિચારો તથા સેવા સમર્પિત વૃત્તી જોઇને દયાનંદ સરસ્વતી શ્યામજી ઉપર ખુબ આકર્ષાયા જેના પરિણામ સ્વરૂપે સ્વામીજીએ મુંબઇમાં પણ આર્યસમાજની સ્થાપના કરી. ઇ.સ.૧૮૭૫માં સ્વામીજી અને પંડીતજીના સંબંધો ગુરૂ-શિષ્યમાં રૂપાંતર થયા. સ્વામીજીએ પોતાનાં હસ્તક તમામ ટ્રસ્ટોમાં પંડીતજીને સર્વે સર્વા નિયુકત કર્યા.

પ્રથમ ઇંગ્લેન્ડ પ્રવાસ

ઇંગ્લેન્ડની ઓકસફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર એક વખત હિંદના પ્રવાસે આવ્યા હતા. તે વખતે શ્યામજીની સંસ્કૃત ભાષાની પારંગતતા ઉપર આફરીન થઇને ઇંગ્લેન્ડમાં પોતાના મદદનીશ તરીકે રાખવા માટે પ્રસ્તાવ મુકયો અને તેમને ૧૮૭૯ના પ્રથમ મહિનામાં આવવાનુ કહેલું પણ ધનવાન સસરા સાથે સારા સબંધો ન હોવાથી પૈસાની જોગવાઇ થઇ નહિ પણ સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને ધર્મપત્ની શ્રી ભાનુમતીએ પોતાને લગ્ન સમયે મળેલી ભેટ સોગાંદો પતિશ્રીના ચરણે ધરી દીધી. પૈસાના આયોજનમાં ખોટો સમય વહી જવાથી પંડીતજી ઇંગ્લેન્ડ મોડા પડયા. અને પોતાની વિતકથા સર ને કહી સંભળાવી. ત્યાં મોડા પડવાને કારણે ઓકસફર્ડની નામાંકિત બેલિયમ કોલેજમાં મદદનીશ પ્રોફેસર તરીકે નિમંણુક તો આપી પણ મજબુરીનો ફાયદો ઉપાડીને પગાર ખુબ ઓછો આપ્યો. કોલેજમાં ભણાવતા ઉપરાંત પોતાને આર્ટસની ડિગ્રી મળે એ હેતુથી અંગ્રેજીનો અભ્યાસ ચાલુ રાખ્યો અને સાથે સાથે લેટીન ભાષા પણ માત્ર એક વર્ષમાં શીખી લીધી. એટલું જ નહિ ત્યાં એમણે મુળ ગ્રીક ભાષામાં લખેલા બાયબલનો પણ અભ્યાસ કર્યો તથા ગ્રીક ભાષામાં લખેલા પુસ્તકોનું હિન્દી, મરાઠી તથા સંસ્કૃત ભાષામાં ભાષાંતર કર્યું.

ઇંગ્લેન્ડમાં શ્યામજીને જે પગાર મળતો હતો એનાથી આગળ વધુ અભ્યાસ થઇ શકે નહિ એ વિષયને ધ્યાજમાં રાખીને શ્યામજીએ કચ્છ રાજયના સુપ્રિમ ખેંગારજી બાવાને સ્કોલરશીપ માટે અરજી કરી પણ તેને ધ્યાનમાં લેવાઇ નહિ તેથી શ્યામજીએ બીજો દાવ માંડયો. જે કોલેજમાં પોતે પ્રોફેસર હતા એના સભ્ય મુંબઇના ગવર્નર સર રિકાડે ટેમ્પલને શ્યામજીએ કચ્છ રાજયને સ્કોલરશીપ માટે બે શબ્દો લખવાની ભલામણ કરી જે ભલામણની અસર એટલી થઇ કે કચ્છ રાજયમાંથી શ્યામજીને સ્કોલરશીપ આવતી થઇ ગઇ. **એક વાત નોંધવા લાયક છે કે કચ્છ રાજયમાંથી શિષ્યવૃત્તી લઇને વિદેશમાં અભ્યાસ કરનાર શ્યામજી પહેલા કચ્છી વિદ્યાર્થી હતા !!!**

ઇ.સ. ૧૮૮૩ માં ગ્રેજયુએટ થયા ત્યાર પછી એમ.એ થયા અને ઇ.સ. ૧૮૮૪ માં બેરીસ્ટરની ડીગ્રી મેળવી લીધી. ઇ.સ. ૧૮૮૪ નાં અંતમાં સર મોનીયર વિલીયમ્સ સાથે ત્રણ મહિનાની છુટી ઉપર ભારત આવ્યા. **વિદ્યાર્થીએ વેકેશનનો સદ્પયોગ કરી લેવો જોઇએ.** એ સિંધ્ધાતને અનુસરીને કલકતા સ્થિત લોકપ્રિય વાઇસ રોય લોર્ડરિપન પાસેથી હિંદના વતનીઓને ઇંગ્લેન્ડમાં જવાનું સુલભ કરી આપવું તથા હિંદના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપીને ઇંગલેન્ડમાં ભણવા માટે મોકલવા માટેની કાયદેસર મંજુરી મેળવી લીધી તથા મુંબઇ હાયકોર્ટમાંથી વકીલાત કરવાની સનદ પણ મેળવી લીધી. એ સમયે શ્યામજીનાં ગુરૂ શ્રી દયાનંદ સરસ્વતીનું શરીર શાંત થયું હતું. જેનો આઘાત

પંડિતજી ખુબ મુશ્કેલી થી જીરવી શકયા હતા. ઇ.સ. ૧૮૮૫ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઇ. જેમાં તેઓ ખુબ સક્રિય રહ્યા. ઇ.સ.૧૮૮૮માં તેઓ રતલામ સ્ટેટના દિવાન બન્યા. રતલામ સ્ટેટના વિકાસ કાર્યમાં યશસ્વી નિવડયા બાદ અજમેરમાં વકીલાત શરૂ કરી ત્યારબાદ તેઓશ્રી જુનાગઢનાં દિવાન પદે નિયુકત થયા. એક ઘટના નોંધવા લાયક રહી છે. શ્યામજી જયારે ઓકસ્પર્ડ માં ભણતા હતા ત્યારે એની સાથે એક મીકોનોસી નામનો અંગ્રેજી યુવાન ભણતો હતો. અને ભણ્યા પછી વડોદરા સ્ટેટમાં નોકરી કરતો હતો. મીકોનોસી ની વિનંતીને ઘ્યાનમાં રાખીને શ્યામજીએ મીકોનોસીને જુનાગઢમાં ગોઠવણી કરી આપી પણ સમય જતાં તે જ મીકોનોસીએ શ્યામજીના પગ કાપીને પોતે ત્યાંનો સર્વોપરી બની ગયો. રાજા-વાજાને વાંદરા અન્યોનાં ઇશારે ચાલતા હોય છે. એ કહેવત ખોટી નથી.

જુનાગઢની દીવાનગીરી ખાટા મને છોડીને શ્યામજી ઉદેપુરમાં રાણાને ત્યાં નિયુકત થયા પણ તે દિવસથી ગોરા મીકોનોસીની ગદારીએ એક પ્રમાણિક અને નીષ્ટાવાન ભારતીયને જુઠું બોલીને પદ ભ્રષ્ટ કરાવ્યાથી ગોરા લોકો વિશે સુગ ચડી ગઇ અને ભારતમાંથી ગોરાઓને કાઢવાનો શ્યામજીએ એક સંકલ્પ લઇ લીધો. ઉદેપુરમાં શ્યામજી આર્થિક રીતે સધ્ધર થયા હતા. જેના પરિણામ સ્વરૂપે અજમેરમાં ત્રણ કારખાના શરૂ કર્યા. આર્થિક સધ્ધરતા પામ્યા પછી શ્યામજીએ સ્વામી દયાનંદ સરસ્વતીએ અંગ્રેજો વિરૂધ્ધ કાનમાં ફુંકેલા મંત્રે સાકાર સ્વરૂપ ધારણ કર્યુ. અજમેરમાં વકીલાત કરતાં કરતાં અજમેર મ્યુનિસિપલના પ્રમુખ તરીકે ચુંટાયા. આઝાદીની ચળવળના ભાગરૂપે લોકમાન્ય તિલકને સજા દઇને ગોરાઓએ ક્રાંતિકારી માંડલેને જેલ ભેગા કર્યાથી પંડિત શ્યામજીનું ઝમીર ખીલી ઉઠયું અને એણે મનમાં નક્કી કર્યુ કે અંગ્રેજોને એના જ દેશમાં દિવસમાં તારા દેખાડીશ. એવા પ્રકારનો એક ક્રાંતિકારી નિર્ણય લઇને ઇ.સં.૧૮૯૭ માં તેઓ ભાનુમતીને સાથે લઇને પાછા ઇંગ્લેન્ડ ગયા.

સંગઠનની ભૂમિકા

શ્યામજી ઇંગ્લેન્ડમાં ગયા ત્યારે તેમનાં આદર્શ સમાજશાસ્ત્રી હર્બટ સ્પેન્સરનું નિધન થયું ત્યારે એમની સ્મશાન યાત્રા દરમ્યાન ઓકસપર્ડના નેજા હેઠળ એક હજાર પાન્ઉડની રકમ અર્પણ કરીને એમનાં નામે સંગઠન વધારવા અર્થે વ્યાખ્યાન માળાનું આયોજન કર્યુ હતું. અને સંગઠનમાં ખર્ચવા માટે તથા ક્રાંતીકારીઓના કાર્ય માટે તથા સ્કોલરશીપ આપવા માટે ધન ની ઉપલબ્ધી પંડિત શ્યમાજી કૃષ્ણ વર્મા ફંડ ફાળો ઉઘરાવ્યા વગર સ્વબળે કરતા હતા. એમનો ધન કમાવવાનો મુખ્ય હેતુ આઝાદીની ચડવળનો હતો. જેના લીધે ઇંગ્લેન્ડના ઘર ઘર માં શ્યામજીનું નામ ગુંજવા લાગ્યું અને ત્યાંના એક જાણીતા સમાચાર પત્રે પણ શ્યામજીની પ્રવૃત્તિને ખુબ બિરદાવી હતી. અને ત્યાર પછી તેમનો ઘણા ક્રાંતિકારીઓ સાથે પરિચય થયો અને તેના લીધે દિવસે દિવસે સંઘબળ ખુબ મજબુત બન્યો. ત્યાર પછી બ્રિટિશ સમાજવાદી પક્ષના નેતા મી. ફ્રીડમેનના સહયોગથી તથા ભારતમાંથી આવતા નબળા વર્ગને આશ્રય મળે એવા હેતુથી શ્યામજીએ ઇન્ડિયા હાઉસની તા ૧/૭/૧૮૦૫ માં સ્થાપના કરી. જે હાઉસમાં ભારતીયોને ભણવા માટે રહેવા માટે તથા જમવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં એક શરત રાખવામાં આવી હતી કે ઇન્ડિયા હાઉસમાં રહેતા વિદ્યાર્થીએ સરકારી નોકરી કરવી નહી. અને પોતાની જાતને સ્વતંત્ર ધંધો કરતા કરતા રાષ્ટ્રસેવામાં સમર્પીત કરવી. ઇ.સં. ૧૯૦૫માં ઇન્ડિયન સોસીયોલોજીસ્ટ નામનું સમાચાર પત્ર શરૂ કર્યુ. અને તે જ વર્ષમાં ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી. તે દિવસથી સ્વરાજ શબ્દ ભારતીયોના કાનમાં ગુંજવા લાગ્યો. ઇન્ડિયા હાઉસના છાત્રાલયમાં હું મારો શબ્દ આપુ છું કે, પરોક્ષ કે અપરોક્ષ તરીકે બ્રિટિશ સરકાર પાસેથી લાભ લેવાના પ્રયત્નો કરીશ નહિ અને સરકારની નોકરી સ્વીકારીશ નહિ. એવી પ્રતિજ્ઞા લઇને દાખલ થતા ક્રાંતિકારીઓ માટે ઇન્ડિયા હાઉસ દેશ ભક્તો પેદા કરવાનું એક કારખાનું બની ગયું હતું જેમાં વીર સાવરકર, તેમના નાના ભાઇ ગણેશ સાવરકર, લાલા હરદયાળ, વિરેન ચટોપધ્યાય અને વી.વી એસ. ઐયર જેવા અનેક ક્રાંતિકારીઓએ સગવળતા નો લાભ લીધો છે. શ્યામજીએ સમાચાર માધ્યમો દ્વારા કોંગ્રેસ ઉદામવાદી નીતી અપનાવી જોઇએ. એવો આગ્રહ સેવ્યો હતો. ઉદામવાદી નીતિ પ્રસ્થાપિત થઇ જવાથી સુરત ખાતે કોંગ્રેસની બેઠકમાં ભંગાણ પડયું ત્યારે એનો કોઇ મુખ્ય જવાબદાર હોય તો શ્યામજી છે. એવો આક્ષેપ માવળ નેતા ગોપાલ કૃષ્ણ ગોખલે એ કર્યો હતો. ભારતના ક્રાંતિકારીઓ લંડનની સભામાં ગરમા ગરમ ભાષણો કરતા હતા. એક વખત અંગ્રેજોની સભામાં લી. વોર્નર નામનાં એક અંગ્રેજે કુંજ વિહારી ભટાચાર્યને ડર્ટીનીગર - (ગંદોહબસી) કહીને ગાળ આપી ત્યારે તેને સહન ન કરી શકવાથી વાસુદેવ ભટાચાર્ય નામના એક ભારતીય ઉદામવાદીએ ભરી સભામાં વોર્નરને એક તમાચો

ચોડી દીધો. જેના લીધે ઈંગ્લેન્ડમાં ઉગ્ર વાતાવરણ નિર્માણ થયું. જેના પરિણામ સ્વરૂપે તા. ૪/૫/૧૯૦૫ ના રોજ બંગાળના સુરેન્દ્રનાથ બેનરજીની ધડપકડ થઇ એને અનુલક્ષીને ઈંગ્લેન્ડમાં ઠેર ઠેર વિરોધસભાઓ ભરાવા માંડી તા. ૧૮/૮/૧૯૦૭મા સ્ટુગાર્ડ ના સમાજવાદીઓના સંમેલનમાં શ્રીમતી ભીકાઈજી રૂસ્તમજી કામા, સરદારસિંહ રાણા, અને શ્યામજીએસૌ સાથે મળીને શ્રીમતી ભીકાઈજીની સાડીઓમાંથી રાષ્ટ્રધ્વજ બનાવીને ઈંગ્લેન્ડમાં ફરકાવ્યો હતો. જેનો રંગ હતો લાલ, કેસરી અને લીલો. જેના લીધે શ્યામજીની ધરપકડના એંધાણ શરૂ થયા. સમય વર્તે સાવધાન ના રૂએ. ઈન્ડિયા હાઉસ સાથીઓને હવાલે કરી પોતે પેરીસમાં સ્થળાંતર કરી ગયા. અને ત્યાંથી લડત ચાલુ કરી જેમાં સૌ પ્રથમ અંગ્રેજ સેનામાંથી હિન્દુ-મુસ્લીમ સૈનિકોને રાજીનામુ આપી દેવાનું ફરમાન જારી કર્યું. શ્યામજીની ઉદ્દામવાદી પ્રર્વતિથી અંગ્રેજોના નાકે દમ આવી ગયુ હતું. વધારામાં અંગ્રેજોના પ્રથમ નંબરના દુશ્મન લોકમાન્ય તિલકનું પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા ખુબ ઉમળકાભેર સ્વાગત કરવાથી અંગ્રેજો ખુબ છંછેડાયા. એટલું જ નહિ ઈન્ડિયન સોસીયોલોજીસ્ટ સમાચાર પત્રમાં સનસનાટી ભર્યા સમાચાર આવતાં હોવાથી ભારતમાં પણ લોક જાગૃતિ આવવા લાગી. જેના લીધે શ્યામજી તથા ઈન્ડિયા હાઉસ અંગ્રેજ સરકારના આંખમાં કણાની જેમ ખુંચતું હતું. એ સમયે ટાઈમ્સ જેવા પત્રોએ પણ અંગ્રેજોની તડફેણમાં કલમ ચલાવી હતી ત્યારબાદ ઈ.સં.૧૯૦૯ના દિવસે અંગ્રેજોએ બેરીસ્ટરની પદવીને રદ કરી નાખી તેમ છતાં પણ શ્યમાજીએ લડત તો ચાલુ જ રાખી અને પ્રતિકુળ સમય આવતાની સાથે આપણે ઈંગ્લેન્ડની ધરતી છોડી દેશું એવો સૌ ક્રાંતિવીર મિત્રોએ નક્કી કર્યું. અને ખરેખર એ જ સમય આવીને ઉભો રહ્યો.

ક્રાંતિવીર મદનલાલ ધીંગરા

એક ભારતીય ક્રાંતિકારી મદનલાલ ધીંગરાએ તા. ૧-૭-૧૯૦૯ ના રોજ કર્નલ વાઈલીનું ખુન કર્યું. થોર્નટન નામનો સિપાઇ તેને પકડવા આગળ વધ્યો ત્યારે મદનલાલ ધીંગરાએ એના ઉપર પણ ગોળી છોડી સદ્‌ભાગ્યે સિપાઇ બચી ગયો પણ મદનલાલ ધીંગરા પકડાઇ ગયા અને એમના ઉપર કેસ ચાલ્યો. તા.૧૭-૮-૧૯૦૯ ના રોજ તેમને ફાંસી આપવામાં આવી. ત્યારબાદ પ્રેસ તથા ઈન્ડિયા હાઉસની ઝડતી લેવામાં આવી અને ઉપરોકત સમગ્ર ઘટના પાછળ વીર સાવરકરનો હાથ છે એવો આક્ષેપ ટાઈમ્સનાં પત્રકારોએ કર્યો હોવાથી વીર સાવરકરની પણ બેરીસ્ટરની ડિગ્રીની માન્યતા રદ કરવામાં આવી અને ત્યારબાદ ઈન્ડિયન સોસીયાલીષ્ટ સમાચાર પત્રના મુદ્રક આર્થર હાલસેલની પણ ધડપકડ કરીને સજા ફરમાવવામાં આવી. એમના ગયા પછી બીજા મુદ્રક ગાય-ડ-ઓલફ્રેડ આવ્યા. એમની પણ ધડપકડ થઈ અને ત્યારબાદ સજા કરવામાં આવી. એને ધ્યાનમાં રાખીને શ્યામજી સમાચાર પત્રને લંડનથી પેરીસ લઇ ગયા. ઈ.સં. ૧૯૦૯માં પેરીસથી જયોર્જ પાગ્નીર પ્રેસમાંથી પ્રથમ અંક બહાર પાડયો. એવી રીતે સાત વરસમાં સાત પ્રેસ બદલવાની શ્યામજીને ફરજ પડી. ઈંગ્લેન્ડમાંથી શ્યામજીએ વિદાય લઇ લીધી પછી ક્રાંતિનો દોર વીર સાવરકરે પોતાનાં હાથમાં લીધો. અને તેમણે એક અભીનવ ભારત નામની સંસ્થાની સ્થાપંના કરી તથા લાલા હરદયાલે પોલીટીકલ મિસનરિઝ સોસાયટી ની સ્થાપના કરી અને ચટોપધ્યાયે શ્યામજીના સમાચાર પત્રનું નવેસરથી સંચાલન કર્યું. પ્રત્યેક ઘટના પાછળ ક્રાંતિકારીઓનો હાથ છે એવી માન્યતા અંગ્રેજ સરકારના માનસમાં ઘર કરી ગઈ હતી. જેના લીધે ગણેશ સાવરકરને દેશ નિકાલ ની સજા ફરમાવામાં આવી હતી. જેનો બદલો લેવા માટે નાસિકના ક્રાંતિકારી શ્રી અનંત કાનડે એ નાસિક જીલ્લાના કલેકટર તથા જીલ્લા મેજીસ્ટર જેકસન ને ઠાર કર્યો. ઉપરોકત ઘટના પાછળ વીર સાવરકરનો હાથ હોવો જોઈએ. એ પ્રમાણેની અંગ્રેજી સરકારની માન્યતાને આધારે તપાસ શરૂ થઈ. સાવરકરના મિત્રોને આ વાતની ખબર પડી જતા વીર સાવરકરને ઈંગ્લેન્ડથી પેરિસ મોકલી આપ્યો. થોડા સમય પછી શ્યામજી તથા ભીકાઈજી કામાની સમંતી ન હોવા છતાં સાવરકર લંડન ગયા અને ત્યાં તેઓ પકડાઇ ગયા. બીજી બાજુ મૌલવી બરકતુલ્લાહને શ્યામજીએ પેરીસમાંથી જાપાન મોકલી દીધા અને ત્યાંથી "સ્વરાજય" ની પ્રવૃત્તિ ચાલુ રખાવી તે સિવાય અમદાવાદ ખાતે ૧૯૦૯ ના અરસામાં ક્રાંતિની જયોત પ્રજવલીત રહે એના ભાગ રૂપે ખાડીયા વિસ્તારમાં શ્રી ઇંદુલાલ યાજ્ઞીકને નવજીવન પ્રેસ શરૂ કરવા માટે આર્થીક સહયોગ આપીને પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા ના ટ્રસ્ટે ચડવળનાં વિચારને સમર્થન આપ્યું હતું. ૧૯૧૪ માં પહેલું વિશ્વયુધ્ધ શરૂ થયું એ અરસામાં અંગ્રેજોએ પોતાના જાસુસો પેરીસ સુધી મુકી રાખ્યા હતા. જેના લીધે શ્યામજી તથા અન્ય ક્રાંતિવીરો ની ખુબ સતામણી થતી હતી. બીજા વિશ્વયુધ્ધમાં બ્રિટન અને ફ્રાંસ બંને એક થઇને જર્મની સામે લડયા હતા. તેથી ફ્રાંસ

(પેરિસ) માં ક્રાંતિવીરો વિરુધ્ધ સતામણી સામેં ફ્રાંસે આંખ આડા કાન ધર્યા. તે સમયે ઈંગ્લેન્ડની ગાદી પર રાજા જર્યોજ હતા. રાજાને મળવાની મુલાકાત નકકી થયા પ્રમાણે શ્યામજી જર્યોજને મળવા લંડન ગયા પાછળ એ દિવસે શ્યામજીની હાજરી પેરિસમાં હતી. એવા પોલીસ સ્ટેશનમાંથી શ્યામજી ને હાજર થવાનાં ફરમાન છુટયા. પોલીસ સ્ટેશનનું આવા પ્રકારનું વિવાદસ્પદ નિવેદન સાંભળીને શ્યામજીને સમઝાઇ ગયું કે હવે પેરિસમાં પણ આપણી સંપૂર્ણ સલામતી નથી જણાતી કારણ કે પેરીસમાં હવે ચોર સિપાઇ ભાઇ ભાઇ જેવો ઘાટ થયો છે. જેને ધ્યાનમાં રાખીને શ્યામજી જીનીવામાં સ્થાઇ થયા અને ત્યાંથી ૧૯૨૦માં સમાચારપત્ર પણ શરૂ કર્યુ કેટલાક ક્રાંતિકારીઓ શહીદ થઇ ગયા હતા. કેટલાક જેલમાં ગયા એના કારણે વિદેશમાં વસતા ક્રાંતિકારોઓમાં ભાગલા પડયા. આઝાદીની ચળવળ નાં સ્થાઇ સ્વરૂપને કોઇ સમજી શક્યું નહિ તેથી મિત્રો સૌ શ્યામજીથી અલગ થઇ ગયા અને ક્રાંતિકારીઓમાં ભાગલા પડયા. એકવાત યાદ રાખવા જેવી છે કે અંગ્રેજ સરકાર ગમે તેવો મજબુત સંગઠન પણ તોડીને તેમાં ભાગલા પડાવવાની કુટીબ નીતિનો તે સમયે સમયે ઉપયોગ કરી લેતી હતી.

સમગ્ર ભારત મારો પરિવાર છે

અનેક ક્રાંતિકારીઓ શ્યામજી કૃષ્ણ વર્માને છોડી ને જતા રહ્યા. ઘણા ક્રાંતિકારીઓને પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની આઝાદી સબંધીત ઉદામવાદી નીતિ પસંદ નહિ હોવાથી મહાત્માં ગાંધીજીની સત્યાગ્રહની નીતિ સાથે રહ્યા હતા પણ આઝાદીની લડત ચાલુ રહી. મહાત્માં ગાધીજી અને શ્યામજી કૃષ્ણ વર્મા કોઇ પણ પ્રકારના મન ભેદો ન હતા પણ બંનેની કાર્ય પધ્ધતિ અલગ હતી. મહાત્મા ગાંધી અહિંસાવાદી હતા જયારે પંડિત ઉદામવાદી હતા પણ લક્ષ બેનું એક સરખો હતો બંને ક્રાંતિકારીઓનું મુખ્યલક્ષ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી છોડાવવાનું હતું. એક નદી સાગરને મળવા જ જતી હતી પણ એની મુખ્યધારા બે વિભાગોમાં વહેંચાયેલી હતી. જેના લીધે ક્રાંતિકારીઓ પણ બે ધારામાં વહેતા થયા. એક માત્ર વિરેન ચટોપ્ધાય નેં છોડી સૌ સાથીઓ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને છોડીને ચાલ્યા ગયા. વૃધ્ધાવસ્થાના કારણે આંખે થોડું ઓછું દેખાતું હતું અને ભીતરમાં ખાલીપો પણ ખુબ એમને સતાવી રહ્યો હતો. જેના કારણે ઇ.સ. ૧૯૨૩માં સમાચાર પત્ર કાયમ માટે બંધ કર્યુ પણ તેનો એમને લેષ માત્ર અફસોસ ન હતો. કારણ કે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના સમાચાર પત્ર અંગ્રેજોના પાયા હચમચાવી નાખવામાં મહત્વની ભૂમિકા ભજવી ચુકયો હતો. પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના સમાચાર પત્રે એક વખત તો બ્રિટીશરોની ઉંઘ હરામ કરી નાખી હતી. ત્યાર બાદ જીદંગીનાં છેલ્લા ૧૦ વરસ ને વેપાર સાથે જોડીને સારા પ્રમાણમાં પૈસા કમાવ્યા હતા. પોતે નિઃસતાંન હતા પણ 'વસુધૈવકટુંબકમ' આખો વિશ્વ મારો પરિવાર છે. એ સિધ્ધાંતને અનુસરીને ભાનુમતી કે જેની પેરીસમાં માદામ ક્રિષ્ણા વર્મા નામે ઓળખાતા હતા. તેઓ શીશુઘર જેવી પ્રવૃતિઓ ચલાવતા હતા તથા બાળ કલ્યાણકારી યોજનાઓ પેરિસ સાથે જીનીવામાં પણ ચલાવતા હતા. દરેક પ્રસંગ્રે ભાનુમતિ-બાળકોને ભેટ સોગાદો આપતા અને પોતાના ઘરને હર્યુ ભર્યુ રાખતા તથા સમગ્ર ભારત મારો જ પરિવાર છે એવી વિચાર સરણી તેઓ ધરાવતા હતા.

બાળપ્રેમી પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા

પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પોતાનાં જન્મદિવસે બાળકોને સોનાના સિકકા અને મીઠાઇ ભેટ આપતા હતા. પંડિતજી ને પણ બાળકો ખુબ પ્રિય હતા. વૃધ્ધાવસ્થામાં એકતો રાજકીય દબાણ બીજી આંખોમાં આવેલી ઝાંખપ તથા થોડી હતાશા થોડી નિરાશા વચ્ચે રહીને પણ આઝાદીની ચળવળ ચાલું રહે એટલા માટે બર્લીનમાં રહેતા એક સમાચાર પત્રના માલિક શ્રી રામન પિલાંઇને આર્થિક સહયોગ કર્યો હતો. પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા નિઃસંતાન હતા એવી રીતે એમનાં બહેન પણ નિઃસંતાન હતા. ભુલાભણસારી એ ડાઇબેન ને મોડકુબાના કાનજી નારાણજી વડોર સાથે પરણાવ્યા હતા. પણ ટુંક સમયમાં કાનજી નારાણજીનું અવસાન થઇ જતાં ડાઇબેન બાળ-વિધવા થયા હતા. ઇ.સં. ૧૯૦૫માં ડાઇબેન નું અવસાન થયું. એવી રીતે તે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું સંપૂર્ણ પરિવાર રાષ્ટ્ર સેવાને સમર્પિત માર્ગે હતું.

રાષ્ટ્ર માટે પોતાનું સંપૂર્ણ જીવન ઘસી નાખનાર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની તબિયત ધીરે ધીરે બગડવા લાગી. આંખો નબળી પડી આંતરડા બગડી જવાથી તેનું ઓપરેશન કરાવ્યું પણ એમાંએ સફળ થયા નહિ. મિત્રોરૂપી પાંખો કપાઇ ગઇ હતી. તેમનાં ખાસ મિત્ર મદનલાલ ધીંગરાનું ફાંસીની તથા વીર સાવરકરને કાળાપાણીની સજા થઇ. સરદારસિંહ રાણા માર્ટીનીક ટાપુ પર એકાંતવાસ ની સજા ભોગવી રહ્યા હતા. શ્રીમતિ ભકાઇજી કામા ગંભીર માંદગીમાં

પટકાયા હતા. તેથી એકાંકી જીવન જીવતા આ દંપત્તિને જે કોઇ મળવા આવતા એ પંડિત શ્યામજી વર્માને બ્રિટીશરોના જાસુસ લાગતા હતા. એ સમયે રશિયાની ક્રાંતિને દસ વરસ પુરા થવાની ઉજવણીના ભાગરૂપે પંડિત જવારહરલાલ નેહરુ ત્યાં ગયા હતા. ત્યાંથી માત્ર એક જવાહરલાલ નેહરુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને મળવા માટે જીનીવા આવ્યા અને એકાદ કલાક ચર્ચા કરીને છુટા પડયા થોડા દિવસ પછી પંડિતજી ની તબિયત વધુ લથડતાં એમને જીનીવાની એક હોસ્પીટલમાં દાખલ કર્યા એ સમયે ફાંકફર્ડમાં ભરાયેલ પરિષદમાં ભાગલેવા ભારતમાંથી શ્રી બાબુ શીવ પ્રસાદ ગુપ્તે જતા હતા. વર્માજીની તબીયતના સમાચાર મળતા તેમને ગુપ્તે મળવા આવ્યા. ગુપ્તે જયારે હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા હોસ્પિટલનાં બીછાના ઉપર મૃત અવસ્થામાં સુતા હતા. તેમના પાર્થીવ શરીર પાસે એમના ધર્મપત્ની ભાનુમતી સિવાય બીજો કોઇ જ ન હતો. જે દિવસે મહાત્માં ગાંધીજીએ દાંડીકુંચનો શુભારંભ કર્યો એ જ દિવસે આદ્ય ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ તા. ૩૦/૩/૧૯૩૦ના રવિવાર રાત્રે ૨૩:૪૫ કલાકે જીનીવાની હોસ્પીટલમાં પોતાની જીવનલીલા સંકેલી લીધી. તેમના મૃત શરીરને ત્રણ દિવસ બાદ સેંટજર્યોજ કબ્રસ્તાનમાં અગ્ની સંસ્કાર કરવામાં આવ્યો. બાબુ શીવપ્રસાદ ગુપ્તેએ મૃત શરીરને દંડવત પ્રણામ કર્યા અને પેરીસમાં રહેતા સરદારસિંહ રાણાને દુઃખદ સમાચાર આપ્યા. ત્યારબાદ ભારતનો એક સપૂત આ દુનિયા છોડીને ચાલ્યો ગયો છે. એના સમાચાર આખા ભારત દેશને મળ્યા આવા મહાન દેશભકતોએ દેશ માટે આપેલા બલિદાનો કયારે પણ વ્યર્થ જતા નથી. આપણો ભારત દેશ ગુલામીમાંથી મુકત થયો બસ એજ એનો ખરો પુરાવો છે. તેમના મૃત્યુ પર યુરોપ અને અમેરીકન સમાચાર પત્રોએ એક ક્રાંતિવીરને શોભે એ શબ્દોમાં શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. જેમાંથી પંડિત શ્યામજી કૃષ્ણના નિધનની આખા વિશ્વમાં જાણ થઇ !!!

પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ ઇંગ્લેન્ડમાં ઈન્ડિયા હાઉસનું નિર્માણ કરીને અનેક ક્રાંતિવીરોનું સર્જન કર્યું. જેમાં ડૉ. મુથ્થુ, ડો. પરેશ, જે.સી.મુખરજી, મુકુંદરાયજયચંદ્ર, દિપચંદ્ર ઝવેરી, પરમેશ્વરલાલ, જનાબ સુદરાવર્દી, હરનામસિંહ, જયસ્વાલ કોરેગાવકર, મણીલાલ દેસાઇ, લાલા હરદયાલ, ભાઇ પરમાનંદ, બાબા જોષી, સેનાપતિ બાપટ, વી.એસ.આયગર, મહેશ અરૂણસીંઘ, વિરેન્દ્રનાથ ચટોપ્ધાય, એગ્નસ સ્પેડલી, નીતિસેન, દ્વારીકાદાસ, ગ્યાનચંદ્ર વર્મા, શંકર ભટનાગર, એટુલકર, ગાય-દ ઓલ્ફેડ, હેમચંદ્રદાસ, ફોતીલાલ વર્મા, શ્રીમતિ દત, રફીક અહમદખાન, ડો. સુકુમાર સ્વામી, કુંજ વિહારી ભટાચાર્ય, વાસુદેવ ભટાચાર્ય, મૃણાલીની ચેટરજી, શ્રીમતિ ભીકાઇજી કામા, સરદારસિંહ રાણા, વીરસાવરકર, ગણેશ સાવરકર, પ્રેમ વૈદ્ય, મી. ગોદરેજ, મદનલાલ ઘીંગરા, મૌલવી બરકતુલ્લા, હૈહરરઝા, વી.વી.એસ ઐયર, લક્ષ્મીમેનન વગેરે...

આપણો ભારત દેશ આઝાદ થયા પછી સસંદ માં પ્રથમ વખત ચુંટાઇ આવેલા સાઠ સભ્યો એવા હતા કે જે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પાસેથી સ્કોલરશીપ લઇને ભણ્યા હતા. એક નોંધવા લાયક ઘટના તો એ છે કે અંગ્રેજ સરકારની બીકના લીધે સ્કોલરશીપ ધારીઓમાંથી પંડિત શ્યમાજી કૃષ્ણ વર્માનાં અંતીમ સમયે ત્યાં કોઇ એક પણ ગયો હતો નહિ !!! તે સિવાય પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની અંગ્રેજો વિરૂધ્ધ કરેલી આઝાદીની ચળવળ અંગ્રેની ક્રાંતીથી પ્રેરણા લઇને ભારતના અનેક ક્રાંતિવીરોનું સર્જન થયું હતું. જેને આઝાદીનાં પાયાનાં પથ્થર તરીકે ગણવામાં આવ્યા છે. પંડિતજીની એક જ સંસ્થામાંથી ક્રાંતિવીરોને (૧) રાણા પ્રતાપ શિષ્યવૃત્તિ (૨) શિવાજી શિષ્યવૃત્તિ (૩) મહારાણી લક્ષ્મીબાઇ શિષ્યવૃત્તિ (૪) અકબર શિષ્યવૃત્તિ અપાતી હતી. જેનું સંચાલન સરદારસિંહ રાણા કરતા હતા. જે શિષ્યવૃત્તિ ની રાશી રૂપિયા ૨૦૦૦ થવા પામતી હતી.

અમ દેશની આ આર્ય રમણી અમર છે ઈતિહાસમાં

આઝાદીના પાયાના પથ્થર અને ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પોતાનું અવતારી કાર્ય પુર્ણ કરીને મહા નિર્વાણ પામ્યા ત્યારે એમનાં ધર્મપત્ની (માદામ ક્રિષ્ણા વર્મા) ભાનુમતી એ મિલકતની સારી રીતે વ્યવસ્થા કરી હતી. જુદા જુદા ટ્રસ્ટોને દાન આપ્યા હતા. તે સિવાય અજમેરમાં સમાચાર પત્ર ચલાવતા પંડિતજીના મિત્ર શ્રી હરિ વિલાસ શારદાને પોતાના પત્નીની ઇચ્છાઓને આગળ વધારવા તથા ચડવળના વિચારોને ટેકો આપી શકે એ વાતને ધ્યાનમાં રાખીને ભાનુમતીએ હરિવિલાસના સમાચાર પત્રને આર્થિક સહયોગ આપ્યો હતો. ઇંગ્લેન્ડમાં ક્રાંતિકારીઓની દેખરેખ શ્રીમતિ ભાનુમતી રાખતા હતા. એટલે જ તેમને સૌ ક્રાંતિકારીઓની માતા તરીકે ઓળખતા હતા. જીનીવામાં પતિના પડછાયાની જેમ રહેનાર ભાનુમતિ ૧૯૨૬ માં ભારત આવ્યા. ત્યારે પિયરમાં પતિને સન્માન ન મળવાને કારણે તેઓ તાજમહેલ હોટલમાં ઉતર્યા હતા પણ થોડીવાર માટે પોતાની માઁ ને મળવા માટે જયારે પિયરીયે ગયા ત્યારે એમના પિતા

તરફથી યોગ્ય સન્માન ન મળતા તરત જ પાછા જીનીવા આવી ગયા. ભારતમાંથી આવ્યા પછી છેલ્લા શ્વાસ સુધી પતિની ખુબ સેવા કરી હતી. પતિના મુત્યુ પશ્ચાત પોતાનું શેષ જીવન જીનિવામાં જ ગાળવાનો મકકમ નિર્ધાર કર્યો હતો. પિયરીયામાં પતિને યોગ્ય સન્માન ન મળતા છંછેડાયેલી પુત્રીએ પિયરીયાથી હજારો માઇલ દુર રહેવાનું પસંદ કર્યું હતું. એટલું જ નહિ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની અસ્તિઓને પણ ભાનુમતીએ ભારત લાવવાનાં પ્રયત્નો કર્યા નહિ. પતિના મુત્યુ પશ્ચાત માદામ ક્રિષ્ણા વર્માએ (ભાનુમતિ) દસ હજાર ''સ્વીઝફાંક'' જેવી રકમ જીનિવા યુનિવર્સીટી માં પતિના સ્મરણાર્થે આપી હતી. પંડિત શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા પાસે સાહિત્યના સંસ્કૃતનાં તથા કાયદા ને લગતા (૩૧૫) ત્રણસો પંદર પુસ્તકોનું ભંડોળ હતું. જે પુસ્તકો પેરિસની સોટ લોગ યુનિવર્સીટી માં માદામ ક્રિષ્ણા વર્મા તથા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાં સાંથે વાંચન રૂમમાં આજે પણ જોવા મળે છે.


અમર પુરૂષની અમર કહાની

પતિની કાયમી યાદગીરી સ્વરૂપે ભાનુમતીએ પચાસ હજાર સ્વીઝફાંકના ખર્ચે પેરિસમાં હિન્દી વિદ્યાર્થીઓની સગવળ માટે હોસ્ટેલ બંધાવી આપી છે. જે માત્ર હિન્દીઓ માટે અનામત હોવાથી અનેક વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો છે. તથા હોસ્ટેલના નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે ભાનુમતીએ વીસ લાખનું ફંડનુ એક ટ્રષ્ટ બનાવ્યું છે. જેનાં વ્યાજ માંથી ઉચ્ચ અભ્યાસ માટે આવેલા હિન્દી વિદ્યાર્થીઓ તથા હિન્દીઓને સહાય આપવામાં આવે છે. ૧૯૫૦માં ઉપરોકત ટ્રષ્ટમાંથી પેરીસના ટ્રષ્ટીઓએ રૂપિયા બાવન હજાર માંડવી સ્થાને મોકલ્યા હતા. જેમાંથી શ્યામજી કૃષ્ણ-ભાનુમતી કૃષ્ણ વર્મા નામની બાર બેડ ધરાવતી હોસ્પિટલ આજે પ્રસુતિગૃહ તરીકે ઓળખાય છે.અને એ જ ટ્રષ્ટ શ્યામજીના બહેન જયાં સુધી હયાત હતા ત્યાં સુધી મહિને રૂપિયા સાઠ (૬૦) જીવાઇ તરીકે મોકલતો હતો.

પોતાનાં પતિના પગલે ચાલીને પોતાના જીવનનું બલીદાન આપે એવી સંન્નારીઓ આપણા દેશમાં એક નહિ પણ અનેક નું સર્જન થયું છે. એમાંથી એક નારી એટલે (માદામ કૃષ્ણા વર્મા - ભાનુમતી શ્યામજી કૃષ્ણ વર્મા) શ્રીમંત પિતાની લાડકોડમાં ઉછરેલી પુત્રી ભાનુમતી અથ થી ઇતી સુધી પતિ પરાયણ રહીને એક નારી ધર્મ બજાવ્યાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. છેલ્લી અવસ્થામાં પતિનાં મિત્રોનો સાથ છુટી ગયો હોવા છતાંય જીનિવામાં હિંમત પૂર્વક જીવીને તથા પતિનાં અધુરા કાર્યો પુર્ણ કરીને તા ૨૩-૮-૧૯૩૩ ના જીનિવા મધ્યે ભાનુમતી નું અવસાન થયું. ઇ.સં. ૧૯૩૫નાં વર્ષમાં ઉપરોકત સમગ્ર ઘટનાની સાક્ષી પુરતું સ્વ. ઇન્દુલાલ યાજ્ઞીકે પેરિસમાં સરદાર સિંહ રાણા પાસે ૬ મહિના રહીને લખેલું પંડિત શ્યામજી કૃષ્ણ જીવન ચરિત્ર નામનું અંગ્રેજી પુસ્તક છેક ઇ.સં. ૧૯૫૦ માં પ્રસિધ્ધ થયું હતું. ત્યારબાદ ઉપરોકત પુસ્તકનું ગુજરાતી અનુવાદ ૧૯૫૨ માં કચ્છના ગાંધી ગોકુલદાસ બાંભડાઇ એ કર્યુ હતું. આજે પંડિત શ્યામજી કૃષ્ણા વર્મા હયાત નથી પણ એનાં વિચારો એની કાર્ય સુગંધ અમર છે. આજનું આઝાદ ભારત ગઇકાલના બલીદાન નું પરિણામ છે. માણસ ચાલ્યો જાય પણ એમની કીર્તિ જતી નથી.

આજે પણ જીનિવાના સેંટ જયોજ કબ્રસ્તાનમાં બે સમાધિઓ એકબીજાને અડીને ઉભી છે. જેના ઉપર લખેલું છે.

જય શ્રી ઓધવરામ



અધ્યાય ચૌદમો

સમર્પણયોગ



ઓમ જય ગંગે માતા

ઓમ જય ગંગે માતા ઓમ જય ગંગે માતા
જોનર તુમકો ધ્યાતા મનવાંછીત ફલ પાતા ...ઓમ જય।
ચંદ્રશી જ્યોત તુમારી જલ નિર્મલ આતા
શરણ પડે જો તેરી સો નર, તર જાતા ...ઓમ જય।
પુત્ર સગર કે તારે સબ જગ કો જ્ઞાતા
કૃપા દ્રષ્ટિ તુમ્હારી ત્રીભુવન સુખ દાતા ...ઓમ જય।
એકહિ બાર જો તેરી શરણોમેં આતા
યમકા ત્રાસ મિટાકર પરમ ગતી પાતા ...ઓમ જય।
આરતી માત તુમ્હારી જો જન નિત ગાતા
''અર્જુન'' વહી સહજમેં મુકિત કો પાતા ...ઓમ જય।

અંતિમ ગંગાદર્શન

પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજ કચ્છ ઈશ્વર આશ્રમ વાંઢાય આવ્યાથી પહેલા એક વખત માઁ ગંગાની સ્તુતી કરીને પોતાના સેવકગણ સાથે આવતા હતા ત્યારે રસ્તામાં એટલે કે કચ્છની ભાગોળે નવલખી સ્ટેશને ઉતર્યા તે વખતે ત્યાં ભુજના રહેવાસી શ્રી ગુલાબદાસ ધોળકીયા પણ સ્ટેશન ઉપર હતા. શ્રી ગુલાબદાસના કહેવા પ્રમાણે હું ત્યારે મારા બિમાર ધર્મપત્ની ને તેડીને ભુજ આવતો હતો. ત્યારે મેં પરમ પુજ્ય મહારાજશ્રીને (ટ્રેન) ડબામાંથી ઉતરતા જોયા એવું કહેતા ગુલાબદાસ કહે છે. શ્વેત વસ્ત્ર શોભે સન્યાસી હીમ શીખર જલધારા જેવું એમનું સ્વરૂપ હતું. શરીર થોડું નખાઈ ગયું હતું, આંખે અપંગ જેવા લાગતા હોવા છતાંય એમની ચીવટ તથા કુશળતા દાદ માંગી લેતી હતી. મને એમના દર્શનનો વર્ષો પછી લાભ મળ્યો હતો. જુની યાદો તાજી થઈ મુસાફરીની અગવડતાને ધ્યાનમાં લઈને મને થોડો અંગત સેવા કરવાનો પણ અવસર મળ્યો. નવલખી થી કંડલા લોંચમાં અમેં સૌ સાથે હતા. રસ્તામાં અમને સૌને સત્સંગનો ખુબ લાભ મળ્યો. એ સમયે આ દેશના ભવિષ્યનું વર્ણન કરતાં મહારાજશ્રી એ કહ્યું કે, આવનારો કાળ આપણા દેશ માટે બહું ભારી છે. આ દેશને અનેક વર્ષો સુધી વિકટ સ્થિતીનો સામનો કરવો પડશે. પણ એનો અંત બહુ સારો છે. તથા ભારતના વિકાસ માટે આપણે કલ્પી ન શકીયે એવા સમીકરણો ઉભા થશે.

આગળ જતા ગુલાબદાસ ધોળકીયા કહે છે કે, મેં મહારાજશ્રીને ગણા બધા સમાજલક્ષી સવાલો પુછ્યા જેના જવાબો નોંધવા લાયક રયા હતા. એમ કરતાં કરતાં અમેં સૌ કંડલા બંદરે ઉતર્યા અને ત્યાંથી મહારાજશ્રી વાંઢાય ગયા.

અને અમે સૌ ભુજ આવ્યા.

મહારાજશ્રીના આગમનથી આજે ઈશ્વર આશ્રમમાં ઉત્સવ જેવું વાતાવરણ નિર્માણ થયું હતું. મહારાજશ્રીના દર્શન કરવા માટે વાંઢાય વિસ્તારના સેવકોની અવર જવર ચાલું હતી. સૌ કોઇ મહારાજશ્રીની ખબર અંતર પુછતા હતા. પરમ પુજય મહારાજશ્રીની દ્રષ્ટિ કમજોર થઇ જવાના કારણે અનુયાઇઓ તથા સેવકોને અત્યંત પારાવાર દુઃખ થતું હતું પણ મહારાજશ્રીએ વિષયને ખુબ હળવાસથી લઇને કહેતા કે,

તુલસી મનવારામ ભજ હરિ હરિ મુખ બોલ
બાહર કા પટ બંધ કર તું અંતરકા પટ ખોલ

મહારાજશ્રીના કહેવા પાછળનો ભાવ એવો હતો કે પ્રભુએ મને બાહર જોવા કરતાં દૃષ્ટિહીન બનાવીને ભીતરમાં જોવાની સગવળ કરી આપી છે.

મહારાજશ્રીની નાતદુંરસ્ત શારિરીક પ્રકૃતિ હોવા છતાંય ભીતરનો આનંદ ઉછાળા મારી રહ્યો હતો. મહારાજશ્રીને મળવા માટે આવેલા સેવકોને શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ સ્થાપનાનો ઈતિહાસ સવિસ્તાર સૌને કહી સંભળાવતા. અને સેવકો સૌ હોશેં હોશેં તેને સાંભળતા.

મહારાજશ્રી વાંઢાય આવ્યા ત્યારે સૌ પ્રથમ તેઓ ઈશ્વરરામ ની સમાધી ઉપર આવ્યા અને ત્યાં તેઓ ખુબ રડયા અને કહ્યું ગુરૂદેવ આપના સેવકોને આપના ચરણોમાં સમાવવા માટે મને આપે કયાં પણ ઠરીઠામ થવા દીધું નહિ. હું આજથી આપનાજ ચરણોમાં રહીશ એવી હું પ્રતિજ્ઞા કરૂં છું.

ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસકો લાગું પાય
બલીહારી ગુરૂદેવકી જીને ગોવિંદ દીયા બતાય

જીવને શીવ સાથે સંબંધો બાંધી આપવાની જવાબદારી માત્ર ગુરૂની જ છે. હૃદયનો ભાર હળવો કરતાં મહારાજશ્રીએ કહ્યું કે, "ગુરૂ કો છોડ ઓરન કો ધ્યાવે કારજ કછુના સરે" માટે હે ગુરૂદેવ હવેથી હું આપના જ ચરણમાં રહીને ભજન કરીશ. હે ગુરૂદેવ આપની કૃપાથી હું તૃપ્તતા નો અનુભવ કરી રહ્યો છું મારા સંકલ્પો મારા કાર્યો સૌ પુર્ણ થયા છે. હું ટુંક સમયમાં જ આપના સાનિધ્યમાં આવવાની ઈચ્છા ધરાવું છું.

અંતિમ પ્રાણપ્રતિષ્ટા

એ સમયે કચ્છ ટોળીયામાં કડવા પાટીદાર સનાતન સમાજ ઘ્વારા શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બનાવામાં આવ્યું હતું. જેની પ્રાણપ્રતિષ્ઠા માં પરમ પુજય મહારાજશ્રીને ટોળીયા મધ્યે આવવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું પણ મહારાજશ્રીની શારીરિક અવસ્થા સમપ્રમાણ ન હોતા સેવકોએ ત્યાં ન જવા માટે મહારાજશ્રીને ખુબ સમજાવ્યા પણ મહારાજશ્રી કહ્યું હું પાટીદાર સમાજ સાથે હું વચનબધ્ધ છું.

હું એક વખત પ્રાણપ્રતિષ્ટા માટે હરિદ્વારથી પણ કચ્છ આવ્યો હતો અને આજે તો હું કચ્છમાં જ રહું છું માટે મારે પ્રાણપ્રતિષ્ટામાં જવું જોઇએ. ટોળીયાની પ્રાણપ્રતિષટાનો પ્રસંગ મહારાજશ્રી માટે છેલ્લો પ્રસંગ રહ્યો હતો.

અંતિમ સંત સંમેલન

ટોળીયાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને મહારાજશ્રી વાંઢાય પધાર્યા એવામાં કચ્છ ભુજ સ્થિત કબીર આશ્રમના મહંત શ્રી શ્યામદાસજી ગુરુ હરિદાસજી દ્વારા મહારાજશ્રી ને એક સંદેશો આવ્યો. જેમાં લખ્યું હતું કે અખિલ કબીર આશ્રમના વડા હજુર સાહેબ ભુજ પધારવાના છે. તેથી આપ શ્રી કચ્છના સંત શિરોમણી હોવાને ભાવે કબીર આશ્રમ ભુજ ખાતે પધારો તો બહુ મોટી કૃપા થઇ ગણાશે.

સેવકોની ના મરજી હોવા છતાંય મહારાજશ્રી ના શ્યામદાસજી સાથે ખુબ નીકટના ભાવ સંબંધો હોવાથી મહારાજશ્રી સંત સંમેલનમાં ગયા. જ્યાં એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તેથી શ્યામદાસજીને ખુબ સંતોષ થયો.

અંતિમ રાસલીલા (મહારાસ)

મહારાજશ્રીને એક વખત એક વિચાર આવ્યો કે હવે મારું શરીર કદાચ વધારે સમય નહી રહે માટે એક અંતિમ રાસલીલાનું આયોજન મારા હાથે થઇ જવું જોઇએ. જેના લીધે કચ્છનાં તમામ સાધુ-સંતો અને ભકતો સૌના મને

અંતિમ દર્શન પણ થશે અને સંત સેવા કરવાનો એક અવસર પણ મળશે. એ વિચારને ધ્યાનમાં રાખીને પુર્ણિમાની દર્શન થાશે. રાત્રે મહારાસનું આયોજન કરવામાં આવ્યું. રાસલીલાની પૂર્વ તૈયારીના ભાગ સ્વરૂપે સાધુ-સંતો માટે ભેટપુજા, મહાપ્રસાદ, પુજા સામગ્રીની તૈયારી કરવામાં આવી ત્યાં તો સાંજ ઢળી અને ઢોલ ધ્રબુકચા અને સવા ભગતે ગાયું.

શેરી વળાવી સજ કરું ઘરે આવોજી
મારે આંગણીયે પથરાવું ફુલ ...મારે ઘેર આવોજી.

ત્યાર પછી સવા ભગતે ગાયું.

તારવા તારવા તારવા છબીલો લાલ
આવ્યા શ્રી ગોકુલ તારવા

રાસલીલા શરૂ થઇ ત્યારે આજે જ્યાં એમનો ઢોલીયો છે. ત્યાં તે પોઢચા હતા. રાસલીલાના શબ્દો કાને પડતા અને મહારાજ શ્રીના જીવનમાં નવચેતનાનો સંચાર થયો. મહારાજ શ્રી ઢોલીયા ઉપર ઉભા થઇ ગયા. ત્યાં તો સવા ભગતે ત્રીજું પદ ગાયું.

નંદ લાલ નહિં રે આવું ને ઘેર કામ છે.
મારી તુલસીની માળામાં શ્યામ છે ...નંદલાલ

રાસલીલા સ્વરૂપી મીરાંબાઇનું પદ પુરું થાય તે પહેલા મહારાજ શ્રી સેવકોના ખભે હાથ રાખીને ધીરે ધીરે સાવચેતી પૂર્વક નીચે ઉતર્યા અને સેવકો સામે પોતે રાસ રમવાની ઇચ્છા પ્રગટ કરી અને કહ્યું, ‘‘આજે મારે સૌ સંતોની ચરણ રજથી સ્નાન કરવું છે. મારો આત્મવિશ્વાસ કહે છે કે ફરી ફરી આવો અમુલ્ય અવસર આવશે નહિં. ત્યાં તો સવા ભગતે ચોથું પદ ગાયું.

કાનુડો દાણ માંગે ધુતારો દાણ માંગે
કાન તારી મોરલીના વેણ રસ વાગે ...કાનુડો

જેમ જેમ રાસમંડળમાં રસીકતા વધતી ગઇ તેમ તેમ મહારાજશ્રીમાં ઉત્સાહ, જોશ અને જોમ વધતા ગયા. મહારાજશ્રીએ સેવકોને કહ્યું, ‘‘મને કરતાલા આપો.’’ એ સમયે મહારાજશ્રીનું શરીર કૃષ હતું એટલે મહારાજશ્રીના હાથમાં સેવકો દ્વારા કરતાલા પહેરાવવામાં આવ્યા અને પછી ધીરે ધીરે મહારાજશ્રી રાસલીલામાં જોડાયા અને રાસ રમવા લાગ્યા. આજે અંતિમ રાસલીલાનો અંતિમ આંટો પુરો કરવા માટે સૌ સેવકો કટીબધ્ધ હતા. એમ કરતાં કરતાં રાસલીલાની પૂર્ણાહુતિ થઇ ત્યાર બાદ સૌ સાધુ-સંતોને ભેટપુજા કરવામાં આવી. ઉપરોક્ત પ્રસંગે મહારાજશ્રીએ સૌ સંતોને વિનંતી કરતાં કહ્યું કે, આજે તમે સૌ મને તમારા ચરણ સ્પર્શ કરવા દયો કારણ કે હવે પછી તમારા મને ચરણ સ્પર્શ થશે કે નહિં એ તો માત્ર ઇશ્વર જાણે છે. મહારાજશ્રીનું નિવેદન સાંભળીને સંતોએ કહ્યું કે... હે દયાળુ આપ તો સંત શિરોમણી છો. અમે સૌ આપના દર્શન કરવા આવ્યા છીએ. દર્શન આપવા નહિં. આપ અમારા ચરણ સ્પર્શ કરો એ તો કોઇ કાળે નહિં બની શકે. અમે સૌ આપના ચરણ સ્પર્શ કરશું. એટલું કહીને સૌ ભાવ-વિભોર થઇ ગયા. મહારાજ શ્રી સૌ સંતોને હૃદય સરખા ચાંપીને ભેટચા અને સૌ સંતોને અંતિમ ભવિષ્યવાણી કહી સંભળાવી.

અંતિમ ભવિષ્ય વાણી

ભવિષ્ય વાણી કરવાથી પહેલા મહારાજશ્રીના આંખમાં આંસુ આવી ગયા અને કહ્યું કે, આજે કચ્છમાં મુઠ્ઠીભર સાધુ જોઇને મારા મનમાં એક વિચાર આવે છે કે સમય બહુ વિપરીત આવતો જાય છે. હવે આવા પવિત્ર સ્થાનો માટે યોગ્ય અને અનુકુળ એવા સાધુઓ આવશે કયાંથી ? અને જે સાધુઓની દૃષ્ટિ પૈસા અને પદાર્થમાં જ પડી છે. એવાઓને સાધુ કહેવાય જ કેમ ? જેના લીધે ઘણા આશ્રમો ઉત્તરાધિકારી વિનાના થઇને પડચા છે. તે સિવાય અનેક આશ્રમો એવા છે કે, જેને જ્ઞાતી નામનું ભુત વળગેલું છે. એક વાત યાદ રાખજો કે જે આશ્રમમાં જ્ઞાતીવાદ કરે એ આશ્રમ ધાર્મિક આશ્રમ ન રહેતા એક સામાજીક સંસ્થા બની જાય છે. આદી સાધુઓ પોતાના કાર્ય પુર્ણ કરીને ચાલ્યા ગયા અને નવા સાધુઓ બનતા નથી. આપ સૌ છો ત્યાં સુધી આશ્રમોના દ્વાર ખુલ્લા રાખી બેઠા છો. એ દ્વારો કચારે બંધ થશે એ કહેવું બહુ મુશ્કેલ છે. મહારાજશ્રીએ કહ્યું કે, સમયના બદલાવ સાથે આશ્રમોની વ્યાખ્યા પણ બદલાતી જાય છે. જે આશ્રમોમાં નિત્ય ગીતાનું અધ્યન અને વેદ ઘોષ થતાં હતાં એ આશ્રમો આજે હરવા

ફરવાના સ્થળો બની ગયા છે. એટલું કહેતાની સાથે મહારાજશ્રીનું હૃદય ભરાઇ આવ્યું. અને કહ્યું કે આજે આપણી સામેં હરિહર સંપ્રદાયના પ્રેરણામૂર્તિ શ્રી દેવાસાહેબ ઇશ્વર આશ્રમના સંસ્થાપક શ્રી વિહારીસાહેબ ધર્મ ધુરંધર શ્રી પુરણરામ સદ્ગુરુ શ્રી ઇશ્વરરામ ગુરુ શ્રી લાલરામજી મહારાજ કુક્માના ભજનાંદી મહંત શ્રી ગરિબદાસજી બંદરાના ભીમદાસ શ્રી ક્ષેમ સાગરજી સાધ્વી મૈયાજી જેઠીબા, સાધુ શ્રી મંગળદાસજી જેવા અનેક સાધુઓ ચાલ્યા ગયા છે. સાધુઓ ગયાની સાથે જાણે આશ્રમો માંથી વિદ્યા અદશ્ય થઇ ગઇ છે. એવું લાગ્યા વગર રહેતું નથી. તે સિવાય વયોવૃધ્ધ-તપોવૃધ્ધ તથા જ્ઞાનવૃધ્ધ સાધુ શ્રી હરિદાસ સાહેબ કે જેણે હીંગરીયા આશ્રમનું નામ કચ્છમાં ખુબ ઉજાગર કર્યુ હતું. આજે એ પણ આપણી સમક્ષ નથી. જેઓ નિરંતર સાધુ-સંતોની પ્રશંસા કરતાં કહેતા હતા કે, 'સંત મુંજા સોહામણા ઇ હલેતા હંસજી ચાલ' એમ કરતાં કરતાં રાસલીલા રાત્રે સમાપ્ત થઇ ગઇ પણ આશ્રમો વિશેની ચિંતા મહારાજશ્રીના મનમાંથી સમાપ્ત થઇ નહિ કારણ કે આશ્રમની મુળભૂત આચાર સંહીતાના મહારાજ શ્રી અનુભવ સિધ્ધ જ્ઞાતા હતા. શ્રી ઇશ્વર આશ્રમ તથા ગુરુકુળનું નવ નિર્માણ એ મહારાજશ્રીની કોઠાસૂઝનું પરિણામ હતું. મહારાજશ્રી ઘણી વખત કહેતા હતાં કે, આશ્રમો યાચક વૃત્તિના નહિં પણ સ્વાવલંબી હોવા જોઇએ તથા એમના કાર્યક્ષેત્રો સમાજ ઉપયોગી થવા જોઇએ. મહારાજશ્રી કહેતા કે પ્રત્યેક સાધુ પાસે આશ્રમ સંબંધી શાસ્ત્રોક્ત વ્યાખ્યા હોવી જોઇએ. જે આશ્રમો મનઘડત વિચારો દ્વારા ચાલે છે. એ આશ્રમો આશ્રમ નહિં પણ હરવા ફરવાના સ્થળો છે.

ગુરુકુળની આચાર સંહિતા

મહારાજશ્રી ગુરુકુળમાં સગપણ થયા વગરના બાળકોને સ્વીકારતા તથા તેમને બ્રહ્મચારી જેવા સંબોધન દ્વારા ગુરુકુળમાં દાખલ કરતી વખતે ઇશ્વર સાગરમાં સ્નાનાદી વિધી પુર્ણ કર્યા પછી એનું મુંડન કરાવતા અને એનું ઉપનામ રાખતા. દા. ત. જેનું શંકર નામ હતું એને મહેશ્વર તથા જેનું જીતેન્દ્ર નામ હતું. તેને બટુક કહીને બોલાવતા અને દયારામને દયાનંદ કહી બોલાવતા. તથા એમના દ્વારા ધાર્મિક ક્રિયાઓ હોમ-હવન, પાઠ-પુજા, આરતી, પ્રાર્થના વગેરે કરાવતા તથા દરેક બ્રહ્મચારીને આશ્રમના સંપુર્ણ નિયમનું પાલન કરવા અંગે ખાસ સુચના આપતા.

શ્રી મનજી જેરામ મીસ્ત્રીને મહારાજ શ્રી ખુબ નજીકના ગણતા. એ જ્યારે જ્યારે આશ્રમમાં આવતા ત્યારે ગુરુકુળ વિષે ખુબ જાણકારી લેતા. પરમ પુજ્ય મહારાજશ્રીના મનજીભાઇ સાથે બાપ-દીકરા કરતાંય વિશેષ સંબંધો હતાં. તે સિવાય ગંગામાં ભચુ યાદવ મીસ્ત્રી પરિવાર ગામ હાજાપરના હતાં. સેવા એના જીવનનો મુખ્ય ભાગ હતો. ગંગામાં એટલે સેવા અને સેવા એટલે ગંગામાં મહારાજશ્રીના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરીને ગંગા માઁ એ શિષ્યત્વને ઉજાગર કર્યુ હતું.

અંતિમ ઉપચાર (શ્રી દયાનંદ કારાભાઇ મીઠીયા દ્વારા)

૧૯૪૮માં હિન્દુસ્તાન-પાકિસ્તાનના ભાગલા વખતે હું સિંધથી કચ્છ આવેલો તે વખતે મારી ઉંમર આશરે ૬ થી ૭ વર્ષની હતી. સિંધથી આવ્યા બાદ મને મુરબ્બી સ્વ. વડીલ શ્રી ગોપાલજીભાઇ ઉમરશી વડોર જેઓ વકીલ તથા મારા સબંધી હતા. તેઓ મને વાંઢાય પૂ. મહારાજશ્રી ઉધ્ધવરામજી મહારાજશ્રી પાસે ગુરુકુળમાં દાખલ કરાવવા લઇ આવ્યા અને મેં મહારાજશ્રીના આશ્રમ શાળામાં તથા સરકારશ્રીની શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કર્યો જે વર્ષ ૧૯૫૭ જુન સુધી. તે દરમ્યાન હું બે થી ત્રણ વર્ષ આશ્રમમાં રહેલ તથા બાકીના વર્ષોમાં હું દરરોજ મહારાજશ્રી ના સ્થાનિકે રહેતો અને મહારાજશ્રીની સેવા કરતો. ત્યાં અવારનવાર આવતા અન્ય સંતો તથા સાધુ મહાત્માઓની સેવામાં રહેતો. બધા પ્રસંગો પુર્ણ થતાં થતાં આંખની પીડા ઘટવાને બદલે એમાં વધારો થતો હતો. જેને ધ્યાનમાં રાખીને શિષ્યો-સેવકો સૌની સહમતિથી સંવત ૧૯૫૫ ના અરસામાં આંખનું ઓપરેશન કરાવવા મહારાજશ્રી માંડવી આવ્યા. રાત્રે માંડવી ભાનુશાલી ગુરૂદ્વારાના ગાદીપતિ શ્રી પુરણદાસજી તથા ડોકટર શ્રી જેઠાલાલ મીસ્ત્રી તથા ભાનુશાલી બોર્ડીંગના ગૃહપતિ શ્રી લક્ષ્મીદાસ નાનજી ગજરા પ્રજાઉવાળા તથા અન્ય કાર્યકરોની ઉપસ્થિતિમાં ઓપરેશન સંબંધી ચર્ચાઓ કરવામાં આવ્યા પછી ઓપરેશન કરાવવાનું નક્કી થયું. એ સમયે બોર્ડીંગના ગૃહપતિ શ્રી દ્વારા મહારાજશ્રીની સેવા કરવા અંગેની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડીને હોસ્પિટલમાં છોકરાની નિમણુંક કરવામાં આવી. જેમાં,

(૧) હરજીભાઇ લધારામ હામા (ઉસ્તીયા) (૨) દામોદર હરિદાસ નંદા (ડોણ)

(૩) ભીમજી લક્ષ્મીદાસ શેઠીયા (ભવાનીપુર)

એ સમયે વિદ્યાર્થીઓ ગૃહપતિશ્રીની આજ્ઞાને શીરોમાન્ય રાખતા. મહારાજશ્રીનું ઓપરેશન થયા બાદ બે-ચાર દિવસ રહીને બોર્ડીંગના પચાસ છોકરાઓ પરમ પુજ્ય મહારાજશ્રીને મળવા આવ્યા. ગૃહપતિશ્રી દ્વારા હોસ્પિટલમાં અગાઉ જાણ કરવામાં આવી હતી. તેથી મહારાજશ્રીએ એક કિલો પેંડા મંગાવી રાખ્યા હતા. શ્રી રમેશભાઈ કરસનદાસ મેંઘર નુંધાતડવાલાના કહેવા પ્રમાણે અમે સૌ છોકરા વારા ફરતી મહારાજશ્રીને પગે લાગવા આવ્યા અને અમને સૌને મહારાજશ્રી તરફથી એક એક પેંડો પ્રસાદ તરીકે મળ્યો હતો. એ જમાનામાં એક કિલો પેંડામાં ચોવીસ નંગ પેંડા આવતા હતા. હોસ્પિટલમાં એક ટેબલ હતી. એના ઉપર થાળીમાં એક કિલો પેંડા હતા ઉપર સફેદ વસ્ત્ર ઢાંકેલો હતો. ખંડીત કર્યા વગર અમે સૌએ એક એક પેંડો લઇ લીધા પછી મહારાજશ્રીએ ગૃહપતિને કહ્યું,'સાહેબ તમે પ્રસાદ લીધો ?' ત્યારે ગૃહપતિ સાહેબે કહ્યું, 'ના, મેં નથી લીધું.' ત્યારે ખાટલા ઉપર સુતા સુતા અને દૃષ્ટિહીન હોવા છતાંય મહારાજશ્રીએ કહ્યું કે, 'હજી એક પેંડો પડયો છે. તમે લઇ લ્યો.'

ઘેર ગયા પછી અમે વિચાર્યું કે ચોવીસ પેંડામાંથી એકાવન પેંડા કઇ રીતે થયા હશે ? પરમ પુજ્ય મહારાજશ્રીનું ઉપરોકત રહસ્ય આજ સુધી અકબંધ રહ્યો છે.

ભકત કવિશ્રી ચંદુભા લખે છે કે અમોને જયારે સમાચાર મળ્યા ત્યારે હું અને છોટાલાલ મોતીલાલ શુકલ તથા એમના ધર્મ પત્ની શ્રી મણીબહેન સૌ હોસ્પિટલમાં મહારાજશ્રીને મળવા ગયા ત્યારે મંઝલવાળા મહેતાજી તથા ગંગામાં તથા બોર્ડીંગના છોકરા સૌ ખડે પગે મહારાજશ્રીની સેવામાં ઉભા હતા. મહારાજશ્રી નાતદુંરસ્ત શારીરિક અવસ્થા દરમ્યાન ગંગામાઁની એકધારી સેવા નોંધ પાત્ર રહી છે. ગંગામાઁ અને સેવા એ બે શબ્દ છુટા પાડવા હોય તો છુટા પાડી શકાય નહિં !!!

મહારાજશ્રીનો હોસ્પિટલમાં ઉપલા માળે સ્વતંત્ર ખાટલો હતો. અમે જયારે ઉપર જતા હતા ત્યારે શ્રી ગંગામાઁ નીચે ઉતરતા હતા. અમોએ ગંગામાઁને હરિહર કરીને મહારાજશ્રી જાગતા હોય તો અમે એમના દર્શન કરવાની ઇચ્છા દર્શાવી ગંગામાઁએ કહ્યું, 'ખુશીથી પધારો. મહારાજશ્રી જાગે છે. અમારી અને ગંગામાઁની વાતચીત મહારાજશ્રીને કાને પડી ગઇ અને કહ્યું ગંગામાઁ કેર ભગતરાજ ઐંઇ ? મેં કહ્યું, 'હા, મહારાજશ્રી' મહારાજશ્રીએ કહ્યું, 'ભલે ભલે આવો. ભકતરાજ બે દિવસથી મનમાં એક વિચાર ચાલતો જ હતો કે મેરાઉ સંદેશો મોકલું પણ મોકલી શકયો નહિં. એમ કહીને પલંગ ઉપર બેઠા થવાની કોશિશ કરી પણ અમે એમને બેઠા થવા દીધા નહિં. મહારાજશ્રી આપનું ઓપરેશન તાજું છે માટે આપ સુઇ જાઓ. વાતચીત તો સુતા સુતા પણ થઇ શકશે માટે આપ આરામ કરો ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે હવે તો એવો આરામ કરવો છે કે કોઇ ઉઠાડી જ ન શકે !!!

મહારાજશ્રી સાથે થોડી વાતચીત કર્યા પછી અમે સૌ મહારાજશ્રીના આશીર્વાદ લઇને નીચે ઉતરતા હતા ત્યારે મણીબહેને કહ્યું કે, 'ભકતરાજ આપના ગુરુ તો કચ્છના મહા મંડલેશ્વર છે. અમારા પણ ભાગ્ય કે એવા ગુરુઓના અમને પણ દર્શન થયા અને જતાં જતાં મણીબહેને ગંગામાઁને કહ્યું કે, 'ધન્ય છે ગંગામાઁ તમારી સેવાને.'

એવી રીતે થોડા દિવસ હોસ્પિટલમાં રહ્યા પણ હોસ્પિટલનો વાતાવરણ મહારાજશ્રીને અનુકૂળ આવતો ન હોવાથી વાંઢાય જવા વિશે વિચારતા હતા કારણ કે હોસ્પિટલમાં ભકતોની અવરજવર ખુબ વધી જવાથી શરીરને આરામ મળવાનો કોઇ વિકલ્પ રહ્યો ન હતો અને શરીર પણ ઘસાઇ જતા પથારી વશ થઇ ગયું હતું. એ સૌ બાબતોને ધ્યાનમાં રાખી હોસ્પિટલમાંથી રજા લઇને મહારાજશ્રી વાંઢાય આવ્યા.

પરમ પુજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજ પોતાના નાતંદુરસ્ત શરીરના કારણે 'જહાં ઉપના વહાં ખપના' ના નિયમ મુજબ હરિદ્વારનું આશ્રમ છોડીને વાંઢાય પધાર્યા. તા. ૧૨/૯/૫૬ ના અરસામાં પરમ પુજ્ય મહારાજશ્રીએ હરિદ્વાર ક્ષેત્રે શ્રી વાલરામજી મહારાજને પત્ર લખીને આશ્રમ સંબંધી ચર્ચા-વિચારણા કરવા અર્થે માત્ર દસ દિવસ માટે ઇશ્વર આશ્રમ વાંઢાય મુકામે બોલાવ્યા અને કહ્યું, 'વાલરામજી હું તમને મારી અંતિમ ઇચ્છા દર્શાવું છું. મારું શરીર સારું ન રહેવાને લીધે હવેથી હું હરિદ્વાર આવીશ નહિં અને હું મારું શેષ જીવન શ્રી ઇશ્વરરામના ચરણોમાં બેસીને પ્રભુ ભજન કરતાં કરતાં સમાપ્ત કરીશ. તમને હરિદ્વારે આશ્રમની સંપુર્ણ જવાબદારી સોંપતા હું ખુબ ધન્યતા અનુભવું છું. આપની ઇચ્છા હોય તો હું તમને કચ્છી આશ્રમના મહંત પદે બેસાડું અને આપની ઇચ્છા પ્રભુ ભજન કરવાની હોય તો આપ આશ્રમના સેવક બનીને આશ્રમની સાર સંભાળ તથા દેખરેખ ઉપર પુરતું ધ્યાન આપો. આપની સામે બે માર્ગો છે. એમાં આપને તથા આપના વિચારોને અનુકૂળ પડે એવા માર્ગની પસંદગી કરીને મને જણાવો. ત્યારે

શ્રી વાલરામજી મહારાજે કહ્યું, 'આપની જેવી ઇચ્છા.' ત્યારે પરમ પુજ્ય મહારાજશ્રીએ કહ્યું, 'ઉપાધિ ઉભી કરવી હોય તો ગુરુગાદીપતિનો પદ સ્વીકારો અને ભજન કરવું હોય તો આશ્રમની સેવા કરો. એવી રીતે ચર્ચા-વિચારણા કર્યા પછી શ્રી વાલરામજી મહારાજે સેવાની ભૂમિકાનો સ્વીકાર કર્યો. ત્યાર પછી મહારાજશ્રીએ સંપુર્ણ આશ્રમનો વહીવટ એક કીમટી બનાવીને એને સુપ્રત કર્યો અને શ્રી વાલરામજી મહારાજને આદેશ આપ્યો કે, 'આપ અહીંથી ત્વરીત હરિદ્વાર જાઓ અને આશ્રમની સેવા કરો. આપ આશ્રમની સેવાને મારી ચરણ સેવા સમજીને રહેજો.

ત્યાર પછી કચ્છી આશ્રમની શ્રી વાલરામજી મહારાજશ્રી એ ખુબ સેવા કરી અને એનો ખુબ વિકાસ કર્યો. માણસ ગમે ત્યાં જાય પણ ઘટના એનો પીછો છોડતી નથી. માણસનું સંપુર્ણ જીવન ઘટનાઓ સાથે સંકળાયેલું છે. એક વાત નક્કી છે કે માણસ ઘટનાઓની વચ્ચે રહીને જીવન જીવી જાય એનું નામ જીવન.

આજથી લગભગ પચાસ વર્ષ પૂર્વે હરિદ્વાર ક્ષેત્રે માઁ ગંગાના કિનારે અને પરમાર્થ આશ્રમની પડખે આજે જ્યાં વાલરામ ઘાટ આવેલો છે. ત્યાં વર્ષો પૂર્વે કાચો ઘાટ હતો. જેના લીધે ગંગા સ્નાન કરતી વખતે ખુબ સતર્કતા રાખવી પડતી હતી. આશ્રમના સાધુઓ પ્રતિદિન ગંગા સ્નાન કરવા ત્યાં જતા હતા. એક દિવસ વહેલી સવારે જશોદા માઁ તથા વાલરામજી મહારાજ ગંગા સ્નાન કરવા ગયા હતા. એ દિવસે ગંગા તેજ ધારામાં વહેતી હતી. જેમાં અચાનક વાલરામજી મહારાજનો પગ લપસી ગયો અને ગંગાના પ્રવાહમાં તણાવા લાગ્યા. એ વખતે સામે પાર ઝાળીમાં પર્ણકુટીરમાં રહેતા. પરમ પુજ્ય શ્રી ભાગવતાનંદજી સ્વામી પણ ગંગા સ્નાન કરવા આવ્યા હતા. એને જોયા પછી જશોદા માઁએ બુમ પાડતા કહ્યું, 'સ્વામીજી અમારા વાલરામજી નદીના પ્રવાહમાં તણાઇ જાય છે. કૃપા કરીને એમને બચાવો.' શ્રી સ્વામીજીએ એક ક્ષણનો વિચાર કર્યા વગર ગંગામાં કુદી પડ્યા. એ વખતે કચ્છી આશ્રમનો ગોપાલક ઠાકુર પણ ત્યાં હાજર હતો. એણે કહ્યું, 'સ્વામીજી આપ ગંગામાં પડશો નહિં કારણ કે ગંગા આજે ખુબ તેજ ધારામાં વહી રહી છે. ઠાકુર સામાન્ય સમજણ ધરાવતો સામાન્ય માણસ હતો. સંતો પાસે પડકારો ઝીલવાની ક્ષમતા હોય છે. એની એને ક્યાંથી ખબર ? એક સમયના ઝાબાંજ તરવૈયા એવા સ્વામીજી તેજધારામાં વહેતી ગંગામાંથી વાલરામજી મહારાજને તટ પર ખેંચી આવ્યા. એ સમયે ગંગા સ્નાન કરવા આવેલા અન્ય સ્નાનાર્થીઓ ઉપરોક્ત દૃશ્યને જોતા જ રહી ગયા.

શ્રી સ્વામીજીએ ઉપરોક્ત ઘટનાનું સ્વમુખે વર્ણન કરતાં કહ્યું કે, 'હું ગંગામાંથી એક બાળકને તેડીને બહાર આવી રહ્યો છું.' મને એ સમયે એવા પ્રકારનો ભાસ થયો. ત્યારબાદ ગંગા તટ પર વાલરામજી મહારાજને ચત્તો સુવાડીને સ્વામીજીએ મોઢામાંથી પાણી કાઢવાની પ્રક્રિયા આદરી. ત્યારબાદ હરિદ્વારે શ્રી રામકૃષ્ણ મિશન સંચાલિત હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં એમને ચોવીસ કલાક રહીને પછી સ્મૃતિ પાછી આવી. ઉપરોક્ત ઘટના શ્રી સ્વામીજી તથા વાલરામજીની આત્મીયતાના પ્રાગટ્યપણામાં મુખ્ય અને પ્રથમ કારણ બનીને રહી. એના ઉપરથી જાણવા મળે છે કે ઘટના પણ કંઇક તો છોડીને જ જાય છે. ત્યાર પછી શ્રી વાલરામજી ૨૮-(અઠ્ઠાવીસ) વરસ સદેહે રહ્યા.

પરમ પુજ્ય સ્વામી શ્રી ભાગવતાનંદજી જે પર્ણકુટીરમાં રહેતા હતા. ત્યાં અવારનવાર શ્રી વાલરામજી મહારાજ સ્વામીજીની સેવા કરવા જતાં અને મહાપ્રસાદનો ભોગ ધરી આવતા અને સમયાનુસાર શ્રી સ્વામીજી જ્યારે કચ્છી આશ્રમમાં આવતા ત્યારે શ્રી વાલરામજી પોતાના આસન ઉપર બેસવાનો સ્વામીજીને આગ્રહ કરતા. આજે શ્રી સ્વામીજી અઠ્ઠાણું વરસના છે. તેઓ શ્રી ગંગદેવ વિરક્ત મંડળી સાધુ સમાજ ટ્રસ્ટના અધિપતિ છે. એમનું આશ્રમ મધ્યપ્રદેશ ઓમકાર ક્ષેત્રે બળવા મુકામે આવેલ છે. શ્રી સ્વામીજી તથા અન્ય સાઇઠ સાધુઓનો સંગ વાલરામજી મહારાજનો શરીર શાંત થયાથી ચાર માસ અગાઉ કચ્છ-વાંઢાય તીર્થ સ્થાને ચાર્તુમાસ ગાળવા અર્થે આવ્યા હતા. શરીર શાંત થયાથી એક દિવસ અગાઉ વિરક્ત મંડળીના સાઇઠ સાધુઓ તથા શ્રી સ્વામીજી અને શ્રી વાલરામજી મહારાજ સાંજના સમયે સૌ સાથે મળીને ઇશ્વર આશ્રમની પ્રદક્ષિણા કરી આવ્યા હતા.

શ્રી વાલરામજી ગુરુ ઓધવરામજી

પરમ પુજ્ય સંતશ્રી વાલરામજીનો જન્મ તા. ૧૬/૪/૧૯૨૬ ના રોજ કરાચી (પાકિસ્તાન) મુકામે થયો હતો. એમના માતા-પિતા શ્રી ગોમામાં એમના માતાજી તથા પિતાશ્રી ગાંગજીભાઇ રૂપારેલ લખપત તાલુકાના કોટળા મઢ વાની બાજુમાં મુચ્ચબાણના રહેવાસી હતા. જેઓ આજીવિકા અર્થે કરાચી ગયા હતા. હિન્દુસ્તાન-પાકિસ્તાનનાભાગલા પડ્યા પછી રૂપારેલ પરિવારે મુંબઇ આવી વસવાટ કર્યો. જ્યાં તેઓ બી. એસ. સી. સ્નાતક થયા અને ત્યારબાદ અમદાવાદમાં ડી. એસ. પી. ની કચેરીમાં સેવા આપી. ત્યાંથી તેઓ શ્રી ગંગા મૈયાના કિનારે સ્થિત

શ્રી શીવાનંદ આશ્રમમાં પધાર્યા. ત્યારબાદ થોડા દિવસ રહીને પછી પંજાબ સિંધ ક્ષેત્ર રૂષિકેશમાં મેનેજર પદે રહી સેવા આપી હતી. ત્યારબાદ પરમ પુજ્ય મહારાજ શ્રી ઓધવરામજીએ શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ હરિદ્વાર ક્ષેત્રે રામનવમીએ એમને સાધુ પદની દીક્ષા આપીને પોતાના શિષ્ય પદે સ્થાપિત કર્યા. કવિ કહે છે કે,

ના કુછ મેરા ના કુછ તેરા યે જગજોગીવાલા ફેરા
રાજા હો યા રંક સભી કા અંત એકસા હોઈ

અંતકાળ સમય એક એવો સમય છે કે જ્યાં સંબંધો સૌ છેટા રહી જાય છે. આ બધા લાગણીના પુર. જ્યાં સુધી આંખ ખુલ્લી છે. ત્યાં સુધીના છે. ''જ્યારે બીડાઇ જાશે ત્યારે ઓસરી જવાના'' એવી રીતે આશ્રમની સેવા કરતાં કરતાં સંવત ૨૦૪૮ જેઠ વદ-૧૧ તા. ૧૫/૭/૧૯૯૩ ના સાંજે સાડા આઠ વાગે વાંઢાય દ્વારે શ્રી વાલરામજી મહારાજનો પાર્થિવ શરીર પંચ મહાભૂતોમાં વિલિન થઇ ગયો.

શ્રી વાલરામ ચાલીસા

-: દોહરા :-

વિઘ્ન વિનાશક વદં ઉ વરદાયક ગણરાય ।
પ્રસન્ન હો હે શારદા ગુરૂવર લાગું પાય ॥ ૧ ॥
વાલરામ વર દીજીયે દર્શન દીજો આય ।
ઓધવરામ અંતર વસો જો ગુણલા નિત ગાય ॥ ૨ ॥

-: ચોપાઈ :-

વાલરામ વદંઉ વરદાયી, તુમ્હરી કૃપા માનુજ તન પાયી ॥ ૧ ॥
સફલ જનમ કરહું ગુણ ગાઇ, ઐસા વર દો હે વરદાયી ॥ ૨ ॥
વાલરામ જય વિજય તુમ્હારી, નામ તુમ્હાર હૈ મંગલકારી ॥ ૩ ॥
જો જન લેત હૈ શરણ તુમ્હારી, દુઃખ મિટ હી સુખ પાવત ભારી ॥ ૪ ॥
માત ગોમતી કે તુમ્હ જાયા, પિતા ગાંગજી સબ મન ભાયા ॥ ૫ ॥
ધર્મ સ્થાપને કો તુમ્હ આયા, અધર્મ નસાવન હે ગુરૂરાયા ॥ ૬ ॥
ભકતજનો કે દુઃખ કો હર્તા, સબ જીવો કે તુમ હો ભર્તા ॥ ૭ ॥
તુમ કારણ હો જગ કે કર્તા, સત્ય કહહું પ્રભુ આપ અકર્તા ॥ ૮ ॥
વાલરામ વર દો હે દાતા, જનમ સફલ કરહું વરદાતા ॥ ૯ ॥
તુમ્હરે દ્વાર પે જો જન આતા, સુખ પાકર મન હી હરષાતા ॥ ૧૦ ॥
શ્વેત વસ્ત્ર ઉર કફની ધારી, મનહર મૂરત મંગલકારી ॥ ૧૧ ॥
ભુજ પ્રલંબ નિજ જન ભયહારી, મુખ મંડલ જની મદન મુરારી ॥ ૧૨ ॥
કર કમલ લક્ષ્મી વરદાયક, તુમ્હ સમ નહીં કહું ઓર સહાયક ॥ ૧૩ ॥
નહિં મૈં ભકત નહિં મૈં લાયક, તદપિ વરણ કરો વરદાયક ॥ ૧૪ ॥
વાલરામ જય જય હો તુમ્હારી, યોગેશ્વર તુમ્હ સારંગ ધારી ॥ ૧૫ ॥
ચક્ર સુદર્શન પંચજન ધારી, મિત્ર મુરારિ કો ગાંડિવ ધારી ॥ ૧૬ ॥
સુર મુની દનુજ મનુજ યશ ગાતે, અષ્ટ સિદ્ધિ નવ નિધિ કો પાતે ॥ ૧૭ ॥
આઠોં પ્રહર તુમ્હરે ગુણ ગાતે, ભુકિત મુકિત સબ સંપત્તિ પાતે ॥ ૧૮ ॥
વાંઢાય તીરથધામ સુહાયે, કચ્છ કી કિરત કોટી બઢાયે ॥ ૧૯ ॥
ભારત કે ગુણ સુરજન ગાયે, વાલરામ તુમ્હ યહાઁ પગુ ધાયે ॥ ૨૦ ॥
હરિદ્વાર હરિહર કર વાસા, કચ્છી આશ્રમ આપ નિવાસા ॥ ૨૧ ॥
વાલરામજી ઘાટ મનોહર, ગંગધાર અરૂ સપ્ત સરોવર ॥ ૨૨ ॥

મૂરચબાણ ભૂમિ મન ભાવન, પતિતન કો કરતી અતિ પાવન II ૨૩ II
મૂરત મનોહર મદન લુભાવન, દર્શન કરતે લોગ લુગાઈન II ૨૪ II
પાછે ક્ષેત્રપાલ અતિ વીરા, મેટત જન્મ પત્ર ગ્રહ પીડા II ૨૫ II
જહાં પદ પડ્યો ધન્ય ભઈ ધરણી, પદરજ કણકણ કૌટિક તરણી II ૨૬ II
નારાયણસર તીર્થ મનોહર, વાલરામજી દિવ્ય સરોવર II ૨૭ II
જીવન્હ હિત ભયે મનુજ સ્વરૂપા, તદપિ ચિન્મય બ્રહ્મ સ્વરૂપા II ૨૮ II
તુમ્હ બ્રહ્મા હો વિષ્ણુ મહેશા, તુમ્હ સચરાચર હો જગદીશા II ૨૯ II
કલિયુગ કે દુઃખ દોષ નસાવન, કરન આયે પતિતન કો પાવન II ૩૦ II
વાલરામ મધુમંગલનામા, લીલા તેં પ્રગટે સુખધામા II ૩૧ II
ધામધરા પુત આપ પ્રદાતા, સંકટ મોચન મુકિત કો દાતા II ૩૨ II
દૈહિક દૈવિક ભૌતિક તાપા, મિટઈ મૂલ તવ ચરણ પ્રતાપા II ૩૩ II
ઓધવરામ કે શિષ્ય કહાયે, સબ શિષ્યન કે મન કુ ભાયે II ૩૪ II
ગૌ બ્રાહ્મણ સંતન્હ મન ભાયે, સાધક સિધ્ધ સુરન્હ ગુન ગાયે II ૩૫ II
પ્રેત પિશાચ ભૂત ભગાયે, રાગરોગ દંભ દોષ નસાયે II ૩૬ II
સદ્‌ગુરૂ ચરણ શરણ જીન્હ લીન્હા, સહજ સુલભ મુકિત કર લીન્હા II ૩૭ II
યહ ચાલીશા રચ્યો રચાયો, મૈં ઉર અંતર જાકર પાયો II ૩૮ II
શ્રધ્ધા સહિત જો સુને સુનાયે, અનાયાસ ભવ જલ તર જાયે II ૩૯ II
વાલરામ પ્રભુ આપ ગુંસાઈ, હરિ ! દાસ ઉર રહો સદાઈ II ૪૦ II

દોહા : વાલરામ ગોમતી સૂત હે ! મતિ ગતિ મોરે આપ
વાણી અન્ય ન ઉચ્ચરે જપે તુમ્હારા જાપ

ગુરૂવર વાલરામ કી જય ગુરૂવર ઓધવરામ કી જય બોલો ભાઈ સબ સંતન કી જય

જે ગમ ખાય અને કમ ખાય એનું નામ સાધુ
અને જે ન ખાય ગમ ન ખાય કમ એનું નામ બાવો

બુધ્ધિમાન માણસે હરિદ્વાર આશ્રમના નિર્માણ કાર્ય વિષે વાંચવા કરતાં વિચારવું વધુ જોઈએ અને વિચાર કર્યા પછી જ પરમ પુજ્ય મહારાજ શ્રીની શકિતનો ખરો પરિચય થશે.

એક શિષ્યે પોતાના ગુરુને પુછ્યું કે મહારાજ શ્રી મુરખ કોને કહેવાય. ત્યારે ગુરુજીએ કહ્યું, 'બેટા, જેની પાસે કાર્ય કરવાની શકિત છે. છતાં પણ કરતો નથી અને જેની પાસે વિચારવાની શકિત હોવા છતાંય વિચારતો નથી એનું નામ મુરખ અને પોતે મુરખ હોવા છતાંય પોતાને મુરખ સમજતો નથી એનું નામ મહામુરખ. વિચારવાથી ભીતરમાં અનેક સવાલો ઉત્પન્ન થાય છે અને એના જવાબો પણ વિચારવાથી જ મળે છે. આપણે સૌએ એક વાતનો વિચાર કરવો જોઈએ કે પરમ પુજ્ય મહારાજ શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાયના સર્વોપરી હતા. સેવાનો ખુબ મોટો ક્ષેત્ર વ્યાપક સ્વરૂપે વિસ્તરેલો હતો. અન્ય કોઈ આશ્રમ પાસે ન હોય એટલી વિરાસત હતી. ખુબ સારા અને પ્રમાણિક તથા ધનવાન અનુયાયીઓ હતા. જેની પાછળ સંપુર્ણ જીવન ઘસી નાખ્યું હતું. આવું ગુરુકુળ હતું, ગૌશાળા હતી, કૃષિ શાળા હતી, ભોજન શાળા હતી, ગુરુકુળના અંતરગત વણાટ શાળા હતી. એવા તો અનેક નિગમો ધરાવતા. આશ્રમને છોડી સર્વ ત્યાગ કીધો મેં પ્રેમરસ પીધો ના સિધ્ધાંતને અનુસરીને પરમ પુજ્ય મહારાજશ્રીને હરિદ્વાર જવા વિશે કોણે પ્રેર્યા ? આશ્રમમાં કોઈની સાથે મતમતાંતર હતા કે પછી આત્માના અવાજને અનુસરીને લીધેલું પગલું હતું.

સર્વત્ર જયમ ઈચ્છેત પુત્રાત શિષ્યાત ઈચ્છેત પરાજય

પિતા તથા ગુરુ સર્વ સ્થળે વિજયની આશા રાખે છે પણ પોતાના પુત્ર તથા શિષ્યો પાસે પરાજયી પરાજીત થઈને આનંદીત થાય છે. જીવનમાં પરિવર્તન લાવવા માટે એક ઠેસની અતિ આવશ્યકતા હોય છે.

ઠેસ એ મંઝીલ પહેલાનું એક પહેલું પગથિયું છે. ભકત કવિ શ્રી નરસિંહ મહેતાને ભાભી તરફથી મળેલી મહેણા સ્વરૂપી ઠોકરે એને ભગવાન સુધી પહોંચાડવામાં મદદ કરી છે. સંતશ્રી હરિ સાહેબ કહે છે કે ભાવરેં ભોજાઈયેં ક્યોં ભલાઈયું મોક્લ કુટુંબ સંધી મોહન આંજે મનજી મું ગાલ લધી !!! ઘર-સમાજ તથા પરિવાર જ્યારે ઠોકર મારે ત્યારે સમજવાનું કે કોઈ નવા સમીકરણો જીવનમાં આવી રહ્યા છે. નરસિંહ મહેતાને નાગર સમાજે ન્યાત બહાર કર્યો એટલે જ ભગવાને એનો સ્વીકાર કર્યો. ધ્રુવને એની સાવકી માઁ સુરૂચિ તરફથી કડવા વેણ સાંભળવાથી જ એમને અવિચળ પદની પ્રાપ્તિ થઈ એટલું જ નહિં કૈકઈના કાન ભંભેરણીના મંથરાએ કરેલા પ્રયોગથી પ્રભુ શ્રી રામ ભગવાન તરીકે સમાજમાં સ્થાપિત થયા. ઘટના ભલે કોઈપણ પ્રકારની હોય પણ એ એકાદ કોઈ તત્વને છોડી જતી હોય છે. એવાજ પ્રકારની કોઈ ઘટના મહારાજ શ્રી સાથે ઘટી હોય અને મહારાજશ્રી હરિદ્વાર ગયા હોય તો એ ઘટનાના સાક્ષીનો હરિહર સંપ્રદાયે ખુબ આભાર માનવો જોઈએ.

પરમ પુજ્ય મહારાજશ્રીને હરિદ્વાર મોકલવા પાછળ કોઈ નિમિત્ત બન્યું ન હોત તો આજે આપણી પાસે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ ન હોત. ગીતામાં શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું કે તું નિમિત્ત માત્ર ભવતિઃ તું કાર્યમાં નિમિત્ત બન. અર્જુન અગર નિમિત્ત બન્યો ન હોત તો આજે આપણી પાસે "ગીતા" ન હોત. પરિક્ષીત રાજા અગર નિમિત્ત બન્યા ન હોત તો આજે આપણી પાસે શ્રીમદ્ ભાગવત ન હોત. પારધીના બાણથી વિંધાયેલા ક્રૌંચ પક્ષીનો કલ્પાત સાંભળ્યા પછી શ્રી વાલ્મીક ઋષિએ કલમ ઉપાડી ન હોત તો આજે આપણી પાસે "રામાયણ" ન હોત !!!

ઈશ્વર હંમેશા સત્યવાદીઓ તરફ હોય છે.

કડવું પણ હિતકારી બોલવું એ મહારાજશ્રીનો જીવનમંત્ર હતો એટલે જ મહારાજશ્રીની વાણી તેજ ધારામાં અવિરત વહેતી હતી. સત્ય તરફ લઈ જાય એ નહિં પણ સત્ય એજ સત્ય ના હીમાયતી પરમ પુજ્ય મહારાજશ્રી કર્મયોગી-જ્ઞાનયોગી તથા ધ્યાનયોગી હોવા છતાંય એમનાં જીવનમાં ક્યાંક વિષાદના પણ દર્શન થતાં હતા.

મહારાજશ્રીના શિષ્યો પૈકી નીરોણા દ્વારાના સાધુશ્રી ચતુરદાસનું મહારાજશ્રીના હૃદયમાં આગવું સ્થાન હતું. પોતાના મનની વાતો શ્રી ચતુરદાસજી તથા એના ગુરુબંધુ શ્રી પુંજારામજીને જણાવતાં હતા. હરિદ્વારથી આવ્યા પછી પરમ પુજ્ય મહારાજશ્રીએ નીરોણા દ્વારામાં એક પત્ર લખ્યો હતો.

સાધુ પુંજારામજી ગુરુ ત્રીકમદાસજી
મું. નીરોણા તા. નખત્રાણા
મુ. પોસ્ટ - બબર
તા. ૬/૧૨/૪૯
આસો સુદ પ-સોમવાર

બાપુ પુંજારામજી તથા ચતુરદાસજીની દીર્ઘાયુ ઈશ્વર નગરથી લી. ઉધ્ધવદાસના હરિહર વાંચશો. મારું શરીર સારું છે. સૌ સંતો આનંદમાં છે. તમારો શરીર ઠીક હશે. હવે બાજરો વઢાસે રામજી દીયારી નજીક નીરોને આંટો દેવા આવશે. પુંજારામજી તથા ચતુરદાસજી આ પત્ર વાંચીને તમેં મને પત્ર લખજો. જો હવે મારી અવસ્થા વૃધ્ધ થઈ છે. મારી પાસે નવા દ્વારામાં કોઈ આંધળો તો કોઈ વૃધ્ધ એવા સાધુઓ રહ્યા છે. આશ્રમ જુનો છે એમાં એક વ્યકિત ભાવિક સંતસેવક તથા કાંઈક અભ્યાસવાળો હોવો જોઈએ. તેવો કોઈ હાલ નથી. મારા શિષ્ય ચતુરદાસમાં મને ભરોસો છે. મારી હયાતી સુધી મારી અને પછી આશ્રમની સેવા કરે એમ મારું માનવું છે. હવે ચતુરદાસ તારો શું વિચાર છે. જો તેં મને ગુરુ માન્યા છે અને જો મેં તને શિષ્ય માન્યો છે અને તું સેવા કરવાને લાયક પણ છે માટે બાપુ (પુંજારામજી) ની સલાહ લઈને તું મારી સેવામાં હાજર થા. રામો ગૃહસ્થ છે. એને બાલબચ્ચા સંભાળવા જોઈએ. બાપુની જ્યાં ઈચ્છા હોય ત્યાં રહે. નીરોને રહેને દ્વારો સંભાળે અથવા ચાર માસ ત્યાં ચાર માસ અહી. બુઢાને મનપસંદ રહે એમ કરે. આ જગ્યા ઈશ્વરરામની છે. તે શરીરે ભાનુશાલી હતા અને તું પણ ભાનુશાલી છો. પરંપરા સચવાય છે. સંયમથી રહેવું

પડશે. સંતનો દાસ થઇ રહેવું જોઇએ. મારો શરીર છે. ત્યાં સુધી તું કેળવાઇ જઇશ. રામો નીરાને આવે અને તું અહી આવી જા. ....લી. ઉધ્ધવદાસ

મહારાજશ્રીના શિષ્યો પૈકી નિરોણા દ્વારાના શિષ્ય સાધુ શ્રી ચતુરદાસજીનું મહારાજશ્રી પાસે સારૂં માન હતું. શિષ્ય ચતુરદાસજીનું શરીર પણ ભાનુશાલી કુળનું છે. એ કારણે તેમ જ મહારાજશ્રીને તેઓ પ્રિય હોતાં, પોતાના મનની વ્યથા તેઓશ્રી બાપુ પુંજારામજી તથા શ્રી ચતુરદાસજી પાસે હંમેશા વ્યકત કરતા હતા.

લીટીવાળા પાનાની નોટબુકમાંથી ફાડેલા અને બંને બાજુ લખેલા પાનામાં કાળી પેન્સિલથી તેઓશ્રી લખતા. દોઢ આનાનો કવર અને એક આનાની બીજી વધારાની ટિકિટ લગાવેલ ભારતીય પોસ્ટની તા. ૬-૧૨-૪૯ની વંચાતી છાપવાળા કવર અંદરનો એક પત્ર મહારાજશ્રીના હસ્તાક્ષરમાં અમારા વાંચવામાં આવેલ છે. જેમાં મહારાજશ્રીની અંતરેચ્છા ઘણાં અંશે વ્યકત થાય છે. પૂ. ચતુરદાસજી પાસેથી પ્રાપ્ત થયેલા પત્રને તેના મુળ સ્વરૂપે લખેલ છે.

" સાધુ પુજા રામજી ગુરુ ત્રીકમદાસજીને પોંચે. મુ.નિરોણા, તા. નખત્રાણા, પો. બબર " એવા સરનામે લખાયેલા એ કવરમાંના એ પત્રમાં ઘણી અંતરંગ વાતો તો છે જ પણ મહારાજશ્રીને પોતાના દ્વારાઓ વિશે પોતાની છેલ્લી અવસ્થામાં શું ચિંતા હતી. તેનાં પ્રતિબિંબ સરસ રીતે પડે છે. આ પત્રમાં જેમનાં નામ છે. એમની ક્ષમાયાચના સાથે વસ્તુસ્થિતીને સ્પષ્ટ કરવાના હેતુથી આ પત્ર જેમનો તેમ અહીં લેવાની ચેષ્ટા કરૂં છું !!!
આપણા ગુરુ ઓધવરામમાંથી આભાર. ધનજીભાઇ ભાનુશાલી

કવિ કહે છે. વેદનાનો વેદ વાંચી તમેં જુઓ તો ખરા
દુખિયાના દર્દ દિલને સમજો જરા ...વેદના.

પરમ પુજ્ય મહારાજશ્રીએ નીરોણા દ્વારામાં ચતુરદાસને એમના જ શબ્દોમાં લખેલા પત્રને આપણે વાંચી ગયા. જે પત્રમાં ઠાંસી ઠાંસીને વેદના ભરેલી છે. મહારાજ શ્રીનો વેદનાયુકત પત્ર વાંચ્યા પછી ઘણું સમજાઇ જાય છે. ઘણું અનુભવાય જાય છે.

પરમ પુજ્ય મહારાજશ્રી ઘણી વખત સતસંગમાં કહ્યું છે કે, 'જેને ભગવાનનું કામ કરવું છે. એને ધર્મના વાડામાં તથા ભ્રાંત ઇશ્વરવાદથી પર રહેવું જોઇએ. પ્રત્યેક વ્યકિત જે સ્થિતીમાં છે. એના માટે એ સ્થિતી સારી હોવી જોઇએ. ભજન તો કોઇપણ સ્થિતીમાં થાય છે. એના માટે કોઇ અલગ જાતિ હોવી જરૂરી નથી. પ્રત્યેક મનુષ્યે ફરી ફરી મનુષ્ય અવતાર મળે એટલા માટે યોગ્ય અને શાસ્ત્રોકત પ્રયત્નોમાં અહોનીસ રચ્યાપચ્યા રહેવું જોઇએ. સંત તુલસીદાસજી કહે છે,

રામ રામ રટતે રહો ધરી રાખી મનમેં ધીર
કોક દી' કાર્ય સુધારશે કૃપાસીંધુ રઘુવીર

પરમ પુજ્ય મહારાજશ્રી આશ્રમ ચલાવતા ચલાવતા એમની પાસે અસંખ્ય ધન રાશિનો ભંડોળ થતો પણ મહારાજશ્રી સઘળું ધન સત્કાર્યોમાં-યજ્ઞોમાં તથા દાન-દક્ષિણા અને અન્યોને સહયોગ આપવામાં ખર્ચી નાખતા હતા. સંગ્રહ કરવો નહિં એ મહારાજશ્રીનું મુખ્ય સિધ્ધાંત હતું. એક કહેવત છે, "સાધુ કરે રોંકાણ તો ઉભી થાય મોંકાણ" પ્રથમ તો સાધુના શરીર ઉપર કપડું ન હોવું જોઇએ અને કપડું હોય તો એમાં ગજવું (ખીસ્સું) ન હોવું જોઇએ અને અગર ગજવું હોય તો એમાં પૈસા ન હોવા જોઇએ. નિસ્પૃહી એવા સાધુને ઉપદેશ આપવાની તથા સાંભળવાની કોઇ જ આવશ્યકતા રહેતી નથી.

વડપણ વચાળો

મહારાજશ્રી સ્વભાવે અંતકરણથી દયાળુ હતા. હૃદય એમનું કરૂણાથી છલોછલ ભરેલું હતું. તે બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજીને યથા યોગ્ય મદદ કરવામાં કયારે પણ પાછા વળ્યા ન હતા. છતાં પણ "વડપણ વચાળો"

મહારાજશ્રી જયારે છેલ્લી અવસ્થામાં હતા ત્યારે એમણે પોતાની દીકરી સમાન એમના સેવક શ્રી મણીબેન તથા એમના પતિશ્રીને એક પત્ર લખ્યો. જેમાં લખ્યું કે, 'મને હમણાં રૂપિયા પાંચસોની ખુબ જરૂર છે. આપ મને પત્ર

પહોંચ્યાથી રૂપિયા પહોંચાડવાની જલ્દી વ્યવસ્થા કરજો. હું જીવતો હોઇશ તો તમને પાછા આપીશ નહિં તો મને તમારા પિતા સમાન ગણીને માંડી વાળજો. ત્યાર પછી શ્રી મણીબેનશ્રી એ પૈસા પાછા ન લેવાની શરતે. આશ્રમને ખુબ મદદ કરી હતી. ....લી. ઉધ્ધવદાસજી

માંડવીમાંથી મોતીયાનું ઓપરેશન કરાવ્યા બાદ મહારાજશ્રી ઇશ્વર આશ્રમ વાંઢાયમાં જ રહ્યા. હાલમાં જ્યાં ઢોલીયો છે. ત્યાં પરમ પુજ્ય મહારાજશ્રી રહેતા અને હરિ સ્મરણ કરતાં. તેઓની સેવામાં પુજ્ય ગંગા સ્વરૂપ ગંગામાં ભચુ યાદવ (ગામ હાજાપર તા. અંજાર) તેમની સેવામાં રહેતા. શ્રી દયાનંદ મીઠીયા લખે છે કે હું અને મારી સાથે અભ્યાસ કરતા મારા બાળમિત્ર શ્રી મોહનદાસ ચાવડા કે જે મારી સમ ઉંમરના હતા. તે અમેં બંને દરરોજ સાંજે (નિયમિત) મહારાજશ્રીના પગ-માથું તથા હાથ દબાવવા અવશ્ય જતા હતા. મહારાજશ્રી ની સેવા અમારો નિત્ય ક્રમ હતો. તે સિવાય મહારાજશ્રીના દર્શને આવતા સેવકો પણ એક પછી એક સૌ મહારાજશ્રીની સેવા કરતા. એવી રીતે આખો દિવસ સેવકોની અવરજવર ચાલુ જ રહેતી.

અંત્તિમ પ્રાર્થના

ઇતના તો કરના સ્વામી જબ પ્રાણ તનસેં નીકલે
ગોવીંદ નામ લેતાં જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
શ્રી ગંગાજીકા તટ હો યા યમુનાજીકા પટ હો
મેરા સાઁવરા નીકટ હો જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
શ્રી વૃંદાવન કા સ્થલ હો મેરે મુખમેં તુલસી દલ હો
વિષ્ણુ ચરન કા જલ હો જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
સન્મુખ શ્યામ ખડા હો બંસીમેં સ્વર ભરા હો
તીરછા ચરન ધરા હો જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
જબ કંઠ પ્રાણ આયે કોઇ રોગ ના સતાવે
યમ દરસ ના દીખાવે જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
ઉસ વકત જલ્દી આના નહિં શ્યામ ભૂલ જાના
રાધે કો સાથ લાના જબ પ્રાણ તનસેં નીકલે ...ઇતના
''વિદ્યાનંદજી''કી અરજી ખુદ ગર્જ કી હૈ ગર્જી
આગે તુમ્હારી મરજી જબ પ્રાણ તન સે નીકલે ...ઇતના

મોક્ષ

મહારાજશ્રીની શારીરિક અવસ્થા ઠીક ન હોવાથી તેઓ માંડવી દવાખાનામાંથી પાછા વાંઢાય પધાર્યા છે. એવા સમાચાર મળતાંની સાથે મંઝલ નિવાસી તથા મહારાજશ્રીના સેવક શ્રી નાનુભા તથા મેરાઉ નિવાસી શ્રી ચંદુભા ભકત મહારાજશ્રીને મળવા માટે વાંઢાય આવ્યા ત્યારે પરમ પુજ્ય મહારાજશ્રીએ કહ્યું કે, 'હવે તમને સૌને મારા છેલ્લા રામ રામ છે. જગતની મુસાફરીઓ કરી કરીને હવે થાકી ગયા છીએ. હવે આ મારી છેલ્લી મુસાફરી છે.ભગવાનની ઇચ્છા પ્રમાણે પુરી કરવી છે. આપણે સૌ જેટલા પ્રસંગોમાં સાથે રહ્યા. એ બધા પ્રસંગો સારા રહ્યા હતા. મને હવે આ જગતની મુસાફરી કરવી નથી માટે આપણે સદેહે કોઇની સાથે કયારે પણ ભેગા નહિં થઇ શકીએ. મહારાજશ્રીનું ઉપરોકત જ્ઞાન સભર તથા પોતાનું જીવનલક્ષી નિવેદન સાંભળીને શ્રી નાનુભાએ કહ્યું, 'મહારાજશ્રી આપશ્રીએ અમને થોડામાં ઘણું કહી દીધું છે. આપની દિશા મોક્ષ ભણી છે એ જાણી ને અમને ખુબ આનંદ થયો છે.

ત્યાર પછી મહારાજશ્રીએ મોક્ષ સંબંધી વિચારધારા સમજાવતા કહ્યું કે, પ્રારબ્ધ ભોગવ્યા સિવાય નિવૃત્તિ થતી નથી. તેથી જ્ઞાનીઓ પ્રારબ્ધને આનંદપૂર્વક ભોગવે છે. જ્યારે અજ્ઞાનીઓ પ્રારબ્ધને રડી રડીને ભોગવે છે પણ ભોગવવા તો પડે જ છે. ક્રિયામાણ કર્મ ભગવાનને અર્પણ કરી દેવાથી ફળ નથી મળતું. એને નિષ્કામ કર્મ કહેવાય છે. વેદાંતમાં તથા ગીતામાં નિષ્કામ કર્મ કરવાનો આદેશ આપ્યો છે. નિષ્કામ કર્મ કરવાથી જ્ઞાન સ્વરૂપી ફળ મળે છે અને જ્ઞાન સ્વરૂપી ફળમાંથી શાંતિ સ્વરૂપી પદાર્થ પ્રાપ્ત

થાય છે અને શાંતિ એટલે મોક્ષ.

શરીરની સ્થિતી નાજુક હોવાથી તેઓ વધારે બોલી શકતા ન હતા અને સેવકોનો પણ ખુબ ઘસારો હતો. તેથી વાણીને વિરામ આપવું જરૂરી હતું. એ વખતે નખત્રાણા તાલુકાના પાટીદાર બંધુઓ કુકમાના મીસ્ત્રીઓ રતનાલના આહિરોએ સૌ મહારાજશ્રીની સેવામાં અવિરત હાજર હતા. રતનાલની આહીર મંડળી સવાર-સાંજ એમ બે વખત મહારાજશ્રીના ખાટલા પાસે બેસીને ભજનો ગાઇ સંભળાવતી હતી. રાતના મહાપ્રસાદ લઇને મંડળી ભજન ગાવા બેસે. એ સવારના સુર્યોદય થાય ત્યારે રામસાગર હેઠો મુકે. એવી રીતે ભજન ગાતા ગાતા પાંચ દિવસ વિતી ગયા પછી શ્રી ગોવીંદ વસ્તા આહિર ઉભા થઇને પરમ પુજ્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરી બે હાથ જોડીને કહ્યું, મહારાજશ્રી આજે અમને અહિંયા પાંચ દિવસ થવા આવ્યા છે. આપ રજા આપો તો અમેં અમારે ઘેર જઇએ !!! ગોવીંદ વસ્તાની વિનંતી સાંભળીને મહારાજશ્રી થોડું હસ્યા અને કહ્યું, ભગત આજે શનિવાર છે. આવતી કાલે રવિવારે મકરસક્રાંતિ એ તમેં તમારે ઘેર જાજો. હું મારે ઘેર જઇશ. જેવી રીતે તમારા ઘરના તમારી વાટ જોતા હશે. એવી રીતે મારા ઘરના પણ મારી રાહ જોતા હશે. એટલી વારમાં મંઝલથી સેજબાઇ કુઇ માઁ તથા ભુજ કબીર આશ્રમના મહંત શ્યામદાસ પણ પધાર્યા. ભીમપરવાળા વીઠ્ઠલદાસજીને તો અગાઉથી જ રોકી રાખવામાં આવ્યા હતા. એ સૌની હાજરીમાં તથા શિષ્ય દયાળદાસજી તથા શાંતીદાસજીને પોતાની પાસે બોલાવીને સમસ્ત અનુયાયીઓની હાજરીમાં મહારાજશ્રીએ કહ્યું કે,

ક્ષરઃ સર્વાણી ભૂતાની

આ જગતમાં પશુ-પ્રાણી-પક્ષી-જીવ-જંતુ-કૃમિ-કીટક અંતે કોઇપણ જીવ સદેહે રહ્યો નથી. જેનો નામ છે. તેનો નાશ છે. મારૂં શરીરનું પંચ મહાભૂતોમાં (૧) પૃથ્વી (૨) પાણી (૩) વાયુ (૪) તેજ (૫) આકાશમાં વિલીન થઇ ગયા પછી મારી સમાધી સદ્ગુરૂ શ્રી ઇશ્વરરામની સમાધીના સાન્નિધ્યમાં આપજો અને એમની સમાધીથી એક તસુ પણ ઉંચી રાખશો નહિ એથી પહેલા ગુરૂશ્રી લાલરામજીની ચરણ પાદુકા તથા પાન મુર્તિ પધરાવીને એમની નિત્ય સેવા કરજો.

મહારાજશ્રીની આજ્ઞા સાંભળીને સૌ આવાક થઇ ગયા સૌ કોઇને ખબર હતી કે મહારાજશ્રી નું વચન ક્યારે પણ ભંગ થાય નહિ "મહાપુરૂષોની વાણી કોઇ દિવસ પણ વ્યર્થ જતી નથી" આજનો દિવસ અસ્ત થવાની તૈયારીમાં હતો. મહારાજશ્રીનાં શબ્દો સૌના કાનમાં ગુંજતા હતા તે સિવાય આવતી કાલનો દિવસ નવા સમીકરણો સાથે લઇને આવશે એટલો વિશ્વાસ સૌને મહારાજશ્રીના શબ્દો ઉપર હતો.

ધ્યાન મુલમ ગુરૂ મૂર્તી પુજા મુલમ ગુરૂ પદઃ ।
મંત્ર મુલ ગુરૂ વાક્ય મુક્તી મુલમ ગુરૂ કૃપાઃ ॥

આજે એ જ રવિવાર છે. અને આજે એ જ સંક્રાતી છે. જેની સૌ સેવકોએ નોંધ લીધી છે. સ્વકર્મના યોગે પ્રકાશિત થયેલો હરિહર પરમપરાનો એક સૂર્ય પણ આજે અસ્ત થવાનો છે. આજે સૌના મુખ ઉપર વિષાદ છવાઇ ગયો હતો. ભજનના શબ્દો વિરામ લેવાની તૈયારી કરી રહ્યા હતા. જોતજોતામાં સુચના આપ્યા વગર સમૂહમાં સન્નાટો છવાઇ ગયો. મહારાજશ્રી ચેતન અવસ્થામાં ઢોલીયા ઉપર પોઢયા હતા. ગોવિંદ વસ્તા આહિર તથા ગોવિંદ ભાણા અને વેલજી લધા વકીલ મહારાજશ્રીના ઢોલીયા પાસે બેઠા હતા. મંગવાણાના ડો. નાનાલાલભાઇ મહારાજશ્રીની સેવામાં હતા. ધાણેટીવાલા વેરાભગત તથા વીરીબેન ભગતાણી સવાભગત એ સૌ ઝીણા અને મધુર સ્વરે રામધુન કરી રહ્યા હતા. શ્રી ગંગામાઁ મહારાજશ્રી ના ઢોલીયા પાસે ખડે પગે ઉભા હતા. શાંતીદાસજી તથા દયાળદાસજી તથા સ્વયંમ સેવકો સૌ એકત્રીત થયેલા જન સમુદાયને નીચે બેસાડવાની વ્યવસ્થા કરી રહ્યા હતા. મધ્યાહન પછીનો સમય હતો. બપોરના અઢી વાગ્યા હતા ત્યારે કૃષી શાળામાં ભણતા વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા સુચના આપવામાં આવી કે, સૌ વિદ્યાર્થીઓએ સાંજના ચાર વાગ્યા સુધી પરમ પુજ્ય મહારાજશ્રીના દર્શન કરી લેવા અને એક ખાસ વાત ધ્યાનમાં રાખજો કે આજે કૃષીશાળા બંધ રાખવામાં આવશે. અચાનક શાળા બંધ કરીને મહારાજશ્રીના દર્શન કરવાના વિષયને વિદ્યાર્થીઓ સમજી શક્યા નહિ પણ જ્યારે વિદ્યાર્થીઓ સૌ દર્શન કરવા ગયા ત્યારે ત્યાનું વાતાવરણ ગમગીન હતું અને પછી વાતચીત ઉપરથી ખબર પડી કે મહારાજશ્રી આજે સાંજે વિદાય લેવાના છે. અને પછી તો જેંમ જેમ ખબર પડતી ગઇ તેંમ તેંમ ગામડા તથા આસપાસના માણસો આવતા થયા.

સાંજના ચાર વાગી ચુકયા હતા. ગોવિંદ વસ્તા તથા સવા ભગતના ભજનો સૌના હૃદયને ઝંઝોળી રહ્યા હતા. મહારાજશ્રીની શારિરીક અવસ્થા તથા એમના જીવન સાથે સામ્ય ધરાવતી મીરાંબાઇનું પદ આહિર મંડળી ગાઇ રહી હતી.

મારો હંસલો નાનો ને દેવળ જુનુ તો થયું

મારો હંસલો નાનોને દેવળ જુનું તો થયું ...(૨)
જુનું તો થયુ રે દેવળ જુનું તો થયું ...મારો. ...ટેક.
આ.રે કાયારે હંસા ડોલવાને લાગી વાલા
પડી ગયા દાંત માયલી રેખું તો રહ્યું ...મારો.
તારીને મારી હંસા પ્રિત બંધાણી વાલા
ઉડી ગયો હંસ પાંજર પડી તો રહ્યું ...મારો.
મીરાંબાઇ ગાયે વાલા ગિરીધરના ગુણ વાલા
પ્રેમનો પ્યાલો તમને પાઇને પીવું ...મારો.

રાગ : ભીમપ્લાસ તાલ - હીંચ

નહિ રે વિસારૂં હરિ અંતરમાંથી નહિ રે વિસારૂં હરિ
જલ જમુનાના પાણી ગ્યાતા શીર પર મટકી ધરી ...અંતર
જોતાં જોતાં જડે નહિ એવી અમુલખ વસ્તુ જડી ...અંતર
આવતાંને જાતાં વનરાવનમાં ચરણ તમારે પડી ...અંતર
પીળા પિતાંબર જરકસી જામા કેશર તિલક કરી ...અંતર
મોર મુગુટને કાંને કુંડલ મુખ પર મોરલી ધરી ...અંતર
મીરાં કહે પ્રભુ ગિરીધર નાગર વિઠ્ઠલવરને વરી ...અંતર

રાગ માઢ : (કીધી મુને ઘેલી કાને)

ભવ ભટકે ઉંધે શીર લટકે અંતે સંત વિગુખનર ભવ ભટકે ...ટેક.
જમ ના દુત જયારે ફટકા મારે ત્યારે સંત વિમુખ દુઃખ ચીત અટકે ...અંતે.
સંત સમાગમ કર્યા નહિ જેણે એને પરલોકમાં દુઃખ ચીત ખટકે ...અંતે.
નીંદક નરને નરકે કીટ ઘટકે ત્યારે હાય હાય કરીને શીર પટકે ...અંતે.
હાંશી ખેલ ને મુરખ કરે મટકે ''ઓધવરામ'' જમડા લેશે ઝટકે ...અંતે.

આહીર ભજન મંડળીએ ત્રણ ભજન એક સાથે ગાઇને મહારાજશ્રીને સંભળાવ્યા ભજન પુરૂ થયા પછી મહારાજશ્રીએ કહ્યું ભગત ચોસર કરો ચોસર મહારાજશ્રીની આજ્ઞાથી ભજન મંડળીએ રામસાગર ઉપાડીને વિહારી સાહેબની રચના ગાઇ સંભળાવી.

રાગ : કચ્છી કાફી - તીન તાલ

જેંજે ધલમેં છગા ઐંઇ તેંકે જમજા જોડા લગા
મુરખડેં કે માર પોંધી જેંજે ધલમેં ધગા ...મુરખડેં કે.
જની નરે શ્રી રામ ન સમર્યા સે નર સર્જ્યા ઢગા
ખડી ખડીને થકી જ રેયા પોએ અખીયું કઢેંતા કગા ...મુરખડેં કે.
જની નરેં શ્રી રામ ન સમર્યા સે નર સર્જ્યા કુતા
ભુખું અનીજે પેટ મેં પોએ સેરીયું ગનીને સુતા ...મુરખડેં કે.
જની નરેં શ્રી રામ ન સમર્યા સે નર સર્જ્યા ગધ્ધા
મીઠે જયું છાંટુ ખણી ખણીને થેયા અચેં નર પધા ...મુરખડેં કે.

મોટપ પુઠીયા મરી રેયાને ભગતે કનાનું ભગા
અંત સમય મેં ઉનીકે પોએ જમડા લુંટણ લગા ...મુરખડેં કે.
શેઠ જેંજો શામળોને સદ્ગુરૂ જેંજા સગા
બુડેંન તેંજીયું બેડીયું જેંઝા છુટા પ્રેમજા પગા ...મુરખડેં કે.
વાટે ઘાટે વૈઈ રેયાને ચલણ અન્નીજા ચુકા
''વિહારીયેં'' અન વેડ મેં પોએ કુર બુજેં નર બગા ...મુરખડેં કે.

મહારાજશ્રી જેમ જેમ ભજન સાંભળતા ગયા તેંમ તેંમ એમના શરીરમાં ઉત્સાહનો સંચાર થતો ગયો. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. અને સમય કોઈની રાહ જોતો નથી એ સિધ્ધાંત ને અનુસરીને સેવકો સૌ મહારાજશ્રી પાસેથી અંતિમ આશીર્વાદ લઈ રહ્યા હતા. મહારાજશ્રીનું હૃદય અતી કોમળ હતું. સ્વજનોને મળ્યા પછી આંખોમાંથી વહેતી અશ્રુધારાને રોકવા તેઓ અસમર્થ હતા. સમય હવે બહું થોડો છે એને ધ્યાનમાં રાખીને પરમ પુજ્ય મહારાજશ્રી એ કહ્યું ગંગામાઁ સેજબાઈ કૂઈ હાજર છે ? ગંગામાઁ એ કહ્યું જી મહારાજ. મહારાજશ્રી એ કહ્યું તમારામાંથી કોઈ એક મંઝલ જઈને સેજબાઈ કુઈ ને છોડી આવો કારણ કે મારા મૃત્યુનો આધાત તે ઝીરવી શકશે નહિ. મહારાજશ્રીની આજ્ઞાનું પાલન કરવું સેજબાઈ કુઈ માટે એજ ખરો ધર્મ હતો. એ વખતે સેવકો ધ્વારા અંતીમ ઉપદેશ આપવા માટે મહારાજશ્રીને વિનંતી કરવામા આવી. મહારાજશ્રીએ ભકતોની વિનંતી ને અનુસરીને ઉપદેશ આપ્યો જેમાં કહ્યું કે ગૃહસ્થાશ્રમના નિયમ પ્રમાણે કુળ-પરિવારમાં કોઈ દુઃખી હોય તો સૌ સાથે મળીને દુઃખ નિવારણ કરવાના પ્રયત્નો કરજો તથા સનાતન ધર્મને ધારણ કર્યા પછી ગૌ માતાની સેવામાં પ્રાણ ન્યોછાવર કરવાની સૌ તૈયારી રાખજો એને જ ધર્મનું કામ કહેવાય છે નિર્ધન, લાચાર તથા ગરીબ માં પણ એક જ ઈશ્વર છે માટે ભુખીયાને ભોજન, તરસ્યાને પાણી પીવડાવી એના અંતર આત્માને ઠારજો તથા નાના મોટાનો કોઈએ ભેદ રાખવો નહિ તથા છળ-કપટ કરીને કોઈને છેતરવાના પ્રયત્નો કરશો નહિ. તમેં જયારે કોઈને છેતરી રહ્યા છો ત્યારે તમેં એમ સમજજો કે અમેં ઈશ્વરને છેતરી રહ્યા છીએ. ગુરૂકુળો - વિદ્યાલયો તથા ગુરૂજનોનો આદર કરશો તો જ વિદ્યા પ્રાપ્ત થશે. એ વાતને ભુલશો નહિ અને અંતે પરમ પુજ્ય મહારાજશ્રીએ કહ્યું કે ઈશ્વરનાં કાર્યો કરતાં કરતાં હું તૃપ્ત થયો છું. મારા ધ્વારા નવનિર્મીત કાર્યોમાં ક્યાં પણ ઊણપ ન આવે એનું ખાસ ધ્યાન રાખજો. હું મારા સઘળા કાર્યો તમારા હાથમાં સોંપીને જાઉ છું. તમારો અને મારો નિત્ય સબંધ હોવાથી વાણી-વિચાર-વર્તનમાં ક્યાં ભુલ થઈ હોય તો ક્ષમા કરજો. હવે હું તમને આ દુનિયામાં સદેહ આવીને મળીશ નહિ પણ હું તમારી સાથે છું એ વિશ્વાસને ગુમાવશો નહિ.

અંતીમ ઉપદેશ સાંભળીને સેજબાઈ કૂઈ એ વિદાય લીધી અને મહારાજશ્રીએ વાણીને વિરામ આપ્યો એટલી વારમાં હરિહરનો સમય થયો. મહારાજશ્રીએ કહ્યું ગંગામાઁ એક પણ માણસ હરિહર કર્યા વગર નો રહેવો જોઈએ નહિ. સૌ કોઈ મહારાજશ્રીની આજ્ઞાને ધ્યાનમાં રાખીને મને કમને પણ સૌ હરિહર કરવા ગયા શ્રી દયાનંદ મીઠીયા કહે છે કે, હું તથા પુજ્ય ગંગામાઁ તથા મારા બાળમિત્ર મોહન ચાવડા અમેં સૌ હાજર હતા. સંક્રાત બેસવાને હજી પાંચ મીનીટ ની વાર હતી પુજ્ય ગંગામાઁ મહારાજશ્રી માટે પારલે ના બે બિસ્કીટ તથા દુધનો એક કપ લઈ આવ્યા અને મહારાજશ્રીને દુધ પીવડાવી ગંગામાઁ જેવા પાછા વળ્યા તેવા પુજ્ય મહારાજશ્રીને આધાર લીધા વગર ઢોળીયા ઉપર બેસીને મને કહ્યું ''દયાલ'' છોકરા મુંજા કપડા લાયોત. અચાનક કપડા ઉતારવાની પ્રક્રિયાને અમેં સમજી શકયા નહિ છતાં પણ અમેં મહારાજશ્રી જે મલમલનો ઝબ્બો પહેરતા એને અમેં સૌએ ફાડીને ઉતાર્યો ત્યાર પછી ઢોલીયા ઉપર બેસીને મહારાજશ્રીએ ૐ ના ઉચ્ચારણો કર્યા ૐ ના ઉચ્ચારણની પ્રક્રિયા બે મીનીટ સુધી ચાલી પછી મુખ બંધ રાખીને શાંત અવસ્થામાં આવ્યા ત્યારે મહારાજશ્રીના કપાળમાંથી (બ્રહ્માંડ) બે બુંદ લોહીના દેખાણા હું અને મોહનદાસ ઉપરોકત દૃશ્ય જાઈને ગભરાઈ ગયા કારણ કે આ અમારો પહેલો અને છેલ્લો અનુભવ હતો. એને સારી રીતે સમજવું એ અમારા ગજા બહારની વાત હતી. મહારાજશ્રી ની સ્થિતી જાઈને અમારી આંખમાંથી આંસુ સરી પડયા શું કરવું શું ન કરવું એવું અમેં વિચારતા હતા ત્યાં તો નીચે ગયેલા સૌ સેવકો ઉપર આવી ગયા. હું તથા મોહન ચાવડા ઉપરોકત ઘડી ના અમો સાક્ષી રહ્યા એનો અમને સદાય ગૌરવ રહેશે. મારા ખોળામાં માથુ મુકનાર અને જેની અમેં ૧૯૪૮ થી૧૯૫૮ સુધી સેવા કરી છે એ મહાન્ સંત બીજા કોઈ નહિ પણ અમારા સંતશ્રી ઓધવરામ હતા.

 આજે એક સંત નો નહિ પણ એક યુગનો સંવત ૨૦૧૩ પોષ સુદ ૧૨ મકરસક્રાંતિ વાર રવિવાર સાંજે ૮.૧૫ કલાકે અસ્ત થયો. નિયતી એ નકકી કરેલા નિયમો સંતોને પણ લાગું પડે છે. રામ-કૃષ્ણને પણ અંતે આ જગતમાંથી વિદાય લેવી પડી છે. સમય પોતાની ગતી મુજબ અવિરત ફરતો જ રહે છે તેથી દરેક માણસે સમયની સાથે ફરજીયાત ચાલુવું પડશે. શ્રીમદ ભાગવત્માં શ્રી શુકદેવજી પરિક્ષીત રાજાને કહે છે કે, જીવનમાંથી મૃત્યુનો ભય નીકળી જાય તો અમરત્વ પ્રાપ્ત થયો કહેવાય અને શાસ્ત્રો પણ આપણને એજ સમજાવે છે કે, મૃત્યુ સાથે આપણો પારિવારિક સંબંધ છે આપણા દાદા, પરદાદા, એ બધાને તેડવા માટે મૃત્યુ આપણી પાસે અવાર નવાર આવતો જ હોય છે તેથી મૃત્યુ ભય ઉપજાવે એવી ઘટના નથી શ્રીમદ્ ભાગવત મૃત્યુનું નહિ પણ મૃત્યુના ભયનું નિવારણ કરે છે સ્વામીશ્રી બ્રહ્માનંદજી કહે છે કે,

'કોઈ ચલા ગયા કોઈ જાવે કોઈ ગઠડી બાંધ સિધ્ધાવે
કોઈ ખડા તૈયાર અકેલા સબ ચલા ચલીકા ખેલા'

પરમ પુજય મહારાજશ્રી નું શરીર નિશ્ચેત થઇ ગયા પછી પણ અગાઉ જે સ્થિતીમાં ઢોલીયા ઉપર બેઠા હતા એ જ સ્થિતીમાં શરીર નિશ્ચેતન થયા પછી પણ આધાર રહિત બેઠા રહ્યા. દર્શન કરવા વાળાને એક વખત એવું લાગે કે મહારાજશ્રી શાંત ચિત્તે સમાધી અવસ્થામાં બેઠા છે. બીજા દિવસે સવારના નવ વાગે પાલખી વિદાય થવાની હતી. પરમ પુજય મહારાજશ્રીએ અગાઉથી જ સૌને સમાધી સ્થળની જગ્યા સુચવી રાખી હતી. ઈશ્વર સાગરની પાળ ઉપર એક કણેયાલીનું ઝાળ હતું એ સ્થળને મહારાજશ્રીનું શરીર શાંત થવાથી ચાર કલાક અગાઉ થી જ સઝાવી રાખવામાં આવ્યું હતું. સવારના નવ વાગે પાલખી નીકળે એથી પહેલા આખી રાત પરમ પુજય મહારાજશ્રીને પવન પાવડી ઉપર હાથ રાખીને બેસાડયા હતા. મહારાજશ્રીનું નિશ્ચેતન શરીર હોવા છતાંય આખી રાત આધાર રહિત બેઠા હતા. પાલખીમાં બેસાડયા પછી મહારાજશ્રીની કાયાને શ્વેત વસ્ત્રોથી આચ્છાદિત કરવામાં આવી પુષ્પમાળા, અબીલ, ગુલાલ તથા અત્તરના છાંટણા કરવામાં આવ્યા. અને પછી પુજા-વિધી તથા મંત્રોચ્ચાર સાથે પાલખીને વિદાય આપવામાં આવી. પુષ્પવૃષ્ટી કરતાં કરતાં પાલખી સૌ પ્રથમ જુના દ્વારામાં આવી ત્યાંથી તપોભૂમિ(પૂર્ણકુટીર) અને ત્યાંથી ગુરૂકૃળની પ્રદક્ષિણા કરાવીને. બપોરના ૧૨ (બાર) વાગે વાજતે ગાજતે ઈશ્વરરામની સમાધી પાસે આવી. સૌથી પહેલા સમાધી સ્થળને ગંગાજળથી પવિત્ર કરવામાં આવી મંત્રોચ્ચાર તથા વેદ-ઘોષ સાથે સ્થળની પુજાવિધી કર્યા બાદ નિષ્ણાંતો દ્વારા તૈયાર કરેલા સમાધી સ્થળ પાસે આવીને મહારાજશ્રી ઓધવરામની જય ના ગગન ભેદી સુત્રોચ્ચાર સાથે પરમ પુજય ઓધવરામ મહારાજનો પાર્થીવ શરીર હજારો ભકતોની સંખ્યા વચ્ચે સમાધીસ્ત થયો. પરમ પુજય મહારાજશ્રી સાથે જેનો નીત્ય સબંધ હતો એવા અનેક સેવકો મુર્છીત થયા જેમનું સમગ્ર જીવન મહારાજશ્રીને સમર્પીત હતું એવા સેવકો આઘાત સહન ન કરી શકવાથી એક બીજાને વળગીને રોતા હતા. ઘણા સેવકો તો આઘાત સહન કરી લેવાની ભાવનાથી એક બીજાને સમઝાવી રહ્યા હતા. ઘણા સેવકો પોતાની સમજદારીનાં સદપયોગ દ્વારા હૃદનથી પર રહયા હતા. જોતજાતામાં ગમગીન અને ભાવનાત્મક વાતાવરણ વચ્ચે કાર્યકરોની કૃતીના પરિણામ સ્વરૂપે સમાધિ સ્થળને એક મૂર્તીમંત સ્વરૂપ મળ્યું.

સમાધિની પ્રક્રિયા પુરી થવાથી એક ક્ષણ પહેલા મહારાજશ્રીના શિષ્ય શ્રી નાનુભા મંઝલવાળા તથા કબીર આશ્રમ ભુજના મહંત શ્રી શ્યામદાસજી એ સાથે મળીને પરમ પુજય મહારાજશ્રીની પ્રાર્થના કરવાની સુચના આપી. એ વખતે સમાધિમાંથી મહારાજશ્રીના માત્ર મુખારવીંદના જ દર્શન થતા હતા.

શ્રી ગુરૂદેવ ઓધવરામ

શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંમ વાર પ્રણામ
વારમ વાર પ્રણામ પ્રભુ છો અંતરના આરામ ...શ્રી ગુરૂ
પાવન નામ પવિત્ર તમારૂં ઉર અગ્યાન તિમીર હરનારૂં
એક જ ઠરવાનું છે ઠામ તમને વારંમ વાર પ્રણામ ...શ્રી ગુરૂ
સદગુરૂ અદ્દ્ભૂત શકિત તમારી નીજ મહિમા કેરી બલીહારી
કીધા પર ઉપકારી કામ તમનેં વારંમ વાર પ્રણામ ...શ્રી ગુરૂ
ઘટ ઘટ જયોત તમારી ઝળકે તેજ તમારૂં સઘળે છલકે

ગુરૂ છો સ્વયંમ જયોતી સુખધામ તમનેં વારમ વાર પ્રણામ ...શ્રી ગુરૂ
આ છે એક ''અચલ''ની અરજી શ્રી ગુરૂ પછી તમારી મરજી
આપો દર્શન પુરણ કામ તમનેં વારંમ વાર પ્રણામ ...શ્રી ગુરૂ

મેરે ઓધવ

રાગ : ચારૂકેશી (લય-ઓ મેરે પરદેશી ના આયે)

મેરે ઓધવ તુમ ફીર આના હો હો મેરે ઓધવ તુમ ફીર આના
મન કી ગલીયાં દીલકા આંગન તન કે બાગ બહારે સાવન
તુમ બીન હૈ અબ સુના હો હો મેરે ઓધવ તુમ ફીર આના
પ્રિત લગાકે ભુલ ગયે હો અપના બનાકે બીછડ ગયે હો
પલપલ છીન છીન યાદ સતાયે બીતે નાંહી રૈના ...હો હો મેરે૦
તુમ પુરન પિતા-પરમેશ્વર તુમ ગુરૂ ગોવીંદ મેરે
તુમ બીન મેરા ઓર ન કોઈ કોન મીટાવત ફેરે
પ્રેમ કા સાગર સ્નેહ સરીતા જીવન મેં ભર દેના ...હો હો મેરે૦
તન વ્યાકુલ મનકો નહી ચૈના કૈસે જીવન જીના
બાવરી બનકે ઘર ઘર ભટકું અબ આય પડી શરના
મેરી તુમસે પ્રિત પુરાની શ્રી ગુરૂદેવ નિભાના ...હો હો મેરે૦
કૃષ્ણ નહીં મથુરા સેં આયે ઉધ્ધવને સંદેશ પહુંચાયે
પ્રિત પુરાની છોડકે સબકો કર્મયોગ કા માર્ગ બતાયે
''ભગતરામ'' સબકા સ્વીકારો હરીહર હરીહર કહેના ...હો હો મેરે૦

-: ધૂન :-

શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ
શ્રી રામ જયરામ જયજય રામ શ્રી રામ જયરામ જયજય રામ

પ્રાર્થના, ધૂન તથા આવ્હાન અને સમાધી પ્રક્રિયા એક સાથે પુર્ણ થયા બાદ સમાધીને ગુલાબજળ તથા અત્તર પુષ્પોથી સુંગધિત કરવામાં આવી પણ સમાધીને એકલા મુકીને પાછા જવા માટે કોઈના પગ ઉપડતા ન હતા. સૈવક સમુદાયમાંથી અનેક સેવકો એવા હતા જે અન્ન જલનો ત્યાગ કરીને સંપૂર્ણ દિવસ ત્યાંજ ઉભા રહ્યા. પરમ પુજય મહારાજશ્રીની અંતિમ યાત્રામાં આવેલા અઢારે વર્ણમાં કોઈની પાસે સમાધી છોડીને પાછા જવાની હિંમત ન હતી કારણ કે ગઈ કાલે ઢોલીયા ઉપર બેસીને પરમ પુજય મહારાજશ્રીએ આપેલા અંતીમ ઉપદેશની ગુંજ સેવકોના કાનમાં એવી ને એવી અકબંધ રહી હતી મહારાજશ્રીએ અંતિમ ઉપદેશ માં મનુષ્ય જીવનની દીક્ષા તથા લક્ષ બતાવ્યા છે. મહારાજશ્રીએ વિચાર્યુ હતું કે આપણી પાસે સમય માત્ર આજનો જે દિવસ છે આવતીકાલે આપણે સમયનાં હાથમાં હશું એ સિધ્ધાંતને લક્ષમાં રાખીને પરમ પુજય મહારાજશ્રી સંત ઓધવરામજી દ્રારા સ્વમુખે આપેલા અંતિમ ઉપદેશને ભગતરામ દ્રારા શબ્દાકીંત કરવામાં આવ્યો છે. જેનું મુખ્ય શીર્ષક છે, સ્વયંમ જયોતિ સુખધામ.

સ્વયંમ જયોતિ સુખધામ

રાગ : પરજ તાલ - દીપચંદી

પ્રભુ સ્વયંમ જયોતિ સુખધામ અસાંજા સંત ઓધવરામ
આપો અમને અનુપમ જ્ઞાન અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
કુળમાં કોઈ રહે ન દુખીયો રાખજો સૌનું ધ્યાન
સુખ દુઃખમાં સૌ મળીને કરજો એક બીજાના કામ
એમ કહે છે ઓધવરામ
તમને વારંમવાર પ્રણામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
ધર્મ સનાતન ધારીને કરવા ધર્મના કામ તમામ
ગૌ માતાની રક્ષા કાજે અર્પી દેવા પ્રાણ
એમ કહે છે ઓધવરામ
કીધા પર ઉપકારી કામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
સૌમાં સમાયો વ્યાપક રૂપે ઘટઘટ આતમ રામ
દુખીયા ભુખીયાની સેવા કરશો તો રાજી રહેશે રામ
એમ કહે છે ઓધવરામ
એક જ ઠરવાનું છે ઠામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
નાના મોટાનો ભેદ તજી બનો એક પ્રભુના સંતાન
પોત પોતાના ધર્મ પ્રમાણે પ્રિતે ભજો ભગવાન
એમ કહે છે ઓધવરામ
પ્રભુ હરીહરના પયગામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
છળ કપટથી છેતરી કોઈને કરશો ના હેરાન
જીવ જતું પશુ પક્ષી પ્રાણીમાં રહે છે મારો રામ
એમ કહે છે ઓધવરામ
પ્રભુ વાંઢાયના વિશ્રામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
ગુરૂકુળમાં ગુરૂ સાથે રહીને મેળવી લેજો જ્ઞાન
માત પિતાની સેવા કરશો તો રાજી રહેશે રામ
એમ કહે છે ઓધવરામ
પ્રભુ અંતરના આરામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
પ્રભુના કાર્યો સોંપી હું તમને જાવું છું મારે ગામ
બોલ્યું ચાલ્યું કરજો માફ સૌને મારા છેલ્લા રામ રામ
એમ કહે છે ઓધવરામ
આપો દર્શન પુરણ કામ અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦
સુર્ય પ્રકાશી અસ્ત થયો એનું જગમાં રહી ગયું નામ
તમેં તર્યાને અમને તારજો એવું ગાયે 'ભગતરામ'
અસાંજા સંત ઓધવરામ-અસાંજા સંત ઓધવરામ
અસાંજા સંત ઓધવરામ ...પ્રભુ૦



લિ. ભગતરામ – 9979642260

અસાંજા સંત ઓધવરામ



પ્રાગટય :- ચૈત્ર સુદ-૯ (રામનવમી) સવંત ૧૯૪૫
નિર્વાણ :- પોષ સુદ-૧૨ (મકરસંક્રાતિ) સંવત ૨૦૧૩, રવિવાર, ૩૧/૯/૧૯૫૭


હાર્દિક શુભેચ્છા સહ....

જય શ્રી ઓધવરામ...


realpatidar.com
સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ
With Best Compliments From
Kantibhai Babubhai Mange
(Nundhatd Wala)
Factory : 022-27781328 Telefax : 022-27781229
શ્રી
Shree Sadhuru Masala
& Spices Industies Pvt, Ltd.
MANUFACTURERS AND SUPPLIERS
TO EXPORTERS OF
ALL INDIAN GROUND SPICES
&
CURRY POWDER
A-231, T.T.C. Industrial Area, Mahape,
Post Ghansoli, Navi Mumbai 400701.
E-mail: ssms_9@yahoo.com /
ssms_9@hotmail.com
With Best Compliments From
Jagdish Bhanushali
9821179999 - 7738939999
HUB
HUB PROPERTY
The Property hub
IJMIMA COMPLEX, 806, 8 TH FLOOR,
LINK ROAD, BEHIND GOREGAON SPORTS CLUB,
MALAD (W), MUMBAI - 400 064
TEL. : 4264 1060
E-mail : jagdishhubproperty.in
website : www.hubproperty.in
realpatidar.com
જય શ્રી ઓધવરામ...

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ







દેશના મહાન ક્રાંતિગુરૂ એવા પંડિત શયામજી કૃષ્ણવર્માનું નામ ભારતના ઈતિહાસના પાને અમર થયું છે. દરેક ભાનુશાલી જ્ઞાતિજનોને ગર્વ છે. જેમના બહુમાન રૂપે માનનીય મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના વરદ્હસ્તે તેમના નિવાસ સ્થાન માંડવીમાં આશરે ૧૦૦ એકરમાં પંડિતજીના સ્મરણાર્થે ક્રાંતિતીર્થ નામનું સ્મારક ગુજરાત સરકાર દ્વારા નિર્માણ થયેલ છે. માટે દરેક જ્ઞાતિ બાંધવને મારી નમ્ર વિનંતી છે કે વતન જતી વખતે તમારા પ્રવાસમાંથી સમય ફાળવી અવશ્ય માંડવી જઈને ક્રાંતિતીર્થના દર્શન કરશો.

જય હિન્દ ! ભારત માતા કી જય !

(ગુરૂવારે બંધ રહેશે)

મહેન્દ્ર જેઠાલાલ ગજરા - ધુણઈ

મો. ૯૮૨૧૦ ૩૦૮૯૧

શુભેચ્છક

સુરેશભાઈ : ૦૯૮૨૪૦ ૬૬૩૭૫
બાબુલાલ : ૦૯૮૨૪૦ ૫૪૯૦૦
મહેન્દ્રભાઈ : ૦૯૮૨૧૦ ૩૦૮૯૧



મહેન્દ્રભાઈ : ૦૯૮૨૧૦ ૩૦૮૯૧
ઓ. ૨૭૮૩ ૧૩૧૯ / ૨૭૮૩ ૦૨૩૨
ઘર : ૨૫૬૨ ૧૪૮૭

સહકાર ઈન્ડસ્ટ્રીઝ

SPECIALIST : SORTEX CLEAN WHEAT

બ્રાન્ડ : લવ સ્ટોરી, સનરોઝ, ડબલ કમાન્ડો, શહેનશાહ

શ્રી હરિ કુટીરની સામે, ઘઉં ફેક્ટરી, મોરબી હાઈવે, પેટ્રોલ પંપની પાસે, પો. બેડી, જી. રાજકોટ.

મીહીર ટ્રેડિંગ કાં
વિશાલ ટ્રેડિંગ કાં

Grain, Pulses, Oil Seeds Merchant & Comm. Agent.

બ્રાન્ડ : કમાન્ડો, ડબલ કમાન્ડો, ટોપગ્રીન, બેસ્ટ ગ્રીપ, વર્લ્ડકપ, સોનેરી દાણા

પી-૩૦/૧૧, એપીએમસી માર્કેટ ફેસ-૨, વાશી નવી મુંબઈ - ૪૦૦૭૦૩.


realpatidar.com
TATA MOTORS
TATA
મનુ ઓટો
TATA AUTHORISED SERVICE CENTER
FEATURES
All Services under one roof including Major accident jobs.
Original TATA Genuine Spares.
Skilled and trained technians.
Quick Vehicle Insurance and Claim Settlement
Service and Insurance reminders.
Tools & Software diagnosis tool for EUro-3 cars.
પ્લોટ નં. ૪૫, સેક્ટર નં. ૧૯/એ, દાણા બંદર ગેટ નં. ૨ની સામે, વાશી, નવી મુંબઇ - ૪૦૦ ૭૦૫.
ફોન : ૦૨૨ -૨૭૮૪૦૫૬૪ / ૬૫ ફેક્સ : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૦
ચેતન મોટર્સ
MARUTI SUZUKI
COUNT ON US
"A" GRADE MARUTI AUTHORISED SERVICE STATION
FEATURES
All Services under one roof including Major accident jobs.
Original TATA Genuine Spares.
Skilled and trained technians.
Quick Vehicle Insurance and Claim Settlement
Service and Insurance reminders.
Latest Tech - 2 diagnosis tool for EUro-3 cars.
પ્લોટ નં. ૪૫, સેક્ટર નં. ૧૯/એ, દાણા બંદર ગેટ નં. ૨ની સામે, વાશી, નવી મુંબઇ - ૪૦૦ ૭૦૫.
ફોન : ૦૨૨ -૨૭૮૪૦૫૬૪ / ૬૫ ફેક્સ : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૦
realpatidar.com

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

"Helping You Find The Property Of Your Dream

Ramesh Mange
+ 91 99201 60200
+ 91 98707 77205

Bipin Mange
+ 91 98208 00283
+ 91 98707 77206

Buying / selling / Leasing
Residential / Commercial
Properties all over
Mumbai only

am to pm tm
property solutions
your real estate connection

C/202, Lake homes Commercial, Phase-IV, Chandivali, Powai, Mumbai-40072.
E-mail:mktg@amtopmproperties.com • Web : amtopmproperties.com

CA Vikas K. Bhanushali
098197 78573
9 p.m. to 10.30 p.m.


J.K. SHAH
CLASSES

F.Y.J.C. + S.Y.J.C. + CPT → IPCC → FINEL CA ↗

"Special Discount For Bhanushali Students"
ભાનુશાલી વિદ્યાર્થીઓને સ્પેશિયલ ડિસ્કાઉન્ટ

Andheri - borivali - Vasai - Dadar - Charni Road - Ghatkopar
Mulund - Dombivali - Vashi - Mira Road
Banglore South - Banglore North - Ahmedabad - Jaipur - Rajkot

www. jkshahclasses.com


www.elloragroup.net
ELLORA®
SHAPING TOMORROW
Call : 99209 92557 / 8
ELLORA FIESTA Sanpada
ELLORA CBD Belapur
ELLORA CASTLE CBD Belapur
ELLORA KIMBERLITE MIDC, Turbhe
ELLORA GLISTEN Vashi

સંતશ્રી ઓધવરામ ચરિત્ માનસ

ગીતા સાર

જો હુવા વો અચ્છા હુઆ
જો હો રહા હૈ વો અચ્છા હો રહા હૈ.
જો હોગા વો ભી અચ્છા હોગા.
તુમ્હારા કયા ગયા જો તુમ રોતે હો.
તુમ કયા લાયે થે ? જો તુમને ખોયા.
તુમને કયા પેદા કીયા થા ? જો નષ્ટ હો ગયા.
તુમને જો પાયા વો યહીંસે પાયા,
તુમને જો ખોયા યહીં પર ખોયા.
જો આજ તુમારા હૈ વો કલ કીસી ઓર કા થા.
ઓર પરસો કીસી ઓર કા હો જાયેગા.
પરિવર્તન હી સંસાર કા નીયમ હૈ.

ૐ...શાંતિ...શાંતિ...શાંતિ



गायत्री मंत्र

ૐ ભૂ ર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરિણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત ।

-: શબ્દાર્થ :-

ભૂ	સર્વ રક્ષક પરમાત્મા
ર્ભુવઃ	પ્રાણો સે પ્રિય
સ્વઃ	દુઃખ વિનાશક
તત	સુખ સ્વરૂપ હૈ
સવિતુ	ઉસ
વરિણ્યં	ઉત્પાદક,પ્રેરક, પ્રકાશક
ભર્ગો	વરને યોગ્ય
દેવસ્ય	વિશુધ્ધ જ્ઞાન સ્વરૂપ
ધીમહિ	દેવ કા
ધિયો	હમ ધ્યાન કરે
યોનઃ	હમારી બુધ્ધિયો કો
પ્રચોદયાત	શુભ કાર્યો સે પ્રેરિત કરે.



હાર્દિક શુભેચ્છા...

Tel : (022) 2102 2769 2102 2179
Fax : (022) 2102 3753 2102 3815
Email : info@premcemgums.com
Website : www.premcemgums.com


PREMCEM GUMS PRIVATE LIMITED

: Manufacturer & Exporter :

Guar Gum, Gum Ghatti, Gum Karaya, Gum Cassia Tora and Psyllium Husk.

401, Udaybhanu Apartments, M. G. Road, Rajawadi, Ghatkopar (East), Mumbai - 400 077.

જય શ્રી ઓધવરામ...


realpatidar.com
SWISS CERTIFICATION
ISO 9001:2008
DAILY PARCEL SERVICES TO GUJARAT, MAHARASHTRA, DELHI, PUNJAB, HARYANA, U.P., M.P., RAJASHAN, SOUTH & GOA
FULL TRUCK LOAD & EXPRESS PARCEL SERVICE FOR ALL OVER INDIA
Lalji Mulji TRANSPORT CO.
CARGO MOVERS & TRANSPORT CONTRACTORS
MUMBAI - HEAD OFFICE
17, Mehta Chambers, 127-A, Kalyan Stree, Danabunder, Mumbai 400 009.
Tel. : (022) 6633 3334/ 2375 2323 Fax : (022) 2374 3434
Email : mumbaiho@lmtco.com Website : www.lmtco.com
LALJI MULJI TRANSPORT CO. 1965 50 2015 GOLDEM JUBILEE YEAR
BRANCHES
All over Gujarat and in
Delhi, Goa, Haryana, Himachal Pradesh, Karnataka, Kerala, Madhya Pradesh, Maharashtra, Punjab, Rajasthan, Tamil Nadu, Union Terrtory, Uttaranchal, Uttar Pradesh & Many more....
Lalji Mulji TRANSPORT CO.
અમારા દાદાજીને પુસ્તક પ્રકાશન કાર્યમાં સહયોગ આપ્યા બદલ આપ સૌનો ખુબ ખુબ આભાર
દિવ્યા અશોક ભાનુશાલી
અંજલી અશોક ભાનુશાલી
હર્ષ અશોક ભાનુશાલી
realpatidar.com